# શ્રી આવશ્યકનિર્યુક્તિ

(સટીક ગુર્જરાનુવાદસહિત)

## ભાગ-૨



રચયિતા
શ્રીમદ્ ભદ્રબાહુસ્વામી

ટીકાકાર
શ્રીમદ્ હરિભદ્રસૂરિ

ભાષાંતર કર્તા
મુનિશ્રી આર્યરક્ષિતવિજય

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રીમદ્ વિજયપ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ચન્દ્રશેખર-જિતરક્ષિતગુરુભ્યો નમઃ ॥

શ્રીમદ્ ભદ્રબાહુસ્વામી પ્રણીત

શ્રીમદ્ હરિભદ્રસૂરિરચિતશિષ્યહિતાવૃત્તિયુક્ત

# શ્રી આવશ્યકનિર્યુક્તિ

(સટીક ગુર્જરાનુવાદ સહિત)

**ભાગ-૨**

(નિ. ૧૮૬-૬૪૧)

*ભાષાંતર કર્તા :*

શાસનપ્રભાવક પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના
શિષ્યરત્ન સરળસ્વભાવી પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ. સાહેબના
શિષ્યરત્ન
મુનિ આર્યરક્ષિતવિજય

સંશોધક

પ.પૂ.આ.ભ. રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
મુનિશ્રી ભવ્યસુંદરવિજયજી મ. સાહેબ

પ્રકાશક

શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

અમદાવાદ - તપોવન

❀ દિવ્યકૃપા ❀

સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબ
વર્ધમાન તપોનિધિ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ

❀ શુભાશિષ ❀

સિદ્ધાન્તદિવાકર શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ
શાસનપ્રભાવક પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ

*સુકૃતાનુમોદના*

પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય યશોરત્નસૂરીશ્વરજી મ. સાહેબના
શિષ્યરત્ન મુનિરાજશ્રી ધર્મરત્નવિજયજી મ. સાહેબની પ્રેરણાથી

**ઉમરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘ**

*ઉમરા-સુરત*

આપશ્રીએ જ્ઞાનખાતાની ઉપજમાંથી ભાષાંતરસહિત આ ગ્રંથના પ્રથમ બે ભાગના
પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધેલ છે. આપની આ શ્રુતભક્તિની
અમે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

પ્રથમ પ્રકાશન : વિ.સં. ૨૦૬૭ તા. ૨૧-૧૧-૨૦૧૦

નકલ : ૭૦૦

**મૂલ્ય : રૂ. ૨૦૦/–**

**પ્રાપ્તિસ્થાન**

**શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, મુ. અમિયાપુર,
પો.સુઘડ, તા.જી. ગાંધીનગર - ૩૮૨૪૨૪
ફોન : (૦૭૯) ૨૯૨૮૯૭૩૮, ૩૨૫૧૨૬૪૮

*દીક્ષિત આર. શાહ*
સીમંધર મેડિકલ સ્ટોર
૨, વ્રજપ્લાઝા કોમ્પ્લેક્ષ,
ઉત્સવ રેસ્ટોરન્ટની સામે, પાલડી-ભઠ્ઠા,
અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૬૨૦૬૧

ભાગ્યવંતભાઈ સંઘવી
C/o. વર્ધમાન સંસ્કાર ધામ,
૧-૨, વીતરાગટાવર, ૬૦ ફૂટ રોડ,
બાવન જિનાલયની સામે, ભાયંદર (વેસ્ટ) થાણા,
ફોન : ૨૮૦૪૧૮૬૬ મો : ૯૮૧૯૧૬૯૭૧૯

સેટિંગ - શ્રી સાઈ કમ્પ્યુટર

મુદ્રક : શ્રી રામાનંદ ઓફસેટ, અમદાવાદ. મો. : ૯૮૨૪૦ ૫૩૭૭૨

# યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી

૧૯૬૭ ૨૦૬૭

પ્રતિક્રમણસૂત્રના રહસ્યમય અર્થોનું ઊંડાણથી ચિંતન-મનન એ તો જેમના પ્રાણ હતા !

એક ચિત્તે, એક મને, એક લેશ્યાએ જેમના પ્રતિક્રમણો થતાં !

પ્રતિકમણ કોનું ? એ પ્રશ્ને સિદ્ધાન્તમહોદધિ પ્રેમસૂરિજીના

મુખકમલમાંથી જેમનું નામ સરી પડતું એવા

## ભુવનભાનુસૂરીશ્વરજીના

જન્મ શતાબ્દી નિમિત્તે પ્રતિક્રમણસૂત્રના રહસ્યમય

અર્થોનો ઊંડાણથી બોધ આપનાર

## આવશ્યકનિર્યુક્તિ સટીક-ભાષાંતર





પૂજ્યશ્રીના કરકમલોમાં

સમર્પણ

॥ ॐ ह्रीं अर्हं नमः ॥

ज्ञान क्रियाभ्यां मोक्षः ज्ञानस्य फलं विरतिः

સમ્યગ્જ્ઞાન આપતી, ધાર્મિક અધ્યાપકોને તૈયાર કરતી અને ભાવિને ઉજ્જવલ કરતી

શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી

સંસ્કૃતી પ્રચારક ટ્રસ્ટ સંચાલિત,

# આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી

## સંસ્કૃત પાઠશાળા

પ્રેરણાદાતા : શાસન પ્રભાવક પ.પૂ. પંન્યાસ શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબ

સંયોજક : પૂ.મુનિશ્રી જિતરક્ષિત વિજયજી મ.સાહેબ

સૌજન્ય : સ્વ.માતુશ્રી સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ

### પાઠશાળાની વિશેષ વિશેષતાઓ

* ૩ થી ૫ વર્ષનો ઠોસ અભ્યાસ, વિશિષ્ટ અભ્યાસ સાથે વિશિષ્ટ સ્કોલરશીપ
* અભ્યાસુઓને વિશિષ્ટ સ્કોલરશીપ તથા ઈનામો
* મુમુક્ષઓને સુંદર તાલીમ
* ન્યાય-વ્યાકરણનો અભ્યાસ કરનારને પ્રતિમાસ વિશિષ્ટ શિષ્યવૃત્તિ
* ધાર્મિક અભ્યાસ સાથે English, કમ્પ્યૂટર, સંગીતનો અભ્યાસ
* પર્યુષણ પર્વમાં દેશવિદેશમાં આરાધના
* રહેવું, જમવું સંપૂર્ણ ફ્રી (નિઃશુલ્ક)

ભાર વિનાના ભણતર સાથે સમ્યગ્ જ્ઞાન સહિતનું ઘડતર એટલે

# તપોવન ગૃહદીપક વિદ્યાલય

* ધો. ૫ થી ૧૨ સુધીનું સ્કૂલનું ડીગ્રીલક્ષી ભાર વિનાનું ભણતર
* સંસ્કૃત-તત્ત્વજ્ઞાન આદિનો વિશિષ્ટ અભ્યાસ
* ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા
* શાળામાં ગયા વિના અનુભવી શિક્ષકો પાસે અભ્યાસ

આપશ્રીના પરીચિતોમાંથી આ બંને યોજનામાં બાળકોને મૂકીને આપ નિશ્ચિંત બનો.
આપનો બાળક ભવિષ્યમાં જિનશાસનનો સેવક તથા માતાપિતાનો ભક્ત બનશે.

સંપર્ક સ્થળ :

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમીયાપુર, પોસ્ટ-સુઘડ, જિ. ગાંધીનગર ગુજરાત,

ફોન (૦૭૯) ૩૨૫૧૨૬૪૮, ૨૯૨૮૯૭૩૮ મો.- ૯૩૨૮૬૮૧૧૪૫

web site - www.tapovanpathshala.com Email : tapovanpathshala@gmail.com

# સૌ સાથે મળી કરીએ શ્રુતનો સમુદ્ધાર

જિનશાસનમાં સૌથી મહત્ત્વનું સ્થાન છે જિનમંદિર અને જિનાગમ. જિનમંદિર માટે આજે ચારેબાજુ જાગૃતિ સારી છે, પરંતુ જિનાગમ માટેની જાગૃતિ અલ્પ પ્રમાણમાં છે.

સાંભળ્યું છે કે જૈનસંઘના અનેક જ્ઞાનભંડારોમાં હસ્તલિખિત પ્રતો પડેલી છે જે પ્રતોની એકાદ નકલ જ છે. પૂર્વેના મહાપુરુષોએ મહેનત કરીને આગમના દોહન સ્વરૂપ ગ્રંથોની રચના કરી હતી. પરંતુ તેની અનેક નકલો નષ્ટ થઈ ગઈ છે. પૂ. આ. હરિભદ્રસૂરિ, પૂ. મહોપાધ્યાય યશોવિજય મ. સા. આદિના ગ્રંથો અત્યંત અલ્પ પ્રમાણમાં જ આજે ઉપલબ્ધ છે. તે તે ગ્રન્થોને આજની લીપીમાં લીપ્યાંતર કરવાની ખૂબ જ જરૂર છે. તથા જે પ્રાચીન ગ્રંથો છે તેનું સંશોધન કરવાની તાતી જરૂર છે. તે માટે જ્ઞાનખાતાની રકમો પણ ઘણી મળી શકે તેમ છે પરંતું આ બધાનું સંકલન જરૂર છે. તે માટે શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા દ્વારા લીપ્યાંતર અને સંશોધન કાર્ય શરુ કરેલ છે. જે વ્યક્તિઓને હસ્તલેખન, લીપ્યાંતર અને સંશોધન કાર્યમાં રસ હોય તેઓએ નીચેના સરનામે પત્ર લખવા વિનંતી છે.

તથા જૈનસંઘમાં આગવું સ્થાન સાધુ-સાધ્વીજી ભગવંતોનું છે. તેઓને દીક્ષા આપ્યા બાદ પઠન-પાઠનની વ્યવસ્થા પુરતી થાય તે માટે સ્થાને-સ્થાને તપોવન, સાધુ-સાધ્વીજી ભગવંતોની પાઠશાળા શરૂ કરી / કરવાની ભાવના છે. તેથી જે ક્ષેત્રમાં આવા વિદ્યાપીઠોની જરૂર હોય તે ક્ષેત્રસંબંધી માહિતી તમારા તરફથી અમને પ્રાપ્ત થાય એવી આપ સૌ પાસે આશા રાખીએ છીએ. તથા આવી વિદ્યાપીઠો માટે આપશ્રીના પરિચિત વર્ગમાં જેમણે પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવાની ભાવના હોય તેઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

**તપોવન સાધુ-સાધ્વી વિદ્યાપીઠ**

પ્રેરણાદાતા : પૂ.પં. પ્રવર ચન્દ્રશેખર વિજયજી મ.સા.

સંયોજક : પૂ. મુનિશ્રી જિતરક્ષિત વિજયજી મ.સા.

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કાર પીઠ,મુ. અમીયાપુર, પોસ્ટ સુઘડ, તા.જી. ગાંધીનગર-૩૮૨૪૨૪.

ફોન : (૦૭૯) ૨૯૨૮૯૭૩૮, ૩૨૫૧૨૬૪૮,

# પ્રસ્તાવના

આવશ્યકસૂત્ર અને એના ઉપરના નિર્યુક્તિ-ભાષ્યની વિસ્તૃત વ્યાખ્યા કરતી સૂરિપુરંદર આ. શ્રી હરિભદ્રસૂરિરચિત શિષ્યહિતાવ્યાખ્યાનો ગુજરાતી અનુવાદ પ્રગટ થઈ રહ્યો છે તે આનંદની વાત છે.

આવશ્યકસૂત્ર મહત્ત્વનું આગમ છે. નંદિસૂત્રમાં (સૂ. ૭૯-૮૦) શ્રુતનું વર્ગીકરણ આ રીતે કરવામાં આવ્યું છે. શ્રુતના બે ભેદ અંગ-અંગબાહ્ય. અંગબાહ્યના આવશ્યક-આવશ્યકવ્યતિરિક્ત. (અનુયોગદ્વારમાં થોડો ફરક છે.)

૪૫ આગમમાં આવશ્યકનું સ્થાન મૂલસૂત્રમાં છે. શાસનસ્થાપનાના દિવસે જ દ્વાદશાંગીની અને આવશ્યકસૂત્રની રચના થઈ મનાય છે. આવશ્યકસૂત્રના કર્તા પણ ગણધર ભગવંતો છે.[૧]

આવશ્યક ઉપર સૌથી પ્રાચીન વ્યાખ્યા ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામિરચિત નિર્યુક્તિ છે. આવશ્યકનિર્યુક્તિની રચના સહુ પ્રથમ કરવામાં આવી હોવાથી એની ગાથા-સંખ્યા પણ બીજી નિર્યુક્તિઓ કરતાં વધુ છે. વિષય વિસ્તાર પણ ઘણો છે. બીજી નિર્યુક્તિમાં જે તે વિષમ દૂરી વિસ્તારથી ન લખતાં આવશ્યકનિ. જોવાની ભલામણ કરી છે. એટલે આ.નિ.નો અભ્યાસ અન્યનિર્યુક્તિ વાંચતા પહેલાં કરવો જરૂરી છે. આ.નિ. ઉપર આવશ્યકમૂલભાષ્ય અને વિશેષાવશ્યકભાષ્યની રચના થઈ છે. આ.નિ. અને ભાષ્ય ઉપર શ્રી જિનદાસગણિએ ચૂર્ણિ રચી છે.

આવશ્યકનિર્યુક્તિ અને ભાષ્ય ઉપર આ.શ્રી હરિભદ્રસૂરિજીએ સંસ્કૃતમાં ૨૨૦૦૦ શ્લોક પ્રમાણ શિષ્યહિતા નામની ટીકા રચી છે. જો કે આ પૂર્વે ગ્રંથકારશ્રીએ બૃહટ્ટીકા રચી હતી અને બીજાઓએ પણ રચી હતી પણ આ બૃહટ્ટીકા વિ. આજે મળતા નથી. શિષ્યહિતા ટીકા સાથેના આવશ્યકસૂત્ર-નિર્યુક્તિ-ભાષ્યનો ગુજરાતી અનુવાદ મુનિશ્રી આર્યરક્ષિતવિજયજીએ કર્યો છે.

આ અનુવાદ ટીકાના શબ્દે શબ્દ અને એના રહસ્યને ખોલવા ઘણો ઉપયોગી છે. અભ્યાસીઓ આ અનુવાદની સહાયથી આવશ્યકસૂત્રના રહસ્યને પામે એજ અભિલાષા.

આવા અતિ ઉપયોગી ગ્રંથનો અનુવાદ કરવા માટે મુનિશ્રી આર્યરક્ષિતવિ.મ.ને અભિનંદન. આવા બીજા પણ અનુવાદો તેઓશ્રી કરે એજ આશા.

લિ.

આ. મુનિચન્દ્રસૂરિ

---

૧. આવશ્યક સૂત્ર ગણધરભગવંતો દ્વારા રચાયા છે એવી માન્યતા પ્રાચીન કાળથી શ્રીસંઘમાં ચાલે છે. પં. સુખલાલજી જેવા કેટલાક વિદ્વાનોનું માનવું છે કે આવશ્યકસૂત્ર ગણધરકૃત નથી. એ માટેની દલીલો વગેરે એમના સંપાદિત પંચ પ્રતિક્રમણ સૂત્ર અને 'દર્શન અને ચિંતન' વગેરેમાં પ્રગટ થઈ છે એનો પ્રતિકાર પૂ. આ.ભ. રામચન્દ્રસૂરિ મ.સા.એ (ત્યારે મુનિ) કર્યો છે. 'સનાતન સત્યનો સાક્ષાત્કાર' પુસ્તકમાં આવશ્યકસૂત્રો ગણધરભગવંતો કૃત છે. એવા પ્રતિપાદન સાથે પં. સુખલાલજીની દલીલોના સમાધાન-ઉત્તરો વગેરે છે. પં. દલસુખ માળવણિયાએ પણ આવશ્યકસૂત્રો ગણધરભ. કૃત હોવાની વાત 'ગણધરવાદ'ની પ્રસ્તાવના પૃ. ૫ થી ૧૦ માં જણાવી છે.

# Excuse Me !

'इयं प्रव्रज्याप्रथमदिवसे एव दीयते', ઓઘનિર્યુક્તિનો પાઠ ચાલી રહ્યો હતો. તેમાં આ પંક્તિ વાંચતા મારા વિદ્યાગુરુ **પ.પૂ. મુનિ ગુણહંસવિજયજીએ** અમ સૌને ઉદ્દેશીને કહ્યું કે, "જુઓ, આ ગ્રંથ તો દીક્ષાના પ્રથમદિવસથી વાંચવાનો છે, અને તમે દીક્ષાના પાંચ-છ વર્ષ પછી વાંચી રહ્યા છો." પાઠ પૂરો થયા પછી એમનું મનો-મંથન આગળ ચાલ્યું અને વિચાર્યું કે, આનું કારણ સંસ્કૃતભાષા છે. સંસ્કૃતભાષાને કારણે જે સાધુ-સાધ્વીજીઓએ સંસ્કૃત બુકો ભણી નથી, તેઓ આવા ગ્રંથો પ્રથમ દિવસથી ક્યાંથી વાંચી શકે ?

આ મનોમંથનના ફળ સ્વરૂપે વિદ્યાગુરુએ ઓઘનિર્યુક્તિ વિગેરે પાયાના ગ્રંથોનું ભાષાંતર કરવાનો આરંભ કર્યો. તે આરંભે આજ દિન સુધીમાં ઓઘનિર્યુક્તિ અને દશવૈકાલિક આગમગ્રંથોનું ભાષાંતર વાચકવર્ગ સમક્ષ રજુ કર્યું. પરંતુ **"એક અકેલા થક જાએગા, મિલકર હાથ બઢાના"** ન્યાયે એમના ઉદાર હૃદયે એક આગમગ્રંથનું ભાષાંતર કરવાની મને પ્રેરણા કરી. પ્રેરણાએ પ્રથમવારમાં મને હસાવ્યો. પરંતુ વારંવારની પ્રેરણાએ મારા મન ઉપર કબજો મેળવ્યો.

સવાલ એ ઉભો થયો કે કયા ગ્રંથનું ભાષાંતર કરવું ?, વિદ્યાગુરુના મનમાં **આવશ્યકનિર્યુક્તિ** ગ્રંથનું નામ આવ્યું. તે માટે પ્રેરણા થતાં શુભ આરંભ કર્યો. પરંતુ જેમ ખેતરને ખેડતી વખતે હળ વારંવારની સ્ખલના પામે છે, તેમ મારો આરંભ પણ "આ કાર્ય મારાથી થશે કે નહીં ?, વિગેરે......કુશંકાઓથી વારંવાર સ્ખલના પામવા લાગ્યો. છતાં **'यद् भाव्यं तद् भविष्यति'** ન્યાયે વાત્સલ્યવારિધિ એવા મારા ગુરુજી **પ.પૂ. જિતરક્ષિતવિજયજી મ. સાહેબના** ઉત્સાહવર્ધક વચનોએ મારી કુશંકાઓને દૂર કરી મારા આરંભને અસ્ખલિત ગતિ આપી.

જેના ફળ સ્વરૂપે વાચકવર્ગ સમક્ષ આજે આવશ્યકનિર્યુક્તિ ઉપરની **યાકિની મહત્તરાસૂનુ પરમપૂજ્ય હરિભદ્રસૂરિરચિત શિષ્યહિતા નામની** ટિકાના ગુજરાતી ભાષાંતરના પ્રથમ બે ભાગ રજુ થઈ રહ્યા છે. ટીકાકારશ્રીએ રચેલી ૨૨૦૦૦ શ્લોકપ્રમાણ આ ટીકા ગુર્જરભાષાંતરસહિત પુસ્તકાકારે લગભગ આઠ ભાગમાં સંપૂર્ણ છપાશે. તેમાંના પ્રથમ બે ભાગ પ્રકાશિત થઈ રહ્યા છે. બીજા બે ભાગ ટૂંક સમયમાં જ પ્રકાશિત થશે. તથા છેલ્લા ચાર ભાગ પ્રકાશિત થતાં સારો એવો સમય જશે.

સામાયિક, ચઉવીસત્થો, વંદન, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણ આ છ અધ્યયનોના સમૂહરૂપ આવશ્યકનિર્યુક્તિગ્રંથની મૂળ ગાથાઓના રચયિતા **શ્રુતકેવલી પ.પૂ. ભદ્રબાહુસ્વામી** અને તેની ઉપર ટીકા રચનાર ૧૪૪૪ ગ્રંથના રચયિતા **પ.પૂ.હરિભદ્રસૂરિજીના** જીવનચરિત્રથી વાચકવર્ગને સારો એવો પરિચય હોવાથી પરિચયોલ્લેખ કરતો નથી. આ પ્રથમ બે ભાગમાં ગણધરવાદ સુધીના વર્ણનનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં વર્ણવેલા વિષયોની જાણકારી માટે વિસ્તારથી જણાવેલી વિષયાનુક્રમણિકા જોવી.

હસ્તલિખિત પ્રતોના આધારે સંશોધન કરી તેનું મુદ્રણ કરનાર પ્રાયઃ આગમોદ્ધારક પ.પૂ.સાગરાનંદસૂરીશ્વરજી મ.સાહેબ હોવા જોઈએ એવું લાગે છે. જેમાં તેમણે સ્થાને-સ્થાને ટીપ્પણીઓ કરી છે. તે જ ટીપ્પણીઓનું આ પુસ્તકમાં અવતરણ કરવામાં આવ્યું છે. જો કે ભાષાંતર કરતી વખતે મુદ્રિત પ્રતિમાં ઘણા સ્થાને અશુદ્ધિઓ નજરમાં આવી. જેથી લાગ્યું કે આ ગ્રંથનું પુનઃ સંશોધન થવું જોઈએ. આવો જ અભિપ્રાય અન્ય આચાર્ય ભગવંતો, મહાત્માઓ પાસેથી સાંભળવા પણ મળ્યો. પરંતુ ભાષાંતરનું કાર્ય જ એટલું મોટું અને લાંબુ હોવાને કારણે સંશોધન તરફ દષ્ટિપાત કરવાનું મુલતવી રાખ્યું.

બીજી એક ખાસ વાત કે સંસ્કૃત ટીકાના પ્રાયઃ સર્વ શબ્દોનું ભાષાંતર કરવાનો પ્રયાસ કર્યો છે તથા તે ઉપરાંત જ્યાં પદાર્થની સ્પષ્ટતા કરવાની જરૂર લાગી ત્યાં ( ) કૌંઉસ કરી અર્થાત્, આશય એ છે કે વિગેરે શબ્દોદ્વારા પદાર્થની સ્પષ્ટતા પણ કરી છે.

## ભાષાંતરમાં આધારભૂત ગ્રંથો

| | |
|---|---|
| વિશેષ આવશ્યક ભાષ્ય | ઉપદેશ પ્રાસાદ |
| આવશ્યક ચૂર્ણિ | ઉપદેશ પદ |
| આવશ્યક નિર્યુક્તિ-મલયગિરિ ટીકા | નંદી સૂત્ર |
| આવશ્યક નિર્યુક્તિ દીપિકા | અનુયોગદ્વાર સૂત્ર |

ઉપદેશ માળા

## વિનંતી કરું કરજોડીને

વાચકવર્ગને ઉપયોગી થાય એ દષ્ટિએ ભાષાંતર કરેલ છે. છતાં વાચકવર્ગમાં ખાસ સાધુ-સાધ્વીજી ભગવંતોને વિનંતી કરું છું કે આના પછી આપેલ **"સંસ્કૃત ટીકા વાંચવાની પદ્ધતિ"** નામના લેખમાં આપેલ પદ્ધતિને વાંચીને સંસ્કૃતમાં જ આપ સૌ વાંચન કરો તો વધુ સારું. માત્ર જ્યાં જરૂર પડે ત્યાં જ ગુજરાતી ભાષાંતરનો ઉપયોગ કરવો જોઈએ. જો સંસ્કૃતવાંચન માટે મહેનત કરશો તો ભવિષ્યમાં આ સિવાયના અન્યગ્રંથોનું વાંચન તમે જાતે સહેલાઈથી કરી શકશો.

એ સિવાય જો પ્રથમથી જ ભાષાંતરનો ઉપયોગ થશે તો સંસ્કૃતવાંચનનો મુહાવરો ન રહેતા જતા કાળે સંસ્કૃતવાંચન અઘરું પડશે. માટે ખાસ ટીકાની પદ્ધતિને જાણી તે અનુસારે સંસ્કૃતવાંચન થાય તો સારું. હા ! બીજી એક ખાસ વિનંતી કે આ સંસ્કૃતવાંચન કે ગુજરાતીવાંચન સ્વયં ન કરતા વિદ્યાગુરુ પાસે વિનયપૂર્વક થાય તો સારું.

## તારા ઉપકારો અનંતા છે, તેનો બદલો હું શે વાળું ?

- સંસારરૂપ ઘોર અટવીમાં સમ્યગ્ માર્ગથી ભ્રષ્ટ થયેલા મારા જેવા હજારો યુવા-યુવતીઓને સમ્યગ્ માર્ગ ચિંધનારા શાસનપ્રભાવક **પ.પૂ.પં. ચન્દ્રશેખર વિજયજી મ.સાહેબ** કે જેમની વાચનાઓએ મારા હૃદયમાં સ્વાધ્યાયનો પ્રેમ જગાવ્યો, સ્વાધ્યાયની મહત્તા જણાવી. જેના પ્રભાવે આ ગ્રંથના પ્રથમ બે ભાગનું પ્રકટીકરણ થયું છે. આ સિવાય પણ પોતાના સાનિધ્યમાં રાખી સંયમની જબરદસ્ત કાળજી, પ્રભુની આજ્ઞા પ્રત્યેનો આદર, શાસનનો રાગ, વિગેરે ગુણો માટે સતત માર્ગદર્શન આપવા દ્વારા અગણિત ઉપકારો કર્યા છે. આ ઉપકારોનો બદલો હું શે વાળીશ ?
- વારંવાર સ્ખલના પામતા ભાષાંતરના આરંભને ઉત્સાહવર્ધક વચનોવડે વેગ આપતા, ભાષાંતર દરમિયાન જોઈતી બધી સામગ્રીઓ પૂરી પાડવા દ્વારા, સાચી સમજણ આપવા દ્વારા, તથા કેટલીક વખત પોતાના કાર્યોને ગૌણ કરી ભાષાંતરના કાર્યને મુખ્ય બનાવી સહાય કરનારા એવા સરલ સ્વભાવી મારા પરમોપકારી **ગુરુદેવ પ.પૂ. જિતરક્ષિતવિજયજી મ.સાહેબના** આ ઉપકારોનો બદલો હું શે વાળીશ ?
- જે સંસ્કૃતભાષાનું ભાષાંતર થયું તે સંસ્કૃતભાષાની अ, आ, इ, ई..... વિગેરે બારાખડી શીખવાડનારા **પ.પૂ.પં. મેઘદર્શનવિજયજી મ.સાહેબના** તથા તે ભાષા શીખ્યા પછી બહુલતાએ ગ્રંથોનું વચન કરાવનારા **પ.પૂ.મુ.ગુણહંસવિજયજી મ.સાહેબના** તે ઉપકારોનો બદલો હું શે વાળીશ ?

- મારી મંદમતિને કારણે ભાષાંતરમાં થયેલી ખોટી પ્રરૂપણાઓ, સ્ખલનાઓ...... વિગેરેનું સાદ્યન્ત તપાસીને પરિમાર્જન કરી આપવા દ્વારા **વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી ભવ્યસુંદરવિજયજીએ** કરેલા ઉપકારોનો બદલો હું શે વાળીશ ?
- ભાષાંતર દરમિયાન ઉઠેલા/ઉઠાવાયેલા પ્રશ્નોના સમાધાન આપવા દ્વારા—

  **સિદ્ધાન્તદિવાકર પ.પૂ.ગચ્છાધિપતિ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબના,**

  **પ્રશાંતમૂર્તિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબના,**

  **સંઘ-શાસન કૌશલ્યાધાર પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય જયસુંદરસૂરીશ્વરજી મ. સાહેબના,**

  **તાર્કિક શિરોમણી પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય અભયશેખરસૂરીશ્વરજી મ. સાહેબના**

  ઉપકારોનો બદલો હું શે વાળીશ ?
- ભાષાંતર દરમિયાન મુદ્રિતપ્રતમાં અશુદ્ધિઓ સારા પ્રમાણમાં હોવાથી હસ્તલિખિત પ્રતોની જરૂર પડી. જે **આચાર્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા-અમદાવાદ)** તરફથી પ્રાપ્ત થતાં, તેના આધારે અમુક સ્થાનોમાં ફેરફાર કર્યા છે, તે સિવાય પણ જ્યાં જરૂર લાગી ત્યાં કૌંઉસ કરી પાઠ ઉમેર્યા છે. તથા શ્રી ભેરુમલ કનૈયાલાલ કોઠારી ધાર્મિક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'આવશ્યકનિર્યુક્તિ' ગ્રંથમાં આપેલ અને પ્રશાંતમૂર્તિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય કુલચન્દ્રસૂરિજી પાસેથી પ્રાપ્ત થયેલ શુદ્ધિપત્રકાનુસારે પણ યથાયોગ્ય ફેરફારો કરેલા છે.
- **ભાષાંતરનું પ્રૂફ રીડીંગ કરવામાં પોતાનો અમૂલ્ય સમય આપવા દ્વારા સહાય કરનારા પૂ.ગિરિભૂષણ વિજયજી મ.સા., મુ. સંયમકીર્તિ વિજયજી, મુ. રાજહંસવિજયજી તથા મુ. રાજદર્શનવિજયજી પણ વંદના/ધન્યવાદને પાત્ર છે. ખૂબ-ખૂબ વંદના/ધન્યવાદ. તથા પૂજ્યપાદ આ. શ્રી રામચન્દ્ર-ભદ્રંકર-કુંદકુંદસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્યરત્ન વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ ગણિવર્ય શ્રી નયભદ્ર વિ. મ. સા.ના શિષ્યરત્ન મુ. શ્રી જયંતપ્રભવિ. મ. સાહેબે પણ પ્રૂફ જોઈને અશુદ્ધિઓ દૂર કરી આપવાનું કાર્ય આત્મીયભાવથી કરેલ છે.**

પૂ. હરિભદ્રસૂરિજીની રચના શૈલી જો કે સંક્ષિપ્ત હોવાથી, વિશેષ ગુરુપરંપરાનો અભાવ હોવાથી અને મારી મતિમંદતાને કારણે ટીકાકારના ગર્ભિત આશયો સુધી પહોંચવામાં મારી મતિ ટૂંકી પડી હોય એ સંભવિત છે, એને નકારી શકાય એમ નથી. તેથી તે તે સ્થળોએ ક્યાંક અર્થ કરવામાં મારી મતિસ્ખલના થઈ હોય તેનું હાર્દિક ક્ષમાયાચન કરું છું, સાથે સાથે વિદ્વદ્વર્યોને વિનંતી કરું છું કે એ સ્ખલનાઓ તરફ મારું ધ્યાન દોરે.

પ્રાંતે ગ્રંથની શરૂઆતમાં ટીકાકારે જે પર અને અપર પ્રયોજન બતાવ્યા છે તે પ્રયોજન આપણે સૌને આ ગ્રંથના વાંચન/મનન દ્વારા શીઘ્ર પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના/શુભેચ્છા સાથે...

પ્રભુવીર ચ્યવન કલ્યાણક દિન
અષાઢ સુદ - ૬, વિ.સં. ૨૦૬૬
તા. ૧૭-૭-૧૦
અમદાવાદ-તપોવન

**ગુરુપાદપદ્મરેણુ**
**મુ. આર્યરક્ષિતવિજય**

# સંસ્કૃત ટીકા વાંચવાની પદ્ધતિ

**ટીકાની શૈલી :** ટીકાકારો મૂળગાથાના એકે એક શબ્દનો અર્થ ટીકામાં કરતા હોય છે, એટલે જ્યારે ટીકા વાંચીએ, ત્યારે મૂળગાથા બરાબર નજર સામે રાખવી અને એના જે જે શબ્દો ટીકામાં આવતા જાય, તે તે ધ્યાનથી જોતા જવું.

આમાં ટીકાની શૈલી બે પ્રકારે છે. (૧) અન્વય વિનાની ટીકા, (૨) અન્વયવાળી ટીકા. મૂળગાથાઓમાં તો બધા શબ્દો આડા-અવળા પણ હોય, જેમ સંસ્કૃત શ્લોકોમાં શબ્દો ક્રમશઃ ન હોય, એનો આપણે અન્વય કરીને અર્થ બેસાડવાનો હોય છે. એમ શાસ્ત્રોની મૂળગાથાઓમાં શબ્દો ક્રમશઃ ન હોય, એનો અર્થ પ્રમાણે અન્વય કરવાનો હોય છે. પ્રાચીન ટીકાઓની શૈલી એવી છે કે તે ટીકાઓ અન્વય પ્રમાણે ગોઠવીને નથી લખાઈ, પણ મૂળગાથામાં જે પહેલો શબ્દ હોય, તેને લખીને એનો અર્થ કરે, પછી મૂળગાથામાં રહેલા બીજા શબ્દને લઈને એનો અર્થ કરે, પછી મૂળગાથામાં રહેલા ત્રીજા-ચોથા-પાંચમા........શબ્દને લઈને ક્રમશઃ એનો અર્થ કરે. આમ બધાનો અર્થ તો આપી દે, પણ કયા શબ્દનો કોની સાથે અન્વય કરવો એ ન પણ બતાવે, એ આપણે બેસાડવાનું હોય છે.

જ્યારે અન્વયવાળી ટીકાની શૈલી એ છે કે મૂળગાથામાં ભલે ગમે તેમ શબ્દો હોય તો પણ જો અન્વય પ્રમાણે ૩-૫-૧-૨-૪...નંબરના શબ્દો ક્રમશઃ જરૂરી હોય તો ટીકામાં પહેલા ૩ નંબરનો શબ્દ લે, પછી ૫ નંબરનો શબ્દ લે, પછી ૧-૨-૪ નંબરના શબ્દ લે, અને એનો અર્થ આપતા જાય. આમાં આપણે અન્વય ગોઠવવો ન પડે, અન્વય થઈ જ ગયેલો હોય.

આગમો ઉપરની બધી જ ટીકાઓ લગભગ પ્રથમ શૈલિવાળી છે.

હવે બેમાંથી ગમે તે શૈલિ હોય, પણ એક વાત પાકી છે કે બંનેમાં મૂળગાથાના શબ્દો તો બરાબર લેવામાં આવે છે, અને દરેકે દરેકના અર્થો પણ આપવામાં આવે છે. तु-च-एव-अपि-खलु.... આવા એકેએક અવ્યયોના પણ અર્થો આપવામાં આવે છે. કશું બાકી રખાતું નથી. એટલે જ ટીકા વાંચતી વખતે મૂળગાથા નજર સામે જ રાખવી અને એના કયા કયા શબ્દો આવતા ગયા અને એનો અર્થ શું કર્યો ? એ બરાબર જોતા જવું.

અહીં આ બંને શૈલિ માટે એક દૃષ્ટાન્ત જોઈએ.

नमोऽस्तु वर्धमानाय स्पर्धमानाय कर्मणा । આ શ્લોકાર્ધની જો પ્રથમશૈલિ પ્રમાણે વ્યાખ્યા થાય તો કંઈક આ રીતે થાય. <u>नमः</u> = नमस्कारः **<u>अस्तु</u>** = भवतु इति प्रार्थनायां, कस्मै ? इत्याह **<u>वर्धमानाय</u>** = चरमतीर्थकराय, कीदृशाय वर्धमानाय इत्याह **<u>स्पर्धमानाय</u>** = स्पर्धां कुर्वते । केन सह स्पर्धमानायेत्याह **<u>कर्मणा</u>** = अष्टप्रकारेणान्तरशत्रुणेत्यर्थः ।

આમાં જોઈ શકાશે કે શ્લોકના તમામે તમામ શબ્દો ટીકામાં ઉતારેલા છે, અને એનો અર્થ કરવામાં આવ્યો છે. અને બધા શબ્દો અન્વય વિના લાઈનબંધ લેવામાં આવ્યા છે.

આ જ શ્લોકાર્ધની જો બીજી શૈલિ પ્રમાણે વ્યાખ્યા થાય તો કંઈક આ રીતે થાય. **<u>कर्मणा</u>** = अष्टप्रकारेणान्तरशत्रुणा सह **<u>स्पर्धमानाय</u>** = स्पर्धां कुर्वते **<u>वर्धमानाय</u>** = चरमतीर्थकराय **<u>नमोऽस्तु</u>** = नमस्कारो भवतु । भवतु इति प्रार्थनायां, अत्र चतुर्थी विभक्तिर्नमः अव्यययोगे इति ।

આ શૈલિમાં ચોક્ખું દેખાય છે કે શ્લોકના તમામે તમામ શબ્દો અન્વય પ્રમાણે લઈને એનો અર્થ આપવામાં આવ્યો છે.

આ તો માત્ર સમજ માટે દૃષ્ટાન્ત આપેલ છે. પણ આ બરાબર ધ્યાનમાં લેવા જેવું છે. જેઓ મૂળગાથાને સામે નથી રાખતા, તેઓ અર્થ કરવામાં ગરબડ કરી બેસે છે. તેઓ મૂળગાથાના શબ્દનો અને એના અર્થરૂપે ટીકામાં લખાયેલા શબ્દનો જુદો જુદો અર્થ કરી બેસે છે. અને પછી મુંઝવાય છે. દા.ત. वर्धमानाय चरमतीर्थकराय લખેલું હોય, તો તેઓ અર્થ આ રીતે કરે કે "વધતા એવા છેલ્લા તીર્થંકરને." તેઓ આ વાત ન સમજે કે મૂળ ગાથામાં वर्धमानाय શબ્દ લખેલો છે, એનો અર્થ જ ખોલેલો છે કે चरमतीर्थकराय.

વર્ધમાન એટલે છેલ્લા તીર્થંકર.

એટલે વાંચન કરનારે મૂળગાથાના શબ્દોને બરાબર પકડી પકડીને જ ચાલવું. અને એ માટે ટીકા વાંચતી વખતે <u>એટલે કે</u> શબ્દ બોલવાની ટેવ બરાબર પાડવી.

<u>દા.ત.</u> नमोऽस्तु ની જે ટીકા ઉપર આપી છે. એને આ રીતે વાંચવી.

नमः <u>એટલે</u> નમસ્કાર, अस्तु <u>એટલે</u> भवतु... આ ક્રિયાપદ પ્રાર્થના અર્થમાં છે. वर्धमान <u>એટલે</u> છેલ્લા તીર્થંકર, એ વર્ધમાન કેવા છે ? એ કહે છે કે स्पर्धमानाय સ્પર્ધમાન <u>એટલે</u> સ્પર્ધા કરતા. કોની સાથે સ્પર્ધા કરતા ? એ કહે છે કે कर्मणा કર્મ <u>એટલે</u> આઠ પ્રકારના આંતરશત્રુઓ સાથે.

આમાં <u>એટલે</u> શબ્દથી એ ખ્યાલ આવે કે મૂળગાથાના શબ્દનો જ અર્થ કરવામાં આવ્યો છે. એટલે બે ય શબ્દના જુદા-જુદા અર્થ નથી લેવાના.

આ રીતે વાંચવાની અને વંચાવવાની મહેનત કરીએ તો ભલે શરૂઆતમાં વાર લાગે. પણ એમાં શાસ્ત્રવાંચનની પકડ જોરદાર આવી જાય. પછી તો એની મેળે જ ઝડપ વધી જાય. અને <u>એટલે</u> બોલ્યા વિના એની મેળે જ બધું વંચાતું જાય. (વિરતિદૂતમાંથી ઉદ્ધૃત)

તે સિવાય ટીકામાં ક્યાંક, ક્યાંક <u>છાન્દસ પ્રયોગ</u>, <u>ચ શબ્દ સમુચ્ચયમાં</u>, <u>સૂત્ર ત્રિકાળવિષયક</u> શબ્દો વાંચવામાં આવે છે તેનો અર્થ નીચે પ્રમાણે જાણવો.

૧. છાન્દસપ્રયોગ કે આર્ષપ્રયોગ બંને એક જ વાત છે. ભાવાર્થ એક છે, શબ્દાર્થ જુદો છે. છન્દસ = વેદ. વેદમાં આવતા પ્રયોગને છાન્દસ કહેવાય છે. ઋષિએ કરેલા પ્રયોગો તે આર્ષપ્રયોગ કહેવાય છે. આમ તો કોઈપણ છંદ=શ્લોકની રચના કરવી હોય ત્યારે તેના નીતિ-નિયમો સાચવવા પડે પરંતુ મહાપુરુષોને આ નિયમ લાગુ પડતો નથી. તેથી જ્યારે મૂળગાથામાં છંદાનુશાસન વિગેરેના નિયમોનો ભંગ થતો દેખાય એટલે ટીકાકારો ટીકામાં ખુલાસો કરે કે મૂળગાથા ઋષિઓએ રચેલી હોવાથી એટલે કે આર્ષપ્રયોગ હોવાથી નિયમનો ભંગ થવા છતાં કોઈ દોષ નથી.

૨. ચ નો અર્થ સમુચ્ચય છે – સમુચ્ચયનો અર્થ એ છે કે रामो लक्ष्मणश्च गच्छतः, અહીં રામ જવાની ક્રિયા કરે છે એ જ રીતે જવાની ક્રિયા લક્ષ્મણ પણ કરે છે. ટૂંકમાં એકજાતીય ક્રિયામાં જ્યારે અનેકનો કર્તા, કર્માદિરૂપે અન્વય દર્શાવવો હોય ત્યારે સમુચ્ચય અર્થમાં ચ નો પ્રયોગ થાય છે.

૩. સૂત્ર ત્રિકાળવિષયક આ રીતે — સૂત્રમાં ભૂતકાળના બનેલા ભાવોનું, ભવિષ્યમાં બનનારા ભાવોનું અને સૂત્રરચના કાળે બનનારા ભાવોનું નિરૂપણ હોય છે. એટલે સૂત્ર ત્રિકાળવિષયક કહેવાય

છે. અથવા સૂરજ ઊગે છે આ વાક્ય જેમ ત્રિકાળવિષયક છે તેમ પાપથી દુઃખ ધર્મથી સુખ મળે - આ વિધાન ત્રિકાળ- વિષયક (ત્રણે કાળમાં સરખી રીતે લાગુ પડતું હોવાથી) કહેવાય છે. ત્રિકાળવર્તી મેરુપર્વત વગેરે પદાર્થોનું નિરૂપણ કરવાથી ત્રિકાળવિષયક કહેવાય છે. ખરતા પાંદડાવાળી કલ્પિત કથા દ્વારા ત્રણે કાળમાં થનારા જીવોને એક સરખો પ્રતિબોધ થાય છે, ત્રણે કાળમાં ઉપદેશસૂત્રો પ્રસ્તુત હોય છે ક્યારેય અપ્રસ્તુત હોતા નથી. જીવનમૂલ્યોનો ઉપદેશ કરતા સૂત્રો પણ ત્રણે કાળમાં બોધપ્રદ હોવાથી શાશ્વતમૂલ્યવાળા કહેવાય. ભૂતકાળમાં કષાયશામક સૂત્રો જેટલા ઉપયોગી હતા એટલા જ આજે ઉપયોગી છે અને આવતીકાલે એટલા જ ઉપયોગી બની રહેવાના છે. વગેરે....વગેરે.... 'સૂત્ર ત્રિકાળવિષયક' શબ્દનો અર્થ જાણવો.

તથા ટીકામાં ષષ્ઠીવિભક્તિ અને ત્વપ્રત્યય સાથે પંચમીવિભક્તિનો પ્રયોગ પણ વારંવાર થતો હોય છે. દા. ત. "द्रव्यास्तिकनयालोचनायामागमस्य नित्यत्वात् कर्तुरभाव एव ।" અહીં આગમશબ્દને ષષ્ઠીવિભક્તિ અને નિત્યશબ્દને ત્વપ્રત્યય સાથે પંચમીવિભક્તિ થયેલ છે. આવા પ્રયોગોનો અર્થ કેવી રીતે કરવો ? એ ખાસ જાણવા જેવું છે, જેથી ટીકાની પદ્ધતિ ખ્યાલમાં આવે. આ પંક્તિનો સીધો અર્થ આ પ્રમાણે થાય કે દ્રવ્યાસ્તિકનયની વિચારણામાં આગમનું નિત્યપણું હોવાથી આગમના કર્તાનો અભાવ જ છે.

જો વ્યવસ્થિત અર્થ કરવો હોય તો આગમશબ્દની ષષ્ઠીવિભક્તિ કાઢી નાંખીને પ્રથમાવિભક્તિમાં આગમશબ્દ લેવો. જેથી 'આગમનું' એવો અર્થ કરવાને બદલે 'આગમ' એવો અર્થ થશે અને તેનો અન્વય 'નિત્યત્વાત્' શબ્દ સાથે કરવો. તેમાં પણ જે ત્વપ્રત્યય લાગેલ છે તે પણ કાઢી નાંખવો, જેથી 'નિત્યપણું હોવાથી'ને બદલે 'નિત્ય હોવાથી' એવો અર્થ થશે. આમ બંને શબ્દોમાંથી ષષ્ઠી અને ત્વપ્રત્યય કાઢતાં અર્થ સુવ્યવસ્થિત થશે કે–'આગમ નિત્ય હોવાથી આગમના કર્તાનો અભાવ જ છે.'

આ રીતે સંપૂર્ણ ટીકામાં જ્યાં જ્યાં પણ ષષ્ઠી-ત્વનો પ્રયોગ આવે ત્યાં ઉપરોક્ત પ્રમાણે અર્થ કરતા તમને ટીકા વાંચવી સહેલી પડશે. એ સિવાય કોઈક સ્થાને–"वैयावच्चनियमस्य तपोभेदत्वेन चारित्रांशरूपत्वम्" આવી પંક્તિ હોય ત્યારે 'तपोभेदत्वेन' શબ્દમાં રહેલ 'त्वेन'નો અર્થ 'તરીકે હોવાથી' એવો કરવો જેથી પંકિતનો અર્થ આ પ્રમાણે થશે → વૈયાવચ્ચનો નિયમ (અહીં નિયમશબ્દને લાગેલ ષષ્ઠી વિભક્તિ કાઢી નાંખીને અર્થ કરવો) એ તપના ભેદ તરીકે હોવાથી (એટલે કે તપના એક પ્રકાર તરીકે હોવાથી) ચારિત્રના અંશરૂપ છે. (અહીં ત્વપ્રત્યય કાઢીને પ્રથમાવિભક્તિમાં અર્થ કરતા સુવ્યવસ્થિત અર્થ થાય.)

તથા तत्रैतत्स्यात्, स्यादेतत्, अथ, अत्र कश्चिदाह, ननु વિગેરે શબ્દોથી ચાલુ થતી પંક્તિ ઘણું કરીને પૂર્વપક્ષ=શંકાકારની હોય છે તે ધ્યાન રાખવું.

# વિષયાનુક્રમણિકા


| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક | ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૧૮૬ | ઋષભદેવના જન્મ,નામાદિ દ્વારો | ૧ | ૨૨૬-૨૨૭ | કયા વયમાં અને કેટલી ઉપધિ સાથે દીક્ષા લીધી. | ૪૨ |
| ૧૮૭-૧૮૮ | ઋષભદેવનો જન્મ અને તેનો દિક્કુમારીઓવડે જન્મમહોત્સવ | ૧ | ૨૨૮-૨૩૨ | દીક્ષાસંબંધી તપ, સ્થાન તથા નિર્વાણકાળ | ૪૩ |
| | ● ઇન્દ્રોવડે જન્માભિષેક | ૮ | | | |
| ૧૮૯-૧૯૦ | વંશની સ્થાપના | ૧૦ | ૨૩૩-૨૩૭ | વિષયાસેવનાદિ દ્વારો | ૪૪ |
| ૧૯૧-૧૯૨ | નંદા-સુમંગલા સહિત પ્રભુની વૃદ્ધિ | ૧૩ | ૨૩૮-૨૪૦ | છદ્મસ્થકાળ અને તપકર્મ દ્વારો | ૪૬ |
| | | | ૨૪૧-૨૫૪ | કેવલજ્ઞાન પ્રાપ્તિનો કાળ અને ક્ષેત્ર | ૪૬ |
| ૧૯૩-૧૯૪ | જાતિસ્મરણ, અકાલમૃત્યુ, કન્યાગ્રહણ | ૧૪ | ૨૫૫ | કેવલજ્ઞાન સમયે તપ | ૪૯ |
| | | | ૨૫૬-૩૦૫ | પરિવાર, તીર્થ, ગણ, ગણધર, દીક્ષાદિપર્યાય | ૪૯ |
| ૧૯૫-૧૯૬ | પ્રભુઋષભનો વિવાહ, અપત્યદ્વાર | ૧૫ | ૩૦૬-૩૧૨ | નિર્વાણતપ, સ્થાન, પરિવાર | ૫૭ |
| ૧૯૭-૧૯૮ | નીતિનું અતિક્રમ, રાજાની સ્થાપના | ૧૬ | ૩૧૩-૩૧૪ | ઋષભદેવનું ઉત્થાન અને દીક્ષા | ૫૮ |
| | | | ૩૧૫-૩૧૬ | ચારહજારનું સ્વયં દીક્ષાગ્રહણ અને પ્રભુનો વિહાર. | ૫૯ |
| ૧૯૯-૨૦૦ | રાજ્યાભિષેક, વિનીતાનગરીની સ્થાપના | ૧૭ | ૩૧૭ | નમિ-વિનમિને વિદ્યાની પ્રાપ્તિ અને વિદ્યાધરોની ઉત્પત્તિ | ૬૨ |
| ૨૦૧-૨૦૨ | અશ્વાદિ તથા ઉગ્રાદિનો સંગ્રહ | ૧૯ | | | |
| ૨૦૩-૨૦૬ | આહારાદિ લોકવ્યવહારો | ૨૦ | ૩૧૮-૩૧૯ | એકવર્ષ સુધી ઋષભદેવને ભિક્ષાની અપ્રાપ્તિ | ૬૩ |
| ભા.૫-૯ | યુગલિકોનો આહાર અને તેની પદ્ધતિ | ૨૪ | ૩૨૦ | દીક્ષા પછીના પ્રથમ પારણે શું હતું ? | ૬૪ |
| ભા.૧૦ | અગ્નિની ઉત્પત્તિ | ૨૮ | ૩૨૧ | પારણે શું થયું ? | ૬૪ |
| ૨૦૭ | શિલ્પદ્વાર | ૩૦ | ૩૨૨ | પ્રભુઆદિનાથના પારણાનું વર્ણન | ૬૫ |
| ૨૦૮-૨૧૧ | જિનસંબોધનાદિ દ્વારો | ૩૩ | | | |
| ૨૧૨ | સ્વયંબુદ્ધ જિનેશ્વરો, સાંવત્સરિક મહાદાન | ૩૬ | ૩૨૩-૩૩૦ | સર્વ તીર્થંકરોના પારણાનું સ્થળ અને પારણા કરાવનારનું નામ | ૬૯ |
| ૨૧૩ | કેટલાઓએ તીર્થંકરો સાથે દીક્ષા લીધી? વિ.ની પ્રતિજ્ઞા | ૩૬ | ૩૩૧-૩૩૨ | પ્રથમ પારણે ધનની વૃષ્ટિનું પ્રમાણ | ૭૦ |
| | | | ૩૩૩-૩૩૪ | ભિક્ષાદાતૃની ગતિ | ૭૦ |
| ૨૧૪-૨૧૫ | લોકાન્તિકદેવોના નામ અને સંબોધન | ૩૭ | ૩૩૫-૩૪૧ | ધર્મચક્ર, અનાર્યવિહાર, કેવલજ્ઞાન, મહાવ્રતોની દેશના, જ્ઞાનની પૂજા | ૭૨ |
| ૨૧૬-૨૨૦ | સાંવત્સરિકદાનસંબંધી વર્ણન | ૩૮ | ૩૪૨-૩૪૩ | કેવલજ્ઞાન અને ચક્રરત્નની ઉત્પત્તિના સમાચાર, પિતાની પૂજા | ૭૩ |
| ૨૨૧-૨૨૩ | તીર્થંકરોમાં કેટલા રાજા હતા વિગેરે | ૪૦ | | | |
| ૨૨૪-૨૨૫ | કેટલાઓએ તીર્થંકરો સાથે દીક્ષા લીધી ? | ૪૧ | ૩૪૪-૩૪૭ | પુત્ર-પૌત્ર અને મરીચિની દીક્ષા | ૭૬ |
| | | | ૩૪૮ | ષટ્ખંડનો વિજય, સુંદરીની દીક્ષા | ૮૨ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૩૪૯ | બાહુબલિની દીક્ષા | ૮૫ |
| ૩૫૦-૩૫૮ | મરીચિવડે કુલિંગનું ચિંતન | ૮૮ |
| ૩૫૯-૩૬૧ | મરીચિવડે પરિવ્રાજકવેષનો સ્વીકાર, યતિધર્મનો ઉપદેશ અને શિષ્યોનું અર્પણ | ૯૨ |
| ૩૬૨ | સાધર્મિકભક્તિનો આરંભ | ૯૬ |
| ૩૬૩-૩૬૪ | ભરત પછીના આઠ રાજાઓ અને તેમનું આધિપત્ય | ૯૭ |
| ૩૬૫ | નવમા જિનાન્તરે સાધુવિચ્છેદ | ૯૮ |
| ૩૬૬ | બ્રાહ્મણોને દાન વિગેરે દ્વારો | ૯૮ |
| ૩૬૭ | અન્યજિન વિગેરે સંબંધી ભરતની પૃચ્છા | ૯૯ |
| ૩૬૮ | જિન, ચક્રી, વાસુદેવોના વર્ણાદિદ્વારો | ૧૦૦ |
| ૩૬૯ | શેષ ત્રેવીસ તિર્થંકરોના નામો | ૧૦૧ |
| ૩૭૨-૩૭૫ | ચક્રીપૃચ્છા અને ચક્રીના નામો | ૧૦૧ |
| ૩૭૬-૩૯૦ | તીર્થંકરોના વર્ણ, શરીરપ્રમાણ, ગોત્ર, જન્મભૂમિ, માતા-પિતાના નામો, ગતિ | ૧૦૪ |
| ૩૯૧-૪૦૧ | ચક્રવર્તીઓના વર્ણ, શરીરપ્રમાણ, ગોત્ર, આયુષ્ય, જન્મભૂમિ, માતા-પિતાના નામો, ગતિ | ૧૦૭ |
| ૪૦૨-૪૧૫ | વાસુદેવાદિના વર્ણ, શરીરપ્રમાણ, ગોત્ર, આયુષ્ય, જન્મભૂમિ, માતા-પિતાના નામો, ગતિ | ૧૦૯ |
| | • જિનશ્વરોના આંતરા | ૧૧૩ |
| ૪૧૬-૪૧૮ | ચક્રવર્તીઓનો કાળ | ૧૧૫ |
| ૪૧૯-૪૨૦ | વાસુદેવોનો કાળ | ૧૧૮ |
| ૪૨૧ | ચક્રી અને વાસુદેવોના આંતરા | ૧૧૯ |
| ૪૨૨-૪૩૨ | મરીચિના જીવનપ્રસંગો | ૧૨૦ |
| ૪૩૩-૪૩૪ | પ્રભુઆદિનાથનું નિર્વાણ | ૧૨૪ |
| ૪૩૫ | નિર્વાણગમનની વિધિ | ૧૨૫ |
| ૪૩૬ | ભરતરાજાને કેવલજ્ઞાન અને દીક્ષા | ૧૨૭ |
| ૪૩૭-૪૩૯ | મરીચિનું દુર્વચન, સંસાર-વર્ધન, કપિલશિષ્ય | ૧૨૯ |
| ૪૪૦-૪૫૭ | પ્રભુવીરના મરીચિ પછીના ભવો | ૧૩૨ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૪૫૮ | વીરપ્રભુસંબંધી દ્વારગાથા (ચૌદ મહાસ્વપ્નો) | ૧૪૭ |
| ૪૫૯-૪૬૦ | પ્રભુવીરનો ગૃહવાસ અને દીક્ષા (શિબિકાનું પ્રમાણ, તેનું સ્વરૂપ, શિબિકામાં વીરપ્રભુનું આરોહણ, અસુરાદિદેવોના ઇન્દ્રોવડે શિબિકાનું વહન, અસુરાદિનું સ્વરૂપ, જ્ઞાતખંડવનમાં પ્રવેશ, કેશનું લુંચન, શકેન્દ્રવડે પ્રભુના કેશો ક્ષીરસમુદ્રમાં લઈ જવા, ચારિત્રનો સ્વીકાર, પ્રભુનો વિહાર) | ૧૬૧ |
| ૪૬૧-૪૬૪ | ગોવાળિયાનો ઉપસર્ગ, પ્રથમ પારણું, પાંચ અભિગ્રહો, શૂલપાણિ યક્ષનો પૂર્વભવ, શૂલપાણિકૃત ઉપસર્ગો, રાત્રિના અંતે દસ મહાસ્વપ્નો, ઉત્પલવડે ફળકથન, અચ્છંદક ઉપર ઇન્દ્રનો કોપ. | ૧૭૬ |
| ૪૬૫-૪૬૬ | અચ્છંદકની આંગળીનો છેદ, ચોરી વિગેરેનું પ્રગટીકરણ, કાંટાઓમાં વસ્ત્રનું લાગવું. | ૧૯૧ |
| ૪૬૭ | ચંડકૌશિકસર્પને પ્રતિબોધ | ૧૯૭ |
| ૪૬૮ | નાગસેનવડે પારણું | ૧૯૭ |
| ૪૬૯-૪૭૧ | કંબલ-શંબલની ઉત્પત્તિ વિગેરે | ૧૯૯ |
| ૪૭૨-૪૭૩ | ગોશાળાની પ્રાપ્તિ, વિજય-આનંદ અને સુનંદવડે ક્રમશઃ ત્રણ માસક્ષપણના પારણા | ૨૦૫ |
| ૪૭૪-૪૯૭ | ગોશાળાવડે નિયતિનું ગ્રહણ બ્રાહ્મણગામમાં વિહાર, ચંપા-નગરીમાં ચાતુર્માસ, કાલાકાદિ-સંનિવેશમાં વિહાર, અનાર્યદેશમાં ગમન, ભદ્રિકાનગરીમાં પાંચમું ચાતુર્માસ, નંદિષેણાચાર્ય, વિજયા-પ્રગલ્ભાપરિવ્રાજિકાવડે પ્રભુનું મુંચન, ત્યાર પછી જુદા જુદા ગામોમાં વિહાર | ૨૦૭ |
| ૪૯૮-૫૨૬ | સૌધર્મસભામાં ઇન્દ્રવડે પ્રભુની પ્રશંસા, સંગમદેવને ઈર્ષ્યા, સંગમ- | |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
| --- | --- | --- |
| | દેવવડે ઉપસર્ગો, સંગમનું દેવલોકમાંથી નિષ્કાશન, વૈશાલીમાં અગિયારમુ ચોમાસુ, અભિગ્રહ, ચંદનબાળાવડે પારણું, સ્વાદિદત્તનો પ્રશ્ન, ષણ્માણી ગામમાં ગોવાળિયાનો અંતિમ ઉપસર્ગ, કેવલજ્ઞાનની પ્રાપ્તિ | ૨૪૩ |
| ૫૨૭-૫૩૮ | મહાવીરપ્રભુએ કરેલા તપ અને પારણાની સંખ્યા | ૨૭૩ |
| ૫૩૯-૫૪૨ | મહસેનવનમાં ગમન, બીજું સમવસરણ, સોમિલાર્ય બ્રાહ્મણનો યજ્ઞ, જ્ઞાનની પૂજા | ૨૭૭ |
| | ○ **સમવસરણની વક્તવ્યતા** ○ | |
| ૫૪૩ | સમવસરણસંબંધી દ્વારગાથા | ૨૭૯ |
| ૫૪૪ | બધેજ સમવસરણ થાય એવું નહિ | ૨૮૦ |
| ૫૪૫-૫૫૪ | કયો દેવ સમવસરણના કયા ભાગને રચે ? | ૨૮૧ |
| ૫૫૫ | ક્યારે અને કયા દ્વારથી પ્રભુનો સમવસરણમાં પ્રવેશ | ૨૮૫ |
| ૫૫૬-૫૫૭ | શેષ ત્રણ દિશામાં પ્રભુનું પ્રતિબિંબ | ૨૮૫ |
| ૫૫૮-૫૬૧ | બારપર્ષદાનું સ્વરૂપ | ૨૮૬ |
| ૫૬૨ | પરસ્પરના વૈરાદિભાવોનો નાશ | ૨૯૦ |
| ૫૬૩ | શેષ બે ગઢમાં તિર્યંચાદિ | ૨૯૧ |
| ૫૬૪-૫૬૫ | અન્યતર સામયિકની પ્રાપ્તિ | ૨૯૧ |
| ૫૬૬ | યોજનવ્યાપી દેશના | ૨૯૩ |
| ૫૬૭ | તીર્થપ્રણામ શા માટે ? | ૨૯૩ |
| ૫૬૮ | સમવસરણમાં નહિ આવનાર સાધુને પ્રાયશ્ચિત્ત | ૨૯૪ |
| ૫૬૯-૫૭૦ | તીર્થકરાદિનું રૂપ | ૨૯૫ |
| ૫૭૧-૫૭૩ | તીર્થંકરના સંઘયણાદિ | ૨૯૬ |
| ૫૭૪ | ભગવાનનું ઉત્કૃષ્ટ રૂપ શા માટે ? | ૨૯૮ |
| ૫૭૫-૫૭૬ | સર્વસંશયોનું એકસાથે નિરાકરણ | ૨૯૯ |
| ૫૭૭-૫૭૯ | સ્વ-સ્વભાષામાં વાણીનું પરિણમન | ૩૦૦ |
| ૫૮૦-૫૮૨ | ચક્રવર્તી વિગેરેવડે વૃત્તિ-પ્રીતિદાન | ૩૦૨ |
| ૫૮૩ | દાનના ફાયદા | ૩૦૪ |
| ૫૮૪-૫૮૭ | બલિનું સ્વરૂપ વિગેરે | ૩૦૪ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
| --- | --- | --- |
| ૫૮૮-૫૮૯ | બીજી પૌરુષિમાં ગણધરની દેશના અને તેના ગુણો | ૩૦૭ |
| ૫૯૦ | ગણધરની દેશના શક્તિ | ૩૦૮ |
| | ○ **ગણધરવાદ** ○ | |
| ૫૯૧-૫૯૨ | યજ્ઞમાં અગિયાર બ્રાહ્મણોનું આગમન | ૩૦૯ |
| ૫૯૩-૫૯૬ | ગણધરોના નામ અને સંશય | ૩૧૦ |
| ૫૯૭ | ગણધરોના પરિવારની સંખ્યા | ૩૧૨ |
| ૫૯૮-૬૦૧ | પ્રથમ ગણધરવાદ (જીવની સિદ્ધિ) | ૩૧૩ |
| ૬૦૨-૬૦૫ | બીજો ગણધરવાદ (કર્મની સિદ્ધિ) | ૩૨૩ |
| ૬૦૬-૬૦૯ | ત્રીજો ગણધરવાદ (શરીરથી જીવ જુદો છે.) | ૩૩૦ |
| ૬૧૦-૬૧૩ | ચોથો ગણધરવાદ (પૃથ્વી વિ. પંચભૂતની સિદ્ધિ) | ૩૩૩ |
| ૬૧૪-૬૧૭ | પાંચમો ગણધરવાદ (અસદશતાની સિદ્ધિ) | ૩૪૨ |
| ૬૧૮-૬૨૧ | છઠ્ઠો ગણધરવાદ (બંધ-મોક્ષની સિદ્ધિ) | ૩૪૫ |
| ૬૨૨-૬૨૫ | સાતમો ગણધરવાદ (દેવોની સિદ્ધિ) | ૩૫૦ |
| ૬૨૬-૬૨૯ | આઠમો ગણધરવાદ (નારકની સિદ્ધિ) | ૩૫૪ |
| ૬૩૦-૬૩૩ | નવમો ગણધરવાદ (પુણ્ય-પાપની સિદ્ધિ) | ૩૫૮ |
| ૬૩૪-૬૩૭ | દસમો ગણધરવાદ (પરલોકની સિદ્ધિ) | ૩૬૫ |
| ૬૩૮-૬૪૧ | અગિયારમો ગણધરવાદ (મોક્ષની સિદ્ધિ) | ૩૬૭ |
| | **● મ. હેમચન્દ્રસૂરિકૃત ટિપ્પણી પરિશિષ્ટ - ૧** | ૩૭૧ |


**● નિર્યુક્તિગાથાઓનું વર્ગીકરણ ●**

| | |
| --- | --- |
| ભાગ-૧ | ૧-૧૮૫ |
| ભાગ-૨ | ૧૮૬-૬૪૧ |
| ભાગ-૩ | ૬૪૨-૮૭૯ |
| ભાગ-૪ | ૮૮૦-૧૦૫૫ |

**શેષ ભવિષ્યમાં**

# દૃષ્ટાન્તોની અનુક્રમણિકા


| | વિષય | પૃષ્ઠ-ક્રમાંક |
|---|---|---|
| ૧. | શ્રેયાંસવડે ઋષભદેવનું પારણું | ૬૫ |
| ૨. | ભરતવડે ષટ્ખંડવિજય | ૭૭ |
| ૩. | ભરત અને બાહુબલિનું યુદ્ધ | ૮૩ |
| ૪. | ભરતને કેવલજ્ઞાન | ૧૨૮ |
| ૫. | વિશ્વભૂતીનો ભવ | ૧૩૪ |
| ૬. | ત્રિપૃષ્ઠવાસુદેવનો ભવ | ૧૩૯ |
| ૭. | બાળવીરને ડરાવવા દેવનું આગમન | ૧૫૭ |
| ૮. | પ્રભુવીરવડે અડધા દેવદૂષ્યનું બ્રાહ્મણને દાન | ૧૭૨ |
| ૯. | શૂલપાણિયક્ષનો પૂર્વભવ | ૧૭૮ |
| ૧૦. | ચંડકૌશિકનો પૂર્વભવ | ૧૯૪ |
| ૧૧. | કંબલ-શંબલદેવની ઉત્પત્તિ | ૧૯૯ |
| ૧૨. | વૈશ્યાયનઋષિની કથા | ૨૩૪ |
| ૧૩. | ચંદનબાળાની કથા | ૨૫૯ |

इदानीं तद्वक्तव्यताऽभिधित्सया एनां द्वारगाथामाह निर्युक्तिकारः—

**जम्मणे नाम वुड्ढी अ, जाईए★ सरणे इअ ।**
**वीवाहे अ अवच्चे अभिसेए रज्जसंगहे ॥१८६॥**

गमनिका—'जंमण' इति जन्मविषयो विधिर्वक्तव्यः, वक्ष्यति च 'चित्तबहुलट्ठमीए' इत्यादि, +नाम इति-नामविषयो विधिर्वक्तव्यः, वक्ष्यति 'देसूणगं च' इत्यादि, 'वुड्ढी यत्ति' वृद्धिश्च भगवतो वाच्या, वक्ष्यति च 'अह सो वड्ढति भगवमित्यादि', 'जातीसरणेतियत्ति' जातिस्मरणे च विधिर्वक्तव्यः, वक्ष्यति च 'जाईसरो य' इत्यादि, 'वीवाहे यत्ति' वीवाहे च विधिर्वक्तव्यः, वक्ष्यति च 'भोगसमत्थं' इत्यादि, 'अवच्चेत्ति' अपत्येषु क्रमो वाच्यः, वक्ष्यति च 'तो भरहबंभिसुंदरीत्यादि' 'अभिसेगत्ति' राज्याभिषेके विधिर्वाच्यः 'आभोएउं सक्को उवागओ' इत्यादि वक्ष्यति, 'रज्जसंगहेत्ति' राज्यसंग्रहविषयो विधिर्वाच्यः, 'आसा हत्थी गावो' इत्यादि । अयं समुदायार्थः, अवयवार्थं तु प्रतिद्वारं यथावसरं वक्ष्यामः ।

तत्र प्रथमद्वारावयवार्थाभिधित्सयाऽऽह—

**चित्तबहुलट्ठमीए जाओ उसभो असाढणक्खत्ते ।**
**जम्मणमहो अ सव्वो णेयव्वो जाव घोसणयं ॥१८७॥**

गमनिका—चैत्रबहुलाष्टम्यां जातो ऋषभ आषाढानक्षत्रे जन्ममहश्च सर्वो नेतव्यो

---

**અવતરણિકા :** ઋષભસ્વામીસંબંધી વક્તવ્યતાને કહેવાની ઇચ્છાથી હવે દ્વારગાથાને કહે છે ➾

**ગાથાર્થ : જન્મ–નામ–વૃદ્ધિ–જાતિસ્મરણ–વિવાહ–સંતાન–અભિષેક અને રાજ્યસંગ્રહ-સંબંધી વિધિ (કહેવી.)**

**ટીકાર્થ :** "**જન્મ**" શબ્દથી જન્મસંબંધી વિધિ કે જે "चित्तबहुलट्ठमीए..." વગેરેવડે કહેશે, **નામવિષયક** વિધિ આગળ "देसुणंग च..." ગાથાવડે કહેશે, "अह सो वड्ढति भगवं" વગેરેવડે વૃદ્ધિ કહેશે, "जाईसरो य" વગેરેવડે **જાતિસ્મરણ** કહેશે, "भोगसमत्थं" વગેરેવડે **વિવાહ**વિષયક વિધિ **કહેશે**, "तो भरहबंभिसुंदरी" વગેરેવડે **સંતાનો**નો ક્રમ બતાવશે, "आभोएउं सलो उवागओ" વગેરેવડે **રાજ્યાભિષેક**ની વાત કરશે, "आसा हत्थी गावो" વગેરેવડે **રાજ્યસંગ્રહ**સંબંધી વાતો કરશે. આ સંક્ષેપાર્થ કહ્યો. વિસ્તારાર્થ દરેક દ્વારમાં યથા અવસરે કહીશું. ॥૧૮૬॥

**અવતરણિકા :** પ્રથમ 'જન્મ' દ્વાર વિસ્તારથી જણાવે છે ➾

**ગાથાર્થ : ચૈત્ર વદની અષ્ટમીએ ઉત્તરાષાઢાનક્ષત્રમાં ઋષભદેવનો જન્મ થયો. તેમનો ઘોષણા સુધીનો સર્વ જન્મ–મહોત્સવ જાણી લેવો.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૧૮૭॥ ભાવાર્થ કથાનકથી જાણીએ. નવ મહિના અને ચાર

---

★ जातीसरणेतिय ( वृत्तौ ). + नामेति.

यावद्घोषण[+]मिति गाथार्थः ॥१८७॥ भावार्थस्तु कथानकादवसेयः, तच्चेदम्—सा[१] य मरुदेवा नवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाण[†] य राइंदियाणं बहुवीइक्कंताणं अद्धरत्तकालसमयंसि चित्तबहुलट्ठमीए [★]उत्तरासाढानक्खत्ते आरोग्गा आरोग्गं दारयं पयाया, जायमाणेसु य तित्थयरेसु सव्वलोए उज्जोओ भवति, तित्थयरमायरो य पच्छण्णगब्भाओ भवंति जरारुहिरकलमलाणि य न हवंति, ततो जाते तिलोयणाहे अहोलोयवत्थव्वाओ अट्ठ दिसाकुमारीओ, तंजहा—भोगंकरा भोगवती, सुभोगा भोगमालिणी । सुवच्छा वच्छमित्ता य, पुप्फमाला अणिंदिया ॥१॥ एयासिं आसणाणि चलंति, ततो भगवं उसहसामिं ओहिणा जायं आभोएऊण दिव्वेण जाणविमाणेण सिग्घमागंतूण तित्थयरं तित्थयरजणणिं च मरुदेविं अभिवंदिऊण संलवंति—नमोऽत्थु ते जगप्पईवदाईए !, अम्हे णं देवाणुप्पिए ! अहोलोयवत्थव्वाओ अट्ठ दिसाकुमारीओ भगवओ तित्थगरस्स जम्मणमहिमं करेमो तं तुब्भेहि न भाइयव्वंति, ततो तंमि पदेसे अणेगखंभसयसंनिविट्ठं

---

દિવસ પૂરા થતાં અર્ધરાત્રિના સમયે ચૈત્ર વદ અષ્ટમીએ ઉત્તરાષાઢાનક્ષત્રમાં આરોગ્યવાળી તે મરુદેવી માતાએ આરોગ્યવાળા પુત્રને જન્મ આપ્યો. તીર્થંકરોનો જન્મ થતાં સર્વલોકમાં પ્રકાશ થાય છે. તીર્થંકરની માતાઓ ગુપ્તગર્ભવાળી હોય છે. (અર્થાત્ પેટ બહાર આવતું નથી) અને પ્રસુતિ વખતે જરા–રુધિર–કચરો વગેરે થતાં નથી.

ત્રિલોકનાથનો જન્મ થતાં અધોલોકમાં રહેનારી આઠ દિશાકુમારીઓના આસન ચલાયમાન થાય છે, તે આઠ દિશાકુમારીઓના નામ–**ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, પુષ્પમાલા અને અનિન્દિતા** ॥૧॥ ત્યાર પછી તે આઠ દિશાકુમારીઓ અવધિવડે ઋષભદેવપ્રભુનો જન્મ જાણી દિવ્ય યાનવિમાનવડે શીઘ્ર આવીને પ્રભુને અને પ્રભુની માતા મરુદેવીને વંદન કરી આ પ્રમાણે કહે છે, "હે જગતને પ્રદીપ(પ્રભુ) આપનારી ! તમને નમસ્કાર થાઓ, હે દેવાનુપ્રિયા ! અમે અધોલોકમાં રહેનારી આઠ દિશાકુમારીઓ તીર્થંકરના જન્મમહિમાને કરીશું. તમારે ભય પામવાની જરૂર નથી."

આમ કહી તે પ્રદેશમાં અનેક સેંકડો થાંભલાઓથી યુક્ત જન્મભવનને વિકુર્વી સંવર્તકપવનને

---

१. सा च मरुदेवी नवसु मासेषु बहुप्रतिपूर्णेषु अर्धाष्टसु च रात्रिन्दिवेषु बहुव्यतिक्रान्तेषु अर्धरात्रकालसमये चैत्रकृष्णाष्टम्यां उत्तराषाढानक्षत्रे अरोगा अरोगं दारकं प्रजाता, जायमानेषु च तीर्थकरेषु सर्वलोके उद्योतो भवति, तीर्थकरमातरश्च प्रच्छन्नगर्भा भवन्ति जरारुधिरकलिमलानि च न भवन्ति, ततो जाते त्रिलोकनाथे अधोलोकवास्तव्या अष्ट दिक्कुमार्यः, तद्यथा-भोगङ्करा भोगवती सुभोगा भोगमालिनी । सुवत्सा वत्समित्रा च पुष्पमाला अनिन्दिता ॥१॥ एतासामासनानि चलन्ति, ततो भगवन्तं ऋषभस्वामिनं अवधिना जातं आभोग्य दिव्येन यानविमानेन शीघ्रमागम्य तीर्थकरं तीर्थकरजननीं च मरुदेवीमभिवन्द्य संलपन्ति-नमोऽस्तु तुभ्यं जगत्प्रदीपदायिके ! वयं देवानुप्रिये ! अधोलोकवास्तव्याः अष्ट दिक्कुमार्यः भगवतस्तीर्थकरस्य जन्ममहिमानं कुर्मस्तत् त्वया न भेतव्यमिति, ततस्तस्मिन् प्रदेशे अनेकस्तम्भशतसन्निविष्टं

+ ०णाकमिति. † माणं राइं० ★ उत्तरासाढ०.

[२]जम्मणभवणं विउव्विऊण संवट्टगपवणं विउव्वंति, ततो तस्स भगवंतस्स जम्मणभवणस्स आजोयणं सव्वतो समंता तणकट्ठकंटककक्करसक्कराइ तमाहुणिय आहुणिय एगंते पक्खिवंति, ततो खि★प्पमेव पच्चुवसमंति, ततो भगवतो तित्थगरस्स जणणीसहिअस्स पणामं काऊण नाइदूरे निविट्ठाओ परिगायमाणीओ चिट्ठंति । तओ उड्ढलोगवत्थव्वाओ अट्ठ दिसाकुमारीओ, तंजहा- मेघंकरा मेघवती, सुमेघा मेघमालिनी । तोयधारा विचित्ता य, वारिसेणा वलाहया ॥१॥ एयाओऽवि तेणेव विहिणा आगंतूण अब्भवद्दलयं विउव्वित्ता आजोयणं भगवओ जम्मणभवणस्स णच्चोदयं णाइमट्टियं पफुसियपविरलं रयरेणुविणासणं सुरभिगंधोदयवासं वासित्ता पुप्फवद्दलयं विउव्वित्ता जलथलयभासरप्पभूयस्स बिंटट्ठाइस्स दसद्धवण्णस्स कुसुमस्स जाणुस्सेधपमाणमेत्तं पुप्फवासं वासंति, +तं चेव जाव आगायमाणीओ चिट्ठंति । तओ पुरच्छिमरुयगवत्थव्वाओ अट्ठ

વિકુર્વે છે. ત્યાર પછી પ્રભુના તે જન્મભવનની ચારેબાજુથી એક યોજનસુધી તણખલા–કાષ્ઠ–કાંટા–કાંકરા–કાંકરી વગેરે સર્વ વસ્તુઓને ભેગા કરી એકાંત સ્થાનમાં નાંખે છે. ત્યાર પછી તરત જ ભવનની ચારે બાજુ એકયોજન સુધી ઉડતી ધૂળાદિને શાંત કરે છે. પછી માતાસહિત પ્રભુને પ્રણામ કરી નજીકમાં પ્રભુની સ્તુતિ કરતી ઊભી રહે છે. પછી ઊર્ધ્વલોકમાં રહેનારી આઠ દિશાકુંમારીઓ, જેમના નામો આ પ્રમાણે છે – **મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા** અને બલાહકા ॥૧॥

તેઓ પણ તે જ વિધિવડે આવીને વાદળોને (अब्भवद्दलयं) વિકુર્વીને પ્રભુના જન્મભવનની ચારેબાજુ એક યોજન સુધીના માંડલામાં અતિ પાણીવાળી નહિ, માટી વિનાની, છૂટી છવાઈ, રજ અને રેણુનો નાશ કરનારી સુરભિગંધવાળા પાણીની વર્ષાને વરસાવી પુષ્પવૃષ્ટિને કરનારા વાદળો વિકુર્વીને જલમાં અને સ્થાનમાં ઉત્પન્ન થનાર, દેદીપ્યમાન, ડીંટીયા પર ઊભા રહેનારા એવા દશાર્ધવર્ણવાળા (=પંચવર્ણવાળા) પુષ્પોની જાનુની ઊંચાઈપ્રમાણ(જાનુ સુધી) પુષ્પવર્ષાને વરસાવે છે. આ આઠ દિશાકુમારીઓ પણ પૂર્વની દિશાકુમારીઓની જેમ પ્રભુને વંદન કરી નજીકમાં સ્તુતિ કરતી ઊભી રહે છે.

ત્યાર પછી પૂર્વરુચકપર્વત ઉપર રહેનારી (રુચક નામના તેરમાં દ્વીપમાં ચારે દિશાઓમાં અને

२. जन्मभवनं विकुर्व्य संवर्त्तकपवनं विकुर्वन्ति, ततस्तस्य भगवतः जन्मभवनस्यायोजनं सर्वतः समन्तात् तृणकाष्ठकण्टककर्करशर्करादि तत् आधूय आधूयैकान्ते प्रक्षिपन्ति, ततः क्षिप्रमेव प्रत्युपशमयन्ति, ततो भगवते तीर्थकराय जननीसहिताय प्रणामं कृत्वा नातिदूरे निविष्टाः परिगायन्त्यस्तिष्ठन्ति । तत ऊर्ध्वलोकवास्तव्या अष्ट दिक्कुमार्यः, तद्यथा-मेघङ्करा मेघवती, सुमेघा मेघमालिनी । तोयधारा विचित्रा च, वारिषेणा बलाहका ॥१॥ एता अपि तेनैव विधिनाऽऽगत्याभ्रवर्दलं विकुर्वयित्वा आयोजनं भगवतो जन्मभवनात् नात्युदकं नातिमृत्तिकं विरलशीकरं ( फुसारं ) रजोरेणुविनाशनं सुरभिगन्धोदकवर्षा वर्षयित्वा पुष्पवर्दलं विकुर्व्य जलस्थलजभास्वरप्रभूतस्य वृन्तस्थायिनः दशार्धवर्णस्य कुसुमस्य जानूत्सेधप्रमाणमात्रां पुष्पवर्षां वर्षयन्ति, तदेव यावद् आगायन्त्यस्तिष्ठन्ति । ततः पूर्वदिग्रुचकवास्तव्या अष्टौ ★ खिप्पा०.
+ तह चेव.

[३]दिसाकुमारिसामिणीओ, तंजहा-णंदुत्तरा य णंदा आणंदा णंदिवद्धणा चेव । विजया य वेजयंती [+]जयंति अवराजिया चेव ॥१॥ तहेवागंतूण जाव न तुब्भेहिं बीहियव्वंति भणिऊण भगवओ तित्थगरस्स जणणिसहिअस्स [★]पुरिच्छिमेणं आदंसगहत्थिआओ आगायमाणीओ चिट्ठंति ।

एवं दाहिणरुयगवत्थव्वाओ अट्ठ, तंजहा-समाहारा सुप्पदिण्णा, सुप्पबुद्धा जसोहरा । लच्छिमती भोगवती, चित्तगुत्ता वसुंधरा ॥१॥ तहेवागंतूण जाव भुवणाणंदजणणस्स जणणिसहिअस्स दाहिणेणं भिंगारहत्थगयाओ आगायमाणीओ चिट्ठंति । एवं पच्छिमरुयगवत्थव्वाओऽवि अट्ठ, तंजहा-इलादेवी सुरादेवी, पुहवी पउमावती । एगणासा णवमिआ, सीया भद्दा य अट्ठग ॥१॥ एयाओऽवि तित्थयरस्स जणणिसहिअस्स पच्चत्थिमेणं तालियंटहत्थगयाओ आगायमाणीओ चिट्ठंति । एवं उत्तररुयगवत्थव्वाओऽवि अट्ठ, तंजहा-अलंबुसा मिस्सकेसी, पुंडरिगिणी य वारुणी।

ચારે વિદિશાઓમાં પર્વતો છે તેમાંનો પૂર્વદિશાનો પર્વત પૂર્વરુચકપર્વત કહેવાય છે, તે પર્વત ઉપર રહેનારી એ પ્રમાણે આગળ પણ તે તે દિશાઓના પર્વતો ઉપર રહેનારી જાણી લેવી.) આઠ દિશાકુમારીઓ **"નંદોત્તરા–નંદા–આનંદા–નંદિવર્ધના–વિજયા–વૈજયન્તી–જયન્તી અને અપરાજિતા ॥૧॥"** પણ તે જ રીતે આવીને માતાને કહે વગેરેથી લઈ – "તમારાવડે ભય પામવા યોગ્ય નથી" ત્યાં સુધીનું સઘળું વર્ણન અહીં સમજી લેવું. આ રીતે માતાને વાત કરી માતાસહિત પ્રભુની પૂર્વ દિશામાં આદર્શ (આરિસો) હાથમાં લઈ સ્તુતિ કરતી ઊભી રહે છે.

એ જ પ્રમાણે દક્ષિણરુચકપર્વત ઉપર રહેનારી આઠ દિશાકુમારીઓ **"સમાહારા – સુપ્રદત્તા – સુપ્રબુદ્ધા યશોધરા – લક્ષ્મીવતી – ભોગવતી – ચિત્રગુપ્તા અને વસુંધરા ॥૧॥"** પણ તે જ રીતે આવીને... વગેરેથી લઈ માતાસહિત એવા, ત્રણભુવનને આનંદ આપનારા પ્રભુ દક્ષિણ બાજુ ભૃંગારને (કળશને) હાથમાં લઈ સ્તુતિ કરતી ઊભી રહે છે. એ જ પ્રમાણે પશ્ચિમરુચક પર્વત ઉપર રહેનારી આઠ દિશાકુમારીઓ–**ઈલાદેવી–સુરાદેવી–પૃથ્વી–પદ્માવતી–એકનાસા–નવમિકા–સીતા અને આઠમી ભદ્રા ॥૧॥** પણ માતાસહિત પ્રભુની પશ્ચિમદિશામાં તાલવૃંત (પવન નાંખવાનો પંખો)ને હાથમાં લઈ સ્તુતિ કરતી ઊભી રહી.

એ જ પ્રમાણે ઉત્તરરુચકપર્વત ઉપર રહેનારી આઠ દિક્કુમારીઓ, **અલંબુસા–મિશ્રકેશી–પુંડરીકિણી–વારુણી–હાસા–સર્વપ્રભા–શ્રી અને હ્રી ॥૧॥** પણ તે જ રીતે ત્યાં આવીને પ્રભુની

३. दिक्कुमारीस्वामिन्यः, तद्यथा-नन्दोत्तरा च नन्दा आनन्दा नन्दिवर्धना चैव । विजया च वैजयन्ती जयन्ती अपराजिता चैव ॥१॥ तथैवागत्य यावत्त्वया न भेतव्यमिति भणित्वा भगवतस्तीर्थकराज्जननीसहितात्पूर्वस्यां आदर्शहस्ता आगायन्त्यस्तिष्ठन्ति । एवं दक्षिणरुचकवास्तव्या अष्ट, तद्यथा-समाहारा सुप्रदत्ता, सुप्रबुद्धा यशोधरा । लक्ष्मीवती भोगवती, चित्रगुप्ता वसुन्धरा ॥१॥ तथैवागत्य यावत् भुवनानन्दजनकाज्जननीसहितात् दक्षिणस्यां भृङ्गारहस्ता आगायन्त्यस्तिष्ठन्ति । एवं पश्चिमरुचकवास्तव्या अपि अष्ट, तद्यथा-इलादेवी सुरादेवी, पृथ्वी पद्मावती । एकनासा नवमिका, सीता भद्रा चाष्टमी ॥१॥ एता अपि तीर्थकरात् जननीसहितात्पश्चिमायां तालवृन्तहस्तगता आगायन्त्यस्तिष्ठन्ति । एवमुत्तररुचकवास्तव्या अपि अष्ट, तद्यथा-अलम्बुसा मिश्रकेशी, पुण्डरीकिणी च वारुणी । + जयंती. ★ पुरच्छिमेणं.

[४]★हासा सव्वप्पभा चेव, सिरि हिरी चेव उ+त्तरओ ॥१॥ तहेवागंतूण ति†त्थगरस्स जणणिसहिअस्स उत्तरेण णातिदूरे चामरहत्थगयाओ आगायमाणीओ चिट्ठंति । ततो विदिसिरुयगवत्थव्वाओ चत्तारि विज्जुकुमारीसामिणीओ, तंजहाचित्ता य चित्तकणगा, सत्तेरा सोयामणी ॥

तहेवागंतूण तिहुअणबंधुणो जणणिसहिअस्स चउसु विदिसासु दीवियाहत्थगयाओ णाइदूरे आगायमाणीओ चिट्ठंति । ततो मज्झरुयगवत्थव्वाओ चत्तारि दिसाकु*मारिपहाणाओ, तंजहा-रूयया रूययंसा, सुरूया रूयगावती ॥ तहेवागंतूण जाव ण उवरोहं गंतव्वंतिकट्टु भगवओ भवियजणकुमुयसंडमंडणस्स चउरंगुलवज्जं णाभिं कप्पेंति, वियरयं खणंति, णाभिं वियरए निहणंति, रयणाणं वैराण य पूरेंति, हरियालियाए य पी‡ढं बंधेंति, भगवओ तित्थयरस्स जम्मणभवणस्स पुरच्छिमदाहिणउत्तरेण तओ कदलीहरए विउव्वंति, तेसिं बहुमज्झदेसे तओ चंदसाले विउव्वंति, तेसिं बहुमज्झदेसे तओ सीहासणे विउव्वंति, भगवं तित्थयरं क++रयलपरिग्गहिअं

ઉત્તરદિશામાં હાથમાં ચામર લઈ સ્તુતિ કરતી ઊભી રહી. એ જ પ્રમાણે વિદિશાના રુચકમાં રહેનારી ચાર વિદ્યુતકુમારી સ્વામીનીઓ=**ચિત્રા–ચિત્રકણગા–સત્તારા–સૌદામિની** પણ તે જ રીતે ત્યાં આવીને – માતાસહિત એવા ત્રિભુવનબંધુ સમાન પ્રભુની ચારે વિદિશાઓમાં દીપકોને હાથમાં લઈ સ્તુતિ કરતી ઊભી રહી.

ત્યાર પછી મધ્યરુચકમાં (રુચકપર્વતની મધ્યમાં) રહેનારી ચાર પ્રધાન દિક્કુમારીઓ, જેમનાં નામો – **રુચકા – રુચકાંશા – સુરુચા અને રુચકાવતી ॥** પણ તે જ રીતે ત્યાં આવીને વિગેરે વર્ણન પૂર્વની જેમ જાણી લેવું. આ ચાર દિક્કુમારીઓ, ભવ્યજનરૂપી કમલવનની શોભાસમાન તીર્થંકરની ચારઅંગુલને છોડી નાભિનો છેદ કરે છે. ખાડો ખોદે છે, અને નાભિને ખાડામાં નાંખે છે. ત્યારપછી રત્નો અને વજ્રોવડે તે ખાડાને પૂરે છે. અને ઉપર હરિતાલિકા વડે (એક પ્રકારની માટીવિશેષ) પીઠિકા તૈયાર કરે છે.

ત્યાર પછી તીર્થંકરના જન્મભવનથી પૂર્વ–ઉત્તર અને દક્ષિણદિશામાં ત્રણ કદલીગૃહ વિકુર્વે છે. તેના બહુ મધ્યભાગમાં ત્રણ ચંદ્રશાલા વિકુર્વે છે તેના પણ બહુ મધ્યભાગમાં ત્રણ સિંહાસન વિકુર્વે છે. ત્યાર પછી હાથમાં ગ્રહણ કરેલા તીર્થંકરભગવંતને અને તીર્થંકરની માતાને

४. हासा सर्वप्रभा चैव, श्रीः ह्रीश्चैवोत्तरतः ॥१॥ तथैवागत्य तीर्थकराज्जन-नीसहितादुत्तरस्यां नातिदूरे चामरहस्तगता आगायन्त्यस्तिष्ठन्ति । ततो विदिग्रुचकवास्तव्याश्चतस्त्रः विद्युत्कुमारीस्वामिन्यः, तद्यथा-चित्रा च चित्रकनका, सत्तारा सौदामिनी ॥ तथैवागत्य त्रिभुवनबन्धोर्जननीसहिताच्चतसृषु विदिक्षु दीपिकाहस्तगता नातिदूरे आगायन्त्यस्तिष्ठन्ति । ततो मध्यरुचकवास्तव्याश्चतस्रो दिक्कुमारीप्रधानाः, तद्यथा-रुचका रुचकांशा, सुरुचा रुचकावती ॥ तथैवागत्य यावन्न भयं गन्तव्यमितिकृत्वा भगवतो भव्यजनकुमुदषण्डमण्डनस्य चतुरङ्गुलवर्जं नाभिं छिन्दन्ति, विवरं खनन्ति, नाभिं विवरे निघ्नन्ति, रत्नैर्वज्रैश्च पूरयन्ति, हरितालिकया च पीठं बध्नन्ति, भगवतस्तीर्थकरस्य जन्मभवनाद् पूर्वदक्षिणोत्तरासु त्रीणि कदलीगृहाणि विकुर्वयन्ति, तेषां बहुमध्यदेशे तिस्रश्चन्द्रशाला विकुर्वन्ति, तासां बहुमध्यदेशे त्रीणि सिंहासनानि विकुर्वन्ति, भगवन्तं तीर्थकरं करतलपरिगृहीतं ★ आसा. + उत्तरा. † ०सि बाहिरु०. * कुमारीओ यहा०. ‡ पेढं. ++ करकमल०.

[5]तित्थगरजणणिं च बाहाए गिण्हिऊण दाहिणिल्ले कदलीघर★चाउस्साले† सीहासणे नि‡वेसिऊण सयपागसहस्सपागेहिं तिल्लेहिं अब्भंगेंति, सुरभिणा गंधवट्टएण उव्वट्टिंति, ततो भगवं तित्थयरं करकमलजुअलरुद्धं काऊण तिहुयणनिव्वुइयरस्स जणणिं च सु+इरं बाहाहिं गहाय पुरच्छिमिल्ले कदलीघरचाउस्सालसीहासणे स*न्निवेसावेंति, ततो मज्जणविहीए मज्जंति, गंध++कासाइएहि अंग▲याइं लूहेंति, सरसेणं गोसीसचंदणेणं समालहेंति, दिव्वाइं देवदूसजुअलाइं नियंसंति, सव्वालंकारविभूसियाइं करेंति, त¶ओ उत्तरिल्ले कदलीघरचाउस्सालसीहासणे निसीयाविंति, तओ आभिओगेहिं चुल्लहिमवंताओ सरसाइं गोसीसचंदणकट्ठाइं आणावेऊण अरणीए अग्गिं उप्पाएंति, तेहिं गोसीसचंदणकट्ठेहिं अग्गिं उज्जालेंति, अग्गिहोमं करेंति, भूइकम्मं करेंति, रक्खापोट्टलिअं करेंति,

બાહુથી ગ્રહણ કરીને (અર્થાત્ તે દિક્કુમારીઓ પ્રભુને પોતાના હાથમાં લે છે. અને માતાને બાહુથી ગ્રહણ કરીને) દક્ષિણદિશામાં રહેલા કદલીગ્રહના ચતુર્શાલાના સિંહાસનમાં બેસાડી શતપાક–સહસ્રપાકાદિ તેલવડે અભ્યંગન કરે છે. (તેલથી માલિશ કરે છે) અને સુરભિ ગંધવર્તક વડે ઉદ્વર્તન કરે છે (સુગંધિ ગંધવર્તક એટલે માલિશ કર્યા પછી અંદર ઉતરેલા તેલને અને શરીરના મેલને બહાર કાઢવા માટેનો પદાર્થ, જેનાથી તેલને પાછું બહાર કાઢે છે એવું સંભવિત જણાય છે.)

ત્યાર પછી પ્રભુને બે હાથ રૂપી કમલોમાં લઈ અને ત્રિભુવનની નિર્વૃત્તિને કરનાર પ્રભુની માતાને બાહુથી ગ્રહણ કરી પૂર્વદિશાના કદલીગૃહના ચતુર્શાલાના સિંહાસન ઉપર બેસાડે છે. પછી સ્નાન કરવાની વિધિથી સ્નાન કરાવે છે. સુગંધી–એવા લાલરંગના વસ્ત્રોવડે અંગોને લુછે છે. સરસ એવા ગોશીર્ષ ચંદનવડે વિલેપન કરે છે. દિવ્ય એવા બે દેવદૂષ્યોને પહેરાવે છે. સર્વાલંકારોથી વિભૂષિત કરે છે. ત્યાર પછી ઉત્તરદિશામાં રહેલા કદલીગૃહ – ચતુ:શાલના સિંહાસન ઉપર બેસાડે છે. ત્યારપછી અભિયોગિક દેવો પાસે લઘુહિંમવતપર્વત ઉપરથી રસયુક્ત ગોશીર્ષચંદનના લાકડાંઓને મંગાવી અરણિના લાકડાથી અગ્નિ ઉત્પન્ન કરે છે. તે ગોશીર્ષ ચંદનના લાકડાંઓવડે અગ્નિની વૃદ્ધિ કરે છે. અગ્નિહોમને કરે છે. ભૂતિકર્મને કરે છે. રક્ષાપોટલીઓ તૈયાર કરે છે.

५. तीर्थकरजननीं च बाह्वोः गृहीत्वा दाक्षिणात्ये कदलीगृहचत्तुःशाले सिंहासने निवेश्य शतपाकसहस्रपाकतैलैरभ्यङ्गयन्ति, सुरभिणा गन्धवर्त्तकेनोद्वर्त्तयन्ति, ततो भगवन्तं तीर्थकरं करकमलयुगलरुद्धं कृत्वा त्रिभुवननिर्वृतिकरस्य जननीं च सुचिरं बाहुभ्यां गृहीत्वा पौरस्त्ये कदलीगृहचतुःशालसिंहासने सन्निवेशयन्ति, ततो मज्जनविधिना मज्जयन्ति, गन्धकाषायीभिरङ्गानि रूक्षयन्ति, सरसेन गोशीर्षचन्दनेन समालभन्ते, दिव्यानि देवदूष्ययुगलानि परिधापयन्ति, सर्वालङ्कारविभूषिते कुर्वन्ति, तत औत्तरे कदलीगृहचतुःशालसिंहासने निषाद( निवेश )यन्ति, तत आभियोगिकैः क्षुल्लकहिमवतः सरसानि गोशीर्षचन्दनकाष्ठानि आनाय्य अरणीतोऽग्निमुत्पादयन्ति, तैर्गोशीर्षचन्दनकाष्ठैरग्निं उज्ज्वालयन्ति, अग्निहोमं कुर्वन्ति, भूतिकर्म कुर्वन्ति, रक्षापोट्टलिकां कुर्वन्ति, ★ घरगे. † ०लसीहा०. ‡ निसियावेऊण. + सइरं. * निसियावेंति. ++ गंधकासाइए. ▲ ०गायाइं. ¶ तत्थ आभिओगिएहिं.

[६]भगवओ तित्थंकरस्स कण्णमूलंसि दुवे पाहाणवट्टए टिंटियावेंति, भवउ २ भवं पव्वयाउएत्तिकट्टु भगवंतं तित्थकरं करतलपुडेण तित्थगरमातरं च बाहाए गहाय जेणेव भगवओ जम्मणभवणे जेणेव +सयणिज्जे तेणेव उवागच्छंति, तित्थयरजणणिं सयणिज्जे निसियावेंति, भगवं तित्थयरं पासं ठवेंति, तित्थकरस्स जणणिसहिअस्स नाइदूरे आगायमाणीओ चिट्ठंति ॥

अमुमेवार्थमुपसंहरन्नाह—

संवट्ट मेह आयंसगा य भिंगार तालियंटा य ।
चामर जोई रक्खं करेंति एयं कुमारीओ ॥१८८॥

गमनिका-गतार्था, द्वारयोजनामात्रं प्रदर्श्यते–'संवट्ट मेहे'ति संवर्त्तकं मेघम् उक्तप्रयोजनं विकुर्वन्ति, आदर्शकांश्च गृहीत्वा तिष्ठन्ति, भृङ्गारांस्तालवृत्तांश्चेति, तथा चामरं ज्योतिः रक्षां कुर्वन्ति, एवत् सर्वं दिक्कुमार्य इति गाथार्थः ॥१८८॥

[७]ततो सक्कस्स देविंदस्स णाणामणिकिरणसहस्सरंजिअं सीहासणं चलिअं, भगवं तित्थगरं

(H)ત્યાર પછી પ્રભુના કાન પાસે બે પથ્થરો (**पाहणवट्टए**)ને વગાડે છે. (**टिंटियावेंति**) અને કહે છે કે "હે પ્રભુ ! તમે પર્વત જેવા આયુષ્યવાળા થાઓ. (અર્થાત્ પર્વત જેવા દીર્ઘાયુવાળા થાઓ.) પછી પ્રભુને હાથમાં અને માતાને બાહુથી લઈ, જ્યાં પ્રભુનું જન્મભવન છે, જ્યાં શય્યા છે ત્યાં આવે છે. આવીને માતાને શય્યા ઉપર બેસાડે છે અને પ્રભુને માતાની પાસે સ્થાપે છે. માતાસહિત પ્રભુની નજીકમાં ઊભી રહી સ્તુતિ કરે છે.॥૧૮૭॥

અવતરણિકા : આ જ અર્થનો ઉપસંહાર કરતા કહે છે ➪

ગાથાર્થ : **સંવર્તકમેઘ – આદર્શો – ભૃંગાર – તાલવૃંત – ચામર – અગ્નિ – રક્ષાપોટલીને દિક્કુમારીકાઓ કરે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ પૂર્વ કથાનકથી સ્પષ્ટ થઈ જાય છે. છતાં ગાથામાં કહેલા પદોને જોડવા કંઈક બતાવે છે. પૂર્વે કથાનકમાં જેનું પ્રયોજન (કાર્ય) કહેવાઈ ગયેલું છે એવો તે સંવર્તકમેઘ દિક્કુમારીકાઓ વિકુર્વે છે અને આદર્શો (અરીસાઓ) ગ્રહણ કરી ઊભી રહે છે. તથા ભૃંગાર અને તાલવૃંતોને ગ્રહણ કરી ઊભી રહે છે. તથા ચામર, અગ્નિ, રક્ષાપોટલી આ સર્વ દિક્કુમારીકાઓ કરે છે ॥૧૮૮॥

ત્યાર પછી દેવોના ઇંદ્ર એવા શક્રનું જુદા જુદા મણિઓના હજારો કિરણોથી શોભતું સિંહાસન ચલિત થયું. શક્ર અવધિવડે તીર્થંકરભગવાનને જુએ છે. પાલકવિમાનવડે શીઘ્ર

६. भगवतस्तीर्थकरस्य कर्णमूले द्वौ पाषाणवर्तुलौ आस्फालयन्ति, भवतु २ भवान् पर्वतायुष्क इतिकृत्वा भगवन्तं तीर्थकरं करतलपुटेन तीर्थकरमातरं च भुजयोर्गृहीत्वा यत्रैव भगवतो जन्मभवनं यत्रैव शयनीयं तत्रैवोपागच्छन्ति, तीर्थकरजननीं शयनीये निषादयन्ति, भगवन्तं तीर्थकरं पार्श्वे स्थापयन्ति, तीर्थकरस्य जननीसहितस्य नातिदूरे आगायन्त्यस्तिष्ठन्ति । ७. ततः शक्रस्य देवेन्द्रस्य नानामणिकिरणसहस्ररञ्जितं सिंहासनं चलितं, भगवन्तं तीर्थकरं + वाससय०. ▲ मेरुअह उड्ढलोआ चउदिसिरुअगा उ अट्ठ पत्तेअं । चउविदिसि मज्झरुयगा इति छप्पण्णा दिसिकुमारी ॥१॥ सोपयोगा प्रक्षिप्ता. (H) આ પદાર્થ પરિશિષ્ટ ૧માં છે.

ओहिणा आभोएति, सिग्घं पालएण विमाणेणं एइ, भगवं तित्थयरं जणणिं च तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ, वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासीणमोऽत्थु ते रयणकुच्छिधारिए!, अहं णं सक्के देविंदे भगवओ आदितित्थगरस्स जम्मणमहिमं करेमि, तं णं तुमे ण उवरुज्झियव्वंतिकट्टु ओसोयणिं दलयति, तित्थगरपडिरूवगं विउव्वति, तित्थयरमाउए पासे ठवेति, भगवं तित्थयरं करयलपुडेण गेण्हति, अप्पाणं च पंचधा विउव्वतिगहियजिणिंदो एक्को दोण्णि य पासंमि चामरहत्था । गहिउज्जलायवत्तो एक्को एक्कोऽथ वज्जधरो ॥१॥ ततो सक्को चउव्विहदेवनिकायसहिओ सिग्घं तुरियं जेणेव मंदरे पव्वए पंडगवणे मंदरचूलियाए दाहिणेणं अइपंडुकंबलसिलाए अभिसेयसीहासणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सीहासणे पुरच्छाभिमुहे निसीयति, एत्थ बत्तीसंपि इंदा भगवओ पादसमीवं आगच्छंति, पढमं अच्चुयइंदोऽभिसेयं करेति, ततो अणु

---

શક્ર ત્યાં આવે છે. પ્રભુને અને તેમની માતાને ત્રણવાર જમણી બાજુથી પ્રદક્ષિણા આપે છે; વંદન–નમસ્કાર કરે છે. વંદન નમસ્કાર કરીને માતાને આ પ્રમાણે કહે છે – "રત્નને કુક્ષિમાં ધારણ કરનાર હે માતા ! તમને નમસ્કાર થાઓ. હું દેવોનો ઇન્દ્ર શક્ર ભગવાન આદિતીર્થકરનો જન્મમહિમા કરીશ. તેમાં તમારે ગભરાવું નહિ" એમ કહીને માતાને અવસ્વાપિની નિદ્રા આપે છે. અને તીર્થંકરના પ્રતિરૂપકને (તીર્થંકર જેવી જ પ્રતિમાને) વિકુર્વે છે. તેને માતાની પાસે રાખે છે.

પોતાના હાથના સંપુટવડે પ્રભુને ગ્રહણ કરે છે. ત્યાં તે શક્ર પોતાના પાંચ રૂપો કરે છે. *જેમાં એક રૂપ જિનેશ્વરને ગ્રહણ કરે છે, બે રૂપો આજુ બાજુ ચામર ગ્રહણ કરે છે.* એક રૂપ છત્ર ધારણ કરે છે અને એક રૂપ વજ્ર ધારણ કરે છે. ત્યાર પછી ચારે નિકાયના દેવો સહિત જ્યાં મેરુપર્વતના પાંડુકવનમાં મંદરચૂલિકાથી દક્ષિણદિશામાં અતિપાંડુકંબલશિલામાં અભિષેક સિંહાસન હતું. ત્યાં ઝડપથી આવે છે. આવીને તે સિંહાસન ઉપર પૂર્વાભિમુખ પોતે બેસે છે.

ત્યાં બત્રીસે ઇન્દ્રો પ્રભુ પાસે આવે છે. પ્રથમ અચ્યુતેન્દ્ર (૧૨મા દેવલોકનો ઇન્દ્ર) અભિષેક કરે છે. ત્યાર પછી ક્રમશઃ છેલ્લે શકેન્દ્ર (૧લા દેવલોકનો ઇન્દ્ર) ત્યાર પછી

---

८. अवधिनाऽऽभोगयति, शीघ्रं पालकेन विमानेनायाति, भगवन्तं तीर्थकरं जननीं च त्रिकृत्व आदक्षिणप्रदक्षिणं करोति, वन्दते नमस्यति वन्दित्वा नमस्यित्वा *एवमवादीत्-नमोऽस्तु* तुभ्यं रत्नकुक्षिधारिके !, अहं शक्रो देवेन्द्रो भगवत आदितीर्थकरस्य जन्ममहिमानं करोमि, तत् त्वया नोपरोद्धव्यमितिकृत्वाऽवस्वापिनीं ददाति, तीर्थकरप्रतिरूपकं विकुर्वति, तीर्थकरमातुः पार्श्वे स्थापयति, भगवन्तं तीर्थकरं करतलपुटेन गृह्णाति, आत्मानं च पञ्चधा विकुर्वति-गृहीतजिनेन्द्र एको द्वौ च पार्श्वयोश्चामरहस्तौ । गृहीतोज्ज्वलातपत्र एक एकोऽथ वज्रधरः ॥१॥ ततः शक्रः चतुर्विधदेवनिकायसहितः शीघ्रं त्वरितं यत्रैव मन्दरे पर्वते पाण्डकवने मन्दरचूलिकाया दक्षिणेन अतिपाण्डुकम्बलशिला-यामभिषेकसिंहासनं तत्रैवोपागच्छति, उपागत्य सिंहासने पौरस्त्याभिमुखो निषीदति, अत्र द्वात्रिंशदपि इन्द्रा *भगवतः पादसमीपमागच्छन्ति, प्रथममच्युतेन्द्रोऽभिषेकं करोति, ततोऽनु* ★ मायरुए.

**[૧]परिवाडीए जाव सक्को ततो चमरादीया जाव चंदसूरत्ति, ततो सक्को भगवओ जम्मणाभिसेयमहिमाए निव्वत्ताए ताए सव्विड्ढीए चउव्विहदेवणिकायसहिओ तित्थंकरं घेत्तूण पडियागओ, तित्थगरपडिरूवं पडिसाहरइ, भगवं तित्थयरं जणणीए पासे ठवेइ, ओसोवणिं पडिसंहरइ, दिव्वं खोमजुअलं कुंडलजुअलं च भगवओ तित्थगरस्स ऊसीसयमूले ठवेति, एगं सिरिदामगंडं तवणिज्जुज्जललंबूसगं सुवण्णपयरगमंडियं नाणामणिरयणहारद्धहारउवसोहियसमुदयं भगवओ तित्थगरस्स उप्पिं उल्लोयगंसि ★निक्खिवति, जे णं भगवं तित्थगरे अणिमिसाए दिट्ठीए +पेहमाणे सुहं सुहेणं अभिरममाणे चिट्ठति, ततो वेसमणो सक्कवयणेणं बत्तीसं हिरण्णकोडीओ बत्तीसं सुवण्णकोडीओ बत्तीसं नंदाइं बत्तीसं भद्दाइं सुभगसोभग्गरूवजोव्वणगुणलावण्णं भगवतो तित्थकरस्स जम्मणभवणंमि साहरति, ततो सक्को *अभिओगिएहिं देवेहिं महया महया सद्देणं उग्घोसावेइ**

ચમરેન્દ્રાદિથી લઈ ચંદ્રસૂર્યના ઇન્દ્રો અભિષેક કરે છે. પછી શક્ર પ્રભુના જન્માભિષેકનો મહિમા પૂર્ણ થતાં સર્વઋદ્ધિ સાથે ચારે નિકાયના દેવોથી પરિવરેલો તીર્થંકરને લઈ પાછો ફરે છે. તીર્થંકરના પ્રતિબિંબને સંહરે છે અને માતાની પાસે પ્રભુને પધરાવે છે. અવસ્વાપિની નિદ્રા પાછી ખેંચે છે.

પ્રભુના ઓશીકા પાસે દિવ્ય વસ્ત્રયુગલ અને કુંડલયુગલને મૂકે છે. પછી શક્ર એક વિચિત્ર રત્નમાલાઓના સમુદાયને[(H)] (सिरिदामगंडं) પ્રભુની ઉપર છત ઉપર મૂકે છે. તે રત્નમાલાઓના સમુદાયમાં સુવર્ણ જેવો ઉજ્જ્વળ દડો (પેંડલ જેવો) હતો. (तवणिज्ज..) તે સમુદાય સુવર્ણપ્રતરોથી શોભતો હતો (सुवण्ण पयर...) તથા તે સમુદાય જુદા–જુદા મણિ અને રત્નોના હાર–અર્ધહાર વગેરેથી શોભતો હતો. જેને પ્રભુ અનિમેષદૃષ્ટિએ જોતાં સુખપૂર્વક ક્રીડા કરતા રહે છે. ત્યાર પછી વૈશ્રમણે (કુબેરે) ઇન્દ્રના વચનોથી (આદેશથી) બત્રીસ કરોડ હિરણ્ય, બત્રીસ કરોડ સુવર્ણ, બત્રીસ નંદાસનો, બત્રીસ ભદ્રાસનો અને સુભગ એવા સૌભાગ્ય–રૂપ–યૌવનના ગુણોની શોભા તીર્થંકરના જન્મભવનમાં સંહરી.

પછી શક્ર અભિયોગિક દેવોદ્વારા મોટા મોટા શબ્દોવડે આ પ્રમાણે ઉદ્ઘોષણા કરાવે છે

**૧. परिपाट्या यावत् शक्रस्ततश्चमरादयः यावच्चन्द्रसूर्या इति, ततः शक्रो भगवतो जन्माभिषेकमहिमनि निर्वृत्ते तया सर्वर्द्ध्या चतुर्विधदेवनिकायसहितस्तीर्थकरं गृहीत्वा प्रत्यागतः, तीर्थकरप्रतिरूपं प्रतिसंहरति, भगवन्तं तीर्थकरं जनन्याः पार्श्वे स्थापयति, अवस्वापिनीं प्रतिसंहरति, दिव्यं क्षौमयुगलं कुण्डलयुगलं च भगवतस्तीर्थकरस्योच्छीर्षकमूले स्थापयति, एकं श्रीदामगण्डं तपनीयोज्ज्वललम्बूसकं सुवर्णप्रतरकमण्डितं नानामणिरत्नहारार्धहारोपशोभितसमुदयं भगवतस्तीर्थकरस्योपरि उल्लोचे निक्षिपति, यद् भगवांस्तीर्थकरोऽनिमेषया दृष्ट्या प्रेक्षमाणः सुखंसुखेनाभिरममाणस्तिष्ठति, ततो वैश्रमणः शक्रवचनेन द्वात्रिंशतं हिरण्यकोटीः द्वात्रिंशतं सुवर्णकोटीः द्वात्रिंशत् नन्दासनानि द्वात्रिंशत् भद्रासनानि सुभगसौभाग्यरूपयौवनगुणलावण्यं भगवतस्तीर्थकरस्य जन्मभवने संहरति, ततः शक्र आभियोगिकैर्देवैर्महता महता शब्देनोद्घोषयति. ★ अभिनिक्खिव०. + पेहमाणे पेहमाणे. * अभिओगेहिं.**

(H) આ પદાર્થ ટિપ્પણીમાં જણાવેલ છે. તે ટિપ્પણી પરિશિષ્ટ-૧માં આપેલ છે.

[१०]हंदि ! सुणंतु बहवे भवणवइ-वाणमंतरजोइसिअवेमाणिआ देवा य देवीओ य जे णं देवाणुप्पिआ ! भगवओ तित्थगरस्स तित्थगरमाऊए वा असुभं मणं संप★धारेति, तस्स णं अज्जयमंजरीविव सत्तहा मुद्धाणं फुट्टउत्तिकट्टु घोसणं घोसावेइ, ततो णं भवणवइवाणमंतर-जोइसियवेमाणिआ देवा भगवओ तित्थगरस्स जम्मणमहिमं काऊण गता नंदीसरवरदीवं, तत्थ अट्ठाहिआमहिमाओ काऊण सए सए आलए पडिगतत्ति ।

जंमणेत्ति गयं, इदानीं नामद्वारं, तत्र भगवतो नामनिबन्धनं चतुर्विंशतिस्तवे वक्ष्यमाणं 'ऊरुसु उसभलंछण उसभं सुमिणंमि तेण उसभजिणो' इत्यादि, इह तु वंशनामनिबन्धनमभिधातुकाम आह-

**देसूणगं च वरिसं सक्कागमणं च वंसठवणा य ।**
**आहारमंगुलीए ठवंति देवा मणुण्णं तु ॥१८९॥**

व्याख्या–देशोनं च वर्षं भगवतो जातस्य तावत्+ पुनः† शक्रागमनं च संजातं, तेन वंशस्थापना च कृता भगवत इति, सोऽयं ऋषभनाथः, अस्य गृहावासे असंस्कृत आसीदाहार इति । किं च-सर्वतीर्थकरा एव बालभावे वर्त्तमाना न स्त++न्योपयोगं कुर्वन्ति, किन्त्वाहाराभिलाषे

કે "હે દેવાનુપ્રિય ભવનપતિ–વ્યંતર–જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ–દેવીઓ ! તમે સૌ સાંભળો– "જે વ્યક્તિ તીર્થંકરને વિષે કે તેમની માતાને વિષે અશુભ મન કરશે તેના મસ્તકના [ii]અજ્જનક (વનસ્પતિ વિશેષ)ની મંજરીની જેમ સાત ટુકડા થાઓ (અર્થાત્ જેમ અજ્જનકની મંજરી અનેક પ્રકારે ફૂટેલી ખીલે છે. તેમ મસ્તકના પણ સાત ટુકડા થાઓ.) ત્યારપછી ભવનપતિથી લઈ વૈમાનિકના દેવો ભગવાન તીર્થંકરના જન્મમહિમાને કરીને નંદીશ્વરદ્વીપમાં ગયા. ત્યાં અષ્ટાહ્નિકા મહોત્સવને કરી પોતપોતાના સ્થાને પાછા ફર્યા. જન્મદ્વાર પૂર્ણ થયું. ॥૧૮૮॥

**અવતરણિકા :** હવે નામદ્વારની શરૂઆત કરે છે. તેમાં પ્રભુના નામનું કારણ ચતુર્વિંશતિસ્તવનામના અધ્યયનમાં "ऊरुसु उसभलंछण...." ઈત્યાદિ ગાથાઓવડે કહેવાશે. અહીં તો વંશના નામનું કારણ બતાવે છે ➪

**ગાથાર્થ : (પ્રભુના જન્મને) કંઈક ન્યૂન એવું એકવર્ષ ગયું – શક્રનું આગમન – વંશની સ્થાપના – દેવો (પ્રભુની) આંગળીમાં મનોજ્ઞ એવા આહારને સ્થાપે છે.**

**ટીકાર્થ :** પ્રભુના જન્મને દેશન્યૂન એવું એકવર્ષ થયું ત્યારે ફરી શક્રનું આગમન થયું અને તેનાવડે પ્રભુના વંશની સ્થાપના કરાઈ. તે આ ઋષભનાથ પ્રભુ થયા. ગૃહવાસમાં તેમનો આહાર અસંસ્કૃત (તેમના માટે આહાર બનાવવામાં આવતો ન) હતો. (કારણ કે તેમનો આહાર દેવો લાવી આપતા હતા.) વળી, સર્વતીર્થંકરો બાલ્યાવસ્થામાં વર્તતા હોય ત્યારે સ્તનપાન કરતા

१०. हन्दि श्रृणवन्तु बहवो भवनपतिव्यन्तरज्योतिष्कवैमानिका देवाश्च देव्यश्च यो देवानुप्रिया ! भगवति तीर्थकरे तीर्थकरमातरि वा अशुभं मनः संप्रधारयति, तस्यार्यमञ्जरीव सप्तधा मूर्धा स्फुटत्विति कृत्वा घोषणां घोषयति, ततो भवनपतिव्यन्तरज्योतिष्कवैमानिका देवा भगवतस्तीर्थकरस्य जन्ममहिमानं कृत्वा गता नन्दीश्वरवरद्वीपं, तत्राष्टाह्निकामहिमानं कृत्वा स्वके स्वके आलये प्रतिगता इति । जन्मेति गतम्.

★संपधारेंति. + ऋषभस्य. † गृहवासे. ++ स्तनो०.

सति स्वामेवाङ्गुलिं वदने प्रक्षिपन्ति, तस्यां च आहारम ल्यां नानारससमायुक्तं स्थापयन्ति देवा 'मनोज्ञं' मनोऽनुकूलम् । एवमतिक्रान्तबालभावास्तु ★अग्निपक्वं गृह्णन्ति, ऋषभनाथस्तु प्रव्रज्यामप्रतिपन्नो देवोपनीतमेवाहारमुपभुक्तवान् इत्यभिहितमानुषङ्गिकमिति गाथार्थः ॥१८९॥

प्रकृतमुच्यते—आह-इन्द्रेण वंशस्थापना कृता इत्यभिहितं, सा किं यथाकथञ्चित् कृता आहोस्वित् प्रवृत्तिनिमित्तपूर्विकेति, उच्यते, प्रवृत्तिनिमित्तपूर्विका, न यादृच्छिकी, कथम् ?—

**सक्को वंसट्ठवणे इक्खु अगू तेण हुंति इक्खागा ।**
**जं च जहा जंमि वए जोगं कासी य तं सव्वं ॥१९०॥**

**कथानकशेषम्— [११]जीतमेतं अतीतपच्चुप्पण्णमणागयाणं सक्काणं देविंदाणं पढमतित्थगराणं वंसट्ठवणं करेत्तए त्ति, ततो तिदसजणसंपरिवुडो आगओ, कहं रित्तहत्थो पविसामित्ति महंतं इक्खुलट्ठिं गहाय आगतो। इओ य नाभिकुलकरो उसभसामिणा अंकगतेण अच्छइ, सक्केण उवागतेण भगवया इक्खुलट्ठीए दिट्ठी पाडियत्ति, ताहे सक्केण भणियं-भयवं ! किं इक्खू अगू-+भक्षयसि ?, ताहे सामिणा हत्थो**

નથી. પરંતુ જ્યારે આહારની ઇચ્છા થાય ત્યારે પોતાની આંગળીને મુખમાં નાંખે છે. તે આંગળીમાં દેવો જુદા જુદા રસોવાળો અને મનોજ્ઞ આહાર સ્થાપે છે. અને જ્યારે બાલ્યાવસ્થાને છોડી મોટા થાય છે ત્યારે અગ્નિથી પકાવેલી વસ્તુને તેઓ ગ્રહણ કરે છે. માત્ર ઋષભનાથ પ્રભુ પ્રવ્રજ્યા પહેલા દેવથી લવાયેલ આહાર ખાતાં હતા. આ પ્રમાણે પ્રાસંગિક વાત કહી. હવે પ્રસ્તુત વસ્તુને વિચારીએ ॥૧૮૯॥

**અવતરણિકા :** "ઇન્દ્રવડે વંશની સ્થાપના કરાઈ" એવું જે કહ્યું. તેમાં તે વંશસ્થાપના પોતાની ઇચ્છાથી કરી કે તે વંશસ્થાપના કરવા પાછળ કંઈ કારણ હતું ? ઉત્તર : વંશની સ્થાપના કરવા પાછળ કારણ હતું પણ પોતાની ઇચ્છાથી સ્થાપના કરાઈ નથી. તે કારણ શું હતું ? તે કહે છે ➪

**ગાથાર્થ : શક્ર—વંશસ્થાપના(કરવા માટે ત્યાં આવ્યો)—શેરડી ખાશો ? — તે કારણથી ઇક્ષ્વાકુવંશ થયો. જે વસ્તુ જે રીતે જે વિષયમાં યોગ્ય હતી તે સર્વ શક્રે કર્યું.**

**ટીકાર્થ :** કથાનક શેષ કહે છે : ભૂત—ભાવિ અને વર્તમાન ઇન્દ્રોનો આ આચાર છે કે તેઓ પ્રથમતીર્થંકરની વંશસ્થાપના કરે. તેથી પોતાનો આચાર જાણી દેવોથી યુક્ત ઇન્દ્ર ત્યાં આવ્યો. ખાલી હાથે હું કેવી રીતે પ્રભુ પાસે જાઉં ? એમ વિચારી મોટા—મોટા શેરડીના સાંઠા લઈ ત્યાં આવ્યો. આ બાજુ નાભિકુલકર પ્રભુને ખોળામાં લઈ બેઠા હતા. હાથમાં શેરડીના સાંઠા લઈ ઇન્દ્ર જ્યારે પ્રભુપાસે આવ્યો ત્યારે પ્રભુએ તે શેરડીઓ ઉપર પોતાની નજર ફેંકી.

જેથી ઇન્દ્રે પૂછ્યું — "પ્રભુ ! શેરડીઓ ખાશો ?" ત્યારે સ્વામીએ હાથ પ્રસાર્યો અને હર્ષ

**૧૧. जीतमेतत् अतीतानागतवर्त्तमानानां शक्राणां देवेन्द्राणां प्रथमतीर्थकराणां वंशस्थापनां कर्त्तुमिति, ततस्त्रिदशजनसंपरिवृत आगतः, कथं रिक्तहस्तः प्रविशामीति महतीं इक्षुयष्टिं गृहीत्वाऽऽगतः । इतश्च नाभिकुलकरो ऋषभस्वामिनाऽङ्कगतेन तिष्ठति, शक्र उपागते भगवतेक्षुयष्टौ दृष्टिः पातितेति, तदा शक्रेण भाणितम्-भगवन् ! किमिक्षुं भक्षयसि ?, तदा स्वामिना हस्तः ★ ०पक्वमेव. + भक्खयसि.**

[१२] पसारिओ हरिसिओ य, ततो सक्केण चिंतियं-जम्हा तित्थगरो इक्खू अहिलसइ, तम्हा इक्खागवंसो भवउ, पुव्वगा य भगवओ इक्खुरसं पिवियाइया तेण गोत्तं कासवंति । एवं सक्को वंसं ठाविऊण गओ, पुणोवि-'जं च जहा जंमि वए जोग्गं कासी य तं सव्वं'ति । गाथा गीतार्था, तथाऽप्यक्षरगमनिका क्रियते—तत्र 'शक्रो' देवराडिति 'वंशस्थापने' प्रस्तुते इक्षुं गृहीत्वा आगतः, भगवता करे प्रसारिते सत्याह—★भगवन् ! किं इक्खुं अकु-भक्षयसि ?, अकुशब्दः +भक्षणार्थे वर्त्तते, भगवता गृहीतं, तेन भवन्ति ईक्ष्वाकाः-इक्षुभोजिनः, इक्ष्वा*का ऋषभनाथवंशजा इति । एवं 'यच्च' वस्तु 'यथा' येन प्रकारेण 'यस्मिन्' वयसि योग्यं शक्रः कृतवांश्च तत्सर्वमिति, पश्चार्धपाठान्तरं वा 'तालफलाहयभगिणी होही पत्तीति सारवणा' 'ताल△फलाहतभगिनी भविष्यति पत्नीति सारवणा' किल भगवतो नन्दायाश्च तुल्यवयःख्यापनर्थमेवं पाठ इति, †तदेव तालफलाहतभगिनी भगवतो बालभाव एव मिथुनकैर्नाभिसकाशमानीता, तेन च भविष्यति पत्नीति सारवणा-संगोपना कृतेति, तथा चानन्तरं वक्ष्यति "णंदाय सुमंगला सहिओ" । अन्ये तु प्रतिपादयन्ति-सर्वैवेयं

---

પામ્યા. તેથી શક્રે વિચાર્યું "જે કારણથી તીર્થંકર શેરડીને ઈચ્છે છે તે કારણથી તેમનો ઈક્ષ્વાકુવંશ થાઓ." અને પ્રભુના પૂર્વજો ઈક્ષુરસને પીતાં હતાં તેથી ગોત્ર કાશ્યપ રાખવામાં આવ્યું. આ પ્રમાણે વંશની સ્થાપના કરીને ઇન્દ્ર ગયો. ફરી પણ જે વયમાં જે વસ્તુ જે રીતે ઉચિત હતી, તે સર્વ ઇન્દ્રે કર્યું. ગાથાર્થ સ્પષ્ટ છે છતાં અક્ષરાર્થ કરે છે – વંશસ્થાપના પ્રસ્તુત હોતે છતે ઇન્દ્ર ઈક્ષુને ગ્રહણ કરીને આવ્યો..

ભગવાનવડે હાથ લંબાવતા ઇન્દ્રે કહ્યું, "ભગવાન ! ઈક્ષુ ખાશો ?" મૂળગાથામાં રહેલ "अकु" શબ્દ ખાવાના અર્થમાં છે. પ્રભુએ શેરડી ગ્રહણ કરી. તેથી ઋષભનાથના વંશમાં ઉત્પન્ન થનારા ઈક્ષ્વાકુ = શેરડી ખાનારા કહેવાયા. આ પ્રમાણે જે વસ્તુ જે વયમાં જે રીતે ઉચિત હતી તે સર્વ ઇન્દ્રે કર્યું. અથવા પશ્ચાર્ધમાં પાઠાન્તર છે "तालफलाहयभगिणी होही पत्तीति सारवणा" તેનો અર્થ – "તાડવૃક્ષના ફલવડે હણાયેલ પુરુષની બહેન ઋષભનાથની પત્ની થશે" એ પ્રમાણે હોવાથી તે બહેનનું રક્ષણ કરવામાં આવ્યું. આ પાઠાન્તર ભગવાન અને નંદાની એક સરખી વય બતાડવા માટે અહીં બતાવ્યો છે. (જે કાળે વંશસ્થાપના થઈ તે જ કાળે તે ઘટના બની એવું કહેવા માટે અહીં એ પાઠ છે.)

તાડવૃક્ષના ફલથી પુરુષ હણાયો ત્યારે જ તેની બહેન યુગલિકોવડે પ્રભુની બાલ્યાવસ્થામાં જ નાભિકુલકર પાસે લવાઈ. અને નાભિકુલકરવડે "આ ઋષભની પત્ની થશે" એમ વિચારી તેણીનું રક્ષણ કરાયું. આ જ વાતને આગળની ગાથામાં કહેશે કે "નંદા અને સુમંગલા સાથે પ્રભુ મોટા થયા." કેટલાક આચાર્યો એમ કહે છે કે અત્યાર સુધીનું જેટલું નિરૂપણ આવ્યું તે બધું

---

१२. प्रसारितो हृष्टश्च, ततः शक्रेण चिन्तितम्-यस्मात् तीर्थकर इक्षुमभिलषति, तस्मादिक्ष्वाकुवंशो भवतु, पूर्वजाश्च भगवत इक्षुरसं पीतवन्तस्तेन गोत्रं काश्यपमिति । एवं शक्रो वंशं स्थापयित्वा गतः, पुनरपि-यच्च यथा यस्मिन्वयसि योग्यं अकार्षीच्च तत्सर्वमिति । ★ भगवं. + भक्षणार्थः. * ०कव. △ फलाहतं. † तदैव.

जन्मद्वारवक्तव्यता, द्वारगाथाऽपि किलैवं पठ्यते–'जम्मणे य विवड्डी य'त्ति, अलं प्रसङ्गेन ।

इदानीं वृद्धिद्वारमधिकृत्याह—

अह वड्डइ सो भयवं दियलोयचुओ अणोवमसिरीओ ।
देवगणसंपरिवुडो नंदाइ सुमंगला सहिओ ॥१९१॥
असिअसिरओ सुनयणो बिंबुट्ठो धवलदंतपंतीओ ।
वरपउमगब्भगोरो फुल्लुप्पलगंधनीसासो ॥१९२॥

प्रथमगाथा निगदसिद्धैव, द्वितीयगाथागमनिका–न सिता असिताः-कृष्णा इत्यर्थः, शिरसि जाताः शिरोजाः-केशाः असिताः शिरोजा यस्य स तथाविधः, शोभने नयने यस्यासौ सुनयनः, बिल्वं( म्बं )-गोल्हाफलं बिल्व( म्ब ) वदोष्ठौ यस्यासौ बिल्वो( म्बो )ष्ठः, धवले दन्तपङ्क्ती यस्य स धवलदन्तपङ्क्तिः, वरपद्मगर्भवद् गौरः पुष्पोत्पलगन्धवन्निःश्वासो यस्येति गाथार्थः ॥१९१-१९२॥

इदानी जातिस्मरणद्वारावयवार्थं विवरिषुराह★—

जाइस्सरो अ भयवं अप्परिवडिएहि तिहि उ नाणेहिं ।
†कंतीहि य ‡बुद्धीहि य अब्भहिओ तेहि मणुएहिं ॥१९३॥

---

જન્મદ્વારમાં જ સમજવાનું છે. તે આચાર્યોના મતે દ્વારગાથા પણ આ પ્રમાણે છે "जम्मणे य विवड्डी य" (આ આચાર્યોના મતે નામદ્વાર નથી.)

અવતરણિકા : હવે વૃદ્ધિદ્વાર બતાવે છે ➪

ગાથાર્થ : દેવલોકમાંથી ચ્યવેલા, નિરૂપમ દેહની કાંતિથી યુક્ત અને (સેવામાં આવેલા) દેવોના સમૂહથી યુક્ત એવા ભગવાન નંદા અને સુમંગલા સાથે હવે વૃદ્ધિને પામે છે.

ગાથાર્થ : કાળાકેશવાળા, સુંદરઆંખોવાળા, લાલહોઠવાળા, શુક્લદાંતની પંક્તિઓવાળા, શ્રેષ્ઠ પદ્મના ગર્ભ જેવા નિર્મલ અને પુષ્પોત્પલની ગંધ જેવા (સુગંધી) નિઃશ્વાસવાળા (પ્રભુ વૃદ્ધિ પામે છે.)

ટીકાર્થ : પ્રથમ ટીકાર્થ ગાથાર્થ મુજબ છે. (निगदसिद्धा = આ ગાથાની વ્યાખ્યા (અર્થ) બોલવા (વાચવા) માત્રથી સમજાઈ જાય એવી છે.) બીજો ટીકાર્થ આ પ્રમાણે : અસિત = કૃષ્ણ, મસ્તકમાં જે ઉત્પન્ન થાય તે शिरोजा=કેશો, કૃષ્ણ છે કેશ જેમના તે કૃષ્ણકેશવાળા (એ પ્રમાણે સમાસ કરવો), શોભન છે નયનો જેમના તે સુનયનવાળા, બિલ્વના ફળ જેવા (લાલ અને મોટા) છે હોઠ જેમના તે બિલ્વૌષ્ઠવાળા, શુક્લ છે દાંતની પંક્તિ જેમની તે ધવલદંતપંક્તિવાળા, શ્રેષ્ઠપદ્મના ગર્ભ જેવા ગૌર = નિર્મલ, પુષ્પોત્પલની ગંધ જેવો (સુગંધી) છે નિઃશ્વાસ જેમનો તે, આ પ્રમાણે સર્વત્ર સમાસ જાણવા. ॥૧૯૧-૧૯૨॥

અવતરણિકા : હવે જાતિસ્મરણદ્વાર કહે છે ➪

ગાથાર્થ : અપ્રતિપતિત એવા ત્રણ જ્ઞાનોવડે ભગવાન જાતિસ્મરણવાળા અને (તે વખતના) મનુષ્યો કરતાં કાંતિમાં અને બુદ્ધિમાં પ્રભુ અધિક હતા.

---

★ विवूर्षु०. † कंतीइ. ‡ बुद्धीइ.

गमनिका—जातिस्मरणश्च भगवान् अप्रतिपतितैरेव त्रिभिर्ज्ञानैः–मतिश्रुतावधिभिः, अवधिज्ञानं हि देवलौकिकमेव अप्रच्युतं भगवतो भवति, तथा कान्त्या च बुद्ध्या च अभ्यधिकस्तेभ्यो मिथुनकमनुष्येभ्य इति गाथार्थः ॥१९३॥

इदानीं विवाहद्वारव्याचिख्यासयेदमाह—

**पढमो अकालमच्चू तहिं तालफलेण दारओ पहओ ।**
**कण्णा य कुलगरेणं सिट्ठे गहिआ उसहपत्ती ॥१९४॥**

व्याख्या—भगवतो देशोनवर्षकाल एव किञ्चन मिथुनकं संजातापत्यं सद् अपत्यमिथुनकं तालवृक्षाधो विमुच्य रिंसया क्रीडागृहकमगमत्, तस्माच्च तालवृक्षात्† पवनप्रेरितमेकं तालफलमपतत्, तेन दारको व्यापादितः, तदपि मिथुनकं तां दारिकां संवर्धयित्वा प्रतनुकषायं मृत्वा सुरलोक+ उत्पन्नं, सा चोद्यानदेवतेवोत्कृष्टरूपा एकाकिन्येव वने विचचार, दृष्ट्वा च तां त्रिदशवधूसमानरूपां मिथुनकनरा विस्मयोत्फुल्लनयना नाभिकुलकराय न्यवेदयन्, शिष्टे च तैः कन्या कुलकरेण गृहीता ऋषभपत्नी भविष्यतीतिकृत्वा, अयं गाथार्थः ॥ भगवांश्च तेन कन्याद्वयेन सार्धं विहरन् यौवनमनुप्राप्तः, अत्रान्तरे देवराजस्य चिन्ता जाता–कृत्यमेतदतीतप्रत्युत्पन्नानागतानां

**ટીકાર્થ :** અપ્રતિપતિત એવા મતિ–શ્રુત–અવધિરૂપ ત્રણ જ્ઞાનોવડે પ્રભુ જાતિસ્મરણવાળા હતા. અહીં અવધિજ્ઞાન પ્રભુને પૂર્વના દેવભવસંબંધી જ નાશ ન પામ્યું હોવાથી હોય છે. તથા કાંતિ અને બુદ્ધિથી પણ પ્રભુ તે મનુષ્યો કરતા અધિક હતા. ॥૧૯૩॥

**અવતરણિકા :** વિવાહદ્વાર કહે છે ➪

**ગાથાર્થ :– તાડવૃક્ષના ફલવડે એક બાળક હણાયો. (આ અવસર્પિણીમાં) આ પ્રથમ અકાળમૃત્યુ થયું. (યુગલિકોવડે કુલકરને કન્યા વિષે) કહેવાયે છતે કુલકરવડે તે કન્યા "ઋષભની પત્ની થશે" (એમ વિચારી) ગ્રહણ કરાઈ.**

**ટીકાર્થ :** પ્રભુના જન્મ પછી દેશન્યૂન વર્ષ પૂર્ણ થતાં, કો'ક એક યુગલિકે, જેણે બાળક–બાલિકા રૂપ યુગલને જન્મ આપ્યો હતો, તે એક વાર પોતાના આ બાળક–બાલિકાને તાડવૃક્ષની નીચે મૂકી ક્રીડા કરવાની ઇચ્છાથી ક્રીડાગૃહમાં ગયું. આ બાજુ તે તાડવૃક્ષ ઉપરથી પવનથી પ્રેરાયેલું એક તાડફળ નીચે પડ્યું. તેનાવડે બાળક હણાયો. ત્યાર પછી યુગલિક તે બાલિકાને ઉછેરીને પાતળાકષાયવાળું મરીને દેવલોકમાં ઉત્પન્ન થયું.

આ બાજુ તે બાલિકા કે જે હવે કન્યા થઈ છે, તે ઉદ્યાનના દેવતાની જેમ ઉત્કૃષ્ટરૂપવાળી એકલી જ વનમાં ફરવા લાગી. અપ્સરા જેવી તે કન્યાને જોઈ આશ્ચર્યથી મોટી થયેલી છે આંખો જેમની એવા યુગલિકપુરુષો નાભિકુલકર પાસે જઈ કન્યા વિષે નિવેદન કર્યું. તે યુગલિક પુરુષો વડે નિવેદન કરાયા બાદ તે કન્યાને નાભિકુલકરે "આ ઋષભની પત્ની થશે" એમ વિચારી ગ્રહણ કરી. અહીં ગાથાર્થ પૂર્ણ થયો.

ભગવાન નંદા અને સુમંગલા સાથે સમય પસાર કરતા યૌવનને પામ્યાં. ત્યાં ઇન્દ્રને

† संवर्ध्य. + ०लोकमुत्पन्नं.

शक्राणां प्रथमतीर्थकराणां विवाहकर्म क्रियत इति संचिन्त्य अनेकत्रिदशसुरवधूवृन्द-समन्वितोऽवतीर्णवान्, अवतीर्य च भगवतः स्वयमेव वरकर्म चकार, पत्न्योरपि देव्यो वधूकर्मेति ॥१९४॥ अमुमेवार्थमुपसंहरन्नाह—

भोगसमत्थं नाउं वरकम्मं तस्स कासि देविंदो ।
दुण्हं वरमहिलाणं वहुकम्मं कासि देवीओ ॥१९५॥

गमनिका—भोगसमर्थं ज्ञात्वा वरकर्म तस्य कृतवान् देवेन्द्रः, द्वयोः वरमहिलयोर्वधूकर्म कृतवत्यो देव्य इति गाथार्थः, भावार्थस्तूक्त एव ॥१९५॥

इदानीमपत्यद्वारमभिधित्सुराह—

छप्पुव्वसयसहस्सा पुव्विं जायस्स जिणवरिंदस्स ।
तो भरहबंभिसुंदरिबाहुबली चेव जायाइं ॥१९६॥

निगदसिद्धैवेयं, नवरमनुत्तरविमानादवतीर्य सुमङ्गलाया बाहुः पीठश्च भरतब्राह्मीमिथुनकं जातं, तथा सुबाहुर्महापीठश्च सुनन्दाया बाहुबली सुन्दरी च मिथुनकमिति ॥१९६॥

अमुमेवार्थं प्रतिपादयन्नाह मूलभाष्यकारः—

देवी सुमंगलाए भरहो बंभी य मिहुणयं जायं ।
देवीइ सुनंदाए बाहुबली सुंदरी चेव ॥४॥ ( मू.भा. )

---

વિચાર આવ્યો કે "ભૂત–ભાવિ–વર્તમાનના દરેક શક્રોનું આ કાર્ય છે કે તેઓ પ્રથમતીર્થંકરના વિવાહકાર્યને કરે" આમ વિચારી અનેક દેવ–દેવીઓના સમૂહ સાથે ઇન્દ્ર ત્યાં આવ્યો અને આવીને પ્રભુના વરકર્મને = અભ્યંગન–સ્નાન–ગીત વગેરે સર્વ કાર્ય ઇન્દ્રે જાતે કર્યા. દેવીઓએ પત્નીઓનું (નંદા અને સુમંગલાનું) વધૂકર્મ = શણગાર વિગેરે કર્યું. આ જ અર્થનો ગ્રંથકારશ્રી ઉપસંહાર કરતા કહે છે ➪

**ગાથાર્થ :** ભોગમાં સમર્થ (થયા છે પ્રભુ) એમ જાણીને ઇન્દ્રે પ્રભુના વરકર્મને કર્યું. દેવીઓએ બંને વરમહિલાઓના વહુકર્મને કર્યું.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૧૯૫॥

**અવતરણિકા :** હવે સંતાનદ્વાર બતાવે છે ➪

**ગાથાર્થ :** ઉત્પન્ન થયેલા જિનવરેન્દ્રને (જન્મકાળથી) છલાખપૂર્વો વ્યતીત થયા પછી ભરત–બ્રાહ્મી–સુંદરી અને બાહુબલિ (પુત્ર–પુત્રીરૂપે) ઉત્પન્ન થયા.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. પરંતુ સુમંગલાને અનુત્તરવિમાનથી અવતરી બાહુ અને પીઠ, ભરત અને બ્રાહ્મીરૂપ યુગલ તરીકે ઉત્પન્ન થયા. તથા સુનંદાને સુબાહુ અને મહાપીઠ, બાહુબલિ અને સુંદરીરૂપ યુગલ તરીકે ઉત્પન્ન થયા. ॥૧૯૬॥

**અવતરણિકા :** આજ અર્થને મૂળભાષ્યકાર કહે છે ➪

**ગાથાર્થ :** દેવી સુમંગલાને ભરત–બ્રાહ્મીરૂપ યુગલ ઉત્પન્ન થયું, દેવી સુનંદાને બાહુબલિ અને સુંદરી યુગલરૂપે થયા.

गमनिका–सुगमत्वान्न विव्रियते ।

आह–किमेतावन्त्येव भगवतोऽपत्यानि उत नेति, उच्यते,

**अउणापण्णं जुअले पुत्ताण सुमंगला पुणो पसवे ।**
**नीईणमइक्कमणे निवेअणं उसभसामिस्स ॥१९७॥**

गमनिका–एकोनपञ्चाशत् युग्मानि पुत्राणां सुमङ्गला पुनः प्रसूतवती, अत्रान्तरे प्राक् निरूपितानां हक्कारादिप्रभृतीनां दण्डनीतीनां ते लोकाः प्रचुरतरकषायसंभवाद् अतिक्रमणं कृतवन्तः, ततश्च नीतीनामतिक्रमणे सति ते लोका अभ्यधिकज्ञानादिगुणसमन्वितं भगवन्तं विज्ञाय 'निवेदनं' कथनं 'ऋषभस्वामिने' आदितीर्थकराय कृतवन्त इति क्रिया, अयं गाथार्थः ॥१९७॥

एवं निवेदिते सति भगवानाह–

**राया करेइ दंडं सिट्ठे ते बिंति अम्हवि स होउ ।**
**मग्गह य कुलगरं सो अ बेइ उसभो य भे राया ॥१९८॥**

गमनिका–मिथुनकैर्निवेदिते सति भगवानाह–नीत्यतिक्रमणकारिणां 'राजा' सर्वनरेश्वरः करोति दण्डं, स च अमात्यारक्षकादिबलयुक्तः कृताभिषेकः अनतिक्रमणीयाज्ञश्च भवति, एवं 'शिष्टे' कथिते सति भगवता 'ते' मिथुनका 'ब्रुवते' भणन्ति–अस्माकमपि 'स' राजा भवतु,

---

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ હોવાથી તેનું વિવેચન કરાતું નથી. ॥ભા.–૪॥

**અવતરણિકા : શંકા :** શું પ્રભુને આટલા જ સંતાનો હતા કે અન્ય પણ હતા ?તેનું સમાધાન કહે છે ➪

**ગાથાર્થ : ઓગણપચાસ પુત્રોના યુગલોને સુમંગલાએ જન્મ આપ્યો. નીતિઓનું ઉલ્લંઘન થયે છતે ઋષભસ્વામીને (લોકોએ) નિવેદન કર્યું.**

**ટીકાર્થ :** ઓગણપચાસ પુત્રયુગલોને સુમંગલાએ જન્મ આપ્યો. તે વખતે પૂર્વે નિરૂપણ કરાયેલી હક્કારાદિ દંડનીતિઓને લોકો પ્રચુરતર કષાયો ઉત્પન્ન થવાને કારણે ઓળંગવા લાગ્યા. *તેથી આ રીતે દંડનીતિઓનું ઉલ્લંઘન થતાં લોકોએ "પ્રભુ અધિક જ્ઞાનાદિગુણોથી યુક્ત છે" એવું* જાણીને પ્રથમતીર્થંકર ઋષભસ્વામીને (આ દંડનીતિઓના ઉલ્લંઘનનું) નિવેદન=કથન કર્યું. મૂળગાથામાં 'કૃતવન્તઃ=કર્યું' એ શબ્દ નથી તે અહીં (અધ્યાહારથી) જાણી લેવો. ॥૧૯૭॥

**અવતરણિકા :** આ રીતે નિવેદન કર્યા પછી પ્રભુએ જે કહ્યું તે બતાવે છે ➪

**ગાથાર્થ : "રાજા દંડ કરે છે" એ પ્રમાણે (ભગવાનવડે) કહેવાયે છતે યુગલિકોએ કહ્યું "અમારે પણ રાજા થાઓ." (ત્યારે પ્રભુએ કહ્યું કે) "કુલકર પાસે યાચના કરો." તેણે કહ્યું "ઋષભ તમારો રાજા થાઓ."**

**ટીકાર્થ :** યુગલિકોવડે નિવેદન કરાતે છતે પ્રભુએ કહ્યું "નીતિઓનું ઉલ્લંઘન કરનારને "રાજા=સર્વ પ્રજાનો સ્વામી દંડ કરે છે. અને તે રાજા અમાત્ય–આરક્ષક વગેરે સેનાથી યુક્ત, કરાયેલ અભિષેકવાળો હોય તો અનુલ્લંઘનીય છે આજ્ઞા જેમની એવો થાય છે." આ પ્રમાણે ભગવાનવડે કહેવાતે છતે તે યુગલિકોએ કહ્યું, "પ્રભુ ! અમને પણ આવો એક રાજા હો."

वर्त्तमानकालनिर्देशः खल्वन्यास्वपि अवसर्पिणीषु प्रायः समानन्यायप्रदर्शनार्थः त्रिकालगोचर-सूत्रप्रदर्शनार्थो वा, अथवा प्राकृतशैल्या छान्दसत्वाच्च बेंति इति—उक्तवन्तः, भगवानाह—यद्येवं 'मग्गह य कुलगरं' ति याचध्वं कुलकरं राजानं, स च कुलकरस्तैर्याचितः सन् 'बेइ' त्ति पूर्ववदुक्तवान्—ऋषभो 'भे' भवतां राजेति गाथार्थः ॥१९८॥ ततश्च ते मिथुनका राज्याभिषेक-निवर्त्तनार्थमुदकानयनाय पद्मिनीसरो गतवन्तः, अत्रान्तरे देवराजस्य खल्वासनकम्पो बभूव, विभाषा पूर्ववत् यावदिहागत्याभिषेकं कृतवानिति ।

अमुमेवार्थमुपसंहरन् अनुक्तं च प्रतिपादयन्निदमाह—

**आभोएउं सक्को उवागओ तस्स कुणइ अभिसेअं ।**
**मउडाइअलंकारं नरिंदजोग्गं च से कुणइ ॥१९९॥**

**गमनिका**—'आभोगयित्वा' उपयोगपूर्वकेन अवधिना विज्ञाय 'शक्रो' देवराज उपागतः, 'तस्य' भगवतः करोति 'अभिषेकं' राज्याभिषेकमिति, तथा मुकुटाद्यलङ्कारं च, आदिशब्दात् कटककुण्डलकेयूरादिपरिग्रहः, चशब्दस्य व्यवहितः संबन्धः, नरेन्द्रयोग्यं च 'से' तस्य करोति,

---

મૂળગાથામાં "बिंति" એ પ્રમાણે જે વર્તમાનકાળસૂચક ક્રિયાપદનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તે બીજી અવસર્પિણીઓમાં પણ પ્રાયઃ આ જ પ્રમાણેની પદ્ધતિ હોય છે એવું જણાવવા કર્યો છે.

અથવા સૂત્ર ત્રિકાળવિષયક હોય છે એવું જણાવવા આ નિર્દેશ કરેલ છે. અથવા પ્રાકૃતશૈલીથી અને છાન્દસ પ્રયોગ હોવાથી "बिंति" શબ્દનો અર્થ 'કહ્યું' એ પ્રમાણે જાણવો. ભગવાને કહ્યું – "જો તમારે રાજાની જરૂર હોય તો કુલકર પાસે રાજાની માગણી કરો." યુગલિકોવડે કુલકર પાસે યાચના કરાતે છતે કુલકરે કહ્યું – અહીં પણ "बेइ" શબ્દનો અર્થ ભૂતકાળમાં 'કહ્યું' એ પ્રમાણે જાણવો. (શું કહ્યું ? તે કહે છે)– "ઋષભ તમારો રાજા થાઓ."

આ સાંભળી તે યુગલિકો રાજ્યાભિષેક કરવા માટેનું પાણી લેવા પદ્મિનીસરોવરમાં ગયા. તે લોકો પાણી લઈ પાછા ફરે તે પહેલા આ બાજુ ઇન્દ્રનું આસન કંપ્યું વગેરેથી લઈ... અહીં આવી અભિષેક કર્યો" ત્યાં સુધીની વિભાષા = વર્ણન પૂર્વની જેમ જાણી લેવું. (જો કે આ ગ્રંથમાં પૂર્વે ક્યાંય રાજ્યાભિષેકનું વર્ણન આપેલ નથી. તેથી એવું લાગે છે કે આવશ્યકગ્રંથ ઉપર ટીકાકારશ્રીએ બૃહટ્ટીકા રચી છે તેમાં વર્ણન આવતું હશે.) ॥૧૯૮॥

**અવતરણિકા :**– આ જ અર્થનો ઉપસંહાર કરતા અને નહિ કહેલાનું પ્રતિપાદન કરતા કહે છે ⇨

**ગાથાર્થ : (અવધિવડે) જાણીને ઇન્દ્ર (પ્રભુ પાસે) આવ્યો. પ્રભુનો રાજ્યાભિષેક કરે છે. અને રાજા યોગ્ય મુગટ વગેરે અલંકારો પ્રભુ માટે કરે છે.**

**ટીકાર્થ :** ઉપયોગપૂર્વક અવધિજ્ઞાનવડે જાણીને ઇન્દ્ર ત્યાં આવ્યો. (આવીને) ભગવાનનો રાજ્યાભિષેક કરે છે. તથા મુકુટ વગેરે, અહીં વગેરે શબ્દથી વીંટી, કુંડલ, બાજુબંધાદિ લેવા. "ચ" શબ્દનો વ્યવહિત સંબંધ છે. (અર્થાત્ ચ શબ્દ બીજા વાક્યના પ્રથમ શબ્દ પછી આવે, એ નિયમથી "मउडाइलंकार" પછી જોઈએ. એટલે नरिंदजोग्गं પછીના च ને मउडाइअलंकारं પછી

अत्रापि वर्त्तमानकालनिर्देशप्रयोजनं पूर्ववदवसेयं, पाठान्तरं वा 'आभोएउं सक्को आगंतुं तस्स कासि अभिसेयं । मउडाइअलंकारं नरेंदजोग्गं च से कासी ॥१॥' भावार्थः पूर्ववदेवेति गाथार्थः ॥१९९॥ अत्रान्तरे ते मिथुनकनरास्तस्मात् पद्मसरसः खलु नलिनीपत्रैरुदकमादाय भगवत्समीपमागत्य तं चालङ्कृतविभूषितं दृष्ट्वा विस्मयोत्फुल्लनयनाः किंकर्त्तव्यताव्याकुलीकृतचेतसः कियन्तमपि कालं स्थित्वा भगवत्पादयोः तदुदकं निक्षिप्तवन्त इति, तानेवंविधक्रियोपेतान् दृष्ट्वा देवराट् अचिन्तयत् अहो खलु विनीता एते पुरुषा इति वैश्रवणं यक्षराजमाज्ञापितवान्-इह द्वादशयोजनदीर्घां नवयोजनविष्कम्भां विनीतनगरीं निष्पादयेति, स चाज्ञासमनन्तरमेव दिव्यभवनप्राकारमालोपशोभितां नगरीं चक्रे ।

अमुमेवार्थमुपसंहरन्नाह–अत्रान्तरे

भिसिणीपत्तेहिअरे उदयं घित्तुं छुहंति पाएसु ।
साहु विणीआ पुरिसा विणीअनयरी अह निविट्ठा ॥२००॥

गमनिका– बिसिनीपत्रैरितरे उदकं गृहीत्वा 'छुभंतित्ति' प्रक्षिपन्ति, वर्त्तमाननिर्देशः प्राग्वत्, पादयोः, देवराजोऽभिहितवान्-साधु विनीताः पुरुषा विनीतनगरी अथ निविष्टेति गाथार्थः ॥२००॥

---

મૂકવો – એ વ્યવહિત સંબંધ છે. તેથી અર્થ પ્રમાણે થશે કે) અને રાજાને યોગ્ય મુકુટાદિ જે હોય તે સર્વ પ્રભુ માટે ઇન્દ્ર કરે છે. મૂળગાથામાં "कुणइ" એ પ્રમાણે વર્તમાનપ્રયોગનું પ્રયોજન પૂર્વની જેમ વિચારી લેવું.

અથવા પાઠાન્તર જાણવો "आभोएउं सक्को आगंतुं तस्स कासि अभिसेयं । मउडाइअलंकारं नरेंदजोग्गं च से कासी ॥१॥" આ ગાથાનો ભાવાર્થ હમણાં બતાવ્યો તે પ્રમાણે જાણી લેવો. ॥૧૯૯॥. આ દરમિયાન યુગલિક પુરુષો તે પદ્મસરોવરમાંથી કમળપત્રોમાં પાણીને ગ્રહણ કરી, ભગવાન પાસે આવી, અને અલંકૃત થયેલા તે ભગવાનને જોઈ આશ્ચર્યથી પહોળી આંખો વાળા, શું કરવું ? શું ન કરવું ? એ બાબતમાં વ્યાકુળ થયેલું છે ચિત્ત જેમનું એવા, કેટલાક સમય સ્થિર રહીને છેલ્લે પ્રભુના ચરણોમાં તે પાણીને નાંખી દીધું.

આ પ્રમાણેની યુગલિકોની ક્રિયાને જોઈ ઇન્દ્રે વિચાર્યું કે "અહો ! આ પુરુષો વિનયવાળા છે." આમ વિચારી ઇન્દ્રે વૈશ્રમણ નામના યક્ષરાજને આજ્ઞા આપી કે "અહીં બારયોજન લાંબી અને નવયોજન પહોળી વિનીતાનગરીને તૈયાર કરો." આજ્ઞા થતાં વૈશ્રમણે તરત જ દિવ્યભવન અને પ્રાકારો (કિલ્લા)ની પંક્તિઓથી શોભતી નગરીને તૈયાર કરી.

**અવતરણિકા** : આ જ અર્થનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ :– ઈતરોએ (યુગલિકોએ) ભિસીનીના પત્રોવડે પાણીને લઈ આવી ચરણોમાં નાંખ્યું. પુરુષો સજ્જન અને વિનીત છે (એમ વિચારી ઇન્દ્રે) વિનીતા–નગરી બનાવી.**

**ટીકાર્થ** : ગાથાર્થ મુજબ જ છે. ભિસીની = કમલ, ॥૨૦૦॥

---

+ विनीता. ✝ भिसिनी. △ देवराडभि०.

गतमभिषेकद्वारम्, इदानीं संग्रहद्वाराभिधित्सयाऽऽह–

**आसा हत्थी गावो गहिआइं रज्जसंगहनिमित्तं ।**
**घित्तूण एवमाई चउव्विहं संगहं कुणइ ॥२०१॥**

गमनिका–अश्वा हस्तिनो गाव एतानि चतुष्पदानि तदा गृहीतानि भगवता राज्ये संग्रहः राज्यसंग्रहस्तन्निमित्तं गृहीत्वा एवमादि चतुष्पदजातमसौ भगवान् 'चतुर्विधं' वक्ष्यमाणलक्षणं संग्रहं करोति, वर्त्तमाननिर्देशप्रयोजनं पूर्ववत्, पाठान्तरं वा 'चउव्विहं संगहं कासी' इति अयं गाथार्थः ॥२०१॥

स चायम् –

**उग्गा १ भोगा २ रायण्ण ३ खत्तिआ ४ संगहो भवे चउहा ।**
**आरक्खि १ गुरु २ वयंसा ३ सेसा जे खत्तिआ ४ ते उ ॥२०२॥**

गमनिका–उग्रा भोगा राजन्याः क्षत्रिया एषां समुदायरूपः संग्रहो भवेच्चतुर्धा, एतेषामेव यथासंख्यं स्वरूपमाह—आरक्खीत्यादि, आरक्षका उग्रदण्डकारित्वात् उग्राः, गुर्विति गुरुस्थानीया ★भोगाः, वयस्या इति राजन्याः समानवयस इतिकृत्वा वयस्याः, शेषा उक्तव्यतिरिक्ता ये क्षत्रियाः 'ते तु' तुशब्दः पुनःशब्दार्थः ते पुनः क्षत्रिया इति गाथार्थः ॥२०२॥

---

અવતરણિકા : અભિષેકદ્વાર પૂર્ણ થયું. હવે સંગ્રહદ્વારને કહે છે ⇨

**ગાથાર્થ : ભગવાનવડે રાજ્યના સંગ્રહ માટે ઘોડા–હાથી–ગાયો ગ્રહણ કરાયા. આ બધી વસ્તુ ગ્રહણ કરીને પ્રભુ ચાર પ્રકારનો સંગ્રહ કરે છે.**

**ટીકાર્થ :** ઘોડા–હાથી–ગાયો– આ બધા ચતુષ્પદ જીવોને રાજ્યના સંગ્રહ માટે પ્રભુએ ગ્રહણ કર્યા. આવા પ્રકારના ચતુષ્પદના સમૂહને ગ્રહણ કરીને પ્રભુ આગળ કહેવાતો ચાર પ્રકારનો સંગ્રહ કરે છે. "कुणइ" એ પ્રમાણે વર્તમાનકાળના પ્રયોગનું કારણ પૂર્વની જેમ જાણી લેવું અથવા પાઠાન્તર – "चउव्विहं संगहं कासी" ("ચાર પ્રકારનો સંગ્રહ કર્યો" એ પ્રમાણે ભૂતકાળ જાણવો.) ॥૨૦૧॥

અવતરણિકા : તે ચાર પ્રકારનો સંગ્રહ આ પ્રમાણે ⇨

**ગાથાર્થ : ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિય એ પ્રમાણે ચાર પ્રકારનો સંગ્રહ થાય છે. આરક્ષકો (ઉગ્ર તરીકે ઓળખાયા), ગુરુ (ભોગ તરીકે), મિત્રો (રાજન્ય તરીકે) અને શેષ જે હતા તે ક્ષત્રિય (તરીકે ઓળખાયા.)**

**ટીકાર્થ :** ઉગ્ર–ભોગ–રાજન્ય અને ક્ષત્રિયના સમુદાયરૂપ ચાર પ્રકારનો સંગ્રહ (પ્રભુ) કરે છે. આ ચારેનું યથાક્રમે સ્વરૂપ બતાવે છે – આરક્ષકો ઉગ્રદંડને કરનારા હોવાથી ઉગ્ર તરીકે ઓળખાયા. ગુરુના સ્થાને રહેનારા લોકો 'ભોગ' તરીકે ઓળખાયા. સમાનવયવાળા હોવાથી વયંસો=મિત્રો રાજન્ય તરીકે ઓળખાયા. ઉપરોક્ત ત્રણ જાતિ કરતાં જુદા જેઓ હતા તે ક્ષત્રિય તરીકે ઓળખાયા. ॥૨૦૨॥

---

★ भोजाः ।

इदानीं लोकस्थितिवैचित्र्यनिबन्धनप्रतिपादनमाह+—

**आहारे १ सिप्प २ कम्मे ३ अ, मामणा ४ अ विभूसणा ५ ।**
**लेहे ६ गणिए ७ अ रूवे ८ अ, लक्खणे ९ माण १० पोअए ११ ॥२०३॥**
**ववहारे १२ नीइ १३ जुद्धे १४ अ, ईसत्थे १५ अ उवासणा १६ ।**
**तिगिच्छा १७ अत्थसत्थे १८ अ, बंधे १९ घाए २० अ मारणा २१ ॥२०४॥**
**जण्णू २२ सव २३ समवाए २४, मंगले २५ कोउगे २६ इअ ।**
**वत्थे २७ गंधे २८ अ मल्ले २९ अ, अलंकारे ३० तहेव य ॥२०५॥**
**†चोलो ३१ वणय ३२ विवाहे ३३ अ, दत्तिआ ३४ मडयपूअणा ३५ ।**
**झावणा ३६ थूम ३७ सद्दे ३८ अ, छेलावणय ३९ पुच्छणा ४० ॥२०६॥**

एताश्चतस्त्रोऽपि द्वारगाथाः, एताश्च भाष्यकारः प्रतिद्वारं व्याख्यास्यत्येव, तथाप्यक्षरगमनिकामात्रमुच्यते, तत्रापि प्रथमगाथामधिकृत्याह—तत्र 'आहार' इति आहारविषयो विधिर्वक्तव्यः, कथं कल्पतरुफलाहारासंभवः संवृत्तः ? कथं वा पक्वाहारः संवृत्त इति, तथा 'शिल्प' इति शिल्पविषयो विधिर्वक्तव्यः, कुतः कदा कथं कियन्ति वा शिल्पानि उपजातानि ?, 'कर्मणि' इति कर्मविषयो विधिर्वाच्यः यथा कृषिवाणिज्यादि कर्म संजातमिति, तच्चाग्नौ उत्पन्ने

---

અવતરણિકા : લોકમાં દેખાતી જુદી જુદી વ્યવસ્થાઓનું કારણ બતાવવા કહે છે ➪

ગાથાર્થ : આહાર–શિલ્પ–કર્મ–મમકાર–વિભૂષણા–લેખ–ગણિત–રૂપ–પુરુષલક્ષણાદિ–માન–પ્રોત–

ગાથાર્થ : વ્યવહાર–નીતિ–યુદ્ધ–ધનુર્વેદ–ઉપાસના (હજામત)– ચિકિત્સા–અર્થશાસ્ત્ર–બંધ–ઘાત–મૃત્યુ,

ગાથાર્થ : યજ્ઞ–ઉત્સવ–મેળો–મંગલો–કૌતુક–વસ્ત્ર–ગંધ–માલ્ય(માળા)–અલંકાર,

ગાથાર્થ : ચૂડાકર્મ (બાબરી ઉતારવી) – ઉપનયન – વિવાહ – કન્યાદાન – મૃતકપૂજન – અગ્નિસંસ્કાર – સ્તૂપ – રુદનના શબ્દો – છેલાપનક–પૃચ્છા (આ બધા વિષે વિધિ કહેવા યોગ્ય છે.)

**ટીકાર્થ :** આ ચારે ગાથા દ્વારગાથાઓ છે. જો કે ભાષ્યકાર આ બધી ગાથાઓનું દરેક દ્વારમાં વ્યાખ્યાન કરશે. તો પણ ગાથાના શબ્દાર્થમાત્ર કહેવાય છે – તેમાં પ્રથમગાથાને આશ્રયી કહે છે. – <u>આહાર</u> એટલે આહારવિષયક વિધિ કહેવા યોગ્ય છે કે કલ્પવૃક્ષના ફળોના આહારનો અસંભવ કેવી રીતે થયો ? અથવા રાંધેલા–આહારની શરૂઆત કેવી રીતે થઈ ? <u>શિલ્પવિષયક</u> વિધિ કહેવી કે શેમાંથી ? – ક્યારે ? – કેવી રીતે ? અથવા કેટલા શિલ્પો ઉત્પન્ન થયા ? <u>કર્મ</u>=વેપારાદિ–વિષયક વિધિ કહેવી – કૃષિ,વાણિજ્યાદિ કર્મો અગ્નિ ઉત્પન્ન થયા પછી ઉત્પન્ન થયા વગેરે.

---

+ ०पादनायाह. † चोलवणयण.

संज़ातमिति, 'चः' समुच्चये 'मामणत्ति' ममीकारार्थे देशीवचनं, ततश्च परिग्रहममीकारो वक्तव्यः, स च तत्काल एव प्रवृत्तः, 'चः' पूर्ववत्, विभूषणं विभूषणा मण्डनमित्यर्थः, सा च वक्तव्या, सा च भगवतः प्रथमं देवेन्द्रैः कृता, पश्चाल्लोकेऽपि प्रवृत्ता, 'लेख' इति लेखनं लेखः-लिपीविधानमित्यर्थः, तद्विषयो विधिर्वक्तव्यः, तच्च जिनेन ब्राह्म्या दक्षिणकरेण प्रदर्शितमिति, गणितविषयो विधिर्वाच्यः, एवमन्यत्रापि क्रिया योज्या, गणितं-संख्यानं, तच्च भगवता सुन्दर्या वामकरेणोपदिष्टमिति, 'चः' समुच्चये, रूपं-काष्ठकर्मादि, तच्च भगवता भरतस्य कथितमिति, 'चः' पूर्ववत्, 'लक्षणं' पुरुषलक्षणादि, तच्च भगवतैव बाहुबलिनः कथितमिति, 'मानमिति' मानोन्मानावमानगणिमप्रतिमानलक्षणं, 'पोत' इति बोहित्थः प्रोतं वा अनयोर्मानपोतयोर्विधिर्वाच्यः, तत्र मानं द्विधा-धान्यमानं रसमानं च, तत्र धान्यमानमुक्तम्-'दो असतीओ पसती' इत्यादि, रसमानं तु 'चउसट्ठीया बत्तीसिआ' एवमादि १, उन्मानं-येनोन्मीयते यद्वोन्मीयते तद्यथा-कर्ष इत्यादि २, अवमानं येनावमीयते यद्वाऽवमीयते तद्यथा-हस्तेन दण्डेन वा हस्तो वेत्यादि ३, गणिमं-यद्गण्यते एकादिसंख्ययेति ४, प्रतिमानं-गुञ्जादि ५, एतत्सर्वं तदा प्रवृत्तमिति, पोता अपि तदैव प्रवृत्ताः,

---

મૂળગાથામાં <u>મામણ</u> શબ્દ મમકાર અર્થવાળો દેશીવચન છે અને તેથી પરિગ્રહ=મમીકાર કહેવા યોગ્ય છે. અને તે તે કાળમાં જ ઉત્પન્ન થયો. તથા પ્રથમ દેવેન્દ્રોવડે પ્રભુની વિભૂષણા (શોભા) કરાઈ. જે પાછળથી લોકમાં પણ પ્રવૃત્ત થઈ તે **<u>વિભુષણા</u>** કહેવા યોગ્ય છે. **<u>લેખ</u>** એટલે લેખન સંબંધી વિધિ કહેવી. અને તે જિનેશ્વરવડે બ્રાહ્મીને જમણા હાથે બતાડાઈ. (એટલે જ અત્યારે જમણી બાજુથી લેખન વાચન થાય છે.) 'વિધિ કહેવા યોગ્ય છે' એ પ્રમાણે ક્રિયા પદ બધે જ જોડી દેવું.

તથા <u>ગણિત</u> એટલે સંખ્યા, તેની વિધિ પ્રભુવડે સુંદરીને ડાબા હાથે શીખવાડાઈ (એટલે જ અત્યારે ડાબી બાજુથી સંખ્યાની ગણતરી કરાય છે.) તથા **<u>રૂપ</u>** એટલે કાષ્ઠકર્માદિ, જે પ્રભુવડે ભરતને કહેવાયા. **<u>લક્ષણ</u>** એટલે પુરુષના લક્ષણાદિ, જે પ્રભુવડે બાહુબલિને કહેવાયા. **<u>માન</u>** એટલે માન–ઉન્માન–અવમાન–ગણિમ અને પ્રતિમાન. તથા **<u>પ્રોત</u>** એટલે વહાણ અથવા પ્રોત એટલે સીવન. આ માન અને પ્રોતની વિધિ કહેવા યોગ્ય છે. તેમાં માન બે પ્રકારે – ધાન્યમાન અને રસમાન. ધાન્યમાન આ પ્રમાણે કહેવાયેલું છે કે 'બે અસતીઓની એક પસતી' વગેરે.

તથા રસમાન – ચોંસઠીયો, બત્રીસીયો, વગેરે (પ્રવાહી વસ્તુને પામવા માટેના સાધન વિશેષ), ઉન્માન એટલે જેનાવડે મપાય અથવા જે મપાય તે, અહીં ઉન્માન તરીકે કર્ષ – પલ વગેરે (વસ્તુને માપવાના ત્રાજવા સંબંધી સાધનો) **<u>અવમાન</u>** એટલે જેનાવડે મપાય અથવા જે મપાય તે, અહીં હાથ અથવા દંડ અવમાન તરીકે જાણવા, (અર્થાત્ ખેતરો વગેરે માપવાના સાધનો.)

તથા <u>ગણિમ</u> એટલે જે એક–બે વગેરે સંખ્યાથી ગણી શકાય તે. પ્રતિમાન એટલે જેના દ્વારા સોનુ વગેરે મપાય તે ગુંજા (ચણોઠી) વગેરે. આ બધું તે કાળમાં પ્રવર્ત્યુ. **પોત**=વહાણો પણ તે કાળે પ્રવર્ત્યા(અર્થાત્ સમુદ્રોમાં વહાણવ્યવહાર પણ તે કાળે પ્રવર્ત્યો) અથવા **"પ્રોત"**

**अथवा प्रकर्षेण उतनं प्रोतः–मुक्ताफलादीनां प्रोतनं तदैव प्रवृत्तमिति प्रथमद्वारगाथासमासार्थः ।**

**द्वितीयगाथागमनिका— 'ववहारे' त्ति व्यवहारविषयो विधिर्वाच्यः, राजकुलकरणभाषा-★प्रदानादिलक्षणो व्यवहारः, स च तदा प्रवृत्तो, लोकानां प्रायः स्वस्+वभावापगमात्, 'णीतित्ति' नीतौ विधिर्वक्तव्यः, नीतिः-हक्कारादिलक्षणा सामाद्युपायलक्षणा वा तदैव जातेति, 'जुद्धे यत्ति' युद्धविषयो विधिर्वाच्यः, तत्र युद्धं-बाहुयुद्धादिकं लावकादीनां वा तदैवेति, 'ईसत्थे यत्ति' प्राकृतशैल्या सुकारलोपात् इषुशास्त्रं-धनुर्वेदः तद्विषयश्च विधिर्वाच्य इति, तदपि तदैव जातं राजधर्मे सति, अथवा एकारान्ताः सर्वत्र प्रथमान्ता एव द्रष्टव्याः, व्यवहार इति-व्यवहारस्तदा जातः, एवं सर्वत्र योज्यं, यथा-'कयरे आगच्छति दित्तरूवे इत्यादि' 'उवासणेति' उपासना-नापितकर्म तदपि तदैव जातं, प्राग्व्यवस्थितनखलोमान एव प्राणिन आसन् इति, गुरुनरेन्द्रादीनां वोपासनेति, 'चिकित्सा' रोगहरणलक्षणा सा तदैव जाता एवं सर्वत्र क्रियाध्याहारः कार्यः, 'अत्थसत्थे य' त्ति अर्थशास्त्रं, 'बंधे घाते य मारणे ति' बन्धो-निगडादिजन्यः घातो-दण्डादिताडना**

શબ્દ જાણવો તેથી પ્રોત એટલે મોતી વગેરેનું દોરાઓમાં પરોવવું. તે પણ ત્યારે પ્રવર્ત્યું. ॥૨૦૩॥

<u>વ્યવહાર</u> એટલે જ્યારે ઝગડો વગેરે થાય ત્યારે રાજકુલની સભામાં (રાજકુલકરણ) જઈને પોત–પોતાની ભાષામાં લખાયેલ લેખોનું પ્રદાન કરવું વગેરે. તે વ્યવહાર પણ ત્યારે શરૂ થયો. લોકો પોત–પોતાના સ્વભાવને છોડવા લાગ્યા હોવાથી આ રીતે રાજકુળના વ્યવહારો શરૂ થયા. <u>નીતિ</u>વિષયક વિધિ પણ કહેવી. અહીં નીતિ એટલે હક્કાર–મક્કારાદિ અથવા સામ–દામ–દંડ–ભેદરૂપ ઉપાયો. તે નીતિ પણ ત્યારે શરૂ થઈ. <u>યુદ્ધ</u> એટલે બાહુયુદ્ધ અથવા પક્ષીઓનું પરસ્પર યુદ્ધ. તે પણ ત્યારે શરૂ થયું. "ईसत्थे" મૂળગાથામાં રહેલ આ શબ્દમાંથી પ્રાકૃતશૈલીને કારણે 'सु'નો લોપ થયેલ હોવાથી "ईसुसत्थे" શબ્દ જાણવો અર્થાત્ ઇષુશાસ્ત્ર = <u>ધનુર્વેદ</u>. તે પણ ઋષભ રાજા તરીકે હતા ત્યારે શરૂ થયું.

અથવા મૂળગાથામાં રહેલ 'ववहारे जुद्धे ईसत्थे' વગેરે જે "ए"કાર અન્તવાળા શબ્દો છે તે પ્રથમા વિભક્તિવાળા જ જાણવા. તેથી "ववहारे" શબ્દનો અર્થ–વ્યવહાર,અને તે વ્યવહાર ત્યારે પ્રવર્ત્યો. આ પ્રમાણે સર્વત્ર સમજી લેવું. "ए"કાર અન્તવાળા શબ્દો પ્રથમા વિભક્તિમાં વપરાય છે જેમકે – આ દેદિપ્યમાનરૂપવાળો કોણ વ્યક્તિ આવે છે?" (અહીં પૂર્વે સપ્તમી વિભક્તિવાળા એ બધા શબ્દો લઈને, સપ્તમીનો અર્થ વિષય કરીને વ્યવહારવિષયક વિધિ કહેવી... વિગેરે અર્થ કર્યો. પછી 'અથવા' કરીને બીજા વિકલ્પમાં પ્રથમાંત લઈને અર્થ કર્યો, એટલો ભેદ સમજવો.)

<u>ઉપાસના</u> એટલે હજામત, તે પણ ત્યારે શરૂ થઈ. તેની પૂર્વે જીવોના નખ – દાઢી આદિ વધતા નહોતા (તેથી હજામતની જરૂર પડતી નહોતી. પણ પછીથી કાળના પ્રભાવે હજામતની જરૂર પડી.) અથવા <u>ઉપાસના</u> એટલે ગુરુ–રાજા વગેરેની સેવા. <u>ચિકિત્સા</u> એટલે રોગને દૂર કરવાની ક્રિયા. તે પણ ત્યારે શરૂ થઈ. "તે પણ ત્યારે શરૂ થઈ" એ પ્રમાણે ક્રિયાનો અધ્યાહાર

★ **प्रतिपा॰न॰ . + स्वभावोपग०.**

जीवितादव्यपरोपणं मारणेति, सर्वाणि तदैव जातानीति द्वितीयद्वारगाथासमासार्थः ।

तृतीयगाथागमनिका-एकारान्ताः प्रथमद्वितीयान्ताः प्राकृते भवन्त्येव, तत्र यज्ञाः-नागादिपूजारूपा उत्सवाः-शक्रोत्सवादयः समवायाः-गोष्ठ्यादिमेलकाः, एते तदा प्रवृत्ताः, मङ्गलानि-स्वस्तिकसिद्धार्थकादीनि कौतुकानिरक्षादीनि मङ्गलानि च कौतुकानि चेति समासः, मंगलेत्ति एकारः अलाक्षणिको मुखसुखोच्चारणार्थः, एतानि भगवतः प्राग् देवैः कृतानि, पुनस्तदैव लोके प्रवृत्तानि, तथा 'वस्त्रं' चीनांशुकादि 'गन्धः' कोष्ठपुटादिलक्षणः 'माल्यं' पुष्पदाम 'अलङ्कारः' केशभूषणादिलक्षणः, एतान्यपि वस्त्रादीनि तदैव जातानीति तृतीयद्वारगाथासमासार्थः।

चतुर्थगाथागमनिका-तत्र 'चूलेति' बालानां चूडाकर्म, तेषामेव कलाग्रहणार्थं नयनमुपनयनं धर्मश्रवणनिमित्तं वा साधुसकाशं नयनमुपनयनं, 'वीवाहः' प्रतीत एव, एते चूडादयः तदैव प्रवृत्ताः ( ३५०० ), दत्ता च कन्या पित्रादिना परिणीयत इत्येतत्तदैव संजातं, भिक्षादानं वा, मृतकस्य पूजना मरुदेव्यास्तदैव प्रथमसिद्ध इतिकृत्वा देवैः कृतेति लोके च रूढा, 'ध्यापना' अग्निसंस्कारः, स च भगवतो निर्वाणप्राप्तस्य प्रथमं त्रिदशैः कृतः, पश्चाल्लोकेऽपि संजातः,

---

બધે સમજી લેવો. અર્થશાસ્ત્ર = (ધન સંબંધી શાસ્ત્ર), બંધ એટલે સાંકળાદિથી બાંધવું, ઘાત એટલે દંડાદિથી મારવું, મરણ એટલે જીવનનો નાશ કરવો, આ બધું ત્યારે શરૂ થયું. ॥૨૦૪॥

પ્રથમ–દ્વિતીયા વિભક્તિઅન્તવાળા શબ્દો 'ए'કાર અંતવાળા પ્રાકૃતમાં થાય છે. (તેથી આગળ બતાવ્યા તે "मंगले कोउगे"વગેરે શબ્દો પ્રથમા વિભક્તિવાળા જાણવા) યજ્ઞો એટલે નાગાદિની પૂજા, ઉત્સવો એટલે (વર્ષમાં ચોક્કસદિવસે થનારા) શક્રમહોત્સવાદિ, સમવાય એટલે ગોષ્ઠિઓનો મેળો (અર્થાત્ કોઈ પ્રયોજન ને ઉદ્દેશી લોકોનું ભેગા થવું.) મંગલ એટલે સ્વસ્તિક–સિદ્ધાર્થક(સરસવના દાણા) વગેરે, કૌતુકો એટલે રક્ષા (રાખ) વગેરે, "मंगलानि च कौतुकानि च" એમ સમાસ કરવો. (પ્રશ્ન–તો પછી मंगले એવો 'ए'કાર શી રીતે આવે ? તેનો જવાબ આપે છે કે) મંગલ શબ્દમાં "ए"કાર એ અલાક્ષણિક છે. તે મુખેથી સુખપૂર્વક ઉચ્ચાર કરી શકાય તે માટે જ જણાવેલ છે. આ મંગલ અને કૌતુકો પૂર્વે પ્રભુ માટે દેવોવડે કરાયા અને પછી લોકમાં પણ પ્રવર્ત્યા. વસ્ત્ર ચીનાંશુક (चीनदेशोत्पन्नं वस्त्रं चीनांशुकमभिधीयते-इति अनुयोगसूत्रे) વગેરે વસ્ત્રો, ગંધ=કોષ્ઠપુટાદિ સુગંધિ દ્રવ્યો, માળા, અલંકાર, કેશની શોભા વગેરે. આ બધું પ્રભુના ઉપદેશથી પ્રવર્ત્યું. ॥૨૦૫॥

ચુડા એટલે બાળકનો જન્મ થયા પછી અમુક દિવસે વાળ ઉતારવા. ઉપનયન એટલે બાળકોને કલાદિગ્રહણ કરાવવા (તે તે સ્થાને) લઈ જવા અથવા ધર્મશ્રવણ માટે સાધુ પાસે લઈ જવા. તથા વિવાહ આ બધા ત્યારે પ્રવૃત્ત થયા. દત્તા પિતાદિવડે અપાયેલી કન્યા સાથે લગ્ન કરવાનો રીવાજ શરૂ થયો. અથવા દત્તા એટલે ભિક્ષાનું દાન (અર્થાત્ શ્રેયાંસકુમારવડે પ્રભુને અપાતું ભિક્ષાદાન જોઈનો લોકોમાં પણ ભિક્ષાનું દાન ચાલુ થયું) મૃતકપૂજન → દેવોવડે એટલે મરુદેવાની પ્રથમસિદ્ધ હોવાથી પૂજા કરાઈ જે લોકમાં પણ પ્રવૃત્ત થઈ.

ધ્માપના એટલે અગ્નિસંસ્કાર, આ અગ્નિસંસ્કાર નિર્વાણને પ્રાપ્ત એવા પ્રભુનો દેવોવડે

भगवदादिदग्धस्थानेषु स्तूपाः तदैव कृता लोके च प्रवृत्ताः, शब्दश्चरुदितशब्दो भगवत्येवापवर्गं गते भरतदुःखमसाधारणं ज्ञात्वा शक्रेण कृतः, लोकेऽपि रूढ एव, 'छेलापनकमिति' देशीवचनमुत्कृष्टबालक्रीडापनं सेण्टिताद्यर्थवाचकमिति, तथा पृच्छनं पृच्छा, सा इङ्खिणिकादिलक्षणा इङ्खिणिकाः कर्णमूले घण्टिकां चालयन्ति, पुनर्यक्षाः खल्वागत्य कर्णे कथयन्ति किमपि प्रष्टुर्विवक्षितमिति, अथवा निमित्तादिप्रच्छना सुखशयितादिप्रच्छना वेति चतुर्थद्वारगाथासमासार्थः ॥२०३-२०४-२०५-२०६॥

इदानीं प्रथमद्वारगाथाऽऽद्यद्वारावयवार्थाभिधित्सया मूलभाष्यकृदाह–

**आसी अ कंदहारा मूलाहारा य पत्तहारा य ।**

**पुप्फफलभोइणोऽवि अ जइआ किर कुलगरो उसभो ॥५॥ ( मू०भा० )**

गमनिका–आसंश्च कन्दाहारा मूलाहाराश्च पत्राहाराश्च पुष्पफलभोजिनोऽपि च, कदा ?, यदा किल कुलकर ऋषभः । भावार्थः स्पष्ट एव । नवरं ते मिथुनका एवंभूता आसन्, किलशब्दस्तु परोक्षाप्ताऽऽगमवादसंसूचक इति गाथार्थः ॥ तथा

---

પ્રથમ કરાયો. જે પાછળથી લોકમાં પણ પ્રસિદ્ધ થયો. <u>સ્તૂપ</u> → પ્રભુ વગેરેનો જ્યાં અગ્નિસંસ્કાર થયો હતો તે સ્થાનોમાં જ ભરતવડે સ્તૂપો કરાયા અને પછી લોકમાં પણ સ્તૂપકરણ ચાલુ થયું. <u>શબ્દ</u> એટલે રૂદનના શબ્દો, જે પ્રભુના નિર્વાણ પછી ભરતનું અસાધારણ દુઃખ જોઈને તે દુઃખને દૂર કરવા ઇન્દ્રે રૂદન કર્યું. પાછળથી લોકમાં પણ રૂઢ થયું.

'<u>છેલાપનક</u>' એ દેશીવચન છે (તેથી તેના અનેક ઉત્કૃષ્ટાદિ અર્થો થાય) તેમાં ઉત્કૃષ્ટ = હર્ષના વશથી અત્યંત જોરથી બોલવું, બાળક્રીડાપન = બાળકોને ક્રીડા કરાવવી, સેન્ટિત = ચોરાદિની સંજ્ઞા વગેરે. <u>પૃચ્છા</u> એટલે ઇંખિણિકા વગેરેરૂપ, ઇંખિણિકાઓ (?) કર્ણપાસે ઘંટડી વગાડે, જેથી યક્ષો આવીને તેણીઓના કાનમાં પ્રશ્નકરનાર વ્યક્તિના પ્રશ્નનો જવાબ આપે અથવા નિમિત્તાદિની પૃચ્છા કરવી તે અથવા અરસપરસ 'સુખે ઊંઘ આવી ?' વિ.. પૃચ્છા કરવી. ॥૨૦૬॥

***અવતરણિકા :*** હવે પ્રથમદ્વારગાથાના પ્રથમદ્વારનું વિસ્તારથી વર્ણન કરતા મૂલભાષ્યકાર કહે છે ⇨

**ગાથાર્થ : જ્યારે ઋષભ પોતે કુલકર (રાજા) તરીકે હતા ત્યારે (તે યુગલિકો) કંદનો આહારકરનારા, મૂલનો આહારકરનારા, પત્રનો આહારકરનારા અને પુષ્પ–ફળને ખાનારા હતા.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. 'किल' શબ્દ પરોક્ષાપ્તાગમવાદનો સૂચક છે (અર્થાત્ ભાષ્યકારને આ પદાર્થ પોતાની ગુરુપરંપરામાં આવેલો છે. માટે આ પદાર્થ પરોક્ષ–આપ્તાગમવાદ કહેવાય છે. તે જણાવવા 'किल' શબ્દ છે.) ॥ ભા.૫॥

**आसी अ इक्खुभोई इक्खागा तेण खत्तिआ हुंति ।**
**सणसत्तरसं धण्णं आमं ओमं च भुंजीआ ॥६॥ ( मू०भा० )**

गमनिका—आसंश्च इक्षुभोजिन इक्ष्वाकवस्तेन क्षत्रिया भवन्ति, तथा च शणः सप्तदशो यस्य तत् शणसप्तदशं 'धान्यं' शाल्यादि 'आमं' अपक्वं 'ओमं' न्यूनं च 'भुंजीआ' इति भुक्तवन्त इति गाथार्थः ॥६॥ तथापि तु कालदोषात्तदपि न जीर्णवन्तः, ततश्च भगवन्तं पृष्टवन्तः, भगवाँश्चाह—हस्ताभ्यां घृष्ट्वाऽऽहारयध्वमिति ।

अमुमेवार्थं प्रतिपादयन्नाह मूलभाष्यकृत्—

**ओमंपाहारंता अजीरमाणंमि ते जिणमुविंति ।**
**हत्थेहिँ घंसिऊणं आहारेहत्ति ते भणिआ ॥७॥ ( मू०भा० )**

गमनिका—ओममप्याहारयन्तः अजीर्यमाणे 'ते' मिथुनका 'जिनं' प्रथमतीर्थकरं उपयान्ति, सर्वावसर्पिणीस्थितिप्रदर्शनार्थो वर्त्तमाननिर्देशो, भगवता च हस्ताभ्यां घृष्ट्वा आहारयध्वमिति ते भणिताः सन्तः ।

किम् ?—

**आसी अ पाणिघंसी तिम्मिअतंदुलपवालपुडभोई ।**
**हत्थतलपुडाहारा जइआ किर कुलकरो उसहो ॥८॥ ( मू०भा० )**

व्याख्या—आसँश्च ते मिथुनका भगवदुपदेशात् पाणिभ्यां घर्ष्टुं★ शीलं येषां ते पाणिघर्षिणः,

---

ગાથાર્થ : ક્ષત્રિયો (જે કારણથી) ઇક્ષુભોજી હતા તે કારણથી તેઓ ઇક્ષ્વાકુ તરીકે કહેવાયા. તેઓ ક્ષણ(॥) નામનું ધાન્ય એ છે સત્તરમું જેમાં તે શાલી વગેરે ધાન્યો કાચા અને થોડા ખાતા હતા.

ટીકાર્થ : (ગાથાર્થ મુજબ છે) આવું ધાન્ય ખાવા છતાં કાળના પ્રભાવથી તે ખાવાનું પણ પચતું નહિ. તેથી તેઓએ ભગવાનને પૂછ્યું ત્યારે પ્રભુએ કહ્યું – "બે હાથવડે ઘસીને તમે ખાવો." ॥ ભા.૬॥

**અવતરણિકા** : આ જ અર્થને ભાષ્યકાર આગળની ગાથામાં કહે છે ➪

**ગાથાર્થ : ઓછું ખાવા છતાં જ્યારે પચ્યું નહિ ત્યારે તેઓ જિન પાસે આવ્યા. "હાથ વડે ઘસીને તમે આહાર કરો" એ પ્રમાણે પ્રભુવડે તેઓ કહેવાયા.**

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે – મૂળગાથામાં "उविंति" એ પ્રમાણે વર્તમાનપ્રયોગ સર્વ અવસર્પિણિમાં સમાન પરિસ્થિતિ બતાવવા કર્યો છે. ॥ભા.૭॥

**અવતરણિકા** : આ પ્રમાણે પ્રભુએ કહ્યું ત્યારે તેઓએ શું કર્યું ? તે કહે છે ➪

**ગાથાર્થ : જ્યારે ઋષભ કુલકર હતા ત્યારે (તે યુગલિકો) હાથનું ઘર્ષણકરનારા, ભીંજાવેલા ચોખાને પ્રવાલપુટમાં (નાંખીને) ખાનારા થયા, (ત્યાર પછી) હાથના તળિયારૂપી પુટમાં ખાનારા થયા.**

ટીકાર્થ : ભગવાનના ઉપદેશથી તે યુગલિકો હાથનું ઘર્ષણકરનારા થયા, અર્થાત્ તે ધાન્યોને

---

★ घृष्टुं

एतदुक्तं भवति-ता एवौषधीः हस्ताभ्यां घृष्ट्वा त्वचं चापनीय भुक्तवन्तः, एवमपि कालदोषात् कियत्यपि गते काले ता अपि न जीर्णवन्तः, पुनर्भगवदुपदेशत एव तीमिततन्दुलप्रवालपुटभोजिनो बभूवुः, तीमिततन्दुलान् प्रवालपुटे भोक्तुं शीलं येषां ते तथाविधाः, तन्दुलशब्देन औषध्य एवोच्यन्ते । पुनः कियताऽपि कालेन गच्छता +अजरणदोषादेव भगवदुपदेशेन हस्ततलपुटाहारा आसन्, हस्ततलपुटेषु आहारो विहितो येषामिति समासः, हस्ततलपुटेषु कियन्तमपि कालमौषधीः स्थापयित्वोपभुक्तवन्त इत्यर्थः । तथा कक्षासु स्वेदयित्वेति, यदा किल कुलकरो *वृषभः, किलशब्दः परोक्षाप्तागमवादसंसूचकः, तदा ते मिथुनका एवंभूता आसन्निति गाथार्थः ॥

पुनरभिहितप्रकारद्व्यादिसंयोगैराहारितवन्तः, तद्यथा-पाणिभ्यां घृष्ट्वा पत्रपुटेषु च मुहूर्त्तं तीमित्वा तथा हस्ताभ्यां घृष्ट्वा हस्तपुटेषु च मुहूर्त्तं धृत्वा पुनर्हस्ताभ्यां घृष्ट्वा कक्षास्वेदं च कृत्वा पुनस्तीमित्वा हस्तपुटेषु च मुहूर्त्तं धृत्वेत्यादिभङ्गकयोजना, केचित् प्रदर्शयन्ति घृष्ट्वापदं विहाय, तच्चायुक्तं, त्वगपनयनमन्तरेण तीमितस्यापि हस्तपुटधृतस्य सौकुमार्यत्वानुपपत्तेः,

(ઔષધિને) હાથવડે મસળીને ફોતરા દૂર કરી ખાનારા થયા. આ રીતે ખાવા છતાં કાળના દોષથી કેટલોક કાળ પસાર થતાં તે ધાન્ય પણ પચ્યું નહિ. તેથી ફરી ભગવાનના ઉપદેશથી ભીંજાવેલા ચોખાને પ્રવાલપુટમાં = પ્રવાલપત્રોના પડીયા બનાવી તેમાં આ ભીંજવેલા ચોખાનાંખીને ખાનારા થયા. અહીં ચોખાશબ્દથી નવા ધાન્યો જાણવા. આ રીતે કેટલોક કાળ પસાર થતાં અજીર્ણનો દોષ થવાથી ભગવાનના ઉપદેશથી હસ્તતલપુટાહારી થયા અર્થાત્ હથેળીમાં ધાન્યને કેટલોક કાળ સ્થાપીને પછી ખાનારા થયા. (જેથી હાથની ગરમીથી તે ધાન્ય કંઈક નરમ પડે અને સુપાચ્ય બને.)

ત્યાર પછી અજીર્ણ થતાં બગલમાં કેટલોક કાળ ધાન્ય રાખીને ખાવા લાગ્યા. અહીં स्वेदयित्वा એટલે બાફીને અર્થાત્ બગલની ગરમીથી ધાન્યને બાફીને ખાવા લાગ્યા. 'किल' શબ્દ પરોક્ષાપ્તવાદ જણાવનારો જાણવો. જ્યારે પ્રભુ કુલકર=રાજા હતા ત્યારે તે યુગલિકો આ પ્રમાણે કક્ષાને વિષે ધાન્યને બાફીને ખાનારા થયા. આમ કરવા છતાં જ્યારે અજીર્ણ થયું ત્યારે ઉપર કહેલા પ્રકારોના બે વગેરેના સંયોગ કરી ખાવા લાગ્યા, અર્થાત્ (૧) હાથોવડે મસળીને પત્રોના પડિયામાં એક મુહૂર્ત્ત સુધી પાણીમાં ભીંજવીને ખાવા લાગ્યા.તથા (૨) હાથોવડે મસળી અને હસ્તપુટમાં મુહૂર્ત્ત ધારીને ખાવા લાગ્યા (અહીં પાણીમાં ભીંજાવ્યા નથી.) તથા(૩) ફરી હાથોવડે મસળી અને બગલમાં બાફીને ખાવા લાગ્યા. (આ ત્રણ ભાંગા દ્વિકસંયોગમાં જાણવા)

તથા "ભીંજાવીને અને મુહૂર્ત્ત હસ્તપુટમાં રાખીને" આ રીતે પણ એકભાંગો '**घृष्टा**'પદ છોડીને દ્વિકસંયોગમાં થાય છે એવું કેટલાક આચાર્યો કહે છે. પરંતુ તે અયુક્ત છે કારણ કે ફોતરાઓ દૂર કર્યા વિના ભીંજવીને હસ્તપુટમાં ધારણ કરેલ ધાન્યની નરમાશ થતી નથી. (પ્રથમ તેના ફોતરા દૂર કરવા પડે પછી ભીંજવી હસ્તપુટમાં ધારી રાખો તો તે ધાન્યમાં નરમાશ ઉત્પન્ન થાય અને ખાવા યોગ્ય બને) અથવા તદ્દન પાતળા ફોતરા હોવાથી ફોતરા કાઢ્યા વિના

+ अजीरण०. * ऋषभः.

श्लक्ष्णत्वग्भावत्वाद्वा अदोष इति, द्वितीययोजना पुनः-हस्ताभ्यां घृष्ट्वा पत्रपुटेषु तीमित्वा हस्तपुटेषु मुहूर्त्तं धृत्वेति, तृतीययोजना पुनः-हस्ताभ्यां घृष्ट्वा पत्रपुटेषु च तीमित्वा हस्तपुटेषु च धृत्वा कक्षासु स्वेदयित्वेति ॥ भा.८॥

अमुमेवार्थमुपसंहरन्नाह—

**घंसेऊणं तिम्मण घंसणतिम्मणपवालपुडभोई ।**
**घंसणतिम्मपवाले हत्थउडे कक्खसेएं★ य ॥९॥ ( मू०भा० )**

भावार्थ उक्त एव, नवरम् उक्तार्थाक्षरयोजना-घृष्ट्वा△ तीमनं+ कृतवन्त इत्यनेन प्रागभिहितप्रत्येकभङ्गकाक्षेपः कृतो वेदितव्यः, 'घृष्टप्रवालपुटतीमितभोजिन' इत्यनेन द्वितीययोजनाक्षेपः, 'घृष्ट्वेति' तिमनं 'प्रवाल' इति प्रवाले तिमित्वा हस्तपुटे कियन्तमपि कालं विधाय भुक्तवन्त इति शेषः, इत्यनेन तृतीययोजनाक्षेपः, तथा कक्षास्वेदे च कृते सति भुक्तवन्त इत्यनेन अनन्तराभिहितत्रययुक्तेन चतुर्भङ्गकयोजनाक्षेप इति गाथार्थः ॥

अत्रान्तरे—

---

પણ ભીંજવી—હસ્તપુટમાં ધારણ કરતા તેમાં નરમાશ ઉત્પન્ન થાય તેથી "ભીંજવી – હસ્તપુટમાં ધારવા" રૂપ ચોથો ભાંગો પણ ઘટી શકે. હવે ત્રિકસંયોગીભાંગા બતાવે છે : હસ્તવડે મસળી – પત્રપુટમાં ભીંજવી—હસ્તપુટમાં મુહૂર્ત ધારણ કરી"... ચારનો સંયોગ : મસળી—ભીંજવી—હસ્તપુટમાં ધારણ કરી – કક્ષામાં બાફી........". ॥ભા.– ૮॥

**અવતરણિકા :** ઉપરોક્ત વાતને જ ભાષ્યકાર જણાવતા કહે છે ➩

ગાથાર્થ : **મસળી અને ભીંજવી (ખાવા લાગ્યા.) ઘર્ષણ—તીમિત—પ્રવાલપુટભોજી (થયા.) અને ઘર્ષણ તીમિત – પ્રવાલપુટ – હસ્તપુટ (ભોજી થયા.) અને કક્ષામાં બાફીને (ખાવા લાગ્યા.)**

ટીકાર્થ : આ ગાથાનો ભાવાર્થ ઉપર જણાવી દીધો છે. અક્ષરયોજના બતાવે છે – "મસળીને, ભીંજવીને ખાવા લાગ્યા" – આના દ્વારા પૂર્વે કહેલ એક સંયોગીભાંગાઓ જાણવા. ત્યાર પછી "મસળીને – પ્રવાલપુટમાં ભીંજવીને ખાવા લાગ્યા" આના દ્વારા દ્વિકસંયોગીભાંગાઓ જાણવા. ત્યાર પછી "મસળી – પ્રવાલપુટમાં ભીંજવી—હસ્તપુટમાં કેટલોક કાળ રાખીને ખાવા લાગ્યા" આના દ્વારા ત્રિકસંયોગીભાંગાઓ જાણવા. ત્યાર પછી "બગલમાં બાફીને ખાવા લાગ્યા" આના દ્વારા આગળ કહેવાયેલી ત્રણ પદ્ધતિ સાથેનો ચારનો સંયોગ જાણવો અર્થાત્ "મસળી—ભીંજવી-હાથમાં ધારણ કરી એને બગલમાં બાફી ખાવા લાગ્યા" એમ ચારનો સંયોગ જાણવો. ॥ભા.– ૯॥

**અવતરણિકા :** આ રીતે ચાર પદ્ધતિથી ધાન્યને નરમ કરી ખાવા લાગ્યા. તે વખતે શું થયું ? તે કહે છે ➩

---

★ सेईअ. + तिमितं. △ घृष्ट्वा.

**अगणिस्स य उट्ठाणं दुमघंसा दट्ठू भीअपरिकहणं ।**

**पासेसुं परिछिंदह गिण्हह पागं च तो कुणह ॥१०॥ (मू०भा०)**

आह–सर्वं तीमनादि ते मिथुनकास्तीर्थकरोपदेशात्कृतवन्तः, स च भगवान् जातिस्मरः[*], स किमित्यग्न्युत्पादोपदेशं न दत्तवानिति, उच्यते, तदा कालस्यैकान्तस्निग्धत्वात् सत्यपि यत्ने वह्न्यनुत्पत्तेरिति । स च भगवान् विजानाति–न ह्येकान्तस्निग्धरूक्षयोः कालयोर्वह्न्युत्पादः किंतु अनतिस्निग्धरूक्षकाल इत्यतो नादिष्टवानिति, ते च चतुर्थ[+]भङ्गविकल्पितमप्याहारं कालदोषान्न जीर्णवन्त इत्यस्मिन्प्रस्तावे अग्नेश्चोत्थानं संवृत्तमिति, कुतः ?, द्रुमघर्षात्, तं चोत्थितं प्रवृद्धज्वालावलीसनाथं भूप्राप्तं तृणादि दहन्तं दृष्ट्वा अपूर्वरत्नबुद्ध्या ग्रहणं प्रति प्रवृत्तवन्तः, दह्यमानास्तु भीतपरिकथनं ऋषभाय कृतवन्त इति, भीतानां परिकथनं भीतपरिकथनं, भीत्या वा परिकथनं भीतिपरिकथनं पाठान्तरमिति । भगवानाह–'पार्श्वे'त्यादि, सुगमं, ते ह्यजानाना वह्नावेवौषधीः प्रक्षीप्तवन्तः, ताश्च दाहमापुः, पुनस्ते भगवतो हस्तिस्कन्धगतस्य न्यवेदयन्-स हि

---

ગાથાર્થ : વૃક્ષના ઘર્ષણથી અગ્નિની ઉત્પત્તિ થઈ. અગ્નિને જોઈ (રત્નની બુદ્ધિથી લોકો લેવા જાય છે. પરંતુ બળવાથી) ડરેલા યુગલિકોએ ઋષભને પરિકથન કર્યું. (રાજા ઋષભે કહ્યું) – આજુબાજુથી ઘાસાદિ કાઢી નાંખો, અગ્નિને ગ્રહણ કરો અને તેનાથી પાકને કરો.

**ટીકાર્થ : શંકા :** તે યુગલિકોએ તીમનાદિ બધું પ્રભુના ઉપદેશથી કર્યું. તે પ્રભુ જાતિસ્મરણજ્ઞાનવાળા હતા. તો પ્રભુએ યુગલિકોને પહેલેથી અગ્નિના ઉત્પાદનો ઉપદેશ શા માટે ન કર્યો ?

**સમાધાન :** પૂર્વે કાળ અતિસ્નિગ્ધ હોવાથી ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ અગ્નિ ઉત્પન્ન થવાનો નહોતો તેથી ઉપદેશ આપ્યો નહિ. તે ભગવાન જાણતા હતા કે અત્યંત સ્નિગ્ધકાળમાં કે અત્યંત રુક્ષકાળમાં વહ્નિ ઉત્પન્ન થાય નહિ, પરંતુ મધ્યમસ્નિગ્ધ–રૂક્ષકાળમાં જ અગ્નિની ઉત્પત્તિ થાય માટે ઉપદેશ આપ્યો નહિ. યુગલિકોને ચાર પદ્ધતિથી તૈયાર થયેલ આહાર પણ જ્યારે પચ્યો નહિ ત્યારે અગ્નિની ઉત્પત્તિ થઈ. કેવી રીતે થઈ ? વૃક્ષના ઘર્ષણથી ઉત્પત્તિ થઈ.

પ્રગટેલા, વધતી જ્વાલાઓથી યુક્ત, ભૂમિ સુધી પહોંચેલા, અને તૃણાદિને બાળતા એવા અગ્નિને જોઈ "આ કોઈ અપૂર્વરત્ન છે" એવી બુદ્ધિથી યુગલિકો તે અગ્નિને પકડવા લાગ્યા. પરંતુ જ્યારે બળ્યા ત્યારે ડરવાથી તેઓએ ઋષભને અગ્નિનું પરિકથન કર્યું. ડરેલાઓનું પરિકથન તે ભીતપરિકથન અથવા ભીતિવડે પરિકથન તે ભીતિપરિકથન એ પ્રમાણે પાઠાન્તર જાણવો. ભગવાને કહ્યું – "પાસે રહેલાને છેદો, ગ્રહણ કરો અને પછી પાક કરો" (એટલે કે "જે પ્રદેશમાં અગ્નિ બળે છે તે પ્રદેશને છોડી તે પ્રદેશની ચારે બાજુ રહેલા તણખલા વગેરે કાઢી નાંખો" જેથી અગ્નિ આગળ વધતો અટકી ગયો. પછી પ્રભુએ કહ્યું – "તમે અગ્નિને ગ્રહણ કરો અને ગ્રહણ કરી પાકને કરો." પ્રભુએ કહ્યા પ્રમાણે અગ્નિને ગ્રહણ કર્યો. પરંતુ)

---

* स्मरः सन् कि०. + चतुर्भं०.

स्वयमेवौषधीर्भक्षयतीति, भगवानाह—न तत्रातिरोहितानां प्रक्षेपः क्रियते, किन्तु मृत्पिण्डमानयध्वमिति, तैरानीतः, भगवान् हस्तिकुम्भे पिण्डं निधाय ★पत्रकाकारं निदर्श्येदृशानि कृत्वा इहैव पक्त्वा एतेषु पाकं निवर्त्तयध्वमित्युक्तवानिति, ते तथैव कृतवन्तः, इत्थं तावत्प्रथमं कुम्भकारशिल्पमुत्पन्नम् ॥

अमुमेवार्थमुपसंहरन्नाह—

**पक्खेव डहणमोसहि कहणं निग्गमण हत्थिसीसंमि ।**
**पयणारंभपवित्ती ताहे कासी अ ते मणुआ ॥११॥+ ( मू०भा० )**

भावार्थ उक्त एव, किन्तु क्रियाऽध्याहारकरणेन अक्षरगमनिका स्वबुद्ध्या कार्या, यथा-प्रक्षेपं कृतवन्तो दहनमौषधीनां बभूवेत्यादि ॥ उक्तमाहारद्वारं.

शिल्पद्वारावयवार्थाभिधित्सयाऽऽह—

---

તે લોકો પાકની વિધિને નહિ જાણતા હોવાથી અગ્નિમાં જ ઔષધિ (ધાન્ય)ને નાંખવા લાગ્યા. તે બધી ઔષધિ બળી ગઈ. હાથીના સ્કન્ધ ઉપર રહેલા પ્રભુને યુગલિકોએ નિવેદન કર્યું કે – "તે અગ્નિ પોતે જ બધી ઔષધિ ખાઈ જાય છે." ત્યારે પ્રભુએ જવાબ આપ્યો કે "તે ઔષધિઓને અતિરોહિત = સીધેસીધી ન નાંખવી જોઈએ. પરંતુ તમે માટીનો પિંડ લાવો." તેઓ લાવ્યા. ત્યાર પછી પ્રભુએ હસ્તિના ગંડસ્થળ ઉપર માટીના લોંદાને મૂકી પત્રકાકારને = ઘડા જેવા આકારને બતાડી "આવા પ્રકારના વાસણો બનાવી અગ્નિને વિષે તે વાસણોને પકાવી પછી તે વાસણોમાં પાકને તૈયાર કરો" એ પ્રમાણે કહ્યું. તે યુગલિકોએ તે પ્રમાણે જ કર્યું. આ પ્રમાણે પ્રથમ કુંભારનું શિલ્પ ઉત્પન્ન થયું. ॥ભા.૧૦॥

**અવતરણિકા :** આ વાતનો જ ઉપસંહાર કરતા ભાષ્યકાર આગળ કહે છે ➪

**ગાથાર્થ :** **પ્રક્ષેપ – ઔષધિઓનું દહન – નિર્ગમન થતાં કથન – હસ્તિમસ્તકને વિષે – ત્યારે રાંધવાના આરંભની પ્રવૃત્તિને તે મનુષ્યોએ કરી.**

**ટીકાર્થ :** ભાવાર્થ કહેવાઈ ગયેલ છે. પરંતુ ગાથામાં ક્રિયાનો અધ્યાહાર કરવાવડે અક્ષરાર્થ પોતાની બુદ્ધિથી કરવા યોગ્ય છે. જેમ કે – અગ્નિમાં ઔષધિઓના પ્રક્ષેપને કર્યો. ઔષધિઓનું દહન થયું વિગેરે (વિગેરે શબ્દથી – ત્યાર પછી વિનીતાનગરીથી બહાર નીકળતા પ્રભુને આ વાતનું કથન કર્યું. હસ્તિના મસ્તકને વિષે મૃત્પિંડને મૂકી કુંભકારનું કરણ થયું. ત્યાર પછી તે યુગલિકોએ તેવા પ્રકારના વાસણો બનાવી પકાવવાની પ્રવૃત્તિ કરી.) આ પ્રમાણે આહારદ્વાર પૂર્ણ થયું.॥ભા.–૧૧॥

**અવતરણિકા :** હવે શિલ્પદ્વારને કહે છે ➪

---

★ कुम्भाकारं. + मिंठेण हत्थिपिंडे मट्टियपिंडं गहाय कुडगं च । निव्वत्तेसि अ तइआ जिणोवइट्ठेण मग्गेण ॥१॥ निव्वत्तिए समाणे भणणई राया तओ बहुजणस्स । एवइआ भे कुव्वह पयट्टिअं पढमसिप्पं तु ॥२॥ ( प्रक्षिप्ते अव्याख्याते च ).

**पंचेव य सिप्पाइं घड १ लोहे २ चित्त ३ णंत ४ कासवए ५ ।**
**इक्किक्कस्स य इत्तो वीसं वीसं भवे भेया ॥२०७॥**

गमनिका–पञ्चैव 'शिल्पानि' मूलशिल्पानि, तद्यथा–घडलोहे चित्तणंतकासवए, तत्र घट इति–कुम्भकारशिल्पोपलक्षणं, लोह★मिति–लोहकारशिल्पस्य चित्रमिति-चित्रकरशिल्पस्य णंतमिति-देशीवचनं वस्त्रशिल्पस्य काश्यप इति-नापितशिल्पस्य, एकैकस्य च एभ्यो विंशतिर्विंशतिः भवन्ति भेदा इति गाथार्थः ॥२०७॥

साम्प्रतं शेषद्वारावयवार्थप्रतिपादनायाऽऽह भाष्यकारः–

**कम्मं किसिवाणिज्जाइ ३ मामणा जा परिग्गहे ममया ४।**
**पुव्विं देवेहिं कया विभूसणा मंडणा गुरुणो ५ ॥१२॥**
**लेहं लिवीविहाणं जिणेण बंभीइ दाहिणकरेणं ६।**
**गणिअं संखाणं सुंदरीइ वामेण उवइट्ठं ७ ॥१३॥**
**भरहस्स रूवकम्मं ८ नराइलक्खणमहोइअं बलिणो ९।**
**माणुम्माणवमाणप्पमाणगणिमाइवत्थूणं १० ॥१४॥**
**मणिआई दोराइसु पोआ तह सागरंमि वहणाइं ११।**

---

ગાથાર્થ : શિલ્પો પાંચ પ્રકારના છે ૧. ઘડો ૨. લોખંડ ૩. ચિત્ર ૪. ણંત(વસ્ત્ર) ૫. કાશ્યપ. આ પાંચેના દરેકના વીશ–વીશ ભેદો છે.

**ટીકાર્થ :** મૂલશિલ્પો પાંચ છે તે આ પ્રમાણે – ઘટ–લોહ–ચિત્ર–ણંત અને કાશ્યપ, તેમાં ઘટશબ્દથી કુંભકારનું શિલ્પ જાણવું. લોહશબ્દ લોહકાર(લુહાર)શિલ્પનું ઉપલક્ષણ છે, અર્થાત્ લોહકારશિલ્પને જણાવનાર છે. ચિત્રશબ્દ ચિત્રકારશિલ્પને જણાવે છે. 'ણંત'શબ્દ દેશીવચન છે જે વસ્ત્રના શિલ્પને જણાવનાર છે. 'કાશ્યપ'શબ્દ નાપિત(હજામ)શિલ્પને જણાવનાર છે. આ પાંચેના દરેકના વીશ–વીશ ભેદો છે. ॥૨૦૭॥

**અવતરણિકા :** હવે શેષદ્વારોના અર્થો જણાવતા ભાષ્યકાર કહે છે ⇨

**ગાથાર્થ : કૃષિ–વાણિજ્યાદિ કર્મ તરીકે જાણવા. (૩) મામના એટલે પરિગ્રહમાં જે મમતા (૪) વિભૂષણા એટલે મંડણ (શોભા), પ્રથમ દેવોવડે ગુરુની (પ્રભુની) વિભૂષણા કરાઈ. (૫)**

**ગાથાર્થ : લેખ એટલે લખવું. જિનવડે બ્રાહ્મીને જમણે હાથે લિપિનું વિધાન કરાયું (૬) ગણિત એટલે ગણવું. જિનવડે સુંદરીને ડાબે હાથે સંખ્યાની ગણતરી કહેવાઈ (૭)**

**ગાથાર્થ : ભરતને રુપકર્મ અને બાહુબલિને નરાદિનું લક્ષણ (પ્રભુવડે) કહેવાયું (૮–૯) માન એટલે વસ્તુના માન–ઉન્માન–અવમાન–પ્રમાણ અને ગણિમાદિ.(૧૦)**

**ગાથાર્થ : પોત એટલે મણિવગેરેનું દોરાદિમાં પરોવવું અથવા સાગરમાં વહાણાદિ (૧૧)**

---

★ लोहे (मूले)।

ववहारो लेहवणं कज्जपरिच्छेदणत्थं वा १२ ॥१५॥
णीई हक्काराई सत्तविहा अहव सामभेआई १३।
जुद्धाइ बाहुजुद्धाइआइ वट्टाइआणं वा १४ ॥१६॥ ( भाष्यम् )
ईसत्थं घणुवेओ १५ उवासणा मंसुकम्ममाईआ १६ ।
गुरुरायाईणं वा उवासणा पज्जुवासणया ॥१७॥
रोगहरणं तिगिच्छा १७ अत्थागमसत्थमत्थसत्थंति १८।
निअलाइजमो बंधो १९ घाओ दंडाइताडणया २० ॥१८॥
मारणया जीववहो २१ जण्णा नागाइआण पूआओ २२।
इंदाइमहा पायं पइनिअया ऊसवा हुंति २३ ॥१९॥
समवाओ गोट्ठीणं गामाईणं च संपसारो वा २४।
तह मंगलाइं सत्थिअसुवण्णसिद्धत्थयाईणि २५ ॥२०॥
पुव्वि कयाइ पहुणो सुरेहि रक्खाइ कोउगाइं च २६।
तह वत्थगन्धमल्लालंकारा केसभूसाई २७-२८-२९-३० ॥२१॥
तं दट्ठूण पवत्तोऽलंकारेउं जणोऽवि सेसोऽवि ।
विहिणा चूलाकम्मं बालाणं चोलया नाम ३१ ॥२२॥

---

વ્યવહાર એટલે ઝગડો થતાં રાજકુલમાં પોત–પોતાની ભાષામાં લેખાર્પણ કરવું. (અહીં રાજકુલકરણ એટલે રાજસભા) અથવા કાર્ય પરિચ્છેદાર્થે (પૂરું કરવા માટે) કિંમત આપવી તે (૧૨)

ગાથાર્થ : નીતિ એટલે હક્કારાદિ સાત પ્રકારની નીતિ અથવા સામભેદાદિ ચાર પ્રકારે (૧૩) યુદ્ધ એટલે બાહુયુદ્ધ વગેરે અથવા પક્ષીવિશેષનું યુદ્ધ. (૧૪)

ગાથાર્થ : ઈષુશાસ્ત્ર એટલે ધનુર્વેદ (૧૫) ઉપાસના એટલે દાઢી–મૂછ કાપવા વગેરે અથવા ગુરુ–રાજાદિની સેવા (૧૬)

ગાથાર્થ : ચિકિત્સા એટલે રોગને દૂર કરવાની ક્રિયા (૧૭) અર્થશાસ્ત્ર એટલે અર્થની પ્રાપ્તિમાટેનું જે શાસ્ત્ર (૧૮) બંધ એટલે સાંકળાદિ વડે બાંધવું (૧૯) ઘાત એટલે દંડાદિવડે મારવું (૨૦)

ગાથાર્થ : મારણ એટલે જીવવધ (૨૧) યજ્ઞ એટલે નાગાદિની પૂજા (૨૨) ઉત્સવ એટલે ઈન્દ્રાદિમહોત્સવ કે જે પ્રાયઃ પ્રતિનિયત=ચોક્કસ (દિવસે થનારા) હોય છે.(૨૩)

ગાથાર્થ : સમવાય એટલે ગોષ્ઠિઓનો અથવા ગ્રામાદિઓનો સંપ્રસાર (કોઈ એક પ્રયોજનના ઉદ્દેશથી ભેગા થવું) (૨૪) તથા સ્વસ્તિક સુવર્ણ–સિદ્ધાર્થકાદિ મંગલો (૨૫)

ગાથાર્થ : પ્રથમવાર દેવોવડે પ્રભુના રક્ષાદિ કૌતુકો (આશ્ચર્યો) કરાયા. (૨૬) તથા (દેવોવડે) વસ્ત્ર–ગંધ–માલ્ય અને કેશવિભૂષાદિ અલંકારો કરાયા (૨૭–૩૦)

ગાથાર્થ : અલંકૃત એવા પ્રભુને જોઈ શેષ જન પણ પોતાને અલંકૃત કરવા પ્રવર્ત્યા. ચૂડા (चोलया) એટલે વિધિવડે બાળકોનું ચૂડાકર્મ (વાળઉતારવા) (૩૧)

उवणयणं तु कलाणं गुरुमूले साहूणो तओ धम्मं ।
घित्तुं हवंति सङ्ढा केई दिक्खं पवज्जंति ३२ ॥२३॥
दट्ठुं कयं विवाहं जिणस्स लोगोऽवि काउमारद्धो ३३।
गुरुदत्तिआ य कण्णा परिणिज्जंते तओ पायं ॥२४॥
दत्तिव्व दाणमुसभं दिंतं दट्ठूं जणंमिवि पवत्तं ।
जिणभिक्खादाणंपि हु, दट्ठूं भिक्खा पवत्ताओ ३४ ॥२५॥
मडयं मयस्स देहो तं मरुदेवीइ पढमसिद्धुत्ति ।
देवेहि पुरा महिअं ३५ झावणया अग्गिसक्कारो ॥२६॥
सो जिणदेहाईणं देवेहि कओ ३६ चिआसु थूभाई ३७।
सद्दो अ रुण्णसद्दो लोगोऽवि तओ तहा पगओ ३८ ॥२७॥
छेलावणमुक्किट्ठाइ बालकीलावणं व सेंटाई ३९ ।
इंखिणिआइ रुअं वा पुच्छा पुण किं कहं कज्जं ? ॥२८॥

ગાથાર્થ : (બાળકોને જ) કલા માટે ગુરૂ (કલાચાર્ય) પાસે (અથવા ધર્મ માટે) સાધુ પાસે લઈ જવા તે ઉપનયન. તે સાધુ પાસેથી (तत्तो) ધર્મને ગ્રહણ કરી કેટલાક (ધર્મમાં) શ્રદ્ધાવાળા થાય છે તો કેટલાક દીક્ષા ગ્રહણ કરે છે (૩૨)

ગાથાર્થ : (દેવોવડે) જિનના કરાયેલા વિવાહને જોઈ લોક પણ વિવાહને કરવા લાગ્યા. (૩૩) (પ્રભુએ યુગલિકધર્મનો વ્યવચ્છેદ કરવા ભરત સાથે ઉત્પન્ન થયેલી બ્રાહ્મી બાહુબલિને આપી અને બાહુબલિ સાથે જન્મેલી સુંદરી ભરતને આપી આ પ્રમાણે જોઈ લોકમાં પણ) ત્યારથી આરંભી (तओ) પ્રાયઃ ગુરુવડે (માતા–પિતાવડે) દેવાયેલી કન્યા પરણાવાય છે.

ગાથાર્થ : અથવા દત્તિ એટલે દાન, અને તે સાંવત્સરિકદાન આપતા ભગવાનને જોઈ લોકમાં પણ દાનની પ્રથા ચાલુ થઈ. અથવા દત્તિ એટલે ભિક્ષાદાન, જિનને (શ્રેયાંસવડે) ભિક્ષાદાન અપાતું જોઈ લોકમાં પણ ભિક્ષાદાનની પ્રવૃત્તિ થઈ (૩૪)

*ગાથાર્થ : મૃતક એટલે મરેલાનો દેહ, "આ પ્રથમસિદ્ધ છે" એવું જાણી મરુદેવીના* મૃતકની દેવોવડે પ્રથમ પૂજા કરાઈ (૩૫) ધ્માપના એટલે અગ્નિસંસ્કાર.

ગાથાર્થ : જિનદેહાદિનો તે અગ્નિસંસ્કાર દેવોવડે કરાયો (૩૬) ચિતાને વિષે = જ્યાં અગ્નિસંસ્કાર કર્યો હતો તે સ્થાનોમાં (દેવોવડે) સ્તૂપો કરાયા (૩૭) શબ્દ એટલે રુદનનો શબ્દ (જે પ્રભુ નિર્વાણ પામતા ભરતના દુઃખને દૂર કરવા શક્રે કર્યો હતો) ત્યારથી લઈ લોક પણ શક્રની જેમ (तहा) તે રુદનશબ્દ (રડવાનું) કરવા માટે પ્રવૃત્ત થયો (पगओ) (૩૮)

ગાથાર્થ : છેલાપનક એટલે ઉત્કૃષ્ટિ વગેરે (ઉત્કૃષ્ટિ એટલે હર્ષના વશથી જોરથી બોલવું, આદિ શબ્દથી સિંહનાદાદિ જાણવા) અથવા બાલક્રીડાપન (બાળકોની રમતો) અથવા સેંટિતાદિ (૩૯) પૃચ્છા એટલે ઈંખિણિકાદિરુત અર્થાત્ ઈંખિણિકાનો અવાજ અથવા શું કામ છે ? (किं कज्जं) અથવા કેવી રીતે કરવા યોગ્ય છે ? (कहं कज्जं) વગેરે પૃચ્છના.

अहव निमित्ताईणं सुहसइआइ सुहदुक्खपुच्छा वा ४०।
इच्चेवमाइ पाएणुप्पन्नं उसभकालंमि ॥२९॥
किंचिच्च ( त्थ ) भरहकाले कुलगरकालेऽवि किंचि उप्पन्नं ।
पहुणा य देसिआइं सव्वकलासिप्पकम्माइं ॥३०॥ ( भाष्यम् )

एताश्च स्पष्टत्वात् प्रायो द्वारगाथाव्याख्यान एव च व्याख्यातत्वात् न प्रतन्यन्ते ॥

उसभचरिआहिगारे सव्वेसिं जिणवराण सामण्णं ।
संबोहणाइ वुत्तुं वुच्छं पत्तेअमुसभस्स ॥२०८॥

व्याख्या-ऋषभचरिताधिकारे 'सर्वेषाम्' अजितादीनां जिनवराणां 'सामान्यं' साधारणं संबोधनादि, आदिशब्दात् परित्यागादिपरिग्रहः, वक्तुं, किम् ?, वक्ष्यति निर्युक्तिकारः प्रत्येकं केवलस्य ऋषभस्य वक्तव्यतामिति गाथार्थः ॥२०८॥

संबोहण १ परिच्चाए २, पत्तेअं ३ उवहिंमि अ ४।
अन्नलिंगे कुलिंगे अ ५, गामायार ६ परीसहे ७ ॥२०९॥
जीवोवलंभ ८ सुयलंभे ९, पच्चक्खाणे १० अ संजमे ११।
छउमत्थ १२ तवोकम्मे १३, उप्पाया नाण १४ संगहे १५ ॥२१०॥

---

ગાથાર્થ : અથવા નિમિત્તાદિની પૃચ્છા કરવી તે અથવા સુખે ઊંઘ આવી ? વગેરેરૂપ સુખ–દુઃખની પૃચ્છા કરવી તે પૃચ્છા. (૪૦) આવી બધી વસ્તુઓ ઋષભના કાળમાં પ્રાયઃ ઉત્પન્ન થઈ.

ગાથાર્થ : કોઈક વસ્તુ ભરતના કાળમાં તથા કોઈક વસ્તુ કુલકરના કાળમાં પણ ઉત્પન્ન થઈ. અને પ્રભુવડે સર્વકળા – શિલ્પો અને કર્મો ઉપદેશાયા.

ટીકાર્થ : ઉપરોક્ત ભાષ્યગાથાઓ સ્પષ્ટ હોવાથી અને પ્રાયઃ દ્વારગાથાના (૨૦૩ થી ૨૦૬ના) વ્યાખ્યાનમાં જ આ બધી ગાથાઓનો અર્થ કહેવાઈ ગયેલો હોવાથી અહીં ટીકાકાર બતાવતા નથી. ॥ભા.૧૨–૩૦॥

ગાથાર્થ : ઋષભચરિત્રના અધિકારમાં સર્વ જિનેશ્વરોના સામાન્ય એવા સંબોધનાદિ દ્વારો કહીને પછી ઋષભના–પ્રત્યેકને કહેશે.

ટીકાર્થ : ઋષભના ચરિત્રના અધિકારમાં સર્વ અજિતનાથાદિ જિનેશ્વરોના સામાન્ય = એક સરખા એવા સંબોધનાદિ દ્વારોને – અહીં આદિ શબ્દથી પરિત્યાગાદિ જાણવા – કહીને નિર્યુક્તિકાર માત્ર ઋષભની વક્તવ્યતાને કહેશે. ॥૨૦૮॥

ગાથાર્થ : સંબોધન – પરિત્યાગ – પ્રત્યેક – ઉપધિ – અન્યલિંગ – કુલિંગ – ગ્રામાચાર (વિષયો) – પરિષહ –

ગાથાર્થ : જીવ–ઉપલંભ – શ્રુતલાભ – પચ્ચક્ખાણ – સંયમ – છદ્મસ્થ – તપકર્મ – જ્ઞાનનો ઉત્પાદ – સંગ્રહ –

**तित्थं १६ गणो १७ गणहरो १८, धम्मोवायस्स देसगा १९ ।**
**परिआअ २० अंतकिरिआ, कस्स केण तवेण वा २१ ? ॥२११॥**

आसां व्याख्या—स्वयंबुद्धाः सर्व एव तीर्थकृतस्तथापि तु कल्प इतिकृत्वा लोकान्तिका देवाः सर्वतीर्थकृतां संबोधनं कुर्वन्ति । परित्याग इति-परित्यागविषयो विधिर्वक्तव्यः, किं भगवन्तश्चारित्रप्रतिपत्तौ परित्यजन्तीति । प्रत्येकमिति-कः कियत्परिवारो निष्क्रान्तः । उपधाविति-उपधिविषयो विधिर्वक्तव्यः, कः केनोपधिरासेवितः, को वा विनेयानामनुज्ञात इति । 'अन्यलिङ्गं' साधुलिङ्गं 'कुलिङ्गं' तापसादिलिङ्गं, तत्र न ते अन्यलिङ्गे निष्क्रान्ता नापि कुलिङ्गे, किंतु तीर्थकरलिङ्ग एवेति, ग्राम्याचाराः-विषयाः परीषहाः-क्षुत्पिपासादयः, तत्र ग्राम्याचारपरीषहयोर्विधिर्वाच्यः, कुमारप्रव्रजितैर्विषया न भुक्ताः शेषैर्भुक्ताः, परीषहाः पुनः सर्वैर्निर्जिता एवेति प्रथमद्वारगाथासमासार्थः । साम्प्रतं द्वितीयगाथागमनिका—तत्र जीवोपलम्भः—सर्वैरेव तीर्थकरैर्नव जीवादिपदार्था उपलब्धा इति । श्रुतलाभः—पूर्वभवे प्रथमस्य द्वादशाङ्गानि खल्वासन् शेषाणामेकादशेति । प्रत्याख्यानं च पञ्चमहाव्रतरूपं पुरिमपश्चिमयोः मध्यमानां तु चतुर्महाव्रतरूपमिति, मैथुनस्य परिग्रहेऽन्तर्भावात् । संयमोऽपि पुरिमपश्चिमयोः सामायिकच्छेदोपस्थापनाभ्यां द्विभेदः,

---

ગાથાર્થ : તીર્થ – ગણ – ગણધર – ધર્મોપાયના દેશક – પર્યાય – અંતક્રિયાવખતે કોને કયો તપ હતો ?

**ટીકાર્થ** : જો કે સર્વતીર્થકરો સ્વયંબુદ્ધ હોય છે તો પણ 'આ આચાર છે' એવું જાણી લોકાન્તિકદેવો સર્વતીર્થકરોને <u>સંબોધન</u> કરે છે. 'પરિત્યાગ' દ્વારમાં 'તીર્થકરો ચારિત્રની પ્રાપ્તિ સમયે શું ત્યાગે છે ? તે કહેવા યોગ્ય છે. <u>'પ્રત્યેક'</u> દ્વારમાં કયા તીર્થકર કેટલા પરિવાર સાથે દીક્ષા લે છે ? તે જણાવવું. <u>'ઉપધિ'</u> દ્વારમાં કયા તીર્થકરવડે કેટલી ઉપધિનું આસેવન કરાયું ? તે કહેવું (અહીં 'उवहिंमि' શબ્દમાં વિષયના અર્થમાં સપ્તમી વિભક્તિ છે અર્થાત્ ઉપધિવિષયક વિધિ કહેવી) અથવા શિષ્યોને કંઈ ઉપધિ અનુજ્ઞાત છે ? તે જણાવવું.

<u>'અન્યલિંગ'</u> એટલે સાધુલિંગ (તીર્થકરોની અપેક્ષાએ સાધુલિંગ એ અન્યલિંગ કહેવાય) અને <u>'કુલિંગ'</u> એટલે તાપસાદિનું લિંગ, તેમાં તીર્થકરો અન્યલિંગમાં કે કુલિંગમાં દીક્ષા ગ્રહણ કરતા નથી. પરંતુ તીર્થકરલિંગમાં જ દીક્ષા ગ્રહણ કરે છે. <u>'ગ્રામ્યાચાર'</u> એટલે વિષયો, <u>'પરિષહો'</u> એટલે ક્ષુધા, પિપાસાદિ પરિષહો, તેમાં જે તીર્થકરો કુમારાવસ્થામાં જ પ્રવ્રજ્યાને પામ્યા તેઓવડે વિષયો ભોગવાયા નથી, શેષોવડે ભોગવાયા. જ્યારે પરિષહો તો સર્વ જિનેશ્વરોવડે જીતાયા. ॥૨૦૯॥ પ્રથમદ્વાર ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો.

હવે બીજીદ્વારગાથાની વ્યાખ્યા કરે છે – <u>જીવોપલમ્ભ</u> દ્વારમાં જણાવશે – સર્વતીર્થકરોએ જીવાદિ નવ પદાર્થો જોયા. <u>'શ્રુતલાભ'</u> દ્વારમાં કહેશે – પ્રથમજિનેશ્વરને પૂર્વભવમાં બાર–અંગોનું જ્ઞાન હતું જ્યારે શેષ તીર્થકરોને અગિયારઅંગોનું જ્ઞાન હતું. <u>'પ્રત્યાખ્યાન'</u> દ્વારમાં – પહેલા–છેલ્લા તીર્થકરને પાંચ મહાવ્રતોરૂપી પ્રત્યાખ્યાન અને મધ્યમ તીર્થકરોને ચાર મહાવ્રતરૂપી પ્રત્યાખ્યાન હો છે, કારણ કે મૈથુનનો પરિગ્રહમાં જ સમાવેશ થઈ જાય છે. <u>'સંયમ'</u> દ્વાર–

**मध्यमानां सामायिकरूप एव, सप्तदशप्रकारो वा सर्वेषामिति । छादयतीति छद्म-कर्माभिधीयते, छद्मनि तिष्ठन्ति इति छद्मस्थाः, कः कियन्तं कालं छद्मस्थः खल्वासीदिति । तथा तपःकर्म-किं कस्येति वक्तव्यं । तथा ज्ञानोत्पादो वक्तव्यो, यस्य यस्मिन्नहनि केवलमुत्पन्नमिति । तथा संग्रहो वक्तव्यः, शिष्यादिसंग्रह इति द्वितीयद्वारगाथासमासार्थः ।**

**साम्प्रतं तृतीयद्वारगाथागमनिका-तत्र तीर्थमिति-कथं कस्य कदा तीर्थमुत्पन्नमित्यादि वक्तव्यं, तीर्थं-प्रागुक्तशब्दार्थं तच्च चातुर्वर्णः श्रमणसङ्घः, तच्च ऋषभादीनां प्रथमसमवसरण एवोत्पन्नं, वीरस्य तु द्वितीय इति द्वारं । गण इति-एकवाचनाचारक्रियास्थानां समुदायो न कुलसमुदाय इति, ते च ऋषभादीनां कस्य कियन्त इति वक्तव्यं । तथा गणधराः—सूत्रकर्त्तारः, ते च कस्य कियन्त इति वक्तव्यम् । तथा धर्मोपायस्य देशका वक्तव्याः, तत्र दुर्गतौ प्रपतन्तमात्मानं धारयतीति धर्मः, तस्य उपायोद्वादशाङ्गं प्रवचनम् अथवा पूर्वाणि ★धर्मोपायस्तस्य**

પહેલા–છેલ્લા તીર્થંકરોને સામાયિક અને છેદોપસ્થાપનીયના ભેદથી બે પ્રકારે સંયમ હોય છે. (જો કે પહેલા–છેલ્લા તીર્થંકરોને પણ સામાયિકરૂપ એક જ સામાયિક હોય છે, છતાં પોતાના તીર્થમાં સામાયિક અને છેદોપસ્થાપનીય એમ બે સામાયિકની પ્રરૂપણા કરવાની હોવાથી ઉપચારથી તેમને પણ બે સામાયિક જણાવ્યા છે એવું સંભવિત છે. **इति** પૂ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

જ્યારે મધ્યમતીર્થંકરોને સામાયિકરૂપ એક જ સંયમ હોય છે અથવા સર્વતીર્થંકરોને સત્તરપ્રકારના સંયમ હોય છે. **<u>'છદ્મસ્થ'</u>** દ્વાર – જે ઢાંકે તે છદ્મ કહેવાય. અહીં છદ્મ તરીકે કર્મ જાણવું. છદ્મને વિષે જે રહે તે છદ્મસ્થ (અર્થાત્ ઘાતિચતુષ્ટય સાથે જે રહે તે) કયા તીર્થંકર કેટલો કાળ છદ્મસ્થપણામાં રહ્યા ? તે આ દ્વારમાં કહેશે. **<u>'તપકર્મ'</u>** દ્વારમાં કોને કેટલો તપ હતો ? તે જણાવશે. તથા **<u>'જ્ઞાનોત્પાદ'</u>** દ્વારમાં કયા તીર્થંકરને કયા દિવસે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું ? તે કહેશે. **<u>'સંગ્રહ'</u>** દ્વારમાં શિષ્યાદિનો સંગ્રહ કોને કેટલો હતો ? તે કહેશે. ॥૨૧૦॥ આ પ્રમાણે બીજી દ્વારગાથાનો સંક્ષેપાર્થ કહ્યો.

હવે ત્રીજી દ્વારગાથાની વ્યાખ્યા કરે છે. – **<u>'તીર્થ'</u>** દ્વારમાં કયા તીર્થંકરનું ક્યારે અને કેવી રીતે તીર્થ ઉત્પન્ન થયું ? તે કહેશે. અહીં તીર્થ શબ્દનો અર્થ પૂર્વે બતાવી દીધો છે. અને તે તીર્થ તરીકે ચતુર્વિધ શ્રમણસંઘ જાણવો. ઋષભાદિ તીર્થંકરોને પ્રથમ સમવસરણમાં જ તીર્થની ઉત્પત્તિ થઈ, જ્યારે વીરપ્રભુને બીજી વખતના સમવસરણમાં તીર્થ ઉત્પન્ન થયું. **<u>'ગણ'</u>** દ્વારમાં – અહીં ગણ એટલે એક વાચનાવાળા અને એક સમાન આચાર–ક્રિયાવાળા સાધુઓનો સમુદાય, નહિ કે કુલસમુદાય (સામાન્યથી ગચ્છના સમુદાયને કુલ અને કુલના સમુદાયને ગણ કહેવાય છે, તે અહીં અભિપ્રેત નથી.) તે ગણ ઋષભાદિ તીર્થંકરોમાં કોને કેટલા હતા ? તે કહેશે. **<u>'ગણધર'</u>** દ્વારમાં – અહીં ગણધર એટલે સૂત્રકર્તા (દ્વાદશાંગી રચનાર) તે કોને કેટલા હતા ? તે કહેશે.

તથા 'ધર્મના ઉપાયો' બતાવનારા કોણ છે ? તે કહેવું. તેમાં દુર્ગતિમાં પડતા જીવને જે ધારે (બચાવે) તે ધર્મ. તેના ઉપાયો તરીકે દ્વાદશાંગીરૂપ પ્રવચન અથવા પૂર્વો, તેને કહેનારા

★ धर्मोपायस्य ।

देशकाः-देशयन्तीति देशकाः, ते च सर्वतीर्थकृतां गणधरा एव, अथवा अन्येऽपि यस्य यावन्तश्चतुर्दशपूर्वविदः । तथा पर्याय इति-कः कस्य प्रव्रज्यादिपर्याय इत्येतद्वक्तव्यं । तथा अन्ते क्रिया अन्तक्रिया सा च निर्वाणलक्षणा, सा च कस्य केन तपसा संजाता ? वाशब्दात् कस्मिन् वा संजाता कियत्परिवृतस्य चेति वक्तव्यमिति तृतीयद्वारगाथासमासार्थः ॥२०९-२१०-२११॥

इदानीं प्रथमद्वारगाथाऽऽद्यदलावयवार्थप्रतिपादनायाह—

सव्वेऽवि सयंबुद्धा लोगन्तिअबोहिआ य जीएणं १।
सव्वेसिं परिच्चाओ संवच्छरिअं महादाणं ॥२१२॥

व्याख्या—सर्व एव तीर्थकृतः स्वयंबुद्धा वर्त्तन्ते, गर्भस्थानामपि ज्ञानत्रयोपेतत्वात्, लोकान्तिकाः-सारस्वतादयः तद्बोधिताश्च जीतमितिकृत्वा-कल्प इतिकृत्वा, तथा च स्थितिरियं तेषां यदुत—स्वयंबुद्धानपि भगवतो बोधयन्तीति । सर्वेषां परित्यागः सांवत्सरिकं महादानं-वक्ष्यमाणलक्षणमिति गाथार्थः ॥२१२॥

रज्जाइच्चाओऽविय२पत्तेअं को व कत्तिअसमग्गो ३।
को कस्सुवही ? को वाऽणुण्णाओ केण सीसाणं४ ॥२१३॥

---

જે હોય તે ધર્મોપાયદેશક કહેવાય. સર્વતીર્થંકરોના ગણધરો જ,ધર્મોપાયને કહેનારા હોય છે. અથવા બીજા પણ જેના જેટલા ચૌદપૂર્વી હતા તે ધર્મોપાયદેશક છે. 'પર્યાય' દ્વારમાં કોને કેટલો દીક્ષાદિનો પર્યાય હતો ? તે જણાવશે તથા 'અંતક્રિયા' એટલે અંતમાં જે ક્રિયા થાય તે અંતક્રિયા. અહીં અંતક્રિયા એટલે નિર્વાણ જાણવું. કયા તીર્થંકરને કયા તપવડે નિર્વાણ થયું ? તે કહેવું અથવા (મૂળગાથામાંના) વા શબ્દથી કયા સ્થાનમાં કયા તીર્થંકરો નિર્વાણ પામ્યા અને કેટલા પરિવાર સાથે નિર્વાણ પામ્યા ? તે કહેશે. ॥૨૧૧॥

**અવતરણિકા :** પ્રથમદ્વારગાથા (૨૦૯)ના પ્રથમદ્વાર (સંબોધન)નો વિસ્તારાર્થ કહે છે ➪

**ગાથાર્થ : સર્વતીર્થંકરો સ્વયંબુદ્ધ છે અને આચાર હોવાથી લોકાન્તિક દેવોવડે સંબોધન કરાયેલા હોય છે. સર્વતીર્થંકરોનો પરિત્યાગ સાંવત્સરિક મહાદાનરૂપ હોય છે.**

**ટીકાર્થ :** સર્વતીર્થંકરો સ્વયંબુદ્ધ હોય છે કારણ કે ગર્ભમાં પણ તેઓ ત્રણ જ્ઞાનવાળા હોય છે. "આ અમારો આચાર છે" એમ જાણી સારસ્વતાદિ લોકાન્તિક દેવોવડે સર્વતીર્થંકરો બોધ પમાડાયેલા હોય છે. લોકાન્તિક દેવોનો આ આચાર હોય છે કે તેઓ સ્વયંબુદ્ધ એવા પણ તીર્થંકરોને બોધ આપે છે. સર્વતીર્થંકરોનો સાંવત્સરિક મહાદાનરૂપ પરિત્યાગ હોય છે. જે મહાદાન આગળ કહેવાશે. ॥૨૧૨॥

**ગાથાર્થ : રાજ્યાદિનો ત્યાગ પણ (પરિત્યાગ કહેવાય છે.) દીક્ષા સમયે પોતે એકલા છે અથવા કેટલા સાથે દીક્ષા લે છે ? કોની કેટલી ઉપધિ હોય છે ? અથવા કયા તીર્થંકરવડે (પોતાના) શિષ્યોને કંઈ ઉપધિ અનુજ્ઞાત છે ?**

व्याख्या—राज्यादित्यागोऽपि च परित्याग एव, 'प्रत्येकम्' एकैकः को वा कियत्समग्र इति वाच्यं, कः कस्योपधिरिति, को वाऽनुज्ञातः केन शिष्याणामिति गाथार्थः ॥२१३॥

इदं च गाथाद्वयमपि समासव्याख्यारूपमवगन्तव्यम् । साम्प्रतं प्रपञ्चेन प्रथमद्वारगाथाऽऽद्यावयवार्थप्रतिपादनायाह—

**सारस्सय १ माइच्चा २ वण्ही ३ वरुणा ४ य गद्दतोया ५ य ।**
**तुसिआ ६ अव्वाबाहा ७ अग्गिच्चा ८ चेव रिट्ठा ९ य ॥२१४॥**

गमनिका—'सारस्सयमादिच्चत्ति' सारस्वतादित्याः, अनुस्वारस्त्वलाक्षणिकः, 'वण्ही वरुणा यत्ति' प्राकृतशैल्या वकारलोपात् वह्न्यरुणाश्च, गर्दतोयाश्च तुषिता अव्याबाधाः 'अग्गिच्चा चेव रिट्ठा यत्ति' अग्नयश्चैव रिष्ठाश्च, अग्नयश्च संज्ञान्तरतो मरुतोऽप्यभिधीयन्ते, रिष्ठाश्चेति 'तात्स्थ्यात्तद्व्यपदेशः' ब्रह्मलोकस्थरिष्ठप्रस्तटाधाराष्टकृष्णराजिनिवासिन इत्यर्थः । अष्टकृष्णराजीस्थापना त्वेवम् । उक्तं च भगवत्याम्—"[13] *कहिं णं भंते ! कण्हराईओ पण्णत्ताओ ?, गोयमा! उप्पिं सणंकुमारमाहिंदाणं कप्पाणं हेट्ठिं बंभलोए कप्पे रिट्ठे विमाणपत्थडे, एत्थ णं अक्खाडगसमचउरंससंठाणसंठियाओ अट्ठ कण्हराईओ पण्णत्ताओ*" एताश्च स्वभावत एवात्यन्तकृष्णा वर्त्तन्त इति, अलं प्रपञ्चकथयेति गाथार्थः ॥२१४॥

---

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૨૧૩॥

અવતરણિકા : ઉપરોક્ત બંને ગાથાઓ સંક્ષેપથી વ્યાખ્યાનરૂપ છે. હવે પ્રપંચથી = વિસ્તારથી પ્રથમ દ્વારગાથાના પ્રથમ અવયવનો અર્થ કહે છે ➪

**ગાથાર્થ : સારસ્વત—આદિત્ય—વહ્નિ—અરુણ—ગર્દતોય—તુષિત—અવ્યાબાધ—અગ્નિ(મરુત) અને રિષ્ઠ (આ નવ લોકાન્તિકદેવો છે)**

ટીકાર્થ : 'सारस्सयमादिच्च' શબ્દમાં અનુસ્વાર(म) અલાક્ષણિક છે=સુખેથી ઉચ્ચારણ સિવાય અન્ય કોઈ પ્રયોજન નથી. 'वण्ही वरुणा य' શબ્દમાં 'વરુણ' શબ્દમાં પ્રાકૃતશૈલીથી 'વ'કાર છે. એનો લોપ કરવાનો હોવાથી 'અરુણ' એ પ્રમાણે અર્થ જાણવો. 'અગ્નિ' નામના દેવોને "મરુત" નામથી પણ બોલાવાય છે. 'રિષ્ઠ' દેવો બ્રહ્મલોકનામના પાંચમાં દેવલોકમાં રહેલ રિષ્ઠ નામના પ્રતરની આઠ કૃષ્ણરાજીઓમાં રહેનારા છે. તેથી 'तात्स्थ्यात् तद्व्यपदेशः' (તેમાં રહેલા હોવાથી તેનો વ્યપદેશ થાય) એ ન્યાયે રિષ્ઠ નામની પ્રતરમાં રહેતા હોવાથી તે દેવો "રિષ્ઠ" એ પ્રમાણે વ્યપદેશ=નામને પામે છે.

આઠકૃષ્ણરાજીઓનું સ્થાન ભગવતી નામના આગમમાં આ પ્રમાણે જણાવેલ છે – **"હે પ્રભુ! કૃષ્ણરાજીઓ કયા સ્થાનમાં રહેલી છે ? ગૌતમ ! સનત્કુમાર અને માહેંદ્રદેવલોકની ઉપર અને બ્રહ્મલોકનામના (૫માં) દેવલોકની નીચે રિષ્ટનામના વિમાનપ્રસ્તકમાં (પ્રતરમાં) અક્ષાટક (△) અને સમચતુરંસ્ર (□) આકારમાં રહેલ આઠ કૃષ્ણરાજીઓ આવેલી છે."** આ આઠ કૃષ્ણરાજીઓ સ્વભાવથી જ અત્યંત શ્યામ હોય છે. વધુ વિસ્તાર વડે સર્યું.

---

१३. कुत्र हे भगवन् ! कृष्णराजयः प्रज्ञप्ताः ?, गौतम ! उपरि सनत्कुमारमाहेन्द्रयोः कल्पयोरधस्ताद्-ब्रह्मलोके कल्पे रिष्टे प्रस्तटविमाने, अत्र अक्षाटकसमचतुरस्रसंस्थानसंस्थिता अष्ट कृष्णराजयः प्रज्ञप्ताः ।

**एए देवनिकाया भयवं बोहिंति जिणवरिंदं तु ।**
**सव्वजगज्जीवहिअं भयवं ! तित्थं पवत्तेहिं ॥२१५॥**

गमनिका–एते देवनिकायाः स्वयंबुद्धमपि भगवन्तं बोधयन्ति जिनवरेन्द्रं तु, कल्प इतिकृत्वा, कथम् ?, सर्वे च ते जगज्जीवाश्च सर्वजगज्जीवाः तेषां हितं हे भगवन् ! तीर्थं प्रवर्त्तयस्वेति गाथार्थः ॥२१५॥

उक्तं संबोधनद्वारम्, इदानीं परित्यागद्वारमाह–

**संवच्छरेण होही अभिणिक्खमणं तु जिणवरिंदाणं ।**
**तो अत्थसंपयाणं पवत्तए पुव्वसूरंमि ॥२१६॥**

भावार्थः स्पष्ट एव, नवरं पूर्वसूर्ये-पूर्वाह्ण इत्यर्थः, इति गाथार्थः ॥२१६॥

कियत्प्रतिदिनं दीयत इत्याह–

**एगा हिरण्णकोडी अट्ठेव अणूणगा सयसहस्सा ।**
**सूरोदयमाईअं दिज्जइ जा पायरासाओ ॥२१७॥**

---

(સચિત્ત–અચિત્ત પૃથિવીપરિણામરૂપ કાળી ભીંતાકારે રહેલી પંક્તિઓને કૃષ્ણરાજીઓ કહેવાય છે. પૂર્વદિશામાં ઉત્તર–દક્ષિણ લાંબી બે કૃષ્ણરાજીઓ હોય છે. એ જ પ્રમાણે દક્ષિણમાં પૂર્વ–પશ્ચિમ લાંબી બે, પશ્ચિમમાં દક્ષિણ–ઉત્તર લાંબી બે, અને ઉત્તરમાં પૂર્વ–પશ્ચિમલાંબી બે કૃષ્ણરાજીઓ હોય છે. તેમાં ચાર અભ્યંતર અને ચાર બાહ્ય એમ આઠ કૃષ્ણરાજીઓ છે. વધુ વિસ્તારમાટે પ્રવચનસારોદ્ધાર ભાગ–૨ દ્વાર નં – ૨૬૭માં ગાથા–૧૪૪૧ થી ૧૪૪૯ જોવી.) ॥૨૧૪॥

કૃષ્ણરાજીઓનું સ્વરૂપ




ગાથાર્થ : **આ દેવનિકાયો (લોકાન્તિકદેવો) ભગવાન એવા જિનવરેન્દ્રને બોધ આપે છે કે “હે પ્રભુ ! જગતના સર્વજીવોને હિતકરનાર તીર્થ પ્રવર્તાવો.”**

**ટીકાર્થ :** આ દેવનિકાયો સ્વયંબુદ્ધ એવા પણ જિનવરેન્દ્રને પોતાનો આચાર જાણી બોધ આપે છે. શું બોધ આપે છે ? હે ભગવન્ ! સર્વ જગતજીવોને હિતકરનાર તીર્થ પ્રવર્તાવો. ॥૨૧૫॥

**અવતરણિકા :** સંબોધનદ્વાર કહ્યું. હવે પરિત્યાગદ્વાર કહે છે ➪

ગાથાર્થ : **એકવર્ષ પછી જિનવરેન્દ્રોનું અભિનિષ્ક્રમણ (દીક્ષા) થશે, તેથી પૂર્વાહ્ણે = સવારના સમયે અર્થનું સંપ્રદાન (દાન) પ્રવર્તે છે.**

**ટીકાર્થ :** ભાવાર્થ સ્પષ્ટ છે. ॥૨૧૬॥

**અવતરણિકા :** પ્રતિદિન કેટલું દાન દેવાય છે ? તે કહે છે ➪

ગાથાર્થ : **એક કરોડ અને સંપૂર્ણ એવા આઠ લાખ હિરણ્યનું દાન સૂર્યોદયથી લઈ સવારના ભોજનકાળ સુધી અપાય છે.**

गमनिका–पूर्वार्धं सुगमं. कथं दीयत इत्याह–सूर्योदय आदौ यस्य दानस्य तत् सूर्योदयादि, सूर्योदयादारभ्य दीयत इत्यर्थः, कियन्तं कालं यावत् ?–प्रातरशनं प्रातराशः प्रातर्भोजनकालं यावत् इति गाथार्थः ॥२१७॥

यथा दीयते तथा प्रतिपादयन्नाह–

**सिंघाडगतिगचउक्कचच्चरचउमुहमहापहपहेसुं ।**
**दारेसु पुरवराणं रत्थामुहमज्झयारेसुं ॥२१८॥**
**वरवरिआ घोसिज्जइ किमिच्छअं दिज्जए बहुविहीअं ।**
**सुरअसुरदेवदाणवनरिंदमहिआण निक्खमणे ॥२१९॥**

तत्र शृङ्गाटकं★ △ त्रिकं ⊥ चतुष्कं + चत्वरं * चतुर्मुखं ╬ 'महापथो' राजमार्गः, पथशब्दः प्रत्येकमभिसंबध्यते, सिङ्घाटकं च त्रिकं चेत्यादिद्वन्द्वः क्रियते, तथा द्वारेषु पुरवराणां प्रतोलिषु इति भावार्थः, 'रथ्यामुखानि' रथ्याप्रवेशा 'मध्यकारा'+ मध्या एव तेषु रथ्यामुखमध्यकारेष्विति गाथार्थः ॥ किं ?, वरवरिका घोष्यते–वरं याचध्वं वरं याचध्वमि*त्येवं घोषणा समयपरिभाषया वरवरिकोच्यते, किमिच्छकं दीयत इति–कः किमिच्छति ? यो

ટીકાર્થ : પૂર્વાર્ધ = ગાથાનો આગળો ભાગ સ્પષ્ટ જ છે. તે દાન કેવી રીતે દેવાય છે ? તે કહે છે – સૂર્યોદય એ છે શરૂઆતમાં જે દાનને તે દાન સૂર્યોદયના આદિવાળું કહેવાય અર્થાત્ સૂર્યોદયથી લઈ દાન દેવાય છે. કેટલા કાળ સુધી અપાય છે ? – સવારના ભોજનકાળ સુધી અપાય છે (કેટલાક આચાર્યો ૨ ઘડી તો કેટલાક ૧ પ્રહર સુધી જણાવે છે.) ॥૨૧૭॥

અવતરણિકા : જે રીતે દાન અપાય છે તે રીતનું પ્રતિપાદન કરતા કહે છે ⇨

**ગાથાર્થ : શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ અને રાજમાર્ગોરૂપ માર્ગોને વિષે તથા મહાનગરોના દરવાજાઓને વિષે, શેરીઓના પ્રવેશમાર્ગમાં અને મધ્યમાં**

**ગાથાર્થ : વરવરિકાની ઘોષણા થાય છે. ઘણા પ્રકારનું કિમિચ્છક (દાનમાં) અપાય છે. (આ બધું) સુર, અસુર, દેવ, દાનવ, નરેંદ્રોથી પૂજાયેલા તીર્થંકરોના નિષ્ક્રમણ સમયે થાય છે.**

ટીકાર્થ : શૃંગાટક (△), ત્રિક(⊥), ચતુષ્ક (+), ચત્વર (*) ચતુર્મુખ ╬ (જ્યાંથી ચારે દિશામાં માર્ગ નીકળતા હોય) અને મહાપથ = રાજમાર્ગ, અહીં પથ શબ્દ શૃંગાટકાદિ સર્વ સાથે જોડવો. આ બધાનો દ્વન્દ્વ સમાસ કરવો. તેથી શૃંગાટકાદિમાર્ગોને વિષે તથા નગરોના પ્રતોલીને વિષે (દ્વારોને વિષે), શેરીઓનાં પ્રવેશમાં (શરૂઆતમાં) અને મધ્યમાં – આ બધા સ્થાનોમાં ॥૨૧૮॥ "વર માંગો–વર માંગો" એ પ્રમાણે ઘોષણા કરાય છે. આ ઘોષણાને શાસ્ત્રમાં "વરવરિકા" શબ્દથી ઓળખાય છે. આ દાનમાં કિમિચ્છક અપાય છે અર્થાત્ જે વ્યક્તિ જે વસ્તુ ઈચ્છે તે વ્યક્તિને તેનું દાન અપાય છે. એ દાન શાસ્ત્રમાં (समयत एव) 'કિમિચ્છક' શબ્દથી

★ सिङ्घाटकं. + मध्या०. * याचयध्वं.

यदिच्छति तस्य तद्दानं समयत एव किमिच्छकमित्युच्यते। एकमपि वस्त्वङ्गीकृत्यैतत्परिसमाप्त्या भवति, अतः बहवो विधयो मुक्ताफलप्रदानादिलक्षणा यस्मिंस्तद्बहुविधिकं। 'सुरअसुरेत्यादि' सुरअसुरग्रहणात् चतुष्प्रकारदेवनिकायग्रहणं, देवदानवनरग्रहणेन तदुपलक्षितेन्द्रग्रहणं वेदितव्यमिति गाथार्थः ॥२१८-२१९॥

इदानीमेकैकेन तीर्थकृता कियद्द्रव्यजातं संवत्सरेण दत्तमिति प्रतिपादयन्नाह–

**तिण्णेव य कोडिसया अट्ठासीइं च हुंति कोडीओ ।**
**असिइं च सयसहस्सा एअं संवच्छरे दिण्णं ॥२२०॥**

भावार्थः सुगम एव, प्रतिदिनदेयं त्रिभिः षष्ट्यधिकैर्वासरशतैः गुणितं यथावर्णितं भवति इति गाथार्थः ॥२२०॥

॥ इति प्रथमवरवरिका ॥

साम्प्रतमधिकृतद्वारार्थानुपात्येव वस्तु प्रतिपादयन्नाह—

**वीरं अरिट्ठनेमिं पासं मल्लिं च वासुपुज्जं च ।**
**एए मुत्तूण जिणे अवसेसा आसि रायाणो ॥२२१॥**

---

ઓળખાય છે. જો કે તે વ્યક્તિને પોતાની ઇચ્છા પ્રમાણેની એક વસ્તુ આપવાથી પણ કિમિચ્છક દાન આપેલું ગણાય (અર્થાત્ એક વસ્તુને આશ્રયીને પણ દાન સમાપ્ત કરે તો કિમિચ્છક કહેવાય.) તેથી કહે છે કે મોતીઓનું દાન વગેરે ઘણા બધા પ્રકારો છે જે દાનમાં તે બહુવિધિવાળું દાન કહેવાય. આવું દાન પ્રભુ આપે છે. (ટૂંકમાં જે વ્યક્તિ જેવા પ્રકારનું જેટલું ઇચ્છે તેટલું દાન આપે છે. આવું દાન ક્યારે આપવામાં આવે છે? તે કહે છે)

સુર–અસુર–દેવ–દાનવ–નરેન્દ્રોથી પૂજાયેલા તીર્થંકરોના દીક્ષા સમયે આવું દાન આપવામાં આવે છે. અહીં 'સુર–અસુર' શબ્દથી ચારેનિકાયના દેવોનું ગ્રહણ કરેલ છે, અર્થાત્ સુર=વૈમાનિક–જ્યોતિષ્કદેવો અને અસુર=ભવનપતિ–વ્યંતર દેવો, તથા દેવ–દાનવ અને નરના ગ્રહણથી ઇન્દ્રોનું ગ્રહણ કરેલ છે, અર્થાત્ દેવેન્દ્ર–દાનવેન્દ્ર (ચમરાદિ) – નરેન્દ્ર (ચક્રવર્તીઓ વગેરે) જાણવા.॥ ૨૧૯ ॥

**અવતરણિકા :** હવે એકેક તીર્થંકરોવડે વર્ષ દરમિયાન કુલ કેટલું દાન અપાયું? તે કહે છે ⇨

**ગાથાર્થ : એક વર્ષ દરમિયાન ત્રણસો અઠયાસી કરોડ અને એંશી લાખનું દાન અપાયું.**

**ટીકાર્થ :** ભાવાર્થ સુગમ છે. પ્રતિદિન દેવાયોગ્ય સંખ્યાને વર્ષના ત્રણસો સાઈઠ દિવસ વડે ગણતા ઉપરોક્ત પ્રમાણ દાનની સંખ્યા પ્રાપ્ત થાય છે. (૧,૦૮,૦૦,૦૦૦ x ૩૬૦ = ૩૮૮,૮૦,૦૦,૦૦૦) ॥૨૨૦॥

**અવતરણિકા :** અધિકૃતદ્વારના અર્થને (પરિત્યાગદ્વારના અર્થને) અનુસરતી જ વસ્તુનું પ્રતિપાદન કરે છે(અર્થાત્ બીજો શેનો ત્યાગ કર્યો? તે કહે છે) ⇨

**ગાથાર્થ : વીર–અરિષ્ટનેમિ–પાર્શ્વ–મલ્લિ અને વાસુપૂજ્ય આ પાંચ જિનોને છોડી શેષ તીર્થંકરો રાજા તરીકે હતા.**

रायकुलेसुऽवि जाया विसुद्धवंसेसु खत्तिअकुलेसुं ।
न य इत्थिआभिसेआ★ कुमारवासंमि पव्वइआ ॥२२२॥
संती कुंथू अ अरो अरिहंता चेव चक्कवट्टी अ ।
अवसेसा तित्थयरा मंडलिआ आसि रायाणो ॥२२३॥

एताः तिस्रोऽपि निगदसिद्धा एव, परित्यागद्वारानुपातिता तु राज्यं चोक्तलक्षणं विहाय प्रव्रजिता इत्येवं भावनीया ॥२२१-२२२-२२३॥

गतं परित्यागद्वारं, साम्प्रतं प्रत्येकद्वारं व्याचिख्यासुराह—

एगो भगवं वीरो पासो मल्ली अ तिहि तिहि सएहिं ।
भयवं च वासुपुज्जो छहि पुरिससएहि निक्खंतो ॥२२४॥
उग्गाणं भोगाणं रायण्णाणं च खत्तिआणं च ।
चउहि सहस्सेहुसभो सेसा उ सहस्सपरिवारा ॥२२५॥

व्याख्या—एको भगवान् वीरः-चरमतीर्थकरः प्रव्रजितः, तथा पार्श्वो मल्लिश्च त्रिभिस्त्रिभिः

---

ગાથાર્થ : (આ પાંચ જિનેશ્વરો) વિશુદ્ધવંશવાળા અને ક્ષત્રિયકુલ સમાન રાજકુલમાં ઉત્પન્ન થવા છતાં ઈચ્છિત રાજ્યાભિષેકવાળા ન થયા (પરંતુ) કુમારાવસ્થામાં જ તેઓએ દીક્ષા ગ્રહણ કરી.

ગાથાર્થ : શાંતિનાથ–કુંથુનાથ અને અરનાથભગવાન અરિહંત અને ચક્રવર્તી થયા. શેષ તીર્થંકરો માંડલિકરાજા થયા.

**ટીકાર્થ :** આ ત્રણે ગાથાઓનો ટીકાર્થ ગાથાર્થ મુજબ જાણવો. ( અહીં ગા.નં.—૨૨૨માં "इत्थिआभिसेआ" શબ્દના બે અર્થો થઈ શકે છે. (૧) સ્ત્રી અભિષેક (૨) ઈચ્છિત–અભિષેક. તેમાં સ્ત્રી– અભિષેક એટલે – રાજ્યાભિષેકકાળે સ્ત્રીઓ અભિષેક કરે તે, અને ઈચ્છિતાંભિષેક એટલે રાજ્યાભિષેક. આવા અભિષેકવાળા તેઓ ન થયા. તથા અહીં કુમારાવસ્થા એટલે રાજકુમારાવસ્થા સમજવી, લગ્નરહિત અવસ્થા નહિ, કારણ કે વીરપ્રભુના લગ્ન થયા હતા તે પ્રસિદ્ધ છે.) તથા પરિત્યાગદ્વારને અનુસરવાપણું આ પ્રમાણે જાણવું કે "કહેવાયેલા સ્વરૂપવાળું રાજ્ય છોડીને તેઓએ પ્રવ્રજ્યા લીધી." (અર્થાત્ તીર્થંકરોએ રાજ્યનો જે પરિત્યાગ કર્યો તે પણ પરિત્યાગદ્વારને અનુસરતી વસ્તુ જાણવી.) ॥૨૨૧–૨૨૩॥

**અવતરણિકા :** પરિત્યાગદ્વાર પૂર્ણ થયું. હવે પ્રત્યેકદ્વાર કહે છે ➪

ગાથાર્થ : પ્રભુ વીરે એકલા (દીક્ષા લીધી), પાર્શ્વ અને મલ્લિએ ત્રણસો સાથે અને વાસુપૂજ્યભગવાને છસ્સો પુરુષો સાથે દીક્ષા લીધી.

ગાથાર્થ : ઉગ્ર–ભોગ–રાજન્ય અને ક્ષત્રિયો બધા મળી ચાર હજાર સાથે ઋષભદેવે તથા શેષ (અજિતનાથ વિ.) તીર્થંકરોએ હજાર–હજાર સાથે દીક્ષા લીધી.

**ટીકાર્થ :** ટીકાર્થ ગાથાર્થદ્વારા સ્પષ્ટ થઈ જાય છે અને ઉગ્રાદિનું સ્વરૂપ પૂર્વે બતાવી દીધું

---

★ स्त्रीपाणीग्रहणराज्याभिषेकोभयरहिता इत्यर्थः ।

**शतैः सह, तथा भगवाँश्च वासुपूज्यः षड्भिः पुरुषशतैः सह निष्क्रान्तः–प्रव्रजितः । तथा उग्राणां भोगानां राजन्यानां च क्षत्रियाणां च चतुर्भिः सहस्रैः सह ऋषभः, किम् ?, निष्क्रान्त इति वर्त्तते, शेषास्तु–अजितादयः सहस्रपरिवारा निष्क्रान्ता इति, उग्रादीनां च स्वरूपमधः प्रतिपादितमेवेति गाथार्थः ॥२२४-२२५॥**

साम्प्रतं प्रसङ्गतोऽत्रैव ये यस्मिन् वयसि निष्क्रान्ता इत्येतदभिधित्सुराह—

**वीरो अरिट्ठनेमी पासो मल्ली अ वासुपुज्जो अ ।**
**पढमवए पव्वइआ सेसा पुण पच्छिमवयंमि ॥२२६॥**

निगदसिद्धैव । गतं प्रत्येकद्वारं, साम्प्रतमुपधिद्वारप्रतिपादनायाह—

**सव्वेऽवि एगदूसेण निग्गया जिणवरा चउव्वीसं ।**
**न य नाम अण्णलिंगे नो गिहिलिंगे कुलिंगे वा५ ॥२२७॥**

गमनिका–सर्वेऽपि 'एकदूष्येण' एकवस्त्रेण निर्गताः जिनवराश्चतुर्विंशतिः, अपिशब्दस्य व्यवहितः संबन्धः, 'सर्वे' यावन्तः खल्वतीता जिनवरा अपि एकदूष्येण निर्गताः, किं पुनस्तन्मतानुसारिणः न सोपधयः ?। ततश्च य उपधिरासेवितो भगवद्भिः स साक्षादेवोक्तः, यः

---

છે. ॥૨૨૪–૨૨૫॥

**અવતરણિકા :** હવે પ્રસંગથી આ પ્રત્યેકદ્વારમાં જ જે તીર્થંકરોએ જે ઉંમરમાં દીક્ષા લીધી તે કહે છે ⇨

**ગાથાર્થ : વીર–અરિષ્ટનેમિ – પાર્શ્વ – મલ્લિ અને વાસુપૂજ્ય પ્રથમવયમાં (કુમારવયમાં = રાજા બનતા પહેલા) દીક્ષિત થયા, જ્યારે શેષ તીર્થંકરોએ પશ્ચિમવયમાં (યૌવનવયમાં = રાજા બન્યા પછી) દીક્ષા ગ્રહણ કરી.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે.॥૨૨૬॥

**અવતરણિકા :** પ્રત્યેકદ્વાર પૂર્ણ થયું. હવે ઉપધિદ્વાર કહે છે ⇨

**ગાથાર્થ : સર્વે પણ ચોવીસ જિનેશ્વરો એકદૂષ્યવડે નીકળ્યા. તેઓએ અન્યલિંગમાં, ગૃહસ્થલિંગમા કે કુલિંગમાં (પ્રવ્રજ્યા ગ્રહણ કરી નથી.)**

**ટીકાર્થ :** સર્વ પણ ચોવીસે જિનેશ્વરો એકદૂષ્યવડે નીકળ્યા (=દીક્ષા ગ્રહણ કરી.) અહીં "सव्वेऽवि" શબ્દમાં રહેલ "अपि" શબ્દનો અન્ય સ્થાને સંબંધ જોડવો. તેથી અર્થ આ પ્રમાણે જાણવો કે સર્વ = ભૂતકાળમાં જેટલા જિનેશ્વરો હતા તે સર્વજિનેશ્વરો પણ (અહીં "अपि" શબ્દ જોડવો) એક દૂષ્યવડે નીકળ્યા, તો શું તે તીર્થંકરોના મતને અનુસરનારા શિષ્યો ઉપધિ સહિત ન હોય ? અર્થાત્ જો તીર્થંકરો પણ દીક્ષાસમયે એકવસ્ત્રવાળા હતા, તો તેમના મતને અનુસરનારા શિષ્યો શા માટે ઉપધિ ન રાખે ? અર્થાત્ રાખે જ (આવું કહેવા દ્વારા દિગંબરોનું ખંડન જાણવું) આમ, તીર્થંકરોવડે જે ઉપધિ સેવાઈ તે સાક્ષાત્ કહેવાઈ ગઈ. (સંસ્કૃતમાં "ઉપધિ" શબ્દ પુલ્લિંગ છે.)

पुनर्विनेयेभ्यः स्थविरकल्पिकादिभेदभिन्नेभ्योऽनुज्ञातः स खलु अपिशब्दात् ज्ञेय इति, चतुर्विंशतीति संख्या भेदेन वर्त्तमानावसर्पिणीतीर्थकरप्रतिपादिकेति । गतमुपधिद्वारम्, इदानीं लिङ्गद्वारं-सर्वे तीर्थकृतः तीर्थकरलिङ्ग एव निष्क्रान्ताः, न च नाम अन्यलिङ्गे न गृहस्थलिङ्गे कुलिङ्गे वा, अन्यलिङ्गाद्यर्थ उक्त एवेति गाथार्थः ॥२२७॥

इदानीं यो येन तपसा निष्क्रान्तस्तदभिधित्सुराह—

**सुमई थ निच्चभत्तेण निग्गओ वासुपुज्ज जिणो चउत्थेणं ।**
**पासो मल्लीवि अ अट्ठमेण सेसा उ छट्ठेणं ॥२२८॥**

व्याख्या—सुमतिः तीर्थकरः, थेति निपातः, 'नित्यभक्तेन' अनवरतभक्तेन 'निर्गतो' निष्क्रान्तः, तथा वासुपूज्यो जिनश्चतुर्थेन, निर्गत इति वर्त्तते, तथा पार्श्वो मल्ल्यपि चाष्टमेन, 'शेषास्तु' ऋषभादयः षष्ठेनेति गाथार्थः ॥२२८॥

साम्प्रतमिहैव निर्गमनाधिकाराद्यो यत्र येषूद्यानादिषु निष्क्रान्त इत्येतत्प्रतिपाद्यते—

**उसभो अ विणीआए बारवईए अरिट्ठवरनेमी ।**
**अवसेसा तित्थयरा निक्खंता जम्मभूमीसुं ॥२२९॥**

---

વળી સ્થવિરકલ્પ–જિનકલ્પ વગેરે ભેદોવાળા શિષ્યોને જે ઉપધિ અનુજ્ઞાત છે તે "अपि" શબ્દથી જાણવા યોગ્ય છે. જો કે "સર્વતીર્થંકરો એકદૂષ્યવડે" આવું જણાવવામાં સર્વતીર્થંકરોમાં ચોવીસ તીર્થંકરોનો સમાવેશ થઈ જાય છે તો પણ 'ચોવીસ' એ પ્રમાણે જુદી જે સંખ્યા બતાવી તે વર્તમાન અવસર્પિણીના તીર્થંકરોની (સંખ્યાને) જણાવનાર છે. (અર્થાત્ દરેક અવસર્પિણી–ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રમાં ચોવીસ જ તીર્થંકરો થાય છે એમ જણાવે છે) ઉપધિદ્વાર પૂર્ણ થયું. હવે લિંગદ્વાર કહે છે – સર્વતીર્થંકરો તીર્થંકરલિંગમાં જ દીક્ષિત થયા. પરંતુ અન્યલિંગમાં, ગૃહસ્થલિંગમાં કે કુલિંગમાં દીક્ષિત થયા નથી. અન્યલિંગાદિનો શબ્દાર્થ પૂર્વે કહી દીધો છે. ॥૨૨૭॥

અવતરણિકા : હવે જે તીર્થંકર જે તપવડે દીક્ષિત થયા તે કહે છે ➪

**ગાથાર્થ : સુમતિનાથ પ્રભુ નિત્યભક્તવડે દીક્ષિત થયા. વાસુપૂજ્યજિન ઉપવાસવડે, પાર્શ્વ અને મલ્લિ અટ્ઠમવડે, જ્યારે શેષ (ઋષભાદિ) તીર્થંકરો છટ્ઠવડે દીક્ષિત થયા.**

**ટીકાર્થ :** સુમતિનાથ પ્રભુ દીક્ષા લેતી વખતે નિત્ય ભોજન કરનારા હતા. (ઉપવાસ નહોતો.) મૂળમાં 'થ'નો નિપાત છે અર્થાત્ પાદપૂર્તિ માટે મૂકેલો છે. વાસુપૂજ્યસ્વામીને ઉપવાસનું પચ્ચક્ખાણ હતું. બાકી ગાથાર્થ મુજબ જાણવું. ॥૨૨૮॥

**અવતરણિકા :** હવે આ દ્વારમાં જ નિર્ગમનનો = દીક્ષાનો અધિકાર હોવાથી જે તીર્થંકર જે ઉદ્યાનાદિ સ્થાનોમાં દીક્ષિત થયા તે કહે છે ➪

**ગાથાર્થ : ઋષભદેવ વિનીતાનગરીમાં (દીક્ષિત થયા), અરિષ્ટનેમિ દ્વારિકાનગરીમાં, તથા શેષ તીર્થંકરો જન્મભૂમિમાં (=પોતાનો જન્મ જ્યાં થયો હતો તે ભૂમિમાં) દીક્ષિત થયા.**

उसभो सिद्धत्थवणंमि वासुपुज्जो विहारगेहंमि ।
धम्मो अ वप्पगाए नीलगुहाए अ मुणिनामा ॥२३०॥
आसमपयंमि पासो वीरजिणिंदो अ नायसंडंमि ।
अवसेसा निक्खंता, सहसंबवणंमि उज्जाणे ॥२३१॥

एतास्तिस्रोऽपि निगदसिद्धा एव ॥

इदानीं प्रसङ्गत एव निर्गमणकालं प्रतिपादयन्नाह–

पासो अरिट्ठनेमी सिज्जंसो सुमइ मल्लिनामो अ ।
पुव्वण्हे निक्खंता सेसा पुण पच्छिमण्हंमि ॥२३२॥

निगदसिद्धा इत्यलं विस्तरेण ॥ गतमुपधिद्वारं, तत्प्रसङ्गत एव चान्यलिङ्गकुलिङ्गार्थोऽपि व्याख्यात एव ।

इदानीं ग्राम्याचारद्वारावयवार्थं प्रतिपादयन्नाह–

गामायारा विसया निसेविआ ते कुमारवज्जेहिं द।
गामागराइएसु व केसु विहारो भवे कस्स ?॥२३३॥

व्याख्या–ग्राम्याचारा विषया उच्यन्ते, निषेवितास्ते कुमारवर्जैस्तीर्थकृद्भिः, ग्रामाकरादिषु वा केषु विहारो भवेत् कस्येति वाच्यमिति गाथार्थः ॥२३३॥ तत्र—

---

ગાથાર્થ : ઋષભ સિદ્ધાર્થવનનામના ઉદ્યાનમાં (વિનીતાનગરીના સિદ્ધાર્થવનનામના ઉદ્યાનમાં), વાસુપૂજ્ય વિહારગૃહકનામના ઉદ્યાનમાં, ધર્મનાથ વપ્રગાનામના ઉદ્યાનમાં, મુનિસુવ્રતસ્વામી નીલગુફાનામના ઉદ્યાનમાં (દીક્ષિત થયા).

ગાથાર્થ : પાર્શ્વ આશ્રમપદ ઉદ્યાનમાં, વીરપ્રભુ જ્ઞાતખંડનામના ઉદ્યાનમાં અને શેષ તીર્થંકરો સહસ્રામ્રવનનામના ઉદ્યાનમાં દીક્ષિત થયા.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૨૨૯–૨૩૧॥

અવતરણિકા : હવે પ્રસંગથી જ દીક્ષાના સમયને કહે છે ⇨

ગાથાર્થ : પાર્શ્વ – અરિષ્ટનેમિ – શ્રેયાંસ – સુમતિ – અને મલ્લિનાથ પૂર્વાહ્નમાં (સવારે) દીક્ષિત થયા, જ્યારે શેષ તીર્થંકરોએ પશ્ચિમાહ્નમાં (સાંજના સમયે) દીક્ષા લીધી.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. વધારે વિસ્તારથી સર્યું. આ પ્રમાણે ઉપધિદ્વાર કહ્યું. તેમાં પ્રસંગથી જ અન્યલિંગ–કુલિંગનો અર્થ પણ વ્યાખ્યાન કરાઈ જ ગયો છે. ॥૨૩૨॥

અવતરણિકા : હવે ગ્રામ્યાચારદ્વાર કહે છે ⇨

ગાથાર્થ : (ગાથાર્થ ટીકાર્થથી જ સ્પષ્ટ થઈ જશે.)

ટીકાર્થ : ગ્રામ્યાચાર એટલે વિષયો (જાણવા), તે વિષયો કુમાર સિવાયના (અર્થાત્ વાસુપૂજ્ય–મલ્લિ–નેમ–પાર્શ્વ અને વીર સિવાયના જેઓ રાજા બન્યા હતા, તે) તીર્થંકરોવડે સેવાયા. અથવા *કયા તીર્થંકરનો કયા ગ્રામ–આકરાદિને વિષે વિહાર થયો ? તે કહેવા યોગ્ય છે. ॥૨૩૩॥*

**मगहारायगिहाइसु मुणओ खित्तारिएसु विहरिंसु ।**
**उसभो नेमी पासो वीरो अ अणारिएसुंपि ॥२३४॥**

सूत्रसिद्धा ॥

गतं ग्राम्याचारद्वारं, साम्प्रतं परीषहद्वारं व्याचिख्यासयाऽऽह—

**उदिआ परीसहा सिं पराइआ ते अ जिणवरिंदेहिं ७।**
**नव जीवाइपयत्थे उवलभिऊणं च निक्खंता ८॥२३५॥**

व्याख्या—उदिताः परीषहाः-शीतोष्णादयः अमीषां पराजितास्ते च जिनवरैन्द्रैः सर्वैरेवेति ॥ गतं परीषहद्वारं, व्याख्याता च प्रथमद्वारगाथेति ॥ साम्प्रतं च द्वितीया व्याख्यायते-तत्रापि प्रथमद्वारम्, आह च नव जीवादिपदार्थान् उपलभ्य च निष्क्रान्ताः, आदिशब्दाद् अजीवाश्रवबन्धसंवरपुण्यपापनिर्जरामोक्षग्रह इति गाथार्थः ॥२३५॥

गतं जीवोपलम्भद्वारम्, अधुना श्रुतोपलम्भादिद्वारार्थप्रतिपादनायाह—

**पढमस्स बारसंगं सेसाणिक्कारसंग सुयलंभो ९।**
**पंच जमा पढमंतिमजिणाण सेसाण चत्तारि ॥२३६॥**
**पच्चक्खाणमिणं १० संजिमो अ पढमंतिमाण दुविगप्पो ।**
**सेसाणं सामइओ सत्तरसंगो अ सव्वेसिं ११ ॥२३७॥**

---

ગાથાર્થ : મગધ—રાજગૃહ વગેરે આર્યક્ષેત્રોમાં મુનિઓ (તીર્થંકરો) વિચર્યા. ઋષભ—નેમિ—પાર્શ્વ અને વીર અનાર્ય—ક્ષેત્રમાં પણ વિચર્યા.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૨૩૪॥

અવતરણિકા : ગામ્યાચારદ્વાર કહ્યું, હવે પરિષહદ્વારને કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

ગાથાર્થ : તેઓને (તીર્થંકરોને) ઉદયમાં આવેલા પરિષહો સર્વતીર્થંકરોવડે પરાજિત કરાયા. (સર્વતીર્થંકરો) જીવાદિ નવ પદાર્થોને જાણી દીક્ષિત થયા.

ટીકાર્થ : આ તીર્થંકરોને ઉદયપ્રાપ્ત પરિષહો સર્વજિનેશ્વરોવડે પરાજિત કરાયા. પરિષહદ્વાર કહ્યું. આ સાથે પ્રથમ દ્વારગાથા (ગા.નં. : ૨૦૯) વ્યાખ્યાન કરાઈ. હવે બીજી દ્વારગાથા (૨૧૦) કહેવાય છે. તેમાં પણ પ્રથમ જીવોપલંભનામના દ્વારનું વ્યાખ્યાન કરાય છે. તે સર્વ તીર્થંકરોએ જીવાદિ નવ પદાર્થોને જાણી દીક્ષા લીધી. અહીં 'જીવાદિ'માં આદિ શબ્દથી અજીવ—આશ્રવ—સંવર—બંધ—પુણ્ય—પાપ—નિર્જરા અને મોક્ષ લેવા. ॥૨૩૫॥

અવતરણિકા : જીવોપલંભદ્વાર કહ્યું. હવે શ્રુતોપલંભાદિદ્વારાર્થને કહેવા કહે છે ⇨

ગાથાર્થ : પ્રથમતીર્થંકરને બારઅંગનું જ્ઞાન હતું. શેષોને અગિયારઅંગ જેટલો શ્રુતલાભ થયો. (પૂર્વભવની અપેક્ષાએ આ શ્રુતલાભ જાણવો.) પહેલા—છેલ્લા તીર્થંકરને પાંચ યમ(વ્રત) અને શેષોને ચાર યમ (પચ્ચક્ખાણરૂપે હતા.)

ગાથાર્થ : (ઉપરની ગાથામાં કહ્યું એટલું) પચ્ચક્ખાણ હતું. પહેલા—છેલ્લા તીર્થંકરને બે વિકલ્પોવાળું સંયમ હોય છે. શેષોને સામાયિકરૂપ સંયમ હોય છે અથવા સર્વજિનેશ્વરોને

गाथाद्वयं निगदसिद्धमेव, नवरं 'पढमंतिमाण दुविगप्पो' त्ति सामायिकच्छेदोपस्थापनाविकल्पः ॥२३६-२३७॥

साम्प्रतं छद्मस्थकालतपःकर्मद्वारावयवार्थव्याचिख्यासयाऽऽह—

**वाससहस्सं १ बारस २ चउदस ३ अट्ठार ४ वीस ५ वरिसाइं ।**
**मासा छ ६ न्नव ७ तिण्णि अ ८ चउ ९ तिग १० दुग ११ मिक्का १२ दुगं च १३ ॥२३८॥**
**तिग १४ दुग १५ मिक्का १६ सोलस वासा १७ तिण्णि अ १८ तहेवऽहोरत्तं १९।**
**मासिक्कारस २० नवगं २१ चउपण्ण दिणाइ २२ चुलसीई २३॥२३९॥**
**तह बारस वासाइं, जिणाण छउमत्थकालपरिमाणं १२ ।**
**उग्गं च तवोकम्मं विसेसओ वद्धमाणस्स १३॥२४०॥**

एतास्तिस्रोऽपि निगदसिद्धा एव ॥ २३८-२३९-२४०॥

इदानीं ज्ञानोत्पादद्वारं विवृण्वन्नाह—

**फग्गुणबहुलिक्कारसि उत्तरसाढाहि नाणमुसभस्स १।**
**पोसिक्कारसि सुद्धे रोहिणिजोएण अजिअस्स २ ॥२४१॥**

---

**સત્તરપ્રકારનું સંયમ હતું.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. પરંતુ "બે વિકલ્પોવાળું સંયમ" એટલે સામાયિક અને છેદોપસ્થાપનીયરૂપ બે વિકલ્પો. ॥૨૩૬–૨૩૭॥

**અવતરણિકા :** હવે છદ્મસ્થકાળ અને તપઃકર્મરૂપ બે દ્વારોના અર્થો કહે છે ➾

ગાથાર્થ : **૧ હજારવર્ષ – બારવર્ષ – ચૌદવર્ષ – અઢારવર્ષ – વીસવર્ષ – છમાસ – નવમાસ – ત્રણમાસ – ચારમાસ – ત્રણમાસ – બેમાસ – એકમાસ – બેમાસ**

ગાથાર્થ : **ત્રણવર્ષ – બેવર્ષ – એકવર્ષ – સોળવર્ષ – ત્રણવર્ષ – એકઅહોરાત્ર – અગિયારમાસ – નવમાસ – ચોપનદિવસ – ચોરાશીદિવસ**

ગાથાર્થ : **તથા (વર્ધમાનસ્વામીને) બારવર્ષ, આ ચોવીસે જિનેશ્વરોનું (ક્રમશઃ) છદ્મસ્થકાળમાન જાણવું. અને સર્વજિનેશ્વરોને (છદ્મસ્થકાળમાં) ઉગ્ર તપઃકર્મ હતું. વર્ધમાનસ્વામીને વિશેષથી ઉગ્ર તપઃકર્મ હતું.**

**ટીકાર્થ :** ત્રણ ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે ॥ ૨૩૮–૨૪૦ ॥

**અવતરણિકા :** હવે જ્ઞાનોત્પાદદ્વાર કહે છે. (સર્વત્ર મારવાડી તિથિ જાણવી, જે વદપક્ષમાં ગુજરાતી તિથિ કરતાં ૧ મહિનો આગળ હોય છે. દા.ત. પ્રભુવીરનું દીક્ષાકલ્યાણક મારવાડી તિથિ પ્રમાણે મા.વ. ૧૦ અને ગુજરાતી તિથિ પ્રમાણે કા.વ.૧૦)➾

ગાથાર્થ : **ઋષભદેવને ઉત્તરાષાઢાનક્ષત્રમાં ફાગણ વદ અગિયારસને દિવસે કેવલજ્ઞાન (ઉત્પન્ન થયું), અજિતનાથને રોહિણીનક્ષત્રમાં પોષ સુદ અગિયારસે (જ્ઞાન ઉત્પન્ન થયું.)**

कत्तिअबहुले पंचमि मिगसिरजोगेण संभवजिणस्स ३।
पोसे सुद्धचउद्दसि अभीइ अभिणंदणजिणस्स ४ ॥२४२॥
चित्ते सुद्धिक्कारसि महाहि सुमइस्स नाणमुप्पण्णं ५।
चित्तस्स पुण्णिमाए पउमाभजिणस्स चित्ताहिं ६॥२४३॥
फग्गुणबहुले छट्ठी विसाहजोगे सुपासनामस्स ७।
फग्गुणबहुले सत्तमि अणुराह ससिप्पहजिणस्स ८॥२४४॥
कत्तिअसुद्धे तइया मूले सुविहिस्स पुप्फदंतस्स ९।
पोसेबहुलचउद्दसि पुव्वासाढाहि सीअलजिणस्स १०॥२४५॥
पण्णरसि माहबहुले सिज्जंसजिणस्स सवणजोएणं ११।
सयभिय वासुपुज्जे बीयाए माहसुद्धस्स १२ ॥२४६॥
पोसस्स सुद्धछट्ठी उत्तरभद्दवय विमलनामस्स १२ ।
वइसाह बहुलचउदसि रेवइजोएणऽणंतस्स १४ ॥२४७॥
पोसस्स पुण्णिमाए नाणं धम्मस्स पुस्सजोएणं १५ ।
पोसस्स सुद्धनवमी भरणीजोगेण संतिस्स १६ ॥२४८॥
चित्तस्स सुद्धतइआ कित्तिअजोगेण नाण कुंथुस्स १७ ।
कत्तिअसुद्धे बारसि अरस्स नाणं तु रेवइहिं १८ ॥२४९॥

---

ગાથાર્થ : સંભવનાથને મૃગશીર્ષનક્ષત્રમાં કાર્તિક વદ પાંચમે, અભિનંદનસ્વામીને અભિજિત નક્ષત્રમાં પોષ સુદ ચૌદસને દિવસે (જ્ઞાન ઉત્પન્ન થયું.)

ગાથાર્થ : સુમતિજિનને મઘાનક્ષત્રમાં ચૈત્ર સુદ અગિયારસે, પદ્મપ્રભસ્વામીને ચૈત્રપૂર્ણિમાએ ચિત્રાનક્ષત્ર હોતે છતે,

ગાથાર્થ : સુપાર્શ્વનાથને વિશાખાનક્ષત્રમાં ફાગણ વદ છઠ્ઠના દિવસે, ચંદ્રપ્રભસ્વામીને ફાગણ વદ સાતમે અનુરાધા નક્ષત્રમાં,

ગાથાર્થ : પુષ્પદંત (એ છે બીજું નામ જેમનું) એવા સુવિધિનાથને મૂળનક્ષત્રમાં કાર્તિક સુદ ત્રીજે, શીતલનાથને પૂર્વાષાઢાનક્ષત્રમાં પોષ સુદ ચૌદસે (જ્ઞાન ઉત્પન્ન થયું)

ગાથાર્થ : શ્રેયાંસજિનને શ્રવણનક્ષત્રમાં મહા વદ પંદરમીતિથિએ (અમાવાસ્યાએ), વાસુપૂજ્યસ્વામીને શતભિષાનક્ષત્રમાં મહા સુદ બીજે (જ્ઞાન ઉત્પન્ન થયું.)

ગાથાર્થ : વિમલનાથને ઉત્તરાભાદ્રપદનક્ષત્રમાં પોષ સુદ છઠ્ઠે, અનંતનાથને રેવતીનક્ષત્રમાં વૈશાખ વદ ચૌદસે,

ગાથાર્થ : ધર્મનાથને પુષ્યનક્ષત્રમાં પોષ સુદ પૂનમે, શાંતિનાથને ભરણીનક્ષત્રમાં પોષ સુદ નોમે,

ગાથાર્થ : કુંથુનાથને કૃતિકાનક્ષત્રમાં ચૈત્ર સુદ ત્રીજે, અરનાથને રેવતીનક્ષત્રમાં કારતક સુદ બારસે,

मग्गसिरसुद्धइक्कारसीइ मल्लिस्स अस्सिणीजोगे १९ ।
फग्गुणबहुले बारसि सवणेणं सुव्वयजिणस्स २० ॥२५०॥
मगसिरसुद्धिक्कारसि अस्सिणिजोगेण नमिजिणिंदस्स २१ ।
आसोअमावसाए नेमिजिणिंदस्स चित्ताहिं २२ ॥२५१॥
चित्ते बहुलचउत्थी विसाहजोएण पासनामस्स २३ ।
वइसाहसुद्धदसमी हत्थुत्तरजोगि वीरस्स २४ ॥२५२॥
तेवीसाए नाणं उप्पण्णं जिणवराण पुव्वण्हे ।
वीरस्स पच्छिमण्हे पमाणपत्ताएँ चरिमाए ॥२५३॥

एताश्च त्रयोदश गाथा निगदसिद्धाः ।

साम्प्रतमधिकृतद्वार एव येषु क्षेत्रेषूत्पन्नं तदेतदभिधित्सुराह–

उसभस्स पुरिमताले वीरस्सुजुवालिआनईतीरे ।
सेसाण केवलाइं जेसुज्जाणेसु पव्वइआ ॥२५४॥

निगदसिद्धा ।

साम्प्रतमिहैव यस्य येन तपसोत्पन्नं तत्तपः प्रतिपादयन्नाह–

अट्ठमभत्तंतंमी पासोसहमल्लिरिट्ठनेमीणं ।

---

ગાથાર્થ : મલ્લિનાથને અશ્વિનીનક્ષત્રમાં માગસર સુદ અગિયારસે, મુનિસુવ્રતસ્વામીને શ્રવણનક્ષત્રમાં ફાગણ વદ બારસે,

ગાથાર્થ : નમિનાથને અશ્વિનીનક્ષત્રમાં માગસર સુદ અગિયારસે, નેમિનાથને ચિત્રા નક્ષત્રમાં આસો વદ અમાસે,

ગાથાર્થ : પાર્શ્વનાથને વિશાખાનક્ષત્રમાં ચૈત્ર વદ ચોથે, વીરપ્રભુને હસ્તોત્તરા (ઉત્તરાફાલ્ગુણી) નક્ષત્રમાં વૈશાખસુદ દશમે (જ્ઞાન ઉત્પન્ન થયું).

ગાથાર્થ : પ્રથમ ત્રેવીસ તીર્થંકરોને પૂર્વાહ્નમાં (અર્થાત્ સૂર્યોદયે – इति दीपिकायां)જ્ઞાન ઉત્પન્ન થયું. જ્યારે વીરપ્રભુને પ્રમાણથી પ્રાપ્ત એવી ચોથી પોરિસીમાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. (પ્રમાણ પ્રાપ્ત = જ્યારે પુરુષનો પડછાયો પોતાના શરીર પ્રમાણ થાય તે)

ટીકાર્થ : આ તેર ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે.॥૨૪૧–૨૫૩॥

અવતરણિકા : આ જ્ઞાનોત્પાદદ્વારમાં જ જે ક્ષેત્રમાં જ્ઞાન ઉત્પન્ન થયું તે કહે છે ⇨

ગાથાર્થ : ઋષભદેવને પુરિમતાલનગરમાં, વીરપ્રભુને ઋજુવાલિકાનદીને કિનારે તથા શેષ તીર્થંકરો જે ઉદ્યાનમાં દીક્ષિત થયા હતા તે ઉદ્યાનમાં જ કેવલજ્ઞાન પામ્યા.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે.॥૨૫૪॥

અવતરણિકા : આ જ દ્વારમાં જે તીર્થંકરને જે તપવડે જ્ઞાન ઉત્પન્ન થયું તે કહે છે ⇨

ગાથાર્થ : પાર્શ્વ – ઋષભ – મલ્લિનાથ અને અરિષ્ટનેમિને અઠ્ઠમતપ હોતે છતે જ્ઞાન

वसुपुज्जस्स चउत्थेण छट्ठभत्तेण सेसाणं ॥२५५॥

निगदसिद्धा ।

गतं ज्ञानोत्पादद्वारं, इदानीं संग्रहद्वारं विवरीषुराह–

चुलसीइं च सहस्सा १ एगं च २ दुवे अ ३ तिण्णि ४ लक्खाइं ।
तिण्णि अ वीसहिआइं ५ तीसहिआइं च तिण्णेव ६ ॥२५६॥
तिण्णि अ ७ अड्ढाइज्जा ८ दुवे अ ९ एगं च १० सयसहस्साइं ।
चुलसीइं च सहस्सा ११ बिसत्तरि १२ अट्ठसट्ठिं च १३ ॥२५७॥
छावट्ठिं १४ चउसट्ठिं १५ बावट्ठिं १६ सट्ठिमेव १७ पण्णासं १८ ।
चत्ता १९ तीसा २० वीसा २१ अट्ठारस २२ सोलस २३ सहस्सा ॥२५८॥
चउदस य सहस्साइं २४ जिणाण जइसीससंगहपमाणं ।
अज्जासंगहमाणं उसभाईणं अओ वुच्छं ॥२५९॥
तिण्णेव य लक्खाइं १ तिण्णि य तीसा य २ तिण्णि छत्तीसा ३।
तीसा य छच्च ४ पंच य तीसा ५ चउरो अ वीसा अ ॥२६०॥
चत्तारि अ तीसाइं ७ तिण्णि अ असिआइ ८ तिण्हमेत्तो अ ।

ઉત્પન્ન થયું. વાસુપૂજ્યને ઉપવાસ અને શેષ તીર્થંકરોને છટ્ઠનું પચ્ચક્ખાણ હોતે છતે જ્ઞાન ઉત્પન્ન થયું.

ટીકાર્થ : સ્પષ્ટ જ છે. ॥૨૫૫॥

અવતરણિકા : જ્ઞાનોત્પાદ્દ્વાર કહ્યું, હવે સંગ્રહદ્વાર કહે છે. (અર્થાત્ કોને કેટલા શિષ્યો હતા ? તે કહે છે)➾

ગાથાર્થ : ચોરાશીહજાર – એકલાખ – બેલાખ – ત્રણલાખ – ૩ લાખ વીસહજાર – ત્રણલાખ ત્રીસહજાર

ગાથાર્થ : ત્રણલાખ – અઢીલાખ – બેલાખ – એકલાખ – ચોરાશીહજાર – બોત્તેરહજાર – અડસઠહજાર

ગાથાર્થ : છાસઠહજાર – ચોસઠહજાર – બાસઠહજાર – સાઠહજાર – પચાસહજાર – ચાલીસહજાર – ત્રીસહજાર – વીસહજાર – અઢારહજાર અને સોળહજાર,

ગાથાર્થ : ચૌદહજાર – આ પ્રમાણે જિનેશ્વરોના (ક્રમશઃ) યતિશિષ્યોના સંગ્રહનું માન જાણવું. હવે પછી ઋષભાદિ જિનેશ્વરોના સાધ્વીજીઓના સંગ્રહના માનને કહીશ.

ગાથાર્થ : ત્રણલાખ – ત્રણલાખ ત્રીસહજાર – ત્રણલાખ છત્રીસહજાર – છલાખ ત્રીસહજાર – પાંચલાખ ત્રીસહજાર – ચારલાખ વીસહજાર

ગાથાર્થ : ચારલાખ ત્રીસહજાર – ત્રણલાખ એંશીહજાર આ પ્રમાણે ચંદ્રપ્રભસ્વામી સુધી સાધ્વીમાન બતાવ્યું.) હવે પછી (एत्तो अ) નવમા–દસમા અને અગિયારમા તીર્થંકરોની

वीसुत्तरं ९ छलहिअं १० तिसहस्सहिअं च लक्खं च ११ ॥२६१॥
लक्खं १२ अट्ठसयाणि अ १३ बावट्ठिसहस्स १४ चउसयसमग्गा १५ ।
एगट्ठी छच्च राया १६ सट्ठिसहस्सा सया छच्च १७ ॥२६२॥
सट्ठि १८ पणपण्ण १९ वण्णे २० गचत्त २१ चत्ता २२ तहट्ठतीसं च २३ ।
छत्तीसं च सहस्सा २४ अज्जाणं संगहो एसो ॥२६३॥
पढमाणुओगसिद्धो पत्तेअं सावयाइआणंसि ।
नेओ सव्वजिणाणं सीसाण परिग्गहो ( संगहो ) कमसो १५॥२६४॥

एता अपि नव गाथाः स्पष्टा एवेति न प्रतन्यन्ते ॥२५६-२६४॥

गतं संग्रहद्वारं, व्याख्याता च द्वितीयद्वारगाथेति । साम्प्रतं तृतीयाद्यद्वारप्रतिपादनाय आह—

तित्थं चाउव्वण्णो संघो सो पढमए समोसरणे ।
उप्पण्णो अ जिणाणं वीरजिणिंदस्स बीअंमि १६ ॥२६५॥

निगदसिद्धैव, नवरं वीरजिनेन्द्रस्य 'द्वितीये' इति अत्र यत्र केवलमुत्पन्नं कल्पात्तत्र

---

સાધ્વીજીઓનું માન કહે છે ( तिण्हं ) તે આ પ્રમાણે—એકલાખ વીસહજાર – એકલાખ છહજાર અને એકલાખ ત્રણહજાર (આ ટિપ્પણ મુજબ અર્થ કર્યો છે. મલયગિરિ ટીકામાં કંઈક ભિન્નતા ૯ થી ૧૬ તીર્થંકરમાં છે. तत्त्वं केवलिगम्यं)

**ગાથાર્થ :** એકલાખ – એકલાખ આઠસો – બાસઠહજાર – બાંસઠહજાર ચારસો – એકસઠહજાર છસો, અને સાઠહજાર છસો,

**ગાથાર્થ :** સાઠહજાર – પંચાવનહજાર – પચાસહજાર – એકતાલીસહજાર – ચાલીસહજાર – આડત્રીસહજાર – છત્રીસહજાર આ પ્રમાણે ક્રમશઃ તીર્થંકરોની સાધ્વીજીઓનો સંગ્રહ જાણવો.

**ગાથાર્થ :** દરેક તીર્થંકરોના શ્રાવકાદિ અને શિષ્યોના સંગ્રહનું માન ક્રમશઃ પ્રથમાનુયોગમાં (પ્રથમાનુયોગ = દૃષ્ટિવાદનો એક વિભાગ इति नंदीसूत्रटिप्पण, સૂ. ૯૮.) સિદ્ધ જાણવું.

**ટીકાર્થ :** ઉપરોક્ત નવ ગાથાઓનો અર્થ સ્પષ્ટ છે તેથી વિસ્તાર કરાતો નથી. ॥ ૨૫૬–૨૬૪ ॥

**અવતરણિકા :** સંગ્રહદ્વાર કહેવાઈ ગયું. તેની સાથે બીજીદ્વારગાથા(૨૧૦) પણ કહેવાઈ ગઈ. હવે ત્રીજીદ્વારગાથાના પ્રથમ તીર્થનામકદ્વારનું વર્ણન કરાય છે ➪

**ગાથાર્થ :** તીર્થ એટલે ચતુર્વિધસંઘ, અને તે ઋષભાદિ જિનોને પ્રથમસમવસરણમાં જ ઉત્પન્ન થયું. વીરજિણંદને બીજાસમવસરણમાં ઉત્પન્ન થયું.

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. "વીરપ્રભુને બીજા સમવસરણમાં" એમ જે અહીં બીજું સમવસરણ કહ્યું તે, જ્યાં કેવલજ્ઞાન ઉત્પન્ન થાય ત્યાં કલ્પ હોવાથી = અવશ્યકર્તવ્ય હોવાથી સમવસરણ થાય છે. (વીરપ્રભુના પ્રથમસમવસરણમાં કોઈ બોધ પામ્યું નહિ તેથી ત્યાંથી પ્રભુએ

कृतसमवसरणापेक्षया मध्यमायां द्वितीयमुच्यत इति ॥२६५॥

गतं तीर्थद्वारं, साम्प्रतं गणद्वारं व्याचिख्यासुराह—

**चुलसीइ १ पंचनउई २ बिउत्तरं ३ सोलसुत्तर ४ सयं च ५।**
**सत्तहिअं ६ पणनउई ७ तेणउई ८ अट्ठसीई अ ९ ॥२६६॥**
**इक्कासीई १० बावत्तरी अ ११ छावट्ठि १२ सत्तवण्णा य १३ ।**
**पण्णा १४ तेयालीसा १५ छत्तीसा १६ चेव पणतीसा १७ ॥२६७॥**
**तित्तीस १८ अट्ठवीसा १९ अट्ठारस २० चेव तहय सत्तरस २१ ।**
**इक्कारस २२ दस २३ नवगं २४ गणाण माणं जिणिंदाणं १७ ॥२६८॥**

एतास्तिस्रोऽपि निगदसिद्धा एव, नवरमेकवाचनाचारक्रियास्थानां समुदायो गणो न कुलसमुदाय इति पूज्या व्याचक्षते ॥२६६-२६७-२६८॥

गतं गणद्वारम्, अधुना गणधरद्वारव्याचिख्यासयाऽऽह—

**एक्कारस उ गणहरा जिणस्स वीरस्स सेसयाणं तु ।**
**जावइआ जस्स गणा तावइआ गणहरा तस्स १८ ॥२६९॥**

निगदसिद्धैव, नवरं मूलसूत्रकर्त्तारो गणधरा उच्यन्ते ॥२६९॥

गतं गणधरद्वारम्, इदानीं धर्मोपायस्य देशका इत्येतद्व्याचिख्यासुराह—

---

વિહાર કર્યો અને) મધ્યમા (અપાપા) નગરીમાં બીજું સમવસરણ થયું જ્યાં તીર્થ ઉત્પન્ન થયું. આમ જ્યાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું ત્યાં કલ્પ હોવાથી સમવસરણ થયું. તેની અપેક્ષાએ મધ્યમા નગરીમાં બીજું સમવસરણ કહેવાયું. ॥૨૬૫॥

**અવતરણિકા :** તીર્થદ્વાર પૂર્ણ થયું. હવે ગણદ્વાર કહે છે ➯

ગાથાર્થ : **ચોરાશી – પંચાણું – એકસો બે – એકસો સોળ – સો – એકસો સાત – પંચાણું – ત્રાણું – અઠ્યાશી**

ગાથાર્થ : **એક્યાશી – બહોત્તેર – છાસઠ – સત્તાવન – પચાસ – તેતાલીસ – છત્રીસ – પાંત્રીસ**

ગાથાર્થ : **તેંત્રીસ – અઠ્યાવીસ – અઢાર – સત્તર – અગિયાર – દશ – નવ – આ પ્રમાણે જિનેશ્વરોના** ગણનું **પ્રમાણ જાણવું.**

**ટીકાર્થ :** ત્રણે ગાથાનો અર્થ સ્પષ્ટ જ છે. પરંતુ (H)એકવાચનાવાળા અને એકસરખી આચારક્રિયાવાળા સાધુઓનો સમુદાય ગણ જાણવો, પણ કુલસમુદાયરૂપ ગણ અહીં જાણવો નહિ. એ પ્રમાણે પૂજ્યો = ગુરુઓ કહે છે. ॥૨૬૬–૨૬૮॥

**અવતરણિકા :** ગણદ્વાર કહેવાયું. હવે ગણધરદ્વાર કહે છે ➯

ગાથાર્થ : **વીરપ્રભુને અગિયાર ગણધરો અને શેષ તીર્થંકરોને જેટલા ગણ હતા તેટલા ગણધરો થયા.**

**ટીકાર્થ :** સ્પષ્ટ જ છે. પરંતુ ગણધરો એટલે મૂલસૂત્રને (દ્વાદશાંગીને) કરનારા જાણવા. ॥૨૬૯॥

**અવતરણિકા :** ગણધરદ્વાર પૂર્ણ થયું. હવે ધર્મોપાયના દેશકરૂપ દ્વારને કહે છે ➯

धम्मोवाओ पवयणमहवा पुव्वाइँ देसगा तस्स ।
सव्वजिणाण गणहरा चउदसपुव्वी व जे जस्स ॥२७०॥
सामाइयाइया वा वयजीवणिकायभावणा पढमं ।
एसो धम्मोवाओ जिणेहि सव्वेहि उवइट्ठो १९ ॥२७१॥

गाथाद्वयमपीदं सूत्रसिद्धमेव ॥२७०-२७१॥

गतं धर्मोपायस्य देशका इति द्वारम्, इदानीं पर्यायद्वारप्रतिपादनायाह—

उसभस्स पुव्वलक्खं पुव्वंगूणमजिअस्स तं चेव ।
चउरंगूणं लक्खं पुणो पुणो जाव सुविहित्ति ॥२७२॥
पणवीसं तु सहस्सा पव्वाणं सीअलस्स परिआओ ।
लक्खाइं इक्कवीसं सिज्जंसजिणस्स वासाणं ॥२७३॥
चउपण्णं १२ पण्णारस १३ तत्तो अद्धट्ठमाइ लक्खाइं १४ ।
अड्ढाइज्जाइं १५ तओ वाससहस्साइं पणवीसं १६ ॥२७४॥
तेवीसं च सहस्सा सयाणि अद्धट्ठमाणि अ हवंति १७।
इगवीसं च सहस्सा १८ वाससउणा य पणपण्णा १९ ॥२७५॥

---

ગાથાર્થ : (II)પ્રવચન અથવા પૂર્વો એ ધર્મોપાય છે, તેના દેશકો સર્વજિનોના ગણધરો હોય છે અથવા જે તીર્થંકરના જેટલા ચૌદપૂર્વી હોય છે તે ધર્મોપાયના દેશક હોય છે.

ગાથાર્થ : અથવા (II)સામાયિકપૂર્વકના વ્રતો (પાંચ મહાવ્રતો) – જીવનિકાય (ષડ્જીવનિકાયનું સ્વરૂપ) અને ભાવના (૫ મહાવ્રતની ૨૫ ભાવના અથવા અનિત્યાદિ ૧૨ ભાવના) એ ધર્મના પ્રથમ (દીક્ષા લેતાં શરૂઆતના) ઉપાય તરીકે સર્વ જિનોવડે કહેલ છે.

ટીકાર્થ : બંને ગાથાર્થ સ્પષ્ટ જ છે. ॥૨૭૦–૨૭૧॥

અવતરણિકા : હવે પર્યાયદ્વાર કહે છે ⇨

ગાથાર્થ : ઋષભદેવનો (શ્રમણપર્યાય) એકલાખપૂર્વ, એક પૂર્વાંગન્યૂન એવા એકલાખપૂર્વ અજિતનાથનો, હવે પછી સંભવનાથથી લઈ સુવિધિનાથ સુધી ચાર ચાર પૂર્વાંગન્યૂન એવા એકલાખપૂર્વનો શ્રમણપર્યાય જાણવો. (અર્થાત્ સંભવનાથને ચારપૂર્વાંગન્યૂન એકલાખપૂર્વ, અભિનંદનસ્વામીને આઠપૂર્વાંગન્યૂન એકલાખપૂર્વ વગેરે.)

ગાથાર્થ : પચીસહજારપૂર્વ શીતલનાથનો પર્યાય હતો. શ્રેયાંસજિનનો એકવીશલાખવર્ષ.

ગાથાર્થ : ચોપનલાખવર્ષ – પંદરલાખવર્ષ – સાડાસાતલાખવર્ષ – અઢીલાખવર્ષ – પચ્ચીસહજારવર્ષ,

ગાથાર્થ : ત્રેવીસહજાર અને સાડાસાતસોવર્ષ – એકવીશહજારવર્ષ – એકસોવર્ષ ઓછા એવા પંચાવનહજારવર્ષ,

अद्धट्ठमा सहस्सा २० अड्ढाइज्जा य २१ सत्त य सयाइं २२ ।
सयरी २३ बिचत्तवासा २४ दिक्खाकालो जिणिंदाणं ॥२७६॥

एताः पञ्च निगदसिद्धा एव ॥२७२-२७६॥

एवं तावत्सामान्येन प्रव्रज्यापर्यायः प्रतिपादितः, साम्प्रतमत्रैव भेदेन भगवतां कुमारादिपर्यायं प्रतिपादयन्नाह—

उसभस्स कुमारत्तं पुव्वाणं वीसई सयसहस्सा ।
तेवट्ठी रज्जंमी अणुपालेऊण णिक्खंतो ॥२७७॥
अजिअस्स कुमारत्तं अट्ठारस पुव्वसयसहस्साइं ।
तेवण्णं रज्जंमी पुव्वंगं चेव बोद्धव्वं ॥२७८॥
पण्णरस सयसहस्सा कुमारवासो अ संभवजिणस्स ।
चोआलीसं रज्जे चउरंगं चेव बोद्धव्वं ॥२७९॥
अद्धत्तेरस लक्खा पुव्वाणऽभिणंदणे कुमारत्तं ।
छत्तीसा अद्धं चिय अट्ठंगा चेव रज्जंमि ॥२८०॥
सुमइस्स कुमारत्तं हवंति दस पुव्वसयसहस्साइं ।
अउणातीसं रज्जे बारस अंगा य बोद्धव्वा ॥२८१॥

---

ગાથાર્થ : સાડાસાતહજારવર્ષ – અઢીહજારવર્ષ – સાતસોવર્ષ – સિત્તેરવર્ષ – બેતાલીસવર્ષ.

ટીકાર્થ : આ પાંચે ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. ॥૨૭૨ – ૨૭૬॥

અવતરણિકા : આ પ્રમાણે સામાન્યથી પ્રવ્રજ્યાપર્યાયનું પ્રતિપાદન કર્યું. હવે આ જ દ્વારમાં ભેદથી ભગવાનના કુમારાદિપર્યાયો કહે છે ⇨

ગાથાર્થ : ઋષભદેવ વીસલાખપૂર્વ કુમારાવસ્થામાં રહ્યા. ત્યાર પછી ત્રેસઠલાખપૂર્વ રાજ્ય પાળી દીક્ષા લીધી.

ગાથાર્થ : અજિતનાથને કુમારાવસ્થામાં અઢારલાખપૂર્વ તથા રાજ્યમાં ત્રેપનલાખપૂર્વ અને એક પૂર્વાંગ થયા.

ગાથાર્થ : સંભવજિનને પંદરલાખપૂર્વ કુમારવાસ અને રાજ્યમાં ચાર પૂર્વાંગ અધિક એવા ચુંમાલીસલાખ પૂર્વ થયા.

ગાથાર્થ : અભિનંદનને સાડાબારલાખપૂર્વ કુમારપણું અને રાજ્યમાં આઠ પૂર્વાંગ અધિક એવા સાડાછત્રીસલાખપૂર્વ થયા.

ગાથાર્થ : સુમતિનાથને દસલાખપૂર્વ કુમારવાસ અને રાજ્યમાં બાર પૂર્વાંગ અધિક એવા ઓગણત્રીસલાખપૂર્વ થયા.

पउमस्स कुमारत्तं पुव्वाणऽद्धट्ठमा सयसहस्सा ।
अद्धं च एगवीसा सोलस अंगा य रज्जंमि ॥२८२॥
पुव्वसयसहस्साइं पंच सुपासे कुमारवासो उ ।
चउदस पुण रज्जंमी वीसं अंगा य बोद्धव्वा ॥२८३॥
अड्ढाइज्जा ( अद्धुट्ठा उ) लक्खा कुमारवासो ससिप्पहे होइ ।
अद्धं छ च्चिय रज्जे चउवीसंगा य बोद्धव्वा ॥२८४॥
पण्णं पुव्वसहस्सा कुमारवासो उ पुप्फदंतस्स ।
तावइअं रज्जंमी अट्ठावीसं च पुव्वंगा ॥२८५॥
पणवीससहस्साइं पुव्वाणं सीअले कुमारत्तं ।
तावइअं परिआओ पण्णासं चेव रज्जंमि ॥२८६॥
वासाण कुमारत्तं इगवीसं लक्ख हुंति सिज्जंसे ।
तावइअं परिआओ बायालीसं च रज्जंमि ॥२८७॥
गिहवासे अट्ठारस वासाणं सयसहस्स निअमेणं ।
चउपण्ण सयसहस्सा परिआओ होइ वसुपुज्जे ॥२८८॥
पण्णरस सयसहस्सा कुमारवासो अ तीसई रज्जे ।
पणरस सयसहस्सा परिआओ होइ विमलस्स ॥२८९॥

ગાથાર્થ : પદ્મપ્રભને સાડાસાતલાખપૂર્વ કુમારવાસ અને રાજ્યમાં સોળપૂર્વાંગ અધિક એવા સાડા એકવીશલાખપૂર્વ થયા.

ગાથાર્થ : સુપાર્શ્વને પાંચલાખપૂર્વ કુમારવાસ અને રાજ્યમાં વીસપૂર્વાંગ અધિક ચૌદલાખ પૂર્વ થયા.

ગાથાર્થ : ચંદ્રપ્રભને અઢીલાખપૂર્વ કુમારવાસ અને રાજ્યમાં સાડાછલાખપૂર્વ સાથે ચોવીસપૂર્વાંગ અધિક.

ગાથાર્થ : સુવિધિનાથને પચાસહજારપૂર્વ કુમારવાસ અને રાજ્યમાં અઠ્યાવીસપૂર્વાંગ અધિક એવા પચાસહજારપૂર્વ.

ગાથાર્થ : શીતલનાથને પચીસહજારપૂર્વ કુમારવાસ તથા તેટલો જ શ્રમણપર્યાય અને રાજ્યમાં પચાસહજારપૂર્વ.

ગાથાર્થ : શ્રેયાંસનાથને એકવીસલાખવર્ષ કુમારવાસ તથા તેટલો જ શ્રમણપર્યાય અને રાજ્યમાં બેતાલીસલાખવર્ષ.

ગાથાર્થ : વાસુપૂજ્યને નિયમથી અઢારલાખવર્ષ કુમારવાસ તથા ચોપનલાખવર્ષ (શ્રમણ)પર્યાય જાણવો.

ગાથાર્થ : વિમલનાથને પંદરલાખવર્ષ કુમારવાસ, રાજ્યમાં ત્રીસલાખવર્ષ અને પંદરલાખવર્ષ શ્રમણપર્યાય.

अद्धट्ठमलक्खाइं वासाणमणंतई कुमारत्ते ।
तावइअं परिआओ रज्जंमी हुंति पण्णरस ॥२९०॥
धम्मस्स कुमारत्तं वासाणड्ढाइआइं लक्खाइं ।
तावइअं परिआओ रज्जे पुण हुंति पंचेव ॥२९१॥
संतिस्स कुमारत्तं मंडलियचक्किपरिआअ चउसुंपि ।
पत्तेअं पत्तेअं वाससहस्साइं पणवीसं ॥२९२॥
एमेव य कुंथुस्सवि चउसुवि ठाणेसु हुंति पत्तेअं ।
तेवीससहस्साइं वरिसाणद्धट्ठमसया य ॥२९३॥
एमेव अरजिणिंदस्स चउसुवि ठाणेसु हुंति पत्तेअं ।
इगवीस सहस्साइं वासाणं हुंति णायव्वा ॥२९४॥
मल्लिस्सवि वाससयं गिहवासे सेसअं तु परिआओ ।
चउपण्ण सहस्साइं नव चेव सयाइ पुण्णाइं ॥२९५॥
अद्धट्ठमा सहस्सा कुमारवासो उ सुव्वयजिणस्स ।
तावइअं परिआओ पण्णरससहस्स रज्जंमि ॥२९६॥
नमिणो कुमारवासो वाससहस्साइ दुण्णि अद्धं च ।
तावइअं परिआओ पंच सहस्साइं रज्जंमि ॥२९७॥

---

ગાથાર્થ : અનંતનાથને સાડાસાતલાખવર્ષ કુમારવાસ, તેટલો જ શ્રમણપર્યાય અને રાજ્યમાં પંદરલાખવર્ષ.

ગાથાર્થ : ધર્મનાથને અઢીલાખવર્ષ કુમારવાસ, તેટલો જ પર્યાય અને રાજ્યમાં પાંચલાખ વર્ષ.

ગાથાર્થ : શાંતિનાથને કુમારવાસ – માંડલિકરાજા – ચક્રી અને પર્યાય આ ચારેમાં દરેકે દરેકમાં પચીસહજારવર્ષ.

ગાથાર્થ : આ જ પ્રમાણે કુંથુનાથને ચારે સ્થાનોમાં દરેકમાં ત્રેવીસહજાર સાડાસાતસોવર્ષ.

ગાથાર્થ : આ જ પ્રમાણે અરનાથને ચારે સ્થાનોમાં દરેકમાં એકવીશહજારવર્ષ જાણવા.

ગાથાર્થ : મલ્લિનાથને એકસોવર્ષનો કુમારવાસ અને શેષ (આયુષ્ય એટલે કે) ચોપન હજાર અને સંપૂર્ણ નવસોવર્ષ શ્રમણપર્યાય.

ગાથાર્થ : મુનિસુવ્રતને સાડાસાતહજારવર્ષ કુમારવાસ, તેટલો જ પર્યાય અને રાજ્યમાં પંદરહજારવર્ષ.

ગાથાર્થ : નમિનાથને અઢીહજારવર્ષ કુમારવાસ, તેટલો જ પર્યાય અને રાજ્યમાં પાંચ હજારવર્ષ.

तिण्णेव य वाससया कुमारवासो अरिट्ठनेमिस्स ।
सत्त य वाससयाइं सामण्णे होइ परिआओ ॥२९८॥
पासस्स कुमारत्तं तीसं परिआओ सत्तरी होइ ।
तीसा य वद्धमाणे बायालीसा उ परिआओ ॥२९९॥

आद्यानां सुविधिपर्यन्तानामनुपरिपाट्येयं श्रामण्यपर्यायगाथा–तद्यथा–

उसभस्स पुव्वलक्खं पुव्वंगूणमजिअस्स तं चेव ।
चउरंगूणं लक्खं पुणो पुणो जाव सुविहित्ति ॥३००॥
सेसाणं परिआओ कुमारवासेण सहिअओ भणिओ ।
पत्तेअंपि अ पुव्वं सीसाणमणुग्गहट्ठाए ॥३०१॥
छउमत्थकालमित्तो सोहेउं सेसओ उ जिणकालो ।
सव्वाउअंपि इत्तो उसभाईणं निसामेह ॥३०२॥
चउरासीइ १ बिसत्तरि २ सट्ठी ३ पण्णासमेव ४ लक्खाइं ।
चत्ता ५ तीसा ६ वीसा ७ दस ८ दो ९ एगं १० च पुव्वाणं ॥३०३॥
चउरासीई ११ बावत्तरी १२ अ सट्ठी १३ अ होइ वासाणं ।
तीसा १४ य दस १५ य एगं १६ च एवमेए सयसहस्सा ॥३०४॥

---

ગાથાર્થ : અરિષ્ટનેમિને ત્રણસોવર્ષ કુમારવાસ અને સાતસોવર્ષ શ્રમણપર્યાય.

ગાથાર્થ : પાર્શ્વનાથને ત્રીસવર્ષ કુમારવાસ તથા સિત્તેરવર્ષ પર્યાય અને વર્ધમાનસ્વામીને ત્રીસવર્ષ કુમારવાસ તથા બેતાલીસવર્ષ પર્યાય.

અવતરણિકા : પ્રથમથી લઈ સુવિધિનાથ પ્રભુના ક્રમશ : શ્રમણપર્યાયની ગાથા આ પ્રમાણે છે. (અર્થાત્ ૨૭૭ વગેરે ગાથાઓમાં સુવિધિનાથસુધીના જિનોનો શ્રમણપર્યાય કહ્યો નથી. તેથી તે જણાવતી ગાથા બતાવે છે) ➪

ગાથાર્થ : (II)એકલાખપૂર્વ ઋષભદેવનો શ્રમણપર્યાય, એકપૂર્વાંગન્યૂન એકલાખપૂર્વ અજિતનાથનો, તથા ફરી ફરી ચાર–ચાર પૂર્વાંગન્યૂન એવા એકલાખપૂર્વવર્ષ શ્રમણપર્યાય સુવિધિનાથ સુધી જાણવો.

ગાથાર્થ : (II)શેષ તીર્થંકરોનો કુમારવાસ સાથે પર્યાય કહેવાયો. તથા પૂર્વે પ્રત્યેક પણ (=માત્ર પર્યાય પણ) જે કહેવાયો તે શિષ્યોના અનુગ્રહ માટે કહેવાયો.

ગાથાર્થ : (શ્રમણપર્યાયમાંથી) છદ્મસ્થકાળ (જે પૂર્વે કહેવાઈ ગયો છે તે) માત્રને દૂર કરતા શેષકાળ જિનકાળ તરીકે જાણવો. હવે પછી ઋષભાદિના સર્વ–આયુષ્યને પણ તમે સાંભળો.

ગાથાર્થ : (II)ચોરાસીલાખપૂર્વ–બહોત્તેરલાખપૂર્વ – સાઠલાખપૂર્વ – પચાસલાખપૂર્વ – ચાલીસલાખપૂર્વ – ત્રીસલાખપૂર્વ – વીસલાખપૂર્વ – દશલાખપૂર્વ – બેલાખપૂર્વ અને એકલાખપૂર્વ.

**पंचाणउइ सहस्सा १७ चउरासीई अ १८ पंचवण्णा १९ य ।**
**तीसा २० य दस २१ य एगं २२ सयं २३ च बावत्तरी २४ चेव २० ॥३०५॥**

एताश्च एकोनत्रिंशदपिगाथाः सूत्रसिद्धा एव द्रष्टव्या इति ।

गतं पर्यायद्वारम्, इदानीमन्तक्रियाद्वारावसर इति, तत्रान्ते क्रिया अन्तक्रिया–निर्वाणलक्षणा, सा कस्य केन तपसा क्व जाता ?, वाशब्दात्कियत्परिवृतस्य चेत्येतत्प्रतिपादयन्नाह–

**निव्वाणमंतकिरिआ सा चउदसमेण पढमनाहस्स ।**
**सेसाण मासिएणं वीरजिणिंदस्स छट्ठेणं ॥३०६॥**
**अट्ठावयचंपुज्जितपावासम्मेअसेलसिहरेसुं ।**
**उसभ वसुपुज्ज नेमी वीरो सेसा य सिद्धिगया ॥३०७॥**
**एगो भयवं वीरो तित्तीसाइ सह निव्वुओ पासो ।**
**छत्तीसएहिं पंचहिं सएहि नेमिउ सिद्धिगओ ॥३०८॥**
**पंचहि समणसएहिं मल्ली संती उ नवसएहिं तु ।**
**अट्ठसएणं धम्मो सएहि छहि वासुपुज्जजिणो ॥३०९॥**

---

ગાથાર્થ : [II]ચોરાશીલાખવર્ષ – બહોત્તેરલાખવર્ષ – સાઠલાખવર્ષ – ત્રીસલાખવર્ષ – દસલાખવર્ષ – એકલાખવર્ષ,

ગાથાર્થ : [II]પંચાણુહજારવર્ષ – ચોરાશીહજારવર્ષ – પંચાવનહજારવર્ષ – ત્રીસહજારવર્ષ – દસહજારવર્ષ – એકહજારવર્ષ – એકસોવર્ષ – બહોત્તેરવર્ષ.

ટીકાર્થ : આ ઓગણત્રીસ ગાથાઓ સ્પષ્ટ જ છે. ॥૨૭૭ થી ૩૦૫॥

અવતરણિકા : પર્યાયદ્વાર પૂર્ણ થયું. હવે અંતક્રિયાદ્વારનો અવસર છે. તેમાં અંતમાં જે ક્રિયા થાય તે અંતક્રિયા એટલે કે નિર્વાણ. કયા તીર્થંકરને કયા તપવડે નિર્વાણ થયું ? કયા સ્થાને નિર્વાણ થયું ? તથા 'વા' શબ્દથી (ગા.નં. : ૨૧૧ માંના 'વા' શબ્દથી) કેટલા પરિવાર સાથે નિર્વાણ થયું ? તે કહે છે ⇨

ગાથાર્થ : અંતક્રિયા એટલે નિર્વાણ, તે અંતક્રિયા ઋષભનાથને છ ઉપવાસવડે થઈ. અજિતનાથાદિ તીર્થંકરોને માસિક ઉપવાસવડે અને વીરપ્રભુને છઠ્ઠવડે થઈ.

ગાથાર્થ : અષ્ટાપદ–ચંપાનગરી–ઉજ્જયંત–પાવાપુરી અને સમ્મેતશૈલશિખરે (ક્રમશઃ) ઋષભ–વાસુપૂજ્ય–નેમિ–વીર અને શેષ તીર્થંકરો સિદ્ધિને પામ્યા.

ગાથાર્થ : પ્રભુવીર એકલા, પાર્શ્વનાથ તેંત્રીસ સાધુઓ સાથે નિર્વાણ પામ્યા, પાંચસો છત્રીસ સાધુઓ સાથે નેમિનાથ સિદ્ધિ પામ્યા.

ગાથાર્થ : પાંચસો સાથે મલ્લિનાથ, નવસો સાથે શાંતિનાથ, આઠસો સાથે ધર્મનાથ, છસો સાથે વાસુપૂજ્ય,

सत्तसहस्साणंतइजिणस्स विमलस्स छस्सहस्साइं ।
पंचसयाइ सुपासे पउमाभे तिण्णि अट्ठ मया ॥३१०॥
दसहि सहस्सेहि उसभो सेसा उ सहस्सपरिवुडा सिद्धा ।
कालाइ जं न भणिअं पढमणुओगाउ तं णेअं ॥३११॥
इच्चेवमाइ सव्वं जिणाण पढमाणुओगओ णेअं ।
ठाणासुण्णत्थं पुण भणिअं २१ पगयं अओ वुच्छं ॥३१२॥
उसभजिणसमुट्ठाणं उट्ठाणं जं तओ मरीइस्स ।
सामाइअस्स एसो जं पुव्वं निग्गमोऽहिगओ ॥३१३॥

एता अप्यष्टौ निगदसिद्धा एव ।

चित्तबहुलट्ठमीए चउह सहस्सेहि सो उ अवरण्हे ।
सीआ सुदंसणाए सिद्धत्थवणंमि छट्ठेणं ॥३१४॥

गमनिका—चैत्रबहुलाष्टम्यां चतुर्भिः सहस्त्रैः समन्वितः सन् अपराह्ने शिबिकायां सुदर्शनायां

---

ગાથાર્થ : સાતહજાર સાથે અનંતનાથ, વિમલનાથ છહજાર સાથે, સુપાર્શ્વનાથ પાંચસો સાથે, પદ્મપ્રભસ્વામી ત્રણસોચોવીસ (સાધુઓ સાથે નિર્વાણ પામ્યા.) (त्रीणि – ત્રણ એવા ૧૦૮ = ૧૦૮ × ૩ = ૩૨૪ इति टिप्पणकारः)

ગાથાર્થ : દસહજાર સાથે ઋષભદેવ તથા શેષ તીર્થંકરો હજાર–હજાર સાથે સિદ્ધ થયા. કાળાદિ (અર્થાત્ કયા કાળમાં, કયા નક્ષત્રમાં વગેરે) જે કહ્યા નથી તે સર્વ પ્રથમાનુયોગમાંથી જાણી લેવા.

ગાથાર્થ : આ પ્રમાણે સર્વ જિનસંબંધી (વાતો) પ્રથમ–અનુયોગમાંથી જાણી લેવી. અહીં સ્થાન ખાલી ન રહે તે માટે (અમુક) કહેવાયું. હવે પછી પ્રકૃત વાતને (હું = ગ્રંથકાર) કહીશ.

ગાથાર્થ : ઋષભજિનનું સમુત્થાન (અહીં પ્રકૃત છે) કારણ કે (जं) ઋષભજિનમાંથી (तओ) મરીચિનું ઉત્થાન થયું છે (તે મરીચિનું ઉત્થાન પણ પ્રસ્તુત છે) કારણ કે (जं) સામાયિકનો નિર્ગમ અધિકૃત છે (અને તે મરીચિમાંથી થયેલા વીરપ્રભુમાંથી થયો છે.)

ટીકાર્થ : અહીં આઠે ગાથા સ્પષ્ટ છે.(ગા. નં.–૬૧૩ નો આશય એ છે કે, સામાયિકનો નિર્ગમ [ઉત્પત્તિ] શેમાંથી થયો ? એ વાત જણાવવાની હતી. તેથી પ્રભુવીરમાંથી તેનો નિર્ગમ થયો એમ કહ્યું. તે પ્રભુવીરનો નિર્ગમ મરીચિમાંથી થયો એટલે મરીચિના ઉત્થાનની વાત કરી.તે માટે ઋષભદેવની વાત જરૂરી બની એટલે એમના ઉત્થાનની વાત કરી.) ॥૩૦૬ થી ૩૧૩॥ (હવે અધૂરું રહેલ ઋષભદેવભગવાનનું ચરિત્ર કહે છે ➪)

ગાથાર્થ : ચૈત્ર વદ આઠમને દિવસે ચારહજાર વ્યક્તિઓની સાથે તે ઋષભદેવ અપરાહ્ન સમયે (સાંજે) સુદર્શનાનામની શિબિકામાં બેઠેલા છતાં સિદ્ધાર્થવનમાં છઠ્ઠના તપવડે (દીક્ષા ગ્રહણ કરી.)

ટીકાર્થ : "દીક્ષા લીધી" એ પ્રમાણે વાક્યશેષ જોડી દેવો. (શું કરીને દીક્ષા લીધી તે કહે

व्यवस्थितः सिद्धार्थवने षष्ठेन भक्तेन निष्क्रान्त इति वाक्यशेषः, अलङ्करणकं परित्यज्य चतुर्मुष्टिकं च लोचं कृत्वेति ॥३१४॥

आह–चतुर्भिः सहस्रैः समन्वित इत्युक्तं, तत्र तेषां दीक्षां किं भगवान् प्रयच्छति उत नेति, नेत्याह–

**चउरो साहस्सीओ लोअं काऊण अप्पणा चेव ।**
**जं एस जहा काही तं तह अम्हेऽवि काहामो ॥३१५॥**

गमनिका–प्राकृतशैल्या चत्वारि सहस्राणि लोचं पञ्चमुष्टिकं कृत्वा आत्मना चैव इत्थं प्रतिज्ञां कृतवन्तः-'यत्' क्रियाऽनुष्ठानं 'एष' भगवान् 'यथा' येन प्रकारेण करिष्यति तत्तथा 'अम्हेऽवि काहामोत्ति' वयमपि करिष्याम इति गाथार्थः ॥३१५॥

भगवानपि भुवनगुरुत्वात्स्वयमेव सामायिकं प्रतिपद्य विजहार । तथा चाह—

**उसभो ★वरवसभगई घित्तूणमभिग्गहं परमघोरं ।**
**वोसट्ठचत्तदेहो विहरइ गामाणुगामं तु ॥३१६॥**

गमनिका–ऋषभो वृषभसमगतिर्गृहीत्वा अभिग्रहं 'परमघोरं' परमः-परमसुखहेतुभूतत्वात्

---

છે–) અલંકારોને છોડી અને ચતુર્મુષ્ટિ લોચ કરીને દીક્ષા ગ્રહણ કરી. (સામાન્યથી બધા તીર્થંકરો પંચમુષ્ટિ લોચ કરે છે, પણ ઇન્દ્રની વિનંતીથી ઋષભદેવભગવાને ખભા પરના વાળ રહેવા દીધા તેથી ચતુર્મુષ્ટિ લોચ થયો.) ॥૩૧૪॥

**અવતરણિકા :** શંકા : "ચાર હજારની સાથે દીક્ષા લીધી" એવું જે કહ્યું, તેમાં તે ચાર હજાર વ્યક્તિઓને ભગવાને દીક્ષા આપી કે જાતે દીક્ષા ગ્રહણ કરી ? ઉત્તર : પ્રભુએ દીક્ષા આપી નથી એ વાત કહે છે ⇨

**ગાથાર્થ : ચારહજારે લોચ કરીને પોતાની જાતે જ (પ્રતિજ્ઞા કરી કે) પ્રભુ જે રીતે જે કરશે તે રીતે અમે પણ કરીશું.**

**ટીકાર્થ :** મૂળગાથામાં "साहस्सीओ" એ પ્રમાણે સ્ત્રીલિંગ પ્રાકૃતશૈલીથી થયું છે (બાકી સમજવાનું પુલ્લિંગ છે.) તેથી ચારહજાર વ્યક્તિઓએ પંચ–મુષ્ટિ લોચ કરી પોતાની જાતે જ આ પ્રમાણે પ્રતિજ્ઞાને કરી– "ભગવાન જે ક્રિયા જે રીતે કરશે તે ક્રિયા તે જ રીતે અમે પણ કરીશું." ॥૩૧૫॥

**અવતરણિકા :** પ્રભુ પણ ત્રણભુવનના ગુરુ હોવાથી જાતે જ સામાયિકને સ્વીકારી વિહાર કર્યો. તે વાતને કહે છે ⇨

**ગાથાર્થ : ઋષભસમાન ગતિવાળા ઋષભદેવ પરમઘોર અભિગ્રહને ધારણ કરી વ્યુત્સૃષ્ટત્યક્તદેહવાળા થયેલા છતાં ગ્રામાનુગ્રામ વિચરે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. (પરંતુ અભિગ્રહને 'પરમઘોર' એવું વિશેષણ શા માટે આપ્યું ? તે કહે છે કે) તે અભિગ્રહ પરમસુખનું કારણ હોવાથી પરમ છે અને સામાન્યપુરુષોવડે

---

★ वसभसमगइ.

घोरः-प्राकृतपुरुषैः कर्त्तुमशक्यत्वात् तं, 'व्युत्सृष्टत्यक्तदेहो विहरति ग्रामानुग्रामं तु' व्युत्सृष्टो-निष्प्रतिकर्मशरीरतया, तथा चोक्तम्–'[१४]अच्छिंपि नो पमज्जिज्जा, णोऽवि य कंडुविया मुणी गायं' त्यक्तः–खलु दिव्याद्युपसर्गसहिष्णुतया, शेषं सुगममिति गाथार्थः ॥३१६॥

स एवं भगवांस्तैरात्मीयैः परिवृतो विजहार, न च तदाऽद्यापि भिक्षादानं प्रवर्त्तते, लोकस्य परिपूर्णत्वादर्थ्यभावाच्च, तथा चाह मूलभाष्यकारः–

**णावि ताव जणो जाणइ का भिक्खा ? केरिसा व भिक्खयरा ?।**

**ते भिक्खमलभमाणा वणमज्झे तावसा जाया ॥३१॥ ( मू०भा० )**

गमनिका– नापि तावज्जनो जानाति-का भिक्षा ? कीदृशा वा भिक्षाचरा इति, अतस्ते भगवत्परिकरभूता भिक्षामलभमानाः क्षुत्परीषहार्त्ता भगवतो मौनव्रतावस्थितताद् उपदेशमलभमानाः कच्छमहाकच्छावेवोक्तवन्तः-अस्माकमनाथानां भवन्तौ नेताराविति, अतः कियन्तं कालमस्माभिरेवं क्षुत्पिपासोपगतैरासितव्यं ?, तावाहतुः-वयमपि न विद्मः, यदि भगवान् अनागतमेव पृष्टो भवेत्-किमस्माभिः कर्त्तव्यं ? किं वा नेति, ततः शोभनं भवेत्, इदानीं तु एतावद्युज्यते-भरतलज्जया

અભિગ્રહ કરવો શક્ય ન હોવાથી ઘોર છે. પ્રભુ નિષ્પ્રતિકર્મશરીરવાળા (અર્થાત્ શરીરમાં કોઈ પ્રતિકર્મ = ફેરફાર ન કરનારા) હોવાથી વ્યુત્સૃષ્ટદેહવાળા હતા. કહ્યું છે "(વ્યુત્સૃષ્ટદેહવાળા) મુનિ આંખને પણ પ્રમાર્જે નહિ (આંખમાં કોઈ કણિયો વગેરે પડે તો પણ તેને દૂર કરે નહિ) પોતાના શરીરને ખણે પણ નહિ." તથા પોતે દેવાદિકૃત ઉપસર્ગોના સહિષ્ણુ હોવાથી ત્યક્તદેહવાળા (દેહનું મમત્વ ત્યજીદેનારા) હતા. શેષ સુગમ છે. ॥૩૧૬॥

અવતરણિકા : આમ તે પ્રભુ પોતાના પરિવારથી યુક્ત થયેલા છતાં વિહાર કરતા હતા. અને તે સમયે હજુ સુધી ભિક્ષાદાન પ્રવર્તતુ નહોતું, કારણ કે લોકો પાસે પોતાની જરૂર પૂરતી સર્વ સામગ્રીઓ હતી. જેથી તે સમયે અર્થીઓ = યાચકોનો અભાવ હતો. આ વાતને મૂળભાષ્યકાર કહે છે ⇨

ગાથાર્થ : તે સમયે લોકો જાણતા નહોતા કે ભિક્ષા કોને કહેવાય ? અથવા ભિક્ષાચરો કેવા હોય ? (માટે પ્રભુ સાથે દીક્ષિત થયેલા) તે લોકો ભિક્ષાને નહિ પ્રાપ્ત કરતા વનમાં તાપસ બની ગયા.

ટીકાર્થ : લોક જાણતો નથી – ભિક્ષા શું છે ? અથવા ભિક્ષાચરો કેવા હોય ? તેથી પ્રભુના શિષ્યો ભિક્ષાને પ્રાપ્ત ન કરતા ભૂખ–તરસથી પીડાયેલા, પ્રભુને મૌનવ્રત હોવાથી પ્રભુ પાસેથી કોઈપણ પ્રકારના ઉપદેશ નહિ પામતા તે શિષ્યોએ કચ્છ અને મહાકચ્છને કહ્યું "અનાથ એવા અમારા માટે હવે તમે જ નેતા છો, આથી તમે કહો કે આ રીતે કેટલો કાળ ભૂખ્યા–તરસ્યા અમારે રહેવું પડશે ?" ત્યારે કચ્છ–મહાકચ્છે જવાબ આપ્યો, "અમે પણ જાણતા નથી.

આના કરતા જો પ્રભુને અનાગતે જ = દીક્ષા લેતા પહેલા જ પૂછ્યું હોત કે– "(દીક્ષા લીધા પછી) અમારાવડે શું કરવા યોગ્ય છે ? અથવા શું કર્તવ્ય નથી ? તો ઘણું સારું હતું.

१४. अक्ष्यपि नो प्रमार्जयेत् नापि च कण्डूयेत् मुनिर्गात्रम्.

गृहगमनमयुक्तमाहारमन्तरेण चासितुं न शक्यत इत्यतो वनवासो नः श्रेयान्, तत्रोपवासरताः परिशटितपरिणतपत्राद्युपभोगिनो भगवन्तमेव ध्यायन्तस्तिष्ठाम इति संप्रधार्य सर्व★संमतेनैव गङ्गानदीदक्षिणकूले रम्यवनेषु वल्कलचीरधारिणः खल्वाश्रमिणः संवृत्ता इति, आह च 'वनमध्ये तापसा जाताः' इति गाथार्थः ॥ तयोश्च कच्छमहाकच्छयोः सुतौ नमिविनमिनौ पित्रनुरागात् ताभ्यामेव सह विहृतवन्तौ, तौ च वनाश्रयणकाले ताभ्यामुक्तौ-दारूणः खल्विदानीम†स्माभिर्वन-वासविधिरङ्गीकृतः तद्यात यूयं स्वगृहाणीति, अथवा भगवन्तमेव उपसर्पत, स वोऽनुकम्पयाऽभिलषितफलदो भविष्यति, तावपि च पित्रोः प्रणमं कृत्वा पित्रादेशं तथैव कृतवन्तौ, भगवत्समीपमागत्य प्रतिमास्थिते भगवति जलाशयेभ्यो नलिनीपत्रेषु उदकमानीय सर्वतः प्रवर्षणं कृत्वा आजानूच्छ्रयमानं सुगन्धिकुसुमप्रकरं च अवनतोत्तमाङ्गक्षितिनिहितजानुकरतलौ प्रतिदिनमुभयसन्ध्यं राज्यसंविभागप्रदानेन भगवन्तं विज्ञाप्य पुनस्तदुभयपार्श्वे खड्गव्यग्रहस्तौ तस्थतुः ॥

तथा चाह निर्युक्तिकारः—

હવે તો આપણને આટલું જ કરવું ઘટે છે કે ભરતની લજ્જાથી ઘરે જવું આપણને શોભતું નથી (પાછા જવામાં ભરતના ઓશિયાળા થવું પડે.) અને આહાર વિના રહેવું શક્ય નથી. તેથી આપણને વનવાસ જ કલ્યાણકારી છે. ત્યાં રહેલા આપણે નીચે પડેલા પાંદડાદિને ખાઈ ભગવાનનું ધ્યાન ધરતા રહીશું."

આ પ્રમાણે વિચારી સર્વની સંમતિ મળતા ગંગાનદીના દક્ષિણકિનારે રહેલા મનોહર વનોમાં છાલના વસ્ત્રોને ધારણ કરનારા આશ્રમવાસી થયા. આ વાતને મૂળગાથામાં કહી છે "વનમાં તાપસ થયા." આ પ્રમાણે ગાથાર્થ પૂર્ણ થયો.॥ **ભા.—૩૧॥**

કચ્છ—મહાકચ્છના પુત્રો નમિ—વિનમિ પણ પિતાના અનુરાગથી કચ્છ—મહાકચ્છની સાથે જ વિહાર કરતા હતા અને જ્યારે વનમાં જવાનો સમય આવ્યો ત્યારે કચ્છ—મહાકચ્છે નમિ—વિનમિને કહ્યું, "હવે અમે ભયંકર=કષ્ટદાયક એવો વનવાસ સ્વીકાર્યો છે. તેથી તમે તમારા ઘરે જાઓ અથવા પ્રભુ પાસે જાઓ. તે પ્રભુ તમને તમારી ઉપરની અનુકંપાથી ઈચ્છિતફળને આપનારા થશે." તે નમિ—વિનમિએ પણ પિતાને નમન કરી પિતાના આદેશ પ્રમાણે કર્યું.

પ્રભુ પાસે જઈ પ્રતિમામાં રહેલા ભગવાનની આસપાસ જલાશયોમાંથી પદ્મપત્રોમાં પાણી લાવી ચારે બાજુ વર્ષા કરી. (જેથી આજુબાજુની રજકણો ઊડે નહિ) તે કરીને જાનુપ્રમાણ ઊંચાઈવાળો સુગંધીપુષ્પોનો ઢગલો કર્યો. ત્યાર પછી નમેલું છે મસ્તક જેનું તેવા તથા પૃથ્વી ઉપર સ્થાપિત કરેલા છે જાનુ અને કરતલ જેમનાવડે તેવા તે રોજેરોજ ઉભયટંક "અમને પણ રાજ્યનો વિભાગ આપો" એ પ્રમાણે રાજ્યના સંવિભાગનું પ્રદાન કરવા માટે ભગવાનને વિજ્ઞપ્તિ કરીને પ્રભુની આજુબાજુ હાથમાં તલવાર લઈ ઊભા રહ્યા.

**અવતરણિકા :** આ જ વાતને નિર્યુક્તિકાર કહે છે ➾

★ नेदम् प्र०. † चा.

**नमिविनमीणं जायण नागिंदो विज्जदाण वेअड्ढे ।**
**उत्तरदाहिणसेढी सट्ठीपण्णासनगराइं ॥३१७॥**

**अक्षरगमनिका—नमिविनमिनोर्याचना, नागेन्द्रो भगवद्वन्दनायागतः, तेन विद्यादानमनुष्ठितं, वैताढ्ये पर्वते उत्तरदक्षिणश्रेण्योः यथायोगं षष्टिपञ्चाशन्नगराणि निविष्टानीति गाथाक्षरार्थः ॥३१७॥ भावार्थः कथानकादवसेयः, तच्चेदम् — [१५]अन्नया धरणो नागराया भगवंतं वंदओ आगओ, इमेहि य विण्णविअं, तओ सो ते तहा जायमाणे भणति-भगवं चत्तसंगो, ण एयस्स अत्थि किंचि दायव्वं, मा एयं जाएह, अहं तुब्भं भगवओ भत्तीए देमि, सामिस्स सेवा अफला मा भवउत्तिकाउं पढियसिद्धाणं गंधव्वपन्नगाणं अडयालीसं विज्जासहस्साइं गिण्हह, ताण इमाओ महाविज्जाओ चत्तारि, तंजहा—गोरी गंधारी रोहिणी पण्णत्तित्ति, तं गच्छह तुब्भे विज्जाहररिद्धीए सयणं जणवयं च उवलोभेऊण दाहिणिल्लाए उत्तरिल्लाए य विज्जाहरसेढीए रहनेउरचक्कवालपामोक्खे गगणवल्लभपामोक्खे य पण्णासं सट्ठिं च विज्जाहरणगरे णिवेसिऊण विहरह । तओ ते**

---

ગાથાર્થ : **નમિ–વિનમિની યાચના – નાગેન્દ્ર – વિદ્યાદાન – વૈતાઢ્ય – ઉત્તર દક્ષિણશ્રેણિ – સાઠ, પચાસ નગરો.**

**ટીકાર્થ :** નમિ–વિનમિની યાચના, ભગવાનને વંદન કરવા નાગેન્દ્ર આવ્યો. તેનાવડે વિદ્યાદાન કરાયું. વૈતાઢ્યપર્વતમાં ઉત્તર–દક્ષિણશ્રેણિમાં ક્રમશઃ સાઠ અને પચાસ નગરો વસાવ્યા. ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. તે કથાનક આ પ્રમાણે છે – એકવાર નાગરાજ ધરણેન્દ્ર પ્રભુને વંદન કરવા આવ્યો. તે સમયે નમિ–વિનમિએ પ્રભુ પાસે રાજ્યના વિભાગની માગણી કરી.

ત્યારે આ રીતે યાચના કરતા આ બંનેને ધરણેન્દ્રે કહ્યું "પ્રભુ ત્યક્તસંગવાળા છે. હવે એમની પાસે દેવા યોગ્ય કશું નથી. માટે તમે પ્રભુ પાસે યાચના કરો નહિ. હું તમને પ્રભુની ભક્તિના બદલામાં આપુ છું. પ્રભુની સેવા નિષ્ફળ ન થાઓ તે માટે બોલવા માત્રથી સિદ્ધ થનારી ગંધર્વ–પન્નગ વગેરે અડતાલીસહજાર વિદ્યાને તમે ગ્રહણ કરો. તેમાં આ ચાર મહાવિદ્યાઓ છે – ગોરી, ગંધારી, રોહિણી અને પ્રજ્ઞપ્તિ. તેથી તમે જાઓ અને વિદ્યાધર ઋદ્ધિથી સ્વજનો અને પ્રજાને પ્રલોભન આપી દક્ષિણસંબંધી અને ઉત્તરસંબંધી વિદ્યાધરશ્રેણિમાં રથનુપૂર–ચક્રવાલ વગેરે અને ગગનવલ્લભ વગેરે પચાસ અને સાઠ નગરોને વસાવી રહો."

---

**१५. अन्यदा धरणो नागराजः भगवन्तं वन्दितुमागतः, आभ्यां विज्ञप्तं च, ततः स तौ तथा याचमानौ भणति-भगवान् त्यक्तसङ्गः, नैतस्य विद्यते किञ्चिद्दातव्यं, मैनं याचिष्टं, अहं वां भगवतो भक्त्या ददामि, स्वामिनः सेवाऽफला मा भूदितिकृत्वा पठितसिद्धानां गन्धर्वप्रज्ञकानां अष्टचत्वारिंशत् विद्यासहस्राणि गृह्णीतं, तासामिमा महाविद्याश्चतस्त्रः, तद्यथा-गौरी गान्धारी रोहिणी प्रज्ञप्तिरिति, तद् गच्छतं युवां विद्याधरर्ध्या स्वजनं जनपदं चोपप्रलोभ्य दक्षिणस्यामुत्तरस्यां च विद्याधरश्रेण्यां रथनूपुरचक्रवाल-प्रमुखाणि गगनवल्लभप्रमुखाणि च पञ्चाशतं षष्टिं च विद्याधरनगराणि निवेश्य विहरतं । ततस्तौ**

[१६] लद्धप्पसाया कामियं पुप्फयविमाणं विउव्विऊण भगवंतं तित्थयरं नागरायं च †वंदिऊण पुप्फयविमाणारूढा कच्छमहाकच्छाणं भगवप्पसायं उवदंसेमाणा विणीयनगरि+मुवगम्म भरहस्स रण्णो तमत्थं निवेदित्ता सयणं परियणं गहाय वेयड्ढे पव्वए णमी दाहिणिल्लाए विज्जाहरसेढीए विणमी उत्तरिल्लाए पण्णासं सट्ठिं च विज्जाहरनगराइ निवेसिऊण विहरंति । अत्रान्तरे —

**भगवं अदीणमणसो संवच्छरमणसिओ विहरमाणो ।**
**कण्णाहि निमंतिज्जइ वत्थाभरणासणेहिं च ॥३१८॥**

व्याख्या — भगः खल्वैश्वर्यादिलक्षणः सोऽस्यास्तीति भगवान् असावपि अदीनं मनो यस्यासौ अदीनमनाः-निष्प्रकम्पचित्त इत्यर्थः । 'संवत्सरं' वर्षं न अशितः अनशितः विहरन् भिक्षाप्रदानानभिज्ञेन लोकेनाभ्यर्हितश्च ( श्चेति ) कृत्वा कन्याभिर्निमन्त्र्यते, वस्त्राणि—★पट्टांशुकानि आभरणानि-कटककेयूरादीनि आसनानि—सिंहासनादीनि एतैश्च निमन्त्र्यत इति । वर्त्तमाननिर्देशप्रयोजनं पूर्ववदिति गाथार्थः ॥३१८॥

---

ત્યાર પછી કૃપાને પ્રાપ્ત કરેલા તેઓ ઈચ્છિત એવા પુષ્પકવિમાનને વિકુર્વી ભગવાન અને નાગરાજને વંદન કરી પુષ્પકવિમાનમાં બેઠાં બેઠાં જ કચ્છ—મહાકચ્છને પ્રભુનો પ્રસાદ દેખાડી વિનીતાનગરીમાં આવ્યા. ત્યાં આવી ભરતરાજાને પોતાને પ્રાપ્ત ઋદ્ધિ, વગેરેનું નિવેદન કરી સ્વજનો—પરિજનોને લઈ વૈતાઢ્યપર્વતમાં નમિ દક્ષિણસંબંધી વિદ્યાધરશ્રેણિમાં અને વિનમિ ઉત્તરસંબંધી વિદ્યાધરશ્રેણીમાં ક્રમશઃ પચાસ અને સાઠ વિદ્યાધર નગરી વસાવી રહે છે.॥૩૧૭॥ તે સમયે

**ગાથાર્થ : અદીનમનવાળા, સંવત્સર સુધી અશન વિનાના, વિહાર કરતા પ્રભુ કન્યાઓ વડે અને વસ્ત્ર — આભરણો — આસનોવડે નિમંત્રણ કરાય છે.**

ટીકાર્થ : ઐશ્વર્યાદિરૂપ ભગ જેની પાસે છે તે ભગવાન, અદીનમનવાળા = નિષ્પ્રકંપ-ચિત્તવાળા, એકવર્ષ સુધી અશન = ખોરાક વિનાના વિચરતા તે પ્રભુ, ભિક્ષાદાનને નહિ જાણતા તે લોકોવડે "આ સત્કારવા યોગ્ય છે અથવા પૂજનીય છે" એવું જાણી કન્યાઓવડે નિમંત્રણ કરાતા હતા. (અર્થાત્ લોકો પોતાની કન્યાનું દાન આપવા પ્રભુને નિમંત્રતા હતા.) વસ્ત્રો = પટ્ટાંશુક વિગેરે કીંમતી વસ્ત્રો, વીંટી, બાજુબંધાદિ અલંકારો, સિંહાસનાદિ આસનોવડે નિમંત્રણ આપે છે. અહીં "निमंतिज्जइ" એ પ્રમાણે વર્તમાનપ્રયોગનું કારણ પૂર્વની જેમ જાણી લેવું. (અર્થાત્ ત્રિકાળવિષયક સૂત્ર હોવાથી કરેલું જાણવું.) ॥૩૧૮॥

---

१६. लब्धप्रसादौ कामितं पुष्पकविमानं विकुर्व्य भगवन्तं तीर्थकरं नागराजं च वन्दित्वा पुष्पकविमानारूढौ कच्छमहाकच्छाभ्यां भगवत्प्रसादं उपदर्शयन्तौ विनीतानगरीमुपागम्य भरताय राज्ञे तमर्थं निवेद्य स्वजनं परिजनं गृहीत्वा वैताढ्ये पर्वते नमिर्दाक्षिणात्यायां विद्याधरश्रेण्यां विनमिरौत्तरायां पञ्चाशतं षष्टिं च विद्याधरनगराणि निवेश्य विहरतः. † दोवि. +०मतिगम्म. ★ पट्टदेवाङ्गादीनि.

एवं विहरता भगवता कियता कालेन भिक्षा लब्धेत्येतत्प्रतिपादनायाह–

**संवच्छरेण भिक्खा लद्धा उसभेण लोगनाहेण ।**
**सेसेहि बीयदिवसे लद्धाओ पढमभिक्खाओ ॥३१९॥**

गमनिका - संवत्सरेण भिक्षा लब्धाः ऋषभेण लोकनाथेन-प्रथमतीर्थकृता, शेषैः-अजितादिभिः भरत+क्षेत्रतीर्थकृद्भिः द्वितीयदिवसे लब्धाः प्रथमभिक्षा इति गाथार्थः ॥३१९॥

तीर्थकृतां प्रथमपारणकेषु यद्यस्य पारणकमासीत् तदभिधित्सुराह–

**उसभस्स उ पारणए, इक्खुरसो आसि लोगनाहस्स ।**
**सेसाणं परमण्णं अमयरससरसोवमं आसी ॥३२०॥**

गमनिका – ऋषभस्य तु इक्षुरसः प्रथमपारणके आसील्लोकनाथस्य, शेषाणाम्–अजितादीनां परमं च तदन्नं च परमान्नं–पायसलक्षणं, किंविशिष्टमित्याह–अमृतरसवद् रसोपमा यस्य तद् अमृतरसरसोपममासीदिति गाथार्थः ॥३२०॥

तीर्थकृतां प्रथमपारणकेषु यद्वृत्तं तदभिधित्सुराह–

**घुट्ठं च अहोदाणं दिव्वाणि अ आहयाणि तूराणि ।**
**देवा य संनिवइआ वसुहारा चेव वुट्ठा य ॥३२१॥**

गमनिका–देवैराकाशगतैः घुष्टं च अहोदानमिति–अहोशब्दो विस्मये अहो दानमहो दानमित्येवं दीयते, सुदत्तं भवतामित्यर्थः तथा दिव्यानि च आहतानि तूराणि तदा त्रिदशैरिति देवाश्च

---

**અવતરણિકા :** આ પ્રમાણે વિચરતા પ્રભુને કેટલા કાળ પછી ભિક્ષાની પ્રાપ્તિ થઈ ? તે કહે છે ⇨

**ગાથાર્થ :** લોકનાથ એવા ઋષભવડે વર્ષ પછી ભિક્ષા પ્રાપ્ત કરાઈ. શેષ તીર્થંકરોએ બીજા દિવસે પ્રથમભિક્ષા પ્રાપ્ત કરી.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૩૧૯॥

**અવતરણિકા :** તીર્થંકરોમાં જે તીર્થંકરને પ્રથમપારણામાં જે દ્રવ્ય હતું તે કહે છે ⇨

**ગાથાર્થ :** લોકનાથ એવા ઋષભને પારણામાં ઈક્ષુરસ હતો. શેષ તીર્થંકરોને અમૃતરસ સમાન એવું પરમાન્ન (ખીર) હતું.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે.॥૩૨૦॥

**અવતરણિકા :** તીર્થંકરોને પ્રથમ પારણામાં જે પ્રસંગ બન્યા તે કહે છે ⇨

**ગાથાર્થ :** (દેવોવડે) ઘોષિત કરાયું – અહોદાનં, દિવ્ય એવા વાજિંત્રો વગાડાયા, દેવોનો સન્નિપાત થયો અને વસુધારાની વૃષ્ટિ થઈ.

**ટીકાર્થ :** આકાશમાં રહેલા એવા દેવોવડે 'અહોદાનં – અહોદાનં' એ પ્રમાણે ઘોષણા કરાઈ. અહીં અહોશબ્દ આશ્ચર્યના અર્થમાં છે. 'અહોદાનં – અહોદાનં' અર્થાત્ તમારાવડે સારી રીતે દાન દેવાયું. તથા દિવ્ય વાજિંત્રો વગાડાયા અને દેવોનો સંનિપાત થયો અર્થાત્

---

\+ नास्ति पदद्वयमिदं.

सन्निपतिताः, तदैव वसुधारा चैव वृष्टा, वसु द्रव्यमुच्यत इति गाथार्थः ॥३२१॥

एवं सामान्येन पारणककालभाव्युक्तम्, इदानीं यत्र यथा च यच्च आदितीर्थकरस्य पारणकमासीत् तथाऽभिधित्सुराह–

**गयउर सिज्जंसिक्खुरसदाण वसुहार पीढ★ गुरूपूआ ।**
**तक्खसिला+यलगमणं बाहुबलिनिवेअणं चेव ॥३२२॥**

अस्या भावार्थः कथानकादवबोद्धव्यः । तच्चेदम्–[१७]कुरुजणपदे गयपु△रणगरे बाहुबलिपुत्तो सोमप्पभो, तस्स पुत्तो सेज्जंसो जुवराया, सो सुमिणे मंदरं पव्वयं सामवण्णं पासति, ततो तेण अमयकलसेण अभिसित्तो अब्भहिअं सोभितुमाढत्तो, नगरसेट्ठी सुबुद्धिनामो, सो सूरस्स रस्सीसहस्सं *ठाणाओ चलियं पासति, नवरं सिज्जंसेण हक्खुत्तं, सो य अहिअयरं तेयसंपुण्णो जाओ, राइणा सुमिणे एक्को पुरिसो महप्पमाणो महया रिउबलेण सह जुज्झंतो दिट्ठो, सिज्जंसेण ▲साहज्जं दिण्णं, ततो णेण तं बलं भग्गंति, ततो अत्थाणीए एगओ मिलिया, सुमिणे साहंति, न पुण जाणंति–

(વસુધારા કરવા જૃંભક) દેવોનું આગમન થયું અને તે વખતે જ વસુધારાની વૃષ્ટિ થઈ. અહીં વસુ એટલે ધન સમજવું. ॥૩૨૧॥

**અવતરણિકા :** આ પ્રમાણે સામાન્યથી પારણાના સમયે જે થયું તે કહ્યું. હવે આદિનાથ પ્રભુનું જ્યાં પારણું થયું, જેવી રીતે થયું અને પારણામાં કયું દ્રવ્ય હતું તે સર્વ કહે છે ➪

**ગાથાર્થ :** ગજપુર – શ્રેયાંસ – ઈક્ષુરસનું દાન–વસુધારા – પીઠ – ગુરુપૂજા – તક્ષશિલાગમન – અને બાહુબલિને નિવેદન.

**ટીકાર્થ :** આ ગાથાનો ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે...

કુરુ નામના જનપદના ગજપુરનામના નગરમાં બાહુબલિનો પુત્ર સોમપ્રભ હતો. તેનો પુત્ર શ્રેયાંસ યુવરાજ હતો. તે સ્વપ્નમાં મંદર(મેરુ)પર્વતને શ્યામવર્ણવાળો જુએ છે. તેથી શ્રેયાંસે અમૃતકળશોવડે મેરુનો અભિષેક કર્યો. જેથી તે મેરુ અધિક શોભવા લાગ્યો. તે જ નગરમાં સુબુદ્ધિ નામનો નગરશ્રેષ્ઠી હતો. તે સ્વપ્નમાં જુએ છે કે સૂર્યના હજારકિરણો પોતાના સ્થાનથી ચલિત થયા છે (=કિરણો સૂર્યથી જુદા થયા છે.) પરંતુ શ્રેયાંસવડે તે કિરણો સ્વસ્થાનમાં જોડાયા. જેથી તે સૂર્ય અધિકતર તેજથી સંપૂર્ણ થયો. (એ જ સમયે રાજાએ પણ સ્વપ્ન જોયું.)

રાજાવડે સ્વપ્નમાં એક મોટા પ્રમાણવાળો પુરુષ મોટા શત્રુસૈન્ય સાથે યુદ્ધ કરતો જોવાયો. શ્રેયાંસે તે પુરુષને મદદ કરી. તેથી તે પુરુષવડે શત્રુસૈન્ય ભંગાયું. બીજા દિવસે રાજા–

१७. कुरुजनपदे गजपुरनगरे बाहुबलिपुत्रः सोमप्रभः, तस्य पुत्रः श्रेयांसो युवराजः, स स्वप्ने मन्दरं पर्वतं श्यामवर्णमपश्यत्, ततस्तेन अमृतकलशेनाभिषिक्तः, अभ्यधिकं शोभितुमारब्धः, नगरश्रेष्ठी सुबुद्धिनामा, स सूर्यस्य रश्मिसहस्रं स्थानात् चलितं अपश्यत्, नवरं श्रेयांसेन अभिक्षिप्तं, स चाधिकतरं तेजःसंपूर्णो जातः, राज्ञा स्वप्ने एकः पुरुषो महाप्रमाणो महता रिपुबलेन सह युध्यमानो दृष्टः, श्रेयांसेन साहाय्यं दत्तं, ततोऽनेन तद्बलं भग्नमिति, तत आस्थानिकायां एकतो मिलिताः, स्वप्नान् साधयन्ति, न पुनर्जानन्ति- ★पेढ०. + दूल०. △ ०पुरे. * थाणाओ. ▲ साहियं.

किं[१८] भविस्सइत्ति, नवरं राया भणइ-कुमारस्स महंतो कोऽवि लाभो भविस्सइत्ति भणिऊण उट्ठिओ अत्थाणीओ, सिज्जंसोऽवि गओ नियगभवणं, तत्थ य ओलोयणट्ठिओ पेच्छति सामिं पविसमाणं, सो चिंतेइ–कहिं मया एरिसं नेवत्थं दिट्ठपुव्वं ? जारिसं पपितामहस्सत्ति, जाती संभरिता-सो पुव्वभवे भगवओ सारही आसि, तत्थ तेण वइरसेणतित्थगरो तित्थयरलिंगेण दिट्ठोत्ति, वइरणाभे य पव्वयंते सोऽवि अणुपव्वइओ, तेण तत्थ सुयं जहा-एस वइरणाभो भरहे पढमतित्थयरो भविस्सइत्ति, तं एसो सो भगवंति । तस्स य मणुस्सो खोयरसघडएण सह अतीओ, तं गहाय भगवंतमुवट्ठिओ, कप्पइत्ति सामिणा पाणी पसारिओ, सव्वो निसिट्ठो पाणीसु, अच्छिद्दपाणी भगवं, उपरि सिहा वड्ढइ, न य छड्डिज्जइ, भगवओ एस लद्धी, भगवया सो पारिओ, तत्थ दिव्वाणि पाउब्भूयाणि, तंजहा-वसुहारा वुट्ठा १ चेलुक्खेवो कओ २ आहयाओ देवदुंदुहीओ ३

નગરશ્રેષ્ઠિ – શ્રેયાંસ વગેરે સર્વ સભામાં ભેગા થયા. દરેકે પોતાને આવેલ સ્વપ્નની વાત કરી. પરંતુ કોઈ જાણતું નથી કે "શું થશે ?" રાજાએ કહ્યું, "શ્રેયાંસકુમારને કોઈ મોટો લાભ થશે" એમ બોલી તે રાજસભામાંથી ઊભો થયો. શ્રેયાંસ પણ પોતાના ભવનમાં ગયો. ત્યાં અવલોકનમાં (ઝરૂખામાં) ઊભેલા તેણે પ્રવેશ કરતા પ્રભુને જોયા.

તે વિચારવા લાગ્યો કે "જેવા પ્રકારના પ્રપિતામહનો વેષ છે તેવા પ્રકારનો વેષ ક્યાંક મારાવડે પૂર્વે જોવાયેલો છે. આમ વિચારતા તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તે પૂર્વભવમાં ભગવાનનો સારથિ હતો. તે ભવમાં તેનાવડે વજ્રસેન નામના તીર્થંકર તીર્થંકરલિંગમાં જોવાયા હતા અને વજ્રનાભે દીક્ષા લેતા તેની પાછળ સારથિએ પણ દીક્ષા લીધી હતી. તે સારથિએ તે ભવમાં સાંભળ્યું હતું કે "આ વજ્રનાભ ભરતક્ષેત્રમાં પ્રથમતીર્થંકર થશે." તે આ ભગવાન છે. (એ પ્રમાણે શ્રેયાંસને બધું યાદ આવ્યું.) તે સમયે તેનો માણસ શેરડીના રસથી ભરેલા ઘડા લઈને આવ્યો. તેને લઈ શ્રેયાંસ પ્રભુ પાસે આવ્યો.

"આ કલ્પ્ય છે" એમ જાણી પ્રભુએ હાથ લંબાવ્યા. પ્રભુના હાથમાં સંપૂર્ણ ઘડો ખાલી કર્યો. પ્રભુના હાથ છિદ્રવિનાના હતા (અર્થાત્ ખોબામાંથી કશું ઢોળાય નહિ તેવી લબ્ધિ હતી.) જેમ જેમ રસ હાથમાં નંખાતો જાય તેમ તેમ ઉપર શિખા થાય પણ ઢોળાય નહિ કારણ કે પ્રભુની આ લબ્ધિ હતી. પ્રભુએ ઈક્ષુરસવડે પારણું કર્યું. ત્યા પાંચ દિવ્યો પ્રકટ થયા.

१८. किं भविष्यतीति, नवरं राजा भणति-कुमारस्य महान् कोऽपि लाभो भविष्यतीति भणित्वा उत्थित आस्थानिकातः, श्रेयांसोऽपि गतो निजकभवनं, तत्र चावलोकनस्थितः पश्यति स्वामिनं प्रविशन्तं, स चिन्तयति-क्व मया ईदृशं नेपथ्यं दृष्टपूर्वं यादृशं प्रपितामहस्येति, जातिः स्मृता, -स पूर्वभवे भगवतः सारथिरासीत्, तत्र तेन वज्रसेनतीर्थकरस्तीर्थकरलिङ्गेन दृष्ट इति, वज्रनाभे च प्रव्रजति सोऽप्यनुप्रव्रजितः, तेन तत्र श्रुतं यथा-एष वज्रनाभो भरते प्रथमतीर्थकरः भविष्यतीति, तदेष स भगवानिति । तस्य च मनुष्य इक्षुरसघटेन सहागतः, तं गृहीत्वा भगवन्तमुपस्थितः, कल्पत इति स्वामिना पाणी प्रसारितौ, सर्वो निसृष्टः पाण्योः, अच्छिद्रपाणिर्भगवान्, उपरि शिखा वर्धते, न चाधः पतति, भगवत एषा लब्धिः, भगवता स पारितः, तत्र दिव्यानि प्रादुर्भूतानि, तद्यथा-वसुधारा वृष्टा १. चेलोत्क्षेपः कृतः २ आहता देवदुन्दुभयः ३

[१९]गंधोदककुसुमवरिसं मुक्कं ४ आगासे य अहोदाणं घुट्ठंति ५ । तओ तं देवसंनिवाअं पासिऊण लोगो सेज्जंसघरमुवगओ, ते तावसा अन्ने य रायाणो, ताहे सेज्जंसो ते पण्णवेइ-एवं भिक्खा दिज्जइ, एएसिं च दिण्णे सोग्गती गम्मइ, ततो ते सव्वेऽवि पुच्छंति-कहं तुमे जाणियं ? जहा— सामिस्स भिक्खा दायव्वत्ति, सेज्जंसो भणइ—जाइसरणेण, अहं सामिणा सह अट्ठ भवग्गहणाइं अहेसि, तओ ते संजायकोउहल्ला भणंति-इच्छामो णाउं अट्ठसु भवग्गहणेसु को को तुमं सामिणो आसित्ति, ततो सो तेसिं पुच्छंताणं अप्पणो सामिस्स य अट्ठभवसंबद्धं कहं कहेइ जहा "वसुदेवहिंडीए", ताणि पुण संखेवओ इमाणि, तंजहा-ईसाणे सिरिप्पभे विमाणे भगवं ललिअंगओ अहेसि, सेज्जंसो से सयंपभादेवी पुव्वभवनिन्नामिआ १ पुव्वविदेहे पुक्खलावइविजए लोहग्गले नयरे भगवं वइरजंघो आसि, सिज्जंसो से सिरिमती भारिया २ तत्तो उत्तरकुराए

ते आ प्रमाणे – १. વસુધારાની વૃષ્ટિ થઈ ૨. વસ્ત્રોનો ઉત્ક્ષેપ થયો (વસ્ત્રોત્ક્ષેપ એટલે નવા અનેક પ્રકારના લેનારને ઉપયોગી થાય તેવા વસ્ત્રોની દેવો વૃષ્ટિ કરે છે) ૩. દેવદુંદુભિઓ વગાડાઈ ૪. સુગંધી પાણી અને પુષ્પોની વૃષ્ટિ થઈ ૫. "અહોદાનં અહોદાનં" ની ઘોષણા થઈ. ત્યાર પછી દેવોના આગમનને જોઈ લોકો શ્રેયાંસના ઘર પાસે આવ્યા. તથા તે તાપસો (જેઓ પ્રભુ સાથે દીક્ષા લીધા પછી પાછળ તાપસ બનેલા તેઓ) અને બીજા રાજાઓ પણ ત્યાં આવ્યા.

ત્યારે શ્રેયાંસ તે સર્વને કહે છે, "આ પ્રમાણે ભિક્ષા દેવી જોઈએ અને એમને આપતા સદ્ગતિ પ્રાપ્ત થાય છે." તે સર્વલોકો શ્રેયાંસને પૂછે છે "તમે કેવી રીતે જાણ્યું ? કે સ્વામીને ભિક્ષા દેવા યોગ્ય છે ?" શ્રેયાંસે કહ્યું, "જાતિસ્મરણવડે મેં જાણ્યું. હું સ્વામી સાથે છેલ્લા આઠભવથી છું." આ સાંભળી કુતૂહલવાળા લોકોએ કહ્યું, "તમે અને સ્વામી આઠભવમાં કોણ કોણ હતા ? તે જાણવા ઇચ્છીએ છીએ." તેથી શ્રેયાંસ પૂછતાં એવા લોકોને પોતાની અને સ્વામીની આઠભવની સંબદ્ધ કથાને કહે છે –

આ કથા "**वसुदेवहिन्डी**" નામના ગ્રંથમાંથી જાણી લેવી. સંક્ષેપથી તે આઠ ભવો આ પ્રમાણે હતા – ૧. ઈશાન દેવલોકમાં શ્રીપ્રભનામના વિમાનમાં પ્રભુ લલિતાંગ નામે દેવ હતા ત્યારે શ્રેયાંસ તેમની સ્વયંપ્રભા નામની દેવી હતી. જે પૂર્વભવમાં "નિર્નામિકા" નામે ગરીબ કન્યા હતી. ૨. પૂર્વવિદેહમાં પુષ્કલાવતીવિજયમાં લોહાર્ગલનામના નગરમાં પ્રભુ વજ્રજંઘ તરીકે

१९. गन्धोदककुसुमवर्षा मुक्ता ४ आकाशे चाहोदानं घुष्टमिति ५ । ततस्तं देवसंनिपातं दृष्ट्वा लोकः श्रेयांसगृहमुपागतः, ते तापसा अन्ये च राजानः, तदा श्रेयांसस्तान् प्रज्ञापयति-एवं भिक्षा दीयते, एतेभ्यश्च दत्ते सुगतिर्गम्यते, ततस्ते सर्वेऽपि पृच्छन्ति-कथं त्वया ज्ञातं ? यथा स्वामिने भिक्षा दातव्येति, श्रेयांसो भणति-जातिस्मरणेन, अहं स्वामिना सहाष्टौ भवग्रहणान्यभूवं, ततस्ते संजातकौतूहला भणन्ति-इच्छामो ज्ञातुं, अष्टसु भवग्रहणेषु कस्कस्त्वं स्वामिनोऽभव इति, ततः स तेभ्यः पृच्छद्भ्य आत्मनः स्वामिनश्चाष्टभवसंबद्धां कथां कथयति यथा वसुदेवहिण्ड्यां, तानि पुनः संक्षेपत इमानि, तद्यथा-ईशाने श्रीप्रभे विमाने भगवान् ललिताङ्गक आसीत्, श्रेयांसस्तस्य स्वयंप्रभा देवी पूर्वभवनिर्नामिका १ पूर्वविदेहेषु पुष्कलावतीविजये लोहार्गले नगरे भगवान् वज्रजङ्घ आसीत्, श्रेयांसस्तस्य श्रीमती भार्या २ तत उत्तरकुरुषु

[२०] **भगवं मिहुणगो सेज्जंसोऽवि मिहुणिआ अहेसि ३ ततो सोहम्मे कप्पे दुवेऽवि देवा अहेसि ४ ततो भगवं अवरविदेहे विज्जपुत्तो सेज्जंसो पुण जुण्णसेट्ठिपुत्तो केसवो नाम छट्ठो मित्तो अहेसि ५ ततो अच्चुए कप्पे देवा ६ ततो भगवं पुंडरीगिणीए नगरीए वइरणाहो सेज्जंसो सारही ७ ततो सव्वट्ठसिद्धे विमाणे देवा ८ इह पुण भगवओ पपोत्तो जाओ सेज्जंसोत्ति । तेसिं च तिण्हवि सुमिणाण एतदेव फलं-जं भगवओ भिक्खा दिण्णत्ति । ततो जणवओ एवं सोऊण सेज्जंसं अभिणंदिऊण सट्ठाणाणि गतो, सेज्जंसोऽवि भगवं जत्थ ठिओ पडिलाभिओ ताणि पयाणि मा पाएहिं अक्कमिहामित्ति भत्तीए तत्थ रयणामयं पेढं करेइ, तिसंझं च अच्चिणइ, विसेसेण य पव्वदेसकाले अच्चिणेऊण भुंजइ, लोगो पुच्छइ-किमेयंति, सेज्जंसो भणति-आदिगरमंडलगंति, ततो लोगेणवि जत्थ जत्थ भगवं ठितो तत्थ तत्थ पेढं कयं, तं च कालेण आइच्चपेढं संजायंति गाथार्थः ॥**

હતા ત્યારે શ્રેયાંસ તેમની શ્રીમતી નામે પત્ની હતી. ૩. ત્યાર પછી ઉત્તરકુરુક્ષેત્રમાં પ્રભુ નરમિથુનક હતા ત્યારે શ્રેયાંસ સ્ત્રીમિથુનક હતી. ૪. ત્યાર પછી સૌધર્મદેવલોકમાં બંને દેવ તરીકે હતા. ૫. ત્યાર પછી પ્રભુ વૈદ્યપુત્ર થયા અને શ્રેયાંસ જીર્ણશ્રેષ્ઠિનો પુત્ર કેશવનામે છઠ્ઠો મિત્ર હતો. ૬ ત્યાર પછી અચ્યુતદેવલોકમાં દેવ થયા ૭. ત્યાર પછી ભગવાન પુંડરીકિણીનગરીમાં વજ્રનાભ થયા અને શ્રેયાંસ સારથિ બન્યો. ૮. આઠમા ભવમાં બંને સર્વાર્થસિદ્ધવિમાનમાં દેવ થયા. તથા આ ભવમાં પ્રભુના પ્રપૌત્ર તરીકે શ્રેયાંસ આવ્યો.

તે ત્રણેના સ્વપ્નનું ફલ આ હતું કે શ્રેયાંસ પ્રભુને ભિક્ષાદાન કરશે. આ પ્રમાણે સાંભળી લોકો શ્રેયાંસને અભિનંદન આપી પોત–પોતાના સ્થાનમાં ગયા. શ્રેયાંસે પણ જ્યાં ઊભા રહેલા છતાં પ્રભુને ભિક્ષાનું દાન કર્યું હતું, ત્યાં રહેલા પ્રભુના પગલા ઉપર લોકો ચાલે નહિ તે માટે ભક્તિથી ત્યાં રત્નમય પીઠ કરી અને ત્રિસંધ્યા તેની પૂજા કરે છે. વિશેષથી પર્વના દિવસે પૂજા કરી જમે છે. લોકો પૂછે છે, "આ શું છે ?" શ્રેયાંસે કહ્યું "આ આદિકરનું મંડલ છે (આદિને કરનારા ઋષભદેવના પગલા છે)." તેથી લોકોએ પણ પ્રભુ જ્યાં જ્યાં ઊભા રહ્યા ત્યાં ત્યાં પીઠની રચના કરી. તે પીઠ સમય જતાં આદિત્યપીઠ નામે પ્રસિદ્ધ થઈ.

२०. भगवान् मिथुनकः श्रेयांसोऽपि मिथुनिका आसीत् ३ ततः सौधर्मे कल्पे द्वावपि देवौ अभूताम् ४ ततो भगवानपरविदेहेषु वैद्यपुत्रः श्रेयांसः पुनर्जीर्णश्रेष्ठिपुत्रः केशवनामा षष्ठं मित्रमभूत् ५ ततोऽच्युते कल्पे देवौ ६ ततो भगवान् पुण्डरीकिण्यां नगर्यां वज्रनाभः श्रेयांसः सारथिः ७ ततः सर्वार्थसिद्धे विमाने देवौ ८ इह पुनर्भगवतः प्रपौत्रो जातः श्रेयांस इति । तेषां च त्रयाणामपि स्वप्नानामेतदेव फलं-यत् भगवते भिक्षा दत्तेति । ततो जनपद एवं श्रुत्वा श्रेयांसमभिनन्द्य स्वस्थानं गतः, श्रेयांसोऽपि भगवान् यत्र स्थितः प्रतिलम्भितः तानि चरणानि मा पादैराक्रमिषमिति भक्त्या तत्र रत्नमयं पीठं करोति, त्रिसन्ध्यं चार्चयति, विशेषेण च पर्वदेशकालेऽर्चयित्वा भुङ्क्ते, लोकः पृच्छति-किमेतदिति, श्रेयांसो भणतिआदिकर-मण्डलमिति, ततो लोकेनापि यत्र यत्र भगवान् स्थितः तत्र तत्र पीठं कृतं, तद् कालेनादित्यपीठं संजातमिति.

एवं भगवतः खल्वादिकरस्य पारणकविधिरुक्तः, साम्प्रतं प्रसङ्गतः शेषतीर्थकराणामजितादीनां येषु स्थानेषु प्रथमपारणकान्यासन् यैश्च कारितानि तद्गतिश्चेत्यादि प्रतिपाद्यते, तत्र विवक्षितार्थप्रतिपादिकाः खल्वेता गाथा इति ।

हत्थिणउरं १ अओज्झा २ सावत्थी ३ तहय चेव साकेअं ४।
विजयपुर ५ बंभथलयं ६ पाडलिसंडं ७ पउमसंडं ८ ॥३२३॥
सेयपुरं ९ रिट्ठपुरं १० सिद्धत्थपुरं ११ महापुरं १२ चेव ।
धण्णकड १३ वद्धमाणं १४ सोमणसं १५ मंदिरं १६ चेव ॥३२४॥
चक्कपुरं १७ रायपुरं १८ मिहिला १९ रायगिहमेव २० बोद्धव्वं ।
वीरपुरं २१ बारवई २२ कोअगडं २३ कोल्लयग्गामो २४ ॥३२५॥
एएसु पढमभिक्खा लद्धाओ जिणवरेहि सव्वेहिं ।
दिण्णाउ जेहि पढमं तेसिं नामाणि वोच्छामि ॥३२६॥
सिज्जंस १ बंभदत्ते २ सुरेंददत्ते ३ य इंददत्ते ४ अ ।
पउमे ५ अ सोमदेवे ६ महिंद ७ तह सोमदत्ते ८ अ ॥३२७॥
पुस्से ९ पुणव्वसू १० पुणनंद ११ सुनंदे १२ जए १३ अ विजए १४ य ।
तत्तो अ धम्मसीहे १५ सुमित्त १६ तह वग्घसीहे १७ अ ॥३२८॥

---

અવતરણિકા : આ પ્રમાણે પ્રભુ આદિનાથના પારણાનો પ્રસંગ કહેવાયો. હવે પ્રસંગથી અજિતનાથાદિ શેષ તીર્થંકરોના પણ જે સ્થાનોમાં પારણા થયા અને જેઓવડે પારણા કરાવાયા અને તેમની શું ગતિ થઈ ? તે સર્વ કહે છે ➩

ગાથાર્થ : હસ્તિનાપુર – અયોધ્યા – શ્રાવસ્તી – સાકેત – વિજયપુર – બ્રહ્મસ્થળ – પાટલીખંડ – પદ્મખંડ,

ગાથાર્થ : શ્રેયપુર – રિષ્ટપુર – સિદ્ધાર્થપુર – મહાપુર – ધાન્યકર – વર્ધમાન – સૌમનસ – અને મંદિરપુર,

ગાથાર્થ : ચક્રપુર – રાજપુર – મિથિલા – રાજગૃહ – વીરપુર – દ્વારિકા – કોપકડ અને કોલ્લાકગ્રામ,

ગાથાર્થ : આ ગામોમાં સર્વ જિનેશ્વરોવડે પ્રથમભિક્ષા પ્રાપ્ત કરાઈ. જેઓવડે તેઓને પ્રથમભિક્ષા અપાઈ તેઓના નામો હું કહીશ.

ગાથાર્થ : શ્રેયાંસ – બ્રહ્મદત્ત – સુરેન્દ્રદત્ત – ઇન્દ્રદત્ત – પદ્મ – સોમદેવ – મહેન્દ્ર – તથા સોમદત્ત,

ગાથાર્થ : પુષ્ય – પુનર્વસુ – નન્દ – સુનન્દ – જય – વિજય – ધર્મસિંહ – સુમિત્ર અને વ્યાઘ્રસિંહ,

अपराजिअ १८ विस्ससेणे १९ वीसइमे होइ बंभदत्ते २० अ ।
दिण्णे २१ वरदिण्णे २२ पुण धण्णे २३ बहुले २४ अ बोद्धव्वे ॥३२९॥
एए कयंजलिउडा भत्तीबहुमाणसुक्कलेसागा ।
तक्कलपहट्ठमणा पडिलाभेसुं जिणवरिंदे ॥३३०॥
सव्वेहिंपि जिणेहिं जहिअं लद्धाओ पढमभिक्खाओ ।
तहिअं वसुहाराओ वुट्ठाओ पुप्फवुट्ठीओ ॥३३१॥
अद्धत्तेरसकोडी उक्कोसा तत्थ होइ वसुहारा ।
अद्धत्तेरस लक्खा जहण्णिआ होइ वसुहारा ॥३३२॥
सव्वेसिंपि जिणाणं जेहिं दिण्णाउ पढमभिक्खाओ ।
ते पयणुपिज्जदोसा दिव्ववरपरक्कमा जाया ॥३३३॥
केई तेणेव भवेण निव्वुआ सव्वकम्मउम्मुक्का ।
अन्ने तइअभवेणं सिज्झस्संति जिणसगासे ॥३३४॥

अक्षरगमनिका तु क्रियाऽध्याहारतः कार्या, यथा–गजपुरं नगरमासीत्, श्रेयांसस्तत्र राजा, तेनेक्षुरसदानं भगवन्तमधिकृत्य प्रवर्त्तितं, तत्रार्धत्रयोदशहिरण्यकोटीपरिमाणा वसुधारा निपतिता, पीठमिति–श्रेयांसेन यत्र भगवता पारितं तत्र तत्पादयोर्मा कश्चिदाक्रमणं करिष्यतीतिभक्त्या

---

ગાથાર્થ : અપરાજિત – વિશ્વસેન – વીસમો બ્રહ્મદત્ત – દિન્ન – વરદિન્ન – ધન્ય અને બહુલ જાણવા.

ગાથાર્થ : હાથ જોડેલા છે જેમના તેવા, ભક્તિ અને બહુમાનવડે અત્યંત શુભલેશ્યાવાળા, ભિક્ષા સમયે અત્યંત હર્ષિતમનવાળા એવા તેમણે (શ્રેયાંસ વિગેરેએ) જિનવરોને ભિક્ષાનું દાન આપ્યું.

ગાથાર્થ : સર્વ જિનેશ્વરોવડે જ્યાં પ્રથમભિક્ષા પ્રાપ્ત કરાઈ, ત્યાં વસુધારાની અને પુષ્પાંની વૃષ્ટિ થઈ.

ગાથાર્થ : તે સ્થાનમાં ઉત્કૃષ્ટથી સાડાબારકરોડ વસુધારા થાય છે અને જઘન્યથી સાડાબાર લાખ વસુધારા થાય છે.

ગાથાર્થ : જેઓએ સર્વજિનોને પ્રથમભિક્ષા આપી તેઓ પાતળા રાગ-દ્વેષવાળા અને દિવ્ય પરાક્રમવાળા થયા.

ગાથાર્થ : કોઈ તે જ ભવે સર્વકર્મોથી મૂકાયેલા છતાં સિદ્ધ થયા. અન્ય ત્રીજા ભવે જિન પાસે (દીક્ષા લઈ) સિદ્ધ થશે.

**ટીકાર્થ :** આ ગાથાઓનો અર્થ ક્રિયાપદનો અધ્યાહાર કરી કરવા યોગ્ય છે જેમ કે (હવે ૩૨૨મી ગાથાનો અક્ષરાર્થ બતાવે છે⇨) ગજપુર નામનું નગર હતું. શ્રેયાંસ ત્યાં રાજા હતો. તેણે ભગવાનને આશ્રયી ઈક્ષુરસનું દાન પ્રવર્તાવ્યું. ત્યાં સાડાબાર ક્રોડ સોનૈયા પ્રમાણ વસુધારા થઈ, જ્યાં ભગવાનવડે પારણું કરાયું ત્યાં શ્રેયાંસે "પ્રભુના ચરણો ઉપર કોઈનો પગ પડે નહિ

रत्नमयं पीठं कारितं । गुरुपूजेति-तदर्चनं चक्रे इति । अत्रान्तरे भगवतः तक्षशिलातले गमनं बभूव, भगवत्प्रवृत्तिनियुक्तपुरुषैर्बाहुबलेर्निवेदनं च कृतमित्यक्षरगमनिका । एवमन्यासामपि संग्रहगाथानां स्वबुद्ध्या गमनिका कार्येति गाथार्थः ॥३२२-३३४॥

इदानीं कथानकशेषम्-[२१]बाहुबलिणा चिंतिअं-कल्ले सव्विड्ढीए वंदिस्सामित्ति निग्गतो पभाए, सामी गतो विहरमाणो, अदिट्ठे अद्धितिं काऊण जहिं भगवं वुत्थो तत्थ धम्मचक्कं चिंधं कारियं, तं सव्वरयणामयं जोयणपरिमंडलं पंचजोयणूसियदंडं । सामीवि बहलीयडंबइल्ला-जोणगविसयाइएसु निरुवसग्गं विहरंतो विणीअणगरीए उज्जाणत्थाणं पुरिमतालं नगरं संपत्तो । तत्थ य उत्तरपुरमिच्छमे दिसिभागे सगडमुहं नाम उज्जाणं, तंमि णिग्गोहपायवस्स हेट्ठा अट्ठमेणं भत्तेणं पुव्वण्हदेसकाले फग्गुणबहुलेक्कारसीए उत्तरासाढणक्खत्ते पव्वज्जादिवसाओ आरब्भ वाससहस्संमि अतीते भगवओ तिहुअणेक्कबंधवस्स दिव्वमणंतं केवलनाणमुप्पण्णंति ।

अमुमेवार्थमुपसंहरन् गाथाषट्कमाह—

તે માટે ભક્તિથી રત્નમય પીઠ બનાવડાવી. તેનું અર્ચન (= પૂજા) કર્યું. તે સમયે ભગવાનનું તક્ષશિલામાં ગમન થયું. ભગવાનના સમાચાર લાવવા મૂકેલા પુરુષોએ બાહુબલિને નિવેદન કર્યું. આ પ્રમાણે બીજી સંગ્રહગાથાઓનો અર્થ પણ પોતાની બુદ્ધિથી કરવા યોગ્ય છે. ॥૩૨૨–૩૩૪॥

કથાનકશેષને કહે છે – બાહુબલિએ વિચાર્યું "આવતી કાલે સર્વઋદ્ધિ સાથે હું પ્રભુને વંદન કરવા જઈશ." આમ વિચારી બીજા દિવસના પ્રભાતે પોતે નીકળે છે. આ બાજુ સ્વામી તો વિહાર કરી આગળ ચાલ્યા ગયા. પ્રભુના દર્શન ન થતાં અધૃતિને કરતો જ્યાં પ્રભુ રોકાયા હતા ત્યાં [H]ધર્મચક્રને ચિહ્નરૂપે કરે છે. તે ધર્મચક્ર સર્વરત્નોનું બનેલું, એકયોજન પરિમંડલવાળું અને પાંચયોજન ઊંચા દંડવાળું હતું. સ્વામી પણ બહલીય, ડંબઈલ્લા, યોનક વગેરે દેશોમાં ઉપસર્ગ રહિત વિચરતા–વિચરતા [H]વિનીતાનગરીના (અત્યંત નજીક હોવાથી) ઉદ્યાન જેવા પુરિમતાલનગરમાં આવ્યા.

ત્યાં ઈશાનખૂણામાં શકટમુખનામનું ઉદ્યાન હતું. તેમાં ન્યગ્રોધવૃક્ષની નીચે અઠ્ઠમ તપવડે પૂર્વાહ્નકાળમાં (સવારના સમયે) ફાગણવદ અગિયારસને દિવસે ઉત્તરાષાઢાનક્ષત્રમાં પ્રવ્રજ્યાદિનથી લઈ એક હજારવર્ષ પૂર્ણ થયે છતે ત્રિભુવનના એકમાત્ર બંધુસમાન ભગવાનને દિવ્ય–અનંત એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

**અવતરણિકા :** આ જ અર્થનો ઉપસંહાર કરતા છ ગાથા કહે છે ⇨

२१. बाहुबलिना चिन्तितम्-कल्ये सर्वद्ध्यां वन्दिष्य इति निर्गतः प्रभाते, स्वामी गतः विहरन्, अदृष्ट्वाऽधृतिं कृत्वा यत्र भगवानुषितस्तत्र धर्मचक्रं चिह्नं कारितं, तत् सर्वरत्नमयं योजनपरिमण्डलं पञ्चयोजनोच्छ्रितदण्डं । स्वाम्यपि बहुल्यडम्बइल्लयोनकविषयादिकेषु निरूपसर्गं विहरन् विनीतनगर्या उद्यानस्थानं पुरिमतालं नगरं संप्राप्तः । तत्र च उत्तरपूर्वदिग्भागे शकटमुखं नाम उद्यानं, तस्मिन् न्यग्रोधपादपस्याधः अष्टमेन भक्तेन पूर्वाह्णदेशकाले फाल्गुनकृष्णैकादश्यां उत्तराषाढानक्षत्रे प्रव्रज्यादिवसादारभ्य वर्षसहस्रेऽतीते भगवतस्त्रिभुवनैकबान्धवस्य दिव्यमनन्तं केवलज्ञानमुत्पन्नमिति ।

कल्लं सव्विड्डीए पूएमहऽदट्ठु धम्मचक्कं तु ।
विहरइ सहस्समेगं छउमत्थो भारहे वासे ॥३३५॥
बहलीअडंबइल्लाजोणगविसओ सुवण्णभूमी अ ।
आहिंडिआ भगवआ उसभेण तवं चरंतेणं ॥३३६॥
बहली अ जोणगा पल्हगा य जे भगवया समणुसिट्ठा ।
अन्ने य मिच्छजाई ते तइआ भद्दया जाया ॥३३७॥
तित्थयराणं पढमो उसभरिसी विहरिओ निरुवसग्गो ।
अट्ठावओ णगवरो अग्ग(य) भूमी जिणवरस्स ॥३३८॥
छउमत्थप्परिआओ वाससहस्सं तओ पुरिमताले ।
णग्गोहस्स य हेट्ठा उप्पण्णं केवलं नाणं ॥३३९॥
फग्गुणबहुले एक्कारसीइ अह अट्ठमेण भत्तेणं ।
उप्पण्णंमि अणंते महव्वया पंच पण्णवए ॥३४०॥

आसां भावार्थः सुगम एव, नवरम्—अनुरूपक्रियाऽध्याहारः कार्यः, यथा कल्लं-प्रत्यूषसि सर्वद्धर्या पूजयामि भगवन्तम्—आदिकर्त्तारं अहमिति—आत्मनिर्देशः, अदृष्ट्वा भगवन्तं धर्मचक्रं तु चकारेत्यादि गाथाषट्काक्षरार्थः ॥३३५-३४०॥

महाव्रतानि पञ्च प्रज्ञापयतीत्युक्तं, तानि च त्रिदशकृतसमवसरणावस्थित एव, तथा

---

ગાથાર્થ : આવતી કાલે સર્વઋદ્ધિવડે પ્રભુને પૂજીશ. (બીજે દિવસે) પ્રભુને નહિ જોઈને ધર્મચક્ર કર્યું. છદ્મસ્થ એવા પ્રભુ ભરતક્ષેત્રમાં એક હજારવર્ષ વિચરે છે.

ગાથાર્થ : બહલી, ડંબઈલ્લા, યોનક દેશો અને સુવર્ણભૂમિમાં તપને આચરતા પ્રભુ ઋષભ વિચર્યા.

ગાથાર્થ : બહલી, યોનક, પલ્લક દેશવાસીઓ તથા અન્ય પણ જે મ્લેચ્છજાતિવાળા લોકો પ્રભુવડે હિતશિક્ષા અપાયા, તે સર્વ ત્યારે ભદ્રક થયા.

ગાથાર્થ : તીર્થંકરોમાં પ્રથમ ઋષભઋષિ ઉપસર્ગ રહિત વિચર્યા. તે જિનેશ્વરની નિર્વાણભૂમિ અષ્ટાપદપર્વત હતી.

ગાથાર્થ : એક હજારવર્ષ તેમનો છદ્મસ્થપર્યાય હતો. ત્યાર પછી પુરિમતાલમાં ન્યગ્રોધવૃક્ષની નીચે તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

ગાથાર્થ : ફાગણવદ અગિયારસે અટ્ઠમ તપવડે જ્ઞાન ઉત્પન્ન થતાં પ્રભુએ પાંચ મહાવ્રતોની પ્રરૂપણા કરી.

**ટીકાર્થ :** આ ગાથાઓનો અર્થ સુગમ જ છે. પરંતુ અનુરુપ ક્રિયાપદનો અધ્યાહાર કરવા યોગ્ય છે જેમકે – કાલે સર્વઋદ્ધિવડે આદિનાથને હું પૂજીશ. ભગવાનને નહિ જોઈ ધર્મચક્ર તૈયાર કર્યું વગેરે, બધી ગાથામાં આ પ્રમાણે અનુરૂપ ક્રિયાપદ જોડી દેવું. ॥૩૩૫–૩૪૦॥

**અવતરણિકા :** છેલ્લે કહ્યું કે "પાંચ મહાવ્રતોની પ્રરૂપણા કરી" તે દેવોવડે રચાયેલા

चाह –

उप्पण्णंमि अणंते नाणे जरमरणविप्पमुक्कस्स ।
तो देवदाणविंदा करिंति महिमं जिणिंदस्स ॥३४१॥

गमनिका–उत्पन्ने-घातिकर्मचतुष्टयक्षयात् संजाते अनन्ते ज्ञाने केवल इत्यर्थः, जरा-वयोहानिलक्षणा मरणं-प्रतीतं जरामरणाभ्यां विप्रमुक्त इति समासः तस्य, विप्रमुक्तवद्विप्रमुक्त इति, ततो देवदानवेन्द्राः कुर्वन्ति महिमां-ज्ञानपूजां जिनवरेन्द्रस्य । देवेन्द्रग्रहणात् वैमानिकज्योतिष्कग्रहः, दानवेन्द्रग्रहणात् भवनवासिव्यन्तरेन्द्रग्रहणं । सर्वतीर्थकराणां च देवा अवस्थितानि नखलोमानि कुर्वन्ति, भगवतस्तु कनकावदाते शरीरे जटा एवाञ्जनरेखा इव राजन्त्य उपलभ्य धृता इति गाथार्थः ॥३४१॥

इदानीमुक्तानुक्तार्थसंग्रहपरां संग्रहगाथामाह–

उज्जाणपुरिमताले पुरी( इ ) विणीआइ तत्थ नाणवरं ।
★चक्कुप्पाया य भरहे निवेअणं चेव दोण्हंपि ॥३४२॥

गमनिका–उद्यानं च तत्पुरिमतालं च उद्यानपुरिमतालं तस्मिन्, पुर्यां विनीतायां तत्र ज्ञानवरं भगवत उत्पन्नमिति वाक्यशेषः । तथा तस्मिन्नेवाहनि भरतस्य नृपतेरायुधशालायां चक्रोत्पादश्च बभूव । 'भरहे निवेअणं चेव दोण्हंपि' त्ति भरताय निवेदनं च द्वयोरपि–ज्ञानरत्नचक्ररत्नयोः

સમવસરણમાં રહેલા છતાં જ કરી તે કહે છે ➪

ગાથાર્થ : જરામરણથી મૂકાયેલા પ્રભુને અનંતજ્ઞાન ઉત્પન્ન થયે છતે દેવ અને દાનવોના ઈન્દ્રો પ્રભુનો મહિમા કરે છે.

ટીકાર્થ : ચાર ઘાતિકર્મોનો ક્ષય થતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયે છતે, ઘડપણ અને મરણથી મૂકાયેલા પ્રભુને (કેવલજ્ઞાન થતાં) દેવ–દાનવેન્દ્રો જ્ઞાનની પૂજાને કરે છે. અહીં દેવેન્દ્રના ગ્રહણથી વૈમાનિક – જ્યોતિષ્કના ઇન્દ્રો લેવા તથા દાનવેન્દ્રના ગ્રહણથી ભવનવાસી – વ્યંતરોના ઇન્દ્રો લેવા. સર્વવિરતિ પ્રાપ્ત થયા પછી દેવો સર્વતીર્થંકરોના નખ, રોમ વગેરે અવસ્થિત = ફરી ઉગે નહિ તેમ કરે છે. ભગવાનના સુવર્ણસમાન શરીરમાં અંજનરેખાની જેમ શોભતી જટા (દેવો વડે) રહેવા દેવાઈ. ॥૩૪૧॥

અવતરણિકા : કહેવાયેલા અને નહિ કહેવાયેલા અર્થનો સંગ્રહ કરવામાં તત્પર એવી સંગ્રહગાથાને કહે છે ➪

ગાથાર્થ : વિનીતાનગરીમાં ઉદ્યાનસમાન એવા પુરિમતાલને વિષે જ્ઞાનવર ઉત્પન્ન થયું અને ચક્રની ઉત્પત્તિ થઈ. બંનેનું ભરતને નિવેદન કરવામાં આવ્યું.

ટીકાર્થ : વિનીતાનગરીના ઉદ્યાનરૂપ પુરિમતાલમાં, પ્રભુને શ્રેષ્ઠજ્ઞાન ઉત્પન્ન થયું. તથા તે જ દિવસે ભરતરાજાના આયુધશાળામાં ચક્રની ઉત્પત્તિ થઈ. પ્રભુના સમાચાર લાવવા નિયુક્ત કરાયેલા પુરુષોવડે અને આયુધશાળામાં નિયુક્તપુરુષોવડે જ્ઞાનરત્ન અને ચક્રરત્ન બંનેનું ભરતને

★चक्कुपाओ य ( स्यात् ).

तन्नियुक्तपुरुषैः कृतमित्यध्याहार इति गाथार्थः ॥३४२॥

अत्रान्तरे भरतश्चिन्तयामास-पूजा तावद्द्वयोरपि कार्या, कस्य प्रथमं कर्तुं युज्यते ? किं चक्ररत्नस्य उत तातस्येति, तत्र–

**तायंमि पूइए चक्क पूइअं पूअणारिहो ताओ ।**
**इहलोइअं तु चक्कं परलोअसुहावहो ताओ ॥३४३॥**

गमनिका–'ताते'-त्रैलोक्यगुरौ पूजिते सति चक्रं पूजितमेव, तत्पूजानिबन्धनत्वाच्चक्रस्य । तथा पूजामर्हतीति पूजार्हः तातो वर्त्तते, देवेन्द्रादिनुतत्वात् । तथा इह लोके भवं चैहलौकिकं तु चक्रं, तुरेवकारार्थः, स चावधारणे, किमवधारयति ? ऐहिकमेव चक्रं, सांसारिकसुखहेतुत्वात् । परलोके सुखावहः परलोकसुखावहस्तातः, शिवसुखहेतुत्वाद् इति गाथार्थः तस्मात् 'तिष्ठतु तावच्चक्रं, तातस्य पूजा कर्तुं युज्यते' इति संप्रधार्य तत्पूजाकरणसंदेशव्यापृतो बभूव । ॥३४३॥

इदानीं कथानकम्–भरहो[२२] सव्विड्ढीए भगवंतं वंदिउं पयट्टो, मरुदेवीसामिणी य भगवंते पव्वइए भरहरज्जसिरिं पासिऊण भणियाइआ–मम पुत्तस्स एरिसी रज्जसिरी आसि, संपयं सो खुहापिवासापरिगओ नग्गओ हिंडइत्ति उव्वेयं करियाइआ, भरहस्स तित्थकरविभूइं वण्णेंतस्सवि

---

નિવેદન કરાયું. ॥૩૪૨॥

**અવતરણિકા :** તે અવસરે ભરતને ચિંતા થઈ, "બંનેની પૂજા કર્તવ્ય છે. તો પ્રથમ ચક્રરત્નની પૂજા કરું કે પિતાની" એ પ્રમાણે વિચાર્યા પછી શું થયું તે કહે છે ➪

**ગાથાર્થ : પ્રભુ પૂજાતે છતે ચક્રની પૂજા થઈ જાય છે. પિતા જ પૂજાને યોગ્ય છે. ચક્ર ઐહિલૌકિક છે જ્યારે પિતા પરલોકમાં સુખ આપનારા છે.**

**ટીકાર્થ :** ત્રૈલોક્યગુરુની પૂજાથી ચક્રની પૂજા થઈ જ જાય છે કારણ કે પ્રભુની પૂજાથી ચક્રની પ્રાપ્તિ થાય છે (પ્રભુની પૂજા એ છે કારણ જેમાં એવું આ ચક્ર છે આ પ્રમાણે સમાસવિગ્રહ કરવો અર્થાત્ ચક્રની પ્રાપ્તિમાં પ્રભુની પૂજાનો જ પ્રભાવ છે.) તથા પિતા દેવેન્દ્રોથી પૂજાયેલા હોવાથી પૂજાને યોગ્ય છે. ચક્ર ઐહિક છે કારણ કે સાંસારિકસુખનું કારણ છે, જ્યારે પ્રભુ પારલૌકિક છે કારણ કે મોક્ષસુખનું કારણ છે. માટે પરલોકમાં સુખને વહન કરનારા છે. તેથી ચક્ર બાજુ પર રહો, પ્રથમ પ્રભુની પૂજા કરવી યોગ્ય છે એ પ્રમાણે વિચારી પ્રભુની પૂજા કરવા માટેનો સંદેશ આપવાના વ્યાપારવાળો થયો (અર્થાત્ સેવકોને પૂજા કરવાની તૈયારીનો આદેશ આપ્યો.) ॥૩૪૩॥

**કથાનક શેષ :** ભરત સર્વઋદ્ધિવડે પ્રભુને વાંદવા નીકળ્યો. પ્રભુએ પ્રવ્રજ્યા લીધા પછી મરુદેવીમાતા ભરતની રાજ્યલક્ષ્મીને જોઈ કહે છે – "મારા પુત્રની પણ આવા પ્રકારની રાજ્યલક્ષ્મી હતી. અત્યારે તે ક્ષુધા – પિપાસાને પામેલો, વસ્ત્રરહિત વિચરે છે." આમ તે

---

२२. भरतः सर्वर्द्ध्या भगवन्तं वन्दितुं प्रवृत्तः, मरुदेवीस्वामिनी च भगवति प्रव्रजिते *भरतराज्यश्रियं* दृष्ट्वा भणितवती-मम पुत्रस्येदृशी राज्यश्रीरभवत्, साम्प्रतं स क्षुत्पिपासापरिगतः नग्नो हिण्डत इत्युद्वेगं कृतवती, भरते तीर्थकरविभूतिं वर्णयत्यपि + आउहवरसालाए उप्पण्णं चक्करयण भरहस्स । जक्खसहस्सपरिवुडं सव्वरयणामयं चक्कं ॥१॥ ( प्र० अव्या० )

[२३] न पत्तिज्जियाइआ, पुत्तसोगेण य से किल झामलं चक्खुं जायं रुयंतीए, तो भरहेण गच्छंतेण विण्णत्ता–अम्मो ! एहि, जेण भगवओ विभूइं दंसेमि। ताहे भरहो हत्थिखंधे पुरओ काऊण निग्गओ, समवसरणदेसे य गयणमंडलं सुरसमूहेण विमाणारूढेणोत्तरंतेण विरायंतधयवडं पहयदेवदुंदुहिनिनायपूरियदिसामंडलं पासिऊण भरहो भणियाइओ–पेच्छ जइ एरिसी रिद्धी मम कोडिसयसहस्सभागेणवि, ततो तीए भगवओ छत्ताइच्छत्तं पासंतीए चेव केवलमुप्पण्णं । अण्णे भणंति–भगवओ धम्मकहासद्दं सुणंतीए । तक्कालं च से खुट्टमाउगं, ततो सिद्धा, इह भारहोसप्पिणीए पढमसिद्धोत्तिकाऊण देवेहिं पूजा कया, सरीरं च खीरोदे छूढं, भगवं च समवसरणमज्झत्थो सदेवमणुयासुराए सभाए धम्मं कहेइ, तत्थ उसभसेणो नाम भरहपुत्तो पुव्वबद्धगणहरनामगोत्तो जायसंवेगो पव्वइओ, बंभी य पव्वइआ, भरहो सावगो जाओ, सुंदरी

---

ઉદ્વેગને કરતી હતી. તીર્થંકરની વિભૂતિનું વર્ણન કરતા ભરત ઉપર પણ માતાને વિશ્વાસ જાગતો નથી. પુત્રના શોકથી રડતી માતાની આંખોમાં પિયા બાઝી ગયા. ત્યારે વંદન કરવા જતા ભરતે માતાને પ્રાર્થના કરી – "હે માતા ! તમે મારી સાથે ચાલો, જેથી હું તમને પ્રભુની વિભૂતિ દેખાડું." ત્યાર પછી ભરત માતાને હસ્તિસ્કંધ ઉપર બેસાડી નીકળ્યો. સમોવસરણ પાસે પહોચતાં શોભતા ધ્વજપટવાળા, વિમાનમાંથી ઉતરતા સુરસમૂહવડે વગાડાયેલી દેવદુંદુભિના અવાજથી પૂરાયેલ છે દિશામંડળ જેનું એવા ગગનતલને જોઈ ભરતે કહ્યું "હે માતા ! જુઓ, પ્રભુની ઋદ્ધિ સામે મારી ઋદ્ધિ કરોડના લાખમે ભાગે છે." તે સમયે પ્રભુના છત્રાતિછત્રને જોતી માતાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. કેટલાક આચાર્યો એમ કહે છે "– ભગવાનના ધર્મકથાના શબ્દો સાંભળીને કેવલજ્ઞાન થયું."

તે કાળે મરુદેવીમાતાનું આયુષ્ય પૂર્ણ થયું અને તે સિદ્ધિને પામ્યા. આ ભરતક્ષેત્રની અવસર્પિણીમાં "આ પ્રથમસિદ્ધ થયા છે" એમ જાણી દેવોવડે તેમના મૃતકની પૂજા કરાઈ અને શરીરને ક્ષીરોદધિસમુદ્રમાં ત્યજી દેવાયું. સમવસરણમાં રહેલા પ્રભુ દેવ–મનુષ્ય–અસુરોથી યુક્ત એવી સભામાં ધર્મ કહે છે. ત્યાં ઋષભસેન નામે ભરતપુત્ર કે જેમને પૂર્વે ગણધરનામગોત્ર બાંધ્યું હતું. તેઓએ સંવેગને પામી દીક્ષા લીધી અને બ્રાહ્મીએ પણ દીક્ષા લીધી. ભરત શ્રાવક

---

२३. न प्रतीतवती, पुत्रशोकेन च तस्याः किल ध्यामलं चक्षुर्जातं रुदत्याः, तदा भरतेन गच्छता विज्ञप्ता–अम्ब ! एहि, येन भगवतो विभूतिं दर्शयामि । तदजा भरतः हस्तिस्कन्धे पुरतः कृत्वा निर्गतः, समवसरणदेशे च गगनमण्डलं सुरसमूहेन विमानारूढेनोत्तरता विराजध्वजपटं प्रहतदेवदुन्दुभिनिनादापूरितदिग्मण्डलं दृष्ट्वा भरतो भणितवान्-पश्य यदि ईदृशी ऋद्धिर्मम कोटीशतसहस्रभागेनापि, ततस्तस्या भगवतश्छत्रातिच्छत्रं पश्यन्त्या एव केवलमुत्पन्नं । अन्ये भणन्ति-भगवतो धर्मकथाशब्दं श्रृण्वन्त्याः । तत्कालं च तस्याः त्रुटितमायुः, ततः सिद्धा, इह भरतावसर्पिण्यां प्रथमसिद्ध इतिकृत्वा देवैः पूजा कृता, शरीरं च क्षीरोदे क्षिप्तं, भगवांश्च समवसरणमध्यस्थः सदेवमनुजासुरायां सभायां धर्मं कथयति, तत्र ऋषभसेनो नाम भरतपुत्रः पूर्वबद्धगणधरनामगोत्रः जातसंवेगः प्रव्रजितः, ब्राह्मी च प्रव्रजिता, भरतः श्रावको जातः, सुन्दरी

[24] पव्वयंती भरहेण इत्थीरयणं भविस्सइत्ति निरुद्धा, सावि साविआ जाया, एस चउव्विहो समणसंघो। ते य तावसा भगवओ नाणमुप्पण्णंति कच्छमहाकच्छवज्जा भगवओ सगासमागंतूण भवणवइवाणमंतरजोइसियवेमाणियदेवाइण्णं परिसं दट्ठूण भगवओ सगासे पव्वइआ, इत्थ समोसरणे मरीइमाइआ बहवे कुमारा पव्वइआ ।

साम्प्रतमभिहितार्थसंग्रहपरमिदं गाथाचतुष्टयमाह–

**सह मरुदेवाइ निग्गओ कहणं पव्वज्ज उसभसेणस्स ।**
**बंभीमरीइदिक्खा सुंदरी ओरोहसु अदिक्खा ॥३४४॥**
**पंच य पुत्तसयाइं भरहस्स य सत्त नत्तूअसयाइं ।**
**सयराहं पव्वइआ तंमि कुमारा समोसरणे ॥३४५॥**
**भवणवइवाणमंतरजोइसवासी विमाणवासी अ ।**
**सव्विड्ढिइ सपरिसा कासी नाणुप्पयामहिमं ॥३४६॥**
**दट्ठूण कीरमाणिं महिमं देवेहि खत्तिओ मरिई ।**

---

થયા. સુંદરીને "આ મારું સ્ત્રીરત્ન બનશે" એમ જાણી ભરતે દીક્ષા લેતા રોકી. તેથી તે પણ શ્રાવિકા થઈ.

આ પ્રમાણે ચતુર્વિધસંઘ થયો. કચ્છ–મહાકચ્છ સિવાયના તે તાપસોએ પણ "પ્રભુને જ્ઞાન ઉત્પન્ન થયું છે" એમ જાણી ભગવાન પાસે આવીને ત્યાં ભવનપતિ-વાનવ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકદેવોથી યુક્ત પર્ષદાને જોઈ પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી. તે સમયે સમોવસરણમાં મરીચિ વગેરે ઘણાં કુમારોએ દીક્ષા ગ્રહણ કરી.

અવતરણિકા : હવે ઉપરોક્ત કહેવાયેલ અર્થનો સંગ્રહ કરનાર આ ચારગાથાઓ કહે છે ⇨

ગાથાર્થ : **મરુદેવી સાથે ભરત નીકળ્યો–કથન–ઋષભસેનની દીક્ષા – બ્રાહ્મી, મરીચિની દીક્ષા – સુંદરીને અવરોધ – અદીક્ષા.**

ગાથાર્થ : **ભરતના પાંચસો પુત્રો અને સાતસો પૌત્રોએ તે સમોવસરણમાં એક સાથે દીક્ષા લીધી.**

ગાથાર્થ : **પર્ષદા સહિત ભવનપતિ–વ્યંતર–જ્યોતિષ્કવાસી અને વિમાનવાસી દેવોએ સર્વઋદ્ધિવડે જ્ઞાનની ઉત્પત્તિનો મહિમા કર્યો.**

ગાથાર્થ : **દેવોવડે કરાતા મહિમાને જોઈ ક્ષત્રિય અને સમ્યક્ત્વવડે પ્રાપ્ત થઈ છે બુદ્ધિ**

---

२४. प्रव्रजन्ती भरतेन स्त्रीरत्नं भविष्यतीति, निरुद्धा, सापि श्राविका जाता, एष चतुर्विधः श्रमणसङ्घः । ते च तापसा भगवतो ज्ञानमुत्पन्नमिति कच्छमहाकच्छवर्जा भगवतः सकाशमागत्य भवनपतिव्यन्तरज्योतिष्कवैमानिकदेवाकीर्णां पर्षदं दृष्ट्वा भगवतः सकाशे प्रव्रजिताः, अत्र समवसरणे मरीच्यादिका बहवः कुमाराः प्रव्रजिताः.

**सम्मत्तलद्धबुद्धी धम्मं सोऊण पव्वइओ ॥३४७॥**

व्याख्या–'कथनं' धर्मकथा परिगृह्यते, मरुदेव्यै भगवद्विभूतिकथनं वा । तथा 'नप्तृशतानीति' पौत्रकशतानि । तथा 'सयराहमिति' देशीवचनं युगपदर्थाभिधायकं त्वरितार्थाभिधायकं वेति । 'मरीचिरिति' जातमात्रो मरीचीन्मुक्तवान् इत्यतो ★मरीचिमान् मरीचिः, अभेदोपचारान्मतुब्लोपाद्वेति, अस्य च प्रकृतोपयोगित्वात्कुमारसामान्याभिधाने सत्यपि भेदेनोपन्यासः । सम्यक्त्वेन लब्धा-प्राप्ता बुद्धिर्यस्य स तथाविधः । शेषं सुगममिति गाथाचतुष्टयार्थः ॥३४४-३४७॥

कथानकम् – [२५]भरहोऽवि भगवओ पूअं काऊण चक्करयणस्स अट्ठाहिआमहिमं करियाइओ, निव्वत्ताए अट्ठाहिआए तं चक्करयणं +पुव्वाहिमुहं पहाविअं, भरहो सव्वबलेण तमणुगच्छिआइओ, तं जोयणं गंतूण ठिअं, ततो सा जोअणसंखा जाआ, पुव्वेण य मागहतित्थं पाविऊण अट्ठमभत्तोसितो रहेणं समुद्दमवगाहित्ता चक्कनाभिं जाव, ततो णामंकं सरं विसज्जियाइओ, सो

---

જેને તેવા મરીચિએ ધર્મ સાંભળીને પ્રવ્રજ્યા લીધી.

**ટીકાર્થ :** અહીં કથન એટલે ધર્મકથા જાણવી. અથવા મરુદેવીમાતાને પ્રભુના વિભૂતિનું જે કથન કર્યું તે જાણવું. તથા <u>'सयराहं'</u> શબ્દ દેશીવચન છે જે 'એકસાથે' એવા અર્થને અથવા 'શીઘ્ર' અર્થને જણાવનાર છે. મરીચિએ ઉત્પન્ન (જન્મ) થતાં જ કિરણોને ફેલાવ્યા હતા તેથી મરીચિ=કિરણોવાળો તે અભેદ ઉપચારથી મરીચિ તરીકે ઓળખાયો (મરીચિ એટલે કિરણ. કિરણ જેમાંથી નીકળ્યા તેનો અભેદ ઉપચાર કરવાથી, તે ભરતનો પુત્ર પણ મરીચિ કહેવાયો.) અથવા મતુપ્રત્યયનો (='વાળો' અર્થનો) લોપ થવાથી મરીચિ કહેવાયો. (મરીચિવાળો = મરીચિ.) અહીં 'કુમારોએ દીક્ષા લીધી' એવું કહેવામાં જો કે મરીચિનો સમાવેશ થઈ જવા છતાં "ધર્મ સાંભળી મરીચિએ દીક્ષા લીધી" એમ જે જુદું કહ્યું તે મરીચિ પ્રસ્તુતમાં ઉપયોગી છે (કારણ કે મરીચિમાંથી પ્રભુવીરનો નિર્ગમ થયો છે વિગેરે પૂર્વે કહ્યું જ છે.) એવું જણાવવા માટે કહ્યું છે. ॥૩૪૪–૩૪૭॥.

**કથાનક શેષ :** ભરત પણ પ્રભુની પૂજા કરી ચક્રરત્નનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. તે ઉત્સવ પૂર્ણ થતાં ચક્રરત્ન પૂર્વાભિમુખ ચાલ્યું. ભરત સર્વસૈન્ય સાથે તેની પાછળ ગયો. તે ચક્ર એકયોજન દૂર જઈ સ્થિર થયું. તે યોજનસંખ્યા થઈ. (અર્થાત્ યોજનનું માપ નક્કી થયું.) પૂર્વમાં મગધતીર્થ પાસે આવી અઠ્ઠમતપ કરી રથને ચક્રની નાભિ (રથના પૈડાના મધ્યભાગ) સુધી સમુદ્રમાં ઉતારી ત્યાંથી પોતાના નામવાળું બાણ છોડ્યું. તે બાણ બારયોજન

---

२५. भरतोऽपि भगवतः पूजां कृत्वा चक्ररत्नस्याष्टाह्निकामहिमानं कृतवान्, निवृत्तेऽष्टाह्निके तच्चक्ररत्नं पूर्वाभिमुखं प्रधावितं, भरतः सर्वबलेन तदनुगतवान् तद्योजनं गत्वा स्थितं, ततः सा योजनसंख्या जाता, पूर्वस्यां च मागधतीर्थं प्राप्याष्टमभक्तोषितो रथेन समुद्रमवगाह्य चक्रनाभिं यावत्, ततो नामाङ्कं शरं विसृष्टवान्, स ★मरीचिवान्. + पुव्वामुहं.

**[२६]दुवालसजोयणाणि गंतूण मागहतित्थकुमारस्स भवणे पडिओ, सो तं दट्टूण परिकुविओ भणइ– केस णं एस अपत्थिअपत्थिए ?, अह नामयं पासइ, नायं जहा उप्पण्णो चक्कवट्टित्ति, सरं चूडामणिं च घेत्तूण उवट्ठिओ भणति– अहं ते पुव्विल्लो अंतेवालो, ताहे तस्स अट्ठाहिअं महामहिमं करेइ । एवं एएण कमेण दाहिणेण वरदामं, अवरेण पभासं, ताहे सिंधुदेविं ओयवेइ, ततो वेयड्ढगिरिकुमारं देवं, ततो तमिसगुहाए कयमालयं, तओ सुसेणो अद्धबलेण दाहिणिल्लं सिंधुनिक्खूडं ओयवेइ, ततो सुसेणो तिमिस★गुहं समुग्घाडेइ, ततो तिमिसगुहाए मणिरयणेण उज्जोअं काऊण उभओ पासिं पंचधणुसयायामविक्खंभाणि एगूणप+ण्णासं मंडलाणि**

---

દૂર જઈ માગધતીર્થકુમારના ભવનમાં પડે છે. તે કુમાર તે બાણને જોઈ ગુસ્સે થયેલો છતો બોલી ઊઠે છે કે અપ્રાર્થનીય (પ્રાર્થના નહિ કરવા યોગ્ય એવા મૃત્યુ)ને પ્રાર્થના કરનારો (સામે ચડીને બોલાવનારો) કોણ છે આ ? (અર્થાત્ આ દુષ્ટ કૃત્યવડે પોતાના મૃત્યુને લલકારનારો કોણ છે ?).

પછી તે બાણ ઉપર રહેલ નામ વાંચે છે. ત્યારે તેને ખબર પડે છે કે "ચક્રવર્તી ઉત્પન્ન થયો છે." તેથી બાણ અને પોતાના મુગટને લઈ તે ભરત પાસે ઉપસ્થિત થઈને કહે છે "હું તમારો પૂર્વદિશા સંબંધી દિશાપાલક છું." ત્યાર પછી ભરત માગધપતિનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. આ પ્રમાણે ભરત દક્ષિણના વરદામતીર્થને, પશ્ચિમમાં પ્રભાસતીર્થને જીતી સિંધુદેવીને (સિંધુનદીની અધિષ્ઠાયિકા દેવીને) સાધે છે. ([H]**ઓયવેઇ** = સાધે છે.) ત્યાર પછી વૈતાઢ્ય ગિરિકુમારને જીતે છે. ત્યાર પછી તમિસ્રગુફાના કૃતમાલદેવને વશ કરે છે.

(ભરત આ દેવને જીતીને ત્યાં જ રોકાણ કરે છે. અને પોતાના સુષેણ નામના સેનાપતિને કહે છે કે – "તમે સૈન્ય સાથે ચર્મરત્નવડે સિંધુનદીને ઉતરીને દક્ષિણદિશાના સર્વ સિંધુનિષ્કૂટને દક્ષિણદિશા સંબંધી સિંધુ ખંડને જીતીને પાછા ફરો.) તેથી સુષેણનામનો સેનાપતિ દક્ષિણદિશામાં રહેલ સિંધુનિષ્કૂટ પાસે અડધા સૈન્ય સાથે આવે છે. (ત્યાં આવીને ત્યાંના મ્લેચ્છજાતિઓને જીતીને સુષેણસેનાપતિ પાછો ચક્રવર્તી પાસે આવે છે. પાછા આવેલા સેનાપતિને ભરત તમિસ્રાગુફાના દ્વાર ઉઘાડવા માટેનો આદેશ આપે છે. તેથી) આ સેનાપતિ તમિસ્રાગુફાના દ્વારોને ઉઘાડે છે.

ચક્રવર્તી તે ગુફામાં પ્રવેશ કરી મણિરત્નવડે પ્રકાશને કરી બંને બાજુ પાંચસો ધનુષ લાંબા

---

**२६. द्वादश योजनानि गत्वा मागधतीर्थकुमारस्य भवने पतितः, स तं दृष्ट्वा परिकुपितो भणति– क एषोऽप्रार्थितप्रार्थकः ?, अथ नाम पश्यति, ज्ञातं यथा उत्पन्नश्चक्रवर्त्तीति, शरं चूडामणिं च गृहीत्वोपस्थितो भणति–अहं तव पौरस्त्योऽन्तपालः, तदा तस्याष्टाह्निकं महामहिमानं करोति । एवमेतेन क्रमेण दक्षिणस्यां वरदानं अपरस्यां प्रभासं, तदा सिन्धुदेवीं साधयति, ततो वैताढ्यगिरिकुमारं देवं, ततस्तमिस्रगुहायाः कृतमाल्यं, ततः सुषेणोऽर्धबलेन दाक्षिणात्यं सिन्धुनिष्कूटं साधयति, ततः सुषेणस्तमिस्रगुहां समुद्घाटयति, ततस्तमिस्रगुहायां मणिरत्नेनोद्योतं कृत्वोभयपार्श्वयोः पञ्चधनुःशतायाम-विष्कम्भाणि एकोनपञ्चाशतं मण्डलाणि ★०गुहमुग्घा०. +०ण्णासमं०.**

[२७] आलिहमाणे उज्जोअकरणा उम्मुग्गनिमुग्गाओ अ संकमेण उत्तरिऊण निग्गओ तिमिसगुहाओ, आवडिअं चिलातेहिं समं जुद्धं, ते पराजिआ मेहमुहे नाम कुमारे कुलदेवए आराहेंति, ते ★सत्तरत्ति वासं वासेंति, भरहोऽवि चम्मरयणे खंधावारं ठवेऊण उवरिं छत्तरयणं ठवेइ, मणिरयणं छत्तरयणस्स *पडिच्छभाए ठवेति,

ततोपभिइ लोगेण अंडसंभवं जगं पणीअंति, तं ब्रह्माण्डपुराणं, तत्थ पुव्वण्हे साली वुप्पइ, अवरण्हे जिम्मइ, एवं सत्त दिवसे △अच्छति, ततो मेहमुहा आभिओगिएहिं धाडिआ, चिलाया तेसिं वयणेण उवणाया भरहस्स, ततो चुल्लहिमवंतगिरिकुमारं देवं ओयवेति, तत्थ बावत्तरिं जोयणाणि सरो उवरिहुत्तो गच्छति, ततो उसभकूडए ▲नामं लिहइ, ततो सुसेणो उत्तरिल्लं सिंधुनिक्खूडं

પહોળા એવા ઓગણપચાસ મંડળોને આલેખીને તથા ઉન્મગ્ના અને નિમગ્ના નામની બે નદીઓને સંક્રમવડે (પુલવડે) ઉતરી તમિસ્રાગુફામાંથી બહાર નીકળ્યો. ત્યાં ભીલોની સાથે યુદ્ધ આવી પડ્યું. પરાજિત થયેલા તે ભીલો મેઘમુખ નામના કુલદેવતાની આરાધના કરે છે. જેથી તે દેવ સાત રાત (અહોરાત્ર) સુધી વરસાદ વર્ષાવે છે.

ભરત પણ ચર્મરત્નને વિષે આખી છાવણી સ્થાપીને ઉપર છત્રરત્નને સ્થાપે છે. (અર્થાત્ ચર્મરત્ન પોતે જ ૧૨ યોજન સુધીના વિસ્તારમાં ફેલાઈ જાય છે. તેની ઉપર સંપૂર્ણ સૈન્ય રહે છે અને માથે છત્રરત્ન પોતે ૧૨ યોજન સુધી ફેલાઈને સૈન્યનું છત્ર બને છે.) તે છત્રરત્નના મધ્યભાગમાં મણિરત્નને સ્થાપે છે.(વર્ષાની પૂર્ણાહૂતિ થયા પછી તે સંપુટમાંથી ચક્રવર્તીના સૈન્યને નીકળતું લોકોએ જોયું.) ત્યારથી લઈ લોકોમાં "જગત ઈંડામાંથી ઉત્પન્ન થયું છે" એ લોકવાયકા ચાલી. અને તેમાંથી બ્રહ્માંડપુરાણ નામના શાસ્ત્રની રચના થઈ.

ભરતે સ્થાપેલા આ ઈંડા જેવા આકારવાળી છાવણીમાં સવારે શાલિધાન્ય વાવવામાં આવતું અને સાંજે (તે ધાન્યનો પાક થતાં તે જ ધાન્યને રાંધી) લોકો જમતા. આ પ્રમાણે સાત દિવસ પૂર્ણ થયા. ત્યાર પછી આભિયોગિક દેવોવડે (સેવક એવા દેવોવડે) આ મેઘમુખ દેવ ભગાડાયો. તે દેવોના વચનથી ભીલો બધા ભરત પાસે ઉપસ્થિત થઈ નમ્યા. ત્યાંથી નીકળીને ભરત લઘુહિમવંતપર્વતના દેવ પાસે આવે છે. ત્યાં (ભરતે નાંખેલું) બાણ બોત્તેર યોજન ઊર્ધ્વદિશા તરફ જાય છે.

(ત્યાં દેવને વશ કરી) ઋષભકૂટનામના પર્વત પર નામ લખે છે. ત્યાર પછી સુષેણ

२७. आलिखन् उद्योतकरणादुन्मग्नानिमग्ने च संक्रमेणोत्तीर्य निर्गतस्तमिस्रगुहायाः, आपतितं किरातैः समं युद्धं, ते पराजिताः मेघमुखान् नाम कुमारान् कुलदेवता आराधयन्ति, ते सप्तरात्रं वर्षां वर्षयन्ति, भरतोऽपि चर्मरत्ने स्कन्धावारं स्थापयित्वोपरि छत्ररत्नं स्थापयति, मणिरत्नं छत्ररत्नस्य प्रतीक्ष्यभागे (मध्ये दण्डस्य) स्थापयति, ततः-प्रभृति लोकेनाण्डप्रभवं जगत्प्रणीतमिति, तत्० तत्र पूर्वाह्णे शालय उप्यन्ते, अपराह्णे जिम्यते एवं सप्त दिनानि तिष्ठति, ततो मेघमुखा आभियोगिकैर्निर्धाटिताः, किरातास्तेषां वचनेनोपनता भरताय, ततः क्षुल्लकहिमवद्गिरिकुमारं देवं साधयति, तत्र द्वासप्ततिं योजनानि शर उपरि गच्छति, तत ऋषभकूटे नाम लिखति, ततः सुषेण औत्तरीयं सिन्धुनिष्कूटं +०माणो. ★ सत्तरत्तं. * पडिच्छिआ. △ अच्छंति. ▲ नामयं.

[२८] ओयवेइ, ततो भरहो गंगं ओयवेइ, पच्छा सेणावती उत्तरिल्लं गंगानिक्खूडं ओयवेइ, भरहोऽवि गंगाए सद्धिं वाससहस्सं भोगे भुंजइ, ततो वेयड्ढे पव्वए णमिविणमिहिं समं बारस संवच्छराणि जुद्धं, ते पराजिआ समाणा विणमी इत्थीरयणं णमी रयणाणि गहाय उवट्ठिया, पच्छा खंडगप्पवायगुहाए नट्टमालयं देवं ओयवेइ, ततो खंडगप्पवायगुहाए नींति, †गंगाकूलए नव निहओ +उवागच्छंति, पच्छा दक्खिणिल्लं गंगानिक्खूडं सेणावई ओयवेइ, एतेण कमेण सट्ठीए वाससहस्सेहिं भारहं वासं अभिजिणिऊण अतिगओ विणीयं रायहाणिंति, बारस वासाणि ★महारायाभिसेओ, जाहे बारस वासाणि महारायाभिसेओ वत्तो राइणो विसज्जिआ ताहे निययवग्गं सरिउमारद्धो, ताहे दाइज्जंति सव्वे निइल्लिआ, एवं परिवाडीए सुंदरी दाइआ, सा पंडुल्लंगितमुही, सा य जद्दिवसं रुद्धा तद्दिवसमारद्धा आयंबिलाणि करेति, तं पासित्ता रुट्ठो ते कुडुंबिए भणइ–किं मम नत्थि

---

ઉત્તરસંબંધી સિંધુનિષ્કૂટને સાધે છે. ત્યાર પછી ભરત ગંગાનદીની અધિષ્ઠાયિક દેવીને સાધે છે. પછી સેનાપતિ ઉત્તરમાં ગંગાનિષ્કૂટને સાધે છે. ભરત પણ ગંગા સાથે એક હજારવર્ષ સુધી ભોગો ભોગવે છે. ત્યાર પછી વૈતાઢ્યપર્વતમાં નમિ–વિનમિ સાથે બાર વરસ યુદ્ધ થયું. તે પરાજિત થયેલા છતાં વિનમિ સ્ત્રીરત્નને અને નમિ અન્યરત્નોને લઈ ઉપસ્થિત થયા.

ત્યાંથી ખંડપ્રપાતગુફાના નાટ્યમાલ દેવને સાધે છે. ખંડપ્રપાતગુફામાંથી બહાર નીકળે છે. ગંગાકિનારે નવ નિધિઓ પ્રાપ્ત થાય છે. ત્યારપછી દક્ષિણબાજુના ગંગાનિષ્કૂટને સાધે છે. આ ક્રમથી ૬૦હજાર વર્ષે ભરતક્ષેત્રને જીતી વિનીતા રાજધાનીમાં ભરત આવ્યો. ત્યાં બારવર્ષ મહારાજ્યાભિષેક ચાલ્યો. જ્યારે બારવર્ષનો રાજ્યાભિષેક મહોત્સવ પૂર્ણ થયો અને સર્વ રાજાઓ વિસર્જન કરાયા. ત્યારે ભરત પોતાના સ્વજનાદિ વર્ગનું સ્મરણ કરવા લાગ્યો (અર્થાત્ ૬૦હજાર વર્ષ પછી આવ્યા હોવાને કારણે સ્વજનવર્ગના દર્શન કરવાની ઇચ્છા થાય છે.) ત્યારે એક–પછી એક પોતાના સ્વજનો દેખાડાય છે.

આ પ્રમાણે ક્રમથી બધાને મળતા–મળતા સુંદરીને જોઈ. તે [iii]ફીકા (પીળા) પડેલા મુખવાળી હતી. જે દિવસે ભરતે તેણીને દીક્ષા લેવાની ના પાડી હતી તે દિવસથી શરૂ કરીને જ તે આયંબિલ કરતી હતી. તેણીને જોઈ ગુસ્સે થયેલા ભરતે કૌટુંબિક પુરુષોને કહ્યું, "શું મારી પાસે

---

२८. साधयति, ततो भरतो गङ्गां साधयति, पश्चात्सेनापतिरौत्तरं गङ्गानिष्कूटं साधयति, भरतोऽपि गङ्गया सार्धे वर्षसहस्रं भोगान्भुनक्ति, ततो वैताढ्ये पर्वते नमिविनमिभ्यां समं द्वादश संवत्सराणि युद्धं, तौ पराजितौ सन्तौ विनमिः स्त्रीरत्नं नमिः रत्नानि गृहीत्वोपस्थितौ, पश्चात्खण्डप्रपातगुहाया नृत्यमाल्यं देवं साधयति, ततः खण्डप्रपातगुहाया निर्याति, गङ्गाकूले नव निधय उपागच्छन्ति, पश्चात् दाक्षिणात्यं गङ्गानिष्कूटं सेनापतिः साधयति, एतेन क्रमेण षष्ट्या वर्षसहस्रैः भारतं वर्षं अभिजित्यातिगतो विनीतां राजधानीमिति, द्वादश वर्षाणि महाराजाभिषेको, यदा द्वादश वर्षाणि महाराजाभिषेको वृत्तो राजानो विसृष्टाः तदा निजकवर्गं स्मर्तुमारब्धः, तदा दर्श्यन्ते सर्वे निजकाः, एवं परिपाट्या सुन्दरी दर्शिता, सा पण्डुराङ्गितमुखी, सा च यद्दिवसे रुद्धा तस्माद्दिवसादारभ्याचाम्लानि करोति, तां दृष्ट्वा रुष्टस्तान् कौटुम्बिकान् भणति–किं मम नास्ति † गंगाकूलेण. + गच्छंतित्ति. ★ महारज्जा०.

[२९] भोयणं ?, जं एसा एरिसीरूवेण जाया, विज्जा वा नत्थि ?, तेहिं सिट्ठं जहा—आयंबिलाणि करेति, ताहे तस्स तस्सोवरिं पयणुओ रागो जाओ, सा य भणिया—जइ रुच्चइ तो मए समं भोगे भुंजाहि, णवि तो पव्वयाहित्ति, ताहे पाएसु पडिया विसज्जिया पव्वइआ । अन्नया भरहो तेसिं भाउयाणं दूयं पट्ठवेइ-जहा मम रज्जं आयणह, ते भणंति—अम्हवि रज्जं ताएण दिण्णं, तुज्झवि, एतु ताव ताओ पुच्छिज्जिहिति, जं भणिहिति तं करिहामो । ते णं समए णं भगवं अट्ठावयमागओ विहरमाणो, एत्थ सव्वे समोसरिआ कुमारा, ताहे भणंति—तुब्भेहिं दिण्णाइं रज्जाइं हरति भाया, ता किं करेमो ? किं जुज्झामो उयाहु आयाणामो ?, ताहे सामी भोगेसु निव्वत्तावेमाणो तेसिं धम्मं कहेइ-न मुत्तिसमं सुहमत्थि, ताहे इंगालदाहकदिट्ठंतं कहेइ – जहा एगो इंगालदाहओ एगं भाणं पाणिअस्स भरेऊणं गओ, तं तेण उदगं णिट्ठविअं, उवरिं आइच्चो पासे अग्गी पुणो परिस्समो

ભોજન નથી ? (અર્થાત્ મારી પાસે એટલું પણ ધન નથી કે જેથી ખવડાવી શકું ?) જેથી આ સુંદરી આવા સ્વરૂપે થઈ છે અથવા શું વૈદ્યો નથી ?" ત્યારે કૌટુંબિકપુરુષોવડે કહેવાયું – "તે આયંબિલ કરે છે." ત્યારે ભરતનો તેણીની ઉપરનો રાગભાવ ઓછો થઈ ગયો. તેણીને કહ્યું, "સુંદરી ! જો ઇચ્છા હોય તો મારી સાથે ભોગોને ભોગવ, નહિ તો દીક્ષા લે." ત્યારે સુંદરી પગમાં પડી. ભરતે દીક્ષાની અનુમતિ આપી. તેણીએ દીક્ષા લીધી.

એકવાર ભરતે પોતાના ભાઈઓને દૂત મોકલ્યો, "તમારું રાજ્ય મને આપી દો (અર્થાત્ તમે મારી આજ્ઞામાં આવી જાઓ)." ભાઈઓએ કહ્યું, "અમોને પણ પિતાએ રાજ્ય આપ્યું છે અને તમને પણ પિતાએ આ રાજ્ય આપ્યું છે. તેથી આપણે ચાલો પ્રભુને જ પૂછી જોઈએ. પ્રભુ જે કહેશે તે આપણે સૌ કરીશું." તે સમયે પ્રભુ વિચરતાં અષ્ટાપદપર્વત ઉપર આવ્યા. ત્યાં સર્વ કુમારો ભેગા થયા. અને પ્રભુને કહ્યું, "તમારાવડે અપાયેલું રાજ્ય મોટાભાઈ લઈ લે છે તો અમે શું કરીએ ? શું યુદ્ધ કરીએ કે (રાજ્ય) આપી દઈએ ?"

પ્રભુએ તેઓને ભોગોનો ત્યાગ કરાવવા ધર્મ કહ્યો, "મુક્તિસમાન સુખ નથી. આ બાબતમાં **અંગારદાહકનું દૃષ્ટાંત** કહે છે – જેમ એક અંગારદાહક પાણીના એક વાસણને ભરી અંગારા બનાવવાના સ્થાને ગયો.(તરસ લાગતા વારંવાર પાણી પીવામાં) તે પાણી પૂરું થઈ ગયું. ઉપર

२९. भोजनं, यदेषा ईदृशी रूपेण जाता, वैद्या वा न सन्ति ?, तैः शिष्टं-यथाऽऽचाम्लानि करोति, तदा तस्य तस्या उपरि प्रतनुको रागो जातः, सा च भणिता- यदि रोचते तदा मया समं भोगान् भुङ्क्ष्व, नैव तर्हि प्रव्रज, तदा पादयोः पतिता विसृष्टा प्रव्रजिता । अन्यदा भरतस्तेषां भ्रातृणां दूतान् प्रेषयति-यथा मम राज्यमाज्ञापयत, ते भणन्ति-अस्माकमपि राज्यं तातेन दत्तं, तवापि, एतु तावत्तातः पृच्छ्यते, यद्भणिष्यति तत्करिष्यामः । तस्मिन्समये भगवानष्टापदमागतो विहरन्, अत्र सर्वे समवसृताः कुमाराः, तदा भणन्ति—युष्माभिर्दत्तानि राज्यानि हरति भ्राता, तत्किं कुर्मः ? किं युध्यामह उताहो आज्ञप्यामहे, तदा स्वामी भोगेभ्यो निवर्त्तयमानः तेभ्यो धर्मं कथयति-न मुक्तिसमं सुखमस्ति, तदाऽङ्गारदाहकदृष्टान्तं कथयति—यथैकोऽङ्गारदाहक एकं भाजनं पानीयस्य भृत्वा गतः, तत्तेनोदकं निष्ठापितं, उपरि आदित्यः पार्श्वयोरग्निः पुनः परिश्रमो ★अयाणह. + अट्ठावदे समागतो. * भरहो ता ताओ. △ करेमि. † भरेऊं.

[३०]दारुगाणि ‡कुट्टंतस्स, घरं गतो पाणं पीअं, मुच्छिओ सुमिणं पासइ, एवं असब्भावपट्ठवणाए कूवतलागनदिदहसमुद्दा य सव्वे पीआ★, न य +छिज्जइ तण्हा, ताहे एगंमि जिण्णकूवे तणपूलिअं गहाय उस्सिचइ, जं पडियसेसं तं जीहाए लिहइ । एवं तुब्भेहिंपि अणुत्तरा सव्वलोगे सद्दफरिसा सव्वट्ठसिद्धे अणुभूआ, तहवि तत्ति न गया । एवं वियालिअं नाम अज्झयणं भासइ 'संबुज्झह किं न बुज्झहा ?' एवं अट्ठाणउए वित्तेहिं अट्ठाणउइ कुमारा पव्वइआ, कोइ पढमिल्लुएण संबुद्धो कोइ बितिएण कोइ ततिएण जाहे ते पव्वइआ।

**अमुमेवार्थमुपसंहरन्नाह –**

**†मागहमाई विजयो सुंदरिपव्वज्ज बारसभिसेओ ।**
**आणवण भाउगाणं समुसरणे पुच्छ दिट्ठंतो ॥३४८॥**

---

સૂર્ય હતો, પાસે અગ્નિ હતો અને વળી લાકડાંઓને કાપતાં તેને પરિશ્રમ પણ હતો. (તેથી પાણીની તરસ પુષ્કળ લાગતી હતી.) તે ઘરે ગયો. પાણી પીધું. મૂર્છા આવી ગઈ અને તેમાં સ્વપ્ન જુએ છે કે બધા કૂવા–તળાવ–નદી–સરોવર–સમુદ્રો પીધાં છતાં તેની તૃષ્ણા નાશ પામતી નથી.

ત્યાર પછી એક જીર્ણકૂવામાં પાંદડાઓથી બનાવેલા પડિયાને લઈ તે કૂવામાંથી પાણી બહાર કાઢે છે. તે પડિયામાં પડતાં પડતાં બચેલું જે થોડું પાણી આવે છે તે જીભવડે ચાટે છે. (તો શું તેની તૃષ્ણા નાશ પામે ? ન પામે) એ પ્રમાણે તમારાવડે પણ સર્વલોકમાં શ્રેષ્ઠશબ્દાદિ વિષયો સર્વાર્થસિદ્ધવિમાનમાં અનુભવાયા છે તો પણ તમને તૃપ્તિ થઈ નથી.

આ પ્રમાણે (પ્રભુ તેમના વૈરાગ્ય માટે) વૈતાલીય નામનું (સૂયગડાંગસૂત્રનું બીજું) અધ્યયન કહે છે તે આ પ્રમાણે – "બોધ પામો, શા માટે બોધ પામતા નથી ?" આ પ્રમાણે અઠ્ઠાણુ શ્લોકોવડે અઠ્ઠાણુ કુમારો દીક્ષિત થયા. તેમાં કોઈ પ્રથમ શ્લોકવડે બોધ પામ્યો, કોઈ બીજા શ્લોકવડે તો કોઈ ત્રીજા શ્લોકવડે બોધ પામ્યો. યાવત્ સર્વકુમારોએ પ્રવ્રજ્યા લીધી.

**અવતરણિકા :** આ જ અર્થનો ઉપસંહાર કરતા કહે છે ⇨

**ગાથાર્થ : માગધાદિનો વિજય– સુંદરીની પ્રવ્રજ્યા – બારવર્ષ અભિષેક–ભાઈઓને આજ્ઞાપન – ભાઈઓની સમોવસરણમાં પૃચ્છા–દૃષ્ટાંતનું કથન.**

---

३०. दारूणि कुट्टयतः, गृहं गतः पानं पीतं, मूर्च्छितः स्वप्नं पश्यति, एवमसद्भावप्रस्थापनया कूपतटाकनदीह्रदसमुद्राश्च सर्वे पीताः, न च छिद्यते तृष्णा, तदैकस्मिञ्जीर्णकूपे तृणपूलं गृहीत्वोत्सिञ्चति, यत्पतितशेषं तज्जिह्वया लेढि । एवं युष्माभिरपि अनुत्तराः सर्वलोके शब्दस्पर्शाः सर्वार्थसिद्धेऽनुभूतास्तथापि तृप्तिं न गताः, एवं वैदारिकं नामाध्ययनं भाषते, संबुध्यत किं न बुध्यत ? एवमष्टनवत्या वृत्तैरष्टनवतिः कुमाराः प्रव्रजिताः कश्चित् प्रथमेन संबुद्धः कश्चिद्द्वितीयेन कश्चित्तृतीयेन, यदा ते प्रव्रजिताः ।

‡ कोर्णेतस्स. ★ पीआ य. + पच्छिज्जइ. † मागहवरदामपभास सिंधुखंडप्पवायतमिसगुहा । सट्ठिं वाससहस्से, ओअविउं आगओ भरहो ॥१॥ (प्र० अव्या०).

गमनिका – मागधमादौ यस्य स मागधादिः, कोऽसौ ? विजयो भरतेन कृत इति । पुनरागतेन सुन्दर्यवरोधस्थिता दृष्टा, क्षीणत्वान्मुक्ता चेति । द्वादश वर्षाणि अभिषेकः कृतो भरताय, आज्ञापनं भ्रातृणां चकार, तेऽपि च समवसरणे भगवन्तं पृष्टवन्तः, भगवता चाङ्गारदाहकदृष्टान्तो गदित इति गाथाक्षरार्थः ॥३४८॥

इदानीं कथानकशेषम्–कुमारेसु[31] पव्वइएसु भरहेण बाहुबलिणो दूओ पेसिओ, सो ते पव्वइए सोउं आसुरुत्तो, ते बाला तुमए पव्वाविआ, अहं पुण जुद्धसमत्थो, ता एहि, किं वा ममंमि अजिए भरहे तुमे ★जिअंति । ततो सव्वबलेण दोवि मिलिआ देसंते, बाहुबलिणा भणिअं–किं अणवराहिणा लोगेण मारिएणं ?, तुमं च अहं च दुवेऽवि जुज्झामो, एवं होउत्ति, तेसिं पढमं दिट्ठिजुद्धं जायं, तत्थ भरहो पराजिओ, पच्छा वायाए, तत्थवि भरहो पराइओ, एवं बाहाजुद्धेण पराजिओ मुट्ठिजुद्धेऽवि पराज्जिओ दंडजुद्धेऽवि जिप्पमाणो भरहो चिंतियाइओ-किं एसेव चक्की ?

---

**ટીકાર્થ** : માગધ એ છે શરૂઆતમાં જેને તે માગધાદિ એવો વિજય ભરતવડે કરાયો (અર્થાત્ સૌથી પહેલા માગધતીર્થ જીતીને પછી ષટ્ખંડ જીત્યા.) પાછા ફરેલા ભરતે અટકાવાયેલી સુંદરીને જોઈ. અને (આયંબિલને કારણે) ક્ષીણ થયેલી હોવાથી (પ્રવ્રજ્યાની) રજા આપી. ભરતનો બારવર્ષ અભિષેક કરાયો. ભાઈઓને (રાજ્ય સોંપી દેવા) આજ્ઞા કરી. તેઓએ પણ સમોવસરણમાં પ્રભુને પૂછ્યું અને ભગવાને અંગારદાહકનું દૃષ્ટાંત કહ્યું. ॥૩૪૮॥

**કથાનક શેષ** – કુમારોની પ્રવ્રજ્યા થતાં ભરતે બાહુબલિને દૂત મોકલ્યો. બાહુબલિ કુમારોની પ્રવ્રજ્યા સાંભળી ગુસ્સે ભરાયો. "તે જ બધા બાળકોને (નાના ભાઈઓને) દીક્ષા લેવરાવી" (એમ વિચારી ગુસ્સે ભરાયો.) હું તો યુદ્ધમાં સમર્થ છું. તેથી આવ (આપણે યુદ્ધ કરીએ.) અથવા મને જીત્યા વિના ભરતક્ષેત્રને જીતવાથી શું ? (અર્થાત્ જ્યાં સુધી તું મને જીતે નહિ ત્યાં સુધી તારી બધી જીત નકામી છે.) તેથી દેશની સીમાએ બંને સર્વસૈન્ય સાથે મળ્યા. બાહુબલિએ કહ્યું "અનપરાધી એવા લોકને મારવાવડે શું ? તું અને હું આપણે બંને જ યુદ્ધ કરીએ. "આ પ્રમાણે થાઓ" એમ બંને જણાએ સ્વીકાર્યું.

તેઓનું પ્રથમયુદ્ધ દૃષ્ટિયુદ્ધ થયું. તેમાં ભરત પરાજય પામ્યો. પછી વાગ્યુદ્ધ થયું. તેમાં પણ ભરત હાર્યો. એ પ્રમાણે બાહુયુદ્ધમાં, મુષ્ટિયુદ્ધમાં અને દંડયુદ્ધમાં પણ પરાજય પામતા ભરતે વિચાર્યું "શું આ ચક્રી છે કે જેથી હું તેનાથી દુર્બળ છું ?" આ પ્રમાણે વિચારતા તે ભરતને દેવે

---

३१. कुमारेषु प्रव्रजितेषु भरतेन बाहुबलिने दूतः प्रेषितः, स तान्प्रव्रजितान् श्रुत्वा क्रुद्धः, ते बालास्त्वया प्रव्राजिताः, अहं पुनः युद्धसमर्थः तत् एहि, किं वा मय्यजिते भरते त्वया जितमिति । ततः सर्वबलेन द्वावपि मिलितौ देशान्ते, बाहुबलिना भणितं- किमनपराधिना लोकेन मारितेन ?, त्वं चाहं च द्वावेव युध्यावहे, एवं भवत्विति, तयोः प्रथमं दृष्टियुद्धं जातं, तत्र भरतः पराजितः, पश्चाद्वाचा, तत्रापि भरतः पराजितः, एवं बाहुयुद्धेन पराजितो मुष्टियुद्धेऽपि पराजितो दण्डयुद्धेऽपि जीयमानो भरतश्चिन्तितवान्-किमेष एव चक्रवर्ती ? ★ विजिअंति.

[३२] जेणाहं दुब्बलोत्ति, तस्स एवं चिंतंतस्स देवयाए आउहं △ दिण्णं चक्करयणं, ताहे सो तेणं गहिएणं पहाविओ। इओ बाहुबलिणा दिट्ठो गहियदिव्वरयणो आगओ, सगव्वं चिंतियं चाणेण-सममेएण + भंजामि एयं, किं पुण तुच्छाण कामभोगाण कारणा भट्ठनियपइण्णं एयं मम वावाइउं न जुत्तं, सोहणं मे भाउगेहिं अणुट्ठिअं, अहमवि तमणुट्ठामित्ति चिंतिऊण भणियं चाणेण-धिसि धिसि पुरिसत्तणं ते अहम्मजुद्धपवत्तस्स, अलं मे भोगेहिं, गेण्हाहि रज्जं, पव्वयामित्ति, मुक्कदंडो पव्वइओ, भरहेण बाहुबलिस्स पुत्तो रज्जे ठविओ।

बाहुबली विचिंतेइ–तायसमीवे भाउणो मे लहुयरा समुप्पण्णनाणाइसया, ते किह निरइसओ पिच्छामि ?, एत्थेव ताव अच्छामि जाव केवलनाणं समुप्पण्णंति, एवं सो पडिमं ठिओ, माणपव्वयसिहरे, जाणइ सामी तहवि न पट्ठवेइ, अमूढलक्खा तित्थयरा, ताहे संवच्छरं

---

શસ્ત્રરૂપે ચક્રરત્ન આપ્યું. ત્યારે ચક્રરત્નને લઈ ભરત બાહુબલિને મારવા દોડ્યો. આ બાજુ હાથમાં દિવ્યરત્નને લઈ આવતા ભરતને બાહુબલિએ જોયો.

ગર્વ સહિત એણે વિચાર્યું – "(જો ઈચ્છું તો) ચક્રરત્નની સાથે ભરતને ભાંગી નાખું, (પણ) શું તુચ્છ એવા કામભોગો માટે પોતાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયેલા આ ભરતને મારવો મને યુક્ત છે ? અર્થાત્ યુક્ત નથી. તેના કરતા મારા ભાઈઓએ જે કામ કર્યું તે જ મારા માટે સુંદર છે. હું પણ તેઓને અનુસરીશ (દીક્ષા લઈશ.)" આમ વિચારી તેણે કહ્યું, "અધર્મ યુદ્ધમાં પ્રવર્તતા તારા પુરુષત્વને ધિક્કાર છે, મારે ભોગોથી સર્યું. લે લઈ લે રાજ્ય, હું પ્રવ્રજ્યા લઉં છું." હાથમાંથી દંડ મૂકીને પ્રવ્રજ્યા લીધી.

ભરતે બાહુબલિના પુત્રને રાજ્ય ઉપર સ્થાપ્યો. બાહુબલિ દીક્ષા લીધા પછી વિચારે છે, "પિતા પાસે રહેલા મારા નાના ભાઈઓ જ્ઞાનાતિશયને પામેલા છે. તેથી નિરતિશયવાળો હું તેઓને કેવી રીતે જોઉં = મળું ? તેથી અહીં જ ત્યાં સુધી ઊભો રહું કે જ્યાં સુધી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય." આ પ્રમાણે વિચારી તે માનરૂપી પર્વતના શિખરે પ્રતિમામાં સ્થિર થયા. આ વાત પ્રભુ જાણે છે છતાં તેને બોધ પમાડવા કોઈને મોકલતા નથી, કારણ કે તીર્થંકરો અમૂઢલક્ષ્યવાળા હોય છે. (અર્થાત્ નિષ્ફળકાર્યમાં પ્રવૃત્તિ કરનારા હોતા નથી.)

તે બાહુબલિ એક વરસ સુધી કાઉસ્સગ્ગવડે પ્રતિમામાં રહે છે. ત્યાં વેલડીઓનો સમૂહ

---

३२. येनाहं दुर्बल इति । तस्यैवं चिन्तयतो देवतया आयुधं दत्तं चक्ररत्नं, तदा स तद् गृहीत्वा प्रधावितः । इतो बाहुबलिना दृष्टः गृहीतदिव्यरत्न आगतः, सगर्वं चिन्तितं चानेन-सममेतेन भनज्म्येनं, किं पुनस्तुच्छानां कामभोगानां कारणाद्भ्रष्टप्रतिज्ञमेनं व्यापादयितुं न युक्तं, शोभनं मे भ्रातृभिरनुष्ठितं, अहमपि तदनुतिष्ठामि इति चिन्तयित्वा भणितं चानेन–धिग्धिक् पुरुषत्वं तेऽधर्मयुद्धप्रवृत्तस्य, अलं मे भोगैः, गृहाण राज्यं, प्रव्रजामीति, मुक्तदण्डः प्रव्रजितः, भरतेन बाहुबलिनः पुत्रो राज्ये स्थापितः । बाहुबली विचिन्तयति-तातसमीपे भ्रातरो मे लघुतराः समुत्पन्नज्ञानातिशयाः, तान् कथं निरतिशयः पश्यामि ?, अत्रैव तावत्तिष्ठामि यावत्केवलज्ञानं समुत्पन्नमिति ( समुत्पद्यत इति ), एवं स प्रतिमां स्थितः, मानपर्वतशिखरे, जानाति स्वामी तथापि न प्रस्थापयति, अमूढलक्ष्यास्तीर्थकराः, तदा संवत्सरं + से. △ नेदम्: † भुंजामि.

[३३] अच्छइ काउस्सग्गेणं, वल्लीविताणेणं वेढिओ, पाया य वम्मीयनिग्गएहिं भुयंगेहिं, पुण्णे य संवच्छरे भगवं बंभीसुंदरीओ पट्ठवेइ, पुव्विं न ★पट्ठविआ, जेण तया सम्मं न +पडिवज्जइत्ति, ताहिं सो मग्गंतीहिं वल्लीतणवेढिओ दिट्ठो, परूढेणं महल्लेणं कुच्चेणंति, तं दट्ठूण वंदिओ, इमं च भणियं-†ताओ आणवेइ-न △किर हत्थिविलग्गस्स केवलनाणं समुप्पज्जइत्ति भणिऊणं गयाओ, ताहे *पचिंतितो – कहिं एत्थ हत्थी ?, ताओ अ अलियं न भणाति, ततो चिंततेण णायं-जहा माणहत्थित्ति, को य मम माणो ?, वच्चामि भगवंतं वंदामि ते य साहुणोत्ति पादे उक्खित्ते केवलनाणं समुप्पण्णं, ताहे गंतूण केवलिपरिसाए ठिओ । ताहे भरहोऽवि रज्जं भुंजइ । मरीईवि सामाइयादि एक्कारस अंगाणि अहिज्जिओ ।

साम्प्रतमभिहितार्थोपसंहारायेदं गाथासप्तकमाह–

**बाहुबलिकोवकरणं निवेअणं चक्कि देवया कहणं ।**
**नाहम्मेणं जुज्झे दिक्खा पडिमा पइण्णा य ॥३४९॥**

તેને વીંટળાઈ વળ્યો. રાફડામાંથી નીકળેલા સાપો તેના પગને વીંટળાઈ વળ્યા. એક વર્ષ પૂરું થતાં પ્રભુ બ્રાહ્મી–સુંદરીને મોકલે છે. પૂર્વે તેઓ એટલા માટે મોકલાઈ ન હતી કે તે બોધ પામત નહિ. ત્યાં શોધતી તેણીઓએ ઘાસ–વેલડીથી વીંટળાયેલા તેને ઘણી મોટી વધેલી દાઢીવડે જોયો (ઓળખ્યો). તેને જોઈને બહેનોએ વંદન કર્યું અને કહ્યું, "પિતાએ કહેવડાવ્યું છે કે – હાથી પર બેઠેલાને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય નહિ."

આમ કહી તેઓ ચાલી ગઈ. ત્યારે બાહુબલિએ વિચાર્યું, "અહીં હાથી ક્યાં છે ?" પિતા તો કદી ખોટું બોલે નહિ. વિચારતા તેણે જાણ્યું, અહીં માન એ જ હાથી છે. મારે શેનો અહંકાર (રાખવા જેવો છે) ? ભગવાન પાસે જાઉં, તે સાધુઓને વંદન કરું, એમ વિચારતા પગ ઉપાડ્યા ત્યાં જ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે (પ્રભુ પાસે) જઈ કેવલીપર્ષદામાં તેઓ બેઠા. ભરત રાજ્યને ભોગવે છે. મરીચિ પણ સામાયિકાદિ અગિયાર અંગોને ભણ્યા.

**અવતરણિકા :** ઉપરોક્ત અર્થનો ઉપસંહાર કરતા સાત ગાથા બતાવે છે ⇨

**ગાથાર્થ :** બાહુબલિના કોપનું કરણ – ચક્રીને નિવેદન – દેવતા – કથન – અધર્મી સાથે હું યુદ્ધ કરતો નથી – દીક્ષા–પ્રતિમા – પ્રતિજ્ઞા.

३३. तिष्ठति कायोत्सर्गेण, वल्लीवितानेन वेष्टितः, पादौ च वल्मीकनिर्गतैर्भुजङ्गैः, पूर्णे च संवत्सरे भगवान् ब्राह्मीसुन्दर्यौ प्रस्थापयति, पूर्वं न प्रस्थापिते, येन तदा सम्यक् न प्रतिपद्यत इति, ताभ्यां मार्गयन्तीभ्यां स वल्लीतृणवेष्टितो दृष्टः, प्ररूढेन महता कूर्चेनेति, तं दृष्ट्वा वन्दितः इदं च भणितम्-तात आज्ञापयति-न किल हस्तिविलग्नस्य केवलज्ञानं समुत्पद्यत इति भणित्वा गते, तदा प्रचिन्तितः ( चिन्तितुमारब्धवान् ) क्वात्र हस्ती ?, तातश्चालीकं न भणति, ततश्चिन्तयता ज्ञातं- यथा मानो हस्तीति, कश्च मम मानः, व्रजामि भगवन्तं ( प्रति ) वन्दे तांश्च साधूनिति पादे उत्क्षिप्ते केवलज्ञानं समुत्पन्नं, तदा गत्वा केवलिपर्षदि स्थितः । तदा भरतोऽपि राज्यं भुनक्ति । मरीचिरपि सामायिकादीन्येकादशाङ्गान्यधीतवान्.

★ पट्ठविआओ. + पडिवज्जिहित्ति. † जेट्ठज्ज ! ताओ. △ किल. * चिन्तितो.

पढमं दिट्ठीजुद्धं वायाजुद्धं तहेव बाहाहिं ।
मुट्ठीहि अ दंडेहि अ सव्वत्थवि जिप्पए भरहो ॥३२॥
†सो एव जिप्पमाणो विहुरो अह नरवई विचिंतेइ ।
किं मन्नि एस चक्की ? जह दाणि दुब्बलो अहयं ॥३३॥
संवच्छरेण धूअं अमूढलक्खो उ पेसए अरिहा ।
हत्थीओ ओयरत्ति अ वुत्ते चिन्ता पए नाणं ॥३४॥
उप्पण्णनाणरयणो तिण्णपइण्णो जिणस्स पामूले ।
गंतुं तित्थं नमिउं केवलिपरिसाइ आसीणो ॥३५॥
काऊण एगछत्तं भरहोऽवि अ भुंजए विउलभोए ।
मरिईवि सामिपासे विहरइ तवसंजमसमग्गो ॥३६॥
सामाइअमाईअं इक्कारसमाउ जाव अंगाउ ।
उज्जुत्तो भत्तिगतो अहिज्जिओ सो गुरूसगासे ॥३७॥ ( भाष्यम् )

आसामभिहितार्थानामपि असंमोहार्थमक्षरगमनिका प्रदर्श्यते-भरतसंदेशाकर्णने सति बाहुबलिनः कोपकरणं, तन्निवेदनं चक्रवर्त्तिभरताय दूतेन कृतं, 'देवयत्ति' युद्धे जीयमानेन भरतेन किमयं

---

ગાથાર્થ : પ્રથમ દ્રષ્ટિયુદ્ધ – વાચાયુદ્ધ – તથા બાહુયુદ્ધ – મુષ્ટિ અને દંડવડે યુદ્ધ, સર્વત્ર ભરત જિતાયો.

ગાથાર્થ : આ પ્રમાણે જિતાતો વિધુર એવો તે નરપતિ હવે વિચારે છે "શું આ જ ચક્રી છે ? જેથી અત્યારે હું દુર્બળ છું."

ગાથાર્થ : અમૂઢલક્ષ્યવાળા અરિહંત સંવત્સર પછી દીકરીને મોકલે છે. "હાથી ઉપરથી ઉતરો" એમ કહેતા વિચારણા– (જાઉં, એવું વિચારીને) પગ ઉપાડતા કેવલજ્ઞાન.

ગાથાર્થ : ઉત્પન્ન થયું છે કેવલજ્ઞાન જેમને તેવા, પૂરી થઈ છે પ્રતિજ્ઞા જેમની તેવા (તે બાહુબલિ) જિન પાસે જઈ તીર્થને નમસ્કાર કરી કેવલીપર્ષદામાં બેઠા.

ગાથાર્થ : એકછત્રી શાસન કરીને ભરત પણ વિપુલભોગોને ભોગવે છે. તપસંયમથી યુક્ત એવો મરીચિ પણ સ્વામી સાથે વિચરે છે.

ગાથાર્થ : (ક્રિયામાં) પ્રયત્નશીલ, (ભગવાનને વિષે) ભક્તિવાળા તે મરીચિ ગુરુ પાસે સામાયિકથી શરૂ કરીને અગિયાર અંગો સુધી ભણ્યા.

ટીકાર્થ : કહેવાઈ ગયેલ છે અર્થ જેનો એવી પણ ગાથાઓનો અક્ષરાર્થ મૂંઝવણ ન થાય તે માટે દેખાડાય છે – ભરતનો સંદેશો સાંભળતા બાહુબલિનું કોપકરણ. આ બાહુબલિના કોપનું નિવેદન દૂતે ભરતને કર્યું. મૂળગાથામાં રહેલ 'દેવય' પદથી એમ સમજવું કે યુદ્ધમાં

---

† ताहे चक्कं मणसी करेइ पत्ते अ चक्करयणंमि । बाहुबलिणा य भणिअं धिरत्थु रज्जस्स तो तुज्झ ॥१॥ चिंतेइ य सो मज्झं सहोअरा पुव्वदिक्खिया नाणी । अहयं केवलिहोव्वं वेच्चहामि ठिओ पडिमं ॥२॥ ( प्र० अव्या० )

चक्रवर्ती न त्वहमिति चिन्तिते देवता आगतेति, 'कहणंति' बाहुबलिना परिणामदारूणान् भोगान् पर्यालोच्य कथनं कृतं-अलं मम राज्येनेति, तथा चाह—नाधर्मेण युध्यामीति, दीक्षा तेन गृहीता, अनुत्पन्नज्ञानः कथमहं ज्यायान् लघीयसो द्रक्ष्यामीत्यभिसंधानात् प्रतिमा अङ्गीकृता प्रतिज्ञा च कृता-नास्मादनुत्पन्नज्ञानो यास्यामीति निर्युक्तिगाथा, शेषास्तु भाष्यगाथाः ॥३४९॥

तयोश्च भरतबाहुबलिनोः प्रथमं दृष्टियुद्धं पुनर्वाग्युद्धं तथैव बाहुभ्यां मुष्टिभिश्च दण्डैश्च, 'सर्वत्रापि' सर्वेषु युद्धेषु जीयते भरतः ॥ स एवं जीयमानो विधुरोऽथ नरपतिर्विचिन्तितवान्-किं मन्ये एष चक्रवर्ती ? यथेदानीं दुर्बलोऽहमिति ॥ कायोत्सर्गावस्थिते भगवति बाहुबलिनि संवत्सरेण 'धूतां' ★दुहितरं अमूढलक्षस्तु प्रेषितवान् 'अर्हन्' आदितीर्थकरः, 'हस्तिनः अवतर' इति चोक्ते चिन्ता तस्य जाता, यामीति संप्रधार्य 'पदे' इति +पादोत्क्षेपे ज्ञानमुत्पन्नमिति ॥ उत्पन्नज्ञानरत्नस्तीर्णप्रतिज्ञो जिनस्य पादमूले केवलि*पर्षदं गत्वा †तीर्थं नत्वा आसीनः ॥ अत्रान्तरे कृत्वा एकच्छत्रं भुवनमिति वाक्यशेषः, भरतोऽपि च भुङ्क्ते विपुलभोगान्। मरीचिरपि स्वामिपार्श्वे विहरति तपःसंयमसमग्रः ॥ स च सामायिकादिकमेकादशमङ्गं यावत् उद्युक्तः

---

જિતાતા એવા ભરતવડે "શું આ ચક્રવતી છે ? હું નહિ ?" એ પ્રમાણે વિચારતા દેવ આવ્યો.

'કથન' એટલે બાહુબલિએ "ભોગો દારૂણ પરિણામવાળા છે" એમ વિચારીને કથન કર્યું કે, "રાજ્યવડે મને સર્યું." અને ભરતને કહે છે "અધર્મી સાથે હું યુદ્ધ કરતો નથી અથવા અધર્મ=અનીતિવડે હું યુદ્ધ કરતો નથી." તેણે દીક્ષા ગ્રહણ કરી. "કેવલજ્ઞાન વિના મોટો એવો હું નાના ભાઈઓને કેવી રીતે જોઉં (મળું)?" એમ વિચારી પ્રતિમા સ્વીકારી અને પ્રતિજ્ઞા કરી— "કેવલજ્ઞાન ઉત્પન્ન થયા વિના આ સ્થાનેથી હું જઈશ નહિ." આ નિર્યુક્તિગાથા છે. શેષ છ ભાષ્ય ગાથાઓ છે. ॥૩૪૯॥

ભરત—બાહુબલિનું પ્રથમ દૃષ્ટિયુદ્ધ, પછી વાગ્યુદ્ધ તથા બાહુવડે, મુષ્ટિઓવડે અને દંડોવડે યુદ્ધ થયું. સર્વ યુદ્ધોમાં ભરત જિતાયો. આ પ્રમાણે જિતાતા (માટે જ) દુઃખી એવા તે નરપતિએ વિચાર્યું કે "શું આ ચક્રવર્તી છે ? કે જેથી અત્યારે હું દુર્બળ છું." ॥૩૨—૩૩॥

બાહુબલિ જયારે કાર્યોત્સર્ગમાં રહ્યા ત્યારે એકવર્ષ પછી અમૂઢલક્ષ્યવાળા આદિનાથ તીર્થંકરે દીકરીને મોકલી. (બહેનોવડે) "હાથી પરથી નીચે ઉતરો" એ પ્રમાણે કહ્યા બાદ બાહુબલિ વિચારવા લાગ્યા. "હું જાઉં" એ પ્રમાણે વિચારીને પગ ઉપાડતા કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ઉત્પન્ન થયું છે કેવલજ્ઞાન જેમને, (માટે જ) પૂર્ણ પ્રતિજ્ઞાવાળા બાહુબલિ જિન પાસે જઈ તીર્થને નમસ્કાર કરી કેવલીપર્ષદામાં બેઠા.॥૩૪—૩૫॥

એ દરમિયાન "એક છત્રવાળા ભુવનને કરીને" એ પ્રમાણે વાક્યશેષ જાણવો. ભરત પણ વિપુલભોગોને ભોગવે છે. તપસંયમથી યુક્ત મરીચિ પણ સ્વામી સાથે વિચરે છે, અને

---

★ दुहितरौ. + पदो०. * परिषदं. † तत्तीर्थं.

क्रियायां, भक्तिगतो भगवति श्रुते वा, अधीतवान् स गुरुसकाश इत्युपन्यस्तगाथार्थः ॥३२-३७॥

**अह अण्णया कयाई गिम्हे उण्हेण परिगयसरीरो ।**
**अण्हाणएण चइओ इमं कुलिंगं विचिंतेइ ॥३५०॥**

गमनिका–'अथ' इत्यानन्तर्ये 'कदाचिद्' एकस्मिन्काले ग्रीष्मे उष्णेन परिगतशरीरः 'अस्नानेनेति' अस्नानपरीषहेण त्याजितः संयमात् 'एतत्कुलिङ्गं' वक्ष्यमाणं विचिन्तयतीति गाथार्थः ॥३५०॥

**मेरुगिरीसमभारे न हुमि समत्थो मुहुत्तमवि वोढुं ।**
**सामण्णए गुणे गुणरहिओ संसारमणुकंखी ॥३५१॥**

गमनिका–मेरुगिरिणा समो भारो येषां ते तथाविधास्तान् नैव समर्थो मुहूर्त्तमपि वोढुं, कान्?, श्रमणानामेते श्रामणाः, के ते ? गुणाः विशिष्टक्षान्त्यादयस्तान्, कुतो ?, यतो धृत्यादिगुणरहितोऽहं संसारानुकाङ्क्षीति गाथार्थः ॥ ततश्च किं मम युज्यते ?, गृहस्थत्वं तावदनुचितं, श्रमणगुणानुपालनमप्यशक्यं ॥३५१॥

---

ક્રિયામાં પ્રયત્નશીલ, પ્રભુ વિષે અથવા શ્રુત વિષે ભક્તિવાળા તે સામાયિકથી લઈ અગિયાર અંગો સુધી ગુરુ પાસે ભણ્યા. ॥૩૬–૩૭॥

**ગાથાર્થ :** **હવે ક્યારેક ગ્રીષ્મઋતુમાં ગરમીથી ઘેરાયેલા શરીરવાળો, અસ્નાનપરિષહના કારણે (સંયમથી) ત્યજાયેલો (અર્થાત્ અસ્નાન પરિષહ જીતી ન શકવાથી સંયમના પરિણામથી પતિત થયેલો) મરીચિ આ પ્રમાણેના કુલિંગને વિચારે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. 'અથ' શબ્દ 'આનન્તર્ય' અર્થમાં છે અર્થાત્ 'હવે પછી' એવા અર્થમાં છે.॥૩૫૦॥

**ગાથાર્થ :** **ગુણરહિત, સંસારને ઈચ્છનારો હું મેરુગિરિને સમાન ભારવાળા શ્રામણ્ય ગુણોને મુહૂર્ત્ત માત્ર પણ વહન કરવા સમર્થ નથી.**

**ટીકાર્થ :** મેરુપર્વત સમાન ભાર છે જેઓનો તે તેવા પ્રકારના એટલે કે મેરુગિરિસમભાર કહેવાય. આવા તેઓને હું મુહૂર્ત્ત જેટલા કાળ સુધી પણ વહન કરવા સમર્થ નથી. તેઓને એટલે કોને ? તે કહે છે – શ્રમણોના આ તે શ્રામણા (શ્રામણ્ય) અર્થાત્ શ્રમણોસંબંધી જે હોય તે શ્રામણા કહેવાય. તે શ્રામણો તરીકે કોણ છે ? તે કહે છે – વિશિષ્ટક્ષમા વિગેરે ગુણો, એ શ્રામણા તરીકે છે. આવા શ્રામણ (શ્રામણ્ય) ગુણોને (વહન કરવા હું સમર્થ નથી.) શા માટે ? તે કહે છે – કારણ કે હું ધૃતિ વિગેરે ગુણોથી રહિત હોવાથી સંસારની ઇચ્છાવાળો છું. (ભાવાર્થ : ધૃતિ વગેરે ગુણોથી રહિત એવો હું (મરીચિ) સંસારની ઇચ્છાવાળો હોવાથી આ ક્ષાન્તિ વગેરે ગુણોને મુહૂર્તમાત્ર પણ વહન કરવા સમર્થ નથી.) તેથી મારે શું કરવું ઘટે ? ગૃહસ્થપણું અનુચિત છે અને શ્રમણગુણોનું અનુપાલન અશક્ય છે.॥૩૫૧॥

**एवमणुचिंतंतस्स निअगा मई समुप्पण्णा ।**

**लद्धो मए उवाओ जाया मे सासया बुद्धी ॥३५२॥**

व्याख्या–'एवं' उक्तेन प्रकारेण अनुचिन्तयतस्तस्य निजा मतिः समुत्पन्ना, न परोपदेशेन, स ह्येवं चिन्तयामास–लब्धो मया वर्त्तमानकालोचितः खलूपायः, जाता मत शाश्वता बुद्धिः, शाश्वतेति आकालिकी प्रायो निरवद्यजीविकाहेतुत्वात् इति गाथार्थः ॥३५२॥

यदुक्तं 'इदं कुलिङ्गं अचिन्तयत्' तत्प्रदर्शनायाह–

**समणा तिदंडविरया भगवंतो निहुअसंकुइअअंगा ।**

**अजिइंदिअदंडस्स उ होउ तिदंडं महं चिंधं ॥३५३॥**

गमनिका–श्रमणाः मनोवाक्कायलक्षणत्रिदण्डविरताः, एश्वर्यादिभगयोगाद्भगवन्तः, निभृतानि–अन्तःकरणाशुभव्यापारचिन्तनपरित्यागात् संकुचितानि–अशुभकायव्यापारपरित्यागात् अङ्गानि येषां ते तथोच्यन्ते, अहं तु नैवंविधो यतोऽतः–'अजितेन्दियेत्यादि' न जितानि इन्द्रियाणि–चक्षुरादीनी दण्डाश्च–मनोवाक्कायलक्षणा येन स तथोच्यते, तस्य अजितेन्द्रियदण्डस्य तु भवतु त्रिदण्डं मम चिह्नं, अविस्मरणार्थमिति गाथार्थः ॥३५३॥

---

**ગાથાર્થ : આ પ્રમાણે ચિંતવતા તે મરીચિને પોતાની મતિ ઉત્પન્ન થઈ. મારાવડે ઉપાય પ્રાપ્ત કરાયો. મારી બુદ્ધિ શાશ્વત થઈ.**

**ટીકાર્થ :** આ પ્રમાણે અર્થાત્ ઉપર બતાવેલ પ્રમાણે વિચારતા તેને બીજાના ઉપદેશ વિના પોતાને જ મતિ ઉત્પન્ન થઈ (અર્થાત્ તેને પોતાને જ વિચાર આવ્યો). તેણે આ પ્રમાણે વિચાર્યું – "મને વર્તમાનકાળને ઉચિત (અર્થાત્ ગૃહસ્થપણું અને શ્રામણ્યગુણોનું અનુપાલન, બંને અશક્ય હોવાથી ત્રીજા માર્ગને ઉચિત) ઉપાય મળી ગયો. મારી બુદ્ધિ શાશ્વત થઈ છે. (અર્થાત્ મારો આ વિચાર કાયમ માટેનો છે.) અહીં "શાશ્વત" એટલે કાયમ માટેની (જેમાં ફેરફાર ન કરવો પડે એવી) આ બુદ્ધિ (વિચાર) થઈ કારણ કે આ બુદ્ધિ પ્રાયઃ (ઘણું કરીને) નિરવદ્ય આજીવિકાનું કારણ છે. (ભાવાર્થ : આ બુદ્ધિ=વિચાર ઘણું કરીને નિરવદ્ય આજીવિકાનું કારણ હોવાથી આજીવન આ પ્રમાણેનું જ હું જીવન જીવીશ.) ॥૩૫૨॥

**અવતરણિકા :** પૂર્વે જે કહ્યું "આ કુલિંગને વિચાર્યું" તે કેવા પ્રકારનું કુલિંગ હતું તે પ્રતિપાદન કરે છે ➪

**ગાથાર્થ : શ્રમણો ત્રણદંડથી વિરત છે, ભગવાન છે, નિભૃત અને સંકુચિત અંગવાળા છે. ઈન્દ્રિય અને દંડને નહિ જીતનાર મને ત્રિદંડ ચિહ્નરૂપે થાઓ.**

**ટીકાર્થ :** શ્રમણો મન–વચન અને કાયારૂપ ત્રણદંડથી વિરત છે, ઐશ્વર્યાદિભગનો યોગ (સંબંધ) હોવાથી ભગવાન છે, મનના અશુભવ્યાપારોના ચિંતનનો પરિત્યાગ કરેલ હોવાથી નિભૃત અને અશુભકાયવ્યાપારનો પરિત્યાગ કરેલ હોવાથી સંકુચિત છે અંગો જેમના તેવા આ શ્રમણો છે. જ્યારે હું આવા પ્રકારનો નથી. તેથી ચક્ષુ વગેરે ઈન્દ્રિયોને અને મન–વચન–કાયા રૂપ દંડોને નહિ જીતનાર મને ત્રિદંડ ચિહ્નરૂપે થાઓ, જેથી (મારે ઈન્દ્રિયો અને દંડો જીતવાના બાકી છે એ વાત) ભૂલી ન જાઉં. ॥૩૫૩॥

**लोइंदिअमुंडा संजया उ अहयं खुरेण ससिहो अ ।**

**थूलगपाणिवहाओ वेरमणं मे सया होउ ॥३५४॥**

गमनिका–मुण्डो हि द्विविधो भवति-द्रव्यतो भावतश्च, तत्रैते श्रमणा द्रव्यभावमुण्डाः, कथम् ?, लोचेन इन्द्रियैश्च मुण्डाः संयतास्तु, अहं पुनर्नेन्द्रियमुण्डो यतः अतः अलं द्रव्यमुण्डतया, तस्मादहं क्षुरेण मुण्डः सशिखश्च भवामि, तथा सर्वप्राणिवधविरताः श्रमणा वर्त्तन्ते अहं तु नैवंविधो यतः अतः स्थूलप्राणातिपाताद्विरमणं मे सदा भवत्विति गाथार्थः ॥३५४॥

**निक्किंचणा य समणा अकिंचणा मज्झ किंचणं होउ ।**

**सीलसुगंधा समणा अहयं सीलेण दुग्गंधो ॥३५५॥**

गमनिका–निर्गतं ★किञ्चनं–हिरण्यादि येभ्यस्ते निष्किञ्चनाश्च श्रमणाः तथा अविद्यमानं +किञ्चनम्–अल्पमपि येषां तेऽकिञ्चना△–जिनकल्पिकादयः, अहं तु नैवंविधो यतः अतो मार्गाविस्मृत्यर्थं मम किञ्चनं भवतु पवित्रिकादि । तथा शीलेन शोभनो गन्धो येषां ते तथाविधाः, अहं तु शीलेन दुर्गन्धः अतो गन्धचन्दनग्रहणं मे युक्तमिति गाथार्थः ॥३५५॥ तथा–

**ववगयमोहा समणा मोहच्छण्णस्स छत्तयं होउ ।**

**अणुवाहणा य समणा मज्झं तु उवाहणा होन्तु ॥३५६॥**

---

**ગાથાર્થ : સંયતો લોચ અને ઈન્દ્રિયવડે મુંડ છે. હું અસ્ત્રાવડે મુંડ અને શિખાવાળો થઈશ. તથા મને સદા સ્થૂલપ્રાણિવધથી વિરમણ થાઓ.**

**ટીકાર્થ :** મુંડ દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે થાય છે. તેમાં આ શ્રમણો દ્રવ્ય અને ભાવ બંનેથી મુંડ છે. કેવી રીતે ? તે કહે છે – લોચ કરવાવડે દ્રવ્યથી અને ઈન્દ્રિયોનું દમન કરવા વડે ભાવથી મુંડનવાળા સંયતો છે. જે કારણથી હું ઈન્દ્રિયોથી મુંડ નથી તેથી દ્રવ્યમુંડતાવડે સર્યું. (અર્થાત્ ભાવથી મુંડ ન હોવાથી દ્રવ્યમુંડ=લોચ પણ કરાવીશ નહિ.) તેથી હું અસ્ત્રાવડે મુંડન કરાવીશ અને શિખા (ચોટલી) રાખીશ. તથા સંયતો સર્વપ્રાણિઓના વધથી વિરત છે. હું એવો નથી. તેથી મને સદા સ્થૂલપ્રાણાતિપાતથી વિરમણ થાઓ. ॥૩૫૪॥ તથા –

**ગાથાર્થ : શ્રમણો નિષ્કિંચન અને અકિંચન છે મારે કંઈક થાઓ. શ્રમણો શીલરૂપ સુગંધવાળા છે. હું શીલવડે દુર્ગંધી છું.**

**ટીકાર્થ :** નીકળી ગયું છે હિરણ્યાદિ કિંચન જેમની પાસેથી તેવા નિષ્કિંચન આ શ્રમણો છે. વળી અવિદ્યમાન છે અલ્પ એવો પણ પરિગ્રહ જેમની પાસે તે અકિંચન – જિનકલ્પિકો (અર્થાત્ બિલકુલ પરિગ્રહ વિનાના – પાતરા વિ. પણ ન રાખનારા કરપાત્રી) વગેરે, આ શ્રમણો છે. હું તો આવો નથી તેથી માર્ગની અવિસ્મૃતિ માટે મારી પાસે જનોઈ વગેરે હો. તથા શીલથી સુગંધવાળા આ શ્રમણો છે જ્યારે હું શીલથી દુર્ગંધવાળો છું. તેથી સુરભિચંદનનું ગ્રહણ કરવું મને ઘટે છે. ॥૩૫૫॥ તથા –

**ગાથાર્થ : શ્રમણો મોહ વિનાના છે. મોહથી આચ્છાદિત એવા મને છત્ર થાઓ. શ્રમણો ઉપાનહ(=જોડા) વિનાના છે. મારે ઉપાનહ થાઓ.**

---

★ काञ्चनं. +०ञ्चन अ०. △ ०नाश्च जि०.

गमनिका—व्यपगतो मोहो येषां ते व्यपगतमोहाः श्रमणाः, अहं तु नेत्थं यतः अतो मोहाच्छादितस्य छत्रकं भवतु । अनुपानत्काश्च श्रमणाः मम चोपानहौ भवत इति *गाथाक्षरार्थः ॥३५६॥ तथा—

**सुक्कंबरा य समणा निरंबरा मज्झ धाउरत्ताइं ।**
**हुंतु इमे वत्थाइं अरिहो मि कसायकलुसमई ॥३५७॥**

गमनिका—शुक्लान्यम्बराणि येषां ते शुक्लाम्बराः श्रमणाः, तथा निर्गतमम्बरं ( ग्रन्थाग्रम् ४००० ) येषां ते निरम्बराजिनकल्पिकादयः 'मज्झन्ति' मम च, एते श्रमणा इत्यनेन तत्कालोत्पन्नतापसश्रमणव्युदासः, धातुरक्तानि भवन्तु मम वस्त्राणि किमिति ?, 'अर्होऽस्मि' योग्योऽस्मि तेषामेव, कषायैः कलुषा मतिर्यस्य सोऽहं कषायकलुषमतिरिति गाथार्थः ॥३५७॥ तथा—

**वज्जंतऽवज्जभीरू बहुजीवसमाउलं जलारंभं ।**
**होउ मम परिमिएणं जलेण ण्हाणं च पिअणं च ॥३५८॥**

गमनिका—वर्जयन्ति अवद्यभीरवो बहुजीवसमाकुलं जलारम्भं, तत्रैव वनस्पतेरवस्थानात्, अवद्यं-पापं, अहं तु नेत्थं यतः अतो भवतु मे परिमितेन जलेन स्नानं च पानं चेति गाथार्थः ॥३५८॥

---

ટીકાર્થ : દૂર થયેલો છે મોહ જેઓને તેવા આ શ્રમણો છે. જે કારણથી હું આવો નથી તેથી મોહથી આચ્છાદિત એવા મને છત્ર હો. શ્રમણો ઉપાનહ વિનાના છે, મારે ઉપાનહ હો. ॥૩૫૬॥ તથા —

**ગાથાર્થ : શ્રમણો શુક્લવસ્ત્રોવાળા અને વસ્ત્રો વિનાના છે. મારે આ ભગવાવસ્ત્રો થાઓ. કષાયથી કલુષિત થયેલ મતિવાળો હું (તે વસ્ત્રો માટે) યોગ્ય છું.**

ટીકાર્થ : શુક્લ છે વસ્ત્રો જેઓને તેવા આ શ્રમણો છે તથા દૂર થયેલ છે વસ્ત્ર જેઓને તે (લબ્ધિધારી) જિનકલ્પિકાદિ વસ્ત્રો વિનાના છે. અહીં " આ શ્રમણો આવા છે" આવું કહેવા દ્વારા તે કાળમાં રહેલા તાપસ વગેરે કે જેઓ પણ શ્રમણશબ્દથી ઓળખાતા હતા, તેવા તાપસ શ્રમણોની બાદબાકી 'આ' શબ્દથી જાણવી. આમ આ શ્રમણો વસ્ત્ર વિનાના કે શુક્લવસ્ત્રવાળા છે જ્યારે મને ભગવા વસ્ત્રો હો. શા માટે? કારણ કે હું તેવા વસ્ત્રોને જ યોગ્ય છું. (તે પણ શા માટે ? કારણ કે) કષાયોથી કલુષિત મતિવાળો હું છું. ॥૩૫૭॥ તથા —

**ગાથાર્થ : પાપથી ભીરુ એવા આ શ્રમણો બહુજીવોથી યુક્ત એવા જળના આરંભ ત્યાગે છે. મને પરિમિત એવા જળવડે સ્નાન અને પાન હો.**

ટીકાર્થ : પાપથી ભીરુ એવા આ શ્રમણો જલમાં જ વનસ્પતિ હોવાથી બહુજીવોથી યુક્ત જલના આરંભને ત્યાગે છે. હું આવો નથી. તેથી મારે પરિમિત એવું જળથી સ્નાન અને પાન હો.॥૩૫૮॥

---

* गाथार्थः.

एवं सो रुइअमई निअगमइविगप्पिअं इमं लिगं ।
तद्धितहेउसुजुत्तं पारिव्विज्जं पवत्तेइ ॥३५९॥

गमनिका–स्थूलमृषावादादिनिवृत्तः, एवमसौ रुचिता मतिर्यस्य असौ रुचितमतिः, अतो★ निजमत्या विकल्पितं निजमतिविकल्पितं, इदं लिङ्गं, किंविशिष्टम् ?-तस्य हितास्तद्धिताः तद्धिताश्च ते हेतवश्चेति समासः, तैः सुष्ठु युक्तं–श्लिष्टमित्यर्थः, परिव्राजामिदं पारिव्रज्यं, प्रवर्त्तयति, शास्त्रकारवचनात् वर्त्तमाननिर्देशोऽप्यविरुद्ध एव, पाठान्तरं वा 'पारिव्वज्जं ततो कासी' त्ति पारिव्राजं ततः कृतवानिति गाथार्थः ॥३५९॥

भगवता च सह विजहार, तं च साधुमध्ये विजातीयं दृष्ट्वा कौतुकाल्लोकः पृष्टवान्, तथा चाह–

अह तं पागडरूवं दट्ठुं पुच्छेइ बहुजणो धम्मं ।
कहइ जईणं तो सो विआलणे तस्स परिकहणा ॥३६०॥

गमनिका–अथ तं प्रकटरूपं–विजातीयत्वात् दृष्ट्वा पृच्छति बहुर्जनो धर्मं, कथयति यतीनां संबन्धिभूतं क्षान्त्यादिलक्षणं ततोऽसाविति लोका भणन्ति–यद्ययं श्रेष्ठो भवता किं नाङ्गीकृत इति विचारणे तस्य परि-समन्तात् कथना परिकथना 'श्रमणास्त्रिदण्डविरता

---

**ગાથાર્થ :** આ પ્રમાણે ગમી ગઈ છે મતિ જેને એવો તે પોતાની મતિથી કલ્પિત, તેને હિતકર એવા હેતુઓથી યુક્ત એવા આ પારિવ્રાજ્ય લિંગને પ્રવર્તાવે છે.

**ટીકાર્થ :** પોતાની બુદ્ધિ જેને ગમી ગઈ છે તેવા, તથા સ્થૂલમૃષાવાદથી નિવૃત્ત એવા મરીચિ પોતાની બુદ્ધિથી કલ્પિત, તેને(પોતાને) હિતકર એવા કારણોથી યુક્ત એવા પારિવ્રજ્ય લિંગને પ્રવર્તાવે છે. 'परिव्राजां (પરિવ્રાટ્ શબ્દનું ષષ્ઠી બહુવચનનું રૂપ) इदं पारिव्रज्यं અર્થાત્ પરિવ્રાજકોનો જે વેષ તે પારિવ્રજ્ય. જો કે મરીચિએ ભૂતકાળમાં તે લિંગ પ્રવર્તાવ્યું હતું છતાં મૂળગાથામાં 'प्रवर्तयति' એમ વર્તમાનકાળનો નિર્દેશ શાસ્ત્રવચન હોવાથી અવિરુદ્ધ જ છે (કારણ કે શાસ્ત્ર ત્રિકાળવિષયક હોય છે.) અથવા પાઠાન્તર જાણવો – "पारिव्वज्जं ततो कासी" અર્થાત્ પારિવ્રજ્ય વેષને મરીચિએ કર્યો. ॥૩૫૯॥

**અવતરણિકા :** આવા વેષને કરી મરીચિ પ્રભુ સાથે વિચરવા લાગ્યો. સાધુઓથી જુદા પડતા તેને જોઈને કૌતુકથી લોકો પૂછે છે ➪

**ગાથાર્થ :** પ્રકટરૂપવાળા તેને જોઈ બહુજન ધર્મને પૂછે છે. તે મરીચિ યતિઓના ધર્મને કહે છે. (લોકોદ્વારા) વિચારણા કરાતે છતે તેની પરિકથના.

**ટીકાર્થ :** જુદા પ્રકારનો વેષ ધારણ કરેલ હોવાથી (विजातीयत्वात्) પ્રકટરૂપવાળા (સાધુઓથી જુદા પડતા) તે મરીચિને જોઈ બહુજન ધર્મને પૂછે છે. ત્યારે તે યતિઓના ક્ષાંતિ વગેરે દસ યતિધર્મોને કહે છે. તેથી લોકો કહે છે "જો આ યતિધર્મ શ્રેષ્ઠ હોય તો તમે શા માટે અંગીકાર કરતા નથી." એ પ્રમાણે પ્રશ્ન પૂછાયે છતે (विचारणे) તે મરીચિની "શ્રમણો ત્રિદંડથી વિરત છે...

---

★ यतो रुचितमतिः अतो.

इत्यादिलक्षणा', पृच्छतीति त्रिकालगोचरसूत्रप्रदर्शनार्थत्वादेवं निर्देशः, पाठान्तरं वा 'अह तं पागडरूवं दट्ठुं पुच्छिसु बहुजणो धम्मं । कहतींसु जतीणं सो वियालणे तस्स परिकहणा ॥१॥' प्रवर्त्तत इति गाथार्थः ॥३६०॥

**धम्मकहाअक्खित्ते उवट्ठिए देइ भगवओसीसे ।**
**गामनगराइआइं विहरइ सो सामिणा सद्धिं ॥३६१॥**

गमनिका—धर्मकथाक्षिप्तान् उपस्थितान् ददाति भगवतः शिष्यान्, ग्रामनगरादीन् विहरति स स्वामिना सार्धं, भावार्थः सुगमः, इत्थं निर्देशप्रयोजनं पूर्ववत्, ग्रन्थकारवचनत्वाद्वाऽदोष इति गाथार्थः ॥३६१॥

अन्यदा भगवान् विहरमाणोऽष्टापदमनुप्राप्तवान्, तत्र च समवसृतः, भरतोऽपि भ्रातृप्रव्रज्याकर्णनात् संजातमनस्तापोऽधृतिं चक्रे, कदाचिद्भोगान् दीयमानान् पुनरपि गृह्णन्तीत्यालोच्य भगवत्समीपं चागम्य निमन्त्रयंश्च तान् भोगैः निराकृतश्च चिन्तयामास—एतेषामेवेदानीं परित्यक्तसङ्गानां आहारदानेनापि तावद्धर्मानुष्ठानं करोमीति पञ्चभिः शकटशतैर्विचित्रमाहारमानाय्योपनिमन्त्र्य

---

વગેરે પરિ=સંપૂર્ણ કથના થાય છે. (અર્થાત્ પોતે આવો વેષ શા માટે ગ્રહણ કર્યો છે ? તે સર્વ વાત કરે છે.) 'पृच्छति' ત્રિકાળવિષયકસૂત્રનું પ્રદર્શન કરવા માટે આવો (વર્તમાનકાળનો) પ્રયોગ કર્યો છે. અથવા પાઠાન્તર જાણવો કે "अह तं पागडरुवं दट्ठुं पुच्छिसु बहुजणो धम्मं । कहतींसु जतीणं सो वियालणे तस्स परिकहणा ॥१॥" 'प्रवर्तते' એ પ્રમાણે વાક્યશેષ ઉમેરી દેવો અર્થાત્ તેની પરિકથના પ્રવર્તે છે. ॥૩૬૦॥

**ગાથાર્થ : ધર્મકથાથી ખેંચાયેલા અને (દીક્ષા માટે) ઉપસ્થિત થયેલા શિષ્યોને પ્રભુની પાસે મોકલે છે. તે પ્રભુની સાથે ગામ–નગરાદિમાં વિચરે છે.**

ટીકાર્થ : ધર્મકથાથી ખેંચાયેલા, દીક્ષા માટે ઉપસ્થિત થયેલા શિષ્યોને તે મરીચિ પ્રભુ પાસે મોકલે છે. આ પ્રમાણે તે પ્રભુની સાથે ગામ–નગરાદિમાં વિચરે છે. સર્વત્ર વર્તમાનકાળના પ્રયોગનું પ્રયોજન પૂર્વની જેમ જાણવું અથવા આ ગ્રંથકારના વચનો હોવાથી કોઈ દોષ નથી. ॥૩૬૧॥

એકવાર ભગવાન વિહાર કરતા અષ્ટાપદપર્વતે આવ્યા અને ત્યાં સમોસર્યા. ભરત પણ ભાઈઓની દીક્ષાના સમાચાર સાંભળી, મનમાં તાપ ઉત્પન્ન થવાથી અધૃતિ (ખેદ) કરવા લાગ્યો અને "રાજ્યાદિ ભોગો જો હું પાછા આપીશ તો તેઓ તે ગ્રહણ કરશે અને દીક્ષા છોડી દેશે" એમ વિચારીને ભગવાન પાસે આવી તે સાધુઓને ભોગોવડે નિમંત્રણ કર્યું. પરંતુ જ્યારે ભાઈઓએ તેને ના પાડી ત્યારે તે ભરતે વિચાર્યું કે "હમણાં જ ત્યાગેલા છે સંગો જેમણે એવા આ બધાને આહારના દાનવડે પણ હું સુકૃત કરું" એમ વિચારી પાંચસો ગાડાઓ ભરી જુદા જુદા પ્રકારના આહારને લાવીને નિમંત્રણ કર્યું (વિનંતી કરી.)

आधाकर्माहृतं च न कल्पते यतीनामिति ★प्रतिषिद्धः अकृताकारितेनान्नेन निमन्त्रितवान्, राजपिण्डोऽप्यकल्पनीय इति प्रतिषिद्धः सर्वप्रकारैरहं भगवता परित्यक्त इति सुतरामुन्माथितो बभूव, तमुन्माथितं विज्ञाय देवराट् तच्छोकोपशान्तये भगवन्तमवग्रहं पप्रच्छ–कतिविधोऽवग्रह इति, भगवानाह–पञ्चविधोऽवग्रहः, तद्यथा–देवेन्द्रावग्रहः राजावग्रहः गृहपत्यवग्रहः सागारिकावग्रहः साधर्मिकावग्रहश्च, राजा–भरताधिपो गृह्यते, गृहपतिः–माण्डलिको राजा, सागारिकः–शय्यातरः, साधर्मिकः–संयत इति, एतेषां चोत्तरोत्तरेण पूर्वः पूर्वो बाधितो द्रष्टव्य इति, यथा राजाऽवग्रहेण देवेन्द्रावग्रहो बाधित इत्यादि प्ररूपिते देवराडाह–भगवन् ! य एते श्रमणा मदीयावग्रहे विहरन्ति, तेषां मयाऽवग्रहोऽनुज्ञात इत्येवमभिधाय अभिवन्द्य च भगवन्तं तस्थौ, भरतोऽचिन्तयत्–अहमपि *स्वमवग्रहमनुजानामीति, एतावताऽपि नः कृतार्थता भवतु, भगवत्समीपेऽनुज्ञातावग्रहः शक्रं पृष्टवान्–भक्तपानमिदमानीतं अनेन किं कार्यमिति, देवराडाह–गुणोत्तरान् पुजयस्व, सोऽचिन्तयत्–के मम साधुव्यतिरेकेण जात्यादिभिरुत्तराः ?, पर्यालोचयता ज्ञातं–श्रावका विरताविरतत्वाद्गुणोत्तराः,

ત્યારે "આ આધાકર્મી અને અભ્યાહૃત દોષોથી દુષ્ટ આહાર યતિઓને કલ્પે નહિ" એ રીતે પ્રતિષેધ કર્યો. જેથી ભરતે અકૃત–અકારિત (તેમના માટે નહિ બનાવાયેલા) એવા અન્ન વડે નિમંત્રણ કર્યું (વિનંતી કરી). ત્યારે પણ આ "રાજપિંડ પણ અમને કલ્પે નહિ" એ પ્રમાણે નિષેધ કરતા ભરત "પ્રભુએ સર્વપ્રકારોવડે મને તરછોડ્યો" એ પ્રમાણે અત્યંત આકુલવ્યાકુલ થયો. આકુલવ્યાકુલ થયો છે એમ જાણી ઇન્દ્રે તેના આ કોપની ઉપશાંતિ માટે પ્રભુને અવગ્રહ વિષે પૃચ્છા કરી– "કેટલા પ્રકારનો અવગ્રહ હોય છે ?"

પ્રભુએ જવાબ આપ્યો, "પાંચ પ્રકારનો અવગ્રહ હોય છે તે આ પ્રમાણે – ઇન્દ્રનો અવગ્રહ, રાજાનો અવગ્રહ, ગૃહપતિનો અવગ્રહ, સાગારિકનો અવગ્રહ અને સાધર્મિકનો અવગ્રહ. તેમાં રાજા એટલે ભરતરાજા જાણવો. ગૃહપતિ એટલે માંડલિકરાજા, સાગારિક એટલે શય્યાતર (મકાન માલિક) અને સાધર્મિક એટલે સાધુ. તથા આ બધામાં ઉત્તરોત્તર અવગ્રહવડે પૂર્વ–પૂર્વનો અવગ્રહ બાધિત જાણવો. જેમકે, રાજાના અવગ્રહવડે ઇન્દ્રનો અવગ્રહ બાધિત થાય છે (અર્થાત્ ઇન્દ્રે અનુજ્ઞા આપ્યા પછી પણ રાજાની અનુજ્ઞા લેવી પડે જો રાજા અનુજ્ઞા આપે નહિ તો ન ચાલે.)

આ રીતે પ્રભુએ કહ્યું ત્યારે ઇન્દ્રે કહ્યું – "પ્રભુ ! જે આ શ્રમણો મારા અવગ્રહમાં વિચરે છે તેઓને મેં અવગ્રહ આપ્યો છે (અર્થાત્ તે ક્ષેત્રોમાં વિચરવાની હું અનુજ્ઞા આપુ છું.) આ પ્રમાણે કહીને પ્રભુને વાંદી ઊભો રહ્યો. ભરતે વિચાર્યું, "હું પણ આ રીતે પોતાના અવગ્રહની અનુજ્ઞા આપુ, એટલાથી પણ મારી કૃતાર્થતા થાઓ." આ પ્રમાણે વિચારી તેણે ભગવાન પાસે પોતાના અવગ્રહની અનુજ્ઞા સાધુઓને આપી અને પછી ઇન્દ્રને પૂછ્યું, "આ જે ભોજન વિગેરે લવાયા છે તેનું શું કરવું. ?" ત્યારે ઇન્દ્રે કહ્યું "ગુણોમાં અધિક એવાઓની તું ભક્તિ કર."

તેણે વિચાર્યું "સાધુ સિવાય જાતિ વગેરેવડે મારાથી અધિક કોણ હોઈ શકે ?" વિચારતા તેને જણાયું, "વિરતાવિરત (અર્થાત્ દેશવિરતિવાળા) હોવાથી શ્રાવકો ગુણોમાં મારાથી અધિક

★ प्रतिषिद्धे. * स्वावग्रह०.

तेभ्यो दत्तमिति । पुनर्भरतो देवेन्द्ररूपं भास्वरमाकृतिमद् दृष्ट्वा पृष्टवान्–किं यूयमेवंभूतेन रूपेण देवलोके तिष्ठत उत नेति, देवराज आह–नेति, तत् मानुषैर्द्रष्टुमपि न पार्यते, भास्वरत्वात्, पुनरप्याह भरतः–तस्याकृति+मात्रेणापि अस्माकं कौतुकं, तन्निदर्श्यतां, देवराज आह–त्वमुत्तमपुरुष इतिकृत्वा एकमङ्गावयवं दर्शयामीत्यभिधाय योग्यालङ्कारविभूषितां अङ्गुलिमत्यन्तभास्वरामदर्शयत्, दृष्ट्वा च तां भरतोऽतीव मुमुदे, शक्राङ्गुलिं स्थापयित्वा महिमाम[34]ष्टाहिकां चक्रे, ततःप्रभृति शक्रोत्सवप्रवृत्त इति । भरतश्च श्रावकानाहूय उक्तवान्–भवद्भिः प्रतिदिनं मदीयं भोक्तव्यं, कृष्यादि च न कार्यं, स्वाध्यायादिपरैरासितव्यं, भुक्ते च मदीयगृहद्वारासन्नव्यवस्थितैः वक्तव्यम्–जितो भवान् वर्धते भयं तस्मान्मा हन मा हनेति, ते तथैव कृतवन्तः, भरतश्च रतिसागरावगाढत्वात् प्रमत्तत्वात् तच्छब्दाकर्णनोत्तरकालमेव केनाहं जित इति, आः ज्ञातं–कषायैः, तेभ्य एव च वर्धते भयमित्यालोचनापूर्वं संवेगं यातवान् इति । अत्रान्तरे लोकबाहुल्यात् सूपकाराः पाकं कर्त्तुमशक्नुवन्तो भरताय निवेदितवन्तः–नेह ज्ञायते–कः श्रावकः को वा नेति, लोकस्य प्रचुरत्वात्, आह भरतः–पृच्छापूर्वकं देयमिति । ततस्तान् पृष्टवन्तस्ते–को भवान् ?, श्रावकः, श्रावकाणां कति व्रतानि ?

---

છે." તેથી તેઓની અન્નપાનદ્વારા ભક્તિ કરી. ફરી પાછું (સુંદર) આકૃતિવાળા અને ભાસ્વર (તેજસ્વી) એવા ઇન્દ્રના રૂપને જોઈ ભરતે ઇન્દ્રને પૂછ્યું– "શું તમે આવા રૂપથી જ દેવલોકમાં રહો છો કે અન્ય કોઈ રૂપથી ' ?" ઇન્દ્રે કહ્યું, "ના, દેવલોકમાં અમે જે સ્વરૂપે રહીએ છીએ તે સ્વરૂપને અત્યંત દેદિપ્યમાન હોવાથી મનુષ્યો જોવા માટે પણ સમર્થ નથી.

ફરી ભરતે કહ્યું, "અરે ! તેની આકૃતિ (આકાર) માત્રનું પણ અમને કુતૂહલ છે. તેથી તેની આકૃતિને દેખાડો." ઇન્દ્રે કહ્યું– "તમે ઉત્તમપુરુષ હોવાથી એક અવયવને હું દેખાડું છું." એમ કહી યોગ્ય–અલંકારોથી વિભૂષિત અત્યંત તેજસ્વી એવી આંગળીને દેખાડી. તે આંગળીને જોઈ ભરત અત્યંત આનંદિત થયો અને શકની આંગળીની સ્થાપના કરીને અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. ત્યારથી લઈ ઇન્દ્રમહોત્સવ શરૂ થયો.

ભરતે શ્રાવકોને બોલાવી કહ્યું, "તમારે મારું જ ભોજન જમવાનું અને કૃષિ વગેરે કાર્યો કરવા નહિ, સ્વાધ્યાયાદિમાં લીન રહેવું, જમ્યા પછી મારા ઘરના દ્વાર નજીક રહી કહેવું, "તમે જિતાયેલા છો, ભય વધે છે, તેથી હણો નહિ, હણો નહિ." તે શ્રાવકોએ તે જ રીતે કર્યું. જ્યારે શ્રાવકો પ્રતિદિન આ રીતે શબ્દ ઉચ્ચારણ કરે છે ત્યારે ભરત પોતે સુખસાગરમાં ડૂબેલો અને પ્રમત્ત હોવાથી શબ્દો સાંભળ્યા પછી વિચારે છે કે "હું કોના વડે જિતાયેલો છું ? હા, જણાયું– "કષાયોવડે હું જિતાયેલો છું, તે કષાયોથી જ મને ભય વધે છે."

આ રીતે વિચારતા–વિચારતા ભરત વૈરાગ્ય પામતો હતો. આ બાજુ શ્રાવકો સિવાય અન્ય લોક પણ જમવા આવતો હોવાથી રસોઈ બનાવવામાં અસમર્થ રસોઈયાઓએ ભરતને નિવેદન કર્યું કે "અહીં કોણ શ્રાવક છે ને કોણ નથી ? તે જણાતું નથી, કારણ કે ઘણાં બધાં લોકો છે. ભરતે સમાધાન આપ્યું, "પૃચ્છાપૂર્વક આપો." તેથી રસોઈયાઓ શ્રાવકોને પૂછતાં–

---

३४. इमनलावितिपुंस्त्वत्तौ औणादिक इमनि रूपं, बाहुल्याद् अनुक्तान्महेः, तथा च हृजनिभ्यामिमन्निति सूत्रेणेमन्, दीर्घादिस्त्वप्रस्तुत एव. +०मात्रेऽपि.

**स आह–श्रावकाणां न सन्ति व्रतानि, किन्त्वस्माकं पञ्चाणुव्रतानि, कति शिक्षाव्रतानि ?, ते उक्तवन्तः–सप्त शिक्षाव्रतानि, य एवंभूतास्ते राज्ञो निवेदिताः, स च काकिणीरत्नेन तान् लाञ्छितवान्, पुनः षण्मासेन येऽन्ये भवन्ति तानपि लाञ्छितवान्, षण्मासकालादनुयोगं कृतवान्, एवं ब्राह्मणाः संजाता इति । ते च स्वसुतान् साधुभ्यो दत्तवन्तः, ते च प्रव्रज्यां चक्रुः, परीषहभीरवस्तु श्रावका एवासन्निति । इयं च भरतराज्यस्थितिः, आदित्ययशसस्तु काकिणीरत्नं नासीत्, सुवर्णमयानि यज्ञोपवीतानि कृतवान्, महायशःप्रभृतयस्तु केचन रूप्यमयानि, केचन विचित्रपट्टसूत्रमयानि, इत्येवं यज्ञोपवीतप्रसिद्धिः ।**

**अमुमेवार्थं समोसरणेत्यादिगाथया प्रतिपादयति–**

**समुसरण भत्त उग्गह अंगुलि झय सक्क सावया अहिआ ।**
**जेआ वड्ढइ कागिणिलंछण अणुसज्जणा अट्ठ ॥३६२॥**

---

"તમે કોણ છો ?." "શ્રાવક છું." "શ્રાવકોને કેટલા વ્રતો હોય છે ?" ત્યારે સામે રહેલ શ્રાવક કહેતો, "શ્રાવકોને વ્રતો હોતા નથી, કિંતુ અમને અણુવ્રતો હોય છે." "શિક્ષાવ્રતો કેટલા હોય ?" શ્રાવકોએ જવાબ આપ્યો – "સાત શિક્ષાવ્રતો હોય છે."

આ રીતે જેઓ વ્યવસ્થિત જવાબ આપતા હતા તેઓનું રાજાને નિવેદન કર્યું. તેથી રાજાએ તેઓને વિષે કાકિણીરત્નવડે ચિહ્ન કર્યું (આવા ચિહ્નવાળા જે હોય તે શ્રાવકો જાણવા અને તેમને જમાડવા એવું જણાવવા ચિહ્ન કર્યું.) વળી છ મહિને કોઈ નવા શ્રાવક થતાં તેઓને પણ ચિહ્ન કરાતું. છ મહિના પછી અનુયોગ કરવામાં આવતો અર્થાત્ દર છ મહિને પરીક્ષા કરવામાં આવતી. **આ પ્રમાણે બ્રાહ્મણો ઉત્પન્ન થયા.** (અર્થાત્ છ મહિને પરિક્ષા કરી જે શ્રાવકો હોય તેઓને કાકિણીરત્નવડે ચિહ્ન કરવામાં આવતું. આ ચિહ્ન એટલે વર્તમાનમાં ઓળખાતી જનોઈ કે જે બ્રાહ્મણો પહેરે છે. ત્યારથી બ્રાહ્મણોની ઉત્પત્તિ થઈ.)

તે શ્રાવકોએ પોતાના પુત્રો સાધુઓને આપ્યા. તે પુત્રોએ દીક્ષા લીધી. પરંતુ તે પુત્રોમાંથી જે પરિષહભીરુ હતા તેઓ શ્રાવક જ રહ્યા. આ પ્રમાણેની ભરતના રાજ્યની વ્યવસ્થા હતી. જ્યારે તેના પછી થનાર આદિત્યયશ નામના રાજા પાસે કાકિણીરત્ન ન હોવાથી સુવર્ણમય જનોઈ તૈયાર કરાવી. ત્યાર પછીના મહાયશ વગેરે કેટલાક રાજા થયા જેઓએ ચાંદીની જનોઈ રાખી. ત્યાર પછી કેટલાકોએ જુદા જુદા વસ્ત્રોના સુતરાઉ દોરાથી બનાવેલી યજ્ઞોપવિત (જનોઈ) રાખી. **આ પ્રમાણે જનોઈની પ્રસિદ્ધિ થઈ.**

**અવતરણિકા :** આ જ અર્થને હવે પછીની સમોવસરણ ઈત્યાદિ ગાથાવડે પ્રતિપાદન કરે છે ⇨

ગાથાર્થ : **સમોવસરણ – ભોજન – અવગ્રહ – આંગળી – ધ્વજ – શક્ર – શ્રાવકો અધિક છે – તમે જિતાયેલા છો – ભય વધે છે – કાકિણીથી લાંછન – આઠ પુરુષો સુધી ધર્મનું અનુસરવું.**

गमनिका—समवसरणं भगवतोऽष्टापदे खल्वासीत्, भक्तं भरतेनानीतं, तदग्रहणोन्माथिते सति भरते देवेशो भगवन्तमवग्रहं पृष्टवान्, भगवांश्च तस्मै प्रतिपादितवान् । 'अंगुलि झय'त्ति भरतनृपतिना देवलोकनिवासिरूपपृच्छायां कृतायां इन्द्रेण अङ्गुलिः प्रदर्शिता, तत एवारभ्य ध्वजोत्सवः प्रवृत्तः । 'सक्क'त्ति भरतनृपतिना किमनेनाहारेण कार्यमिति पृष्टः शक्रोऽभिहितवान्-त्वदधिकेभ्यो दीयतामिति, पर्यालोचयता ज्ञातं—श्रावका अधिका इति । 'जेया वड्ढइत्ति' प्राकृतशैल्या 'जितो भवान् वर्धते भयं' भुक्तोत्तरकालं ते उक्तवन्तः, 'कागिणिलंछणत्ति' प्रचुरत्वात् काकिणीरत्नेन लाञ्छनं—चिह्नं तेषां कृतमासीत् 'अणुसज्जणा अट्ठ'त्ति अष्टौ पुरुषान् यावदयं धर्मः प्रवृत्तः, अष्टौ वा तीर्थकरान् यावदिति गाथार्थः ॥ तत ऊर्ध्वं मिथ्यात्वमुपगता इति ॥३६२॥

राया आइच्चजसो महाजसे अइबले स बलभद्दे ।
बलविरिए कत्तविरिए जलविरिए दंडविरिए य ॥३६३॥

भावार्थः सुगम एवेति गाथार्थः ॥

एएहिं अद्धभरहं सयलं भुत्तं सिरेण धरिओ अ ।
पवरो जिणिंदमउडो सेसेहिं न चाइओ वोढुं ॥३६४॥

---

ટીકાર્થ : અષ્ટાપદ ઉપર ભગવાનનું **સમોવસરણ થયું.** ભરત **ભોજન** લાવ્યા. તેના અગ્રહણથી આકુલવ્યાકુલ થતાં ઇન્દ્રે ભગવાનને **અવગ્રહને** પૂછ્યો અને ભગવાને તેને જવાબ આપ્યો. **'આંગળી—ધ્વજ'** ભરતરાજાવડે દેવલોકમાં રહેનારના રૂપની પૃચ્છા કરતાં ઇન્દ્રવડે આંગળી દેખાડાઈ. ત્યારથી લઈ ધ્વજ—ઉત્સવ શરૂ થયો. **'શક્ર'** ભરતરાજાવડે 'આ આહારનું શું કરવું ?' એ પ્રમાણે પૂછાયેલા ઇન્દ્રે કહ્યું, "તમારાથી અધિક ગુણવાળાઓને આપો." વિચારતા જાણ્યું કે, **'શ્રાવકો ગુણમાં અધિક છે.'** તે શ્રાવકો જમ્યા પછી **'તમે જિતાયેલા છો, તમને ભય વધે છે'** એ પ્રમાણે બોલતા હતા. **'કાંકિણીલાંછન'** લોકો ઘણાં હોવાથી કાકિણીરત્નવડે શ્રાવકોને ચિહ્ન કરવામાં આવ્યું. **'આઠ પુરુષો સુધી અનુસરવું'** – આઠ પુરુષો સુધી (ભરતરાજા પછી બીજા આઠ રાજા સુધી) આ ધર્મ ચાલુ રહ્યો. (અર્થાત્ ભરતની પાટે આવેલા ૮ રાજાઓ આ રીતે શ્રાવકને જમાડતા હતા.) અથવા આઠ તીર્થંકરો સુધી ચાલુ રહ્યો. ત્યાર પછી બ્રાહ્મણો મિથ્યાત્વને પામ્યા. ॥૩૬૨॥

**ગાથાર્થ : (ભરતરાજા પછી) આદિત્યયશ, મહાયશ, અતિબલ, બલભદ્ર, બલવીર્ય, કાર્તવીર્ય, જલવીર્ય અને દંડવીર્યરાજા થઈ ગયા.**

ટીકાર્થ : ભાવાર્થ સુગમ જ છે. ॥૩૬૩॥

**ગાથાર્થ : આ રાજાઓવડે અર્ધભરત ભોગવાયું. અને જિનેશ્વરનો શ્રેષ્ઠમુકુટ મસ્તકવડે ધારણ કરાયો. શેષ રાજાઓ તેને વહન કરવામાં સમર્થ ન થયા.**

गमनिका–एभिरर्धभरतं सकलं भुक्तं, शिरसा धृतश्च, कोऽसावित्याह–प्रवरो★ जिनेन्द्रमुकुटो देवेन्द्रोपनीतः शेषैः–नरपतिभिः न शकितो वोढुं, महाप्रमाणत्वादिति गाथार्थः ॥३६४॥

**अस्सावगपडिसेहो छट्ठे छट्ठे अ मासि अणुओगो ।**
**कालेण य मिच्छत्तं जिणंतरे साहुवोच्छेओ ॥३६५॥**

गमनिका–अश्रावकाणां प्रतिषेधः कृतः, ऊर्ध्वमपि षष्ठे षष्ठे मासे अनुयोगो बभूव, अनुयोगः–परीक्षा, कालेन गच्छता मिथ्यात्वमुपगताः, कदा ?, नवमजिनान्तरे, किमिति ?, यतस्तत्र साधुव्यवच्छेद आसीदिति गाथार्थः ॥३६५॥

साम्प्रतमुक्तानुक्तार्थप्रतिपादनाय संग्रहगाथामाह–

**दाणं च माहणाणं १ वेए कासी अ २ पुच्छ ३ निव्वाणं ४ ।**
**कुंडा ५ थूभ ६ जिणहरे ७ कविलो ८ भरहस्स दिक्खा य ९ ॥३६६॥ ( मूलदारगाहा )**

गमनिका–दानं च माहनानां लोको दातुं प्रवृत्तो, भरतपूजितत्वात् । 'वेदे कासी अ'त्ति

**ટીકાર્થ :** આ રાજાઓવડે સકલ અર્ધભરત ભોગવાયું (અર્થાત્ તેઓ પણ ત્રણ ખંડના રાજા હતા. ચક્રવર્તી છ ખંડ જીતે છે. દક્ષિણભરતમાંથી ઉત્તરભરતમાં જવા માટે બે રસ્તા છે : તમિસ્રાગુફા અને ખંડપ્રપાતગુફા. તેના દરવાજા ચક્રવર્તી જ ખોલે છે અને તેમના જીવનકાળ સુધી જ ખુલ્લા રહે છે. પછી તે બંધ થઈ જાય છે. એટલે ભરત પછીના રાજાઓ માત્ર દક્ષિણાર્ધ ભરતના જ સ્વામી હતા.) અને દેવેન્દ્રવડે લવાયેલો (ૠષભદેવભગવાનના અભિષેક વખતે ઇન્દ્રે પહેરાવેલો) જિનેશ્વરનો શ્રેષ્ઠમુકુટ આ રાજાઓએ મસ્તકવડે ધારણ કર્યો. તેના પછી શેષ રાજાઓ આ મુકુટને ધારણ કરવામાં સમર્થ ન થયા, કારણ કે તે મુકુટનું પ્રમાણ મોટું હતું. (અને તેમનું માથું નાનું હતું, કારણ કે અવસર્પિણીમાં કાળ જતા શરીર નાના થતાં જાય છે.) ॥૩૬૪॥

**ગાથાર્થ : અશ્રાવકોને પ્રતિષેધ – છ છ મહિને અનુયોગ – જતા દિવસે મિથ્યાત્વ – જિનના આંતરામાં સાધુવિચ્છેદ.**

**ટીકાર્થ :** જે શ્રાવક નહોતા તેવા બ્રાહ્મણોને (ભોજનનો) નિષેધ કરવામાં આવ્યો. ત્યાર પછી છ–છ મહિને શ્રાવક માટે પરીક્ષા કરવામાં આવી. જતા કાળે શ્રાવકરૂપ બ્રાહ્મણો મિથ્યાત્વને પામ્યા. ક્યારે પામ્યા ? નવમા તીર્થંકરના આંતરામાં શ્રાવકો મિથ્યાત્વને પામ્યા. શા માટે ? કારણ કે તે સમયે સાધુઓનો વ્યવચ્છેદ થયો હતો. (સૌપ્રથમ તીર્થવિચ્છેદ નવમા અને દશમા તીર્થંકર વચ્ચે થયો હતો. ત્યાં સુધી તીર્થ નિરંતર ચાલ્યું હતું.) ॥૩૬૫॥

**અવતરણિકા :** હવે કહેવાયેલા – નહિ કહેવાયેલા અર્થનું પ્રતિપાદન કરવા સંગ્રહ ગાથાને કહે છે ⇨

**ગાથાર્થ : બ્રાહ્મણોને દાન – વેદોને કર્યા – પૃચ્છા – નિર્વાણ – કુંડો – સ્તૂપ – જિનગૃહ – કપિલ અને ભરતની દીક્ષા.(મૂળ દ્વારગાથા)**

**ટીકાર્થ :** માહનોને = બ્રાહ્મણોને ભરતે પૂજેલા હોવાથી લોકોએ દાન દેવાનું શરૂ કર્યું. તે

★ प्रथमो.

आर्यान् वेदान् कृतवांश्च भरत एव, तत्स्वाध्यायनिमित्तमिति, तीर्थकृत्स्तुतिरूपान् श्रावकधर्मप्रतिपादकांश्च, अनार्यास्तु पश्चात् सुलसायाज्ञवल्क्यादिभिः कृता इति । 'पुच्छ'त्ति भरतो भगवन्तमष्टापदसमवसृतमेव पृष्टवान्-यादृग्भूता यूयं एवंविधास्तीर्थकृतः कियन्तः खल्विह भविष्यन्तीत्यादि । 'णिव्वाणं'ति भगवानष्टापदे निर्वाणं प्राप्तः, देवैरग्निकुण्डानि कृतानि, स्तूपाः कृताः, जिनगृहं भरतश्चकार, कपिलो मरीचिसकाशे निष्क्रान्तः, भरतस्य दीक्षा च संवृत्तेति समुदायार्थः ॥३६६॥

**अवयवार्थ उच्यते— आद्यावयवद्वयं व्याख्यातमेव, पृच्छावयवार्थं तु 'पुणरवि' गाथेत्यादिना आह—**

**पुणरवि अ समोसरणे पुच्छीअ जिणं तु चक्किणो भरहे ।**
**अप्पुट्ठो अ दसारे तित्थयरो को इहं भरहे ?॥३६७॥**

**गमनिका—**पुनरपि च समवसरणे पृष्टवांश्च जिनं तु ★चक्रवर्त्तिनः भरतः, चक्रवर्त्तिन इत्युपलक्षणं तीर्थकृतश्चेति, भरतविशेषणं वा चक्री भरतस्तीर्थकरादीन् पृष्टवान् । पाठान्तरं वा 'पुच्छीय जिणे य चक्किणो भरहे' पृष्टवान् जिनान् चक्रवर्त्तिनश्च भरतः, चशब्दस्य व्यवहितः

શ્રાવકોના સ્વાધ્યાય માટે ભરતે જ તીર્થંકરની સ્તુતિરૂપ અને શ્રાવકધર્મનું પ્રતિપાદન કરનાર આર્યવેદોની રચના કરી. જ્યારે અનાર્યવેદો (જે હાલ પ્રચલિત છે તે) પાછળથી [H]સુલસા–યાજ્ઞવલ્કય વગેરેઓવડે કરાયા. 'પૃચ્છા' અષ્ટાપદ ઉપર રહેલા ભગવાનને ભરતે પૂછ્યું, "જેવા તમે છો એવા તીર્થંકર અહીં કેટલા થશે ?." વગેરે પૃચ્છા. 'નિર્વાણ' ભગવાન અષ્ટાપદ ઉપર નિર્વાણ પામ્યા. દેવોવડે અગ્નિકુંડો (ચિતાઓ) બનાવાયા, સ્તૂપો બનાવાયા, ભરતે ત્યાં જિનમંદિરો બનાવ્યા. કપિલ મરીચિ પાસે દીક્ષિત થયો અને ભરતની દીક્ષા થઈ. આ સંક્ષેપાર્થ કહ્યો. ॥૩૬૬॥

**અવતરણિકા :** હવે વિસ્તારાર્થ કહે છે. તેમાં 'માહનોને દાન અને વેદોની રચના' આ બે દ્વારો કહેવાયા. હવે પૃચ્છા દ્વાર કહે છે ➪

**ગાથાર્થ : ભરતે ફરીવાર સમોવસરણમાં જિનેશ્વરને પૂછ્યું, "આ ભરતક્ષેત્રમાં ચક્રવર્તીઓ (અને તીર્થંકરો) કેટલા થશે ? તથા (નહિ પૂછાયેલા ભગવાને વાસુદેવો પણ કહ્યા.) આ ભરતમાં (આ પર્ષદામાં) તીર્થંકર કોઈ છે ?"**

**ટીકાર્થ :** ભરતે ફરીવાર સમવસરણમાં જિનને ચક્રવર્તીઓને (ચક્રવર્તીઓ કેટલા થશે ?) પૂછ્યા. અહીં 'ચક્રવર્તીઓને' શબ્દ ઉપલક્ષણ છે તેથી 'અને તીર્થંકરોને' એ શબ્દ પણ જાણી લેવો. (તેથી અર્થ આ પ્રમાણે જાણવો, 'ભરતે જિનને ચક્રવર્તીઓ અને તીર્થંકરો સંબંધી પૃચ્છા કરી.) અથવા 'ચક્રી' શબ્દ ભરતનું વિશેષણ કરવું. તેથી અર્થ આ પ્રમાણે → ચક્રી એવા ભરતે તીર્થંકરોને (તીર્થંકરો કેટલા થશે ? એ પ્રમાણે) પૂછ્યા. અથવા પાઠાન્તર જાણવો કે "पुच्छीय जिणे य चक्किणो भरहे" અર્થાત્ ભરતે ચક્રવર્તીઓ અને તીર્થંકરો સંબંધી પૃચ્છા કરી. આ

★ चक्रवर्त्ती ।

संबन्धः, भगवानपि तान् कथितवान्, तथा अपृष्टश्च दशारान्, तथा तीर्थकरः क इह भरतेऽस्यां परिषदीति पृष्टवान्, भगवानपि मरीचिं कथितवान् इति गाथाक्षरार्थः ॥३६७॥

तथा चाह निर्युक्तिकारः–

**जिणचक्किदसाराणं वण्ण १ पमाणाइं २ नाम ३ गोत्ताइं ४ ।**
**आऊ ५ पुर ६ माइ ७ पियरो ८ परियाय ९ गइं च १० साहीअ ॥३६८॥ ( दारगाहा )**

गमनिका–'जिनचक्रिदशाराणां' जिनचक्रवर्त्तिवासुदेवानामित्यर्थः, वर्णप्रमाणानि तथा नामगोत्राणि तथा आयुःपुराणि मातापितरौ यथासंभवं पर्यायं गतिं च, चशब्दात् जिनानामन्तराणि च शिष्टवान् इति द्वारगाथासमासार्थः ॥३६८॥

अवयवार्थं तु वक्ष्यामः । तत्र प्रश्नावयवमधिकृत्य तावदाह भाष्यकारः–

**जारिसया लोअगुरू भरहे वासंमि केवली तुब्भे ।**
**एरिसया कइ अन्ने ताया ! होहिंति तित्थयरा ? ॥३८॥ ( भाष्यम् )**

व्याख्या–यादृशा लोकगुरवो भारते★ वर्षे केवलिनो यूयं, ईदृशाः कियन्तोऽन्येऽत्रैव तात ! भविष्यन्ति तीर्थकराः ? इति गाथार्थः ॥३८॥

**अह भणइ जिणवरिंदो भरहे वासंमि जारिसो अहयं ।**
**एरिसया तेवीसं अण्णे होहिंति तित्थयरा ॥३६९॥**

---

પાઠાન્તરમાં 'च' શબ્દ જે જિન પછી છે તેને 'चक्किणो' શબ્દ પછી જોડવો. પ્રભુએ પણ તે ચક્રીઓ અને તીર્થંકરોને કહ્યા. તથા (વાસુદેવોનો પ્રશ્ન નહોતો પૂછ્યો માટે) નહિ પૂછાયેલા ભગવાને વાસુદેવોને પણ કહ્યા. તથા ભરતે 'આ ભરતક્ષેત્રમાં આ પર્ષદામાં કોણ તીર્થંકર છે ?' તે પૂછ્યું. તેથી ભગવાને મરીચિને કહ્યો. ॥૩૬૭॥

**અવતરણિકા :** ભરતવડે પૂછાયેલા પ્રભુએ શું શું કહ્યું ? તે નિર્યુક્તિકાર બતાવે છે ➪

ગાથાર્થ : **તીર્થંકરો, ચક્રવર્તીઓ અને વાસુદેવોના વર્ણ – પ્રમાણ – નામ – ગોત્ર – આયુષ્ય – નગરો – માતા – પિતા – પર્યાય અને ગતિને પ્રભુએ કહ્યા.**

ટીકાર્થ : ગાથાર્થ મુજબ જ છે. માત્ર મૂળગાથામાં રહેલ 'च' શબ્દથી જિનેશ્વરોના આંતરાને પણ પ્રભુએ કહ્યા. ॥૩૬૮॥

**અવતરણિકા :** ગા. ૩૬૮માં કહેલા દ્વારોનો વિસ્તારાર્થ આગળ કહેશે. હવે ભરતે પૂછેલા પ્રશ્નનો વિસ્તાર કરે છે ➪

ગાથાર્થ : **જેવા પ્રકારના આપ જગદ્ગુરુ (તીર્થંકર) છો, તેવા પ્રકારના આ ભરતક્ષેત્રમાં અન્ય કેટલા તીર્થંકરો થશે ?**

ટીકાર્થ : ટીકાર્થ ગાથાર્થ મુજબ જ છે. ॥૩૮॥

ગાથાર્થ : **હવે તીર્થંકર કહે છે, "જેવો હું છું તેવા આ ભરતક્ષેત્રમાં બીજા ત્રેવીસ તીર્થંકરો થશે."**

---

★ भरते.

निगदसिद्धआ ॥ ते चैवं–

होही अजिओ संभव अभिणंदण सुमइ सुप्पभ सुपासो ।
ससि पुप्फदंत सीअल सिज्जंसो वासुपुज्जो अ ॥३७०॥
विमलमणंतइ धम्मो संती कुंथू अरो अ मल्ली अ ।
मुणिसुव्वय नमि नेमी पासो तह वद्धमाणो अ ॥३७१॥

भावार्थः सुगम एव ॥

अह भणइ नरवरिंदो भरहे वासंमि जारिसो उ अहं ।
तारिसया कइ अण्णे ताया होहिंति रायाणो ? ॥३७२॥

गमनिका–अथ भणति नरवरेन्द्रो-भरतः, भारते वर्षे यादृशस्त्वहं तादृशाः कत्यन्ये तात ! भविष्यन्ति राजान इति गाथार्थः ॥३७२॥

अह भणइ जिणवरिंदो जारिसओ तं नरिंदसद्दूलो ।
एरिसया एक्कारस अण्णे होहिंति रायाणो ॥३७३॥

गमनिका–अथ भणति जिनवरेन्द्रो-यादृशस्त्वं नरेन्द्रशार्दूलः, शार्दूलः-सिंहपर्यायः, ईदृशा एकादश अन्ये भविष्यन्ति राजानः ॥३७३॥ ते चैते–

होही सगरो मघवं सणंकुमारो य रायसद्दूलो ।
संती कुंथू अ अरो होइ सुभूमो य कोरव्वो ॥३७४॥

---

ટીકાર્થ : સ્પષ્ટ જ છે ॥૩૬૯॥ તે તીર્થંકરોના નામ આ પ્રમાણે છે ⇨

ગાથાર્થ : અજિત–સંભવ–અભિનંદન–સુમતિ–સુપદ્મ(પદ્મપ્રભ)–સુપાર્શ્વ–ચંદ્રપ્રભ–પુષ્પદંત–શીતલ–શ્રેયાંસ–અને વાસુપૂજ્ય,

ગાથાર્થ : વિમલ–અનંત–ધર્મ–શાંતિ–કુંથુ – અર – મલ્લિ – મુનિસુવ્રત – નમિ – નેમિ – પાર્શ્વ તથા વર્ધમાન.

ટીકાર્થ : બંને ગાથાઓનો ભાવાર્થ સુગમ જ છે. ॥૩૭૦–૩૭૧॥

ગાથાર્થ : હવે રાજા પૂછે છે "હે પ્રભુ ! આ ભારતમાં જેવા પ્રકારનો હું છું તેવા પ્રકારના અન્ય કેટલા રાજા થશે ?"

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૩૭૨॥

ગાથાર્થ : પ્રભુએ કહ્યું, "જેવા પ્રકારનો તું રાજાઓમાં સિંહ સમાન છે, તેવા બીજા અગિયાર રાજાઓ થશે."

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૩૭૩॥ તેમના નામો આ પ્રમાણેના છે ⇨

ગાથાર્થ : સગર–મઘવા–સનત્કુમારચક્રવર્તી–શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ અને કૌરવ્યગોત્રી એવો સુભૂમ,

---

† चेति. + सुपासे. ★ तादृशः. * हवइ.

णवमो अ महापउमो हरिसेणो चेव रायसद्दूलो ।
जयनामो अ नरवई बारसमो बंभदत्तो अ ॥३७५॥

गाथाद्वयं निगदसिद्धमेव । यदुक्तम् 'अपृष्टश्च दशारान् कथितवान्' तदभिधित्सुराह★ भाष्यकारः–

होहिंति वासुदेवा नव अण्णे नीलपीअकोसिज्जा ।
हलमुसलचक्कजोही सतालगरुडज्झया दो दो ॥३९॥ ( भा. )

व्याख्या–भविष्यन्ति वासुदेवा नव बलदेवाश्चानुक्ता अप्यत्र तत्सहचरत्वात् द्रष्टव्याः, यतो वक्ष्यति 'सतालगरुडज्झया दो दो', ते च सर्वे बलदेववासुदेवा यथासंख्यं नीलानि च पीतानि च कौशेयानि–वस्त्राणि येषां ते तथाविधाः, यथासंख्यमेव हलमुशलचक्रयोधिनः–हलमुशलयोधिनो बलदेवाः चक्रयोधिनो वासुदेवा इति, सह तालगरुडध्वजाभ्यां वर्त्तन्त इति सतालगरुडध्वजाः । एते च भवन्तो युगपद् द्वौ द्वौ भविष्यतः, बलदेववासुदेवाविति गाथार्थः ॥३९॥

वासुदेवाभिधानप्रतिपादनायाह–

तिविट्ठू अ १ दिविट्ठू २ सयंभु ३ पुरिसुत्तमे ४ पुरिससीहे ५ ।
तह पुरिसपुंडरीए ६ दत्ते ७ नारायणे ८ कण्हे ९ ॥४०॥ ( भा. )

निगदसिद्धा ॥ अधुना बलदेवानामभिधानप्रतिपादनायाह–

---

**ગાથાર્થ** : નવમો મહાપદ્મ – હરિસેણચક્રવર્તી – જયસેન નામનો રાજા અને બારમો બ્રહ્મદત્ત થશે.

**ટીકાર્થ** : બંને ગાથાર્થ સ્પષ્ટ જ છે.॥૩૭૪–૩૭૫॥ પૂર્વે જે કહ્યું "નહિ પૂછાયેલા પ્રભુએ વાસુદેવોને કહ્યા" તે વાસુદેવોને કહેવાની ઈચ્છાવાળા ભાષ્યકાર કહે છે ⇨

**ગાથાર્થ** : (ક્રમશઃ) નીલ અને પીતવસ્ત્રોવાળા, હળ–મુશળ અને ચક્રવડે યુદ્ધકરનારા તથા તાલગરુડના ચિહ્નની ધ્વજાવાળા એવા નવ વાસુદેવો (અને બળદેવો) બે – બે સાથે થશે.

**ટીકાર્થ** : નવ વાસુદેવો થશે. તેની સાથે નહિ કહેવાયેલા નવ બળદેવો પણ, નવ વાસુદેવોની સાથે થનારા હોવાથી અહીં જાણી લેવા, કારણ કે આ ગાથાના પશ્ચાર્ધમાં કહેશે "તાલગરુડની ધ્વજાવાળા બે બે." તે સર્વ બળદેવ–વાસુદેવો ક્રમશઃ નીલ અને પીતવસ્ત્રોવાળા, તથા ક્રમશઃ હળતમુશળ અને ચક્રવડે યુદ્ધકરનારા અર્થાત્ બળદેવ હળ-મુશળવડે અને વાસુદેવ ચક્રવડે યુદ્ધકરનારા તથા તાલગરુડના ચિહ્નવાળી ધ્વજાવાળા હોય છે. બળદેવ અને વાસુદેવ એમ બે–બે એક સાથે થાય છે. ॥૩૯॥

**અવતરણિકા** : હવે વાસુદેવના નામ કહે છે ⇨

**ગાથાર્થ** : ત્રિપૃષ્ઠ – દ્વિપૃષ્ઠ – સ્વયંભૂ – પુરુષોત્તમ – પુરુષસિંહ તથા પુરુષપુંડરીક – દત્ત – નારાયણ અને કૃષ્ણ.

**ટીકાર્થ** : સ્પષ્ટ જ છે.॥૪૦॥ હવે બળદેવોના નામ કહે છે ⇨

---

★ ०त्सयाह.

**अयले १ विजए २ भद्दे ३, सुप्पभे ४ अ सुदंसणे ५ ।**
**आणंदे ६ णंदणे ७ पउमे ८, रामे ९ आवि अपच्छिमे ॥४१॥ ( भा. )**

निगदसिद्धा ॥ वासुदेवशत्रुप्रतिपादनायाह –

**आसग्गीवे १ तारय २ मेरय ३ महुकेढवे ४ निसुंभे ५ अ ।**
**बलि ६ पहराए ७ तह रावणे ८ अ नवमे जरासिंधू ॥४२॥ ( भा. )**

निगदसिद्धा एव ॥

**एए खलु पडिसत्तू कित्तीपुरिसाण वासुदेवाणं ।**
**सव्वे अ चक्कजोही सव्वे अ हया सचक्केहिं ॥४३॥ ( भा. )**

गमनिका–एते खलु प्रतिशत्रवः–एते एव खलुशब्दस्य अवधारणार्थत्वात् नान्ये, कीर्त्तिपुरुषाणां वासुदेवानां, सर्वे चक्रयोधिनः, सर्वे च हताः स्वचक्रैरिति–यतस्तान्येव तच्चक्राणि वासुदेवव्यापत्तये क्षिप्तानि तैः, पुण्योदयात् वासुदेवं प्रणम्य तानेव व्यापादयन्ति इति गाथार्थः॥

एवं तावत्प्रागुपन्यस्तगाथायां वर्णादिद्वारोपन्यासं परित्यज्य असंमोहार्थमुत्क्रमेण जिनादीनां नामद्वारमुक्तं, पारभविकं चैषां वर्णनामनगरमातृपितृपुरादिकं प्रथमानुयोगतोऽवसेयं, इह विस्तरभयान्नोक्तमिति ॥ साम्प्रतं तीर्थकरवर्णप्रतिपादनायाह–

---

ગાથાર્થ : અચળ – વિજય – ભદ્ર – સુપ્રભ – સુદર્શન – આનંદ – નંદન – પદ્મ – અને છેલ્લા રામ.

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ છે. ॥૪૧॥ હવે વાસુદેવના શત્રુના (પ્રતિવાસુદેવના) નામો કહે છે ➪

ગાથાર્થ : અશ્વગ્રીવ – તારક – મેરક – મધુકૈટભ – નિશુંભ – બલિ – પ્રહ્લાદ – રાવણ અને નવમો જરાસિન્ધુ

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ જ છે. ॥૪૨॥

ગાથાર્થ : આ નવ પ્રતિવાસુદેવો કીર્તિપુરુષ એવા વાસુદેવના શત્રુઓ હોય છે. આ બધા પ્રતિવાસુદેવો ચક્રવડે યુદ્ધકરનારા હોય છે અને સ્વચક્રવડે જ હણાય છે.

ટીકાર્થ : અહીં '**खलु**' શબ્દ અવધારણ = જ કાર અર્થવાળો હોવાથી આ જ બીજા નહિ, કીર્તિપુરુષ એવા વાસુદેવોના પ્રતિશત્રુઓ છે. તે સર્વ ચક્રયોધી હોય છે. આ પ્રતિશત્રુઓ પોતાના ચક્રવડે જ હણાય છે, કારણ કે વાસુદેવને મારવા માટે મૂકાયેલું ચક્ર વાસુદેવના પુણ્યોદયને કારણે તેને નમસ્કાર કરી તે પ્રતિવાસુદેવને જ મારી નાંખે છે. ॥૪૩॥

આ પ્રમાણે પૂર્વે દ્વારગાથામાં પ્રથમ વર્ણાદિ દ્વારનો જે ઉપન્યાસ કર્યો હતો તેને છોડી ઉત્ક્રમથી જિનેશ્વરોના નામદ્વારને જે કહ્યું તે (નામ જાણ્યા વિના વર્ણાદિ કહેવામાં મૂંઝવણ થાય તેથી) મૂંઝવણ ન થાય માટે જાણવું. અને તીર્થંકરોના પૂર્વભવ સંબંધી વર્ણ–નામ–માતા–પિતા–નગરાદિ પ્રથમ–અનુયોગમાંથી જાણી લેવા. અહીં વિસ્તારના ભયથી કહેવામાં આવ્યા નથી. હવે તીર્થંકરોના વર્ણ કહે છે ➪

पउमाभवासुपुज्जा रत्ता ससिपुप्फदंत ससिगोरा ।
सुव्वयनेमी काला पासो मल्ली पियंगाभा ॥३७६॥
वरकणगतविअगोरा सोलस तित्थंकरा मुणेयव्वा ।
एसो वण्णविभागो चउवीसाए जिणवराणं ॥३७७॥

गाथाद्वयं सूत्रसिद्धमेव ॥

साम्प्रतं तीर्थकराणामेव प्रमाणाभिधित्सयाह —

पंचेव १ अद्धपंचम २ चत्तार ३ द्धुट्ठ ४ तह तिगं ५ चेव ।
अड्ढाइज्जा ६ दुण्णि ७ अ दिवड्ढ ८ मेगं धणुसयं ९ च ॥३७८॥
नउई १० असीइ ११ सत्तरि १२ सट्ठी १३ पण्णास १४ होइ नायव्वा ।
पणयाल१५ चत्त१६ पणतीस१७ तीसा१८ पणवीस१९ वीसा२० य ॥३७९॥
पण्णरस २१ दस धणूणि य २२, नव पासो २३ सत्तरयणिओ वीरो२४ ।
नामा पुव्वुत्ता खलु तित्थयराणं मुणेयव्वा ॥३८०॥

एतास्तिस्रोऽपि पाठसिद्धा एव ॥३७८-३७९-३८०॥

साम्प्रतं भगवतामेव गोत्राणि प्रतिपादयन्नाह—

मुणिसुव्वओ अ अरिहा अरिट्ठनेमी अ गोअमसगुत्ता ।
सेसा तित्थयरा खलु कासवगुत्ता मुणेयव्वा ॥३८१॥

---

ગાથાર્થ : પદ્મપ્રભ અને વાસુપૂજ્ય રક્તવર્ણવાળા, ચંદ્રપ્રભ અને સુવિધિનાથ શ્વેતવર્ણવાળા, મુનિસુવ્રત અને નેમિનાથ કૃષ્ણવર્ણવાળા, પાર્શ્વ અને મલ્લિનાથ પ્રિયંગુવર્ણવાળા (નીલવર્ણવાળા),

ગાથાર્થ : સોળ તીર્થંકરો તપાવેલા ઉત્તમસુવર્ણના વર્ણવાળા હોય છે. આ પ્રમાણે ચોવીસ જિનેશ્વરોનો વર્ણવિભાગ છે.

ટીકાર્થ : બંને ગાથાઓનો અર્થ સ્પષ્ટ છે. ॥૩૭૬-૩૭૭॥

અવતરણિકા : હવે તીર્થંકરોના શરીરપ્રમાણને કહે છે ➪

ગાથાર્થ : પાંચસોધનુષ — સાડાચારસો — ચારસો — સાડાત્રણસો — ત્રણસો — અઢીસો — બસો — દોઢસો અને એકસોધનુષ,

ગાથાર્થ : નેવું — એંશી — સિત્તેર — સાઠ — પચાસ — પીસ્તાલીસ — ચાલીસ — પાંત્રીસ — ત્રીસ — પચ્ચીસ — વીસ (ધનુષ) જાણવા,

ગાથાર્થ : પંદર—દસધનુષ — પાર્શ્વનાથ નવહાથ અને વીરપ્રભુ સાતહાથવાળા હતા. (વર્ણદ્વાર પછી નામદ્વાર આવે તેથી ખુલાસો કરે છે કે) તીર્થંકરોના નામો પૂર્વે કહેવાઈ ગયા છે.

ટીકાર્થ : આ ત્રણે ગાથા સ્પષ્ટ જ છે. ॥૩૭૮—૩૭૯—૩૮૦॥

અવતરણિકા : હવે તીર્થંકરોના જ ગોત્રને જણાવે છે ➪

ગાથાર્થ : મુનિસુવ્રતસ્વામી અને અરિષ્ટનેમિ ગૌતમગોત્રવાળા તથા શેષ તીર્થંકરો કાશ્યપગોત્રવાળા હતા.

त्रिगदसिद्धा ॥

आयुष्कानि तु प्राक्प्रतिपादितान्येवेति न प्रतन्यन्ते, भगवतामेव पुरप्रतिपादनाय गाथात्रितयमाह—

**इक्खाग भूमि १ उज्झा २ सावत्थि ३ विणिअ ४ कोसलपुरं ५ च ।**
**कोसंबी ६ वाणारसी ७ चंदाणण ८ तह य काकंदी ९ ॥३८२॥**
**भद्दिलपुर १० सीहपुरं ११ चंपा १२ कंपिल्ल १३ उज्झ १४ रयणपुरं १५ ।**
**तिण्णेव गयपुरंमी १८ मिहिला १९ तह चेव रायगिहं २० ॥३८३॥**
**मिहिला २१ सोरिअनयरं २२ वाणारसि २३ तह य होइ कुंडपुरं ।**
**उसभाईण जिणाणं जम्मणभूमी जहासंखं ॥३८४॥**

निगदसिद्धाः ॥

भगवतामेव मातृप्रतिपादनायाह—

**मरुदेवी १ विजय २ सेणा ३ सिद्धत्था ४ मंगला ५ सुसीमा ६ य ।**
**पुहवी ७ लक्खण ८ सामा ९ नंदा १० विण्हू ११ जया १२ रामा १३ ॥३८५॥**
**सुजसा १४ सुव्वया १५ अइरा १६, सिरी १७ देवी १८ पभावई १९ ।**
**पउमावई २० अ वप्पा २१ अ, सिव २२ वम्मा २३ तिसला २४ इअ ॥३८६॥**

गाथाद्वयं निगदसिद्धमेव ॥

---

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ જ છે. ॥૩૮૧॥

અવતરણિકા : આયુષ્યદ્વારનો અવસર છે. તે આયુષ્યો પૂર્વે બતાવી દીધા હોવાથી અહીં બતાવતા નથી. તેથી હવે તીર્થંકરોના નગરો બતાવતા કહે છે ⇨

ગાથાર્થ : ઇક્ષ્વાકુભૂમિ – અયોધ્યા – શ્રાવસ્તી – વિનીતા – કોશલપુર – કોસાંબી– વાણારસી – ચંદ્રાનન – કાકંદી

ગાથાર્થ : ભદ્દિલપુર – સિંહપુર – ચંપા – કંપિલ્લપુર – અયોધ્યા – રતનપુર – ગજપુર (હસ્તિનાપુર)માં ત્રણ તીર્થંકરો – મિથિલા – તથા રાજગૃહ

ગાથાર્થ : મિથિલા–શૌર્યનગર–વાણારસી– તથા કુંડપુર, આ ઋષભાદિ જિનોની ક્રમશઃ જન્મભૂમિ જાણવી.

ટીકાર્થ : આ ત્રણે ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. ॥૩૮૨-૩૮૪॥

અવતરણિકા : ભગવાનોની માતાઓના નામ કહેવા માટે કહે છે ⇨

ગાથાર્થ : મરુદેવી – વિજ્યા – સેના – સિદ્ધાર્થા – મંગલા – સુસીમા – પૃથ્વી – લક્ષ્મણા – શ્યામા – નંદા – વિષ્ણુ – જયા અને રામા

ગાથાર્થ : સુજસા – સુવ્રતા – સુચિરા – શ્રી – દેવી – પ્રભાવતી – પદ્માવતી – વપ્રા – શિવા – વામા અને ત્રિશલા.

ટીકાર્થ : બંને ગાથાઓ સ્પષ્ટ જ છે ॥૩૮૫–૩૮૬॥

भगवतामेव पितृप्रतिपादनायाह–

नाभी १ जिअसत्तू २ अ, जियारी ३ संवरे ४ इअ ।
मेहे ५ धरे ६ पइट्ठे ७, महसेणे ८ अ खत्तिए ॥३८७॥
सुग्गीवे ९ दढरहे १० विण्हू ११, वसुपूज्जे १२ अ खत्तिए ।
कयवम्मा १३ सीहसेणे १४ अ, भाणू १५ विससेणे १६ इअ ॥३८८॥
सूरे १७ सुदंसणे १८ कुंभे १९ सुमित्तु २० विजए २१ समुद्दविजए २२ अ ।
राया अ अस्ससेणे २३ सिद्धत्थेऽवि य २४ खत्तिए ॥३८९॥

निगदसिद्धा ॥ पर्यायो–गृहस्थादिपर्यायो भगवतामुक्त एव तथैव द्रष्टव्यः ।

साम्प्रतं भगवतामेव गतिप्रतिपादनायाह–

सव्वेऽवि गया मुक्खं जाइजरामरणबंधणविमुक्का ।
तित्थयरा भगवंतो सासयसुक्खं निराबाहं ॥३९०॥

निगदसिद्धा ॥

एवं तावत्तीर्थकरान् अङ्गीकृत्य प्रतिद्वारगाथा व्याख्याता, इदानीं चक्रवर्त्तिनः अङ्गीकृत्य व्याख्यायते–एतेषामपि पूर्वभववक्तव्यतानिबद्धं च्यवनादि प्रथमानुयोगादवसेयं, साम्प्रतं चक्रवर्तिवर्णप्रमाणप्रतिपादनायाह–

---

**અવતરણિકા :** હવે ભગવાનોના પિતાના નામો કહેવા માટે કહે છે ➩

**ગાથાર્થ :** નાભિ – જિતશત્રુ – જિતારિ – સંવર – મેઘ – ધર – પ્રતિષ્ઠ – મહાસેન ક્ષત્રિય.

**ગાથાર્થ :** સુગ્રીવ – દૃઢરથ – વિષ્ણુ – વસુપૂજ્યક્ષત્રિય – કૃતવર્મા – સિંહસેન – ભાનુ – વિશ્વસેન,

**ગાથાર્થ :** સૂર – સુદર્શન – કુંભ – સુમિત્ર – વિજય – સમુદ્રવિજય – અશ્વસેનરાજા અને સિદ્ધાર્થક્ષત્રિય,

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૩૮૭–૩૮૮–૩૮૯॥ હવે પર્યાયદ્વારનો અવસર છે જે પૂર્વે ગૃહસ્થાદિપર્યાયો કહ્યા તે પ્રમાણે જ જાણી લેવો.

**અવતરણિકા :** હવે તીર્થંકરોની ગતિ બતાવતા કહે છે ➩

**ગાથાર્થ : જન્મ–જરા–મરણ અને બંધનથી મુક્ત થયેલા એવા સર્વ તીર્થંકરભગવંતો નિરાબાધ, શાશ્વતસુખરૂપ મોક્ષને પામ્યા.**

**ટીકાર્થ :** સ્પષ્ટ જ છે. ॥૩૯૦॥

**અવતરણિકા :** આ પ્રમાણે તીર્થંકરોને આશ્રયી પ્રતિદ્વારગાથા (૩૬૮)નું નિરૂપણ કરાયું. હવે ચક્રવર્તીને આશ્રયી નિરૂપણ કરાય છે. આ ચક્રવર્તીઓનું પણ પૂર્વભવસંબંધી ચ્યવનાદિ પ્રથમ–અનુયોગમાંથી જાણી લેવું. હવે ચક્રવર્તીના વર્ણ અને પ્રમાણ કહેવા માટે કહે છે ➩

सव्वेऽवि एगवण्णा निम्मलकणगप्पभा मुणेयव्वा ।
छक्खंडभरहसामी तेसि पमाणं अओ वुच्छं ॥३९१॥
पंचसय १ अद्धपंचम २ बायालीसा य अद्धधणुअं च ३ ।
इगयाल धणुस्सद्धं ४ च चउत्थे पंचमे चत्ता ५ ॥३९२॥
पणतीसा ६ तीसा ७ पुणअट्ठावीसा ८ य वीसइ ९ धणूणि ।
पण्णरस १० बारसेव य ११ अपच्छिमो सत्त य धणूणि १२ ॥३९३॥

निगदसिद्धाः ॥

नामानि प्राक्प्रतिपादितान्येव, साम्प्रतं चक्रवर्त्तिगोत्रप्रतिपादनायाह—

कासवगुत्ता सव्वे चउदसरयणाहिवा समक्खाया ।
देविंदवंदिएहिं जिणेहिं जिअरागदोसेहिं ॥३९४॥

सूत्रसिद्धा ॥ साम्प्रतं चक्रवर्त्यायुष्कप्रतिपादनायाह—

चउरासीई १ बावत्तरी अ पुव्वाण सयसहस्साइं २ ।
पंच ३ य तिण्णि अ ४ एगं च ५ सयसहस्सा उ वासाणं ॥३९५॥
पंचाणउइ सहस्सा ६ चउरासीई अ ७ अट्ठमे सट्ठी ८।
तीसा ९ य दस १० य तिण्णि ११ अ अपच्छिमे सत्तवाससया १२ ॥३९६॥

ગાથાર્થ : સર્વ ચક્રવર્તીઓ નિર્મળસુવર્ણના વર્ણરૂપ એકવર્ણવાળા જાણવા. તથા તેઓ ષટ્ખંડરૂપ ભરતક્ષેત્રના સ્વામી હોય છે. હવે પછી તેમના શરીર પ્રમાણને કહીશ.

ગાથાર્થ : પાંચસો – સાડા ચારસો – સાડાબેતાલીસધનુષ – સાડા એકતાલીસધનુષ – પાંચમાનું ચાલીસધનુષ,

ગાથાર્થ : પાંત્રીસ–ત્રીસ–અઠ્યાવીસ – વીસધનુષ – પંદર – બાર – છેલ્લાનું સાતધનુષ.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ જ છે ॥૩૯૧–૩૯૩॥

અવતરણિકા : નામદ્વારનો અવસર છે, જે પૂર્વે પ્રતિપાદન કરી દીધો છે. હવે ચક્રવર્તીઓના ગોત્રનું પ્રતિપાદન કરે છે ⇨

ગાથાર્થ : દેવેન્દ્રોવડે પૂજિત, જિતેલા છે રાગ–દ્વેષ જેમણે એવા તીર્થંકરોવડે ચૌદરત્નોના સ્વામી એવા સર્વ (ચક્રવર્તીઓ) કાશ્યપગોત્રવાળા કહેવાયેલા છે.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ જ છે. ॥૩૯૪॥ હવે ચક્રવર્તીઓના આયુષ્યો કહેવા માટે કહે છે ⇨

ગાથાર્થ : ચોરાશીલાખપૂર્વ – બહોંત્તેરલાખપૂર્વ – પાંચલાખવર્ષ – ત્રણલાખવર્ષ – એકલાખવર્ષ,

ગાથાર્થ : પંચાણુહજારવર્ષ – ચોરાશીહજારવર્ષ – આઠમાનું સાઠહજારવર્ષ – ત્રીસહજારવર્ષ – દસહજારવર્ષ – ત્રણહજારવર્ષ – છેલ્લા ચક્રવર્તીનું સાતસોવર્ષનું આયુષ્ય હતું.

गाथाद्वयं पठितसिद्धम् ॥ इदानीं चक्रवर्त्तिनां पुरप्रतिपादनायाह–

**जम्मण विणीअ १ उज्झा २ सावत्थी ३ पंच हत्थिणपुरंमि ८ ।**
**वाणारसि ९ कंपिल्ले १० रायगिहे ११ चेव कंपिल्ले १२ ॥३९७॥**

निगदसिद्धा एव ॥ साम्प्रतं चक्रवर्त्तिमातृप्रतिपादनायाह–

**सुमंगला १ जसवई २ भद्दा ३ सहदेवि ४ अइर ५ सिरि ६ देवी ७ ।**
**तारा ८ जाला ९ मेरा १० य वप्पगा ११ तह य चूलणी१२ अ ॥३९८॥**

निगदसिद्धा ॥ साम्प्रतं चक्रवर्त्तिपितृप्रतिपादनायाह–

**उसभे १ सुमित्तविजए २ समुद्दविजए ३ अ अस्ससेणे अ ४ ।**
**तइ वीससेण ५ सूरे ६ सुदंसणे ७ कत्तविरिए ८ अ ॥३९९॥**
**पउमुत्तरे ९ महाहरि १० विजए राया ११ तहेव बंभे १२ अ ।**
**ओसप्पिणी इमीसे पिउनामा चक्कवट्टीणं ॥४००॥**

गाथाद्वयं निगदसिद्धमेव ॥ पर्यायः केषाञ्चित् प्रथमानुयोगतोऽवसेयः, केषाञ्चित् प्रव्रज्याऽभावात् न विद्यत एवेति ।

साम्प्रतं चक्रवर्त्तिगतिप्रतिपादनायाह–

**अट्ठेव गया मोक्खं सुभुमो बंभो अ सत्तमिं पुढविं ।**
**मघवं सणंकुमारो सणंकुमारं गया कप्पं ॥४०१॥**

---

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૩૯૫–૩૯૬॥ હવે ચક્રવર્તીઓના નગરોનું પ્રતિપાદન કરે છે ⇨

**ગાથાર્થ :** જન્મભૂમિઓ → વિનીતા – અયોધ્યા – શ્રાવસ્તી – પાંચ (ચક્રવર્તીઓ) હસ્તિનાપુરમાં – વાણારસી – કંપિલ્લ – રાજગૃહ – અને કંપિલ્લપુર.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૩૯૭॥ હવે ચક્રવર્તીઓની માતાઓનું નામ જણાવવા કહે છે ⇨

**ગાથાર્થ :** સુમંગલા–યશવતી – ભદ્રા – સહદેવી – અચિરા – શ્રી – દેવી – તારા – જ્વાલા – મેરા – વપ્રકા – અને ચૂલણી.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે ॥૩૯૮॥ હવે ચક્રવર્તીઓના પિતાના નામો કહેવા કહે છે ⇨

**ગાથાર્થ :** ઋષભ – સુમિત્રવિજય – સમુદ્રવિજય – અશ્વસેન – વિશ્વસેન – સૂર – સુદર્શન – કાર્તવીર્ય – પદ્મોત્તર – મહાહરિ – વિજયરાજા – તથા બ્રહ્મ આ પ્રમાણે આ અવસર્પિણીના ચક્રવર્તીઓના પિતાઓના નામ જાણવા.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૩૯૯–૪૦૦॥ પર્યાયદ્વારમાં કેટલાકનો પર્યાય પ્રથમ–અનુયોગમાંથી જાણી લેવો અને કેટલાકને પ્રવ્રજ્યાનો અભાવ હોવાથી દીક્ષાપર્યાય નથી.

**અવતરણિકા :** હવે ચક્રવર્તીઓની ગતિ બતાવે છે ⇨

**ગાથાર્થ :** આઠ ચક્રવર્તીઓ મોક્ષમાં ગયા. સુભૂમ અને બ્રહ્મદત્તચક્રવર્તી સાતમી પૃથ્વીમાં (નરકમાં) ગયા. મઘવાન અને સનત્કુમાર, સનત્કુમારનામના દેવલોકમાં ગયા.

निगदसिद्धा ॥

एवं तावच्चक्रवर्तिनोऽप्यधिकृत्य व्याख्याता प्रतिद्वारगाथा, इदानीं वासुदेवबलदेवाङ्गीकरणतो व्याख्यायते—एतेषामपि च पूर्वभववक्तव्यतानिबद्धं च्यवनादि प्रथमानुयोगत एवावसेयं, साम्प्रतं वासुदेवादीनां वर्णप्रमाणप्रतिपादनायाह—

**वण्णेण वासुदेवा सव्वे नीला बला य सुक्किलया ।**
**एएसि देहमाणं वुच्छामि अहाणुपुव्वीए ॥४०२॥**
**पढमो धणूणसीई १ सत्तरि २ सट्ठी ३ अ पण्ण ४ पणयाला ५ ।**
**अउणतीसं च धणू ६ छव्वीसा ७ सोलस ८ दसेव ९. ॥४०३॥**

गाथाद्वयं निगदसिद्धं ॥

नामानि प्रागभिहितान्येव । साम्प्रतं वासुदेवादीनां गोत्रप्रतिपादनायाह—

**बलदेववासुदेवा अट्ठेव हवंति गोयमसगुत्ता ।**
**नारायणपउमा पुण कासवगुत्ता मुणेअव्वा ॥४०४॥**

निगदसिद्धा ॥

वासुदेवबलदेवानां यथोपन्यासमायुःप्रतिपादनायाह—

**चउरासीई १ बिसत्तरि २ सट्ठी ३ तीसा य ४ दस ५ य लक्खाइं ।**

---

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૪૦૧॥

**અવતરણિકા :** આ પ્રમાણે ચક્રવર્તીઓને આશ્રયી પ્રતિદ્વારગાથા કહેવાઈ. હવે વાસુદેવ–બળદેવને આશ્રયી વ્યાખ્યાન કરાય છે – આ લોકોના પણ પૂર્વભવસંબંધી ચ્યવનાદિ દ્વારો પ્રથમ–અનુયોગમાંથી જાણી લેવા. હવે વાસુદેવાદિના વર્ણ અને પ્રમાણને કહે છે ⇨

**ગાથાર્થ : વર્ણથી સર્વ વાસુદેવો નીલવર્ણવાળા અને બળદેવો શુક્લવર્ણવાળા હોય છે. હવે પછી ક્રમશઃ તેઓના દેહમાનને કહીશ.**

**ગાથાર્થ : પ્રથમ વાસુદેવનું દેહમાન એંશીધનુષ – (પછી ક્રમશઃ) સીત્તેર – સાઠ – પચાસ – પીસ્તાલીશ – ઓગણત્રીસધનુષ – છવ્વીસ – સોળ અને દસધનુષ.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૪૦૨-૪૦૩॥

**અવતરણિકા :** હવે નામદ્વારનો અવસર છે જે પૂર્વે કહેવાઈ ગયેલો છે. તેથી હવે તેમના ગોત્રને કહેવા માટે કહે છે ⇨

**ગાથાર્થ : આઠ બળદેવ અને વાસુદેવો ગૌતમગોત્રના તથા નારાયણ–પદ્મ કાશ્યપગોત્રના જાણવા.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૪૦૪॥

**અવતરણિકા :** હવે તેમનાં ક્રમશઃ આયુષ્ય બતાવતા કહે છે⇨

**ગાથાર્થ : ચોરાશી – બહોત્તેર – સાઠ – ત્રીસ – અને દસલાખ, પાસઠહજાર –**

पण्णट्ठि सहस्साइं ६ छप्पण्णा ७ बारसे ८ गं च ९ ॥४०५॥
पंचासीई १ पण्णत्तरी अ २ पण्णट्ठि ३ पंचवण्णा ४ य ।
सत्तरस सयसहस्सा ५ पंचमए आउअं होइ ॥ ४०६॥
पंचासीइ सहस्सा ६ पण्णट्ठी ७ तह य चेव पण्णरस ८ ।
बारस सयाइं ९ आउं बलदेवाणं जहासंखं ॥४०७॥

निगदसिद्धाः ॥

साम्प्रतममीषामेव पुराणि प्रतिपाद्यन्ते–तत्र–

पोअण १ बारवइतिगं ४ अस्सपुरं ५ तह य होइ चक्कपुरं ६ ।
वाणारसि ७ रायगिहं ८ अपच्छिमो जाओ महुराए ९ ॥४०८॥

निगदसिद्धा ॥

एतेषां मातापितृप्रतिपादनायाह–

मिगावई १ उमा चेव २, पुहवी ३ सीआ य ४ अम्मया ५ ।
लच्छीमई ६ सेसमई ७, केगमई ८ देवई ९ इअ ॥४०९॥
भद्द १ सुभद्दा २ सुप्पभ ३ सुदंसणा ४ विजय ५ वेजयंती ६ अ ।
तह य जयंती ७ अपराजिआ ८ य तह रोहिणी ९ चेव ॥४१०॥
हवइ पयावइ १ बंभो २ रुद्दो ३ सोमो ४ सिवो ५ महसिवो ६ अ ।
अग्गिसिहे ७ अ दसरहे ८ नवमे भणिए अ वसुदेवे ९ ॥४११॥

---

છપ્પનહજાર – બારહજાર અને એકહજારવર્ષ (વાસુદેવોનું આયુષ્ય જાણવું).

ગાથાર્થ : પંચ્યાશીલાખ – પંચોત્તેરલાખ – પાસઠલાખ – પંચાવનલાખ – સત્તરલાખ પાંચમાનું આયુષ્ય છે.

ગાથાર્થ : પંચ્યાશી હજાર – પાસઠહજાર – પંદરહજાર – બારસોવર્ષનું આયુષ્ય ક્રમશઃ બળદેવોનું જાણવું.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ જ છે. ॥૪૦૫–૪૦૭॥.

અવતરણિકા : હવે તેઓના જ નગરોના નામો કહે છે ⇨

ગાથાર્થ : પોતનપુર – દ્વારિકામાં ત્રણ – અશ્વપુર – ચક્રપુર – વાણારસી – રાજગૃહ – છેલ્લા – વાસુદેવ અને બળદેવ મથુરામાં થયા.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ જ છે. ॥૪૦૮॥ હવે માતા–પિતાના નામો જણાવે છે ⇨

ગાથાર્થ : મૃગાવતી – ઉમા – પૃથ્વી – સીતા – અમૃતા – લક્ષ્મીમતી – શેષમતી – કેતુમતી અને દેવકી,

ગાથાર્થ : ભદ્રા – સુભદ્રા – સુપ્રભા – સુદર્શના – વિજયા – વૈજયંતી તથા જયંતી – અપરાજિતા અને રોહિણી.

ગાથાર્થ : પ્રજાપતિ–બ્રહ્મ–રુદ્ર–સોમ–શિવ–મહાશિવ–અગ્નિસિંહ–દસરથ અને નવમા વસુદેવ (વાસુદેવ – બળદેવની માતા જુદી જુદી હોય, પિતા એક જ હોય છે.)

निगदसिद्धाः ॥ एतेषामेव पर्यायवक्तव्यतामभिधित्सुराह–

परिआओ पव्वज्जाऽभावाओ नत्थि वासुदेवाणं ।
होइ बलाणं सो पुण पढमऽणुओगाओ णायव्वो ॥४१२॥

निगदसिद्धा एव ॥ एतेषामेव गतिं प्रतिपादयन्नाह–

एगो अ सत्तमाए पंच य छट्ठीएँ पंचमी एगो ।
एगो अ चउत्थीए कण्हो पुण तच्चपुढवीएँ★ ॥४१३॥

गमनिका–एकश्च सप्तम्यां पञ्च च षष्ठ्यां पञ्चम्यामेकः एकश्च चतुर्थ्यां कृष्णः पुनस्तृतीयपृथिव्यां यास्यति गतो वेति सर्वत्र क्रियाध्याहारः कार्यः, भावार्थः स्पष्ट एव ॥४१३॥ बलदेवगतिप्रतिपिपादयिषयाऽऽह –

अट्ठंतगडा रामा एगो पुण बंभलोगकप्पंमि ।

---

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૪૦૯–૪૧૧॥ હવે તેમના પર્યાયની વક્તવ્યતાને કહેવાની ઇચ્છાવાળા કહે છે ➪

ગાથાર્થ : વાસુદેવોને પ્રવ્રજ્યાનો અભાવ હોવાથી પર્યાય હોતો નથી. બળદેવોને પર્યાય હોય છે. તે વળી પ્રથમ–અનુયોગમાંથી જાણવા યોગ્ય છે.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે ॥૪૧૨॥ હવે તેઓની જ ગતિને કહે છે ➪

ગાથાર્થ : એક વાસુદેવ સાતમીનરકમાં, પાંચ વાસુદેવો છટ્ઠીનરકમાં, એક પાંચમીનરકમાં, એક ચોથીનરકમાં અને કૃષ્ણ ત્રીજીનરકમાં ગયા.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ભાવાર્થ સ્પષ્ટ જ છે. ॥૪૧૩॥ હવે બળદેવની ગતિનું પ્રતિપાદન કરે છે ➪

ગાથાર્થ : આઠ રામો (બળદેવો) અંતકૃત્ થયા (સિદ્ધિને પામ્યા). એક બળદેવ

---

★वीसभूई १ पव्वइए २ धणदत्त ३ समुद्ददत्त ४ सेवाले ५ । पिअमित्त ६ ललिअमित्ते ७ पुणव्वसू ८ गंगदत्ते ९ अ ॥१॥ एयाइं नामाइं पुव्वभवे आसि वासुदेवाणं । इत्तो बलदेवाणं जहक्कमं कित्तइस्सामि ॥२॥ विस्सनंदी १ सुबुद्धी २ अ सागरदत्ते ३ असोअ ४ ललिए ५ अ । वाराह ६ धणस्सेणे ७ अवराइअ ८ रायललिए य ॥३॥ संभूअ १ सुभद्द २ सुदंसणे ३ ज सिज्जंस ४ कण्ह ५ गंगे ६ अ । सागर ७ समुद्दनामे ८ दमसेणे ९ अ अपच्छिमे ॥४॥ एए धम्मायरिआ कित्तीपुरिसाण वासुदेवाणं । पुव्वभवे आसीआ जत्थ निआणाइ कासी अ ॥५॥ महुरा १ य कणगवत्थू २ सावत्थी ३ पोअणं ४ च रायगिहं ५ । कायंदी ६ मिहिलाविं य ७ वाणारसि ८ हत्थिणपुरं ९ च ॥६॥ गावी जूए संगामे इत्थी पाराइए अ रंगंमि । भज्जाणुरागगुट्ठी परइड्ढी माउगा इअ ॥ ७ ॥ महसुक्का पाणय लंतगाउ सहसारओ अ माहिंदा । बंभा सोहम्म सणंकुमार नवमो महासुक्का ॥८॥ तिण्णेवणुत्तरेहिं तिण्णेव भवे तहा महासुक्का । अवसेसा बलदेवा अणंतरं बंभलोगचुआ ॥९॥ ( प्र० अव्या० ).

★उववण्णु तओ चइउं सिज्झिस्सइ भारहे वासे ॥४१४॥

गमनिका–अट्ठ अन्तकृतो रामाः, अन्तकृत इति ज्ञानावरणीयादिकर्मान्तकृतः, सिद्धिं गता इत्यर्थः । एकः पुनः ब्रह्मलोककल्पे उत्पत्स्यते उत्पन्नो वेति क्रिया । ततश्च ब्रह्मलोकाच्च्युत्वा सेत्स्यति मोक्षं यास्यति भारते वर्ष इति गाथार्थः ॥४१४॥

आह–किमिति सर्वे वासुदेवाः खल्वधोगामिनो रामाश्चोर्ध्वगामिन इति ?, आह–

अणिआणकडा रामा सव्वेऽवि अ केसवा निआणकडा ।

उड्ढंगामी रामा केसव सव्वे अहोगामी ॥४१५॥

गमनिका–अनिदानकृतो रामाः, सर्वे अपि च केशवा निदानकृतः, ऊर्ध्वगामिनो रामाः, केशवाः सर्वे अधोगामिनः । भावार्थः सुगमो, नवरं प्राकृतशैल्या पूर्वापरनिपातः 'अनिदानकृता रामाः' इति, अन्यथा अकृतनिदाना रामा इति द्रष्टव्यं, केशवास्तु कृतनिदाना इति गाथार्थः ॥४१५॥

एवं तावदधिकृतद्वारगाथा 'जिणचक्किदसाराण'मित्यादिलक्षणा प्रपञ्चतो व्याख्यातेति । साम्प्रतं यश्चक्रवर्ती वासुदेवो वा यस्मिन् जिने जिनान्तरे वाऽऽसीत् स प्रतिपाद्यत इत्यनेन संबन्धेन जिनान्तरागमनं, तत्रापि तावत्प्रसङ्गत एव कालतो जिनान्तराणि निर्दिश्यन्ते–

**બ્રહ્મલોકનામના દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી ભરતક્ષેત્રમાં સિદ્ધ થશે.**

**ટીકાર્થ :** આઠ બળદેવો અંતકરનારા = જ્ઞાનાવરણીયાદિકર્મોનો અંતકરનારા થયા એટલે કે સિદ્ધિને પામ્યા. એક વળી બ્રહ્મલોકમાં ઉત્પન્ન થશે અથવા થયા. (અહીં ભવિષ્યકાળનો પ્રયોગ "સમવસરણમાં ભરતે પ્રભુને પ્રશ્ન પૂછ્યો તેનો જવાબ પ્રભુ આપી રહ્યા છે કે બળદેવ ઉત્પન્ન થશે." આને આશ્રયી કર્યો છે. એ વાત આગળ કરશે.) શેષ સુગમ જ છે. ॥૪૧૪॥

**અવતરણિકા : શંકા :** શા માટે સર્વ વાસુદેવો અધોગામી અને બળદેવો ઊર્ધ્વગામી હોય છે ? ➪

ગાથાર્થ : **સમાધાન : બધા બળદેવો અનિદાનકૃત અને વાસુદેવો નિદાનકૃત હોય છે. (તેથી) સર્વ બળદેવો ઊર્ધ્વગામી અને વાસુદેવો અધોગામી હોય છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. પ્રાકૃતશૈલીથી 'અનિદાનકૃત' શબ્દમાં આગળ–પાછળ નિપાત થયો છે. તેથી અર્થ આ પ્રમાણે જાણવો કે અકૃતનિદાન બળદેવો હોય છે = બળદેવો (પૂર્વભવમાં) નિયાણુ કરતા નથી. જ્યારે વાસુદેવો નિયાણુ કરે છે. શેષ સુગમ છે. ॥૪૧૫॥

**અવતરણિકા :** આ પ્રમાણે 'जिणचक्किदसाराण' ગાથાનો વિસ્તારથી અર્થ કહ્યો. હવે જે ચક્રવર્તી કે વાસુદેવ જે જિનના કાળમાં કે જિનના આંતરામાં થયા તે પ્રતિપાદન કરે છે. આ સંબંધથી જિનોના આંતરાઓનું આગમન થાય છે. તેમાં પણ પ્રસંગથી જ કાળને આશ્રયી જિનોના આંતરાઓ બતાવાય છે ➪

★ उववन्नु तत्थ भोए, भोत्तुं अयरोवमा दस उ ॥१॥ तत्तो अ चइत्ताणं इहेव उस्सप्पिणीइ भरहंमि । भवसिद्धिआ अ भयवं सिज्झिस्सइ कण्हतित्थंमि ॥ ( सार्धा पाठान्तररूपा ).

उसभो वरवसभगई ततिअसमापच्छिमंमि कालंमि ।
उप्पण्णो पढमजिणो भरहपिआ भारहे वासे ॥१॥
पण्णासा लक्खेहिं कोडीणं सागराण उसभाओ ।
उप्पण्णो अजिअजिणो ततिओ तीसाएँ लक्खेहिं ॥२॥
जिणवसहसंभवाओ दसहि उ लक्खेहि अयरकोडीणं ।
अभिनंदणो उ भगवं एवइकालेण उप्पण्णो ॥३॥
अभिणंदणाउ सुमती नवहि उ लक्खेहि अयरकोडीणं ।
उप्पण्णो सुहपुण्णो सुप्पभनामस्स वोच्छामि ॥४॥
णउई य सहस्सेहिं कोडीणं सागराण पुण्णाणं ।
सुमइजिणाउ पउमो एवतिकालेण उप्पण्णो ॥५॥
पउमप्पहनामाओ नवहि सहस्सेहि अयरकोडीणं ।
कालेणेवइएणं सुपासनामो समुप्पण्णो ॥६॥
कोडीसएहि नवहि उ सुपासनामा जिणो समुप्पण्णो ।
चंदप्पभो पभाए पभासयंतो उ तेलोक्कं ॥७॥
णउईए कोडीहिं ससीउ सुविहीजिणो समुप्पण्णो ।
सुविहिजिणाओ नवहि उ कोडीहिं सीअलो जाओ ॥८॥

---

ગાથાર્થ : આ ભરતક્ષેત્રમાં ત્રીજાઆરાના પાછળા ભાગમાં ભરતના પિતા, શ્રેષ્ઠ ઋષભસમાન ગતિવાળા, પ્રથમજિનેશ્વર એવા ઋષભદેવ ઉત્પન્ન થયા.

ગાથાર્થ : ઋષભદેવ પછી પચાસલાખ કરોડ સાગરોપમે અજિતજિન ઉત્પન્ન થયા. ત્યાર પછી ૩૦લાખ કરોડ સાગરોપમે ત્રીજા (સંભવનાથ ઉત્પન્ન થયા.)

ગાથાર્થ : જિનોમાં વૃષભસમાન એવા સંભવનાથ પછી દસલાખ કરોડ સાગરોપમે અભિનંદનસ્વામી થયા.

ગાથાર્થ : અભિનંદન પછી નવલાખ કરોડ સાગરોપમે સુખપૂર્ણ સુમતિનાથ ઉત્પન્ન થયા. હવે સુપ્રભ(પદ્મપ્રભ) સ્વામીનું આંતરુ કહીશ.

ગાથાર્થ : સુમતિનાથ પછી નેવુંહજાર કરોડ સાગરોપમરૂપ આટલા કાળે પદ્મપ્રભસ્વામી થયા.

ગાથાર્થ : પદ્મપ્રભ પછી નવહજાર કરોડ સાગરોપમરૂપ આટલા કાળે સુપાર્શ્વનાથ થયા.

ગાથાર્થ : સુપાર્શ્વ પછી નવસો કરોડ સાગરોપમે પોતાની પ્રભાથી ત્રિલોકને પ્રકાશિત કરતા ચંદ્રપ્રભસ્વામી થયા.

ગાથાર્થ : ચંદ્રપ્રભ પછી નેવું કરોડ સાગરોપમે સુવિધિજિન થયા. સુવિધિજિન પછી નવકરોડ સાગરોપમે શીતલનાથ થયા.

सीअलजिणाउ भयवं सिज्जंसो सागराण कोडीए ।
सागरसयऊणाए वरिसेहिं तहा इमेहिं तु ॥९॥
छव्वीसाएँ सहस्सेहिं चेव छावट्ठि सयसहस्सेहिं ।
एतेहिं ऊणिआ खलु कोडी मग्गिल्लिआ होइ ॥१०॥
चउपण्णा अयराणं सिज्जंसाओ जिणो उ वसुपुज्जो ।
वसुपुज्जाओ विमलो तीसहि अयरेहि उप्पण्णो ॥११॥
विमलजिणा उप्पण्णो नवहिं अयरेहिणंतइजिणोऽवि ।
चउसागरनामेहिं अणंतईतो जिणो धम्मो ॥१२॥
धम्मजिणाओ संती तिहि उ तिचउभागपलिअऊणेहिं ।
अयरेहि समुप्पण्णो पलिअद्धेणं तु कुंथुजिणो ॥१३॥
पलिअचउब्भाएणं कोडिसहस्सूणएण वासाणं ।
कुंथूओ अरनामो कोडिसहस्सेण मल्लिजिणो ॥१४॥
मल्लिजिणाओ मुणिसुव्वओ य चउपण्णवासलक्खेहिं ।
सुव्वयनामाओ नमी लक्खेहिं छहि उ उप्पण्णो ॥१५॥
पंचहिं लक्खेहिं तओ अरिट्ठनेमी जिणो समुप्पण्णो ।
तेसीइसहस्सेहिं सएहि अद्धट्ठमेहिं च ॥१६॥

ગાથાર્થ : શીતલજિન પછી સો સાગરોપમ અને (આગળ કહેવાતા) વરસોથી ન્યૂન એવા કરોડ સાગરોપમે શ્રેયાંસનાથ થયા.

ગાથાર્થ : પૂર્વે કહેલા ( मग्गिल्लिआ ) ૧ કરોડ સાગરોપમ એ છાસઠલાખ છવ્વીસ હજાર વર્ષોએ ન્યૂન છે (અર્થાત્ ૧ કરોડ સાગરોપમમાં ૧૦૦ સાગરોપમ અને ૬૬ લાખ ૨૬ હજાર વર્ષો ઓછા કાળે શ્રેયાંસનાથ થયા.)

ગાથાર્થ : શ્રેયાંસનાથ પછી ચોપન સાગરોપમે વાસુપૂજ્ય થયા. વાસુપૂજ્ય પછી ત્રીસ સાગરોપમે વિમલનાથ ઉત્પન્ન થયા.

ગાથાર્થ : વિમલનાથ પછી નવ સાગરોપમે અનંતનાથ ઉત્પન્ન થયા. અનંતનાથ પછી ચાર સાગરોપમે ધર્મનાથ થયા.

ગાથાર્થ : ધર્મનાથ પછી શાંતિનાથ પલ્યોપમના ચારીઆ ત્રણ ભાગ (૩/૪ પોણો ભાગ) ન્યૂન એવા ત્રણ સાગરોપમે થયા. તેમના પછી અર્ધપલ્યોપમે કુંથુનાથ થયા.

ગાથાર્થ : કુંથુનાથ પછી એકહજાર કરોડ વર્ષ ન્યૂન એવા પલ્યોપમના ચોથા ભાગમાં અરનાથ થયા. અરનાથ પછી એકહજાર કરોડ વર્ષે મલ્લિજિન થયા.

ગાથાર્થ : મલ્લિજિનથી ચોપનલાખ વર્ષે મુનિસુવ્રતજિન થયા. મુનિસુવ્રત પછી છલાખ વર્ષે નમિનાથ થયા.

नेमीओ पासजिणो पासजिणाओ य होइ वीरजिणो ।
अड्ढाइज्जसएहिं गएहिं चरमो समुप्पण्णो ॥१७॥

इयमत्र स्थापना—उसभाओ कोडिलक्ख ५० अजिओ, कोडिलक्ख ३० संभवो, कोडिलक्ख १० अभिनंदणो, कोडिलक्ख ९ सुमती, कोडीओ नउईओ सहस्सेहिं ९० पउमप्पहो, कोडीनवसहस्सेहिं ९ सुपासो, कोडीनवसएहिं ९ चंदप्पभो, कोडीओ णउइओ ९० पुप्फदंतो, कोडीओ णवहि उ ९ सीअलो, कोडीऊणा १०० सा. ६६२६००० वरिसाइं सेज्जंसो, सागरोपमा ५४ वासुपुज्जो, तीससागराइं ३० विमलो, सागरोवमाइं ९ अणंतो, सागरोवमाइं ४ धम्मो, सागरोवमाइं ३ ऊणाइं पलिओवमचउभागेहिं तिहिं संती, पलिअद्धं १/२ कुंथू, पलियचउब्भाओ ऊणओ वासकोडीसहस्सेण अरो, वासकोडीसहस्सं मल्ली, वरिसलक्खचउपण्णा मुणिसुव्वओ, वरिसलक्ख ६ नमी, वरिसलक्ख ५ अरिट्ठनेमी, वरिससहस्सा ८३७५० पासो, वाससयाइं २५० वद्धमाणो । जिणंतराइं ॥

साम्प्रतं चक्रवर्त्तिनोऽधिकृत्य जिनान्तराण्येव प्रतिपाद्यन्ते—तत्र—

उसभे भरहो अजिए सगरो मघवं सणंकुमारो अ ।
धम्मस्स य संतिस्स य जिणंतरे चक्कवट्टिदुगं ॥४१६॥
संती कुंथू अ अरो अरहंता चेव चक्कवट्टी अ ।
अरमल्लीअंतरे उ हवइ सुभूमो अ कोरव्वो ॥४१७॥
मुणिसुव्वए नमिंमि अ हुंति दुवे पउमनाभहरिसेणा ।
नमिनेमिसु जयनामो अरिट्ठपासंतरे बंभो ॥४१८॥

इह च असंमोहार्थं सर्वेषामेव जिनचक्रवर्त्तिवासुदेवानां यो यस्मिन् जिनकालेऽन्तरे वा

---

ગાથાર્થ : ત્યાર પછી પાંચલાખવર્ષે નેમિનાથ ઉત્પન્ન થયા. નેમિનાથ પછી ત્યાંસી હજાર સાતસોપચાસ વર્ષે પાર્શ્વનાથભગવાન થયા. પાર્શ્વનાથ પછી અઢીસો વર્ષે છેલ્લા વીરસ્વામી ઉત્પન્ન થયા.

ટીકાર્થ : (ગાથાર્થ મુજબ હોવાથી ટીકાર્થ લખાતો નથી.) ॥૧ થી ૧૭॥

અવતરણિકા : હવે ચક્રવર્તીઓને આશ્રયી જિનેશ્વરોના અંતરો જ કહેવાય છે (અર્થાત્ કયા જિનના કાળ/આંતરામાં કયા ચક્રવર્તી થયા તે કહે છે) ➾

ગાથાર્થ : ઋષભદેવના સમયમાં ભરતચક્રવર્તી, અજિતનાથના કાળમાં સગર, મઘવાન અને સનત્કુમાર આ બે ચક્રવર્તી ધર્મનાથ અને શાંતિનાથપ્રભુના આંતરે (મધ્યમાં) થયા.

ગાથાર્થ : શાંતિનાથ – કુંથુનાથ અને અરનાથ અરિહંત અને ચક્રવર્તી હતા. અરનાથ અને મલ્લિનાથની વચ્ચે કૌરવ્ય સુભૂમચક્રવર્તી થયો.

ગાથાર્થ : મુનિસુવ્રતસ્વામીના કાળમાં પદ્મનાભ અને નમિનાથના કાળમાં હરિષેણ ચક્રવર્તી થયા. નમિનાથ અને નેમિનાથની વચ્ચે જય નામનો ચક્રવર્તી, નેમિ–પાર્શ્વની વચ્ચે બ્રહ્મદત્ત થયા.

ટીકાર્થ : અહીં સ્પષ્ટતા માટે સર્વજિન–ચક્રવર્તી અને વાસુદેવોમાં જે ચક્રવર્તી કે વાસુદેવ

**चक्रवर्त्ती वा वासुदेवो वा भविष्यति बभूव वा तस्य अनन्तरव्यावर्णितप्रमाणायुःसमन्वितस्य सुखपरिज्ञानार्थमयं प्रतिपादनोपायः–**

**बत्तीसं घरयाइं काऊं तिरियायताहिं रेहाहिं । उड्डाययाहिं काउं पंच घराइं तओ पढमे ॥१॥ पन्नरस जिण निरन्तर सुण्णदुगं ति जिण सुण्णतियगं च । दो जिण सुण्ण जिणिंदो सुण्ण जिणो सुण्ण दोण्णि जिणा ॥२॥ बितियपंतिठवणा–दो चक्कि सुण्ण तेरस पण चक्कि सुण्ण चक्कि दो सुण्णा । चक्कि सुण्ण दु चक्की सुण्णं चक्की दु सुण्णं च ॥३॥ ततियपंतिठवणा–दस सुण्ण पंच केसव पण सुण्णं केसि सुण्ण केसी य । दो सुण्ण केसवोऽवि य सुण्णदुगं केसव ति सुण्णं ॥४॥**

**प्रमाणान्यायूंषि चामीषां प्रतिपादितान्येव । तानि पुनर्यथाक्रमं ऊर्ध्वायतरेखाभिरधोऽधोगृहद्वये स्थापनीयानीति । तत्र इयं स्थापना साम्प्रतं प्रदर्श्यते–**

જે જિનના કાળમાં કે વચ્ચે થશે કે થયા, પૂર્વે વર્ણન કરાયેલ પ્રમાણ – આયુથી યુક્ત તે વાસુદેવ કે ચક્રવર્તીનું સુખેથી પરિજ્ઞાન થાય તે માટેનો ઉપાય બતાવે છે.

**તિર્છી–લાંબી રેખાઓવડે બત્રીસ ઘર કરી, અને ઊર્ધ્વ–લાંબી રેખાઓવડે પાંચ ઘર બનાવી પછી પ્રથમ ઘરમાં (પ્રથમ પંક્તિમાં) ॥૧॥ પંદર જિનેશ્વરો નિરન્તર મૂકવા. (તેના પછી ક્રમશઃ) બે શૂન્ય, ત્રણ જિન, અને ત્રણ શૂન્ય, બે જિન, એક શૂન્ય, એક જિન, એક શૂન્ય, એક જિન, એક શૂન્ય, બે જિન ॥૨॥ બીજી પંક્તિની સ્થાપના – બે ચક્રી, તેર શૂન્ય, પાંચ ચક્રી, એક શૂન્ય, એક ચક્રી, બે શૂન્ય, એક ચક્રી, એક શૂન્ય, બે ચક્રી, એક શૂન્ય, એક ચક્રી, અને બે શૂન્ય ॥૩॥ તૃતીય પંક્તિ સ્થાપના : દશ શૂન્ય, પાંચ વાસુદેવ, પાંચ શૂન્ય, ૧ વાસુદેવ, ૧ શૂન્ય, ૧ વાસુદેવ, બે શૂન્ય, ૧ વાસુદેવ, બે શૂન્ય, વાસુદેવ અને ત્રણ શૂન્ય ॥૪॥**

એઓના પ્રમાણો અને આયુષ્ય પ્રતિપાદન કરી દીધા છે. તે ક્રમશઃ છેલ્લી બે પંક્તિમાં સ્થાપવા. તેની સ્થાપના આ પ્રમાણે જાણવી.

| તીર્થંકર | ચક્રી | વાસુદેવ | શરીરપ્રમાણ | આયુષ્ય |
|---|---|---|---|---|
| ઋષભ | ભરત | ૦ | ૫૦૦ (ધનુષમાં) | ૮૪ લાખ પૂર્વ વર્ષ |
| અજિત | સગર | ૦ | ૪૫૦ | ૭૨ લાખ પૂર્વ વર્ષ |
| સંભવ | ૦ | ૦ | ૪૦૦ | ૬૦ લાખ પૂર્વ વર્ષ |
| અભિનંદન | ૦ | ૦ | ૩૫૦ | ૫૦ લાખ પૂર્વ વર્ષ |
| સુમતિ | ૦ | ૦ | ૩૦૦ | ૪૦ લાખ પૂર્વ વર્ષ |
| પદ્મપ્રભ | ૦ | ૦ | ૨૫૦ | ૩૦ લાખ પૂર્વ વર્ષ |
| સુપાર્શ્વ | ૦ | ૦ | ૨૦૦ | ૨૦ લાખ પૂર્વ વર્ષ |
| ચંદ્રપ્રભ | ૦ | ૦ | ૧૫૦ | ૧૦ લાખ પૂર્વ વર્ષ |
| સુવિધિ | ૦ | ૦ | ૧૦૦ | ૨ લાખ પૂર્વ વર્ષ |
| શીતલ | ૦ | ૦ | ૯૦ | ૧ લાખ પૂર્વ વર્ષ |

**उक्तसम्बन्धगाथात्रयगमनिका–ऋषभे तीर्थकरे भरतश्चक्रवर्त्ती, तथा अजिते तीर्थकरे सगरश्चक्रवर्त्ती भविष्यति एवं तीर्थकरोक्तानुवादः, सर्वत्र भविष्यत्कालानुरूपः क्रियाध्याहारः कार्यः, त्रिकालसूत्रप्रदर्शनार्थो वा भूतेनापि न दुष्यति, तथा चावोचत्-'मघवा सणंकुमारो सणंकुमारं गया कप्पं' इत्यादि । एवं सर्वत्र योज्यमिति । मघवान् सनत्कुमारश्च एतच्चक्रवर्त्तिद्वयं**

| તીર્થંકર | ચક્રી | વાસુદેવ | શરીરપ્રમાણ | આયુષ્ય |
|---|---|---|---|---|
| શ્રેયાંસ | ૦ | ત્રિપૃષ્ઠ | ૮૦(ધ.) | ૮૪ લાખ વર્ષ |
| વાસુપૂજ્ય | ૦ | દ્વિપૃષ્ઠ | ૭૦ | ૭૨ લાખ વર્ષ |
| વિમલ | ૦ | સ્વયંભૂ | ૬૦ | ૬૦ લાખ વર્ષ |
| અનંત | ૦ | પુરુષોત્તમ | ૫૦ | ૩૦ લાખ વર્ષ |
| ધર્મ | ૦ | પુરુષસિંહ | ૪૫ | ૧૦ લાખ વર્ષ |
| ૦ | મઘવાન | ૦ | ૪૨॥ | ૫ લાખ વર્ષ |
| ૦ | સનત્કુમાર | ૦ | ૪૧॥ | ૩ લાખ વર્ષ |
| શાન્તિ | શાન્તિ | ૦ | ૪૦ | ૧ લાખ વર્ષ |
| કુંથુ | કુંથુ | ૦ | ૩૫ | ૯૫૦૦૦ વર્ષ |
| અર | અર | ૦ | ૩૦ | ૮૪૦૦૦ વર્ષ |
| ૦ | ૦ | પુરુષપુંડરીક | ૨૯ | ૬૫૦૦૦ વર્ષ |
| ૦ | સુભૂમ | ૦ | ૨૮ | ૬૦૦૦૦ વર્ષ |
| ૦ | ૦ | દત્ત | ૨૬ | ૫૬૦૦૦ વર્ષ |
| મલ્લિ | ૦ | ૦ | ૨૫ | ૫૫૦૦૦ વર્ષ |
| સુવ્રત | પદ્મ | ૦ | ૨૦ | ૩૦૦૦૦ વર્ષ |
| ૦ | ૦ | નારાયણ | ૧૬ | ૧૨૦૦૦ વર્ષ |
| નમિ | હરિષેણ | ૦ | ૧૫ | ૧૦૦૦૦ વર્ષ |
| ૦ | જય | ૦ | ૧૨ | ૩૦૦૦ વર્ષ |
| નેમિ | ૦ | કૃષ્ણ | ૧૦ | ૧૦૦૦ વર્ષ |
| ૦ | બ્રહ્મદત્ત | ૦ | ૭ | ૭૦૦ વર્ષ |
| પાર્શ્વ | ૦ | ૦ | ૯ હાથ | ૧૦૦ વર્ષ |
| વીર | ૦ | ૦ | ૭ હાથ | ૭૨ વર્ષ |

***ટીકાર્થ :*** ઋષભતીર્થંકરના કાળમાં ભરતચક્રવર્તી થયા. તથા અજિતતીર્થંકરના કાળમાં સગરચક્રવર્તી "થશે" એ પ્રમાણે ભવિષ્યકાળનો પ્રયોગ તીર્થંકરવડે કહેવાયેલા વચનોનો જ અનુવાદ જાણવો. સર્વત્ર ભવિષ્યકાળને અનુરૂપ ક્રિયાપદનો અધ્યાહાર સ્વયં કરવા યોગ્ય છે. (જેમ કે સગરચક્રવર્તી થશે) અથવા ત્રિકાળસૂત્રનું પ્રદર્શન કરવા ભૂતકાળનો પ્રયોગ પણ ખોટો નથી, કારણ કે પૂર્વે આ રીતે ભૂતકાળનો પ્રયોગ થયો છે. જેમ કે "મઘવાન અને સનત્કુમાર સનત્કુમાર કલ્પમાં ગયા" વિગેરે. આ પ્રમાણે સર્વત્ર જોડવું. મઘવાન અને સનત્કુમાર આ બંને

धर्मस्य शान्तेश्च अनयोरन्तरं तस्मिन् जिनान्तरे चक्रवर्त्तिद्वयं भविष्यत्यभवद्वेति गाथार्थः ॥ द्वितीयगाथागमनिका—शान्तिः कुन्थुश्चारः, एते त्रयोऽप्यशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तश्चैव चक्रवर्त्तिनश्च, तथा अरमल्ल्यन्तरे तु भवति सुभूमश्च कौरव्यः, तुशब्दोऽन्तरविशेषणे, नान्तरमात्रे, किन्तु पुरुषपुण्डरीकदत्तवासुदेवद्वयमध्य इति गाथार्थः ॥ तृतीयगाथागमनिका—मुनिसुव्रते तीर्थकरे नमौ च भवतः द्वौ, कौ द्वौ ?, पद्मनाभहरिषेणौ 'नमिनेमिसु जयनामो अरिट्ठपासंतरे बंभो' त्ति नमिश्च नेमी च नमिनेमिनौ, अन्तरग्रहणमभिसंबध्यते, ततश्च नमिनेम्यन्तरे जयनामाऽभवत्, अरिष्टग्रहणाद् अरिष्टनेमिः, पार्श्वेति पार्श्वस्वामी, अनयोरन्तरे ब्रह्मदत्तो भविष्यत्यभवद्वेति गाथार्थः ॥४१६-४१७-४१८॥

इदानीं वासुदेवो यो यत्तीर्थकरकालेऽन्तरे वा खल्वासीत् असौ प्रतिपाद्यते—

पंचऽरहंते वंदंति केसवा पंच आणुपुव्वीए ।
सिज्जंस तिविट्ठाई धम्म पुरिससीहपेरंता ॥४१९॥
अरमल्लिअंतरे दुण्णि केसवा पुरिसपुंडरिअदत्ता ।
मुणिसुव्वयनमिअंतरि नारायण कण्हु नेमिंमि ॥४२०॥

गमनिका—पञ्च अर्हतः वन्दन्ते केशवाः, एतदुक्तं भवति—पञ्च केशवा अर्हतो वन्दन्ते,

---

ચક્રવર્તીઓ ધર્મનાથ અને શાંતિનાથ પ્રભુના આંતરામાં થશે અથવા થયા. ॥૪૧૬॥ બીજી ગાથાની વ્યાખ્યા—શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ આ ત્રણે અરિહંતો અને ચક્રવર્તી થયા. તેમાં અષ્ટમહાપ્રાતિહાર્યાદિરૂપ પૂજાને જે યોગ્ય હોય તે અરિહંત કહેવાય. તથા અર–મલ્લિનાથની વચ્ચે સુભૂમ ચક્રવર્તી થયો. તેમાં અહીં મૂળગાથામાં 'તુ' શબ્દથી એટલું જાણવું કે માત્ર તીર્થંકરોના આંતરામાં જ થયો એમ નહીં, પરંતુ પુરુષપુંડરિક અને દત્તવાસુદેવની વચ્ચે સુભૂમ થયો. (અર્થાત્ અરનાથતીર્થંકર પછી પુરુષપુંડરિક વાસુદેવ, પછી સુભૂમચક્રી, પછી દત્તવાસુદેવ, પછી મલ્લિનાથભગવાન થયા.) ॥૪૧૭॥ ત્રીજી ગાથાની વ્યાખ્યા—મુનિસુવ્રત અને નમિનાથની વચ્ચે બે જણા થયા. કોણ બે જણા ? તે કહે છે - પદ્મનાભ અને હરિષેણ થયા. નમિ-નેમિની વચ્ચે જયનામનો ચક્રવર્તી થયો. મૂળમાં રહેલ અરિષ્ટશબ્દથી અરિષ્ટનેમિ અને પાર્શ્વશબ્દથી પાર્શ્વસ્વામી સમજવા. તેમનાં આંતરે બ્રહ્મદત્તચક્રવર્તી થશે અથવા થયો. ॥૪૧૮॥

**અવતરણિકા :** હવે જે વાસુદેવ જે તીર્થંકરના કાળમાં કે વચ્ચે થયા તે કહેવાય છે ⇨

**ગાથાર્થ : ત્રિપૃષ્ઠથી લઈ પુરુષસિંહ સુધીના પાંચ વાસુદેવો શ્રેયાંસનાથથી લઈ ધર્મનાથ સુધીના અરિહંતોને ક્રમશઃ વંદન કરે છે.**

**ગાથાર્થ : અરનાથ અને મલ્લિનાથ વચ્ચે પુરુષપુંડરીક અને દત્ત નામના બે વાસુદેવ થયા. મુનિ-સુવ્રતસ્વામી અને નમિનાથના આંતરે નારાયણ થયા. તથા નેમિનાથની હાજરીમાં કૃષ્ણવાસુદેવ થયા.**

**ટીકાર્થ :** પાંચ વાસુદેવો અરિહંતોને વંદન કરે છે. અહીં 'વંદન કરે છે' એવું જે કહ્યું તે

इत्येतेषां सम्यक्त्वख्यापनार्थमिति । कियन्तोऽर्हन्तः ? किमेकः द्वौ त्रयो वा ?, नेत्याह–'पंच' पञ्चेति पञ्चैव, किं यथाकथञ्चित् ? नेत्याह–'आनुपूर्व्या' परिपाट्या 'सिज्जंस तिविट्ठाई धम्म पुरिससीहपेरंता' श्रेयांसादीन् त्रिपृष्ठादयः धर्मपर्यन्तान् पुरुषसिंहपर्यन्ता इति, बन्दन्त इति शास्त्रकारवचनत्वात् वर्त्तमाननिर्देशः, पाठान्तरं वा 'पंचऽरिहंते वंदिसु केसवा' इत्यादि गाथार्थः ॥ द्वितीयगाथागमनिका–अरश्च मल्लिश्च अरमल्ली तयोरन्तरम्-अपान्तरालं तस्मिन्, द्वौ केशवौ भविष्यतः, कौ द्वौ इत्याह–पुरुषपुण्डरीकदत्तौ 'मुणिसुव्वयणमिअंतरे णारायणो' त्ति मुनिसुव्रतश्च नमिश्च मुनिसुव्रतनमी तयोरन्तरं मुनिसुव्रतनम्यन्तरं तस्मिन् नारायणो नाम वासुदेवो भविष्यति अभवद्वा । तथा 'कण्हो★ य नेमिंमि'त्ति कृष्णाभिधानश्चरमो वासुदेवो नेमितीर्थकरे भविष्यति बभूव वेति गाथार्थः ॥४१९-४२०॥

एवं तावत् चक्रवर्त्तिनो वासुदेवाश्च यो यज्जिनकाले अन्तरे वा स उक्तः, साम्प्रतं चक्रवर्त्तिवासुदेवान्तराणि प्रतिपादयन्नाह–

**चक्किदुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की ।**
**केसव चक्की केसव दु चक्की केसी अ चक्की अ ॥४२१॥**

गमनिका–प्रथममुक्तलक्षणकाले चक्रवर्त्तिद्वयं भविष्यति अभवद्वा, ततस्त्रिपृष्ठादिहरिपञ्चकं, पुनः पञ्चकं मघवादीनां चक्रवर्त्तिनां, पुनः पुरुषपुण्डरीकः केशवः, ततः सुभूमाभिधानश्चक्रवर्ती,

"વાસુદેવોને સમ્યક્ત્વ હતું" એવું જણાવવા માટે કહ્યું છે. કેટલા અરિહંતોને ? શું એક – બે કે ત્રણ ? ના, એક–બે–ત્રણ નહિ, પણ પાંચ અરિહંતોને જ વંદન કરે છે. શું ગમે તેમ વંદન કરે છે ? ના, ક્રમશઃ વંદન કરે છે. ત્રિપૃષ્ઠથી લઈ પુરુષસિંહ સુધીના વાસુદેવો શ્રેયાંસનાથથી લઈ ધર્મનાથ સુધીના અરિહંતોને ક્રમશઃ વંદન કરે છે (ભાવાર્થ – શ્રેયાંસનાથની હાજરીમાં ત્રિપૃષ્ઠવાસુદેવ થયા. વાસુપૂજ્યની હાજરીમાં દ્વિપૃષ્ઠવાસુદેવ થયા. એમ સર્વમાં જાણવું.) અહીં "वन्दन्ते" એ પ્રમાણે વર્તમાનપ્રયોગ શાસ્ત્રકારનું વચન હોવાથી થયો છે. અથવા પાઠાન્તર જાણવો "पंचऽरिहंते वंदिसु केसवा". દ્વિતીય ટીકાર્થ ગાથાર્થ મુજબ જાણવો. ॥૪૧૯–૪૨૦॥

અવતરણિકા : આ પ્રમાણે ચક્રવર્તીઓ અને વાસુદેવો જે જિનકાળમાં કે આંતરામાં થયા તે કહેવાયા. હવે ચક્રવર્તી અને વાસુદેવોના આંતરા કહેવાય છે ⇨

ગાથાર્થ : **પ્રથમ બે ચક્રી થયા, પછી પાંચ વાસુદેવો, પછી પાંચ ચક્રવર્તીઓ, પછી એક વાસુદેવ, પછી ચક્રી, પછી ૧ વાસુદેવ, પછી ૧ ચક્રી, પછી ૧ વાસુદેવ, પછી બે ચક્રીઓ, પછી એક વાસુદેવ, અને ત્યાર પછી એક ચક્રવર્તી થયો.**

ટીકાર્થ : પ્રથમ કહેવાયેલા સ્વરૂપવાળા કાળમાં બે ચક્રવર્તી થશે અથવા થયા. ત્યાર પછી ત્રિપૃષ્ઠ વગેરે પાંચ વાસુદેવો થયા. ફરી મઘવાદિ પાંચ ચક્રવર્તીઓ થયા. પછી પુરુષપુંડરીક વાસુદેવ, પછી હરિષેણ અને જય નામે બે ચક્રવર્તીઓ થયા. પછી કૃષ્ણનામે વાસુદેવ થયા.

★ कण्हु ( इति स्यात् ).

पुनर्दत्ताभिधानः केशवः, पुनः पद्मनामा चक्रवर्त्त्येव, पुनर्नारायणाभिधानः केशवः, पुनः हरिषेणजयनामानौ द्वौ चक्रवर्त्तिनौ, पुनः कृष्णनामा केशवः, पुनर्ब्रह्मदत्ताभिधानश्चक्रवर्तीति, क्रियायोगः सर्वत्र प्रथमपदवद् द्रष्टव्य इति गाथार्थः ॥४२१॥

उक्तमानुषङ्गिकं, प्रकृतं प्रस्तुमः-तत्र यदुक्तम् 'तित्थगरो को इहं भरहे !' त्ति तद्व्याचिख्यासयाऽऽह-मूलभाष्यकारः—

अह भणइ नरवरिंदो ताय ! इमीसित्तिआइ परिसाए ।
अण्णोऽवि कोऽवि होही भरहे वासंमि तित्थयरो ? ॥४४॥ ( मू० भा० )

गमनिका—अत्रान्तरे अथ भणति नरवरेन्द्रः—तात ! अस्या एतावत्याः परिषदः अन्योऽपि कश्चिद् भविष्यति तीर्थकरोऽस्मिन् भारते वर्षे ?, भावार्थस्तु सुगम एवेति गाथार्थः ॥

तत्थ मरीईनामा आइपरिव्वायगो उसभनत्ता ।
सज्झायझाणजुत्तो एगंते झायइ महप्पा ॥४२२॥

गमनिका—'तत्र' भगवतः प्रत्यासन्ने भूभागे मरीचिनामा आदौ परिव्राजक आदिपरिव्राजकः प्रवर्त्तकत्वात्, ऋषभनप्ता-पौत्रक इत्यर्थः । स्वाध्याय एव ध्यानं स्वाध्यायध्यानं तेन युक्तः, एकान्ते ध्यायति महात्मेति गाथार्थः ॥४२२॥

तं दाएइ जिणिंदो एव नरिंदेण पुच्छिओ संतो ।
धम्मवरचक्कवट्टी अपच्छिमो वीरनामुत्ति ॥४२३॥

गमनिका—भरतपृष्टो भगवान् 'तं' मरीचिं दर्शयति जिनेन्द्रः, एवं नरेन्द्रेण पृष्टः सन्

---

પછી બ્રહ્મદત્તનામના ચક્રવર્તી થયા. અહીં સર્વત્ર ક્રિયાયોગ (થશે અથવા થયા) પ્રથમપદની જેમ જાણી લેવો. ॥૪૨૧॥

**અવતરણિકા :** આનુષંગિક કહ્યું. હવે પ્રસ્તુત વાત વિચારીએ. તેમાં પૂર્વે કહ્યું હતું, "આ ભરતમાં કોણ તીર્થંકર થશે ?" આ વાતને કહેવાની ઇચ્છાથી ભાષ્યકાર કહી રહ્યા છે ⇨

**ગાથાર્થ : અહીં આ બાજુ ચક્રવર્તી પૂછે છે "હે પ્રભુ ! આ પર્ષદામાંથી બીજો કોઈ જીવ આ ભરતમાં તીર્થંકર થશે ?"**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે.॥૪૪॥

**ગાથાર્થ : ત્યાં પ્રથમ પરિવ્રાજક, ઋષભના પૌત્ર, મરીચિ નામના મહાત્મા, સ્વાધ્યાયરૂપ ધ્યાનમાં ઉપયુક્ત એકાન્તમાં ધ્યાન ધરતા હોય છે.**

**ટીકાર્થ :** મરીચિ પરિવ્રાજકધર્મનો પ્રવર્તક હોવાથી પ્રથમપરિવ્રાજક કહેવાયો. શેષ ટીકાર્થ ગાથાર્થ મુજબ જાણવો. ॥૪૨૨॥

**ગાથાર્થ : ભરતરાજાવડે પૂછાયેલા ભગવાન, તે મરીચિને દેખાડે છે (અર્થાત્ મરીચિ તરફ ઈશારો કરતા કહે છે કે) – "આ ધર્મવરચક્રવર્તી છેલ્લા વીરનામે તીર્થંકર થશે."**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૪૨૩॥

धर्मवरचक्रवर्ती अपश्चिमो वीरनामा भविष्यति इति गाथार्थः ॥४२३॥

आइगरु दसाराणं तिविट्ठू नामेण पोअणाहिवई ।
पिअमित्तचक्कवट्टी मूआइ विदेहवासंमि ॥४२४॥

गमनिका—आदिकरो दशाराणां त्रिपृष्ठनामा पोतना नाम नगरी तस्या अधिपतिः भविष्यतीति क्रिया । तथा प्रियमित्रनामा चक्रवर्त्ती मूकायां नगर्यां 'विदेहवासंमि'त्ति महाविदेहे भविष्यतीति गाथार्थः ॥४२४॥

तं वयणं सोऊणं राया अंचियतणूरुहसरीरो ।
अभिवंदिऊण पिअरं मरीइमभिवंदओ जाइ ॥४२५॥

गमनिका—'तद्वचनं' तीर्थकरवदनविनिर्गतं श्रुत्वा राजा अञ्चितानि तनूरुहाणि—रोमाणि शरीरे यस्य स तथाविधः अभिवन्द्य 'पितरं' तीर्थकरं मरीचिं अभिवन्दिष्यत इत्यभिवन्दको याति । पाठान्तरं वा 'मरीइमभिवंदिउं जाइत्ति' मरीचिं याति किमर्थम् ?—अभिवन्दितुं—अभिवन्दनायेत्यर्थः, यातीति वर्त्तमानकालनिर्देशः त्रिकालगोचरसूत्रप्रदर्शनार्थ इति गाथार्थः ॥४२५॥

सो विणएण उवगओ काऊण पयाहिणं च तिक्खुत्तो ।
वंदइ अभित्थुणंतो इमाहि महुराहि वग्गूहिं ॥४२६॥

गमनिका—'सः' भरतः विनयेन—करणभूतेन मरीचिसकाशमुपागतः★ सन् कृत्वा प्रदक्षिणं

---

ગાથાર્થ : વાસુદેવોમાં પ્રથમ ત્રિપૃષ્ઠ નામે પોતનાનગરીનો અધિપતિ થશે. તથા મહાવિદેહમાં મૂકાનગરીમાં પ્રિયમિત્ર નામે પ્રથમચક્રવર્તી થશે.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૪૨૪॥

ગાથાર્થ : તે વચનોને સાંભળી રોમાંચિત શરીરવાળો રાજા પિતાને વાંદી મરીચિને અભિવંદન કરવા જાય છે.

ટીકાર્થ : તીર્થંકરના મુખમાંથી નીકળેલા તે વચનોને સાંભળી રોમાંચિત શરીરવાળો તે રાજા તીર્થંકર એવા પિતાને વાંદી મરીચિને અભિવંદન કરવા જાય છે. અહીં અભિવંદક એટલે જે વંદન કરશે તે અર્થાત્ ભવિષ્યમાં વંદન કરનાર વ્યક્તિ અભિવંદક કહેવાય. અહીં ભરત મરીચિને જઈ વંદન કરવાના હતો તેથી અભિવંદક કહેવાય અથવા પાઠાન્તર જાણવો. "मरीइमभिवंदिउं जाइत्ति" અર્થાત્ મરીચિને વંદન કરવા જાય છે. અહીં વર્તમાનકાળનો નિર્દેશ (याति) સૂત્ર ત્રિકાળવિષયક છે, તે જણાવવા માટે છે. ॥૪૨૫॥

ગાથાર્થ : વિનયપૂર્વક મરીચિ પાસે પહોંચેલો તે ભરત ત્રણવાર પ્રદક્ષિણા આપીને (આગળ કહેવાતા) મધુર વચનોવડે સ્તવના કરતા વાંદે છે.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૪૨૬॥

---

★ ०मुपगतः

च 'तिक्खुत्तो'त्ति त्रिकृत्वः तिस्रो वारा इत्यर्थः, वन्दते अभिष्टुवन् एताभिः 'मधुराभिः' वल्गुभिः वाग्भिरिति गाथार्थः ॥४२६॥

**लाहा हु ते सुलद्धा जंसि तुमं धम्मचक्कवट्टीणं ।**
**होहिसि दसचउदसमो अपच्छिमो वीरनामुत्ति ॥४२७॥**

गमनिका–'लाभाः' अभ्युदयप्राप्तिविशेषाः, हुकारो निपातः, स चैवकारार्थः, तस्य च व्यवहितः संबन्धः, 'ते' तव सुलब्धा एव, यस्मात् त्वं धर्मचक्रवर्त्तिनां भविष्यसि 'दशचतुर्दशमः' चतुर्विंशतितम इत्यर्थः, अपश्चिमो वीरनामेति गाथार्थः ॥४२७॥

तथा–

आइगरू० (४२४) पूर्ववत् ज्ञेया ।

एकान्तसम्यग्दर्शनानुरञ्जितहृदयो भावितीर्थकरभक्त्या च तमभिवन्दनायोद्यतो भरत एवाह–

**णावि अ पारिव्वज्जं वंदामि अहं इमं व ते जम्मं ।**
**जं होहिसि तित्थयरो अपच्छिमो तेण वंदामि ॥४२८॥**

गमनिका–नापि च परिव्राजामिदं पारिव्राजं वन्दामि अहं इदं च ते जन्म, किन्तु यद्भविष्यसि तीर्थकरः अपश्चिमः तेन वन्दे इति गाथार्थः ॥४२८॥ तथा–

---

**ગાથાર્થ : તમને લાભો સારી રીતે પ્રાપ્ત થયા છે, કારણ કે તમે તીર્થંકરોમાં ચોવીશમા વીરનામે તીર્થંકર થશો.**

**ટીકાર્થ :** વિશેષ પ્રકારના અભ્યુદયની પ્રાપ્તિરૂપ લાભો તમને સુપ્રાપ્ત જ છે, કારણ કે તમે ધર્મચક્રવર્તીઓમાં છેલ્લા વીરનામે ચોવીશમા તીર્થંકર થશો. મૂળગાથામાં "लाहा हु" માં હુકારનો 'જ' કાર અર્થ જાણવો અને તેનો વ્યવહિત=જુદા સ્થાને સંબંધ કરવો. તે આ પ્રમાણે – 'लाहा हु' અહીં 'हु' શબ્દ 'लाहा' શબ્દ પછી હોવા છતાં તેને 'सुलद्धा' શબ્દ પછી જોડવો અને 'સુપ્રાપ્ત જ છે' એ પ્રમાણે અર્થ જાણવો જે ઉપર કરેલો છે. ॥૪૨૭॥

**અવતરણિકા :** તથા (અન્ય કયા વચનો ભરત મરીચિને કહે છે ? તે જણાવે છે ⇨)

આ સ્થાને आइगरु दसाराणं.... ગાથા ૪૨૪ જાણવી અને અર્થ પૂર્વની જેમ કરવો.

**અવતરણિકા :** એકાન્તે સમ્યગ્દર્શનથી રંગાયેલા હૃદયવાળો, અને ભાવિમાં થનારા તીર્થંકર પ્રત્યેના ભક્તિ–બહુમાનથી મરીચિને વંદન કરવા ઉદ્યત એવો ભરત જ આગળ કહે છે ⇨

**ગાથાર્થ : હું આ પારિવ્રજ્ય વેષને કે તમારા આ જન્મને વંદન કરતો નથી, પરંતુ તમે ભવિષ્યમાં તીર્થંકર થવાના છો તેથી વંદન કરું છું.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે, માત્ર – પરિવ્રાજકોનું આ (વેષ) તે પારિવ્રાજ – એ પ્રમાણે સમાસ જાણવો. ॥૪૨૮॥

एवण्हं थोऊणं काऊण पयाहिणं च तिक्खुत्तो ।

आपुच्छिऊण पिअरं विणीअणगरिं अह पविट्ठो ॥४२९॥

गमनिका—एवं स्तुत्वा 'ण्हमि'ति निपातः पूरणार्थो वर्त्तते, कृत्वा प्रदक्षिणां च त्रिकृत्वः आपृच्छ्य 'पितरं' ऋषभदेवं 'विनीतनगरीं' अयोध्यां 'अथ' अनन्तरं प्रविष्टो भरत इति गाथार्थः ॥४२९॥

अत्रान्तरे—

तव्वयणं सोऊणं तिवइं आप्फोडिऊण तिक्खुत्तो ।

अब्भहिअजायहरिसो तत्थ मरीई इमं भणइ ॥४३०॥

गमनिका—तस्य—भरतस्य वचनं तद्वचनं श्रुत्वा तत्र मरीचिः इदं भणतीति योगः, कथमित्यत आह—त्रिपदीं दत्त्वा, रङ्गमध्यगतमल्लवत्, तथा आस्फोट्य त्रिकृत्वः-तिस्रो वारा इत्यर्थः, किंविशिष्टः सन् इत्यत आह—अभ्यधिको जातो हर्षो यस्येति समासः, तत्र स्थाने मरीचिः 'इदं' वक्ष्यमाणलक्षणं भणति, वर्त्तमाननिर्देशप्रयोजनं प्राग्वदिति गाथार्थः ॥४३०॥

जइ वासुदेवु पढमो मूआइ विदेहि चक्कवट्टित्तं ।

चरमो तित्थयराणं होउ अलं इत्तिअं मज्झ ॥४३१॥

गमनिका—यदि वासुदेवः प्रथमोऽहं मूकायां विदेहे चक्रवर्त्तित्वं प्राप्स्यामि, तथा 'चरमः' पश्चिमः तीर्थकराणां भविष्यामि, एवं तर्हि भवतु एतावन्मम, एतावतैव कृतार्थ इत्यर्थः, 'अलं'

---

ગાથાર્થ : આ પ્રમાણે સ્તવના કરીને અને ત્રણવાર પ્રદક્ષિણા આપી પિતા ઋષભદેવને પૃચ્છા કરી પછી ભરત વિનીતાનગરીમાં પ્રવેશ્યો.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. માત્ર "ण्हं" શબ્દનો નિપાત પૂરણ માટે છે અર્થાત્ છંદમાં ખૂટતા શબ્દોનું પૂરણ કરે છે. ॥૪૨૯॥ (આ રીતે પોતાની સ્તવના સાંભળી મરીચિ શું વિચારે છે ? તે કહે છે ⇨)

ગાથાર્થ : તેના વચન સાંભળીને ત્રિપદીને આપી, ત્રણ વાર ભૂમિ ઉપર આસ્ફોટન કરી અત્યંત હર્ષને પામેલો મરીચિ ત્યાં આ (પ્રમાણે) બોલે છે.

ટીકાર્થ : ભરતના વચનોને સાંભળી મરીચિ આ પ્રમાણે બોલે છે એમ અન્વય જાણવો. કેવી રીતે બોલે છે ? તે કહે છે – રણાંગણમાં રહેલ મલ્લની જેમ ત્રિપદીને આપીને, (અર્થાત્ ત્રણ ડગલા ચાલીને ?) ત્રણ વાર ભૂમિ ઉપર પગને પછાડી, અત્યંત હર્ષ પામેલો મરીચિ તે સ્થાને આગળ કહેવાતા વચનોને બોલે છે ॥૪૩૦॥

ગાથાર્થ : જો હું પ્રથમ વાસુદેવ થઈશ, વિદેહમાં મૂકાનગરીમાં ચક્રવર્તીપણું પામીશ તથા તીર્થંકરોમાં છેલ્લો તીર્થંકર બનીશ, તો મારે આટલાથી પર્યાપ્ત થાઓ.

ટીકાર્થ : જો હું પ્રથમવાસુદેવ અને મહાવિદેહમાં મૂકાનગરીમાં ચક્રવર્તીપણું પામીશ તથા તીર્થંકરોમાં છેલ્લો તીર્થંકર થઈશ તો આટલાથી જ મને પર્યાપ્ત થાઓ. વધુ મારે જોઈતું નથી.

पर्याप्तं अन्येनेति । पाठान्तरं वा 'अहो मए एत्तिअं लद्धं'ति गाथार्थः ॥४३१॥

**अहयं च दसाराणं पिआ य मे चक्कवट्टिवंसस्स ।**
**अज्जो तित्थयराणं, अहो कुलं उत्तमं मज्झ★ ॥४३२॥**

गमनिका–अहमेव, चशब्दस्यैवकारार्थत्वात्, किम् ?, दशाराणां प्रथमो भविष्यामीति वाक्यशेषः, पिता च 'मे' मम चक्रवर्तिवंशस्य प्रथम इति क्रियाऽध्याहारः । तथा 'आर्यकः' पितामहः स तीर्थकराणां प्रथमः, यत एवं अतः 'अहो' विस्मये कुलमुत्तमं ममेति गाथार्थः ॥४३२॥

पृच्छाद्वारं गतम्, इदानीं निर्वाणद्वारावयवार्थाभिधित्सयाऽऽह–

**अह भगवं भवमहणो पुव्वाणमणूणगं सयसहस्सं ।**
**अणुपुव्वि विहरिऊणं पत्तो अट्ठावयं सेलं ॥४३३॥**

गमनिका–अथ भगवान् भवमथनः पूर्वाणामन्यूनं शतसहस्रं आनुपूर्व्या विहृत्य प्राप्तोऽष्टापदं शैलं, भावार्थः सुगम एवेति गाथार्थः ॥४३३॥

**अट्ठावयंमि सेले चउदसभत्तेण सो महरिसीणं ।**
**दसहि सहस्सेहि समं निव्वाणमणुत्तरं पत्तो ॥४३४॥**

गमनिका–अष्टापदे शैले चतुर्दशभक्तेन स महर्षीणां दशभिः सहस्रैः समं निर्वाणमनुत्तरं प्राप्तः । अस्या अपि भावार्थः सुगम एव, नवरं चतुर्दशभक्तं-षड्रात्रोपवासः । भगवन्तं

---

અથવા પાઠાન્તર જાણવો – "अहो मए एत्तिअं लद्धं" અર્થાત્ અહો ! મારાવડે આટલું બધું પ્રાપ્ત કરાયું. ॥૪૩૧॥

**ગાથાર્થ : હું વાસુદેવોમાં (પ્રથમ થઈશ) અને મારા પિતા ચક્રવર્તીવંશમાં (પ્રથમ છે.) મારા પિતામહ તીર્થંકરોમાં (પ્રથમ છે.) અહો ! મારું કુલ ઉત્તમ છે.**

**ટીકાર્થ :** મૂળગાથામાં 'अहयं च' આ શબ્દમાં જે 'च' શબ્દ છે તેનો 'જ' કાર અર્થ હોવાથી 'હું જ' એ પ્રમાણે અર્થ કરવો. હું જ વાસુદેવોમાં પ્રથમ થઈશ અને મારા પિતા ચક્રવર્તીવંશમાં પ્રથમ થશે. મારા પિતામહ=દાદા તીર્થંકરોમાં પ્રથમ છે. તેથી અહો ! મારું કુલ ઉત્તમ છે. ॥૪૩૨॥

**અવતરણિકા :** (ગા. ૩૬૬માં આપેલ) પૃચ્છાદ્વાર પૂર્ણ થયું. હવે નિર્વાણદ્વાર કહે છે ➪

**ગાથાર્થ : ત્યાર પછી સંસારનો નાશ કરનારા ભગવાન પૂરા એકલાખપૂર્વ સુધી ક્રમશઃ વિહાર કરીને અષ્ટાપદપર્વત ઉપર આવ્યા.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ સુગમ જ છે. ॥૪૩૩॥

**ગાથાર્થ : અષ્ટાપદપર્વત ઉપર પ્રભુ છ ઉપવાસના તપવડે દસહજાર સાધુઓ સાથે અનુત્તર નિર્વાણને પામ્યા.**

**ટીકાર્થ :** સુગમ જ છે. પરંતુ ચતુર્દશભક્ત = છ અહોરાત્રના ઉપવાસ. અષ્ટાપદપર્વત

---

★ जारिसयेत्यत आरभ्य अन्तरा विहायैकादश सर्वा अपि भाष्यगाथा इति कस्यचिदभिप्रायः.

चाष्टापदप्राप्तं अपवर्गजिगमिषुं श्रुत्वा भरतो दुःखसंतप्तमानसः पद्भ्यामेव अष्टापदं ययौ, देवा अपि भगवन्तं मोक्षजिगमिषुं ज्ञात्वा अष्टापदं शैलं दिव्यविमानारूढाः खलु आगतवन्तः, उक्तं च 'भगवति मोक्षगमनायोद्यते—जाव य देवावासो जाव य अट्ठावओ नगवरिंदो । देवेहि य देवीहि य अविरहियं संचरंतेहिं ॥१॥'' तत्र भगवान् त्रिदशनरेन्द्रैः स्तूयमानो मोक्षं गत इति गाथार्थः ॥४३४॥

साम्प्रतं निर्वाणगमनविधिप्रतिपादनाय एनां द्वारगाथामाह—

**निव्वाणं १ चिइगागिई जिणस्स इक्खाग सेसयाणं च २ ।**
**सकहा ३ थूभ जिणहरे ४ जायग ५ तेणाहिअग्गित्ति ६ ॥४३५॥**

व्याख्या—'निर्वाणमिति' भगवान् दशसहस्रपरिवारो निर्वाणं प्राप्तः, अत्रान्तरे च देवाः सर्व एवाष्टापदमागताः । 'चितिकाकृतिरिति' ते तिस्रः चिता वृत्तत्र्यस्रचतुरस्राकृतीः कृतवन्तः इति, एकां पूर्वेण अपरां दक्षिणेन तृतीयामपरेणेति, तत्र पूर्वा तीर्थकृतः दक्षिणा इक्ष्वाकूणां अपरा शेषाणामिति, ततः अग्निकुमाराः वदनैः खलु अग्निं प्रक्षिप्तवन्तः, तत एव निबन्धनाल्लोके 'अग्निमुखा वै देवाः' इति प्रसिद्धं, वायुकुमारास्तु वातं मुक्तवन्त इति, मांसशोणिते च ध्यामिते सति मेघकुमाराः सुरभिणा क्षीरोदजलेन निर्वापितवन्तः । 'सकथेति' सकथा—हनुमोच्यते, तत्र दक्षिणां हनुमां भगवतः संबन्धिनीं शक्रो जग्राह वामामीशानः आधस्त्यदक्षिणां पुनश्चमरः

---

ઉપર રહેલા પ્રભુ મોક્ષમાં જવાની ઇચ્છાવાળા છે એવું સાંભળીને દુઃખથી સંતપ્તમનવાળો ભરત પગે ચાલીને અષ્ટાપદપર્વત ઉપર આવ્યો. દેવો પણ પ્રભુને મોક્ષમાં જવાની ઇચ્છાવાળા જાણીને દિવ્યવિમાનમાં બેસીને અષ્ટાપદપર્વત ઉપર આવ્યા. કહ્યું છે કે "પ્રભુની મોક્ષમાં જવાની તૈયારી થતાં દેવના આવાસસ્થાનેથી અષ્ટાપદપર્વત વચ્ચેનો માર્ગ સતત આવતા—જતા દેવ—દેવીઓવડે ભરાયો." ત્યાં દેવેન્દ્રો—નરેન્દ્રોવડે સ્તવના કરાતા ભગવાન મોક્ષ પામ્યા. ॥૪૩૪॥

**અવતરણિકા :** હવે નિર્વાણગમનની વિધિનું પ્રતિપાદન કરવા આ દ્વારગાથાને કહે છે ➪

**ગાથાર્થ : નિર્વાણ—તીર્થંકરની, ઇક્ષ્વાકુવંશના સાધુઓની અને શેષ સાધુઓની ચિતાઓની આકૃતિ—સકથા—સ્તૂપ—જિનગૃહ—યાચકો—તેથી (શ્રાવકો) આહિતાગ્નિ (તરીકે પ્રસિદ્ધ થયા.)**

**ટીકાર્થ :** '<u>નિર્વાણ</u>' – પ્રભુ દસહજાર સાધુઓ સાથે નિર્વાણ પામ્યા. અને સર્વદેવો અષ્ટાપદપર્વત ઉપર આવ્યા. '<u>ચિતાકૃતિ</u>' – તે દેવોએ ગોળ, ત્રિકોણ અને ચોરસના આકારવાળી ત્રણ ચિતાઓ તૈયાર કરી. તેમાં તીર્થંકર માટે પૂર્વદિશામાં ગોળ, ઇક્ષ્વાકુવંશના સાધુઓ માટે દક્ષિણદિશામાં ત્રિકોણ તથા શેષ સાધુઓ માટે પશ્ચિમદિશામાં ચોરસ ચિતાઓ તૈયાર કરી. ત્યાર પછી અગ્નિકુમારદેવોએ મુખદ્વારા ચિતાઓમાં અગ્નિ નાંખ્યો. તે કારણથી જ લોકમાં "દેવો અગ્નિરૂપી મુખવાળા હોય છે" એવું પ્રસિદ્ધ થયું.

વાયુકુમારદેવોએ પવન છોડ્યો. (જેથી અગ્નિ ભડભડ બળવા લાગ્યો.) માંસ—રુધિર બળી ગયા પછી મેઘકુમાર દેવોએ ક્ષીરોદધિસમુદ્રના સુગંધી પાણીથી ચિતાઓ ઓલવી દીધી. '<u>સકથા</u>' એટલે દાઢાઓ. તેમાં ભગવાનની ઉપરની જમણીબાજુની દાઢાઓ શક્રે ગ્રહણ કરી. ડાબીબાજુની

आधस्त्योत्तरां तु बलिः, अवशेषास्तु त्रिदशाः शेषाङ्गानि गृहीतवन्तः, नरेश्वरादयस्तु भस्म गृहीतवन्तः, शेषलोकास्तु तद्भस्मना पुण्ड्रकाणि चक्रुः, तत एव च प्रसिद्धिमुपागतानि ।

'स्तूपा जिनगृहं चेति' भरतो भगवन्तमुद्दिश्य वर्धकीरत्नेन योजनायामं त्रिगव्यूतोच्छ्रितं सिंहनिषद्यायतनं कारितवान्, निजवर्णप्रमाणयुक्ताः चतुर्विंशतिं जीवाभिगमोक्तपरिवारयुक्ताः तीर्थकरप्रतिमाः तथा भ्रातृशतप्रतिमा आत्मप्रतिमां च स्तूपशतं च, मा कश्चिद् आक्रमणं करिष्यतीति, तत्रैकं भगवतः शेषान् एकोनशतस्य भ्रातृणामिति, तथा लोहमयान् यन्त्रपुरुषान् तद्द्वारपालांश्चकार, दण्डरत्नेन अष्टापदं च सर्वतश्छिन्नवान्, योजने योजने अष्टौ पदानि च कृतवान्, सगरसुतैस्तु स्ववंशानुरागाद्यथा परिखां कृत्वा गङ्गाऽवतारिता तथा ग्रन्थान्तरतो विज्ञेयमिति । 'याचकास्तेनाहिताग्नयः' इत्यस्य व्याख्या-देवैर्भगवत्सकथादौ गृहीते सति श्रावका देवान् अतिशयभक्त्या याचितवन्तः, देवा अपि तेषां प्रचुरत्वात् महता यत्नेन याचनाभिद्रुता आहुः—अहो याचका अहो याचका इति, तत एव हि याचका रूढाः, ततोऽग्निं गृहीत्वा स्वगृहेषु स्थापितवन्तः,

---

ઈશાનેન્દ્રએ ગ્રહણ કરી. નીચેની જમણીબાજુની ચમરેન્દ્રે અને નીચેની ડાબીબાજુની બલીન્દ્રે ગ્રહણ કરી. શેષ દેવોએ શેષ–અંગો (શેષ અસ્થિ) ગ્રહણ કર્યા. રાજા વગેરેઓએ ભસ્મ ગ્રહણ કરી. શેષલોકોએ તે ભસ્મથી કપાળે તિલકો કર્યા. ત્યારથી તિલકો પ્રસિદ્ધિને પામ્યા.

<u>'સ્તૂપ અને જિનગૃહ'</u> – ભરતે ભગવાનને ઉદ્દેશી વર્ધકીરત્નવડે એકયોજન લાંબુ, ત્રણ ગાઉ ઊંચું સિંહનિષદ્યાનામનું દેરાસર તૈયાર કરાવ્યું. તથા પોત–પોતાના વર્ણ અને પ્રમાણથી યુક્ત, જીવાભિગમમાં કહેલા પરિવાર સહિત ચોવીશ તીર્થંકરોની પ્રતિમા, એકસો ભાઈઓની પ્રતિમા, પોતાની પ્રતિમા (જો કે એકસો ભાઇઓની પ્રતિમામાં પોતાની પ્રતિમા આવી જ ગઇ છે છતાં પૂર્વે પહેલા ભાગમાં ગા.૩૬માં જેમ કાળની વૃદ્ધિ થતાં દ્રવ્યાદિ ચારેની વૃદ્ધિ થાય છે અમે સામાન્યથી કહ્યું તે જ રીતે અહીં પણ સામાન્યથી આ કથન જાણવું.) અને એકસો સ્તૂપ તૈયાર કરાવ્યા કે જેથી કોઈ તેના ઉપર ચાલે નહિ. (અર્થાત્ તેમના નિર્વાણસ્થાન પર કોઈ ચાલે નહિ તે માટે તે જગ્યાએ સ્તૂપ બનાવ્યા.)

જે એકસો સ્તૂપ તૈયાર કરાવ્યા, તેમાં એક પ્રભુની અને ૯૯ પોતાના ભાઈઓની પ્રતિમાઓ હતી. ત્યાં દ્વારપાલ તરીકે લોખંડના યંત્રમય પુરુષો બનાવ્યા. દંડરત્નવડે ચારેબાજુથી અષ્ટાપદપર્વતને છેદ્યો. અને એક–એક યોજને એકૈક પગથિયું એમ આઠ પગથિયા બનાવરાવ્યા. તથા સગરચક્રવર્તીના પુત્રોએ પોતાના વંશના અનુરાગથી ખાઈ ખોદાવીને ગંગાને ઉતારી વિગેરે સર્વ અન્ય ગ્રંથોમાંથી અહીં જાણી લેવું.

<u>"યાચકો તેથી આહિતાગ્નિ કહેવાયા"</u> એ પંક્તિની વ્યાખ્યા – દેવોવડે દાઢાઓ વગેરે ગ્રહણ કરાયા ત્યારે શ્રાવકોએ દેવો પાસે અતિશયભક્તિથી યાચનાઓ કરી. માગનારા ઘણા હોવાથી અને ઘણા પ્રયત્નવડે યાચના કરતા હોવાથી પરેશાન થયેલા દેવોએ કહ્યું, "અહો ! યાચકો, અહો ! યાચકો." ત્યારથી <u>'યાચક'</u> શબ્દ પ્રસિદ્ધ થયો. ત્યારે શ્રાવકોએ અગ્નિને ગ્રહણ કરી પોતાના ઘરમાં પ્રસ્થાપિત કર્યો. તે કારણથી તે શ્રાવકો <u>આહિતાગ્નિ</u> (અગ્નિહોત્ર બ્રાહ્મણ)

तेन कारणेन आहिताग्नय इति तत एव च प्रसिद्धाः, तेषां चाग्नीनां परस्परतः कुण्डसंक्रान्तावयं विधिः—भगवतः संबन्धिभूतः सर्वकुण्डेषु संचरति, इक्ष्वाकुकुण्डाग्निस्तु शेषकुण्डाग्निषु संचरति, न भगवत्कुण्डाग्नौ इति, शेषानगारकुण्डाग्निस्तु नान्यत्र संक्रमत इति गाथार्थः ॥४३५॥

साम्प्रतमभिहितद्वारगाथाया द्वारद्वयव्याचिख्यासया मूलभाष्यकार आह—

**थूभसय भाउगाण चउवीसं चेव जिणहरे कासी ।**
**सव्वजिणाणं पडिमा वण्णपमाणेहिं निअएहिं ॥४५॥ ( मू०भा० )**

गमनिका—स्तूपशतं भ्रातॄणां भरतः कारितवान् इति, तथा चतुर्विंशतिं चैव जिनगृहे-जिनायतने ( नानि ) 'कासीति' कृतवान्, का इत्याह—सर्वजिनानां प्रतिमा वर्णप्रमाणैः 'निजैः' आत्मीयैरिति गाथार्थः ॥भा.-४५॥

साम्प्रतं भरतवक्तव्यतानिबद्धां संग्रहगाथां प्रतिपादयन्नाह—

**आयंसघरपवेसो भरहे पडणं च अंगुलीअस्स ।**
**सेसाणं उम्मुअणं संवेगो नाण दिक्खा य ॥४३६॥**

---

તરીકે પ્રસિદ્ધ થયા. તીર્થંકરાદિની ત્રણે ચિતાઓમાંથી અગ્નિઓની કુંડસંક્રાન્તિમાં આ વિધિ જણાવી → પ્રભુની ચિતાનો અગ્નિ સર્વકુંડમાં સંચરતો હતો. ઇક્ષ્વાકુકુંડનો અગ્નિ શેષ સાધુઓના કુંડાગ્નિમાં સંચરતો હતો, પણ પ્રભુના કુંડાગ્નિમાં સંચરતો નહોતો. શેષ સાધુઓના કુંડનો અગ્નિ બીજે ક્યાંય સંચરતો નહોતો. (આશય એવો જણાય છે કે – અસ્થિ જ્યારે બાકી રહે ત્યારે મેઘકુમારના દેવો જ્વાલાઓ ઓલવી નાંખે છે. છતાં જ્વલંતાંગારરૂપે ચિતાઓ હોય છે. એ ચિતાઓમાંથી જ્વલંતાંગારરૂપ અગ્નિને લોકો મંગલની બુદ્ધિથી પોતાના ઘરે લઈ જાય છે અને કાયમ માટે જ્વાલિત રાખે છે.

હવે કદાચ પ્રમાદાદિને કારણે જો તે અગ્નિ ઓલવાઈ જાય તો તે તે અગ્નિકુંડોને પાછા પ્રજવલિત કરવા માટે બીજાઓને ત્યાંથી તે તે પ્રકારનો પ્રજવલિત અગ્નિ લાવી ઓલવાયેલ અગ્નિકુંડોને પાછા પ્રજવલિત કરે, અર્થાત્ પોતાને ત્યાં જો શેષ સાધુઓના અગ્નિકુંડનો અગ્નિ ઓલવાયો હોય તો બીજાને ત્યાંથી શેષ સાધુઓના અગ્નિકુંડનો અગ્નિ લાવીને જ ઓલવાયેલ અગ્નિકુંડને પ્રજવલિત કરે, પણ ઇક્ષ્વાકુ કે ભગવાનના અગ્નિકુંડનો અગ્નિ લાવીને પ્રજવલિત કરાય નહિ.) ॥૪૩૫॥

**અવતરણિકા :** હવે કહેવાયેલી દ્વારગાથાના બે દ્વારોને કહે છે ➪

**ગાથાર્થ : ભાઈઓના એકસો સ્તૂપ – અને ચોવીસ જિનમંદિર બનાવ્યા. તથા સર્વ જિનેશ્વરોની પોતપોતાના વર્ણ–પ્રમાણવડે ચોવિશ પ્રતિમા ભરતે બનાવડાવી.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૪૫॥

**અવતરણિકા :** હવે ભરતની વક્તવ્યતા સંબંધી સંગ્રહગાથાને કહે છે ➪

**ગાથાર્થ : ભરતનો આદર્શભુવનમાં પ્રવેશ – વીંટીનું પડવું – શેષાભૂષણોનું કાઢવું – સંવેગ – કેવળજ્ઞાન અને દીક્ષા.**

अस्या भावार्थः कथानकादवसेयः, तच्चेदम्—[35]भगवतो निव्वाणं गयस्स आययणं काराविय भरहो अउज्झमागओ, कालेण य[2] अप्पसोगो जाओ, ताहे पुणरवि भोगे भुंजिउं पवत्तो, एवं तस्स पंच पुव्वसयसहस्सा अइक्कंता भोगे भुंजंतस्स, अन्नया कयाइ सव्वालंकारभूसिओ आयंसघरमतिगतो, तत्थ य सव्वंगिओ पुरिसो दीसइ, तस्स एवं पेच्छमाणस्स अंगुलिज्जयं पडियं, तं च तेण न नायं पडियं, एवं तस्स पलोयंतस्स जाहे सा अंगुली दिट्ठिमि पडिया, ताहे असोभंतिआ दिट्ठा, ततो कडगंपि अवणेइ, एवमेक्केक्कमवणेंतेण सव्वमाभरणमवणीअं, ताहे अप्पाणं उच्चियपउमं व पउमसरं असोभंतं पेच्छिय संवेगावण्णो परिचिंतिउं पयत्तो—आगंतुगदव्वेहिं विभूसियं मे सरीरगंति न सहावसुंदरं, एवं चिन्तन्तस्स अपुव्वकरणज्झाणमुवट्ठिअस्स केवलनाणं समुप्पण्णंति । सक्को देवराया आगओ भणति-दव्वलिंगं पडिवज्जह, जाहे निक्खमणमहिमं करेमि,

---

*ટીકાર્થ* : આ ગાથાનો ભાવાર્થ કથાનકથી જાણવો : નિર્વાણ પામેલા પ્રભુનું આયતન (જિનગૃહ) કરાવડાવી ભરત અયોધ્યા પાછો ફર્યો. જતા દિવસે તે શોક વિનાનો થયો. પુનઃ ભોગો ભોગવવા લાગ્યો. આ પ્રમાણે ભોગોને ભોગવતા તેને પાંચલાખ પૂર્વો પસાર થયા. એકવાર સર્વાલંકારોથી વિભૂષિત ભરત આદર્શભુવનમાં પ્રવેશ્યો કે જ્યાં સર્વાંગે પુરુષ દેખાય છે. (અર્થાત્ આરીસાભુવનની રચના એવી હોય કે માણસના બધા જ અંગો દેખાય.) આ રીતે જોતા જોતા અચાનક તેની આંગળીમાંથી વીંટી નીચે પડી. પરંતુ તે પડી તેવી તેને ખબર ન પડી.

આ રીતે જોતા – જોતા જ્યારે તેની નજરમાં તે આંગળી આવી. ત્યારે નહિ શોભતી એવી આંગળીને જોઈ ત્યાર પછી કડાને પણ દૂર કરે છે. આ પ્રમાણે એક–એક આભૂષણને દૂર કરતા સર્વ આભૂષણો દૂર કર્યા. ત્યારે કમળો વિનાના સરોવરની જેમ પોતાને નહિ શોભતા જોઈ સંવેગને પામેલો ભરત આ પ્રમાણે વિચારવા લાગ્યો. "આગંતુક–દ્રવ્યોવડે વિભૂષિત એવું પણ આ શરીર સ્વભાવથી સુંદર નથી." આ પ્રમાણે ચિંતવતા અપૂર્વકરણ ધ્યાનને પામેલા ભરતને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. શક્રેન્દ્ર આવીને કહે છે – "તમે દ્રવ્યલિંગ=વેશને ધારણ કરો. જેથી હું દીક્ષાનો મહોત્સવ કરું." તેથી ભરતે પંચમુષ્ટિ લોચ કર્યો. દેવે રજોહરણ–પાત્રાદિ

---

३५. भगवतो निर्वाणं गतस्य आयतनं कारयित्वा भरतोऽयोध्यामागतः, कालेन चाल्पशोको जातः, तदा पुनरपि भोगान् भोक्तुं प्रवृत्तः, एवं तस्य पञ्च पूर्वशतसहस्राणि अतिक्रान्तानि भोगान् भुञ्जानस्य, अन्यदा कदाचित् सर्वालङ्कारविभूषित आदर्शगृहमतिगतः, तत्र च सर्वाङ्गिकः पुरुषो दृश्यते, तस्यैवं प्रेक्षमाणस्याङ्गुलीयकं पतितं तच्च तेन न ज्ञातं पतितं, एवं तस्य प्रलोकमानस्य यदा साऽङ्गुलिर्दृष्टौ पतिता, तदाऽशोभमाना दृष्टा, ततः कटकमपि अपनयति, एवमेकै कमपनयता सर्वमाभारणमपनीतं, तदाऽऽत्मनं उच्चितपद्मं इव पद्मसरः अशोभमानं प्रेक्ष्य संवेगापन्नः परिचिन्तितुं प्रवृत्तः—आगन्तुकद्रव्यैः विभूषितं मे शरीरकमिति न स्वभावसुन्दरम्, एवं चिन्तयतः अपूर्वकरणध्यानमुपस्थितस्य केवलज्ञानं समुत्पन्नमिति । शक्रो देवराज आगतो भणति-द्रव्यलिङ्गं प्रतिपद्यस्व, यतः निष्क्रमणमहिमानं करोमि,

[३६]ततो तेण पंचमुट्ठिओ लोओ कओ, देवयाए रओहरणपडिग्गहमादि उवगरणमुवणीअं, दसहिं रायसहस्सेहिं समं पव्वइओ । सेसा नव चक्किणो सहस्सपरिवारा निक्खंता । सक्केणं वंदिओ, ताहे भगवं पुव्वसयसहस्सं केवलिपरियागं पाउणित्ता परिणिव्वुडो य । आइच्चजसो सक्केणाभिसित्तो, एवमट्ठपुरिसजुगाणि अभिसित्ताणि । उक्तो भावा( गाथा )र्थः, साम्प्रतमक्षरगमनिका—आदर्शकगृहे प्रवेशः, कस्य ? 'भरहेत्ति' भरतस्य प्राकृतशैल्या षष्ठ्यर्थे सप्तमी, तथा पतनं चाङ्गुलीयस्य बभूव, शेषाणां कटकादीनां तून्मोचनं अनुष्ठितं, ततः संवेगः संजातः, तदुत्तरकालं ज्ञानमुत्पन्नमिति, दीक्षा च तेन गृहीता, चशब्दान्निर्वृत्तश्चेत्यक्षरार्थः ॥४३६॥

उक्तमानुषङ्गिकं इदानीं प्रकृतां मरीचिवक्तव्यतां पृच्छतां कथयतीत्यादिना प्रतिपादयति—तत्र—

**पुच्छंताण कहेइ उवट्ठिए देइ साहुणो सीसे ।**
**गेलन्नि अपडिअरणं कविला इत्थंपि इहयंपि ॥४३७॥**

गमनिका—पृच्छतां कथयति, उपस्थितान् ददाति साधुभ्यः शिष्यान्, ग्लानत्वे अप्रतिजागरणं कपिल ! अत्रापि इहापि । भावार्थः—स हि प्राग्व्यावर्णितस्वरूपो मरीचिः भगवति निर्वृत्ते साधुभिः

---

ઉપકરણો લાવી આવ્યા.

દસહજાર રાજાઓ સાથે ભરતે દીક્ષા ગ્રહણ કરી. (સગર વિગેરે) શેષ નવ ચક્રવર્તીઓએ હજાર સાથે દીક્ષા લીધી. ત્યાર પછી શક્રે વંદન કર્યું. આ રીતે ભરત એકલાખપૂર્વ કેવલીપર્યાય પાળીને સિદ્ધ થયા. ભરતના સ્થાને આદિત્યયશનો શક્રે અભિષેક કર્યો. આ પ્રમાણે આઠ પુરુષો શક્રવડે અભિષેક કરાયા. ભાવાર્થ કહેવાયો. હવે ગાથાનો અક્ષરાર્થ કરે છે – આદર્શગૃહમાં પ્રવેશ થયો, કોનો થયો ? – ભરતનો, મૂળગાથામાં ષષ્ઠીના અર્થમાં (भरहे એ પ્રમાણે) સપ્તમી વિભક્તિ જાણવી તથા વીંટીનું પતન થયું, શેષ કડાદિ આભૂષણોને કાઢ્યા, તેથી સંવેગ ઉત્પન્ન થયો, તે પછી જ્ઞાન પ્રાપ્ત થયું અને તેણે દીક્ષા લીધી. 'च' શબ્દથી – સિદ્ધ થયો. ॥૪૩૬॥

**અવતરણિકા :** આનુષંગિક કહ્યું, હવે પ્રકૃત મરીચિની વક્તવ્યતાને "પૂછતાંને કહે છે" વગેરે શ્લોકદ્વારા કહે છે ➪

**ગાથાર્થ : પૂછતાને (ધર્મ) કહે છે. ઉપસ્થિત શિષ્યો સાધુઓને આપે છે. ગ્લાનત્વમાં કોઈ સેવા કરતું નથી. કપિલ ત્યાં પણ (સાધુમાર્ગમાં) અને અહીં પણ (ધર્મ છે.)**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૪૩૭॥

**ભાવાર્થ :** ભગવાન નિર્વાણ પામતા પૂર્વે જેના પરિવ્રાજક સ્વરૂપનું વર્ણન કર્યું છે, તેવા

---

३६. ततस्तेन पञ्चमुष्टिकः लोचः कृतः, देवतया रजोहरणप्रतिग्रहादि उपकरणमुपनीतं, दशभिः राजसहस्रैः समं प्रव्रजितः । शेषा नव चक्रिणः सहस्रपरिवारा निष्क्रान्ताः । शक्रेण वन्दितः, तदा भगवान् पूर्वशतसहस्रं केवलिपर्यायं पालयित्वा परिनिर्वृतश्च । आदित्ययशाः शक्रेणाभिषिक्तः, एवमष्टपुरुषयुगान्यभिषिक्तानि ।

सह विहरन् पृच्छतां लोकानां कथयति धर्मं जिनप्रणीतमेव, धर्माक्षिप्तांश्च प्राणिन उपस्थितान् ददाति साधुभ्यः शिष्यानिति । अन्यदा स ग्लानः संवृत्तः, साधवोऽप्यसंयतत्वान्न प्रतिजाग्रति, स चिन्तयति-निष्ठितार्थाः खलु एते, नासंयतस्य कुर्वन्ति, नापि ममैतान् कारयितुं युज्यते, तस्मात् कञ्चन प्रतिजागरकं दीक्षयामीति, अपगतरोगस्य च कपिलो नाम राजपुत्रो धर्मशुश्रूषया तदन्तिकमागत इति, कथिते साधुधर्मे स आह-यद्ययं मार्गः किमिति भवता एतदङ्गीकृतम् ?, मरीचिराह-पापोऽहं, 'लोएंदिये'त्यादिविभाषा पूर्ववत्, कपिलोऽपि कर्मोदयात् साधुधर्मानभिमुखः *खल्वाह-तथापि किं भवद्दर्शने नास्त्येव धर्म इति, मरीचिरपिप्रचुरकर्मा* खल्वयं न तीर्थकरोक्तं प्रतिपद्यते, वरं मे सहायः संवृत्त इति संचिन्त्याह-'कविला एत्थंपित्ति' अपिशब्दस्यैवकारार्थत्वात् निरुपचरितः खल्वत्रैव साधुमार्गे 'इहयंपित्ति' स्वल्पस्तु अत्रापि विद्यते इति गाथार्थः ॥४३७॥

स ह्येवमा-कर्ण्य तत्सकाश एव प्रव्रजितः, मरीचिनाऽप्यनेन दुर्वचनेन संसारोऽभिनिर्वर्त्तितः, त्रिपदीकाले च नीचैर्गोत्रं कर्म बद्धमिति ॥ अमुमेवार्थं प्रतिपादयन्नाह-

दुब्भासिएण इक्केण मरीई दुक्खसायरं पत्तो ।
भमिओ कोडाकोडिं सागरसरिनामधेज्जाणं ॥४३८॥

---

મરીચિ સાધુઓ સાથે વિચરતા વિચરતા ધર્મની પૃચ્છા કરતા લોકોને ભગવાને કહેલો એવો જ ધર્મ કહે છે. અને તે ધર્મથી ખેંચાયેલા, દીક્ષા માટે ઉપસ્થિત થયેલા શિષ્યોને સાધુઓ પાસે મોકલે છે. એકવાર તે ગ્લાન થયો. મરીચિ અસંયમી હોવાથી કોઈ સાધુઓ તેની સેવા કરતા નથી. મરીચિ વિચારે છે – "આ સાધુઓ સમાપ્તાર્થવાળા (સાંસારિક સર્વપ્રયોજનોનો ત્યાગ કરનારા) છે તેથી અસંયતની વૈયાવચ્ચ તેઓ કરે નહિ અને તેઓની પાસે સેવા કરાવવી તે પણ મારા માટે યોગ્ય નથી. તેથી કોઈ સેવા કરનાર વ્યક્તિને દીક્ષા આપું."

રોગ દૂર થયા પછી કપિલ નામનો રાજપુત્ર ધર્મ સાંભળવાની ઇચ્છાથી મરીચિ પાસે આવ્યો. મરીચિ તેને સાધુધર્મ કહે છે. ત્યારે તે પૂછે છે, "જો આ સાધુધર્મ જ શ્રેષ્ઠ હોય તો તમારાવડે આ પારિવ્રજિકધર્મ શા માટે સ્વીકારાયો છે ?" મરીચિ કહે છે, "હું પાપી છું" "लोए इंदिय..." વગેરે ગાથાઓવડે તે પૂર્વની જેમ પોતાનું વર્ણન કરે છે (કે ઇન્દ્રિય જીતી નથી વિગેરે.) કપિલ પણ કર્મના ઉદયના કારણે સાધુધર્મને સ્વીકારવાની ઇચ્છા ન હોવાથી કહે છે, "તો પણ શું તમારા મતમાં ધર્મ છે જ નહિ ?"

"ભારેકર્મી એવો આ કપિલ તીર્થંકરે કહેલ ધર્મ સ્વીકારતો નથી તો મને જ સહાયક મળ્યો એ સારું છે" એમ વિચારી કહે છે "વાસ્તવિક ધર્મ તો સાધુમાર્ગમાં જ છે. જ્યારે થોડોક ધર્મ તો અહીં (મારા મતમાં) પણ છે." અહીં ગાથાર્થ પૂર્ણ થયો. આ પ્રમાણે સાંભળી કપિલે મરીચિ પાસે દીક્ષા લીધી. મરીચિએ પણ આ દુષ્ટવચનવડે સંસાર ઊભો કર્યો અને ત્રિપદીના સમયે (જ્યારે કુળનું અભિમાન કરતાં ત્રિપદી કરી ત્યારે) નીચગોત્રકર્મ બાંધ્યું.

**અવતરણિકા :** આ જ અર્થનું પ્રતિપાદન કરતા કહે છે ⇒

**ગાથાર્થ :** દુર્ભાષિત એવા એક વચનવડે મરીચિ દુઃખસાગરને પામ્યો. એક કોટાકોટી સાગરોપમ સંસારમાં ભમ્યો.

तम्मूलं संसारो नीआगोत्तं च कासि तिवइंमि ।
अपडिक्कंतो बंभे कविलो अंतद्धिओ कहए ॥४३९॥

प्रथमगाथागमनिका–'दुर्भाषितेनैकेन' उक्तलक्षणेन मरीचिर्दुःखसागरं प्राप्तः भ्रान्तः कोटीनां कोटी कोटीकोटी तां, केषामित्याह–'सागरसरिनामधेज्जाणंति' सागरसदृशनामधेयानां, सागरोपमाणामिति गाथार्थः ।

द्वितीयगाथागमनिका–'तन्मूलं' दुर्भाषितमूलं संसारः संजातः, तथा स एव नीचैर्गोत्रं च कृतवान्-निष्पादितवान् 'त्रिपद्यां' प्राग्व्यावर्णितस्वरूपायामिति । 'अपडिक्कंतो बंभेत्ति' स मरीचिः चतुरशीतिपूर्वशतसहस्राणि सर्वायुष्कमनुपाल्य तस्मात् दुर्भाषितात् गर्वाच्च 'अप्रतिक्रान्तः' अनिवृत्तः ब्रह्मलोके दशसागरोपमस्थितिः देवः संजात इति । कपिलोऽपि ग्रन्थार्थपरिज्ञानशून्य एव तद्दर्शितक्रियारतो विजहार, आसुरिनामा च शिष्योऽनेन प्रव्राजित इति, तस्य स्वाचारमात्रं दिदेश, एवमन्यानपि शिष्यान् स गृहीत्वा शिष्यप्रवचनानुरागतत्परो मृत्वा ब्रह्मलोक एवोत्पन्नः, स ह्युत्पत्तिसमनन्तरमेव अवधिं प्रयुक्तवान्–किं मया हुतं वा ? इष्टं वा ? दानं वा दत्तं ? येनैषा दिव्या देवर्द्धिः प्राप्तेति, स्वं पूर्वभवं विज्ञाय चिन्तयामास–ममहि शिष्यो न किञ्चिद्वेत्ति, तत्तस्य उपदिशामि तत्त्वमिति; तस्मै आकाशस्थपञ्चवर्णमण्डलकस्थः तत्त्वं जगाद, आह च–'कपिलो

---

ગાથાર્થ : મરીચિએ દુર્ભાષિતવચનના કારણે સંસાર અને ત્રિપદીમાં નીચગોત્ર બાંધ્યું. પ્રાયશ્ચિત્ત કર્યા વિના તે બ્રહ્મલોકમાં (ઉત્પન્ન થયો.) કપિલ (આકાશમાં) અદૃશ્ય રહીને કહે છે.

**ટીકાર્થ : પ્રથમગાથાની વ્યાખ્યા :** ઉપરોક્ત કહ્યા પ્રમાણેના એક દુર્ભાષિત વચનવડે મરીચિ દુઃખસાગરને પામ્યો. તથા એક કોટાકોટી સુધી સંસારમાં ભમ્યો. શેની એક કોટાકોટી ? તે કહે છે – સાગર જેવું નામ છે જેનું અર્થાત્ સાગરોપમની કોટાકોટી. (અન્વય → એક કોટાકોટી સાગરીપમ સુધી મરીચિ સંસારમાં ભમ્યો.) ॥૪૩૮॥

**બીજીગાથાની વ્યાખ્યા :** દુર્ભાષિતવચનના કારણે સંસાર થયો, અને પૂર્વે બતાવેલ ત્રિપદીમાં તે મરીચિએ જ નીચગોત્ર બાંધ્યું. ચોરાશીલાખપૂર્વ આયુષ્ય પાળી દુર્ભાષણ અને કુળગર્વ બંને પાપથી પાછા ફર્યા વિના (અર્થાત્ પ્રાયશ્ચિત્ત કર્યા વિના) તે મરીચિ બ્રહ્મલોકમાં દસ સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો. ગ્રંથના અર્થનું જ્ઞાન મેળવ્યા વિનાનો કપિલ મરીચિએ બતાવેલ ક્રિયામાં લીન થઈને વિચરતો હતો.

કપિલે આસુરિ નામના શિષ્યને દીક્ષા આપી. તેને પણ પોતાના આચારમાત્રને જ બતાવ્યા. આ જ રીતે અન્યશિષ્યોને બનાવી શિષ્યોને પ્રવચન આપવાના અનુરાગવાળાઓને તત્પર એવો કપિલ મરીને બ્રહ્મલોકમાં જ ઉત્પન્ન થયો. તેણે ઉત્પન્ન થતાં જ અવધિનો ઉપયોગ મૂક્યો કે– " શું મે આહૂતિઓ આપી ? કે મે શું યજ્ઞો કરાવ્યા ? અથવા શું મે દાન આપ્યું કે જેથી આ દિવ્ય દેવઋદ્ધિ પ્રાપ્ત થઈ". પોતાના પૂર્વભવને જાણીને તેણે વિચાર્યું, "મારો શિષ્ય કશું જાણતો નથી. તેથી તેને તત્ત્વ જણાવું." આમ વિચારી આસુરી નામના પોતાના શિષ્યને આકાશમાં સ્થિત

अंतद्धिओ कहए' कपिलः अन्तर्हितः कथितवान्, किम् ?–अव्यक्तात् व्यक्तं प्रभवति, ततः षष्टितन्त्रं जातं, तथा चाहुस्तन्मतानुसारिणः–

*''प्रकृतेर्महांस्ततोऽहङ्कारस्तस्माद्गणश्च षोडशकः ।*
*तस्मादपि षोडशकात् पञ्चभ्यः पञ्च भूतानि ॥१॥''*

इत्यादि, अलं विस्तरेण, प्रकृतं प्रस्तुमः इति गाथार्थः ॥४३८-४३९॥

**इक्खागेसु मरीई चउरासीई अ बंभलोगंमि ।**
**कोसिउ कुल्लागंमी( गेसुं ) असीइमाउं च संसारे ॥४४०॥**

गमनिका–इक्ष्वाकुषु मरीचिरासीत्, चतुरशीतिं च पूर्वशतसहस्राण्यायुष्कं पालयित्वा 'बंभलोयंमि' ब्रह्मलोके कल्पे देवः संवृत्तः, ततश्चायुष्कक्षयाच्च्युत्वा 'कोसिओ कुल्लाएसुन्ति' कोल्लाकसंनिवेशे कौशिको नाम ब्राह्मणो बभूव, 'असीइमाउं च संसारेत्ति' स च तत्राशीतिं पूर्वशतसहस्राण्यायुष्कमनुपाल्य 'संसारेत्ति' तिर्यग्नरनारकामरभवानुभूतिलक्षणे पर्यटित इति गाथार्थः ॥४४०॥

संसारे कियन्तमपि कालमटित्वा स्थूणायां नगर्यां जात इति, अमुमेवार्थं 'थूणाई' त्यादिना प्रतिपादयति–

**थूणाइ पूसमित्तो आउं बावत्तरिं च सोहम्मे ।**
**चेइअ अग्गिज्जोओ चोवट्ठीसाणकप्पंमि ॥४४१॥**

---

પંચવર્ણી મંડલમાં રહેલ કપિલ તત્ત્વ જણાવે છે. તે વાતને જ મૂળગાથામાં કહેલ છે કે, "કપિલ અદૃશ્ય રહીને કહે છે." શું કહે છે ? તે જણાવે છે–

અવ્યક્તમાંથી (પ્રકૃતિ નામના પદાર્થમાંથી) વ્યક્ત (બુદ્ધિ વગેરે) ઉત્પન્ન થાય છે. આ વચનથી ષષ્ટિતંત્ર નામનો ગ્રંથ રચાયો. તેમના મતને અનુસરનારા આ પ્રમાણે જણાવે છે, **"(H)પ્રકૃતિમાંથી મહાન (બુદ્ધિ) ઉત્પન્ન થાય છે. તેમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે. તેમાંથી સોળવસ્તુનો ગણ ઉત્પન્ન થાય છે. (સોળવસ્તુ આ પ્રમાણે છે – સ્પર્શાદિ પાંચ ઈન્દ્રિય, અને વાણી–હાથ–પગ–પાયૂ–ઉપસ્થ અને મનરૂપ છ કર્મ–ઈન્દ્રિય તથા રૂપ– રસ–ગંધ–સ્પર્શ–શબ્દરૂપ પાંચ તન્માત્રો) તે સોળમાના પાંચ તન્માત્રોમાંથી પાંચ ભૂતો ઉત્પન્ન થાય છે.** ઇત્યાદિ સાંખ્યનો મત છે. વધુ વિસ્તારથી સર્યું. ॥૪૩૮–૪૩૯॥

ગાથાર્થ : **અર્થ ટીકાથી સ્પષ્ટ થશે.**

ટીકાર્થ : ઇક્ષ્વાકુમાં મરીચિ થયો. ચોરાશીલાખપૂર્વનું આયુષ્ય પાળી બ્રહ્મલોકમાં દેવ થયો. ત્યાંથી આયુષ્યના ક્ષયથી ચ્યવી કોલ્લાકસંન્નિવેશમાં કૌશિક નામે બ્રાહ્મણ થયો. ત્યાં એંશીલાખપૂર્વનું આયુષ્ય પાળી તિર્યંચ–નર–દેવ–નરકના ભવોની અનુભૂતિરૂપ સંસારમાં ભમ્યો. ॥૪૪૦॥

**અવતરણિકા :** કેટલોક કાળ સંસારમાં ભટકી સ્થૂણાનગરીમાં ઉત્પન્ન થયો. આ વાતને 'थूणाइ......' વગેરે ગાથા દ્વારા કહે છે ⇨

ગાથાર્થ : **અર્થ ટીકાથી સ્પષ્ટ થશે.**

व्याख्या—स्थूणायां नगर्यां पुष्यमित्रो नाम ब्राह्मणः संजातः 'आउं बावत्तरिं सोहम्मेत्ति' तस्यायुष्कं द्विसप्ततिः पूर्वशतसहस्राण्यासीत्, परिव्राजकदर्शने च प्रव्रज्यां गृहीत्वा तां पालयित्वा कियन्तमपि कालं स्थित्वा सौधर्मे कल्पे अजघन्योत्कृष्टस्थितिः समुत्पन्न इति । 'चेइअ अग्गिज्जोओ चोवट्ठीसाणकप्पंमीति' सौधर्माच्च्युतः चैत्यसन्निवेशे अग्निद्योतो ब्राह्मणः संजातः, तत्र चतुःषष्टिपूर्वशतसहस्राण्यायुष्कमासीत्, परिव्राट् च संजातो, मृत्वा चेशाने देवोऽजघन्योत्कृष्टस्थितिः संवृत्त इति गाथार्थः ॥४४१॥

**मंदिरे अग्गिभूई छप्पण्णा उ सणंकुमारंमि ।**
**सेअवि भारद्दाओ चोआलीसं च माहिंदे ॥४४२॥**

गमनिका—ईशानाच्च्युतो 'मन्दिरेत्ति' मन्दिरसन्निवेशे अग्निभूतिनामा ब्राह्मणो बभूव, तत्र षट्पञ्चाशत् पूर्वशतसहस्राणि जीवितमासीत्, परिव्राजकश्च बभूव, मृत्वा 'सणंकुमारंमीति' सनत्कुमारकल्पे विमध्यमस्थितिर्देवः समुत्पन्न इति । 'सेअवि भारद्दाए★ चोआलीसं च माहिंदेत्ति' सनत्कुमारात् च्युतः श्वेतव्यां नगर्यां भारद्वाजो नाम ब्राह्मण उत्पन्न इति, तत्र च चतुश्चत्वारिंशत् पूर्वशतसहस्राणि जीवितमासीत्, परिव्राजकश्चाभवत्, मृत्वा च माहेन्द्रे कल्पेऽजघन्योत्कृष्टस्थितिर्देवो बभूवेति गाथार्थः ॥४४२॥

**संसरिअ थावरो रायगिहे चउतीस बंभलोगंमि ।**
**छस्सुवि पारिव्वज्जं भमिओ तत्तो अ संसारे ॥४४३॥**

गमनिका—माहेन्द्रात् च्युत्वा संसृत्य कियन्तमपि कालं संसारे ततः स्थावरो नाम ब्राह्मणो राजगृहे उत्पन्न इति, तत्र च चतुस्त्रिंशत् पूर्वशतसहस्राण्यायुष्कं परिव्राजकश्चासीत्, मृत्वा च

---

**ટીકાર્થ :** સ્થૂણાનગરીમાં પુષ્પમિત્ર નામે બ્રાહ્મણ થયો. તેનું બહોત્તેરલાખપૂર્વનું આયુ હતું. પરિવ્રાજકદર્શનમાં દીક્ષા લઈ, તે પાળીને કેટલોક કાળ રહી સૌધર્મદેવલોકમાં મધ્યમ સ્થિતિનો દેવ થયો. ત્યાંથી ચ્યવીને ચૈત્યસંનિવેશમાં અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ થયો. ત્યાં ચોસઠ લાખપૂર્વનું આયુ હતું. (તે ભવમાં પણ) તે પરિવ્રાજક થયો. મરીને ઈશાનકલ્પમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થયો. ॥૪૪૧॥

ગાથાર્થ :— અર્થ ટીકાથી સ્પષ્ટ થશે.

**ટીકાર્થ :** ઈશાનમાંથી ચ્યવી મંદિરસંનિવેશમાં અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ થયો. ત્યાં છપ્પનલાખપૂર્વનું આયુ હતું. ત્યાં પરિવ્રાજક થયો. મરીને સનત્કુમારકલ્પમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી શ્વેતવીનગરીમાં ભારદ્વાજ નામે બ્રાહ્મણ થયો. ત્યાં ચુંમાલીસલાખપૂર્વનું આયુ હતું. પરિવ્રાજક થયો. ત્યાંથી મરીને માહેન્દ્રકલ્પમાં મધ્યમસ્થિતિવાળો દેવ થયો. ॥૪૪૨॥

**ગાથાર્થ :** અર્થ ટીકાથી સ્પષ્ટ થશે.

**ટીકાર્થ :** માહેન્દ્રમાંથી ચ્યવી સંસારમાં કેટલોક કાળ રખડી રાજગૃહમાં સ્થાવર નામે બ્રાહ્મણ થયો. ત્યાં ચોત્રીસલાખપૂર્વનું આયુ હતું અને પરિવ્રાજક થયો. ત્યાંથી મરીને બ્રહ્મલોકમાં

---

★ ओ.

ब्रह्मलोकेऽजघन्योत्कृष्टस्थितिर्देवः संजातः, एवं षट्स्वपि वारासु परिव्राजकत्वमधिकृत्य दिवमाप्तवान् । 'भमिओ तत्तो अ संसारे' ततो ब्रह्मलोकाच्च्युत्वा भ्रान्तः संसारे प्रभूतं कालमिति गाथार्थः ॥४४३॥

रायगिह विस्सनंदी विसाहभूई अ तस्स जुवराया ।
जुवरण्णो विस्सभूई विसाहनंदी अ इअरस्स ॥४४४॥
रायगिह विस्सभूई विसाहभूइसुओ खत्तिए कोडी ।
वाससहस्सं दिक्खा संभूअजइस्स पासंमि ॥४४५॥

भावार्थः—खल्वस्य गाथाद्वयस्य कथानकादवसेयः, तच्चेदम्-[३७]रायगिहे नयरे विस्सनंदी राया, तस्स भाया विसाहभूई, सो य जुवराया, तस्स जुवरण्णो धारिणीए देवीए विस्सभूई नाम पुत्तो जाओ, रण्णोऽवि पुत्तो विसाहनंदित्ति, तत्थ विस्सभूइस्स वासकोडी आऊ, तत्थ पुप्फकरंडकं नाम उज्जाणं, तत्थ सो विस्सभूती अंतेउरवरगतो सच्छंदसुहं पवियरइ, ततो जा सा विसाहनंदिस्स माया तीसे दासचेडीओ पुप्फकरंडए उज्जाणे पत्ताणि पुप्फाणि अ आणेंति, पिच्छंति अ विस्सभूतिं कीडंतं, तासिं अमरिसो जाओ, ताहे साहिंति जहा-एवं कुमारो ललइ,

મધ્યમસ્થિતિવાળો દેવ થયો. આમ છએ વખત પરિવ્રાજકપણાને આશ્રયી દેવલોકને પામ્યો. ત્યાર પછી બ્રહ્મલોકમાંથી ચ્યવી ઘણો કાળ સંસારમાં ભમ્યો. ॥૪૪૩॥

ગાથાર્થ : રાજગૃહ – વિશ્વનંદી – તેનો ભાઈ વિશાખાભૂતિ યુવરાજ છે. આ યુવરાજને વિશ્વભૂતિનામે પુત્ર અને ઈતરને (રાજાને) વિશાખાનંદી નામે પુત્ર છે.

ગાથાર્થ : રાજગૃહમાં વિશાખાભૂતિનો પુત્ર વિશ્વભૂતિ ક્ષત્રિય થયો. એકહજારવર્ષ સુધી સંભૂતિમુનિ પાસે દીક્ષા પાળી.

ટીકાર્થ : આ ગાથાઓનો ભાવાર્થ કથાનકથી જાણવો –

રાજગૃહનગરમાં વિશ્વનંદી નામે રાજા હતો. તેને વિશાખાભૂતિનામે ભાઈ હતો, જે યુવરાજ હતો. તે યુવરાજને ધારિણીદેવીથી વિશ્વભૂતિનામે પુત્ર થયો. રાજાને પણ વિશાખાનંદી નામે પુત્ર હતો. તે વિશ્વભૂતિનું એકકરોડ વર્ષનું આયુ હતું. તે રાજગૃહમાં પુષ્પકરંડકનામે ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અંતઃપુર સાથે રહેલો વિશ્વભૂતિ ઇચ્છા મુજબ સુખેથી વિચરે છે. ત્યાં જે વિશાખાનંદીની માતાની દાસીઓ હતી, તે ઉદ્યાનમાંથી પુષ્પ–પાંદડાઓ લાવે છે. તે સમયે દાસીઓ ક્રીડા કરતા વિશ્વભૂતિને જુએ છે.

આ જોઈને દાસીઓને ઈર્ષ્યા થઈ અને જઈને વિશાખાનંદીની માતાને કહે છે, "વિશ્વભૂતિ

३७. राजगृहे नगरे विश्वनन्दी राजा, तस्य भ्राता विशाखभूतिः, स च युवराजः, तस्य युवराजस्य धारिण्यां देव्यां विश्वभूतिर्नाम पुत्रो जातः, राज्ञोऽपि पुत्रो विशाखनन्दीति, तस्य विश्वभूतेर्वर्षकोट्यायुः, तत्र पुष्पकरण्डकं नाम उद्यानं, तत्र स विश्वभूतिः वरान्तःपुरगतः स्वच्छन्देन सुखं प्रविचरति, ततो या सा विशाखनन्दिनो माता तस्या दासचेट्यः पुष्पकरण्डकादुद्यानात्पुष्पाणि पत्राणि चानयन्ति, प्रेक्षन्ते च विश्वभूतिं क्रीडन्तं, तासाममर्षो जातः, तदा साधयन्ति यथा-एवं कुमारो ललति ( विलसति ),

किं[३८] अम्ह रज्जेण वा बलेण वा ? जइ विसाहनंदी न भुंजइ एवंविहे भोए, अम्ह नामं चेव, रज्जं पुण जुवरण्णो पुत्तस्स जस्सेरिसं ललिअं, सा तासिं अंतिए सोउं देवी ईसाए कोवघरं पविट्ठा, जइ ताव रायाणए जीवंतए एसा अवत्था, जाहे राया मओ भविस्सइ ताहे एत्थ अम्हे को गणिहित्ति ?, राया गमेइ, सा पसायं न गिण्हइ, किं मे रज्जेण तुमे वत्ति ?, पच्छा तेण अमच्चस्स सिट्ठं, ताहे अमच्चोऽवितं गमेइ, तहवि न ठाति, ताहे अमच्चो भणइ-रायं ! मा देवीए वयणातिक्कमो कीरउ, मा मारेहिइ अप्पाणं, राया भणइ-को उवाओ होज्जा ?, ण य अम्हं वंसे अण्णंमि अतिगए उज्जाणे अण्णओ अतीति, तत्थ वसंतमासं★ ठिओ, मासग्गेसु अच्छति, अमच्चो भणति–उवाओ किज्जउ जहा–अमुगो पच्चंतराया उक्कुट्ठो( व्वट्टो ), अणज्जंता पुरिसा कूडलेहे उवणेंतु, एवमेएण

---

આ રીતે સ્ત્રીઓ સાથે વિલાસ કરે છે. જો વિશાખાનંદી વિશ્વભૂતિની જેમ ભોગોને ન ભોગવે તો આપણા રાજ્ય કે સૈન્યબળનો શો અર્થ ? આપણું તો ખાલી નામ જ છે (રાજ્ય નહિ), રાજ્ય તો યુવરાજનું જ છે કે જેના પુત્રને આવા પ્રકારના વિલાસો છે." તે દેવી દાસીઓ પાસેથી આ પ્રમાણેની વાતને સાંભળી ઈર્ષ્યાથી કોપઘરમાં પ્રવેશી. જો રાજાની હાજરીમાં મારી આવી અવસ્થા છે તો રાજા મરશે ત્યારે અમારી કાળજી કોણ કરશે ? રાજા રાણીને મનાવવા કોપઘરમાં જાય છે.

પરંતુ રાણી શાંત થતી નથી "મારે આ રાજ્યની કે તમારી કોઈ જરૂર નથી." પાછળથી રાજાએ મંત્રીને કહ્યું. મંત્રી પણ રાણી પાસે જાય છે. મનાવે છે છતાં રાણી શાંત થતી નથી. તેથી મંત્રી રાજાને કહે છે કે, "રાણીનો વચનાતિક્રમ કરો નહિ, નહિ તો તે પોતાની જાતને મારી નાંખશે." રાજાએ પૂછ્યું "કયો ઉપાય કરવો ?, આપણા વંશમાં એવી પરંપરા છે કે ઉદ્યાનમાં એક વ્યક્તિ હોય તો અન્યવ્યક્તિ તેમાં જાય નહિ" (તેથી જ્યાં સુધી વિશ્વભૂતિ તે ઉદ્યાનમાં છે ત્યાં સુધી વિશાખાનંદી તેમાં પ્રવેશ કરી શકે નહિ.) ત્યાં વિશ્વભૂતિ વસન્તમાસ માટે રહ્યો છે, અને આગળના મહિનાઓમાં પણ રહેશે."

અમાત્ય રાજાને કહે છે – આ ઉપાય કરો કે "અમુક પ્રત્યન્તરાજા (શત્રુગામનો રાજા) ઉદ્ધત થયેલ છે, આવા પ્રકારનો ખોટો લેખ લઈ અપરિચિત વ્યક્તિઓ આપની પાસે આવે." આ પ્રમાણે બનાવી કાઢેલ ઘટનાથી કૂટલેખો રાજા પાસે લવાયા. જેથી રાજા યાત્રા માટે (ચડાઈ

---

३८. किमस्माकं राज्येन वा बलेन वा ? यदि विशाखनन्दी न भुङ्क्ते एवंविधान् भोगान्, अस्माकं नामैव, राज्यं पुनर्युवराजस्य पुत्रस्य यस्येदृशं ललितं, सा तासामन्तिके श्रुत्वा देवीर्ष्यया कोपगृहं प्रविष्टा, यदि तावद्राज्ञि जीवति एषाऽवस्था, यदा राजा मृतो भविष्यति तदात्रास्मान् को गणिष्यति ? राजा गमयति, सा प्रसादं न गृह्णाति, किं मे राज्येन त्वया वेति, पश्चात्तेनामात्याय शिष्टं, तदाऽमात्योऽपि तां गमयति, तथापि न तिष्ठति, तदाऽमात्यो भणति-राजन् ! मा देव्या वचनातिक्रमं करोतु, मा मीमरदात्मानं, राजा भणति क उपायो भवेत् ?, न चास्माकं वंशेऽन्यस्मिन् अतिगते उद्याने अन्योऽतियाति, तत्र वसन्तमासं स्थितः मासोऽग्रे तिष्ठति, अमात्यो भणति-उपायः क्रियतां तथा-अमुकः प्रत्यन्तराजः उत्कृष्टः ( द्रुप्तः ) अज्ञायमानाः पुरुषा कूटलेखानुपनयन्तु, एवमेतेन ★ ०मासंतमासग्गे०

[३९] कयगेण ते कूडलेहा रण्णो उवट्ठाविया, ताहे राया जत्तं गिण्हइ, तं विस्सभूइणा सुयं, ताहे भणति- मए जीवमाणे तुब्भे किं निग्गच्छह ?, ताहे सो गओ, ताहे चेव इमो अइगओ, सो गतो तं पच्चंतं, जाव न किंचि पिच्छइ अहुमेरंतं, ताहे आहिंडित्ता जाहे नत्थि कोई जो आणं अइक्कमति, ताहे पुणरवि पुप्फकरंडयं उज्जाणमागओ, तत्थ दारवाला दंडगहियग्गहत्था भणंति-मा अईह सामी !, सो भणति-किं निमित्तं ?, एत्थ विसाहनन्दी कुमारो रमइ, ततो एयं सोऊण कुविओ विस्सभूई, तेण नायं-अहं कयगेण निग्गच्छाविओत्ति, तत्थ कविट्ठलता अणेगफलभरसमोणया, सा मुट्ठिपहारेण आहया, ताहे तेहिं कविट्ठेहिं भूमी अत्थुआ, ते भणति-एवं अहं तुज्झं सीसाणि पाडिंतो जइ अहं महल्लपिउओ गोरवं न करेंतो, अहं भे छम्मेण नीणिओ, तम्हा अलाहि भोगेहिं, तओ निग्गओ भोगा अवमाणमूलन्ति, अज्जसंभूआणं थेराणं अंतिए पव्वइओ, तं पव्वइयं सोउं

---

માટે) તૈયાર થાય છે. આ વાત વિશ્વભૂતિએ સાંભળી ત્યારે તે કહે છે, "હું જીવું છું અને છતાં તમે શા માટે જાઓ છો ?" તે યુદ્ધ માટે ગયો. (જેવો તે ઉદ્યાનમાંથી બહાર ગયો કે) તરત આ વિશાખાનંદી ઉદ્યાનમાં પ્રવેશ્યો.

વિશ્વભૂતિ શત્રુરાજાને જીતવા તેની સામે ગયો. પરંતુ ત્યાં કોઈ ઉપદ્રવ કરનારને જોતો નથી. ચારે–બાજુ ફરીને, જ્યારે કોઈ રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર નહોતું, ત્યારે ફરી પાછો પુષ્પ–કરંડક ઉદ્યાનમાં આવ્યો. ત્યાં હાથમાં દંડ પકડીને ઊભેલા દ્વારપાલો કહે છે – "હે સ્વામી ! હવે તમે અંદર પ્રવેશ કરતા નહિ." ત્યારે વિશ્વભૂતિ પૂછે છે "શા માટે ?" "અહીં વિશાખાનંદી કુમાર ક્રીડા કરી રહ્યા છે" એ પ્રમાણે દ્વારપાલો પાસેથી સાંભળી વિશ્વભૂતિ ગુસ્સે થયો. તેણે જાણી લીધું કે બનાવટી ઘટનાથી મને આ ઉદ્યાનમાંથી બહાર કાઢવામાં આવ્યો છે.

નજીકમાં જ કોઠાના ફળની લતાઓ રહેલી હતી. જે અનેક ફળોના ભારથી નમેલી હતી. તેણે તેના પર એક મુઠ્ઠીનો પ્રહાર કર્યો. તેનાથી એટલા બધા કોઠાના ફળ પડ્યા કે આખી જમીન તેનાથી ઢંકાઈ ગઈ અને તેણે દ્વારપાલોને કહ્યું, "આ પ્રમાણે તમારા પણ મસ્તકો પાડી નાખત, જો હું મોટા કાકાનું (વિશ્વનંદીરાજાનું) ગૌરવ ન કરતો હોત. હું તમારાવડે કપટથી આ ઉદ્યાનમાંથી બહાર કઢાયો છું તેથી ભોગોવડે સર્યું." ભોગો અપમાનનું મૂળ છે એમ વિચારી ત્યાંથી વિશ્વભૂતિ નીકળી ગયો અને આર્યસંભૂતિ સ્થવિર પાસે દીક્ષા લીધી.

---

३९. कृतकेन ते कूटलेखा राज्ञे उपस्थिताः, तदा राजा यात्रां गृह्णाति, तत् विश्वभूतिना श्रुतं, तदा भणति-मयि जीवति यूयं किं निर्गच्छत, तदा स गतः, तदैवायं ( विशाखनन्दी ) अतिगतः, स गतः तं प्रत्यन्तं, यावन्न कञ्चित्पश्यति उपद्रवन्तं, तदाऽऽहिण्ड्य यदा नास्ति कोऽपि य आज्ञामतिक्रामति, तदा पुनरपि पुष्पकरण्डकमुद्यानमागतः, तत्र द्वारपाला गृहीतदण्डाग्रहस्ता भणन्ति-मा अतियासीः स्वामिन् ! स भणति-किंनिमित्तम् ? अत्र विशाखनन्दी कुमारो रमते, तत एतत् श्रुत्वा कुपितो विश्वभूतिः, तेन ज्ञातं- अहं कृतकेन निर्गमित इति, तत्र कपित्थलता अनेकफलभरसमवनता, सा मुष्टिप्रहरेणाहता, तदा तैः कपित्थैर्भूमिरास्तृता, तान् भणति-एवमहं युष्माकं शिरांस्यपातयिष्यं यद्यहं पितृव्यस्य गौरवं नाकरिष्यम्, अहं भवद्भिश्छद्मना नीतः, तस्मादलं भोगैः, ततो निर्गतो भोगा अपमानमूलमिति, आर्यसंभूतानां स्थविराणामन्तिके प्रव्रजितः, तं प्रव्रजितं श्रुत्वा + उड्डमेरंतं.

४०. ताहे राया संतेउरपरियणो जुवराया य निग्गओ, ते तं खमावेंति, ण य तेसिं सो आणत्तिं गेण्हति। ततो बहूहिं छट्ठट्ठमादिएहिं अप्पाणं भावेमाणो विहरइ, एवं सो विहरमाणो महुरं नगरिं गतो। इओ य विसाहनंदी कुमारो तत्थ महुराए पिउच्छाए रण्णो अग्गमहिसीए धूआ लद्धेल्लिआ, तत्थ गतो, तत्थ से रायमग्गे आवासो दिण्णो। सो य विस्सभूती अणगारो मासखमणपारणे हिंडंतो तं पदेसमागओ जत्थ ठाणे विसाहणंदीकुमारो अच्छति, ताहे तस्स पुरिसेहिं कुमारो भण्णति-सामि! तुब्भे एयं न जाणह ?, सो भणति-न जाणामि, तेहिं भण्णति-एस सो विस्सभूती कुमारो, ततो तस्स तं दट्ठूण रोसो जाओ। एत्थंतरा सूतिआए गावीए पेल्लिओ पडिओ, ताहे तेहिं उक्किट्ठकलयलो कओ, इमं च णेहिं भणिअं-तं बलं तुज्झ कविट्ठपाडणं च कहिं गतं ?, ताहे णेण ततो पलोइयं, दिट्ठो य णेण सो पावो, ताहे अमरिसेणं तं गाविं अग्गसिंगेहिं गहाय उड्ढं उव्वहति,

---

તેની દીક્ષાની વાતને સાંભળી અંતઃપુર અને પરિજન સહિત રાજા અને યુવરાજ વિશ્વભૂતિ પાસે આવે છે અને તેની પાસે ક્ષમા યાચે છે. પરંતુ વિશ્વભૂતિ તેમની વિનંતીને સ્વીકારતો નથી. ત્યાર પછી ઘણા છઠ્ઠ–અઠ્ઠમાદિ તપવડે પોતાને ભાવિત કરતો વિચરે છે. આ પ્રમાણે વિચરતા તે મથુરાનગરીમાં પહોંચ્યો. આ બાજુ વિશાખાનંદી પણ મથુરાનગરીમાં આવ્યો, કારણ કે ત્યાંના રાજાની પટરાણી કે જે વિશાખાનંદીની ફોઈ હતી તેની દીકરી સાથે વિશાખાનંદીની સગાઈ થયેલી હતી. ત્યાં તેને રાજમાર્ગમાં આવેલા મહેલમાં ઉતારો આપ્યો હતો.

માસક્ષપણના પારણે નગરીમાં ભમતો તે વિશ્વભૂતિ અણગાર તે પ્રદેશમાં આવ્યો કે જ્યાં વિશાખાનંદી કુમાર રહેલો હતો. ત્યાં તેના માણસોએ વિશાખાનંદીને કહ્યું, "સ્વામી ! શું તમે આ પુરુષને નથી જાણતા ?" તેણે કહ્યું, "ના, હું જાણતો નથી." ત્યારે માણસોએ કહ્યું, "તે આ વિશ્વભૂતિકુમાર છે." તેથી તેને જોઈ વિશાખાનંદીને ગુસ્સો આવ્યો. તે દરમિયાન એક પ્રસૂતિવાળી ગાયે ધક્કો મારવાથી વિશ્વભૂતિ પડ્યો. તેથી તે માણસો મોટેથી હસ્યા અને કહ્યું, "કોઠાના ફળને પાડનારું તારું તે બળ ક્યાં ગયું ?" ત્યારે વિશ્વભૂતિએ તે બાજુ જોયું ત્યાં તેણે પાપી વિશાખાનંદીને જોયો. ગુસ્સેથી તે ગાયને આગળના શિંગડાથી પકડી ઉપર ઉછાળી.

---

४०. तदा राजा सान्तःपुरपरिजनो युवराजश्च निर्गतः, ते तं क्षमयन्ति, न च तेषां स आज्ञप्तिं ( विज्ञप्तिं ) गृह्णाति। ततो बहुभिः षष्ठाष्टमादिकैरात्मानं भावयन् विहरति, एवं स विहरन् मथुरां नगरीं गतः। इतश्च विशाखनन्दी कुमारस्तत्र मथुरायां पितृष्वसू राज्ञोऽग्रमहिष्या दुहिता लब्धपूर्वा ( इति ) तत्र गतः, तत्र तस्य राजमार्गे आवासो दत्तः। स च विश्वभूतिरनगारः मासक्षपणपारणे हिण्डमानः तं प्रदेशमागतः यत्र स्थाने विशाखनन्दी कुमारः तिष्ठति, तदा तस्य पुरुषैः कुमारो भण्यते-स्वामिन्! त्वं एनं न जानीथ ?, स भणति- न जानामि, तैर्भण्यते—एष स विश्वभूतिः कुमारः, ततस्तस्य तं दृष्ट्वा रोषो जातः। अत्रान्तरे प्रसूतया गवा प्रेरितः पतितः, तदा तैरुत्कृष्टकलकलः कृतः, इदं च तैर्भणितम्—तत् बलं तव कपित्थपातनं च क्व गतं ?, तदाऽनेन ततः प्रलोकितं, दृष्टश्चानेन स पापः तदाऽमर्षेण तां गां अग्रशृङ्गाभ्यां गृहीत्वोर्ध्वमुत्क्षिपति,

[૪૧] सुदुब्बलस्सवि सिंघस्स किं सियालेहिं बलं लंघिज्जइ ?, ताहे चेव नियत्तो, इमो दुरप्पा अज्जवि मम रोसं वहति, ताहे सो नियाणं करेति-जइ इमस्स तवनियमस्स बंभचेरस्स फलमत्थि तो आगमेसाणं अपरिमितबलो भवामि । तत्थ सो अणालोइयपडिक्कंतो महासुक्के उववन्नो, तत्थुक्कोसठितिओ देवो जातः । ततो चइऊण पोअणपुरे णगरे पुत्तो पयावइस्स मिगावईए देवीए कुच्छिंसि उववण्णो । तस्स कहं पयावई नामं, तस्स पुव्वं रिउपडिसत्तुत्ति णामं होत्था, तस्स य भद्दाए देवीए अत्तए अयले नामं कुमारे होत्था, तस्स य अयलस्स भगिणी मियावईनाम दारिया अतीव रूववती, सा य उम्मुक्कबालभावा सव्वालंकारविभूसिआ पिउपायवंदिया गया, तेण सा उच्छंगे निवेसिआ, सो तीसे रूवे जोव्वणे य अंगफासे य मुच्छिओ, तं विसज्जेत्ता पउरजणवयं वाहरति-जं एत्थं रयणं उप्पज्जइ तं कस्स होति ?, ते भणंति–तुब्भं, एवं तिण्णि वारा

ઘણા દુર્બળ એવા પણ સિંહના બળને શું શિયાળીયાઓ પહોંચી શકે ? નહિ જ (અર્થાત્ સિંહ જેવા વિશ્વભૂતિ ભલે તપથી દૂર્બળ થયા હોય તો પણ શિયાળ જેવા વિશાખાનંદી તેને પહોંચી શકે તેમ નથી.) એમ કહી તરત ત્યાંથી નીકળી ગયો અને વિચાર્યું, "આ દુરાત્મા (વિશાખાનંદી) આજે પણ મારી ઉપર રોષ રાખે છે." વિશ્વભૂતિ નિયાણુ કરે છે → "જો આ તપ-નિયમ અને બ્રહ્મચર્યનું ફળ હોય તો ભવિષ્યમાં હું અપરિમિતબળવાળો થાઉં." ત્યાર પછી પાપની આલોચના – પ્રતિક્રમણ કર્યા વિના જ મહાશુક્રદેવલોકમાં ઉત્પન્ન થયો અને ઉત્કૃષ્ટસ્થિતિવાળો દેવ થયો.

ત્યાંથી ચ્યવી પોતનપુરનગરમાં પ્રજાપતિની મૃગાવતીદેવીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. અહીં પ્રજાપતિનું "પ્રજાપતિ" નામ કેવી રીતે પડ્યું ? તે બતાવે છે – પૂર્વે તેનું નામ 'રિપુપ્રતિશત્રુ' હતું. તેને ભદ્રાનામની દેવીથી જન્મેલો અચળ નામનો કુમાર હતો. તે અચલને અત્યંત રૂપવતી એવી મૃગાવતી નામની બહેન હતી. યૌવનપણાને પામેલી તે એકવાર સર્વ–અલંકારોથી વિભૂષિત થયેલી પિતાને પગે લાગવા ગઈ. પિતાએ તેણીને પોતાના ખોળામાં બેસાડી. પિતા તેણીના રૂપ, યૌવન અને અંગના સ્પર્શમાં અત્યંત મૂર્છિત (આસક્ત) થયો.

તેણીને જવાની રજા આપીને નગરવાસીઓને બોલાવે છે અને પૂછે છે કે "આ નગરમાં જે રત્ન ઉત્પન્ન થાય તે કોનું થાય ?" નગરજનો કહે છે કે "તમારું જ." આ પ્રમાણે ત્રણ વાર

૪૧. सुदुर्बलस्यापि सिंहस्य किं शृगालैर्बलं लङ्घ्यते ?, तदैव निवृत्तः, अयं दुरात्माऽद्यापि मयि रोषं वहति, तदा स निदानं करोति-यद्यस्य तपोनियमस्य ब्रह्मचर्यस्य फलमस्ति तर्हि आगमिष्यन्त्यां अपरिमितबलो भूयासं । तत्र सोऽनालोचितप्रतिक्रान्तो महाशुक्रे उत्पन्नः, तत्रोत्कृष्टस्थितिको देवो जातः । ततश्च्युत्वा पोतनपुरे नगरे पुत्रः प्रजापतेर्मृगावत्या देव्याः कुक्षौ उत्पन्नः । तस्य कथं प्रजापतिर्नाम ?, तस्य पूर्वं रिपुप्रतिशत्रुरिति नामाभवत्, तस्य च भद्राया देव्या आत्मजः अचलो नाम कुमारोऽभवत्, तस्य चाचलस्य भगिनी मृगावती नाम दारिकाऽतीव रूपवती, सा चोन्मुक्तबालभावा सर्वालङ्कारविभूषिता पितृपादवन्दिका गता, तेन सोत्सङ्गे निवेशिता, स तस्या रूपे यौवने चाङ्गस्पर्शे च मूर्छितः, तां विसृज्य पौरजनपदं व्याहरति-यदत्र रत्नमुत्पद्यते तत्कस्य भवति ?, ते भणन्ति-तव, एवं त्रीन् वारान्

[૪૨] साहिए सा चेडी उवट्ठविआ, ताहे लज्जिआ निग्गया, तेसिं सव्वेसिं कुव्वमाणाणं गंधव्वेण विवाहेण सयमेव विवाहिया, उप्पाइया णेणं भारिया, सा भद्दा पुत्तेण अयलेण समं दक्खिणावहे माहेस्सरिं पुरिं निवेसेति, महन्तीए इस्सरीए कारियत्ति माहेस्सरी, अयलो मायं ठविऊण पिउमूलमागओ, ताहे लोएण पयावई नामं कयं, पया अणेण पडिवण्णा पयावइत्ति, वेदेऽप्युक्तम्– "प्रजापतिः स्वां दुहितरमकामयत" । ताहे महासुक्काओ चइऊण तीए मीयावईए कुच्छिंसि उववण्णो, सत्त सुमिणा दिट्ठा, सुविणपाढएहिं पढमवासुदेवो आदिट्ठो, कालेण जाओ, तिण्णि य से पिट्ठकरंडगा तेण से तिविट्ठू णामं कयं, माताए परिमक्खित्तो उण्हतेल्लेणंति, जोव्वणगमणुपत्तो । इओ य महामंडलिओ आसग्गीवो राया, सो णेमित्तियं पुच्छति–कत्तो मम भयंति, तेण भणियं–जो चंडमेहं दूतं आधरिसेहिति, अवरं ते य महाबलगं सीहं मारेहिति, तत्तो ते भयंति,

બધા પાસે બોલાવડાવી તે પુત્રીને બોલાવી. આવેલી તે શરમાઈ ગઈ અને જતી રહી. તે સર્વ નગરજનો (અંદરોઅંદર) ગણગણ કરતાં હતા ત્યાં ગાંધર્વવિવાહવડે પોતે જ પરણ્યો અને પોતાની પત્ની બનાવી. તે ભદ્રાદેવી પોતાના અચલપુત્ર સાથે દક્ષિણાપથમાં માહેશ્વરીનગરીમાં ગઈ. આ નગરી મોટી ઋદ્ધિવડે કરાયેલ હતી. તેથી માહેશ્વરીનામ હતું.

અચલ માતાને મૂકી પુનઃ પિતા પાસે આવ્યો. ત્યારે લોકોવડે આ રાજાનું "પ્રજાપતિ" નામ પાડ્યું કારણ કે તેના વડે પ્રજા(દીકરી) સ્વીકારાયેલી હતી. વેદમાં પણ કહ્યું છે 'પ્રજાપતિએ પોતાની દીકરી ઈચ્છી.' આ પ્રજાપતિની મૃગાવતીદેવીની કુક્ષિમાં મહાશુક્રમાંથી ચ્યવી તે વિશ્વભૂતિનો જીવ પુત્રરૂપે ઉત્પન્ન થયો. માતાએ સાત સ્વપ્નો જોયા. સ્વપ્નપાઠકોએ "આ પ્રથમવાસુદેવ થશે" એ પ્રમાણે જણાવ્યું. જતા કાલે તેનો જન્મ થયો. તેને પીઠમાં ત્રણ પાંસળીઓ હોવાથી તેનું "ત્રિપૃષ્ઠ" નામ રાખવામાં આવ્યું.

માતા ઉષ્ણતેલવડે તેને માલિશ કરતી, અનુક્રમે તે યૌવનાવસ્થાને પામ્યો. તે વખતે અશ્વગ્રીવનામે મહામાંડલિક રાજા હતો. તે નૈમિતિકને પૂછે છે, "મારે કોનાથી ભય છે ?" નૈમિતિક કહે છે, "જે તમારા ચંડમેઘનામના દૂતને માર મારશે તથા તમારા મહાબલી એવા સિંહને જે મારશે તેનાથી તમને ભય છે." રાજાએ સાંભળ્યું કે, "પ્રજાપતિના પુત્રો ઘણાં બળવાન

૪૨. साधिते सा चेट्यपस्थापिता, तदा लज्जिता निर्गताः, सर्वेषां तेषां कूजतां गान्धर्वेण विवाहेन स्वयमेव विवाहिता, उत्पादिता तेन भार्या, सा भद्रा पुत्रेणाचलेन समं दक्षिणापथे माहेश्वरीं पुरीं निविशति, महत्या ईश्वर्या कारितेति माहेश्वरी, अचलो मातरं स्थापयित्वा पितृमूलमागतः, तदा लोकेन प्रजापतिः नाम कृतं, प्रजा अनेन प्रतिपन्ना प्रजापतिरिति । तदा महाशुक्रात् च्युत्वा तस्या मृगावत्याः कुक्षावुत्पन्नः, सप्त स्वप्ना दृष्टाः, स्वप्नपाठकैः प्रथमवासुदेव आदिष्टः, कालेन जातः, त्रीणि च तस्य पृष्ठकरण्डकानि तेन तस्य त्रिपृष्ठः नाम कृतं, मात्रा परिम्रक्षितः उष्णतैलेनेति, यौवनमनुप्राप्तः । इतश्च महामाण्डलिकः अश्वग्रीवो राजा, स नैमित्तिकं पृच्छति–कुतो मम भयमिति, तेन भणितम्–यश्चण्डमेघं दूतं आधर्षिष्यति, अपरं तव च महाबलिनं सिंहं मारयिष्यति, ततस्तव भयमिति,

[४३] तेण सुयं जहा–पयावइपुत्ता महाबलवगा, ताहे तत्थ दूतं पेसेति, तत्थ य अंतेउरे पेच्छणयं वट्टति, तत्थ दूतो पविट्ठो, राया उट्ठिओ, पेच्छणयं भग्गं, कुमारा पेच्छणगेण अक्खित्ता भणंति–को एस ?, तेहिं भणिअं–जहा आसग्गीवरण्णो दूतो, ते भणंति–जाहे एस वच्चेज्ज ताहे कहेज्जाह, सो राइणा पूएऊण विसज्जिओ पहाविओ अप्पणो विसयस्स, कहियं कुमाराणं, तेहिं गंतूण अद्धपहे हओ, तस्स जे सहाया ते सव्वे दिसोदिसिं पलाया, रण्णा सुयं जहा–आधरिसिओ दूओ, संभंतेण निअत्तिओ, ताहे रण्णा बिउणं तिगुण दाऊण मा हु रण्णो साहिज्जसु जं कुमारेहिं कयं, तेण भणियं–न साहामि, ताहे जे ते पुरतो गता तेहिं सिट्ठं जहा–आधरिसिओ दूतो, ताहे सो राया कुविओ, तेण दूतेण णायं जहा–रण्णो पुव्वं कहितेल्लयं, जहावित्तं सिट्ठं, ततो आसग्गीवेण अण्णो दूतो पेसिओ, वच्च पयावइं गंतूण भणाहि–मम सालिं रक्खाहि भक्खिज्जमाणं, गतो दूतो,

---

છે.” તેથી ત્યાં દૂતને મોકલે છે એ સમયે ત્યાં અંતઃપુરમાં નાટક ચાલતું હોય છે. એવામાં ત્યાં દૂત પ્રવેશ્યો. તેથી રાજા ઊભો થયો. નાટક અટકી જાય છે. તેથી નાટકમાં આકર્ષાયેલા કુમારો (ખલેલ પડતા) પૂછે છે “આ કોણ છે?” નિયુક્ત પુરુષોએ કહ્યું “આ અશ્વગ્રીવ રાજાનો દૂત છે.” તે કુમારો માણસોને કહે છે, “જ્યારે આ પાછો પોતાના નગર તરફ જાય ત્યારે અમને કહેજો.” બીજી બાજુ તે રાજાએ પૂજા–સત્કાર કરીને દૂતને રજા આપી અને તે પોતાના દેશ તરફ જવા નીકળ્યો. માણસોએ કુમારોને દૂતના ગમનની વાત કરી. કુમારોએ જઈ રસ્તા વચ્ચે તેને પકડ્યો અને માર માર્યો. દૂતની સાથે જે સહાયમાં હતા તે બધા ચારે દિશામાં ભાગી ગયા.

“કુમારોએ દૂતને માર્યો છે” આ વાત (પ્રજાપતિ) રાજાએ સાંભળી અને (અશ્વગ્રીવના) ભયથી દૂતને પાછો બોલાવ્યો. રાજાએ દૂતને બમણું – ત્રણગણું દ્રવ્ય આપીને કહ્યું કે, “આ કુમારોએ જે તમારી સાથે વર્તાવ કર્યો તે તમારા રાજાને કહેશો નહિ.” દૂતે કહ્યું, “હું કહીશ નહિ.” પરંતુ દૂતની સાથેના જે સેવકો હતા જે ચારે દિશામાં ભાગી છૂટ્યા હતા. તેઓએ ત્યાં પહોંચી રાજાને વાત કરી દીધી હતી. ત્યારે તે રાજા ગુસ્સે ભરાયો.

બીજી બાજુ દૂત આવ્યો. તેણે પણ જાણી લીધું કે, “રાજાને પૂર્વે જ બધું કહેવાઈ ગયું છે.” તેથી દૂતે પણ જે થયું હતું તે મુજબ કહ્યું. અશ્વગ્રીવરાજાએ બીજો દૂત મોકલ્યો અને દૂતને કહ્યું,

---

४३. तेन श्रुतं यथा–प्रजापतिपुत्रौ महाबलिनौ, तदा तत्र दूतं प्रेषयति, तत्र चान्तःपुरे प्रेक्षणकं वर्त्तते, तत्र दूतः प्रविष्टः, राजोत्थितः, प्रेक्षणकं भग्नं, कुमारौ प्रेक्षणकेनाक्षिप्तौ भणतः–क एषः ?, तैर्भणितं यथा–अश्वग्रीवराजस्य दूतः, तौ भणतः–यदा एष व्रजेत् तदा कथयेत, स राज्ञा पूजयित्वा विसृष्टः प्रधावित आत्मनो विषयाय, कथितं कुमाराभ्यां, ताभ्यां गत्वाऽर्धपथे हतः, तस्य ये सहायाः ते सर्वे दिशोदिशि पलायिताः, राज्ञा श्रुतं यथा–आधर्षितो दूतः, संभ्रान्तेन निवर्त्तितः, तदा राज्ञा द्विगुणं त्रिगुणं दत्त्वा मैव चीकथः राज्ञे यत्कुमाराभ्यां कृतं, तेन भणितं–न साधयामि, तदा ये ते पुरतो गतास्तैः शिष्टं यथा–आधर्षितो दूतः, तदा स राजा कुपितः, तेन दूतेन ज्ञातं यथा–राज्ञे पूर्वे कथितं, यथावृत्तं शिष्टं, ततः अश्वग्रीवेणान्यो दूतः प्रेषितः, व्रज प्रजापतिं गत्वा भण–मम शालीन् भक्ष्यमाणान् रक्ष, गतो दूतः,

४४ रण्णा कुमारा उवलद्धा-किह अकाले मच्चू खवलिओ ?, तेण अम्हे अवारए चेव जत्ता आणत्ता, राया पहाविओ, ते भणंति–अम्हे वच्चामो, ते रुब्भंता मङ्काए गया, गंतूण खेत्तिए भणंति–किहऽण्णे रायाणो रक्खियाइया ?, ते भणंति–आसहत्थिरहपुरिस–पागारं काऊणं, केच्चिरं ?, जाव करिसणं पविट्ठं, तिविट्ठू भणति–को एच्चिरं अच्छति ?, मम तं पएसं दरिसह, तेहिं कहियं-एताए गुहाए, ताहे कुमारो रहेणं तं गुहं पविट्ठो, लोगेण दोहिवि पासेहि कलयलो कओ, सीहो वियंभंतो निग्गओ, कुमारो चिन्तेइ-एस पाएहिं अहं रहेण, विसरिसं जुद्धं, असिखेडगहत्थो रहाओ ओइण्णओ, ताहे पुणोवि विचिन्तेइ–एस दाढानक्खाउहो अहं असिखेडएण, एवमवि असमंजसं, तंपि अणेण असिखेडगं छड्डियं, सीहस्स अमरिसो जातो-एगं ता रहेण गुहं अतिगतो

"તું જા, પ્રજાપતિને જઈને કહે કે, ખવાતા એવા મારા ખેતરોનું રક્ષણ કરો." દૂત ગયો. રાજાએ કુમારોને ઠપકો આપ્યો, "શા માટે અકાળે મૃત્યુને આમંત્રણ આપ્યું ?" (અર્થાત્ તમે જે દુષ્કૃત્ય કર્યું છે તેનું આ ફળ છે.) જેથી આપણો વારો ન હોવા છતાં યુદ્ધની આજ્ઞા થઈ."

રાજા રક્ષણ માટે નીકળ્યો. તેથી કુમારો કહે છે, "અમે જઈએ." રાજાવડે અટકાવવા છતાં પરાણે (मङ्काए) તે કુમારો ગયા. ત્યાં જઈ ખેડૂતોને પૂછે છે કે, "અન્યરાજાઓ કેવી રીતે આ ખેતરોનું રક્ષણ કરે છે ?" ખેડુતોએ કહ્યું, "કિલ્લો બનાવી અશ્વ–હાથી–રથ અને પુરુષોવડે કરે છે. "કેટલા કાળ સુધી રક્ષણ કરે છે ?" "જ્યાં સુધી લણણી ન થાય ત્યાં સુધી તેઓ રક્ષણ કરે છે." આ સાંભળી ત્રિપૃષ્ઠે કહ્યું, "આટલો કાળ કોણ અહીં રહે ? મને તમે તે સ્થાન બતાવો." તેઓએ કહ્યું, "આ દિશામાં એક ગુફા છે ત્યાં સિંહ છે."

ત્યારે કુમાર રથ સાથે તે ગુફા તરફ ગયો. બંનેની પાછળ લોકોએ અવાજ કર્યો. સિંહ બગાસું ખાતાં બહાર નીકળ્યો. કુમાર વિચારે છે, "આ પગ ઉપર ઊભો છે અને હું રથ ઉપર છું, તેથી આ અસમાન યુદ્ધ કહેવાય" એમ વિચારી તલવાર–અને ઢાલ લઈ રથમાંથી નીચે ઉતર્યો. પરંતુ તે ફરી વિચારવા લાગે છે, "આ સિંહ પાસે શસ્ત્ર તરીકે તેની દાઢા અને નખ છે. જ્યારે મારી પાસે ઢાલ–તલવાર છે, તે પણ યોગ્ય નથી." તેથી તે શસ્ત્રો પણ તેણે છોડી દીધા. આ જોઈ સિંહને ગુસ્સો આવ્યો કે એક તો રથવડે ગુફા પાસે તે એકલો આવ્યો, બીજું

४४. राज्ञा कुमारावुपालब्धौ-किमकाले मृत्युरामन्त्रितः ?, तेनास्माकमवारके एव यात्राऽऽज्ञप्ता, राजा प्रधावितः ( गन्तुमारब्धः ), तौ भणतः, आवां व्रजावः, तौ रुध्यमानौ बलाद्गतौ, गत्वा क्षेत्रिकान् भणतः-कथमन्ये राजानः रक्षितवन्तः ?, ते भणन्ति-अश्वहस्तिरथपुरुषैः प्राकारं कृत्वा, कियच्चिरं ?, यावत् कर्षणं प्रविष्टं ( भवति ), त्रिपृष्ठः भणति-क इयच्चिरं तिष्ठति ?, मह्यं तं प्रदेशं दर्शयत, तैः कथितं-एतस्यां गुहायां, तदा कुमारो रथेन तां गुहां प्रविष्टः, लोकेन कलकलो द्वयोरपि पार्श्वयोः कृतः, सिंहो विजृम्भमाणः निर्गतः, कुमारश्चिन्तयति-एष पादाभ्यामहं रथेन, विसदृशं युद्धं, असिखेटकहस्तः रथादवतीर्णः, तदा पुनरपि विचिन्तयति-एष दंष्ट्रानखायुधः अहमसिखेटकेन, एवमप्यसमञ्जसं, तदप्यसिखेटकमनेन त्यक्तं, सिंहस्यामर्षो जातः-एकं तावत् रथेन गुहामतिगतः

[४५] एगागी, बितिअं भूमिं ओतिण्णो, ततिअं आउहाणि विमुक्काणि, अज्ज णं विणिवाएमित्ति महता अवदालिएण वयणेण उक्खंदं काऊण संपत्तो, ताहे कुमारेण एगेण हत्थेण उवरिल्लो होट्ठो एगेणं हेट्ठिल्लो गहिओ, ततो णेण जुण्णपडगोविव दुहाकाऊण मुक्को, ताहे लोएण उक्कुट्ठिकलयलो कओ, अहासन्निहिआए देवयाए आभरणवत्थकुसुमवरिसं वरिसियं, ताहे सीहो तेण अमरिसेण फुरफुरेंतो अच्छति, एवं नाम अहं कुमारेण जुद्धेण मारिओत्ति, तं च किर कालं भगवओ गोअमासमी रहसारही आसी, तेण भण्णति-मा तुमं अमरिसं वहाहि, एस नरसीहो तुमं मियाहिवो, तो जइ सीहो सीहेण मारिओ को एत्थ अवमाणो ?, ताणि सो वयणाणि महुमिव पिबति, सो मरित्ता नरएसु उववण्णो, सो कुमारो तच्चम्मं गहाय सनगरस्स पहावितो, †ते गामिल्लए भणति-गच्छह भो तस्स घोडयगीवस्स कहेह जहा अच्छसु वीसत्थो, तेहिं गंतूण सिट्ठं, रुट्ठो दूतं विसज्जेइ,

રથમાંથી નીચે ઉતર્યો, ત્રીજું શસ્ત્રો પણ છોડી દીધા.

હમણાં જ એને હું મારી નાખું એમ વિચારી ઉઘાડેલા મોટા મુખવડે ગર્જના કરતો તે સિંહ વાસુદેવ તરફ કૂદ્યો. ત્યારે કુમારે એક હાથથી ઉપરના હોઠને અને બીજા હાથથી નીચેના હોઠને પકડ્યો અને જીર્ણવસ્ત્રની જેમ બે ટુકડા કરીને ફેંકી દીધો. આ જોઈ લોકો મોટેથી હર્ષની ચિચિયારીઓ કરવા લાગ્યા. પાસે રહેલા દેવે આભરણ–વસ્ત્ર અને કુસુમવૃષ્ટિ કરી. "આ કુમારે મને યુદ્ધવડે મારી નાંખ્યો" એવા ગુસ્સા સાથે તે સિંહ કંપી રહ્યો હતો. તે સમયે ભગવાનગૌતમસ્વામી રથના સારથિરૂપે હતા. (અર્થાત્ ગૌતમસ્વામીનો જીવ તે ભવમાં રથના સારથિ તરીકે હતો.)

તે સારથિએ કહ્યું, "હે સિંહ ! તુ ગુસ્સો કર નહિ, તું સિંહ છે તો આ નરોમાં સિંહ સમાન છે. તેથી જો સિંહે સિંહને માર્યો તેમાં અપમાન શેનું ?" આ વચનોને તે સિંહ મધની જેમ પીએ છે. તે સિંહ મરીને નરકમાં ઉત્પન્ન થયો. કુમાર તેના ચામડાને લઈ પોતાના નગર તરફ ગયો. જતી વખતે તે ગામના લોકોને કહે છે કે, "જાઓ, તે અશ્વગ્રીવરાજાને કહો કે હવે શાંતિથી રહે." તેઓએ જઈ રાજાને કહ્યું.

રાજા ગુસ્સે ભરાયો. દૂતને મોકલ્યો અને સંદેશો કહેવડાવ્યો કે, "તમારા પુત્રોને મારી

४५. एकाकी, द्वितीयं भूमिमवतीर्णः, तृतीयमायुधानि विमुक्तानि, अद्य एनं विनिपातयामीति महताऽवदारितेन वदनेनोत्क्रन्दं कृत्वा संप्राप्तः, तदा कुमारेणैकेन हस्तेनोपरितन ओष्ठ एकेनाधस्त्यो गृहीतः, ततस्तेन जीर्णपट इव द्विधाकृत्य मुक्तः, तदा लोकेनोत्कृष्टिकलकलः कृतः, यथासन्निहितया देवतयाभरणवस्त्रकुसुमवर्षं वर्षितं, तदा सिंहस्तेनामर्षेण स्फुरंस्तिष्ठति, एवं नामाहं कुमारेण युद्धेन मारितः इति, तस्मिंश्च किल काले भगवतो गौतमस्वामी रथसारथिरासीत्, तेन भण्यते-मा त्वममर्षं वाहीः, एष नरसिंहः त्वं मृगाधिपः, तद्यदि सिंहः सिंहेन मारितः कोऽत्रापमानः ? तानि वचनानि स मध्विव पिबति, स मृत्वा नरके उत्पन्नः, स कुमारस्तच्चर्म गृहीत्वा स्वनगराय प्रधावितः, तांश्च ग्रामेयकान् भणति-गच्छत भोः तस्मै अश्वग्रीवाय कथयत यथा तिष्ठ विश्वसतः, तैर्गत्वा शिष्टं, रुष्टो दूतं विसृजति, † ते य.

[४६] **एते पुत्ते तुमं मम ओलग्गए पट्ठवेहि, तुमं महल्लो, जाहे पेच्छामि सक्कारेमि रज्जाणि य देमि, तेण भणियं–अच्छंतु कुमारा, सयं चेव णं ओलग्गामित्ति, ताहे सो भणति-किं न पेसेसि ? अतो जुद्धसज्जो निग्गच्छसि, सो दूतो तेहिं आधरिसित्ता धाडिओ, ताहे सो आसग्गीवो सव्वबलेण उवट्ठिओ, इयरेवि देसंते ठिआ, सुबहुं कालं जुज्झेऊण हयगयरहनरादिक्खयं च पेच्छिऊण कुमारेण दूओ पेसिओ जहा–अहं च तुमं च दोण्णिवि जुद्धं सपंलग्गामो, किंवा बहुएण अकारिजणेण मारिएण ? एवं होउत्ति, बीअदिवसे रहेहिं संपलग्गा, जाहे आउधाणि खीणाणि ताहे चक्कं मुयइ, तं तिविठ्ठुस्स तुंबेण उरे पडिअं, तेणेव सीसं छिन्नं, देवेहिं उग्घुट्ठं-जहेस तिविट्ठू पढमो वासुदेवो उप्पण्णोत्ति । ततो सव्वे रायाणो पणिवायमुवगता, उयविअं अड्डभरहं, कोडिसिला**

સેવામાં હાજર કરો,.તમે વૃદ્ધ થયા છો, તમારા પુત્રો અહીં આવશે તો તેમને હું જોઈશ, તેમનો સત્કાર કરીશ અને રાજ્ય આપીશ." પ્રજાપતિરાજાએ જણાવ્યું કે, "કુમારો ભલે અહીં રહે હું સ્વયં જ તમારી સેવા કરીશ." અશ્વગ્રીવરાજાએ કહ્યું, "શા માટે મોકલતા નથી ? તેથી યુદ્ધ માટે તૈયાર થઈને નીકળો." આ સંદેશ લઈ દૂત જ્યારે પ્રજાપતિરાજા પાસે આવ્યો ત્યારે કુમારોએ તે દૂતને પકડીને માર્યો. તેથી અશ્વગ્રીવરાજા સર્વસૈન્ય સાથે યુદ્ધ માટે આવ્યો.

બીજી બાજુ કુમારો પણ સીમા ઉપર આવીને ઊભા રહ્યા. ઘણો કાળ યુદ્ધ કરીને હાથી–ઘોડા–રથ–સૈનિકોનો નાશ જોઈને કુમારે દૂત મોકલ્યો, "હું અને તમે એમ બે જણા યુદ્ધ કરીએ, ઘણાં નિર્દોષ માનવોની હત્યા શા માટે કરવી ?" અશ્વગ્રીવે વાત સ્વીકારી. બીજા દીવસે બંને જણા રથ સાથે આવ્યા. અને યુદ્ધ કરવા લાગ્યા. જ્યારે શસ્ત્રો પૂર્ણ થયા ત્યારે અશ્વગ્રીવરાજાએ વાસુદેવને મારવા ચક્ર છોડ્યું. તે ચક્ર તુંબથી (ચક્રના નાભિનો ભાગ કે જે અશ્વગ્રીવરાજાની આંગળી ઉપર હતો ત્યાંથી છુટી) ત્રિપૃષ્ઠવાસુદેવની છાતી ઉપર પડ્યું.

વાસુદેવે તે ચક્રથી જ અશ્વગ્રીવનો શિરચ્છેદ કર્યો. તે વખતે દેવોએ ઘોષણા કરી કે "આ ત્રિપૃષ્ઠ પ્રથમવાસુદેવ ઉત્પન્ન થયો છે." તેથી સર્વરાજાઓ વાસુદેવને પ્રણામ કરવા આવ્યા. વાસુદેવે અર્ધભરત જીત્યું. કરોડ વ્યક્તિઓથી ઉપાડી શકાય એવી કોટિશિલાને વાસુદેવે દંડ અને

**४६. एतौ पुत्रौ ममावलगके प्रस्थापय, त्वं वृद्धः, यतः पश्यामि सत्कारयामि राज्यानि च ददामि, तेन भणितम्-तिष्ठतां कुमारौ स्वयमेवावलगामीति, तदा स भणति-किं न प्रेषयसि ? अतो युद्धसज्जो निर्गच्छ, स दूतस्तैराधृष्ट धाटितः, तदा सोऽश्वग्रीवः सर्वबलेनोपस्थितः, इतरेऽपि देशान्ते स्थिताः, सुबहुं कालं युद्ध्वा हयगजरथनरादिक्षयं च प्रेक्ष्य कुमारेण दूतः प्रेषितो यथा-अहं च त्वं च द्वावपि युद्धं संप्रलगावः, किंवा बहुनाऽकारिजनेन मारितेन ?, एवं भवत्विति, द्वितीयदिवसे रथैः संप्रलग्नाः, यदाऽऽयुधानि क्षीणानि, तदा चक्रं मुञ्चति, तत् त्रिपृष्ठस्य तुम्बेनोरसि पतितं, तेनैव शिरश्छिन्नं, देवैरुद्घुष्टम्-यथैष त्रिपृष्ठः प्रथमो वासुदेव उत्पन्न इति । ततः सर्वे राजानः प्रणिपातमुपागताः, उपचित्तं ( साधितं ) अर्धभरतं, कोटीशिला + निग्गच्छति.**

दंडबाहाहिं धारिआ, एवं रहावत्तपव्वयसमीवे जुद्धं आसी । एवं परिहायमाणे बले कण्हेण किल जाणुगाणि जाव किहवि पाविआ । तिविट्ठू चुलसीइवाससयसहस्साइं सव्वाउयं पालइत्ता कालं काऊण सत्तमाए पुढवीए अप्पइट्ठाणे नरए तेत्तीसं सागरोवम★ट्ठिईओ नेरइओ उववण्णो । अयमासां भावार्थः, अक्षरार्थस्त्वभिधीयते—राजगृहे नगरे विश्वन+न्दी राजाऽभूत्, विशाखभूतिश्च तस्य *युवराजेति, तत्र '△जुवरण्णो'त्ति युवराजस्य धारिणीदेव्या विश्व▲भूति नामा पुत्र आसीत्, विशाखनन्दिश्चेतरस्य राज्ञ इत्य×र्थः, तत्रेत्थमधिकृतो मरीचिजीवः 'रायगिहे विस्सभूति'त्ति राजगृहे नगरे विश्वभूतिर्नाम विशाखभूतिसुतः क्षत्रियोऽभवत्, तत्र च वर्षकोट्यायुष्कमासीत्, तस्मिश्च भवे वर्षसहस्रं 'दीक्षा' प्रव्रज्या कृता संभूतियतेः पार्श्वे ।

तत्रैव—

**गोत्तासिउ महुराए सनिआणो मासिएण भत्तेणं ।**
**महसुक्के उववण्णो तओ चुओ पोअणपुरंमि ॥४४६॥**

गमनिका—पारणके प्रविष्टो गोत्रासितो मथुरायां निदानं चकार, मृत्वा च सनिदानोऽनालोचिताप्रतिक्रान्तो मासिकेन भक्तेन महाशुक्रे कल्पे उपपन्न उत्कृष्टस्थितिर्देव इति,

---

બાહુથી ઊંચી કરી. આ પ્રમાણે અશ્વગ્રીવ અને વાસુદેવ વચ્ચેનું યુદ્ધ રથાવર્તપર્વત પાસે થયું હતું. એ પ્રમાણે બળ ઘટતાં ઘટતાં છેલ્લા કૃષ્ણવાસુદેવે ઢીંચણ સુધી કોટિશિલા ઊંચકી હતી. આમ ત્રિપૃષ્ઠ ચોરાશીલાખવર્ષનું સર્વ આયુ પાળી કાળ કરી સાતમીપૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં તેત્રીસસાગરોપમની સ્થિતિવાળો નારક થયો. આ ભાવાર્થ કહ્યો. ગાથાનો અક્ષરાર્થ આ પ્રમાણે છે—રાજગૃહનગરમાં વિશ્વનંદી નામનો રાજા હતો, વિશાખાભૂતિ તેનો યુવરાજ હતો. યુવરાજને ધારિણીદેવીથી વિશ્વભૂતિનામે પુત્ર થયો અને રાજાને વિશાખાનંદીનામે પુત્ર હતો. ॥૪૪૪॥ ત્યાં અધિકૃત મરીચિનો જીવ રાજગૃહનગરમાં વિશ્વભૂતિનામે વિશાખાભૂતિના પુત્રરૂપે ક્ષત્રિય થયો. અને તેનું એકકરોડ વર્ષનું આયુ હતું. તે ભવમાં સંભૂતિમુનિ પાસે એકહજારવર્ષ સુધી પ્રવ્રજ્યા પાળી. ॥૪૪૫॥

**અવતરણિકા :** દીક્ષા લીધા પછી વિચરતા— વિચરતા મથુરાનગરીમાં પહોંચે છે. ત્યાં શું થાય છે ? તે કહે છે ⇨

**ગાથાર્થ : ગાથાર્થ ટીકાર્થ મુજબ જાણવો.**

**ટીકાર્થ :** માસક્ષપણના પારણે મથુરામાં પ્રવેશેલો ગાયથી ત્રાસ પમાડાયેલો, નિયાણા સહિત ત્યાંથી મરી મહાશુક્રદેવલોકમાં ઉત્કૃષ્ટસ્થિતિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી પોતનપુરમાં

---

४७. दण्डबाहुभ्यां धारिता, एवं रथावर्त्तपर्वतसमीपे युद्धमासीत् । एवं परिहीयमाणे बले कृष्णेन किल जानुनी यावत् कथमपि प्रापिता । त्रिपृष्ठश्चतुरशीतिवर्षशतसहस्राणि सर्वायुः पालयित्वा कालं कृत्वा सप्तम्यां पृथिव्यामप्रतिष्ठाने नरके त्रयस्त्रिंशत्सागरोपमस्थितिकः नैरयिक उत्पन्नः । ★ ट्ठिंतीए. +०न्दिर्नामा रा०. * नेदम्. △ नेदम्. ▲ भूतिर्नाम. × इति.

'ततो' महाशुक्राच्च्युतः पोतनपुरे नगरे–

**पुत्तो पयावइस्सा मिआवईदेविकुच्छिसंभूओ ।**
**नामेण तिविट्ठुत्ती आइं आसी दसाराणं ॥४४७॥**

गमनिका–पुत्रः प्रजापते राज्ञः मृगावतीदेवीकुक्षिसंभूतः नाम्ना त्रिपृष्ठः 'आदिः' प्रथमः आसीद् दसाराणां, तत्र वासुदेवत्वं चतुरशीतिवर्षशतसहस्त्राणि पालयित्वा अधः सप्तमनरक-पृथिव्यामप्रतिष्ठाने नरके त्रयस्त्रिंश( ग्रन्थाग्रम् ४५०० )त्सागरोपमस्थितिर्नारकः संजात इति ॥४४७॥

अमुमर्थं प्रतिपादयन्नाह–

**चुलसीईमप्पइट्ठे सीहो नरएसु तिरियमणुएसु ।**
**पिअमित्त चक्कवट्टी मूआइ विदेहि चुलसीई ॥४४८॥**

गमनिका–चतुरशीतिवर्षशतसहस्त्राणि वासुदेवभवे खल्वायुष्कमासीत्, तदनुभूय अप्रतिष्ठाने नरके समुत्पन्नः, तस्मादप्युद्वर्त्त्य सिंहो बभूव, मृत्वा च पुनरपि नरक एवोत्पन्न इति, 'तिरियमणुएसुत्ति' पुनः कतिचित् भवग्रहणानि तिर्यग्मनुष्येषूत्पद्य 'पिअमित्त चक्कवट्टी मूआइ विदेहि चुलसीइ'त्ति अपरविदेहे मूकायां राजधान्यां धनञ्जयनृपतेः धारिणीदेव्यां प्रियमित्राभिधानः चक्रवर्ती समुत्पन्नः, तत्र चतुरशीतिपूर्वशतसहस्त्राण्यायुष्कमासीदिति गाथार्थः ॥४४८॥

**पुत्तो धणंजयस्सा पुट्टिल परिआउ कोडि सव्वट्ठे ।**
**णंदण★ छत्तग्गाए पणवीसाउं सयसहस्सा ॥४४९॥**

(પુત્રરૂપે ઉત્પન્ન થાય છે.) ॥૪૪૬॥

**ગાથાર્થ : (મહાશુક્રદેવલોકમાંથી ચ્યવી પોતનપુરમાં) પ્રજાપતિની મૃગાવતીદેવીની કુક્ષિમાં ત્રિપૃષ્ઠનામે પુત્રરૂપે ઉત્પન્ન થયો અને તે વાસુદેવોમાં પ્રથમવાસુદેવ હતો.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. તે ભવમાં ચોરાશીલાખવર્ષ વાસુદેવપણાને પાળી સાતમી નરકમાં અપ્રતિષ્ઠાનનામના નરકાવાસમાં તેત્રીશસાગરોપમની સ્થિતિવાળો નારક થાય છે. ॥૪૪૭॥

**અવતરણિકા :** આ જ અર્થનું પ્રતિપાદન કરતા કહે છે ⇨

**ગાથાર્થ : ચોરાશીલાખવર્ષ – અપ્રતિષ્ઠાનનરક – સિંહ – નરક – તિર્યંચમનુષ્યભવો – વિદેહની મૂકાનગરીમાં પ્રિયમિત્રનામે ચક્રવર્તી – ચોરાશીલાખપૂર્વનું આયુ.**

**ટીકાર્થ :** વાસુદેવના ભવમાં ચોરાશીલાખવર્ષનું આયુ હતું, તે પાળીને અપ્રતિષ્ઠાનનરકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળીને સિંહ થયો. મરીને ફરી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી કેટલાક ભવો સુધી તિર્યંચ–મનુષ્યમાં ભમી પશ્ચિમમહાવિદેહમાં મૂકાનામની રાજધાનીમાં ધનંજયરાજાની ધારિણીદેવીની કુક્ષિમાં પ્રિયમિત્રનામે ચક્રવર્તી થયો. ત્યાં તેનું ચોરાશીલાખપૂર્વનું આયુ હતું. ॥૪૪૮॥

**ગાથાર્થ : ધનંજયનો પુત્ર–પોટ્ટિલાચાર્ય – કરોડવર્ષનો દીક્ષાપર્યાય – સર્વાર્થવિમાન – છત્રાગ્રાનગરીમાં નંદનકુમાર – પચ્ચીસલાખવર્ષનું આયુ.**

★ णंदणो छत्तग्गाए.

गमनिका–तत्रासौ प्रियमित्रः पुत्रो धनञ्जयस्य धारिणीदेव्याश्च भूत्वा चक्रवर्त्तिभोगान् भुक्त्वा कथञ्चित् संजातसंवेगः सन् 'पोट्टिल★ इति' प्रोष्ठिलाचार्यसमीपे प्रव्रजितः 'परिआओ कोडि सव्वट्ठे' त्ति प्रव्रज्यापर्यायो वर्षकोटी बभूव, मृत्वा महाशुक्रे कल्पे सर्वार्थे विमाने सप्तदशसागरोपमस्थितिर्देवोऽभवत् 'णंदण छत्तग्गाए पणवीसाउं सयसहस्सेति' ततः सर्वार्थसिद्धाच्च्युत्वा छत्राग्रायां नगर्यां जितशत्रुनृपतेर्भद्रादेव्या नन्दनो नाम कुमार उत्पन्न इति, पञ्चविंशतिवर्षशतसहस्राण्यायुष्कमासीदितिगाथार्थः ॥४४९॥

तत्र च बाल एव राज्यं चकार, चतुर्विंशतिवर्षशतसहस्राणि राज्यं कृत्वा ततः–

**पव्वज्ज पुट्टिले सयसहस्स सव्वत्थ मासभत्तेणं ।**
**पुप्फुत्तरि उववण्णो तओ चुओ माहणकुलंमि ॥४५०॥**

गमनिका–राज्यं विहाय प्रव्रज्यां कृतवान् 'पोट्टिलत्ति' प्रोष्ठिलाचार्यान्तिके 'सयसहस्सं'ति वर्षशतसहस्रं यावदिति, कथम् ?, सर्वत्र मासभक्तेन–अनवरतमासोपवासेनेति भावार्थः, अस्मिन् भवे विंशतिभिः+ कारणैः तीर्थकरनामगोत्रं कर्म निकाचयित्वा* मासिकया संलेखनयाऽऽत्मानं क्षपयित्वा षष्टिभक्तानि विहाय आलोचितप्रतिक्रान्तो मृत्वा 'पुप्फोत्तरे उववण्णोत्ति' प्राणतकल्पे पुष्पोत्तरावतंसके विमाने विंशतिसागरोपमस्थितिर्देव उत्पन्न इति । 'ततो चुओ माहणकुलंमित्ति' ततः पुष्पोत्तराच्च्युतः ब्राह्मणकुण्डग्रामनगरे ऋषभदत्तस्य ब्राह्मणस्य देवानन्दायाः पत्न्याः कुक्षौ

---

**ટીકાર્થ :** ધનંજય અને ધારિણીદેવીના પુત્રરૂપે થઈને પ્રિયમિત્રે ચક્રવર્તીના ભોગોને ભોગવી કોઈક રીતે વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લીધી. કરોડવર્ષનો દીક્ષાપર્યાય થયો. ત્યાંથી મરી મહાશુક્ર દેવલોકના સર્વાર્થવિમાનમાં સત્તરસાગરોપમની સ્થિતિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી છત્રાગ્રાનગરીમાં જિતશત્રુનામના રાજાની ભદ્રાદેવીને નંદન નામે કુમાર તરીકે ઉત્પન્ન થયો. ત્યાં પચ્ચીસલાખવર્ષનું આયુ હતું.॥૪૪૯॥

**અવતરણિકા :** તે ભવમાં બાલ્યાવસ્થામાં જ રાજ્ય પ્રાપ્ત કર્યું અને ચોવીશલાખવર્ષ સુધી રાજ્ય કરી (દીક્ષા લીધી એમ આગળની ગાથામાં જણાવશે) ⇨

**ગાથાર્થ : પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા – એકલાખવર્ષનો દીક્ષાપર્યાય – સંપૂર્ણપર્યાયમાં માસક્ષપણના પારણે માસક્ષપણ – પુષ્પોત્તરનામના વિમાનમાં દેવ થયો – ત્યાંથી ચ્યવી માહણકુળમાં (ઉત્પન્ન થયો.)**

**ટીકાર્થ :** રાજ્યને છોડી પોટ્ટિલાચાર્ય પાસે એકલાખવર્ષ સતત માસક્ષપણ કરવા પૂર્વક દીક્ષા પાળી. આ જ ભવમાં વીસસ્થાનકની આરાધનાવડે તીર્થંકરનામગોત્રકર્મને નિકાચિત કરી ૧ માસની સંલેખનાવડે પોતાને ખપાવી (અનશન કરવા પૂર્વે સંલેખનાનો વિધિ હોય છે તે કરવા દ્વારા પોતાની કાયાને શોષીને) સાઠ ભોજનને છોડી (અર્થાત્ ૨૯ ઉપવાસ કરીને) આલોચના અને પ્રાયશ્ચિત્ત કરીને મરીને પ્રાણતકલ્પના પુષ્પોત્તરાવસંતક વિમાનમાં વીસ સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી બ્રાહ્મણકુંડગ્રામનગરમાં ઋષભદત્તબ્રાહ્મણની

---

★ पोठिल इति. + विंशत्या ( स्यात् ). * निकाच्य ( स्यात् ).

समुत्पन्न इति गाथार्थः ॥४५०॥

कानि पुनर्विंशतिः कारणानि ? यैस्तीर्थकरनामगोत्रं कर्म तेनोपनिबद्धमित्यत आह—

**अरिहंतसिद्धपवयण० ॥४५१॥**

**दंसण० ॥४५२॥**

**अप्पुव्व० ॥४५३॥**

**पुरिमेण० ॥४५४॥**

**तं च कहं ॥४५५॥**

**निअमा० ॥४५६॥**

एता ऋषभदेवाधिकारे व्याख्यातत्वान्न विव्रियन्ते ।

**माहकुंडग्गामे कोडालसगुत्तमाहणो अत्थि ।**
**तस्स घरे उववण्णो देवाणंदाइ कुच्छिसि ॥४५७॥**

अस्या व्याख्या—पुष्पोत्तराच्च्युतो ब्राह्मणकुण्डग्रामे नगरे कोडालसगोत्रो ब्राह्मणः ऋषभदत्ताभिधानोऽस्ति, तस्य गृहे उत्पन्नः, देवानन्दायाः कुक्षाविति गाथार्थः ॥४५७॥

साम्प्रतं वर्धमानस्वामिवक्तव्यतानिबद्धां द्वारगाथामाह निर्युक्तिकारः—

**सुमिण १ मवहार २ ऽभिग्गह ३ जम्मण ४ मभिसेअ ५ वुड्ढि ६ सरणं ७ च।**
**भेसण ८ विवाह ९ वच्चे १० दाणे ११ संबोह १२ निक्खमणे १३ ॥४५८॥**

---

દેવાનંદાદેવીની કુક્ષિમાં અવતર્યો. ॥૪૫૦॥

**અવતરણિકા :** કયા વીસ સ્થાનકો છે ? જેનાવડે નંદનરાજર્ષિએ તીર્થંકરનામગોત્રકર્મ બાંધ્યું. તે કહે છે ➪

**ગાથાર્થ :** ૪૫૧ अरिहंत - सिद्ध - प्रवचन... (**ગાથાર્થ :** ૪૫૨) दर्शन.... (**ગાથાર્થ :** ૪૫૩) अप्पुव्व... (**ગાથાર્થ :** ૪૫૪) पुरिमेण...... (**ગાથાર્થ :** ૪૫૫) तं च लहं..... (**ગાથાર્થ :** ૪૫૬) निअमा......

ટીકાર્થ : આ બધી ગાથા પૂર્વે ઋષભદેવસ્વામીના વર્ણનમાં જણાવેલ હોવાથી અહીં તેની વ્યાખ્યા કરાતી નથી. ॥૪૫૧–૪૫૬॥

**ગાથાર્થ : બ્રાહ્મણકુંડગ્રામમાં કોડાલસગોત્રવાળો બ્રાહ્મણ હતો, તેના ઘરે દેવાનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયો.**

**ટીકાર્થ :** પુષ્પોત્તરવિમાનમાંથી ચ્યવી બ્રાહ્મણકુંડગ્રામમાં કોડાલસગોત્રવાળા ઋષભદત્ત બ્રાહ્મણના ઘરે દેવાનંદાની કુક્ષિમાં (મરીચિનો જીવ) ઉત્પન્ન થયો. ॥૪૫૭॥

**અવતરણિકા :** હવે વર્ધમાનસ્વામીની વક્તવ્યતાથી યુક્ત એવી દ્વારગાથાને જણાવે છે ➪

**ગાથાર્થ : સ્વપ્ન – અપહરણ – અભિગ્રહ – જન્મ – અભિષેક – વૃદ્ધિ – જાતિસ્મરણ – ભીતિ – વિવાહ – પુત્રો – દાન – સંબોધન – દીક્ષા.**

गमनिका–'सुमिणेति' महास्वप्ना वक्तव्याः, यान् तीर्थकरजनन्यः पश्यन्ति, यथा च देवानन्दया प्रविशन्तो निष्क्रामन्तश्च दृष्टाः, त्रिशलया च प्रविशन्न इति । 'अवहारत्ति' अपहरणमपहारः स वक्तव्यो यथा भगवानपहृत इति । 'अभिग्गहेत्ति' अभिग्रहो वक्तव्यः, यथा भगवता गर्भस्थेनैव गृहीत इति । 'जम्मणेति' जन्मविधिर्वक्तव्यः । 'अभिसेउत्ति' अभिषेको वक्तव्यः, यथा विबुधनाथाः कुर्वन्ति, 'वुड्डित्ति' वृद्धिर्वक्तव्या भगवतो यथाऽसौ वृद्धिं जगाम । 'सरणंति' जातिस्मरणं च वक्तव्यं । 'भेसणेति' यथा देवेन भेषितः तथा वक्तव्यं । 'विवाहेति' विवाहविधिर्वक्तव्यः । 'अवच्चेत्ति' अपत्यं-पुत्रभाण्डं वक्तव्यं । 'दाणेत्ति' निष्क्रमणकाले दानं वाच्यं । 'संबोहेति' संबोधनविधिर्वक्तव्यः यथा लोकान्तिकाः संबोधयन्ति । 'निक्खमणेत्ति' निष्क्रमणे च यो विधिरसौ वक्तव्य इति गाथासमुदायार्थः ॥४५८॥

अवयवार्थं तु प्रतिद्वारं वक्ष्यति भाष्यकार एव, तत्र स्वप्नद्वारावयवार्थमभिधित्सुराह–

**गय१ वसह२ सीह३ अभिसेअ४ दाम५ ससि६ दिणयरं७ झयं८ कुम्भं९ ।**
**पउमसर१० सागर११ विमाणभवण१२ रयणुच्चय१३ सिहिं च१४ ॥४६॥ (भा.)**

गमनिका–गजं वृषभं सिंहं अभिषेकं दाम शशिनं दिनकरं ध्वजं कुम्भं पद्मसरः सागरं विमानभवनं रत्नोच्चयं शिखिनं च, भावार्थः स्पष्ट एव, नवरं अभिषेकः–श्रियः परिगृह्यते, दाम–पुष्पदाम रत्नविचित्रं, विमानं च तद्भवनं च विमानभवनं-वैमानिकदेवनिवास इत्यर्थः, अथवा वैमानिकदेवप्रच्युतेभ्यः विमानं पश्यति, अधोलोकोद्वृत्तेभ्यस्तु भवनमिति, न तूभयमिति ॥

**ટીકાર્થ :** '<u>સ્વપ્ન</u>' દ્વારમાં તીર્થંકરોની માતા જે મહાસ્વપ્નો જુએ છે તે કહેવા અને જે રીતે દેવાનંદાએ ગર્ભમાં જીવના પ્રવેશ વખતે તથા નિર્ગમન વખતે અને ત્રિશલામાતાએ પ્રવેશ વખતે સ્વપ્નો જોયા તે સ્વપ્નો કહેવા, '<u>અપહરણ</u>' ભગવાનનું અપહરણ જે રીતે થયું તે કહેવું, '<u>અભિગ્રહ</u>' ગર્ભમાં રહેલા ભગવાને જે અભિગ્રહ ધારણ કર્યો તે કહેવો, '<u>જન્મ</u>' આ દ્વારમાં જન્મની વિધિ કહેવી, '<u>અભિષેક</u>' દેવેન્દ્રો જે રીતે અભિષેક કરે છે તે જણાવવો, '<u>વૃદ્ધિ</u>' દ્વારમાં 'ભગવાન જે રીતે વૃદ્ધિને પામ્યા' તે કહેવું, '<u>જાતિસ્મરણ</u>' દ્વારમાં જાતિસ્મરણ કહેવું, '<u>ભીતિ</u>' જે રીતે દેવોએ ભગવાનને ડરાવ્યા તે કહેવું, '<u>વિવાહ</u>'ની વિધિ જણાવવી, '<u>પુત્રો</u>' પુત્રપરિવાર કહેવો, '<u>દાન</u>'માં દીક્ષા વખતે આપેલું દાન જણાવવું, '<u>સંબોધન</u>' સંબોધનવિધિ જણાવવી જેમ કે લોકાન્તિક દેવો સંબોધન કરે છે, '<u>દીક્ષા</u>' દીક્ષાવિધિ જણાવવી. ગાથાનો આ સંક્ષેપાર્થ થયો. ॥૪૫૮॥

**અવતરણિકા :** દરેક દ્વારનો વિસ્તારથી અર્થ ભાષ્યકાર જણાવે છે. તેમાં પ્રથમ '<u>સ્વપ્ન</u>' દ્વારની વાત કરે છે ⇨

**ગાથાર્થ : હાથી – ઋષભ – સિંહ – અભિષેક (લક્ષ્મી) – માળા – ચંદ્ર – સૂર્ય – ધ્વજ – કુંભ – પદ્મસરોવર – સાગર – વિમાન/ભવન – રત્નોનો ઢગલો – અગ્નિ.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. માત્ર એટલું જાણવું કે અભિષેક લક્ષ્મીનો જાણવો, માળા – રત્નયુક્ત પુષ્પમાળા. વિમાનરૂપ જે ભવન તે વિમાનભવન અર્થાત્ વૈમાનિકદેવનો આવાસ. અથવા વૈમાનિકદેવમાંથી ચ્યવેલા તીર્થંકરોની માતા વિમાનને જુએ છે અને અધોલોકમાંથી નીકળીને આવેલા તીર્થંકરોની માતા ભવનને જુએ છે, પણ ઉભયને જોતી નથી. ॥ભા.૪૬॥

एए चउदस सुमिणे पासइ सा माहणी सुहपसुत्ता ।
जं रयणिं उववण्णो कुच्छिंसि महायसो वीरो ॥४७॥ (भा.)

गमनिका—एतान् चतुर्दश महास्वप्नान् पश्यति सा ब्राह्मणी सुखप्रसुप्ता, यस्यां रजन्यामुत्पन्नः कुक्षौ महायशा वीर इति । पश्यतीति निर्देशः पूर्ववत्, पाठान्तरं वा 'एए चोद्दस सुमिणे पेच्छिआ माहणी' ततश्च दृष्टवतीति गाथार्थः ॥४७॥

अह दिवसे बासीई वसई तहि माहणीइ कुच्छिंसि ।
चिंतइ सोहम्मवई, साहरिउं जे जिणं कालो ॥४८॥ (भा.)

गमनिका—अथ दिवसान् द्व्यशीतिं वसति तस्या ब्राह्मण्याः कुक्षाविति । अथानन्तरं एतावत्सु दिवसेषु अतिक्रान्तेषु चिन्तयति सौधर्मपतिः संहर्त्तुं 'जे' निपातः पादपूरणार्थः, जिनं कालो वर्त्तते इति गाथार्थः ॥४८॥

किमिति संहियत इत्याह—

अरहंत चक्कवट्टी बलदेवा चेव वासुदेवा य ।
एए उत्तमपुरिसा न हु तुच्छकुलेसु जायंति ॥४९॥ (भा.)

भावार्थः स्पष्ट एव, नवरं 'तुच्छकुलेषु' असारकुलेषु इति ॥४९॥

केषु पुनः कुलेषु जायन्ते इत्याह—

उग्गकुलभोगखत्तिअकुलेसु इक्खागनायकोरव्वे ।

---

**ગાથાર્થ :** જે રાત્રિએ કુક્ષિમાં મહાયશવાળા વીરપ્રભુ અવતર્યા, તે રાત્રિએ સુખેથી સૂતેલી બ્રાહ્મણી આ ચૌદસ્વપ્નોને જુએ છે.

**ટીકાર્થ :** જે રાત્રિએ પ્રભુ ગર્ભમાં આવ્યા, તે રાત્રિએ સુખપૂર્વક સૂતેલી બ્રાહ્મણી ઉપરોક્ત ચૌદ મહાસ્વપ્નોને જુએ છે. અહીં પણ 'જુએ છે' એ પ્રમાણે જે વર્તમાનકાળનો પ્રયોગ કર્યો તેનું કારણ પૂર્વે કહ્યું તે પ્રમાણે જાણવું અથવા આ પ્રમાણે પાઠાન્તર જાણવો કે "एए चोद्दस सुमिणे पेच्छिआ माहणी" અર્થાત્ ચૌદસ્વપ્નને જોયા. ॥૪૭॥

**ગાથાર્થ :** ત્યાં બ્રાહ્મણીની કુક્ષિમાં પ્રભુ બ્યાંસી દિવસ રહે છે. ત્યાર પછી સૌધર્મપતિ વિચારે છે કે "જિનેશ્વરને સંહરણ કરવાનો કાળ આવી ગયો છે."

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૪૮॥

**અવતરણિકા :** શા માટે પ્રભુનું એક ગર્ભમાંથી અન્ય ગર્ભમાં સંક્રમણ થાય છે ? ⇨

**ગાથાર્થ :** અરિહંતો, ચક્રવર્તીઓ, બળદેવો અને વાસુદેવો આ ઉત્તમપુરુષો તુચ્છકુળમાં ઉત્પન્ન થતાં નથી.

**ટીકાર્થ :** ભાવાર્થ સ્પષ્ટ જ છે. તુચ્છકુળ એટલે અસારકુળ એ પ્રમાણે અર્થ જાણવો. ॥૪૯॥

**અવતરણિકા :** કયા કુળમાં ઉત્પન્ન થાય છે ? તે કહે છે ⇨

**ગાથાર્થ :** ઉગ્રકુળ – ભોગકુળ – ક્ષત્રિયકુળ – ઇક્ષ્વાકુકુળ – જ્ઞાતકુળ – કૌરવ્યકુળ –

**हरिवंसे अ विसाले आयंति तहिं पुरिससीहा ॥५०॥ ( भा. )**

गमनिका—उग्रकुलभोगक्षत्रियकुलेषु इक्ष्वाकुज्ञातकौरव्येषु पुनः कुलेषु हरिवंशे च विशाले 'आयंति' आगच्छन्ति उत्पद्यन्त इत्यर्थः 'तत्र' उग्रकुलादौ 'पुरुषसिंहाः' तीर्थकरादय इति गाथार्थः ॥ यस्मादेवं तस्माद् भुवनगुरुभक्त्या चोदितो देवराजो हरिणेगमेषिमभिहितवान्—एष भरतक्षेत्रे चरमतीर्थकृत् प्रागुपात्तकर्मशेषपरिणतिवशात् तुच्छकुले जातः, तदयमितः संहृत्य क्षत्रियकुले स्थाप्यतामिति । स हि तदादेशात्तथैव चक्रे ।

भाष्यकारस्तु अमुमेवार्थं 'अथ भणती'त्यादिना प्रतिपादयति—

**अह भणइ णेगमेसिं देविंदो एस इत्थ तित्थयरो ।**
**लोगुत्तमो महप्पा उववण्णो माहणकुलंमि ॥५१॥ ( भा. )**

गमनिका—'अथ' अनन्तरं भणति 'णेगमेसिं' ति प्राकृतशैल्या हरिणेगमेषिं देवेन्द्रः 'एष' भगवान् 'अत्र' ब्राह्मणकुले 'लोकोत्तमो' महात्मा उत्पन्न इति गाथार्थः ॥ इदं चासाधु, ततश्चेदं कुरु—

**खत्तिअकुंडग्गामे सिद्धत्थो नाम खत्तिओ अत्थि ।**
**सिद्धत्थभारिआए साहर तिसलाइ कुच्छिंसि ॥५२॥ ( भा. )**

गमनिका—क्षत्रियकुण्डग्रामे सिद्धार्थो नाम क्षत्रियोऽस्ति, तत्र सिद्धार्थभार्यायाः संहर त्रिशलायाः कुक्षाविति गाथार्थः ॥

---

**અને વિશાળ એવા હરિવંશમાં પુરુષસિંહો આવે છે.**

**ટીકાર્થ :** જે કારણથી પુરુષોમાં સિંહ સમાન તીર્થંકરાદિ ઉગ્ર–ભોગ–ક્ષત્રિય–ઇક્ષ્વાકુ–જ્ઞાત–કૌરવ્ય–હરિવંશાદિ ઉત્કૃષ્ટકુળમાં જ જન્મ લે છે. તેથી ભુવનગુરુની ભક્તિથી પ્રેરાયેલા ઇન્દ્રે હરિણેગમેષિને આ પ્રમાણે કહ્યું, "આ ભરતક્ષેત્રમાં છેલ્લા તીર્થંકર પૂર્વભવોમાં બાંધેલા કર્મોના બાકી રહેલા ઉદયના કારણે તુચ્છકુળમાં ઉત્પન્ન થયા છે. (અર્થાત્ પૂર્વે બાંધેલા કર્મોમાં ઘણાં બધા કર્મો ખપી ગયા છે. શેષ કર્મો બાકી હતા તેના ઉદયથી તુચ્છકુળમાં ઉત્પન્ન થયા છે.) તેથી તે પ્રભુને ત્યાંથી સંક્રમી ક્ષત્રિયકુળમાં સ્થાપન કરો. હરિણેગમેષિદેવે તે જ પ્રમાણે સર્વ કર્યું. ॥૫૦॥

**અવતરણિકા :** ભાષ્યકાર આ જ અર્થને "अथ भणति" વગેરે શ્લોકદ્વારા પ્રતિપાદન કરે છે ➪

**ગાથાર્થ : દેવેન્દ્ર હરિણેગમેષિદેવને કહે છે "આ લોકમાં ઉત્તમ તીર્થંકર મહાત્મા બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા છે. (જે બરાબર નથી તેથી તું આ પ્રમાણે કર.)**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૧॥

**ગાથાર્થ : ક્ષત્રિયકુંડગ્રામમાં સિદ્ધાર્થનામનો ક્ષત્રિય છે, ત્યાં સિદ્ધાર્થની પત્ની ત્રિશલાની કુક્ષિમાં પ્રભુને સંહર.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૨॥

**बाढंति भाणिऊणं वासारत्तस्स पंचमे पक्खे ।**
**साहरइ पुव्वरत्ते हत्थुत्तर तेरसी दिवसे ॥५३॥ (भा.)**

गमनिका–स हरिणेगमेषिः 'बाढंति भाणिऊणं'ति बाढमित्यभिधाय, अत्यर्थं करोमि आदेशं, शिरसि स्वाम्यादेशमिति, वर्षारात्रस्य पञ्चमे पक्षे मासद्वयेऽतिक्रान्ते अश्वयुग्बहुलत्रयोदश्यां संहरति पूर्वरात्रे–प्रथमप्रहरद्वयान्त इति भावार्थः, हस्तोत्तरायां त्रयोदशीदिवसे इति गाथार्थः ॥

**गयगाहा ॥५४॥ (भा.)**

**एए चोद्दससुमिणे पासइ सा माहणी पडिनिअत्ते ।**
**जं रयणी अवहरिओ कुच्छीओ महायसो वीरो ॥५५॥ (भा.)**

पूर्ववत् । इदं नानात्वं–पश्यति सा ब्राह्मणी प्रतिनिवृत्तान् यस्यां रजन्याम् अपहृतः कुक्षितः महायशा वीर इति गाथार्थः ॥

**गयगाहा ॥५६॥ (भा.)**

**एए चोद्दस सुमिणे पासइ सा तिसलया सुहपसुत्ता ।**
**जं रयणिं साहरिओ कुच्छिंसि महायसो वीरो ॥५७॥ (भा.)**

इदं गाथाद्वयं त्रिशलामधिकृत्य पूर्ववद्वाच्यम् ॥ गतमपहारद्वारम्,
साम्प्रतमभिग्रहद्वारव्याचिख्यासयाऽऽह –

---

ગાથાર્થ : "ચોક્કસ આપનો આદેશ માન્ય છે" એ પ્રમાણે કહીને વર્ષાકાળના પાંચમા પક્ષમાં (આસો વદ) તેરસને દિવસે પૂર્વરાત્રિમાં હસ્તોત્તરાનક્ષત્રમાં પ્રભુનું સંહરણ કરે છે.

**ટીકાર્થ :** તે હરિણેગમેષિદેવ "આપનો આદેશ પ્રમાણ છે. તે પ્રમાણે જ કરું છું" એ પ્રમાણે કહીને ચોમાસાના પાંચમા પક્ષમાં એટલે કે બે મહિના પૂર્ણ થઈ (મારવાડી) આસો વદ તેરસના (ગુજરાતી ભા.વ.૧૩) દિવસે રાત્રિના પ્રથમ બે પ્રહરના અંત સમયે હસ્તોત્તરા (ઉત્તરા ફાલ્ગુની) નક્ષત્રમાં પ્રભુનું સંહરણ કરે છે. ॥૫૩॥

**અવતરણિકા :** જ્યારે દેવાનંદાની કુક્ષિમાંથી પ્રભુનું અપહરણ થાય છે તે વખતે દેવાનંદા ચૌદસ્વપ્નો નીકળતા જુએ છે તે વાત કરે છે ⇨

ગાથાર્થ : **હાથી – સિંહ.... (આ ગાથા મૂ.ભા.ગાથા ૪૬ પ્રમાણે અહીં જાણી લેવી.)**

ગાથાર્થ : **જે રાત્રિએ મહાયશવાળા વીરપ્રભુ અપહરણ કરાયા તે રાત્રિએ બ્રાહ્મણી (મુખમાંથી) નીકળતા આ ચૌદસ્વપ્નોને જુએ છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૪–૫૫॥

ગાથાર્થ : **(અહીં પણ મૂ.ભા.ગાથા ૪૬ જાણી લેવી.)**

ગાથાર્થ : **જે રાત્રિએ (ત્રિશલાની) કુક્ષિમાં મહાયશવાળા વીરપ્રભુનું સંહરણ થયું. તે રાત્રિએ સુખેથી સૂતેલી તે ત્રિશલાએ આ ચૌદસ્વપ્નો (પ્રવેશતા) જોયા.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. અપહારદ્વાર પૂર્ણ થયું. ॥૫૬–૫૭॥

**અવતરણિકા :** હવે <u>અભિગ્રહ</u>દ્વાર કહે છે ⇨

तिहि नाणेहि समग्गो देवी तिसलाइ सो अ कुच्छिसि ।
अह वसइ सण्णिगब्भो छम्मासे अद्धमासं च ॥५८॥ ( भा. )

गमनिका–'अथ' अपहारानन्तरं वसति संज्ञी चासौ गर्भश्चेति समासः, क्व ?–देव्याः त्रिशलायाः स तु★ कुक्षौ, आह–सर्वो गर्भस्थः संज्ञ्येव भवतीति विशेषणवैफल्यं, न, दृष्टिवादोपदेशेन विशेषणत्वात्, स च ज्ञानद्वयवानपि भवत्यत आह–त्रिभिर्ज्ञानैः–मतिश्रुतावधिभिः समग्रः । कियन्तं कालमित्याह–षण्मासान् अर्धमासं चेति गाथार्थः ॥५८॥

अह सत्तमंमि मासे गब्भत्थो चेवऽभिग्गहं गिण्हे ।
नाहं समणो होहं अम्मापिअरंमि जीवंते ॥५९॥ ( भा. )

गमनिका–अथ सप्तमे मासे गर्भादारभ्य तयोर्मातापित्रोर्गर्भप्रयत्नकरणेनात्यन्तस्नेहं विज्ञाय अहो ममोपर्यतीव अनयोः स्नेह इति यद्यहमनयोः जीवतोः प्रव्रज्यां गृह्णामि नूनं न भवत एतावित्यतो गर्भस्थ एव अभिग्रहं गृह्णाति, ज्ञानत्रयोपेतत्वात् । किंविशिष्टमित्याह–नाहं श्रमणो भविष्यामि मातापित्रोर्जीवतोरिति गाथार्थः ॥५९॥ एवं–

दोण्हं वरमहिलाणं गब्भे वसिऊण गब्भसुकुमालो ।
नवमासे पडिपुण्णे सत्त य दिवसे समइरेगे ॥६०॥ ( भा. )

**ગાથાર્થ : ત્રિશલાદેવીની કુક્ષિમાં ત્રણજ્ઞાનથી પૂર્ણ સંજ્ઞીગર્ભ સાડાછમાસ સુધી રહે છે.**

**ટીકાર્થ :** અપહરણ (સંહરણ) કર્યા બાદ ત્રણ જ્ઞાનથી યુક્ત સંજ્ઞીગર્ભ દેવીત્રિશલાની કુક્ષિમાં સાડાછમાસ રહે છે.

**શંકા :** ગર્ભમાં રહેલો જીવ સંજ્ઞી જ હોય છે, તો સંજ્ઞી એવો ગર્ભ એ પ્રમાણે ગર્ભનું સંજ્ઞી વિશેષણ નિરર્થક છે.

**સમાધાન :** અહીં સંજ્ઞી તરીકે દૃષ્ટિવાદોપદેશિકીસંજ્ઞાવાળો (અર્થાત્ સમ્યક્ત્વી) જીવ ગ્રહણ કરેલ હોવાથી વિશેષણ વ્યર્થ થશે નહિ. આવો જીવ બે જ્ઞાનવાળો પણ હોઈ શકે છે તેથી ખુલાસો કરે છે કે પ્રભુ મતિ–શ્રુત–અવધિ એમ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. કેટલો કાળ રહ્યા ? તે કહે છે કે સાડા છ માસ. ॥૫૮॥

**ગાથાર્થ : સાતમા મહિને ગર્ભમાં રહેલા પ્રભુએ અભિગ્રહ ધારણ કર્યો કે, "માતા–પિતા જીવતે છતે હું શ્રમણ થઈશ નહિ."**

**ટીકાર્થ :** ગર્ભથી લઈને સાતમા મહિને (દેવાનંદાની કુક્ષિમાં આવ્યા ત્યારથી ૭મા મહિને) પોતે ત્રણ જ્ઞાનયુક્ત હોવાથી ગર્ભ પ્રત્યેની માતા–પિતાની કાળજીથી તેમના સ્નેહને જાણી "અહો! મારી ઉપર આ લોકોનો અત્યંત સ્નેહ છે, તેથી જો હું માતા–પિતાના જીવતા દીક્ષા લઈશ તો નક્કી તેઓ જીવી શકશે નહિ." તેથી ગર્ભમાં જ અભિગ્રહધારણ કર્યો. કેવા પ્રકારના અભિગ્રહને ધારણ કર્યો ? તે કહે છે કે, "માતા–પિતાના જીવતા હું શ્રમણ બનીશ નહિ." ॥૫૯॥

**ગાથાર્થ : ગર્ભથી સુકોમળ (એવા પ્રભુ) બંને મહિલાઓના ગર્ભમાં નવ મહિના અને સાધિક એવા સાત દિવસ રહીને,**

★ अ ( मूले ).

गमनिका—द्वयोर्वरमहिलयोः गर्भे उषित्वा गर्भे सुकुमारः गर्भसुकुमारः, प्रायः अप्राप्तदुःख इत्यर्थः । कियन्तं कालम् ? नव मासान् प्रतिपूर्णान् सप्त दिवसान् 'सातिरेकान्' समधिकान् इति गाथार्थः ॥६०॥

अह चित्तसुद्धपक्खस्स तेरसीपुव्वरत्तकालंमि ।
हत्थुत्तराहिं जाओ कुण्डग्गामे महावीरो ॥६१॥ ( भा. )

गमनिका—'अथ' अनन्तरं चैत्रस्य शुद्धपक्षः चैत्रशुद्धपक्षः तस्य चैत्रशुद्धपक्षस्य त्रयोदश्यां पूर्वरात्रकाले-प्रथमप्रहरद्वयान्त इति भावार्थः । हस्तोत्तरायां जातः हस्त उत्तरो यासां ता हस्तोत्तराः—उत्तराफाल्गुन्य इत्यर्थः कुण्डग्रामे महावीर इति ॥६१॥

जातकर्म दिक्कुमार्यादिभिर्निर्वर्त्तितं पूर्ववदवसेयं, किञ्चित्प्रतिपादयन्नाह—

आभरणरयणवासं वुट्ठं तित्थंकरंमि जायंमि ।
सक्को अ देवराया उवागओ आगया निहओ ॥६२॥ ( भा. )

गमनिका—आभरणानि—कटककेयूरादीनि रत्नानि—इन्द्रनीलादीनि तद्वर्षं—वृष्टिं तीर्थकरे जाते सति, शक्रश्च देवराज उपागतस्तत्रैव, तथा आगताः पद्मादयो निधय इति गाथार्थः ॥६२॥

तुट्ठाओ देवीओ देवा आणंदिआ सपरिसागा ।
भयवंमि वद्धमाणे तेलुक्कसुहावहे जाए ॥६३॥ ( भा. )

व्याख्या—तुष्टा देव्यः देवा आनन्दिताः सह परिषद्भिः वर्त्तन्त इति सपरिषदः भगवति वर्धमाने त्रैलोक्यसुखावहे जाते सतीति गाथार्थः ॥६३॥

---

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. સુકોમળ એટલા માટે કે પ્રભુને પ્રાયઃ ગર્ભમાં પણ દુઃખ નથી હોતું. ॥૬૦॥

**ગાથાર્થ :** ચૈત્ર સુદ તેરસને દિવસે પૂર્વરાત્રિના કાળમાં પ્રથમ બે પ્રહરના અંતે મધ્યરાત્રે હસ્તોત્તરાનક્ષત્રમાં (ઉત્તરાફાલ્ગુનીનક્ષત્રમાં) કુંડગ્રામમાં મહાવીરપ્રભુ જન્મ્યા.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૬૧॥

**અવતરણિકા :** જન્મ્યા પછીનું કાર્ય દિક્કુમારીકાઓવડે કરાયું વગેરે પૂર્વની જેમ જાણી લેવુ. કંઈક બતાડે છે ⇨

**ગાથાર્થ :** તીર્થંકરનો જન્મ થતાં આભૂષણો – રત્નોની વૃષ્ટિ થઈ. શક્રેન્દ્ર અને પદ્માદિ નિધિઓ ત્યાં આવી.

**ટીકાર્થ :** તીર્થંકરનો જન્મ થતાં કડા—બાજુબંધાદિ આભૂષણોની, ઇન્દ્રનીલાદિ રત્નોની વૃષ્ટિ થઈ અને શક્રેન્દ્ર ત્યાં આવ્યો. તથા પદ્મવગેરે નિધિઓનું પણ આગમન થયું. ॥૬૨॥

**ગાથાર્થ :** ત્રણલોકને સુખ આપનારા ભગવાન વર્ધમાનનો જન્મ થતાં દેવીઓ ખુશ થઈ, પર્ષદાસહિત દેવો આનંદિત થયા.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૬૩॥

गतं जन्मद्वारं, अभिषेकद्वारावयवार्थं प्रतिपादयन्नाह–

**भवणवइवाणमंतरजोइसवासी विमाणवासी अ ।**
**सव्विड्ढीइ सपरिसा चउव्विहा आगया देवा ॥६४॥ ( भा. )**

गमनिका–भवनपतयश्च व्यन्तराश्च ज्योतिर्वासिनश्चेति समासः, विमानवासिनश्च सर्वद्धर्या सपरिषदः चतुर्विधा आगता देवा इति गाथार्थः ॥६४॥

**देवेहिं संपरिवुडो देविंदो गिण्हिऊण तित्थयरं ।**
**नेऊण मंदरगिरिं अभिसेअं तत्थ कासीअ ॥६५॥ ( भा. )**

व्याख्या–देवैः संपरिवृतो देवेन्द्रो गृहीत्वा तीर्थकरं नीत्वा मन्दरगिरिं 'अभिसेअं'ति अभिषेकं तत्र कृतवांश्चेति गाथार्थः ॥६५॥

**काऊण य अभिसेअं देविंदो देवदाणवेहि समं ।**
**जणणीइ समप्पित्ता जम्मणमहिमं च कासीअ ॥६६॥ ( भा. )**

गमनिका–कृत्वा चाभिषेकं देवेन्द्रो देवदानवैः सार्धं, देवग्रहणात् ज्योतिष्कवैमानिकग्रहणं, दानवग्रहणात् व्यन्तरभवनपतिग्रहणमिति । ततो जनन्याः समर्प्य जन्ममहिमां च कृतवान् स्वर्गे नन्दीश्वरे द्वीपे चेति गाथार्थः ॥६६॥

साम्प्रतं यदिन्द्रादयो भुवननाथेभ्यो भक्त्या प्रयच्छन्ति तद्दर्शनायाह–

**खोमं कुंडलजुअलं सिरिदामं चेव देइ सक्को से ।**

---

**અવતરણિકા :** જન્મદ્વારપૂર્ણ થયું. હવે <u>અભિષેક</u> દ્વાર કહે છે ⇨

**ગાથાર્થ :** ભવનપતિ – વાણવ્યંતર – જ્યોતિષ અને વૈમાનિક એમ ચાર પ્રકારના દેવો પર્ષદાસહિત સર્વઋદ્ધિવડે ત્યાં આવ્યા.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૬૪॥

**ગાથાર્થ :** દેવોથી પરિવરેલા ઇન્દ્રે તીર્થંકરને ગ્રહણ કરી મેરુપર્વત ઉપર લઈ જઈ અભિષેક કર્યો.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૬૫॥

**ગાથાર્થ :** દેવ–દાનવો સાથે ઇન્દ્રે અભિષેક કરીને પુનઃ તીર્થંકરને માતાને સોંપી જન્મમહિમાને કર્યો.

**ટીકાર્થ :** "દેવ–દાનવોની સાથે ઇન્દ્રે" એમ જે કહ્યું તેમાં દેવશબ્દથી જ્યોતિષ્ક અને વૈમાનિકદેવો જાણવા તથા દાનવશબ્દથી વ્યંતર અને ભવનપતિના દેવોનું ગ્રહણ કરવું. તેથી ચારે નિકાયના દેવોની સાથે ઇન્દ્રે અભિષેક કરીને તીર્થંકરને માતાને સમર્પણ કરી દેવલોકમાં અને નંદીશ્વરદ્વીપમાં જન્મમહિમા=મહોત્સવ કર્યો. ॥૬૬॥

**અવતરણિકા :** હવે ઇન્દ્ર વગેરે દેવો તીર્થંકરોને ભક્તિથી જે આપે છે તે કહે છે ⇨

**ગાથાર્થ :** શક્રેન્દ્ર તીર્થંકરને દેવીવસ્ત્ર, કાનના કુંડલયુગલ અને (અનેકરત્નોથી યુક્ત,

**मणिकणगरयणवासं उवच्छुभे जंभगा देवा ॥६७॥ ( भा. )**

गमनिका—'क्षौमं' देववस्त्रं 'कुण्डलयुगलं' कर्णाभरणं 'श्रीदाम' अनेकरत्नखचितं दर्शनसुभगं भगवतो ददाति शक्रः 'से' तस्य । इत्थं निर्देशस्त्रिकालगोचरसूत्रप्रदर्शनार्थः । 'जृम्भकाः' व्यन्तरा देवाः, शेषं सुगममिति गाथार्थः ॥६७॥

**वेसमणवयणसंचोइआ उ ते तिरिअजंभगा देवा ।**
**कोडिग्गसो हिरण्णं रयणाणि अ तत्थ उवणिंति ॥६८॥ ( भा. )**

गमनिका—वैश्रमणवचनसंचोदितास्तु ते तिर्यग्जृम्भका देवाः । तिर्यगिति तिर्यग्लोकजृम्भकाः 'कोट्यग्रशः' कोटीपरिमाणतः 'हिरण्यम्' अघटितरूपं 'रत्नानि च' इन्द्रनीलादीनि तत्रोपनयन्तीति गाथार्थः ॥६६॥

गतमभिषेकद्वारं, इदानीं वृद्धिद्वारावयवार्थमाह—

**अह वड्ढइ सो भयवं दिअलोअचुओ अणोवमसिरीओ ।**
**दासीदासपरिवुडो परिकिण्णो पीढमद्देहिं ॥६९॥ ( भा. )**

अस्य व्याख्या—अथ वर्धते स भगवान् देवलोकच्युतः अनुपमश्रीको दासीदासपरिवृतः 'परिकीर्णः पीठमर्दैः' महानृपतिभिः परिवृत इति गाथार्थः ॥ द्वारम् ।

**असिअसिरओ सुनयणो० ॥७०॥ ( भा. )**
**जाईसरो अ भयवं० ॥७१॥ ( भा. )**

गाथाद्वयमिदं ऋषभदेवाधिकार इव द्रष्टव्यम् ॥७०-७१॥

---

દર્શનમાત્રથી આનંદ આપનારી) માળાઓ આપે છે. જૃંભકદેવો (વ્યંતરો) મણિ–કનકરત્નોની વર્ષા કરે છે.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. વર્તમાનકાળનો નિર્દેશ સૂત્ર ત્રિકાળવિષયક છે તે જણાવવા છે ॥૬૭॥

**ગાથાર્થ : વૈશ્રમણના વચનોથી પ્રેરાયેલા તે તિર્યગ્જૃંભક દેવો કરોડ હિરણ્ય (ઘડ્યા વિનાનું સોનું) અને ઈન્દ્રનીલરત્નો ત્યાં લાવે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. "તિર્યગ્જૃંભક દેવો" તેમાં તિર્યક્ એટલે તિર્યગ્લોક, તેમાં રહેનારા જૃંભક દેવો. ॥૬૮॥

**અવતરણિકા :** અભિષેકદ્વાર પૂર્ણ થયું, હવે <u>વૃદ્ધિદ્વાર</u> કહે છે ⇨

**ગાથાર્થ : દેવલોકમાંથી ચ્યવેલા, અનુપમશોભાવાળા, દાસદાસીથી પરિવરેલા, અને મહારાજાઓથી યુક્ત એવા તે ભગવાન્ વૃદ્ધિ પામે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૬૯॥ વૃદ્ધિદ્વાર પૂર્ણ થયું.

**ગાથાર્થ : શ્યામકેશવાળા.... (અહીં પૂર્વની ગાથા :૧૯૨ જાણી લેવી.)**

**ગાથાર્થ : (અહીં પૂર્વની ગાથા : ૧૯૩** જાણી લેવી.)

**ટીકાર્થ :** આ બંને ગાથા ઋષભદેવના અધિકારમાં વર્ણિત હોવાથી અહીં તેનું વર્ણન કરતા

भेषणद्वारावयवार्थमाह–

**अह ऊणअट्ठवासस्स भगवओ सुरवराण मज्झंमि ।**
**संत★गुणुक्कित्तणयं करेइ सक्को सुहम्माए ॥७२॥ ( भा. )**

गमनिका–'अथ' अनन्तरं न्यूनाष्टवर्षस्य भगवतः सतः सुरवराणां मध्ये सन्तश्च ते गुणाश्च सद्गुणाः तेषां कीर्त्तनं-शब्दनमिति समासः, करोति 'शक्रो' देवराजः 'सुधर्मायां' सभायां व्यवस्थित इति गाथार्थः ॥

किंभूतमित्यत आह–

**बालो अबालभावो अबालपरक्कमो महावीरो ।**
**न हु सक्कइ भेसेउं अमरेहिं सइंदएहिंपि ॥७३॥ ( भा. )**

गमनिका–बालः न बालभावोऽबालभावः, भावः–स्वरूपं, न बालपराक्रमोऽबालपराक्रमः, पराक्रमः–चेष्टा, 'शूर वीर विक्रान्ता' विति कषायादिशत्रुजयाद् विक्रान्तो वीरः, महांश्चासौ वीरश्चेति महावीरः, नैव शक्यते भेषयितुं 'अमरैः' देवैः सेन्द्रैरपीति गाथार्थः ॥७३॥

**तं वयणं सोऊणं अह एगु सुरो असद्दहंतो उ ।**
**एइ जिणसण्णिगासं तुरिअं सो भेसणट्ठाए ॥७४॥ ( भा. )**

गमनिका–तद्वचनं श्रुत्वा अथैकः 'सुरो' देवः अश्रद्धानस्तु–अश्रद्दधान इत्यर्थः, 'एति'

---

નથી ॥૭૦–૭૧॥

**અવતરણિકા :** હવે <u>ભીતિદ્વાર</u> કહે છે ➪

**ગાથાર્થ :** હવે શક્ર દેવોસામે સૌધર્મદેવલોકમાં સુધર્માસભામાં કંઈક ન્યૂન એવા આઠ વર્ષના ભગવાનના સદ્ભૂતગુણોની સ્તવના કરે છે.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૭૨॥

**અવતરણિકા :** કેવા પ્રકારની સ્તવના કરે છે ? તે કહે છે ➪

**ગાથાર્થ :** બાળક (છતાં) બાળપણ વિનાના, અબાળપરાક્રમી અર્થાત્ ઘણાં પરાક્રમવાળા મહાવીરપ્રભુ ઇન્દ્રોસહિત દેવોવડે પણ ડરાવવા શક્ય નથી.

**ટીકાર્થ :** ન બાળભાવ, તે અબાળભાવ (બાળક જેવા નહિ). અહીં ભાવ એટલે સ્વરૂપ (અર્થાત્ બાળક જેવા સ્વરૂપવિનાના) બાળપરાક્રમ જેને નથી તે અબાળપરાક્રમ, અહીં પરાક્રમ એટલે ચેષ્ટા = બાળચેષ્ટા, શૂર્–વીર્ ધાતુ વિક્રાન્તિ (પરાક્રમકરવું, શૌર્ય પ્રગટાવવું)ના અર્થમાં છે. કષાયાદિશત્રુનો જય કરવાથી ભગવાન પરાક્રમી કહેવાયા. મહાન એવા તે વીર–મહાવીર, આવા મહાવીર ઇન્દ્રો સહિત દેવોવડે પણ ડરાવવા શક્ય નથી. ॥૭૩॥

**ગાથાર્થ :** તે વચનોને સાંભળી શ્રદ્ધા નહિ કરતો એક દેવ જિનપાસે ડરાવવા માટે શીઘ્ર આવે છે.

---

★ गुणकित्तणयं ( वृत्तौ ).

आगच्छति 'जिनसन्निकाशं' जिनसमीपं त्वरितमसौ, किमर्थम् ?–'भेषणार्थम्' भेषणनिमित्तमिति गाथार्थः ॥७४॥

स चागत्य इदं चक्रे–

**सप्पं च तरुवरंमी काउं तिंदूसएण डिंभं च ।**
**पिट्ठी मुट्ठीए हओ वंदिअ वीरं पडिनिअत्तो ॥७५॥ ( भा. )**

अस्या भावार्थः कथानकादवसेयः, तच्चेदम्-[४८]देवो भगवओ सकाशमागओ, भगवं पुण चेडरूवेहिं समं रुक्खखेड्डेण कीलइ, तेसु रुक्खेसु जो पढमं विलग्गति जो य पढमं ओलुहति सो चेडरूवाणि वाहेइ, सो अ देवो आगंतूण हेट्ठओ रुक्खस्स सप्परूवं विउव्वित्ता अच्छइ उप्परामुहो, सामिणा अमूढेण वामहत्थेण सत्ततिलमित्तत्ते छूढो, ताहे देवो चिंतेइ–एत्थ ताव न छलिओ । अह पुणरवि सामी तेंदूसएण रमइ, सो य देवो चेडरूवं विउव्विऊण सामिणा समं अभिरमइ, तत्थ सामिणा सो जिओ, तस्स उवरिं विलग्गो, सो य वड्ढिउं पवत्तो पिसायरूवं विउव्वित्ता, तत्थ सामिणा अभीएण तलप्पहारेण पहओ जहा तत्थेव णिब्बड्डो, एत्थवि न तिण्णो

ટીકાર્થ : ગાથાર્થ મુજબ જ છે. ॥૭૪॥

અવતરણિકા : તે દેવ જિનપાસે આવી શું કરે છે ? તે કહે છે ➪

ગાથાર્થ : **વૃક્ષને વિષે સર્પનું રૂપ કરીને અને વિશેષ પ્રકારની દડાની રમતમાં બાળકનું રૂપ કરીને પીઠમાં મુષ્ટિવડે હણાયેલો તે દેવ વીરને વાંદી પાછો ફરે છે.**

ટીકાર્થ : આ ગાથાનો ભાવાર્થ કથાનકથી જાણવો, તે આ પ્રમાણે ➪

દેવ ભગવાનપાસે આવે છે. ત્યારે ભગવાન અન્યબાળકો સાથે વૃક્ષક્રીડા રમે છે. (આ વૃક્ષક્રીડા આ પ્રમાણેની છે) તે વૃક્ષમાં જે પ્રથમ ચઢે અને જે પ્રથમ ઉતરે તે બીજા બાળકોની પીઠ ઉપર બેસીને તેમને ચલાવે. તે દેવ ત્યાં આવીને વૃક્ષની નીચે સાપનું રૂપ કરી ઊર્ધ્વમુખવાળો રહે છે. અમૂઢ એવા સ્વામીએ ગભરાયા વિના તે સાપને ડાબા હાથે પકડી સાતતાળી વાગે તેટલા સમયમાં (શીઘ્ર) દૂર ફેંક્યો. તેથી દેવ વિચારે છે કે, “આ વખતે વીર ડર્યો નથી.”

સ્વામી ફરી વાર તેંદુસક(દડા)વડે રમે છે. દેવ પણ બાળકનું રૂપ વિકુર્વી સ્વામી સાથે રમે છે. તે રમતમાં સ્વામીએ તેને જીત્યો. તેથી તે બાળક ઉપર પ્રભુ બેઠા. અચાનક તે બાળક પિશાચનું રૂપ ધારણ કરીને વધવા લાગ્યો.તે સમયે નહિ ડરેલા સ્વામીએ તલપ્રહાર(મુષ્ટિ)વડે

४८. देवो भगवतः सकाशमागतः, भगवान्पुनः चेटरूपैः समं वृक्षक्रीडया क्रीडति, तेषु वृक्षेषु यः प्रथममारोहति यश्च प्रथममवरोहति स चेटरूपाणि वाहयति, स च देव आगत्याधो वृक्षस्य सर्परूपं विकुर्व्य तिष्ठति उपरिमुखः, स्वामिना अमूढेन वामहस्तेन सप्ततालमात्रतस्त्यक्तः, तदा देवश्चिन्तयति–अत्र तावन्न छलितः । अथ पुनरपि स्वामी तिन्दूसकेन रमते, स च देवश्चेटरूपं विकुर्व्य स्वामिना सममभिरमते, तत्र स्वामिना स जितः तस्योपरि विलग्नः, स च वर्धितुं प्रवृत्तः पिशाचरूपं विकुर्व्य, तत्र स्वामिनाऽभीतेन तलप्रहारेण प्रहतः यथा तत्रैव निमग्नः, अत्रापि न शक्तः

[४९]छलिउं, देवो वंदित्ता गओ । अयं पुनरक्षरार्थः–सर्पं च तरुवरे कृत्वा 'तेन्दूसकेन' क्रीडाविशेषेण हेतुभूतेन 'डिम्भं च' बालरूपं च, कृत्वेत्यनुवर्त्तते । पृष्ठौ मुष्टिना हतः वन्दित्वा वीरं प्रतिनिवृत्त इत्यक्षरार्थः ॥

अन्यदा भगवन्तमधिकाष्टवर्षं कलाग्रहणयोग्यं विज्ञाय मातापितरौ लेखाचार्याय उपनीतवन्तौ ॥ आह च–

अह तं अम्मापिअरो जाणित्ता अहिअअट्ठवासं तु ।
कयकोउअलंकारं लेहायरिअस्स उवणिंति ॥७६॥ ( भा. )

गमनिका–'अथ' अनन्तरं भगवन्तं मातापितरौ ज्ञात्वा अधिकाष्टवर्षं तु कृतानि रक्षादीनि कौतुकानि केयूरादयोऽलङ्काराश्च यस्येति समासः, तं 'लेखाचार्याय' उपाध्यायायेत्यर्थः । 'उवणेंति'त्ति प्राकृतशैल्या उपनयतः, पाठान्तरं वा 'उवर्णेसु' तदा उपनीतवन्त इति गाथार्थः ॥

अत्रान्तरे देवराजस्य खल्वासनकम्पो बभूव, अवधिना च विज्ञायेदं प्रयोजनं अहो खल्वपत्यस्नेहविलसितं भुवनगुरुमाता पित्रोः येन भगवन्तमपि लेखाचार्याय उपनेतुमभ्युद्यतौ इति संप्रधार्य आगत्य चोपाध्यायतीर्थकरयोः परिकल्पितयोः बृहदल्पयोरासनयोः उपाध्यायपरिकल्पिते बृहदासने भगवन्तं निवेश्य शब्दलक्षणं पृष्टवान् ॥

अमुमेवार्थं प्रतिपादयति भाष्यकारः 'सक्को अ०' इत्यादिनेति ।

---

(તે પિશાચને) હણ્યો. જેથી તે પિશાચ ત્યાં જ ખૂંપી ગયો. અહીં પણ તે દેવ સ્વામીને ચલાયમાન કરવા (ડરાવવા) સમર્થ ન થયો. છેવટે દેવ પ્રભુને વાંદી પાછો ફર્યો. આ પ્રમાણે ગાથાનો ભાવાર્થ જણાવી તેનો અક્ષરાર્થ જણાવે છે – (જે ગાથાના અર્થમાં જણાવી જ દીધો છે.) ॥૭૫॥

**અવતરણિકા :** હવે સાધિક આઠવર્ષની ઉંમરવાળા ભગવાનને કલાના ગ્રહણ માટે યોગ્ય જાણીને માતા-પિતા પ્રભુને લેખાચાર્ય પાસે લાવે છે – તે કહે છે ➪

**ગાથાર્થ : હવે સાધિક આઠવર્ષના ભગવાનને જાણીને માતા-પિતા રક્ષા વિ. કૌતુક કરીને અને કેયુર વિ. અલંકારોથી યુક્ત કરીને પ્રભુને લેખાચાર્યપાસે લાવે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે ॥૭૬॥ જ્યારે પ્રભુને લેખાચાર્યપાસે લઈ જવાય છે તે સમયે ઇન્દ્રનું આસન કંપ્યું અને અવધિથી (આસનકંપનું) કારણ જાણીને વિચારે છે કે "અહો! ભુવનગુરુના માતાપિતાનો પુત્રપ્રત્યેના સ્નેહનો આ વિલાસ છે કે જેથી ભગવાનને પણ લેખાચાર્ય પાસે લઈ જવા તેમના માતા–પિતા ઉદ્યત થયા છે." આ પ્રમાણે વિચારીને ત્યાં આવીને ઉપાધ્યાય અને તીર્થંકર માટે રાખેલા ક્રમશઃ મોટા અને નાના આસનમાંથી ઉપાધ્યાય માટે કલ્પેલા મોટા આસન ઉપર ભગવાનને બેસાડી શબ્દનું લક્ષણ પૂછ્યું.

**અવતરણિકા :** આ જ અર્થને ભાષ્યકાર કહે છે ➪

---

४९. छलितुं, देवो वन्दित्वा गतः ।

**सक्को अ तस्समक्खं भगवंतं आसणे निवेसित्ता ।**
**सद्दस्स लक्खणं पुच्छे वागरणं अवयवा इंदं ॥७७॥ ( भा. )**

गमनिका—शक्रश्च 'तत्समक्षं' लेखाचार्यसमक्षं 'भगवंतं' तीर्थकरं आसने निवेश्य शब्दस्य लक्षणं पृच्छति । पाठान्तरं वा 'पुच्छिंसु सद्दलक्खणं, वागरणं अवयवा इंदं' पृष्टवान् शब्दलक्षणं, भगवता च व्याकरणमभ्यधायि, व्याक्रियन्ते लौकिकसामयिकाः शब्दा अनेनेति व्याकरणं—शब्दशास्त्रं तदवयवाः केचन उपाध्यायेन गृहीताः, ततश्च ऐन्द्रं व्याकरणं संजातमिति गाथार्थः ॥ द्वारम् ।

विवाहद्वारावयवार्थमभिधित्सयाऽऽह—

**उम्मुक्कबालभावो कमेण अह जोव्वणं अणुप्पत्तो ।**
**भोगसमत्थं णाउं अम्मापिअरो उ वीरस्स ॥७८॥ ( भा. )**

गमनिका—एवं उन्मुक्तो बालभावो येनेति समासः, 'क्रमेण' उक्तप्रकारेण 'अथ' अनन्तरं 'यौवनं' वयोविशेषलक्षणं बालादिभावात् पश्चात् प्राप्तः अनुप्राप्तः । अत्रान्तरे भुज्यन्त इति भोगाः—शब्दादयः तेषां समर्थो भोगसमर्थः तं ज्ञात्वा भगवन्तं, कौ ?-मातापितरौ तु वीरस्येति गाथार्थः ॥ किम् ?—

**तिहिरिक्खंमि पसत्थे महन्तसामन्तकुलपसूआए ।**
**कारंति पाणिगहणं जसोअवररायकण्णाए ॥७९॥ ( भा. )**

---

**ગાથાર્થ :** ઇન્દ્ર પ્રભુને ઉપાધ્યાય સમક્ષ આસન ઉપર બેસાડી શબ્દના લક્ષણને પૂછે છે. — વ્યાકરણ—અવયવો—ઐન્દ્ર.

**ટીકાર્થ :** ઇન્દ્ર લેખાચાર્ય સમક્ષ ભગવાનને આસન ઉપર બેસાડી શબ્દના લક્ષણને પૂછે છે અથવા પાઠાન્તર જાણવો કે "શબ્દના લક્ષણને પૂછ્યું." પ્રભુએ વ્યાકરણ(શબ્દના શાસ્ત્ર)ને કહ્યું. વ્યાકરણ એટલે જેનાવડે લૌકિક અને સામાયિક (આગમિક) શબ્દોની વ્યાખ્યા (વ્યુત્પત્તિ) કરાય છે તે શબ્દશાસ્ત્ર, તેમાંથી કેટલાક અવયવો ઉપાધ્યાયે ગ્રહણ કર્યા. અને તેમાંથી ઐન્દ્ર વ્યાકરણ રચાયું. ॥૭૭॥

**અવતરણિકા :** હવે <u>વિવાહ દ્વાર</u> કહે છે ➪

**ગાથાર્થ : ભગવાન બાળપણને ત્યજીને ક્રમે કરી યૌવનને પામ્યા. ત્યારે ભોગ માટે સમર્થ જાણીને માતા–પિતાએ પ્રભુવીરનો (વિવાહ કર્યો.)**

**ટીકાર્થ :** આ પ્રમાણે ક્રમશઃ બાળભાવને છોડી પ્રભુ યૌવનને પામ્યા. ત્યારે પ્રભુને ભોગ માટે સમર્થ જાણીને માતા–પિતાએ પ્રભુ વીરનો (વિવાહ કર્યો એમ આગળ ગાથા સાથે અન્વય જાણવો.) જે ભોગવાય તે ભોગો=શબ્દ– રૂપ–ગંધ–રસ–સ્પર્શ, ભોગો માટે સમર્થ તે ભોગસમર્થ એ પ્રમાણે સમાસ જાણવો. ॥૭૮॥ ભોગમાં સમર્થ જાણીને માતા-પિતા શું કરે છે ? ➪

**ગાથાર્થ : શુભ તિથિનક્ષત્રમાં મહાન્ એવા સામન્તકુળમાં ઉત્પન્ન થયેલી, યશોદાનામે શ્રેષ્ઠરાજાની કન્યા સાથે (માતા–પિતા વીરપ્રભુનું) પાણિગ્રહણ કરાવે છે.**

गमनिका–तिथिश्च ऋक्षं च तिथिऋक्षं, ऋक्षं-नक्षत्रं, तस्मिन् तिथिऋक्षे, 'प्रशस्ते' शोभने, महच्च तत्सामन्तकुलं च महासामन्तकुलं तस्मिन् प्रसूतेति समासः तया, कारयतः मातापितरौ, पाणेर्ग्रहणं पाणिग्रहणं, कया ?–यशोदा चासौ वरराजकन्या चेति विग्रहः तया, तत्र 'महासामन्तकुलप्रसूतया' इत्यनेनान्वयमहत्त्वमाह, 'वरराजकन्यया' इत्यनेन तु तत्कालराज्यसंपद्युक्ततामाहेति गाथार्थः ॥ द्वारम् ।

अपत्यद्वारावयवार्थं व्याचिख्यासुराह –

**पंचविहे माणुस्से भोगे भुंजितु ★सह जसोआए ।**
**तेयसिरिंव सुरूवं जणेइ पिअदंसणं धूअं ॥८०॥ ( भा. )**

गमनिका–'पञ्चविधान्' पञ्चप्रकारान् शब्दादीन् मनुष्याणामेते मानुष्यास्तान् भोगान् भुक्त्वा 'ततो' यशोदायाः, तेजसः श्री तेजःश्रीः तां तेजःश्रियमिव सुरूपां, अथवा तस्याः श्रियमिवेति पाठान्तरं वा । जनयति प्रियदर्शनां 'धुतां' दुहितरं, 'जणिसु' वा पाठः, जनितवानिति गाथार्थः ॥ द्वारम् ।

अत्रान्तरे च भगवतः मातापितरौ कालगतौ, भगवानपि तीर्णप्रतिज्ञः प्रव्रज्याग्रहणाहितमतिः नन्दिवर्धनपुरस्सरं स्वजनमापृच्छति स्म, स पुनराह–भगवन् ! क्षारं क्षते मा क्षिपस्व, कियन्तमपि कालं तिष्ठ, भगवानाह–कियन्तम् ?, स्वजन आह–वर्षद्वयं, भगवानाह–भोजनादौ मम व्यापारो

---

**ટીકાર્થ :** ઋક્ષ એટલે નક્ષત્ર, શુભ તિથિનક્ષત્રમાં.... વગેરે ઉપરોક્ત ગાથાર્થ પ્રમાણે ટીકાર્થ જાણી લેવો. "મહાસામન્તકુલમાં ઉત્પન્ન થયેલી" આ વિશેષણદ્વારા અન્વયનું (વંશનુ) મહત્વ બતાડવામાં આવ્યું છે. તથા "વરરાજકન્યા" એ વિશેષણદ્વારા તે કાળના રાજ્યની સંપત્તિથી યુક્ત એવી આ કન્યા હતી એમ જણાવ્યું છે. ॥૭૯॥

**અવતરણિકા :** વિવાહદ્વાર પૂર્ણ થયું. હવે અપત્યદ્વાર કહે છે ➪

**ગાથાર્થ : યશોદા સાથે પાંચપ્રકારના માનુષ્યભોગોને ભોગવીને તેજની લક્ષ્મીરૂપ, સ્વરૂપવાન એવી પ્રિયદર્શનાને (યશોદા) જન્મ આપે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. સમાસ આ પ્રમાણે : તેજની લક્ષ્મી તે તેજલક્ષ્મી. તેના જેવી સુરુપવાન્ દીકરીને જન્મ આપ્યો અથવા યશોદાની (तस्याः) લક્ષ્મી જેવી અર્થાત્ જાણે કે યશોદાની જ આ લક્ષ્મી હોય તેવી તે દીકરીને જન્મ આપ્યો. ॥૮૦॥ અપત્યદ્વાર પૂર્ણ થયું. (ભગવાનના યશોદા સાથે સુખમય દિવસો પસાર થતાં હતા) તે સમયે ભગવાનના માતા–પિતા' મૃત્યુ પામ્યા. તે વખતે પોતાનો અભિગ્રહ પૂર્ણ થયો જાણી પ્રવ્રજ્યાને ગ્રહણ કરવા માટે ઉત્સુક થયેલી મતિવાળા (= પ્રવ્રજ્યાને ગ્રહણ કરવા માટે થયેલી છે બુદ્ધિ જેમની તેવા) પ્રભુએ નંદિવર્ધન વગેરે સ્વજનોની રજા માંગી. ત્યારે નંદિવર્ધન કહે છે કે, "ભગવન્ ! ઘા ઉપર મીઠું નાંખો નહિ, કેટલોક કાળ તમે વધુ સંસારમાં રહો." ભગવાને પૂછ્યું, "કેટલો કાળ ?" સ્વજનો એ કહ્યું, "બે વર્ષ વધુ રહો."

---

★ तओ वृत्तौ प्र०.

न वोढव्य इति, प्रतिपन्ने भगवान् समधिकं वर्षद्वयं प्रासुकैषणीयाहारः शीतोदकमप्यपिबन् तस्थौ, अत्रान्तर एव महादानं दत्तवान्, लोकान्तिकैश्च प्रतिबोधितः पुनः पूर्णावधिः प्रव्रजित इति ॥ अमुमेवार्थं संक्षेपतः प्रतिपादयन् आह निर्युक्तिकृत्–

**हत्थुत्तरजोएणं कुंडग्गामंमि खत्तिओ जच्चो ।**
**वज्जरिसहसंघयणो भविअजणविबोहओ वीरो ॥४५९॥**
**सो देवपरिग्गहिओ तीसं वासाइ वसइ गिहवासे ।**
**अम्मापिईहिं भयवं देवत्तगएहिं पव्वइओ ॥४६०॥**

गमनिका–'हस्तोत्तरायोगेन' उत्तराफाल्गुनीयोगेनेत्यर्थः, कुण्डग्रामे नगरे क्षत्रियो 'जात्यः' उत्कृष्ट इत्यर्थः, वज्रऋषभसंहननो भव्यजनविबोधको वीरः, किम् ?–मातापितृभ्यां भगवान् देवत्वगताभ्यां प्रव्रजित इति योगः । द्वितीयगाथागमनिका–'सः' भगवान् देवपरिगृहीतः त्रिंशद्वर्षाणि वसति, उषित्वा वा पाठान्तरं, गृहवासे शेषं व्याख्यातमेव ॥४५९-४६०॥

साम्प्रतं भाष्यकारः प्रतिद्वारं अवयवार्थं व्याख्यानयति–'संवच्छेरण०' गाथेत्यादिना–

---

ભગવાને કહ્યું, "મને ઉદ્દેશીને ભોજદિનો આરંભ કરવો નહિ" સ્વજનોએ વાત સ્વીકારી. તેથી ભગવાન અચિત્ત અને નિર્દોષ એવા આહારને વાપરીને તથા કાચા પાણીને પણ પીધા વિના (અર્થાત્ અચિત્ત પાણીને પીતા) બેવર્ષ સંસારમાં અધિક રહ્યા. તે બેવર્ષના ગાળા દરમિયાન (એક વર્ષ પૂર્ણ થયા પછી) પ્રભુએ મહાદાન આપ્યું અને લોકાન્તિકદેવોવડે પ્રતિબોધ કરાયા. પ્રભુએ (સ્વજનોએ માંગેલી બેવર્ષની) મુદત પૂર્ણ થયેલી જાણીને દીક્ષા લીધી.

**અવતરણિકા :** આ જ અર્થને સંક્ષેપથી પ્રતિપાદન કરવા નિર્યુક્તિકાર કહે છે ➪

**ગાથાર્થ : ક્ષત્રિય, જાતિમાન્, વજ્રૠષભસંઘયણવાળા, ભવ્યજનને બોધ આપનારા એવા પ્રભુવીર કુંડગ્રામનગરમાં હસ્તોત્તરાનક્ષત્રમાં (દીક્ષા ગ્રહણ કરે છે એમ આગળ અન્વય જોડવો.)**

**ગાથાર્થ : દેવથી પરિવરેલા તે પ્રભુ ગૃહાવસ્થામાં ત્રીસવર્ષ રહે છે. માતા–પિતા દેવત્વને પામતે છતે પ્રભુએ પ્રવ્રજ્યા લીધી.**

**ટીકાર્થ :** વજ્રૠષભસંઘયણવાળા, જાતિમાન્, ભવ્યજીવોને બોધ આપનારા પ્રભુવીરે માતા–પિતા દેવત્વને પામતા ઉત્તરાફાલ્ગુનીનક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થતાં કુંડગ્રામનગરમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી એ પ્રમાણે અન્વય જોડવો. હવે બીજી ગાથાનો અર્થ કરે છે – દેવોથી પરિવરેલા તે ભગવાન ત્રીસવર્ષ ગૃહસ્થાવસ્થામાં રહ્યા. શેષ ઉત્તરાર્ધ પ્રથમગાથાના અર્થમાં કહેવાય ગયેલ છે. ॥૪૫૯–૪૬૦॥

**અવતરણિકા :** (પૂર્વે ગાથા ૪૫૯ની અવતરણિકામાં કહ્યું કે ભગવાને મહાદાન આપ્યું, લોકાન્તિકદેવોએ પ્રતિબોધ કર્યો અને પછી પ્રભુએ દીક્ષા લીધી આ વાતને જણાવવા માટે) ભાષ્યકાર પ્રતિદ્વારને = દાનદ્વારને, સંબોધનદ્વારને તથા નિષ્ક્રમણદ્વારને વિસ્તારથી જણાવે છે ➪

संवच्छरेण० ॥८१॥
एगा हिरण्ण० ॥८२॥
सिंघाडय० ॥८३॥
वरवरिआ० ॥८४॥
तिण्णेव य० ॥८५॥ ( भा. )

इदं गाथापञ्चकं ऋषभदेवाधिकारे व्याख्यातत्वान्न विव्रियते ॥ द्वारम् ।

संबोधनद्वारावयवार्थमाह–

सारस्सयमाइच्चा० ॥८६॥
एए देवनिकाया० ॥८७॥ ( भा. )
एवं अभिथुव्वंतो बुद्धओ बुद्धारविंदसरिसमुहो ।
लोगंतिगदेवेहिं कुंडग्गामे महावीरो ॥८८॥ ( भा. )

इदमपि गाथात्रयं व्याख्यातत्वात् न प्रतन्यते । आह–ऋषभदेवाधिकारे 'संबोहणपरिच्चाएत्ति' इत्यादिद्वारगाथायां संबोधनोत्तरकालं परित्यागद्वारमुक्तं, तथा मूलभाष्यकृता व्याख्या कृतेति, अधिकृतद्वारगाथायां तु 'दाणे संबोध निक्खमणे' इत्यभिहितं, इत्थं व्याख्या( च ) कृतेति । ततश्च इह दानद्वारस्य संबोधनद्वारात् पूर्वमुपन्यासः तत्र वा संबोधनद्वारादुत्तरं परित्यागद्वारस्य विरुध्यत

---

ગાથાર્થ : (૮૧) સંવત્સર... (૮૨) એકકરોડ.... (૮૩) સંઘાટક...(૮૪) વરવરિઆ...(૮૫) ત્રણસો...

**ટીકાર્થ :** ઉપરોક્ત પાંચ ગાથાઓ પૂર્વે ઋષભદેવના અધિકારમાં (ગા. ૨૧૬ થી ૨૨૦માં) વર્ણવેલી હોવાથી અહીં તેનું વ્યાખ્યાન કરાતું નથી. ॥૮૧ થી ૮૫॥

**અવતરણિકા :** હવે સંબોધન દ્વાર કહે છે ⇨

ગાથાર્થ : સારસ્વત, આદિત્ય...

ગાથાર્થ : આ દેવનિકાયો...

ગાથાર્થ : **આ પ્રમાણે લોકાન્તિકદેવોવડે સ્તુતિ કરાતા વિકસેલા કમળ જેવા મુખવાળા પ્રભુ મહાવીર કુંડગ્રામમાં બોધ પામ્યા.**

**ટીકાર્થ :** આ ત્રણે ગાથાઓ પૂર્વે કહેવાયેલી હોવાથી અહીં કહેવાતી નથી. (તેમાં ગા. ૮૬ અને ૮૭નો અર્થ પૂર્વના ગાથાર્થ : ૨૧૪ અને ૨૧૫ પ્રમાણે જાણવો.)

**શંકા :** પૂર્વે ઋષભદેવના અધિકારમાં "સંબોધન–પરિત્યાગ... વગેરે દ્વારગાથામાં (ગાથાર્થ : ૨૦૯માં) સંબોધન પછી પરિત્યાગદ્વાર (દાનદ્વાર) કહ્યું હતું. તથા મૂલભાષ્યકારે પણ તે જ પ્રમાણે વ્યાખ્યા કરી હતી. જ્યારે અહીં (ગા. ૪૫૮માં) "દાન–સંબોધન નિષ્ક્રમણ" એ પ્રમાણે ક્રમ બતાવ્યો અને એ પ્રમાણે વ્યાખ્યા કરી. તેથી અહીં દાનદ્વારનો સંબોધનદ્વાર પહેલા જે ઉપન્યાસ કર્યો તે અથવા પૂર્વે સંબોધનદ્વાર પછી પરિત્યાગદ્વારનો (દાનદ્વારનો) જે ઉપન્યાસ

इति, उच्यते, न सर्वतीर्थकराणामयं नियमो यदुत-संबोधनोत्तरकालभाविनी महादानप्रवृत्तिरिति, अधिकृतग्रन्थोपन्यासान्यथानुपपत्तेः, नियमेऽपीह दानद्वारस्य बहुतरवक्तव्यत्वात् संबोधनद्वारात् प्रागुपन्यासो न्यायप्रदर्शनार्थोऽविरुद्ध एव, अधिकृतद्वारगाथानियमे तु व्यत्ययेन परिहारः— तत्राल्पवक्तव्यत्वात् संबोधनद्वारस्य प्रागुपन्यासः, इत्येतावन्तः संभविनः पक्षाः, तत्त्वं तु विशिष्टश्रुतविदो जानन्तीति अलं प्रसङ्गेन ॥ द्वारम् ।

साम्प्रतं निष्क्रमणद्वारावयवार्थं व्याचिख्यासुराह –

**मणपरिणामो अ कओ अभिनिक्खमणंमि जिणवरिंदेण ।**
**देवेहिं य देवीहिं य समंतओ उच्छयं गयणं ॥८९॥ ( भा. )**

गमनिका—मनःपरिणामश्च कृतः 'अभिनिष्क्रमणे' इति अभिनिष्क्रमणविषयो जिनवरेन्द्रेण, तावत् किं संजातमित्याह—देवैर्देवीभिश्च 'समन्ततः' सर्वासु दिक्षु 'उच्छयं गयणं' ति व्याप्तं

---

કર્યો તે વિરોધી લાગે છે. (આશય એ છે કે, 'અહીં સંબોધનદ્વાર) પહેલા જે દાનદ્વાર કહ્યું, તે સંબોધન પછી કહેવું જોઈતું હતું અથવા પૂર્વે પરિત્યાગદ્વારનો ઉપન્યાસ સંબોધનદ્વાર પછી કરવો જોઈતો હતો. એની બદલે વિપરીત ઉપન્યાસ શા માટે કર્યો ?)

**સમાધાન :** સર્વ તીર્થંકરોનો આ નિયમ હોતો નથી કે સંબોધન પછી જ મહાદાનની પ્રવૃત્તિ થાય (અર્થાત્ પ્રથમ મહાદાનની પ્રવૃત્તિ થાય ને પછી સંબોધન થાય એવું પણ બને.) જો આવો અનિયમ ન માનીએ તો અહીં અધિકૃતગ્રંથનો જે ઉપન્યાસ કર્યો છે અર્થાત્ પ્રથમ દાન, પછી સંબોધન એ પ્રમાણેનો ક્રમ જે બતાવ્યો છે તે ઘટે નહિ. અથવા કદાચ નિયમ માનીયે તો પણ, અર્થાત્ પ્રથમ સંબોધન અને પછી જ દાનપ્રવૃત્તિ થાય એવો નિયમ માનીએ તો પણ, અહીં દાનદ્વારની બહુવક્તવ્યતા હોવાથી સંબોધનદ્વારથી પૂર્વે દાનદ્વારનો ઉપન્યાસ, જેની બહુવક્તવ્યતા હોય તે પ્રથમ દર્શાવાય એવો ન્યાય દેખાડવા માટે કરેલો હોવાથી તેમાં કોઈ વિરોધ નથી.

હવે જો અહીં અધિકૃતગાથાનો નિયમ માનીએ અર્થાત્ દાન—સંબોધન—નિષ્ક્રમણ એ ક્રમ માન્ય રાખીએ તો જુદી રીતે પરિહાર (સમાધાન) જાણવો, એટલે કે જો આ ક્રમ માનીએ તો એમ જાણવું કે દાનદ્વારની અલ્પ વક્તવ્યતા હોવાથી તેનો પૂર્વે પ્રથમ ઉપન્યાસ કર્યો છે. આ પ્રમાણે સંભવિત સમાધાનો બતાવ્યા. તત્ત્વ તો વિશિષ્ટશ્રુતને જાણનારા જાણે છે. તેથી વધુ ચર્ચાથી સર્યું. (નોંધ—અહીં પ્રથમ સમાધાન જ વધુ બંધ બેસે છે, કારણ કે પહેલા વર્ષીદાન પછી લોકાંતિક દેવોની વિનંતી એવું પ્રાયઃ મલ્લિનાથતીર્થંકરના જીવનમાં બનેલું છે.) ॥૮૮॥

**અવતરણિકા :** મહાદાન-સંબોધનદ્વાર પૂર્ણ થયું. હવે નિષ્ક્રમણ દ્વાર કહે છે ⇨

**ગાથાર્થ : જિનવરેન્દ્રએ અભિનિષ્ક્રમણમાં મનનો પરિણામ કર્યો (અર્થાત્ નિશ્ચય કર્યો.) અને દેવ—દેવીઓવડે ચારે બાજુ ગગન વ્યાપ્ત થયું.**

**ટીકાર્થ :** જિનેશ્વરે અભિનિષ્ક્રમણમાં (અર્થાત્ દીક્ષા લેવા માટે) મનના પરિણામને કર્યા. તે સમયે શું થયું ? તે કહે છે કે, દેવો અને દેવીઓથી ચારે દિશામાં અંતરિક્ષ વ્યાપ્ત થયું. ॥૮૯॥

गगनमिति गाथार्थः ॥८९॥

भवणवइवाणमंतरजोइसवासी विमाणवासी अ ।
धरणियले गयणयले विज्जुज्जोओ कओ खिप्पं ॥९०॥ ( भा. )

गमनिका–यैर्देवैः गगनतलं व्याप्तं ते खल्वमी वर्त्तन्ते–भवनपतयश्च व्यन्तराश्च ज्योतिर्वासिनश्चेति समासः, ज्योतिः–शब्देन इह तदालया एवोच्यन्ते, विमानवासिनश्च । अमीभिरागच्छद्भिः धरणितले गगनतले विद्युतामिवोद्योतो विद्युदुद्योतः कृतः 'क्षिप्रं' शीघ्रमिति गाथार्थः ॥९०॥

जाव य कुंडग्गामो जाव य देवाण भवणआवासा ।
देवेहिं य देवीहिं य अविरहिअं संचरंतेहिं ॥९१॥ ( भा. )

गमनिका–यावत् कुण्डग्रामो यावच्च देवानां भवनावासां अत्रान्तरे धरणितलं गगनतलं च देवैः देवीभिश्च 'अविरहितं' व्याप्तं संचरद्भिरिति गाथार्थः ॥९१॥

अत्रान्तरे देवैरेव भगवतः शिबिकोपनीता, तामारुह्य भगवान् सिद्धार्थवनमगमत्, अमुमेवार्थं प्रतिपादयति–'चंदप्पभा येत्यादिना'–

चन्दपभा य सीमा उवणीआ जम्ममरणमुक्कस्स ।
आसत्तमल्लदामा जलयथलयदिव्वकुसुमेहिं ॥९२॥ ( भा. )

---

**ગાથાર્થ :** ભવનપતિ–વાણવ્યંતર–જ્યોતિષ્ક અને વૈમાનિકદેવોએ ધરણિતલમાં અને ગગનતલમાં શીઘ્ર વિદ્યુતોદ્યોત કર્યો.

**ટીકાર્થ :** જે દેવોવડે તે ગગનતલ વ્યાપ્ત થયું, તે આ દેવ–દેવીઓ હતા : ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્વાસી અને વિમાનવાસીદેવો હતા. અહીં જ્યોતિષ્શબ્દથી જ્યોતિષ્કનિકાયના વિમાનો જાણવા. તેથી જ્યોતિષ્વાસી એટલે જ્યોતિષ્કવિમાનવાસી એવો અર્થ જાણવો. આવતા આ દેવોવડે ધરણિતલમાં અને ગગનતલમાં જાણે કે વીજળીનો પ્રકાશ હોય તેમ શીઘ્ર ઉદ્યોત કરાયો. ॥૯૦॥

**ગાથાર્થ :** કુંડગ્રામથી લઈ દેવોના ભવન=આવાસ સુધી ગગનતલ આવતા–જતા દેવ–દેવીઓવડે નિરંતર વ્યાપ્ત થયુ.

**ટીકાર્થ :** (એક બાજુ) કુંડગ્રામ સુધી અને બીજી બાજુ દેવોના ભવન= આવાસ સુધી ગગનતલ અને ધરણીતલ આવતા–જતા દેવ–દેવીઓવડે નિરંતર વ્યાપ્ત થયું. ॥૯૧॥

**અવતરણિકા :** તે સમયે દેવો ભગવાનની શિબિકા લાવ્યા. તેમાં બેસી ભગવાન સિદ્ધાર્થવનમાં ગયા. આ વાતને ભાષ્યકાર આગળ ગાથાવડે કહે છે ➪

**ગાથાર્થ :** પુષ્પમાળાઓ જેમાં લટકતી હતી તેવી, સ્થળ અને જળમાં ઉત્પન્ન થયેલા દિવ્યપુષ્પોવડે યુક્ત ચંદ્રપ્રભા નામની શિબિકા જન્મ–મરણથી મૂકાયેલા ભગવાન માટે (દેવો વડે) લવાઈ.

चन्द्रप्रभा शिबिकेत्यभिधानं 'उपनीता' आनीता, कस्मै ?—जन्ममरणाभ्यां मुक्तवत् मुक्तः तस्मै—वर्धमानायेत्यर्थः, षष्ठी चतुर्थ्यर्थे द्रष्टव्या । किंभूता सेत्याह—आसक्तानि माल्यदामानि यस्यां सा तथोच्यते, तथा जलजस्थलजदिव्यकुसुमैः, चर्चितेति वाक्यशेषः इति गाथार्थः ॥९२॥

शिबिकाप्रमाणदर्शनायाह—

**पंचासइ आयामा धणूणि विच्छिण्ण पण्णवीसं तु ।**
**छत्तीसइमुव्विद्धा सीया चंदप्पभा भणिआ ॥९३॥ ( भा. )**

व्याख्या—पञ्चाशत् धनूंषि आयामो—दैर्घ्यं यस्याः सा पञ्चाशदायामा धनूंषि, विस्तीर्णा पञ्चविंशत्येव, षट्त्रिंशद्धनूंषि 'उव्विद्धत्ति' उच्चा, उच्चैस्त्वेन षट्त्रिंशद्धनूंषीति भावार्थः, शिबिका चन्द्रप्रभाभिधाना 'भणिता' प्रतिपादिता तीर्थकरगणधरैरिति, अनेन शास्त्रपारतन्त्र्यमाहेति गाथार्थः ॥

**सीआइ मज्झयारे दिव्वं मणिकणगरयणचिंचइअं ।**
**सीहासणं महरिहं सपायवीढं जिणवरस्स ॥९४॥ ( भा. )**

व्याख्या—शिबिकाया मध्य एव मध्यकारस्तस्मिन् 'दिव्यं' सुरनिर्मितं मणिकनकरत्नखचितं सिंहासनं महार्हं, तत्र मणयः—चन्द्रकान्ताद्याः कनकं-देवकाञ्चनं रत्नानि—मरकतेन्द्रनीलादीनि

---

**ટીકાર્થ :** ચંદ્રપ્રભા એ શિબિકાનું નામ છે. (દેવોવડે) તે શિબિકા લવાઈ, કોની માટે ? તે કહે છે – જન્મ, મરણથી જાણે કે મૂકાયેલા હોય તેવા (અર્થાત્ ઘણા જ અલ્પકાળમાં મૂકાઈ જવાના હોવાથી ભવિષ્યનો વર્તમાનમાં ઉપચાર કરી મુક્ત જેવા) મુક્ત વર્ધમાન માટે લવાઈ હતી. અહીં ષષ્ઠીવિભક્તિ ચતુર્થીના અર્થમાં જાણવી. કેવા પ્રકારની તે શિબિકા હતી ? તે કહે છે– લટકાવેલી છે પુષ્પમાળાઓ જેમાં તેવી તથા જળમાં અને સ્થળમાં ઉત્પન્ન થયેલા પુષ્પોવડે યુક્ત એવી આ શિબિકા હતી. (ટીકાનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥૯૨॥

**અવતરણિકા :** હવે શિબિકાનું પ્રમાણ બતાવતા કહે છે ⇨

**ગાથાર્થ : ચંદ્રપ્રભા નામની આ શિબિકા પચાસધનુષ લાંબી, પચીસધનુષ પહોળી અને છત્રીસધનુષ ઊંચી કહેવાયેલી છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. "આ પ્રમાણ તીર્થંકરો અને ગણધરોવડે કહેવાયેલું છે" આવું કહેવા દ્વારા નિર્યુક્તિકારે શાસ્ત્ર પારતંત્ર્ય કહ્યું. (અર્થાત્ પોતે સ્વમતિથી ગ્રંથરચના નથી કરતાં, પણ શાસ્ત્રોના આધારે કરે છે, તેવું નિર્યુક્તિકાર બતાવે છે.) ॥૯૩॥

**ગાથાર્થ : તે શિબિકાના મધ્યભાગમાં જિનેશ્વરમાટે દિવ્ય, મણિ–કનક અને રત્નોથી જડિત, મહાપુરુષને યોગ્ય અને પાદપીઠથી સંયુક્ત એવું સિંહાસન (કરાયેલું હતું)**

**ટીકાર્થ :** શિબિકાના મધ્યભાગમાં દિવ્ય = દેવોથી બનાવેલ; મણિ, કનક, રત્નોથી જડિત, મહાપુરુષને યોગ્ય, અને પાદપીઠથી યુક્ત સિંહપ્રધાન એવું આસન જિનેશ્વરમાટે (દેવોવડે) કરાયું. અહીં મણિ તરીકે ચંદ્રકાન્તાદિ, કનક તરીકે દેવકાંચન (સોનાનો એક પ્રકારવિશેષ) અને

'चिंचइअं' ति देशीवचनतः खचितमित्युच्यते । सिंहप्रधानमासनं सिंहासनं, महान्तं-भुवनगुरुमर्हतीति महार्हं, सह पादपीठेनेति सपादपीठं, जिनवरस्य, कृतमिति वाक्यशेषः इति गाथार्थः ॥

**आलइअमालमउडो भासुरबोंदी पलंबवणमालो ।**
**सेययवत्थनियत्थो जस्स य मोल्लं सयसहस्सं ॥९५॥**
**छट्ठेणं भत्तेणं अज्झवसाणेण सोहणेण★ जिणो ।**
**लेसाहिं विसुज्झंतो आरुहई उत्तमं सीअं ॥९६॥ ( भा. )**

व्याख्या–आलइअं आविद्धमुच्यते, माला-अनेकसुरकुसुमग्रथिता, मुकुटस्तु प्रसिद्ध एव, माला च मुकुटश्च मालामुकुटौ आविद्धौ मालामुकुटौ यस्येति विग्रहः । भास्वरा–छायायुक्ता बोन्दी–तनुः यस्य स तथाविधः, प्रलम्बा वनमाला-प्रागभिहिता अन्या वा यस्येति समासः । 'सेययवत्थनियत्थो' त्ति नियत्थं–परिहितं भण्णइ, निवसितं श्वेतं वस्त्रं येन स निवसितश्वेतवस्त्रः, बन्धानुलोम्यात् निवसितशब्दस्य सूत्रान्ते प्रयोगः, लक्षणतस्तु बहुव्रीहौ निष्ठान्तं पूर्वं निपततीति

રત્નો તરીકે મરકત–ઇન્દ્રનીલ વગેરે જાણવા. 'चिंचइअं' શબ્દનો દેશીવચન હોવાથી 'ખચિત=જડિત' એ પ્રમાણે અર્થ છે. મહાન વ્યક્તિ માટે = ભુવનગુરુ માટે જે યોગ્ય હોય તે મહાર્હ કહેવાય, પાદપીઠ સાથે જે હોય તે સપાદપીઠ, (આ પ્રમાણે સમાસ જાણવા.) (મૂળગાથામાં "કરાયું" એ પ્રમાણે ક્રિયાપદ નથી તે અહીં જાણી લેવા કહે છે કે) 'कृत' એ પ્રમાણે વાક્યશેષ જાણવો.॥૯૪॥

**ગાથાર્થ :** પહેરેલા છે માળા અને મુગટ જેમનાવડે તેવા, દેદીપ્યમાન શરીરવાળા, લાંબી વનમાળાથી યુક્ત, જે વસ્ત્રનું મૂલ્ય એક લાખ દીનારનું હતું તેવા શ્વેતવસ્ત્રો પહેરેલા છે જેમણે એવા;

**ગાથાર્થ :** ભગવાન છઠ્ઠનો તપ કરવા સાથે શોભન અધ્યવસાયવડે લેશ્યાઓથી વિશુધ્યમાન થતાં, ઉત્તમ શિબિકામાં ચઢે છે.

**ટીકાર્થ :** મૂળગાથામાં 'आलइअं' શબ્દ છે જેનો આવિદ્ધ (પહેરેલા) અર્થ થાય છે, માળા એટલે અનેક દિવ્યપુષ્પોવડે ગુંથેલી માળા, મુકુટ તે પ્રસિદ્ધ જ છે. તેથી પહેરેલા છે માળા અને મુકુટ જેમણે એવા, એ પ્રમાણે સમાસનો વિગ્રહ જાણવો. ભાસ્વર=દેદીપ્યમાન બોંદી=શરીર છે જેમનું તે દેદીપ્યમાન શરીરવાળા, લાંબી છે વનમાળા=પૂર્વે કહેવાઈ ગયેલી તે અથવા અન્ય વનમાળા જેમની, એ પ્રમાણે સમાસ જાણવો.

"सेययवत्थनियत्थो" – તેમાં નિયત્થ એટલે પહેરેલું. પહેરાયેલું છે શ્વેતવસ્ત્ર જેમનાવડે તે નિવસિતશ્વેતવસ્ત્ર. અહીં બંધના અનુલોમ્યથી (છંદના નિયમાનુસારે) નિવસિતશબ્દ સમાસમાં છેલ્લે મૂક્યો છે જ્યારે લક્ષણથી જોઈએ તો બહુવ્રીહિ સમાસમાં ત(क्त) અન્તવાળો શબ્દ પૂર્વે આવે છે. માટે અર્થ કરતી વખતે તે શબ્દ પૂર્વે જાણવો. તેથી અર્થ થશે – શ્વેતવસ્ત્રનું પરિધાન

★ सुंदरेण वृत्तौ.

पूर्वं द्रष्टव्यः, श्वेतवस्त्रपरिधान इत्यर्थः । यस्य च मूल्यं शतसहस्रं दीनाराणामिति गाथार्थः ॥ स एवंभूतो भगवान् मार्गशीर्षबहुलदशम्यां हस्तोत्तरानक्षत्रयोगेन 'छट्ठेणं भत्तेणं' इत्यादि, षष्ठेन भक्तेन, दिनद्वयमुपोषित इत्यर्थः । अध्यवसानं–अन्तःकरणसव्यपेक्षं विज्ञानं तेन 'सुन्दरेण' शोभनेन 'जिनः' पूर्वोक्तः, तथा लेश्याभिर्विशुध्यमानः मनोवाक्कायपूर्विकाः कृष्णादिद्रव्य-संबन्धजनिताः खलु आत्मपरिणामाः लेश्या इति, उक्तं च–

*"कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो य आत्मनः ।*
*स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दः प्रयुज्यते ॥१॥"*

ताभिः विशुध्यमानः, किम् ?–आरोहति 'उत्तमां' प्रधानां शिबिकामिति गाथार्थः ॥

**सीहासणे निसण्णो सक्कीसाणा य दोहि पासेहिं ।**
**वीअंति चामरेहिं मणिकणगविचित्तदंडेहिं ॥९७॥ ( भा. )**

व्याख्या–तत्र भगवान् सिंहासने निषण्णः शक्रेशानौ च देवनाथौ द्वयोः पार्श्वयोः व्यवस्थितौ, किम् ?–वीजयतः, काभ्याम् ?–चामराभ्यां, किंभूताभ्याम् ?–मणिरत्नविचित्रदण्डाभ्यामिति गाथार्थः ॥

एवं भगवति शिबिकान्तर्वर्त्तिनि सिंहासनारूढे सति सा शिबिका सिद्धार्थोद्याननयनाय उत्क्षिप्ता ॥ कैरित्याह–

---

કરનારા. આ વસ્ત્રનું મૂલ્ય એક લાખદીનાર હતું. ॥૯૫॥

આવા પ્રકારના ભગવાન માગસર વદ દસમે (ગુજરાતી પંચાંગ પ્રમાણે કા.વ.દસમે) હસ્તોત્તરાનક્ષત્રનો (ઉત્તરાફાલ્ગુનીનક્ષત્રનો) યોગ થયે છતે છઠ્ઠનો તપ કરવા સાથે શુભ એવા અધ્યવસાયવડે, અહીં અધ્યવસાય એટલે અંતઃકરણને સાપેક્ષ એવું વિજ્ઞાન–તેવા શુભ અધ્યવસાયવડે લેશ્યાઓથી વિશુધ્યમાન (ભગવાન) ઉત્તમ શિબિકામાં ચઢે છે.

અહીં લેશ્યા એટલે કૃષ્ણાદિ દ્રવ્યોના સંબંધથી ઉત્પન્ન થયેલા મન–વચન–કાયા પૂર્વકના આત્મપરિણામો. તેમાં શાસ્ત્રપાઠ બતાવે છે – **"કૃષ્ણાદિ દ્રવ્યોની સહાયથી સ્ફટિકની જેમ આત્માનો જે પરિણામ ઉત્પન્ન થાય છે, તે પરિણામમાં આ લેશ્યા શબ્દ વપરાય છે. ॥૧॥** (અહીં જેમ સ્ફટિક પોતે નિર્મળ હોવા છતાં તેની પાછળ રહેલ લાલાદિ વસ્ત્રના કારણે સ્ફટિકમાં લાલાશાદિ ઉત્પન્ન થાય છે, તેમ આત્મામાં કૃષ્ણાદિ દ્રવ્યોને કારણે જે પરિણામ ઉત્પન્ન થાય છે તે લેશ્યા કહેવાય છે.) ॥૯૬॥

**ગાથાર્થ : ભગવાન સિંહાસન ઉપર બેઠા છે અને બંને પડખે ઊભા રહેલા શક્ર અને ઈશાનેન્દ્ર મણિ–કનકથી વિચિત્ર દંડવાળા ચામરોવડે (પ્રભુને) વીંજે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૯૭॥

**અવતરણિકા :** આ પ્રમાણે શિબિકામાં રહેલા સિંહાસન ઉપર ભગવાન આરુઢ થયે છતે તે શિબિકા સિદ્ધાર્થનામના ઉદ્યાનમાં લઈ જવા ઊંચકાઈ. તે શિબિકા કોનાવડે ઊંચકાઈ ? તે

---

★ ०रयण० वृत्तौ.

पुव्विं उक्खित्ता माणुसेहिं सा हट्ठरोमकूवेहिं ।
पच्छा वहंति सीअं असुरिंदसुरिंदनागिंदा ॥९८॥ ( भा. )

व्याख्या–'पूर्वं' प्रथमं 'उत्क्षिप्ता' उत्पाटिता, कैः ?-मानुषैः, सा शिबिका, किंविशिष्टैः ?-हृष्टानि रोमकूपानि येषामितिसमासः, तैः । पश्चाद्वहन्ति शिबिकां, के ?–असुरेन्द्रसुरेन्द्रनागेन्द्रा इति गाथार्थः ॥

असुरादिस्वरूपव्यावर्णनायाह–

चलचवलभूसणधरा सच्छंदविउव्विआभरणधारी ।
देविंददाणविंदा वहंति सीअं जिणिंदस्स ॥९९॥ ( भा. )

गमनिका–चलाश्च ते चपलभूषणधराश्चेति समासः । चलाः – गमनक्रियायोगात् हारादिचपलभूषणधराश्च । स्वच्छन्देन–स्वाभिप्रायेण विकुर्वितानिदेवशक्त्या कृतानि आभरणानि–कुण्डलादीनी धारयितुं शीलं येषामिति समासः । अथवा चलचपलभूपणधरा इत्युक्तं, तानि च भूषणानि किं ते परनिर्मितानि धारयन्ति उत नेति विकल्पसंभवे व्यवच्छेदार्थमाह–'स्वच्छन्दविकुर्विताभरणधारिणः', क एते ?–देवेन्द्रा दानवेन्द्राः, किम् ?-वहन्ति शिबिकां जिनेन्द्रस्येति गाथार्थः ॥

---

કહે છે ➪

**ગાથાર્થ : પ્રથમ તે શિબિકા હર્ષિતરોમવાળા મનુષ્યોવડે ઉપાંડાઈ, અને પછી અસુરેન્દ્ર – નાગેન્દ્ર અને સુરેન્દ્રોવડે ઉપાડાઈ.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. (માત્ર, અસુરેન્દ્ર એટલે ચમરાદિ, સુરેન્દ્ર = જ્યોતિષ્ક અને વૈમાનિકના ઇન્દ્રાદિ, નાગેન્દ્ર = ધરણેન્દ્ર.) ॥૯૮॥

**અવતરણિકા :** અસુરાદિનું સ્વરૂપવર્ણન કરતા કહે છે ➪

**ગાથાર્થ : ચલ, ચપલભૂષણને ધારણકરનારા, સ્વેચ્છાથી વિકુર્વેલા આભૂષણોને ધરનારા એવા દેવેન્દ્રો અને દાનવેન્દ્રો જિનેશ્વરની શિબિકાને વહન કરે છે.**

**ટીકાર્થ :** તે દેવો ગમનક્રિયાવાળા હોવાથી ચલ હતા તથા હારાદિ ચંચળ આભૂષણોને ધરનારા હતા. વળી સ્વેચ્છાથી વિકુર્વેલા આભૂષણોને ધરનારા હતા, આ શબ્દનો સમાસ બતાવે છે – સ્વાભિપ્રાયથી વિકુર્વેલા=દેવશક્તિથી બનાવેલા એવા કુંડલાદિ આભરણોને ધારણ કરવાનો સ્વભાવ છે જેમનો, એ પ્રમાણે સમાસ જાણવો.

અથવા ("સ્વચ્છંદ...." વિશેષણ શા માટે કહ્યું ? તેનો ઉત્તર આપતા કહે છે કે) "ચલ–ચપલભૂષણોને ધરનારા" આવું કહ્યું તો તે ભૂષણો શું તે દેવો બીજાવડે બનાવેલા ધારણ કરે છે કે સ્વનિર્મિત આભૂષણોને ધારણ કરે છે ? આવો વિકલ્પ થવો સંભવિત છે. તેથી આવા વિકલ્પનો વ્યવચ્છેદ કરવા "સ્વચ્છંદવિકુર્વિત..." વિશેષણ કહેલ છે. એવા દેવેન્દ્રો અને દાનવેન્દ્રો જિનેશ્વરની શિબિકાને વહન કરે છે. ॥૯૯॥

अत्रान्तरे–

**कुसुमाणि पंचवण्णाणि मुयंता दुंदुही य ताडंता ।**
**देवगणा य पहट्ठा समंतओ उच्छयं गयणं ॥१००॥ ( भा. )**

व्याख्या–भगवति शिबिकारूढे गच्छति सति नभःस्थलस्थाः कुसुमानि शुक्लादिपञ्चवर्णानि मुञ्चन्तः तथा दुदुम्भींस्ताडन्तश्च, के ?–'देवगणाः' देवसंघाताः, चशब्दस्य प्राक्संबन्धो व्यवहितः प्रदर्शित एव, प्रकर्षेण हृष्टाः प्रहृष्टाः, किम् ?–भगवन्तमेव स्तुवन्तीति क्रियाऽध्याहारः । एवं स्तुवद्भिर्देवैः किमित्याह–'समन्ततः' सर्वासु दिक्षु सर्वं 'उच्छयं गगणं' व्याप्तं गगनमिति गाथार्थः ॥

**वणसंडोव्व कुसुमिओ पउमसरो वा जहा सरयंकाले ।**
**सोहइ कुसुमभरेणं इय गगणयलं सुरगणेहिं ॥१०१॥ ( भा. )**

गमनिका–वनखण्डमिव कुसुमितं पद्मसरो वा यथा शरत्काले शोभते कुसुमभरेण-हेतुभूतेन, 'इय' एवं गगनतलं सुरगणैः शुशुभे इति गाथार्थः ॥

**सिद्धत्थवणं च( व )जहा असणवणं सणवणं असोगवणं ।**
**चूअवणं व कुसुमिअं इअ गयणयलं सुरगणेहिं ॥१०२॥ ( भा. )**

---

અવતરણિકા : જ્યારે દેવો શિબિકાને વહન કરે છે તે સમયે શું થાય છે ? તે કહે છે ➪

**ગાથાર્થ :** પંચવર્ણી પુષ્પોને વરસાવતા અને દુંદુભિને વગાડતા દેવસમૂહો હર્ષ પામેલા છતાં (ભગવાનની સ્તુતિ કરે છે અને આ દેવોવડે) ગગન વ્યાપ્ત થયું.

**ટીકાર્થ :** શિબિકામાં બેઠેલા ભગવાન ઉદ્યાન તરફ જતા હતા ત્યારે આકાશમાં રહેલા દેવો શુક્લાદિ પંચવર્ણવાળા પુષ્પોની વૃષ્ટિ કરતા અને દુંદુભિને વગાડતા, અહીં 'दुंदुही य ताडंता' વાક્યમાં ચ શબ્દ દુંદુભિશબ્દ પછી છે તેનો સંબધ ताडंता શબ્દ પછી જોડવાનો છે જે પૂર્વે જોડી દીધો છે.–અત્યંત હર્ષિત થયેલા ભગવાનની સ્તુતિ કરે છે એ પ્રમાણે ક્રિયાનો અધ્યાહાર કરવો. આ પ્રમાણે સ્તુતિ કરતા દેવોવડે શું થયું ? તે કહે છે કે સર્વદિશામાં આવા દેવોથી સંપૂર્ણ ગગન વ્યાપ્ત થયું. ॥૧૦૦॥

**ગાથાર્થ :** જેમ શરદઋતુમાં પુષ્પિત થયેલ વનખંડ અથવા પદ્મસરોવર પુષ્પોના સમૂહથી શોભે છે તેમ દેવોના સમૂહથી ગગન શોભતું હતું.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ("कुसुमभरेण - हेतुभूतेन" અહીં 'हेतुभूतेन' લખવાનું કારણ એ કે વનખંડ જે શોભે છે તેમાં હેતુ=કારણ પુષ્પોનો સમૂહ છે. તેથી "હેતુભૂત એવા પુષ્પોના સમૂહવડે" એમ અર્થ કર્યો છે.) ॥૧૦૧॥

**ગાથાર્થ :** પુષ્પિત થયેલું (પુષ્પોવાળું થયેલું) સિદ્ધાર્થવન, અસન(વૃક્ષવિશેષ) વન, શાલવન, અશોકવન કે આંબાનું વન જેમ શોભે છે, તેમ દેવોના સમૂહવડે ગગન શોભતું હતું.

व्याख्या–सिद्धार्थकवनमिव यथा असनवनं, अशनाः–बीजकाः, सणवनं अशोकवनं चूतवनमिव कुसुमितं, 'इअ' एवं गगनतलं सुरगणै रोजेति गाथार्थः ॥

**अयसिवणं व कुसुमिअं कणिआरवणं व चंपयवणं व ।**
**तिलयवणं व कुसुमिअं इअ गयणतलं सुरगणेहिं ॥१०३॥ (भा.)**

व्याख्या–अतसीवनमिव कुसुमितं, अतसी–मालवदेशप्रसिद्धा, कर्णिकारवनमिव चम्पकवनमिव तथा तिलकवनमिव कुसुमितं यथा राजते, 'इअ' एवं गगनतलं सुरगणैः क्रियायोगः पूर्ववदिति गाथार्थः ॥

**वरपडहभेरिझल्लरिदुंदुहिसंखसहिएहिं तूरेहिं ।**
**धरणियले गयणयले तूरनिनाओ परमरम्मो ॥१०४॥ (भा.)**

व्याख्या–वरपटहभेरिझल्लरिदुन्दुभिशङ्खसहितैस्तूर्यैः करणभूतैः, किम् ?-धरणितले गगनतले 'तूर्यनिनादः' तूर्यनिर्घोषः परमरम्योऽभवदिति गाथार्थः ॥

**एवं सदेवमणुआसुराएँ परिसाएँ परिवुडो भयवं ।**
**अभिथुव्वंतो गिराहिं संपत्तो नायसंडवणं ॥१०५॥ (भा.)**

गमनिका–'एवं' उक्तेन विधिना, सह देवमनुष्यासुरैर्वर्त्तत इति सदेवमनुष्यासुरा तया, कयेत्याह–परिषदा परिवृतो भगवान् अभिस्तूयमानो 'गीर्भिः' वाग्भिरित्यर्थः, संप्राप्तः ज्ञातखण्डवनमिति गाथार्थः ॥

**उज्जाणं संपत्तो ओरुभइ उत्तमाउ सीआओ ।**
**सयमेव कुणइ लोअं सक्को से पडिच्छए केसे ॥१०६॥ (भा.)**

गमनिका–उद्यानं संप्राप्तः, 'ओरुहइत्ति' अवतरति उत्तमायाः शिबिकायाः, तथा स्वयमेव

---

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૧૦૨॥

ગાથાર્થ : કુસુમિત થયેલ અતસિવન, કર્ણિકારવન, ચંપકવન કે તિલકવન જેમ શોભે છે, તેમ સુરસમૂહવડે ગગન શોભતું હતું.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૧૦૩॥

ગાથાર્થ : ઉત્કૃષ્ટ પડહ–ભેરિ–ઝલ્લરી–દુંદુભિ–શંખસહિત વાજિંત્રોવડે ધરણિતલમાં અને ગગનતલમાં પરમ રમ્ય વાજિંત્રોનો નાદ થયો.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૧૦૪॥

ગાથાર્થ : આ પ્રમાણે વાણીઓવડે સ્તવના કરતા, દેવ,મનુષ્ય અને અસુરોથી યુક્ત પર્ષદાથી પરિવરેલા એવા ભગવાન જ્ઞાતખંડવનને પામ્યા (જ્ઞાતખંડનામના વનમાં પહોંચ્યાં.)

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૧૦૫॥

ગાથાર્થ : ઉદ્યાનમાં પહોંચેલા ભગવાન ઉત્તમ શિબિકામાંથી નીચે ઉતરે છે, જાતે જ લોચ કરે છે. શક્ર ભગવાનના કેશોને ગ્રહણ કરે છે.

ટીકાર્થ : ગાથાર્થ મુજબ જ છે. ॥૧૦૬॥ "एवं वृत्तानुवादेन...." આ પંક્તિનો અર્થ આ

करोति लोचं, 'शक्रो' देवराजा 'से' तस्य प्रतीच्छति केशानिति, एवं वृत्तानुवादेन ग्रन्थकारवचनत्वात् वर्त्तमाननिर्देशः सर्वत्र अविरुद्ध एवेति गाथार्थः ॥

**जिणवरमणुण्णवित्ता अंजणघणरुयगविमलसंकासा ।**
**केसा खणेण नीआ खीरसरिसनामयं उदहिं ॥१०७॥ ( भा. )**

गमनिका–शक्रेण-जिनवरमनुज्ञाप्य अञ्जनं–प्रसिद्धं घनो-मेघः रुक्-दीप्तिः, अञ्जनघनयो रुक् अञ्जनघनरुक् अञ्जनघनरुग्वत् विमलः संकाशः–छायाविशेषो येषां ते तथोच्यन्ते । अथवा अञ्जनघनरुचकविमलानामिव संकाशो येषामिति समासः 'रुचकः' कृष्णमणिविशेष एव, क एते ?–केशाः, किम् ?-क्षणेन नीताः, कम् ?–'क्षीरसदृशनामानमुदधिं' क्षीरोदधिमिति गाथार्थः ॥

अत्रान्तरे च चारित्रं प्रतिपत्तुकामे भगवति सुरासुरमनुजवृन्दसमुद्भवो ध्वनिस्तूर्यनिनादश्च शक्रादेशाद् विरराम, अमुमेवार्थं प्रतिपादयन्नाह–

**दिव्वो मणूसघोसो तूरनिनाओ अ सक्कवयणेणं ।**
**खिप्पामेव निलुक्को जाहे पडिवज्जइ चरित्तं ॥१०८॥ ( भा. )**

गमनिका–'दिव्वो' देवसमुत्थो मनुष्यघोषश्च, चशब्दस्य व्यवहितः संबन्धः, तथा तूर्यनिनादश्च शक्रवचनेन 'क्षिप्रमेव' शीघ्रमेव 'निलुक्कोत्ति' देशीवचनतो विरतः 'यदा' यस्मिन् काले प्रतिपद्यते चारित्रमिति गाथार्थः ॥१०८॥

---

પ્રમાણે જાણવો કે "તે સમયે જે પ્રસંગ બનેલો તે પ્રસંગ વૃત્ત તરીકે કહેવાય. ગ્રંથકારશ્રી તે પ્રસંગનો અનુવાદ જ કરી રહ્યા હોવાથી તથા આ ગ્રંથકારના વચનો હોવાથી દરેક ગાથામાં વર્તમાનકાળનો પ્રયોગ જે કર્યો છે તેમાં કોઈ વિરોધ નથી.

ગાથાર્થ : **જિનેશ્વરની અનુજ્ઞા મેળવીને કાજળ અને કાળા વાદળો જેવી કાંતિવાળા કેશો તરત જ ક્ષીરસમુદ્રમાં લઈ જવાયા.**

**ટીકાર્થ :** ઇન્દ્રવડે જિનેશ્વરપાસે અનુજ્ઞા મેળવીને કાજળ અને કાળા વાદળો જેવી કાંતિવાળા કેશો શીઘ્ર ક્ષીરસમુદ્રમાં લઈ જવાયા. અહીં "अंजणघण...." શબ્દનો સમાસ આ રીતે જાણવો → અંજન (કાજળ) અને ઘન (કાળા વાદળો)ની કાંતિ જેવી નિર્મળ કાંતિ છે જે કેશોની તે "અંજનઘનની છાયા જેવી નિર્મળ છાયાવાળા" કહેવાય છે. અથવા નિર્મળ અંજન–ઘન અને રુચક (કાળો મણિવિશેષ) જેવો સંકાશ (છાયા) છે જે કેશોનો. શેષ સુગમ છે ॥૧૦૭॥

**અવતરણિકા :** આ સમયે ભગવાન જ્યારે ચારિત્ર લેવાની ઇચ્છાવાળા હતા ત્યારે (અર્થાત્ ભગવાનની ચારિત્ર લેવાની તૈયારી થઈ ત્યારે) દેવ–દાનવ–મનુષ્યના સમૂહથી ઉત્પન્ન થયેલ અવાજ અને વાજિંત્રોનો ધ્વનિ શક્રના આદેશથી થંભ્યો. આ વાતને ભાષ્યકાર જણાવે છે ➪

**ગાથાર્થ : પ્રભુ જ્યારે ચારિત્રને સ્વીકારે છે તે સમયે દિવ્ય (દેવસંબંધી અવાજ), મનુષ્યોનો ઘોષ અને વાજિંત્રોનો નાદ શક્રના વચનથી શીઘ્ર અટકી ગયો.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૧૦૮॥

स यथा चारित्रं प्रतिपद्यते तथा प्रतिपिपादयिषुराह–

**काऊण नमोक्कारं सिद्धाणमभिग्गहं तु सो गिण्हे ।**
**सव्वं मे अकरणिज्जं पावंति चरित्तमारूढो ॥१०९॥ ( भा. )**

व्याख्या–कृत्वा नमस्कारं सिद्धेभ्यः अभिग्रहमसौ गृह्णाति, किंविशिष्टमित्याह–सर्वं 'मे' मम 'अकरणीयं' न कर्त्तव्यं, किं तदित्याह–पापमिति, किमित्याह–चारित्रमारूढ इतिकृत्वा, स च भदन्तशब्दरहितं सामायिकमुच्चारयतीति गाथार्थः ॥ चारित्रप्रतिपत्तिकाले च स्वभावतो भुवनभूषणस्य भगवतो निर्भूषणस्य सत इन्द्रो देवदूष्यवस्त्रमुपनीतवान् इति । अत्रान्तरे कथानकम्–एगेण देवदूसेण पव्वएइ, एतं जाहे अंसे करेइ एत्थंतरा पिउवयंसो धिज्जाइओ उवट्ठिओ, सो अ दाणकाले कहिंपि पवसिओ आसी, आगओ भज्जाए अंबाडिओ, सामिणा एवं परिचत्तं, तुमं च पुण वणाइ हिंडसि, जाहि जइ इत्थंतरेऽवि लभिज्जासि । सो भणइ-सामि ! तुब्भेहिं मम न किंचि दिण्णं, इदाणिंपि मे देहि । ताहे सामिणा तस्स दूसस्स अद्धं दिण्णं, अन्नं मे नत्थि

**અવતરણિકા :** પ્રભુ જે રીતે ચારિત્ર સ્વીકારે છે તે રીતે ભાષ્યકાર પ્રતિપાદન કરે છે ⇨

**ગાથાર્થ : સિદ્ધોને નમસ્કાર કરીને પ્રભુ, "ચારિત્રનો સ્વીકાર કરેલો હોવાથી સર્વ પાપ મારા માટે અકરણીય છે" એ પ્રમાણે અભિગ્રહ ધારણ કરે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે.॥૧૦૯॥ તે પ્રભુ "ભદન્ત" શબ્દ સિવાય સામાયિક ઉચ્ચારે છે. ચારિત્ર સ્વીકારતી વેળાએ ભુવનના ભૂષણ સમાન છતાં નિર્ભૂષણ (અલંકાર વિનાના) એવા ભગવાનને ઇન્દ્રે સ્વભાવથી (અર્થાત્ તેવો તેનો આચાર હોવાથી) જ દેવદૂષ્ય આપ્યું. (તે સમયે શું થાય છે ? તે કથાનકથી બતાવે છે)

ભગવાન એક દેવદૂષ્ય સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. એ વસ્ત્રને જ્યારે ખભા ઉપર મૂકે છે તે સમયે પિતાસિદ્ધાર્થનો મિત્ર એક બ્રાહ્મણ ત્યાં ઉપસ્થિત થાય છે. ભગવાન દીક્ષા પહેલા જ્યારે સાંવત્સરિક દાન આપતા હતા તે સમયે તે બ્રાહ્મણ ક્યાંક બહારગામ ગયેલો હતો. ત્યાંથી પાછો આવ્યો ત્યારે તેની પત્નીએ ખખડાવ્યો કે "સ્વામીએ આટલું બધું દાન આપ્યું અને તમે વનમાં ભટકતા હતા, જાઓ, અત્યારે પણ કાંઈક મળશે."

આ રીતે પત્નીથી તિરસ્કારાયેલો તે બ્રાહ્મણ આ સમયે ભગવાન પાસે આવી કહે છે "હે સ્વામી ! મને કંઈ આપ્યું નથી, તો હવે પણ મને કંઈક આપો." ત્યારે સ્વામીએ તેને વસ્ત્રનો અડધો કટકો આપ્યો, અને કહ્યું "આના સિવાય મારી પાસે કશું નથી (કારણ કે) મેં બધું ત્યાગી

५०. एकेन देवदूष्येण प्रव्रजति, एतद् यदाऽंसे करोति, अत्रान्तरे पितृवयस्यो धिग्जातीयः उपस्थितः, स च दानकाले कुत्रापि प्रोषितोऽभवत्, आगतो भार्यया तर्जितः–स्वामिना एवं परित्यक्तं, त्वं च पुनर्वनानि हिण्डसे, याहि यद्यत्रान्तरेऽपि लभेथाः । स भणति-स्वामिन् ! युष्माभिर्मम न किञ्चिद्दत्तं, इदानीमपि मह्यं देहि । तदा स्वामिना तस्मै दूष्यस्यार्धं दत्तं, अन्यन्मे नास्ति

[५१] परिचत्तंति । तं तेण तुण्णागस्स उवणीअं जहा एअस्स दसिआओ बंधाहि । कत्तोत्ति पुच्छिए भणाति-सामिणा दिण्णं, तुण्णाओ भणति-तंपि से अद्धं आणेहि, जया पडिहिति भगवओ अंसाओ, ततो अहं तुण्णामि ताहे लक्खमोल्लं भविस्सइत्ति तो तुज्झवि अद्धं मज्झवि अद्धं, पडिवण्णो ताहे पओलग्गिओ, सेसमुवरि भणिहामि । अलं प्रसङ्गेन ॥ तस्य भगवतश्चारित्रप्रतिपत्तिसमनन्तरमेव मनःपर्यायज्ञानमुदपादि, सर्वतीर्थकृतां चायं क्रमो, यत आह–

**तिहिं नाणेहिं समग्गा तित्थयरा जाव हुंति गिहवासे ।**
**पडिवण्णंमि चरित्ते चउनाणी जाव छउमत्था ॥११०॥ ( भा. )**

व्याख्या–'त्रिभिर्ज्ञानैः' मतिश्रुतावधिभिः संपूर्णाः तीर्थकरणशीलास्तीर्थकरा भवन्तीति योगः । किं सर्वमेव कालम् ?, नेत्याह–यावद्गृहवासे भवन्तीति वाक्यशेषः । प्रतिपन्ने चारित्रे चतुर्ज्ञानिनो, भवन्तीत्यनुवर्त्तते । कियन्तं कालमित्याह–यावत् छद्मस्थाः तावदपि चतुर्ज्ञानिन इति गाथार्थः ॥

एवमसौ भगवान् प्रतिपन्नचारित्रः समासादितमनःपर्यवज्ञानो ज्ञातखण्डादापृच्छ्य स्वजनान् कर्मारग्राममगमत् । आह च भाष्यकारः–

---

દીધું છે." તે બ્રાહ્મણે તે વસ્ત્ર વણકરને આપ્યું – "આની દશીઓ ઓટી આપો." "આ વસ્ત્ર ક્યાંથી મળ્યું ?" એ પ્રમાણે વણકરે પૂછતાં બ્રાહ્મણે કહ્યું, "સ્વામીએ આપ્યું છે."

વણકરે કહ્યું – "જ્યારે પ્રભુના ખભા ઉપરથી તે વસ્ત્રનો અડધો ભાગ પડે તે પણ તું લઈ આવ જેથી હું તેને સીવી શકુ, અને તેનું એકલાખનું મૂલ્ય થશે, તેમાં અડધું મૂલ્ય તારું અને અડધું મૂલ્ય મારું." બ્રાહ્મણે આ વાત સ્વીકારી અને પ્રભુની પાછળ ફરવા લાગ્યો. હવે આગળની વાત પછી કરીશું. તે ભગવાનને ચારિત્રપ્રાપ્તિ પછી તરત જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

**અવતરણિકા :** સર્વ તીર્થંકરોને આ ક્રમ હોય છે કારણ કે કહેલું છે કે ⇨

**ગાથાર્થ :** ભગવાન **જ્યાં સુધી** ગૃહસ્થવાસ**માં** હોય છે **ત્યાં સુધી ત્રણજ્ઞાનથી યુક્ત હોય છે. ચારિત્રનો સ્વીકાર કર્યા પછી જ્યાં સુધી છદ્મસ્થ રહે છે ત્યાં સુધી ચતુર્જ્ઞાની હોય છે.**

**ટીકાર્થ :** તીર્થને કરવાના સ્વભાવવાળા તીર્થંકરો જ્યાં સુધી ગૃહવાસમાં હોય ત્યાં સુધી મતિ–શ્રુત–અવધિ એમ ત્રણજ્ઞાનથી યુક્ત હોય છે. ચારિત્રનો સ્વીકાર કર્યા પછી જ્યાં સુધી છદ્મસ્થ રહે ત્યાં સુધી તીર્થંકરો ચારજ્ઞાનવાળા હોય છે. ॥૧૧૦॥

**અવતરણિકા :** આ પ્રમાણે ભગવાન ચારિત્ર સ્વીકારીને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થતાં જ્ઞાતખંડમાંથી સ્વજનોને પૂછીને કર્મારગ્રામ તરફ નીકળે છે. આ વાતને ભાષ્યકાર જણાવે છે ⇨

---

५१. परित्यक्तमिति । तत्तेन तुन्नवायायोपनीतं यथैतस्य दशा बधान । कुत इति पृष्टे भणति-स्वामिना दत्तं, तुन्नवायः भणति-तदपि तस्यार्धं आनय, यदा पतति भगवतोऽंसात्, ततोऽहं वयामि । तदा लक्षमूल्यं भविष्यतीति, ततस्तवाप्यर्धं ममाप्यर्धं, प्रतिपन्नस्तदा प्रावलग्नः । शेषमुपरिष्टात् भणिष्यामि.

**बहिआ य णायसंडे आपुच्छित्ताण नायए सव्वे ।**
**दिवसे मुहुत्तसेसे कम्मारगामं समणुपत्तो ॥१११॥ ( भा. )**

व्याख्या–बहिर्धा च कुण्डपुरात् ज्ञातखण्ड उद्याने, आपृच्छ्य 'ज्ञातकान्' स्वजनान् 'सर्वान्' यथासन्निहितान्,तस्मात् निर्गतः, कर्मारग्रामगमनायेति वाक्यशेषः । तत्र च पथद्वयं–एको जलेन अपरः स्थल्यां[५२], तत्र भगवान् स्थल्यां गतवान्, गच्छंश्च दिवसे मुहूर्त्तशेषे कर्मारग्राममनुप्राप्त इति गाथार्थः ॥ तत्र प्रतिमया स्थित इति । अत्रान्तरे–[५३]तत्थेगो गोवो, सो दिवसं बइल्ले वाहित्ता गामसमीवं पत्तो, ताहे चिंतेइ-एए गामसमीवे चरंतु, अहंपि ता गावीओ दुहामि, सोऽवि ताव अन्तो परिकम्मं करेइ, तेऽवि बइल्ला अडविं चरन्ता पविट्ठा, सो गोवो निग्गओ, ताहे सामिं पुच्छइ–कहिं बइल्ला ?, ताहे सामी तुण्हिक्को अच्छइ, सो चिंतेइ–एस न याणइ, तो मग्गिउं पवत्तो सव्वरत्तिंपि, तेऽवि बइल्ला सुचिरं भमित्ता गामसमीवमागया माणुसं दट्ठूण रोमंथंता अच्छंति, ताहे सो आगओ,

ગાથાર્થ : (ગામની) બહાર જ્ઞાતખંડઉદ્યાનમાં સર્વસ્વજનોને પૂછીને દિવસમાં એક મુહૂર્ત્ત શેષ રહેતા (સાંજના સમયે) કર્મારગ્રામે પહોંચ્યાં.

ટીકાર્થ : કુંડપુર ગામના બહારના ભાગમાં રહેલા જ્ઞાતખંડઉદ્યાનમાંથી સર્વ (નજીક રહેલાં બધા) સ્વજનોને પૂછીને કર્મારગ્રામે જવા પ્રભુ નીકળ્યા. તે તરફ જવા માટેના બે માર્ગ હતા, એક જળમાર્ગ અને બીજો સ્થળમાર્ગ. તેમાં પ્રભુ સ્થળમાર્ગે ગયા. જતા–જતા દિવસનું છેલ્લું એક મુહૂર્ત્ત બાકી હતું ત્યારે પ્રભુ કર્મારગ્રામે પહોંચ્યા. ત્યાં પ્રતિમામાં રહ્યા. તે સમયે ત્યાં એક ગોવાળીયો હતો, જે દિવસે બળદોને ચલાવી સાંજના સમયે ગામ પાસે આવ્યો.

તેણે વિચાર્યું, "આ બળદો અહીં ગામસીમાડે ભલે ચરે હું ત્યાં સુધી ગામની અંદર જઈ ગાયોને દોહું." આમ વિચારી તે ગામની અંદર જઈ પરિકર્મને (ગાયને દોહવાના કાર્યને) કરે છે. આ બાજુ તે બળદો ચરતા–ચરતા જંગલમાં ગયા. તે ગોવાળિયો બહાર રહેલા બળદોને લેવા ગામની બહાર આવ્યો. ત્યારે સ્વામીને પૂછે છે કે, "બળદો ક્યાં છે?" સ્વામી મૌન ઊભા રહે છે. તેથી તે વિચારે છે કે, "આને ખબર લાગતી નથી." જેથી પોતે જાતે જ બળદોને શોધવા આખી રાત મહેનત કરે છે.

બીજી બાજુ તે બળદો લાંબો કાળ ભમીને સ્વયં જ ગામને સીમાડે આવી જાય છે. ત્યાં પ્રભુવીરને જોઈને તેમની બાજુમાં બેઠેલા છતાં વાગોળતા(રોમંથંતા) રહે છે. એટલી વારમાં ત્યાં ગોવાળિયો આવ્યો. તેણે તે બળદોને ત્યાંજ બેઠેલા જોયા. ત્યારે ગુસ્સે ભરાયેલો તે ગોવાળિયો

५२. पादाभ्याम् प्र० ५३. तत्रैको गोपः स दिवसं बलीवर्दौ वाहयित्वा ग्रामसमीपं प्राप्तः, तदा चिन्तयति–एतौ ग्रामसमीपे चरतां, अहमपि तावद् गा दोह्मि, सोऽपि तावदन्तः परिकर्म करोति, तावपि बलीवर्दौ चरन्तावटवीं प्रविष्टौ, स गोपो निर्गतः, तदा स्वामिनं पृच्छति-क्व बलीवर्दौ ?, तदा स्वामी तूष्णीकस्तिष्ठति, स चिन्तयति–एष न जानाति, ततः मार्गयितुं प्रवृत्तः सर्वरात्रिमपि, तावपि बलीवर्दौ सुचिरं भ्रान्त्वा ग्रामसमीपमागतौ मानुषं दृष्ट्वा रोमन्थायमानौ तिष्ठतः, तदा स आगतः,

[૫૪] तं पेच्छइ तत्थेव निविट्ठे, ताहे आसुरुत्तो एएण दामएण आहणामि, एएण मम एए हरिआ, पभाए घेत्तूण वच्चिहामित्ति । ताहे सक्को देवराया चिंतेइ-किं अज्ज सामी पढमदिवसे करेइ ?, जाव पेच्छइ गोवं धावंतं, ताहे सो तेण थंभिओ, पच्छा आगओ तं तज्जेति–दुरप्पा ! न याणासि सिद्धत्थरायपुत्तो एस पव्वइओ । एयंमि अंतरे सिद्धत्थो सामिस्स माउसियाउत्तो बालतवोकम्मेणं वाणमन्तरो जाएल्लओ, सो आगओ । ताहे सक्को भणइ–भगवं ! तुब्भ उवसग्गबहुलं, अहं बारस वरिसाणि तुब्भं वेयावच्चं करेमि, ताहे सामिणा भणिअं-न खलु देविंदा ! एयं भूअं वा ( भव्वं वा भविस्सं वा ) जण्णं अरहंता देविंदाण वा असुरिंदाणा वा निस्साए कट्टु केवलनाणं उप्पाडेंति, सिद्धिं वा वच्चंति, अरहंता सएण उट्ठाणबलविरियपुरिसकारपरक्कमेणं केवलनाणं उप्पाडेंति । ताहे सक्केण सिद्धत्थो भण्णइ-एस तव नियल्लओ, पुणो य मम वयणं-सामिस्स जो

"આ દોરડાથી તેને મારું, કારણ કે "સવારે આ બળદોને લઈ જઈશ" એમ વિચારી આનાવડે મારા બળદો ચોરાયા છે" (અર્થાત્ સવારે લઈ જવાની ભાવનાથી આ સાધુડાએ મારા બળદો ચોર્યા છે) એ પ્રમાણે ગોવાળિયો વિચારે છે.

બીજી બાજુ શક્ર "આજે પ્રથમ દિવસે પ્રભુ શું કરે છે ?" એમ વિચારી અવધિનો ઉપયોગ મૂકે છે. ત્યારે પ્રભુ તરફ દોરડું લઈને દોડતા ગોવાળિયાને જુએ છે, અને તરત જ શક્ર તે ગોવાળિયાને અટકાવે છે. ત્યાં આવેલો છતો ગોવાળિયાને ખખડાવે છે કે "હે દુરાત્મા ! શું તું જાણતો નથી ? આ સિદ્ધાર્થરાજાના પુત્ર છે જેમણે દીક્ષા લીધી છે." તે સમયે સ્વામીની માસીનો પુત્ર સિદ્ધાર્થ બાળતપકર્મવડે વાણવ્યંતર થયેલો હતો. તે ત્યાં આવ્યો. શક્રે ભગવાનને કહ્યું, "ભગવન્ ! તમને ઘણા ઉપસર્ગો આવવાના છે, હું બારવર્ષ આપની સેવા કરું."

ત્યારે સ્વામીએ કહ્યું, "હે દેવેન્દ્ર ! એવું ક્યારેય બન્યું નથી, બનતું નથી કે બનવાનું નથી કે અરિહંતો દેવેન્દ્રો કે અસુરેન્દ્રોની સહાયથી કેવલજ્ઞાન પામે કે મોક્ષમાં જાય. અરિહંતો પોતાના જ ઉત્સાહ–બળ–વીર્ય–પુરુષાર્થ–પરાક્રમવડે કેવલજ્ઞાન પામે છે." ત્યારે શક્રે સિદ્ધાર્થનામના દેવને કહ્યું, "આ તમારા સ્વજન છે. તેથી મારું વચન સાંભળો કે સ્વામીને જે મારણાંતિક

૫૪. तौ पश्यति तत्रैव निविष्टौ, तदा क्रुद्ध एतेन दाम्नाऽऽहन्मि, एतेन मम एतौ हृतौ, प्रभाते गृहीत्वा व्रजिष्यामीति । तदा शक्रो देवराजश्चिन्तयति–किमद्य स्वामी प्रथमदिवसे करोति, यावत्पश्यति गोपं धावन्तं, तदा स तेन स्तम्भितः, पश्चादागतस्तं तर्जयति–दुरात्मन् ! न जानीषे सिद्धार्थराजपुत्र एष प्रव्रजितः । एतस्मिन्नन्तरे सिद्धार्थः स्वामिनः मातृष्वस्रेयः बालतपःकर्मणा वानमन्तरो जातोऽभवत्, स आगतः । तदा शक्रो भणति-भगवन् ! तव उपसर्गबहुलं ( श्रामण्यं ) अहं द्वादश वर्षाणि तव वैयावृत्त्यं करोमि, तदा स्वामिना भणितम्-न खलु देवेन्द्र ! एतद्भूतं वा ( भवति वा भविष्यति वा ) यद् अर्हन्तः देवेन्द्राणां वा असुरेन्द्राणां वा निश्रया कृत्वा केवलज्ञानमुत्पादयन्ति, सिद्धिं वा व्रजन्ति, अर्हन्तः स्वकेन उत्थानबलवीर्यपुरुषकारपराक्रमेण केवलज्ञानमुत्पादयन्ति । तदा शक्रेण सिद्धार्थो भण्यते–एष तव निजकः, पुनश्च मम वचनं-स्वामिनः यः

[૫૫] परं मारणंतिअं उवसग्गं करेइ तं वारेज्जसु, एवमस्तु तेण पडिस्सुअं, सक्को पडिगओ, सिद्धत्थो ठिओ । तद्दिवसं सामिस्स छट्ठपारणयं, तओ भगवं विहरमाणो गओ कोल्लागसण्णिवेसे, तत्थ य भिक्खट्ठा पविट्ठो बहुलमाहणगेहं, जेणामेव कुल्लाए सन्निवेसे बहुले माहणे, तेण महुघयसंजुत्तेण परमण्णेण पडिलाभिओ, तत्थ पंच दिव्वाइं पाउब्भूयाइं । अमुमेवार्थमुपसंहरन्नाह–

**गोवनिमित्तं सक्कस्स आगमो वागरेइ देविंदो ।**
**कोल्लाबहुले छट्ठस्स पारणे पयस वसुहारा ॥४६१॥**

व्याख्या–ताडनायोद्यतगोपनिमित्तं प्रयुक्तावधेः 'शक्रस्य' देवराजस्य, किम् ?, आगमनं आगमः अभवत्, विनिवार्य च गोपं 'वागरेइ देविंदो' त्ति भगवन्तमभिवन्द्य 'व्याकरोति' अभिधत्ते देवेन्द्रो–भगवन् ! तवाहं द्वादश वर्षाणि वैयावृत्त्यं करोमीत्यादि, 'वागरिसु' वा पाठान्तरं, व्याकृतवानिति भावार्थः, सिद्धार्थं वा तत्कालप्राप्तं व्याकृतवान् देवेन्द्रः–भगवान् त्वया न

ઉપસર્ગ કરે તેને તમારે વારવો." સિદ્ધાર્થે સ્વીકાર્યું. શક્ર પાછો ફર્યો અને સિદ્ધાર્થ પ્રભુની સેવામાં રહ્યો.

તે દિવસે સ્વામીને છઠ્ઠનું પારણું હતું. તેથી ભગવાન વિહાર કરતા કોલ્લાગસન્નિવેશમાં આવ્યા. ત્યાં ભિક્ષામાટે ભગવાન બહુલનામના બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ્યા. જ્યાં (જેણામેવ) કોલ્લાગસન્નિવેશમાં બહુલબ્રાહ્મણ રહેતો હતો ત્યાં તે બ્રાહ્મણે ભગવાનને મધુ(સાકર)થી યુક્ત એવી ખીર વહોરવી. તેથી તેના ઘરમાં પાંચદિવ્યો પ્રગટ થયાં. (તે પાંચદિવ્યો આ પ્રમાણે – ૧. ધનની વૃષ્ટિ ૨. પુષ્પવૃષ્ટિ ૩. વસ્ત્રવૃષ્ટિ ૪. દુંદુભિનો નાદ અને ૫. અહો દાનં અહો દાનં એ પ્રમાણેની ઘોષણા.) ॥૧૧૧॥ આ જ અર્થનો ઉપસંહાર કરે છે ⇨

**ગાથાર્થ : ગોવાળિયાનિમિત્તે શક્રનું આગમન – શક્ર (ભગવાનને) કહે છે – કોલ્લાગસન્નિવેશમાં બહુલબ્રાહ્મણે છઠ્ઠના પારણા નિમિત્તે ખીર વહોરાવી–વસુધારા થઈ.**

**ટીકાર્થ :** અવધિનો ઉપયોગ મૂકનાર દેવેન્દ્રનું મારવા માટે ઉદ્યત થયેલા ગોવાળિયા નિમિત્તે આગમન થયું. ગોવાળિયાને અટકાવી પ્રભુને વાંદી શક્ર પ્રભુને કહે છે, "ભગવન્ ! હું તમારી બારવર્ષ સેવા કરું" અથવા 'કહ્યું' એ પ્રમાણે પાઠાન્તર જાણવો અર્થાત્ શક્રે પ્રભુને કહ્યું કે "ભગવન્ ! હું તમારી બારવર્ષ સેવા કરું" અથવા દેવેન્દ્ર કહે છે આનો અર્થ પ્રભુને કહે છે એમ નહિ પણ તત્કાળે આવેલા સિદ્ધાર્થને કહે છે કે, "તારે ભગવાનને છોડવા નહિ." ઇન્દ્રના ગયા પછી કોલ્લાગસન્નિવેશ (સન્નિવેશ એટલે પશુપાલનકરનારા ભરવાડ વિગેરે રહેતા હોય તે સ્થાન અથવા ગામ, નગર, આકર, ખેટ વિગેરેનું યુગલ–इति अनुयोगद्वारसूत्र क्र.२६७

५५. परं मारणान्तिकमुपसर्गं करोति तं वारयेः । तेन प्रतिश्रुतं, शक्रः प्रतिगतः, सिद्धार्थः स्थितः । तद्दिवसं स्वामिनः षष्ठपारणकं, ततो भगवान् विहरन् गतः कोल्लाकसन्निवेशे, तत्र च भिक्षार्थं प्रविष्टः बहुलब्राह्मणगृहं, यत्रैव कोल्लाकसन्निवेशे बहुलो ब्राह्मणः, तेन मधुघृतसंयुक्तेन परमान्नेन प्रतलम्भितः, तत्र पञ्च दिव्यानि प्रादुर्भूतानि.

मोक्तव्य इत्यादि । गते देवराजे भगवतोऽपि कोल्लाकसन्निवेशे बहुलो नाम ब्राह्मणः 'षष्ठस्य' तपोविशेषस्य पारणके, किम् ?, 'पयस' इति पायसं समुपनीतवान्, 'वसुधारे'ति तद्गृहे वसुधारा पतितेति गाथाक्षरार्थः ॥ कथानकम्– [५६]तओ सामी विहरमाणो गओ मोरागं सन्निवेसं, तत्थ मोराए दुइज्जंता नाम पासंडिगिहत्था, तेसिं तत्थ आवासो, तेसिं च कुलवती भगवओ पिउमित्तो, ताहे सो सामिस्स सागएण उवट्ठिओ, ताहे सामिणा पुव्वपओगेण बाहा पसारिआ, सो भणति– अत्थि घरा, एत्थ कुमारवर ! अच्छाहि, तत्थ सामी एगराइअं वसित्ता पच्छा गतो, विहरति, तेण य भणियं–विवित्ताओ वसहीओ, जइ वासारत्तो कीरइ, आगच्छेज्जह अणुग्गहीया होज्जामो । ताहे सामी अट्ठ उउबद्धिए मासे विहरेत्ता वासावासे ★उवागते तं चेव दूइज्जंतयगामं एति, तत्थेगंमि [५७]उडवे वासावासं ठिओ । पढमपाउसे य गोरूवाणि चारिं अलभंताणि जुण्णाणि तणाणि खायंति, ताणि य घराणि उव्वेल्लेंति, पच्छा ते वारेंति, सामी न वारेइ, पच्छा दूइज्जंतगा तस्स

तमस्य वृत्तौ))માં બહુલબ્રાહ્મણે ભગવાનને છટ્ઠના પારણે ખીર વહોરાવી. તેથી તેના ઘરમાં વસુધારા થઈ. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ થયો. ॥૪૬૧॥

ત્યાર પછી સ્વામી વિહાર કરતા–કરતા મોરાગસન્નિવેશમાં પધાર્યા. તે મોરાગમાં દુઈજ્જંતનામના પાખંડી (તાપસ) ગૃહસ્થો રહેતા હતા. ત્યાં તેમનો આવાસ હતો. તેઓનો કુલપતિ ભગવાનના પિતાનો મિત્ર હતો. તેથી તે સ્વામીના સ્વાગત માટે ઉપસ્થિત થયો. ભગવાને પૂર્વના સંસ્કારને કારણે બાહુ પ્રસાર્યા. તેણે કહ્યું, "કુમારવર ! અહીં મકાનો છે. તેથી તમે અહીં રહો." ત્યાં સ્વામી એક રાત્રિ રહીને નીકળી ગયા. નીકળતી વખતે કુલપતિએ ભગવાનને કહ્યું, "અહીં વસતિ અસંસકૃત છે, તેથી જો તમારી ઇચ્છા હોય તો અહીં ચોમાસા માટે પધારજો અમારી ઉપર અનુગ્રહ થશે." ત્યાર પછી સ્વામી શેષકાળના આઠ માસ વિહાર કરી ચોમાસુ બેસતા તે જ દુઈજ્જંતોના ગ્રામે આવ્યા. ત્યાં એક ઝૂંપડીમાં (उडवे) ચોમાસુ રહ્યા. પહેલો વરસાદ પડવા છતાં ગાયોને ચારો ન મળતા જૂનું ઘાસ ખાય છે અને તે ઘરો–કુટિરો ઉપર લાગેલા ઘાસને ખેંચી ખાય છે. પાછળથી આશ્રમવાસીઓ ગાયને અટકાવે છે, પરંતુ સ્વામી અટકાવતાં નથી. આ જોઈ દુઈજ્જંતનામના પાખંડીઓ પોતાના કુલપતિને કહે છે કે "આ

५६. ततः स्वामी विहरन् गतो मोराकं सन्निवेशं, तत्र मोराके दूइज्जन्ता (द्वितीयान्ता) नाम पाषण्डिनो गृहस्थाः, तेषां तत्रावासः, तेषां च कुलपतिः भगवतः पितुः मित्रम्, तदा स स्वामिनं स्वागतेन उपस्थितः, तदा स्वामिना पूर्वप्रयोगेण बाहुः प्रसारितः, स भणति–सन्ति गृहाणि, अत्र कुमारवर ! तिष्ठ, तत्र स्वामी एकां रात्रिं उषित्वा पश्चाद्गतः, विहरति, तेन च भणितम्-विविक्ता वसतयः, यदि वर्षारात्रः क्रियते, आगमिष्यः अनुगृहीता अभविष्यामः । तदा स्वामी अष्टौ ऋतुबद्धान् मासान् विहृत्य वर्षावासे उपागते तमेव द्वितीयान्तकग्राममेति, तत्रैकस्मिन् उटजे वर्षावासं स्थितः । प्रथमप्रावृषि च गावः चारिमलभमाना जीर्णानि तृणानि खादन्ति, तानि च गृहाणि उद्वेलयन्ति, पश्चात्ते वारयन्ति, स्वामी न वारयति, पश्चाद् द्वितीयान्तकाः तस्मै ५७. मढे प्र. ★ उवगगे प्र०.

५८ कुलवइस्स साहेंति जहा एस एताणि न णिवारेति, ताहे सो कुलवती अणुसासति, भणति–कुमारवर ! सउणीवि ताव अप्पणिअं णेड्डुं ★रक्खति, तुमं वारेज्जासि, सप्पिवासं भणति । ताहे सामी अचियत्तोग्गहोत्तिकाउं निग्गओ, इमे य तेण पंच अभिग्गहा गहीआ, तंजहा–अचियत्तोग्गहे न वसियव्वं १ निच्चं वोसट्ठकाएण २ मोणेणं ३ पाणीसु भोत्तव्वं ४ गिहत्थो न वंदियव्वो नऽब्भुट्ठेतव्वो ५, एते पंच अभिग्गहा । तत्थ भगवं अद्धमासं अच्छित्ता तओ पच्छा अट्ठिअगामं गतो । तस्स पुण अट्ठिअगामस्स पढमं वद्धमाणगं नाम आसी, सो य किह अट्ठियग्गामो जाओ ?, धणदेवो नाम वाणिअओ पंचहिं धुरसएहिं गणिमधरिममेज्जस्स भरिएहिं तेणंतेण आगओ, तस्स समीवे य वेगवती नाम नदी, तं सगडाणि उत्तरंति, तस्स एगो बइल्लो सो मूलधुरे जुप्पति,

ગાયોને અટકાવતાં નથી." કુલપતિ ભગવાનને શીખામણ આપે છે અને કહે છે કે "હે કુમારવર ! પક્ષી પણ પોતાના માળાનું રક્ષણ કરે છે, તેથી તમે પણ પોતાની કુટિરની રક્ષા કરો." એ પ્રમાણે કુલપતિ આગ્રહપૂર્વક કહે છે. ત્યારે સ્વામી અપ્રીતિક અવગ્રહ છે (અર્થાત્ અહીં અવગ્રહ આપનારને મારાથી અપ્રીતિ ઉત્પન્ન થાય છે) એમ જાણી ત્યાંથી નીકળી ગયા. તે સમયે ભગવાને આ પાંચ અભિગ્રહો ધારણ કર્યા. (૧) અપ્રીતિ થાય તેવા અવગ્રહમાં રહેવું નહિ (અર્થાત્ જે રહેવા માટે જગ્યા આપે, તેને અપ્રીતિ થાય તેવા સ્થાને રહેવું નહિ) (૨) હંમેશા વ્યુત્સૃષ્ટકાયાવાળા થઈને અને (૩) મૌન રહેવું (૪) કરપાત્રમાં વાપરવું (૫) ગૃહસ્થને વંદન કરવા નહિ કે તેનું અભ્યુત્થાન કરવું નહિ. આ પ્રમાણે પાંચ અભિગ્રહો પ્રભુએ ધારણ કર્યા. ત્યાર પછી પ્રભુ ત્યાં (દૂઈજ્જંત ગામમાં) પંદર દિવસ રહીને અસ્થિકગ્રામ તરફ ગયા. આ અસ્થિકગ્રામ પહેલા વર્ધમાનક નામે ઓળખાતું હતું. તે આ વર્ધમાનકગ્રામનું નામ અસ્થિકગ્રામ કેવી રીતે થયું ? તે કહે છે →

ધનદેવનામનો વેપારી ગણિમ–ધરિમ–મેય (જાયફળ, સોપારી વગેરે ગણીને લેવાય તે ગણિમ, કંકુ–ગોળ જોખીને જે લેવાય તે ધરિમ તથા ઘી–તેલાદિ માપીને લેવાય તે મેય) એવી વસ્તુઓથી ભરેલા પાંચસો ગાડા સાથે વર્ધમાનનામના ગામપાસે આવ્યો. તે ગામની બાજુમાં એક વેગવતીનામે નદી હતી. પાંચસો ગાડા આ નદીને ઓળંગી સામે કિનારે ઉતરે છે. (તે આ રીતે કે) ધનદેવે પોતાનો એક બળદ સૌથી આગળના ગાડામાં જોડ્યો. બળદે પોતાની શક્તિથી તે

५८. कुलपतये कथयन्ति–यथा एष एता न निवारयति, तदा स कुलपतिरनुशास्ति, भणति–कुमारवर ! शकुनिरपि तावदात्मीयं नीडं रक्षति, त्वं वारयेः, सपिपासं भणति । तदा स्वामी अप्रीतिकावग्रह इतिकृत्वा निर्गतः, इमे च तेन पञ्च अभिग्रहा गृहीताः, तद्यथा–अप्रीतिकावग्रहे न वसनीयं, नित्यं व्युत्सृष्टकायेन, मौनेन, पाण्योर्भोक्तव्यं, गृहस्थो न वन्दयितव्यः, नाभ्युत्थातव्यः, एते पञ्च अभिग्रहाः । तत्र भगवान् अर्धमासं स्थित्वा ततः पश्चात् अस्थिकग्रामं गतः, तस्य पुनरस्थिकग्रामस्य प्रथमं वर्धमानकं नामासीत्, स च कथमस्थिकग्रामो जातः ?, धनदेवो नाम वणिक् पञ्चभिर्धूःशतैः गणिमधरिममेयैर्भृतैस्तेन मार्गेण आगतः, तस्य समीपे च वेगवती नाम नदी, तां शकटानि उत्तरन्ति, तस्य एको बलीवर्दः स मूलधुरि योज्यते, ★ रक्खंति प्र०.

[૫૯] तावच्चएण ताओ गड्डिओ उत्तीण्णाओ, पच्छा सो पडिओ छिन्नो, सो वाणिअओ तस्स तणपाणिअं पुरओ छड्डेऊण तं अवहाय गओ । सोऽवि तत्थ वालुगाए जेट्ठामूलमासे अतीव उण्हेण तण्हाए छुहाए य परिताविज्जइ, वद्धमाणओ य लोगो तेणंतेण पाणिअं तणं च वहति, न य तस्स कोइवि देइ, सो गोणो तस्स पओसमावण्णो, अकामतण्हाछुहाए य मरिऊणं तत्थेव गामे अग्गुज्जाणे सूलपाणीजक्खो उप्पण्णो, उवउत्तो पासति तं बलीवद्दसरीरं, ताहे रुसिओ मारिं विउव्वति, सो गामो मरिउमारद्धो, ततो अद्दण्णा कोउगसयाणि करेंति, तहवि ण ट्ठाति, ताहे भिण्णो गामो अण्णगामेसु संकंतो, तत्थावि न मुंचति, ताहे तेसिं चिंता जाता—अम्हेहिं तत्थ न नज्जइ—कोऽवि देवो वा दाणवो वा विराहिओ, तम्हा तहिं चेव वच्चामो, आगया समाणा

ગાડાઓ બધા સામે કિનારે પહોંચાડી દીધા. પરંતુ પોતે પડ્યો. તેના હાડકાં પાંસળા તૂટી ગયા. તેથી તે વેપારી તેની માટે ઘાસચારો પાણી તેની આગળ મૂકીને તેને ત્યાં છોડી આગળ વધ્યો.

બળદ પણ જેઠ મહિનાના તાપથી તપેલી રેતી ઉપર અતિ ગરમીને કારણે ભૂખ અને તરસથી પીડાય છે. વર્ધમાનક ગામના લોકો જે માર્ગમાં આ બળદ બેઠો હતો તે માર્ગેથી (तेणंतेण) પાણી અને ઘાસચારો લઈ આવ–જાવ કરે છે. પરંતુ કોઈ તેને પાણી કે ઘાસ આપતું નથી. આ જોઈ તે બળદ તે ગ્રામવાસીઓ ઉપર ક્રોધે ભરાયો. અનિચ્છાએ તૃષા–ક્ષુધાને સહન કરવાથી તૃષા–ક્ષુધાને કારણે મરીને તે જ ગામના અગ્રનામના ઉદ્યાનમાં શૂલપાણિયક્ષ તરીકે ઉત્પન્ન થયો.

અવધિનો ઉપયોગ મૂકીને તે દેવ બળદના શરીરને જુએ છે. ગુસ્સે ભરાયેલો તે દેવ ચારે બાજુ મારિ ફેલાવે છે. જેથી તે ગામમાં લોકો મરવા લાગે છે. અધૃતિને પામેલા લોકો સેંકડો ઉપાયો કરે છે તો પણ મારિ અટકતી નથી. તેથી તે ગામને છોડી બીજા ગામમાં જતાં લોકોને કારણે તે ગામ ભાંગી ગયું – ઉજ્જડ થઈ ગયું. પરંતુ બીજે પણ મારિ પીછો છોડતી નથી. ત્યારે લોકોને ચિંતા થઈ કે "આપણને ખબર પડતી નથી પણ કોઈ દેવ કે દાનવની આશાતના કરી છે તેવું લાગે છે. તેથી ચાલો, આપણે સૌ પાછા તે ગામમાં જઈએ." આ ગામમાં આવીને

૫૯. तदीयेन ( वीर्येण ) ता गन्त्र्य उत्तीर्णाः, पश्चात्स छिन्नः पतितः, स वणिक् तस्य तृणपानीयं पुरतस्त्यक्त्वा तं अपहाय गतः । सोऽपि तत्र वालुकायां ज्येष्ठामूलमासे अतीवोष्णेन तृषया क्षुधा च परिताप्यते, वर्धमानकश्च लोकः तेन मार्गेण पानीयं तृणं च वहति, न च तस्मै कश्चिदपि ददाति, स गौस्तस्य प्रद्वेषमापन्नः, अकामतृषा क्षुधा च मृत्वा तत्रैव ग्रामे अग्रोद्याने ( अग्न्युद्याने ) शूलपाणिर्यक्ष उत्पन्नः, उपयुक्तः पश्यति तत् बलीवर्दशरीरं, तदा रुष्टो मारिं विकुर्वति, स ग्रामो मर्त्तुमारब्धः, ततोऽधृतिमुपगताः कौतुकशतानि कुर्वन्ति, तथापि न तिष्ठति ( न विरमति ), तदा भिन्नो ग्रामः अन्यग्रामेषु संक्रान्तः, तत्रापि न मुञ्चति, तदा तेषां चिन्ता जाता, अस्माभिस्तत्र न ज्ञायते—कोऽपि देवो वा दानवो वा विराद्धः, तस्मात् तत्रैव व्रजामः, आगताः सन्तः

[६०] नगरदेवयाए विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेंति, बलिउवहारे करेंता समंतओ उड्ढमुहा सरणं सरणंति, जं अम्हेहिं सम्मं न चेट्ठिअं तस्स खमह, ताहे अंतलिक्खपडिवण्णो सो देवो भणाति-तुम्हे दुरप्पा निरणुकंपा, तेणंतेण य एह जाह य, तस्स गोणस्स तणं वा पाणिअं वा न दिण्णं, अतो नत्थि भे मोक्खो, ततो ण्हाया पुप्फबलिहत्थगया भणंति–दिट्ठो कोवो पसादमिच्छामो, ताहे भणति–एताणि माणुसअट्ठिआणि पुंजं काऊण उवरि देवउलं करेह, सूलपाणिंच तत्थ जक्खं बलिवद्दं च एगपासे ठवेह, अण्णे भणंति–तं बइल्लरूवं करेह, तस्स य हेट्ठा ताणि से अट्ठिआणि निहणह, तेहिं अचिरेण कयं, तत्थ इंदसम्मो नाम पडियरगो कओ। ताहे लोगो पंथिगादि पेच्छइ पंडरट्ठिअगामं देवउलं च ताहे पुच्छंति अण्णे–कयराओ गामाओ

---

નગરના અધિષ્ઠાયકદેવ (દેવતા શબ્દ સ્ત્રીલિંગ છે) માટે વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવે છે, અને ચારે બાજુ બલિ–ઉપહાર કરતાં ઉપરમુખ કરીને આ પ્રમાણે બોલે છે કે "અમે શરણે આવીએ છીએ, જે કાંઈ ભૂલ કરી હોય તેની ક્ષમા આપો."

ત્યારે અંતરિક્ષમાં રહેલો તે દેવ કહે છે, "તમે દુરાત્માઓ છો, અનુકંપારહિત છો, તે માર્ગેથી તમે આવ–જાવ કરતા હતા છતાં તે બળદને ઘાસ–પાણી કોઈએ આપ્યું નહિ, આથી તમો બચી શકવાના નથી." એટલે સ્નાન કરીને તેઓ હાથમાં પુષ્પ–બલિ(નૈવેદ્ય) રાખી કહે છે કે "અમે આપનો કોપ જોયો, હવે કૃપા કરી પ્રસન્ન થાઓ." ત્યારે યક્ષે કહ્યું, "આ મનુષ્યના હાડકાંઓનો ઢગલો કરીને તેની ઉપર દેવકુળ (મંદિર) બનાવો અને તેમાં શૂલપાણિયક્ષની પ્રતિમાને સ્થાપો તથા તેની બાજુમાં બળદને સ્થાપો." અહીં કેટલાક આચાર્યો જણાવે છે કે યક્ષે લોકોને કહ્યું "શૂલપાણિયક્ષની બળદરૂપે પ્રતિમા કરો અને તે પ્રતિમાની નીચે તેના (બળદના) અસ્થિઓ દાટો." લોકોએ યક્ષના વચન પ્રમાણે સર્વ વસ્તુ તરત કરી. તે દેવાલયમાં ઈન્દ્રશર્માનામનો પૂજારી રાખ્યો.

જ્યારે મુસાફર લોકો ત્યાંથી પસાર થતાં ત્યારે તે સફેદ હાડકાંઓના ઢગલાને અને તેની ઉપર બાંધેલા દેવકુળને જોતા અને તે જોઈ આગળ જાય ત્યારે ત્યાં અન્ય લોકો તે મુસાફરોને પૂછે કે "તમે કયા ગામથી આવ્યા છો ? કે જાઓ છો ?" ત્યારે તે કહેતા "જ્યાં તે હાડકાંઓ

---

६०. नगरदेवतायै विपुलमशनं पानं खाद्यं स्वाद्यं उपस्कुर्वन्ति, बल्युपहारान् कुर्वन्तः समन्तत ऊर्ध्वमुखाः शरणं शरणमिति, यदस्माभिः सम्यग् न चेष्टितं तत् क्षमस्व, तदा अन्तरिक्षप्रतिपन्नः स देवो भणति-यूयं दुरात्मानो निरनुकम्पाः, तेन मार्गेणैव आगच्छत यात च, तस्मै गवे तृणं वा पानीयं वा न दत्तं, अतो नास्ति भवतां मोक्षः, ततः स्नाताः हस्तगतपुष्पबलिकाः भणन्ति–दृष्टः कोपः प्रसादमिच्छामः, तदा भणति–एतानि मानुषास्थीनि पुञ्जं कृत्वा उपरि देवकुलं कुरुत, शूलपाणिं च तत्र यक्षं बलीवर्दं चैकपार्श्वे स्थापयत, अन्ये भणन्ति–तं बलीवर्दरूपं कुरुत, तस्याधस्तात् तानि तस्यास्थीनि निहत, तैरचिरात् कृतं, तत्र इन्द्रशर्मा नाम प्रतिचरकः कृतः । तदा लोकः पान्थादि पश्यति, पाण्डुरास्थिकग्रामं देवकुलं च तदा पृच्छन्ति अन्ये कतरस्मात् ग्रामाद्

[૬૧] आगता जाह वत्ति, ताहे भणंति–जत्थ ताणि अट्ठियाणि, एवं अट्ठिअगामो जाओ । तत्थ पुण वाणमंतरघरे जो रत्तिं परिवसति सो तेण सूलपाणिणा जक्खेण वाहेत्ता पच्छा रत्तिं मारिज्जइ, ताहे तत्थ दिवसं लोगो अच्छति, पच्छा अण्णत्थ गच्छति, इंदसम्मोऽवि धूपं दीवगं च दाउं दिवसओ जाति । इतो य तत्थ सामी आगतो, दूतिज्जंतगामपासाओ, तत्थ य सव्वो लोगो एगत्थ पिंडिओ अच्छइ, सामिणा देवकुलिगो अणुण्णविओ, सो भणाति-गामो जाणति, सामिणा गामो मिलिओ चेवाणुण्णविओ, गामो भणति-एत्थ न सक्का वसिउं, सामी भणइ–नवरं तुम्हे अणुजाणह, ते भणंति–ठाह, तत्थेक्केक्को वसहिं देइ, सामी णेच्छति, जाणति–जहेसो संबुज्झिहितित्ति, ततो एगकूणे पडिमं ठिओ, ताहे सो इंदसम्मो सूरे धरेंते चेव धूवपुप्फं दाउं कप्पडियकारोडिय सव्वे

---

છે તે ગામથી આવેલા છીએ." આ રીતે તે ગામનું નામ અસ્થિગ્રામ પડ્યું. તે ગામમાં રહેલા તે વાણવ્યંતરના ગૃહમાં (દેવાલયમાં) જે રાત્રિ રહેતું તેને શૂલપાણિયક્ષ હેરાન–પરેશાન કરીને પછી રાત્રે મારી નાંખતો. તેથી લોક ત્યાં દિવસે રહેતો પણ રાત્રિ થતાં ત્યાંથી અન્યત્ર જતો રહેતો. ઇન્દ્રશર્મા પણ ધૂપ–દીપક કરીને દિવસે જ ત્યાંથી ચાલ્યો જતો.

આ બાજુ ભગવાન દુઈજ્જંત ગામ બાજુથી ત્યાં આવ્યા. ત્યાં લોકો બધા ટોળામાં ઊભા હતા. ભગવાને તે ટોળા પાસે દેવકુળમાં ઉતરવાની રજા માગી. તેથી લોકોએ કહ્યું. "ગામવાસી લોકો જાણે છે (અર્થાત્ ગામવાસી લોકો પાસે તેની રજા માંગો)." સ્વામીએ ભેગા થયેલા ગામ પાસે દેવકુળમાં રહેવાની રજા માગી. ગામના લોકોએ કહ્યું "અહીં કોઈ રહી શકતું નથી." સ્વામીએ કહ્યું, "છતાં તમે મને રજા આપો." તેથી લોકોએ કહ્યું, "સારું, રહો ત્યારે." બીજા કેટલાય લોકો વસતિ આપવા તૈયાર થયા પરંતુ સ્વામી તેને ઈચ્છતાં નથી કારણ કે પ્રભુ જાણતા હતા કે જો હું યક્ષના દેવકુળમાં રહીશ તો તે બોધ પામશે.

તેથી દેવકુળની અનુજ્ઞા મળતા સ્વામી તેના એક ખૂણે પ્રતિમામાં રહ્યા. ત્યારે તે ઇન્દ્રશર્મા સૂર્યાસ્ત થતાં ધૂપ–પુષ્પને કરીને ત્યાં રહેલાં કાર્પટિક–કરોટિક (ભિક્ષુ વગેરે લોક) વગેરેને જોઈ તેઓને કહે છે કે, "અહીંથી જતા રહો નહિ તો મરી જશો." તથા તે દેવાર્યને (પ્રભુને) પણ

---

૬૧. आगताः ? यात वेति, तदा भणन्ति–यत्र तानि अस्थीनि, एवमस्थिकग्रामो जातः । तत्र पुनर्व्यन्तरगृहे यो रात्रौ परिवसति स तेन शूलपाणिना यक्षेण वाहयित्वा पश्चाद् रात्रौ मार्यते, ततस्तत्र दिवसं (यावत्) लोकस्तिष्ठति, पश्चात् अन्यत्र गच्छति, इन्द्रशर्मापि धूपं दीपकं च दत्त्वा दिवसे याति । इतश्च तत्र स्वामी आगतः, द्वितीयान्तग्रामपार्श्वात्, तत्र च सर्वो लोक एकत्र पिण्डितस्तिष्ठति, स्वामिना देवकुलिकोऽनुज्ञापितः, स भणति–ग्रामो जानाति, स्वामिना ग्रामो मिलित एवानुज्ञापितः, ग्रामो भणति-अत्र न शक्ता वसितुं, स्वामी भणति-परं यूयमनुजानीत, ते भणन्ति–तिष्ठत, तत्रैकैको वसतिं दत्ते, स्वामी नेच्छति, जानाति-यथैष संभोत्स्यत इति, तत एकस्मिन् कोणे प्रतिमां स्थितः, तदा स इन्द्रशर्मा सूर्ये ध्रियमाणे (सति) एव धूपपुष्पं दत्त्वा कार्पटिककरोटिकान् सर्वान्

[६२]पलोइत्ता भणति–जाह मा विणस्सिहिह, तंपि देवज्जयं भणति–तुब्भेवि णीध, मा मारिहिज्जिहिध, भगवं तुसिणीओ, सो वंतरो चिंतेइ–देवकुलिएण गामेण य भण्णंतोऽवि न जाति, पेच्छ जं से करेमि, ताहे संझाए चेव भीमं अट्टट्टहासं मुअंतो बीहावेति ॥

अभिहितार्थोपसंहारायेदं गाथाद्वयमाह–

**दूइज्जंतगा पिउणो वयंस तिव्वा अभिग्गहा पंच ।**
**अचियत्तुग्गहि न वसण १ णिच्चं वोसट्ठ २ मोणेणं ३ ॥४६२॥**
**पाणीपत्तं ३ गिहिवंदणं च ५ तओ वद्धमाणवेगवई ।**
**धणदेव सूलपाणिंदसम्म वासऽट्ठिअग्गामे ॥४६३॥**

व्याख्या–विहरतो मोराकसन्निवेशं प्राप्तस्य भगवतः तन्निवासी दूइज्जन्तकाभिधानपाषण्डस्थो दूतिज्जंतक एवोच्यते, 'पितुः' सिद्धार्थस्य 'वयस्यः' स्निग्धकः, सोऽभिवाद्य भगवन्तं वसतिं दत्तवान् इति वाक्यशेषः । विहृत्य च अन्यत्र वर्षाकालगमनाय पुनस्तत्रैवागतेन विदितकुलपत्यभिप्रायेण, किम् ?, 'तिव्वा अभिग्गहा पंच'त्ति 'तीव्राः' रौद्राः अभिग्रहाः पञ्च गृहीता इति वाक्यशेषः । ते चामी 'अचियत्तुग्गहि न वसणं ति' 'अचियत्तं' देशीवचनं

કહે છે કે "તમે પણ જાઓ, નહિ તો આ યક્ષ તમને મારી નાંખશે." ભગવાન મૌન રહ્યા. તે વ્યંતર વિચારે છે કે "દેવકુલિક ઇન્દ્રશર્માએ અને ગામના લોકોએ કહ્યું છતાં જતો નથી, તો જુઓ હવે તેની શું હાલત કરું છું." ત્યારે સંધ્યા સમયે જ ભયંકર અટ્ટહાસ્યને કરતો ભગવાનને બીવડાવે છે ॥

**અવતરણિકા :** ઉપરોક્ત અર્થનો જ ઉપસંહાર કરવા હવે બે ગાથાઓ બતાવે છે ➩

**ગાથાર્થ : દૂતિજ્જંતક નામના પિતાના મિત્ર – કઠિન પાંચ અભિગ્રહો – અપ્રીતિવાળા અવગ્રહમાં રહેવું નહિ (૧), નિત્ય વ્યુત્સૃષ્ટકાયાવાળા (૨), અને મૌન રહેવું (૩), કરપાત્રી (૪), ગૃહસ્થવંદન (૫), વર્ધમાન વેગવતી – ધનદેવ – શૂલપાણી – ઇન્દ્રશર્મા – અસ્થિગ્રામે રહેઠાણ.**

**ટીકાર્થ :** વિહાર કરતા કરતા મોરાકસન્નિવેશમાં પહોંચેલા ભગવાનને ત્યાંના જ રહેવાસી પિતા સિદ્ધાર્થના મિત્ર દૂતિજ્જંતકે ભગવાનને વાંદી વસતિ આપી – એ પ્રમાણે વાક્યશેષ જાણવો. દૂતિજ્જંતકનામના વ્રતમાં રહેલા લોકો દૂતિજ્જંતક જ કહેવાય છે. ત્યાર પછી અન્ય સ્થાનોમાં વિહાર કરીને વર્ષાકાળમાં રહેવા માટે તે જ ગામમાં આવેલા, (તથા) જાણેલો છે કુલપતિનો અભિપ્રાય જેમનાવડે એવા ભગવાનવડે રૌદ્ર પાંચ અભિગ્રહો ગ્રહણ કરાયા.

તે આ પ્રમાણે – "અચિયત્ત" શબ્દ દેશીવચન છે જે અપ્રીતિને કહેનારો શબ્દ છે. તેથી

६२. प्रलोक्य भणति-यात मा विनेशत, तमपि देवार्यं भणति-यूयमपि निर्गच्छत, मा मारिध्वं (मृध्वं), भगवान् तूष्णीकः, स व्यन्तरश्चिन्तयति–देवकुलिकेन ग्रामेण च भण्यमानोऽपि न याति, पश्य यत्तस्य करोमि, तदा सन्ध्यायामेव भीममट्टाट्टहासं मुञ्चन् भापयति ।

अप्रीत्यभिधायकं, ततश्च तत्स्वामिनो न प्रीतिर्यस्मिन्नवग्रहे सोऽप्रीत्यवग्रहः तस्मिन् 'न वसनं' न तत्र मया वसितव्यमित्यर्थः, 'णिच्चं वोसट्ठ मोणे—णंति' नित्यं सदा व्युत्सृष्टकायेन सता मौनेन विहर्त्तव्यं 'पाणिपत्तं'ति पाणिपात्रभोजिना भवितव्यं, 'गिहिवंदणं चत्ति' गृहस्थस्य वन्दनं, चशब्दादभ्युत्थानं च न कर्त्तव्यमिति । एतान् अभिग्रहान् गृहीत्वा तथा तस्मान्निर्गत्य 'वासऽट्ठिअग्गामेत्ति' वर्षाकालं अस्थिग्रामे स्थित इति अध्याहारः, स चास्थिग्रामः पूर्वं वर्धमानाभिधः खल्वासीत्, पश्चात् अस्थिग्रामसंज्ञामित्थं प्राप्तः, तत्र हि वेगवतीनदी, तां धनदेवाभिधानः सार्थवाहः प्रधानेन गवाऽनेकशकटसहितः समुत्तीर्णः, तस्य च गोरनेकशकटसमुत्तारणतो हृदयच्छेदो बभूव, सार्थवाहः तं तत्रैव परित्यज्य गतः, स वर्धमाननिवासिलोकाप्रतिजागरितो मृत्वा तत्रैव शूलपाणिनामा यक्षोऽभवत्, दृष्टभयलोककारितायतने स प्रतिष्ठितः, इन्द्रशर्मनामा प्रतिजागरको निरूपित इत्यक्षरार्थः ॥

एवमन्यासामपि गाथानामक्षरगमनिका स्वबुद्ध्या कार्येति । कथानकशेषम्—जाहे[६३] सो अट्टट्टहासादिणा भगवंतं खोभेउं पवत्तो ताहे सो सव्वो लोगो तं सद्दं सोऊण भीओ, अज्ज सो देवज्जओ मारिज्जइ, तत्थ उप्पलो नाम पच्छाकडओ पासावच्चिज्जओ परिव्वायगो

જે અવગ્રહમાં તેના માલિકને અપ્રીતિ થતી હોય તે અવગ્રહમાં મારે રહેવું નહિ, (૧), નિત્ય વ્યુત્સૃષ્ટકાયાવાળા થઈને મૌનપૂર્વક વિચરવું (૨—૩), કરપાત્રી થવું (હાથરૂપી પાત્રમાં જ ભોજન કરવું) (૪), ગૃહસ્થને વંદન અને અભ્યુત્થાન કરવા નહિ (૫), આ અભિગ્રહો લઈ તે ગામમાંથી નીકળી અસ્થિગ્રામમાં વર્ષાકાળ રહ્યા. તે અસ્થિગ્રામ પૂર્વે વર્ધમાનનામે હતું.

પાછળથી તેનું અસ્થિગ્રામનામ આ કારણે પડ્યું કે ત્યાં વેગવતીનામની નદી હતી, તે નદીને ધનદેવનામના સાર્થવાહે મુખ્ય બળદદ્વારા અનેકગાડાઓ સહિત પાર ઉતારી. પરંતુ અનેક ગાડાઓને પાર ઉતારતા તે બળદનું હૃદય ભાંગી ગયું. સાર્થવાહ તેને ત્યાં મૂકીને જતો રહ્યો. વર્ધમાનનિવાસી લોકોવડે કાળજી ન થતાં તે બળદ મરીને ત્યાં જ શૂલપાણિયક્ષ થયો. દેખાડેલો છે ભય જેમને એવા લોકવડે કરાવેલ આયતનમાં (મંદિરમાં) તે યક્ષની પ્રતિષ્ઠા કરાઈ. ઈન્દ્રશર્માનામનો પૂજારી મૂકવામાં આવ્યો. આ ગાથાનો અક્ષરાર્થ છે. આ પ્રમાણે બીજી ગાથાઓની અક્ષરવ્યાખ્યા સ્વબુદ્ધિથી કરવા યોગ્ય છે. (જો કે ટીકાકારે આગળ ગાથાઓની અક્ષર વ્યાખ્યા કરેલી જ છે.) ॥૪૬૨—૪૬૩॥

શેષ કથાનકને કહે છે — જ્યારે તે યક્ષ અટ્ટહાસ્યાદિવડે ભગવાનને ચલિત કરવા લાગ્યો, ત્યારે તે સર્વલોક તે શબ્દને સાંભળીને ડરી ગયો, "હા ! આજે દેવાર્ય મરી જશે." તે વખતે ત્યાં ઉત્પલનામનો પશ્ચાત્કૃત (દીક્ષા છોડી દેનાર) પાર્શ્વનાથભગવાનનો સંતાનીય,

६३. यदा सोऽट्टाट्टहास्यादिना भगवन्तं क्षोभयितुं प्रवृत्तस्तदा स सर्वलोकस्तं शब्दं श्रुत्वा भीतः, अद्य स देवार्यः मार्यते, तत्रोत्पलो नाम पश्चात्कृतकः पार्श्वापत्यः परिव्राजको

[६४] अट्ठंगमहानिमित्तजाणगो जणपासाओ तं सोऊण मा तित्थंकरो होज्ज अधितिं करेइ, बीहेइ य रत्तिं गंतुं, ताहे सो वाणमंतरो जाहे सद्देण न बीहेति ताहे हत्थिरूवेणुवसग्गं करेति, पिसायरूवेणं नागरूवेण य, एतेहिंपि जाहे न तरति खोभेउं ताहे सत्तविहं वेदणं उदीरेइ, तंजहा-सीसवेयणं कण्ण अच्छि नासा दंत नह पट्ठिवेदणं च एक्केक्का वेअणा समत्था पागतस्स जीवितं संकामेउं, किं पुण सत्तवि समेताओ उज्जलाओ ?, अहियासेति, ताहे सो देवो जाहे न तरति चालेउं वा खोभेउं वा, ताहे परितंतो पायवडितो खामेति, खमह भट्टारगत्ति । ताहे सिद्धत्थो उद्धाइओ भणति-हंभो सूलपाणी ! अपत्थिअपत्थिआ न जाणसि सिद्धत्थरायपुत्तं भगवंतं तित्थयरं, जइ एयं सक्को जाणइ तो ते निव्विसयं करेइ, ताहे सो भीओ दुगुणं खामेइ, सिद्धत्थो से धम्मं कहेइ, तत्थ

પરિવ્રાજક, અષ્ટાંગનિમિત્તનો જાણકાર લોકો પાસેથી તે વાતને સાંભળીને (અર્થાત્ દેવકૂળમાં કોઈ દેવાર્ય રાત્રિએ રોકાયા છે અને યક્ષ તેની ઉપર ઉપદ્રવ કરે છે તે વાતને સાંભળીને) "અહા ! તે દેવાર્ય તીર્થંકર ન હોય તો સારું" એમ અધૃતિને કરે છે. ત્યાં દેવાલયમાં રાત્રિએ જતા ડરે છે.

આ બાજુ તે વ્યંતર જ્યારે શબ્દોવડે ડરાવી શકતો નથી ત્યારે હાથીનું રૂપ કરીને ઉપસર્ગ કરે છે. ત્યાર પછી પિશાચના રૂપવડે, નાગના રૂપવડે ડરાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ જ્યારે આ બધા રૂપોવડે પણ ડરાવી શકતો નથી ત્યારે સાત પ્રકારની વેદના ઉત્પન્ન કરે છે. તે આ પ્રમાણે – મસ્તકવેદના, કર્ણવેદના, આંખોમાં, નાસિકામાં, દાંતમાં, નખમાં અને પીઠમાં. આ દરેક વેદના સામાન્ય માણસના આયુષ્યને સંક્રમિ દેવા (અર્થાત્ પૂરું કરી દેવા) સમર્થ હતી, તો પછી ભેગી સાત વેદનાઓની વાત શું કરવી ? આ બધી વેદનાઓને ભગવાન સહન કરે છે.

જ્યારે આ રીતે પણ તે દેવ સ્વામીને ચલિત કરવા કે ક્ષોભ પમાડવામાં સમર્થ બનતો નથી ત્યારે થાકીને પગમાં પડીને ક્ષમા માગે છે કે, "હે પૂજ્ય દેવાર્ય મને ક્ષમા આપો." તે સમયે દોડીને આવેલો સિદ્ધાર્થ કહે છે, "અપ્રાર્થિતની (મૃત્યુની) પ્રાર્થના કરનારા અહો શૂલપાણિ ! તું સિદ્ધાર્થરાજાના પુત્ર ભગવાન તીર્થંકરને જાણતો નથી. જો આ વાતની ઇન્દ્રને ખબર પડશે તો તને કાઢી મૂકશે." તેથી ગભરાયેલો યક્ષ બમણી ક્ષમા યાચે છે. સિદ્ધાર્થ તેને ધર્મ કહે છે અને

६४. अष्टाङ्गमहानिमित्तज्ञायकः जनपार्श्वात् तत् श्रुत्वा मा तीर्थंकरो भवेत् ( इति ) अधृतिं करोति, बिभेति च रात्रौ गन्तुं, ततः स व्यन्तरः यदा शब्देन न बिभेति तदा हस्तिरूपेणोपसर्गं करोति, पिशाचरूपेण नागरूपेण च एतैरपि यदा न शक्नोति क्षोभयितुं तदा सप्तविधां वेदनामुदीरयते, तद्यथा-शीर्षवेदनां कर्ण० नासा० दन्त० नख० पृष्ठिवेदनां च, एकैका वेदना समर्था प्राकृतस्य जीवितं संक्रमितुं, किं पुनः सप्तापि समेता उज्ज्वलाः ?, अध्यास्ते, तदा स देवो यदा न शक्नोति चालयितुं वा क्षोभयितुं वा, तदा परिश्रान्तः पादपतितः क्षमयति-क्षमस्व भट्टारकेति । तदा सिद्धार्थ उद्धावितो भणति-हंहो शूलपाणे ! अप्रार्थितप्रार्थक ! न जानासि सिद्धार्थराजपुत्रं भगवन्तं तीर्थकरं, यद्येतत् शक्रो जानाति तदा त्वां निर्विषयं करोति, तदा स भीतो द्विगुणं क्षमयति, सिद्धार्थः तस्मै धर्मं कथयति, तत्र

[૬૫] उवसंतो महिमं करेइ सामिस्स, तत्थ लोगो चिंतेइ-सो तं देवज्जयं मारित्ता इदाणिं कीलइ, तत्थ सामी देसूणे चत्तारि जामे अतीव परियाविओ पहायकाले मुहुत्तमेत्तं निद्दापमादं गओ, तत्थ इमे दस महासुमिणे पासित्ता पडिबुद्धो, तंजहा—तालपिसाओ हओ, सेअसउणो चित्तकोइलो अ दोऽवि एते पज्जुवासंता दिट्ठा, दामदुगं च सुरहिकुसुममयं, गोवग्गो अ पज्जुवासेंतो, पउमसरो विबुद्धपंकओ, सागरो अ मे नित्थिण्णोत्ति, सूरो अ पइण्णरस्सीमंडलो उग्गमंतो, अंतेहि य मे माणुसुत्तरो वेढिओत्ति, मंदरं चारूढोमित्ति ।

लोगो पभाए आगओ, उप्पलो अ, इन्दसम्मो अ, ते अ अच्चणिअं दिव्वगंधचुण्णपुप्फवासं च पासंति, भट्टारगं च अक्खयसव्वंगं, ताहे सो लोगो सव्वो सामिस्स उक्किट्ठसिंहणायं करेंतो पाएसु पडिओ भणति-जहा देवज्जएणं देवो उवसामिओ, महिमं पगओ, उप्पलोऽवि सामिं दट्ठुं

ઉપશાંત થયેલો તે યક્ષ પ્રભુનો મહિમા કરે છે.

ત્યારે લોકો વિચારે છે "તે યક્ષ તે દેવાર્યને મારી નાંખી હવે આનંદ માને છે." તે વખતે સ્વામી દેશન્યૂન ચારપ્રહર સુધી અત્યંત પરિતાપને પામેલા હોવાથી પ્રભાતકાળે મુહૂર્તમાત્ર નિદ્રાપ્રમાદને પામ્યા. તે નિદ્રા સમયે પ્રભુ દસ મહાસ્વપ્નોને જોઈ જાગૃત થયા. તે આ પ્રમાણે – ભગવાનવડે તાલપિશાચ હણાયો (૧), શ્વેતપક્ષી અને ચિત્રકોકિલ, આ બંને સેવા કરતા જોયા.(૨–૩), સુગંધી ફૂલોવાળી બે માળા (૪), સેવા કરતો ગાયોનો સમૂહ (૫), વિકસિત કમળોવાળું પદ્મસરોવર (૬), મારાવડે (ભગવાનવડે) સાગર તરાયો (૭), ચારેબાજુ કિરણોને ફેલાવતો ઊગતો સૂર્ય (૮), મારા આંતરડાઓવડે માનુષોત્તરપર્વત વીંટળાયો (૯), મેરુપર્વત ઉપર હું ચઢ્યો.(૧૦), આ પ્રમાણે દસ સ્વપ્નો જોયા.

પ્રભાતે લોકો ત્યાં આવ્યા. સાથે ઇન્દ્રશર્મા અને ઉત્પલપરિવ્રાજક પણ ત્યાં આવ્યા. તેઓ ત્યાં પૂજાની સામગ્રીઓ અને દિવ્યગંધચૂર્ણપુષ્પોની વૃષ્ટિને જુએ છે તથા ભગવાનને પણ અક્ષતઅંગવાળા જુએ છે. ત્યારે તે સર્વલોકો ઉત્કૃષ્ટસિંહનાદને કરતા ભગવાનના પગમાં પડીને કહે છે કે "આ દેવાર્યે દેવને શાંત કર્યો." મહિમા થયો. ઉત્પલ પણ સ્વામીને જોઈ વાંદી કહે

૬૫. उपशान्तो महिमानं करोति स्वामिनः, तत्र लोकश्चिन्तयति—स तं देवार्यं मारयित्वेदानीं क्रीडति, तत्र स्वामी देशोनान् चतुरो यामान् अतीव परितापितः प्रभातकाले मुहूर्त्तमात्रं निद्राप्रमादं गतः, तत्रेमान् दश महास्वप्नान् दृष्ट्वा प्रतिबद्धः, तद्यथा—तालपिशाचो हतः, श्वेतशकुनः चित्रकोकिलश्च द्वावपि एतौ पर्युपासमानौ दृष्टौ, दामद्विकं च सुरभिकुसुममयं, गोवर्गश्च पर्युपासमानः, पद्मसरः विबुद्धपङ्कजं सागरश्च मया निस्तीर्ण इति, सूर्यश्च प्रकीर्णरश्मिमण्डल उद्गच्छन्, अन्त्रैश्च मया मानुषोत्तरो वेष्टित इति, मन्दरं चारूढोऽस्मीति । लोकः प्रभाते आगतः, उत्पलश्च, इन्द्रशर्मा च, ते चार्चनिकां दिव्यगन्धचूर्णपुष्पवर्षं च पश्यन्ति, भट्टारकं चाक्षतसर्वाङ्गं, तदा स लोकः सर्वः स्वामिनः उत्कृष्टं सिंहनादं कुर्वन् पादयोः पतितो भणति-यथा देवार्येण देव उपशमितः, महिमानं प्रगतः, उत्पलोऽपि स्वामिनं दृष्ट्वा

[६६] वंदिअ भणियाइओ–सामी ! तुब्भेहिं अंतिमरातीए दस सुमिणा दिट्ठा, तेसिमं फलंति-जो तालपिसाओ हओ तमचिरेण मोहणिज्जं उम्मूलेहिसि, जो अ सेअसउणो तं सुक्कज्झाणं काहिसि, जो विचित्तो कोइलो तं दुवालसंगं पण्णवेहिसि, गोवग्गफलं च ते चउव्विहो समणसमणीसावगसाविगासंघो भविस्सइ, पउमसरा चउव्विहदेवसंघाओ भविस्सइ, जं च सागरं तिण्णो तं संसारमुत्तारिहिसि, जो अ सूरो तमचिरा केवलनाणं ते उप्पज्जिहित्ति, जं चंतेहिं माणुसुत्तरो वेढिओ तं ते निम्मलो जसकीत्तिपयावो सयलतिहुअणे भविस्सइत्ति, जं च मंदरमारूढोऽसि तं सीहासणत्थो सदेवमणुआसुराए परिसाए धम्मं पण्णवेहिसित्ति, दामदुगं पुण न याणामि, सामी भणति–हे उप्पल ! जण्णं तुमं न जाणासि तण्णं अहं दुविहं सागाराणगारिअं धम्मं पण्णवेहामित्ति, ततो उप्पलो वंदित्ता गओ, तत्थ सामी अद्धमासेण खमति ।

છે "સ્વામી ! તમે છેલ્લી રાત્રિમાં દસસ્વપ્નો જોયા તેનું ફલ આ પ્રમાણે છે –

તમે સ્વપ્નમાં જે તાલપિશાચને હણ્યો તેનું ફલ એ કે તમે શીઘ્ર મોહનીયકર્મનું ઉન્મૂલન કરશો (૧), શ્વેતપક્ષી તમે જે જોયો તેથી તમે શુક્લધ્યાનને પામશો (૨), જે વિચિત્ર કોકિલ હતો તેથી તમે દ્વાદશાંગીની પ્રરૂપણા કરશો (૩), ગાયના સમૂહનું ફલ એ કે તમારે શ્રમણ–શ્રમણી–શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ થશે (૪), પદ્મસરોવરનું ફલ – તમારે ચાર પ્રકારના દેવનો સમૂહ થશે. (અર્થાત્ ભવનપતિ વગેરે ચારપ્રકારના દેવો તમારી સેવામાં રહેશે.) (૫), જે તમે સાગર તર્યો તેથી તમે સંસારનો પાર પામશો (૬), સૂર્યનું ફલ– તમને શીઘ્ર કેવલજ્ઞાન ઉત્પન્ન થશે (૭), જે તમે આંતરડાઓથી માનુષોત્તરપર્વત વીંટ્યો તેથી તમારો સકલ ભુવનમાં યશ અને કીર્તિનો પ્રતાપ થશે (૮), તમે મેરુ ઉપર ચઢ્યા તેનું ફલ – તમે સિંહાસન ઉપર બેઠેલા છતાં દેવ–મનુષ્ય–અસુરોસહિતની પર્ષદામાં ધર્મની પ્રરૂપણા કરશો (૯), (આ રીતે નવ સ્વપ્નાંનું ફલ હું જાણી શક્યો પરંતુ) જે બે માળા આપે જોઈ તેનું ફલ હું જાણતો નથી. ત્યારે પ્રભુએ કહ્યું, "ઉત્પલ ! જે ફલને તું જાણતો નથી તે એ છે કે, "હું બે પ્રકારના – સાગારિક (દેશવિરતિ) અને અણગારિક(સર્વવિરતિ)રૂપ ધર્મને કહીશ."

ત્યાર પછી ઉત્પલ વંદન કરીને ગયો. ત્યાં સ્વામી પંદર દિવસના ઉપવાસ કરે છે. આ

६६. वन्दित्वा भणितवान्–स्वामिन् ! त्वया अन्त्यरात्रौ दश स्वप्ना दृष्टाः, तेषामिदं फलमिति–यस्तालपिशाचो हतः तदचिरेण मोहनीयमुन्मूलयिष्यसि, यश्च श्वेतशकुनः तत् शुक्लध्यानं करिष्यसि, यो विचित्रः कोकिलः तत् द्वादशाङ्गीं प्रज्ञापयिष्यसि, गोवर्गफलं च तव चतुर्विधः श्रमणश्रमणीश्रावक-श्राविकासङ्घः भविष्यसि, पद्मसरसः चतुर्विधदेवसंघातो भविष्यति, यच्च सागरस्तीर्णस्तत् संसारमुत्तरिष्यसि, यश्च सूर्यस्तत् अचिरात् केवलज्ञानं ते उत्पत्स्यत इति, यच्चान्त्रैर्मानुषोत्तरो वेष्टितस्तत्ते निर्मलः यशःकीर्त्तिप्रतापस्त्रिभुवने सकले भविष्यतीति, यच्च मन्दरमारूढोऽसि तत्सिंहासनस्थः सदेवमनुजासुरायां पर्षदि धर्मं प्रज्ञापयिष्यसि इति, दामद्विकं पुनर्न जानामि, स्वामी भणति-हे उत्पल ! यत् त्वं न जानीषे तदहं द्विविधं सागारिकानगारिकं धर्मं प्रज्ञापयिष्यामीति, तत उत्पलो वन्दित्वा गतः, तत्र स्वामी अर्धमासेन क्षपयति ।

[६७] **एसो पढमो वासारत्तो १ । ततो सरए निग्गंतूण मोरागं नाम सण्णिवेसं गओ, तत्थ सामी बाहिं उज्जाणे ठिओ, तत्थ मोराए सण्णिवेसे अच्छंदा नाम पासंडत्था, तत्थेगो अच्छंदओ तंमि सण्णिवेसे कोंटलवेंटलेण जीवति, सिद्धत्थओ अ एक्कल्लओ दुक्खं अच्छति बहुसंमोइओ पूअं च भगवओ अपिच्छंतो, ताहे सो वोलेंतयं गोवं सद्दावेत्ता भणति-जहिं पधावितो जहिं जिमिओ पंथे य जं दिट्ठं, दिट्ठो य एवंगुणविसिट्ठो सुमिणो, तं वागरेइ, सो आउट्टो गंतुं गामे मित्तपरिचिताणं कहेति, सव्वेहिं गामे य पगासिअं-एस देवज्जओ उज्जाणे तीताणागयवट्टमाणं जाणइ, ताहे अण्णोऽवि लोओ आगओ, सव्वस्स वागरेइ, लोगो आउट्टो महिमं करेइ, लोगेण**

પ્રથમ ચોમાસુ થયું. શરદઋતુમાં ત્યાંથી નીકળી પ્રભુ મોરાકનામના સન્નિવેશમાં આવ્યા. ત્યાં સ્વામી બહાર ઉદ્યાનમાં રહ્યા. તે મોરાક સન્નિવેશમાં અચ્છંદકનામના પાખંડીઓ હતા. તેમાં એક અચ્છંદક તે સન્નિવેશમાં મંત્ર[ii],તંત્ર, નિમિત્ત વિગેરેવડે જીવતો હતો.

એકબાજુ ક્યાંય ભગવાનની પૂજા થઈ નહિ તે જોઈને સિદ્ધાર્થદેવ ઘણો દુઃખી હતો. (તેથી તેણે ભગવાનનો મહિમા વધે તે માટે ભગવાનના શરીરમાં પ્રવેશ કર્યો અને) ઘણાંઓવડે ખુશ કરાતા તેણે (અહીં આ વિશેષણનો આશય એ છે કે સિદ્ધાર્થ પોતે વ્યંતર હોવાથી ક્રીડાપ્રિય હતો. તેથી ઘણાંઓને ભેગા કરી કો'ક એકની બધાની સામે ઠેકડી ઉડાડવાવડે પોતે આનંદિત થતો. તેથી તેનું [iii]बहुसंमोदित = मिलितैर्बहुभिर्जनैः संमोदते=संहृष्यतीति बहुसंमोदितः વિશેષણ આપેલ છે. અને પોતે આવો ક્રીડાપ્રિય હોવાથી જ) બાજુમાંથી પસાર થતાં એક ગોવાળિયાને બોલાવીને ગોવાળિયા સંબંધી વાતોચીતો ગોવાળિયાને કહી કે, "તે ક્યાં ગયો હતો, ક્યાં જમ્યો, આવતા રસ્તામાં તેણે જે જોયું, તથા આવા પ્રકારના વિશિષ્ટગુણોવાળું તેણે સ્વપ્ન જોયું," વગેરે ગોવાળિયાના જીવનમાં બનેલી ઘટનાઓ કહી.

આવા પ્રકારની વાતો સાંભળીને તે ગોવાળિયો આશ્ચર્ય પામ્યો. તેણે જઈને ગામમાં પોતાના મિત્રો અને પરિચિતોને વાત કરી અને સર્વ ગામમાં વાત ફેલાવી કે "એક દેવાર્ય ઉદ્યાનમાં રહેલા છે જે ભૂત–ભાવિ અને વર્તમાનની સર્વ વાતોને જાણે છે." આ સાંભળી અન્ય લોકો પણ તે ઉદ્યાનમાં આવ્યા. ભગવાનના શરીરમાં પ્રવેશેલા સિદ્ધાર્થે સર્વલોકોના સર્વ પ્રશ્નોનો જવાબ આપ્યો. લોકો પણ તેનાથી આકર્ષાયેલા છતાં મહિમા કરે છે. લોકો ભગવાનને વીંટળાઈને

**६७. एष प्रथमो वर्षारात्रः १ । ततः शरदि निर्गत्य मोराकं नाम सन्निवेशं गतः, तत्र स्वामी बहिरुद्याने स्थितः, तत्र मोराके सन्निवेशे यथाच्छन्दा नाम पाषण्डस्थाः, तत्रैक यथाच्छदकः तस्मिन् सन्निवेशे मंत्रवादिनिमित्तादिना जीवति, सिद्धार्थकश्च एकाकी दुःखं तिष्ठति बहुसंमुदितः पूजां च भगवतः अपश्यन्, तदा स व्रजन्तं गोपं शब्दयित्वा भणति–यत्र गतः यत्र जिमितः पथि य यद्दृष्टं, दृष्टश्चैवंगुणविशिष्टः स्वप्नः तद्व्याकरोति, स आवर्जितो ग्रामे मित्रपरिचितेभ्यदः कथयति, सवैर्ग्रामे च प्रकाशितं-एष देवार्य उद्याने अतीतानागतवर्त्तमानं जानाति, तदा अन्योऽपि लोक आगतः, ( तस्मै अपि ) सर्वस्मै व्याकरोति, लोक आवर्जितो महिमानं करोति, लोकेन**

[६८] **अविरहिओ अच्छइ, ताहे सो लोगो भणइ-एत्थ अच्छंदओ नाम जाणओ, सिद्धत्थो भणति–सो ण किंचि जाणइ, ताहे लोगो गंतुं भणइ–तुमं न किंचि जाणसि, देवज्जओ जाणइ, सो लोयमज्झे अप्पाणं ठावेउकामो भणति–एह जामो, जइ मज्झ पुरओ जाणइ तो जाणइ, ताहे लोगेण परिवारिओ एइ, भगवओ पुरओ ठिओ तणं गहाय भणति–एयं तणं किं छिंदिहिति नवत्ति, सो चिंतेइ–जइ भणति–न छिज्जिहि इति ता णं छिंदिस्सं, अह भणइ–छिज्जिहित्ति, तो न छिंदिस्सं, ततो सिद्धत्थेण भणिअं–न छिज्जिहित्ति, सो छिंदिउमाढत्तो, सक्केण य उवओगो दिण्णो, वज्जं पक्खित्तं, अच्छंदगस्स अंगुलीओ दसवि भूमीए पडिआओ, ताहे लोगेण खिंसिओ, सिद्धत्थो य से रुट्ठे ।**

**अमुमेवार्थं समासतोऽभिधित्सुराह–**

---

રહ્યા છે. ત્યારે લોકો ભગવાનને (સિદ્ધાર્થદેવને) કહે છે કે "આ ગામમાં અચ્છંદક નામનો એક જ્ઞાની રહે છે જે સર્વવાતોને જાણે છે."

ત્યારે સિદ્ધાર્થ કહે છે "તે કશું જાણતો નથી." લોકોએ આ વાત જઈને અચ્છંદકને કરી કે "તમે કશું જાણતા નથી દેવાર્ય બધું જાણે છે." આ સાંભળી લોકોમાં પોતાની પ્રતિષ્ઠા થાય તે ઇચ્છાથી તે અચ્છંદકે કહ્યું, "ચાલો, એની પાસે જઈએ, જો મારી સામે જાણે તો જાણકાર કહેવાય" (અર્થાત્ મારા પૂછેલા પ્રશ્નોના જવાબ આપે તો સાચો જ્ઞાની કહેવાય.) આમ કહી લોકોથી પરિવરેલો (લોકોની સાથે) તે ઉદ્યાનમાં આવે છે.

ભગવાન સન્મુખ ઊભો રહી તણખલું હાથમાં લઈ કહે છે, "બોલો, આ તૃણને હું છેદીશ કે નહિ છેદું ? તે અચ્છંદક મનમાં વિચારે છે કે "જો કહેશે કે નહિ છેદો તો હું તેને છેદીશ, અને જો કહે કે છેદશો, તો નહિ છેદું." સિદ્ધાર્થે કહ્યું, "તે તૃણ નહિ છેદાય." ત્યારે તે અચ્છંદક તે તૃણને તોડવા લાગ્યો. શક્રે અવધિનો ઉપયોગ મૂક્યો અને વજ્ર ફેંક્યુ. જેથી અચ્છંદકની દસે આંગળીઓ કપાઈને ભૂમિ ઉપર પડી. તેથી લોકોએ તેની મશ્કરી કરી અને સિદ્ધાર્થ તેની ઉપર ગુસ્સે ભરાયો.

**અવતરણિકા :** ઉપરના અર્થને જ સંક્ષેપથી આગળ જણાવે છે ➪

---

६८. अविरहितः तिष्ठति, तदा स लोको भणति-अत्र यथाच्छन्दको नाम ज्ञायकः, सिद्धार्थो भणति-स न किञ्चिद् जानाति, तदा लोको गत्वा भणति–त्वं न किञ्चित् जानासि, देवार्यको जानाति, स लोकमध्ये आत्मानं स्थापयितुकामो भणति–एत यामः, यदि मम पुरतो जानाति तदा जानाति, तदा लोकेन परिवारित एति, भगवतः पुरतः स्थितः तृणं गृहीत्वा भणति-एतत् तृणं किं छेत्स्यते नवेति, स चिन्तयति–यदि भणति–न छेत्स्यते इति तदैतत् छेत्स्यामि, अथ भणति-छेत्स्यते इति तदा न छेत्स्यामि, ततः सिद्धार्थेन भणितम्-न छेत्स्यतीति, स छेत्तुमारब्धः, शक्रेण च उपयोगो दत्तः, वज्रं प्रक्षिप्तं, अच्छन्दकस्याङ्गुल्यो दशापि भूमौ पतिताः, तदा लोकेन हीलितः, सिद्धार्थश्च तस्मै रुष्टः ।

रोद्दा य सत्त वेयण थुइ दस सुमिणुप्पलऽद्धमासे य ।
मोराए सक्कारं सक्को अच्छंदए कुविओ ॥४६४॥

समासव्याख्या–रौद्राश्च सप्त वेदना यक्षेण कृताः, स्तुतिश्च तेनैव कृता, दश स्वप्ना भगवता दृष्टाः, उत्पलः फलं जगाद, 'अद्धमासे यत्ति' अर्धमासमर्धमासं च क्षपणमकार्षीत्, मोरायां लोकः सत्कारं चकार, शक्रः अच्छन्दके तीर्थकरहीलनात् परिकुपित इत्यक्षरार्थः ॥

इयं निर्युक्तिगाथा, एतास्तु मूलभाष्यकारगाथाः–

भीमट्टहास हत्थी पिसाय नागे य वेदणा सत्त ।
सिरकण्णनासदन्ते नहऽच्छी पट्ठीय सत्तमिआ ॥११२॥ (भा०)
तालपिसायं १ दो कोइला य ३ दामदुगमेव ४ गोवग्गं ५ ।
सर ६ सागर ७ सूरं ८ ते ९ मन्दर १० सुविणुप्पले चेव ॥११३॥ (भा०)
मोहे १ य झाण २ पवयण ३ धम्मे ४ संघे ५ य देवलोए ६ य ।
संसारं ७ णाण ८ जसे ९ धम्मं परिसाएँ मज्झंमि ॥११४॥ (भा०)

व्याख्या–भीमाट्टहासः हस्ती पिशाचो नागश्च वेदनाः सप्त शिरःकर्णनासादन्तनखाक्षि पृष्ठौ च सप्तमी, एतद्व्यन्तरेण कृतं । तालपिशाचं द्वौ कोकिलौ च दामद्वयमेव गोवर्गं सरः सागरं सूर्यं अन्त्रं मन्दरं 'सुविणुप्पले चेवत्ति' एतान् स्वप्नान् दृष्टवान्, उत्पलश्चैव फलं कथितवान् इति ।

---

ગાથાર્થ : સાત રૌદ્ર વેદનાઓ – સ્તુતિ– દસસ્વપ્નો – ઉત્પલ – પંદરદિવસ – મોરાક– સત્કાર – ઇન્દ્ર અચ્છંદક ઉપર ગુસ્સે થયો.

ટીકાર્થ : યક્ષવડે સાત અત્યંત પીડાકારી વેદનાઓ કરાઈ અને તેનાવડે જ સ્તુતિ કરાઈ. ભગવાન વડે દસસ્વપ્નો જોવાયા. ઉત્પલે તેનું ફલ જણાવ્યું. ભગવાને ત્યાં પંદર–પંદર દિવસનો તપ કર્યો. મોરાકસન્નિવેશમાં લોકોએ સત્કાર કર્યો. શક્ર અચ્છંદક ઉપર ભગવાનની હીલનાને કારણે કુપિત થયો. આ નિર્યુક્તિ ગાથા છે. હવે જણાવાતી ગાથાઓ મૂળભાષ્યકારની છે. ॥૪૬૪॥

અવતરણિકા : (શૂલપાણિયક્ષના ઉપસર્ગો મૂળભાષ્યકાર જણાવે છે) ➪

ગાથાર્થ : ભયંકર હાસ્ય – હસ્તિ – પિશાચ – નાગ અને સાત વેદનાઓ (તે આ પ્રમાણે) – મસ્તક – કર્ણ – નાસિકા – દાંત – નખ – આંખો – અને સાતમી પીઠને વિષે.

ગાથાર્થ : તાલપિશાચ – બે કોકિલ – બે માળા – ગાયનો સમૂહ – સરોવર – સાગર – સૂર્ય – આંતરડા – મેરુપર્વત આ દસસ્વપ્નો જોયા અને ઉત્પલે ફલ કહ્યા.

ગાથાર્થ : (તે ફલો આ પ્રમાણે) – મોહ – ધ્યાન – પ્રવચન – ધર્મ – સંઘ – દેવલોક – સંસાર – જ્ઞાન – યશ – પર્ષદાની મધ્યમાં ધર્મની પ્રરૂપણા.

ટીકાર્થ : ટીકાનો અર્થ ગાથાર્થ મુજબ જ જાણાવો. માત્ર ગા. ૧૧૪ માં મોહનું નિરાકરણ

तच्चेदम्–मोहं च ध्यानं प्रवचनं धर्मः सङ्घश्च 'देवलोकश्च' देवजनश्चेत्यर्थः, संसारं ज्ञानं यशः धर्म पर्षदो मध्ये, मोहं च निराकरिष्यसीत्यादिक्रियायोगः स्वबुद्ध्या कार्यः ॥

**मोरागसण्णिवेसे बाहिं सिद्धत्थ तीतमाईणि ।**

**साहइ जणस्स अच्छंद पओसो छेअणे सक्को ॥१॥**

अर्थोऽस्याः कथानकोक्त एव वेदितव्य इति । इयं गाथा सर्वपुस्तकेषु नास्ति, सोपयोगा च । कथानकशेषम्–त[६९]ओ सिद्धत्थो तस्स पओसमावण्णो तं लोगं भणति–एस चोरो, कस्स णेण चोरियंति भणह, अत्थेत्थ वीरघोसो णाम कम्मकरो ?, सो पादेसु पडिओ अहंति, अत्थि तुब्भ अमुककाले दसपलयं वट्टयं णट्ठपुव्वं ?, आमं अत्थि, तं एएण हरियं, तं पुण कहिं ?, एयस्स पुरोहडे महिसिंदुरुक्खस्स पुरत्थिमेणं हत्थमित्तं गंतूणं तत्थ खणिउं गेण्हह । ताहे गता, दिट्ठं, आगया कलकलं करेमाणा । अण्णंपि सुणह–अत्थि एत्थं इंदसम्मो नाम गिहवई ?, ताहे भणति–

तमे करशो विगेरे क्रियापदो स्वबुद्धिथी जाणी लेवा. ॥११२–११४॥

**ગાથાર્થ : મોરાકસન્નિવેશમાં બહાર સિદ્ધાર્થ લોકોને અતીત – અનાગતાદિ કહે છે. તેની ઉપર અચ્છંદક દ્વેષ પામે છે – તૃણના છેદન(માટે પ્રશ્ન) – ઇન્દ્ર.**

**ટીકાર્થ :** આ ગાથાનો અર્થ પણ કથાનકમાં કહેવાઈ ગયેલો જાણવો. જો કે આ ગાથા સર્વપુસ્તકોમાં (સર્વપ્રતોમાં) નથી છતાં ઉપયોગી છે(એટલે અહીં ગ્રહણ કરાઈ છે.) ॥૧॥

હવે કથાનકશેષને કહે છે – ત્યાર પછી સિદ્ધાર્થ અચ્છંદક ઉપર ક્રોધે ભરાયેલો છતો લોકોને કહે છે કે "આ ચોર છે." ત્યારે લોકોએ પૂછ્યું "કોની ચોરી કરી છે ? તે કહો." ત્યારે ટોળાઓની વચ્ચે રહેલા સિદ્ધાર્થે કહ્યું, "અહીં આ ટોળામાં વીરઘોષનામનો કોઈ કર્મકર (મજૂર) છે ?" આ સાંભળી ટોળામાંથી વીરઘોષનામનો કર્મકર પગમાં પડેલો છતો "હું વીરઘોષ છું" કહે છે. સિદ્ધાર્થે પૂછ્યું – "તારીપાસે કોઈ કાળે દસ પલપ્રમાણનું એક વર્તુલ (કરોટક =પાત્રવિશેષ) હતું તે ખોવાઈ ગયું છે ને ?" તેણે કહ્યું – "હા, મારી પાસે હતું તે ખોવાઈ ગયું છે." સિદ્ધાર્થે કહ્યું "તે તારી વસ્તુ આણે ચોરી છે," "તે ક્યાં છે ?" આ અચ્છંદકના ઘરના વાડામાં જે ખજુરીનું વૃક્ષ છે, તેની પૂર્વદિશામા એક હાથ છોડીને તે જગ્યા ખોદીને લઈ લે." એ પ્રમાણે સિદ્ધાર્થે કહ્યું.

આ સાંભળી સર્વલોકો ત્યાં ગયા. તે વસ્તુ ત્યાંથી મળી એટલે જોરજોરથી કલકલ કરતા પાછા આવ્યા. ત્યારે સિદ્ધાર્થે કહ્યું "અરે ! બીજું સાંભળો કે શું તમારામાં કોઈ ઇન્દ્રશર્માનામનો

६९. ततः सिद्धार्थः तस्मिन् प्रद्वेषमापन्नस्तं लोकं भणति–एष चौरः, कस्यानेन चोरितं इति भण, अस्त्यत्र वीरघोषो नाम कर्मकर ?, स पादयोः पतितः अहमिति, अस्ति तव अमुककाले दशपलमानं वर्तुलं नष्टपूर्वम् ?, ओमस्ति, तदनेन हृतं, तत्पुनः क्व ?, एतस्य गृहपुरतः खर्जूरीवृक्षस्य पूर्वस्यां हस्तमात्रं गत्वा तत्र खात्वा गृह्णीत । तदा गताः, दृष्टं, आगताः कलकलं कुर्वन्तः । अन्यदपि शृणुत–अस्त्यत्र इन्द्रशर्मा नाम गृहपतिः, तदा भणति–

[७०]अत्थि, ताहे सो सयमेव उवट्ठिओ, जहा अहं, आणवेह, अत्थि तुब्भ ओरणओ अमुयकालंमि नट्ठिल्लओ ?, स आह—आमं अत्थि, सो एएण मारित्ता खइओ, अट्ठियाणि य से बदरीए दक्खिणे पासे उक्कुरुडियाए निहयाणि, गया, दिट्ठाणि, उक्किट्ठकलयलं करेंता आगया, ताहे भणंति—एयं बितिअं ।

अमुमेवार्थं प्रतिपादयन्नाह निर्युक्तिकृत्—

**तण छेयंगुलि कम्मार वीरघोस महिसिंदु दसपलिअं ।**
**बिइइंदसम्म ऊरण बयरीए दाहिणुक्कुरुडे ॥४६५॥**

व्याख्या—अच्छन्दकः तृणं जग्राह, छेदः अङ्गुलीनां कृतः खल्विन्द्रेण, 'कम्मार वीरघोसत्ति' कर्मकरो वीरघोषः, तत्संबन्ध्यनेन 'महिसिंदु दसपलियं' दशपलिकं करोटकं गृहीत्वा महिसेन्दुवृक्षाधः स्थापितं, एकं तावदिदं, द्वितीयं—इन्द्रशर्मण ऊरणकोऽनेन भक्षितः, तदस्थीनि चाद्यापि तिष्ठन्त्येव बदर्या अधः दक्षिणोत्कुरुट इति गाथार्थः ॥४६५॥ ततियं पुण अवच्चं, अलाहि भणितेण, ते निबंधं करेंति, पच्छा भणाति—वच्चह भज्जा से कहेहिइ, सा पुण तस्स चेव

કોઈ ગૃહપતિ છે ?" લોકોએ કહ્યું – "હા, છે." ત્યારે તે સ્વયં "હું જ ઇન્દ્રશર્મા છું આજ્ઞા કરો (શું કરું ?)" એમ કહી ઉપસ્થિત થયો. સિદ્ધાર્થે કહ્યું "શું તારી પાસે કોઈ કાળે એક ઘેટો હતો જે ખોવાઈ ગયો હોય ?" તેણે કહ્યું, "હા, હતો." સિદ્ધાર્થે કહ્યું, "તે તારો ઘેટો આણે મારી નાંખ્યો અને તે ખાઈ ગયો, તેના હાડકાંઓ આણે બદરીવૃક્ષની દક્ષિણબાજુએ ઉકરડામાં નાંખી દીધા છે." તેથી લોકો તે જોવા ગયા. ત્યાં ઉકરડામાંથી હાડકાં મળ્યા તેથી અત્યંત જોરજોરથી કલકલ કરતા સૌ આવ્યા. ત્યારે સિદ્ધાર્થે કહ્યું, "આ બીજી ચોરી પકડાઈ."

**અવતરણિકા :** આ જ અર્થનું પ્રતિપાદન કરતા નિર્યુક્તિકાર કહે છે ⇨

ગાથાર્થ : **તૃણ – આંગળીઓનો છેદ – વીરઘોષ કર્મકર – ખજુરીનું વૃક્ષ – દસ પલપ્રમાણ કરોટિક – બીજો ઇન્દ્રશર્મા – ઘેટો – બદરીવૃક્ષની દક્ષિણબાજુએ ઉકરડામાં (ઘેટાના અસ્થિઓ છે.)**

ટીકાર્થ : અચ્છંદકે તણખલું ગ્રહણ કર્યું. ઇન્દ્રે આંગળીઓનો છેદ કર્યો. વીરઘોષનામનો કર્મકર– તેનું દસ પલપ્રમાણ કરોટક અચ્છંદકે લઈ ખજુરીના વૃક્ષ નીચે દાટ્યું છે. એક આ ચોરી થઈ, બીજી ચોરી આ પ્રમાણે કે ઇન્દ્રશર્માના ઘેટાને મારી તે ખાઇ ગયો અને તેના હાડકાં હજુ બદરી વૃક્ષની નીચે દક્ષિણબાજુના ઉકરડામાં રહેલા છે. ॥૪૬૫॥

(કથાનક શરૂ થાય છે) ત્રીજો અપરાધ તો કહેવા જેવો નથી. તેને કહેવાથી સર્યું. લોકો આગ્રહ કરે છે. તેથી સિદ્ધાર્થ જણાવે છે કે "જાઓ, તેની પત્ની જ તમને કહેશે." તેની પત્ની

७०. अस्ति, तदा स स्वयमेवोपस्थितः, यथाऽहं, आज्ञापयत, अस्ति तवोर्णायुः अमुककाले नष्टः, स आह—ओमस्ति, स एतेन मारयित्वा खादितः, अस्थीनि च तस्य बदर्या दक्षिणे पार्श्वे उत्कुरुटके निखातानि, गताः, दृष्टानि, उत्कृष्टकलकलं कुर्वन्त आगताः, तदा भणन्ति-एतद्द्वितीयम् २ तृतीयं पुनरवाच्यं, अलं भणितेन, ते निर्बन्धं कुर्वन्ति, पश्चाद् भणति—व्रजत भार्या तस्य कथयिष्यति, सा पुनस्तस्यैव

[७१]छिड्डाणि मग्गमाणी अच्छति, ताए सुयं–जहा सो विडंबिओत्ति, अंगुलीओ से छिन्नाओ, सा य तेण तद्दिवसं पिट्टिया, सा चिंतेति–नवरि एउ गामो, ताहे साहेमि, ते आगया पुच्छंति, सा भणइ–मा से नामं गेण्हह, भगिणीए पती ममं नेच्छति, ते उक्किट्ठिं करेमाणा तं भणंति–एस पावो, एवं तस्स उड्डाहो जाओ, एस पावो, जहा न कोइ भिक्खंपि देइ, ताहे अप्पसागारियं आगओ भणइ–भगवं ! तुब्भे अन्नत्थवि पुज्जिज्जह, अहं कहिं जामि ?, ताहे अचियत्तोग्गहोत्तिकाउं सामी निग्गओ । ततो वच्चमाणस्स अंतरा दो वाचालाओ–दाहिणा उत्तरा य, तासिं दोण्हवि अंतरा दो नईओ–सुवण्णवालुगा रुप्पवालुगा य, ताहे सामी दक्खिणवाचालाओ सन्निवेसाओ उत्तरवाचालं वच्चइ, तत्थ सुवण्णवालुयाए नदीए पुलिणे कंटियाए तं वत्थं विलग्गं, सामी गतो, पुणोऽवि

---

તેના છિદ્રો શોધતી હતી. તેણીએ સાંભળ્યું કે "તેની વિડંબણા થઈ છે, તેની આંગળીઓ પણ છેદાઈ ગઈ છે." અને તે દિવસે અચ્છંદકે પત્નીને મારી પણ હતી તેથી તે વિચારતી હતી કે "જો ગામવાળા આવે તો બધી વાત કહી દઈશ." એટલામાં ગામવાળા આવ્યા અને અચ્છંદક વિષે પૂછ્યું.

તેથી પત્નીએ કહ્યું, "તેનું નામ પણ ગ્રહણ કરશો નહિ, તે તો પોતાની બહેનનો પતિ છે, (અર્થાત્ પોતાની બહેન સાથે વિષયસુખો ભોગવે છે) મને ઈચ્છતો નથી." આ સાંભળી લોકો કોલાહલ કરતાં અચ્છંદકને કહે છે કે "આ પાપી છે." આમ તે અચ્છંદકનો ઉડ્ડાહ (અપયશ) થયો કે તે પાપી છે. જેથી કોઈ હવે તેને ભિક્ષા પણ આપતું નથી. તેથી એકાન્તમાં આવી ભગવાનને કહે છે કે, "હે ભગવન્ ! તમારી તો અન્યસ્થાને પણ પૂજા થશે, હું ક્યાં જઈશ ?" તેથી અપ્રીતિવાળા અવગ્રહને જાણી ભગવાન ત્યાંથી નીકળી ગયા.

ત્યાંથી આગળ જતા વચ્ચે ભગવાનને બે વાચાલો (ગામો) આવ્યા – દક્ષિણવાચાલ અને ઉત્તરવાચાલ. આ બંને વાચાલોની વચ્ચે બે નદી હતી – સુવર્ણવાલુકા અને રૂપ્યવાલુકા. સ્વામી દક્ષિણવાચાલનામના સન્નિવેશથી ઉત્તરવાચાલ તરફ જાય છે. ત્યાં સુવર્ણવાલુકા નદીને કિનારે રહેલા કાંટાઓમાં તે વસ્ત્ર લાગી ગયું(=ફસાઈ ગયું.) સ્વામી આગળ વધ્યા.

---

७१. छिद्राणि मृगयमाणा तिष्ठति, तया श्रुतम्-यथा स विडम्बित इति, अङ्गुलयस्तस्य छिन्नाः, सा च तेन तद्दिवसे पिट्टिता, सा चिन्तयति-परमायातु ग्रामः, तदा साधयामि, त आगताः पृच्छन्ति, सा भणति-मा तस्य नाम गृह्णीथ, भगिन्याः पतिर्माँ नेच्छति, त उत्कृष्टिं कुर्वन्तस्तां भणन्ति-एष पापः, एवं तस्योड्डाहो जातः, एष पापः, यथा ( यदा ) न कश्चिद् भिक्षामपि ददाति, तदाऽल्पसागारिक आगतो भणति-भगवन्तः ! यूयमन्यत्रापि पूजयिष्यध्वं, अहं क्व यामि ?, तदा अप्रीतिकावग्रह इतिकृत्वा स्वामी निर्गतः । ततो व्रजतः अन्तरा द्वे वाचाले-दक्षिणा उत्तरा च, तयोर्द्वयोरपि अन्तरा द्वे नद्यौ-सुवर्णवालुका रूप्यवालुका च, तदा स्वामी दक्षिणवाचालात् सन्निवेशात् उत्तरवाचालं व्रजति, तत्र सुवर्णवालुकाया नद्याः पुलिने कण्टिकायां तद्वस्त्रं विलग्नं, स्वामी गतः, पुनरपि

[72]अवलोइअं, किं निमित्तं ?, केई भणंति–ममत्तीए, अवरे-किं थंडिल्ले पडिअं अथंडिल्लेत्ति, केई–सहसागारेणं, केई-वरं सिस्साणं वत्थपत्तं सुलभं भविस्सइ ?, तं च तेण धिज्जाइएण गहिअं, तुण्णागस्स उवणीअं, सयसहस्समोल्लं जायं, एक्केक्कस्स पण्णासं सहस्साणि जायाणि ।

अमुमेवार्थमभिधित्सुराह—

**तइअमवच्चं भज्जा कहिही नाहं तओ पिउवयंसो ।**
**दाहिणवायालसुवण्णवालुगाकंटए वत्थं ॥४६६॥**

पदानि–तृतीयमवाच्यं भार्या कथयिष्यति । ततः पितुर्वयस्यस्तु दक्षिणवाचालसुवर्णवालुकाकण्टके वस्त्रं, क्रियाऽध्याहारतोऽक्षरगमनिका स्वबुद्ध्या कार्येति । [73]ताहे सामी वच्चइ उत्तरवाचालं, तत्थ अंतरा कणगखलं नाम आसमपयं, तत्थ दो पंथा–उज्जुगो वंको य, जो सो उज्जुओ सो कणगखलमज्झेण वच्चइ, वंको परिहरंतो, सामी उज्जुगेण पहाविओ, तत्थ

આગળ જઈ સ્વામીએ પાછળ જોયું, શા માટે જોયું ? કેટલાક આચાર્યો કહે છે, મમત્વને કારણે, તથા કેટલાક આચાર્યો કહે છે, તે વસ્ત્ર સ્થંડિલમાં (અચિત્તસ્થાને) પડ્યું કે અસ્થંડિલમાં, તે જોવા સ્વામીએ પાછળ જોયું. કેટલાક આચાર્યો કહે છે કે "સહસાકારે" તો કેટલાક જણાવે છે કે "શું શિષ્યોને વસ્ત્ર–પાત્ર સુલભ થશે કે નહિ ? તે જાણવા પ્રભુએ પાછળ જોયું. તે પડેલું વસ્ત્ર તે બ્રાહ્મણે (જે પાછળ જ ફરતો હતો) ગ્રહણ કર્યું અને વણકરને આપ્યું. તેનાથી એકલાખ મૂલ્યની પ્રાપ્તિ થઈ. જેમાંથી બંનેને પચાસ–પચાસહજારની પ્રાપ્તિ થઈ.

**અવતરણિકા :** આ વાતને જ આગળની ગાથામાં કહે છે ⇨

**ગાથાર્થ : ત્રીજો અપરાધ અવાચ્ય છે – પત્ની કહેશે હું નહિ કહું – ત્યારપછી પિતાના મિત્ર એવા બ્રાહ્મણે દક્ષિણવાચાલની સુવર્ણવાલુકાનદીના કિનારે રહેલાં કંટકમાં લાગેલા વસ્ત્રને (લઈ લીધું.)**

**ટીકાર્થ :** ઉપર કહેવાઈ ગયા મુજબ ટીકાનો અર્થ જાણવો. ॥૪૬૬॥ (કથાનક આગળ ચાલે છે) ત્યાર પછી સ્વામી ઉત્તરવાચાલમાં જાય છે. ત્યાં વચ્ચે કનકખલનામનું આશ્રમસ્થાન આવે છે. ત્યાં બે રસ્તા આવે છે – સીધો અને વાંકોચૂકો. તેમાં જે સીધો માર્ગ છે તે કનકખલ આશ્રમની મધ્યમાંથી પસાર થાય છે અને વાંકોચૂકો વક્ર માર્ગ તેને અડીને બાજુમાંથી નીકળી જાય છે. સ્વામી સીધા માર્ગે ગયા. ગોવાળિયાઓએ પ્રભુને તે માર્ગે જતા અટકાવ્યા કે "અહીં

૭૨. अवलोकितं, किं निमित्तम् ?, केचिद् भणन्ति-ममत्वेन, अपरे-किं स्थण्डिले पतितमस्थण्डिले इति, केचित्-सहसाकारेण, केचित्-परं शिष्याणां वस्त्रपात्रं सुलभं भविष्यति ?, तच्च केन धिग्जातीयेन गृहीतं, तुन्नाकस्य उपनीतं, शतसहस्रमूल्यं जातं, एकैकस्य पञ्चाशत् सहस्राणि जातानि ।

૭૩. तदा स्वामी व्रजति उत्तरवाचालं, तत्रान्तरा कनकखलनामाश्रमपदं तत्र द्वौ पन्थानौ-ऋजुर्वक्रश्च, योऽसौ ऋजुः स कनकखलमध्येन व्रजति, वक्रः परिहरन्, स्वामी ऋजुना प्रधावितः, तत्र

[७४] गोवालेहिं वारिओ, एत्थ दिट्ठिविसो सप्पो, मा एएण वच्चह, सामी जाणति–जहेसो भविओ संबुज्झिहिति, तओ गतो जक्खघरमंडवियाए पडिमं ठिओ । सो पुण को पुव्वभवे आसी ?, खमगो, पारणए गओ वासिगभत्तस्स, तेण मंडुक्कलिया विराहिआ, खुड्डुएण परिचोइओ, ताहे सो भणति–किं इमाओऽवि मए मारिआओ लोयमारिआओ दरिसेइ, ताहे खुड्डुएण नायं–वियाले आलोहिइत्ति, सो आवस्सए आलोएत्ता उवविट्ठो, खुड्डुओ चिंतेइ–नूणं से विस्सरियं, ताहे सारिअं, रुट्ठो आहणामित्ति उद्धाइओ खुड्डुगस्स, तत्थ थंभे आवडिओ मओ विराहियसामण्णो जोइसिएसु उववण्णो, ततो चुओ कणगखले पंचण्हं तावससयाणं कुलवइस्स तावसीए उदरे आयाओ, ताहे दारगो जाओ, तत्थ से कोसिओत्ति नामं कयं, सो य अतीव तेण सभावेण चंडकोधो, तत्थ

દૃષ્ટિવિષ સર્પ છે આ રસ્તે ન જાઓ." સ્વામી જાણે છે કે "આ સર્પ ભવ્ય છે અને બોધ પામશે." તેથી સ્વામી તે જ માર્ગે ગયા અને યક્ષગૃહના મંડપમાં પ્રતિમા સ્વીકારી રહ્યા.

તે સર્પ પૂર્વભવમાં કોણ હતો ? તે જણાવે છે – તે પૂર્વભવમાં તપસ્વી હતો. પારણામાં સૂકું વહોરવા માટે તે નીકળ્યો. માર્ગમાં તેનાવડે દેડકીની વિરાધના થઈ. તે સમયે ક્ષુલ્લક સાધુએ તે તરફ ધ્યાન દોર્યું. (એટલે આજુબાજુ બીજી મરેલી દેડકીઓ તરફ આંગળી કરતા) ક્ષપકે કહ્યું, "શું આ બધી દેડકીઓને પણ મેં મારી છે ?" એમ કહીને લોકોવડે મરેલી દેડકીઓ બતાવે છે. (અર્થાત્ જેમ આ બધી દેડકીઓને લોકોએ મારી છે, મેં મારી નથી, તેમ આ દેડકી પણ મારાથી મરી નથી એમ ક્ષપકનો કહેવાનો આશય હતો.) ત્યારે ક્ષુલ્લકસાધુએ વિચાર્યું કે "સાંજે આલોચના કરશે."

હવે સાંજે આવશ્યકમાં (પ્રતિક્રમણમાં) તે ક્ષપક આલોચના કરીને બેસી ગયો. ક્ષુલ્લક વિચારે છે કે "નક્કી આ ભૂલી ગયા લાગે છે." તેથી તેણે ક્ષપકને યાદ અપાવ્યું. જેથી ક્ષપક ગુસ્સે થયો અને "આને મારું" એમ વિચારી તેની તરફ દોડ્યો. દોડતાં સ્તંભ સાથે અથડાતા મર્યો. શ્રમણપણાની વિરાધનાને કારણે જ્યોતિષમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી કનકખલઆશ્રમમાં પાંચસો તાપસોના કુલપતિની તાપસીના ઉદરમાં આવ્યો. ત્યાર પછી પુત્રરૂપે તેનો જન્મ થયો. ત્યાં તેનું કૌશિકનામ પાડવામાં આવ્યું. તે સ્વભાવથી અત્યંત ક્રોધી હતો.

७४. गोपालैर्वारितः, अत्र दृष्टिविषः सर्पः, मैतेन व्राजीः, स्वामी जानाति–यथैष भव्यः संभोत्स्यत इति, ततो गतो यक्षगृहमण्डपिकायां प्रतिमां स्थितः । स पुनः कः पूर्वभवे आसीत् ?, क्षपकः, पारणके गतः पर्युषितभक्ताय, तेन मण्डूकी विराद्धा, क्षुल्लकेन परिचोदितः, तदा स भणति–किमिमा अपि मया मारिताः लोकमारिता दर्शयति, तदा क्षुल्लकेन ज्ञातं-विकाले आलोचयिष्यतीति, स आवश्यके आलोचयित्वा उपविष्टः, क्षुल्लकश्चिन्तयति–नूनमस्य विस्मृतं, ततः स्मारितं, रुष्ट आहन्मीत्युद्धावितः क्षुल्लकाय, तत्र स्तम्भे आस्फलितो मृतो विराधितश्रामण्यः ज्योतिष्केषु उत्पन्नः, ततश्च्युतः कनकखले पञ्चानां तापसशतानां कुलपतेः तापस्या उदरे आयातः, तदा दारको जातः, तत्र तस्य कौशिक इति नाम कृतं, स चातीव तेन स्वभावेन चण्डक्रोधः, तत्र

[७५]अन्नेऽवि अत्थि कोसिया, तस्स चंडकोसिओत्ति नामं कयं, सो कुलवती मओ, ततो य सो कुलवई जाओ, सो तत्थ वणसंडे मुच्छिओ, तेसिं तावसाण ताणि फलाणि न देइ, ते अलभंता गया दिसोदिसं, जोऽवि तत्थ गोवालादी एति तंपि हंतुं धाडेइ, तस्स अदूरे सेयंबियानाम नयरी, ततो रायपुत्तेहिं आगंतूणं विरहिए पडनिवेसेण भग्गो विणासिओ य, तस्स गोवालएहिं कहियं, सो कंटियाणं गओ, ताओ छड्डेत्ता परसुहत्थो गओ रोसेण धमधमंतो, कुमारेहिं दिट्ठो एंतओ, तं दट्ठूणं पलाया, सोऽवि कुहाडहत्थो पहावेत्ता खड्डे आवडिऊण पडिओ, सो कुहाडो अभिमुहो ठिओ, तत्थ से सिरं दो भाए कयं, तत्थ मओ तंमि चेव वणसंडे दिट्ठीविसो सप्पो जाओ, तेण

જો કે તે આશ્રમમાં અન્ય (બાળકો) પણ કૌશિક નામે હતા. તેથી તેઓથી આને જુદો પાડવા તેનું નામ ચંડકૌશિક પાડવામાં આવ્યું. તે કુલપતિ મરણ પામ્યો. તેના સ્થાને ચંડકૌશિક કુલપતિ બન્યો. તેને તે કનકખલનામના વનખંડ ઉપર અતીવ મૂર્ચ્છા હતી. માટે તે વનખંડના ફળો તાપસોને ખાવા આપતો નહિ. તેથી ફળાદિને નહિ પામતા તે તાપસો અન્ય–અન્ય દિશામાં જતા રહ્યા. ગોવાળિયાદિ જે કોઈ પણ તે આશ્રમમાં આવે તેને મારીને ભગાડતો. આ વનખંડની નજીકમાં શ્વેતાંબિકાનામની નગરી હતી. ત્યાંથી રાજપુત્રો આ વનખંડમા કોઈ નહોતું ત્યારે ત્યાં આવ્યા. (મનપસંદ ફળોને ખાધા) અને ઝાડના ફળો વિ. તોડીને સંપૂર્ણ વનખંડનો નાશ કરી નાંખ્યો.

જ્યારે રાજપુત્રો વનખંડને તોડતા હતા તે સમયે ચંડકૌશિક અન્યસ્થાને કાંટાઓને (ડાળીઓને) ગ્રહણ કરવા ગયો હતો. ત્યાં આવી ગોવાળિયાઓએ ચંડકૌશિકને વાત કરી (કે, "રાજપુત્રો તમારું વનખંડ તોડે છે.") તેથી તે ડાળીઓ વગેરે ગ્રહણ કરવાનું છોડી હાથમાં કુહાડો લઈ રોષથી ધમધમતો તે આવ્યો. આ બાજુ કુમારો તેને આવતો જોઈ ભાગ્યા. તે પણ કુહાડા સાથે તેમની પાછળ ભાગતો અથડાઈને ખાડામાં પડ્યો. તે વખતે તે કુહાડો સીધા મુખવાળો (ધારનો ભાગ ઉપર રહે તે રીતે) પડ્યો. તેની ઉપર ચંડકૌશિકનું મસ્તક પડતા તેના બે ભાગ થઈ ગયા. ત્યાં તે મર્યો અને મરીને તે જ વનખંડમાં દૃષ્ટિવિષસર્પ થયો. ક્રોધ અને લોભથી તે વનખંડની રક્ષા કરે છે. ત્યાં જેટલા તાપસો હતા તેમાંથી અમુકને બાળી નાંખ્યા અને

७५. अन्येऽपि सन्ति कौशिकाः, तस्य चण्डकौशिक इति नाम कृतं, स कुलपतिर्मृतः, ततश्च स कुलपतिर्जातः, स तत्र वनखण्डे मूर्छितः, तेभ्यः तापसेभ्यः तानि फलानि न ददाति, तेऽलभमाना गता दिशि दिशि, योऽपि तत्र गोपालादिक आयाति तमपि हत्वा धाटयति, तस्यादूरे श्वेतम्बीकानामनगरी, ततो राजपुत्रैरागत्य विरहिते प्रतिनिवेशेन भग्नो विनाशितश्च, तस्मै गोपालकैः कथितं, स कण्टकेभ्यो गतः, तांस्त्यक्त्वा परशुहस्तो गतो रोषेण धमधमायमानः, कुमारैर्दृष्टः आगच्छन् तं दृष्ट्वा पलायिताः, सोऽपि कुठारहस्तः प्रधाव्य गर्ते आपत्य पतितः, स कुठारः अभिमुखः स्थितः, तत्र तस्य शिरो द्विभागीकृतं, तत्र मृतस्तस्मिन्नेव वनखण्डे दृष्टिविषः सर्पो जातः, तेन

[૭૬]रोसेण लोभेण य तं रक्खइ वणसंडं, तओ ते तावसा सव्वे दड्ढा, जे अदड्ढगा ते नट्ठा, सो तिसंझं वणसंडं परियंचिऊणं जं सउणगमवि पासइ तं डहइ, ताहे सामी तेण दिट्ठो, ततो आसुरुत्तो, ममं न याणसि ?, सूरं णिज्झाइत्ता पच्छा सामिं पलोएइ, सो न डज्झइ जहा अण्णे, एवं दो तिण्णि वारा, ताहे गंतूण डसइ, डसित्ता अवक्कमइ–मा मे उवरिं पडिहिति, तहवि न मरइ, एवं तिण्णि वारे, ताहे पलोएंतो अच्छति अमरिसेणं, तस्स भगवओ रूवं पेच्छंतस्स ताणि विसभरियाणि अच्छीणि विज्झाइयाणि सामिणो कंतिसोम्मयाए, ताहे सामिणा भणिअं-उवसम भो चंडकोसिया !, ताहे तस्स ईहापोहमग्गणगवेसणं करेंतस्स जातीसरणं समुप्पण्णं, ताहे तिक्खुत्तो आयाहिणपयाहिणं करेत्ता भत्तं पच्चक्खाइ मणसा, तित्थगरो जाणइ, ताहे सो बिले तुंडं छोढु ठिओ, माऽहं रुट्ठो संतो लोगं मारेहं, सामी तस्स अणुकंपाए अच्छइ, सामिं दट्ठूण गोवालवच्छवाला अल्लियंति, रुक्खेहिं

---

જે બચી ગયા તે ભાગી ગયા. તે નિત્ય ત્રિસંધ્યા (સવાર–બપોર–સાંજ) વનખંડમાં ફરતો અને પક્ષી જેવાને પણ જોતો તો તેને પણ બાળી નાખતો. તેવામાં તેની નજર સ્વામી ઉપર પડી.તે ગુસ્સે ભરાયો – "અરે ! શું આ મને જાણતો નથી ?" તેણે સૂર્ય સામે જોઈ પછી સ્વામી તરફ જોયું. પરંતુ જેમ અન્ય લોકો બળતા તેમ આ પ્રભુ બળ્યા નહિ.

તેથી બીજીવાર – ત્રીજીવાર પણ એ જ પ્રમાણે તેણે કર્યું પણ બળ્યા નહિ. તેથી સ્વામી પાસે જઈ ડંખ માર્યો. ડંખ મારીને તે પાછો ફર્યો – "ક્યાંય મારી ઉપર ન પડે." તો પણ સ્વામી મરતા નથી. આ પ્રમાણે પણ ત્રણવાર કર્યું ત્યારે ગુસ્સેથી સ્વામીને જોતો ઊભો રહ્યો. સ્વામીના રૂપને જોતા તે સર્પની વિષ ભરેલી આંખો સ્વામીની સૌમ્યકાંતિથી શાંત થઈ. ત્યારે સ્વામીએ કહ્યું, "હે ચંડકૌશિક ! શાંત થા." આ વચનો સાંભળી ઈહ–અપોહ–માર્ગણ–ગવેષણ (જુદી–જુદી વિચારણાને) કરતા તેને જાતિસ્મરણ થયું અને ત્રણવાર ભગવાનને જમણી બાજુથી પ્રદક્ષિણા આપીને મનથી ભોજનનું પચ્ચક્ખાણ કરે છે જે સ્વામી તો જાણે જ છે.

"ગુસ્સે થતાં હું કોઈને મારું નહિ" એવા વિચારથી બિલમાં મુખ રાખી તે રહે છે. સ્વામી તેની અનુકંપાથી ત્યાં રહે છે. સ્વામીને ત્યાં (જીવતા) જોઈ ગોવાળિયાના છોકરાઓ ત્યાં આવે

---

७६. रोषेण लोभेन च तं रक्षति वनखण्डं, ततस्ते तापसाः सर्वे दग्धाः, ये अदग्धास्ते नष्टाः, स त्रिसन्ध्यं वनखण्डं परीत्य यं कञ्चन शकुनमपि पश्यति तं दहति, तदा स्वामी तेन दृष्टः, ततः क्रुद्धः, मां न जानासि ?, सूर्यं निध्याय पश्चात्स्वामिनं प्रलोकयति, स न दह्यते यथाऽन्ये, एवं द्वौ त्रीन् वारान्, तदा गत्वा दशति, दृष्ट्वाऽपक्रामति-मा ममोपरि पतत् इति तथापि न म्रियते, एवं त्रीन् वारान्, तदा प्रलोकमानस्तिष्ठति अमर्षेण, तस्य भगवतो रूपं प्रेक्षमाणस्य ते विषभृते अक्षिणी विध्याते स्वामिनः कान्तिसौम्येन, तदा स्वामिना भणितम्–उपशाम्य भोः चण्डकौशिक !, तदा तस्य ईहापोहमार्गणगवेषणां कुर्वतः जातिस्मरणं समुत्पन्नं, तदा त्रिकृत्वः आदक्षिणप्रदक्षिणं कृत्वा भक्तं प्रत्याख्याति मनसा, तीर्थकरो जानाति, तदा स बिले तुण्डं स्थापयित्वा स्थितः, माऽहं रुष्टः सन् लोकं मीमरम्, स्वामी तस्यानुकम्पया तिष्ठति, स्वामिनं दृष्ट्वा गोपालवत्सपाला आगच्छन्ति, वृक्षै

[૭૭]आवरेत्ता अप्पाणं तस्स सप्पस्स पाहाणे खिवंति, न चलतित्ति अल्लीणो कट्ठेहिं घट्टिओ, तहवि न फंदतित्ति तेहिं लोगस्स सिट्ठं, तो लोगो आगंतूण सामिं वंदित्ता तंपि य सप्पं महेइ, अण्णाओ य घयविक्किणियाओ तं सप्पं मक्खेंति, फरुसिंति, सो पिवीलियाहिं गहिओ, तं वेयणं अहियासेत्ता अद्धमासस्स मओ सहस्सारे उववण्णो । अमुमेवार्थमुपसंहरन्नाह–

**उत्तरवाचालंतरवणसंडे चंडकोसिओ सप्पो ।**
**न डहे चिंता सरणं जोइस कोवा ऽहि जाओऽहं ॥४६७॥**

गमनिका–उत्तरवाचालान्तरवनखण्डे चण्डकौशिकः सर्पः न ददाह चिन्ता स्मरणं ज्योतिष्कः क्रोधाद् अहिर्जातोऽहमिति, अक्षरगमनिका स्वबुद्ध्या कार्येति ॥४६७॥

अनुक्तार्थं प्रतिपादयन्नाह–

**उत्तरवायाला नागसेण खीरेण भोयणं दिव्वा ।**
**सेयवियाय पएसी पंचरहे निज्जरायाणो ॥४६८॥**

गमनिका– उत्तरवाचाला नागसेनः क्षीरेण भोजनं दिव्यानि श्वेतम्ब्यां प्रदेशी पञ्चरथैः नैयका

---

છે અને પોતાની જાતને વૃક્ષોની પાછળ સંતાડી તે સર્પ ઉપર પથરા ફેંકે છે. છતાં તે ચાલતો નથી તેથી બાળકો લાકડાંથી તેને હલાવે છે. છતાં તે હલતો નથી તેથી બાળકો લોકોને જઈને કહે છે કે ("સાપ હવે કશુ કરતો નથી.") તેથી લોક ત્યાં આવે છે. સ્વામીને વંદન કરી તે સર્પની પૂજા કરે છે. ઘીને વેચનારા અન્યવેપારી વગેરે સાપને ઘી ચોપડે છે – સ્પર્શે છે. તેથી ઘીને કારણે કીડીઓ સાપને ઘેરી વળે છે. કીડીઓદ્વારા થતી વેદનાને સહન કરીને પંદર દિવસ પછી મરીને (૮માં) સહસ્રારદેવલોકમાં દેવ થાય છે.

અવતરણિકા : આ જ અર્થને ઉપસંહાર કરતા કહે છે ➪

ગાથાર્થ : ઉત્તરવાચાલ વચ્ચે રહેલા વનખંડમાં ચંડકૌશિક સાપ – (ભગવાનને) બાળી શકતો નથી તેથી ચિંતા – જાતિસ્મરણ (તે જાતિસ્મરણ કેવા પ્રકારનું થયું તે કહે છે) – પૂર્વે જ્યોતિષ્કદેવ થયો. – ત્યાર પછી હું ક્રોધથી સાપ થયો.

ટીકાર્થ : ટીકાર્થ ગાથાર્થ મુજબ છે. ॥૪૬૭॥

અવતરણિકા : નહિ કહેવાયેલ અર્થનું પ્રતિપાદન કરે છે ➪

ગાથાર્થ : ઉત્તરવાચાલા – નાગસેન – ક્ષીરવડે ભોજન – પાંચદિવ્યો – શ્વેતાંબીનગરી – પ્રદેશી – પાંચરથોવડે નિજક રાજાઓ (આવ્યા.)

ટીકાર્થ : ઉત્તરવાચાલાનામનો સન્નિવેશ, તેમાં નાગસેનનામની વ્યક્તિએ ક્ષીરભોજનવડે

---

૭૭. रावार्यात्मानं तस्य सर्पस्य ( उपरि ) पाषाणान् क्षिपन्ति, न चलतीति ईषल्लीनः काष्ठैर्घट्टितः, तथाऽपि न स्पन्दत इति तैर्लोकाय शिष्टं, ततो लोक आगत्य स्वामिनं वन्दित्वा तमपि च सर्पं महति, अन्याश्च घृतविक्रायिकास्तं सर्पं म्रक्षयन्ति स्पृशन्ति, स पिपीलिकाभिर्गृहीतः, तां वेदनामध्यास्य अर्धमासेन मृतः सहस्रारे उत्पन्नः ।

**राजानः–नैयका गोत्रतः, प्रदेशे निजा इत्यपरे । शेषो भावार्थः कथानकादवसेयः तच्चेदम्-**

**[७८] तओ सामी उत्तरवाचालं गओ, तत्थ पक्खक्खमणपारणते अतिगओ, तत्थ नागसेणेण गिहवइणा खीरभोयणेण पडिलाभिओ, पंच दिव्वाणि पाउब्भूयाणि, ततो सेयबियं गओ, तत्थ पदेसी राया समणोवासओ भगवओ महिमं करेइ, तओ भगवं सुरभिपुरं वच्चइ, तत्थंतराए णेज्जगा रायाणो पंचहिं रथेहिं एन्ति पएसिरण्णो पासे, तेहिं तत्थ सामी वंदिओ पूइओ य, ततो सामी सुरभिपुरं गओ, तत्थ गंगा उत्तरियव्वा, तत्थ सिद्धजत्तो नाम नाविओ, खेमल्लो नाम सउणजाणओ, तत्थ य णावाए लोगो विलग्गइ, कोसिएण महासउणेण वासियं, कोसिओ नाम उलूको, ततो खेमिलेण भणियं–जारिसं सउणेण भणियं तारिसं अम्हेहिं मारणंतियं पावियव्वं, किं पुण ? इमस्स**

(ખીરવડે) ભગવાનને પારણું કરાવ્યું. પારણાના પ્રભાવે તેના ઘરમાં પાંચદિવ્યો પ્રગટ થયા. ત્યાર પછી ભગવાન શ્વેતાંબીનગરીમાં ગયા. ત્યાં પ્રદેશીરાજા હતો. તેની પાસે પાંચ રથોવડે નિજક રાજાઓ = ગોત્રથી (પ્રદેશી રાજાને) સમાન ગોત્રવાળા રાજાઓ આવ્યા (જેઓએ પ્રભુનો મહિમા કર્યો.) કેટલાકો 'निज्ज' શબ્દનો અર્થ આ પ્રમાણે કરે છે કે - પ્રદેશીરાજાના પ્રદેશમાં પોતાના જે રાજાઓ હતા તે આવ્યા. ॥૪૬૮॥

શેષ ભાવાર્થ કથાનકથી જાણાવે છે –

ત્યાર પછી સ્વામી ઉત્તરવાચાલમાં ગયા. ત્યાં પ્રભુ પોતાના પંદર દિવસના ઉપવાસના પારણા માટે ગોચરી ગયા. નાગસેનનામના ગૃહપતિએ ક્ષીરભોજનથી પ્રભુનું પારણું કરાવ્યું. પાંચદિવ્યો પ્રગટ થયા. ત્યાર પછી પ્રભુ શ્વેતાંબીનગરીમાં આવ્યા. ત્યાં પ્રદેશીનામના શ્રમણોપાસક એવા રાજાએ ભગવાનનો મહિમા કર્યો. ત્યાર પછી સ્વામી સુરભિપુરમાં જાય છે. ત્યાં વચ્ચે નૈયકગોત્રવાળા રાજાઓ પાંચરથોવડે પ્રદેશી રાજાપાસે આવે છે. તેઓ ત્યાં ભગવાનને વાંદે છે અને પૂજે છે. ત્યાર પછી સ્વામી સુરભિપુરમાં જાય છે. વચ્ચે ગંગાનદી ઉતરવાની હોય છે.

તે ગંગાકિનારે સિદ્ધયાત્રનામનો નાવિક અને ક્ષેમિલનામનો શકુનનો જ્ઞાતા (નૈમિત્તિક) હોય છે. જે સમયે લોકો નાવડીમાં ચઢે છે તે સમયે મોટાપક્ષી એવા કૌશિકવડે અવાજ કરાયો. કૌશિક એટલે ઘુવડ. તેથી ક્ષેમિલનૈમિત્તિક કહે છે કે, "પક્ષીએ જેવા પ્રકારનો અવાજ કર્યો છે તે ઉપરથી લાગે છે કે આજે આપણને મારણાંતિક ઉપસર્ગ આવશે." "તો આપણું શું થશે ?" એમ લોકોએ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું, "આ મહર્ષિના પ્રભાવે આપણે બચી જઈશું." તે નાવડી

**૭૮. ततः स्वाम्युत्तरवाचालं गतः, तत्र पक्षक्षपणपारणकेऽतिगतः, तत्र नागसेनेन गृहपतिना क्षीरभोजनेन प्रतिलम्भितः, पञ्च दिव्यानि प्रादुर्भूतानि, ततः श्वेतम्बीं गतः, तत्र प्रदेशी राजा श्रमणोपासको भगवतो महिमानं करोति, ततो भगवान् सुरभिपुरं व्रजति, तत्रान्तरा नैयका राजानः पञ्चभी रथैरायान्ति प्रदेशिराज्ञः पार्श्वे, तैस्तत्र स्वामी वन्दितः पूजितश्च, ततः स्वामी सुरभिपुरं गतः, तत्र गङ्गा उत्तरीतव्या, तत्र सिद्धयात्रो नाम नाविकः, क्षेमिलो नाम शकुनज्ञाता, तत्र च नावि लोको विलगति, कौशिकेन महाशकुनेन वासितं, कौशिको नाम उलूकः, ततः क्षेमिलेन भणितं-यादृशं शकुनेन भणितं तादृशमस्मादृशैर्मारणान्तिकं प्राप्तव्यं, किं पुनः ! अस्य**

[७९] महरिसिस्स पभावेण मुच्चिहामो, सा य णावा पहाविया, सुदाढेण य णागकुमारराइणा दिट्ठो भयवं णावाए ठिओ, तस्स कोवो जाओ, सो य किर जो सो सीहो वासुदेवत्तणे मारिओ सो संसारं भमिऊण सुदाढो नागो जाओ, सो संवट्टगवायं विउव्वेत्ता णावं ओबोलेउं इच्छइ । इओ य कंबलसंबलाणं आसणं चलियं, का पुण कंबलसंबलाण उप्पत्ती ?– महुराए नगरीए जिणदासो वाणियओ सड्ढो, सोमदासी साविया, दोऽवि अभिगयाणि परिमाणकडाणि, तेहिं चउप्पयस्स पच्चक्खायं, ततो दिवसदेवसिअं गोरसं गिण्हंति, तत्थ य आभीरी गोरसं गहाय आगया, सा ताए सावियाए भण्णइ–मा तुमं अण्णत्थ भमाहि, जत्तिअं आणेसि तत्तिअं गेण्हामि, एवं तासिं संगयं जायं, इमावि गंधपुडियाइ देइ, इमावि कूइगादि दुद्धं दहियं वा देइ, एवं तासिं दढं सोहियं

ચાલતી થઈ. નાગકુમારના રાજા સુદંષ્ટ્રે નાવડીમાં બેઠેલા ભગવાનને જોયા. તેને ભગવાન ઉપર ગુસ્સો આવ્યો કારણ કે વાસુદેવના ભવમાં સ્વામીના જીવે જે સિંહને માર્યો હતો તે સંસાર ભમીને સુદંષ્ટ્રનામે નાગકુમાર થયો હતો. તે સંવર્તકવાયુને (વંટોળિયાને) વિકુર્વી નાવડીને ડૂબાડવા ઈચ્છતો હતો. ત્યા કંબલ–શંબલદેવોનું આસન કંપ્યું.

## ★ કંબલ – શંબલની ઉત્પત્તિ ★

મથુરાનગરીમાં જિનદાસનામનો વેપારી શ્રાવક હતો. તેને સોમદાસીનામે શ્રાવિકા હતી. બંને જણા તત્ત્વને જાણનારા હતા અને પરિગ્રહ પરિમાણ લીધું હતું. તેઓએ ચતુષ્પદનું પચ્ચક્ખાણ કર્યું હતું. (અર્થાત્ ગાય વિ. પશુ ન રાખવાનો નિયમ લીધો હતો.) તેથી રોજે રોજનું ગોરસ (દૂધ, દહીં વિ.) તેઓ (બહારથી) ખરીદે છે. એક ભરવાડણ ગોરસ લઈને ત્યાં આવી. તે શ્રાવિકાએ તે ભરવાડણને કહ્યું, "તારે બીજે ભમવાની જરૂર નથી. તું જેટલું ગોરસ લાવીશ તેટલું હું લઈ લઈશ." આ રીતે શ્રાવિકાનો ભરવાડણ સાથે સંબંધ થયો.

આ શ્રાવિકા ભરવાડણને ગંધપુટિકાદિ આપતી અને ભરવાડણ કૂચિકાદિ (દૂધની ઉપર એક પ્રવાહી જેવી વસ્તુને કૂચિક કહેવાય છે, જેમાં જીરું વગેરે નાંખીને સંસ્કૃત કરવાથી અત્યંત સ્વાદિષ્ટ બને છે.) દૂધ અથવા દહીં આપતી, આ પ્રમાણે બંને વચ્ચે દૃઢમિત્રતા થઈ. એકવાર

७९. महर्षेः प्रभावेण मोक्ष्यामहे, सा च नौः प्रधाविता, सुदंष्ट्रेण च नागकुमारराजेन दृष्टो भगवान् नावि स्थितः, तस्य कोपो जातः, स च किल यः स सिंहः वासुदेवत्वे मारितः स संसारं भ्रान्त्वा सुदंष्ट्रो नागो जातः, स संवर्त्तकवातं विकुर्व्य नावमुद्रयितुं इच्छति । इतश्च कम्बलशम्बलयोरासनं चलितं, का पुनः कम्बलशम्बलयोरुत्पत्तिः ?-मथुरायां नगर्यां जिनदासो वणिग् श्राद्धः, सोमदासी श्राविका, द्वे अपि अभिगतौ (जीवादिज्ञातारौ) कृतपरिमाणौ, ताभ्यां चतुष्पदं प्रत्याख्यातं, ततो दिवसदैवसिकं गोरसं गृह्णीतः, तत्र चाभीरी गोरसं गृहीत्वा आगता, सा तया श्राविकया भण्यते–मा त्वमन्यत्र भ्रमीः यावदानयसि तावद्गृह्णामि, एवं तयोः संगतं जातं, इयमपि गन्धपुटिकादि ददाति, इयमपि कूचिकादि दुग्धं दधि वा ददाति, एवं तयोर्दृढं सौहृदं

[८०]जायं । अण्णया तासिं गोवाणं विवाहो जाओ, ताहे ताणि निमंतेंति, ताणि भणन्ति–अम्हे वाउलाणि ण तरामो गंतुं, जं तत्थ उवउज्जति भोयणे कडुगभंडादी वत्थाणि आभरणाणि धूवपुप्फगंधमल्लादि वधूवरस्स तं तेहिं दिण्णं, तेहिं अतीव सोभावियं, ( ग्रं. ५००० ) लोगेण य सलाहियाणि, तेहिं तुट्ठेहिं दो तिवरिसा गोणपोतलया हट्ठसरीरा उवट्ठिया कंबलसंबलत्ति नामेणं, ताणि नेच्छंति, बला बंधिउं गयाणि, ताहे तेण सावएण चिंतियं–जइ मुच्चिहिंति ताहे लोगो वाहेहित्ति, ता एत्थ चेव अच्छंतु, फासुगचारी किणिऊणं दिज्जइ, एवं पोसिज्जंति, सोऽवि सावओ अट्ठमीचउद्दसीसु उववासं करेइ पोत्थयं च वाएइ, तेऽवि तं सोऊण भद्दया जाया सण्णिणो य, जद्दिवसं सावगो न जेमेइ तद्दिवसं तेऽवि न जेमंति, तस्स सावगस्स भावो जाओ–

---

તે ગોવાળિયાઓમાં વિવાહમહોત્સવ આવ્યો. તેથી જિનદાસ અને સોમદાસીને તેઓ નિમંત્રણ આપે છે. તેઓએ કહ્યું કે, "અમે અન્યકાર્યમાં વ્યાકુલ છીએ તેથી આવી શકીએ એમ નથી." પરંતુ વિવાહમહોત્સવમાં જરૂરી એવી સર્વસામગ્રી જેમ કે ભોજન માટે કડાઈ, વાસણો, વર–વહુ માટે વસ્ત્રો, આભરણો, ધૂપ, દીપ, સુગંધી દ્રવ્યો વગેરે સર્વવસ્તુ તેઓએ આપી. તેને કારણે મહોત્સવ અત્યંત શોભી ઉઠ્યો. લોકોએ ભરવાડ–ભરવાડણની પ્રશંસા કરી. ખુશ થયેલા તેઓએ ત્રણવર્ષની ઉંમરના, હૃષ્ટપુષ્ટ શરીરવાળા બે બળદો, જેમનું નામ કંબલ–શંબલ હતું, તે શ્રાવક–શ્રાવિકાને ભેટમાં આપ્યા. પરંતુ તે બંનેને ચતુષ્પદનું પ્રત્યાખ્યાન હોવાથી બે બળદોને રાખવા ઈચ્છતાં નથી, તેથી તેનો અસ્વીકાર કરે છે. છતાં ગોવાળિયાઓ બે બળદોને બળાત્કારે બાંધીને જતા રહ્યા. તેથી તે શ્રાવકે વિચાર્યું કે, "જો આ બંનેને છોડી મૂકશું, તો લોક એને વહન કરશે (અર્થાત્ ખેતરમાં ખેતી માટે જોડશે.) તેથી તે બંને જણા ભલે અહીં રહ્યા."

પ્રાસુક (અચિત્ત) એવો ઘાસચારો ખરીદીને બળદોને ખાવા આપે છે. આ પ્રમાણે તે બળદો તેમના ઘરે ઉછરે છે. તે શ્રાવક પણ દર આઠમ–ચૌદસે ઉપવાસ કરે છે અને પુસ્તક વાંચે છે. આ સાંભળીને તે બળદો પણ ભદ્રકપરિણામી અને સમકિતી થયા. જે દિવસે શ્રાવક જમતો નથી તે દિવસે તે બળદો પણ જમતા નથી. (આ જોઈને) તે શ્રાવકને થાય છે કે, "આ

---

८०. जातं । अन्यदा तेषां गोपानां विवाहो जातः, तदा तौ निमन्त्रयतः, तौ भणतः–आवां व्याकुलौ न शक्नुव आगन्तुं, यत्तत्रोपयुज्यते भोजने कटाहभाण्डादि वस्त्राण्याभरणानि धूपपुष्पगन्धमाल्यादि वधूवरयोः तत्तैर्दत्तं, तैरतीव शोभितं, लोकेन च श्लाघितौ, ताभ्यां तुष्टाभ्यां द्वौ त्रिवर्षौ गोपोतौ हृष्टशरीरौ उपस्थापितौ कम्बलशम्बलाविति नाम्ना, तौ नेच्छतः, बलाद्बद्ध्वा गतौ, तदा तेन श्रावकेण चिन्तितं-यदि मुच्येते तदा लोको वाहयिष्यति इति, तद् अत्रैव तिष्ठतां, प्रासुकचारिः क्रीत्वा दीयते, एवं पोष्येते, सोऽपि श्रावकोऽष्टमीचतुर्दश्योरुपवासं करोति पुस्तकं च वाचयति, तावपि तत् श्रुत्वा भद्रकौ जातौ संज्ञिनौ च, यद्दिवसे श्रावको न जेमति तद्दिवसे तावपि न जेमतः, तस्य श्रावकस्य भावो जातः–

[૮૧] जहा इमे भविया उवसंता, अब्भहिओ य नेहो जाओ, ते रूवस्सिणो, तस्स य सावगस्स मित्तो, तत्थ भंडीरमणजत्ता, तारिसा नत्थि अण्णस्स बइल्ला, ताहे तेण ते भंडीए जोएत्ता णीआ अणापुच्छाए, तत्थ अण्णेण अण्णेणवि समं धावं कारिया, ताहे ते छिन्ना, तेण ते आणेउं बद्धा, न चरंति न य पाणियं पिबंति, जाहे सव्वहा नेच्छंति ताहे सो सावओ तेसिं भत्तं पच्चक्खाइ, नमुक्कारं च देइ, ते कालगया णागकुमारेसु उववण्णा, ओहं पउंजंति, जाव पेच्छंति तित्थगरस्स उवसग्गं कीरमाणं, ताहे तेहिं चिंतियं-अलाहि ता अण्णेणं, सामिं मोएमो, आगया, एगेण णावा गहिया, एगो सुदाढेण समं जुज्झइ, सो महिड्ढिगो, तस्स पुण चवणकालो, इमे य अहुणोववण्णया, सो तेहिं पराइओ, ताहे ते नागकुमारा तित्थगरस्स महिमं करेंति सत्तं रूवं च गायंति, एवं लोगोऽवि,

---

ભવ્યજીવો ઉપશાંત થયા છે" તેથી વધુ સ્નેહ ઉત્પન્ન થાય છે. આ બંને બળદો રૂપાળા હતા. આ શ્રાવકને એક મિત્ર હતો. એકવાર તે ગામમાં ગાડાઓની દોડની હરીફાઈ (**भंडीरमणजत्तो** =[III]ભંડીરમણનામના યક્ષનો મહોત્સવ. તેમાં ગાડાઓની સ્પર્ધા) હતી. આ બે બળદ જેવા બળદ બીજા કોઈની પાસે નહોતા. તેથી તે મિત્ર શ્રાવકને પૂછ્યા વિના જ આ બંને બળદોને ગાડામાં જોડી લઈ ગયો. બીજા – બીજા ગાડાઓ સાથે દોડાવ્યા. તેથી આ બળદો ભંગાયા (અર્થાત્ હાડકાદિ છેદાયા). તે મિત્રે બળદોને પાછા લાવી બાંધી દીધા. હવે તે બળદો ખાતાં નથી કે પાણી પીતાં નથી. જ્યારે સર્વથા ઘાસ–ચારો વગેરે ઈચ્છતા નથી, ત્યારે તે શ્રાવક તેઓને ભોજનનું પચ્ચક્ખાણ (અનશન) કરાવે છે અને નમસ્કાર મહામંત્ર આપે છે.

આ રીતે બળદો કાળ કરી નાગકુમારમાં ઉત્પન્ન થયા. ત્યાં અવધિનો ઉપયોગ મૂકે છે. તેમાં જુએ છે કે તીર્થંકરને ઉપસર્ગ કરાઈ રહ્યો છે. તેથી તે બંને વિચારે છે કે "બીજા બધા કામ બાજુ પર મૂકો, પ્રથમ સ્વામીને છોડાવીએ, તેથી ત્યાં આવ્યા. એકે નાવડીને સંભાળી અને બીજો સુદંષ્ટ્ર સાથે યુદ્ધ કરે છે. તેમાં બને છે એવું કે તે સમયે જ સુદંષ્ટ્રદેવનો ચ્યવનકાળ વર્તે છે, તેથી પોતે મહર્દ્ધિક (મોટોદેવ – વધુ બળવાળો) હોવા છતાં આ બંને દેવોથી પરાજિત થયો. ત્યાર પછી તે નાગકુમારના દેવો ભગવાનનો મહોત્સવ કરે છે તથા સત્ત્વ અને રૂપની સ્તુતિ કરે છે. એ પ્રમાણે લોકો પણ સ્તવના કરે છે. ત્યાર પછી સ્વામી નાવડીમાંથી ઉતરે છે. ત્યાં

---

૮૧. यथेमौ भव्यावुपशान्तौ, अभ्यधिकश्च स्नेहो जातः, तौ रूपवन्तौ, तस्य च श्रावकस्य मित्रं, तत्र भण्डीरमणयात्रा, तादृशौ न स्तोऽन्यस्य बलीवर्दौ, तदा तेन भण्ड्यां योजयित्वा नीतौ अनापृच्छया, तत्रान्येनान्येनापि समं धावनं कारितौ, तदा तौ छिन्नौ, तेन तावानीय बद्धौ, न चरतो न च पानीयं पिबतः, यदा सर्वथा नेच्छतस्तदा स श्रावकस्तौ भक्तं प्रत्याख्यापयति, नमस्कारं च ददाति, तौ कालगतौ नागकुमारेषूत्पन्नौ, अवधिं प्रयुञ्जाते यावत्पश्यतः तीर्थकरस्योपसर्गं क्रियमाणं, तदा ताभ्यां चिन्तितम्–अलं तावदन्येन, स्वामिनं मोचयावः, आगतौ, एकेन नौर्गृहीता, एकः सुदंष्ट्रेन समं युध्यते, स महर्द्धिकः, तस्य पुनश्च्यवनकालः, इमौ चाधुनोत्पन्नौ, स ताभ्यां पराजितः, तदा तौ नागकुमारौ तीर्थकरस्य महिमानं कुरुतः, सत्त्वं रूपं च गायतः, एवं लोकोऽपि,

[८२]ततो सामी उत्तिण्णो, तत्थ देवेहिं सुरहिगंधोदयवासं पुप्फवासं च वुट्ठं, तेऽवि पडिगया।

अमुमेवार्थमुपसंहरन्नाह–

**सुरहिपुर सिद्धजत्तो गंगा कोसिअ विऊ य खेमिलओ ।**
**नाग सुदाढे सीहे कंबलसबला य जिणमहिमा ॥४६९॥**
**महुराए जिणदासो आहीर विवाह गोण उववासे ।**
**भंडीर मित्त अवच्चे भत्ते णागोहि आगमणं ॥४७०॥**
**वीरवरस्स भगवओ नावारूढस्स कासि उवसग्गं ।**
**मिच्छादिट्ठि परद्धं कंबलसबला समुत्तारे ॥४७१॥**

पदानि–सुरभिपुरं सिद्धयात्रः गङ्गा कौशिकः विद्वांश्च खेमिलकः नागः सुदंष्ट्रः सिंहः कम्बलसबलौ च जिनमहिमा, मथुरायां जिनदासः आभीरविवाहः गोः उपवासः भण्डीरः मित्रं अपत्ये भक्तं नागौ अवधिः आगमनं वीरवरस्य भगवतः नावमारूढस्य कृतवान् उपसर्गं मिथ्यादृष्टिः 'परद्धं' विक्षिप्तं भगवन्तं कम्बलसबलौ समुत्तारितवन्तौ । अक्षरगमनिका स्वबुद्ध्या कार्या । [८३]ततो भगवं दगतीराए इरियावहियं पडिक्कमइ, पत्थिओ ततो, णदीपुलिणे भगवओ पादेसु लक्खणाणि दीसंति महुसित्थचिक्खल्ले, तत्थ पूसो नाम सामुद्दिओ, सो ताणि पासिऊण चिंतेइ–एस चक्कवट्टी

દેવો સુરભિગંધવાળા પાણી અને પુષ્પોની વૃષ્ટિ કરે છે. ત્યાર પછી દેવો સ્વસ્થાને જાય છે.

અવતરણિકા : આ જ અર્થનો ઉપસંહાર કરે છે ➪

ગાથાર્થ : સુરભિપુર – સિદ્ધયાત્રનામનો નાવિક – ગંગા – ઘુવડ – ક્ષેમિલનામનો જાણકાર – સુદંષ્ટ્રનાગકુમાર – સિંહ – કંબલ, શંબલ – જિનમહિમા.

ગાથાર્થ : મથુરામાં જિનદાસશ્રાવક – આભીરવિવાહ – બળદ – ઉપવાસ – ગાડાઓ – મિત્ર – દોડ(બળદો સ્પર્ધામાં દોડાવ્યા) – ભક્ત (અનશન) – નાગકુમારદેવો – અવધિ – આગમન.

ગાથાર્થ : નાવડીમાં આરુઢ, વીરોમાં ઉત્કૃષ્ટ એવા ભગવાનને મિથ્યાદૃષ્ટિદેવે ઉપસર્ગ કર્યો. ઉપસર્ગિત એવા ભગવાનને કંબલ-શંબલ દેવોએ ઉતાર્યા.

ટીકાર્થ : ટીકાર્થ ગાથાર્થ મુજબ છે. ॥૪૬૯–૪૭૧॥

ત્યાર પછી ભગવાન નદીને કિનારે ઇરિયાવહી પડિક્કમીને પ્રયાણ કર્યું. નદી કિનારે મધુસિક્થકાદવમાં (પગનું તળીયું ડૂબે એટલા કાદવમાં) પ્રભુના પગમાં રહેલા લક્ષણોની છાપ ઉપસી આવે છે. તે ગામમાં પુષ્યનામનો સામુદ્રિક હતો. તે આ લક્ષણોને જોઈ વિચારે છે કે, "અહીંથી કોઈ ચક્રવર્તી એકલો ગયો લાગે છે. તો આ નિશાનીદ્વારા તેની પાછળ હું જાઉં અને

८२. ततः स्वाम्युत्तीर्णः, तत्र देवैः सुरभिगन्धोदकवर्षा पुष्पवर्षा च वृष्टा, तावपि प्रतिगतौ । ८३. ततो भगवान् दकतीरे ईर्यापथिकीं प्रतिक्राम्यति, प्रस्थितस्ततः, नदीपुलिने भगवतः पादयोर्लक्षणानि दृश्यन्ते मधुसिक्थकर्दमे, तत्र पुष्य नाम सामुद्रिकः, स तानि दृष्ट्वा चिन्तयति-एष चक्रवर्ती

[८४] गतो एगागी, वच्चामि णं वागरेमि, तो मम एत्तो भोगा भविस्संति, सेवामि णं कुमारत्तणे, सामीऽवि थूणागस्स सण्णिवेसस्स बाहिं पडिमं ठिओ, तत्थ सो सामिं पिच्छिऊण चिंतेइ-अहो मए पलालं अहिज्जिअं, एएहिं लक्खणेहिं जुत्तं, एएण समणेण न होउं । इओ य सक्को देवराया ओहिणा पलोएइ–कहिं अज्ज सामी ?, ताहे सामिं पेच्छइ, तं च पूसं, आगओ सामिं वन्दित्ता भणति–भो पूस ! तुमं लक्खणं न याणसि, एसो अपरिमिअलक्खणो, ताहे वण्णेइ लक्खणं अब्भितरगं–गोखीरगोरं रुहिरं पसत्थं, सत्थं न होइ अलिअं, एस धम्मवरचाउरंतचक्कवट्टी देविंदनरिंदपूइओ भवियजणकुमुयाणंदकारओ भविस्सइ, ततो सामी रायगिहं गओ, तत्थ णालंदाए बाहिरियाए तंतुवागसालाए एगदेसंमि अहापडिरूवं उग्गहं अणुण्णवेत्ता पढमं मासक्खमणं

---

તેને ઓળખી કાઢું, જેથી આ વ્યક્તિથી મને ભોગો પ્રાપ્ત થશે. તથા કુમારપણામાં હું તેની સેવા કરું (અર્થાત્ તે કુમાર હોવાથી તેને રાજ્યાદિ મળશે એટલે મને પણ સારું ઈનામ મળશે એટલે હું સેવા કરું)."

સ્વામી પણ સ્થૂણાક સન્નિવેશની બહાર પ્રતિમામાં રહ્યા. ત્યાં તે સામુદ્રિક સ્વામીને જોઈ વિચારે છે કે, "અહો ! મેં ઘાસ જેવું નકામું શાસ્ત્ર ભણ્યું, આવા લક્ષણોથી યુક્ત એ શ્રમણ હોઈ શકે નહિ (અર્થાત્ તે ચક્રવર્તી હોય, આ તો નિર્ધન છે.) આ બાજુ ઇન્દ્ર અવધિનો ઉપયોગ મૂકે છે કે, "આજે સ્વામી ક્યાં છે ?" તે અવધિમાં ઇન્દ્ર ભગવાનને જુએ છે અને સાથે પુષ્ય સામુદ્રિકને પણ જુએ છે. ઇન્દ્ર ત્યાં આવી સ્વામીને વાંદી કહે છે, "હે પુષ્ય ! તું લક્ષણ જાણતો નથી. આ ભગવાન અપરિમિત લક્ષણોવાળા છે." તે વખતે ઇન્દ્ર ભગવાનના આંતરિક લક્ષણોનું વર્ણન કરતા કહે છે, "ગાયના દૂધ જેવું સફેદ, પ્રશસ્ત રૂધિર ભગવાનનું હોય છે વગેરે."

શાસ્ત્ર ક્યારેય ખોટા હોતા નથી. આ ભગવાન ધર્મવરચાઉરંત ચક્રવર્તી તથા દેવેન્દ્રો અને ચક્રવર્તીથી પૂજિત અને ભવ્યજનરૂપ કુમુદમાટે આનંદ કરનારા થશે." (આમ પુષ્યને પોતાનો અભ્યાસ ખોટો ન લાગે તે માટે ઇન્દ્રે સારી રીતે તેને સમજાવ્યો અને પોતે લક્ષણો ઉપરથી "ચક્રવર્તી હશે" એવું જે વિચાર્યું હતું તે પણ સત્ય છે એમ ઇન્દ્રે કહ્યું.) ત્યાર પછી ભગવાન રાજગૃહી ગયા. ત્યાં બહાર રહેલ નાલંદાનામના નગરમાં વણકરની શાળાના એક ભાગમાં જરૂરી – અનુકૂળ એવા અવગ્રહની અનુજ્ઞા લઈ પ્રથમ માસક્ષપણ સ્વીકારી રહે છે. તે સમયે

---

८४. गत एकाकी, व्रजामि तं व्याकरोमि, ततः ममास्माद्भोगा भविष्यन्ति, सेवे तं कुमारत्वे, स्वाम्यपि स्थूणाकस्य सन्निवेशस्य बहिर्भागे प्रतिमां स्थितः, तत्र स स्वामिनं प्रेक्ष्य चिन्तयति–अहो मया पलालमधीतं, एतैर्लक्षणैर्युक्तः, एतेन श्रमणेन न भाव्यं । इतश्च शक्रो देवराजोऽवधिना प्रलोकयति–क्वाद्य स्वामी ?, तदा स्वामिनं प्रेक्षते तं च पुष्यं, आगतः स्वामिनं वन्दित्वा भणति–भोः पुष्य ! त्वं लक्षणं न जानासि, एषोऽपरिमितलक्षणः, तदा वर्णयति लक्षणमभ्यन्तरं–गोक्षीरगौरं रुधिरं प्रशस्तं, शास्त्रं न भवति अलीकं, एष धर्मवरचातुरन्तचक्रवर्ती देवेन्द्रनरेन्द्रपूजितः भव्यजनकुमुदानन्दकारकः भविष्यति, ततः स्वामी राजगृहं गतः, तत्र नालन्दाख्यशाखापुरे तन्तुवायशालायां एकदेशे यथाप्रतिरूपमवग्रहमनुज्ञाप्य प्रथमं मासक्षपणं

[૮૫]उवसंपज्जित्ता णं विहरइ । तेणं कालेणं तेणं समएणं मंखली नाम मंखो, तस्स भद्दा भारिया गुव्विणी सरवणे नाम सण्णिवेसे गोबहुलस्स माहणस्स गोसालाए पसूआ, गोण्णं नामं कयं गोसालोत्ति, संवड्ढिओ, मंखसिप्पं अहिज्जिओ, चित्तफलयं करेइ, एक्कल्लओ विहरंतओ रायगिहे तंतुवायसालाए ठिओ, जत्थ सामी ठिओ, तत्थ वासावासं उवागओ । भगवं मासखमणपारणए अब्भिंतरियाए विजयस्स घरे विउलाए भोयणविहीए पडिलाभिओ, पंचदिव्वाणि पाउब्भूयाणि, गोसालो सुणेत्ता आगओ, पंच दिव्वाणि पासिऊण भणति–भगवं ! तुज्झं अहं सीसोत्ति, सामी तुसिणीओ निग्गओ, बितिअमासखमणं ठिओ, बितिए आणंदस्स घरे खज्जगविहीए ततिए सुणंदस्स घरे सव्वकामगुणिएणं, ततो चउत्थं मासखमणं उवसंपज्जित्ता णं विहरइ ।

---

મંખલી નામનો એક મંખ (જુદા જુદા પ્રકારના ચિત્રપટો દર્શાવવાદ્વારા પોતાની આજીવિકા જે મેળવે તે મંખ કહેવાય) ત્યાં રહેતો હતો.

તેની ભદ્રાનામની ગર્ભવતી પત્નીએ સરવણનામના સન્નિવેશમાં ગાયથી બહુલ (ઘણી ગાયોવાળા) બ્રાહ્મણની ગૌશાળામાં પુત્રને જન્મ આપ્યો. ગૌશાળામાં ઉત્પન્ન થયેલ હોવાથી તે પુત્રનું 'ગોશાળો' એ પ્રમાણે ગૌણ (ગુણથી યુક્ત) નામ પાડવામાં આવ્યું. તે મોટો થયો અને મંખની કળાને શીખ્યો. ચિત્રફલકોને તૈયાર કરે છે. (અર્થાત્ જાત–જાતના ચિત્રોવાળા પાટિયાં તૈયાર કરે છે.) એકલો વિચરતો – વિચરતો તે રાજગૃહીની વણકરની શાળામાં રહ્યો. જ્યાં સ્વામી રહેલા હતા. તે સમયે ચોમાસુ બેઠું. ભગવાને માસક્ષપણને પારણે ગામની અંદર રહેલા વિજયનામના ગૃહસ્થના ઘરે વિપુલ એવા ભોજનના પ્રકારોવડે (જુદા જુદા ભોજનોવડે) પારણું કર્યું. પાંચદિવ્યો પ્રગટ થયા.

આ સાંભળી ગોશાળો ત્યાં આવ્યો. પાંચદિવ્યોને જોઈ કહે છે કે, "ભગવન્ ! હું તમારો શિષ્ય થાઉં છું." ભગવાન મૌન રહીને નીકળી ગયા અને બીજું માસક્ષપણ શરૂ કર્યું. બીજા માસક્ષપણનું પારણું ભગવાને આનંદના ઘરે જુદા જુદા ખાદ્ય પદાર્થોવડે, ત્રીજા માસક્ષપણનું પારણું સુનંદના ઘરે સર્વકામગુણિત ભોજનવડે (કામ=રસ, તેથી સર્વપ્રકારના રસોથી યુક્ત એવા ભોજનવડે) કર્યું. ત્યાર પછી ચોથુ માસક્ષપણ સ્વીકારીને ભગવાન વિચરે છે.

---

૮૫. उपसंपद्य विहरति । तस्मिन् काले तस्मिन् समये मङ्खलिर्नाम मङ्खः, तस्य भद्रा भार्या गुर्विणी शरवणे नाम सन्निवेशे गोबहुलस्य ब्राह्मणस्य गोशालायां प्रसूता, गौणं नाम कृतं गोशाल इति, संवर्धितः, मङ्खशिल्पमध्यापितः, चित्रफलकं करोति, एकाकी विहरन् राजगृहे तन्तुवायशालायां स्थितः, यत्र स्वामी स्थितः, तत्र वर्षावासमुपागतः भगवान् मासक्षपणपारणके अभ्यन्तरिकायां विजयस्य गृहे विपुलेन भोजनविधिना प्रतिलम्भितः, पञ्च दिव्यानि प्रादुर्भूतानि, गोशालः श्रुत्वाऽऽगतः, पञ्च दिव्यानि दृष्ट्वा भणति–भगवन् ! तवाहं शिष्य इति, स्वामी तूष्णीको निर्गतः, द्वितीयमासक्षपणं स्थितः, द्वितीयस्मिन् आनन्दस्य गृहे खाद्यकविधिना तृतीये सुनन्दस्य गृहे सर्वकामगुणितेन, ततश्चतुर्थं मासक्षपणमुपसंपद्य विहरति ।

अभिहितार्थोपसंग्रहायेदमाह—

थूणाएँ बहिं पूसो लक्खणमब्भंतरं च देविंदो ।
रायगिहि तंतुसाला मासक्खमणं च गोसालो ॥४७२॥
मंखलि मंख सुभद्दा सरवण गोबहुलमेव गोसालो ।
विजयाणंदसुणंदे भोअण खज्जे अ कामगुणे ॥४७३॥

पदानि—स्थूणायां बहिः पुष्यो लक्षणमभ्यन्तरं च देवेन्द्रः राजगृहे तन्तुवायकशाला मासक्षपणं च गोशालः मङ्खली मङ्खः सुभद्रा शरवणं गोबहुल एव गोशालो विजय आनन्दः सुनन्द भोजनं खाद्यानि च कामगुणं । शरवणं-गोशालोत्पत्तिस्थानं । शेषाऽक्षरगमनिका स्वधिया कार्या । [८६]गोसालो कत्तियदिवसपुण्णिमाए पुच्छइ—किमहं अज्ज भत्तं लभिस्सामि ?, सिद्धत्थेण भणियं—कोद्दवकूरं अंबिलेण कूडरूवगं च दक्खिणं, सो णयरिं सव्वादरेण पहिंडिओ, जहा भंडीसुणए, न कहिंचिवि संभाइयं, ताहे अवरण्हे एक्केणं कम्मकरेण अंबिलेण कूरो दिण्णो, ताहे जिमिओ, एगो रूवगो दिण्णो, रूवगो परिक्खाविओ जाव कूडओ, ताहे भणति—जेण जहा भवियव्वं

અવતરણિકા : ઉપરોક્તાર્થનો ઉપસંહાર કરતા કહે છે ⇨

ગાથાર્થ : સ્થૂણાનગરીની બહાર – પુષ્ય – લક્ષણ – દેવેન્દ્રે અભ્યંતર લક્ષણ(કહ્યું) – રાજગૃહી – તંતુશાળા – માસક્ષપણ – ગોશાળો.

ગાથાર્થ : મંખલી – મંખ – સુભદ્રા – સરવણ – ગોબહુલ – ગોશાળો – વિજય – આનંદ – સુનંદ – ભોજન – ખાદ્ય – રસયુક્ત.

ટીકાર્થ : સ્થૂણાનગરીની બહાર ભગવાન પ્રતિમામાં રહ્યા, પુષ્ય સામુદ્રિકે લક્ષણો જોયા, દેવેન્દ્રે અભ્યંતર લક્ષણો કહ્યા. ત્યાર પછી ભગવાન રાજગૃહી પધાર્યા..... વગેરે ટીકાર્થ ગાથાર્થ મુજબ છે. ॥૪૭૨–૪૭૩॥

ગોશાળો કાર્તિકપૂર્ણિમાએ પૂછે છે કે, "શું હું આજે (ભોજન) પામીશ કે નહિ ?" ત્યારે સિદ્ધાર્થે ભગવાનના શરીરમાં પેસી જવાબ આપ્યો કે "ઓસામણ સાથે કોદ્રવભાત અને દક્ષિણામાં ખોટો રૂપિયો તમને મળશે." તે ગોશાળો નગરમાં સર્વ પ્રયત્નવડે ફરવા લાગ્યો, છતાં રખડતા કૂતરાની જેમ કંઈપણ પ્રાપ્ત થયું નહિ. છેલ્લે સાંજના સમયે એક મજૂરે ઓસામણ સાથે કોદ્રવ (હલકી જાતિના) ભાત આપ્યા જે ગોશાળાએ ખાધા. તથા એક રૂપિયો આપ્યો. જેની પરીક્ષા કરાવતા ખોટો રૂપિયો નીકળ્યો. ત્યારે તેણે વિચાર્યું, "જે થવાનું હોય તે

८६. गोशालः कार्त्तिकपूर्णिमादिवसे पृच्छति-किमहमद्य भक्तं लप्स्ये ?, सिद्धार्थेन भणितम्—कोद्रवतन्दुलान् अम्लेन कूटरूप्यं च दक्षिणायां, स नगर्यां सर्वादरेण प्रहिण्डितः, यथा गन्त्रीश्वा, न कस्मिंश्चिदपि संभाजितः, तदाऽपराह्ने एकेन कर्मकरेण अम्लेन तन्दुला दत्ताः, तदा जिमितः, एको रूप्यको दत्तः, रूप्यकः परीक्षितः यावत् कूटः, तदा भणति-येन यथा भवितव्यं

[૮૭] ण तं भवति अण्णहा, लज्जिओ आगतो । तओ भगवं चउत्थमासखमणपारणए नालिंदाओ निग्गओ, कोल्लाकसन्निवेसं गओ, तत्थ बहुलो माहणो माहणे भोयावेति घयमहुसंजुत्तेणं परमण्णेणं, ताहे तेण सामी पडिलाभिओ, तत्थ पंच दिव्वाणि । गोसालोऽवि तंतुवागसालाए सामिं अपच्छिमाणो रायगिहं सब्भंतरबाहिरिअं गवेसति, जाहे न पेच्छइ ताहे नियगोवगरणं धीयाराणं दाउं सउत्तरोट्ठं मुंडं काउं गतो कोल्लागं, तत्थ भगवतो मिलिओ, तओ भगवं गोसालेण समं सुवण्णखलगं वच्चइ, एत्थंतरा गोवा गावीहिंतो खीरं गहाय महल्लिए थालीए णवएहिं तंदुलेहिं पायसं उवक्खडेंति, ततो गोसालो भणति–एह भगवं ! एत्थ भुंजामो, सिद्धत्थो भणति–एस निम्माणं चेव न वच्चइ, एस भज्जिहिति उल्लहिज्जंती, ताहे सो असद्दहंतो ते गोवे भणति-एस देवज्जगो तीताणागतजाणओ भणति–एस थाली भज्जिहिति, तो पयत्तेण सारक्खह, ताहे पयत्तं करेंति ।

અન્યથા થતું નથી" લજ્જા પામેલો તે પાછો ફર્યો.

ભગવાન ચોથા માસક્ષપણના પારણે નાલંદામાંથી નીકળ્યા અને કોલ્લાકસન્નિવેશમાં આવ્યા. ત્યાં બહુલનામનો બ્રાહ્મણ હતો. જે ઘીમધુ (અહીં મધુ એટલે સાકર લેવી)થી યુક્ત એવા ખીરવડે બ્રાહ્મણોને જમાડતો હતો. તે સમયે ભગવાન પધારતા તે ખીરદ્વારા ભગવાનનું પારણું કરાવ્યું. ત્યાં પાંચદિવ્યો પ્રગટ થયા. આ બાજુ ગોશાળો વણકરની શાળામાં ભગવાનને નહિ જોતો અંદર–બહાર સર્વસ્થાને રાજગૃહીમાં પ્રભુને ગોતે છે. જ્યારે સ્વામી દેખાતા નથી ત્યારે પોતાના ઉપકરણો બ્રાહ્મણોને દઈને દાઢી–મુછ સહિત મસ્તક મુંડાવી કોલ્લાકસન્નિવેશમાં ગયો. ત્યાં ભગવાનને ભેગો થયો.

ત્યાંથી ભગવાન ગોશાળા સાથે સુવર્ણખલનામના સન્નિવેશમાં ગયા. ત્યાં વચ્ચે ગોવાળિયાઓ દૂધ દોહીને મોટા વાસણમાં નવા ચોખા સાથે મિશ્ર કરી ખીર રાંધતા હતા. તે જોઈ ગોશાળાએ કહ્યું, "ભગવન્ ! આ બાજુ પધારો, આપણે અહીં ભોજન કરીએ." ત્યારે ભગવાનના શરીરમાં પ્રવેશેલ સિદ્ધાર્થે કહ્યું, "આ ખીર બનશે જ નહિ, ખીર રંધાતા પહેલા જ આ હાંડલી હલાવવા જતા ભાંગી જશે." આ વાત ઉપર શ્રદ્ધા ન કરતા તેણે ગોવાળિયાને જઈ

૮૭. न तद्भवत्यन्यथा, लज्जित आगतः । ततो भगवान् चतुर्थमासक्षपणपारणके नालन्दाया निर्गतः, कोल्लाकसन्निवेशं गतः, तत्र बहुलो ब्राह्मणो ब्राह्मणान् भोजयति घृतमधुसंयुक्तेन परमान्नेन, तदा तेन स्वामी प्रतिलम्भितः, तत्र पञ्च दिव्यानि । गोशालोऽपि तन्तुवायशालायां स्वामिनमप्रेक्षमाणः राजगृहं साभ्यन्तरबाह्यं गवेषयति, यदा न प्रेक्षते तदा निजकोपकरणं धिक्कारेभ्यो दत्त्वा सोत्तरोष्ठं मुण्डनं कृत्वा गतः कोल्लाकं, तत्र भगवता मिलितः, ततो भगवान् गोशालेन समं सुवर्णखलं व्रजति, तत्रान्तरा गोपा गोभ्यः क्षीरं गृहीत्वा महत्यां स्थाल्यां नवैस्तन्दुलैः पायसमुपस्कुर्वन्ति, ततो गोशालो भणति-याव भगवन् ! अत्र भुञ्जावः, सिद्धार्थो भणति–एषा निर्माणमेव न व्रजिष्यति, एषा भङ्क्ष्यति उल्लिख्यमाना, तदा सोऽश्रद्दधानः तान् गोपान् भणति–एष देवार्यकोऽतीतानागतज्ञायकः भणति–एषा स्थाली भङ्क्ष्यति, ततः प्रयत्नेन संरक्षत, तदा प्रयत्नं कुर्वन्ति,

[88]वंसविदलेहिं सा बद्धा थाली, तेहिं अतीव बहुला तंदुला छूढा, सा फुट्टा, पच्छा गोवालाणं जेणं जं करुल्लं आसाइयं सो तत्थ पजिमिओ, तेण न लद्धं, ताहे सुट्ठुतरं नियतिं गेण्हइ ।

अमुमेवार्थं कथानकोक्तमुपसंजिहीर्षुराह—

**कुल्लाग बहुल पायस दिव्वा गोसाल दट्ठु पव्वज्जा ।**
**बाहिं सुवण्णखलए★ पायसथाली नियइगहणं ॥४७४॥**

पदानि – कोल्लाकः बहुलः पायसं दिव्यानि गोशालः दृष्ट्वा प्रव्रज्या बहिः सुवर्णखलात् पायसस्थाली नियतेर्ग्रहणं च । पदार्थ उक्त एव ।

**बंभणगामे नंदोवनंद उवणंद तेय पच्चद्धे ।**
**चंपा दुमासखमणे वासावासं मुणी खमइ ॥४७५॥**

पदानि–ब्राह्मणग्रामे नन्दोपनन्दौ उपनन्दः तेजः प्रत्यर्धे चम्पा द्विमासक्षपणे वर्षावासं मुनिः क्षपयतीति । अस्याः पदार्थः कथानकादवसेयः, तच्चेदम्–[89]ततो सामी बंभणगामं गतो, तत्थ नंदो उवणंदो य भायरो, गामम्स दो पाडगा, एक्को नन्दस्स बितिओ उवणंदस्स, ततो सामी नंदस्स

---

કહ્યું, "આ દેવાર્ય અતીત–અનાગતના જાણકાર છે, તે કહે છે કે – "આ હાંડલી તુટી જશે, તેથી તમારે તેની પ્રયત્નથી રક્ષા કરવી." આ સાંભળી તેઓ પ્રયત્ન કરે છે. હાંડલી વાંસથી બનાવેલ વસ્તુઓવડે બાંધે છે. પરંતુ તે હાંડલીમાં તેઓ ઘણાં બધા ચોખા નાંખે છે જેથી તે ફૂટી જાય છે. પાછળથી ગોવાળિયાઓમાં જેણાવડે જે ઠીકરુ (હાંડલીનો ટુકડો) પ્રાપ્ત કરાયું. તે તેમાં જ જમ્યો. પરંતુ ગોશાળાને એક પણ પ્રાપ્ત થયું નહિ, તેથી પૂર્વે જે માન્યતા થઈ હતી, તે નિયતિની માન્યતા વધુ દૃઢ થાય છે.

અવતરણિકા : આ જ અર્થનો ઉપસંહાર કરતા જણાવે છે ➪

ગાથાર્થ : કોલ્લાક – બહુલબ્રાહ્મણ – ખીર – પાંચદિવ્યો – ગોશાળાની (પાંચદિવ્યોને) જોઈ પ્રવ્રજ્યા – સુવર્ણખલની બહાર ખીરહાંડલી – નિયતિનું ગ્રહણ.

ટીકાર્થ : ટીકાર્થ ગાથાર્થ મુજબ છે. ભાવાર્થ કહેવાઈ ગયેલો છે. ॥૪૭૪॥

ગાથાર્થ : બ્રાહ્મણગામ – નંદ–ઉપનંદ બે ભાઈઓ – ઉપનંદનુ ઘર અગ્નિવડે બળ્યું – ચંપા – દ્વિમાસિક તપને વર્ષાવાસમાં ભગવાન કરે છે.

ટીકાર્થ : આ ગાથાનો ભાવાર્થ કથાનકથી જણાવે છે ➪

ત્યાર પછી ભગવાન બ્રાહ્મણગ્રામમાં ગયા. ત્યાં નંદ અને ઉપનંદ નામે બે ભાઈઓ હતા. ગામમાં બે પાટક (પોળ) હતા. એક નંદનો અને બીજો ઉપનંદનો હતો. ત્યાં સ્વામી નંદના

---

૮૮. वंशविदलैः सा बद्धा स्थाली, तैरतीव बहवस्तन्दुलाः क्षिप्ताः, सा स्फुटिता, पश्चात् गोपालानां येन यत्कपालमासादितं स तत्र प्रजिमितः, तेन न लब्धं, तदा सुष्ठुतरं नियतिं गृह्णाति । ८९. ततः स्वामी ब्राह्मणग्रामं गतः, तत्र नन्द उपनन्दश्च भ्रातरौ, ग्रामस्य द्वौ पाटकौ, एको नन्दस्य द्वितीय उपनन्दस्य, ततः स्वामी नन्दस्य ★ ०खल पायसथाली नियइएँ गहणं च. प्र.

[१०] पाडगं पविट्ठो नंदघरं च, तत्थ दोसीणेणं पडिलाभिओ नंदेण गोसालो उवनंदस्स, तेण उवणंदेण संदिट्ठं–देहि भिक्खं, तत्थ न ताव वेला, ताहे सीअलकूरो णीणिओ, सो तं णेच्छइ, पच्छा सा तेणवि भण्णति-दासी ! एयस्स उवरि छुभसुत्ति, तीए छूढो, अपत्तिएण भणति–जइ मज्झ धम्मायरिअस्स अत्थि तवो तेए वा एयस्स घरं डज्झउ, तत्थ अहासण्णिहितेहिं वाणमंतरेहिं मा भगवओ अलियं भवउत्ति तेण तं दड्ढं घरं । ततो सामी चंपं गओ, तत्थ वासावासं ठाइ, तत्थ दोमासिएण खमणेण खमइ, विचित्तं च तवोकम्मं, ठाणादीए पडिमं ठाइ, ठाणुक्कुडुगो एवमादीणि करेइ, एस ततिओ वासारत्तो ।

**कालाएँ सुण्णगारे सीहो विज्जुमई गोट्ठिदासी य ।**
**खंदो दान्तिलियाए पत्तालग सुण्णगारंमि ॥४७६॥**

पदानि–कालायां शून्यागारे सिंहः विद्युन्मती गोष्ठीदासी च स्कन्दः दन्तिलिकया पात्रालके शून्यागारे । अक्षरगमनिका क्रियाऽध्याहारतः स्वधिया कार्या । पदार्थः कथानकादवसेयः,

પાટકમાં પ્રવેશ્યા અને નંદના ઘરે ગયા. જ્યાં નંદ ભગવાનને સૂકો આહાર વહોરાવે છે. ગોશાળો ઉપનંદના ઘરે જાય છે. તેણે ઉપનંદને કહેવડાવ્યું કે, "ભિક્ષા આપો." તે સમયે ભોજન વેળા થઈ નહોતી એટલે સવારના ઠંડા ભાત લાવ્યા. ગોશાળો તે લેતો નથી. તેથી ઉપનંદ દાસીને કહે છે કે, "તેની (ગોશાળાની) ઉપર નાંખી દે." દાસીએ ભાત તેની ઉપર નાંખ્યાં.

અપ્રીતિ થવાથી તે ગોશાળો બોલ્યો, "જો મારા ધર્માચાર્યનું તપ કે તેજ હોય તો આનું ઘર બળી જાઓ." ત્યાં પાસે રહેલા વાણવ્યંતરોએ "ભગવાનનો પ્રભાવ ખોટો ન થાઓ" એમ વિચારી તેનું ઘર બાળી નાંખ્યું. ત્યાર પછી સ્વામી ચંપાનગરીમાં ગયા. ત્યાં ચોમાસા માટે રહે છે. ચોમાસામાં સ્વામી દ્વિમાસિક તપવડે વિચિત્રતપ કર્મ કરે છે અને સ્થાનાદિવડે પ્રતિમામાં રહે છે. અહીં સ્થાન એટલે ઉત્કટુક–આસન, આવા પ્રકારના આસનોવડે પ્રતિમામાં રહે છે. આ ત્રીજું ચાતુર્માસ થયું. ॥૪૭૫॥

**ગાથાર્થ : કાલાકનામના સન્નિવેશમાં શૂન્યઘરમાં સિંહ અને વિદ્યુતમતિનામની દાસી (પ્રવેશ્યા) – પાત્રાલકગામના શૂન્યઘરમાં સ્કન્દક અને દત્તિલિકાદાસી પ્રવેશ્યા.**

**ટીકાર્થ :** ગાથા અને ટીકાનો ભાવાર્થ કથાનકથી જાણીએ – (ચંપા નગરીમાં દ્વિમાસિક

१०. पाटकं प्रविष्टः नन्दगृहं च, तत्र पर्युषितान्नेन प्रतिलम्भितः नन्देन, गोशाल उपनन्दस्य, तेनोपनन्देन संदिष्टम्-देहि भिक्षां, तत्र न तावद्वेला, तदा शीतलकूरो नीतः, स तं नेच्छति, पश्चात् सा तेनापि भण्यते-दासि ! एतस्योपरि क्षिपेति, तया क्षिप्तः, अप्रीत्या भणति-यदि मम धर्माचार्यस्य अस्ति तपस्तेजो वा एतस्य गृहं दह्यतां, तत्र यथासन्निहितैर्वानमन्तरैः मा भगवान् अलीको भवत्विति तैस्तद् दग्धं गृहं । ततः स्वामी चम्पां गतः, तत्र वर्षावासं तिष्ठति, तत्र द्विमासक्षपणेन; तपस्यति, विचित्रं च तपःकर्म, स्थानादिना प्रतिमां ( कायोत्सर्गं ) करोति, स्थानमुत्कटुकः एवमादीनि करोति, एष तृतीयो वर्षारात्रः ।

तच्चेदम्–[११]ततो चरिमं दोमासियपारणयं बाहिं पारेत्ता कालायं नाम सण्णिवेसं गओ गोसालेण समं, तत्थ भगवं सुण्णघरे पडिमं ठिओ, गोसालोऽवि तस्स दारपहे ठिओ, तत्थ सीहो नाम गामउडपुत्तो विज्जुमईए गोट्ठीदासीए समं तं चेव सुण्णघरं पविट्ठो, तत्थ तेण भण्णइ-जइ इत्थ समणो वा माहणो वा पहिको वा कोइ ठिओ सो साहउ जा अन्नत्थ वच्चामो, सामी तुण्हिक्कओ अच्छइ, गोसालोऽवि तुण्हिक्कओ, ताणि अच्छित्ता णिग्गयाणि, गोसालेण सा महिला छिक्का, सा भणति-एस एत्थ कोइ, तेण अभिगंतूण पिट्टिओ, एस धुत्तो अणायारं करेंताणि पेच्छंतो अच्छइ, ताहे सामिं भणइ–अहं एक्किल्लओ पिट्टिज्जामि, तुब्भे ण वारेह, सिद्धत्थो भणइ-कीस सीलं न रक्खसि ?, किं अम्हेऽवि आहण्णामो ?, कीस वा अंतो न अच्छसि, ता दारे ठिओ । ततो निग्गतूण सामी पत्तकालयं गओ, तत्थवि तहेव सुण्णघरे ठिओ, गोसालो तेण भएणं अंतो ठिओ,

---

તપ કરી) છેલ્લા દ્વિમાસિક તપનું પારણું ગામની બહાર કરી કાલાકનામના સન્નિવેશમાં ગોશાળાની સાથે સ્વામી ગયા. ત્યાં ભગવાન શૂન્યઘરમાં પ્રતિમા સ્વીકારે છે અને ગોશાળો પણ તે શૂન્યઘરના દ્વારપાસે રહ્યો. ત્યાં સિંહનામનો ગામના મુખીનો પુત્ર વિદ્યુન્મતિનામની કૌટુંબિક દાસી સાથે (રાત્રિના સમયે) તે શૂન્યઘરમાં પ્રવેશ્યો. ત્યાં તેણે પૂછ્યું–, "જો કોઈ શ્રમણ, બ્રાહ્મણ કે કોઈ મુસાફર અહીં હોય તે કહે જેથી અમે અન્યસ્થાને જઈએ."

સ્વામી મૌન રહે છે. ગોશાળો પણ મૌન રહ્યો. તે બંને થોડો સમય રહી નીકળે છે, ત્યારે ગોશાળાએ તે સ્ત્રીને સ્પર્શ કર્યો. તેથી તે સ્ત્રી કહે છે કે, "આ અહીં કો'ક છે." આ સાંભળીને સિંહે જઈને ગોશાળાને "આ ધૂર્ત અનાચાર કરતા એવા આપણને જોતો રહે છે" એમ કરી માર્યો. ત્યારે ગોશાળો સ્વામીને કહે છે, "હું એકલો માર ખાઈ રહ્યો છું અને તમે વારતા નથી." સિદ્ધાર્થ કહે છે, "તો શા માટે શીલની રક્ષા કરતો નથી ? (અર્થાત્ શા માટે સ્ત્રીને સ્પર્શ કર્યો ?) શું (તને બચાવતા) અમારે પણ માર ખાવાનો ? શા માટે અંદર રહેતો નથી ને દ્વારપાસે ઊભો રહે છે ?"

ત્યાર પછી સ્વામી પાત્રાલકનામના ગામમાં ગયા. ત્યાં પણ તે જ રીતે શૂન્યગૃહમાં રહ્યા. પરંતુ આ વખતે ગોશાળો ભયથી અંદર રહ્યો. ત્યાં સ્કન્દકનામનો ગામના સ્વામીનો પુત્ર

---

११. ततश्चरमं द्विमासिकपारणकं बहिष्कृत्वा कालाकं नाम सन्निवेशं गतः गोशालेन समं, तत्र भगवान् शून्यगृहे प्रतिमां स्थितः, गोशालोऽपि तस्य द्वारपथे स्थितः, तत्र सिंहो नाम ग्रामकूटपुत्रः विद्युन्मत्या गोष्ठीदास्या समं तदेव शून्यगृहं प्रविष्टः, तत्र तेन भण्यते-यद्यत्र श्रमणो वा ब्राह्मणो वा पथिको वा कश्चित् स्थितः स साधयतु यतः अन्यत्र व्रजावः, स्वामी तूष्णीकस्तिष्ठति, गोशालोऽपि तूष्णीकः, तौ स्थित्वा निर्गतौ, गोशालेन सा महिला स्पृष्टा, सा भणति-एषोऽत्र कश्चित्, तेनाभिगम्य पिट्टितः, एष धूर्त्तः अनाचारं कुर्वन्तौ पश्यन् तिष्ठति, तदा स्वामिनं भणति-अहमेकाकी पिट्ये, यूयं न वारयत, सिद्धार्थो भणति-कुतः शीलं न रक्षसि ?, किं वयमपि आहन्यामहे ?, कुतो वाऽन्तः न तिष्ठसि ?, ततो द्वारे स्थितः । ततो निर्गत्य स्वामी पात्रालके गतः, तत्रापि तथैव शून्यगृहे स्थितः गोशालस्तेन भयेनान्तः स्थितः,

[१२]तत्थ खंदओ नाम गामउडपुत्तो अप्पिणिच्चियादासीए दत्तिलियाए समं महिलाए लज्जंतो तमेव सुण्णघरं गओ, तेऽवि तहेव पुच्छंति, तहेव तुण्हिक्का अच्छंति, जाहे ताणि निग्गच्छंति ताहे गोसालेण हसियं, ताहे पुणोऽवि पिट्टिओ, ताहे सामिं खिंसइ–अम्हे हम्मामो, तुब्भे न वारेह, किं अम्हे तुम्हे ओलग्गामो ?, ताहे सिद्धत्थो भणति–तुमं अप्पदोसेण हम्मसि, कीस तुंडं न रक्खेसि ?–

मुणिचंद कुमाराए कूवणय चंपरमणिज्जउज्जाणे ।
चोराय चारि अगडे सोमजयंती उवसमेइ ॥४७७॥

पदानि–मुनिचन्द्रः कुमारायां कूपनयः चम्परमणीयोद्याने चौरायां चारिकोऽगडे सोमा जयन्ती उपशामयतः । पदार्थः कथानकादवसेयः, तच्चेदम्–ततो भगवं कुमारायं नाम सण्णिवेसं गओ, तत्थ चम्परमणिज्जे उज्जाणे भगवं पडिमं ठिओ । इओ य पासावच्चिज्जो मुणिचंदो नाम थेरो बहुस्सुओ बहुसीसपरिवारो तंमि सन्निवेसे कूवणयस्स कुंभगारस्स सालाए ठिओ, सो य जिणकप्पपडिमं करेइ सीसं गच्छे ठवेत्ता, सो य सत्तभावणाए अप्पाणं भावेति,

દત્તિલિકાનામની પોતાની દાસી સાથે મહિલાથી લજ્જા પામતો તે જ શૂન્યગૃહમાં પ્રવેશ્યો. તેણે પણ ત્યાં એ જ રીતે પૃચ્છા કરી અને ભગવાન તથા ગોશાળો પણ તે જ રીતે મૌન રહ્યા. જ્યારે તે બંને જણા નીકળતા હતા ત્યારે ગોશાળો હસ્યો. જેથી ગોશાળાને સ્કન્દકે માર માર્યો. સ્કન્દકના ગયા પછી ગોશાળો સ્વામીને ઠપકો આપતા કહે છે, "હું માર ખાવું છું અને તમે તેને અટકાવતાં નથી, તો શા માટે તમારી સેવા કરું ?" ત્યારે સિદ્ધાર્થ કહે છે," તું તારા પોતાના દોષે હણાયો છે, શા માટે મોઢું બંધ નથી રાખતો ?"

**ગાથાર્થ : મુનિચંદ્ર – કુમારાકનામનું સન્નિવેશ – કૂપનકકુંભાર – ચંપરમણીયઉદ્યાન – ચોરાકસન્નિવેશ – ચોર – કૂવો – સોમા અને જયંતી – (રાજપુરુષોને) શાંત કરે છે.**

**ટીકાર્થ :** ટીકાર્થ અને ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ મુજબ – ત્યાર પછી ભગવાન કુમારાકનામના સન્નિવેશમાં આવ્યા. ત્યાં ચંપરમણીયઉદ્યાનમાં ભગવાને પ્રતિમાનો સ્વીકાર કર્યો. બીજી બાજુ પાર્શ્વનાથના સંતાનીય મુનિચંદ્રનામના સ્થવિર, બહુશ્રુતધર અને ઘણાં શિષ્યોના પરિવારવાળા તે જ સન્નિવેશમાં કૂપનકનામના કુંભકારની શાળામાં રહ્યા. તે આચાર્ય પોતાના એક શિષ્યને ગચ્છ સોંપી પોતે જિનકલ્પની પ્રતિમાને સ્વીકારી પોતાને સત્ત્વભાવનાઓથી ભાવિત

१२. तत्र स्कन्दको नाम ग्रामकूटपुत्रः आत्मीयया दास्या दत्तिलिकया समं महिलायाः लज्जमानः तदेव शून्यगृहं गतः, तावपि तथैव पृच्छतः, तथैव तूष्णीकौ तिष्ठतः, यदा तौ निर्गच्छतः तदा गोशालेन हसितं, तदा पुनरपि पिट्टितः, तदा स्वामिनं जुगुप्सते–अहं हन्ये, यूयं न वारयत, किं युष्मान् वयमवलगामः तदा सिद्धार्थो भणति-त्वमात्मदोषेण हन्यसे, कुतस्तुण्डं न रक्षसि ? । ततो भगवान् कुमाराकं नाम सन्निवेशं गतः, तत्र चम्परमणीये उद्याने प्रतिमां भगवान् स्थितः । इतश्च पार्श्वापत्यः मुनिचन्द्रो नाम स्थविरः बहुश्रुतः बहुशिष्यपरिवारः तस्मिन् संनिवेशे कूपनयस्य कुम्भकारस्य शालायां स्थितः, स च जिनकल्पप्रतिमां करोति शिष्यं गच्छे स्थापयित्वा । ते च सत्त्वभावनयाऽऽत्मानं भावयन्ति-

*"[१३]तवेण सत्तेण सुत्तेण, एगत्तेण बलेण य ।*
*तुलणा पंचहा वुत्ता, जिणकप्पं पडिवज्जओ ॥१॥"*

एआओ भावणाओ, ते पुण सत्तभावणाए भावेंति, सा पुण

*"पढमा उवस्सयंमि, बितिया बाहिं ततिय चउक्कंमि ।*
*सुण्णघरंमि चउत्थी, तह पंचमिआ मसाणंमि ॥१॥"*

**सो बितियाए भावेइ । गोसालो सामिं भणइ-एस देसकालो हिंडामो, सिद्धत्थो भणइ-अज्ज अम्ह अन्तरं, पच्छा सो हिंडितो ते पासावच्चिज्जे पासति, भणति य–के तुब्भे ?, ते भणंति–अम्हे समणा निग्गंथा, सो भणति–अहो निग्गंथा, इमो भे एत्तिओ गंथो, कहिं तुब्भे निग्गंथा ?, सो अप्पणो आयरियं वण्णेइ-एरिसो महप्पा, तुब्भे एत्थ के ?, ताहे तेहिं भणइ–**

કરે છે. (જેઓ જિનકલ્પને સ્વીકારવાની ઇચ્છાવાળા હોય છે. તેઓ પોતાને પાંચ ભાવનાઓથી ભાવિત કરે છે તે આ પ્રમાણે) – **"તપથી, સત્ત્વથી, સૂત્રથી, એકત્વથી અને બળથી એમ પાંચ પ્રકારે જિનકલ્પને સ્વીકારનારની તુલના (તપાદિ માટે પોતે સમર્થ છે કે નહિ તે માટેની પૂર્વ તૈયારીને તુલના કહેવાય છે.) કહેવાયેલી છે." ॥૧॥** આ આચાર્ય પોતાને સત્ત્વભાવનાથી ભાવિત કરે છે. તે સત્ત્વભાવના આ પ્રમાણે છે – **"પ્રથમ ઉપાશ્રયમાં સત્ત્વની પરીક્ષા કરે (અર્થાત્ પરિષહાદિ આવતા પોતાનું કેટલું સત્ત્વ છે ? તેની પરીક્ષા કરે) ત્યારપછી ઉપાશ્રયની બહાર, ત્રીજીવારમાં ચારરસ્તા ઉપર, ચોથીવારમાં શૂન્યગૃહમાં તથા પાંચમી સત્ત્વભાવના સ્મશાનમાં કરે ॥૧॥"** તે આચાર્ય બીજી સત્ત્વભાવનાવડે પોતાને ભાવિત કરતા હતા. ગોશાળાએ સ્વામીને કહ્યું, "પ્રભુ ! અત્યારે ભિક્ષાગ્રહણનો દેશકાળ વર્તી રહ્યો છે, તેથી આપણે ભિક્ષા માટે જઈએ." સિદ્ધાર્થે (ભગવાનના શરીરમાં પ્રવેશીને) કહ્યું – "આજે મારે ઉપવાસ છે."

તેથી તે ગોશાળો એકલો નીકળ્યો. બહાર તેણે પાર્શ્વસંતાનીયોને જોયા. તેથી તેઓને પૂછ્યું – "તમે કોણ છો ?" તે સાધુઓએ કહ્યું, "અમે શ્રમણ નિર્ગ્રંથો છીએ." (ત્યારે તેમની ઉપધિ વગેરે તરફ ઈશારો કરતા) ગોશાળાએ કહ્યું, – "અહો ! નિર્ગ્રંથો તમારી પાસે આટલો બધો ગ્રંથ (પરિગ્રહ) છે, તો તમે શી રીતે નિર્ગ્રંથ છો ?" ગોશાળો પોતાના આચાર્યનું (ભગવાનનું) વર્ણન કરે છે કે, – "અમારા આચાર્ય તો આવા આવા છે (અર્થાત્ અમારા આચાર્યપાસે એક

१३. तपसा सत्त्वेन सूत्रेणैकत्वेन बलेन च । तुलना पञ्चधोक्ता जिनकल्पं प्रतिपित्सोः ॥१॥ एताः भावनाः, ते पुनः सत्त्वभावनया भावयन्ति, सा पुनः-प्रथमा उपाश्रये द्वितीया बहिः तृतीया चतुष्के । शून्यगृहे चतुर्थी तथा पञ्चमी श्मशाने ॥१॥ स द्वितीयया भावयति । गोशालः स्वामिनं भणति-एष देशकालः हिण्डावहे, सिद्धार्थो भणति-अद्यास्माकमन्तरं ( उपवासः ), पश्चात्स हिण्डमानः तान् पार्श्वापत्यान् पश्यति, भणति च-के यूयम् ?, ते भणन्ति-वयं श्रमणा निर्ग्रन्थाः, स भणति-अहो निर्ग्रन्थाः, अयं भवतामियान् ग्रन्थः, क्व यूयं निर्ग्रन्थाः ?, स आत्मन आचार्यं वर्णयति-ईदृशो महात्मा, यूयमत्र के ?, तदा तैर्भण्यते-

[१४]जारिसो तुमं तारिसो धम्मायरिओऽवि ते सयंगहीयलिंगो, ताहे सो रुट्ठो–अम्ह धम्मायरियं सवहत्ति जइ मम धम्मायरियस्स अत्थि तवो ताहे तुब्भं पडिस्सओ डज्झउ, ते भणंति–तुम्हाणं भणिएण अम्हे न डज्झामो, ताहे सो गतो साहइ सामिस्स–अज्ज मए सारंभा सपरिग्गहा समणा दिट्ठा, तं सव्वं साहइ, ताहे सिद्धत्थेण भणियं–ते पासावच्चिज्जा साहवो, न ते डज्झंति, ताहे रत्ती जाया, ते मुणिचंदा आयरिया बाहिं उवस्सगस्स पडिमं ठिआ, सो कूवणओ तद्दिवसं सेणीए भत्ते पाऊण वियाले एइ मत्तेल्लओ, जाव पासेइ ते मुणिचंदे आयारिए, सो चिंतेइ–एस चोरोत्ति, तेण ते गलए गहीया, ते निरुस्सासा कया, न य झाणाओ कंपिआ, ओहिणाणं उप्पण्णं आउं च णिट्ठिअं, देवलोअं गया, तत्थ अहासन्निहिएहिं वाणमंतरेहिं देवेहिं महिमा कया, ताहे गोसालो बाहिं ठिओ पेच्छइ, देवे उव्वट्टंते निव्वयंते अ, सो जाणइ–एस डज्झइ सो तेसिं उवस्सगो, साहेइ सामिस्स,

---

પણ પરિગ્રહાદિ નથી.) તેની સામે તમે કોણ ? ત્યારે તે સાધુઓએ કહ્યું, "જેવો તું છે તેવા તારા ધર્માચાર્ય પણ સ્વયંગૃહીતલિંગવાળા છે."

આ સાંભળી ગોશાળો ગુસ્સે થયો કે "મારા ધર્માચાર્યની નિંદા કરો છો, જો મારા ધર્માચાર્યનો તપ હોય તો તમારી સાથે આ ઉપાશ્રય બળી જાઓ." સાધુઓએ કહ્યું – "તારા કહેવાથી અમે બળવાના નથી." ગોશાળો ત્યાંથી ગયો અને સ્વામીને જઈ કહ્યું કે, "આજે મેં આરંભ અને પરિગ્રહવાળા શ્રમણો જોયા" વગેરે સર્વ વાત કરી. ત્યારે સિદ્ધાર્થે કહ્યું – "તે પાર્શ્વસંતાનીય સાધુઓ છે. તેઓ બળશે નહિ." હવે રાત્રિ થઈ ત્યારે તે મુનિચંદ્ર–આચાર્ય ઉપાશ્રયની બહાર પ્રતિમામાં રહ્યા. આ બાજુ કુપનક કુંભાર તે દિવસે શ્રેણિમાં (બીજાઓની સાથે) ભોજન કરી, દારૂ પીને રાત્રિના સમયે મત્ત થયેલો આવે છે.

ત્યારે ત્યાં મુનિચંદ્ર આચાર્યને જુએ છે અને વિચારે છે કે, – આ ચોર છે. તેથી તેમને ગળેથી પકડી શ્વાસો રુંધી નાંખે છે. છતાં આચાર્ય ધ્યાનમાંથી ચલિત થતાં નથી. તેથી તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે અને આયુષ્ય પૂર્ણ થતાં દેવલોકમાં જાય છે. આજુબાજુ રહેલા વ્યંતરદેવો તેમનો મહિમા કરે છે. ત્યારે ગોશાળો બહાર રહેલો છતો આવતા–જતા દેવોને જુએ છે તેથી તેને લાગે છે કે, "તેઓનો આ ઉપાશ્રય બળે છે." સ્વામીને વાત કરે છે કે,– "તે

---

१४. यादृशस्त्वं तादृशो धर्माचार्योऽपि तव स्वयंगृहीतलिङ्गः, तदा स रुष्टः–मम धर्माचार्यं शपथ इति यदि मम धर्माचार्यस्यास्ति तपः तदा युष्माकं प्रतिश्रयो दह्यतां, ते भणन्ति-युष्माकं भणितेन वयं न दह्यामहे, तदा स गतः कथयति स्वामिने, अद्य मया सारम्भाः सपरिग्रहा श्रमण दृष्टाः, तत् सर्वं कथयति, तदा सिद्धार्थेन भणितम्-ते पार्श्वापत्याः साधवो, न ते दह्यन्ते, तदारात्रिर्जाता, ते मुनिचन्द्राचार्या बहिरूपाश्रयस्य प्रतिमां स्थिताः, स कूपनतो भक्ते तद्दिवसे श्रेणौ पीत्वा विकाले आयाति मत्तः, यावत्पश्यति तान् मुनिचन्द्रान् आचार्यान्, स चिन्तयति-एष चौर इति, तेन ते ग्रीवायां गृहीताः, ते निरुच्छ्वासाः कृताः, न च ध्यानात्कम्पिताः, अवधिज्ञानं उत्पन्नं आयुश्च निष्ठितं, देवलोकं गताः, तत्र यथासन्निहितैर्व्यन्तरैर्देवैर्महिमा कृतः, तदा गोशालो बहिःस्थितः पश्यति-देवानवपतत उत्पततश्च, स जानाति-एष दह्यते स तेषामुपाश्रयः, कथयति स्वामिने-

[९५]एस तेसिं पडिणीयाणं उवस्सओ डज्झइ, सिद्धत्थो भणइ–न तेसिं उवस्सओ डज्झइ, तेसिं आयरियाणं ओहिणाणं उप्पण्णं, आउयं च णिट्ठियं, देवलोगं गया, तत्थ अहासन्निहिएहिं वाणमंतरेहिं देवेहिं महिमा कया, ताहे गोसालो बाहिं ठिओ पिच्छइ, ताहे गओ तं पदेसं, जाव देवा महिमं काऊण पडिगया, ताहे तस्स तं गंधोदगवासं पुप्फवासं च दट्ठूण अब्भहियं हरिसो जाओ, ते साहुणो उट्ठवेइ-अरे तुब्भे न याणह, एरिसगा चेव बोडिया हिंडह, उट्ठेह, आयरियं कालगयंपि न याणह ?, सुवह रत्तिं सव्वं, ताहे ते जाणंति–सच्चिल्लओ पिसाओ, रत्तिंपि हिंडइ, ताहे तेऽवि तस्स सद्देण उट्ठिआ, गया आयरियस्स सगासं, जाव पेच्छंति–कालगयं, ताहे ते अद्धितिं करेइ–अम्हेहिं ण णाया आयरिया कालं करेंता, सोऽवि चमढेत्ता गओ । ततो भगवं चोरागं सन्निवेसं गओ, तत्थ चारियत्तिकाऊण उड्डुंबालगा अगडे पक्खिविज्जंति, पुणो य उत्तारिज्जंति,

---

શત્રુઓનો ઉપાશ્રય બળે છે.'' ત્યારે સિદ્ધાર્થ કહે છે, ''તેઓનો ઉપાશ્રય બળતો નથી પરંતુ તેઓના આચાર્યને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે અને આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં ગયા છે, આજુ બાજુ રહેલા વ્યંતરદેવોએ તેમનો મહિમા કર્યો છે.'' આ સાંભળી ગોશાળો બહાર રહીને જુએ છે. પછી તે સ્થાને ગયો યાવત્ દેવો મહિમાને કરીને ગયા (વિગેરે બધું જાણવું.) ત્યાં તેને સુગંધી પાણી અને પુષ્પવૃષ્ટિને જોઈ અત્યંત હર્ષ થયો. ગોશાળો સાધુઓને ઉઠાડે છે ''અરે ! તમને ખબર નથી, આવાને આવા મુંડિયા થઈને ફરો છો, ચાલો, ઊભા થાઓ તમારા આચાર્ય કાળ પામ્યા એ પણ તમને ખબર નથી. આખી રાત્રિ સૂતા રહો છો.''

ત્યારે સાધુઓ વિચારે છે કે, ''આ સાચે જ પિશાચ છે, રાત્રિએ પણ ભમે છે.'' તેના શબ્દથી સર્વ સાધુઓ ઊભા થયા અને આચાર્ય પાસે જઈને જુએ છે તો આચાર્ય કાળ પામ્યા છે. બધા સાધુઓ અધૃતિને કરે છે કે, ''અહો! અમારાવડે આચાર્યનો કાળધર્મ થયો તે પણ ન જણાયું.'' ગોશાળો પણ સાધુઓને ઠપકો આપીને ગયો. ત્યાર પછી ભગવાન ચોરાકસન્નિવેશમાં ગયા. ત્યાં ''ચોરો છે'' એમ સમજી કોટવાલો ઊંધામાંથે ([H]उड्डंबालगा) કૂવામાં નાખે છે અને ફરી બહાર કાઢે છે.

---

९५. एष तेषां प्रत्यनीकानामुपाश्रयो दह्यते, सिद्धार्थो भणति-न तेषामुपाश्रयो दह्यते, तेषामाचार्याणामवधिज्ञानमुत्पन्नं, आयुश्च निष्ठितं, देवलोकं गताः, तत्र यथासन्निहितैर्व्यन्तरैर्देवैर्महिमा कृतः, तदा गोशालो बहिःस्थितः प्रेक्षते, तदा गतस्तं प्रदेशं, यावद्देवा महिमानं कृत्वा प्रतिगताः, तदा तस्य तां गन्धोदकवर्षां पुष्पवर्षां च दृष्ट्वाऽभ्यधिको हर्षो जातः, तान् साधूनुत्थापयति-अरे यूयं न जानीथ, ईदृशा एव मुण्डका हिण्डध्वे, उत्तिष्ठत, आचार्यं कालगतमपि न जानीथ, स्वपिथ रात्रिं सर्वां, तदा ते जानन्ति सत्यः पिशाचः, रात्रावपि हिण्डते, तदा तेऽपि तस्य शब्देन उत्थिताः, गता आचार्यस्य सकाशं, यावत्प्रेक्षन्ते कालगतं, तदा तेऽधृतिं कुर्वन्ति-अस्माभिर्न ज्ञाता आचार्याः कालं कुर्वन्तः, सोऽपि तिरस्कृत्य गतः । ततो भगवान् चोराकं सन्निवेशं गतः, तत्र चारिकावितिकृत्वा कोट्टपालकैः अगडे प्रक्षिप्येते, पुनश्चोत्तार्येते,

[१६] तत्थ पढमं गोसालो सामी न, ताव तत्थ सोमाजयन्तीओ नाम दुवे उप्पलस्स भगिणीओ पासावच्चिज्जाओ जाहे न तरंति संजमं काउं ताहे परिव्वाइयत्तं करेंति, ताहिं सुयं-एरिसा केऽवि दो जणा उड्डुबालएहिं पक्खिविज्जंति, ताओ पुण जाणंति-जहा चरिमतित्थगरो पव्वइओ, ताहे गयाओ, जाव पेच्छंति, ताहिं मोइओ, ते उज्झंसिआ अहो विणस्सिउकामेति, तेहिं भएण खमाविया महिया य ।–

[१७] पिट्ठीचंपा वासं तत्थ★ चउम्मासिएण खमणेणं ।
कयंगल देउलवरिसे दरिद्दथेरा य गोसालो ॥४७८॥

[१८] ततो भगवं पिट्ठीचंपं गओ, तत्थ चउत्थं वासारत्तं करेइ, तत्थ सो चउम्मासियं खवणं करेंतो विचित्तं पडिमादीहिं करेइ, ततो बाहिं पारित्ता कयंगलं गओ, तत्थ दरिद्दथेरा नाम पासंडत्था समहिला सारंभा सपरिग्गहा, ताण वाडगस्स मज्झे देवउलं, तत्थ सामी पडिमं ठिओ, तद्दिवसं

તેમાં પ્રથમ ગોશાળાને કૂવામાં ઉતારે છે. હજુ સ્વામી ઉતારાયા નથી તેવામાં સોમા અને જયંતી નામની ઉત્પલની બે બહેનો કે જેઓ સંયમ પાલવા માટે સમર્થ નહોતી તેથી પરિવ્રાજિકા બની હતી, તેઓએ સાંભળ્યું કે – "આવા પ્રકારની બે વ્યક્તિઓ કોટવાલોવડે કૂવામાં નંખાઈ રહી છે." તેઓ જાણતા હતા કે – "ચરમતીર્થંકરે દીક્ષા લીધી છે." તેથી બંને બહેનો ત્યાં આવી અને જોયું. ભગવાનને છોડાવ્યા. બંને બહેનોએ કોટવાલોને "અરે ! શું તમે મરવાની ઇચ્છાવાળા છો" એ પ્રમાણે ઠપકો આપ્યો. જેથી કોટવાલોએ ભયથી ક્ષમા માગી અને સ્વામીની પૂજા કરી. ॥૪૭૭॥

**ગાથાર્થ : પૃષ્ઠચંપાનગરીમાં ચોમાસુ – ત્યાં ચાતુર્માસિક તપ – કૃતાંગલસન્નિવેશ – દેવકુલ – વર્ષા – દરિદ્રસ્થવિરો – ગોશાળો.**

**ટીકાર્થ :** ટીકાર્થ અને ગાથાનો ભાવાર્થ કથાનકથી જાણવો – ત્યાર પછી ભગવાન પૃષ્ઠચંપાનગરીમાં પધાર્યા. ત્યાં ચોથું ચાતુર્માસ કરે છે. તેમાં ભગવાન ચાતુર્માસિક તપને કરતા વિવિધ પ્રતિમા વિગેરે કરે છે. ત્યાર પછી બહાર તેનું પારણું કરીને કૃતાંગલસન્નિવેશમાં ગયા. ત્યાં દરિદ્રસ્થવિરો નામે ઓળખાતા મહિલાસહિતના આરંભવાળા, પરિગ્રહવાળા પાખંડીઓ રહેતા હતા. તેઓના વાડા(મહોલ્લા)ની મધ્યમાં એક દેવકુલ હતું. ત્યાં સ્વામી પ્રતિમા સ્વીકારીને રહ્યા. તે દિવસે કડકડતી ઠંડી પડી.

१६. तत्र प्रथमो गोशालो न स्वामी, तावत्तत्र सोमाजयन्तीनाम्न्यौ द्वे उत्पलस्य भगिन्यौ पार्श्वापत्ये यदा न तरतः ( शक्नुतः ) संयमं कर्त्तुं तदा परिव्राजिकात्वं कुरुतः, ताभिः श्रुतम्-ईदृशौ कौचिदपि द्वौ जनौ आरक्षकैः प्रक्षिप्येते, ते पुनर्जानीतः–यथा चरमतीर्थकरः प्रव्रजितः, तदा गते, यावत्पश्यतः ताभ्यां मोचितः, ते तिरस्कृताः अहो विनंष्टुकामा इति, तैर्भयेन क्षामितः महितश्च । १७. ( पृष्ठचम्पा वर्षारात्रः तत्र चातुर्मासिकेन क्षपणेन । कृताङ्गलायां देवकुलं वर्षा दरिद्रस्थविराश्च गोशालः ॥४७८॥ ) १८. ततो भगवान् पृष्ठचम्पां गतः, तत्र चतुर्थं वर्षारात्रं करोति, तत्र स चतुर्मासक्षपणं कुर्वन् विचित्रं कायोत्सर्गादिभिः करोति, ततो बहिः पारयित्वा कृताङ्गलां गतः, तत्र दरिद्रस्थविरा नाम पाषण्डस्थाः समहेलाः सारम्भाः सपरिग्रहाः, तेषां वाटकस्य मध्ये देवकुलं, तत्र स्वामी प्रतिमां स्थितः, तद्दिवसे ★ मुणी चाउम्मासिखमणेणं.

[१९] च फुसिअं सीयं पडति, ताणं च तद्दिवसं जागरओ, ते समहिला गायंति, तत्थ गोसालो भणति-एरिसोऽवि नाम पासंडो भण्णइ सारंभो समहिलो य, सव्वाणि य एगट्ठाणि गायंति वायंति य, ताहे सो तेहिं णिच्छूढो, सो तहिं माहमासे तेण सीएण सतुसारेण अच्छइ संकुइओ, तेहिं अणुकंपतेहिं पुणोऽवि आणिओ, पुणोऽवि भणाति, पुणोऽवि णीणिओ, एवं तिण्णि वारा णिच्छूढो अतिणिओ य, ततो भणइ-जइ अम्हे फुडं भणामो तो णिच्छुभामो, तत्थऽण्णेहिं भण्णइ-एस देवज्जयस्स कोऽवि पट्ठिआवाहो छत्तधारो वा आसी तो तुण्हिक्काणि अच्छह, सव्वाउज्जाणि य खडखडावेह जहा से सद्दो न सुव्वति, —

**सावत्थी सिरिभद्दा निंदू पिउदत्त पयस सिवदत्ते ।**
**दारगणी नखवालो हलिद्द पडिमाऽगणी पहिआ ॥४७९॥**

[२] ततो सामी सावत्थिं गओ, तत्थ सामी बाहिं पडिमं ठिओ, तत्थ गोसालो पुच्छति–तुब्भे

---

તે દિવસે તેઓનું જાગરણ હતું અને મહિલા સહિત તેઓ ગાતા હતા. આ જોઈ ગોશાળો બોલ્યો, "કમાલ છે ! આવો પણ સંન્યાસ કહેવાય છે જે આરંભ અને સ્ત્રીયુક્ત છે અને બધા સાથે મળી ગાય છે, વગાડે છે." આ સાંભળી સંન્યાસીઓએ ગોશાળાને દેવકુલમાંથી બહાર કાઢ્યો. તેથી મહામહિનાની બરફીલી ઠંડીને કારણે શરીરને સંકોચીને રહ્યો. આ જોઈને સંન્યાસીઓને દયા આવતા અનુકંપાથી તેને દેવકુલમાં પ્રવેશ આપ્યો.

પરંતુ ગોશાળો ઉપરોક્ત વચન ફરીથી બોલે છે જેથી ફરીવાર તેને બહાર કાઢ્યો. આ પ્રમાણે ત્રણવાર બહાર કાઢ્યો અને અંદર લાવ્યા. ત્યાર પછી તેઓએ કહ્યું કે, "જો અમારા માટે કંઈ બોલ્યો તો અમે તને કાઢી મૂકશું." ત્યાં અન્ય લોકો કહે છે કે, "આ દેવાર્યનો કોઈ પીઠમર્દક (માલિશકરનાર) અથવા છત્રધર લાગે છે. તેથી મૌન રહો અને તેઓ સર્વ વાજિંત્રો જોરજોરથી વગાડે છે જેથી કોઈને તેના શબ્દો સંભળાય નહિ. ॥૪૭૮॥

**ગાથાર્થ : શ્રાવસ્તી – મરેલા બાળકને જન્મ આપનાર શ્રીભદ્રા – પિતૃદત્ત – દૂધ – શિવદત્ત – દ્વારસ્થગન – નખ – વાળ – હરિદ્ર ગામ – પ્રતિમા – અગ્નિ – પથિકો.**

ટીકાર્થ : ભાવાર્થ કથાનકથી જાણીએ – ત્યાર પછી સ્વામી શ્રાવસ્તીનગરીમાં ગયા. નગરીની બહાર પ્રતિમામાં રહ્યા. ત્યાં ગોશાળાએ પૂછ્યું કે, "ભિક્ષા લેવા તમે આવો છો ?" તેથી સિદ્ધાર્થે

---

१९. च स्वल्पबिन्दु शीतं पतति, तेषां च तद्दिवसे जागरणं, ते समहिला गायन्ति, तत्र गोशालो भणति-ईदृशोऽपि नाम पाषण्डो भण्यते सारम्भः समहिलश्च, सर्वे चैकत्र गायन्ति वादयन्ति च, तदा स तैर्निक्षिप्तः, स तत्र माघमासे तेन शीतेन सतुषारेण तिष्ठति संकुचितः, तैरनुकम्पयद्भिः पुनरप्यानीतः, पुनरपि भणति-पुनरपि नीतः, एवं त्रीन् वारान् बहिर्निक्षिप्त आनीतश्च, ततो भणति-यदि वयं स्फुटं भणामः तदा निष्काश्यामहे, तत्रान्यैर्भण्यते-एष देवार्यस्य कोऽपि पीठमर्दवाहकश्छत्रधरो वा भविष्यति ततः तूष्णीकास्तिष्ठत, सर्वातोद्यानि वादयत यथा तस्य शब्दो न श्रूयते । १. ( श्रावस्ती श्रीभद्रा निन्दुः पितृदत्तः पायसं शिवदत्तः । द्वारमग्निः नखा वाला हरिद्रः प्रतिमा अग्निः पथिकाः ॥४७९॥ ) २. ततः स्वामी श्रावस्तीं गतः, तत्र स्वामी बहिः प्रतिमां स्थितः, तत्र गोशालः पृच्छति-यूयं

[3]अतीह ?, सिद्धत्थो भणति–अज्ज अम्हं अंतरं, सो भणति-अज्ज अहं किं लभिहामि आहारं ?, ताहे सिद्धत्थो भणइ-तुमे अज्ज माणुसमंसं खाइअव्वंति, सो भणति–तं अज्ज जेमेमि जत्थ मंससंभवो नत्थि, किमंग पुण माणुसमंसं ?, सो पहिंडिओ । तत्थ य सावत्थीए नयरीए पिउदत्तो णाम गाहावई, तस्स सिरिभद्दा नाम भारिआ, सा य णिंदू, णिंदू नाम मरंतवियाइणी, सा सिवदत्तं नेमित्तिअं पुच्छइ-किहवि मम पुत्तभंडं जीविज्जा ?, सो भणति-जो सुतवस्सी तस्स तं गब्भं सुसोधितं रंधिऊण पायसं करेत्ता ताहे देह, तस्स य घरस्स अण्णओ हुत्तं दारं करेज्जासि, मा सो जाणित्ता डहिहिति, एवं ते थिरा पया भविस्सइ, ताए तहा कयं, गोसालो य हिंडंतो तं घरं पविट्ठो, तस्स सो पायसो महुघयसंजुत्तो दिण्णो, तेण चिंतिअं–एत्थ मंसं कओ भविस्सइत्ति ? ताहे तुट्ठेण भुत्तं, गंतुं भणति-चिरं ते णेमित्तियत्तणं करेंतस्स अज्जंसि णवरि फिडिओ, सिद्धत्थो

જવાબ આપ્યો, – "આજે મારે ઉપવાસ છે." ગોશાળાએ ફરી પૂછ્યું, "આજે હું ભિક્ષામાં કયો આહાર પ્રાપ્ત કરીશ ?" ત્યારે સિદ્ધાર્થે કહ્યું, – "તમારે આજે મનુષ્યનું માંસ ખાવું પડશે." તેણે કહ્યું – "તો આજે હું એવા સ્થાને જમીશ કે જયાં માંસનો સંભવ જ ન હોય, તો પછી મનુષ્યના માંસની તો વાત જ ક્યા રહી." આમ કહી તે નીકળ્યો.

તે શ્રાવસ્તીનગરીમાં પિતૃદત્તનામે એક ગાથાપતિ (ગામનો મુખી) હતો. તેને શ્રીભદ્રા નામે પત્ની હતી પણ તે નિંદુ હતી. નિંદુ એટલે મરેલા બાળકને જન્મ આપનારી. તે એકવાર શિવદત્તનામના નૈમિત્તિકને પૂછે છે કે,– "કયા ઉપાયથી મારું બાળક જીવે ?" તેણે કહ્યું, – "જે સારો તપસ્વી હોય તેને, જે ગર્ભ મરેલો ઉત્પન્ન થાય તે ગર્ભ સારી રીતે સંસ્કારિત કરી રાંધીને તેની ખીર બનાવી તે ખીર ખાવા આપવી, અને તારા ઘરનું દ્વાર બીજી બાજુ કરવું, જેથી તે જાણીને તારા ઘરને બાળે નહિ, આમ કરવાથી તારી પ્રજા (બાળકો) સ્થિર થશે."

શ્રીભદ્રાએ નૈમિત્તિકના કહેવા પ્રમાણે કર્યું. (માંસની ખીર બનાવી.) આ બાજુ ગોશાળો ફરતો–ફરતો તે ઘરમાં આવ્યો. તેને તે મધુ–ઘૃતથી યુક્ત ખીર આપી. ત્યારે ગોશાળાએ વિચાર્યું – "આમાં માંસ કેવી રીતે હોઈ શકે ?" આમ વિચારી પ્રસન્નતાપૂર્વક તેણે તે ખીર ખાધી. આવીને સિદ્ધાર્થને કહ્યું, – "તમે લાંબાકાળથી નૈમિત્તિકપણું કરો છો, પરંતુ આજે તમે ખોટા

३. चलत ?, सिद्धार्थो भणति–अद्यास्माकमभक्तार्थः, स भणति-अद्याहं किं लप्स्ये आहारम् ?, तदा सिद्धार्थो भणति-त्वयाद्य मनुष्यमांसं खादितव्यमिति, स भणति-तद् अद्य जेमामि यत्र मांससंभवो नास्ति, नाम किमङ्ग पुनर्मनुष्यमांसं ?, स प्रहिण्डितः । तत्र च श्रावस्त्यां नगर्यां पितृदत्तो नाम गाथापतिः, तस्य श्रीभद्रा नाम भार्या , सा च निन्दुः, निन्दुर्नाम म्रियमाणप्रजनिका, सा शिवदत्तं नैमित्तिकं पृच्छति-कथमपि मम पुत्रभाण्डं जीवेत् ?, स भणति-यः सुतपस्वी तस्मै तं गर्भं सुशोधितं रन्धयित्वा पायसं कृत्वा तदा देहि, तस्य च गृहस्यान्यतो भूतं द्वारं कुर्याः, मा स ज्ञात्वा धाक्षीत् इति, एवं तव स्थिरा प्रजा भविष्यति, तया तथा कृतं, गोशालश्च हिण्डमानः तद्गृहं प्रविष्टः, तस्मै तत्पायसं मधुघृतसंयुक्तं दत्तं, तेन चिन्तितम्-अत्र मांसं कुतो भविष्यति इति, तदा तुष्टेन भुक्तं, गत्वा भणति-चिरं तव नैमित्तिकत्वं कुर्वतोऽद्यासि परं स्फिटितः, सिद्धार्थो

[४]भणइ-न विसंवयति, जइ न पत्तियसि वमाहि, वमियं दिट्ठा नक्खा विकूइए अवयवा य, ताहे रुट्ठो तं घरं मग्गइ, तेहिवि तं बारं ओहाडियं, तं तेण न जाणति, आहाडिओ करेइ, जाहे न लभइ ताहे भणति-जइ मम धम्मायरियस्स तवतेओ अत्थि तओ डज्झउ, ताहे सव्वा दड्ढा बाहिरिआ । ताहे सामी हलिद्दुगो नाम गामो तं गओ, तत्थ महप्पमाणो हलिद्दुगरुक्खो, तत्थ सावत्थीओ णगरीओ निग्गच्छंतो पविसंतो य तत्थ वसइ जणवओ सत्थनिवेसो, सामी तत्थ पडिमं ठिओ, तेहिं सत्थेहिं रत्तिं सीयकालए अग्गी जालिओ, ते वड्डे पभाए उट्ठेत्ता गया, सो अग्गी तेहिं न विज्झाविओ, सो डहंतो सामिस्स पासं गओ, सो सामी परितावेइ, गोसालो भणति-भगवं ! नासह, एस अग्गी एइ, सामिस्स पाया दड्ढा, गोसालो नट्ठो—

**तत्तो य णंगलाए डिंभ मुणी अच्छिकड्ढणं चेव ।**

---

પડ્યા." સિદ્ધાર્થે કહ્યું – "મારું વચન ખોટું પડે નહિ, જો તને વિશ્વાસ ન હોય તો તું ઊલટી કર." તેણે ઊલટી કરી. તેમાં તેણે નખો અને વિકૃત અવયવો જોયા. તેથી ગુસ્સે થયેલો તે ઘરને શોધવા લાગ્યો.

આ બાજુ પતિ–પત્નીએ તે દ્વાર બદલી નાંખ્યું. તેથી તે ઘરને ગોશાળો ઓળખી શકતો નથી. આવ–જાવ (आहाडिओ) કરે છે, જ્યારે તેને તે ઘર મળતું નથી ત્યારે તે બોલે છે – "જો મારા ધર્માચાર્યના તપનો પ્રભાવ હોય તો તે ઘર બળી જાઓ." તેથી તે સર્વ બહારનો પ્રદેશ બળી ગયો. ત્યાર પછી સ્વામી હરિદ્રકનામના ગામમાં ગયા. ત્યાં મોટું હરિદ્રકવૃક્ષ હતું. ત્યાં શ્રાવસ્તીનગરીથી જતાં – આવતાં લોકોનો અને સાર્થનો રહેવાસ હતો. ત્યાં સ્વામી પ્રતિમા સ્વીકારી રહ્યા. તે સાર્થના લોકોએ શીતકાળ હોવાથી ત્યાં રાત્રિમાં અગ્નિ સળગાવ્યો. પ્રભાત થતાં તે લોકો ઊઠીને જતાં રહ્યા, પણ તે અગ્નિ બુઝાવ્યો નહિ. તે અગ્નિ બળતો–બળતો સ્વામી પાસે પહોંચ્યો. તેનાથી સ્વામી પીડા પામે છે. ત્યારે ગોશાળો કહે છે – "ભગવન્ ! ભાગો, આ અગ્નિ આવે છે." સ્વામીના પગ બળ્યા અને ગોશાળો ભાગી ગયો. ॥૪૭૯॥

**ગાથાર્થ :** ત્યાર પછી સ્વામી નંગલાગામમાં ગયા – બાળક – પિશાચરૂપ – આંખોનું

---

४. भणति-न विसंवदति, यदि न प्रत्येषि वम, वान्तं दृष्टा नखा विकिरता अवयवाश्च, तदा रुष्टस्तद्गृहं मार्गयति, ताभ्यां अपि तद्द्वारं स्फेटितं, तत्तेन न जानाति, आधाटीः करोति, यदा न लभते तदा भणति-यदि मम धर्माचार्यस्य तपस्तेजोऽस्ति तदा दह्यतां, तदा सर्वा दग्धा बाहिरिका । तदा स्वामी हरिद्राको नाम ग्रामः तं गतः, तत्र महत्प्रमाणो हरिद्रको वृक्षः, तत्र श्रावस्तीतो नगर्या निर्गच्छन् प्रविशंश्च तत्र वसति जानपदः सार्थनिवेशः, स्वामी तत्र प्रतिमां स्थितः, तैः सार्थिकै रात्रौ शीतकालेऽग्निर्ज्वालितः, ते बृहति प्रभाते उत्थाय गताः, सोऽग्निस्तैर्न विध्यातः, स दहन् स्वामिनः पार्श्वं गतः, स स्वामिनं परितापयति, गोशालो भणति-भगवन्तः ! नश्यत एषोऽग्निरायाति, स्वामिनः पादौ दग्धौ, गोशालो नष्टः । ततश्च नङ्गलायां डिम्भाः मुनिः अक्षिकर्षणं ( विकृतिः ) चैव ।

आवत्ते[५] मुहतासे मुणिओत्ति अ बाहि बलदेवो ॥४८०॥

ततो सामी नंगला नाम गामो, तत्थ गतो, सामी वासुदेवघरे पडिमं ठिओ, तत्थ गोसालोऽवि ठिओ, तत्थ य चेडरूवाणि खेलंति, सोऽवि कंदप्पिओ ताणि चेडरूवाणि अच्छीणि कड्ढिऊण बीहावेइ, ताहे ताणि धावंताणि पडंति, जाणूणि य फोडिज्जंति, अप्पेगइयाणं खुंखुणगा भज्जंति, पच्छा तेसिं अम्मापियरो आगंतूण तं पिट्टंति, पच्छा भणंति-देवज्जगस्स एसो दासो नूणं न ठाति ठाणे, अण्णे वारेंति-अलाहि, देवज्जयस्स खमियव्वं । पच्छा सो भणाति-अहं हम्मामि, तुब्भे न वारेह, सिद्धत्थो भणाति-न ठासि तुमं एक्कलो अवस्स पिट्टिज्जसि, ततो सामी आवत्तानाम गामो तत्थ गतो, तत्थवि सामी पडिमं ठिओ बलदेवघरे, तत्थ मुहमक्कडिआहिं भेसवेइ,

---

કાઢવું – આવર્ત ગામ – વિકૃતમુખવડે ત્રાસ – "પિશાચ છે" એમ જાણી લોકો સ્વામીપાસે આવ્યા – બળદેવ.

**ટીકાર્થ :** હરિદ્રકગામથી નીકળી પ્રભુ નંગલાગામમાં આવ્યા. ત્યાં વાસુદેવના ઘરમાં (દેવાલયમાં) પ્રતિમામાં રહ્યા. ત્યાં ગોશાલો પણ રહ્યો. આજુબાજુ બાળકો રમતા હતા. ત્યારે તે કાંદર્પિક (મજાક કરવાના સ્વભાવવાળો) ગોશાળો આંખો કાઢીને બાળકોને ડરાવે છે. તેથી તે બાળકો દોડતાં દોડતાં પડી જાય છે, ઘુંટણ ભાંગે છે. કેટલાક છોકરાઓને નાકની નસકોરીઓ (खुंखुणगा) ફૂટે છે. પાછળથી બાળકોના માતા–પિતા આવીને ગોશાળાને પીટે છે.

કેટલાક કહે છે કે – "આ દેવાર્યનો આ દાસ લાગે છે' પણ એક સ્થાને રહેતો નથી." ત્યારે કેટલાક વારે છે – "જવા દો, આ દેવાર્યનો દાસ હોવાથી ક્ષમાપાત્ર છે માફ કરી દો." પછી ગોશાળો પ્રભુને જઈ કહે છે કે "લોકો મને મારે છે અને તમે કોઈને અટકાવતાં નથી." સિદ્ધાર્થે કહ્યું – "તું એક સ્થાને સરખો કેમ રહેતો નથી. તેથી અવશ્ય માર ખાઈશ." ત્યાર પછી સ્વામી આવર્તનામના ગામમાં ગયા. ત્યાં સ્વામી બળદેવના દેવાલયમાં પ્રતિમામાં રહ્યા. ત્યાં પણ ગોશાળો મુખના મર્કટાદિવડે (વાંદરા જેવું મુખ કરવાવડે) બાળકોને બીવરાવે છે અને તેઓને મારે છે.

---

५. आवर्त्ते मुखत्रासः मुणितः (पिशाचः) इति च बहिर्बलदेवः ॥४८०॥ ततः स्वामी नङ्गला नाम ग्रामस्तत्र गतः, स्वामी वासुदेवगृहे प्रतिमां स्थितः, तत्र गोशालोऽपि स्थितः, तत्र च चेटरूपाणि क्रीडन्ति, सोऽपि कान्दर्पिकः तानि चेटरूपाणि अक्षिणी कर्षयित्वा (विकृत्य) भापयति, तदा तानि धावन्ति पतन्ति जानूनि च स्फुटन्ति, घुर्घुरका (गुख्का) अप्येककानां भज्यन्ते, पश्चात् तेषां मातापितरौ आगत्य तं पिट्टतः, पश्चात् भणतः-देवार्यस्य एष दासो नूनं न तिष्ठति स्थाने, अन्ये वारयन्ति, अलं, देवार्यस्य क्षमितव्यं । पश्चात्स भणति-अहं हन्ये यूयं न वारयत, सिद्धार्थो भणति-न तिष्ठसि त्वमेकाकी अवश्यं पिट्टिष्यसे, ततः स्वामी आवर्त्ता नाम ग्रामस्तत्र गतः, तत्रापि स्वामी प्रतिमां स्थितः बलदेवगृहे, तत्र मुखमर्कटिकाभिर्भापयति,

[६] पिट्टेतिवि, ततो ताणि चेडरूवाणि रूवंताणि अम्मापिऊणं साहंति, तेहिं गंतूण घेच्चिओ, मुणिओत्तिकाउं मुक्को, मुणिओ-पिसाओ, भणंति य-किं एएण हएणं ?, एयं से सामिं हणामो जो एयं न वारेइ, ततो सा बलदेवपडिमा हलं बाहुणाऽहिक्खिविऊणं उट्ठिआ, तत्तो ताणि य पायपडियाणि सामिं खामेंति—

**चोरा मंडव भोज्जं गोसालो वहण तेय झामणया ।**
**मेहो य कालहत्थी कलंबुयाए उ उयसग्गा ॥४८१॥**

ततो सामी चोरायं नाम संणिवेसं गओ, तत्थ गोट्ठिअभत्तं रज्झइ पच्चति य, तत्थ य भगवं पडिमं ठिओ, गोसालो भणति-अज्ज एत्थ चरियव्वं, सिद्धत्थो भणइ-अज्ज अम्हे अच्छामो, सोऽवि तत्थ णिउड्डुक्कुडियाए पलोएइ-किं देसकालो न वत्ति, तत्थ चोरभयं, ताहे ते जाणंति-

---

તેથી તે બાળકો રડતા–રડતા પોતાના માતા–પિતાને કહે છે. માતા–પિતાઓએ આવીને ગોશાળાને માર્યો. પરંતુ આ પિશાચ છે (ગાંડો લાગે છે) એમ વિચારી છોડી દીધો. અહીં "मुणिओ" એટલે પિશાચ અર્થ જાણવો. તેઓ કહે છે – "આને મારવાથી શું, તેના કરતા આના આ સ્વામીને જ મારીએ કે જે આને રોકતા નથી." (આમ વિચારી બધા ભગવાનને મારવા આવે છે ત્યારે ભગવાન બળદેવના દેવાલયમાં પ્રતિમામાં સ્થિર હોય છે તે વખતે લોકોના આવવાથી) તે બળદેવની પ્રતિમા બાહુવડે હળને ઊંચકીને ઊભી થઈ. તેને જોઈ લોકો સ્વામીના પગમાં પડીને ક્ષમા માગે છે. ॥૪૮૦॥

**ગાથાર્થ : ચોરાકસન્નિવેશ – મંડપ – ભોજ્ય – ગોશાળો – વધ – અગ્નિવડે મંડપનું બાળવું – કલંબુકાનગરીમાં મેઘ અને કાળહસ્તી બે ભાઈઓ – ઉપસર્ગો.**

**ટીકાર્થ :** કથાનક – ત્યાર પછી સ્વામી ચોરાકસન્નિવેશમાં ગયા. તે ગામમાં કોઈ મંડપમાં ગોષ્ઠિકભક્ત (સામૂહિક ભોજન) રંધાતું અને પકાવાતું હતું. ભગવાન ત્યાં પ્રતિમામાં રહ્યા. ગોશાળાએ કહ્યું કે "આજે અહીં (ગોષ્ઠિભોજનમાં) ભિક્ષામાટે જઈએ." સિદ્ધાર્થે કહ્યું – "આજે હું અહીં જ રહું છું. (અર્થાત્ આજે મારે ઉપવાસ છે)" તે ગોશાળો ઊંચો–[H]નીચો વળીને (**णिउड्डुक्कुडियाए**) જુએ છે કે "ભિક્ષાવેળા થઈ કે નહિ ?" ત્યાં ચોરનો ભય હતો. ત્યારે સામૂહિક ભોજન બનાવનારા લોકો વિચારે છે કે "આ વ્યક્તિ વારંવાર અહીં જોયા કરે છે,

---

६. पिट्ट्यतेऽपि, ततस्तानि चेटरूपाणि रुदन्ति अम्बापित्रोः कथयन्ति, ताभ्यां गत्वा पिट्टितः, मुणित इतिकृत्वा मुक्तः, मुणितः-पिशाचः, भणतश्च–किमेतेन हतेन ? एनमस्य स्वामिनं हन्वः य एनं न वारयति, ततः सा बलदेवप्रतिमा हलं बाहुनाऽभिक्षिप्योत्थिता ततः ते पादपतिताः स्वामिनं क्षमयन्ति ( चोराकः मण्डपः भोज्यं गोशालो हननं तेजः दाहः । मेघश्च कालहस्ती कलम्बुकायां तूपसर्गाः ॥४८१॥ ) ततः स्वामी चोराकं नाम सन्निवेशं गतः, तत्र गोष्ठिकभक्तं राध्यते पच्यते च, तत्र च भगवान् प्रतिमां स्थितः, गोशालो भणति-अद्यात्र चरितव्यं, सिद्धार्थो भणति-अद्य वयं तिष्ठामः, सोऽपि तत्र निकृत्युत्कटतया प्रलोकयति-किं देशकालो न वेति, तत्र च चौरभयं, तदा ते जानन्ति-

[७] एस पुणो पुणो पलोएइ, मण्णे-एस चारिओ होज्जत्ति, ताहे सो घेत्तूण निसट्टं हम्मइ, सामी पच्छण्णे अच्छइ, ताहे गोसालो भणति-मम धम्मायरियस्स जइ तवो अत्थि तो एस मंडवो डज्झउ, डड्ढो । ततो सामी कलंबुगा नाम सण्णिवेसो तत्थ गओ, तत्थ पच्चंतिआ दो भायरो-मेहो कालहत्थी य, सो कालहत्थी चोरेहिं समं उद्धाइओ, इमे य पुव्वे अग्गे पेच्छइ, ते भणंति-के तुब्भे ?, सामी तुसिणीओ अच्छइ, ते तत्थ हम्मंति, न य साहंति, तेण ते बंधिऊण महल्लस्स भाउअस्स पेसिआ, तेण जं भगवं दिट्ठो तं उट्ठित्ता पूइओ खामिओ य, तेण कुंडग्गामे सामी दिट्ठपुव्वो—

लाढेसु य उवसग्गा घोरा पुण्णाकलसा य दो तेणा ।
वज्जहया सक्केणं भद्दिअ वासासु चउमासं ॥४८२॥

---

એવું લાગે છે કે આ ચોર હોવો જોઈએ" એમ વિચારી તેઓ ગોશાળાને પકડી ઘણો માર મારે છે. ત્યારે સ્વામી ગુપ્તસ્થાને રહ્યા હોય છે. તે વખતે ગોશાળો કહે છે કે – "જો મારા ધર્માચાર્યના તપનો પ્રભાવ હોય તો આ મંડપ બળી જાઓ." તે મંડપ બળી ગયો. ત્યાર પછી સ્વામી કલંબુકસંનિવેશમાં જાય છે. ત્યાં સીમાના પ્રદેશમાં રહેનારા એવા બે ભાઈઓ મેઘ અને કાળહસ્તિ હતા. તેમાં તે કાળહસ્તિ ચોરોની સાથે બહાર નીકળ્યો. સામેથી ભગવાન અને ગોશાળાને આવતા જુએ છે. તેથી તે પૂછે છે કે "તમે કોણ છો ?" ત્યારે ભગવાન મૌન રહે છે. માટે બંનેને તે કાળહસ્તી મારે છે. પરંતુ બંને જણા પોતાનો પરિચય આપતા નથી. તેથી તે બંનેને બાંધીને કાળહસ્તી મોટાભાઈ પાસે મોકલે છે. મેઘનામના મોટા ભાઈએ કુંડગ્રામમાં (ક્ષત્રિયકુંડમાં) ભગવાનને પહેલા જોયા હતા. તેથી જ્યારે બંનેને બાંધીને મોટાભાઈ પાસે લાવવામાં આવે છે ત્યારે મેઘે ભગવાનને જોતા જ ઊભા થઈ ભગવાનની પૂજા કરી અને ક્ષમા માગી. ॥૪૮૧॥

**ગાથાર્થ :** લાટનામના અનાર્યદેશમાં ઘોર ઉપસર્ગો થયા, – પૂર્ણકળશનામનું ગામ – બે ચોરો શક્રવડે વજ્રથી હણાયા – ભદ્રિકાનગરી – ત્યાં ચોમાસામાં ચાતુર્માસિક તપ.

**ટીકાર્થ :** ભાવાર્થ કથાનકથી જાણીએ – ત્યાર પછી સ્વામી વિચારે છે કે "મારે હજુ ઘણાં

---

७. एष पुनः पुनः प्रलोकयति, मन्ये एष चौरो भवेत् इति, तदा स गृहीत्वाऽत्यन्तं हन्यते, स्वामी प्रच्छन्ने तिष्ठति, तदा गोशालो भणति-मम धर्माचार्यस्य यदि तपोऽस्ति तदैष मण्डपो दह्यतां, दग्धः । ततः स्वामी कलम्बुका नाम संनिवेशः तत्र गतः, तत्र प्रत्यन्तिकौ द्वौ भ्रातरौ-मेघः कालहस्ती च, स कालहस्ती चौरैः सममुद्धावितः, इमौ चाग्रतः पूर्वं प्रेक्षते, ते भणन्ति-कौ युवां ?, स्वामी तूष्णीकस्तिष्ठति, तौ तत्र हन्येते, न च कथयतः, तेन तौ बद्ध्वा महते भ्रात्रे प्रेषितौ, तेन च यद् भगवान् दृष्टः तदुत्थाय पूजितः क्षमितश्च, तेन कुण्डग्रामे स्वामी दृष्टपूर्वः लाढेषु च उपसर्गाः घोराः पूर्णकलशश्च द्वौ स्तेनौ । वज्रहतौ शक्रेण भद्रिका वर्षायां चतुर्मासी ॥४८२॥)

ततो सामी चिंतेइ–बहुं कम्मं निज्जरेयव्वं, लाढाविसयं वच्चामि, ते अणारिया, तत्थ निज्जरेमि, तत्थ भगवं अच्छारियादिट्ठंतं हियए करेइ । ततो पविट्ठो लाढाविसयं कम्मनिज्जरातुरिओ, तत्थ हीलणनिंदणाहिं बहुं कम्मं निज्जरेइ, पच्छा ततो णीइ । तत्थ पुण्णकलसो नाम अणारियग्गामो, तत्थंतरा दो तेणा लाढाविसयं पविसिउकामा, अवसउणो एयस्स वहाए भवउत्तिकट्टु असिं कड्ढिऊण सीसं छिंदामत्ति पहाविआ, सक्केण ओहिणा आभोइत्ता दोऽवि वज्जेण हया । एवं विहरंता भद्दिलनयरिं पत्ता, तत्थ पंचमो वासारत्तो, तत्थ चाउम्मासियखमणेणं अच्छति, विचित्तं च तवोकम्मं ठाणादीहिं ।

કર્મો ખપાવવાના છે, તેથી લાટદેશમાં જાઉં, તે અનાર્યદેશો છે ત્યાં કર્મોની નિર્જરા કરું." તે સમયે ભગવાન અત્થારિક (લણણીકરનાર મજૂર)નું દૃષ્ટાંત હૃદયમાં કરે છે.

(મજૂરનું દૃષ્ટાંત આ પ્રમાણે જાણવું[ii]– કોઈક ગામમાં કોઈક ખેડૂત ઊગેલા પુષ્કળ ધાન્યને લણવા ઈચ્છતો હતો. પરંતુ તેણે વિચાર્યું કે – "જો હું આ ધાન્યને જાતે લણીશ તો ઘણો કાળ વ્યતીત થશે, તેથી જો હું મજૂરોને આ કામે લગાડીશ તો અલ્પકાળમાં ધાન્ય લણાઈ જશે." આ જ રીતે ભગવાને પણ વિચાર્યું કે, "જો હું અહીં આર્યદેશોમાં વિચરીશ તો મારા અશુભ કર્મો જલદી ખપશે નહિ, તેના કરતા જો અનાર્યદેશમાં જઈશ તો ત્યાંના અનાર્યલોકોની સહાયથી દીર્ઘકાળથી ભોગવવા યોગ્ય કર્મ સ્વલ્પ કાળમાં ભોગવાઈ જશે". આ રીતે મજૂરોનું દૃષ્ટાંત મનમાં કરે છે.)

ત્યાર પછી ભગવાન લાટદેશમાં કર્મનિર્જરામાટે પ્રવેશ્યા. ત્યાં ભગવાનના હીલના–નિંદાદિવડે ઘણાં કર્મો ખપી ગયા. પછી ત્યાંથી નીકળી ગયા. ત્યાં પૂર્ણકળશનામનું અનાર્ય ગામ હતું, પરંતુ વચ્ચે રસ્તામાં બે ચોરો લાટદેશમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળા હોય છે. સામે ભગવાનને જોવાથી "આ અપશકુન તેના વધમાટે થાઓ." એમ વિચારી તલવાર ખેંચી "મસ્તક કાપી નાંખીએ" એમ વિચારીને દોડ્યા. તે સમયે શક્રે અવધિવડે જાણીને વજ્રદ્વારા બંને ચોરોને મારી નાંખ્યા. આ રીતે વિચરતા ભગવાન ભદ્રિકાનગરીમાં પહોંચ્યા. ત્યાં ભગવાને પાંચમુ ચોમાસુ કર્યું. તેમાં ચાતુર્માસિક તપવડે ચોમાસુ રહે છે. આ તપ દરમિયાન પ્રભુએ સ્થાનાદિ વિવિધ તપ કર્યો. (સ્થાન એટલે ઉત્કટુક આસન.)

८. ततः स्वामी चिन्तयति–बहु कर्म निर्जरयितव्यं, लाढाविषयं व्रजामि, तेऽनार्याः, तत्र निर्जरयामि, तत्र भगवान् लावकदृष्टान्तं हृदये करोति । ततः प्रविष्टो लाढाविषयं कर्मनिर्जरात्वरितः, तत्र हीलननिन्दनाभिर्बहु कर्म निर्जरयति, ततः पश्चात् निर्गच्छति । तत्र पूर्णकलशो नामार्यग्रामः, तत्रान्तरा द्वौ स्तेनौ लाढाविषयं प्रवेष्टुकामौ, अपशकुन एतस्य वधाय भवत्वितिकृत्वाऽसिं कृष्ट्वा शीर्षं छिन्द्व इति प्रधावितौ, शक्रेणावधिनाभोग्य द्वावपि वज्रेण हतौ । एवं विहरन्तौ भद्रिकानगरीं प्राप्तौ, तत्र पञ्चमो वर्षारात्रः, तत्र चतुर्मासक्षपणेन तिष्ठति, विचित्रं च तपःकर्म स्थानादिभिः ।

[१]कयलिसमागम भोयण मंखलि दहिकूर भगवओ पडिमा ।
जंबूसंडे गोट्ठी य भोयणं भगवओ पडिमा ॥४८३॥

ततो बाहिं पारेत्ता विहंरतो गओ, कयलिसमागमो नाम गामो, तत्थ सरयकाले अच्छरियभत्ताणि दहिकूरेण निसट्ठं दिज्जंति, तत्थ गोसालो भणति-वच्चामो, सिद्धत्थो भणति-अम्ह अंतरं, सो तहिं गओ, भुंजइ दहिकूरं सो, बहिफोडो न चेव धाइ, तेहिं भणियं-वड्डं भायणं करंबेह, करंबियं, पच्छा न नित्थरइ, ताहे से उवरिं छूढं, ताहे उक्किलंतो गच्छइ । ततो भगवं जंबूसंडं नाम गामं गओ, तत्थवि अच्छारियाभत्तं तहेव नवरं तत्थ खीरकूरे, तेहिवि तहेव धरिसिओ जिमिओ अ—

तंबाए नंदिसेणो पडिमा आरक्खि वहण भय डहणं ।
कूविय चारिय मोक्खे विजय पगब्भा य पत्तेअं ॥४८४॥

**ગાથાર્થ : કદલીસમાગમ નામનું ગામ – ભોજન – મંખલી – દધિકૂર – ભગવાનની પ્રતિમા – જંબૂખંડ – ગોષ્ઠિ – ભોજન – ભગવાનની પ્રતિમા.**

**ટીકાર્થ :** ભાવાર્થ કથાનકથી જાણીએ – ત્યાર પછી પ્રભુ ભદ્રિકાનગરીમાં કરેલ ચાતુર્માસિક તપનું પારણું નગરીની બહાર આવીને કરીને ત્યાંથી વિહાર કરી ગયા. ત્યાં કદલી સમાગમ નામનું ગામ હતું. તે ગામમાં શરદઋતુમાં લણણી કરતા મજૂર વગેરેને દહીંભાતવડે ઘણું (નિસટ્ઠં) ભોજન આપતા હતા (અર્થાત્ મજૂરોને ભોજનમાં દહીંભાત ખાવા આપતા). ત્યાં ગોશાળાએ કહ્યું – "ચલો, આજે અહીં ભિક્ષામાટે જઈએ." (ભગવાનના શરીરમાં પ્રવેશેલ) સિદ્ધાર્થે કહ્યું – "આજે મારે ઉપવાસ છે." એટલે ગોશાળો ત્યાં એકલો ગયો.

ત્યાં તે દહીંભાત ખાય છે. [(ii)]બહુ ખાનારો (बहिफोडो) તે સંતોષ પામતો નથી. તેથી ત્યાંના કર્મચારીઓએ કહ્યું, "મોટું ભાજન ભરીને દહીંભાત ભેગા કરો." કર્યા, પરંતુ હવે તે આટલું ખાવા સમર્થ બનતો નથી. તેથી વધેલું તે તેની ઉપર જ નાંખે છે. ત્યારે તે ગોશાળો [(iii)]કૂદકા મારતો મારતો જતો રહે છે. ત્યાર પછી ભગવાન જંબૂખંડનામના ગામમાં આવે છે. ત્યાં પણ મજૂરો માટે ભોજન અપાતું હોય છે. પરંતુ તે ભોજનમાં દૂધ–ભાત આપવામાં આવે છે. ત્યાં પણ તે કર્મચારીઓવડે ગોશાળો જમાડાયો અને પરાભૂત કરાયો. ॥૪૮૩॥

**ગાથાર્થ : તંબાકગ્રામમાં નંદિષેણ આચાર્ય – પ્રતિમા – આરક્ષક – વધ – ભય – બાળવું – કૂપિક – ચોર – મોક્ષ – વિજયા અને પ્રગલ્ભા – પ્રત્યેક.**

१. कदलीसमागमः भोजनं मङ्खलिर्दधिकूरः भगवतः प्रतिमा । जम्बूषण्डः गोष्ठी च ( गोष्ठीकः ) भोजनं भगवतः प्रतिमा ॥४८३॥ ) ततो बहिः पारयित्वा विहरन् गतः, कदलीसमागमो नाम ग्रामः, तत्र शरत्काले लावकभक्तं दधिकूरेणात्यन्तं दीयते, तत्र गोशालो भणति-व्रजावः, सिद्धार्थो भणति-अस्माकमभक्तार्थः, स तत्र गतः, भुङ्क्ते दधिकूरं, सोपधिस्फोटः न चैव ध्रायते, तैर्भणितं बृहद्भाजनं करम्बय, करम्बितं, पश्चान्न निस्तरति, तदा तस्योपरि क्षिप्तं, तदोत्कलन् गच्छति । ततो भगवान् जम्बूषण्डं नाम ग्रामं गतः, तत्रापि लावकभक्तं तथैव नवरं तत्र क्षीरकूरौ, तैरपि तथैव धर्षितो जेमितश्च ( ताम्रायां नन्दिषेणः प्रतिमा आरक्षकः हननं भयं दहनं । कूपिका चारिकः मोक्षः विजया प्रगल्भा च प्रत्येकम् ॥४८४॥ )

[१०]ततो भगवं तंबायं णाम गामं एइ, तत्थ नंदिसेणा नाम थेरा बहुस्सुआ बहुपरिवारा पासावच्चिज्जा, तेऽवि जिणकप्पस्स परिकम्मं करेंति, इमोऽवि बाहिं पडिमं ठिओ, गोसालो अतिगओ, तहेव पुच्छइ, खिंसति य, ते आयरिआ तद्दिवसं चउक्के पडिमं ठायंति, पच्छा तहिं आरक्खियपुत्तेण चोरोत्तिकाउं भल्लएण आहओ, ओहिणाणं, सेसं जहा मुणिचंदस्स, जाव गोसालो बोहेत्ता आगतो । ततो सामी कूपिअं नाम सण्णिवेसं गओ, तत्थ तेहिं चारियत्तिकाउं घिप्पंति बज्झंति पिट्टिज्जंति य । तत्थ लोगसमुल्लावो-अहो देवज्जओ रूवेण जोव्वणेण य अप्पतिमो चारिउत्तिकाउं गहिओ । तत्थ विजया पगब्भा य दोण्णि पासंतेवासिणीओ परिव्वाइयाओ लोयस्स मूले सोऊण-तित्थकरो पव्वइओ, वच्चामो ता पलोएमो, को जाणति ? होज्जा, ताहे ताहिं

ટીકાર્થ : કથાનક : ત્યાર પછી ભગવાન તંબાકનગરીમાં આવ્યા. ત્યાં બહુશ્રુત, બહુપરિવારવાળા પાર્શ્વસંતાનીય નંદિષેણનામના સ્થવિર આચાર્ય હતા. તેઓ પણ જિનકલ્પના પરિકર્મને કરતા હતા. સ્વામી બહાર પ્રતિમામાં રહ્યા. ગોશાળો ગામમાં ગયો. તે જ રીતે સાધુઓને જોઈ પૂછે છે (અર્થાત્ આગળ જેમ ગા. ૪૭૭માં મુનિચંદ્રસૂરિનો પ્રસંગ જોયો તે જ રીતે અહીં પણ સમજવું.) અને તેમની નિંદા કરે છે. તે દિવસે આચાર્ય ચારરસ્તે પ્રતિમા સ્વીકારી ઊભા રહે છે. ત્યાં આરક્ષક(કોટવાલ)નો પુત્ર આચાર્યને ચોર સમજીને ભાલાવડે મારે છે.

આચાર્યને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે વગેરે શેષ કથા મુનિચંદ્રસૂરિની જેમ જાણી લેવી. તે ત્યાં સુધી કે ગોશાળો સાધુઓને ઉઠાડીને પાછો આવ્યો. ત્યાર પછી સ્વામી કૂપિકનામના સન્નિવેશમાં ગયા. ત્યાં પણ આરક્ષકો તેમને ચોર સમજીને પકડે છે, બાંધે છે અને મારે છે. ત્યારે લોકોમાં વાત થાય છે કે, "અહો ! આ દેવાર્ય રૂપવડે અને યૌવનથી અપ્રતિમ છે. તેમને ચોર સમજી પકડ્યા છે."

હવે તે ગામમાં પાર્શ્વનાથભગવાનની પરંપરાની સાધ્વીઓ વિજયા અને પ્રગલ્ભા કે જેઓ પરિવ્રાજક બની હતી, તેઓએ લોકો પાસેથી "તીર્થંકરે દીક્ષા લીધી છે" એવું સાંભળીને (વિચાર કર્યો કે) આપણે ત્યાં જઈએ અને જોઈએ કોણ જાણે ? કદાચ તે જ હોય." આવીને જોયું, અને

१०. ततो भगवान् तम्बाकं नाम ग्रामं गच्छति, तत्र नन्दिषेणा नाम स्थविरा बहुश्रुता बहुपरिवाराः पार्श्वापत्याः, तेऽपि जिनकल्पस्य परिकर्म कुर्वन्ति, अयमपि बहिः प्रतिमया स्थितः, गोशालोऽतिगतः, तथैव पृच्छति, खिंसति च, ते आचार्यास्तद्दिवसे चतुष्के प्रतिमया अस्थुः, पश्चात्तत्रारक्षकपुत्रेण चौर इतिकृत्वा भल्लेनाहतः, अवधिज्ञानं, शेषं यथा मुनिचन्द्रस्य, यावद्गोशालो बोधयित्वाऽऽगतः । ततः स्वामी कूपिकासन्निवेशं गतः, तत्र तैश्चारिकावितिकृत्वा गृह्येते बध्येते पिट्ट्येते च । तत्र लोकसमुल्लापः–अहो देवार्यः रूपेण यौवनेन चाप्रतिमश्चारिक इतिकृत्वा गृहीतः । तत्र विजया प्रगल्भा च द्वे पार्श्वान्तेवासिन्यौ परिव्राजिके लोकस्य पार्श्वे श्रुत्वा-तीर्थकरः प्रव्रजितः, व्रजावस्तावत् प्रलोकयावः, को जानाति ? भवेत् (सः), तदा ताभ्यां

[११]मोइओ-दुरप्पा ! ण याणह चरमतित्थकरं सिद्धत्थरायपुत्तं, अज्ज भे सक्को उवालभहिइ, ताहे मुक्को खामिओ य । 'पत्तेयं' ति पिहिपीहीभूता सामी गोसालो य, कहं पुण ?, तेसिं वच्चंताणं दो पंथा, ताहे गोसालो भणति-अहं तुब्भेहिं समं न वच्चामि, तुब्भे ममं हम्ममाणं न वारेह, अविय-तुब्भेहिं समं बहूवसग्गं, अण्णं च-अहं चेव पढमं हम्मामिं, तओ एक्कल्लओ विहरामि, सिद्धत्थो भणति-तुमं जाणसि । ताहे सामी वेसालीमुहो पयाओ, इमो य भगवओ फिडिओ अण्णाओ पट्ठिओ, अंतरा य छिण्णट्ठाणं, तत्थ चोरो रुक्खविलग्गो ओलोएति, तेण दिट्ठो, भणति-एक्को नग्गओ समणओ एइ, ते य भणंति-एसो न य बीहेइ नत्थि हरियव्वंति, अज्ज से नत्थि फेडओ, जं अम्हे परिभवति–

---

તીર્થંકરને છોડાવ્યા. તથા કહ્યું કે "હે દુરાત્મા ! તમે સિદ્ધાર્થરાજાના પુત્ર, ચરમતીર્થંકરને જાણતા નથી, આજે શક્ર તમને ઠપકો આપશે." આ સાંભળી આરક્ષકોએ પ્રભુને છોડ્યા અને ક્ષમા માગી.

મૂળગાથામાં "પત્તેયં" શબ્દ છે તેનો અર્થ એ કે ત્યાર પછી સ્વામી અને ગોશાળો છૂટા પડ્યા. કેવી રીતે છૂટા પડ્યા ? તે કહે છે – ત્યાંથી વિહાર કરતા વચ્ચે બે માર્ગ આવ્યા. ત્યારે ગોશાળો ભગવાનને કહે છે, "હું તમારી સાથે આવીશ નહિ, લોકો મને મારતા હોય ત્યારે તમે મારું રક્ષણ કરતા નથી. વળી તમારી સાથે રહેતા ઘણાં ઉપસર્ગો આવે છે. અને તેમાં પ્રથમ મને જ માર પડે છે તેથી હવે હું એકલો વિચરીશ." ત્યારે સિદ્ધાર્થે કહ્યું – "તું જાણે (અર્થાત્ તારી જેવી ઇચ્છા)." ત્યાર પછી ભગવાન વૈશાલી તરફના માર્ગમાં આગળ વધ્યા. અને ગોશાળો ભગવાનથી છૂટો પડેલો બીજા માર્ગે આગળ વધ્યો.

આગળ જતા છિન્નસ્થાન આવ્યું. (છિન્નસ્થાન એટલે [iii]એવું સ્થાન કે જ્યાં ચોરાદિનો ભય હોવાથી કોઈ મુસાફર ત્યાં જાય નહિ.) ત્યાં એક ચોર વૃક્ષ ઉપર છુપાઈને બેઠેલો છતો ચારેબાજુ નજર નાંખતો હતો. તેણે જોયું કે દૂરથી કોઈ આવે છે એટલે તેણે પોતાના સાથીદારોને જઈને કહ્યું, "કોઈ નગ્ન સાધુ આવી રહ્યો છે." સાથીદારોએ કહ્યું કે "ચોરવા યોગ્ય કોઈ વસ્તુ તેની પાસે નથી તેથી તે ડરતો નથી. વળી તેને છોડાવનાર પણ કોઈ નથી કે જે આપણો પરાભવ કરે." ॥૪૮૪॥

---

११. मोचितः-दुरात्मन् ! न जानीषे ( दुरात्मानः ! न जानीध्वं ) चरमतीर्थकरं सिद्धार्थराजपुत्रं, अद्य भवद्भ्यः शक्र उपालप्स्यति, तदा मुक्तः क्षमितश्च । 'प्रत्येक' मिति पृथक् पृथग्भूतौ स्वामी गोशालश्च, कथं पुनः ?, तयोर्व्रजतोः द्वौ पन्थानौ, तदा गोशालो भणति-अहं भवद्भिः समं न व्रजामि, यूयं मां हन्यमानं न वारयत, अपिच-भवद्भिः समं बहूपसर्गं, अन्यच्च अहमेव प्रथमं हन्ये, तत एकाकी विहरामि, सिद्धार्थो भणति-त्वं जानीषे । तदा स्वामी विशालामुखः प्रस्थितः ( प्रयातः ), अयं च भगवतः स्फिटितोऽन्यतः प्रस्थितः, अन्तरा च छिन्नस्थानं, तत्र चौरो वृक्षविलग्नोऽवलोकयति, तेन दृष्टो, भणति-एको नग्नः श्रमणक एति, ते च भणन्ति-एष नैव बिभेति नास्ति हर्त्तव्यमिति, अद्य तस्य नास्ति स्फेटकः, यदस्मान् परिभवति ।

[१२] तेणेहि पहे गहिओ गोसालो माउलोत्ति वाहणया ।
भगवं वेसालीए कम्मार घणेण देविंदो ॥४८५॥

आगओ पंचहिवि सएहिं वाहिओ माउलत्तिकाऊणं, पच्छा चिंतेइ-वरं सामिणा समं, अविय-कोइ मोएइ सामिं, तस्स निस्साए मोयणं भवइ, ताहे सामिं मग्गिउमारद्धो । सामीवि वेसालिं गओ, तत्थ कम्मकरसालाए अणुण्णवेत्ता पडिमं ठिओ, सा साहारणा, जे साहीणा तत्थ ते अणुण्णविआ । अण्णदा तत्थेगो कम्मकरो छम्मासपडिलग्गओ आढत्तो सोहणतिहिकरणे, आउहाणि गहाय आगओ, सामिं च पासइ, अमंगलंति सामिं आहणामित्ति पहाविओ घणं उग्गिरिऊणं, सक्केणय ओही पउत्तो, जाव पेच्छइ, तहेव निमिसंतरेण आगओ, तस्सेव उवरिं सो घणो साहिओ, तह चेव मओ, सक्कोऽवि वंदित्ता गओ–

---

ગાથાર્થ :– ચોરોવડે માર્ગમાં પકડાયેલા ગોશાળાને મામો (પિશાચ) એમ કરી (ખભા ઉપર ચઢાવી) ચલાવવા લાગ્યા. ભગવાન વૈશાલીમાં આવ્યા. ત્યાં કર્મકાર ઘણવડે (પ્રભુને મારવા દોડ્યો) – ઇન્દ્ર આવ્યો.

**ટીકાર્થ** : કથાનક : નજીક આવેલો ગોશાળો પાંચસો ચોરોવડે મામો – મામો (ગાંડો– ગાંડો) એમ કરી પરેશાન કરાયો. પાછળથી ગોશાળો વિચારે છે કે, "આના કરતા સ્વામી સાથે રહેવું તે સારું છે કારણ કે ત્યાં કોઈ સ્વામીને છોડાવે છે અને ત્યારે તેમની સાથે મારી પણ મુક્તિ થઈ જાય છે." ત્યારે તે સ્વામીને શોધવા લાગ્યો. સ્વામી પણ વૈશાલીમાં ગયા હતા. ત્યાં કર્મકરની શાળામાં અનુજ્ઞા મેળવી ભગવાન પ્રતિમામાં (કાયોત્સર્ગમાં) રહ્યા. તે શાળા સાધારણ હતી. (અર્થાત્ ઘણાની માલિકીની હતી.) તેથી ત્યાં જેઓ સ્વાધીન હતા તેઓની અનુજ્ઞા લીધી.

એક દિવસ એક કર્મકર (લોહકાર) છ મહિનાથી રોગથી પીડાઈને નિરોગી થયેલો છતો સારા દિવસે – સારા મુહૂર્તે શસ્ત્રોને (ઓજારો) ગ્રહણ કરી ત્યાં આવ્યો, અને સ્વામીને જુએ છે ત્યારે "અમંગળ થયું" એમ જાણી ઘણને (હથોડાને) ઉઠાવી સ્વામીને મારવા દોડ્યો. ઇન્દ્રે અવધિનો ઉપયોગ મૂક્યો. તેમાં આ પ્રસંગને જોતા જ આંખના પલકારામાત્રમાં ત્યાં આવ્યો અને તેની ઉપર જ હથોડો માર્યો. તે કર્મકર ત્યાં જ મરી ગયો. શક્ર સ્વામીને વંદન કરીને ગયો. ॥૪૮૫॥

---

१२. ( स्तेनैः पथि गृहीतो गोशालो मातुल इतिकृत्वा वाहनम् । भगवान् विशालायां कर्मकारः घनेन देवेन्द्रः ॥४८५॥ ) आगतः पञ्चभिरपि शतैर्वाहितः मातुल इतिकृत्वा, पश्चाच्चिन्तयति-वरं स्वामिना समं, अपिच-कोऽपि मोचयति स्वामिनं, तस्य निश्रया मोचनं भवति, तदा स्वामिनं मार्गयितुमारब्धः । स्वाम्यपि विशालां गतः, तत्र कर्मकरशालायां अनुज्ञाप्य प्रतिमां स्थितः, सा साधारणा, ये स्वाधीनास्तत्र तेऽनुज्ञापिताः । अन्यदा तत्रैकः कर्मकरः षण्मासान् प्रतिलग्नः ( भग्नः ) आरब्धः शोभनतिथिकरणे, आयुधानि गृहित्वाऽऽगतः, स्वामिनं पश्यति च, अमङ्गलमिति स्वामिनमाहन्मीति प्रधावितो घनमुद्गीर्य, शक्रेण चावधिः प्रयुक्तः, यावत्पश्यति, तथैव निमेषान्तरेणागतः, तस्यैवोपरि स घनः साधितः, तथैव मृतः, शक्रोऽपि वन्दित्वा गतः ।

**गौमाग[13] बिहेलग जक्ख तावसी उवसमावसाण थुई ।**
**छट्ठेण सालिसीसे विसुज्झमाणस्स लोगोही ॥४८६॥**

**ततो सामी गामायं नाम सण्णिवेसं गओ, तत्थुज्जाणे बिहेलए बिभेलयजक्खो नाम, सो भगवओ पडिमं ठियस्स महिमं करेइ । ततो भगवं सालिसीसयं नाम गामो तहिं गतो, तत्थुज्जाणे पडिमं ठिओ माहमासो य वट्टइ, तत्थ कडपूयणा नाम वाणमंतरी सामिं दट्ठूण तेयं असहमाणी पच्छा तावसीरूवं विउव्वित्ता वक्कलनियत्था जडाभारेण य सव्वं सरीरं पाणिएण ओलेत्ता देहंमि उवरिं सामिस्स ठाउं धुणति वातं च विउव्वइ, जइ अन्नो होन्तो तो फुट्टो होन्तो, तं तिव्वं वेअणं अहियासिंतस्स भगवओ ओही विअसिउव्व लोगं पासिउमारद्धो, सेसं कालं गब्भाओ आढवेत्ता जाव सालिसीसं ताव एक्कारस अंगा सुरलोयप्पमाणमेत्तो य ओही, जावतियं देवलोएसु**

---

**ગાથાર્થ : ગ્રામાકનામનું ગામ – બિભેલકનામનો યક્ષ – તાપસી – રાત્રિના અંતમાં ઉપશમ – સ્તુતિ – શાલિશીર્ષનામના ગામમાં છઠ્ઠના તપ સાથે વિશુધ્યમાન અધ્યવસાયવાળા ભગવાનને લોકાવધિ ઉત્પન્ન થયું.**

**ટીકાર્થ :** કથાનક : ત્યાર પછી સ્વામી ગ્રામાકનામના સન્નિવેશમાં ગયા. ત્યાં બિભેલક નામના ઉદ્યાનમાં બિભેલક યક્ષ હતો. તેણે પ્રતિમામાં રહેલા ભગવાનનો મહિમા કર્યો. ત્યાર પછી ભગવાન શાલિશીર્ષનામના ગામમાં ગયા. ત્યાં ભગવાન ઉદ્યાનમાં પ્રતિમામાં રહ્યા. ત્યારે મહામહિનો ચાલતો હતો. ત્યાં કટપૂતના નામની વાણવ્યંતરીએ સ્વામીને જોઈને તેમના તેજને સહન નહિ થતાં તાપસીરૂપ વિકુર્વિને ઝાડની છાલના વસ્ત્રો પહેરી પોતાના જટાના સમૂહવડે સર્વ શરીરને પાણીથી ભીનું કરીને સ્વામીના શરીરની ઉપર ઊભી રહીને ધૂણવા લાગે છે અને પવન વિકુર્વે છે. (શરીરના ધૂણવાથી સ્વામીના શરીર ઉપર અતિ ઠંડા થયેલા પાણીના ટીપાં પડવા લાગ્યા.)

જો અન્યવ્યક્તિ હોત તો મરણ પામત. તે તીવ્રવેદનાને સહન કરતા ભગવાનનો અવધિ વિકસિત થયો હોય તેમ લોકને જોવા લાગ્યો (અર્થાત્ લોકાવધિજ્ઞાન પ્રાપ્ત થયું.) તેની પહેલા ભગવાનને ગર્ભકાળથી લઈ અત્યાર સુધી અગિયારઅંગ અને સુરલોકપ્રમાણ અવધિ હતું અર્થાત્

---

१३. ( ग्रामाकः बिभेलकः यक्षः तापसी उपशमावसाने स्तुतिः । षष्ठेन शालिशीर्षे विशुध्यमानस्य लोकावधिः ॥४८६॥ ततः स्वामी ग्रामाकं नाम सन्निवेशं गतः, तत्रोद्याने बिभेलके बिभेलक यक्षो नाम, स भगवतः प्रतिमां स्थितस्य महिमानं करोति । ततो भगवान् शालिशीर्षो नाम ग्रामः तत्र गतः, तत्रोद्याने प्रतिमां स्थितो माघमासश्च वर्त्तते, तत्र कटपूतना नाम व्यन्तरी स्वामिनं दृष्ट्वा तेजोऽसहमाना पश्चात्तापसीरूपं विकुर्व्य वल्कलवस्त्रा जटाभारेण च सर्वं शरीरं पानीयेनार्द्रयित्वा देहस्य उपरि स्वामिनः स्थित्वा धूनाति वातं च विकुर्वति, यद्यन्योऽभविष्यत्तदा स्फुटितोऽभविष्यत्, तां तीव्रां वेदनामध्यासयतो भगवतोऽवधिर्विकशित इव लोकं द्रष्टुमारब्धः, शेषे काले गर्भादारभ्य यावच्छालिशीर्षं तावदेकादशाङ्गानि सुरलोकप्रमाणमात्रश्चावधिः, यावत् देवलोके

[१४] पेच्छिताइओ । साऽवि वंतरी पराजिआ, पच्छा सा उवसंता पूअं करेइ–

पुणरवि भद्दिअनगरे तवं विचित्तं च छट्ठवासंमि ।
मगहाए निरुवसग्गं मुणि उउबद्धंमि विहरित्था ॥४८७॥

ततो भगवं भद्दियं नाम नगरिं गतो, तत्थ छट्ठं वासं उवागओ, तत्थ वरिसारत्ते गोसालेण समं समागमो, छट्ठे मासे गोसालो मिलिओ भगवओ । तत्थ चउमासखमणं विचित्ते य अभिग्गहे कुणइ भगवं ठाणादीहिं, बाहिं पारेत्ता ततो पच्छा मगहा विसए विहरइ निरुवसग्गं अट्ठ उडुबद्धिए मासे, विहरिऊणं–

**आलभिआए वासं कुंडागे तह देउले पराहुत्तो ।**
**मद्दण देउलसारिअ मुहमूले दोसुवि मुणित्ति ॥४८८॥**

आलंभिअं नयरिं एइ, तत्थ सत्तमं वासं उवागओ, चउमासखमणेणं तवो, बाहिं पारेत्ता

---

દેવલોક સુધી જોતા હતા. તે વ્યંતરી પણ પરાજિત થઈને પાછળથી શાંત થઈ અને ભગવાનની પૂજા કરે છે. ॥૪૮૬॥

**ગાથાર્થ :** ભગવાન ફરી ભદ્રિકાનગરીમાં આવ્યા. છઠ્ઠા ચોમાસામાં વિચિત્ર તપ કરે છે. ત્યાર પછી મગધમાં આવે છે. ત્યાં ભગવાન આઠ ઋતુબદ્ધમાસ નિરુપસર્ગ રીતે વિહાર કરે છે.

**ટીકાર્થ :** કથાનક – ત્યાર પછી ભગવાન ફરી ભદ્રિકાનગરમાં આવ્યા. ત્યાં છટ્ઠુ ચોમાસુ બેઠું. ત્યાં વર્ષાકાળમાં ભગવાનનો ગોશાળા સાથે ફરી મેળાપ થયો. છ માસ પછી ગોશાળો ભગવાનને મળ્યો. ચોમાસામાં ભગવાને ચાતુર્માસિક ઉપવાસ કર્યા અને સ્થાનાદિવડે વિચિત્ર અભિગ્રહોને ધારણ કર્યા. ચોમાસુ પુરું થતાં ગામની બહાર પારણું કરી પછી મગધદેશમાં શેષકાળના આઠમાસ પ્રભુએ ઉપસર્ગ વિના વિહાર કર્યો. ॥૪૮૭॥

**ગાથાર્થ :** આલંભિક નગરી – ચોમાસુ – કુંડાગસન્નિવેશ – દેવકુળમાં પરાઙ્મુખ – મર્દનગ્રામ – દેવકુળમાં મુખમાં સાગારિક – બંને સ્થાનમાં (માર માર્યો) – પિશાચ (સમજી છોડી દીધો.)

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી આલંભિકનગરીમાં આવ્યા. ત્યાં સાતમુ ચોમાસું બેઠું. ચાર

---

१४. अदर्शत् । साऽपि व्यन्तरी पराजिता पश्चात्सोपशान्ता पूजां करोति । ( पुनरपि भद्रिकानगर्यां तपो विचित्रं च षष्ठवर्षायाम् । मगधेषु निरुपसर्गं मुनिः ऋतुबद्धे व्यहार्षीत् ॥४८७॥ ) ततो भगवान् भद्रिकां नाम नगरीं गतः, तत्र षष्ठीं वर्षामुपागतः । तत्र वर्षारात्रे गोशालेन समं समागमः, षष्ठे मासे गोशालो मीलितः भगवता । तत्र चतुर्मासक्षपणं विचित्रांश्चाभिग्रहान् करोति भगवान् स्थानादिभिः, बहिः पारयित्वा ततः पश्चात् मगधविषये विहरति निरुपसर्गमष्ट ऋतुबद्धिकान् ( द्धान् ) मासान्, विहृत्य ( आलभिकायां वर्षा कुण्डागे तथा देवकुले पराङ्मुखः । मर्दनं देवकुलसारकः मुखमूले द्वयोरपि मुनिरिति ॥४८८॥ ) आलम्भिकां नगरीमेति, तत्र सप्तमं वर्षारात्रमुपागतः, चतुर्मासक्षपणेन तपः, बहिः पारयित्वा

[१५]कुंडागं नाम सन्निवेसं तत्थ एति । तत्थ वासुदेवघरे सामी पडिमं ठिओ कोणे, गोसालोऽवि वासुदेवपडिमाए अहिट्ठाणं मुहे काऊण ठिओ, सो य से पडिचारगो आगओ, तं पेच्छइ तहाठियं, ताहे सो चिंतेइ-मा भणिहिइ रागदोसिओ धम्मिओ, गामे जाइत्तु कहेइ, एह पेच्छह भणिहिह 'राइतओ'त्ति, ते आगया दिट्ठो पिट्टिओ य, पच्छा बंधिज्जइ, अन्ने भणंति–एस पिसाओ, ताहे मुक्को । तओ निग्गया समाणा मद्दणा नाम गामो, तत्थ बलदेवस्स घरे सामी अन्तोकोणे पडिमं ठिओ, गोसालो मुहे तस्स सागारिअं दाउं ठिओ, तत्थवि तहेव हओ, मुणिओत्तिकाऊण मुक्को । मुणिओ नाम पिसाओ । —

बहुसालगसालवणे कडपूअण पडिम विग्घणोवसमे ।
लोहग्गलंमि चारिय जिअसत्तू उप्पले मोक्खो ॥४८९॥

મહિનાના ઉપવાસનો તપ કર્યો. ગામની બહાર પારણું કરી સ્વામી કુંડાગસન્નિવેશમાં આવ્યા. ત્યાં વાસુદેવના મંદિરમાં એક ખૂણામાં સ્વામી કાયોત્સર્ગમાં રહ્યા. ત્યાં ગોશાળો વાસુદેવની પ્રતિમાના મુખમાં અધિષ્ઠાનને (લિંગને) કરીને ઊભો રહ્યો. એ સમયે ત્યાં પૂજારી આવ્યો. અને તેને તેવી પરિસ્થિતિમાં ઊભા રહેલા ગોશાળાને જોયો. તેણે વિચાર્યું – "લોકો કહે નહિ કે – (પૂજારી) રાગ–દ્વેષવાળો (છે અને આ) ધાર્મિક (છે)" (અહીં ભાવાર્થ એવો લાગે છે કે – જો હું અત્યારે આને કંઈક કરીશ તો લોકો કહેશે કે આ પૂજારી નિર્દોષ સાધુને મારે છે. જેથી હું દોષિત અને એ નિર્દોષ ગણાશે એટલે) ગામમાં જઈને કહે છે "ચાલો અને જુઓ પછી કહેજો કે રાગવાળો છે."

તે લોકો પણ ત્યાં આવ્યા અને ગોશાળાને આવી પરિસ્થિતિમાં જોયો અને માર્યો. પછી તેને બાંધ્યો ત્યારે અન્યોએ કહ્યું, "આ ગાંડો લાગે છે" તેથી છોડી દીધો. ત્યાંથી નીકળેલા છતાં ભગવાન અને ગોશાળો મર્દનગામમાં ગયા. ત્યાં બળદેવના મંદિરમાં સ્વામી એક ખૂણામાં કાયોત્સર્ગમાં રહ્યા. ત્યાં પણ ગોશાળો બળદેવના મુખમાં પોતાનું લિંગ નાંખે છે. જેથી ત્યાં પણ પૂર્વની જેમ માર ખાય છે. ગાંડો સમજી છોડી દે છે. ॥૪૮૮॥

**ગાથાર્થ : બહુશાલકનામનું ગામ – શાલવનઉદ્યાન – કટપૂતના – પ્રતિમા – વિઘ્ન – ઉપશમ – લોહાર્ગલ – ચોર – જિતશત્રુરાજા – ઉત્પલવડે મુક્તિ.**

१५. कुण्डाकनामा सन्निवेशः तत्रैति । तत्र वासुदेवगृहे स्वामी कोणे प्रतिमां स्थितः, गोशालोऽपि वासुदेवप्रतिमाया मुखे अधिष्ठानं कृत्वा स्थितः, स च तस्याः प्रतिचारक आगतः, तं प्रेक्षते तथास्थितं, तदा स चिन्तयति–मा भाणिषुः रागद्वेषवान् धार्मिकः, ग्रामे गत्वा कथयति-एत प्रेक्षध्वं भणिष्यथ रागवान् इति, ते आगता दृष्टः पिट्टितश्च, पश्चात् बध्यते, अन्ये भणन्ति-एष पिशाचः, तदा मुक्तः । ततो निर्गतौ सन्तौमर्दना नाम ग्रामः, तत्र बलदेवस्य गृहे स्वामी अन्तःकोणं प्रतिमां स्थितः, गोशालो मुखे तस्य सागारिकं ( मेहनं ) दत्त्वा स्थितः, तत्रापि तथैव हतः, मुणित इतिकृत्वा मुक्तः । मुणितो नाम पिशाचः । ( बहुशालकशालवने कटपूतना ( वत् ) प्रतिमा विघ्नकरणमुपशमः । लोहार्गले चारिकः जितशत्रुः उत्पलः मोक्षः ॥४८९॥)

[१६] ततो सामी बहुसालगनाम गामो तत्थ गओ, तत्थ सालवणं नाम उज्जाणं, तत्थ सालज्जा वाणमंतरी, सा भगवओ पूअं करेइ, अण्णे भणंति-जहा सा कडपूअणा वाणमंतरी भगवओ पडिमागयस्स उवसग्गं करेइ, ताहे उवसंता महिमं करेइ । ततो णिग्गया गया लोहग्गलं रायहाणिं, तत्थ जियसत्तू राया, सो य अण्णेण राइणा समं विरुद्धो, तस्स चारपुरिसेहिं गहिआ, पुच्छिज्जंता न साहंति, तत्थ चारियत्तिकाऊण रण्णो अत्थाणीवरगयस्स उवट्ठविआ, तत्थ य उप्पलो अट्ठिअगामाओ सो पुव्वमेव अतिगतो, सो य ते आणिज्जंते दट्ठूण उट्ठिओ, तिक्खुत्तो वंदइ, पच्छा सो भणइ-ण एस चारिओ, एस सिद्धत्थरायपुत्तो धम्मवरचक्कवट्टी एस भगवं, लक्खणाणि य से पेच्छह, तत्थ सक्कारिऊण मुक्को ।

**तत्तो य पुरिमताले वग्गुर ईसाण अच्चए पडिमा ।**
**मल्लीजिणायण पडिमा उण्णाए वंसि बहुगोट्ठी ॥४९०॥**

ટીકાર્થ : કથાનક : ત્યાર પછી સ્વામી બહુશાલકનામના ગામમાં ગયા. ત્યાં શાલવન નામનું ઉદ્યાન હતું. ત્યાં શાલાર્યાનામની કટપૂતનાવ્યંતરી હતી. તે ભગવાનની પૂજા કરે છે. કેટલાક આચાર્યો કહે છે કે જેમ તે કટપૂતનાવ્યંતરી ભગવાન ઉપર ઉપસર્ગ કરે છે, ત્યાર પછી શાંત થયેલી પૂજા કરે છે (તેમ આ શાલાર્યાવ્યંતરી પણ ઉપસર્ગ કરી પૂજા કરે છે.) ત્યાર પછી ભગવાન લોહાર્ગલનામની રાજધાનીમાં આવે છે. ત્યાં જિતશત્રુનામનો રાજા હતો. બીજા રાજાએ તેને ઘેરો ઘાલ્યો હતો.

તેથી ભગવાન અને ગોશાળાને આ ગામમાં જિતશત્રુના ગુપ્તચરોએ પકડ્યા પરંતુ પૂછવા છતાં કંઈ બોલતા નથી. તેથી આ અન્યરાજાના ગુપ્તચરો હશે એમ સમજી સભામાં રહેલા રાજા પાસે બંનેને લાવવામાં આવ્યા. તે રાજસભામાં અસ્થિગ્રામથી આવેલો ઉત્પલ પ્રથમથી જ હાજર હતો. તે બંનેને લવાતા જોઈ ઊભો થયો અને ત્રણવાર વંદન કરે છે. પછી કહે છે કે "આ ગુપ્તચર નથી, આ સિદ્ધાર્થરાજાના પુત્ર, ધર્મવરચક્રવર્તી એવા ભગવાન છે. (ખાતરીમાટે) તમે તેના લક્ષણો પણ જુઓ." તેથી તેમનું સન્માન કરીને છોડી મૂક્યા. ॥૪૮૯॥

ગાથાર્થ : ત્યાર પછી **પુરિમતાલમાં આવે છે – વગ્ગુરશ્રેષ્ઠિ – ઈશાનેન્દ્ર – અર્ચક – પૂજા મલ્લિજિનપ્રતિમા – ઉર્ણાકગામ – વધૂવર – વાંસનો સમૂહ.**

१६. ततः स्वामी बहुशालकनामा ग्रामः तत्र गतः, तत्र शालवनं नामोद्यानं, तत्र सल्लज्जा (शालार्या) व्यन्तरी, सा भगवतः पूजां करोति, अन्ये भणन्ति-यथा सा कटपूतना व्यन्तरी भगवतः प्रतिमागतस्योपसर्गं करोति, तदोपशान्ता महिमानं करोति । ततो निर्गतौ गतौ लोहार्गलां राजधानीं, तत्र जितशत्रू राजा, स चान्येन राज्ञा समं विरुद्धः, तस्य चारपुरूषैर्गृहीतौ पृच्छ्यमानौ न कथयतः, तत्र चारिकावितिकृत्वा राज्ञे आस्थानिकावरगतायोपस्थापितौ, तत्र चोत्पलोऽस्थिकग्रामात्स पूर्वमेवातिगतः, स च तावानीयमानौ दृष्ट्वोत्थितः, त्रिकृत्वः वन्दते, पश्चात्स भणति-एष न चारिकः, एष सिद्धार्थराजपुत्रः धर्मवरचक्रवर्त्ती एष भगवान्, लक्षणानि चास्य प्रेक्षध्वं, तत्र सत्कारयित्वा मुक्तः (ततश्च पुरिमताले वग्गुरः ईशानः अर्चति प्रतिमाम् । मल्लीजिनायतनं प्रतिमा उण्णाके वंशी बहुगोष्ठी ॥४९०॥)

[१७] ततो सामी पुरिमतालं एइ, तत्थ वग्गुरो नाम सेट्ठी, तस्स भद्दा भारिआ, वंझा अवियाउरी जाणुकोप्परमाया, बहूणि देवस्स उवाइगाणि काउं परिसंता । अण्णया सगडमुहे उज्जाणे उज्जेणियाए गया, तत्थ पासंति जुण्णं देवउलं सडियपडियं तत्थ मल्लिसामिणो पडिमा, तं णमंसंति, जइ अम्ह दारओ दारिआ वा जायति तो एवं चेवं देउलं करेस्सामो, एयभत्ताणि य होहामो, एवं नमंसित्ता गयाणि । तत्थ अहासन्निहिआए वाणमंतरीए देवयाए पाडिहेरं कयं, आहूओ गब्भो, जं चेव आहूओ तं चेवं देवउलं काउमारद्धाणि, अतीव तिसंझं पूअं करेंति, पव्वतियगे य अल्लियंति, एवं सो सावओ जाओ । इओ य सामी विहरमाणो सगडमुहस्स उज्जाणस्स नगरस्स य अंतरा पडिमं ठिओ, वग्गुरो य ण्हाओ उल्लपडसाडओ सपरिजणो महया इड्ढीए विविहकुसुमहत्थगओ

---

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી પુરિમતાલનગરીમાં આવ્યા. ત્યાં વગ્ગુરનામનો શ્રેષ્ઠિ હતો અને તેને ભદ્રાનામની પત્ની હતી. તે વંધ્યા, પ્રસવ વિનાની અને જાણૂ–કૂર્પરની માતા હતી. (અર્થાત્ [H]તેણીને અન્યબાળક ન હોવાથી જાનૂ અને કોણીની જ તે માતા હતી, પરંતુ બાળકની માતા નહોતી. આ પારિભાષિક સંજ્ઞા છે જે બાળક વિનાની માતામાટે વપરાય છે.) તે દંપતિ દેવની ઘણા પ્રકારે માનતાઓ માની થાક્યા હતા. એકવાર તે દંપતિ શકટમુખનામના ઉદ્યાનમાં મહોત્સવ માટે ગયા. ત્યાં જીર્ણ અને તુટેલું–પડેલું એક મંદિર જુએ છે. તેમાં મલ્લિનાથભગવાનની પ્રતિમા હતી. તેને તેઓ નમસ્કાર કરે છે, અને પ્રાર્થના કરે છે કે જો અમને બાળક કે બાલિકા થશે તો આવું આવું દેવકુલ બનાવશું અને એના ભક્ત બની જશું."

આ રીતે નમસ્કાર કરીને તેઓ ગયા. આજુ બાજુ રહેલી વાણવ્યંતરીએ સાનિધ્ય કર્યું (અર્થાત્ વાણવ્યંતરી તે સ્ત્રીની મદદમાં આવી.)તે સ્ત્રીને ગર્ભ રહ્યો. જેવો ગર્ભ રહ્યો તે દિવસથી જ દેવાલયને બનાવવાનું શરૂ કર્યું. ત્રણે કાળ પૂજા કરે છે. ત્રણે પર્વમાં તેનો આશ્રય કરે છે. આમ તે શ્રાવક થયો. બીજી બાજુ સ્વામી વિચરતા – વિચરતા શકટમુખઉદ્યાન અને નગરની વચ્ચે કાયોત્સર્ગમાં રહ્યા, અને વગ્ગુરશ્રાવક સ્નાન કરી, ભીના વસ્ત્રો ધારણ કરી (उल्लपडसाडओ = [H]ભીના વસ્ત્રો પહેરીને, આ લૌકિક રિવાજ છે કે વ્યંતરાદિની આરાધના ભીનાવસ્ત્રો પહેરીને જ કરવામાં આવે છે કારણ કે આ રીતે જ વ્યંતરાદિ દેવો ખુશ થાય છે.) પરિજનોની સાથે મોટી ઋદ્ધિવડે વિવિધકુસુમો હાથમાં લઈ તે મંદિરની પૂજામાટે જાય છે.

---

१७. ततः स्वामी पुरिमतालमेति, तत्र वग्गुरो नाम श्रेष्ठी, तस्य भद्रा भार्या, वन्ध्या अप्रसविनी जानुकूर्परमाता, बहूनि देवस्योपयाचितानि कृत्वा परिश्रान्ता । अन्यदा शकटमुखे उद्याने उद्यानिकायै गतौ, तत्र पश्यतः जीर्णं देवकुलं शटितपतितं, तत्र मल्लीस्वामिनः प्रतिमा, तां नमस्यतः, यद्यावयोर्दारको दारिका वा जायते तदैवमेवं देवकुलं करिष्यावः, एतद्भक्तौ च भविष्यावः, एवं नमस्यित्वा गतौ । तत्र यथासन्निहितया व्यन्तर्या देवतया प्रातिहार्यं कृतं, उत्पन्नो गर्भः, यदैवाहूतस्तदैव देवकुलं कर्तुमारब्धौ, अतीव त्रिसन्ध्यं पूजां कुरुतः, पर्वत्रिके चाश्रयतः, एवं स श्रावको जातः । इतश्च स्वामी विहरन् शकटमुखस्योद्यानस्य नगरस्य च मध्ये प्रतिमां स्थितः, वग्गुरश्च स्नात आर्द्रपटशाटकः सपरिजनः महत्यर्ध्या विविधकुसुमहस्तकः ( हस्तगतविविधकुसुमः )

[१८]तं आययणं अच्चओ जाइ । ईसाणो य देविंदो पुव्वागयओ सामिं वंदित्ता पज्जुवासति, वग्गुरं च वीतीवंतं पासइ, भणति य–भो वग्गुरा ! तुमं पच्चक्खतित्थगरस्स महिमं न करेसि तो पडिमं अच्चओ जासि, एस महावीरो वद्धमाणोत्ति, तो आगओ मिच्छादुक्कडं काउं खामेति महिमं च करेइ । ततो सामी उण्णागं वच्चइ, एत्थंतरा वधूवरं सपडिहुत्तं एइ, ताणि पुण दोण्णिवि विरुवाणि दंतिलगाणि य, तत्थ गोसालो भणति–अहो इमो सुसंजोगो–

*"तत्तिल्लो विहिराया, जाणति दूरेवि जो जहिं वसइ ।*
*जं जस्स होइ सरिसं, तं तस्स बिइज्जयं देइ ॥१॥"*

जाहे न ठाइ ताहे तेहिं पिट्टिओ, पिट्टित्ता वंसीकुडंगे छूढो, तत्थ पडिओ ★अत्ताणओ अच्छइ, वाहरइ सामिं, ताहे सिद्धत्थो भणति-सयंकयं ते, ताहे सामी अदूरे गंतुं पडिच्छइ, पच्छा ते भणंति-

---

તે સ્થાને પૂર્વે આવેલો ઈશાનેન્દ્ર સ્વામીને વંદન કરી ત્યાં પર્યુપાસના કરતો હતો, ત્યારે ત્યાંથી પસાર થતાં વગ્ગુરશ્રાવકને જુએ છે, અને કહે છે – "હે વગ્ગુર ! તું સાક્ષાત્ તીર્થંકરની પૂજા કરતો નથી અને પ્રતિમાને પૂજવા જાય છે (તે ઉચિત નથી). આ વર્ધમાન મહાવીરસ્વામી છે." આ સાંભળી ત્યાં આવી વગ્ગુર મિચ્છામિ દુક્કડં આપીને ક્ષમા યાચે છે અને પૂજા કરે છે. ત્યાર પછી સ્વામી ઉર્ણાકનામના ગામમાં જાય છે. ત્યાં સામેથી (सपडिहुत्तं) વરવહુ આવે છે. તે વધૂવર બંને વિરૂપ અને દાંતવાળા (બહાર નીકળેલા દાંતવાળા) હતા. તેમને જોઈ ગોશાળો બોલે છે કે "અહો! કેવો આ સુસંયોગ છે – ખરેખર વિધિરૂપી રાજા હોશિયાર છે, કારણ કે દૂર હોવા છતાં પણ કોણ ક્યાં રહેલા છે તે જાણે છે અને જેને જે યોગ્ય હોય તેને તે વસ્તુનો મેલાપ કરાવી આપે છે. ॥૧॥"

આ રીતે બોલવાથી જ્યારે ગોશાળો અટકતો નથી ત્યારે તેઓ તેને મારે છે, અને મારીને બાજુમાં રહેલ વાંસના સમૂહમાં ફેંકે છે. ત્યાં પડેલા ગોશાળાને કોઈ બચાવતું નથી તેથી પડ્યો રહે છે. સ્વામીને બોલાવે છે ત્યારે સિદ્ધાર્થ કહે છે– "તારું કરેલું તું ભોગવે છે." ત્યાર પછી સ્વામી નજીકમાં જઈ ઊભા રહે છે. પાછળથી લોકો કહે છે – "આ વ્યક્તિ આ દેવાર્યનો

---

१८. तदायतनमर्चको याति । ईशानश्च देवेन्द्रः पूर्वागतः स्वामिनं वन्दित्वा पर्युपास्ते, वग्गुरं च व्यतिव्रजन्तं पश्यति, भणति च-भो वग्गुर ! त्वं प्रत्यक्षतीर्थकरस्य महिमानं न करोषि ततः प्रतिमामर्चितुं यासि, एष महावीरो वर्धमान इति, तत आगतो मिथ्यादुष्कृतं कृत्वा क्षमयति महिमानं च करोति । ततः स्वामी उर्णाकं व्रजति, अत्रान्तरा वधूवरौ सप्रतिपक्षं ( संमुखं ) आयातः, तौ पुन द्वावपि विरूपौ दन्तुरौ च, तत्र गोशालो भणति-अहो अयं सुसंयोगः ! 'दक्षो विधिराजः जानाति दूरेऽपि यो यत्र वसति । यद्यस्य भवति योग्यं, तत्तस्य द्वितीयं ददाति ॥१॥' यदा न तिष्ठति तदा ताभ्यां पिट्टितः, पिट्टयित्वा वंशीकुडङ्गे क्षिप्तः, तत्र पतितोऽत्राणस्तिष्ठति, व्याहरति स्वामिनं, तदा सिद्धार्थो भणति-स्वयंकृतं त्वया, तदा स्वामी अदूरं गत्वा प्रतीच्छति, पश्चात्ते भणन्ति-★ उत्ताणओ ( तत्परः )

[१९] नूणं एस एयस्स देवज्जगस्स पीढियावाहगो वा छत्तधरो वा आसि तेण अवट्ठिओ, ता णं मुयह, ततो मुक्को । अण्णे भणंति-पहिएहिं उत्तारिओ सामिं अच्छंतं दट्ठूण ।—

**गोभूमि वज्जलाढे गोवक्कोवे य वंसि जिणुवसमे ।**
**रायगिहऽट्ठमवासा वज्जभूमी बहुवसग्गा ॥४९१॥**

ततो सामी गोभूमिं वच्चइ । एत्थंतरा अडवी घणा, सदा गावीओ चरंति तेण गोभूमी, तत्थ गोसालो गोवालए भणइ-अरे वज्जलाढा ! एस पंथो कहिं वच्चइ ?। वज्जलाढा नाम मेच्छा । ताहे ते गोवा भणंति-कीस अक्कोससि ?, ताहे सो भणइ-असूयपुत्ता★ खउरपुत्ता ! सुट्ठु अक्कोसामि, ताहे तेहिं मिलित्ता पिट्टित्ता बंधित्ता वंसीए छूढो, तत्थ अण्णेहिं पुणो मोइओ जिणुवसमेणं । ततो रायगिहं गया, तत्थ अट्ठमं वासारत्तं, तत्थ चाउम्मासखवणं विचित्ते

---

પીઠિકાવાહક કે છત્રધર હોવો જોઈએ તેથી તેમની સાથે રહેલો છે માટે તેને છોડી દો." આમ વિચારી છોડી દીધો. અહીં કેટલાક આચાર્યો કહે છે કે ત્યાં ઊભા રહેલા સ્વામીને જોઈ વાંસના સમૂહમાં પડેલા ગોશાળાને ત્યાંથી પસાર થતાં મુસાફરોએ બહાર કાઢ્યો.॥૪૯૦॥

**ગાથાર્થ : ગોભૂમિ – મ્લેચ્છ – ગોવાળિયાઓનો કોપ – વાંસ – જિનોપશમ – રાજગૃહી – આઠમુ ચોમાસુ – વ્રજભૂમિ – ઉપસર્ગો.**

**ટીકાર્થ :** કથાનક : ત્યાર પછી સ્વામી ગોભૂમિ તરફ ગયા. તે પ્રદેશમાં ગાઢ જંગલ હતું. તેમાં ગાયો ચરતી હતી તેથી તેનું નામ ગોભૂમિ પડ્યું હતું. ત્યાં ગોશાળાએ ગોવાળિયાઓને (આક્રોશમાં આવીને) પૂછ્યું કે "અરે મ્લેચ્છો ! આ માર્ગ ક્યાં જાય છે ?" ત્યારે તે ગોવાળિયાઓએ કહ્યું – "શા માટે આક્રોશ કરે છે ?" ત્યારે ગોશાળાએ કહ્યું – "હે દાસીપુત્રો ! હે હજામના પુત્રો ! હું આક્રોશ કરું છું તે બરાબર છે." ત્યારે બધાએ મળીને ગોશાળાને માર્યો અને બાંધીને વાંસના સમૂહમાં ફેંકી દીધો.

ત્યાં અન્યમુસાફરો આવ્યા. તેમણે જિનનો ઉપશમ જોઈને ગોશાળાને ફરી મુક્ત કર્યો. ત્યાર પછી ભગવાન અને ગોશાળો રાજગૃહી તરફ ગયા. ત્યાં આઠમુ ચોમાસુ કર્યું. વિચિત્ર

---

१९. नूनमेष एतस्य देवार्यस्य पीठिकावाहको वा छत्रधरो वाऽऽसीत् तेनावस्थितः, तत् एनं मुञ्चत, ततो मुक्तः । अन्ये भणन्ति-पथिकैरुत्तारितः स्वामिनं तिष्ठन्तं दृष्ट्वा ॥ ( गोभूमिः वज्रलाढा गोपकोपश्च वंशी जिनोपशमः । राजगृहेऽष्टमवर्षारात्रः वज्रभूमिः बहूपसर्गाः ॥४९१॥ ) ततः स्वामी गोभूमिं व्रजति । अत्रान्तराऽटवी घना, सदा गावश्चरन्ति तेन गोभूमिः, तत्र गोशालो गोपालकान् भणति-अरे वज्रलाढाः ! एष पन्थाः क्व व्रजति ? । वज्रलाढा नाम म्लेच्छाः । तदा ते गोपा भणन्ति-कुत आक्रोशसि ?, तदा स भणति-असूयपुत्राः क्षौरपुत्राः ! सुष्ठु आक्रोशामि, तदा तैर्मिलित्वा पिट्टयित्वा बद्ध्वा वंश्यां क्षिप्तः, तत्रान्यैः पुनः मोचितो जिनोपशमेन । ततो राजगृहं गतौ, तत्राष्टमं वर्षारात्रं तत्र चातुर्मासक्षपणं विचित्रा

★ असुयपुत्ता पमुयपुत्ता । असुदपियपुत्ता ( अश्रुत्पुत्राः प्रामुत्पुत्राः । अश्रुतपितृपुत्राः ।)

[20]अभिग्गहे बाहिं पारेत्ता सरए दिट्ठंतं करेति समतीए, जहा—एगस्स कुडुंबियस्स बहुसाली जाओ, ताहे सो पंथिए भणति-तुब्भं हियइच्छिअं भत्तं देमि मम लूणह, एवं सो उवाएण लूणावेइ, एवं चेव ममवि बहुं कम्मं अच्छइ, एतं अच्छारिएहिं निज्जरावेयव्वं । तेण अणारियदेसेसु लाढावज्जभूमी सुद्धभूमी तत्थ विहरिओ, सो अणारिओ हीलइ निंदइ, जहा बंभचेरेसु-'छुछु करेंति आहंसु समणं कुक्कुरा ऽसंतु'त्ति एवमादि, तत्थ नवमो वासारत्तो कओ, सो य अलेभडो आसी, वसतीवि न लब्भइ, तत्थ छम्मासे अणिच्चजागरियं विहरति । एस नवमो वासारत्तो ।—

अनिअयवासं सिद्धत्थपुरं तिलत्थंब पुच्छ निप्फत्ती ।
उप्पाडेइ अणज्जो गोसालो वास बहुलाए ॥४९२॥

અભિગ્રહોથી યુક્ત ચાતુર્માસિક તપ કરી બહાર તેનું પારણું કરીને શરદઋતુમાં ભગવાન સ્વમતિથી (કોઈના ઉપદેશ વિના) મનમાં દષ્ટાંત વિચારે છે "એક કૌટુંબિકને ખેતરમાં ઘણો સારો પાક થયો. તે મુસાફરોને કહે છે કે "જો તમે આ ધાન્યને લણી આપો તો તમને હું ઈચ્છિત ભોજન આપીશ." આ પ્રમાણે તે કૌટુંબિક ઉપાયથી ધાન્યને લણાવે છે. એ જ પ્રમાણે મારે પણ ઘણાં કર્મો ખપાવવાના બાકી છે તે અનાર્યોવડે ખપાવી શકાય છે."

તેથી ભગવાન લાઢા,વજ્રભૂમિ, શુદ્ધભૂમિ વગેરે અનાર્યદેશોમાં વિચર્યા. ત્યાં અનાર્ય લોક સ્વામીની નિંદા કરે છે, હીલના કરે છે, વિગેરે બ્રહ્મચર્યોમાં કહ્યા પ્રમાણે જાણવા (અર્થાત્ આચારાંગસૂત્રના પ્રથમ[H]શ્રુતસ્કંધના નવ અધ્યયનો બ્રહ્મચર્ય અધ્યયનો કહેવાય છે. તેમાં ઉપધાન શ્રુતનામના અધ્યયનમાં જે રીતે ઉપસર્ગો વર્ણવ્યા છે, તેમ અહીં ઉપસર્ગો જાણવા. તે ઉપસર્ગોમાનો એક ઉપસર્ગ બતાવતા કહે છે) તે અનાર્યો પોતાના કૂતરાઓને સ્વામી તરફ ઈશારો કરી "છુ-છુ" કરતા અને કહેતા કે "કૂતરાઓ(કુક્કુરા) ! આ શ્રમણને કરડો" વગેરે, ત્યાં નવમુ ચોમાસુ પૂર્ણ કર્યું. તે ચોમાસુ [H]આહાર વિનાનું (ચાતુર્માસિક ઉપવાસવાળું) થયું. વસતિ પણ રહેવા માટે મળી નહિ. તેથી ભગવાન ત્યાં છ મહિના સુધી (સ્થાયી વસતિ ન હોવાને કારણે) અનિત્યજાગરિકા કરતા વિચર્યા. આમ નવમુ ચોમાસુ પૂર્ણ થયું. ॥૪૯૧॥

ગાથાર્થ : અનિત્યવાસ–સિદ્ધાર્થપુર–તલનો સ્તંભ–પૃચ્છા–નિષ્પત્તિ–ઉખાડે છે – અનાર્ય એવો ગોશાળો – વર્ષા–શ્યામ ગાય.

२०. अभिग्रहाः बहिः पारयित्वा शरदि दृष्टान्तं करोति स्वमत्या यथा—एकस्य कौटुम्बिकस्य बहुशालिर्जातः, तदा स पथिकान् भणति-युष्मभ्यं हृदयेष्टं भक्तं ददामि मम लुनीत, एवं स उपायेन लावयति, एवमेव ममापि बहु कर्म तिष्ठति, एतत् लावकैर्निर्जरणीयं । तेनानार्यदेशेषु लाढावज्रभूमिः शुद्धभूमिस्तत्र विहृतः सोऽनार्यो हीलति निन्दति, यथा ब्रह्मचर्ये-'छुछुकुर्वन्ति अब्रुवन् श्रमणं कुक्कुरा ! दशन्तु' इति एवमादि । तत्र नवमो वर्षारात्रः कृतः, स चाहारं विना आसीत्, वसतिरपि न लभ्यते, तत्र षण्मासान् अनित्यजागरिकं विहरति । एष नवमो वर्षारात्रः । ( अनियतवासः सिद्धार्थपुरं तिलस्तम्बः पृच्छा निष्पत्तिः । उत्पाटयत्यनार्यो गोशालो वर्षा बहुलायाः ॥४९२॥ )

[21] ततो निग्गया पढमसरए सिद्धत्थपुरं गया । तओ सिद्धत्थपुराओ कुम्मगामं संपट्ठिआ, तत्थंतरा तिलत्थंबओ, तं दट्ठूण गोसालो भणइ-भगवं ! एस तिलत्थंबओ किं निप्फज्जिहिति नवत्ति ?, सामी भणति-निप्फज्जिहिति, एए य सत्त तिलपुप्फजीवा उद्दाइत्ता एगाए तिलसेंगलियाए वच्चायाहिंति' ततो गोसालेण असद्दहंतेण ओसरिऊण सलेट्ठुगो उप्पाडिओ एगंते पडिओ, अहासन्निहिएहि य वाणमंतरेहिं मा भगवं मिच्छवादी भवउ, वासं वासितं, आसत्थो, बहुलिआ य गावी आगया, तो खुरेण निक्खित्तो पइट्ठिओ, पुप्फा य पच्चाजाया—

**मगहा गोब्बरगामो गोसंखी वेसियाण पाणामा ।**
**कुम्मरगामायावण गोसाले गोवण पउट्ठे ॥४९३॥**

ताहे कुम्मगामं संपत्ता, तस्स बाहिं वेसायणो बालतवस्सी आयावेति, तस्स का उप्पत्ती ?, चंपाए नयरीए रायगिहस्स य अंतरा गोब्बरगामो, तत्थ गोसंखी नाम कुटुंबिओ, जो तेसिं

**ટીકાર્થ :** ભગવાને અનાર્યદેશોમાં વસતિ ન મળવાથી અનિયત વાસ કર્યો. ત્યાંથી નીકળીને શરદઋતુના પહેલા મહિને તેઓ સિદ્ધાર્થપુરમાં ગયા. ત્યાંથી કૂર્મગામ તરફ ગયા. ત્યાં વચ્ચે એક તલના છોડને જોઈ ગોશાળો બોલ્યો કે "ભગવન્ ! આ તલનો છોડ પાકશે કે નહિ ?" સ્વામીએ કહ્યું – "પાકશે અને આ સાત તલના પુષ્પના જીવો મરીને (તે જ છોડની) એક તલશિંગમાં સાત બીજ તરીકે ઉત્પન્ન થશે." અશ્રદ્ધા કરતા ગોશાળાએ જઈને તે છોડવાને મૂળ સહિત ઉખેડીને એકબાજુ મૂકી દીધો. આજુબાજુ રહેલ વાણવ્યંતરોએ "ભગવાનનું વચન ખોટું ન થાઓ" તે માટે વરસાદ વર્ષાવ્યો. જેથી તે તલનો છોડ વ્યવસ્થિત થયો. ત્યાં ઘણી બધી શ્યામ ગાયો આવી. તેમાં એક ગાયની ખુરીવડે તે છોડવો પુનઃ જમીનમાં પ્રતિષ્ઠિત થયો અને તેને પુષ્પો આવ્યા. ॥૪૯૨॥

**ગાથાર્થ : મગધ–ગોબ્બરગામ–ગોશંખી કૌટુંબિક – વૈશ્યાયન – પ્રણામા – કૂર્મગામ – આતાપના ગોશાળો – કોપ.**

**ટીકાર્થ :** ત્યાર પછી ભગવાન કૂર્મગામમાં આવ્યા. ત્યાં ગામની બહાર વૈશ્યાયન બાળતપસ્વી આતાપના લેતો હતો. આ વૈશ્યાયન તપસ્વીની ઉત્પત્તિ શી રીતે થઈ ? તે કહે છે – ચંપા અને રાજગૃહીની વચ્ચે ગોબ્બરનામનું ગામ હતું. ત્યાં ગોશંખીનામનો કૌટુંબિક રહેતો

२१. ततो निर्गतौ प्रथमशरदि सिद्धार्थपुरं गतौ, ततः सिद्धार्थपुरात् कूर्मग्रामं संप्रस्थितौः, तत्रान्तरा तिलस्तम्बः, तं दृष्ट्वा गोशालो भणति-भगवन् ! एष तिलस्तम्बः किं निष्पत्स्यते नवेति, स्वामी भणति-निष्पत्स्यते, एते च सप्त तिलपुष्पजीवा उपद्रुत्य एकस्यां तिलशिम्बायां प्रत्यायास्यन्ति, ततो गोशालेनाश्रद्दधताऽपसृत्य समूल उत्पाटित एकान्ते पतितः, यथासन्निहितैर्व्यन्तरैश्च मा भगवान् मृषावादी भूः, वर्षा वर्षिता, आश्वस्तः, बहुलिका च गौरागता, तस्याः खुरेण निक्षिप्तः प्रतिष्ठितः पुष्पाणि च प्रत्याजातानि । ( मगधो गोबरग्रामः गोशङ्खी वैशिकानां प्राणामिकी । कूर्मग्राम आतापना गोशालः गोवनं प्रद्विष्टः ॥४९३॥ ) तदा कूर्मग्रामं संप्राप्तौ, तस्माद्बहिः वैश्यायनो बालतपस्वी आतपति, तस्य कोत्पत्तिः ?, चम्पाया नगर्या राजगृहस्य चान्तराले गोबरग्रामः, तत्र गोशङ्खी नाम कौटुम्बिकः, यस्तेषां

[22]अधिपती आभीराणं, तस्स बन्धुमती नाम भज्जा अवियाउरी । इओ य तस्स अदूरसामंते गामो चोरेहिं हओ, तं हंतूण बंदिग्गहं च काऊण पहाविया । एकाऽचिरपसूइया पतिंमि मारिते चेडेण समं गहिया, सा तं चेडं छड्डाविया, सो चेडओ तेण गोसंखिणा गोरूवाणं गएण दिट्ठो गहिओ य अप्पणियाए महिलियाए दिण्णो, तत्थ पगासियं-जहा मम महिला गूढगब्भा आसी, तत्थ य छगलयं मारेत्ता लोहिअगंधं करेत्ता सूइयानेवत्था ठिया, सव्वं जं तस्स इतिकत्तव्वं तं कीरइ, सोऽवि ताव संवड्ढइ, सावि से माया चंपाए विक्किया, वेसियाथेरीए गहिया एस मम धूयत्ति, ताहे जो गणियाणं उवयारो तं सिक्खाविया, सा तत्थ नामनिग्गया गणिया जाया । सो य गोसंखियस्स पुत्तो तरुणो जाओ, घियसगडेणं चंपं गओ सवयंसो, सो तत्थ पेच्छइ नागरजणं

---

હતો. તે ભરવાડોનો અધિપતિ હતો. તેને બંધુમતીનામે પત્ની હતી, જેને બાળકનો જન્મ થતો નહોતો. બીજી બાજુ આની બાજુનું ગામ ચોરોએ ભાંગ્યું (લૂટ્યુ.) ગામને ભાંગી અને ઘણાં લોકોને બંદી તરીકે પકડીને ભાગ્યા. તેમાં જેનો પતિ ચોરોએ મારી નાંખ્યો હતો, તે થોડા કાળ પૂર્વે જ બાળકને જન્મ આપનારી સ્ત્રીને બાળક સહિત ચોરોએ પકડી.

ચોરોએ સ્ત્રી પ્રાસેથી બાળકને ગમે તેમ છોડાવ્યો. તે બાળક ગાયોને ચરાવવા આવેલ ગોશંખીવડે જોવાયો, અને તેને લઈ પોતાની સ્ત્રીને આપ્યો. ત્યાં લોકોને જણાવ્યું કે મારી પત્ની ગુપ્તગર્ભવાળી હતી. (અને આજે તેણે બાળકને જન્મ આપ્યો છે. લોકોને ખ્યાલ ન આવે તે માટે તેણે) એક બકરાને મારીને બાળકને લોહીવાળો કરી અને સ્ત્રીને પ્રસૂતિના કપડા પહેરાવી દીધા. તથા પ્રસૂતિ વખતે જે કરવાનું હોય તે સર્વ તેણે કર્યું. બાળક પણ હવે સુખેથી વધે છે. તે બાળકની સાચી માતાને ચોરોએ ચંપાનગરીમાં વેચી. જેને વૃદ્ધવેશ્યાએ પુત્રી તરીકે ખરીદી લીધી. ત્યાર પછી જે ગણિકાનો આચાર હોય તે સર્વ તેણીને શીખવાડ્યો. ત્યાં તે [11]પ્રસિદ્ધ (नामनिग्गया) ગણિકા થઈ.

આ બાજુ તે ગોશંખીનો પુત્ર યુવાન થયો, અને પોતાના મિત્ર સાથે ઘીનું ગાડું ભરી ચંપાનગરીમાં ગયો. ત્યાં તે નગરવાસીઓને સ્વેચ્છાએ ક્રીડા કરતા જુએ છે. આ જોઈ તેને પણ

---

૨૨. अधिपतिराभीराणां, तस्य बन्धुमतिर्नाम भार्याऽप्रसविनी । इतश्च तस्यादूरसामन्ते ग्रामश्चौरैर्हतः, तं हत्वा बन्दीग्राहं च कृत्वा प्रधाविताः । एकाऽचिरप्रसूता पत्यौ मारिते दारकेण समं गृहीता, सा तं दारकं त्याजिता, स दारकस्तेन गोशङ्खिना गोरूपेभ्यो गतेन दृष्टो गृहीतश्चात्मीयायै महेलायै दत्तः, तत्र प्रकाशितं यथा-मम महेला गूढगर्भाऽऽसीत्, तत्र च छगलकं मारयित्वा रुधिरगन्धं कृत्वा प्रसूतिनेपथ्या स्थिता, सर्वं यत्तस्येतिकर्त्तव्यं तत्करोति, सोऽपि तावत् संवर्धते, साऽपि तस्य माता चम्पायां विक्रीता, वेश्यास्थविरया गृहीतैषा मम दुहितेति, तदा यो गणिकानामुपचारस्तं शिक्षिता, सा तत्र निर्गतनामा गणिका जाता । स च गोशङ्खिनः पुत्रस्तरुणो जातो, घृतशकटेन चम्पां गतः सवयस्यः, स तत्र प्रेक्षते नागरजनं

[२३]जहिच्छिअं अभिरमंतं, तस्सवि इच्छा जाया-अहमवि ताव रमामि, सो तत्थ गतो वेसावाडयं, तत्थ सा चेव माया अभिरुइया, मोल्लं देइ विआले ण्हायविलित्तो वच्चइ । तत्थ वच्चंतस्स अंतरा पादो अमेज्झेण लित्तो, सो न याणइ केणावि लित्तो । एत्थंतरा तस्स कुलदेवया मा अकिच्चमायरउ बोहेमित्ति तत्थ गोट्ठए गाविं सवच्छियं विउव्विऊण ठिया, ताहे सो तं पायं तस्स उवरि फुसति, ताहे सो वच्छओ भणइ-किं अम्मो ! एस ममं उवरि अमेज्झलित्तयं पादं फुसइ ?, ताहे सा गावी माणुसियाए वायाए भणइ-'किं तुमं पुत्ता ! अद्धितिं करेसि ?, एसो अज्ज मायाए समं संवासं गच्छइ, तं एस एरिसं अकिच्चं ववसइ अन्नंपि किं न काहितित्ति' । ताहे तं सोऊणं तस्स चिंता समुप्पण्णा-'गतो पुच्छिहामि', ताहे पविट्ठो पुच्छइ-'का तुज्झ उप्पत्ती ?', ताहे सा भणति-किं तव उप्पत्तीए ?, महिलाभावं दाएइ सा, ताहे सो भणति 'अन्नंपि एत्तिअं मोल्लं देमि, साह सब्भावं'ति

---

ઇચ્છા થઈ કે "હું પણ ક્રીડા કરું." તેથી તે વેશ્યાવાડામાં ગયો. ત્યાં તે પોતાની માતાને જ પસંદ કરીને મૂલ્ય આપે છે. સાંજના સમયે સ્નાન કરી સુગંધીદ્રવ્યોનો લેપ કરી વેશ્યાપાસે આવવા નીકળે છે. માર્ગમાં જતા તેનો પગ વીષ્ટાથી ખરડાય છે. પરંતુ તેને ખ્યાલ આવતો નથી કે શેનાથી ખરડાયો છે. એટલામાં તેની કુળદેવતા, આ ખોટું કાર્ય આચરે નહિ તે માટે તે વેશ્યાવાડાના સ્થાને વાછરડાથી યુક્ત ગાયને વિકુર્વીને ઊભી રહી.

પાછળ ત્યાં આવેલ ગોશંખીનો પુત્ર વાછરડા ઉપર પોતાનો પગ સાફ કરે છે. તેથી તે વાછરડું કહે છે "હે મા ! આ મારી ઉપર વિષ્ટાવાળા પગને શા માટે સાફ કરે છે ?" ત્યારે ગાયમાતા મનુષ્યની ભાષામાં કહે છે "હે પુત્ર ! તું શા માટે અધૃતિ કરે છે ? આ વ્યક્તિ આજે પોતાની માતા સાથે સંવાસને કરવા જાય છે. તેથી જો આ વ્યક્તિ આવા અકાર્યને કરે તો બીજું શું ન કરી શકે." ગાયના આવા વચનો સાંભળીને તેને ચિંતા થઈ અને વિચાર્યું કે "હું જઈને પૂછું." પાછળથી વેશ્યાપાસે આવીને પૂછે છે કે "તમારો ભૂતકાળ શું છે ?" ત્યારે તેણીએ કહ્યું, "તેનાથી તારે શું કામ છે ?"

એમ કહી તે સ્ત્રીભાવને (લટકા–ઝટકા) બતાવે છે. ત્યારે તેણે કહ્યું "બીજું એટલું મૂલ્ય આપીશ, તું વાસ્તવિકતા કહે." અને સોગંદ આપ્યા ત્યારે તેણીએ સર્વવાત કરી. આ વાત

---

२३. यादृच्छिकमभिरममाणं, तस्यापीच्छा जाता-अहमपि तावद् रमे, स तत्र गतो वेश्यापाटके, तत्र सैव माताभिरुचिता, मूल्यं ददाति विकाले स्नातविलिप्तो व्रजति । तत्र व्रजतः अन्तरा पादोऽमेध्येन लिप्तः, स न जानाति केनापि लिप्तः । अत्रान्तरे तस्य कुलदेवता मा अकृत्यमाचारीत् बोधयामीति तत्र गोष्ठे गां सवत्सां विकुर्व्य स्थिता, तदा स तं पादं तस्योपरि स्पृशति, तदा स वत्सो भणति-किमम्ब ! एष ममोपरि अमेध्यलिप्तं पादं स्पृशति ?, तदा सा गौर्मानुष्या वाचा भणति-किं त्वं पुत्राधृतिं करोषि ! एषोऽद्य मात्रा समं संवासं गच्छति, तदेष ईदृशमकृत्यं व्यवस्यति अन्यदपि किं न करिष्यतीति ? । तदा तत् श्रुत्वा तस्य चिन्ता समुत्पन्ना 'गतः प्रक्ष्यामि' तदा प्रविष्टः पृच्छति-का तवोत्पत्तिः ?, तदा सा भणति किं तवोत्पत्त्या ?, महिलाभावं दर्शयति सा, तदा स भणति-अन्यदपि एतावन्मूल्यं ददामि कथय सद्भावमिति ।

[૨૪] संवहसावियाए सव्वं सिट्ठंति, ताहे सो निग्गओ सग्गामं गओ, अम्मापियरो य पुच्छइ, ताणि न साहेंति, ताहे ताव अणसिओ ठिओ जाव कहियं, ताहे सो तं मायरं मोयावेत्ता वेसाओ पच्छा विरागं गओ, एयावत्था विसयत्ति पाणामाए पवज्जाए पव्वइओ, एस उप्पत्ती । विहरंतो य तं कालं कुम्मग्गामे आयावेइ, तस्स य जडाहिंतो छप्पयाओ आइच्च किरणताविआओ पडंति, जीवहियाए पडियाओ चेव सीसे छुभइ, तं गोसालो दट्ठूण ओसरित्ता तत्थ गओ भणइ-किं भवं मुणी मुणिओ उयाहु जूआसेज्जातरो ?, कोऽर्थः ? 'मन् ज्ञाने' ज्ञात्वा प्रव्रजितो नेति, अथवा किं इत्थी पुरिसे वा ?, एक्कसिं दो तिण्णि वारे, ताहे वेसिआयणो रुट्ठो तेयं निसिरइ, ताहे सामिणा तस्स अणुकंपणट्ठाए वेसियायणस्स य उसिणतेयपड्सिाहरणट्ठाए एत्थंतरा सीयलिया तेयलेस्सा निस्सारिया, सा जंबूदीवं भगवओ सीयलिया तेयलेसा अब्भिंतरओ वेढेति, इतरा तं परियंचति,

સાંભળી તે ગોશંખીપુત્ર પોતાના ગામમાં આવ્યો અને માતા–પિતાને પૂછે છે. પરંતુ તેઓ કાંઈ બોલતા નથી. તેથી પુત્રે ખાવા–પિવાનું બંધ કરતા સાચી હકીકત કહી. ત્યાર પછી તે પુત્ર વેશ્યા પાસેથી પોતાની માતાને છોડાવીને વૈરાગ્યને પામ્યો. આવી અવસ્થાવાળા આ વિષયો છે (અર્થાત્ આ વિષયો પોતાની માતા સાથે અકૃત્ય કરાવે એવી પરિસ્થિતિવાળા છે.) એમ વિચારી વૈરાગ્ય પામી પ્રામાણિકી પ્રવ્રજ્યાવડે (તાપસી પ્રવ્રજ્યાવડે) પ્રવ્રજ્યા ગ્રહણ કરી. આ વૈશ્યાયનની ઉત્પત્તિ થઈ.

ત્યાર પછી તે વિચરતો–વિચરતો તે સમયે કૂર્મગામમાં આતાપના લેતો હતો. તેની જટામાંથી સૂર્યના કિરણોથી પીડાયેલી ષટ્પદિકાઓ (જૂ) નીચે પડી હતી. તે ઋષિ તે 'જૂ'ઓને બચાવવા પોતાના માથામાં નાંખતો હતો. આ વસ્તુને જોઈ ગોશાળાએ ત્યાં આવીને ઋષિને કહ્યું, "હે ઋષિ ! શું તું મુનિતમુનિ છે કે યૂકાશય્યાતર છે ?," મુનિતમુનિ એટલે શું ? જે જાણીને પ્રવ્રજ્યા લે તે મુનિતમુનિ કહેવાય. અથવા "શું તું સ્ત્રી છે કે પુરુષ છે ?" આ રીતે એકવાર, બેવાર, ત્રણવાર બોલતા વૈશ્યાયનઋષિ ગુસ્સે ભરાયેલો તેજોલેશ્યાને છોડે છે.

ત્યારે ગોશાળા ઉપર અનુકંપા માટે અને વૈશ્યાયનની તેજોલેશ્યાનો નાશ કરવા માટે વચ્ચે ભગવાને શીતલ તેજોલેશ્યા છોડી. ભગવાનની તે શીતલ તેજોલેશ્યા જંબૂદ્વીપને અંદરથી વિંટળાય

૨૪. शपथशपितया सर्वं शिष्टमिति, तदा स निर्गतः स्वग्रामं गतः, मातापितरौ च पृच्छति, तौ न कथयतः, तदा तावदनशितः स्थितो यावत्कथितं, तदा स तां मातरं मोचयित्वा वेश्यायाः पश्चाद्वैराग्यं गतः, एतदवस्था विषया इति प्राणामिक्या प्रव्रज्यया प्रव्रजितः, एषोत्पत्तिः । विहरंश्च तत्काले कूर्मग्रामे आतापयति, तस्य च जटायाः षट्पदिका आदित्यकिरणतापिताः पतन्ति, जीवहिताय पतिता एव शीर्षे क्षिपति, तद्गोशालो दृष्ट्वाऽपसृत्य तत्र गतो भणति-किं भवान् मुनिर्मुणित आहोश्वित् यूकाशय्यातरः ?, अथवा किं स्त्री पुरुषो वा ?, एकशः द्वौ त्रीन्वारान्, तदा वैश्यायनो रुष्टस्तेजो निसृजति, तदा स्वामिना तस्यानुकम्पनार्थाय वैश्यायनस्य चोष्णतेजः प्रतिसंहरणार्थं अत्रान्तरे शीतला तेजोलेश्या निस्सारिता, सा जम्बूद्वीपं भगवतः शीतला तेजोलेश्याऽभ्यन्तरतो वेष्टयति, इतरा तां पर्यञ्चति,

[२५] सा तत्थेव सीयलियाए विज्झाविया, ताहे सो सामिस्स रिद्धिं पासित्ता भणति-से गयमेवं भगवं ! से गयमेवं भयवं !, कोऽर्थः ?-न याणामि जहा तुब्भं सीसो, खमह, गोसालो पुच्छइ-सामी ! किं एस जूआसेज्जातरो भणति ?, सामिणा कहियं, ताहे भीओ पुच्छइ-किह संखित्तविउलतेयलेस्सो भवति ?, भगवं भणति-जे णं गोसाला ! छट्ठं छट्ठेण अणिक्खित्तेणं तवोकम्मेणं आयावेति, पारणए सणहाए कुम्मासपिंडियाए एगेण य वियडासणेण जावेइ जाव छम्मासा, से णं संखित्तविउलतेयलेस्सो भवति । अण्णया सामी कुम्मगामाओ सिद्धत्थपुरं पत्थिओ, पुणरवि तिलथंबगस्स अदूरसामंतेण वीतीवयइ, पुच्छइ सामिं जहा-न निप्फण्णो, कहियं जहा निप्फण्णो, तं एवं वणस्सईणं पउट्ट परिहारो, ( पउट्टपरिहारो नाम परावर्त्त्य तस्मिन्नेव सरीरके उववज्जंति )

છે અને ઈતર–વૈશ્યાયનની તેજોલેશ્યા તે જંબૂદ્વીપને બહારથી વિં[11]ટળાય છે (परियंचति) અને તે ત્યાં જ શીતલેશ્યાવડે ઓલવાઈ ગઈ. ત્યારે વૈશ્યાયનસ્વામીની ઋદ્ધિને જોઈ કહે છે – "ખ્યાલ આવી ગયો, પ્રભુ ! ખ્યાલ આવી ગયો, ક્ષમા કરજો, મને ખબર નહોતી કે આ તમારો શિષ્ય છે." એમ કહી તે તાપસ જતો રહ્યો.

પછી ગોશાળાએ ભગવાનને પૂછ્યું – "સ્વામી આ યૂકાશય્યાતર શું કહે છે ? (અર્થાત્ એણે શું કર્યું ?) ત્યારે સ્વામીએ જવાબ આપ્યો (કે તેણે તેજોલશ્યા છોડી હતી વિગેરે.) તેથી ડરેલો ગોશાળો પ્રભુને પૂછે છે, "સ્વામી ! [11]સંક્ષિપ્તવિપુલતેજોલેશ્યાવાળા (પ્રાપ્ત કરાયેલ છે વિપુલ તેજોલેશ્યા જેનાવડે તેવા) કેવી રીતે થવાય ?" ત્યારે ભગવાને કહ્યું, – "ગોશાળા ! જે વ્યક્તિ નિરંતર છઠ્ઠના પારણે છઠ્ઠ સાથે આતાપના લે અને નખસહિતની અડદની પિંડિકાવડે (અર્થાત્ [11]નખસહિતની આંગળીઓવડે જે મુટ્ઠી બંધાય તે સનખા અડદપિંડિકા કહેવાય. આવી મુટ્ઠીમાં જેટલા અડદ સમાય તેટલા અડદવડે) તથા પ્રાસુકજલની એક અંજલિવડે પારણું કરે, આ રીતે છ માસ સુધી નિરંતર તપ કરનાર વ્યક્તિ સંક્ષિપ્તવિપુલતેજોલેશ્યાવાળી થાય છે."

એકવાર સ્વામી કૂર્મગામથી સિદ્ધાર્થપુર તરફ ગયા. ફરી તે તલના છોડવા પાસેથી પસાર થાય છે. ત્યારે ગોશાળાએ સ્વામીને પૂછ્યું, "સ્વામી ! આ તલ પાક્યા નહિ, ત્યારે સ્વામીએ કહ્યું– "તલ પાક્યા છે. આ વનસ્પતિના જીવોનો પ્રવૃત્તપરિહાર થયો છે." પ્રવૃત્તપરિહાર એટલે જીવો વારંવાર પરાવર્તન પામી તે જ શરીરમાં ઉત્પન્ન થાય તે. આ વાતને નહિ માનતા

२५. सा तत्रैव शीतलया विध्यापिता, तदा स स्वामिन ऋद्धिं दृष्ट्वा भणति-असौ गत एवं भगवन् ! असौ गत एवं भगवन् !, न जानामि यथा तव शिष्यः, क्षमस्व, गोशालः पृच्छति-स्वामिन् ! किमेष यूकाशय्यातरो भणति ?, स्वामिना कथितं, तदा भीतः पृच्छति-कथं संक्षिप्तविपुलतेजोलेश्यो भवति ?, भगवान् भणति-यो गोशाल ! षष्ठषष्ठेन अनिक्षिप्तेन तपःकर्मणाऽऽतापयति, पारणके सनखया कुल्माषपिण्डिकया एकेन च प्रासुकजलचुलुकेन यापयति यावत्षण्मासाः, स संक्षिप्तविपुलतेजोलेश्यो भवति । अन्यदा स्वामी कूर्मग्रामात्सिद्धार्थपुरं प्रस्थितः, पुनरपि तिलस्तम्बस्यादूरसामन्तेन व्यतिव्रजति, पृच्छति स्वामिनं यथा न निष्पन्नः, कथितं यथा निष्पन्नः, तदेवं वनस्पतिजीवानां परावर्त्य परिहारः-शरीरके उत्पद्यन्ते,

[२६] तं असद्दहमाणो गंतूण तिलसेंगलियं हत्थेण फोडित्ता ते तिले गणेमाणो भणति-एवं सव्वजीवावि पउट्टं परियट्टंति, णियइवादं घणियमवलंबेत्ता तं करेइ जं उवदिट्ठं सामिणा जहा संखित्तविउलतेयलेस्सो भवति, ताहे सो सामिस्स पासाओ फिट्टो सावत्थीए कुंभकारसालाए ठिओ तेयनिसग्गं आयावेइ, छहिं मासेहिं जाओ, कूवतडे दासीओ विण्णासिओ, ★ पच्छा छ दिसाअरा आगया, तेहिं निमित्तउल्लोगो कहिओ, एवं सो अजिणो जिणप्पलावी विहरइ, एसा से विभूती संजाया ।

**वेसालीए पडिमं डिंभमुणिउत्ति तत्थ गणराया ।**
**पूएइ संखनामो चित्तो नावाए भगिणिसुओ ॥४९४॥**

**भगवंपि वेसालिं नगरिं पत्तो, तत्थ पडिमं ठिओ, डिंभेहिं मुणिउत्तिकाऊण खलयारिओ,**

---

ગોશાળાએ જઈને તલની શિંગ હાથથી ચીરીને તે તલને ગણતો કહે છે (અર્થાત્ તે શિંગમાં સાત જ તલ હોવાથી ગોશાળાને ભગવાનની વાતમાં શ્રદ્ધા થઈ. તેથી તેણે કહ્યું કે,) – "આ પ્રમાણે સર્વજીવો પણ ફરી ફરીને (તે જ શરીરમાં) ઉત્પન્ન થાય છે."

નિયતિવાદને દૃઢતાથી પકડીને તેજોલેશ્યાની પ્રાપ્તિમાટે જે વિધિ પ્રભુએ બતાવી હતી તે પ્રમાણે ગોશાળો કરે છે. તેથી સ્વામી પાસેથી છૂટો પડી તે શ્રાવસ્તીનગરીમાં કુંભકારની શાળામાં રહેલો સૂર્યના કિરણોની આતાપના લે છે. છ મહિનામાં તેજોલેશ્યા પ્રાપ્ત કરે છે. ત્યાર પછી કૂવાની પાળે દાસી ઉપર તેજોલેશ્યા મૂકી તેણીને બાળી નાંખે છે. ત્યાર બાદ ગોશાળાને છ દિશાચરો સાથે ભેટો થયો. તેઓએ તેને નિમિત્ત જોતાં શીખવાડ્યું. આ રીતે તે જિન ન હોવા છતાં 'હું જિન છું' એ પ્રમાણે પ્રલાપ કરતો વિચરવા લાગ્યો. આ તેની વિભૂતિ થઈ. (અર્થાત્ તેજોલેશ્યા અને અષ્ટાંગનિમિત્ત આ બંને ઋદ્ધિઓ તેને પ્રાપ્ત થઈ.) ॥૪૯૩॥

ગાથાર્થ : **વૈશાલીનગરીમાં પ્રતિમા – બાળકો – પિશાચ – શંખનામનો** ગણરાજા **ભગવાનની પૂજા કરે છે – ભગવાન નાવડીમાં બેઠા – ચિત્રનામનો શંખનો ભાણેજ.**

ટીકાર્થ : ભગવાન વૈશાલીનગરીમાં આવ્યા. ત્યાં પ્રતિમામાં રહ્યા. બાળકોએ "પિશાચ"

---

२६. तदश्रद्दधानो गत्वा तिलशम्बां विदार्य हस्तेन तांस्तिलान् गणयन् भणति-एवं सर्वे जीवा अपि परावर्त्य परिवर्त्तयन्ते, नियतिवादं बाढमवलम्ब्य तत्करोति यदुपदिष्टं स्वामिना यथा संक्षिप्तविपुलतेजोलेश्यो भवति, तदा स स्वामिनः पार्श्वात्स्फिटितः श्रावस्त्यां कुम्भकारशालायां स्थितस्तेजोनिसर्गमातापयति, षड्भिर्मासैर्जातः, कूपतटे दास्यां विन्यासितः, पश्चात् षड् दिशाचरा आगतास्तैर्निमित्तावलोकः कथितः, एवं सोऽजिनो जिनप्रलापी विहरति, एषा तस्य विभूतिः संजाता ।( वेसालीए पूअं संखो गणराय पिउवयंसो उ । गंडइया तर रण्णं चित्तो नावाए भगिणिसुओ इति प्र. ) भगवानपि वैशाली नगरीं प्राप्तः, तत्र प्रतिमां स्थितः, डिम्भैः पिशाच इतिकृत्वा स्खलीकृतः, ★ तस्स घडो लेट्ठुएण आहओ भग्गो, सा रूसिआ अक्कोसइ, तओ मुक्का तेउलेसा, सा दड्ढा, जाओ तस्स पच्चओ, जहा सिद्धा मे तेउलेसा इति ।

[२७]तत्थ संखो नाम गणराया, सिद्धत्थस्स रण्णो मित्तो, सो तं पूएति । पच्छा वाणियग्गामं पहाविओ, तत्थंतरा गंडइया नदी, तं सामी णावाए उत्तिण्णो, ते णाविआ सामिं भणंति-देहि मोल्लं, एवं वाहंति, तत्थ संखरण्णो भाइणिज्जो चित्तो नाम दूएक्काए गएल्लओ, णावाकडएण एइ, ताहे तेण मोइओ महिओ य ।

**वाणियगामायावण आनंदो ओहि परीसह सहिंति ।**
**सावत्थीए वासं चित्ततवो साणुलट्ठि बहिं ॥४९५॥**

तत्तो वाणियग्गामं गओ, तस्स बाहिं पडिमं ठिओ । तत्थ आणंदो नाम सावओ, छट्ठं छट्ठेण आयावेइ, तस्स ओहिनाणं समुप्पण्णं, जाव पेच्छइ तित्थंकरं, वंदति भणति य-अहो सामिणा परीसहा अहियासेज्जंति, एच्चिरेण कालेण तुज्झं केवलनाणं उप्पज्जिहिति पूएति य । ततो सामी सावत्थिं गओ, तत्थ दसमं वासारत्तं, विचित्तं च तवोकम्मं ठाणादिहिं । ततो साणुलट्ठियं नाम

સમજી હેરાન કર્યા. ત્યાં શંખનામનો ગણરાજા હતો જે સિદ્ધાર્થરાજાનો મિત્ર હતો. તે ભગવાનની પૂજા કરે છે. ત્યાર પછી ભગવાન વણિક્ગામમાં ગયા. વચ્ચે ગંડિકાનદી આવી. તે નદીને સ્વામીએ નાવડીવડે પાર ઉતારી. તે સમયે નાવિકે સ્વામીને કહ્યું, "મૂલ્ય આપો." આ રીતે નાવિક પ્રભુની કદર્થના કરે છે. તેટલામાં ત્યાં શંખરાજાનો ચિત્રનામે ભાણેજ કે જે [ii]શરીરચિન્તા માટે ગયેલો હતો, તે નાવમાં [iii]બેસીને ત્યાં આવ્યો. તેણે ભગવાનને છોડાવ્યા અને પૂજા કરી.॥૪૯૪॥

**ગાથાર્થ : વણિક્ગામ– આતાપના– આનંદ – અવધિજ્ઞાન – ભગવાન પરિષહ સહન કરે છે – શ્રાવસ્તીમાં ચોમાસુ – વિચિત્ર તપ – સાનુલષ્ઠિ નામનું ગામ.**

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી વણિક્ગામ તરફ ગયા. ગામની બહાર પ્રતિમામાં રહ્યા. ત્યાં આનંદનામનો શ્રાવક હતો, જે છઠ્ઠને પારણે છઠ્ઠ કરવા સાથે આતાપના લેતો હતો. તેથી તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેમાં તે તીર્થંકરને જુએ છે, વંદન કરે છે અને વિચારે છે – "અહો! સ્વામી કેવા પરિષહો સહન કરે છે, હે પ્રભુ ! તમને આટલા કાળ પછી કેવલજ્ઞાન ઉત્પન્ન થશે." આનંદ પ્રભુની પૂજા કરે છે. ત્યાર પછી સ્વામી શ્રાવસ્તીનગરીમાં ગયા. ત્યાં દસમુ ચોમાસુ કર્યું, અને તે ચોમાસા દરમિયાન સ્થાનાદિવડે વિચિત્ર તપકર્મ કર્યું. ત્યાર પછી સાનુલષ્ઠિ

२७. तत्र शङ्खो नाम गणराजः, सिद्धार्थस्य राज्ञो मित्रं, स तं पूजयति । पश्चाद्वाणिजग्रामं प्रधावितः, तत्रान्तरा गण्डिका नदी, तां स्वामी नावोत्तीर्णः, ते नाविकाः स्वामिनं भणन्ति-देहि मूल्यं, एवं व्यथयन्ति, तत्र शङ्खराज्ञो भागिनेयः चित्रो नाम दूतकार्ये गतवानभूत्, नावाकटकेनैति, तदा तेन मोचितः महितश्च । ततो वाणिज्यग्रामं गतः, तस्मात् बहिः प्रतिमां स्थितः । तत्रानन्दो नाम श्रावकः, षष्ठषष्ठेनातापयति, तस्यावधिज्ञानं समुत्पन्नं, यावत्पश्यति तीर्थङ्करं, वन्दते भणति च-अहो स्वामिना परीषहा अध्यास्यन्ते, इयच्चिरेण कालेन तव केवलज्ञानमुत्पत्स्यते पूजयति च । ततः स्वामी श्रावस्तीं गतः, तत्र दशमं वर्षारात्रं, विचित्रं च तपःकर्म स्थानादिभिः । ततः सानुलष्ठं नाम

[२८] गामं गओ ।

**पडिमा भद्द महाभद्द सव्वओभद्द पढमिआ चउरो ।**
**अट्ठयवीसाणंदे बहुलिय तह उज्झिए दिव्वा ॥४९६॥**

तत्थ भद्दं पडिमं ठाइ, केरिसा भद्दा ? पुव्वाहुत्तो दिवसं अच्छइ, पच्छा रत्तिं दाहिणहुत्तो, अवरेण दिवसं, उत्तरेण रत्तिं, एवं छट्ठभत्तेण निट्ठिआ, पच्छा न चेव पारेइ, अपारिओ चेव महाभद्दं पडिमं ठाइ, सा पुण पुव्वाए दिसाए अहोरत्तं, एवं चउसुवि दिसासु चत्तारि अहोरत्ताणि, एवं सा दसमेणं निट्ठाइ, ताहे अपारिओ चेव सव्वओभद्दं पडिमं ठाइ, सा पुण सव्वत्तोभद्दा इंदाए अहोरत्तं एवं अग्गेईए जामाए नेरईए वारुणीए वायव्वाए सोम्माए ईसाणीए, विमलाए जाइं उड्ढलोइयाइं दव्वाणि ताणि निज्झायति, तमाए हेट्ठिलाइं, एवमेवेसा दसहिंवि दिसाहिं बावीसइमेणं समप्पइ।

---

ગામે પ્રભુ ગયા. ॥૪૯૫॥

ગાથાર્થ : (તે ગામમાં ભગવાને) ભદ્રા, મહાભદ્રા અને સર્વતોભદ્રાનામે પ્રતિમા (આચરી.) પ્રથમ પ્રતિમા ચાર ચતુષ્કની, બીજી આઠ અને ત્રીજી વીસ (ચતુષ્કની) હતી. આનંદના ઘરમાં બહુલિકા દાસીએ ઉજ્ઝિત ભિક્ષા(વડે પ્રભુને પારણું કરાવ્યું.) પાંચ દિવ્યો પ્રકટ થયા.

ટીકાર્થ : તે ગામમાં પ્રભુએ ભદ્રાપ્રતિમા સ્વીકારી. તે કેવી હોય ? તે કહે છે – તે પ્રતિમામાં પ્રથમ દિવસે પૂર્વાભિમુખ કાર્યોત્સર્ગ કરવાનો, રાત્રિએ દક્ષિણાભિમુખ રહેવાનું, બીજા દિવસે પશ્ચિમાભિમુખ અને રાત્રિએ ઉત્તરાભિમુખ રહેવાનું. આ રીતે પ્રભુ છઠ્ઠના તપ સાથે આ પ્રતિમા પૂર્ણ કરી પછી પારણું કર્યા વિના જ મહાભદ્ર પ્રતિમા સ્વીકારે છે.

તે પ્રતિમામાં પૂર્વદિશાને અભિમુખ એક અહોરાત્ર ઊભું રહેવું. એ પ્રમાણે ચારે દિશામાં ચાર અહોરાત્ર રહેવું. આમ આ પ્રતિમા પ્રભુએ ચાર ઉપવાસવડે પૂર્ણ કરી. તેનું પણ પારણું કર્યા વિના જ સર્વતોભદ્રપ્રતિમા સ્વીકારે છે.

તે પ્રતિમામાં પૂર્વાભિમુખ ઊભા રહી અહોરાત્ર પસાર કરવું. એ રીતે અગ્નિખૂણામાં, યામ(દક્ષિણ) દિશામાં, નૈઋત્યખૂણામાં, વારુણી (પશ્ચિમ) દિશામાં, વાયવ્યખૂણામાં, સૌમ્ય (ઉત્તર) દિશામાં અને ઈશાનખૂણામાં એક –એક અહોરાત્ર ધ્યાન ધરવું. તથા વિમલ (ઊર્ધ્વ) દિશામાં જે ઊર્ધ્વલોક સંબંધી જે દ્રવ્યો હોય તેનું ધ્યાન ધરે અને તમા (અધો) દિશામાં અધોલોકસંબંધી દ્રવ્યોનું ધ્યાન ધરે. આ પ્રમાણે આ સર્વતોભદ્રપ્રતિમા દસદિશામાં ધ્યાન ધરવા સાથે દસ ઉપવાસ

---

२८. ग्रामं गतः । तत्र भद्रप्रतिमां करोति, कीदृशी भद्रा ?, पूर्वमुखो दिवसं तिष्ठति, पश्चाद्रात्रौ दक्षिणमुखः, अपरेण दिवसमुत्तरेण रात्रौ, एवं षष्ठभक्तेन निष्ठिता, पश्चात् नैव पारयति, अपारित एव महाभद्रप्रतिमां करोति, सा पुनः पूर्वस्यां दिश्यहोरात्रमेवं चतसृष्वपि दिक्षु चत्वार्यहोरात्राणि, एवं सा दशमेन निस्तिष्ठति, तदाऽपारित एव सर्वतोभद्रां प्रतिमां करोति, सा पुनः सर्वतोभद्रा ऐन्द्र्यामहोरात्रमेवमाग्नेय्यां याम्यां नैऋत्यां वारुण्यां वायव्यां सोमायामैशान्यां विमलायां यानि ऊर्ध्वलौकिकानि द्रव्याणि तानि निध्यायति, तमायामधस्तनानि, एवमेषा दशभिरपि दिग्भिर्द्वाविंशतितमेन समाप्यते ।

'[२१]पढमिआ चउरो' त्ति पुव्वाए दिसाए चत्तारि जामा, दाहिणाएवि ४ अवराएवि ४ उत्तराएवि ४ । बितीयाए अट्ठ, पुव्वाए बेचउरो जामाणं एवं दाहिणाए अट्ठ, अवराएवि अट्ठ उत्तराएवि अट्ठ, एए अट्ठ । ततीयाए वीसं, पुव्वाए दिसाए बेचउक्कं जामाणं जाव अहो बेचउक्का, एए वीसं । पच्छा तासु समत्तासु आणंदस्स गाहावइस्स घरे बहुलियाए दासीए महाणसिणीए भायणाणि खणीकरेंतीए दोसीणं छड्डेउकामाए सामी पविट्ठो, ताए भण्णति-किं भगवं ! अट्ठो ?, सामिणा पाणी पसारिओ, ताए परमाए सद्धाए दिण्णं, पंच दिव्वाणि पाउब्भूआणि ।

**दढभूमीए ★बहिआ पेढालं नाम होइ उज्जाणं ।**
**पोलास चेइयंमी ठिएगराईमहापडिमं ॥४९७॥**

ततो सामी दढभूमिं गओ, तीसे बाहिं पेढालं नाम उज्जाणं, तत्थ पोलासं चेइअं, तत्थ

---

કરવાવડે પ્રભુએ પૂર્ણ કરી. પ્રથમ પ્રતિમામાં પૂર્વદિશામાં ચાર પ્રહર, એ પ્રમાણે દક્ષિણમાં ચાર, પશ્ચિમમાં ચાર અને ઉત્તરદિશામાં ચાર પ્રહર.

બીજી પ્રતિમામાં આઠ ચતુષ્ક અર્થાત્ પૂર્વદિશામાં બે ચતુષ્ક (ચાર પ્રહરનો ૧ ચતુષ્ક જાણવો) = આઠ પ્રહર, એ પ્રમાણે દક્ષિણમાં, પશ્ચિમમાં અને ઉત્તરમાં પણ આઠ–આઠ પ્રહર, ત્રીજી પ્રતિમામાં – વીસ ચતુષ્ક અર્થાત્ પૂર્વદિશામાં બે ચતુષ્ક (આઠ પ્રહર)થી માંડીને અધો દિશામાં બે ચતુષ્ક આ રીતે દસ દિશામાં બે – બે ચતુષ્ક ગણતા વીસ ચતુષ્ક થશે. આ રીતે ત્રણ પ્રતિમા પૂર્ણ થતાં પ્રભુ આનંદશ્રાવકના ઘરમાં બહુલિકાનામની રસોડાસંબંધી દાસી વાસણોને ધોતી વખતે વધેલું સુકુ ભોજન ફેંકી દેવાની ઇચ્છાવાળી હતી તે સમયે પ્રવેશ્યા. ત્યારે તે દાસીએ કહ્યું – "ભગવન્ ! શું આનાવડે (પર્યુષિત ભોજનવડે) પ્રયોજન છે ?" (અર્થાત્ આ સુકા ભોજનનો આપને ખપ છે ?) સ્વામીએ હાથ લંબાવ્યો. તેથી તે દાસીએ પરમશ્રદ્ધાથી પ્રભુને વહોરાવ્યું અને ત્યાં પાંચદિવ્યો પ્રગટ થયા. ॥૪૯૬॥

**ગાથાર્થ : દઢભૂમિની બહાર પેઢાલનામનું ઉદ્યાન હતું, ત્યાં પોલાસનામના ચૈત્યમાં ભગવાને એકરાત્રિની મહાપ્રતિમાને સ્વીકારી.**

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી દઢભૂમિમાં (જ્યાં ઘણાં મ્લેચ્છો રહેતા હોય તેવી ભૂમિમાં) ગયા. તેની બહાર પેઢાલનામનું ઉદ્યાન હતું. તેમાં પોલાસનામનું ચૈત્ય હતું. ત્યાં પ્રભુએ અઠ્ઠમ

---

**२१. प्रथमा चत्वार इति पूर्वस्यां दिशि चत्वारो यामा, दक्षिणस्यामपि ४ अपरस्यामपि ४ उत्तरस्यामपि ४ । द्वितीयायामष्ट पूर्वस्यां द्विच्चत्वारो यामा एवं दक्षिणस्यामुत्तरस्यामप्यष्ट एतेऽष्टा । तृतीयस्यां विंशतिः, पूर्वस्यां दिशि द्विचतुष्कं यामानां यावदधो द्विचतुष्कमेते विंशतिः । पश्चात्तासु समाप्तासु आनन्दस्य गाथापतेर्गृहे बहुलिकायां दास्यां महानसिन्यां भाजनानि प्रक्षालयन्त्यां पर्युषितं त्यक्तुकामायां स्वामी प्रविष्टः, तया भण्यते-किं भगवन् ! अर्थः ?, स्वामिना पाणिः प्रसारितः, तया परमया श्रद्धया दत्तं, पञ्च दिव्यानि प्रादुर्भूतानि । ततः स्वामी दढभूमिं गतः, तस्या बहिः पेढालं नामोद्यानं, तत्र पोलासं चैत्यं, तत्र ★ बाहिं पेढालुज्जाणमागओ भयवं प्र०.**

[३०]अट्ठमेणं भत्तेणं एगराइयं पडिमं ठिओ, एगपोग्गलनिरुद्धदिट्ठी अणिमिसनयणो, तत्थवि जे अचित्ता पोग्गला तेसु दिट्ठिं निवेसेइ, सचित्तेहिं दिट्ठिं अप्पाइज्जइ, जहासंभवं सेसाणिवि भासियव्वाणि, ईसिंपब्भारगओ-ईसिं ओणयकाओ–

**सक्को अ देवराया सभागओ भणइ हरिसिओ वयणं ।**
**तिण्णिवि लोग समत्था जिणवीरमणं न चालेउं★ ॥४९८॥**

इओ य सक्को देवराया भगवंतं ओहिणा आभोएत्ता सभाए सुहम्माए अत्थाणीवरगओ हरिसिओ सामिस्स नमोक्कारं काऊण भणति-अहो भगवं तेलोक्कं अभिभूअ ठिओ, न सक्का केणइ देवेण वा दाणवेण वा चालेउं–

**सोहम्मकप्पवासी देवो सक्कस्स सो अमरिसेणं ।**
**सामाणिअ संगमओ बेइ सुरिंदं पडिनिविट्ठो ॥४९९॥**

---

તપ કરવા સાથે એકરાત્રિક પ્રતિમા સ્વીકારી. તે વખતે પ્રભુએ અનિમેષનયને એકમાત્ર પુદ્ગલ ઉપર દૃષ્ટિ સ્થાપિત કરી. તેમાં પણ અચિત્ત પુદ્ગલો ઉપર દૃષ્ટિ રાખી અને સચિત્ત પુદ્ગલો ઉપરથી દૃષ્ટિને પાછી ખેંચી લીધી (હટાવી દીધી). આ સ્થાને અન્યગ્રંથોમાં ભગવાનના જે અન્ય વિશેષણો જણાવ્યા છે તે સર્વ અહીં જાણી લેવા (જેમ કે, આ ધ્યાનમાં ઊભા રહ્યા ત્યારે પ્રભુ સર્વઇન્દ્રિયોથી ગુપ્ત હતા... વગેરે...) આ ધ્યાન ધરતી વખતે પ્રભુ કંઈક નમેલી કાયાવાળા હતા. ॥૪૯૭॥

**ગાથાર્થ : સભામાં રહેલો અને હર્ષિત ઇન્દ્ર વચન કહે છે કે "ત્રણે લોક જિનેશ્વરના મનને ચલિત કરવા સમર્થ નથી."**

**ટીકાર્થ :** બીજી બાજુ ભગવાનને અવધિવડે જાણીને સુધર્માસભામાં રહેલો અને હર્ષિત થયેલો દેવરાજા ઇન્દ્ર સ્વામીને નમસ્કાર કરીને સભાસમક્ષ કહે છે, "અહો ! ભગવાન ત્રૈલોક્યને જીતીને ધ્યાનમાં રહેલા છે. કોઈ દેવ કે દાનવ ભગવાનના મનને ચલિત કરવા સમર્થ નથી. (ત્રણે લોકના વાસી જીવોમાંથી કોઈપણ જીવ ભગવાનના મનને ચલિત કરી શકતા નથી. માટે જ ત્રિલોકનો પ્રભુએ પરિભવ (પરાજય) કર્યો છે.) ॥૪૯૮॥

**ગાથાર્થ : સૌધર્મકલ્પવાસી સંગમનામે શક્રનો સામાનિકદેવ, શક્રની ઉપર ગુસ્સે થયેલો ઈર્ષ્યાથી શક્રને કહે છે (કે)**

---

३०. अष्टमेन भक्तेनैकरात्रिकीं प्रतिमां स्थितः, एकपुद्गलनिरुद्धदृष्टिरनिमेषनयनः, तत्रापि येऽचित्ताः पुद्गलास्तेषु दृष्टिं निवेशयति, सचित्तेभ्यो दृष्टिं निवर्त्तयति, यथासंभवं शेषाण्यपि भाषितव्यानि, ईषत्प्राग्भारगत ईषदवनतकायः । इतश्च शक्रो देवराजः भगवन्तमवधिनाऽऽभोग्य सभायां सुधर्मायामास्थानीवरगतो हृष्टः स्वामिनं नमस्कृत्य ( स्वामिने नमस्कारं कृत्वा ) भणति-अहो भगवान् त्रैलोक्यमभिभूय स्थितः, न शक्यः केनचिद्देवेन वा दानवेन वा चालयितुम् । ★ चलेयं जे प्र०.

तेल्लोक्कं असमत्थंति पेहए तस्स चालणं काउं ।
अज्जेव पासह इमं ममवसगं भट्ठजोगतवं ॥५००॥
अग आगओ तुरंतो देवो सक्कस्स सो अमरिसेणं ।
कासी य हउवसग्गं मिच्छद्दिट्ठी पडिनिविट्ठो ॥५०१॥

[31] इओ य संगमओ नाम सोहम्मकप्पवासी देवो सक्कसामाणिओ अभवसिद्धीओ, सो भणति-देवराया अहो रागेण उल्लवेइ, को माणुसो देवेण न चालिज्जई ?, अहं चालेमि, ताहे सक्को तं न वारेइ, मा जाणिहिइ-परनिस्साए भगवं तवोकम्मं करेइ, एवं सो आगओ–

धूली पिवीलिआओ उद्दंसा चेव तहय उण्होला ।
विंछुय नउला सप्पा य मूसगा चेव अट्ठमगा ॥५०२॥
हत्थी हत्थीणिआओ पिसायए घोररूव वग्घो य ।
थेरो थेरीइ सुओ आगच्छइ पक्कणो य तहा ॥५०३॥
खरवाय कलंकलिया कालचक्कं तहेव य ।
पाभाइय उवसग्गे वीसइमो होइ अणुलोमो ॥५०४॥

ગાથાર્થ : "તેને ચલિત કરવા ત્રૈલોક્ય અસમર્થ છે" એ પ્રમાણે તમે કહો છો તો, આજે તમે તેને મને આધીન અને ભ્રષ્ટયોગતપવાળા જુઓ.

ગાથાર્થ : ઈર્ષ્યાથી ઇન્દ્રને વિષે ગુસ્સે થયેલો તે દેવ તુરંત ત્યાં આવ્યો અને મિથ્યાદૃષ્ટિ એવા તેણે ઉપસર્ગો કર્યા.

ટીકાર્થ : સૌધર્મકલ્પવાસી શક્રનો સંગમનામે સામાનિકદેવ અભવી હતો. તેણે કહ્યું "અહો ! દેવરાજા રાગથી બોલી રહ્યા છે, અરે ! કયો મનુષ્ય દેવવડે ચલિત ન થાય ? હું તે મહાવીરને ચલિત કરીશ." ત્યારે શક્ર તેને અટકાવતો નથી કે જેથી તેને એવું ન લાગે કે – ભગવાન બીજાની મદદથી તપકર્મને કરે છે. ઇન્દ્રથી નહિ અટકાવાયેલો તે સંગમ પ્રભુપાસે આવ્યો. ॥૪૯૯–૫૦૧॥

ગાથાર્થ : ધૂળની વૃષ્ટિ – કીડી – ડાંસ – ઘીમેલો – વીંછી – નોળીયા – સર્પો અને આઠમા ઉંદરો.

ગાથાર્થ : હાથી – હાથિણીઓ – પિશાચ – ભયંકરરૂપધારી વાઘ – સિદ્ધાર્થ – ત્રિશલા – રસોઈયો તથા ચંડાલ.

ગાથાર્થ : પ્રચંડવાયુ – કલંકલિકવાયુ – કાળચક્ર, ત્યાર પછી–વીસમો પ્રાભાતિક અનુકૂળ ઉપસર્ગ કરે છે.

३१. इतश्च संगमको नाम सौधर्मकल्पवासी देवः शक्रसामानिकोऽभवसिद्धिकः, स भणति-देवराजः अहो रागेण उल्लपति, को मनुष्यो देवेन न चाल्यते ?, अहं चालयामि, तदा शक्रस्तं न वारयति, मा ज्ञासीत् परनिश्रया भगवान् तपःकर्म करोति, एवं स आगतः ।

सामाणिअदेविड्ढिं देवो दावेइ सो विमाणगओ ।
भणइ य वरेह महरिसि ! निप्फत्ती सग्गमोक्खाणं ॥५०५॥
उवहयमइविण्णाणो ताहे वीरं बहु ★पसाहेउं ।
ओहीए निज्झाइ झायइ छज्जीवहियमेव ॥५०६॥

[३२]ताहे सामिस्स उवरिं धूलिवरिसं वरिसइ, जाहे अच्छीणि कण्णा य सव्वसोत्ताणि पूरियाणि, निरुस्सासो जाओ, तेण सामी तिलतुसतिभागामित्तंपि झाणाओ न △चलइ, ताहे संतो तं तो साहरित्ता ताहे कीडिआओ विउव्वइ वज्जतुंडाओ, ताओ समंतओ विलग्गाओ खायंति, अण्णातो सोत्तेहिं अन्तोसरीरगं अणुपविसित्ता अण्णेण णिंति, चालिणी जारिसो कओ, तहवि भगवं न चालिओ, ताहे उद्दंसे वज्जतुंडे विउव्वइ, ते तं उद्दंसा वज्जतुंडा खाइंति, जे एगेण पहारेण लोहियं नीणिंति, जाहे तहवि न सक्का ताहे उण्होला विउव्वति, उण्होला तेल्लपाइआओ, ताओ तिक्खेहिं

ગાથાર્થ : વિમાનમાં રહેલો તે સામાનિકદેવની ઋદ્ધિને બતાવે છે અને કહે છે "હે મહર્ષિ ! તમારા સ્વર્ગ કે મોક્ષની નિષ્પત્તિ માગી લો.

ગાથાર્થ : નાશ પામી છે બુદ્ધિ જેની એવા તેણે (ઉપરોક્ત વરદાન માગવાની વાત) વીરને પ્રસન્ન કરવા કરી, પરંતુ જ્યારે તે અવધિવડે વીરને જુએ છે તો પ્રભુવીર મનમાં ષડ્જીવનિકાયનું હિત વિચારતા હતા.

ટીકાર્થ : કથાનક : ત્યાં આવીને સંગમ સ્વામી ઉપર ધૂળની વૃષ્ટિ કરે છે. જેથી આંખ, કાન વગેરે સર્વઇન્દ્રિયો પૂરાઈ ગઈ. શ્વાસ રુંધાઈ ગયો. પરંતુ તે ઉપસર્ગ કરવા છતાં ભગવાન તલના ફોતરાના ત્રીજાભાગ માત્ર પણ ધ્યાનથી ચલિત ન થયા. તેથી થાકેલા સંગમે ધૂળવૃષ્ટિને સંહરી વજ્ર જેવા મુખવાળી કીડીઓ વિકુર્વી. તે કીડીઓ ચારેબાજુથી ભગવાનના શરીર ઉપર લાગીને શરીરને ખાય છે. શરીરના એક દ્વારમાંથી અંદર પ્રવેશ કરી અન્યદ્વારમાંથી નીકળે છે. કીડીઓએ પ્રભુનું શરીર ચાલણી જેવું કર્યું. તથાપિ ભગવાન ચલિત ન થયા.

ત્યાર પછી વજ્ર જેવા તીક્ષ્ણમુખવાળા ડાંસોને વિકુર્વે છે. તે પણ ભગવાનના શરીરને ખાય છે. તેઓ એક જ પ્રહારવડે શરીરમાંથી લોહી કાઢે છે. આ રીતે પણ સંગમ ભગવાનને ચલિત કરવા સમર્થ બનતો નથી ત્યારે તેલ પીનારી ઘીમેલો વિકુર્વે છે. તેઓ પોતાના તીક્ષ્ણ

३२. तदा स्वामिन उपरि धूलिवर्षां वर्षयति, यया ऽक्षिणी कर्णौ च सर्वश्रोतांसि पूरितानि, निरुच्छ्वासो जातः, तेन स्वामी तिलतुषत्रिभागमात्रमपि ध्यानान्न चलति, तदा श्रान्तस्तां ततः संहृत्य तदा कीटिका विकुर्वति वज्रतुण्डिकाः, ताः समन्ततो विलग्नाः खादन्ति, अन्यस्मात् श्रोतसोऽन्तः-शरीरमनुप्रविश्यान्येन श्रोतसाऽतियान्ति ( अन्येन निर्यान्ति ) चालनीसदृशः कृतः, तथापि भगवान्न चलति ( चलितः ), तदा उद्दंशान् वज्रतुण्डान् विकुर्वति, ते तमुद्दंशा वज्रतुण्डाः खादन्ति, ये एकेन प्रहारेण रुधिरं निष्काशयन्ति, यदा तथापि न शक्तस्तदा घृतेलिका विकुर्वति, 'उण्होला इति तैलपायिन्यः' तास्तीक्ष्णैः

★ बहु सहावेउं प्र०. + जाव प्र०. △ चालिओ प्र०.

[33] तुंडेहि अतीव डसंति, जहा जहा उवसग्गं करेइ तहा तहा सामी अतीव झाणेण अप्पाणं भावेइ, जाहे तेहिं न सक्किओ ताहे विच्छुए विउव्वति, ताहे खायंति, जाहे न सक्का ताहे नउले विउव्वइ, ते तिक्खाहिं दाढाहिं डसंति, खंडखंडाइं च अवर्णेति, पच्छा सप्पे विसरोसपुण्णे उग्गविसे डाहजरकारए, तेहिवि न सक्का, मूसए विउव्वइ, ते खंडाणि अवणेत्ता तत्थेव वोसिरंति मुत्तपुरीसं, ततो अतुला वेयणा भवति, जाहे न सक्का ताहे हत्थिरूवं विउव्वति, तेण हत्थिरूवेण सुंडाए गहाय सत्तट्ठताले आगासं उक्खिवित्ता पच्छा दंतमुसलेहिं पडिच्छति, पुणो भूमीए विंधति, चलणतलेहिं मलइ, जाहे न सक्को ताहे हत्थिणियारूवं विउव्वति, सा हत्थिणिया सुंडाएहि दंतेहिं विंधइ फालेइ य पच्छा काइएण सिंचइ, ताहे चलणेहिं मलेइ जाहे न सक्का ताहे पिसायरूवं विउव्वति, जहा

મુખવડે ભગવાનને ડંખે છે. સંગમ જેમ જેમ ઉપસર્ગો કરે છે તેમ તેમ ભગવાન ધ્યાનવડે વધુ ને વધુ પોતાના આત્માને ભાવિત કરે છે. હવે જ્યારે ધીમેલોથી પણ ચલિત થતાં નથી ત્યારે વીંછીઓ વિકુર્વે છે. તેઓ ડંખ મારે છે. તેનાથી પણ ચલિત થતાં નથી ત્યારે નોળિયાઓને વિકુર્વે છે.

તેઓ તીક્ષ્ણ દાઢાઓવડે ડંખે છે. માંસના ટુકડાઓને શરીરમાંથી ખેંચી કાઢે છે. પછી વિષ અને રોષથી યુક્ત, ઉગ્રવિષવાળા અને દાહજ્વરને કરનારા સર્પોને વિકુર્વે છે. તેનાથી પણ ચલિત થતાં નથી ત્યારે ઉંદરોને વિકુર્વે છે. તે શરીરમાંથી માંસના ટુકડા કાઢી ત્યાં પોતાના મૂત્ર–વિષ્ઠાને કરે છે. જેનાથી ભગવાનને અતીવ વેદના થાય છે. તેનાથી પણ ચલિત થતાં નથી ત્યાર પછી હસ્તિરૂપને કરે છે. હસ્તિરૂપવડે સૂંઢથી ગ્રહણ કરી સાત–આઠ તાલ પ્રમાણ (સાત–આઠ તાડવૃક્ષની ઊંચાઈ જેટલા ઉપર) આકાશમાં ઊંચે ઉછાળી દંતરૂપ મુશલોવડે ભગવાનને ઝીલી લે, પછી ભૂમિ ઉપર પછાડે, ચરણોવડે ભગવાનને મર્દન કરે (અર્થાત્ પગ નીચે દબાવે.) આનાથી પણ ભગવાનને ચલિત કરવામાં સમર્થ બનતો નથી.

ત્યારે હસ્તિનીનું રૂપ કરે છે. તે હસ્તિની પણ ભગવાનને સૂંઢવડે, દાંતવડે વિંધે છે, ફાડે છે અને પછી ત્યાં મૂત્રનું સિંચન કરે છે. ત્યાર પછી ચરણ નીચે દબાવે છે. તેમાં પણ જ્યારે શક્ય થતું નથી ત્યારે પિશાચરૂપ કરે છે. પિશાચરૂપનું વર્ણન જેમ કામદેવના ચરિત્રમાં આવે

३३. तुण्डैरतीव दशन्ति, यथा यथोपसर्गं करोति तथा तथा स्वाम्यतीव ध्यानेनात्मानं भावयति, यदा तैर्न शकितस्ततो वृश्चिकान् विकुर्वति, तदा खादन्ति, यदा न शक्तस्तदा नकुलान् विकुर्वति, ते तीक्ष्णाभिर्दंष्ट्राभिर्दशन्ति, खण्डखण्डानि च अपनयन्ति, पश्चात् सर्पान् विषरोषपूर्णान् उग्रविषान् दाहज्वरकारकान्, तैरपि न शक्तो मूषकान् विकुर्वति, ते खण्डान्यपनीय तत्रैव व्युत्सृजन्ति मूत्रपुरीषं, ततोऽतुला वेदना भवति, यदा न शकितस्तदा हस्तिरूपं विकुर्वति, तेन हस्तिरूपेण शुण्डया गृहीत्वा सप्ताष्टतालानाकाशे उत्क्षिप्य पश्चाद्दन्तमुशलाभ्यां प्रतीच्छति, पुनर्भूम्यां विध्यति, चरणतलैर्मर्दयति, यदा न शक्तस्तदा हस्तिनीरूपं विकुर्वति, सा हस्तिनी शुण्डाभिर्दन्तैर्विध्यति विदारयति च पश्चात्कायिकेन सिञ्चति, तदा चरणैर्मर्दयति, यदा न शक्तस्तदा पिशाचरूपं विकुर्वति, यथा ★ उ बंधति.

[३४★]कामदेवे, तेण उवसग्गं करेई, जाहे न सक्का ताहे वग्घरूवं विउव्वति, सो दाढेहिं नखेहि फालेइ, खारकाइएण सिंचति, जाहे न सक्का ताहे सिद्धत्थरायरूवं विउव्वति, सो कट्ठाणि कलुणाणि विलवइ-एहि पुत्त ! मा मा उज्झाहि, एवमादि विभासा, ततो तिसलाए विभासा, ततो सूयं, किह ?, सो ततो खंधावारं विउव्वति, सो परिपेरंतेसु आवासिओ, तत्थ सूतो पत्थरे अलभंतो दोण्हवि पायाण मज्झे अग्गिं जालेत्ता पायाण उवरि उक्खलियं काउं पयइओ, जाहे एएणवि न सक्का ततो पक्कणं विउव्वति, सो ताणि पंजराणि बाहुसु गलए कण्णेसु य ओलएइ, ते सउणगा तं तुंडेहिं खायंति विंधंति सण्णं काइयं च वोसिरंति, ताहे खरवायं विउव्वेइ, जेण सक्का मंदरंपि चालेउं, न पुण सामी विचलइ, तेण उप्पाडेत्ता उप्पाडेत्ता पाडेइ, पच्छा कलंकलियवायं विउव्वइ,

---

છે તેમ અહીં પણ જાણવું. તે પિશાચરૂપવડે સંગમ ઉપસર્ગ કરે છે. ત્યાર પછી વાઘનું રૂપ કરે છે. તે દાઢા અને નખોવડે ભગવાનને ચીરે છે, અને તે સ્થાને ખારથી યુક્ત મૂત્ર કરે છે. જ્યારે ભગવાન તેનાથી પણ ચલિત થતાં નથી ત્યારે સિદ્ધાર્થરાજાનું રૂપ કરે છે. તે કષ્ટમય કરુણ વિલાપ કરે છે – "હે પુત્ર ! તું પાછો ફર, અમને છોડીને જા નહિ" વગેરે વર્ણન જાણી લેવું.

ત્યાર પછી ત્રિશલાનો કરુણ વિલાપ ચાલે છે. ત્યાર પછી રસોઈયાને વિકુર્વે છે. શા માટે ? તે કહે છે – તે સંગમ એક છાવણી વિકુર્વે છે. તે છાવણીમાં છેડાના ભાગમાં વસતિ હતી. ત્યાં રસોઈયાને પત્થરો ન મળવાથી ભગવાનની બે પગો વચ્ચે અગ્નિને બાળી પગ ઉપર હાંડલી બનાવી રસોઈ પકાવવાનું શરૂ કર્યું. તેનાથી પણ ભગવાન ચલિત ન થયા ત્યારે ચંડાલને વિકુર્વે છે. તે ચંડાલ ભગવાનના શરીરને વિષે બાહુમાં, ગળામાં અને કર્ણોને વિષે પિંજરાઓને લટકાવે છે. તેમાં રહેલા પક્ષીઓ પોતાના મુખવડે શરીરને ખાય છે, વિંધે છે અને તે સ્થાને વિષ્ટા તથા મૂત્ર કરે છે.

ત્યાર પછી પ્રચંડ પવનને વિકુર્વે છે. જેનાવડે મેરુપર્વત પણ ચલાયમાન થઈ જાય, તેવા આ પવનથી પણ ભગવાન ચલિત થતાં નથી. તે પવન ભગવાનને ઉપાડી–ઉપાડી ફેંકે છે. ત્યાર પછી પ્રભુને ચલિત કરવા સંગમ વંટોળીયાને વિકુર્વે છે. તે વંટોળીઓ ચક્ર સાથે બંધાયેલી

---

३४. कामदेवे, तेनोपसर्गं करोति यदा न शक्तस्तदा व्याघ्ररूपं विकुर्वति, स दंष्ट्राभिर्नखैश्च पाटयति, क्षारकायिक्या सिञ्चति, यदा न शक्तस्तदा सिद्धार्थराजरूपं विकुर्वति, स कष्टानि करुणानि विलपति-एहि पुत्र ! मा मा उज्झीः एवमादिर्विभाषा, ततस्त्रिशलया विभाषा, ततः सूदं, कथं ?, स ततः स्कन्धावारं विकुर्वति, स पर्यन्तेषु परितः आवासितः, तत्र सूदः प्रस्तरानलभमानो द्वयोरपि पदोर्मध्येऽग्निंज्वलयित्वा पदोरुपरि पिठिरिकां कृत्वा पक्तुमारब्धवान्, यदैतेनापि न शक्तस्ततश्चाण्डालं विकुर्वति, स तानि पञ्जराणि बाह्वोर्गले कर्णयोश्च उपलगयति, ते शकुनास्तं तुण्डैः खादन्ति विध्यन्ति संज्ञां कायिकीं च व्युत्सृजन्ति, तदा खरवातं विकुर्वति येन शक्यते मन्दरोऽपि चालयितुं, न पुनः स्वामी विचलति, तेनोत्पाट्य उत्पाट्य पातयति, पश्चात्कलङ्कलिकावातं विकुर्वति, ★ कामदेवो तवो उवसग्गं प्र०.

**[३५]जेण जहा चक्काइद्धगो तहा भमाडिज्जइ, नंदिआवत्तो वा, जाहे एवं न सक्का ताहे कालचक्कं विउव्वति, तं घेत्तूणं उड्ढं गगणतलं गओ, एत्ताहे मारेमित्ति मुएइ वज्जसंनिभं जं मंदरंपि चूरेज्जा, तेण पहारेण भगवं ताव णिबुड्डो जाव अग्गनहा हत्थाणं, जाहे न सक्का तेणवि ताहे चिंतेति– न सक्का एस मारेउं, अणुलोमे करेमि, ताहे पभायं विउव्वइ, लोगो सव्वो चंकमिउं पवत्तो भणति- देवज्जगा ! अच्छसि अज्जवि ?, भयवंपि नाणेण जाणइ जहा न ताव पभाइ जाव सभावओ पभायंति, एस वीसइमो । अन्ने भणन्ति-तुट्ठोमि तुज्झ भगवं ! भण किं देमि ? सग्गं वा ते सरीरं नेमि मोक्खं वा नेमि, तिण्णिवि लोए तुज्झ पादेहिं पाडेमि ?, जाहे न तीरइ ताहे सुट्ठुयरं पडिनिवेसं गओ, कल्लं काहिति, पुणोवि अणुकड्ढइ–**

---

વ્યક્તિ જેમ ભમે તેમ ભગવાનને ભમાવે છે અથવા નદીમાં જેમ આવર્ત્તો – ભમરીઓ થાય તેમ આ વંટોળીયો ભગવાનને ભમાવે છે. તેનાથી પણ ભગવાન ચલિત થતાં નથી ત્યારે કાળચક્ર વિકુર્વે છે. તેને લઈ દેવ ઊંચે આકાશમાં ગયો.

"હવે હું એને મારી નાંખું" એવા વિચાર સાથે વજ્રસમાન તે કાળચક્રને છોડે છે, જેના વડે મેરુના પણ ટુકડે ટુકડા થઈ જાય. તેના પ્રહારથી ભગવાન હાથના અગ્રનખો સુધી જમીનમાં ખુપી ગયા. જ્યારે કાળચક્રથી પણ ચલિત કરવા સમર્થ બનતો નથી ત્યારે તે વિચારે છે કે, "આનાથી મારવું શક્ય નથી, તો હવે અનુકૂળ ઉપસર્ગ કરું" એમ વિચારી તેણે પ્રભાત વિકુર્વ્યો. સર્વલોકો પોત–પોતાના કાર્યમાં જોડાણા. ત્યારે લોક કહે છે – "હે દેવાર્ય ! હજુ પણ તમે અહીં ઊભા છો ?" ત્યારે ભગવાને જ્ઞાનથી જોયું કે સ્વાભાવિક પ્રભાત જેવો હોય તેવો આ પ્રભાત નથી. આ વીસમો ઉપસર્ગ થયો.

કેટલાક આચાર્ય આ વીસમા ઉપસર્ગમાં પ્રભાતની બદલે અન્ય ઉપસર્ગ કહે છે તે આ પ્રમાણે – ત્યારે સંગમ પ્રભુ પાસે આવીને કહે છે કે – "હે ભગવન્ ! તમારી ઉપર હું ખુશ થયો છું, તેથી કહો તમને શું આપુ ? તમને આ શરીર સાથે સ્વર્ગમાં લઈ જાઉં કે તમને મોક્ષમાં લઈ જાઉં, ત્રણ લોકને તમારા ચરણોમાં પાડુ ?" વગેરે શબ્દોદ્વારા ભગવાનને ચલિત કરવા સમર્થ બનતો નથી ત્યારે વધારે ગુસ્સે ભરાયો "આવતી કાલે ચલાયમાન કરીશ" આ પ્રમાણે બોલે છે. હજુ પીછો છોડતો નથી. ॥૫૦૨–૫૦૬॥

---

३५. येन यथा चक्राविद्धः तथा भ्राम्यते नन्द्यावर्त्तो वा, यदैवं न शक्तस्तदा कालचक्रं विकुर्वति, तद्गृहीत्वोर्ध्वं गगनतलं गतोऽधुना मारयामीति मुञ्चति वज्रसन्निभं यन्मन्दरमपि चूरयेत्, तेन प्रहारेण भगवान् तावत् ब्रूडितो यावदग्रनखा हस्तयोः, यदा न शक्तस्तेनापि तदा चिन्तयति-न शक्य एष मारयितुम्, अनुलोमान् करोमि, तदा प्रभातं विकुर्वति, लोकः सर्वश्चंक्रमितुं प्रवृत्तो भणति-देवार्य ! तिष्ठसि ? अद्यापि, भगवान् ज्ञानेन जानाति यथा न तावत्प्रभाति यावत्स्वभावतः प्रभातमिति, एष विंशतितमः । अन्ये भणन्ति-तुष्टोऽस्मि तुभ्यं भगवन् ! भण किं ददामि ? स्वर्गं वा ते शरीरं नयामि मोक्षं वा नयामि, त्रीनपि लोकान् तव पादयोः पातयामि, यदा न शक्नोति तदा सुष्ठुतरं प्रतिनिवेशं गतः, कल्ये करिष्यति, पुनरप्यनुकर्षति ।

**वालुय पंथे तेणा माउलपारणग तत्थ काणच्छी ।**
**तत्तो सुभोम अंजलि सुच्छित्ताए य विडरूवं ॥५०७॥**

[३६]ततो सामी वालुगा नाम गामो तं पहाविओ, ★एत्थंतरा पंचचोरसए विउव्वति वालुगं च, जत्थ खुप्पइ, पच्छा तेहि माउलोत्ति वाहिओ पव्वय+गुरुतरेहिं सागयं च वज्जसरीरा दिंति जहिं पव्वयावि फुट्टिज्जा, ताहे वालुयं गओ, तत्थ सामी भिक्खं पहिंडिओ, तत्थावरेतुं भगवतो रूवं काणच्छि अविरइयाओ णडेइ, जाओ तत्थ तरुणीओ ताओ हम्मति, ताहे निग्गतो । भगवं सुभोमं वच्चइ, तत्थवि अतियओ भिक्खायरियाए, *तत्थवि आवरेत्ता महिलाणं अंजलिं करेइ, पच्छा तेहिं पिट्टिज्जति, ताहे भगवं णीति, पच्छा सुच्छेत्ता नाम गामो तहिं वच्चइ, जाहे अतिगतो सामी भिक्खाए ताहे इमो आवरेत्ता विडरूवं विउव्वइ, तत्थ हसइ य गायइ य अट्टट्टहासे य मुंचति,

ગાથાર્થ : વાલુકાગામ – માર્ગમાં ચોરો – માતુલ (પિશાચ) – પારણું – કાણીઆંખ – ત્યાર પછી સુભૌમ ગામમાં (ભગવાન ગયા) – અંજલિ – સુક્ષેત્રમાં વિટનું રૂપ.

**ટીકાર્થ :** ગાથાનો ભાવાર્થ કથાનકથી જાણીએ – ત્યાર પછી સ્વામી વાલુકાનામના ગામ તરફ ગયા. વચ્ચે માર્ગમાં સંગમદેવ પાંચસો ચોરોને અને રેતીને વિકુર્વે છે. જેમાં ભગવાન ખૂંપી જાય છે. ત્યાર પછી પર્વત કરતાં પણ ભારે એવા તે ચોરો ભગવાનને ગાંડો–ગાંડો કહી ભગવાનની પીઠ ઉપર બેસી વહન કરાવે છે, અને વજશરીરવાળા તે ચોરો ભગવાનનું એવું આલિંગન કરે છે જો ભગવાનને બદલે પર્વતો હોય તો ફાટી જાય. ત્યાર પછી ભગવાન વાલુકાગામમાં ગયા. ત્યાં સ્વામી ભિક્ષામાટે નીકળે છે. ત્યારે સંગમે ભગવાનના રૂપને ઢાંકીને કાણી આંખવાળું રૂપ કરી સ્ત્રીઓને હેરાન કરે છે (ચેનચાળા કરે છે.) તેથી તેમાં જે તરુણીઓ હોય છે તે આવીને ભગવાનને મારે છે. તેથી ભગવાન તે ગામમાંથી નીકળે છે અને સુભૌમ નામના ગામમાં જાય છે.

ત્યાં પણ ભગવાન ભિક્ષાચર્યા માટે નીકળે છે ત્યારે પૂર્વની જેમ ભગવાનના રૂપને ઢાંકીને તે દેવ સ્ત્રીઓને અંજલિ કરે છે (હાથ જોડે છે.) જેથી સ્ત્રીઓવડે ભગવાન મરાય છે. ત્યાંથી પણ ભગવાન નીકળે છે અને સુક્ષેત્રનામના ગામમાં જાય છે. ત્યાં પણ ભગવાન ભિક્ષામાટે નીકળે છે ત્યારે સંગમે ભગવાનનું રૂપ ઢાંકીને વિટ (વિદૂષક)નું રૂપ કર્યું. તેમાં તે હસે છે, ગાય

३६. ततः स्वामी वालुका नाम ग्रामस्तं प्रधावितः, अत्रान्तरे पञ्च चौरशतानि विकुर्वति, वालुकां च यत्र मज्ज्यते, पश्चात् तैर्मातुल इति वाहितः पर्वतगुरुतरैः स्वागतं वज्रशरीरा ददति, यत्र पर्वता अपि स्फुटेयुः, तदा वालुकां गतः, तत्र स्वामी भिक्षां प्रहिण्डितः, तत्रावृत्य भगवतो रूपं काणाक्षोऽविरतिका बाधते, यास्तत्रतरुण्यस्ता घ्नन्ति, तदा निर्गतः । भगवान् सुभौमं व्रजति, तत्रापि अतिगतो भिक्षाचर्यायै, तत्राप्यावृत्य महिलाभ्योऽञ्जलिं करोति, पश्चात्तैः पिट्यते, तदा भगवान् निर्गच्छति, पश्चात् सुक्षेत्रनामा ग्रामस्तत्र व्रजति, यदाऽतिगतः स्वामी भिक्षायै तदाऽयमावृत्य विटरूपं विकुर्वति, तत्र हसति च गायति अट्टाट्टहासांश्च मुञ्चति, ★ तत्थंतरा प्र०. + सरीरेहिं कसाघाइं व० प्र०. * एत्थवि प्र०.

[૩૭] काणच्छियाओ य जहा विडो तहा करेइ, असिट्ठाणि य भणइ, तत्थवि हम्मइ, ताहे ततोवि णीति–

**मलए पिसायरूयं सिवरूवं हत्थिसीसए चेव ।**

**ओहसणं पडिमाए मसाण सक्को जवण पुच्छा ॥५०८॥**

ततो मलयं गतो गामं, तत्थ पिसायरूवं विउव्वति, उम्मत्तयं भगवतो रूवं करेइ, तत्थ अविरइयाओ अवतासेइ गेण्हइ, तत्थ चेडरूवेहि छारकयारेहि भरिज्जइ लेट्ठु( ट्टु )एहिं च हम्मइ, ताणि य बिहावेइ, ततो ताणि छोडियपडियाणि नासंति, तत्थ कहिते हम्मति, ततो सामी निग्गतो, हत्थिसीसं गामं गत्तो, तत्थ भिक्खाए अतिगयस्स भगवओ सिवरूवं विउव्वइ सागारियं च से कसाइयं करेइ, जाहे पेच्छइ अविरइयं ताहे उट्ठवेइ, पच्छा हम्मति, भगवं चिंतेति-एस अतीव

છે, અટ્ટહાસ્ય કરે છે અને જે રીતે વિટ કાણી આંખોવાળો હોય તેમ આ કરે છે, નહિ બોલવા યોગ્ય એવા શબ્દો બોલે છે. જેથી ત્યાં પણ લોકો ભગવાનને મારે છે. તેથી ભગવાન ત્યાંથી પણ નીકળી જાય છે. ॥૫૦૭॥

**ગાથાર્થ : મલયગામ – પિશાચરૂપ – હસ્તિશીર્ષકગામમાં શિવરૂપ – સ્મશાનમાં પ્રતિમામાં રહેલા ભગવાનનું અપહસન – શક્ર – સ્વાસ્થ્યની પૃચ્છા.**

**ટીકાર્થ :** ત્યાર પછી ભગવાન મલય ગામમાં ગયા. ત્યાં દેવ પિશાચરૂપ વિકુર્વે છે અને ભગવાનના રૂપને ઉન્મત્ત કરે છે (અર્થાત્ ભગવાનનું રૂપ ઢાંકી પોતે પિશાચ (ગાંડા) જેવું વર્તન કરે છે.) ત્યાં સ્ત્રીઓને ત્રાસ આપે છે, પકડે છે. બાળકો પ્રભુની સામે ભસ્મ–કચરો વગેરે નાંખે છે, પથ્થરોથી સ્વામીને મારે છે. આ દેવ કે જે ભગવાનના રૂપમાં છે તે બાળકોને ડરાવે છે, તેથી તે બાળકો નાસભાગ કરે છે. તે બાળકો પોતાના માતા–પિતાને વાત કરે છે તેથી તેમના માતા–પિતા ભગવાનને મારે છે.

તેથી સ્વામી ત્યાંથી નીકળી હસ્તિશીર્ષ ગામમાં આવ્યા. ત્યાં ભિક્ષામાટે નીકળેલા ભગવાનનું શિવરૂપ કરે છે અર્થાત્ સાગારિકને કષાયિત કરે છે. (અર્થાત્ [૫૧]લિંગ ઉપરની ત્વચાને દૂર કરી વિકૃતલિંગ કરે છે.) જ્યારે સ્ત્રીને જુએ ત્યારે તે લિંગ ઊભું થાય છે. જેથી સ્ત્રી વગેરે લોકો ભગવાનને મારે છે. તે સમયે ભગવાન વિચારે છે – "આ દેવ અત્યંત શાસનની હીલના અને અનેષણાને કરે છે, તેથી ગામમાં જ પ્રવેશ કરવો નથી, બહાર જ રહું." કેટલાક આચાર્યો કહે

૩૭. काणाक्षिणी च यथा विटस्तथा करोति, अशिष्टानि च भणति, तत्रापि हन्यते, ततोऽपि निर्याति । ततो मलयं गतो ग्रामं, तत्र पिशाचरूपं विकुर्वति, उन्मत्तं भगवतो रूपं करोति, तत्राविरतिका अपत्रासयति गृह्णाति, तत्र चेटरूपैर्भस्मकचवरैर्भ्रियते लेष्टुकैश्च हन्यते तानि च भापयते, ततस्तानि छोटितंपतितानि नश्यन्ति, तत्र कथिते हन्यते, ततः स्वामी निर्गतो, हस्तिशीर्षं ग्रामं गतः, तत्र भिक्षायै अतिगतस्य भगवतः शिव ( भव्य ) रूपं विकुर्वति सागारिकं ( पुंश्चिह्नं ) च तस्य कषायितं ( स्तब्धं ) करोति, यदा प्रेक्षतेऽविरतिकां तदोत्थापयति, पश्चाद्धन्यते, भगवान् चिन्तयति-एषोऽतीव

[३८] गाढं उड्डाहं करेइ अणेसणं च, तम्हा गामं चेव न पविसामि बाहिं अच्छामि, अण्णे भणंति-पंचालदेवरूवं जहा तहा विउव्वति, तदा किर उप्पण्णो पंचालो, ततो बाहिं निग्गओ गामस्स, जओ महिलाजूहं तओ कसाइततेण अच्छति, ताहे किर ढोंढसिवा पवत्ता, जम्हा सक्केण पुइओ ताहे ठिआ, ताहे सामी एगंतं अच्छति, ताहे संगमओ उहसेइ-न सक्का तुमं ठाणाओ चालेउं ?, पेच्छामि ता गामं अतीहि, ताहे सक्को आगतो पुच्छइ-भगवं ! जत्ता भे ? जवणिज्जं अव्वाबाहं फासुयविहारं ?, वंदित्ता गओ–

**तोसलिकुसीसरूवं संधिच्छेओ इमोत्ति वज्झो य ।**
**मोएइ इंजालिउ तत्थ महाभूइलो नामं ॥५०९॥**

ताहे सामी तोसलिं गतो, बाहिं पडिमं ठिओ, ताहे सो देवो चिंतेइ, एस न पविसइ, एत्ताहे एत्थवि से ठियस्स करेमि उवसग्गं, ततो खुड्डगरूवं विउव्वित्ता संधिं छिंदइ उवकरणेहिं गहिएहिं

---

છે કે, લોકમાં પ્રસિદ્ધ પંચાલનામના દેવતાવિશેષનું રૂપ સંગમ વિકુર્વે છે. ([iii]વિશિષ્ટ પરંપરાનો અભાવ હોવાથી તે પંચાલદેવનું સ્વરૂપ કેવું છે ? તે જણાતું નથી.) ત્યારથી પંચાલ ઉત્પન્ન થયો.

ભગવાન ગામની બહાર જતા રહ્યા. જે બાજુ મહિલાઓનો સમૂહ હોય છે ત્યાં દેવ લિંગને સ્તબ્ધ કરે છે તેથી શાસન હીલના થાય છે. જ્યારે શક્ર ભગવાનને પૂજે છે ત્યારે તે હીલના અટકે છે. ત્યાર પછી સ્વામી એકાન્તસ્થાનમાં જાય છે. તેથી સંગમ હસે છે – "શું તમને ચલિત કરવા શક્ય નથી ? ગામમાં આવો તો જોઈએ." તે સમયે આવેલો શક્ર ભગવાનને પૂછે છે "ભગવન્ ! આપની સંયમયાત્રા સારી ચાલે છે ? શારીરિક કોઈ બાધા નથી ને ?" પ્રાસુક (નિરવદ્ય) વિહાર ચાલી રહ્યો છે ને ?" પછી વંદન કરીને ગયો. ॥૫૦૮॥

**ગાથાર્થ : તોસલિગામ – બાળકનું રૂપ – આ સંધિચ્છેદ કરાવનારો છે – વધ્ય – મહાભૂતિલનામનો ઈન્દ્રજાળિયો ભગવાનને છોડાવે છે.**

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી તોસલિગામમાં ગયા. ગામની બહાર પ્રતિમા સ્વીકારી. ત્યારે તે દેવ વિચારે છે કે "આ ગામમાં પ્રવેશ કરશે નહિ તેથી બહાર રહેલા આને ઉપસર્ગ કરું." એમ વિચારી બાળકનું રૂપ વિકુર્વે છે અને ખાતર પાડવાના ઉપકરણો લઈ વાડમાં (धाडीए =

---

३८. गाढमपभ्राजनां करोति अनेषणां च, तस्माद्ग्रममेव न प्रविशामि बहिस्तिष्ठामि, अन्ये भणन्ति-पञ्चालदेवरूपं यथा तथा विकुर्वति, तदा किलोत्पन्नः पञ्चालः, ततो बहिर्निर्गतो ग्रामात्, यतो महिलायूथं ततः काषायितकेन तिष्ठति, तदा किल हेलना प्रवृत्ता, यस्मात् शक्रेण पूजितस्तस्मात्स्थिता (निवृत्ता), तदा स्वाम्येकान्ते तिष्ठति, तदा संगमकोऽपहसति-न शक्यस्त्वं स्थानाच्चालयितुं ?, प्रेक्षे तावद्ग्रामं याहि, तदा शक्र आगतः पृच्छति-भगवन् ! यात्रा भवतां ? यापनीयमव्याबाधं प्रासुकविहारः, वन्दित्वा गतः । तदा स्वामी तोसलिं गतः, बहिः प्रतिमया स्थितः, तदा स देवश्चिन्तयति-एष न प्रविशति, अधुनाऽत्रापि अस्य स्थितस्य करोम्युपसर्गं, ततः क्षुल्लकरूपं विकुर्व्य सन्धिं छिनत्ति उपकरणेषु गृहीतेषु

धाडीए[३९] तओ सो गहितो भणति, मा ममं हणह, अहं किं जाणामि ?, आयरिएण अहं पेसिओ, कहिं सो ?, एस बाहि अमुए उज्जाणे, तत्थ हम्मति, वज्झति य, मारेज्जउत्ति य वज्झो णीणिओ, तत्थ भूइलो नाम इंदजालिओ, तेण सामी कुंडग्गामे दिट्ठओ, ताहे सो मोएइ, साहइ य-जहा एस सिद्धत्थरायपुत्तो, मुक्को खामिओ य, खुड्डओ मग्गिओ, न दिट्ठो, नायं जहा से देवो उवसग्गं करेइ–

**मोसलि संधि, सुमागह मोएई रट्ठिओ पिउवयंसो ।**
**तोसलि य सत्तरज्जू वावत्ति तोसलीमोक्खो ॥५१०॥**

ततो भगवं मोसलिं गओ, तत्थवि बाहिं पडिमं ठिओ, तत्थवि सो देवो खुड्डगरूवं विउव्वित्ता संधिमग्गं सोहेइ पडिलेहेइ य, सामिस्स पासे सव्वाणि उवगरणाणि विउव्वइ, ताहे सो

ચારે બાજુ જે વાડ કરેલી હોય તેમાં ચોરી કરવા અંદર જઈ શકાય તે માટે) ખાતર (સંધિ) પાડે છે. આ રીતે ખાતર પાડતા જ્યારે બાળક પકડાય છે ત્યારે તે કહે છે કે "મને નહિ મારો, હું શું જાણતો તો ? મને તો આચાર્યે મોકલ્યો છે."

"તે ક્યાં છે ?" "આ ગામની બહાર અમુક ઉદ્યાનમાં રહેલા છે." તેથી લોકો ત્યાં જઈ ભગવાનને મારે છે, બાંધે છે અને "મારી નાંખો" એમ વિચારી વધ્ય તરીકે રાજસભામાં લાવે છે. ત્યાં ભૂતિલનામનો ઇન્દ્રજાળિયો હતો. તેણે સ્વામીને પૂર્વે કુંડગામમાં જોયા હતા. તે ભગવાનને છોડાવે છે અને લોકોને કહે છે કે "આ સિદ્ધાર્થરાજાના પુત્ર છે." તેથી લોકો પ્રભુને છોડી દે છે અને ક્ષમા માગે છે. ત્યાર પછી તે બાળકને ગોતે છે પરંતુ મળતો નથી. તેથી લોકોને ખબર પડે છે કે દેવ ભગવાનને ઉપસર્ગ કરે છે. ॥૫૦૯॥

**ગાથાર્થ : મોસલિ – ખાતર – સુમાગધનામનો પિતાનો મિત્ર રાષ્ટ્રિક (ભગવાનને) છોડાવે છે – તોસલિગામ – સાત વાર દોરડાનું તૂટી જવું – તોસલિ – મોક્ષ.**

**ટીકાર્થ :** ત્યાર પછી ભગવાન મોસલિગામમાં ગયા. ગામની બહાર પ્રતિમા ધારણ કરી. ત્યાં પણ તે દેવ બાળકના રૂપને કરીને સંધિમાર્ગને શોધે છે. (અર્થાત્ લોકો જોતા હોય ત્યારે ખાતર પાડવાના માર્ગને શોધે છે = કાંટાઓ દૂર કરે છે) અને આવવા–જવાના સ્થાનોનું નિરીક્ષણ કરે છે. તથા ખાતર પાડવા માટેના ઉપકરણો પ્રભુની બાજુમાં સ્થાપે છે. આ રીતે માર્ગ શોધતા તે બાળકને લોકોએ પકડ્યો અને પૂછ્યું – "તું અહીં આ બધું શું શોધે છે ?" ત્યારે તે બાળક

३९. धाट्यः, ततः स गृहीतो भणति-मा मां वधिष्ट अहं किं जाने ?, आचार्येणाहं प्रेषितः, क्व सः ?, एष बहिरमुकस्मिन्नुद्याने, तत्र हन्यते बध्यते च, मार्यतामिति च वध्यो निष्काशितः, तत्र भूतिलो नामेन्द्रजालिकः, तेन स्वामी कुण्डग्रामे दृष्टः, तदा स मोचयति, कथयति च-यथैष सिद्धार्थराजपुत्रो, मुक्तः क्षामितश्च, क्षुल्लको मार्गितः, न दृष्टः, ज्ञातं यथा तस्य देव उपसर्गं करोति । ततो भगवान् मोसलिं गतः, तत्रापि बहिः प्रतिमया स्थितः, तत्रापि स देवः क्षुल्लकरूपं विकुर्व्य सन्धिमार्गं शोधयति प्रतिलिखति च, स्वामिनः पार्श्वे सर्वाण्युपकरणानि विकुर्वति, तदा स

૪૦ खुड्डुओ गहिओ, तुमं कीस एत्थ सोहेसि ?, साहइ-मम धम्मायरिओ रत्तिं मा कंटए भंजिहिति सो सुहं रत्तिं खत्तं खणिहिति, सो कहिं ?, कहिते गया दिट्ठो सामी, ताणि य परिपेरन्ते पासंति, गहितो आणिओ, तत्थ सुमागहो नाम रट्ठिओ पियमित्तो भगवओ सो मोएइ, ततो सामी तोसलिं गओ, तत्थवि तहेव गहिओ, नवरं-उक्कलंबिज्जिउमाढत्तो, तत्थ से रज्जू छिण्णो, एवं सत्त वारा छिण्णो, ताहे सिट्ठं तोसलियस्स खत्तियस्स, सो भणति-मुयह एस अचोरो निद्दोसो, तं खुड्डयं मग्गह, मग्गिज्जंतो न दीसइ, नायं जहा देवोत्ति–

**सिद्धत्थपुरे तेणोत्ति कोसिओ आसवाणिओ मोक्खो ।**
**वयगाम हिंडऽणेसण बिइयदिणे बेइ उवसंतो ॥५११॥**

ततो सामी सिद्धत्थपुरं गतो, तत्थवि★ तेण तहा कयं जहा तेणोत्ति गहिओ, तत्थ कोसिओ

કહે છે – "મારા ધર્માચાર્ય (રાત્રિને વિષે જ્યારે ચોરી કરવા આવે ત્યારે ) કાંટાઓથી ભોંકાય નહિ (તે માટે કાંટા આદિ દૂર કરું છું) અને સુખેથી ખાતર પાડી શકે (તે માટે રસ્તો ગોતું છું.) લોકોએ પૂછ્યું, "તે ક્યાં છે ?" બાળકે સ્થાન બતાડતા લોકો ત્યાં ગયા અને સ્વામીને જોયા.

તેઓ ચારે બાજુથી જુએ છે, પ્રભુને પકડે છે અને ગામમાં લઈને આવે છે. ત્યારે ત્યાં સુમાગધનામનો રાષ્ટ્રિક (રાષ્ટ્રની ચિંતા કરનારો) કે જે પ્રભુના પિતાનો મિત્ર હતો, તે ભગવાનને છોડાવે છે. ત્યાર પછી સ્વામી તોસલિગામ તરફ ગયા. ત્યાં પણ પૂર્વની જેમ લોકો પકડે છે. પણ અહીં જેવા ભગવાનને તેઓ (ફાંસી આપવા) લટકાવવા જાય છે તેવામાં તે દોરડું તૂટી જાય છે. આ પ્રમાણે ફરી–ફરી લટકાવવા જતા સાત વાર દોરડું તૂટી જાય છે. ત્યારે વિસ્મય પામી લોકો તોસલિના ક્ષત્રિયને (ગામના મુખીને) વાત કરે છે ત્યારે તેણે કહ્યું – "આને છોડી દો, આ ચોર નથી નિર્દોષ છે, તમે તે બાળકને શોધો." લોકો શોધે છે છતાં મળતો નથી. જેથી લોકોને ખબર પડે છે કે દેવનો ઉપસર્ગ છે. ॥૫૧૦॥

**ગાથાર્થ : સિદ્ધાર્થપુરમાં "ચોર" સમજી પ્રભુને પકડે છે – ત્યાં કૌશિક નામે અશ્વવણિક્ ભગવાનને છોડાવે છે. ત્યાર પછી બીજે દિવસે ભગવાન વ્રજગામમાં જાય છે – અનેષણા – ઉપશાન્ત થયેલ તે દેવ કહે છે (શું કહે છે તે પછીની ગાથામાં કહેશે.)**

ટીકાર્થ : ત્યાર પછી સ્વામી સિદ્ધાર્થપુરમાં જાય છે. ત્યાં પણ દેવે તે રીતે કર્યું કે જેથી લોકોએ ભગવાનને ચોર તરીકે પકડ્યા. તે ગામમાં કૌશિકનામે અશ્વવણિક્ હતો. તેણે કુંડપુરમાં

૪૦. क्षुल्लको गृहीतः, त्वं कथमत्र शोधयसि ?, कथयति-मम धर्माचार्यः रात्रौ मा कण्टका भाङ्क्षिषुः इति स सुखं रात्रौ खात्रं खनिष्यति, स क्व ?, कथिते गता दृष्टः स्वामी, तानि च परितः पर्यन्ते पश्यन्ति, गृहीत आनीतः, तत्र सुमागधो नाम राष्ट्रिकः पितृमित्रं भगवतः स मोचयति, ततः स्वामी तोसलीं गतः, तत्रापि तथैव गृहीतः नवरं उलम्बयितुमारब्धः, तत्र तस्य रज्जुश्छिन्ना, एवं सप्त वारांश्छिन्ना, तदा शिष्टं तोसलिकाय क्षत्रियाय, स भणति-मुञ्चत एषोऽचोरो निर्दोषः, तं क्षुल्लकं मार्गयत, मार्ग्यमाणो न दृश्यते, ज्ञातं यथा देव इति । ततः स्वामी सिद्धार्थपुरं गतः, तत्रापि तेन तथा कृतं यथा स्तेन इति गृहीतः, तत्र कौशिक- ★ तत्थवि प्र०.

[૪૧] नाम अस्सवाणियओ, तेण कुंडपुरे सामी दिट्ठिल्लओ, तेण मोयाविओ । ततो सामी वयगामंति गोउलं गओ, तत्थ य तद्दिवसं छणो, सव्वत्थ परमण्णं उवक्खडियं, चिरं च तस्स देवस्स ठियस्स उवसग्गे काउं सामी चिंतेइ-गया छम्मासा, सो गतोत्ति अतिगओ जाव अणेसणाओ करेति, ततो सामी उवउत्तो पासति, ताहे अद्धहिंडिए नियत्तो, बाहिं पडिमं ठिओ, सो य सामिं ओहिणा आभोएति–किं भग्गपरिणामो न वत्ति ?, ताहे सामी तहेव सुद्धपरिणामो, ताहे दट्ठुं आउट्टो, न तीरइ खोभेउं, जो छहिं मासेहिं न चलिओ एस दीहेणावि कालेण न सक्का चालेउं, ताहे पादेसु पडिओ भणति-सच्चं जं सक्को भणति, सव्वं खामेइ-भगवं ! अहं भग्गपतिण्णो तुम्हे समत्तपतिण्णा—

**वच्चह हिंडह न करेमि किंचि इच्छा न किंचि वत्तव्वो ।**
**तत्थेव वच्छवाली थेरी परमन्नवसुहारा ॥५१२॥**

પૂર્વે ભગવાનને જોયા હતા. તેથી તે અહીં ભગવાનને છોડાવે છે. ત્યાર પછી વ્રજગામના ગોકુળમાં ભગવાન જાય છે. ત્યાં તે દિવસે મહોત્સવ હતો. સર્વત્ર ખીર રાંધવામાં આવી હતી. ઘણાં કાળથી દેવ ઉપસર્ગ કરીને રહેલો હતો. સ્વામીએ વિચાર્યું કે "છમાસ પૂર્ણ થયા, તે ગયો" એમ સમજી પ્રભુ ગોકુળમાં ભિક્ષામાટે નીકળ્યા પરંતુ સર્વત્ર દેવ અનેષણાને કરે છે. તેથી સ્વામી ઉપયોગ મૂકીને જૂએ છે કે દેવનો ઉપસર્ગ છે એમ જાણી અર્ધેથી પાછા ફર્યા અને બહાર આવી પ્રતિમામાં રહ્યા.

તે દેવ સ્વામીને અવધિથી જુએ છે કે "ભગવાનના પરિણામ પડ્યા કે નહિ ?" પરંતુ સ્વામી તે સમયે પણ શુદ્ધ પરિણામવાળા હોય છે. ત્યારે ભગવાનને શુદ્ધ પરિણામવાળા જોઈને તે શાંત થયો. તે ભગવાનને ક્ષોભ પમાડવા સમર્થ બનતો નથી. તે વિચારે છે કે "જેઓ છ–છ મહિનાથી ઉપસર્ગો કરવા છતાં ચલિત થયા નથી તેમને હવે દીર્ઘકાળે પણ ચલિત કરવા શક્ય નથી." એમ વિચારી પગમાં પડેલો છતો કહે છે – "શક્રએ જે કહ્યું તે સત્ય છે." પોતે કરેલા સર્વઅપરાધોને ખમાવતા તે કહે છે – "ભગવન્ ! હું ભગ્નપ્રતિજ્ઞાવાળો થયો અને તમે સમાપ્તપ્રતિજ્ઞાવાળા થયા." (અર્થાત્ મારી પ્રતિજ્ઞા તૂટી, તમારી પૂરી થઈ.) ॥૫૧૧॥

**ગાથાર્થ : જાઓ સ્વેચ્છાએ વિચરો, હવે હું ઉપસર્ગ કરીશ નહિ – હું કંઈપણ કહેવા યોગ્ય નથી – ત્યાં જ વત્સપાલિકાસ્થવિરીએ પરમાન્નવડે પ્રભુને પારણું કરાવ્યું – વસુધારા થઈ.**

૪૧. नामा अश्ववणिक्, तेन कुण्डपुरे स्वामी दृष्टः, तेन मोचितः । ततः स्वामी व्रजग्राममिति गोकुलं गतः, तत्र च तस्मिन् दिवसे क्षणः, सर्वत्र परमान्नमुपस्कृतं, तस्मिन् देवे च चिरमुपसर्गान्कृत्वा स्थिते स्वामी चिन्तयति-गताः षण्मासाः स गत इति अतिगतो यावदनेषणाः करोति, ततः स्वाम्युपयुक्त पश्यति, तदाऽर्धहिण्डितो निर्गतः, बहिः प्रतिमया स्थितः, स च स्वामिनमवधिनाऽऽभोगयति-किं भग्नपरिणामो नवेति, तदा स्वामी तथैव शुद्धपरिणामः, तदा दृष्ट्वाऽऽवृत्तः, न शक्यते क्षोभयितुं, यः षड्भिर्मासैर्न चलित एष दीर्घेणापि कालेन न शक्यश्चालयितुं, तदा पादयोः पतितो भणति-सत्यं यच्छक्रो भणति, सर्वं क्षमयति-भगवन्तः ! अहं भग्नप्रतिज्ञो यूयं समाप्तप्रतिज्ञाः ।

**छम्मासे अणुबद्धं देवो कासीय सो उ उवसग्गं ।**
**दट्ठूण वयग्गामे वंदिय वीरं पडिनियत्तो ॥५१३॥**

[४२] जाह एत्ताहे अतीह न करेमि उवसग्गं, सामी भणति-भो संगमय ! नाहं कस्सइ वत्तव्वो, इच्छाए अतीमि वा णवा, ताहे सामी बितियदिवसे तत्थेव गोउले हिंडितो वच्छवालथेरीए दोसीणेण पडिलाभिओ, ततो पंच दिव्वाणि पाउब्भूयाणि, ★एगे भणंति-जहा तद्दिवसं खीरं न लद्धं ततो बितियदिवसे ऊहारेऊण उवक्खडियं तेण पडिलाभिओ । इओ य सोहम्मे कप्पे सव्वे देवा तद्दिवसं ओव्विग्गमणा अच्छंति, संगमओ य सोहम्मे गओ, तत्थ सक्को तं दट्ठूण परंमुहो ठिओ, भणइ देवे-भो ! सुणह एस दुरप्पा, ण एएण अम्हवि चित्तावरक्खा कया अन्नेसिं वा देवाणं, जओ तित्थकरो आसाइओ, न एएण अम्ह कज्जं, असंभासो निव्विसओ य कीरउ—

ગાથાર્થ: છમાસ સુધી સતત તે દેવે ઉપસર્ગો કર્યા. વ્રજગામમાં (અચલિતપરિણામવાળા પ્રભુને) જોઈને તે દેવ વીરપ્રભુને વંદન કરીને સ્વસ્થાને પાછો ફર્યો.

ટીકાર્થ : "જાઓ, હવે સ્વેચ્છાએ વિચરો હું ઉપસર્ગ કરીશ નહિ" આ રીતે જ્યારે દેવે કહ્યુ, ત્યારે સ્વામીએ કહ્યું, "હે સંગમ ! કોઈએ મને કહેવું નહિ (અર્થાત્ કોઈ તીર્થંકર કોઈના કહેવા પ્રમાણે કરતા નથી.) મારી ઇચ્છાએ હું વિચરું અથવા ન વિચરું." ત્યાર પછી સ્વામી બીજા દિવસે તે જ ગોકુળમાં ભિક્ષામાટે ફરતા વત્સપાલિકા વૃદ્ધ ગોવાળણવડે પર્યુષિત ખીર દ્વારા પ્રતિલાભિત થયા. ત્યાં પાંચદિવ્યો પ્રગટ થયા. અહીં કેટલાક આચાર્ય આ પ્રમાણે કહે છે – "આગલા દિવસે ઉત્સવ હોવાને કારણે તે ડોશીને (વત્સપાલિકા ગોવાળણને) માગવા છતાં ક્યાંયથી દૂધની પ્રાપ્તિ થઈ નહિ. તેથી બીજા દિવસે લોક પાસેથી દૂધની યાચના કરીને પોતાને માટે તેણીએ ખીર બનાવી. તેનાથી પ્રભુને પારણું કરાવ્યું." (અર્થાત્ પર્યુષિત ખીરથી પારણું નથી કર્યું.)

આ બાજુ સૌધર્મદેવલોકમાં આજ દિન સુધી સર્વદેવો ઉદ્વિગ્નમનવાળા હતા. તે દિવસે સંગમ સૌધર્મદેવલોકમાં ગયો. તેને જોઈ શક્ર પરાઙ્મુખ રહ્યો, અને કહ્યું – "હે દેવો ! તમે સૌ સાંભળો, આ દુરાત્મા છે, આને મારી પણ ચિત્તરક્ષા કરી નથી કે અન્યદેવોની પણ ચિત્તરક્ષા કરી નથી. (અર્થાત્ મને ઘણો દુભાવ્યો છે) કારણ કે તેણે તીર્થંકરની આશાતના કરી છે, તેથી મને આનાવડે કોઈ પ્રયોજન નથી. આ દેવ અસંભાષ્ય છે (કોઈએ આની સાથે બોલવાનું નહિ.)

४२. याताऽधुनाऽटत न करोम्युपसर्गं, स्वामी भणति-भोः संगमक ! नाहं केनापि वक्तव्य, इच्छयाऽटामि वा नवा, तदा स्वामी द्वितीयदिवसे तत्रैव गोकुले हिण्डमानः, वत्सपालिकया स्थविरया पर्युषितेन पायसेन प्रतिलाभितः, ततः पञ्च दिव्यानि प्रादुर्भूतानि, एके भणन्ति-यथा तद्दिवसा क्षीरेयी न लब्धा ततो द्वितीयदिवसे अवधार्योपस्कृतं तेन प्रतिलाभितः । इतश्च सौधर्मे कल्पे सर्वे देवाः तद्दिवसं (यावत्) उद्विग्नमनसस्तिष्ठन्ति, संगमकश्च सौधर्मं गतः, तत्र शक्रस्तं दृष्ट्वा पराङ्मुखः स्थितो भणति देवान्-भोः श्रृणुत एष दुरात्मा, नैतेनास्माकमपि चित्तावरक्षा कृता अन्येषां वा देवानां, यतस्तीर्थकर आशातितः, नैतेनास्माकं कार्यम्, असंभाष्यो निर्विषयश्च क्रियतां । ★ पडिलाभिओ इति पर्यन्तं न प्र०.

देवो चु( ठि )ओ महिड्डीओ वरमंदरचूलियाइ सिहरंमि ।
परिवारिउ सुरवहूहिं आउंमि सागरे सेसे ॥५१४॥

[४३]ताहे निच्छूढो सह देवीहिं मंदरचूलियाए जाणएण विमाणेणागम्म ठिओ, सेसा देवा इंदेण वारिता, तस्स सागरोवमठिती सेसा ।

आलभियाए हरि विज्जू जिणस्स भत्तिएँ वंदओ एइ ।
भगवं पियपुच्छा जिय उवसग्गत्ति थेवमवसेसं ॥५१५॥
हरिसह सेयवियाए सावत्थी खंद पडिम सक्को य ।
ओयरिउं पडिमाए लोगो आउट्टिओ वंदे ॥५१६॥

तत्थ सामी आलभियं गओ, तत्थ हरि विज्जुकुमारिंदो एति, ताहे सो वंदित्ता भगवओ महिमं काऊण भणति-भगवं ! पियं पुच्छामो, नित्थिण्णा उवसग्गा, बहुं गयं थोवमवसेसं,

---

અને આને દેવલોકમાંથી બહાર કાઢો. ॥૫૧૨-૫૧૩॥

**ગાથાર્થ : સુરવધૂ સાથે પરિવરેલો, મહર્દ્ધિક એવો તે દેવ, દેવલોકમાંથી ચ્યવેલો છતો (ભ્રષ્ટ પામેલો) મેરુપર્વતની ચૂલિકાના શિખરને વિષે (રહ્યો. તેનું) એક સાગરોપમ આયુષ્ય શેષ છે.**

**ટીકાર્થ :** ઇન્દ્રવડે તિરસ્કારાયેલો તે દેવ પોતાની દેવીઓ સાથે મેરુપર્વતની ચૂલિકાના શિખર ઉપર યાનકનામના વિમાનવડે આવીને રહ્યો છે. (પોતાની દેવીઓ સિવાયના) શેષ તેના પરિવારભૂત દેવોને ઇન્દ્રે તેની સાથે મેરુપર્વત ઉપર જવાની ના પાડી. આ સંગમનું એક સાગરોપમનું આયુ શેષ છે. ॥૫૧૪॥

**ગાથાર્થ : આલમ્ભિકા નગરીમાં હરિનામે વિદ્યુત્કુમારેન્દ્ર ભક્તિથી જિનેશ્વરને વંદન કરવા આવે છે. પ્રિય પૂછે છે (અને કહે છે કે) "ભગવન્ ! તમે સર્વ ઉપસંર્ગોને જિત્યા છો, હવે થોડાક જ બાકી છે."**

**ગાથાર્થઃ શ્વેતામ્બરીનગરીમાં હરિસ્સહ – શ્રાવસ્તીનગરી – સ્કંદપ્રતિમા – પ્રતિમામાં પ્રવેશીને શક્રે લોકોને આકર્ષ્યા – આકર્ષાયેલા લોકો ભગવાનને વાંદે છે.**

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી આલમ્ભિકા નગરીમાં ગયા. ત્યાં હરિનામનો વિદ્યુત્કુમારેન્દ્ર ભગવાનની શાતા પૂછવા આવે છે. ત્યાં ભગવાનને વંદન કરીને, ભગવાનની પૂજા કરીને કહે છે "હે ભગવન્ ! હું તમને શાતા પૂછું છું. આપે ઉપસર્ગોને જીત્યા. ઘણું ગયું થોડું બાકી રહ્યું.

---

४३. तदा निर्व्यूढः सह देवीभिः मन्दरचूलिकायां यानकेन विमानेनागत्य स्थितः, शेषा देवा इन्द्रेण वारिताः, तस्य सागरोपमस्थितिः शेषा । तत्र स्वामी आलम्भिकां गतः, तत्र हरिर्विद्युत्कुमारेन्द्र एति, तदा स वन्दित्वा भगवतो महिमानं कृत्वा भणति-भगवन् ! प्रियं पृच्छामि निस्तीर्णा उपसर्गाः, बहु गतं स्तोकमवशेषम्,

[४४]अचिरेण भे केवलनाणं उप्पज्जिहिति । ततो सेयवियं गओ, तत्थ हरिसहो पियपुच्छओ एइ, ततो सावत्थिं गओ, बाहिं पडिमं ठिओ, तत्थ खंदगपडिमाए महिमं लोगो करेइ, सक्को ओहिं पउंजति, जाव पेच्छइ खंदपडिमाए पूयं कीरमाणं, सामिं णाढायंति, उत्तिण्णो, सा य अलंकिया रहं विलग्गिहितित्ति, ताहे सक्को तं पडिमं अणुपविसिऊण भगवंतेण पट्ठिओ, लोगो तुट्ठो भणति-देवो सयमेव विलग्गिहिति, जाव सामिं गंतूण वंदति, ताहे लोगो आउट्टो, एस देवदेवोति महिमं करेइ जाव अच्छिओ–

**कोसंबी चंदसूरोयरणं वाणारसीय सक्को उ ।**
**रायगिहे ईसाणो मिहिला जणओ य धरणो य ॥५१७॥**

ततो सामी कोसंबिं गतो, तत्थ चंदसूरा सविमाणा महिमं करेंति, पियं च पुच्छंति,

---

આપને થોડા કાળમાં જ કેવલજ્ઞાન થશે." ત્યાર પછી સ્વામી શ્વેતાંબીનગરીમાં ગયા. ત્યાં હરિસ્સહનામે વિદ્યુત્કુમારનો રાજા ભગવાનની શાતા પૂછવા આવે છે. ત્યાર પછી સ્વામી શ્રાવસ્તીનગરીમાં ગયા અને બહાર પ્રતિમા સ્વીકારીને રહ્યા.

તે ગામમાં લોકો સ્કંદની (कार्तिकेय – મહાદેવનો એક પુત્ર) પ્રતિમાની પૂજા કરે છે. શક્ર અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે અને સ્કંદપ્રતિમાની પૂજા કરતા લોકોને જુએ છે. પણ તે લોકો સ્વામીનો આદર કરતા નથી. તેથી ઇન્દ્ર ત્યાં આવે છે. અલંકૃત થયેલ તે પ્રતિમા રથમાં મૂકવાની હતી. ત્યારે શક્ર તે પ્રતિમામાં પ્રવેશ કરી ભગવાન તરફ ચાલવા લાગ્યો. આ જોઈ આનંદિત થયેલા લોકો કહેવા લાગ્યા, "દેવ સ્વયં જ રથમાં બેસશે." પરંતુ આ પ્રતિમા સ્વામી પાસે જઈ સ્વામીને વંદન કરે છે. આ જોઈ લોકો ભગવાન તરફ આકર્ષાય છે કે "અરે ! આ તો દેવોના પણ દેવ લાગે છે." એમ વિચારી લોકો સ્વામીની પૂજા કરે છે. ॥૫૧૫–૫૧૬॥

**ગાથાર્થ : કોસંબી – ચંદ્ર-સૂર્યનું અવતરણ – વાણારસીમાં શક્ર – રાજગૃહમાં ઈશાન – મિથિલાનગરીમાં જનકરાજા અને ધરણેન્દ્ર (પૂજા કરે છે.)**

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી કોસંબીનગરીમાં જાય છે. ત્યાં ચંદ્ર-સૂર્ય વિમાન સહિત આવીને પૂજા કરે છે અને શાતા પૂછે છે. વાણારસીમાં શક્ર શાતા પૂછે છે. રાજગૃહીમાં ઈશાનેન્દ્ર

---

४४. अचिरेण भवतां केवलज्ञानमुत्पत्स्यते । ततः श्वेताम्बीं गतः, तत्र हरिस्सहः प्रिय-प्रच्छक एति, ततः श्रावस्तीं गतः, बहिः प्रतिमया स्थितः, तत्र स्कन्दप्रतिमाया महिमानं लोकः करोति, शक्रोऽवधिं प्रयुनक्ति, यावत्प्रेक्षते स्कन्दप्रतिमायाः पूजां क्रियमाणां, स्वामिनं नाद्रियन्ते, अवतीर्णः, सा च अलङ्कृता रथं विलगयिष्यतीति, तदा शक्रस्तां प्रतिमामनुप्रविश्य भगवन्मार्गेण प्रस्थितः, लोकस्तुष्टो भणति-देवः स्वयमेव विलगिष्यति, यावत्स्वामिनं गत्वा वन्दते, तदा लोक आवृत्तः-एष देवदेव इति महिमानं करोति यावत् स्थितः । ततः स्वामी कौशाम्ब्यां गतः, तत्र सूर्यचन्द्रमसौ सविमानौ महिमानं कुरुतः, प्रियं च पृच्छतः,

[૪૫] वाणारसीय सक्को पियं पुच्छइ, रायगिहे ईसाणो पियं पुच्छइ, मिहिलाए जणगो राया पूयं करेति, धरणो य पियपुच्छओ एइ—

**वेसालि भूयणंदो चमरुप्पाओ य सुंसुमारपुरे ।**
**भोगपुरि सिंदकंदग माहिंदो खत्तिओ कुणति ॥५१८॥**

ततो सामी वेसालिं नगरिं गतो, तत्थेक्कारसमो वासारत्तो, तत्थ भूयाणंदो पियं पुच्छइ नाणं च वागरेइ । ततो सामी सुंसुमारपुरं एइ, तत्थ चमरो उप्पयति, जहा पन्नत्तीए, ततो भोगपुरं एइ, तत्थ माहिंदो नाम खत्तिओ सामिं दट्ठूण सिंदिकंदयेण आहणामित्ति पहावितो, सिंदी-खजूरी—

**वारण सणंकुमारे नंदीगामे पिउसहा वंदे ।**
**मंढियगामे गोवो वित्तासणयं च देविंदो ॥५१९॥**

एत्थंतरे सणंकुमारो एति, तेण धाडिओ तासिओ य, पियं च पुच्छइ । ततो नंदिगामं गओ,

---

શાતા પૂછે છે. મિથિલાનગરીમાં જનકરાજા પૂજા કરે છે અને ધરણેન્દ્ર શાતા પૂછવા આવે છે. ॥૫૧૭॥

**ગાથાર્થ : વૈશાલી – ભૂતાનંદ – સુંસુમારપુરમાં ચમરનો ઉત્પાત – ભોગપુર – ખર્જૂરીકંદ – માહેન્દ્ર ક્ષત્રિય (ઉપસર્ગ) કરે છે.**

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી વૈશાલી ગયા. ત્યાં અગિયારમુ ચોમાસુ રહ્યા. ત્યાં ભૂતાનંદ નામે નાગકુમારનો ઇન્દ્ર શાતા પૂછે છે અને જ્ઞાન કહે છે (અર્થાત્ થોડાક કાળમાં ભગવન્ ! આપને જ્ઞાન ઉત્પન્ન થશે એ પ્રમાણે જ્ઞાનની વાત કરે છે.) ત્યાર પછી સ્વામી સુંસુમાર નગરમાં આવે છે. ત્યાં ચમરનો ઉત્પાત થાય છે તેનું વર્ણન વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાંથી જાણી લેવું. ત્યાર પછી ભગવાન ભોગપુરમાં આવે છે. ત્યાં માહેન્દ્રનામનો ક્ષત્રિય સ્વામીને જોઈ "મારી નાંખું" એવા વિચારથી ખર્જૂરીના થડવડે મારવા ભગવાન તરફ દોડ્યો. ॥૫૧૮॥

**ગાથાર્થ : સનત્કુમાર વારણ કરે છે – નંદીગ્રામમાં પિતાનો મિત્ર ભગવાનને વાંદે છે – મેંઢિકગ્રામ – ગોવાળિયો – વિત્રાસન – દેવેન્દ્ર.**

**ટીકાર્થ :** માહેન્દ્રક્ષત્રિય ભગવાનને મારવા દોડે છે તે સમયે સનત્કુમારેન્દ્ર આવે છે અને માહેન્દ્રને મારીને ભગાડે છે. તથા ભગવાનને શાતા પૂછે છે. ત્યાર પછી ભગવાન નંદિગ્રામમાં

---

૪૫. वाराणस्यां शक्रः प्रियं पृच्छति, राजगृहे ईशानः प्रियं पृच्छति, मिथिलायां जनको राजा पूजां करोति, धरणश्च प्रियप्रच्छक एति । ततः स्वामी विशालां नगरीं गतः, तत्रैकादशो वर्षारात्रः, तत्र भूतानन्दः प्रियं पृच्छति, ज्ञानं च व्यागृणाति । ततः स्वामी सुंसुमारपुरमेति, तत्र चमर उत्पतति, यथा प्रज्ञप्तौ, ततो भोगपुरमेति, तत्र माहेन्द्रो नाम क्षत्रियः स्वामिनं दृष्ट्वा सिन्दीकण्डकेन आहन्मीति प्रधावितः, सिन्दी खर्जूरी । अत्रान्तरे सनत्कुमार आगच्छति, तेन निर्धाटितः त्रासितश्च, प्रियं पृच्छति । ततो नन्दीग्रामं गतः,

[४६] तत्थ णंदी नाम भगवओ पियमित्तो, सो महेइ, ताहे मेंढियं एइ । तत्थ गोवो जहा कुम्मारगामे तहेव सक्केण तासिओ वालरज्जुएण आहणंतो-

कोसंबिए सयाणीओ अभिग्गहो पोसबहुल पाडिवई ।
चाउम्मास मिगावई विजयसुगुत्तो य नंदा य ॥५२०॥
तच्चावाई चंपा दहिवाहण वसुमई बिइयनामा ।
धणवह मूला लोयण संपुल दाणे य पव्वज्जा ॥५२१॥

ततो कोसंबिं गओ, तत्थ सयाणिओ राया, मियावती देवी, तच्चावाती नामा धम्मपाढओ, सुगुत्तो अमच्चो, णंदा से भारिया, सा य समणोवासिया, सा य सड्ढित्ति मियावईए वयंसिदा, तत्थेव नगरे धणावहो सेट्ठी, तस्स मूला भारिया, एवं ते सकम्मसंपउत्ता अच्छंति । तत्थ सामी पोसबहुलपाडिवए इमं एयारूवं अभिग्गहं अभिगिण्हइ चउव्विहं-दव्वओ ४, दव्वओ कुम्मासे

---

ગયા. ત્યાં નંદિનામનો ભગવાનના પિતાનો મિત્ર હોય છે તે ભગવાનની પૂજા કરે છે. ત્યાર પછી ભગવાન મેંઢિકગામમાં આવે છે. ત્યાં જે રીતે કુમારગામમાં શક્રે ભગવાન ઉપર ઉપસર્ગ કરતા ગોવાળિયાને અટકાવ્યો, તેમ અહીં પણ દોરડાવડે ભગવાનને મારવા જતા ગોવાળિયાને શક્રે અટકાવ્યો. ॥૫૧૯॥

**ગાથાર્થ :** કોસંબીમાં શતાનિકરાજા – પોષ વદ એકમે પ્રભુએ અભિગ્રહ કર્યો – ચાર મહિના – મૃગાવતી – વિજયાદાસી – સુગુપ્ત – નંદા,

**ગાથાર્થ :** તથ્યવાદી – ચંપાનગરીમાં દધિવાહનરાજા – વસુમતી – 'ચંદના' એ પ્રમાણે બીજું નામ ધારણ કરનારી (વસુમતી) – ધનાવહ – મૂલા – લોચન – સંપુલનામનો કંચુકી – દાન – પ્રવ્રજ્યા.

**ટીકાર્થ :** (ગાથાઓનો ભાવાર્થ કથાનકથી જાણીએ.) ત્યાર પછી ભગવાન કોસંબી ગયા. ત્યાં શતાનિકરાજા હતો. તેને મૃગાવતી નામે દેવી હતી. તથ્યવાદી નામે ધર્મપાઠક હતો. સુગુપ્ત નામે અમાત્ય અને તે અમાત્યને નંદાનામે પત્ની હતી. તે શ્રાવિકા હતી. તે શ્રાવિકા હોવાને કારણે મૃગાવતીની સખી હતી. તે જ નગરમાં ધનાવહશ્રેષ્ઠિ હતો. તેને મૂલાનામની પત્ની હતી. આ પ્રમાણે તેઓ સૌ સ્વકર્મોથી સંયોગને પામેલા હતા. તે નગરમાં સ્વામી પોષવદ એકમને દિવસે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવથી ચાર પ્રકારે આવા પ્રકારના અભિગ્રહને ધારણ કરે છે કે

---

४६. तत्र नन्दीनामा भगवतः पितृमित्रम्, स महति । तदा मेण्ढिकामेति, तत्र गोपो यथा कूर्मारग्रामे तथैव शक्रेण त्रासितः वालरज्ज्वाऽऽघ्नन् । ततः कोशाम्ब्यां गतः, तत्र शतानीको राजा, मृगावती देवी, तत्त्ववादी नाम धर्मपाठकः, सुगुप्तोऽमात्यो, नन्दा तस्य भार्या, सा च श्रमणोपासिका, सा च श्राद्धीति मृगावत्या वयस्या, तत्रैव नगरे धनावहः श्रेष्ठी, तस्य मूला भार्या, एवं ते स्वकर्मसंप्रयुक्तास्तिष्ठन्ति । तत्र स्वामी पौषणकृष्णप्रतिपदि इममेतद्रूपमभिग्रहमभिगृह्णाति चतुर्विधं द्रव्यतः ४. द्रव्यतः कुल्माषाः

[४७] सुप्पकोणेणं, खेत्तओ एलुगं विक्खंभइत्ता, कालओ नियत्तेसु भिक्खायरेसु, भावतो जहा रायधूया दासत्तणं पत्ता नियलबद्धा मुंडियसिरा रोवमाणी अट्ठमभत्तिया, एवं कप्पति सेसं न कप्पति, एवं घेत्तूण कोसंबीए अच्छति, दिवसे दिवसे भिक्खायरियं च फासेइ, किं निमित्तं ?, बावीसं परीसहा भिक्खायरियाए उइज्जंति, एवं चत्तारि मासे कोसंबीए हिंडंतस्सत्ति । ताहे नंदाए घरमणुप्पविट्ठो, ताहे सामी णाओ, ताहे परेण आदरेण भिक्खा णीणिया, सामी निग्गओ, सा अधितिं पगया, ताओ दासीओ भणंति-एस देवज्जओ दिवसे दिवसे एत्थ एइ, ताहे ताए नायं-नूणं भगवओ अभिग्गहो कोई, ततो निरायं चेव अद्धिती जाया, सुगुत्तो य अमच्चो आगओ, ताहे सो भणति-किं अधितिं करेसि ?, ताए कहियं, भणति-किं अम्ह अमच्चत्तणेणं ?, एवच्चिरं

---

"દ્રવ્યથી–સુપડાના એક ખૂણેથી અડદને, ક્ષેત્રથી–ઘરના ઊંબરાને (एलुगं) ઓળંગીને (એક પગ બહાર અને એક પગ ઊંબરાની અંદર હોય તે રીતે), કાળથી–ભિક્ષાનો કાળ પૂર્ણ થયા પછી, ભાવથી – દાસપણાને પામેલી, સાંકળોથી બંધાયેલી, મસ્તકે મુંડનવાળી, રડતી અને અઠ્ઠમતપવાળી રાજપુત્રી જો વહોરાવે તો તે લેવું કલ્પે, એના સિવાયનું અકલ્પ્ય થાઓ."

આ પ્રમાણેના અભિગ્રહને ધારણ કરીને કોસંબીનગરીમાં પ્રભુ રહ્યા. રોજ રોજ ભગવાન ભિક્ષા માટે નીકળે છે. શા માટે ? – કારણ કે ભિક્ષાચર્યામાં બાવીસ પરિષહો ઉદય પામે છે (તેને સમ્યક્રીતે સહન કરતા પુષ્કળ કર્મોની નિર્જરા થાય એવી હતી.) આ પ્રમાણે ભગવાન ચાર મહિના કોસંબીમાં ફરે છે. ત્યાર પછી નંદાના ઘરમાં ભગવાન પ્રવેશ્યા. નંદાએ સ્વામીને ઓળખ્યા. તેથી પરમ આદરથી ભિક્ષા લઈને આવી. (પરંતુ પોતાનો અભિગ્રહ પૂર્ણ ન થતાં) ભગવાન નીકળી ગયા. તેથી તે નંદા અધૃતિને પામી. ત્યારે દાસીઓએ તેણીને કહ્યું– "આ દેવાર્ય રોજે રોજ અહીં આવે છે." આ સાંભળી નંદાએ જાણ્યું કે, "ચોક્કસ ભગવાનને કોઈ અભિગ્રહ છે." તેથી વધુ અધૃતિ થઈ.

તે સમયે સુગુપ્ત અમાત્ય આવ્યા અને નંદાને પૂછે છે "શા માટે અધૃતિને તું કરે છે ?" નંદાએ વાત કરી કહ્યું, "આપના અમાત્યપણાવડે શું ? (અર્થાત્ તમે મંત્રી અને હું તમારી પત્ની હોવા છતાં આપણે કશું કરી શકતા નથી.) આટલા સમયથી પ્રભુ ભિક્ષાને પ્રાપ્ત કરી શકતા

---

४७. सूर्पकोणेन, क्षेत्रतः देहलीं विष्कम्भ्य, कालतो निवृत्तेषु भिक्षाचरेषु, भावतो यथा राजसुता दासत्वं प्राप्ता निगडबद्धा मुण्डितशिराः रुदन्ती अष्टमभक्तिका, एवं कल्पते शेषं न कल्पते, एवं गृहीत्वा कोशाम्ब्यां तिष्ठति, दिवसे दिवसे भिक्षाचर्यां च स्पृशति, किं निमित्तम् ?-द्वाविंशतिः परीषहा भिक्षाचर्यायामुदीर्यन्ते, एवं चत्वारो मासाः कोशाम्ब्यां हिण्डमानस्येति । तदा नन्दाया गृहमनुप्रविष्टः, तदा स्वामी ज्ञातः, तदा परेणादरेण भिक्षा आनीता, स्वामी निर्गतः, साऽधृतिं प्रगता, ता दास्यो भणन्ति-एष देवार्यो दिवसे दिवसेऽत्रायाति, तदा तया ज्ञातं-नूनं भगवतोऽभिग्रहः कश्चित्, ततो नितरां चैवाधृतिर्जाता, सुगुप्तश्चामात्य आगतः, तदा स भणति-किमधृतिं करोषि ?, तया कथितं, भणति-किमस्माकममात्यत्वेन ? इयच्चिरं

[૪૮] कालं सामी भिक्खं न लहइ, किं च ते विन्नाणेणं ?, जइ एयं अभिग्गहं न याणसि, तेण सा आसासिया, कल्ले समाणे दिवसे जहा लहइ तहा करेमि । एयाए कहाए वट्टमाणीए विजयानाम पडिहारी मिगावतीए भणिया सा केणइ कारणेणं आगया, सा तं सोऊण उल्लावं मियावतीए साहइ, मियावतीवि तं सोऊण महया दुक्खेणाभिभूया, सा चेडगधूया अतीव अद्धितिं पगया, राया य आगओ पुच्छइ, तीए भण्णइ-किं तुज्झ रज्जेणं ? मते वा ?, एवं सामिस्स एवतियं कालं हिंडंतस्स भिक्खाभिग्गहो न नज्जइ, न च जाणसि एत्थ विहरंतं, तेण आसासिया-तहा करेमि जहा कल्ले लभइ, ताहे सुगुत्तं अमच्चं सद्दावेइ, अंबाडेइ य–जहा तुमं आगयं सामिं न याणसि, अज्ज किर चउत्थो मासो हिंडंतस्स, ताहे तच्चावादी सद्दावितो, ताहे सो पुच्छिओ सयाणिएण-

નથી, અને આપણા જ્ઞાનથી (બુદ્ધિથી) પણ શું ? કે જેનાથી ભગવાનનો આપણે અભિગ્રહ પણ જાણી શકતા નથી." આ રીતે અધૃતિને કરતી નંદાને અમાત્યે આશ્વાસન આપ્યું કે "આવતી કાલે તેમને ભિક્ષાની પ્રાપ્તિ થાય તેવું હું કરીશ."

આ વાતો ચાલી રહી હતી તે દરમિયાન મૃગાવતીની વિજયાનામે દાસી કાંઈક કારણથી ત્યાં આવેલી હતી. તેણીએ આ દંપતિની વાતચીત સાંભળી મૃગાવતીને કહી. મૃગાવતી પણ તેને સાંભળી ઘણી દુઃખી થઈ અને તે ચેટકરાજાની પુત્રી મૃગાવતી અધૃતિને પામી. તે સમયે રાજા આવ્યો અને પૂછ્યું. તેણીએ કહ્યું – "તમારા રાજ્યવડે શું અથવા બુદ્ધિવડે શું ? (અર્થાત્ તમારું રાજ્યપણું અને બુદ્ધિ બંને નકામા છે), આટલા કાળથી ભિક્ષા માટે ફરતા ભગવાનનો ભિક્ષાભિગ્રહ આપણે જાણી શક્યા નથી. અરે ! પ્રભુ અહીં વિચરી રહ્યા છે તે પણ જાણતા નથી."

આ સાંભળી રાજાએ રાણીને આશ્વાસન આપતા કહ્યું – "આવતી કાલે પ્રભુને ગોચરીની પ્રાપ્તિ થાય તેમ હું કરીશ." ત્યાર પછી રાજા સુગુપ્તમંત્રીને બોલાવે છે, અને ઠપકો આપે છે કે, "પ્રભુ અહીં આવેલા છે તે પણ તમને ખબર નથી, આજે પ્રભુને ભિક્ષા માટે ફરતા ચાર માસ થઈ ગયા છે." ત્યાર પછી રાજા તથ્યવાદી ધર્મપાઠકને બોલાવે છે. શતાનિકરાજા તેને કહે

૪૮. कालं स्वामी भिक्षां न लभते, किं च तव विज्ञानेन ?, यद्येनमभिग्रहं न जानासि, तेन साऽऽश्वासिता, कल्ये समाने (सति) दिवसे यथा लभते तथा करोमि । एतस्यां कथायां वर्त्तमानायां विजया नाम प्रतिहारिणी मृगावत्या भणिता सा केनचित्कारणेनागता, सा तमुल्लापं श्रुत्वा मृगावतीं कथयति, मृगावत्यपि तं श्रुत्वा महता दुःखेनाभिभूता, सा चेटकदुहिताऽतीवाधृतिं प्रगता, राजा चागतः पृच्छति, तया भण्यते-किं तव राज्येन मया वा ?, एवं स्वामिन एतावन्तं कालं हिण्डमानस्य भिक्षाभिग्रहो न ज्ञायते, न च जानास्यत्र विहरन्तं, तेनाश्वासिता-तथा करिष्यामि यथा कल्ये लभते, तदा सुगुप्तममात्यं शब्दयति उपलभते च-यथा त्वमागतं स्वामिनं न जानासि, अद्य किल चतुर्थो मासो हिण्डमानस्य, तदा तत्त्ववादी शब्दितः, तदा स पृष्टः शतानीकेन-

[૪૧] तुब्भं धम्मसत्थे सव्वपासंडाण आयारा आगया ते तुमं साह, इमोऽवि भणितो-तुमंपि बुद्धिबलिओ साह, ते भणंति-बहवे अभिग्गहा, ण णज्जंति को अभिप्पाओ ?, दव्वजुत्ते खेत्तजुते कालजुत्ते भावजुत्ते सत्त पिंडेसणाओ सत्त पाणेसणाओ, ताहे रण्णा सव्वत्थ संदिट्ठाओ लोगे, तेणवि परलोयकंखिणा कयाओ, सामी आगतो, न य तेहिं सव्वेहिं पयारेहिं गेण्हइ, एवं च ताव एयं। इओ य सयाणिओ चंपं पहाविओ, दधिवाहणं गेण्हामि, नावाकडएणं गतो एगाते रत्तीते, अचिंतिया नगरी वेढिया, तत्थ दहिवाहणो पलाओ, रण्णा य जग्गहो घोसिओ, एवं जग्गहे घुट्ठे दहिवाहणस्स रण्णो धारिणी देवी, तीसे धूया वसुमती, सा सह धूयाए एगेण होडिएण गहिया, राया य निग्गओ, सो होडिओ भणति-एसा मे भज्जा, एयं च दारियं विक्केणिस्सं, (ग्रं. ५५००)

---

છે – "તમારા ધર્મશાસ્ત્રમાં સર્વપાખંડીઓના આચારો છે, તે કહો" અને રાજાએ અમાત્યને પણ કહ્યું – "તમે બુદ્ધિમાન છો, માટે તમે પણ આચારોને કહો." તે બંને કહેવા લાગ્યા – "હે રાજન્ ! ઘણા પ્રકારના અભિગ્રહો છે. તેમાં સ્વામીના મનમાં શું છે ? તે જણાતું નથી. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવથી યુક્ત એવી સાત પિંડૈષણા અને સાત પાણૈષણા હોય છે."

આ સાંભળી રાજાએ સર્વલોકને પિંડૈષણા–પાણૈષણા જણાવી દીધી, અને પરલોકના અર્થી એવા લોકોએ તે પ્રમાણે કર્યું (અર્થાત્ દરેક રીતે ગોચરી મળે તેમ કર્યું). સ્વામી ભિક્ષા માટે આવ્યા. તે સર્વ પ્રકારોવડે (આમંત્રણ કરવા છતાં) પણ સ્વામી ભિક્ષા ગ્રહણ કરતા નથી. આ પ્રમાણે આ બાજુ આવી પરિસ્થિતિ થઈ. જ્યારે બીજી બાજુ શતાનિકરાજા ચંપાનગરીમાં "દધિવાહનરાજાને હું કેદ કરું" એવા વિચારથી ચંપાનગરી તરફ ગયો. નાવડીમાં બેસીને તે એક રાત્રિમાં ત્યાં પહોંચી ગયો. (કોઈ રાજા અચાનક નગરી ઉપર આક્રમણ કરશે એવો ખ્યાલ ન હોવાથી) નિશ્ચિંત એવી નગરીને રોધી લીધી. દધિવાહનરાજા ત્યાંથી પલાયન થઈ ગયો. રાજાએ યદ્ગ્રહ (અર્થાત્ "[P]જેને જે મળે તે તેનું" એ પ્રમાણેનો યદ્ગ્રહ) ઘોષિત કરાવ્યો.

આ પ્રમાણે ઉદ્‌ઘોષણા થતાં દધિવાહનરાજાની ધારિણીદેવી અને તેની પુત્રી વસુમતી, તે બંનેને કોઈ ચોરે પકડી લીધી. શતાનિકરાજા પાછો ફર્યો. તે ચોરે દેવીને કહ્યું – "તને હું મારી પત્ની બનાવીશ અને આ છોકરીને વેચી દઈશ." ધારિણીદેવી "આ મારી દીકરી જાણતી નથી

---

૪૧. तव धर्मशास्त्रे सर्वपाषण्डानामाचारा आगतास्तान् त्वं कथय, अयमपि भणितः-त्वमपि बुद्धिबली कथय, तौ भणतः-बहवोऽभिग्रहाः, न ज्ञायते कोऽभिप्रायः, द्रव्ययुक्तः क्षेत्रयुक्तः कालयुक्तो भावयुक्तः सप्त पिण्डैषणाः सप्त पानैषणाः, तदा राज्ञा सर्वत्र संदिष्टा लोके, तेनापि परलोककाङ्क्षिणा कृताः, स्वाम्यागतः, न च तैः सर्वैः प्रकारैर्गृह्णाति, एवं च तावदेतत्। इतश्च शतानीकश्चम्पां प्रधावितः, दधिवाहनं गृह्णामि, नौकटकेन गत एकया रात्र्या, अचिन्तिता वेष्टिता नगरी, तत्र दधिवाहनो राजा पलायितः, राज्ञा च यद्ग्रहो घोषितः, एवं यद्ग्रहे घुष्टे दधिवाहनस्य राज्ञो धारिणी देवी, तस्याः पुत्री वसुमती, सा सह दुहित्रा एकेन नाविकेन गृहीता, राजा च निर्गतः, स नाविको भणति-एषा मे भार्या, एतां च बालिकां विक्रेष्ये,

[५०] सा तेण मणोमाणसिएण दुक्खेण एसा मम धूया ण णज्जइ किं पाविहितित्ति अंतरा चेव कालगया, पच्छा तस्स होडियस्स चिंता जाया-दुट्ठु मे भणियं-महिला ममं होहित्ति, एतं धूयं से ण भणामि, मा एसावि मरिहित्ति, ता मे मोल्लंपि ण होहित्ति ताहे तेण अणुयत्तंतेण आणिया विवणीए उड्डिया, धणावहेण दिट्ठा, अणलंकियलावण्णा अवस्सं रण्णो ईसरस्स वा एसा धूया, मा आवई पावउत्ति, जत्तियं सो भणइ तत्तिएण मोल्लेण गहिया, वरं तेण समं मम तंमि नगरे आगमणं गमणं च होहितित्ति, णीया णिययघरं, कासि तुमंति पुच्छिया, न साहइ, पच्छा तेण धूयत्ति गहिया, एवं सा ण्हाविया, मूलावि तेण भणिया-एस तुज्झ धूया, एवं सा तत्थ जहा नियघरं तहा सुहंसुहेण अच्छति, ताएवि सो सदासपरियणो लोगो सीलेणं विणएण य सव्वो

કે તેણીને કેવી મુશ્કેલી આવશે" આવા માનસિક દુ:ખથી જ મરણ પામી. તેથી તે ચોરને વિચાર આવ્યો કે "આ મારી પત્ની થશે, એમ મેં ખોટું કહી દીધું, પરંતુ આ દીકરીને હું કહીશ નહિ, નહિ તો તે પણ મરી જશે અને તો મને કંઈ મૂલ્ય પણ પ્રાપ્ત થશે નહિ."

આ રીતે તેને અનુકૂળ કરવાપૂર્વક તે ચોરે વસુમતીને લાવીને બજારમાં ઊભી કરી. ધનાવહશ્રેષ્ઠિએ જોઈ. અલંકાર વિનાની હોવા છતાં આટલું લાવણ્ય છે તેથી નક્કી આ રાજાની અથવા કોઈ શ્રેષ્ઠિની દીકરી લાગે છે. તે આપત્તિને પામે નહિ એમ વિચારી ચોરે જેટલું મૂલ્ય કહ્યું તેટલા મૂલ્યે તેણીને ખરીદી લીધી, કે જેથી તેની સાથે તે નગરમાં મારું આગમન-ગમન (થતાં મૈત્રી) થશે (અર્થાત્ ચંપાનગરીમાં આ દીકરી જેની હશે તેને હું પાછી સોંપીશ જેથી તે વ્યક્તિ સાથે મારી મૈત્રી થશે.) એમ વિચારી ધનાવહ વસુમતીને પોતાના ઘરે લઈ ગયો.

ઘરે લઈ જઈ વસુમતીને પૂછે છે કે – "તું કોણ છે ?" પરંતુ તે જવાબ આપતી નથી. તેથી ધનાવહ તેણીને પુત્રી તરીકે ઘરે રાખી અને સ્નાનાદિ કરાવી તૈયાર કરે છે. ધનાવહે મૂલાને પણ કહ્યું – "આ તારી દીકરી છે." આ પ્રમાણે વસુમતી ત્યાં પોતાના ઘરની જેમ સુખપૂર્વક રહેવા લાગી. વસુમતીએ દાસ–દાસી વગેરે તથા પરિજન સહિત સર્વલોકને શીલ અને વિનય વડે આત્મીય કર્યો. તેથી સર્વ લોકો કહેવા લાગ્યા કે "અહો ! આ શીલચંદના છે." તેથી તેણીનું

५०. सा तेन मनोमानसिकेन दुःखेन एषा मम दुहिता न ज्ञायते किं प्राप्स्यतीति इत्यन्तरैव कालगता, पश्चात्तस्य नाविकस्य चिन्ता जाता-दुष्टु मया भणितंमहिला मम भविष्यतीति, एतां दुहितरं तस्या न भणामि, मा एषापि म्रियेतेति, ततो मे मूल्यमपि न भविष्यतीति, तदा तेनानुवर्त्तयता आनीता विपण्यामूर्ध्वीकृता, धनावहेन दृष्टा, अनलङ्कृतलावण्याऽवश्यं राज्ञ ईश्वरस्य वैषा दुहिता, मा आपदः प्रापदिति, यावत्स भणति तावता मूल्येन गृहीता, वरं तेन समं मम तस्मिन्नगरे आगमनं गमनं च भविष्यतीति, नीता निजगृहं, कासि त्वमिति पृष्टा, न कथयति, पश्चात्तेन दुहितेति गृहीता, एवं सा स्नपिता, मूलाऽपि तेन भणिता-एषा तव दुहिता, एवं सा तत्र यथा निजगृहे तथा सुखसुखेन तिष्ठति, तयापि स सदासपरिजनो लोकः शीलेन विनयेन च सर्वः

[૫૧] अप्पणिज्जओ कओ, ताहे ताणि सव्वाणि भणंति-अहो इमा सीलचंदणत्ति, ताहे से बितियं नामं जायं-चंदणत्ति, एवं वच्चति कालो, ताए य घरणीए अवमाणो जायति, मच्छरिज्जइ य, को जाणति ? कयाति एस एयं पडिवज्जेज्जा, ताहे अहं घरस्स अस्सामिणी भविस्सामि, तीसे य वाला अतीव दीहा रमणिज्जा किण्हा य, सो सेट्ठी मज्झण्हे जणविरहिए आगओ, जाव नत्थी कोइ जो पादे सोहेति, ताहे सा पाणियं गहाय निग्गया, तेण वारिया, सा मट्टाए पधाविया, ताहे धोवंतीए वाला बद्धेल्लया छुट्टा, मा चिक्खिल्ले पडिहिंतित्ति तस्स हत्थे लीलाकट्ठयं, तेण धरिया, बद्धा य, मूला य ओलोयणवरगया पेच्छइ, तीए णायं-विणासियं कज्जं, जइ एयं किहवि परिणेइ तो ममं एस नत्थि, जाव तरुणओ वाही ताव तिगिच्छामित्ति सिट्ठिंमि निग्गए ताए ण्हावियं सद्दावेत्ता बोडाविया, नियलेहिं बद्धा, पिट्टिया य, वारिओ णाए परिजणो-जो साहइ वाणियगस्स

બીજું નામ થયું–ચંદના. આ પ્રમાણે કેટલોક કાળ જાય છે. પરંતુ હવે તે મૂલાને અપમાન ઉત્પન્ન થાય છે (અર્થાત્ ચંદના પ્રત્યે અપ્રીતિ થાય છે.) અને ઈર્ષ્યા જાગે છે.

તે વિચારે છે "કોણ જાણે ? આ શ્રેષ્ઠિ ક્યાંક ચંદનાને સ્વીકારે, તો હું ઘરની સ્વામિની રહું નહિ." ચંદનાના વાળ અત્યંત દીર્ઘ–રમણીય અને શ્યામ હતા. એક દિવસ તે શ્રેષ્ઠિ મધ્યાહ્ન સમયે લોકથી રહિત ઘરમા આવ્યો. જ્યારે તેના પગ ધોઈ આપે એવું કોઈ નહોતું ત્યારે ચંદના પાણી લઈને પગ ધોવા આવી. ધનાવહે નિષેધ કર્યો. તેણીએ પરાણે ધોવાનું શરૂ કર્યું. પગ ધોતી એવી ચંદનાના બંધાયેલા વાળ છુટ્ટા થઈ ગયા. તેથી કાદવમાં પડે નહિ તે માટે ધનાવહે તેના હાથમાં રહેલી લાકડીથી તેણીના વાળ પકડ્યા અને બાંધી આપ્યા. તે સમયે ગવાક્ષમાં (બાલ્કનીમાં) રહેલી મૂલા આ દૃશ્ય જુએ છે.

મૂલાએ વિચાર્યું– "મારું તો સર્વસ્વ નાશ પામ્યું, જો ધનાવહ આને પરણી જશે તો તે મારો રહેશે નહિ, તેથી રોગ નવો હોય ત્યારે જ તેની દવા કરી લેવી જોઈએ." એમ વિચારી શ્રેષ્ઠિ ગયા પછી તેણીએ હજામને બોલાવી ચંદનાના મસ્તકે મુંડન કરાવ્યું. સાંકળોથી તેને બાંધી અને ખૂબ મારી. તથા દાસ–દાસી વગેરે સર્વને કહી દીધું કે "જે આના વિષે વાણિયાને કહેશે

૫૧. आत्मीयः कृतः, तदा ते सर्वे मनुष्या भणन्ति-अहो इयं शीलचन्दनेति, तदा तस्या द्वितीयं नाम जातं चन्दनेति, एवं व्रजति कालः, तया च गृहिण्या अपमानो जायते, मत्सरायते च, को जानाति ? कदाचिदेष एतां प्रतिपद्येत, तदाऽहं गृहस्यास्वामिनी भविष्यामि, तस्याश्च वाला अतीव दीर्घा रमणीयाः कृष्णाश्च, स श्रेष्ठी मध्याह्ने जनविरहिते आगतः, यावन्नास्ति कोऽपि यः पादौ शोधयति, तदा सा पानीयं गृहीत्वा निर्गता, तेन वारिता, सा बलात् प्रधाविता, तदा प्रक्षालयन्त्या वाला बद्धाश्छुटिताः, मा कर्दमे पतन् ( इति ) तस्य हस्ते लीलाकाष्ठं तेन धृताः बद्धाश्च, मूला चावलोकनवरगता प्रेक्षते, तया ज्ञातं-विनष्टं कार्यं, यदि एतां कथमपि परिणेष्यति तदा ममैष नास्ति, यावत्तरुणो व्याधिस्तावच्चिकित्सामि इति श्रेष्ठिनि निर्गते तया नापितं शब्दयित्वा मुण्डिता, निगडैर्बद्धा, पिट्टिता च, वारितोऽनया परिजनः-यः कथयति वणिजः

[५२] सो मम नत्थि, ताहे सो पिल्लियओ, सा घरे छोढूणं बाहिरि ★कुंहंडिया, सो कमेण आगओ पुच्छइ-कहिं चंदणा ?, न कोइवि साहइ भयेण, सो जाणति-नूणं रमति उवरिं वा, एवं रातिंपि पुच्छिया, जाणति-सा सुत्ता नूणं, बितियदिवसेऽवि सा न दिट्ठा, ततिय दिवसे +घणं पुच्छइ-साहह मा भे मारेह, ताहे थेरदासी एक्का, सा चिंतेइ-किं मे जीविएण ?, सा जीवउ वराई, ताए कहियं-अमुयघरे, तेण उग्घाडिया, छुहाहयं पिच्छित्ता कूरं पमग्गितो, जाव समावत्तीए नत्थि ताहे कुम्मासा दिट्ठा, तीसे ते सुप्पकोणे दाऊण लोहारघरं गओ, जा नियलाणि छिंदावेमि, ताहे सा हत्थिणी जहा कुलं संभरिउमारद्धा एलुगं विक्खंभइत्ता, तेहिं पुरओकएहिं हिययब्भंतरओ रोवति, सामी य अतियओ, ताए चिंतियं-सामिस्स देमि, मम एवं अहम्मफलं, भणति-भगवं ! कप्पइ ?, सामिणा पाणी

તે મારો રહેશે નહિ." આમ મૂલાએ તે બધાને ડરાવ્યા. ચંદનાને ઘર(ઓરડા)માં નાંખી બહારથી તાળું મારી દીધું. શ્રેષ્ઠિ આવીને પૂછે છે – "ચંદના ક્યાં છે ?" ભયથી કોઈ જવાબ આપતા નથી. તેથી તેને લાગ્યું – "રમતી હશે અથવા ઉપર હશે." આ પ્રમાણે રાત્રિએ પણ શ્રેષ્ઠિએ ચંદના વિષે પૃચ્છા કરી. ત્યારે પણ કોઈ જવાબ ન મળતા તેણે લાગ્યું કે – "સૂઈ ગઈ હશે." બીજા દિવસે પણ ચંદના દેખાઈ નહિ. ત્રીજા દિવસે આગ્રહપૂર્વક દાસ–દાસીને પૂછ્યું – "કહો, તેને મારી ન નાંખો." ત્યારે એક વૃદ્ધ દાસીએ વિચાર્યું, – "હવે મારે જીવીને શું કરવાનું ? તેના કરતા બિચારી તે ભલેને જીવે" એમ વિચારી તેણીએ કહ્યું, – "ચંદના અમુક ઘરમાં છે." ધનાવહે ઘર ઉઘાડ્યું. ક્ષુધાથી પીડિત જોઈને તેણે ભાત ગોતવા લાગ્યા. ભાત પૂરા થઈ ગયેલા હોવાથી નહોતા ત્યારે અડદ દેખાના. ધનાવહે તે અડદ સૂપડાના એક ખૂણામાં નાંખી તેણીને આપ્યા અને પોતે 'સાંકળોને તોડાવું' એમ વિચારી લુહારના ઘરે ગયો.

આ બાજુ જેમ આલાન સ્તંભથી છુટી કરાયેલી હાથણી પોતાના મૂળસ્થાનનું સ્મરણ કરે તેમ ચંદના પણ ઉંબરાને એક પગથી ઓળંગી પોતાના કુળને યાદ કરવા લાગી, અને તે બધા નજર સામે આવવાથી હૃદયમાં રડવા લાગી. તે સમયે સ્વામી ભિક્ષામાટે પ્રવેશ્યા. તેણીએ વિચાર્યું – "હું આ મારા અધર્મનું=પાપનું ફળ=અડદ સ્વામીને આપું." એ પ્રમાણે વિચારી તેણીએ ભગવાનને કહ્યું– "ભગવન્ ! આ કલ્પશે ?" સ્વામીએ ચાર પ્રકારનો અભિગ્રહ પૂર્ણ

५२. स मम नास्ति, तदा स प्रेरितः ( भीतः ), तां गृहे क्षिप्त्वा कोष्ठागारो मुद्रितः, स क्रमेणागतः पृच्छति-क्व चन्दना ?, न कोऽपि कथयति भयेन, स जानाति नूनं रमते उपरि वा, एवं रात्रावपि पृष्टा, जानाति सा सुप्ता नूनं, द्वितीयदिवसेऽपि सा न दृष्टा, तृतीये दिवसे घनं पृच्छति-कथयत मा यूयं मारयत, तदा स्थविरदास्येका, सा चिन्तयति-किं मम जीवितेन ?, सा जीवतु वराकी, तया कथितम्-अमुकस्मिन् गृहे, तेनोद्घाटितं, क्षुधाहतां प्रेक्ष्य कूरः प्रमार्गितः, यावत्समापत्त्या नास्ति तदा कुल्माषा दृष्टाः, तस्यै तान् सूर्पकोणे दत्त्वा लोहकारगृहं गतो यन्निगडान् छेदयामि, तदा सा हस्तिनी यथा कुलं संस्मर्तुमारब्धा देहलीं विष्कम्भ्य, तेषु पुरस्कृतेषु हृदयाभ्यन्तरे रोदिति-स्वामी चातिगतः, तया चिन्तितं स्वामिने ददामि, ममैतदधर्मफलं, भणति-भगवन् ! कल्पते ?, स्वामिना पाणिः ★ कुडुम्बिया प्र०. + परियणं प्र० .

[૫૩]पसारिओ, चउव्विहोऽवि पुण्णो अभिग्गहो, पंच दिव्वाणि, ते वाला तयवत्था चेव जाया, ताणिऽवि से नियलाणि फुट्टाणि सोवण्णियाणि नेउराणि जायाणि, देवेहि य सव्वालंकारा कया, सक्को देवराया आगओ, वसुहारा अद्धतेरसहिरण्णकोडिओ पडियाओ, कोसंबीए य सव्वओ उग्घुट्ठं-केण पुण पुण्णमंतेण अज्ज सामी पडिलाभिओ ?, ताहे राया संतेउरपरियणो आगओ, ताहे तत्थ संपुलो नाम दहिवाहणस्स कंचुइज्जो, सो बंधित्ता आणियओ, तेण सा णाया, ततो सो पादेसु पडिऊण परुण्णो, राया पुच्छइ-का एसा ?, तेण से कहियं-जहेसा दहिवाहणरण्णो दुहिया, मियावती भणइ-मम भगिणीधूयत्ति, अमच्चोऽवि सपत्तीओ आगओ, सामिं वंदइ, सामीवि निग्गओ, ताहे राया तं वसुहारं पगहिओ, सक्केण वारिओ, जस्सेसा देइ तस्साभवइ, सा पुच्छिया भणइ-मम पिउणो, ताहे सेट्ठिणा गहियं । ताहे सक्केण सयाणिओ भणिओ-एसा

થયો જાણી હાથ લંબાવ્યો. પાંચ દિવ્યો પ્રગટ થયા.

ચંદનાના મસ્તકે વાળ તે અવસ્થામાં (પૂર્વની અવસ્થામાં) આવી ગયા. સાંકળો પણ તૂટી ગઈ. સુવર્ણના ઝાંઝર થયા. અને દેવોએ તેણીને સર્વાલંકારોથી મઢી દીધી. શક્રેન્દ્ર ત્યાં આવ્યો. સાડાબાર કરોડ હિરણ્યની વૃષ્ટિ થઈ. ચારે બાજુ કોસંબીમાં વાત ફેલાઈ કે "કયા પુણ્યવાને આજે સ્વામીને પારણું કરાવ્યું ?" ત્યારે રાજા અંતઃપુર સહિત આવ્યો. ત્યાં સંપુલનામનો દધિવાહનનો કંચુકી (અંતઃપુરનો રખેવાળ) હતો તેને બાંધીને ત્યાં લાવવામાં આવ્યો. તેણે ચંદનાને ઓળખી લીધી. તે પગમાં પડીને રોવા લાગ્યો. રાજાએ પૂછ્યું – "આ કોણ છે ?" ત્યારે કંચુકીએ કહ્યું કે "આ દધિવાહનરાજાની દીકરી છે."

આ સાંભળી મૃગાવતીએ કહ્યું – "અરે ! આ તો મારી બહેનની દીકરી છે." મંત્રી પણ પોતાની પત્ની સહિત ત્યાં આવ્યો. બધાએ સ્વામીને વંદન કર્યા. સ્વામી ત્યાંથી નીકળ્યા. ત્યારે રાજા તે ધનને લેવા લાગ્યો એટલે શક્રે તેને અટકાવ્યો "જેને ચંદના આપશે તેની માલિકી થશે." પૂછાયેલી ચંદનાએ કહ્યું – આ વૃષ્ટિ મારા પિતાને મળો." ત્યારે શ્રેષ્ઠિએ સર્વધન ગ્રહણ કર્યું.

५३. प्रसारितः, चतुर्विधोऽपि पूर्णोऽभिग्रहः, पञ्च दिव्यानि, ते वालास्तदवस्था एव जाताः, तस्या निगडे अपि ते स्फुटिते सौवर्णे नूपुरे जाते, देवैश्च सर्वालङ्कारा कृता, शक्रो देवराज आगतः, वसुधाराऽर्धत्रयोदशहिरण्यकोटयः पतिताः, कोशाम्ब्यां च सर्वत्रोद्घुष्टं, केन पुनः पुण्यमताऽद्य स्वामी प्रतिलम्भितः ?, तदा राजा सान्तःपुरीपरिजन आगतः, तदा तत्र संपुलो नाम दधिवाहनस्य कञ्चुकी, स बद्ध्वाऽऽनीतस्तेन सा ज्ञाता, ततः स पदोः पतित्वा प्ररुण्णः, राजा पृच्छति-कैषा ?, तेन तस्मै कथितं-यथैषा दधिवाहनस्य राज्ञो दुहिता, मृगावती भणति-मम भगिनीदुहितेति, अमात्योऽपि सपत्नीक आगतः स्वामिनं वन्दते, स्वाम्यपि निर्गतः, तदा राजा तां वसुधारां ग्रहीतुमारब्धः, शक्रेण वारितः, यस्मै एषा ददाति तस्याभवति, सा पृष्टा भणति-मम पितुः, तदा श्रेष्ठिना गृहीतं । तदा शक्रेण शतानीको भणितः- एषा

[५४]चरिमसरीरा, एयं संगोवाहि जाव सामिस्स नाणं उप्पज्जइ, एसा पढमसिस्सिणी, ताहे कन्नंतेउरे छूढा, संवड्ढति । छम्मासा तया पंचहिं दिवसेहिं ऊणा जद्दिवसं सामिणा भिक्खा लद्धा । सा मूला लोगेणं अंबाडिया हीलिया य ।

**तत्तो ★सुमंगलाए सणंकुमार सुछेत्त एइ माहिंदो ।**
**पालग वाइलवणिए अमंगलं अप्पणो असिणा ॥५२२॥**

सामी ततो निग्गंतूण सुमंगलं नाम गामो तहिं गओ, तत्थ सणंकुमारो एइ, वंदति पुच्छति य । ततो भगवं सुच्छित्तं गओ, तत्थ माहिंदो पियं पुच्छओ एइ । ततो सामी पालगं नाम गामं गओ, तत्थ वाइलो नाम वाणिअओ जत्ताए पहाविओ, अमंगलन्तिकाऊण असिं गहाय पहाविओ एयस्स फलउत्ति, तत्थ सिद्धत्थेण सहत्थेण सीसं छिण्णं—

---

શક્રે શતાનિકને કહ્યું – "આ ચંદના ચરમશરીરી છે. તેથી જ્યાં સુધી સ્વામીને જ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી આની તું રક્ષા કરજે. આ ભગવાનની પ્રથમ શિષ્યા થશે." શતાનિકે પોતાના કન્યા–અંતઃપુરમાં (જ્યાં રાજકન્યાઓ રહે ત્યાં) મોકલી દીધી. ત્યાં ચંદના મોટી થાય છે. અહીં ભગવાનને ભિક્ષા પ્રાપ્ત થઈ ત્યારે છ મહિનામાં પાંચ દિવસ ઓછા હતા. તે મૂલાનો લોકોએ તિરસ્કાર કર્યો અને તર્જના કરી. ॥૫૨૦–૫૨૧॥

**ગાથાર્થ : ત્યાર પછી સુમંગલાનગરીમાં સનત્કુમાર અને સુક્ષેત્રમાં માહેન્દ્ર શાતા પૂછવા આવે છે. પાલકગામમાં વાતબલવણિક્ પોતાને અમંગલ થયું વિચારી તલવારવડે પ્રહાર કરવા દોડે છે.**

**ટીકાર્થ :** સ્વામી ત્યાર પછી સુમંગલાનામે ગામમાં ગયા. ત્યાં સનત્કુમારેન્દ્ર આવે છે, વંદન કરે છે અને શાતા પૂછે છે. ત્યાર પછી ભગવાન સુક્ષેત્રનામના ગામમાં ગયા. ત્યાં માહેન્દ્ર શાતા પૂછવા આવે છે. ત્યાર પછી સ્વામી પાલકનામે ગામમાં ગયા. ત્યાં વાતબલ નામે વેપારી યાત્રા માટે નીકળ્યો હતો. ત્યાં સામેથી આવતા સ્વામીને જોઈ "અમંગલ થયું, તેથી આને તેનું ફલ મળો." એમ વિચારી તલવાર લઈને સ્વામીને મારવા દોડે છે. ત્યાં સિદ્ધાર્થે તેના હાથમાં રહેલી તલવારવડે તેનું જ મસ્તક છેદી નાંખ્યું. ॥૫૨૨॥

---

५४. चरमशरीरा एतां संगोपय यावत्स्वामिनो ज्ञानमुत्पद्यते, एषा ( स्वामिनः ) प्रथमशिष्या, तदा कन्यान्तःपुरे क्षिप्ता संवर्धते । षण्मासास्तदा पञ्चभिर्दिवसैरूना यद्दिवसे स्वामिना भिक्षा लब्धा । सा मूला लोकेन तिरस्कृता हीलिता च । एषा स्वामी ततो निर्गत्य सुमङ्गलं नाम ग्रामः तत्र गतः, तत्र सनत्कुमार आयाति, वन्दते पृच्छति च । ततो भगवान् सुक्षेत्रं गतः, तत्र माहेन्द्रः प्रियपृच्छक आयाति । ततः स्वामी पालकं नाम ग्रामं गतः, तत्र वातबलो नाम वणिक् यात्रायै प्रधावितः, अमङ्गलमितिकृत्वाऽसिं गृहीत्वा प्रधावितः एतस्य फलत्विति तत्र सिद्धार्थेन स्वहस्तेन शीर्षं छिन्नम् । ★ सुमंगल सणंकुमार सुछेत्ताए य एइ माहिंदो प्र०.

**चंपा वासावासं जक्खिदे साइदत्तपुच्छा य ।**
**वागरणदुहपएसण पच्चक्खाणे य दुविहे उ ॥५२३॥**

[55]ततो स्वामी चंपं नगरिं गओ, तत्थ सातिदत्तमाहणस्स अग्गिहोत्तसालाए वसहिं उवगओ, तत्थ चाउम्मासं खमति, तत्थ पुण्णभद्दमाणिभद्दा दुवे जक्खा रत्तिं पज्जुवासंति, चत्तारिवि मासे पूयं करेंति रत्तिं रत्तिं, ताहे सो चिंतेइ-किं जाणति एसतो देवा महंति, ताहे विन्नासणानिमित्तं पुच्छइ-को ह्यात्मा[+] ?, भगवानाह-योऽहमित्य[★]भिमन्यते, स कीदृशः[*] ?, सूक्ष्मोऽसौ, किं तत् सूक्ष्मम् ?, यन्न गृह्णीमः, ननु शब्दगन्धानिलाः, न, एते इन्द्रियग्राह्याः, ते न ग्रहणमात्मा, ननु ग्राहयिता स ।

ગાથાર્થ :– ચંપાનગરી – ચોમાસુ – યક્ષેન્દ્ર – સ્વાતિદત્ત – પૃચ્છા – વ્યાકરણ (ઉત્તર) – બે પ્રકારના પ્રદેશ (ઉપદેશ) અને બે પ્રકારના પ્રત્યાખ્યાન.

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી ચંપાનગરીમાં ગયા. ત્યાં સ્વાતિદત્તનામના બ્રાહ્મણની અગ્નિહોત્રશાળામાં રહ્યા. ત્યાં ચાર મહિનાનો તપ કર્યો. તે સમયે પૂર્ણભદ્ર અને માણિભદ્રનામે બે યક્ષેન્દ્રો રાત્રિમાં પ્રભુની સેવા કરે છે. ચાર મહિના રોજ રાત્રિએ તેઓ ભગવાનની પૂજા કરે છે. દેવોને આ રીતે પૂજા કરતા જોઈ સ્વાતિદત્ત બ્રાહ્મણ વિચારે છે – "શું આ જાણકાર છે ? જેથી દેવો તેની પૂજા કરે છે." તેથી ભગવાન પાસે કેટલું જ્ઞાન છે ? તે જાણવાની ઇચ્છાથી તે ભગવાનને પૂછે છે – "આત્મા કોણ છે ? (અર્થાત્ આત્મા પંચભૂતાત્મક છે કે તેનાથી જુદો છે ?)

ભગવાને કહ્યું – "હું" એ પ્રમાણે જે પોતાને જણાવે છે તે આત્મા છે (અર્થાત્ હું સુખી, હું દુઃખી" વગેરે અહં પ્રતીતિના કર્તા તરીકે જે પોતાને જણાવે છે તે પંચભૂતથી જુદો 'અહં' પ્રતીતિથી ગ્રાહ્ય એવો આત્મા છે.) આ સાંભળી બ્રાહ્મણ પૂછે છે "તે કેવો છે ? ભગવાને કહ્યું–" આત્મા સૂક્ષ્મ છે (અર્થાત્ વિશિષ્ટજ્ઞાનથી રહિત એવી વ્યક્તિઓવડે જણાતો ન હોવાથી સૂક્ષ્મ છે.) બ્રાહ્મણે પૂછયું – "સૂક્ષ્મ એટલે શું ?" ભગવાને કહ્યું – "જેને આપણે ગ્રહણ કરી શકતા ન હોઈએ તે સૂક્ષ્મ કહેવાય (અર્થાત્ છદ્મસ્થજીવ જેને પોતાની ઇન્દ્રિયવડે ગ્રહણ કરી શકે નહિ તે સૂક્ષ્મ.)

**શંકા :** જે ગ્રહણ ન થાય તે સૂક્ષ્મ કહેવાતું હોય તો શબ્દ, ગંધ અને પવન પણ ચક્ષુ વડે ગ્રહણ થતાં ન હોવાથી તે પણ સૂક્ષ્મ થઈ જશે.

**સમાધાન :** ના, આ શબ્દ, ગંધ અને પવન એ સૂક્ષ્મ નથી કારણ કે ચક્ષુ સિવાય અનુક્રમે શ્રોત્ર, ઘ્રાણ અને સ્પર્શેન્દ્રિયવડે તો ગ્રાહ્ય છે જ. તથા અમે ચક્ષુવડે જે ગ્રાહ્ય ન હોય તે સૂક્ષ્મ,

५५. ततः स्वामी चम्पां नगरीं गतः, तत्र स्वातिदत्तब्राह्मणस्य अग्निहोत्रशालायां वसतिमुपागतः, तत्र चतुर्मासीं क्षपयति, तत्र पूर्णभद्रमाणिभद्रौ द्वौ यक्षौ रात्रौ पर्युपासाते, चतुरोऽपि मासान् पूजां कुरुतो रात्रौ रात्रौ, तदा स चिन्तयति-किं जानाति एषकः (यत्) देवौ महयतः, तदा विविदिषानिमित्तं पृच्छति ।
+ अनुपलब्धेः. ★ स्वसंवेदनसिद्धः. * इन्द्रियगोचरातीतत्वात्.

[૫૬]किं भंते ! पदेसणयं ? किं पच्चक्खाणं ?, भगवानाह-सादिदत्ता ! दुविहं-पदेसणगं-धम्मियं अधम्मियं च । पदेसणं नाम उवएसो । पच्चक्खाणेऽवि दुविहे-मूलगुणपच्चक्खाणे उत्तरगुणपच्चक्खाणे य । एएहिं पएहिं तस्स उवगतं । भगवं ततो निग्गओ —

**जंभियगामे नाणस्स उप्पया वागरेइ देविंदो ।**
**मिंढियगामे चमरो वंदण पियपुच्छणं कुणइ ॥५२४॥**

[૫૭]जंभियगामं गओ, तत्थ सक्को आगओ, वंदित्ता नट्टविहिं उवदंसित्ता वागरेइ-जहा एत्तिएहिं दिवसेहिं केवलनाणं उप्पज्जिहिति । ततो सामी मिंढियागामं गओ, तत्थ चमरओ वंदओ

---

એમ કહેતા નથી, પરંતુ ઈન્દ્રિયોવડે જે અગ્રાહ્ય હોય તે સૂક્ષ્મ કહીએ છીએ. તેથી શબ્દાદિ ઈન્દ્રિયગ્રાહ્ય હોવાથી સૂક્ષ્મ નથી.

**શંકા :** શબ્દાદિના ગ્રાહક તરીકે ઈન્દ્રિયોને જણાવશો તો તમારા મતે આત્મા એ ગ્રાહક કહેવાશે નહિ. (અહીં જે ગ્રહણ કરે તે – ગ્રહણ એ રીતે ગ્રહણ શબ્દને કર્તાના અર્થમાં તદ્ધિત પ્રત્યય લાગેલો હોવાથી ગ્રહણ શબ્દનો અર્થ ગ્રાહક કરવો. તથા 'ते' શબ્દ યુસ્મદ્શબ્દની ષષ્ઠી વિભક્તિ જાણવી.)

**સમાધાન :** અમે આત્માને ગ્રાહક નથી માનતા પરંતુ તે ગ્રહણ કરાવનાર છે. (અર્થાત્ શબ્દાદિ વિષયોને ઈન્દ્રિયો ગ્રહણ કરે છે અને આત્મા તે ઈન્દ્રિયોને તે–તે વિષયોને ગ્રહણ કરાવવા પ્રવર્તાવે છે – અહીં '**ननु ग्राहयिता स**' આ ઉત્તરપક્ષ છે.)

**શંકા :** ભગવન્ ! પ્રદેશન અને પચ્ચક્ખાણ શું છે ?

**સમાધાન :** હે સ્વાતિદત્ત ! બે પ્રકારના પ્રદેશન છે – ધાર્મિક અને અધાર્મિક. અહીં પ્રદેશન એટલે ઉપદેશ અર્થ જાણવો. તથા પચ્ચક્ખાણ પણ બે પ્રકારે છે – મૂલગુણ પચ્ચક્ખાણ અને ઉત્તરગુણ પચ્ચક્ખાણ. આવા બધા પદોવડે (વાક્યોવડે) બ્રાહ્મણને બોધ થયો (કે આ ભગવાન સર્વવેત્તા છે તેથી દેવો જે પૂજન કરે છે તે યુક્ત છે.) ભગવાન ત્યાંથી નીકળી ગયા. ॥૫૨૩॥

**ગાથાર્થ : જૃમ્ભિકગ્રામમાં દેવેન્દ્ર જ્ઞાનના ઉત્પાદની વાત કરે છે. મિંઢિકગ્રામમાં ચમરેન્દ્ર વંદન અને શાતાપૃચ્છા કરે છે.**

**ટીકાર્થ :** ત્યાર પછી ભગવાન જૃમ્ભિકગ્રામમાં ગયા. શક્ર આવ્યો. ભગવાનને વંદી નાટ્યવિધિને બતાવી કહે છે– "આટલા દિવસો પછી કેવલજ્ઞાન ઉત્પન્ન થશે." ત્યાર પછી સ્વામી મિંઢિકગ્રામમાં આવ્યા. ત્યાં ચમરેન્દ્ર વંદન અને શાતાપૃચ્છા કરવા આવે છે. વંદન કરીને

---

૫૬. किं भदन्त ! प्रदेशनम् ? किं प्रत्याख्यानम् ?, भगवानाह-स्वातिदत्त ! द्विविधं प्रदेशनं-धार्मिकमधार्मिकं च । प्रदेशनं नाम उपदेशः । प्रत्याख्यानमपि द्विविधं-मूलगुणप्रत्याख्यानमुत्तरगुणप्रत्याख्यानं च । एतैः पदैरुपगतं तस्य ( ज्ञानीति ) । ततो भगवान्निर्गतः । ५७. जृम्भिकाग्रामं गतः, तत्र शक्र आगतः, वन्दित्वा नाट्यविधिमुपदर्श्य व्यागृणोति-यथैयद्भिर्दिवसैः केवलज्ञानमुत्पत्स्यते । ततः स्वामी मिण्ढिकाग्रामं गतः, तत्र चमरो वन्दकः

[५८]पियपुच्छओ य एति, वंदित्ता पुच्छित्ता य पडिगतो ।

**छम्माणि गोव कडसल पवेसणं मज्झिमाएँ पावाए ।**

**खरओ विज्जो सिद्धत्थ वाणियओ नीहरावेइ ॥५२५॥**

ततो भगवं छम्माणि नाम गामं गओ, तस्स बाहिं पडिमं ठिओ, तत्थ सामीसमीवे गोवो गोणे छड्डेऊण गामे पविट्ठो, दोहणाणि काऊण निग्गओ, ते य गोणा अडविं पविट्ठा चरियव्वगस्स कज्जे, ताहे सो आगतो पुच्छति-देवज्जग ! कहिं ते बइल्ला ?, भगवं मोणेण अच्छइ, ताहे सो परिकुविओ भगवतो कण्णेसु कडसलागाओ छुहति, एगा इमेण कण्णेण एगा इमेण, जाव दोन्निवि मिलियाओ ताहे मूले भग्गाओ, मा कोइ उक्खणिहितित्ति । केइ भणंति-एक्का चेव जाव इयरेण कण्णेण निग्गता ताहे भग्गा ।

*"★कण्णेसु तउं तत्तं गोवस्स कयं तिविट्ठुणा रण्णा ।*

*कण्णेसु वद्धमाणस्स तेण छूढा कडसलाया ॥१॥"*

---

શાતા પૂછીને ગયો. ॥૫૨૪॥

ગાથાર્થ : **છમ્માણીગામ – ગોવાળિયાએ કાનમાં શલાકાનો પ્રવેશ કર્યો. મધ્યમપાપા-નગરીમાં ખરકવૈદ્ય – સિદ્ધાર્થવાણિઓ શલાકા કઢાવડાવે છે.**

**ટીકાર્થ :** ત્યાર પછી ભગવાન છમ્માણીગામમાં જાય છે, ત્યાં ગામની બહાર કાયોત્સર્ગ કરે છે. ત્યારે એક ગોવાળિયો પોતાના બળદોને પ્રભુ પાસે મૂકીને ગામમાં અંદર ગયો. ગાયને દોહવાનું કાર્ય પૂર્ણ કરી તે ગોવાળ પાછો બહાર આવ્યો. તે સમયે તેના બળદો ચારી માટે જંગલમાં ગયા હતા. ગોવાળ આવીને પ્રભુને પૂછે છે – "હે દેવાર્ય ! તે બળદો ક્યાં ગયા ?" ભગવાન મૌન રહે છે. તેથી ગુસ્સે ભરાયેલ ગોવાળ ભગવાનના કાનમાં લાકડાંના ખીલા નાંખે છે. એક ખીલો આ કાને અને બીજો ખીલો બીજા કાને નાંખ્યો.

ખીલા એવી રીતે નાંખ્યાં કે બંનેના છેડા ભેગા થઈ ગયા અને બહારનો ખીલાનો ભાગ છેદી નાંખ્યો કે જેથી કોઈ તે ખીલા કાઢી નાંખે નહિ. કેટલાક આચાર્ય એમ કહે છે કે "એક જ ખીલો આ કાનેથી તે કાને બહાર કાઢ્યો અને બંને બાજુથી છેડા કાપી નાંખ્યાં." ત્રિપૃષ્ઠ વાસુદેવે ગોવાળિયાના કાનમાં તપાવેલું સીસું કાનમાં રેડ્યું હતું. તેના કારણે તેના જીવે આ ભવમાં ગોવાળ બની ભગવાનના કાનમાં લાકડાંના ખીલા નાંખ્યાં. તે દ્વારા ભગવાનનું વેદનીય

---

५८. प्रियप्रच्छकश्चायाति, वन्दित्वा पृष्ट्वा च प्रतिगतः । ततो भगवान् षण्माणीं नाम ग्रामं गतः, तस्माद्बहिः प्रतिमया स्थितः, तत्र स्वामिसमीपे गोपो बलीवर्दौ त्यक्त्वा ग्रामं प्रविष्टः, दोहनानि कृत्वा निर्गतः, तौ च बलीवर्दौ अटवीं प्रविष्टौ चरणस्य कार्याय, तदा स आगतः पृच्छति-देवार्यक ! क्व तौ बलीवर्दौ ?, भगवान् मौनेन तिष्ठति, तदा स परिकुपितः भगवतः कर्णयोः कटशलाके क्षिपति, एकाऽनेन कर्णेन एकाऽनेन, यावद्द्वे अपि मीलिते तदा मूले भग्ने, मा कश्चिदुत्खनीरिति । केचिद्भणन्ति-एकैव यावदित्तरेण कर्णेन निर्गता तदा भग्ना । ★ कर्णयोः तप्तं त्रपु गोपस्य कृतं त्रिपृष्ठेन राज्ञा । कर्णयोर्वर्धमानस्य तेन क्षिप्ते कटशलाकिके ॥१॥

[59] भगवतो तद्दारवेयणीयं कम्मं उदिण्णं । ततो सामी मज्झिमं गतो, तत्थ सिद्धत्थो नाम वाणियगो, तस्स घरं भगवं अतीयओ, तस्स य मित्तो खरगो नाम वेज्जो, ते दोऽवि सिद्धत्थस्स घरे अच्छंति, सामी भिक्खस्स पविट्ठो, वाणियओ वंदति थुणति य, वेज्जो तित्थगरं पासिऊण भणति-अहो भगवं सव्वलक्खणसंपुण्णो किं पुण ससल्लो, ततो सो वाणियओ संभंतो भणति-पलोएहि कहिं सल्लो ?, तेण पलोएतेण दिट्ठो कण्णेसु, तेण वाणियएण भण्णइ-णीणेहि एयं महातवस्सिस्स पुण्णं होहितित्ति, तववि मज्झवि, भणति-निप्पडिकम्मो भगवं नेच्छति, ताहे पडियरावितो जाव दिट्ठो उज्जाणे पडिमं ठिओ, ते ओसहाणि गहाय गया, तत्थ भगवं तेल्लदोणीए निवज्जाविओ मक्खिओ य, पच्छा बहुएहिं मणूसेहिं जंतिओ अक्कंतो य, पच्छा संडासतेण गहाय कड्ढियाओ,

---

કર્મ ઉદયમાં આવ્યું.

ત્યાર પછી સ્વામી મધ્યમ–અપાપાનગરીમાં ગયા. ત્યાં સિદ્ધાર્થનામનો વેપારી હતો. તેના ઘરમાં ભગવાન આવ્યા. તેનો મિત્ર ખરકનામે વૈદ્ય હતો. તે સમયે બંને મિત્રો ઘરમાં હતા. સ્વામી ભિક્ષા માટે આવ્યા. વેપારી ભગવાનને વાંદે છે, અને સ્તવના કરે છે. વૈદ્યે તીર્થંકરને જોઈ કહ્યું– "અહો ! ભગવાન સર્વલક્ષણથી સંપૂર્ણ હોવા છતાં સશલ્ય કેમ છે ?" તેથી તે વેપારીએ ગભરાટથી કહ્યું – જો તો, ક્યાં શલ્ય છે ?" વૈદ્યે જોતા ભગવાનના કાનમાં શલ્ય જોયું. વેપારીએ કહ્યું "મહાતપસ્વીના આ શલ્યને કાનમાંથી બહાર કાઢો, જેથી તમને અને મને પુણ્ય થશે." વળી કહે છે, "ભગવાન નિષ્પ્રતિકર્મવાળા છે, માટે ભગવાન પોતાના કાનમાંથી શલ્ય નીકળી જાય તેવું ઈચ્છતાં નથી."

બંને જણા પ્રભુની પાછળ–પાછળ ગયા અને જોયું કે ભગવાન ઉદ્યાનમાં પ્રતિમામાં રહ્યા છે. તેઓ ઔષધ લઈને પાછા ઉદ્યાનમાં ગયા. ત્યાં ભગવાનને તૈલની કુંડીમાં ડૂબાડ્યાં અને તેલથી મર્દન કર્યું. (જેથી અંદર તેલ જવાથી ખીલા સરળતાથી નીકળે.) પછી ઘણા બધા માણસોએ ભગવાનને પકડી રાખ્યા અને સાણસીવડે પકડીને બંને ખીલા બહાર કાઢ્યા. રુધિર સહિત ખીલા બહાર આવ્યા. ખેંચતી વખતે ભગવાને ચીસ પાડી અને તે માણસોવડે (અહીં પ્રાકૃત

---

૫૯. भगवतस्तद्द्वारा वेदनीयं कर्मोदीर्णं । ततः स्वामी मध्यमां गतः, तत्र सिद्धार्थो नाम वणिक्, तस्य गृहे भगवानतिगतः, तस्य च मित्रं खरको नाम वैद्यः, तौ द्वावपि सिद्धार्थगृहे तिष्ठतः, स्वामी भिक्षायै प्रविष्टः, वणिक् वन्दते स्तौति च, वैद्यस्तीर्थकरं दृष्ट्वा भणति-अहो भगवान् सर्वलक्षणसंपूर्णः किं पुनः सशल्यः, ततः स वणिक् संभ्रान्तो भणति-प्रलोकय क्व शल्यं ? तेन प्रलोकयता दृष्टं कर्णयोः, तेन वणिजा भण्यते-व्यपनय एतत् महातपस्विनः पुण्यं भविष्यतीति, तवापि ममापि, भणति-निष्प्रतिकर्मा भगवान्नेच्छति, तदा प्रतिचारितो यावद्दृष्ट उद्याने प्रतिमया स्थितः, तावौषधानि गृहीत्वा गतौ, तत्र भगवान् तैलद्रोण्यां निमज्जितः म्रक्षितश्च, पश्चाद् बहुभिर्मनुष्यैर्यन्त्रित आक्रान्तश्च, पश्चात्संदंशकेन गृहीत्वा कर्षिते,

[६०] तत्थ सरुहिराउ सलागाओ अंछियाओ, तासु य अंछिज्जंतिसु भगवता आरसियं, ते य मणूसे उप्पाडित्ता उट्ठिओ, महाभेरवं उज्जाणं तत्थ जायं, देवकुलं च, पच्छा संरोहणं ओसहं दिन्नं, जेण ताहे चेव पउणो, ताहे वंदित्ता खामेत्ता य गया । सव्वेसु किर उवसग्गेसु कयरे दुव्विसहा ?, उच्यते, कडपूयणासीयं कालचक्कं एयं चेव सल्लं निक्कड्ढिज्जंतं, अहवा-जहण्णगाण उवरि कडपूयणासीयं मज्झिमगाण उवरि कालचक्कं उक्कोसगाण उवरिं सल्लुद्धरणं । एवं गोवेणारद्धा उवसग्गा गोवेण चेव निट्ठिता । गोवो अहो सत्तमिं पुढविं गओ । खरतो सिद्धत्थो य देवलोगं तिव्वमवि उदीरयंता सुद्धभावा। गता उपसर्गाः । —

**जंभिय बहि उजुवालिय तीर वियावत्त सामसालअहे ।**
**छट्ठेणुक्कुडुयस्स उ उप्पण्णं केवलं णाणं ॥५२६॥**

---

હોવાથી દ્વિતીયાવિભક્તિ કરેલ છે, છતાં તૃતીયાવિભક્તિ જાણવી – **तेहिं मणूसेहिं)** ભગવાનને ઉપાડીને ઊભા કરાયા. તે સમયે ઉદ્યાન અને દેવકુલ મહાઅવાજવાળું થયું. ત્યાર પછી સંરોહણી ઔષધિ લગાડી. તેનાથી ત્યારે જ ભગવાન સ્વસ્થ થઈ ગયા. તે બંને જણા ભગવાનને વંદન કરી, ક્ષમા માગીને ગયા.

**શંકા :** આ સર્વ ઉપસર્ગોમાં કયા ઉપસર્ગ દુઃસહ્ય હતા ?

**સમાધાન :** કટપૂતનાનો શીતઉપસર્ગ, કાળચક્ર અને બહાર ખેંચાતું શલ્ય આ ત્રણ ઉત્કૃષ્ટ દુઃસહ્ય હતા, અથવા જઘન્યમાં ઉત્કૃષ્ટ શીતઉપસર્ગ, મધ્યમમાં ઉત્કૃષ્ટ કાળચક્ર અને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શલ્યોદ્ધાર.

આ રીતે ગોવાળવડે આરંભિત ઉપસર્ગો ગોવાળવડે જ અંત પામ્યા (અર્થાત્ ગોવાળથી ઉપસર્ગો ચાલુ થયા અને અંતમાં પણ ગોવાળનો ઉપસર્ગ થયો.) શલ્ય નાંખનાર ગોવાળ સાતમી નરકમાં ગયો. ખરકવૈદ્ય અને સિદ્ધાર્થવાણિયો ભગવાનને શલ્યોદ્ધાર વખતે તીવ્ર વેદના કરવા છતાં શુભભાવ હોવાથી દેવલોકમાં ગયા. ઉપસર્ગોનું વર્ણન પૂર્ણ થયું. ॥૫૨૫॥

**ગાથાર્થ :– જૃમ્ભિકગામની બહાર – ઋજુવાલિકાનદીનો કિનારો – અવ્યક્ત ચૈત્ય – શ્યામકગૃહપતિ – શાલવૃક્ષની નીચે – છટ્ઠનો તપ – ઊત્કટઆસનવાળા પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.**

---

**६०. तत्र सरुधिरे शलाके आकृष्टे, तयोश्चाकृष्यमाणयोर्भगवताऽऽरसितं, तांश्च मनुष्यानुत्पाट्योत्थितः,** महाभैरवमुद्यानं तत्र जातं, देवकुलं च, पश्चात्संरोहणमौषधं दत्तं, येन तदैव प्रगुणः, तदा वन्दित्वा क्षमयित्वा च गतौ । सर्वेषु किलोपसर्गेषु कतरे दुर्विषहाः ?, उच्यते, कटपूतनाशीतं कालचक्रमेतदेव शल्यं निकृष्यमाणम्, अथवा जघन्यानामुपरि कटपूतनाशीतं मध्यमानामुपरि कालचक्रमुत्कृष्टानामुपरि शल्योद्धरणम् । एवं गोपेनारब्धा उपसर्गा गोपेनैव निष्ठिताः । गोपोऽधः सप्तमीं पृथिवीं गतः । खरकः सिद्धार्थश्च देवलोकं गतौ तीव्रामपि ( वेदनां ) उदीरयन्तौ शुद्धभावौ ।

[६१] ततो सामी जंभियगामं गओ, तस्स बहिया वियावत्तस्स चेइयस्स अदूरसामंते, वियावत्तं नाम अव्यक्तमित्यर्थः, भिन्नपडियं अपागडं, उज्जुवालियाए नदीए तीरंमि उत्तरिल्ले कूले सामागस्स गाहावतिस्स कट्ठकरणंसि, कट्ठकरणं नाम छेत्तं, सालपायवस्स अहे उक्कुडुगणिसेज्जाए गोदोहियाए आयावणाते आयावेमाणस्स छट्ठेणं भत्तेणं अपाणएणं वइसाहसुद्धदसमीए हत्थुत्तराहिं नक्खत्तेणं जोगमुवागतेणं पातीणगामिणीए छायाए अभिनिविट्टाए पोरुसीए पमाणपत्ताए झाणंतरियाए वट्टमाणस्स एकत्तवियक्कं वोलीणस्स सुहुमकिरियं अणियट्टिं अप्पत्तस्स केवलवरणाणदंसणं समुप्पण्णं ।

तपसा केवलमुत्पन्नमिति कृत्वा यद्भगवता तप आसेवितं तदभिधित्सुराह–

**जो य तवो अणुचिण्णो वीरवरेणं महाणुभावेणं ।**
**छउमत्थकालियाए अहक्कमं कित्तइस्सामि ॥५२७॥**

**ટીકાર્થ :** ત્યાર પછી સ્વામી જૃમ્ભિકગામમાં ગયા. તેની બહાર વૈયાવૃત્ય ચૈત્ય હતું. અહીં [(૬૧)] વૈયાવૃત્ય એટલે અવ્યક્ત ચૈત્ય અર્થાત્ તૂટેલું ફૂટેલું અને અપ્રગટ (કોઈ ચોક્કસ દેવનું નહિ) એવું ચૈત્ય. તે ચૈત્યની નજીકમાં ઋજુવાલિકાનદીના ઉત્તર દિશાના કિનારે શ્યામક ગૃહપતિના ક્ષેત્રમાં (ખેતરમાં) શાલવૃક્ષની નીચે ગોદોહિકારૂપ ઉત્કટઆસનમાં રહી આતાપનાવડે આતાપના લેતા, (એવા પ્રભુને) ચોવિહાર છઠ્ઠના તપવડે વૈશાખ સુદ દસમીએ હસ્તોત્તરા (ઉત્તરાફાલ્ગુની) નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થતાં પૂર્વદિશામાં જતી એવી છાયા થઈ ત્યારે, પોરિસી પ્રમાણપ્રાપ્ત થઈ ત્યારે (અર્થાત્ પુરુષની છાયા શરીરપ્રમાણ થઈ ત્યારે) ધ્યાનાંતરિકા નામની અવસ્થામાં (ધ્યાનાંતરિકા એટલે જેમાં શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોને જીવ ઓળંગી જાય છે અને છેલ્લા બે ભેદો હજુ પ્રાપ્ત થયા હોતા નથી તેવી અવસ્થા. ટૂંકમાં–શુક્લધ્યાનના પ્રથમ બે ભેદો અને છેલ્લા બે ભેદો વચ્ચેની ધ્યાનવિનાની અવસ્થા તે ધ્યાનાંતરિકા કહેવાય છે. તે અવસ્થામાં) વર્તતા, એકત્વવિતર્કનામના શુક્લધ્યાનના આદ્ય બે ભેદોને ઓળંગી ગયેલા, સૂક્ષ્મક્રિયા–અનિવૃત્તિને નહિ પામેલા **એવા પ્રભુને કેવલવરજ્ઞાનદર્શન ઉત્પન્ન થયું. ॥૫૨૬॥**

**અવતરણિકા :** તપવડે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પ્રભુએ જે તપનું આચરણ કર્યું હતું તે કહે છે ➪

**ગાથાર્થ : મહાપ્રભાવશાલી એવા વીરભગવાને છદ્મસ્થકાળમાં જે તપનું આસેવન કર્યું, તે તપને યથાક્રમે હું કીર્તન કરીશ.**

६१. ततः स्वामी जृम्भिकाग्रामं गतः, तस्माद्बहिः वैयावृत्त्यस्य चैत्यस्यादूरसामन्ते, भिन्नपतितमप्रकटम्, ऋजुवालुकाया नद्यास्तीरे औत्तरत्ये कूले श्यामाकस्य गृहपतेः क्षेत्रे ( काष्ठकरणं नाम क्षेत्रम् ), शालपादपस्याध उत्कटुकया निषद्यया गोदोहिकयाऽऽतापनयाऽऽतापयतः षष्ठेन भक्तेनापानकेन वैशाखशुक्लदशम्यां हस्तोत्तराभिर्नक्षत्रेण योगमुपागते प्राचीनगामिन्यां छायायामभिनिर्वृत्तायां पौरुष्यां प्रमाणप्राप्तायां ध्यानान्तरिकायां वर्त्तमानस्य एकत्ववितर्कं व्यतिक्रान्तस्य सूक्ष्मक्रियमनिवृत्ति अप्राप्तस्य केवलवरज्ञानदर्शनं समुत्पन्नम् ।

व्याख्या-यच्च तप आचरितं वीरवरेण महानुभावेन छद्मस्थकाले तत्तपोऽनित्यसम्बन्धात् तद्यथाक्रमं-येन क्रमेणानुचरितं भगवता तथा कीर्तयिष्यामीति गाथार्थः ॥५२७॥ तच्चेदम्—

**नव किर चाउम्मासे छक्किर दोमासिए उवासीय ।**

**बारस य मासियाइं बावत्तरि अद्धमासाइं ॥५२८॥**

व्याख्या—नव किल चातुर्मासिकानि तथा षट् किल द्विमासिकानि उपोषितवान्, किलशब्दः परोक्षाप्तागमवादसंसूचकः, द्वादश च मासिकानि द्विसप्तत्यर्द्धमासिकान्युपोषितवानिति क्रियायोग इति गाथार्थः ॥५२८॥

**एगं किर छम्मासं दो किर तेमासिए उवासीय ।**

**अड्ढाइज्जाइ दुवे दो चेव दिवड्ढमासाइं ॥५२९॥**

व्याख्या—एकं किल षण्मासं द्वे किल त्रैमासिके उपोषितवान्, तथा 'अड्ढाइज्जाइ दुवे' त्ति अर्द्धतृतीयमासनिष्पन्नं तपः-क्षपणं वाऽर्धतृतीयं, तेऽर्धतृतीये द्वे, चशब्दः क्रियानुकर्षणार्थः, द्वे एव च 'दिवड्ढमासाइं' ति सार्धमासे तपसी क्षपणे वा, क्रियायोगोऽनुवर्त्तत एवेति गाथार्थः ॥५२९॥

**भद्दं च महाभद्दं पडिमं तत्तो य सव्वओभद्दं ।**

**दो चत्तारि दसेव य दिवसे ठासीय अणुबद्धं ॥५३०॥**

व्याख्या—भद्रां च महाभद्रां प्रतिमां ततश्च सर्वतोभद्रां स्थितवान्, अनुबद्धमिति योगः, आसामेवानुपूर्व्या दिवसप्रमाणमाह—द्वौ चतुरः दशैव च दिवसान् स्थितवान्, अनुबद्धं-सन्ततमेवेति गाथार्थः ॥५३०॥

**गोयरमभिग्गहजुयं खमणं छम्मासियं च कासीय ।**

**पंचदिवसेहि ऊणं अव्वहिओ वच्छनयरीए ॥५३१॥**

---

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૫૨૭॥ તે તપ આ પ્રમાણે છે ➪

**ગાથાર્થ :** નવવાર ચાતુર્માસિક, છવાર દ્વિમાસિક ઉપવાસ કર્યા. બારવાર માસિક અને બહોત્તેરવાર અર્ધમાસ ઉપવાસ કર્યા.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. '**किल**' શબ્દ પરોક્ષ–આપ્ત–આગમવાદને કહે છે. (જેનો અર્થ એ છે કે ગ્રંથકારને આ પરંપરાથી જાણવા મળ્યું છે.) ॥૫૨૮॥

**ગાથાર્થ :** એકવાર છમાસિક, બેવાર ત્રિમાસિક ઉપવાસ કર્યા. બેવાર અઢીમાસિક અને બેવાર દોઢમાસિક તપ કર્યો.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૨૯॥

**ગાથાર્થ :** ભદ્રા–મહાભદ્રા અને સર્વતોભદ્રા પ્રતિમા સ્વીકારી. જેમાં અનુક્રમે બે દિવસ, ચાર દિવસ અને દસ દિવસ (પ્રતિમામાં) રહ્યા. આ પ્રતિમા પારણું કર્યા વિના સળંગ કરી.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૩૦॥

**ગાથાર્થ :** વત્સાનગરીમાં (કોશાંબીમાં) પ્રભુએ પીડા (માનસિક આર્તધ્યાન) વિના ગોચરીસંબંધી અભિગ્રહથી યુક્ત, પાંચ દિવસન્યૂન છમાસિક તપ કર્યો.

व्याख्या-गोचरेऽभिग्रहो गोचराभिग्रहस्तेन युतं क्षपणं षण्मासिकं च कृतवान् पञ्चभिर्दिवसैर्न्यूनम्, 'अव्यथितः' अपीडितो 'वत्सानगर्यां' कौशाम्ब्यामिति गाथार्थः ॥५३१॥

**दस दो य किर महप्पा ठासि मुणी एगराइयं पडिमं ।**
**अट्ठमभत्तेण जई एक्केक्कं चरमराईयं ॥५३२॥**

व्याख्या–दश द्वे च सङ्ख्या द्वादशेत्यर्थः, किल महात्मा 'ठासि मुणि' त्ति स्थितवान् मुनिः, एकरात्रिकीं प्रतिमां पाठान्तरं वा 'एकराइए पडिमे'त्ति एकरात्रिकीः प्रतिमाः, कथमित्याह 'अष्टमभक्तेन' त्रिरात्रोपवासेनेति हृदयम्, 'यतिः' प्रयत्नवान्, एकैकां 'चरमरात्रिकीं' चरमरजनीनिष्पन्नामिति गाथार्थः ॥५३२॥

**दो चेव य छट्ठसए अउणातीसे उवासिया भगवं ।**
**न कयाइ निच्चभत्तं चउत्थभत्तं च से आसि ॥५३३॥**

व्याख्या-द्वे एव च षष्ठशते एकोनत्रिंशदधिके उपोषितो भगवान्, एवं न कदाचिन्नित्यभक्तं चतुर्थभक्तं वा 'से' तस्याऽऽसीदिति गाथार्थः ॥५३३॥

**बारस वासे अहिए छट्ठं भत्तं जहण्णयं आसि ।**
**सव्वं च तवोकम्मं अपाणयं आसि वीरस्स ॥५३४॥**

व्याख्या-द्वादश वर्षाण्यधिकानि भगवतश्छद्मस्थस्य सतः 'षष्ठं भक्तं' द्विरात्रोपवासलक्षणं जघन्यकमासीत्, तथा सर्वं च तपःकर्म अपानकमासीद्वीरस्य, एतदुक्तं भवति–क्षीरादिद्रवाहारभोजनकाललभ्यव्यतिरेकेण पानकपरिभोगो नाऽऽसेवित इति गाथार्थः ॥५३४॥

---

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૩૧॥

**ગાથાર્થ :** મહાત્મા મુનિએ (પ્રભુએ) બાર વાર એકરાત્રિ પ્રતિમા સ્વીકારી. તે પ્રતિમાઓ અઠ્ઠમતપવડે કરી અને ચરમરાત્રિને વિષે પ્રભુ યત્નવાળા હતા.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૩૨॥

**ગાથાર્થ :** બસો ઓગણત્રીસ છઠ્ઠ કર્યા. આ પ્રમાણે ભગવાનને ક્યારેય નિત્યભક્ત (સળંગ બે દિવસ ભોજન) કે એક ઉપવાસ હતો નહિ. (અર્થાત્ જઘન્યથી છઠ્ઠ હતો.)

**ગાથાર્થ :** કંઈક અધિક બારવર્ષના છદ્મસ્થકાળમાં ભગવાનને જઘન્યથી છઠ્ઠનો તપ હતો. તથા સર્વ તપકર્મ ભગવાનને ચોવિહાર હતો.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. માત્ર એટલું જાણવું કે ભગવાને જે તપ કર્યો તે પાણી વિનાનો હતો અર્થાત્ ક્ષીરાદિ પ્રવાહી (લેપકૃત – જેનાથી હાથ ખરડાય તેવા) આહારના ભોજન સાથે મળેલા પાણી સિવાય પ્રભુએ પાણી વાપર્યું નથી. (મતાન્તરે – [H]ભોજનકાળમાં લભ્ય ક્ષીરાદિ આહાર સિવાય અર્થાત્ પાણીના સ્થાને ક્ષીરાદિ આહાર જ ભગવાને વાપર્યો છે, પાણીગ્રહણ કર્યું નથી.) ॥૫૩૪॥

पारणककालमानप्रतिपादनायाह—

तिण्णि सए दिवसाणं अउणावण्णं तु पारणाकालो ।
उक्कुडुयनिसेज्जाणं ठियपडिमाणं सए बहुए ॥५३५॥

व्याख्या—त्रीणि शतानि दिवसानामेकोनपञ्चाशदधिकानि तु पारणकालो भगवत इति, तथा 'उत्कुटुकनिषद्यानां' स्थितप्रतिमानां शतानि बहूनीति गाथार्थः ॥५३५॥

पव्वज्जाए पढमं दिवसं एत्थं तु पक्खिवित्ता णं ।
संकलियंमि उ संते जं लद्धं तं निसामेह ॥५३६॥

व्याख्या—प्रव्रज्यायाः सम्बन्धिभूतं दिवसं प्रथमम् 'एत्थं तु' अत्रैवोक्तलक्षणे दिवसगणे प्रक्षिप्य संकलिते तु सति यल्लब्धं तत् 'निशामयत' शृणुतेति गाथार्थः ॥५३६॥

बारस चेव य वासा मासा छच्चेव अद्धमासो य ।
वीरवरस्स भगवओ एसो छउमत्थपरियाओ ॥५३७॥

व्याख्या-द्वादश चैव वर्षाणि मासाः षडेवार्धमासश्च वीरवरस्य भगवतः एष छद्मस्थपर्याय इति गाथार्थः ॥५३७॥

एवं तवोगुणरओ अणुपुव्वेणं मुणी विहरमाणो ।
घोरं परीसहचमुं अहियासित्ता महावीरो ॥५३८॥

व्याख्या-'एवम्' उक्तेन प्रकारेण तपोगुणेषु रतः-तपोगुणरतः 'अनुपूर्वेण' क्रमेण मन्यते जगतस्त्रिकालावस्थामिति मुनिः विहरन् 'घोरां' रौद्रां 'परीषहचमूं' परीषहसेनामधिसह्य महावीर इति गाथार्थः ॥५३८॥

---

**અવતરણિકા :** પારણાનું કાળમાનપ્રતિપાદન કરવા માટે કહે છે ➪

**ગાથાર્થ :** ભગવાનને ત્રણસો ઓગણપચાસ દિવસ પારણા થયા. તથા ઉત્કટુકનિષદ્યારૂપ સેંકડો સ્થિતપ્રતિમાઓ થઈ.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૩૫॥

**ગાથાર્થ :** પ્રવ્રજ્યાના પ્રથમદિવસને ઉપરોક્ત બતાવેલા દિવસોમાં નાંખીને, બધા ભેગા કરતાં જેટલા દિવસ થાય છે તે તમે સાંભળો.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૩૬॥

**ગાથાર્થ :** બારવર્ષ અને સાડા છ મહિના પ્રભુવીરનો છદ્મસ્થપર્યાય હતો.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૩૭॥

**ગાથાર્થ :** આ પ્રમાણે તપગુણમાં રક્ત મુનિમહાવીર ઘોર પરિષહરૂપી સેનાને સહન કરીને અનુક્રમે વિહાર કરતા (મહસેનવનમાં પહોંચ્યા.)

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. મુનિ=જગતની ત્રણે કાળની અવસ્થાને જાણે તે. ॥૫૩૮॥

उप्पण्णंमि अणंते नट्ठंमि य छाउमत्थिए नाणे ।
राईए संपत्तो महसेणवणंमि उज्जाणे ॥५३९॥

व्याख्या–'उत्पन्ने' प्रादुर्भूते कस्मिन् ?–'अनन्ते' ज्ञेयानन्तत्वात् अशेषज्ञेयविषयत्वाच्च केवलमनन्तं, नष्टे च छाद्मस्थिके ज्ञाने, रात्र्यां संप्राप्तो महसेनवनमुद्यानं, किमिति ?–भगवतो ज्ञानरत्नोत्पत्तिसमनन्तरमेव देवाः चतुर्विधा अप्यागता आसन्, तत्र च प्रव्रज्याप्रतिपत्ता न कश्चिद्विद्यत इति भगवान् विज्ञाय विशिष्टधर्मकथनाय न प्रवृत्तवान्, ततो द्वादशसु योजनेषु मध्यमा नाम नगरी, तत्र सोमिलार्यो नाम ब्राह्मणः, स यज्ञं यष्टुमुद्यतः, तत्र चैकादशोपाध्यायाः खल्वागता इति, ते च चरमशरीराः, ततश्च तान् विज्ञाय ज्ञानोत्पत्तिस्थाने मुहूर्त्तमात्रं देवपूजां जीतमितिकृत्वा अनुभूय देशनामात्रं कृत्वा असंख्येयाभिर्देवकोटीभिः परिवृतो देवोद्योतेनाशेषं पन्थानमुद्योतयन् देवपरिकल्पितेषु पद्मेषु चरणन्यासं कुर्वन् मध्यमानगर्यां महसेनवनोद्यानं संप्राप्त इति गाथार्थः ॥५३९॥

---

ગાથાર્થ : અનંતજ્ઞાન ઉત્પન્ન થયા બાદ અને છાદ્મસ્થિકજ્ઞાન નષ્ટ થયા બાદ રાત્રિને વિષે (મહાવીર) મહસેનવનનામના ઉદ્યાનમાં પહોંચ્યા.

**ટીકાર્થ** : અનંતજ્ઞાન ઉત્પન્ન થયે છતે, અહીં કેવલજ્ઞાન અનંતજ્ઞાન છે કારણ કે તે જ્ઞાન સંપૂર્ણ જાણવાયોગ્ય વસ્તુના વિષયવાળું છે અને તે જાણવાયોગ્ય વસ્તુઓ અનંત છે માટે તે જ્ઞાન અનંત છે. તથા છદ્મસ્થકાળ દરમિયાન રહેલા મતિ વગેરે જ્ઞાનો નષ્ટ થયે છતે, રાતના મહાવીરસ્વામી ભગવાન મહસેનવનનામના ઉદ્યાનમાં પહોંચ્યા. શા માટે ત્યાં આવ્યા હતા ? ઉત્તર – (તે મહસેનવનમાં સોમિલાર્યના યજ્ઞમાં જે અગિયાર ઉપાધ્યાયો આવેલા હતા તેઓ બોધ પામશે એવું જાણી પ્રભુ ત્યાં આવ્યા હતા. આ જ વાતને જણાવતા કહે છે –)

ભગવાનને જ્ઞાનરત્નની ઉત્પત્તિ પછી તરત જ ચારે નિકાયના દેવો પણ ત્યાં (ઋજુવાલિકાનદીને કિનારે) આવેલા હતા. જ્યાં જ્ઞાનોત્પત્તિ થઈ તે સ્થાને "પ્રવ્રજ્યાનો સ્વીકારકરનાર કોઈ નથી" એવું જાણીને ભગવાન તે સ્થાને વિશિષ્ટધર્મનું કથન કરવા પ્રવૃત્ત ન થયા. ત્યાંથી બારયોજન દૂર મધ્યમા (અપાપા) નગરી હતી. તેમાં સોમિલાર્યનામનો બ્રાહ્મણ હતો. તે યજ્ઞ કરાવવામાં ઉદ્યત થયો હતો. તેને ત્યાં અગિયાર ઉપાધ્યાયો આવેલા હતા. તે અગિયાર ઉપાધ્યાયો ચરમશરીરી હતા.

તેથી અને તે અગિયાર ગણધરોને ચરમશરીરી જાણીને જ્ઞાનોત્પત્તિના સ્થાને "આ મારો આચાર છે" એમ જાણી મુહૂર્ત્તમાત્ર દેવપૂજાને અનુભવીને (અર્થાત્ "જ્યાં જ્ઞાન ઉત્પન્ન થયું ત્યાં જઘન્યથી પણ મુહૂર્ત્તમાત્ર રહેવું, દેવપૂજા સ્વીકારવી અને ધર્મદેશના કરવી" એ આચાર છે એમ જાણી તે સ્થાને મુહૂર્ત્તમાત્ર દેવપૂજાને અનુભવીને) કંઈક દેશનાને આપીને અસંખ્ય કરોડો દેવો સાથે યુક્ત, દેવ–ઉદ્યોતવડે સંપૂર્ણ માર્ગને પ્રકાશિત કરતાં, દેવનિર્મિત કમળોને વિષે પગ મૂકતાં પ્રભુ મધ્યમાનગરીમાં આવેલ મહસેનવનનામના ઉદ્યાનમાં પધાર્યા. ॥૫૩૯॥

**अमरनररायमहिओ पत्तो धम्मवरचक्कवट्टित्तं ।**
**बीयंपि समोसरणं पावाए मज्झिमाए उ ॥५४०॥**

व्याख्या-स एव भगवान् अमराश्च नराश्च अमरनराः तेषां राजानः तैर्महितः-पूजितः प्राप्तः, किमित्याह—धर्मश्चासौ वरश्च धर्मवरः तस्य चक्रवर्त्तित्वं, तत्प्रभुत्वमित्यर्थः । पुनर्द्वितीयं समवसरणम्, अपिशब्दः पुनःशब्दार्थे द्रष्टव्यः, पापायां मध्यमायां, प्राप्त इत्यनुवर्त्तते, ज्ञानोत्पत्तिस्थानकृतपूजापेक्षया चास्य द्वितीयता इति गाथार्थः ॥५४०॥

**तत्थ किल सोमिलज्जोत्ति माहणो तस्स दिक्खकालंमि ।**
**पउरा जणजाणवया समागया जन्नवाडंमि ॥५४१॥**

व्याख्या–'तत्र' पापायां मध्यमायां, किलशब्दः पूर्ववत्, सोमिलार्य इति ब्राह्मणः, तस्य 'दीक्षाकाले' यागकाल इत्यर्थः, 'पौराः' विशिष्टनगरवासिलोकसमुदायः 'जनाः' सामान्यलोकाः जनपदेषु भवा जानपदाः, विषयलोका इत्यर्थः, समागता यज्ञपाट इति गाथार्थः ॥५४१॥

अत्रान्तरे —

**एगंते य विवित्ते उत्तरपासंमि जन्नवाडस्स ।**
**तो देवदाणविंदा करेंति महिमं जिणिंदस्स ॥५४२॥**

व्याख्या–एकान्ते च विविक्ते उत्तरपार्श्वे यज्ञपाटकस्य ततो देवदानवेन्द्राः कुर्वन्ति महिमां जिनेन्द्रस्य, पाठान्तरम् वा 'कासी महिमं जिणिंदस्स' कृतवन्त इति गाथार्थः ॥५४२॥

अमुमेवार्थं किञ्चिद्विशेषयुक्तं भाष्यकारः प्रतिपादयन्नाह—

---

**ગાથાર્થ :** દેવ અને મનુષ્યોના રાજાથી પૂજાયેલા, ધર્મવરચક્રવર્તીપણાને પામેલા પ્રભુ મધ્યમા–અપાપાનગરીમાં બીજા સમોવસરણને (પામ્યા.)

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. માત્ર જ્ઞાનોત્પત્તિસ્થાને કરાયેલી પૂજાની અપેક્ષાએ આ નગરીમાં રચાયેલ સમોવસરણ બીજું હતું તે જાણવું. (અર્થાત્ જ્ઞાનોત્પત્તિસ્થાને પ્રથમ અને અહીં બીજું.) ॥૫૪૦॥

**ગાથાર્થ : ત્યાં સોમિલાર્યબ્રાહ્મણ હતો. તેના યજ્ઞ સમયે પૌરો, જનો અને જનપદો યજ્ઞપાટકમાં આવેલા હતા.**

**ટીકાર્થ :** તે મધ્યમા–અપાપાનગરીમાં સોમિલાર્યનામે બ્રાહ્મણ હતો. અહીં '**किल**' શબ્દ પૂર્વની જેમ પરોક્ષ–આપ્તઆગમવાદને જણાવનારો છે. તેના યજ્ઞના અવસરે નગરમાં રહેનારા વિશિષ્ટ લોકો, સામાન્ય લોકો અને તે દેશના લોકો યજ્ઞપાટકમાં આવ્યા હતા. ॥૫૪૧॥ તે સમયે ➪

**ગાથાર્થ : યજ્ઞપાટકની ઉત્તરદિશામાં એકાંત વિવિક્તસ્થાને દેવ-દાનવેન્દ્રો ભગવાનનો મહિમા કરે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૫૪૨॥

**અવતરણિકા :** આ જ અર્થને કંઈક વિશેષથી ભાષ્યકાર પ્રતિપાદન કરે છે ➪

**भवणवइवाणमंतरजोइसवासी विमाणवासी य ।**
**सव्विड्ढिए सपरिसा कासी नाणुप्पयामहिमं ॥११५॥ (भा.)**

व्याख्या—भवनपतिव्यन्तरज्योतिर्वासिनो विमानवासिनश्च सर्वद्ध्या हेतुभूतया सपरिषदः कृतवन्तः ज्ञानोत्पत्तिमहिमाम् इति गाथार्थः ॥

साम्प्रतं समवसरणवक्तव्यतां प्रपञ्चतः प्रतिपादयन्नेतां द्वारगाथामाह—

**समोसरणे केवइया रूव पुच्छ वागरण सोयपरिणामे ।**
**दाणं च देवमल्ले मल्लाणयणे उवरि तित्थं ॥५४३॥ दारगाहा ॥**

व्याख्या—'समोसरणे'त्ति समवसरणविषयो विधिर्वक्तव्यः, ये देवाः यत् प्राकारादि यद्विधं यथा कुर्वन्तीत्यर्थः । 'केवइय'त्ति कियन्ति सामायिकानि भगवति कथयति मनुष्यादयः प्रतिपद्यन्ते ?, कियतो वा भूभागादपूर्वे समवसरणेऽदृष्टपूर्वेण वा साधुना आगन्तव्यमिति । 'रूवत्ति' भगवतो रूपं व्यावर्णनीयं, 'पुच्छ'त्ति किमुत्कृष्टरूपतया भगवतः प्रयोजनमिति पृच्छा कार्योत्तरं च वक्तव्यं, कियन्तो वा युगपदेव हृद्गतं संशयं पृच्छन्तीति, 'वागरणं'ति व्याकरणं भगवतो वक्तव्यं, यथा युगपदेव सङ्ख्यातीतानामपि पृच्छतां व्याकरोतीति, 'पुच्छावागरणं'ति एकं वा द्वारं, पृच्छाया व्याकरणं पृच्छाव्याकरणमित्येतद्वक्तव्यं, 'सोयपरिणामे'त्ति श्रोतृषु परिणामः श्रोतृपरिणामः, स च वक्तव्यः, यथा—सर्वश्रोतॄणां भागवती वाक् स्वभाषया परिणमत इति ।

---

**ગાથાર્થ :** ભવનપતિ–વાણવ્યંતર–જ્યોતિષ્કવાસી અને વિમાનવાસીદેવોએ પર્ષદાથી (પરિવારથી) યુક્ત થઈને સર્વઋદ્ધિવડે જ્ઞાનોત્પત્તિનો મહિમા કર્યો.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥ભા.૧૧૫॥

**અવતરણિકા :** હવે સમવસરણસંબંધી માહિતીને વિસ્તારથી જણાવે છે ➪

**ગાથાર્થ :** સમોવસરણ – કેટલા સામાયિક – રૂપ – પૃચ્છા – સમાધાન – શ્રોતાનો પરિણામ – દાન – દેવમાલ્ય – માલ્યાનયન –પોરુષી પછી ગણધરની દેશના – (દ્વારગાથા)

**ટીકાર્થ :** <u>સમોવસરણ</u> દ્વારમાં તેની વિધિ કહેવાશે અર્થાત્ જે દેવો જે ગઢાદિ જે રીતે બનાવે છે તે બધી માહિતી કહેવાશે. <u>કેટલા સામાયિક</u>દ્વારમાં ભગવાનની દેશનાથી મનુષ્યાદિ કેટલા સામાયિક સ્વીકારે છે ? અથવા કેટલા દૂરથી અપૂર્વ (નવા) સમવસરણમાં સાધુવડે આવવું ? અથવા કેટલા દૂરથી પૂર્વ સમોવસરણને નહિ જોયેલ સાધુએ આવવું ? તે કહેવાશે. '<u>રૂપ</u>' દ્વારમાં– ભગવાનના રૂપનું વર્ણન આવશે. '<u>પૃચ્છા</u>' દ્વારમાં – ઉત્કૃષ્ટ રૂપવડે ભગવાનને શું પ્રયોજન છે ? એ પ્રમાણે પૃચ્છા અને ઉત્તર કહેવાશે, અથવા કેટલા લોકો એકસાથે મનમાં રહેલા સંશયને પૂછે છે ? તે કહેવાશે.

'<u>સમાધાન</u>' દ્વારમાં – ભગવાન એકસાથે અસંખ્ય પ્રશ્નોના જવાબ આપે છે તે કહેશે. અથવા "પૃચ્છા–સમાધાન" એક જ દ્વાર સમજવું તેમાં – પ્રશ્નોના જવાબ આપે છે એ પ્રમાણે અર્થ જાણવો. <u>શ્રોતાનો પરિણામ</u> દ્વારમાં – ભગવાનની વાણી સર્વ શ્રોતાઓને પોતાની ભાષામાં

'दाणं च'त्ति वृत्तिदानं प्रीतिदानं च कियत् प्रयच्छन्ति चक्रवर्त्यादयः तीर्थकरप्रवृत्तिकथकेभ्य इति वक्तव्यं । 'देवमल्ले'त्ति गन्धप्रक्षेपात् देवानां सम्बन्धि माल्यं देवमाल्यं-बल्यादि कः करोति कियत्परिमाणं चेत्यादि । 'मल्लाणयणे'त्ति माल्यानयने यो विधिरसौ वक्तव्यः, 'उवरि तित्थं'ति उपरीति पौरुष्यामतिक्रान्तायां तीर्थमिति-गणधरो देशनां करोतीति गाथासमुदायार्थः । अवयवार्थं तु प्रतिद्वारं वक्ष्यामः । इयं च गाथा केषुचित्पुस्तकेषु अन्यत्रापि दृश्यते, इह पुनर्युज्यते, द्वारनियमतोऽसंमोहेन समवसरणवक्तव्यताप्रतीतिनिबन्धनत्वादिति ॥५४३॥

आह–इदं समवसरणं किं यत्रैव भगवान् धर्ममाचष्टे तत्रैव नियमतो भवत्युत नेत्याशङ्कापनोदमुखेन प्रथमद्वारावयवार्थं विवृण्वन्नाह—

**जत्थ अपुव्वोसरणं जत्थ व देवो महिड्ढिओ एइ ।**
**वाउदयपुप्फवद्दलपागारतियं च अभिओगा ॥५४४॥**

व्याख्या–यत्र क्षेत्रे अपूर्वं समवसरणं भवति, अवृत्तपूर्वमित्यर्थः, तथा यत्र वा भूतसमवसरणे क्षेत्रे देवो महर्द्धिकः 'एति' आगच्छति, तत्र किमित्याह–वातं रेण्वाद्यपनोदाय उदकवर्द्दलं भाविरेणुसंतापोपशान्तये तथा पुष्पवर्द्दलं क्षितिविभूषायै, वर्द्दलशब्द उदकपुष्पयोः प्रत्येकमभिसंबध्यते, तथा प्राकारत्रितयं च सर्वमेतदभियोगमर्हन्तीत्याभियोग्याः-देवाः, कुर्वन्तीति

---

પરિણમે છે તે જણાવાશે. <u>દાન</u> દ્વારમાં ચક્રવર્તી વગેરે વ્યક્તિઓમાં કોણ તીર્થંકરના સમાચાર આપનારને કેટલું વૃત્તિદાન અને પ્રીતિદાન આપે છે ? તે કહેવાશે. '<u>દેવમાલ્ય</u>' દ્વારમાં – દેવો બલિમાં ગંધાદિ દ્રવ્યોનો પ્રક્ષેપ કરતાં હોવાથી તે બલિ દેવસંબંધી કહેવાય. તેથી તે બલિ દેવમાલ્ય તરીકે ઓળખાય છે. આ બલિ કોણ કરે અને કેટલા પ્રમાણમાં કરે ? તે કહેવાશે.

<u>માલ્યાનયન</u> દ્વારમાં – માલ્યને લાવવાની વિધિ કહેવાશે. <u>ગણધર દેશના</u> દ્વારમાં પૌરુષી પૂર્ણ થતાં ગણધર દેશના આપે છે તે કહેવાશે. આ ગાથાનો ટૂંકમાં અર્થ થયો. વિસ્તારથી અર્થ દરેક દ્વારમાં આગળ કહેવાશે. આ ગાથા અન્ય પ્રતોમાં અન્ય સ્થાને દેખાય છે. પરંતુ આ ગાથા આ સ્થાને જ હોવી ઉચિત છે, કારણ કે આ ગાથામાં બતાવેલા દ્વારોવડે સમવસરણસંબંધી વક્તવ્યતાની સુખેથી પ્રતીતિ (જ્ઞાન) થવામાં આ ગાથા કારણ છે. ॥૫૪૩॥

**અવતરણિકા :** આ સમવસરણ ભગવાન જ્યાં ધર્મ કહે ત્યાં નિયમથી હોય કે ન હોય ? આવા પ્રકારની શંકાને દૂર કરવા દ્વારા પ્રથમદ્વારનો વિસ્તારાર્થ કહે છે ➪

**ગાથાર્થ : જ્યાં અપૂર્વ સમવસરણ હોય અથવા જ્યાં મહર્દ્ધિકદેવ આવે ત્યાં અભિયોગ્ય દેવો વાત, ઉદક અને પુષ્પોના વાદળો તથા ત્રણ ગઢની રચના કરે છે.**

**ટીકાર્થ :** જે ક્ષેત્રમાં પ્રથમ વખત સમોવસરણ થાય ત્યાં અથવા પૂર્વ સમોવસરણ રચાયેલું હોય તેવા જે ક્ષેત્રમાં મહર્દ્ધિકદેવ આવે ત્યાં (નિયમથી સમોવસરણની રચના થાય છે. તે સમયે) રેણુ વગેરેને દૂર કરવા પવનને, ભાવિ રેણુની ઉપશાંતિ માટે પાણીના વાદળો(વૃષ્ટિ)ને તથા પૃથ્વીની વિભૂષા માટે પુષ્પવાદળો(વૃષ્ટિ)ને અને ત્રણ ગઢોને અભિયોગ્ય દેવો કરે છે. જે

वाक्यशेषः, अन्यत्र त्वनियम इति गाथार्थः ॥५४४॥

एवं तावत् सामान्येन समवसरणकरणविधिरुक्तः, साम्प्रतं विशेषेण प्रतिपादयन्नाह—

**मणिकणगरयणचित्तं भूमीभागं समंतओ सुरभिं ।**
**आजोअणंतरेणं करेंति देवा विचित्तं तु ॥५४५॥**

व्याख्या—मणयः—चन्द्रकान्तादयः कनकं-देवकाञ्चनं रत्नानि-इन्द्रनीलादीनि, अथवा स्थलसमुद्भवा मणयः जलसमुद्भवानि रत्नानि, तैश्चित्रं, भूभागं 'समन्ततः' सर्वासु दिक्षु 'सुरभिं' सुगन्धिगन्धयुक्तं, किम् ?—कुर्वन्ति देवा विचित्रं तु, किंपरिमाणमित्याह—'आयोजनान्तरतो' योजनपरिमाणमित्यर्थः, पुनर्विचित्रग्रहणं वैचित्र्यनानात्वख्यापनार्थम्, अथवा कुर्वन्ति देवा विचित्रं तु, *किंभूतम् ?-मणिकनकरत्नविचित्रमिति गाथार्थः ॥५४५॥*

**वेंटट्ठाइं सुरभिं जलथलयं दिव्वकुसुमणीहारिं ।**
**पइरंति समन्तेणं दसद्धवण्णं कुसुमवासं ॥५४६॥**

व्याख्या—वृन्तस्थायि सुरभि जलस्थलजं दिव्यकुसुमनिर्हारि प्रकिरन्ति समन्ततः दशार्द्धवर्णं

---

અભિયોગને (આજ્ઞાને) માટે યોગ્ય છે તે અભિયોગ્યદેવો. અન્યત્ર એટલે કે જ્યાં પૂર્વે સમવસરણ રચાયેલું હોય તેવા ક્ષેત્રમાં પુનઃ સમવસરણ થાય એવો નિયમ નહિ. જો ત્યાં કોઈ મહર્દ્ધિકદેવ આવે તો સમોવસરણ રચે, જો કોઈ ન આવે તો સમવસરણ ન પણ રચાય. ॥૫૪૪॥

**અવતરણિકા :** આ પ્રમાણે સામાન્યથી સમવસરણની રચનાની વિધિ કહી. હવે વિશેષથી બતાવે છે ⇒

ગાથાર્થ : **મણિ—કનક—રત્નોથી વિચિત્ર, ચારે દિશામાં સુગંધી એવા યોજનપ્રમાણ ભૂમિભાગને દેવો વિચિત્ર કરે છે (=સુશોભિત કરે છે.)**

**ટીકાર્થ :** મણિ એટલે ચંદ્રકાંતાદિમણિઓ, સુવર્ણ એટલે દેવકાંચન, રત્નો એટલે ઇન્દ્રનીલાદિ અથવા સ્થળમાં ઉત્પન્ન થયેલા મણિઓ અને જલમાં ઉત્પન્ન થયેલા રત્નો જાણવા. તેઓનાવડે વિચિત્ર, ચારેદિશામાં સુગંધી એવા યોજનપ્રમાણ ભૂમિભાગને વિચિત્ર કરે છે. મણિ—કનકથી વિચિત્ર (સુંદર—શોભતા) એવા ભૂભાગને વિચિત્ર (અનેક પ્રકારનો) કરે, એમ ફરી વિચિત્ર કહ્યું તે વિચિત્રતા (સુંદરતા) ની વિવિધતા બતાવવા છે. (પૂ. મલયગિરિમ.ની ટીકાનુસારે આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે કે મણિ—કનક—રત્નોથી યુક્ત અને માટે જ (મણિ વગેરે સુગંધી હોવાથી) સુગંધી એવા એકયોજન પરિમાણ ભૂમિભાગને અભિયોગદેવો વિચિત્ર કરે છે.) અથવા યોજનપ્રમાણ ભૂભાગને દેવો વિચિત્ર કરે છે એટલે કે મણિ—કનક—રત્નોથી સુશોભિત કરે છે. ॥૫૪૫॥

ગાથાર્થ : **દેવો ચારેદિશામાં વૃન્તસ્થાયિ, સુરભિ, જલ—સ્થલમાં ઉત્પન્ન થયેલ, દિવ્ય એવા કુસુમોના ગંધપ્રસરવાળી, પંચવર્ણી કુસુમોની વૃષ્ટિને કરે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. તેમાં વૃન્તસ્થાયિ એટલે જેમાં ડીટું નીચે રહે અને પાંખડી ઉપર રહે એવી અવસ્થાવાળા કુસુમો. તથા દિવ્ય=પ્રધાન એવા કુસુમોના ગંધનો પ્રસર છે જેમાંથી તેવી વૃષ્ટિ અર્થાત્ જેમાંથી અત્યંત મનોહર ગંધનો પ્રસર થાય છે, તેવા કુસુમોની વૃષ્ટિ

कुसुमवर्ष, भावार्थः सुगमो, नवरं निर्हारि-प्रबलो गन्धप्रसर इति गाथार्थः ॥५४६॥

**मणिकणगरयणचित्ते चउद्दिसिं तोरणे विउव्वंति ।**
**सच्छत्तसालभंजियमयरद्धयचिंघसंठाणे ॥५४७॥**

व्याख्या–मणिकनकरत्नचित्राणि 'चउद्दिसिं'त्ति चतसृष्वपि दिक्षु तोरणानि विकुर्वन्ति, किंविशिष्टान्यत आह–छत्रं-प्रतीतं सालभञ्जिकाः-स्तम्भपुत्तलिकाः 'मकर'त्ति मकरमुखोपलक्षणं ध्वजाः प्रतीताः चिह्नानि-स्वस्तिकादीनि संस्थानं–तद्रचनाविशेष एव, सच्छोभनानि छत्रसालभञ्जिकामकरध्वजचिह्नसंस्थानानि येषु तानि तथोच्यन्ते, एतानि व्यन्तरदेवाः कुर्वन्तीति गाथार्थः ॥५४७॥

**तिन्नि य पागारवरे रयणविचित्ते तहिँ सुरगणिंदा ।**
**मणिकंचणकविसीसगविभूसिए ते विउव्वेंति ॥५४८॥**

व्याख्या–त्रींश्च प्राकारवरान् रत्नविचित्रान् तत्र सुरगणेन्द्रा मणिकाञ्चनकपिशीर्षकविभूषितांस्ते विकुर्वन्तीति, भावार्थः स्पष्टः, उत्तरगाथायां वा व्याख्यास्यति ॥५४८॥

सा चेयम्—

**अब्भंतर मज्झ बहिं विमाणजोइभवणाहिवकया उ ।**
**पागारा तिण्णि भवे रयणे कणगे य रयए य ॥५४९॥**

व्याख्या-अभ्यन्तरे मध्ये च बहिर्विमानज्योतिर्भवनाधिपकृतास्तु आनुपूर्व्या प्राकारास्त्रयो

---

એ રીતે સમાસ જાણવો. ॥૫૪૬॥

**ગાથાર્થ : દેવો ચારે દિશામાં સુંદર છત્રો–પૂતળીઓ–મકર–ધજાઓ–ચિહ્નો અને રચનાઓથી યુક્ત મણિ–કનક–રત્નોથી વિચિત્ર એવા તોરણો વિકુર્વે છે.**

**ટીકાર્થ :** વ્યંતરદેવો મણિ–કનક–રત્નોથી વિચિત્ર એવા તોરણોને ચારે દિશામાં વિકુર્વે છે, તે તોરણો કેવા હોય છે ? તે કહે છે કે તે તોરણોમાં સુંદર છત્રો છે, સુંદર પૂતળીઓ છે, મકરમુખ છે. અહીં મૂલગાથામાં રહેલ મકરશબ્દ મકરમુખનું ઉપલક્ષણ હોવાથી મકરશબ્દથી મકરમુખ અર્થ લેવો. તથા સુંદર ધજાઓ, સ્વસ્તિકાદિ સુંદર ચિહ્નો અને સુંદર એવી રચનાઓ છે. ॥૫૪૭॥

**ગાથાર્થ : ત્યાં ઇન્દ્રો મણિકાંચનવાળા એવા કપિશીર્ષકોથી (કાંગરાંઓથી) વિભૂષિત અને રત્નોથી વિચિત્ર એવા ઉત્કૃષ્ટ ત્રણ પ્રાકારોને (ગઢને) બનાવે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. અથવા આગળની ગાથામાં ભાવાર્થ કહેશે. ॥૫૪૮॥

**અવતરણિકા :** તે આગળની ગાથા આ પ્રમાણે છે, અર્થાત્ હવે બતાવે છે તે ⇨

**ગાથાર્થ : રત્નમય–કનકમય અને રજતમય એવા અનુક્રમે અભ્યંતર–મધ્યમ અને બહાર ત્રણ પ્રાકારો વિમાન–જ્યોતિષ્ક–ભવનાધિપવડે કરાયેલા હોય છે.**

**ટીકાર્થ :** વિમાન–જ્યોતિષ્ક અને ભવનપતિના ઇન્દ્રોએ બનાવેલા અનુક્રમે અભ્યંતર

भवन्ति, 'रयणे कणगे य रयए य'त्ति रत्नेषु भवो रात्नः रत्नमय इत्यर्थः, तं विमानाधिपतयः कुर्वन्ति, कनके भवः कानकः तं ज्योतिर्वासिनः कुर्वन्ति, राजतो-रूप्यमयश्च तं भवनपतयः कुर्वन्ति इति गाथार्थः ॥५४९॥

**मणिरयणहेमयाविय कविसीसा सव्वरयणिया दारा ।**
**सव्वरयणामय च्चिय पडागधयतोरणविचित्ता ॥५५०॥**

व्याख्या–मणिरत्नहेममयान्यपि च कपिशीर्षकाणि, तत्र पञ्चवर्णमणिमयानि प्रथमप्राकारे वैमानिकाः, नानारत्नमयानि द्वितीये ज्योतिष्काः, हेममयानि तृतीये भवनपतय इति, तथा सर्वरत्नमयानि द्वाराणि त एव कुर्वन्ति, तथा सर्वरत्नमयान्येव मूलदलतः पताकाध्वजप्रधानानि तोरणानि विचित्राणि कनकचन्द्रस्वस्तिकादिभिः, अत एव प्रागुक्तं मणिकनकरत्नविचित्रत्वमेतेषामविरुद्धमिति गाथार्थः ॥५५०॥

**तत्तो य समंतेणं कालागरुकुंदुरुक्कमीसेणं ।**
**गंधेण मणहरेणं धूवघडीओ विउव्वेंति ॥५५१॥**

व्याख्या–ततश्च समन्ततः कृष्णागरुकुन्दुरुक्कमिश्रेण गन्धेन मनोहारिणा युक्ताः, किम् ?-धूपघटिका विकुर्वन्ति त्रिदशा एवेति गाथार्थः ॥५५१॥

---

(સૌથી ઉપરનો), મધ્યમ અને બાહ્ય ત્રણ પ્રાકારો હોય છે. તેમાં રત્નમય અભ્યંતરપ્રાકાર વિમાનના અધિપતિઓ રચે છે. કનકમય મધ્યમપ્રાકારને જ્યોતિષ્કવાસી રચે છે અને રજતમય બાહ્યપ્રાકારને ભવનના અધિપતિ રચે છે. ॥૫૪૯॥

ગાથાર્થ : **તે જ દેવો મણિ–રત્ન–હેમમય કપિશીર્ષકો, સર્વરત્નમયદ્વારો અને સર્વરત્નમય તથા વિચિત્ર એવા પતાકા–ધ્વજથી યુક્ત તોરણો રચે છે.**

ટીકાર્થ : પ્રથમ પ્રાકારમાં પંચવર્ણવાળા મણિઓના કપિશીર્ષકો (કાંગરા) વૈમાનિકદેવો બનાવે છે. બીજા પ્રાકારમાં જુદા જુદા રત્નમય કપિશીર્ષકો જ્યોતિષ્ક દેવો અને ત્રીજા પ્રાકારમાં સુવર્ણ કપિશીર્ષકો ભવનપતિના દેવો રચે છે. તથા સર્વરત્નમય દ્વારો તેઓ જ બનાવે છે. અને મૂલદલની અપેક્ષાએ સર્વરત્નમય પતાકા અને ધ્વજાથી યુક્ત, કનકચંદ્ર–સ્વસ્તિકાદિથી વિચિત્ર એવા તોરણોને તે જ દેવો (જે દેવ જે પ્રાકારે બનાવે તે તે દેવ તે જ પ્રાકારમાં આ સર્વ તોરણાદિ વસ્તુઓ) બનાવે છે. તેથી જ પૂર્વે (ગા. ૫૪૭માં) જે કહ્યું હતું કે મણિ-કનક-રત્નોથી વિચિત્ર એવા તોરણો કરે છે તે અવિરુદ્ધ જ છે. (આશય એ છે કે પૂર્વે ગા. ૫૪૭ મણિ–કનક–રત્નોથી વિચિત્ર તોરણો કહ્યા, જ્યારે અહીં આ તોરણો સર્વરત્નમય કહ્યા. તેથી ખુલાસો કર્યો કે અહીં જે સર્વરત્નમય કહ્યા તે મૂલદલની અપેક્ષાએ જાણવા. તેથી કોઈ વિરોધ આવશે નહિ) ॥૫૫૦॥

ગાથાર્થ : **ત્યાર પછી દેવો ચારે બાજુ મનોહરગંધવાળી, કુંદુરુક્ક અને કૃષ્ણાગરુથી મિશ્ર એવી ધૂપઘટિકાઓને વિકુર્વે છે.**

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૫૫૧॥

उक्कुट्ठिसीहणायं कलयलसद्देण सव्वओ सव्वं ।
तित्थगरपायमूले करेंति देवा णिवयमाणा ॥५५२॥

व्याख्या–तत्रोत्कृष्टिसिंहनादं तीर्थकरपादमूले कुर्वन्ति देवा निपतमानाः, उत्कृष्टिः–हर्षविशेषप्रेरितो ध्वनिविशेषः, किंविशिष्टम् ?–कलकलशब्देन 'सर्वतः' सर्वासु दिक्षु युक्तं 'सर्वम्' अशेषमिति गाथार्थः ॥५५२॥

चेइदुमपेढछंदय आसणछत्तं च चामराओ य ।
जं चऽण्णं करणिज्जं करेंति तं वाणमंतरिया ॥५५३॥

व्याख्या–चैत्यद्रुमम्–अशोकवृक्षं भगवतः प्रमाणात् द्वादशगुणं तथा पीठं तदधो रत्नमयं तस्योपरि देवच्छन्दकं तन्मध्ये सिंहासनं तदुपरि छत्रातिच्छत्रं च, चः समुच्चये, चामरे च यक्षहस्तगते, चशब्दात् पद्मसंस्थितं धर्मचक्रं च, यच्चान्यद्वातोदकादि 'करणीयं' कर्त्तव्यं कुर्वन्ति तद् व्यन्तरा देवा इति गाथार्थः ॥५५३॥

आह—किं यद्यत्समवसरणं भवति तत्र तत्रायमित्थं नियोग उत नेति, अत्रोच्यते–

साहारणओसरणे एवं जत्थिड्डिमं तु ओसरइ ।
एक्कु चिय तं सव्वं करेइ भयणा उ इयरेसिं ॥५५४॥

---

**ગાથાર્થ :** તીર્થંકરના પાદમૂલે પડતા દેવો ચારે દિશામાં કલકલશબ્દથી યુક્ત એવા ઉત્કૃષ્ટિપ્રધાન સિંહનાદને કરે છે.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે – ઉત્કૃષ્ટિ એટલે હર્ષવિશેષથી ઉત્પન્ન થયેલ ધ્વનિ. તેવો ધ્વનિ પ્રધાન સિંહનાદ એ પ્રમાણે શબ્દાર્થ જાણવો. (સિંહનાદ એટલે મોટો અવાજ.)

**ગાથાર્થ : ચૈત્યવૃક્ષ–પીઠ–છંદક–આસન–છત્ર–ચામર અને અન્ય જે કંઈ પણ કરણીય હોય તે સર્વ વાણવ્યંતરદેવો કરે છે.**

**ટીકાર્થ :** ભગવાનના શરીર પ્રમાણથી બારગણું ઊંચુ અશોકવૃક્ષ, તે વૃક્ષની નીચે રત્નમય પીઠ. તે પીઠની ઉપર અને વૃક્ષની નીચે દેવછંદક, તે દેવછંદકની મધ્યમાં સિંહાસન, તે સિંહાસનની ઉપર છત્રાતિચ્છત્ર અને યક્ષના હાથમાં રહેલા ચામરો, "ચ" શબ્દથી કમળમાં રહેલું એવું ધર્મચક્ર તથા અન્ય બીજું જે કંઈ પણ પવન–પાણી વગેરે કરણીય હોય તે સર્વ વ્યંતરદેવો કરે છે. ॥૫૫૩॥

**અવતરણિકા : શંકા :** જે જે સમવસરણ થાય તેમાં ઉપર કહેવાયેલ પ્રમાણે જ નિયોગ (નિયમ) જાણવો કે અન્ય રીતે ? (ભાવાર્થ : જ્યાં જ્યાં સમવસરણ થાય ત્યાં ઉપર કહેવા પ્રમાણે તે તે દેવો જ તે તે કાર્ય કરે કે અન્ય કોઈ ફેરફાર થાય ?) આના સમાધાનમાં આગળ ગાથા બતાવે છે ➪

**ગાથાર્થ : સાધારણ સમવસરણમાં ઉપરોક્ત પ્રમાણે નિયમ જાણવો. જ્યાં વળી ઋદ્ધિમાન્ દેવ આવે, ત્યાં તે એકલો જ સર્વ વસ્તુઓને કરે. બીજાઓમાં ભજના જાણવી.**

व्याख्या—साधारणसमवसरणे एवं साधारणं—सामान्यं यत्र देवेन्द्रा आगच्छन्ति तत्रैवं नियोग:, 'जत्थिड्डिमं तु ओसरइ'त्ति यत्र तु ऋद्धिमान् समवसरति कश्चिदिन्द्रसामानिकादिः तत्रैक एव तत्प्राकारादि सर्वं करोति, अत एव च मूलटीकाकृताऽभ्यधायि—''असोगपायवं जिणउच्चत्ताओ बारसगुणं सक्को विउव्वइ'' इत्यादि, 'भयणा उ इतरेसिं' ति यदीन्द्रा नागच्छन्ति ततो भवनवास्यादयः कुर्वन्ति वा न वा समवसरणमित्येवं भजनेतरेषामिति गाथार्थः ॥५५४॥

**सूरोदय पच्छिमाए ओगाहन्तीएँ पुव्वओऽईइ ।**
**दोहिँ पउमेहिँ पाया मग्गेण य होइ सत्तऽन्ने ॥५५५॥**

व्याख्या—एवं देवैर्निष्पादिते समवसरणे सूर्योदये—प्रथमायां पौरुष्याम्, अन्यदा पश्चिमायां 'ओगाहंतीए'त्ति अवगाहन्त्याम्—आगच्छन्त्यामित्यर्थः, 'पुव्वओऽतीती'ति पूर्वद्वारेण 'अतीति'त्ति आगच्छति प्रविशतीत्यर्थः । कथमित्याह—द्वयोः 'पद्मयोः' सहस्रपत्रयोः देवपरिकल्पितयोः पादौ स्थापयन्निति वाक्यशेषः, 'मग्गेण य होंति सत्तऽण्णे'त्ति मार्गतश्च पृष्ठतश्च भवन्ति सप्तान्ये च भगवतः पद्मा इति, तेषां च यद्यत् पश्चिमं तत्तत्पादन्यासं कुर्वतो भगवतः पुरतस्तिष्ठतीति गाथार्थः ॥५५५॥

**आयाहिण पुव्वमुहो तिदिसिं पडिरूवगा उ देवकया ।**
**जेट्ठगणी अण्णो वा दाहिणपुव्वे अदूरंमि ॥५५६॥**

---

ટીકાર્થ : જ્યાં સર્વદેવેન્દ્રો આવતા હોય, તેવા સાધારણ સમવસરણમાં ઉપરોક્ત નિયમ જાણવો. જ્યાં વળી કોઈ ઇન્દ્ર કે સામાનિકાદિ ઋદ્ધિમાન્દેવ આવે તો તે એકલો જ સર્વ પ્રાકારાદિ કરે છે. આથી જ (તે એકલો જ સર્વપ્રાકારાદિ કરતો હોવાથી) મૂલટીકાકારે કહ્યું – "જિનેશ્વરના શરીરની ઊંચાઈથી બારગણું ઊંચું અશોકવૃક્ષ <u>શક્ર</u> કરે છે" વગેરે (એકલો શક્ર બધું કરે છે – એમ કહેવાનો આશય છે.) જો ઇન્દ્રાદિ મહર્દ્ધિકદેવો ન આવે તો ભવનવાસી વગેરે દેવો સમવસરણ કરે અથવા ન કરે. આ પ્રમાણે ઈતર=ભવનવાસી વગેરે દેવોની ભજના જાણવી. ॥૫૫૪॥

ગાથાર્થ : **સૂર્યોદયે અને છેલ્લી પૌરુષી શરૂ થતાં બે કમળો ઉપર પગ મૂકતાં અને અન્ય સાત કમળો પાછળ રહ્યા છતાં ભગવાન પૂર્વદિશાથી પ્રવેશ કરે છે.**

**ટીકાર્થ** : આ પ્રમાણે દેવોએ રચેલા સમવસરણમાં સૂર્યોદયે—પ્રથમ પૌરુષીમાં અને સાંજે ચોથી પૌરુષી શરૂ થતાં એકહજાર પત્રોવાળા દેવે બનાવેલ બે કમળો ઉપર પગ મૂકતાં અને અન્ય સાત કમળો ભગવાનની પાછળ રહ્યા છતાં ભગવાન પૂર્વદિશાથી પ્રવેશ કરે છે. આ સાત કમળોમાં જે છેલ્લું કમળ હોય તે પગ મૂકતાં ભગવાનની આગળ આવી જાય. (અર્થાત્ છેલ્લું કમળ આગળ આવી જાય તેની ઉપર પગ મૂકતાં પ્રભુ આગળ વધે.) ॥૫૫૫॥

ગાથાર્થ : **પ્રદક્ષિણા – પૂર્વાભિમૂખ – ત્રણ દિશામાં દેવકૃત પ્રતિબિંબો હોય છે – જ્યેષ્ઠ ગણિ અથવા અન્ય અગ્નિખૂણામાં નજીકમાં બેસે.**

व्याख्या–स एवं भगवान् पूर्वद्वारेण प्रविश्य 'आदाहिण'त्ति चैत्यद्रुमप्रदक्षिणां कृत्वा 'पुव्वमुहो'त्ति पूर्वाभिमुख उपविशतीति, 'तिदिसिं पडिरूवगा उ देवकय'त्ति शेषासु तिसृषु दिक्षु प्रतिरूपकाणि तु तीर्थकराकृतीनि सिंहासनादियुक्तानि देवकृतानि भवन्ति, शेषदेवादीनामप्यस्माकं कथयतीति प्रतिपत्त्यर्थमिति, भगवतश्च पादमूलमेकेन गणधरेणाविरहितमेव भवति, स च ज्येष्ठो वाऽन्यो वेति, प्रायोज्येष्ठ इति, स ज्येष्ठगणिरन्यो वा दक्षिणपूर्वदिग्भागे अदूरे-प्रत्यासन्न एव भगवतो भगवन्तं प्रणिपत्य निषीदतीति क्रियाऽध्याहारः, शेषगणधरा अप्येवमेव भगवन्तमभिवन्द्य तीर्थकरस्य मार्गतः पार्श्वतश्च निषीदन्तीति गाथार्थः ॥५५६॥

भुवनगुरुरूपस्य त्रैलोक्यगतरूपसुन्दरतरत्वात् त्रिदशकृतप्रतिरूपकाणां किं तत्साम्यमसाम्यं वेत्याशङ्कानिरासार्थमाह–

**जे ते देवेहिँ कया तिदिसिं पडिरूवगा जिणवरस्स ।**
**तेसिंपि तप्पभावा तयाणुरूवं हवइ रूवं ॥५५७॥**

व्याख्या–यानि तानि देवैः कृतानि तिसृषु दिक्षु प्रतिरूपकाणि जिनवरस्य, तेषामपि 'तत्प्रभावात्' तीर्थकरप्रभावात् 'तदनुरूपं' तीर्थकररूपानुरूपं भवति रूपमिति गाथार्थः ॥५५७॥

**तित्थाइसेससंजय देवी वेमाणियाण समणीओ ।**
**भवणवइवाणमंतर जोइसियाणं च देवीओ ॥५५८॥**

---

**ટીકાર્થ :** આ પ્રમાણે તે ભગવાન પૂર્વદ્વારવડે પ્રવેશ કરી ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા આપીને પૂર્વાભિમુખ બેસે છે. અને શેષ ત્રણ દિશામાં દેવોવડે કરાયેલી સિંહાસનાદિથી યુક્ત તીર્થંકરોની આકૃતિ હોય છે. બાકીની દિશામાં રહેલા દેવાદિને પણ પ્રભુ અમને કહે છે એવું લાગે તે માટે આ પ્રતિબિંબો હોય છે. ભગવાનના ચરણોમાં એક ગણધર અવશ્ય બેસે છે. તે જયેષ્ઠ અથવા અન્ય ગણધર હોય, પરંતુ પ્રાયઃ કરીને જયેષ્ઠ ગણધર હોય છે. અને તે જયેષ્ઠ કે અન્ય ગણધર અગ્નિખૂણામાં ભગવાનની નજીકમાં પ્રભુને નમીને બેસે છે. શેષ ગણધરો પણ એજ રીતે ભગવાનને વાંદી તીર્થંકરની પાછળ અને આજુબાજુમાં બેસે છે. ॥૫૫૬॥

**અવતરણિકા : શંકા :** ભુવનગુરુનું રૂપ ત્રણલોકમાં રહેલા (અન્ય સઘળા) રૂપ કરતા સુંદર હોવાથી દેવોવડે કરાયેલ પ્રતિકૃતિઓનું રૂપ શું ભગવાન જેવું જ હોય કે જુદું હોય ? આવી શંકાનો નિરાસ કરતા કહે છે ⇨

**ગાથાર્થ : ત્રણ દિશામાં તીર્થંકરની જે પ્રતિકૃતિઓ દેવોવડે કરાયેલી હોય છે. તેઓનું રૂપ પણ ભગવાનના પ્રભાવથી ભગવાનના રૂપને અનુરૂપ જ હોય છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૫૫૭॥

**ગાથાર્થ : તીર્થ–અતિશાયી સંયતો–વૈમાનિકદેવીઓ–સાધ્વીજીઓ– ભવનપતિ, વાણવ્યંતર અને જ્યાતિષ્કદેવોની દેવીઓ (સમોવસરણમાં એકની પાછળ એક એમ ક્રમશઃ બેસે છે.)**

व्याख्या–'तीर्थं' गणधरस्तस्मिन् स्थिते सति 'अतिसेससंजय'त्ति अतिशयिनः संयताः, तथा देव्यो वैमानिकानां तथा श्रमण्यः तथा भवनपतिव्यन्तरज्योतिष्कानां च देव्य इति समुदायार्थः ॥५५८॥

अवयवार्थप्रतिपादनाय आह—

**केवलिणो तिउण जिणं तित्थपणामं च मग्गओ तस्स ।**
**मणमादीवि णमंता वयंति सट्ठाणसट्ठाणं ॥५५९॥**

व्याख्या–केवलिनः 'त्रिगुणं' त्रिः प्रदक्षिणीकृत्य 'जिनं' तीर्थकरं तीर्थप्रणामं च कृत्वा मार्गतः 'तस्य' तीर्थस्य गणधरस्य निषीदन्तीति क्रियाध्याहारः, 'मणमाईवि नमंता वयंति सट्ठाणसट्ठाणं'ति मनःपर्यायज्ञानिनोऽपि भगवन्तमभिवन्द्य तीर्थं केवलिनश्च पुनः केवलिपृष्ठतो निषीदन्तीति । आदिशब्दान्निरतिशयसंयता अपि तीर्थकरादीनभिवन्द्य मनःपर्यायज्ञानिनां पृष्ठतो निषीदन्ति, तथा वैमानिकदेव्योऽपि तीर्थकरादीनभिवन्द्य साधुपृष्ठतः तिष्ठन्ति न निषीदन्ति, तथा श्रमण्योऽपि तीर्थकरसाधूनभिवन्द्य वैमानिकदेवीपृष्ठतः तिष्ठन्ति न निषीदन्ति, तथा भवनपतिज्योतिष्कव्यन्तरदेव्योऽपि तीर्थकरादीनभिवन्द्य दक्षिणपश्चिमदिग्भागे प्रथमं भवनपतिदेव्यः

---

ટીકાર્થ : તીર્થ એટલે પ્રથમગણધર સ્થિત થતાં (બેઠા પછી) તેમની પાછળ અતિશાયી સંયતો, (અર્થાત્ કેવળજ્ઞાની, અવધિજ્ઞાની વિગેરે) તેમની પાછળ વૈમાનિકદેવીઓ, પછી સાધ્વીજીઓ–ભવનપતિ–વાણવ્યંતર અને જ્યોતિષ્કદેવીઓ બેસે છે. આ સંક્ષેપાર્થ કહ્યો. ॥૫૫૮॥

**અવતરણિકા :** ઉપરોક્ત ગાથાનો વિસ્તારથી અર્થ કહે છે ⇨

**ગાથાર્થ : કેવલીઓ જિનને ત્રણ પ્રદક્ષિણા આપીને અને તીર્થપ્રણામ કરીને તે ગણધરની પાછળ (બેસે છે.) તથા મનઃપર્યવજ્ઞાની વગેરે પણ નમસ્કાર કરતાં પોત–પોતાના સ્થાનમાં જાય છે.**

ટીકાર્થ : કેવલીઓ તીર્થંકરને ત્રણ પ્રદક્ષિણા આપી અને તીર્થને પ્રણામ કરી ગણધરની પાછળ બેસે છે. મનઃપર્યવજ્ઞાનીઓ પણ ભગવાનને, તીર્થને (ગણધરને) અને કેવલીઓને વાંદી કેવલીઓની પાછળ બેસે છે. (અતિશાયી તરીકે અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દસપૂર્વી, નવપૂર્વી, આમર્ષાદિ લબ્ધિવાળા સાધુઓ ક્રમશઃ કેવલીની પાછળ બેસે છે.) "આદિ" શબ્દથી નિરતિશાયી એવા સંયતો પણ તીર્થંકરો વગેરેને વાંદી મનઃપર્યવજ્ઞાનીની (ખરેખર મનઃપર્યવજ્ઞાનીની પછી અવધિજ્ઞાની વગેરે બેસે આ રીતે ક્રમશઃ બેસતા છેલ્લે જે, અતિશાયી સાધુનો ક્રમ આવે તેની પાછળ) બેસે છે.

વૈમાનિકદેવીઓ પણ તીર્થંકરાદિને નમસ્કાર કરી સાધુની પાછળ ઊભી રહે છે, બેસતી નથી. તથા સાધ્વીજીઓ પણ તીર્થંકર–સાધુઓ વગેરેને નમસ્કાર કરીને વૈમાનિકદેવીઓની પાછળ ઊભા રહે છે, બેસતા નથી. ભવનપતિ–જ્યોતિષ્ક–વ્યંતરદેવીઓ પણ તીર્થંકરાદિને નમસ્કાર કરીને નૈઋત્યખૂણામાં પ્રથમ ભવનપતિની દેવીઓ, ત્યાર પછી જ્યોતિષ્ક અને ત્યાર પછી વ્યંતરદેવીઓ

ततो ज्योतिष्कव्यन्तरदेव्यः तिष्ठन्तीति, एवं मनःपर्यायज्ञान्यादयोऽपि नमन्तो व्रजन्ति स्वस्थानं स्वस्थानमिति गाथार्थः ॥५५९॥

**भवणवई जोइसिया बोद्धव्वा वाणमंतरसुरा य ।**
**वेमाणिया य मणुया पयाहिणं जं च निस्साए ॥५६०॥**

व्याख्या–भवनपतयः ज्योतिष्का बोद्धव्या व्यंतरसुराश्च, एते हि भगवन्तमभिवन्द्य साधूंश्च यथोपन्यासमेवोत्तरपश्चिमे पार्श्वे तिष्ठन्तीत्येवं बोद्धव्याः, तथा वैमानिका मनुष्याश्च, चशब्दात् स्त्रियश्चास्य, चशब्दस्य व्यवहित उपन्यासः । किम् ?-'पयाहिणं' प्रदक्षिणां कृत्वा तीर्थकरादीनभिवन्द्य तेऽप्युत्तरपूर्वे दिग्भागे यथासंख्यमेव तिष्ठन्तीति, अत्र च मूलटीकाकारेण भवनपतिदेवीप्रभृतीनां स्थानं निषीदनं वा स्पष्टाक्षरैर्नोक्तम्, अवस्थानमात्रमेव प्रतिपादितं, पूर्वाचार्योपदेशलिखितपट्टकादिचित्रकर्मबलेन तु सर्वा एव देव्यो न निषीदन्ति, देवाः पुरुषाः स्त्रियश्च निषीदन्तीति प्रतिपादयन्ति केचन इत्यलं प्रसङ्गेन । 'जं च निस्साए'त्ति, यः परिवारो यं

---

ઊભી રહે છે. આ પ્રમાણે મનઃપર્યવજ્ઞાની વગેરેઓ નમન કરતાં પોત–પોતાના સ્થાને જાય છે. ॥૫૫૯॥

ગાથાર્થ : **ભવનપતિ–જ્યોતિષ્ક અને વાણવ્યંતરદેવો જાણવા. વૈમાનિક અને મનુષ્યો પ્રદક્ષિણાને (કરી બેસે છે.) જેની નિશ્રામાં (જે પરિવાર આવ્યો હોય...)**

**ટીકાર્થ :** ભવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતરદેવો ભગવાનને અને સાધુઓને વાંદી ઉપન્યાસ પ્રમાણે (અર્થાત્ પ્રથમભવનપતિ, પછી જ્યોતિષ્ક અને પછી વ્યંતરદેવો) વાયવ્યખૂણામાં બેસે છે (ટીકામાં અહીં **तिष्ठन्ति** પાઠ છે. જે અશુદ્ધ હોય તેવું લાગે છે. પૂ. મલયગિરિટીકામાં **निषीदन्ति** પાઠ છે તે પ્રમાણે અર્થ કરેલ છે.) એ પ્રમાણે જાણવું. તથા વૈમાનિકદેવો, મનુષ્યો અને '**च**' શબ્દથી સ્ત્રીઓ પ્રદક્ષિણા આપીને તીર્થંકરાદિને વાંદી ઈશાનખૂણામાં યથાસંખ્ય (પ્રથમ વૈમાનિકો, તેની પાછળ મનુષ્યો અને તેની પાછળ સ્ત્રીઓ) બેસે છે.

(અહીં વૃદ્ધ પરંપરા આ પ્રમાણે છે કે સર્વ દેવીઓ બેસતી નથી, ઊભી રહે છે. તથા મનુષ્યો, દેવો અને મનુષ્યસ્ત્રીઓ બેસે છે એ પ્રમાણે પૂ. મલયગિરિ–આચાર્યની ટીકામાં જણાવેલ છે.) મૂલગાથામાં 'वैमाणिया च मणुया' પાઠ છે તેમાં રહેલા 'च' શબ્દનો જ્યાં છે તેના કરતાં જુદા સ્થાને સંબંધ જોડી 'वैमाणिया मणुया च' આ રીતે અર્થ કરવો જે ઉપર કરેલો જ છે. અહીં મૂળટીકાકારે (ચૂર્ણિકારે ?) ભવનપતિની દેવીઓ વગેરેનું સ્થાન (ઊભા રહેવું) કે બેસવું (અર્થાત્ તે દેવીઓ વગેરે બેસે છે કે ઊભી રહે છે એ પ્રમાણે) સ્પષ્ટાક્ષરોવડે કહ્યું નથી, પરંતુ અવસ્થાન માત્ર જ (તે દેવીઓ વગેરે કઈ કઈ દિશામાં હોય છે તે જ) બતાવ્યું છે.

જ્યારે કેટલાક આચાર્યો પૂર્વાચાર્યોના ઉપદેશથી લખાયેલા પટ્ટકાદિમાં બતાવેલા ચિત્રકર્મના આધારે "સર્વદેવીઓ બેસતી નથી, દેવ–પુરુષો અને સ્ત્રીઓ બેસે છે" એ પ્રમાણે પ્રતિપાદન કરે

च निश्रां कृत्वा आयातः स तत्पार्श्वे एव तिष्ठतीति गाथार्थः ॥५६०॥

साम्प्रतमभिहितमेवार्थं संयतादिपूर्वद्वारादिप्रवेशविशिष्टं प्रतिपादयन्नाह भाष्यकारः–

**संजयवेमाणित्थी संजय( इ )पुव्वेण पविसिउं वीरं ।**
**काउं पयाहिणं पुव्वदक्खिणे ठंति दिसिभागे ॥११६॥( भा० )**

गमनिका–संयता वैमानिकस्त्रियः संयत्यः पूर्वेण प्रवेष्टुं वीरं कृत्वा प्रदक्षिणं पूर्वदक्षिणे तिष्ठन्ति दिग्भागे इति गाथार्थः ॥

**जोइसिय भवणवंतरदेवीओ दक्खिणेण पविसंति ।**
**चिट्ठंति दक्खिणावरदिसिंमि तिगुणं जिणं काउं ॥११७॥ ( भा. )**

गमनिका–ज्योतिष्कभवनव्यन्तरदेव्यो दक्षिणेन प्रविश्य तिष्ठन्ति दक्षिणापरदिशि त्रिगुणं जिनं कृत्वा इति गाथार्थः ॥

**अवरेण भवणवासी वंतरजोइससुरा य अइगंतुं ।**
**अवरुत्तरदिसिभागे ठंति जिणं तो नमंसित्ता ॥११८॥ ( भा० )**

गमनिका–अपरेण भवनवासिनो व्यन्तरज्योतिष्कसुराश्चातिगन्तुम् अपरोत्तरदिग्भागे तिष्ठन्ति जिनं नमस्कृत्य इति गाथार्थः ॥

**समहिंदा कप्पसुरा राया णरणारिओ उदीणेणं ।**
**पविसित्ता पुव्वुत्तरदिसीएँ चिट्ठंति पंजलिआ ॥११९॥ ( भा० )**

---

છે. (એટલે જ પૂ. હરિભદ્રસૂરિજીએ ગા. ૫૫૯ની ટીકામાં ભવનપતિની દેવીઓ ઊભી રહે છે." એમ જણાવેલ છે.) જે પરિવાર જેની નિશ્રામાં આવ્યો હોય તે પરિવાર તેની પાછળ જ રહે છે. ॥૫૬૦॥

**અવતરણિકા :** હવે કહેવાયેલા અર્થને જ "સંયતાદિનો પૂર્વદ્વારાદિથી પ્રવેશ થાય છે." એ પ્રમાણે કંઈક વિશેષતા સાથે ભાષ્યકાર જણાવે છે ➾

ગાથાર્થ : **સાધુઓ–વૈમાનિકદેવીઓ – સાધ્વીજીઓ – પૂર્વદ્વારથી પ્રવેશી જિનને પ્રદક્ષિણા આપીને અગ્નિખૂણામાં ઊભા રહે છે.**

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૧૧૬॥

ગાથાર્થ : **જ્યોતિષ્ક–ભવનપતિ અને વ્યંતરદેવીઓ દક્ષિણદ્વારથી પ્રવેશ કરે છે. જિનને પ્રદક્ષિણા કરીને નૈઋત્યખૂણામાં ઊભી રહે છે.**

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૧૧૭॥

ગાથાર્થ : **પશ્ચિમદ્વારથી ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષ્કદેવો પ્રવેશીને જિનને નમસ્કાર કરીને વાયવ્યદિશામાં ઊભા રહે છે. (અહીં ઉપરોક્ત ૫૫૯ ગાથા મુજબ જેઓ બેસે છે, જેઓ ઊભા રહે છે તે જાતે જોડી દેવું.)**

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૧૧૮॥

ગાથાર્થ : **ઈન્દ્રો સહિત વૈમાનિકદેવો, રાજાઓ, મનુષ્યો અને સ્ત્રીઓ ઉત્તરદિશાથી પ્રવેશ**

गमनिका–समहेन्द्राः कल्पसुरा राजानो नरा नार्यः 'औदीच्येन' उत्तरेण इत्यर्थः, प्रविश्य पूर्वोत्तरदिशि तिष्ठन्ति प्राञ्जलय इति गाथार्थः ॥ भावार्थः सर्वासां सुगम एव ॥ अभिहितार्थोपसङ्ग्रहाय इदमाह—

**एक्केक्कीय दिसाए तिगं तिगं होइ सन्निविट्ठं तु ।**
**आदिचरिमे विमिस्सा थीपुरिसा सेस पत्तेयं ॥५६१॥**

व्याख्या–पूर्वदक्षिणाअपरदक्षिणाअपरोत्तरापूर्वोत्तराणामेकैकस्यां दिशि उक्तलक्षणम् संयतवैमानिकाङ्गनासंयत्यादि त्रिकं त्रिकं भवति सन्निविष्टं तु, आदिचरमे पूर्वदक्षिणापूर्वोत्तरदिग्द्वये विमिश्राः संयतादयः स्त्रीपुरुषाः शेषदिग्द्वये प्रत्येकं भवन्तीति गाथार्थः ॥५६१॥

तेषां चेत्थं स्थितानां देवनराणां स्थितिप्रतिपादनाय आह—

**एंतं महिड्ढियं पणिवयंति ठियमवि वयंति पणमंता ।**
**णवि जंतणा ण विकहा ण परोप्परमच्छरो ण भयं ॥५६२॥**

व्याख्या–येऽल्पर्द्धयः पूर्वं स्थिताः ते आगच्छन्तं महर्द्धिकं प्रणिपतन्ति, स्थितमपि महर्द्धिकं पश्चादागताः प्रणमन्तो व्रजन्ति, तथा नापि यन्त्रणा-पीडा न विकथा न परस्परमत्सरो न भयं तेषां विरोधिसत्त्वानामपि भवति, भगवतोऽनुभावात्, इति गाथार्थः ॥५६२॥

---

કરી ઈશાનખૂણામાં અંજલિ જોડી ઊભા રહે છે.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. સર્વ ગાથાઓનો ભાવાર્થ સુગમ છે. ॥૧૧૯॥

**અવતરણિકા :** કહેવાયેલ અર્થનો ઉપસંગ્રહ કરવા માટે કહે છે ➪

**ગાથાર્થ : દરેક દિશામાં ત્રણ–ત્રણ બેઠક થાય છે. પ્રથમ–ચરમદિશામાં સ્ત્રી-પુરુષ મિશ્ર હોય છે તથા શેષ દિશામાં પ્રત્યેક હોય છે.**

**ટીકાર્થ :** અગ્નિ–નૈઋત્ય–વાયવ્ય અને ઈશાનદિશામાં દરેક દિશામાં પૂર્વે કહેવા પ્રમાણે ત્રણ–ત્રણ બેઠક થાય છે. તેમાં અગ્નિ અને ઈશાનદિશામાં સ્ત્રી અને પુરુષો મિશ્ર હોય છે (અર્થાત્ અગ્નિખૂણામાં સંયતો, વૈમાનિકદેવીઓ અને સાધ્વીજીઓ રૂપ સ્ત્રી–પુરુષો તથા ઈશાનખૂણામાં મનુષ્યો અને સ્ત્રીઓ એમ મિશ્ર બેઠક હોય છે.) જ્યારે શેષ બે દિશામાં એકલી સ્ત્રીઓ અને એકલા પુરુષો (અર્થાત્ નૈઋત્યમાં માત્ર દેવીઓ, વાયવ્યમાં માત્ર દેવો) રૂપ પ્રત્યેક બેઠકો હોય છે. ॥૫૬૧॥

**અવતરણિકા :** આ રીતે રહેલા એવા તે દેવ-નરોની મર્યાદાને જણાવતા કહે છે ➪

**ગાથાર્થ : (પૂર્વે રહેલા અલ્પઋદ્ધિક જીવો) આવતા મહર્દ્ધિકને નમસ્કાર કરે છે. પૂર્વે રહેલા મહર્દ્ધિકને (પછીથી આવતાં અલ્પઋદ્ધિક જીવો) નમસ્કાર કરે છે. એકબીજાને પીડા, વિકથા, પરસ્પર મત્સરતા કે ભય હોતો નથી.**

**ટીકાર્થ :** ગાથાનો પૂર્વાર્ધ સ્પષ્ટ જ છે. આ રીતે રહેલા એવા તેઓને કોઈનાથી પીડા, પરસ્પર વિકથા, પરસ્પર મત્સરભાવ કે એકબીજાને વિરોધી એવા જીવોનો પણ ભય હોતો નથી. તેમાં કારણ તીર્થંકરનો પ્રભાવ છે. ॥૫૬૨॥

एते च मनुष्यादयः प्रथमप्राकारान्तर एव भवन्ति ये उक्ताः, यत आह—

**बिइयंमि होंति तिरिया तइए पागारमन्तरे जाणा ।**

**पागारजढे तिरियाऽवि होंति पत्तेय मिस्सा वा ॥५६३॥**

व्याख्या—द्वितीये प्राकारान्तरे भवन्ति तिर्यञ्चः, तथा तृतीये प्राकारान्तरे यानानि, 'प्राकारजढे' प्राकाररहिते बहिरित्यर्थः, तिर्यञ्चोऽपि भवन्ति, अपिशब्दात् मनुष्या देवा अपि, ते च प्रत्येकं मिश्रा वेति, ते पुनः प्रविशन्तो भवन्ति निर्गच्छन्तश्चैके इति गाथार्थः ॥५६३॥ द्वारम् १ ।

द्वितीयद्वारावयवार्थमभिधित्सुः संबन्धगाथामाह—

**सव्वं च देसविरतिं सम्मं घेच्छति व होति कहणा उ ।**

**इहरा अमूढलक्खो न कहेइ भविस्सइ ण तं च ॥५६४॥**

व्याख्या—'सव्वं च देसविरतिं'ति सर्वविरतिं च देशविरतिं च, विरतिशब्द उभयथापि सम्बध्यते, सम्यक्त्वं ग्रहीष्यति वा भवति कथना तु प्रवर्त्तते कथनमित्यर्थः, 'इहर' त्ति अन्यथा न मूढलक्षोऽमूढलक्षः सर्वज्ञेयाविपरीतवेत्ता इत्यर्थः, किम् ?,-न कथयति । आह—समवसरण-

અવતરણિકા : જે આ મનુષ્યાદિ કહ્યા તે સર્વે પ્રથમપ્રાકારમાં જ હોય છે કારણ કે આગળ કહે છે ⇨

ગાથાર્થ : **બીજા પ્રાકારમાં તિર્યંચો અને ત્રીજા પ્રાકારમાં વાહનો હોય છે. બહારના ભાગમાં તિર્યંચો પ્રત્યેક અથવા મિશ્ર હોય છે.**

**ટીકાર્થ** : ગાથાનો પૂર્વાર્ધ સ્પષ્ટ જ છે. ત્રણે ગઢની બહારના ભાગમાં તિર્યંચો, "अपि" શબ્દથી મનુષ્ય અને દેવો પણ હોય છે. તે પ્રત્યેક અથવા મિશ્ર હોય છે (અર્થાત્ પ્રત્યેક હોય એટલે ક્યારેક એકલા તિર્યંચો હોય અથવા એકલા દેવો અથવા એકલા મનુષ્ય હોય, અથવા ક્યારેક મિશ્ર હોય છે.) કેટલાકોનું કહેવું એમ છે કે તે તિર્યંચાદિ આવતા જતા હોય છે. ॥૫૬૩॥

અવતરણિકા : આ પ્રમાણે ગા. ૫૪૩માં કહેલ "સમોવસરણ" નામનું પ્રથમદ્વાર પૂર્ણ થયું. હવે બીજા દ્વારને વિસ્તારથી જણાવવા સંબંધગાથાને (બે દ્વાર વચ્ચેની સંબંધ ગાથાને) કહે છે ⇨

ગાથાર્થ : **સર્વવિરતિ, દેશવિરતિ કે સમ્યક્ત્વ ગ્રહણ કરશે (એ પ્રમાણે પ્રભુને જણાય તો જ) કથના થાય છે. અન્યથા અમૂઢલક્ષી ભગવાન દેશના આપતા નથી. (જો કે કોઈ સામાયિક ગ્રહણ ન કરે) તેવું બનતું નથી.**

**ટીકાર્થ** : દેશવિરતિ આ શબ્દમાં રહેલ વિરતિ શબ્દ "સર્વ" શબ્દ સાથે પણ જોડવાનો હોવાથી સર્વવિરતિને, દેશવિરતિને અથવા સમ્યક્ત્વને ગ્રહણ કરશે એમ જણાય તો જ દેશના પ્રવર્તે છે. અન્યથા – જો કોઈ એક પણ સામાયિક સ્વીકારનારું ન હોય તો અમૂઢલક્ષવાળા = સર્વ જ્ઞેયપદાર્થોને સમ્યક્ રીતે જાણનારા ભગવાન દેશના આપતા નથી.

करणप्रयासो विबुधानामनर्थकः, कृतेऽपि नियमतोऽकथनात् इत्याह—भविष्यति न तच्च, यद् भगवति कथयत्यन्यतमोऽप्यन्यतमत्सामायिकं न प्रतिपद्यते इति, भविष्यत्कालस्त्रिकालोपलक्षणार्थ इति गाथार्थः ॥५६४॥

'केवइय'त्ति कियन्ति सामायिकानि मनुष्यादयः प्रतिपद्यन्ते इत्याह—

**मणुए चउमण्णयरं तिरिए तिण्णि व दुवे व पडिवज्जे ।**
**जइ नत्थि नियमसो च्चिय सुरेसु सम्मत्तपडिवत्ती ॥५६५॥**

अथवा–कथं भविष्यति न तच्चेत्याह–यतः–'मणुए' गाहा । व्याख्या–मनुष्ये प्रतिपत्तरि चतुर्णामन्यतमप्रतिपत्तिरिति, पाठान्तरं वा 'मणुओ चउ अण्णतरं'ति मनुष्यश्चतुर्णामन्यतमत्प्रतिपद्यते, तिर्यञ्चः त्रीणि वा-सर्वविरतिवर्जानि, द्वे वा-सम्यक्त्वश्रुतसामायिके प्रतिपद्यन्ते इति । यदि नास्ति मनुष्यतिरश्चां कश्चित्प्रतिपत्ता ततो नियमत एव सुरेषु सम्यक्त्वप्रतिपत्तिर्भवतीति गाथार्थः ॥५६५॥

स चेत्थं धर्ममाचष्टे—

---

**શંકા :** આવા સ્થાને જો દેશના ન આપે તો દેવોનો સમવસરણ બનાવવાનો પ્રયત્ન નિરર્થક ન થાય ? કારણ કે સમવસરણ બનાવવા છતાં ભગવાન તો દેશના આપે તેવો નિયમ તો ન રહ્યો.

**સમાધાન :** એવું ક્યારેય બનતું જ નથી કે ભગવાન દેશના આપે અને કોઈ ગણમાંથી ગમે તે એક સામાયિક સ્વીકારે નહિ અર્થાત્ ગમે તે એક સામાયિક તો સ્વીકારનાર એકાદ વ્યક્તિ તો હોય જ. મૂળગાથામાં "भविस्सइ" એ પ્રમાણે ભવિષ્યકાળનો પ્રયોગ ત્રણે કાળને જણાવનારો છે. (અર્થાત્ કોઈ સામાયિક ન સ્વીકારે એવું બન્યું નથી, બનતું નથી કે બનશે નહિ.) ॥૫૬૪॥

**અવતરણિકા : શંકા :** કેટલા સામાયિકને મનુષ્યાદિ સ્વીકારે છે ? તે કહે છે ➪

ગાથાર્થ : **મનુષ્ય ચારમાંથી કોઈપણ, તિર્યંચ ત્રણ અથવા બે સ્વીકારે છે. જો મનુષ્ય–તિર્યંચમાંથી કોઈ સ્વીકારનારું ન હોય તો નિયમથી દેવોમાંથી કોઈને સમ્યક્ત્વની પ્રતિપત્તિ થાય છે.**

**ટીકાર્થ :** અથવા બીજી રીતે ગાથાનો સંબંધ જોડતા બતાવે છે – (કોઈ એકપણ સામાયિક ન સ્વીકારે) એવું કેમ ન બને ? તેના ઉત્તરમાં ગા. ૫૬૫ જાણવી. – જો મનુષ્ય સ્વીકારનાર હોય તો ચારમાંથી કોઈપણ સામાયિકને સ્વીકારે છે. તિર્યંચ સર્વવિરતિ સિવાયના ત્રણ અથવા દેશવિરતિસિવાયના સમ્યક્ત્વ–શ્રુત એ બે સામાયિકને સ્વીકારે છે. જો મનુષ્ય–તિર્યંચમાંથી કોઈ સ્વીકારનાર નથી, તો નિયમથી દેવોમાં સમ્યક્ત્વની પ્રતિપત્તિ થાય છે.(આમ, જઘન્યથી પણ છેવટે દેવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી હોવાથી જ કોઈ સામાયિક ન સ્વીકારે એવું બનતું નથી.) ॥૫૬૫॥

**અવતરણિકા :** તે ભગવાન આ પ્રમાણે ધર્મ કહે છે ➪

**तित्थपणामं काउं कहेइ साहारणेण सद्देणं ।**
**सव्वेसिं सण्णीणं जोयणणीहारिणा भगवं ॥५६६॥**

व्याख्या–'नमस्तीर्थाये'त्यभिधाय प्रणामं च कृत्वा कथयति, साधारणेन प्रतिपत्तिमङ्गीकृत्य शब्देन, केषां साधारणेनेत्याह–'सर्वेषाम्' अमरनरतिरश्चां सञ्ज्ञिनां, किंविशिष्टेन ?—'योजननिर्हारिणा' योजनव्यापिना भगवानिति, एतदुक्तं भवति–भागवतो ध्वनिः अशेषसमवसरणस्थ-सञ्ज्ञिजिज्ञासितार्थप्रतिपत्तिनिबन्धनं भवति, भगवतः सातिशयत्वादिति गाथार्थः ॥५६६॥

आह–कृतकृत्यो भगवान् किमिति तीर्थप्रणामं करोतीति ?, उच्यते—

**तप्पुव्विया अरहया पूइयपूता य विणयकम्मं च ।**
**कयकिच्चोऽवि जह कहं कहए णमए तहा तित्थं ॥५६७॥**

व्याख्या–तीर्थं-श्रुतज्ञानं तत्पूर्विका 'अर्हत्ता' तीर्थकरता, तदभ्यासप्राप्तेः, पूजितेन पूजा पूजितपूजा सा च कृताऽस्य भवति, लोकस्य पूजितपूजकत्वाद्, भगवताऽप्येतत्पूजितमिति

---

**ગાથાર્થ : તીર્થને નમસ્કાર કરીને ભગવાન સર્વ સંજ્ઞીજીવોને સાધારણ અને યોજનવ્યાપી એવા શબ્દોવડે દેશના આપે છે.**

**ટીકાર્થ :** "**नमस्तीर्थाय**" = તીર્થને નમસ્કાર થાઓ" એ પ્રમાણે કહીને પ્રણામ કરીને (મસ્તક નમાવીને) ભગવાન દેશના આપે છે. કેવા શબ્દોવડે ? તે કહે છે – પ્રતિપત્તિને આશ્રયી = સામેવાળાને બોધ થાય એવા સાધારણ શબ્દોવડે, કોને સાધારણ ? તે કહે છે – દેવ–મનુષ્યો અને તિર્યંચરૂપ બધા સંજ્ઞી જીવોને સાધારણ એવા શબ્દોવડે, તે શબ્દો કેવા છે ? – યોજનવ્યાપી એવા શબ્દોવડે ભગવાન દેશના આપે છે. અહીં કહેવાનો આશય એ છે કે ભગવાન સાતિશયી હોવાથી ભગવાનના મુખમાંથી નીકળતા શબ્દો સમવસરણમાં રહેલા સર્વ સંજ્ઞીજીવોને જિજ્ઞાસિત અર્થના બોધનું કારણ બને છે. ॥૫૬૬॥

**અવતરણિકા : શંકા :** કૃતકૃત્ય એવા ભગવાન શા માટે તીર્થને પ્રણામ કરે છે ? તેનું સમાધાન આપે છે ➪

**ગાથાર્થ : તીર્થપૂર્વિકા તીર્થંકરતા છે. પૂજિતપૂજા અને વિનય થાય છે. કૃતકૃત્ય એવા પણ ભગવાન જે કારણથી દેશના આપે છે તે કારણથી જ તીર્થને નમે છે.**

**ટીકાર્થ :** તીર્થ એટલે શ્રુતજ્ઞાન, આ શ્રુતજ્ઞાનપૂર્વક તીર્થંકરત્વ છે, કારણ કે શ્રુતજ્ઞાનના અભ્યાસથી તીર્થંકરત્વની પ્રાપ્તિ થાય છે. તથા પૂજિતવડે જે પૂજા તે પૂજિતપૂજા (એ પ્રમાણે સમાસ જાણવો.) અને તે પૂજિતપૂજા આ શ્રુતજ્ઞાનરૂપી તીર્થની (લોકવડે) કરાયેલી થાય છે, કારણ કે લોકપૂજિતનો પૂજક છે. ભગવાનવડે પણ આ તીર્થ પૂજાયેલું છે તેથી લોકો પણ (પૂજિત એવા) તીર્થની પૂજા કરે છે.

(આશય એ જ છે કે – શ્રુતજ્ઞાનરૂપ તીર્થ એ ત્રિલોકજણને પૂજ્ય છે એવું જણાવવા માટે પ્રભુ શ્રુતજ્ઞાનરૂપ તીર્થને પ્રણામ કરે છે. તેથી લોકો પણ શ્રુતજ્ઞાનરૂપ તીર્થની પૂજા કરે છે. આ

**प्रवृत्तेः, तथा 'विनयकर्म च' वक्ष्यमाणवैनयिकधर्ममूलं कृतं भवति, अथवा-कृतकृत्योऽपि यथा कथां कथयति नमति तथा तीर्थमिति । आह-इदमपि धर्मकथनं कृतकृत्यस्यायुक्तमेव, न, तीर्थकरनामगोत्रकर्मविपाकत्वात्, उक्तं च-'तं★ च कथं वेदिज्जती'त्यादि गाथार्थः ॥५६७॥**

**आह—क्व केन साधुना कियतो वा भूमागात् समवसरणे खल्वागन्तव्यम्, अनागच्छतो वा किं प्रायश्चित्तमिति ?, उच्यते—**

**जत्थ अपुव्वोसरणं न दिट्ठपुव्वं व जेण समणेणं ।**
**बारसहिं जोयणेहिं सो एइ अणागमे लहुया ॥५६८॥**

**व्याख्या—यत्रापूर्वं समवसरणं, तत्तीर्थकरापेक्षया अभूतपूर्वमित्यर्थः, न दृष्टपूर्वं वा येन श्रमणेन द्वादशभ्यो योजनेभ्यः स आगच्छति, 'अनागच्छति' अवज्ञया ततोऽनागमे सति 'लहुग' त्ति चतुर्लघवः प्रायश्चित्तं भवतीति गाथार्थः ॥५६८॥ द्वारम् ॥**

**अन्ये त्वेकगाथयैवानया प्रकृतद्वारव्याख्यां कुर्वते, साऽप्यविरुद्धा व्युत्पन्ना चेति ॥**

---

રીતે પ્રભુવડે પૂજાયેલ તીર્થની પૂજા થાય છે.) તથા વિનયકર્મ – આગળ કહેવાતા વૈનયિક ધર્મનું મૂળ કરાયેલું થાય છે. (અર્થાત્ – ભ(H)ગવાન વિનયમૂલક ધર્મ બતાવવાના છે. તેથી જો પ્રથમ સ્વયં વિનય કરે તો દેશનામાં કહેવાતા વિનયને લોક સમ્યક્રીતે સ્વીકારે. માટે ભગવાન તીર્થપ્રણામરૂપ વિનય કરે છે.) અથવા કૃતકૃત્ય એવા પણ ભગવાન જે કારણથી દેશના આપે છે તે કારણથી જ તીર્થને નમસ્કાર કરે છે.

**શંકા :** અરે ! પણ આ ધર્મદેશના કૃતકૃત્ય એવા ભગવાનને અયુક્ત જ છે.

**સમાધાન :** ના, ધર્મદેશના પણ તીર્થંકરનામગોત્રકર્મના ઉદયથી થાય છે. (અર્થાત્ તે કર્મનો ક્ષય કરવા જ ધર્મદેશના આપે છે.) કારણ કે પૂર્વે કહ્યું છે કે– "તે કર્મ કેવી રીતે વેદાય છે ?..." (ગા.૧૮૩) ॥૫૬૭॥

**અવતરણિકા : શંકા :** કયા કયા સાધુએ કેટલે દૂરથી સમવસરણમાં આવવું ? અથવા નહિ આવતા સાધુને શું પ્રાયશ્ચિત્ત આવે છે ? તે કહે છે ➪

**ગાથાર્થ : જ્યાં અપૂર્વ સમવસરણ રચાયું હોય અથવા જે સાધુએ પૂર્વે સમવસરણ જોયું ન હોય, તે સાધુ બારયોજન દૂરથી આવે છે. ન આવે તો ચતુર્લઘુનું પ્રાયશ્ચિત આવે છે.**

**ટીકાર્થ :** જે ક્ષેત્રમાં તે તે તીર્થંકરોની અપેક્ષાએ પ્રથમ વખત સમવસરણ રચાતું હોય ત્યારે અથવા જે સાધુએ પૂર્વે સમવસરણ જોયું ન હોય તેવા સાધુ બાર યોજન દૂરથી સમોવસરણમાં આવે છે. જો અવજ્ઞાવડે ન આવે તો ચતુર્લઘુનું પ્રાયશ્ચિત આવે છે. ॥૫૬૮॥

આ પ્રમાણે ગા.૫૪૩માં આપેલ "કેટલા" દ્વાર પૂર્ણ થયું. અન્ય આચાર્યો "કેટલા" દ્વારનો અર્થ આ પ્રમાણ કરે છે કે "કેટલા દૂરના ક્ષેત્રથી સાધુએ સમોવસરણમાં આવવું ?", પરંતુ કેટલા સામાયિક ગ્રહણ કરે છે ? એવો અર્થ કરતા નથી. તેથી "સર્વવિરતિ, દેશવિરતિ... (ગા.૫૬૪ થી ૫૬૭ સુધીની) ગાથાઓ પ્રથમદ્વારમાં ઉમેરી પ્રસ્તુત 'કેટલા' નામના દ્વારની

---

★ तच्च कथं वेद्यते ?.

रूपपृच्छाद्वारावयवार्थं विवृण्वन् आह—

**सव्वसुरा जइ रूवं अंगुट्ठपमाणयं विउव्वेज्जा ।**
**जिणपायंगुट्ठं पइ ण सोहए तं जहिंगालो ॥५६९॥**

व्याख्या—कीदृग् भगवतो रूपमित्यत आह—सर्वसुरा यदि रूपमशेषसुन्दररूपनिर्मापणशक्त्या अङ्गुष्ठप्रमाणकं विकुर्वीरन् तथापि जिनपादाङ्गुष्ठं न शोभते तद् यथाऽङ्गार इति गाथार्थ इति गाथार्थः ॥५६९॥

साम्प्रतं प्रसङ्गतो गणधरादीनां रूपसम्पदभिधित्सयाऽऽह—

**गणहर आहार अणुत्तरा ( य )जाव वणचक्कि वासु बला ।**
**मण्डलिया ता हीणा छट्ठाणगया भवे सेसा ॥५७०॥**

व्याख्या—तीर्थकररूपसम्पत्सकाशादनन्तगुणहीना गणधरा रूपतो भवन्ति, गणधररूपेभ्यः सकाशादनन्तगुणहीनाः खल्वाहारकदेहाः, आहारकदेहरूपेभ्योऽनन्तगुणहीनाः 'अनुत्तराश्चे' ति अनुत्तरवैमानिका भवन्ति, एवमनन्तरानन्तरदेहरूपेभ्योऽनन्तगुणहानिर्द्रष्टव्या, ग्रैवेयकाच्युतारणप्राणतानतसहस्रारमहाशुक्रलान्तकब्रह्मलोकमाहेन्द्रसनत्कुमारेशानसौधर्मभवनवासिज्योतिष्कव्यन्तरचक्रवर्त्तिवासुदेवबलदेवमहामाण्डलिकानामित्यत एवाह—'जाव वण चक्कि वासु बला ।

---

આ એક ગાથાવડે (ગા.૫૬૮) તે આચાર્યો વ્યાખ્યા કરે છે તે પણ અવિરુદ્ધ જ છે અને તે વ્યાખ્યા વ્યુત્પન્ન (આ ગાથામાં કહેવાઈ ગયેલી) પણ છે. ॥૫૬૮॥

**અવતરણિકા :** <u>રૂપપૃચ્છા</u> દ્વારનો વિસ્તારાર્થ કરે છે ➪

**ગાથાર્થ : સર્વદેવો જો અંગૂઠાપ્રમાણ રૂપને વિકુર્વે તો પણ તે રૂપ જિનના પગના અંગૂઠા સામે કોલસાની જેમ શોભતું નથી.**

**ટીકાર્થ :** કેવા પ્રકારનું ભગવાનનું રૂપ છે ? તેનો જવાબ આપે છે – સર્વદેવો જો સુંદર રૂપને બનાવવાની બધી શક્તિથી અંગુષ્ઠપ્રમાણ એવા રૂપને વિકુર્વે તો પણ તે રૂપ જિનપાદ અંગુષ્ઠ સામે કોલસા જેવું લાગે છે, અર્થાત્ શોભતું નથી. ॥૫૬૯॥

**અવતરણિકા :** પ્રસંગથી ગણધરોની રૂપસંપત્તિને જણાવતા કહે છે ➪

**ગાથાર્થ : ગણધર – આહારક – અનુત્તરવાસીદેવોથી લઈ વ્યંતર – ચક્રી – વાસુદેવ – બળદેવ અને માંડલિકરાજા સુધી રૂપની હાનિ જાણવી. શેષમાં ષટ્સ્થાન જાણવા.**

**ટીકાર્થ :** તીર્થંકરના રૂપની સંપત્તિ કરતાં ગણધરો રૂપથી અનંતગુણહીન રૂપવાળા હોય છે. ગણધરના રૂપ કરતાં આહારકશરીરવાળા અનંતગુણહીન રૂપવાળા હોય છે. આહારકદેહના રૂપ કરતાં અનુત્તરવાસીદેવોનું રૂપ અનંતગુણહીન હોય છે. આ રીતે ગ્રૈવેયક–અચ્યુત–આરણ–પ્રાણત–આનત–સહસ્રાર–મહાશુક્ર–લાંતક–બ્રહ્મલોક–માહેન્દ્ર–સનત્કુમાર–ઈશાન–સૌધર્મ–ભવનવાસી–જ્યોતિષ્ક–વ્યંતર–ચક્રવર્તી–વાસુદેવ–બળદેવ અને મહામાંડલિક સુધીના સર્વોનું રૂપ

मंडलिया ता हीणत्ति' यावत् व्यन्तरचक्रवर्त्तिवासुदेवबलदेवमहामाण्डलिकास्तावत् अनन्तगुणहीनाः, 'छट्ठाणगया भवे सेस'त्ति शेषा राजानो जनपदलोकाश्च षट्स्थानगता भवन्ति, अनन्तभागहीना वा असङ्ख्येयभागहीना वा सङ्ख्येयभागहीना वा सङ्ख्येयगुणहीना वा असङ्ख्येयगुणहीना वा अनन्तगुणहीना वा इति गाथार्थः ॥५७०॥

उत्कृष्टरूपतायां भगवतः प्रतिपादयितुं प्रक्रान्तायामिदं प्रासङ्गिकं रूपसौन्दर्यनिबन्धनं संहननादि प्रतिपादयन्नाह—

**संघयण रूव संठाण वण्ण गइ सत्त सार उस्सासा ।**
**एमाइणुत्तराइं हवंति नामोदए तस्स ॥५७१॥**

व्याख्या—'संहननं' वज्रऋषभनाराचं 'रूपम्' उक्तलक्षणं 'संस्थानं' समचतुरस्त्रं 'वर्णो' देहच्छाया 'गतिः' गमनं 'सत्त्वं' वीर्यान्तरायकर्मक्षयोपशमादिजन्य आत्मपरिणामः, सारो द्विधा-बाह्योऽभ्यन्तरश्च, बाह्यो गुरुत्वम्, आभ्यन्तरो ज्ञानादिः, 'उच्छ्वासः' प्रतीत एव, संहननं च रूपं च संस्थानं च वर्णश्च गतिश्च सत्त्वं च सारश्च उच्छ्वासश्चेति समासः । एवमादीनि वस्तून्यनुत्तराणि भवन्ति तस्य भगवतः, आदिशब्दात् रुधिरं गोक्षीराभं मांसं चेत्यादि, कुत इत्याह—'नामोदयादि'ति नामाभिधानं कर्मानेकभेदभिन्नं तदुदयादिति गाथार्थः ॥५७१॥

आह—अन्यासां प्रकृतीनां वेदना गोत्रादयो नाम्नो वा ये इन्द्रियाङ्गादयः प्रशस्ता उदया

---

પૂર્વ કરતાં પછીનું ક્રમશઃ અનંતગુણહીન જાણવું. શેષ રાજાઓ અને જનપદલોકો (જુદા જુદા ગામ–નગરના વાસી લોકો) ષટ્સ્થાનને પામેલા જાણવા અર્થાત્ રૂપની અપેક્ષાએ અનંતભાગહીન અથવા અસંખ્યભાગહીન અથવા સંખ્યાતભાગહીન અથવા સંખ્યાતગુણહીન અથવા અસંખ્યેયગુણહીન અથવા અનંતગુણહીન જાણવા. ॥૫૭૦॥

**અવતરણિકા :** ભગવાનના ઉત્કૃષ્ટરૂપને પ્રતિપાદન કરવાના અવસરે પ્રસંગથી રૂપના સૌંદર્યના કારણભૂત સંઘયણ વગેરેનું પ્રતિપાદન કરતા જણાવે છે ➪

ગાથાર્થ : **સંઘયણ – રૂપ – સંસ્થાન – વર્ણ – ગતિ – સત્ત્વ – સાર – ઉચ્છ્વાસ આ સર્વ વસ્તુઓ ભગવાનને નામકર્મના ઉદયથી અનુત્તર હોય છે.**

**ટીકાર્થ :** વજ્રઋષભનારાચસંઘયણ, ઉપર કહેવાયું તે રૂપ, સમચતુરસ્રસંસ્થાન, દેહની કાંતિ, ગતિ–ચાલ, વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ આત્મ–પરિણામરૂપ સત્ત્વ, બાહ્ય–અભ્યંતરરૂપ બે પ્રકારે સાર, તેમાં બાહ્યસાર તરીકે ગુરુત્વ (ગૌરવ,મોટાઈ) અને અભ્યંતર સાર તરીકે જ્ઞાનાદિ, તથા ઉચ્છ્વાસ આ સર્વવસ્તુઓ ભગવાનને અનુત્તર હોય છે. મૂળગાથામાં "एमाइ" શબ્દમાં રહેલ આદિશબ્દથી રુધિર અને માંસ ગાયના દૂધ જેવું સફેદ હોય છે અને તે પણ અનુત્તર હોય છે. ભગવાનને આ બધી વસ્તુ અનુત્તર હોય તેમાં કારણ શું છે ? તે કહે છે – અનેકભેદવાળા નામકર્મના ઉદયથી ભગવાનને આ બધી વસ્તુ અનુત્તર હોય છે. ॥૫૭૧॥

**અવતરણિકા : શંકા :** ગોત્ર વિગેરે અન્યપ્રકૃતિઓનો ઉદય અથવા નામકર્મના પણ જે

भवन्ति ते किमनुत्तरा भगवतः छद्मस्थकाले केवलिकाले वा उत नेति ?, अत्रोच्यते—

**पगडीणं अण्णासुवि पसत्थ उदया अणुत्तरा होंति ।**
**खय उवसमेऽवि य तहा खयम्मि अविगप्पमाहंसु ॥५७२॥**

व्याख्या—'पगडीणं अण्णासुवि' त्ति, षष्ठ्यर्थे सप्तमी, प्रकृतीनामन्यासामपि प्रशस्ता उदया उच्चैर्गोत्रादयो भवन्ति, किमितरजनस्येव ?, नेत्याह—'अनुत्तरा' अनन्यसदृशा इत्यर्थः, अपिशब्दान्नाम्नोऽपि येऽन्ये जात्यादय इति । 'खय उवसमेऽवि य तह' त्ति, क्षयोपशमेऽपि सति ये दानालाभादयः कार्यविशेषा अपिशब्दादुपशमेऽपि ये केचन तेऽप्यनुत्तरा भवन्ति इति क्रियायोगः, तथा कर्मणः क्षये सति क्षायिकज्ञानादिगुणसमुदयम् 'अविगप्पमाहंसु' त्ति अविकल्पं—व्यावर्णनादिविकल्पातीतं सर्वोत्तममाख्यातवन्तः तीर्थकृद्गणधरा इति गाथार्थः ॥५७२॥

आह—असातवेदनीयाद्याः प्रकृतयो नाम्नो वा या अशुभास्ताः कथं तस्य दुःखदा न भवन्ति इति ?, अत्रोच्यते—

**अस्सायमाइयाओ जावि य असुहा हवंति पगडीओ ।**
**णिंबरसलवोव्व पए ण होंति ता असुहया तस्स ॥५७३॥**

---

ઈન્દ્રિય અંગો વગેરે પ્રશસ્ત ઉદય છે (અર્થાત્ અન્ય ગોત્રાદિ કર્મના ઉદયથી પ્રભુને જે ઉચ્ચગોત્ર વિગેરે હોય છે, નામકર્મના ઉદયથી પ્રભુને જે સુંદર ઈન્દ્રિય વિગેરે હોય છે) તે ઉદયો પણ ભગવાનના છદ્મસ્થકાળે અથવા કેવલીકાળે અનુત્તર હોય છે કે નહિ ? તેનું સમાધાન આપે છે ➪

ગાથાર્થ : **અન્યકર્મપ્રકૃતિઓના ઉદયો પ્રશસ્ત, અનુત્તર હોય છે. અને ક્ષયોપશમકાળે પણ ઉદયો અનુત્તર હોય છે. તથા ક્ષય થયે છતે ઉદયો વર્ણનાતીત કહે છે.**

**ટીકાર્થ :** અન્યપ્રકૃતિઓના ઉચ્ચગોત્રાદિ ઉદયો પ્રશસ્ત હોય છે (અર્થાત્ શુભફળવાળા હોય છે.) શું બીજા લોકો જેવા હોય છે ? ના, અનુત્તર હોય છે – અતુલ્ય હોય છે. 'अपि' શબ્દથી નામકર્મના પણ જે જાતિ વિગેરે ઉદયો હોય છે, તે પણ અનુત્તર હોય છે. ક્ષયોપશમ હોય ત્યારે પણ, જે દાનલાભાદિ કાર્યો છે તે, અને 'अपि' શબ્દથી ઉપશમ હોય ત્યારે પણ (જો કે [11]તીર્થંકરોને કર્મપ્રકૃતિઓનો ઉપશમ સંભવતો નથી, છતાં કર્મોના તીવ્ર ઉદયના નિરોધમાત્રને ઉપશમ તરીકે કહેલ છે એમ જાણવું.) જે કોઈ કાર્યવિશેષો છે તે અનુત્તર હોય છે. તથા કર્મનો ક્ષય થયે છતે (કેવલીકાળમાં) ક્ષાયિકજ્ઞાનાદિ ગુણોનો સમુદાય પણ અવિકલ્પ – વર્ણનાદિ વિકલ્પરહિત અર્થાત્ સર્વોત્તમ હોય છે, તેમ તીર્થંકર–ગણધરો કહે છે. ॥૫૭૨॥

**અવતરણિકા : શંકા :** અશાતાવેદનીયાદિ કર્મપ્રકૃતિ તથા નામકર્મના પણ જે અશુભ ઉદયો છે તે ઉદયો કેમ પ્રભુને દુઃખદ બનતા નથી ? તેનું સમાધાન આપે છે ➪

ગાથાર્થ : **અશાતા વગેરે જે પણ અશુભપ્રવૃત્તિઓ હોય છે તે પણ (ઘણાં) દૂધમાં લીંબડાના રસના બિંદુની જેમ તીર્થંકરને અસુખદા હોતી નથી.**

व्याख्या–असाताद्याः या अपि च अशुभा भवन्ति प्रकृतयः, ता अपि निम्बरसलव इव 'पयसि' क्षीरे लवो-बिन्दुः, न भवन्ति ताः अशुभदाः असुखदा वा 'तस्य' तीर्थकरस्येति गाथार्थः ॥५७३॥

उक्तमानुषङ्गिकं, प्रकृतद्वारमधिकृत्याह— उत्कृष्टरूपतया भगवतः किं प्रयोजनमिति ?, अत्रोच्यते,—

**धम्मोदएण रूवं करेंति रूवस्सिणोऽवि जइ धम्मं ।**
**गिज्झवओ य सुरूवो पसंसिमो तेण रूवं तु ॥५७४॥**

व्याख्या–दुर्गतौ प्रपतन्तमात्मानं धारयतीति धर्मः तस्योदयः तेन रूपं भवतीति श्रोतारोऽपि प्रवर्त्तन्ते, तथा कुर्वन्ति 'रूपस्विनोऽपि' (वस्सिणोऽवि) रूपवन्तोऽपि यदि धर्म्मं ततः शेषैः सुतरां कर्त्तव्य इति श्रोतृबुद्धिः प्रवर्त्तते, तथा 'ग्राह्यवाक्यश्च' आदेयवाक्यश्च सुरूपो भवति, च शब्दात् श्रोतृरूपाद्यभिमानापहारी च, अतः प्रशंसामो भगवतस्तेन रूपमिति गाथार्थः ॥५७४॥ द्वारम् ।

अथवा पृच्छेति भगवान् देवनरतिरश्चां प्रभूतसंशयिनां कथं व्याकरणं कुर्वन् संशयव्यवच्छित्तिं करोतीति ?, उच्यते, युगपत्, किमित्याह—

**कालेण असंखेणवि संखातीताण संसईणं तु ।**

---

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૫૭૩॥

**અવતરણિકા :** આનુષંગિક કહ્યું. હવે પ્રસ્તુતદ્વારની વાત કરે છે. તેમાં કોઈને પ્રશ્ન થાય કે ઉત્કૃષ્ટરૂપવડે ભગવાનને શું પ્રયોજન છે ? તેનું સમાધાન કહે છે ⇨

ગાથાર્થ : **ધર્મના ઉદયથી રૂપની પ્રાપ્તિ થાય છે. રૂપવાન એવા પણ જો ધર્મને કરે છે (તો અન્યએ સુતરાં કરવો જોઈએ.) રૂપવાન વ્યક્તિ ગ્રાહ્યવાક્યવાળી થાય છે. તેથી રૂપની પ્રશંસા કરીએ છીએ.**

**ટીકાર્થ :** દુર્ગતિમાં પડતા આત્માને જે ધારે તે ધર્મ. તે ધર્મના ઉદયથી રૂપની પ્રાપ્તિ થાય છે એ પ્રમાણે જાણી શ્રોતાઓ પણ ધર્મમાં પ્રવર્તે. તથા રૂપવાન એવા તીર્થંકરો પણ જો ધર્મને કરે છે તો શેષ લોકોએ તો સુતરાં ધર્મ કરવો જોઈએ એ પ્રમાણે શ્રોતાઓને બુદ્ધિ થાય છે. તથા સુરૂપવાન વ્યક્તિ ગ્રાહ્યવાક્યવાળી અને "ચ" શબ્દથી શ્રોતાઓના રૂપના અભિમાનને દૂર કરનાર થાય છે. આથી ભગવાનના રૂપની પ્રશંસા અમે કરીએ છીએ. ॥૫૭૪॥

**અવતરણિકા :** "રૂપ" નામનું ત્રીજુંદ્વાર પૂર્ણ થયું. હવે "પૃચ્છા" નામનું ચોથુંદ્વાર કહે છે → સંશયવાળા ઘણાં બધાં દેવ– મનુષ્ય – તિર્યંચોને જવાબ આપતા ભગવાન કેવી રીતે સંશયનો નાશ કરે છે ? ઉત્તર – એકસાથે સર્વલોકોના સંશય દૂર કરે છે. શા માટે એક સાથે સંશય દૂર કરે છે ? તેનું સમાધાન આપે છે ⇨

ગાથાર્થ : **(ક્રમશઃ જવાબ આપે તો) ક્રમે બોલવારૂપ દોષને કારણે જ અસંખ્યકાળે પણ**

**मा संसयवोच्छित्ती न होज्ज कमवागरणदोसा ॥५७५॥**

व्याख्या—कालेनासङ्ख्येनापि सङ्ख्यातीतानां संशयिनां—देवादीनां मा संशयव्यवच्छित्तिर्न भवेत्, कुतः ?—क्रमव्याकरणदोषात्, अतो युगपद् व्यागृणातीति गाथार्थः ॥५७५॥

युगपद्व्याकरणगुणं प्रतिपिपादयिषुराह—

**सव्वत्थ अविसमत्तं रिद्धिविसेसो अकालहरणं च ।**
**सव्वण्णुपच्चओऽवि य अचिंतगुणभूतिओ जुगवं ॥५७६॥**

व्याख्या—'सर्वत्र' सर्वसत्त्वेषु 'अविषमत्वं' युगपत् कथनेन तुल्यत्वं भगवत इति, रागद्वेषरहितस्य तुल्यकालसंशयिनां युगपत् जिज्ञासतां कालभेदकथने रागेतरगोचरचित्तवृत्तिप्रसङ्गात्, सामान्यकेवलिनां तत्प्रसङ्ग इति चेत्, न, तेषामित्थं देशनाकरणानुपपत्तेः, तथा ऋद्धिविशेषश्चायं भगवतो—यद् युगपत् सर्वेषामेव संशयिनामशेषसंशयव्यवच्छित्तिं करोतीति । अकालहरणं चेत्थं भगवतः, युगपत् संशयाऽपगमात्, क्रमकथने तु कस्यचित् संशयिनोऽनिवृत्तसंशयस्यैव मरणं स्यात्, न च भगवन्तमप्यवाप्य संशयनिवृत्त्यादिफलरहिता भवन्ति प्राणिन इति, तथा

---

સંશયવાળા અસંખ્ય દેવાદિના સંશય દૂર થાય નહિ. (આથી ભગવાન એકસાથે ઉત્તર આપવા દ્વારા સંશયનાશ કરે છે.)

ટીકાર્થ : ગાથાર્થ મુજબ છે. ॥૫૭૫॥

**અવતરણિકા :** એકસાથે જવાબ આપવાથી કયા ગુણો થાય ? તે કહે છે ➪

ગાથાર્થ : **સર્વત્ર અવિષયપણું – ઋદ્ધિવિશેષ – અકાળહરણ – સર્વજ્ઞતરીકેનો બોધ – અચિંત્ય ગુણસંપત્તિ – (આટલા ગુણો) એકસાથે જવાબ આપવામાં થાય છે.**

ટીકાર્થ : (૧)એકસાથે જવાબ આપવામાં સર્વજીવો વિષે ભગવાનનું તુલ્યપણું જણાય છે, કારણ કે તુલ્યકાળમાં સંશયવાળા તથા એક સાથે પૂછતાં જીવોને રાગ-દ્વેષ રહિત એવા ભગવાન જો જુદા જુદા કાળમાં (ક્રમશઃ) જવાબ આપે તો ભગવાનની રાગ-દ્વેષ વિષયક ચિત્તવૃત્તિ માનવાનો પ્રસંગ આવે, (કારણ કે જેને પહેલો જવાબ આપે તેના પર રાગ માનવો પડે...) તે પ્રસંગ ન આવે તે માટે પ્રભુ એક સાથે જવાબ આપે છે.

**શંકા :** જો આ રીતે ક્રમશઃ જવાબ આપવામાં ભગવાનની રાગ-દ્વેષવિષયક ચિત્તવૃત્તિ માનવાનો પ્રસંગ આવતો હોય, તેથી ભગવાન એકસાથે જવાબ આપતા હોય તો, જે સામાન્યકેવલીઓ છે તેઓ જ્યારે ક્રમશઃ જવાબ આપે ત્યારે આ દોષ તેઓને ન લાગે ?

**સમાધાન :** ના, ન લાગે કારણ કે સામાન્યકેવલીઓ આ રીતે દેશના આપતા નથી. (અર્થાત્ તેમની આવી મોટી પર્ષદા જ હોતી નથી.) તથા (૨) આ ભગવાનની એક વિશિષ્ટ પ્રકારની ઋદ્ધિ છે કે "તેઓ એકસાથે સર્વ સંશયીઓના સર્વ સંશયોનો નાશ કરે છે." (૩) અકાળનું (મરણનું) હરણ થાય છે, કારણ કે એકસાથે સંશય દૂર કરે છે, અર્થાત્ ભગવાન ક્રમશઃ કથન કરે તો કો'ક સંશયવાળા જીવનું સંશય દૂર થયા વિના જ મરણ થાય અને ભગવાનને પામીને ક્યારેય જીવો સંશયનિવૃત્તિ વગેરેરૂપ ફળ પામ્યા વિના રહેતા નથી. તેથી

सर्वज्ञप्रत्ययोऽपि च तेषामित्थमेव भवति, न ह्यसर्वज्ञो हृद्गताशेषसंशयापनोदायालमिति, क्रमव्याकरणे तु कस्यचिदनपेतसंशयस्य तत्प्रतीत्यभावः स्यात्, तथाऽचिन्त्या गुणभूतिः—अचिन्त्या गुणसंपद् भगवत इति, यस्मादेते गुणास्ततो युगपत्कथयति इति गाथार्थः ॥५७६॥ द्वारम् ॥

श्रोतृपरिणामः पर्यालोच्यते—तत्र यथा सर्वसंशयिनां समा सा पारमेश्वरी वागशेषसंशयोन्मूलनेन स्वभाषया परिणमते तथा प्रतिपादयन्नाह—

**वासोदयस्स व जहा वण्णादी होंति भायणविसेसा ।**
**सव्वेसिंपि सभासा जिणभासा परिणमे एवं ॥५७७॥**

व्याख्या—'वर्षोदकस्य वा' वृष्ट्युदकस्य वा, वाशब्दात् अन्यस्य वा, यथैकरूपस्य सतः वर्णादयो भवन्ति, भाजनविशेषात्, कृष्णसुरभिमृत्तिकायां स्वच्छं सुगन्धं रसवच्च भवति ऊषरे तु विपरीतम्, एवं सर्वेषामपि श्रोतॄणां स्वभाषया जिनभाषा परिणमत इति गाथार्थः ॥५७७॥

तीर्थकरवाचः सौभाग्यगुणप्रतिपादनायाह—

**साहारणासवत्ते तदुवओगो उ गाहगगिराए ।**
**न य निव्विज्जइ सोया किढिवाणियदासिआहरणा ॥५७८॥**

---

એક સાથે કથન કરવામાં અકાળનું હરણ થાય છે.

(૪) એકસાથે સંશય દૂર કરવામાં જ સામેવાળાઓને સર્વજ્ઞ તરીકેનો બોધ થાય છે કારણ કે જે અસર્વજ્ઞ છે તે હૃદયગત સંપૂર્ણ સંશયોને દૂર કરવા સમર્થ બનતા નથી. હવે જો ક્રમશઃ ઉત્તર આપે તો સંશય દૂર થયો ન હોય તેવા કો'ક જીવને સર્વજ્ઞ તરીકેનો બોધ થાય નહિ. (૫) ભગવાનની અચિન્ત્ય ગુણસંપત્તિ છે. જે કારણથી આવા બધા ગુણો છે. તે કારણથી એક સાથે ભગવાન જવાબ આપે છે. ॥૫૭૬॥

**અવતરણિકા :** "પૃચ્છા" દ્વાર પૂર્ણ થયું, હવે <u>"શ્રોતાનો પરિણામ"</u> રૂપદ્વાર વિચારાય છે. તેમાં જે રીતે સર્વ સંશયીઓને સમાન એવી તે પારમેશ્વરી વાણી બધા સંશયોને દૂર કરવાવડે સ્વભાવમાં પરિણમે છે તે રીતે બતાવતા કહે છે ➪

**ગાથાર્થ : જેમ વરસાદના પાણીના વર્ણાદિ ભાજનવિશેષથી બદલાય છે, એ પ્રમાણે જિનવાણી પણ સર્વજીવોને સ્વભાષામાં પરિણમે છે.**

**ટીકાર્થ :** એકરૂપવાળા એવા પણ વરસાદના પાણીના, "વા" શબ્દથી અન્ય પાણીના ભાજન(વાસણ) વિશેષથી વર્ણાદિ થાય છે. જેમ કે, કાળી અને સુગંધી માટીવાળા ક્ષેત્રમાં પડેલું પાણી સ્વચ્છ, સુગંધી અને રસવાળું થાય છે, જ્યારે ઉખરભૂમિમાં વિપરીતરૂપે પરિણમે છે. એ પ્રમાણે સર્વ શ્રોતાઓને જિનભાષા સ્વભાષામાં પરિણમે છે ॥૫૭૭॥

**અવતરણિકા :** તીર્થંકરની વાણીનો સૌભાગ્યગુણ કહે છે ➪

**ગાથાર્થ : સાધારણ અને અદ્વિતીય એવી ગ્રાહકવાણીને વિષે (શ્રોતાનો) તદુપયોગ હોય છે. વૃદ્ધ એવી વણિક્દાસીના ઉદાહરણથી શ્રોતા (તે વાણીમાં) કંટાળતો નથી.**

व्याख्या–साधारणा-अनेकप्राणिषु स्वभाषात्वेन परिणमात्, नरकादिभयरक्षणत्वाद्वा, असपत्ना-अद्वितीया, साधारणा( चा )ऽसावसपत्ना चेति समासः, तस्यां साधारणासपत्नायां सत्यां, किम् ?, तस्यामुपयोगस्तदुपयोग एव भवति श्रोतुः, तुशब्दस्यावधारणार्थत्वात्, कस्यां ?– ग्राहयतीति ग्राहिका, ग्राहिका चासौ गीश्च ग्राहकगीः तस्यां ग्राहकगिरि, उपयोगे सत्यप्यन्यत्र निर्वेददर्शनादाह–न च निर्विद्यते श्रोता, कुतः खल्वयमर्थोऽवगन्तव्यः ? इत्याह— किढिवणिग्दास्युदाहरणादिति, तच्चेदम्—[६२]एगस्स वाणियगस्स एका किढिदासी, किढी थेरी, सा गोसे कट्ठाणं गया, तण्हाछुहाकिलंता मज्झण्हे आगया, अतिथेवा कट्ठा आणीयत्ति पिट्टिता भुक्खियतिसिया पुणो पट्ठविया, सा य वड्ढं कट्ठयभारं ओगाहंतीए पोरुसीए गहायागच्छति, कालो य जेट्ठामूलमासो, अह ताए थेरीए कट्ठभाराओ एगं कट्ठं पडियं, ताहे ताए ओणमित्ता तं गहियं, तं समयं च भगवं तित्थगरो धम्मं कहियाइओ जोयणनीहारिणा सरेणं, सा थेरी तं सद्दं सुणेंती

---

ટીકાર્થ : અનેકજીવોને પોતાની ભાષામાં પરિણમતી હોવાથી સાધારણ અને નારકાદિભયથી રક્ષણ કરનારી હોવાથી અદ્વિતીય એવી વાણી હોવાથી શ્રોતાનો તદુપયોગ જ હોય છે. અહીં તે વાણી વિષે જે ઉપયોગ તે તદુપયોગ એ પ્રમાણે સમાસ જાણવો. તથા મૂળગાથામાં રહેલ તુ શબ્દનો અવધારણ (જકાર) અર્થ હોવાથી તદુપયોગ જ હોય છે એમ જણાવેલ છે. ભગવાનની વાણી કેવી છે ? તે કહે છે – ગ્રાહકવાણી છે (અર્થાત્ શ્રોતાઓને તે તે પદાર્થોનો બોધ કરાવનારી છે) તેથી સાધારણ–અદ્વિતીય એવી ગ્રાહકવાણીને વિષે શ્રોતાનો તદુપયોગ જ હોય છે. ક્યાંક સ્થાને એવું જોવા મળે કે વક્તાની વાણીમાં ઉપયોગ હોવા છતાં શ્રોતાને કંટાળો આવે છે, તેથી અહીં કહે છે કે શ્રોતા વાણીમાં કંટાળતો નથી.

શંકા : શ્રોતા વાણીમાં કંટાળતો નથી એવું શાથી જણાય છે ?

સમાધાન : વૃદ્ધ વણિક્દાસીના ઉદાહરણથી શ્રોતા વાણીમાં કંટાળતો નથી એવું જણાય છે. તે ઉદાહરણ આ પ્રમાણે છે – એક વાણિયાને ઘરડી દાસી હતી. તે સવારે લાકડાં લેવા ગઈ. ભૂખ–તરસથી થાકેલી તે મધ્યાહ્ને પાછી આવી. "બહુ થોડાં લાકડાં લાવી છે" એમ જાણી વાણિયાએ દાસીને માર મારી ભૂખી–તરસી પાછી લાકડાં લેવા મોકલી. તે મોટા લાકડાંના ભારને લઈ સાંજના સમયે ચોથી પૌરૂષી શરૂ થતાં પાછી આવતી હતી, તે સમયે જેઠ મહિનો ચાલતો હતો. તે વૃદ્ધાના કાષ્ઠભારમાંથી એક લાકડું નીચે પડી ગયું. તેથી તેને નીચે નમી વૃદ્ધા લેવા ગઈ તે સમયે તીર્થંકરભગવાન યોજનવ્યાપી એવા સ્વરવડે ધર્મને કહેતા હતા. તે શબ્દોને

---

६२. एकस्य वणिजः एका काष्ठिकी दासी, काष्ठिकी स्थविरा, सा गोसे ( प्रत्युषसि ) काष्ठेभ्यो गता, तृष्णाक्षुधाक्लान्ता मध्याह्ने आगता, अतिस्तोकानि काष्ठान्यानीतानीति पिट्टिता बुभुक्षिततृषिता पुनः प्रस्थापिता, सा च बृहन्तं काष्ठभारमवगाहमानायां पौरुष्यां गृहीत्वागच्छति, कालश्च ज्येष्ठामूलो मासः, अथ तस्याः स्थविरायाः काष्ठभारात् एकं काष्ठं पतितं, तदा तयाऽवनम्य तद्गृहीतं, तस्मिन् समये च भगवांस्तीर्थकरो धर्मं कथितवान् योजनव्यापिना स्वरेण, सा स्थविरा तं शब्दं श्रृण्वन्ती

[63]तहेव ओणता सोउमाढत्ता, उण्हं खुहं पिवासं परिस्समं च न विंदइ, सूरत्थमणे तित्थगरो धम्मं कहेउमुट्ठिओ, थेरी गया । एवं —

**सव्वाउअंपि सोया खवेज्ज जइ हु सययं जिणो कहए ।**
**सीउण्हखुप्पिवासापरिस्समभए अविगणेंतो ॥५७९॥**

व्याख्या–भगवति कथयति सति सर्वायुष्कमपि श्रोता क्षपयेत् भगवत्समीपवर्त्त्येव, यदि हु 'सततम्' अनवरतं जिनः कथयेत् । किंविशिष्टः सन्नित्याह—शीतोष्णक्षुत्पिपासापरिश्रम-भयान्यविगणयन्निति गाथार्थः ॥५७९॥ द्वारम् ।

साम्प्रतं दानद्वारावयवार्थमधिकृत्योच्यते–तत्र भगवान् येषु नगरादिषु विहरति, तेभ्यो वार्त्तां ये खल्वानयन्ति, तेभ्यो यत्प्रयच्छन्ति वृत्तिदानं प्रीतिदानं च चक्रवर्त्त्यादयस्त-दुपप्रदिदर्शयिषुराह—

**वित्ती उ सुवण्णस्सा बारस अद्धं च सयसहस्साइं ।**
**तावइयं चिय कोडी पीतीदाणं तु चक्किस्स ॥५८०॥**

व्याख्या–'वृत्तिस्तु' वृत्तिरेव नियुक्तपुरुषेभ्यः, कस्येत्याह–सुवर्णस्य, द्वादश अर्द्धं च शतसहस्राणि, अर्द्धत्रयोदश सुवर्णलक्षा इत्यर्थः, तथा तावत्य एव कोट्यः प्रीतिदानं तु,

---

સાંભળતાં તે વૃદ્ધા તે જ રીતે નમેલી છતી સાંભળવા લાગી. તે સમયે તેણીને તાપ, ભૂખ, તરસ કે પરિશ્રમ એકેયનો અનુભવ થતો ન હતો. સૂર્યાસ્ત સમયે તીર્થંકર ધર્મને કહી ઊભા થયા અને સ્થવિરા પાછી ફરી. આ પ્રમાણે ⇨

**ગાથાર્થ :** જો જિન સતત ધર્મને કહે તો શ્રોતા શીતોષ્ણ–ભૂખ–તરસ–પરિશ્રમ–ભયને નહિ ગણકારતો (ભગવાનની વાણી સાંભળતાં–સાંભળતાં જ) પોતાનું સર્વ આયુષ્ય પૂરું કરી દે.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૭૯॥

**અવતરણિકા :** શ્રોતાના પરિણામરૂપ દ્વાર પૂર્ણ થયું. હવે <u>દાનદ્વાર</u>ના વિસ્તારાર્થને આશ્રયી કહેવાય છે. તેમાં ભગવાન જે નગરાદિમાં વિચરે છે, તે નગરાદિમાંથી ભગવાનના સમાચારને જે લાવે છે તેઓને ચક્રવર્તી વગેરે લોકો જે વૃત્તિદાન કે પ્રીતિદાન આપે છે તે બતાવતા કહે છે ⇨

**ગાથાર્થ : ચક્રવર્તી સાડાબારલાખ સુવર્ણનું વૃત્તિદાન અને તેટલા કરોડ સુવર્ણનું પ્રીતિદાન આપે છે.**

**ટીકાર્થ :** (ભગવાન અત્યારે કયા ગામ–નગરમાં વિચરે છે વગેરે સમાચાર લાવવા) નિયુક્ત કરાયેલ પુરુષોને ચક્રવર્તી સાડાબારલાખ સુવર્ણનું વૃત્તિદાન કરે છે. અને તેટલા જ કરોડ

---

६३. तथैवावनता श्रोतुमारब्धा, उष्णां क्षुधां पिपासां परिश्रमं च न वेत्ति, सूर्यास्तमये तीर्थकरो धर्मं कथयित्वोत्थितः, स्थविरा गता.

केषामित्याह—चक्रवर्त्तिनां, तत्र वृत्तिर्या परिभाषिता नियुक्तपुरुषेभ्यः, प्रीतिदानं यद् भगवदागमननिवेदने परमहर्षात् नियुक्तेतरेभ्यो दीयत इति, तत्र वृत्तिः संवत्सरनियता, प्रीतिदानमनियतम्, इति गाथार्थः ॥५८०॥

**एयं चेव पमाणं णवरं रययं तु केसवा दिंति ।**
**मंडलिआण सहस्सा पीईदाणं सयसहस्सा ॥५८१॥**

व्याख्या–एतदेव प्रमाणं वृत्तिप्रीतिदानयोः, नवरं 'रजतं तु' रू( प्यं )प्यं तु 'केशवाः' वासुदेवा ददति, तथा माण्डलिकानां राज्ञां सहस्राण्यर्द्धत्रयोदश रूप्यस्य वृत्तिर्नियुक्तेभ्यो वेदितव्या, 'पीईदाणं सतसहस्सं'ति 'सूचनात् सूत्र' मिति प्रीतिदानमर्द्धत्रयोदशशतसहस्राण्यवगन्तव्यानीति गाथार्थः ॥५८१॥

किमेत एव महापुरुषाः प्रयच्छन्ति ?, नेत्याह—

**भत्तिविहवाणुरूवं अण्णेऽवि य देंति इब्भमाईया ।**
**सोऊण जिणागमणं निउत्तमणिओइएसुं वा ॥५८२॥**

व्याख्या–भक्तिविभवानुरूपं अन्येऽपि च ददति इभ्यादयः, इभ्यो-महाधनपतिः, आदिशब्दात् नगरग्रामभोगिकादयः, कदा ?–श्रुत्वा जिनागमनं, केभ्यो ?-नियुक्तानियोजितेभ्यो वेति, गाथार्थः ॥५८२॥

---

સુવર્ણનું પ્રીતિદાન કરે છે. તેમાં વૃત્તિ એટલે નિયુક્તપુરુષોને નક્કી કરેલો પગાર અને પ્રીતિદાન એટલે ભગવાનના આગમનનું નિવેદન કરનાર નિયુક્તપુરુષો કરતાં અન્યને હર્ષના વશથી જે રકમ અપાય તે. વૃત્તિ વર્ષે–વર્ષે નિયત કરેલી હોય છે. (અર્થાત્ દર વર્ષે સાડાબારલાખસુવર્ણનો પગાર અપાય.) જ્યારે પ્રીતિદાન અનિયત હોય છે (અર્થાત્ વર્ષે જ આપવું એવો નિયમ નહિ પણ જ્યારે આગમનના સમાચાર લાવે ત્યારે આપે.) ॥૫૮૦॥

**ગાથાર્થ : કેશવો પણ આટલી જ રકમ આપે છે. પરંતુ સુવર્ણને બદલે રજત આપે છે. માંડલિકરાજાઓ સાડાબાર હજાર રૂપિયા વૃત્તિદાન તરીકે અને સાડાબાર લાખ રૂપિયા પ્રીતિદાન રૂપે આપે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૮૧॥

અવતરણિકા : શંકા : શું આજ મહાપુરુષો દાન આપે છે ? ના, તે કહે છે ⇨

**ગાથાર્થ : પરમાત્માના આગમનને સાંભળી નિયુક્ત અથવા અનિયુક્તવ્યક્તિઓને અન્ય શ્રેષ્ઠિ વગેરે પણ ભક્તિ–વૈભવને અનુરૂપ દાન આપે છે.**

**ટીકાર્થ :** અન્ય વગેરે પણ, તેમાં ઈભ્ય એટલે મહાધનપતિ અને આદિશબ્દથી નગરભોજિક–ગ્રામભોજિક (ગામનો મુખી) વગેરે વ્યક્તિઓ ભક્તિ અને વૈભવને અનુરૂપ દાન આપે છે. ક્યારે આપે છે ? – પ્રભુનું આગમન સાંભળીને, કોને આપે છે ? – નિયુક્ત અથવા અનિયુક્તવ્યક્તિઓને દાન આપે છે. ॥૫૮૨॥

तेषामित्थं प्रयच्छतां के गुणा इति ?, उच्यते—

**देवाणुअत्ति भत्ती पूया थिरकरण सत्तअणुकंपा ।**
**साओदय दाणगुणा पभावणा चेव तित्थस्स ॥५८३॥**

व्याख्या–देवानुवृत्तिः कृता भवति, कथं ?, यतो देवा अपि भगवतः पूजां कुर्वन्त्यतः तदनुवृत्तिः कृता भवति, तथा भक्तिश्च भगवतः कृता भवति, तथा पूजा च, तथा स्थिरीकरणमभिनवश्राद्धकानां, तथा कथकसत्त्वानुकम्पा च कृतेति, तथा सातोदयवेदनीयं बध्यते, एते दानगुणाः, तथा प्रभावना चैव तीर्थस्य कृता भवतीति गाथार्थः ॥५८३॥ द्वारं ॥

साम्प्रतं देवमाल्यद्वारावयवार्थमधिकृत्योच्यते–तत्र भगवान् प्रथमां सम्पूर्णपौरुषीं धर्ममाचष्टे, अत्रान्तरे देवमाल्यं प्रविशति, बलिरित्यर्थः, आह–कस्तं करोति इति ?, उच्यते—

**राया व रायमच्चो तस्सऽसई पउरजणवओ वाऽवि ।**
**दुब्बलिखंडियबलिछडिय तंदुलाणाढगं कलमा ॥५८४॥**

व्याख्या- 'राजा वा' चक्रवर्तिमण्डलिकादिः 'राजामात्यो वा' अमात्यो-मन्त्री, तस्य राज्ञोऽमात्यस्य वा असति-अभावे नगरनिवासिविशिष्टलोकसमुदायः पौरं तत्करोति, ग्रामादिषु

---

**અવતરણિકા :** ચક્રવર્તી વગેરેઓને આ રીતે દાન આપતા કયો ગુણ થાય છે ? તે કહે છે ➪

**ગાથાર્થ : દેવાનુવૃત્તિ – ભક્તિ – પૂજા – સ્થિરીકરણ – સત્ત્વાનુકંપા – શાતાનો ઉદય – અને તીર્થપ્રભાવના આટલા દાનના ગુણો થાય છે.**

**ટીકાર્થ :** દેવો પણ ભગવાનની પૂજા કરે છે, તેથી એ રીતે દાન આપવાથી દેવોનું અનુકરણ થાય છે. તથા ભગવાનની ભક્તિ અને પૂજા કરાયેલી થાય છે. ધર્મમાં નવા જોડાયેલા શ્રદ્ધાવાળા જીવોનું સ્થિરીકરણ થાય છે. ભગવાનના સમાચારનિવેદકો ઉપર અનુકંપા કરાયેલી થાય છે. શાતાવેદનીય બંધાય છે તથા તીર્થની પ્રભાવના કરાયેલી થાય છે. આ બધા દાનના ગુણો થાય છે. ॥૫૮૩॥

**અવતરણિકા :** "દાન" દ્વાર પૂર્ણ થયું. હવે દેવમાલ્યદ્વારના વિસ્તારાર્થને આશ્રયી કહેવાય છે – તેમાં ભગવાન પ્રથમ સંપૂર્ણ પૌરુષી ધર્મ કહે છે, તે સમયે દેવમાલ્ય–બલિનો પ્રવેશ થાય છે. તે બલિને કોણ કરે છે ? તેનું સમાધાન આપતા આગળ કહે છે ➪

**ગાથાર્થ : રાજા અથવા મંત્રી, તે ન હોય તો નગરવાસી વિશિષ્ટલોક બલિ કરે છે. દુર્બળ સ્ત્રીવડે ખંડાયેલા અને બળવાન સ્ત્રીવડે છડેલા એક આઢકપ્રમાણ ચોખાની તે બલિ હોય છે.**

**ટીકાર્થ :** ચક્રવર્તી–માંડલિકાદિ રાજા અથવા મંત્રી, અથવા રાજા કે મંત્રી ન હોય તો, નગરવાસી વિશિષ્ટલોકનો સમુદાય કે જેને પૌર કહેવાય છે તેઓ અથવા ગ્રામાદિમાં રહેલ

जनपदो वा, अत्र जनपदशब्देन तन्निवासी लोकः परिगृह्यते, स किंविशिष्टः किंपरिणामो वा क्रियत इति ? आह- 'दुब्बलीत्यादि, तत्र दुर्बलिकया खण्डितानां 'बली'ति बलवत्या छटितानां तन्दुलानाम् आढकं - चतुःप्रस्थपरिमाणं, 'कलमे'ति प्राकृतशैल्या कलमानां - तन्दुलानाम् इति गाथार्थः ॥५८४॥

किंविशिष्टानामिति ? आह -

**भाइयपुणाणियाणं अखंडफुडियाण फलगसरियाणं ।**
**कीरइ बली सुरावि य तत्थेव छुहंति गंधाई ॥५८५॥**

व्याख्या - विभक्तपुनरानीतानां भाजनम्- ईश्वरादिगृहेषु वीननार्थमर्प्पणं तेभ्यः प्रत्यानयनं- पुनरानयनमिति, विभक्ताश्च ते पुनरानीताश्चेति समासः, तेषां, किंविशिष्टानाम् ?-अखण्डाः - सम्पूर्णावयवाः अस्फुटिताः- राजीरहिताः, अखण्डाश्च तेऽस्फुटिताश्च इति समासः, तेषां, 'फलगसरिताणं' ति फलकवीनितानाम् एवंभूतानामाढकं क्रियते बलिः, सुरा अपि च तत्रैव बलौ प्रक्षिपन्ति गन्धादीनिति गाथार्थः ॥५८५॥ द्वारं ॥

माल्यानयनद्वारं, इदानीं तमित्थं निष्पन्नं बलिं राजादयस्त्रिदशसहिताः गृहीत्वा तूर्यनिनादेन दिग्मण्डलमापूरयन्तः खल्वागच्छन्ति, पूर्वद्वारेण च प्रवेशयन्ति, अत्रान्तरे भगवानप्युपसंहरतीति, आह -

---

જનપદ આ બલિને કરે છે. અહીં જનપદશબ્દથી ગ્રામાદિમાં રહેનાર સામાન્ય લોક જાણવો. તે બલિ કેવા પ્રકારનો અથવા કેટલા પ્રમાણનો હોય છે ? તે કહે છે – દુર્બળ સ્ત્રીવડે કંડન કરાયેલા (અહીં કંડન એટલે ચોખાને ફોતરાથી દૂર કરી મૂશળ–સાંબેલાવડે ખાંડવા. તથા દુર્બળ સ્ત્રી લેવાનું પ્રયોજન એ છે કે ખાંડતી વખતે કોઈ ચોખાનો દાણો તૂટી ન જાય) અને બળવાન સ્ત્રીવડે છડેલા, (છડેલા એટલે કંડન કર્યા પછી રહી ગયેલા ફોતરાને દૂર કરવા અને બળવાન એટલા માટે કે ફોતરું રહી ન જાય) એવા આઢક પ્રમાણ (એક પ્રકારનું માપિયું) કલમોની = ચોખાની બલિ હોય છે. ॥૫૮૪॥

અવતરણિકા : તે ચોખા કેવા પ્રકારના હોય છે ? તે કહે છે ➪

ગાથાર્થ : **વીણવા આપીને પુનઃ લવાયેલા, અખંડ અને રાજીરહિત, તથા ફલકમાં વીનિત (વીણેલા) એવા ચોખાનો બલિ કરાય છે. દેવો પણ તે બલિમાં સુગંધીદ્રવ્યો વગેરે નાંખે છે.**

**ટીકાર્થ :** શ્રીમંત શેઠ વિગેરેના ઘરમાં વીણવા માટે આપવું તે વિભક્ત (વહેંચણી) અને તેમના ઘરેથી લાવવા તે પુનરાનયન કહેવાય છે. આ રીતે વીણીને ફરી લવાયેલા, અખંડિત તથા રાજી (તિરાડ) વિનાના, ફલકમાં (ભાજન વિશેષમાં) વીણેલા એવા ચોખાનો એક આઢક પ્રમાણ બલિ કરાય છે. દેવો પણ તે બલિમાં સુગંધીદ્રવ્યો વગેરે નાંખે છે. ॥૫૮૫॥

**અવતરણિકા :** "માલ્યાનયન" દ્વાર પૂર્ણ થયું. હવે આ રીતે બનાવેલા બલિને લઈને દેવો સહિત ચક્રવર્તી વગેરે વાજિંત્રોના અવાજવડે દિશામંડળીને પૂરતાં–પૂરતાં આવે છે અને પૂર્વદ્વારથી પ્રવેશ કરે છે. તે સમયે ભગવાન પણ દેશના પૂર્ણ કરે છે. તે વાત કહે છે ➪

**बलिपविसणसमकालं पुव्वद्दारेण ठाति परिकहणा ।**
**तिगुणं पुरओ पाडण तस्सद्धं अवडियं देवा ॥ ५८६॥**

व्याख्या–पूर्वद्वारेणेति व्यवहित उपन्यासः, बलेः प्रवेशनं पूर्वद्वारेण, बलिप्रवेशनसमकालं 'तिष्ठति' उपरमते धर्मकथेति, 'तिगुणं पुरओ पाडण' प्रविश्य राजादिर्बलिव्यग्रदेहो भगवन्तं त्रिः प्रदक्षिणीकृत्य तं बलिं तत्पादान्तिके पुरतः पातयति, तस्य चार्द्धमपतितं देवाः गृह्णन्ति, इति गाथार्थः ॥५८६॥

**अद्धद्धं अहिवइणो अवसेसं हवइ पागयजणस्स ।**
**सव्वामयप्पसमणी कुप्पइ णऽण्णो य छम्मासे ॥५८७॥**

व्याख्या–शेषार्द्धस्य अर्द्धं–अर्द्धार्द्धं तदधिपतेर्भवति राज्ञ इत्यर्थः, अवशेषं यद्बलेरास्ते तद्भवति कस्य ?, प्रकृतिषु भवः प्राकृतो–जनस्तस्य, स चेत्थंसामर्थ्यो भवति–ततः सिक्थेनापि शिरसि प्रक्षिप्तेन रोगः खलूपशमं याति, अपूर्वश्च षण्मासान् यावन्न भवतीति, आह च–सर्वामयप्रशमनः, कुप्यति नान्यश्च षण्मासं यावत् । प्राकृतशैल्या स्त्रीलिङ्गनिर्देश इति गाथार्थः, अपरे त्वनन्तरोक्तद्वारद्वयमप्येकद्वारीकृत्य व्याचक्षते, तथापि अविरोध इति ॥५८७॥ द्वारम् ॥

इत्थं बलौ प्रक्षिप्ते भगवान् प्रथमात् प्राकारान्तरात् उत्तरद्वारेण निर्गत्य उत्तरपूर्वायां दिशि

---

**ગાથાર્થ : પૂર્વદ્વારથી બલિનું પ્રવેશન થાય છે,તે સમયે પરિકથના અટકે છે. ત્રણ પ્રદક્ષિણા – ભગવાનની આગળ બલિનું પાડવું – બલિનું અડધું નહિ પડેલું છતું દેવો ગ્રહણ કરે છે.**

**ટીકાર્થ :** મૂળગાથામાં લખેલ '**पूर्वद्वारेण**' શબ્દનો અન્ય સ્થાને ઉપન્યાસ કરવો. જેથી પૂર્વદ્વારથી બલિનો પ્રવેશ થાય છે. બલિના પ્રવેશ સમયે જ ધર્મકથા થંભે છે. હાથમાં બલિ લઈને રાજાદિ ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપીને બલિને ભગવાનના ચરણો પાસે સામેથી નાંખે છે અને પડતા પહેલા જ બલિમાંથી અડધો ભાગ દેવો ગ્રહણ કરે છે. ॥૫૮૬॥

**ગાથાર્થ : અડધાનો અડધો ભાગ રાજાનો અને શેષ બલિ સામાન્યજનની હોય છે. આ બલિ સર્વરોગોને શાંત કરનારી હોય છે તથા છ મહિના સુધી અન્ય રોગો થતાં નથી.**

**ટીકાર્થ :** શેષ અડધાનો અડધો ભાગ રાજાને પ્રાપ્ત થાય છે. તથા બલિનું જે અવશેષ બાકી રહ્યું, તે સામાન્યજનને પ્રાપ્ત થાય છે. તે બલિનું સામર્થ્ય આ પ્રમાણે છે – તે બલિનો એક દાણો પણ મસ્તકે નાખવાથી રોગ (વર્તમાન રોગ હોય તો તે) નાશ પામે છે અને છ મહિના સુધી તે વ્યક્તિને નવો રોગ થતો નથી. જો કે સંસ્કૃતમાં 'બલિ' શબ્દ પુલ્લિંગ છે અને મૂળગાથામાં તેનું "સવ્વામયપ્પસમણી" વિશેષણ સ્ત્રીલિંગમાં છે તે પ્રાકૃત હોવાને કારણે છે. કેટલાક આચાર્યો દેવમાલ્ય અને માલ્યાનયનરૂપ બંને દ્વાર એક જ છે એમ કહે છે. તેમાં પણ કોઈ વિરોધ નથી. ॥૫૮૭॥

**અવતરણિકા :** આ રીતે બલિનો પ્રક્ષેપ (ઉછાળ્યા) પછી ભગવાન્ પ્રથમપ્રાકારમાંથી

देवच्छन्दके यथासुखं समाधिना व्यवतिष्ठत इति । भगवत्युत्थिते द्वितीयपौरुष्यामाद्यगणधरोऽन्यतमो वा धर्ममाचष्टे । आह–भगवानेव किमिति नाचष्टे ?, तत्कथने के गुणा इति ?, उच्यते–

**खेयविणोओ सीसगुणदीवणा पच्चओ उभयओऽवि ।**
**सीसायरियकमोऽवि य गणहरकहणे गुणा होंति ॥५८८॥**

व्याख्या–खेदविनोदो भगवतो भवति, परिश्रमविश्राम इत्यर्थः, तथा 'शिष्यगुणदीपना' शिष्यगुणप्रख्यापना च कृता भवति, तथा प्रत्यय उभयतोऽपि श्रोतृणामुपजायते-यथा भगवताऽभ्यधायि तथा गणधरेणापि, गणधरे वा तदनन्तरं तदुक्तानुवादिनि प्रत्ययो भवति श्रोतृणाम्-नान्यथावाद्ययमिति, तथा शिष्याचार्यक्रमोऽपि च दर्शितो भवति, आचार्यात् उपश्रुत्य योग्यशिष्येण तदर्थान्वाख्यानं कर्त्तव्यमिति, एते गणधरकथने गुणा भवन्ति इति गाथार्थः ॥५८८॥

आह–स गणधरः क्व निषण्णः कथयतीति ?, उच्यते—

**राओवणीयसीहासणे निविट्ठो व पायवीढंमि ।**
**जिट्ठो अन्नयरो वा गणहारी कहइ बीआए ॥५८९॥**

---

ઉત્તરદ્વારથી નીકળી ઈશાનખૂણામાં રહેલ દેવચ્છંદકમાં સુખપૂર્વક સમાધિ સાથે રહે છે. ભગવાનના ગયા પછી બીજી પૌરુષીમાં પ્રથમગણધર અથવા કોઈ અન્યગણધર ધર્મ કહે છે.

**શંકા :** બીજી પૌરુષીમાં ભગવાન કેમ ધર્મ કહેતા નથી ? અને ગણધર ધર્મ કહે તેમાં કયા ગુણો થાય છે ? તેના સમાધાનરૂપે આગળ કહે છે ➪

**ગાથાર્થ : ખેદવિનોદ – શિષ્યના ગુણોનું દીપન – ઉભયથા પણ પ્રત્યય – શિષ્યાચાર્યક્રમ – આટલા ગુણો ગણધરના કથનમાં થાય છે.**

**ટીકાર્થ :** ગણધરભગવંત ધર્મ કહે તો, ભગવાનના ખેદનો વિનોદ=પરિશ્રમ દૂર થાય છે તથા શિષ્યના ગુણો જણાયેલા થાય છે અર્થાત્ ગણધર પણ ગુણવાન છે એ લોકોને ખબર પડે છે. શ્રોતાઓને બંને રીતે વિશ્વાસ થાય છે કે "જે રીતે ભગવાને કહ્યું, તે રીતે ગણધરે પણ કહ્યું." અથવા ભગવાન પછી ભગવાનવડે કહેવાયેલા અર્થોનું અનુવાદન કરતાં ગણધર વિષે શ્રોતાઓને વિશ્વાસ જાગે કે "આ ભગવાન કરતા જુદું કહેતા નથી." તથા આચાર્ય પાસેથી સાંભળીને યોગ્ય શિષ્યે આચાર્યવડે કહેવાયેલા અર્થનું ફરી વ્યાખ્યાન કરવા યોગ્ય છે" એ પ્રમાણેનો આચાર્ય – શિષ્યનો ક્રમ પણ જણાવાયેલો થાય છે. આ બધા ગુણો ગણધરના કથનમાં થાય છે. ॥૫૮૮॥

**અવતરણિકા : શંકા :** તે ગણધર કયા સ્થાને બેસીને ધર્મ કહે છે ? – તેનું સમાધાન આપે છે ➪

**ગાથાર્થ : રાજાવડે લવાયેલ સિંહાસનને વિષે અથવા પાદપીઠને વિષે બેઠેલા જ્યેષ્ઠ અથવા અન્યગણધર બીજી પૌરુષીમાં ધર્મ કહે છે.**

व्याख्या–राज्ञा उपनीतं राजोपनीतं राजोपनीतं च तत् सिंहासनं चेति समासः, तस्मिन् राजोपनीतसिंहासने उपविष्टो वा भगवत्पादपीठे, स च ज्येष्ठः अन्यतरो वा गणं-साध्व्यादिसमुदायलक्षणं धारयितुं शीलमस्येति गणधारी कथयति द्वितीयायां पौरुष्यामिति गाथार्थः ॥५८९॥

आह–स कथयन् कथं कथयतीति ?, उच्यते—

**संखाईएऽवि भवे साहइ जं वा परो उ पुच्छिज्जा ।**
**ण य णं अणाइसेसी वियाणई एस छउमत्थो ॥५९०॥**

व्याख्या–सङ्ख्यातीतानपि भवान्, असङ्ख्येयानित्यर्थः, किं ?-'साहइ'त्ति देशीवचनतः कथयति, एतदुक्तं भवति असङ्ख्येयभवेषु यदभवद्भविष्यति वा, यद्वा वस्तुजातं परस्तु पृच्छेत् तत्सर्वं कथयतीति, अनेनाशेषाभिलाप्यपदार्थप्रतिपादनशक्तिमाह, किं बहुना ?-'न च' नैव, णमिति वाक्यालङ्कारे, 'अणाइसेसि'त्ति अनतिशयी अवध्याद्यतिशयरहित इत्यर्थः, विजानाति यथा एष गणधरछद्मस्थ इति, अशेषप्रश्नोत्तरप्रदानसमर्थत्वात्तस्येति गाथार्थः ॥५९०॥

समवसरणं समत्तं, एवं तावत्समवसरणवक्तव्यता सामान्येनोक्ता, प्रकृतमिदानीं प्रस्तूयते– तत्र भगवतः समवसरणे निष्पन्ने सत्यत्रान्तरे देवजयशब्दसम्मिश्रदिव्यदुन्दुभिशब्दाकर्ण-नोत्फुल्लनयनगगनावलोकनोपलब्धस्वर्गवधूसमेतसुरवृन्दानां यज्ञपाटकसमीपाभ्यागतजनानां

**ટીકાર્થ :** (ગાથાર્થ મુજબ જ છે માટે ટીકાર્થ લખાતો નથી.) ગણધર એટલે સાધ્વાદિ સમુદાયને ધારણ કરનાર. ॥૫૮૯॥

**અવતરણિકા : શંકા :** ગણધરભગવંત કેવી રીતે ધર્મ કહે છે ? તેના સમાધાનમાં કહે છે ➪

**ગાથાર્થ : સંખ્યાતીત ભવોને અથવા સામે વાળો જે પૂછે તેને કહે છે. "આ છદ્મસ્થ છે" એમ અનતિશાયી જાણી શકતો નથી.**

**ગાથાર્થ :** સંખ્યાતીત=અસંખ્યભવોમાં જે બન્યું અથવા જે બનવાનું છે તે કહે છે. અથવા સામી વ્યક્તિ જે વસ્તુસમૂહને (જે કોઈપણ વસ્તુને) પૂછે તેનો જવાબ ગણધર ભગવંત આપે છે. આવું કહેવા દ્વારા ગણધરની બધા અભિલાપ્ય પદાર્થોનું પ્રતિપાદન કરવાની શક્તિ જણાવી. વધારે શું કહીએ ? અવધિ વગેરે અતિશયોથી રહિત જીવ જાણી શકતો નથી કે "આ છદ્મસ્થ છે" કારણ કે આ ગણધર બધા ઉત્તરો આપવાના સામર્થ્યવાળા હોય છે. ॥૫૯૦॥

**અવતરણિકા :** આ પ્રમાણે સમવસરણની વક્તવ્યતા સામાન્યથી કહી. હવે પ્રસ્તુત કહેવાય છે (સોમિલ યજ્ઞ કરાવી રહ્યા છે, તે વાતનું અનુસંધાન જોડવું.) તેમાં ભગવાન માટે સમવસરણ રચાયે છતે "જય થાઓ જય થાઓ" એ પ્રમાણેના દેવોના જયશબ્દથી સંમિશ્ર એવા દિવ્ય દુંદુભિઓના શબ્દોને સાંભળી લોકોએ આંખો ઊંચી કરીને આકાશમાં જોયું, તો દેવાંગનાઓ સહિત દેવોનો સમૂહ દેખાયો. તેથી યજ્ઞપાટક પાસે આવેલા લોકોને (સમાસ વિગ્રહ આ પ્રમાણે

परितोषोऽभवद्-अहो स्विष्टं, विग्रहवन्तः खलु देवा आगता इत्याह—

**तं दिव्वदेवघोसं सोऊणं माणुसा तहिं तुट्ठा ।**
**अहो( हु ) जण्णिएण जट्ठं देवा किर आगया इहइं ॥५९१॥**

व्याख्या—तं दिव्यदेवघोषं श्रुत्वा मनुष्याः 'तत्र' यज्ञपाटे तुष्टाः, 'अहो' ! विस्मये, यज्ञेन यजति लोकानिति याज्ञिकः तेनेष्टं, कुतः ?—एते देवाः किल आगता अत्रेति, किलशब्दः संशय एव, तेषामन्यत्र गमनादिति गाथार्थः ॥५९१॥

तत्र च यज्ञपाटे वेदार्थविदः एकादशापि गणधरा ऋत्विजः समन्वागता इत्याह च—

**एक्कारसवि गणहरा सव्वे उण्णयविसालकुलवंसा ।**
**पावाएँ मज्झिमाए समोसढा जन्नवाडम्मि ॥५९२॥**

व्याख्या—एकादशापि गणधराः समवसृताः यज्ञपाट इति योगः, किंभूता इत्याह—'सर्वे' निरवशेषाः उन्नताः—प्रधानजातित्वात् विशालाः—पितामहपितृव्याद्यनेकसमाकुलाः कुलान्येव वंशाः—

---

જાણવો – ઊંચા થયેલા નયનોવડે ગગનના અવલોકનથી જાણેલા છે દેવલોકની વધૂ (અપ્સરાઓ)થી યુક્ત દેવોના સમૂહ જેમનાવડે એવા યજ્ઞપાટક પાસે આવેલા લોકોને) સંતોષ થયો કે "અહો ! આ કેવું સરસ કે વિગ્રહવાળા=દેહધારી (સાક્ષાત્) દેવો આવે છે." આ વાતને આગળ જણાવે છે ➪

ગાથાર્થ : **યજ્ઞપાટકમાં રહેલા મનુષ્યો તે દિવ્ય દેવઘોષને સાંભળીને તુષ્ટ થયા –"અહો! યાજ્ઞિકવડે (સરસ) યજ્ઞ કરાયો છે, જેથી દેવો અહીં આવે છે."**

**ટીકાર્થ :** તે દિવ્ય દેવઘોષને સાંભળીને યજ્ઞપાટકમાં મનુષ્યો આનંદિત થયા – "અહો !" શબ્દ આશ્ચર્યના અર્થમાં છે. યજ્ઞવડે લોકોને ઇષ્ટદેવની પૂજામાં જોડે તે યાજ્ઞિક ('**यजति**' શબ્દને બદલે પૂ. મલયગિરિઆચાર્યની ટીકામાં '**याजयति**' શબ્દ છે જે સંગત લાગતા એ પ્રમાણે અર્થ કર્યો છે.) "અહો ! આ યાજ્ઞિકે કેવો સરસ યજ્ઞ કર્યો કે જેમાં દેવો આવે છે" (આ રીતે મનુષ્યો આનંદ પામ્યા.) મૂળગાથામાં "किल" શબ્દ સંશયમાં જાણવો, કારણ કે તે દેવોનું અન્યત્ર ગમન થતું હતું. (ભાવાર્થ એ છે કે શાસ્ત્રકારે મૂળગાથામાં "किल" શબ્દ દ્વારા જણાવ્યું કે તે મનુષ્યો સંશયમાં હતા કે શું દેવો અહીં આવે છે ?) ॥૫૯૧॥

**અવતરણિકા :** તે યજ્ઞપાટકમાં વેદના અર્થોને જાણનાર અગિયાર ઋત્વિજ (બ્રાહ્મણ) ગણધરો આવેલા હતા તે વાત આગળ કહે છે ➪

ગાથાર્થ : **ઊંચીજાતિના અને વિશાળ કુલરૂપી વંશવાળા બધા અગિયાર ગણધરો મધ્યમ અપાપાનગરીમાં યજ્ઞપાટકને વિષે ભેગા થયા હતા.**

**ટીકાર્થ :** "અગિયાર ગણધરો યજ્ઞપાટકમાં ભેગા થયા હતા" એ પ્રમાણે અન્વય જાણવો. તે ગણધરો કેવા હતા ? તે કહે છે – બધા જ ગણધરો પ્રધાનજાતિવાળા હોવાથી ઉન્નત અને દાદા–કાકાદિ અનેક સ્વજનોથી યુક્ત વિશાળ વંશવાળા હતા. આવા તે ગણધરો મધ્યમ–

अन्वया येषां ते तथाविधाः, पापायां मध्यमायां 'समवसृताः' एकीभूताः, क्व ?–यज्ञपाट इति गाथार्थः ॥५९२॥

आह—किमाद्याः किंनामानो वा त एते गणधराः इति ?, उच्यते—

**पढमित्थ इंदभूई बिइओ उण होइ अग्गिभूइत्ति ।**
**तइए य वाउभूई तओ वियत्ते सुहम्मे य ॥५९३॥**

व्याख्या–प्रथमः 'अत्र' गणधरमध्ये इन्द्रभूतिः, द्वितीयः पुनर्भवति अग्निभूतिरिति, तृतीयश्च वायुभूतिः, ततो व्यक्तः चतुर्थः सुधर्मश्च★ पञ्चमः, इति गाथार्थः ॥५९३॥

**मंडियमोरियपुत्ते अकंपिए चेव अयलभाया य ।**
**मेयज्जे य पभासे गणहरा होंति वीरस्स ॥५९४॥**

व्याख्या–मण्डिकपुत्रः मौर्यपुत्रः, पुत्रशब्दः प्रत्येकमभिसम्बध्यते, अकम्पितश्चैव अचलभ्राता च मेतार्यश्च प्रभासः, एते गणधरा भवन्ति वीरस्य इति गाथार्थः ॥५९४॥

**जंकारण णिक्खमणं वोच्छं एएसि आणुपुव्वीए ।**
**तित्थं च सुहम्माओ णिरवच्चा गणहरा सेसा ॥५९५॥**

व्याख्या–'यत्कारणं' यन्निमित्तं निष्क्रमणं यत्तदोर्नित्यसम्बन्धात् तत् वक्ष्ये 'एतेषां' गणधराणाम्

---

અપાપાનગરીમાં યજ્ઞપાટકમાં ભેગા થયા હતા. ॥૫૯૨॥

**અવતરણિકા :** શંકા : અગિયારમાં પ્રથમ વગેરે કોણ હતા ? અથવા તે ગણધરોનું નામ શું હતું ? તે કહે છે ⇨

**ગાથાર્થ : પ્રથમ ઇન્દ્રભૂતિ, બીજા અગ્નિભૂતિ, ત્રીજા વાયુભૂતિ, ચોથા વ્યક્ત અને પાંચમા સુધર્મ.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૫૯૩॥

**ગાથાર્થ : ત્યાર પછી મંડિકપુત્ર, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ આ અગિયાર ગણધરો પ્રભુવીરને હતા.**

**ટીકાર્થ :** ગાથાના અર્થ મુજબ જ છે. ॥૫૯૪॥

**ગાથાર્થ : જે નિમિત્તે એઓનું નિષ્ક્રમણ થયું (તે કારણને) ક્રમશઃ કહીશ. સુધર્મથી તીર્થ થયું. શેષ ગણધરો શિષ્યગણથી રહિત હતા.**

**ટીકાર્થ :** જે નિમિત્તથી તેઓની દીક્ષા થઈ તે નિમિત્તને ક્રમશઃ હું કહીશ. જો કે મૂળગાથામાં **'यत्'** શબ્દ જ છે **'तत्'** (તે નિમિત્તને) શબ્દ નથી. છતાં **'यत्तदोर्नित्यसम्बन्धात् - यत्** અને **तत्** શબ્દોનો નિત્ય સંબંધ હોવાથી **'तत्'** શબ્દ જાણી લેવો. તથા સુધર્માસ્વામીથી તીર્થ પ્રવર્ત્યું.

---

★ सुधर्मेति स्याद्वाच्यं, परं सुधर्म इति संज्ञा तस्य, यद्वा 'सुः पूजाया' मिति तत्पुरुषे अभ्रादित्वादे- र्सुधर्म इति, अथ च समासान्तविधेरनित्यत्वाद्, अथवा केषाञ्चिन्मतेनान् विकल्पत एवेति बोध्यं यथायथं सुधिया.

'आनुपूर्व्या' परिपाट्या, तथा तीर्थं च सुधर्मात् सञ्जातं, 'निरपत्याः' शिष्यगणरहिताः गणधराः 'शेषाः' इन्द्रभूत्यादयः इति गाथार्थः ॥५९५॥

तत्र जीवादिसंशयापनोदनिमित्तं गणधरनिष्क्रमणमितिकृत्वा यो यस्य संशयस्तदुपदर्शनायाह—

**जीवे कम्मे तज्जीव भूय तारिसय बंधमोक्खे य ।**
**देवा णेरइए या पुण्णे परलोय णेव्वाणे ॥५९६॥**

व्याख्या–एकस्य जीवे संशयः-किमस्ति नास्ति इति, तथा परस्य कर्मणि, **ज्ञानवरणीयादिलक्षणं कर्म किमस्ति नास्ति ? इति, अपरस्य 'तज्जीवे' त्ति किं तदेव शरीरं स एव जीव उत अन्य इति, न जीवसत्तायाम् इति, तथा 'भूते'ति अपरस्य भूतेषु संशयः, पृथिव्यादीनी भूतानि सन्ति न वेति, अपरस्य 'तारिसय' त्ति किं यो यादृश इह भवे स तादृश एव अन्यस्मिन्नपि ? उत नेति, 'बन्धमोक्खे य'त्ति अपरस्य तु किं बन्धमोक्षौ स्तः ? उत न इति, आह–कर्मसंशयात् ऽस्य को विशेष इति ?, उच्यते, स कर्मसत्तागोचरः, अयं तु तदस्तित्वे सत्यपि**

---

(કારણ કે) શેષ ગણધરો શિષ્યગણથી રહિત હતા. (અર્થાત્ તેમના શિષ્યો સુધર્માસ્વામીને સોંપીને ગયા હોવાથી તેમની પરંપરા આગળ ન ચાલી.) ॥૫૯૫॥

**અવતરણિકા :** જીવાદિ સંશયનો નાશ એ જ છે નિમિત્ત જેમાં એવું ગણધરોનું નિષ્ક્રમણ હતું (અર્થાત્ ગણધરોના સંશયોનો નાશ થવાથી તેઓની દીક્ષા થઈ.) તેથી જેમનો જે સંશય હતો તે બતાવે છે ➪

ગાથાર્થ : (ગણધરોને **ક્રમશઃ) જીવમાં, કર્મમાં, તજ્જીવ, ભૂતમાં, તાદૃશ, બંધ–મોક્ષ, દેવમાં, નરકમાં, પુણ્યમાં, પરલોકમાં અને નિર્વાણમાં સંશય હતો.**

ટીકાર્થ : (૧) પ્રથમગણધરને જીવમાં સંશય હતો – શું જીવ છે કે નહિ ? (૨) બીજા ગણધરને કર્મમાં અર્થાત્ જ્ઞાનાવરણીયાદિરૂપ કર્મ છે કે નથી ? એ પ્રમાણે સંશય હતો. (૩) ત્રીજાગણધરને "શરીર એ જ જીવ છે કે શરીરથી જીવ જુદો છે ? એ પ્રમાણે સંશય હતો. પરંતુ જીવ છે કે નહિ તેવો સંશય નહોતો. (૪) ચોથાગણધરને પૃથ્વી વગેરે પાંચ ભૂતો છે કે નહિ ? એ પ્રમાણે ભૂતોમાં સંશય હતો. (૫) પાંચમાગણધરને જે જીવ આ ભવમાં જેવા પ્રકારનો છે તેવા પ્રકારનો જ તે અન્યભવમાં પણ હોય કે નહિ ? એવા પ્રકારનો સંશય હતો. (૬) અન્યગણધરને બંધ–મોક્ષ છે કે નહિ તે સંશય હતો.

**શંકા :** બીજાગણધરને કર્મમાં સંશય હતો અને છઠ્ઠા ગણધરને બંધ–મોક્ષમાં સંશય છે તો બંનેમાં ફરક શું રહ્યો ?

**સમાધાન :** બીજાનંબરના ગણધરને કર્મ છે કે નહિ તે સંશય હતો. જ્યારે છઠ્ઠા ગણધરને કર્મની વિદ્યમાનતા માન્ય હોવા છતાં જીવનો કર્મ સાથે સંયોગ અને વિયોગ થાય કે નહિ તે

जीवकर्मसंयोगविभागगोचर इति, तथा अपरस्य देवाः किं सन्ति ? नेति वा, अपरस्य तु नारकाश्च संशयगोचराः, किं ते सन्ति न सन्ति वा ?, तथा अपरस्य पुण्ये संशयः, कर्मणि सत्यपि किं पुण्यमेव प्रकर्षप्राप्तं प्रकृष्टसुखहेतुः, तदेव चापचीयमानमत्यन्तस्वल्पावस्थं दुःखस्य उत तदतिरिक्तं पापमस्ति आहोस्विदेकमेव उभयरूपम् उत स्वतन्त्रमुभयमिति, अपरस्य तु परलोके संशयः, सत्यप्यात्मनि परलोको-भवान्तरलक्षणः किमस्ति नास्ति ? इति, अपरस्य तु निर्वाणे संशयः, निर्वाणं किमस्ति नास्ति ? इति, आह–बन्धमोक्षसंशयात् अस्य को विशेष इति, उच्यते, स हि उभयगोचरः, अयं तु केवलविषय एव, तथा किं संसाराभावमात्र एव असौ मोक्षः ? उत अन्यथा ? इत्यादि, इति गाथार्थः ॥५९६॥

साम्प्रतं गणधरपरिवारमानप्रदर्शनाय आह—

**पंचण्हं पंचसया अद्धुट्ठसया य होंति दोण्ह गणा ।**
**दोण्हं तु जुयलयाणं तिसओ तिसओ भवे गच्छो ॥५९७॥**

व्याख्या—पञ्चानामाद्यानां गणधराणां पञ्च शतानि प्रत्येकं प्रत्येकं परिवार इति, तथा अर्द्धं चतुर्थस्य येषु तानि अर्धचतुर्थानि २ शतानि अर्द्धचतुर्थशतानि २ मानं ययोः तौ अर्धचतुर्थशतौ भवतः द्वयोः प्रत्येकं गणौ, इह गणः समुदाय एव उच्यते, न पुनरागमिक इति, तथा द्वयोस्तु

---

સંશય હતો. (૭) સાતમાગણધરને દેવના અસ્તિત્વમાં સંશય હતો. (૮) આઠમાને નારક વિષયક સંશય હતો. શું નારકો છે કે નહિ ? (૯) નવમાગણધરને પુણ્યને વિષે અર્થાત્ કર્મ હોવા છતાં શું પ્રકૃષ્ટ એવું પુણ્ય જ પ્રકૃષ્ટસુખનું કારણ છે અને ઘટતું ઘટતું અલ્પ અવસ્થાને પામેલું પુણ્ય જ દુઃખનું કારણ છે કે પુણ્ય થી જુદું એવું પાપ છે ? અથવા પુણ્ય જ સુખ–દુઃખ ઉભય જનક છે કે પુણ્ય અને પાપ બંને સ્વતંત્ર વસ્તુ છે ? એ પ્રમાણે સંશય હતો. (૧૦) દસમા ગણધરને "આત્મા હોવા છતાં ભવાન્તરરૂપ પરલોક છે કે નહિ ? એ પ્રમાણે પરલોકસંબંધી સંશય હતો. (૧૧) તથા અગિયારમાગણધરને "નિર્વાણ (મોક્ષ) છે કે નહિ ? એ પ્રમાણે મોક્ષવિષયક સંશય હતો.

**શંકા :** બંધ–મોક્ષવિષયક સંશય કરતા આ અગિયારમાં સંશયમાં શું તફાવત છે ?

**સમાધાન :** છઠ્ઠાગણધરને ઉભયવિષયક સંશય હતો, જ્યારે આ માત્ર મોક્ષવિષયક હતો, એટલે કે સંસારનો અભાવમાત્ર જ શું મોક્ષ છે કે તેનાથી જુદો મોક્ષ છે ? આ પ્રમાણે અગિયાર ગણધરોના સંશય કહ્યા. (વિસ્તાર આગળ જણાવશે.) ॥૫૯૬॥

**અવતરણિકા :** હવે ગણધરોના પરિવારનું માન બતાવે છે ⇨

**ગાથાર્થ : પ્રથમ પાંચગણધરોને દરેકને પાંચસો–પાંચસોનો પરિવાર હતો. છઠ્ઠા અને સાતમાં ગણધરોને દરેકને સાડાત્રણસો – સાડાત્રણસોનો ગણ હતો. તથા બે યુગલોને (છેલ્લા ચારે ગણધરોને) ત્રણસો–ત્રણસોનો ગચ્છ હતો.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. માત્ર – અહીં ગણ એટલે 'સમુદાય' એ પ્રમાણે અર્થ જાણવો, પણ આગામિક અર્થ કરવો નહિ. (આગામિક અર્થ એક આચાર્યનો સમુદાય – ગચ્છ,

गणधरयुगलो: त्रिशत: त्रिशतो भवति गच्छ:, एतदुक्तं भवति-उपरितनानां चतुर्णां गणधराणां प्रत्येकं त्रिशतमान: परिवार इति गाथार्थ: ॥५९७॥

उक्तमानुषङ्गिकं, प्रकृतं उच्यते—ते हि देवा: तं यज्ञपाटं परिहृत्य समवसरणभुवि निपतितवन्त:, तांश्च तथा दृष्ट्वा लोकोऽपि तत्रैव ययौ, भगवन्तं तु त्रिदशलोकेन पूज्यमानं दृष्ट्वा अतीव हर्षं चक्रे, प्रवादश्च सञ्जात:—सर्वज्ञोऽत्र समवसृत:, तं देवा: पूजयन्ति इति, अत्रान्तरे खल्वाकर्णितसर्वज्ञप्रवादोऽमर्षाध्मात: खल्विन्द्रभूतिर्भगवन्तं प्रति प्रस्थित इत्याह—

**सोऊण कीरमाणीं महिमं देवेहि जिणवरिंदस्स ।**
**अह एइ अहम्माणी अमरिसिओ इंदभूइत्ति ॥५९८॥**

व्याख्या—श्रुत्वा च क्रियमाणां, दृष्ट्वा वा पाठान्तरं, महिमां देवैर्जिनवरेन्द्रस्य, अथास्मिन् प्रस्तावे 'एइ' त्ति आगच्छति भगवत्समीपम् 'अहम्माणि' त्ति अहमेव विद्वान् इति मानोऽस्य इति अहंमानी, 'अमर्षित:' अमर्षयुक्त:, अमर्षो-मत्सरविशेष:, मयि सति कोऽन्य: सर्वज्ञ: ? इति, अपनयामि अद्य सर्वज्ञवादम्, इत्यादिसङ्कल्पकलुषितान्तरात्मा, कोऽसौ इत्याह—इन्द्रभूति:, इति गाथार्थ: ॥५९८॥

**स च भगवत्समीपं प्राप्य भगवन्तं च चतुस्त्रिंशदतिशयसमन्वितं त्रिदशासुरनरेश्वरपरिवृतं दृष्ट्वा साशङ्क: तदग्रतस्तस्थौ, अत्रान्तरे ➪**

---

ઘણાં ગચ્છનો સમુદાય – કુળ, ઘણાં કુળનો સમુદાય – ગણ.) ॥૫૯૭॥

**અવતરણિકા :** પ્રાસંગિક કહ્યું, હવે પ્રસ્તુત વિચારીએ – તે દેવો તે યજ્ઞપાટકને છોડી સમવસરણભૂમિમાં ઊતર્યા અને દેવોને ત્યાં જતાં જોઈ લોકો પણ ત્યાં આવ્યા. દેવોવડે પૂજાતાં ભગવાનને જોઈ લોકો અત્યંત હર્ષ પામ્યા. લોકોમાં વાત ફેલાઈ – અહીં સર્વજ્ઞ આવેલા છે અને તેમને દેવો પૂજે છે. તે સમયે સર્વજ્ઞના પ્રવાહને સાંભળી ઈર્ષ્યાથી ધમધમતો ઈન્દ્રભૂતિ ભગવાન તરફ ચાલ્યો. તે વાત કહે છે ➪

**ગાથાર્થ : દેવોવડે ભગવાનની કરાતી પૂજાને સાંભળીને અહંમાની ઈર્ષ્યાથી યુક્ત ઈન્દ્રભૂતિ આવે છે.**

**ટીકાર્થ :** દેવોવડે ભગવાનની કરાતી પૂજાને સાંભળીને અથવા પાઠાન્તર જાણવો – જોઈને, તે પ્રસંગે ભગવાનની પાસે અભિમાન જેને હતું તેવો ઈન્દ્રભૂતિ આવે છે. તે કેવો છે ? તે કહે છે – "હું જ વિદ્વાન છું" એ પ્રમાણેનું અભિમાન જેને હતું તેવો તથા ઈર્ષ્યાથી યુક્ત અર્થાત્ "હું હોતે છતે વળી આ કોણ અન્યસર્વજ્ઞ છે ? આજે આના સર્વજ્ઞવાદને તોડી નાંખું" વગેરે સંકલ્પથી કલુષિત છે અન્તરાત્મા જેનો એવો (આ ઈન્દ્રભૂતિ આવે છે.) ॥૫૯૮॥

**અવતરણિકા :** ઈન્દ્રભૂતિ ભગવાન પાસે આવીને ચોત્રીસ અતિશયો યુક્ત તથા દેવ–દાનવ અને નરેશ્વરોથી પરવરેલા ભગવાનને જોઈને આશંકા (શું ખરેખર આ સર્વજ્ઞ નથી ને ?) સહિત ભગવાનની આગળ ઊભો રહે છે તે સમયે ➪

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**
**णामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥५९९॥**

व्याख्या–'आभाषितश्च' संलप्तश्च, केन ?–जिनेन, किंविशिष्टेन ?–जातिः–प्रसूतिः जरा–वयोहानिलक्षणा मरणं–दशविधप्राणवियोगरूपम् एभिर्विप्रमुक्तस्तेन, कथम् ?–नाम्ना च हे इन्द्रभूते ! गोत्रेण च हे गौतम ! किंविशिष्टेन जिनेन इत्याह–सर्वज्ञेन सर्वदर्शिना । आह–यो जरामरणविप्रमुक्तः स सर्वज्ञ एवेति गतार्थत्वात् विशेषणवैयर्थ्यं, न, नयवादपरिकल्पित-जात्यादिविप्रमुक्तमुक्तनिरासार्थत्वात् तस्येति, तथा च कैश्चित् अचेतना मुक्ता गुणवियोग-मोक्षवादिभिरिष्यन्त एवेति गाथार्थः ॥५९९॥

इत्थं नामगोत्रसंलप्तस्य तस्य चिन्ताऽभवत्–अहो नामापि मे विजानाति, अथवा प्रसिद्धोऽहं,

---

**★ प्रथमो गणधरवादः ★**

**ગાથાર્થ :** સર્વજ્ઞ–સર્વદર્શી, જન્મ–જરા–મરણથી રહિત એવા જિનવડે ઇન્દ્રભૂતિ નામ અને ગોત્રથી બોલાવાયો.

**ટીકાર્થ :** બોલાવાયો, કોનાવડે ? – પ્રભુવડે, કેવા પ્રકારના પ્રભુવડે ? – જાતિ–જરા અને મરણથી મૂકાયેલા જિનવડે, તેમાં જાતિ એટલે જન્મ, જરા એટલે ઉંમરની હાનિ=ઘડપણ, તથા મરણ એટલે દસ પ્રકારના પ્રાણોનો વિયોગ. કેવી રીતે બોલાવાયો ? – હે ઇન્દ્રભૂતિ ! એ પ્રમાણે નામથી અને હે ગૌતમ ! એ પ્રમાણે ગોત્રવડે બોલાવાયો. કેવા પ્રકારના જિનવડે ? તે કહે છે – સર્વજ્ઞ – સર્વદર્શી એવા જિનવડે, (ગાથાનો અન્વય મૂળગાથાના અર્થમાં આપી દીધો છે.)

**શંકા :** જે જન્મ–જરા–મરણથી રહિત હોય તે સર્વજ્ઞ હોય જ, એટલે જન્મ – જરા – મરણરહિત કહેવાથી જ સર્વજ્ઞત્વ કહેવાઈ જ જાય છે. તેથી સર્વજ્ઞ–સર્વદર્શી વિશેષણ વ્યર્થ છે.

**સમાધાન :** ના, તે વિશેષણ નયવાદથી પરિકલ્પિત જાતિ વગેરેથી વિપ્રમુક્ત (નિર્ગુણ) મુક્તના ખંડનરૂપ પ્રયોજનવાળું છે.

(**ભાવાર્થ :** કેટલાક નયવાદોના (નૈયાયિકના) મતે આત્મા નિર્ગુણ થાય છે અર્થાત્ જ્યારે આત્માનો મોક્ષ થાય છે ત્યારે તેમાં એક પણ ગુણો રહેતા નથી. તેથી આવા નયવાદોવડે કલ્પાયેલા, જાતિ વગેરેથી વિપ્રમુક્ત નિર્ગુણમુક્ત જીવોનું ખંડન કરવા આ વિશેષણ કહ્યું છે. આ વિશેષણ દ્વારા આપણે કહીએ છીએ કે – જાતિ વગેરેથી મુક્ત થયેલ જીવમાં કેવલજ્ઞાન–કેવલદર્શનરૂપ ગુણ પ્રગટ થાય છે, નહિ કે તે આત્મા ગુણ વિનાનો થાય છે. તે નયવાદોનો મત જ હવે દેખાડે છે કે) "ગુણવિયોગરૂપ મોક્ષને કહેનારા એવા કેટલાક લોકોવડે મુક્ત જીવો અચેતન (જ્ઞાન વિનાના)ઇચ્છાય છે." ॥૫૯૯॥

**અવતરણિકા :** આ પ્રમાણે નામ અને ગોત્રથી બોલાવાયેલા ઇન્દ્રભૂતિને વિચાર આવ્યો કે "અહો ! મારું નામ પણ જાણે છે અથવા હું તો પ્રસિદ્ધ વ્યક્તિ છું, મને વળી કોણ ન જાણે?

**को मां न वेत्ति ?, यदि मे हृद्गतं संशयं ज्ञास्यति अपनेष्यति वा, स्यान्मम विस्मय इति, अत्रान्तरे भगवानाह ➪**

**किं मन्नि अत्थि जीवो उआहु नत्थित्ति संसओ तुज्झ ।**
**वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥६००॥**

व्याख्या–हे गौतम ! किं मन्यसे–अस्ति जीव उत नास्तीति, ननु अयमनुचितस्ते संशयः, अयं च संशयस्तव विरुद्धवेदपदश्रुतिनिबन्धनः, तेषां वेदपदानां चार्थं न जानासि, यथा न जानासि तथा वक्ष्यामः, तेषामयमर्थो–वक्ष्यमाणलक्षण इति । अन्ये तु–किंशब्दं परिप्रश्नार्थे **व्याचक्षते, तच्च न युज्यते, भगवतः सकलसंशयातीतत्वात्, संशयवतश्च तत्प्रयोगदर्शनात्, किमित्थमन्यथेति वा, अथवा किमस्ति जीव उत नास्ति इति मन्यसे, अयं संशयस्तव, शेषं पूर्ववदिति गाथार्थः ॥६००॥**

यदुक्तम्—'संशयस्तव विरुद्धवेदपदश्रुतिनिबन्धन' इति, तान्यमूनि वेदपदानि– *''विज्ञानघन*

જો મારા હૃદયગત સંશયને જાણશે કે દૂર કરશે, તો મને આશ્ચર્ય થશે." એ સમયે જ ભગવાન કહે છે ➪

**ગાથાર્થ : "શું જીવ છે કે નથી ?" એ પ્રમાણે તું માને છે. તારો આ સંશય (વિરોધી વેદપદોમાંથી ઉત્પન્ન થયો છે.) તું વેદપદોનો અર્થ જાણતો નથી. તે વેદપદોનો અર્થ (આ પ્રમાણે) થાય છે.**

**ટીકાર્થ :** હે ગૌતમ ! તું એવું કેમ માને છે કે જીવ છે કે નથી ? તારો આ સંશય અનુચિત છે. તારો આ સંશય વિરુદ્ધ વેદના પદોની શ્રુતિ એ છે કારણ જેનું એવો છે. (અર્થાત્ વેદોના વિરુદ્ધ અર્થવાળા પદોને સાંભળતાં તને આ સંશય ઉત્પન્ન થયો છે.) તું તે પદોના અર્થને જાણતો નથી. જે રીતે જાણતો નથી તે રીતે અમે આગળ કહીશું (અર્થાત્ ગૌતમ તે પદોનો શું અર્થ કરે છે તે જણાવશે.) તે પદોનો સમ્યગ્ અર્થ અમે આગળ કહીશું, તે પ્રમાણે હે ગૌતમ ! તારે જાણવો.

અહીં કેટલાક આચાર્ય મૂળગાથામાં રહેલ "किं" શબ્દ પરિપ્રશ્નાર્થમાં કહે છે. (અર્થાત્ ભગવાન ગૌતમને પ્રશ્ન પૂછે છે કે "શું તુ માને છે ? કે, જીવ–છે કે નહિ?") આ રીતનો અર્થ ઘટતો નથી, કારણ કે ભગવાન સકલસંશયોથી અતીત છે. ભગવાનને "શું તુ માને છે ?".... એવો સંશય સંભવતો નથી. જેને સંશય હોય તે જ આ રીતે "किं" શબ્દનો પ્રયોગ કરતો દેખાય છે જેમકે, શું આ રીતે છે કે અન્યથા (અન્ય રીતે) છે ?.. (માટે અન્ય આચાર્યવડે કહેલ અર્થ યોગ્ય નથી.) અથવા (શ્લોકનો બીજી રીતે અર્થ કરે છે) શું જીવ છે કે નહિ ? એ પ્રમાણે તું માને છે. (પૂર્વે–તું એવું કેમ માને છે કે "જીવ છે કે નહિ ?" એવો અર્થ કર્યો, અને હવે "શું જીવ છે કે નહિ ? એમ તું માને છે એવો અર્થ किं નો અન્વય જુદી રીતે કરવાથી મળ્યો.) આ તારો સંશય છે... શેષ ગાથાનો અર્થ ઉપર પ્રમાણે જાણી લેવો. ॥૬૦૦॥

વળી જે કહ્યું હતું કે "વેદોના વિરુદ્ધપદોને સાંભળવાથી આ સંશય થયો છે" તે પદો આ

*एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानु विनश्यति, न प्रेत्य सञ्ज्ञाऽस्ती"* त्यादीनि, तथा *'स वै अयमात्मा ज्ञानमय'* इत्यादीनि च, एतेषां चायमर्थो भवतः चेतसि विपरिवर्त्तते–विज्ञानमेव चैतन्यं, नीलादिरूपत्वात्, चैतन्यविशिष्टं यन्नीलादि तस्मात्, तेन घनो विज्ञानघनः, स एव 'एतेभ्यः' अध्यक्षतः परिच्छिद्यमानस्वरूपेभ्यः, केभ्यः ?–'भूतेभ्यः' पृथिव्यादिलक्षणेभ्यः, किम् ?–'समुत्थाय' उत्पद्य, पुनस्तानि एव 'अनु विनश्यति' अनु–पश्चाद्विनश्यति विज्ञानघनः, 'न प्रेत्य सञ्ज्ञाऽस्ति' प्रेत्य मृत्वा न पुनर्जन्म न परलोकसञ्ज्ञाऽस्ति इति भावार्थः । ततश्च कुतो जीवः ?, युक्त्युपपन्नश्च अयमर्थः, (इति) ते मतिः–यतः प्रत्यक्षेणासौ न परिगृह्यते, यतः 'सत्संप्रयोगे पुरुषस्य इन्द्रियाणां बुद्धिजन्म तत्प्रत्यक्षं' न चास्य इन्द्रियसम्प्रयोगोऽस्ति, नाप्ययमनुमानगोचरः, यतः–प्रत्यक्षपुरस्सरं पूर्वोपलब्धलिङ्गलिङ्गिसम्बन्धस्मृतिमुखेन तत्प्रवर्त्तते, गृहीताविनाभावस्य

---

પ્રમાણે છે – "विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति, न प्रेत्य सञ्ज्ञा अस्ति" તથા "स वै अयमात्मा ज्ञानमय"... વગેરે, આ પદોનો અર્થ તારા મનમાં આ પ્રમાણે વિપરીત રીતે વર્તી રહ્યો છે :

વિજ્ઞાન એ જ નીલાદિરૂપ હોવાથી ચૈતન્ય છે. (જે વિષયનું જ્ઞાન થાય તે આકાર જ્ઞાનમાં જણાય છે. તેથી તે જ્ઞાન તે રૂપ કહેવાય છે જેમ કે નીલરૂપનું જ્ઞાન થતાં જ્ઞાન નીલરૂપ કહેવાય છે. માટે તે ચૈતન્ય છે. અહીં પ્રશ્ન થાય કે – "નીલાદિરૂપે હોવા માત્રથી જ્ઞાન ચૈતન્ય શી રીતે બની જાય ? તેનો જવાબ આપે છે કે)નીલાદિજ્ઞાન એ ચૈતન્યથી વિશિષ્ટ (સંબંધિત– અભિન્ન) છે તેથી નીલાદિરૂપે રહેલ જ્ઞાન ચૈતન્ય (ચેતનત્વવાળું) કહેવાય છે. તેનાથી ઘન તે વિજ્ઞાનઘન અર્થાત્ જ્ઞાનના સમૂહરૂપ.

તે જ્ઞાનના સમૂહરૂપ એવો જ આત્મા પ્રત્યક્ષથી દેખાતા સ્વરૂપવાળા પૃથ્વી વગેરે ભૂતોમાંથી ઉત્પન્ન થઈને ફરી તે ભૂતોમાં નાશ પામે છે. પ્રેત્ય સંજ્ઞા નથી અર્થાત્ મરીને પુનર્જન્મ – પરલોક સંજ્ઞા નથી. તેથી જીવ ક્યાંથી હોય ?" આ અર્થ યુક્તિયુક્ત છે એ પ્રમાણે તું માને છે અને તેમાં તું યુક્તિ આ પ્રમાણે આપે છે કે – આત્મા પ્રત્યક્ષથી દેખાતો નથી. (આત્માનું પ્રત્યક્ષ કેમ નહિ ? તે કહે છે) સત્=વિદ્યમાન ઘટાદિ પદાર્થોની સાથે ઈન્દ્રિયોનો સંપ્રયોગ (સંબંધ) થતાં પુરુષને જે બુદ્ધિનો જન્મ થાય છે તે પ્રત્યક્ષ કહેવાય છે.

જ્યારે આત્માનો ઈન્દ્રિયસાથે સંપ્રયોગ થતો નથી. અને તે થતો ન હોવાથી "આત્મા છે" એવી બુદ્ધિ પણ થતી નથી. માટે આત્મા પ્રત્યક્ષસિદ્ધ નથી. તથા આત્મા અનુમાનનો વિષય પણ નથી, કારણ કે અનુમાન પ્રત્યક્ષપૂર્વક જ અર્થાત્ પૂર્વે પ્રત્યક્ષથી ગ્રહણ કરાયેલ લિંગ–લિંગી વચ્ચેના સંબંધની સ્મૃતિદ્વારા જ પ્રવર્તે છે, જેમકે પૂર્વે જેણે ધૂમ અને અગ્નિ વચ્ચે અવિનાભાવ = સંબંધ ગ્રહણ કરેલ છે, તેવી વ્યક્તિને જ કાળાન્તરે ધૂમના પ્રત્યક્ષથી અગ્નિનું અનુમાન થાય છે. જ્યારે આ વિષયમાં આત્માનો તેના લિંગો સાથેનો અવિનાભાવનો ગ્રહ=બોધ થયો જ નથી, કારણ કે આત્મા જ અપ્રત્યક્ષ છે. માટે અવિનાભાવનો ગ્રહ ન થતો હોવાથી આત્મા અનુમાનનો

धूमादनलज्ञानवत्, न च इह तल्लिङ्गाविनाभावग्रहः, तस्याप्रत्यक्षत्वात्, नापि सामान्यतोदृष्टादनुमानात् सूर्येन्दुगतिपरिच्छेदवत् तदवगमो युज्यते, दृष्टान्तेऽपि तस्याध्यक्षतोऽग्रहणात्, न चागमगम्योऽपि, आगमस्यानुमानादभिन्नत्वात्, तथा च—घटे घटशब्दप्रयोगोपलब्धावुत्तरत्र घटध्वनिश्रवणात् ( ग्रन्था० ६००० ) अन्वयव्यतिरेकमुखेन घट एवानुमितिरूपजायते, न च इत्थमात्मशब्दः शरीरादन्यत्र प्रयुज्यमानो दृष्टो यमात्मशब्दात् प्रतिपद्येमहि इति, किं च—आगमानामेकज्ञेयेऽपि परस्परविरोधेन प्रवृत्तेरप्रमाणत्वात्, तथा च—

*"एतावानेव लोकोऽयं, यावानिन्द्रियगोचरः ।*
*भद्रे ! वृकपदं पश्य, यद्वदन्ति बहुश्रुताः ॥१॥"*

---

વિષય પણ બનતો નથી.

એ જ રીતે સામાન્યતોદષ્ટ અનુમાનથી પણ આત્માનો બોધ થઈ શકતો નથી. (સામાન્યતો-દષ્ટ અનુમાન એટલે એક દષ્ટાંતથી અન્યમાં સિદ્ધિ કરવી. જેમ કે,) દેવદત્ત સવારે અહીં હોય અને સાંજે અન્ય સ્થળે હોય તો તે તેના ગમન વિના સંભવે નહિ. તેથી જેમ અહીં કાળાન્તરે દેશાંતરની પ્રાપ્તિ થવાથી દેવદત્તની ગતિનું અનુમાન થાય છે, તે જ રીતે સૂર્ય પણ સવારે પૂર્વમાં અને સાંજે પશ્ચિમમાં હોય તે સૂર્યની ગતિ વિના સંભવે નહિ. તેથી સૂર્યની ગતિનું (દેખાતી ન હોવા છતાં) અનુમાન થાય છે. એ જ રીતે ચંદ્રની ગતિનો બોધ પણ થાય છે. પરંતુ આ બધાની જેમ સામાન્યતોદષ્ટ અનુમાનથી આત્માનો બોધ થતો નથી, કારણ કે જેમ સૂર્યની દેશાંતરની પ્રાપ્તિરૂપ કારણના પ્રત્યક્ષથી સૂર્યની ગતિનું અનુમાન થાય છે, તેમ આત્માનું કોઈ પ્રકારે પ્રત્યક્ષ થતું નથી કે જેથી તેનું દષ્ટાંત સાથે સામ્ય મળવાથી અનુમાન થાય.

આત્મા આગમગમ્ય પણ નથી કારણ કે આગમ અનુમાનથી જુદું નથી, અનુમાનરૂપ જ છે. તે આ રીતે – "ઘટપદાર્થમાં ઘટશબ્દનો પ્રયોગ થાય છે" એ રીતે બોધ થયા પછી કાળાન્તરે ઘટશબ્દનું શ્રવણ થતાં અન્વય–વ્યતિરેક મુખથી (અર્થાત્ ભૂતકાળમાં "घटं आनय" આ શબ્દ સાંભળતા તે વ્યક્તિ અમુક આકારવાળા પદાર્થને લાવી હતી, પણ બીજું કંઈ લાવી ન હતી. આ રીતે અન્વય–વ્યતિરેકદ્વારા અત્યારે ઘટ શબ્દ સાંભળનાર વ્યક્તિને અમુક વિશિષ્ટ આકારવાળા) ઘટમાં જ અનુમિતિ થાય છે. તે રીતે અહીં આત્મશબ્દનો શરીર સિવાય અન્યમાં ક્યારેય પ્રયોગ દેખાયો નથી કે જેને આત્મશબ્દથી અમે સ્વીકારીએ. (અહીં "ઘટ" શબ્દ, "આત્મ" શબ્દ એ સર્વ આગમ છે. તે શબ્દોથી તે તે પદાર્થનું અનુમાન થાય છે માટે આગમ અનુમાનરૂપ જ છે.)

વળી એક એવા જ્ઞેયમાં પણ આગમોનો પરસ્પર વિરોધ હોવાથી આગમો પ્રમાણ નથી. તે આ પ્રમાણે – કોઈ આગમ કહે છે કે **"જેટલો ઈન્દ્રિયનો વિષય છે તેટલો જ આ લોક છે હે ભદ્રે ! વરુના પગલાને જો, જેને બહુશ્રુતો કહે છે"** (અહીં ભાવાર્થ આ પ્રમાણે જાણવો કે નાસ્તિકમતથી વાસિત એવી કોઈ વ્યક્તિ આસ્તિક એવી પોતાની પત્નીને જીવાદિ પરોક્ષ પદાર્થોની

**इत्यागमः, तथा *'न रूपं भिक्षवः पुद्गल'* इत्याद्यपरः, पुद्गले रूपं निषिध्यते, अमूर्त्त आत्मा इत्यर्थः, तथा 'अकर्त्ता निर्गुणो भोक्ता' इत्यादिश्चान्यः, तथा 'स वै अयमात्मा ज्ञानमय' इत्याद्यपर इति, एते च सर्व एव प्रमाणं न भवन्ति, परस्परविरोधेन एकार्थाभिधायकत्वात्, पाटलिपुत्रस्वरूपाभिधायकपरस्परविरुद्धवाक्यपुरुषव्रातवत्, अतो न विद्मः–किमस्ति नास्ति ?, इत्ययं ते अभिप्रायः, तत्र वेदपदानां चार्थं न जानासि, चशब्दात् युक्तिं हृदयं च, तेषामेकवाक्यतायामयमर्थः– 'विज्ञानघन एवे'ति ज्ञानदर्शनोपयोगरूपं विज्ञानं ततोऽनन्यत्वात् आत्मा विज्ञानघनः, प्रतिप्रदेशमनन्तविज्ञानपर्यायसङ्घातात्मकत्वाद्वा विज्ञानघनः,**

---

અવિદ્યમાનતા સિદ્ધ કરવા એક ઉપાય કરે છે. તેમાં એક દિવસ રાત્રિના સમયે પતિ–પત્ની ગામની બહાર જઈ ગામમાં પ્રવેશતી વેળાએ રાજમાર્ગ ઉપર વરુના પગલા જેવા આકારને પતિ કરે છે.

જેથી બીજા દિવસે નગરમાં વસતા કહેવાતા બહુશ્રુતો માર્ગ ઉપર વરુના પગલાંને જોઈ સામાન્યલોકોને કહે છે કે "અરે ! જુઓ, જુઓ, વનમાંથી કોઈ વરુ અહીં રાત્રિએ આવ્યો લાગે છે." બહુશ્રુતોને આ રીતે કહેતા જોઈ બાજુમાં ઊભો રહેલ પતિ પત્નીને કહે છે કે, – "લોકમાં પ્રસિદ્ધ એવા આ બહુશ્રુતો જે વરુના પગલાં વિષે સમ્યક્તત્ત્વને નહિ જાણનારા આપણે કરેલા વરુના પગલાને સત્ય વરુના પગલા કહે છે, એ જ રીતે જીવાદિ પરોક્ષવિષયમાં પણ સમ્યક્તત્ત્વને નહિ જાણનારા લોકો નિરર્થક જીવાદિ પદાર્થોના અસ્તિત્વને કહે છે, જ્યારે હકીકતમાં જીવાદિ પદાર્થો છે જ નહિ. જેટલો ઈન્દ્રિયથી દેખાય છે એટલો જ લોક છે, પરલોક – નારક – પુણ્ય–પાપાદિ કંઈ નથી. આ રીતે આ શ્લોક આત્માના અસ્તિત્વનો નિષેધ કરે છે.)

તથા "न रूपं भिक्षवः ! पुद्गलः" = હે સાધુઓ ! પુદ્ગલ (જીવ) રૂપ નથી અર્થાત્ પુદ્ગલમાં (જીવમાં) રૂપ નથી, અર્થાત્ આત્માને અમૂર્ત–અરૂપી કહ્યો છે. તથા "પુરુષ(આત્મા) અકર્તા, નિર્ગુણ ભોક્તા છે." તથા તે આ આત્મા જ્ઞાનમય છે એમ જ્ઞાનાદ્વૈતવાદી કહે છે. (આ વચનો આત્માસ્તિત્વ જણાવનારા છે.) માટે આગમવચનો પરસ્પરવિરોધી એવા એક–અર્થના અભિધાયક હોવાથી, (અર્થાત્ આત્મારૂપ એક જ અર્થના પરસ્પર વિરોધી એવા – વિદ્યમાનતા અને અવિદ્યમાનતારૂપ જુદા જુદા સ્વરૂપને જણાવનારા હોવાથી) પાટલીપુત્રના સ્વરૂપને જણાવનાર પરસ્પર વિરુદ્ધવાક્યોવાળા પુરૂષોના સમૂહની જેમ પ્રમાણભૂત બનતા નથી.

આથી જણાતું નથી કે – જીવ છે કે નહિ ? આ પ્રમાણે હે ગૌતમ ! તારો અભિપ્રાય છે. તેમાં વેદના પદોના અર્થ, યુક્તિ અને રહસ્યને તું જાણતો નથી. (માટે તને સંશય થયો છે.) તે વિરુદ્ધ એવા પણ આગમવચનોની એકવાક્યતા માટે આ પ્રમાણે અર્થ જાણવો – વિજ્ઞાનઘન એટલે જ્ઞાન–દર્શનના ઉપયોગરૂપ વિજ્ઞાન, અને આ વિજ્ઞાનથી આત્માનો અભેદ હોવાથી આત્મા પોતે જ વિજ્ઞાનઘન કહેવાય છે. અથવા આત્માનો દરેક પ્રદેશ અનંતજ્ઞાનના પર્યાયસમૂહરૂપ હોવાથી તે આત્મા વિજ્ઞાનઘન કહેવાય છે. આવો વિજ્ઞાનઘનરૂપ આત્મા આ પૃથ્વી વગેરે

**एवशब्दोऽवधारणे, विज्ञानघनानन्यत्वात् विज्ञानघन एव, 'एतेभ्यो भूतेभ्यः' क्षित्युदकादिभ्यः 'समुत्थाय' कथञ्चिद्भूत्वा इति हृदयं, यतो न घटाद्यर्थरहितं विज्ञानमुत्पद्यते, न च भूतधर्म एव विज्ञानं, तदभावे मुक्त्यवस्थायां भावात्, तद्भावेऽपि मृतशरीरादावभावात्, न च वाच्यं– घटसत्तायामपि नवतानिवृत्तौ शरीरभावेऽपि चैतन्यनिवृत्तेः नवतावद्भूतधर्मता चैतन्यस्य, घटस्य द्रव्यपर्यायोभयरूपत्वे सति सर्वथा नवताऽनिवृत्तेः, न च इत्थं देहाच्चैतन्यस्यानिवृत्तिः, तथा श्रुतावप्युक्तम्—"*अस्तमिते आदित्ये याज्ञवल्क्यः चन्द्रमस्यस्तमिते शान्तेऽग्नौ शान्तायां वाचि***

---

ભૂતોમાંથી કોઈક રીતે ઉત્પન્ન થઈને, અહીં "કોઈક રીતે ઉત્પન્ન થઈને" એવું કહેવા પાછળ એવો આશય છે કે – "જયારે જીવને ઘટનું જ્ઞાન થાય ત્યારે તે ઘટજ્ઞાનપરિણત આત્મા ઘટથી ઉત્પન્ન થયો" એમ કહેવાય છે, કારણ કે ઘટાદિ વિષય વિના ઘટજ્ઞાન ઉત્પન્ન થતું નથી. અને આ ઘટજ્ઞાન આત્મા સાથે અભિન્ન હોવાથી આત્મા ઘટથી ઉત્પન્ન થયો એમ કહેવાય છે.

શંકા : પરંતુ જ્ઞાન એ તો ભૂતનો(ભૂતમાંથી બનેલા શરીરનો) ધર્મ છે, આત્માનો નહિ.

## ★ ચૈતન્ય=જ્ઞાન એ ભૂતનો ધર્મ નથી ★

**સમાધાન :** જ્ઞાન એ ભૂતનો ધર્મ નથી, કારણ કે મુક્ત–અવસ્થામાં ભૂતનો અભાવ હોવા છતાં જ્ઞાન રહેલું જ છે અને મૃતશરીરમાં ભૂતોનો સદ્ભાવ હોવા છતાં જ્ઞાનનો અભાવ છે. માટે જ્ઞાન ભૂતોનો ધર્મ નહિ પણ આત્માનો જ ધર્મ છે.

**શંકા :** નવા ઘટમાં નવાપણું રહેલું છે. જેમ જેમ ઘટ જૂનો થતો જાય તેમ તેમ તે ઘટમાંથી નવાપણાની નિવૃત્તિ થાય છે. ઘટની વિદ્યમાનતા હોવા છતાં અને નવાપણાની નિવૃત્તિ થવા છતાં નવાપણું એ ઘટનો જ ધર્મ કહેવાય છે. તેમ મૃતશરીરની હાજરીમાં શરીરમાંથી ચૈતન્યનાશ થવા છતાં ચૈતન્ય પંચભૂતનો જ ધર્મ કહેવાય છે.

**સમાધાન :** તમારી વાત યુક્તિયુક્ત નથી, કારણ કે ઘટ એ દ્રવ્ય–પર્યાય ઉભયરૂપ છે. (જો કે ઘટમાં રહેલ માટી (પુદ્ગલ) એ દ્રવ્ય છે. અને ઘટાકાર વિ. એ પર્યાયો છે.) તેથી સર્વથા ઘટમાંથી નવાપણાનો પર્યાય નાશ થતો નથી. (અર્થાત્ જયારે ઘટ નવો હોય છે ત્યારે તેમાં નવાપણું હોય છે. આ નવાપણું એ ઘટથી કથંચિત્ અભિન્ન છે. તેથી જેમ જેમ ઘટ જૂનો થતો જાય તેમ તેમ આ નવાપણાના પર્યાયથી કથંચિદ્ અભિન્ન એવો ઘટ પોતે જ જૂના પર્યાય રૂપે થાય છે, અને કહેવાય છે કે નવાપણું નાશ પામ્યું, જૂનાપણું ઉત્પન્ન થયું. ખરેખર તો ઘટમાંથી નવાપણાનો પર્યાય સર્વથા નાશ પામતો નથી પરંતુ તે નવાપણું ઘટરૂપે તો હાજર જ હોય છે.) દેહમાંથી ચૈતન્યની નિવૃત્તિ એ રીતે થતી નથી એવું નથી અર્થાત્ સર્વથા નિવૃત્તિ થાય છે. માટે ચૈતન્ય એ દેહાત્મક ભૂતનો ધર્મ નથી. ચૈતન્ય એ ભૂતનો ધર્મ નથી એ વાતની પુષ્ટિ કરતું શ્રુતિમાં પણ યજ્ઞવલ્ક્ય અને સમ્રાટવડે વચન કહેવાયેલું છે → "**આદિત્ય, ચંદ્ર અસ્ત થયે છતે, અગ્નિ શાંત થયે છતે, વાચા શાંત થયે છતે આ પુરુષ કેવા પ્રકારની જયોતિ (જ્ઞાન) વાળો**

*किंज्योतिरेवायं पुरुषः, आत्मा ज्योतिः सम्राट् इतिहोवाच* ", तान्येव हि भूतानि विनाशव्यवधानाभ्यां ज्ञेयभावेन विनश्यन्ति, अनु-पश्चात् विनश्यति अनुविनश्यति, स च विवक्षितविज्ञानाऽऽत्मना उपरमते भाविविज्ञानात्मना उत्पद्यते सामान्यविज्ञानसन्तत्या द्रव्यतया अवतिष्ठत इति, न च पूर्वोत्तरयोरत्यन्तभेदः, सति तस्मिन् एकस्य विज्ञानस्य विज्ञानत्वासत्त्वप्रसङ्गात्, 'न प्रेत्यसञ्ज्ञाऽस्ति' इति न प्राक्तनी घटादिविज्ञानसञ्ज्ञाऽवतिष्ठते, साम्प्रतविज्ञानोपयोगविघ्नितत्वात् इत्ययं वेदपदार्थ इति, तथा सौम्य ! प्रत्यक्षतोऽपि आत्मा गम्यत एव, तस्य ज्ञानात् अनन्यत्वात्, तद्धर्मत्वात्

---

હોય છે ? ઉત્તર– આત્મજ્યોતિવાળો અર્થાત્ જ્ઞાનમય આત્મા હોય છે." આમ જ્ઞાન એ આત્માનો જ ધર્મ છે એ સાબિત થાય છે.

(હવે तानि एव अनुविनश्यति પદનો અર્થ કરે છે.) આ ભૂતો વિનાશ કે વ્યવધાનવડે જ્ઞેય ભાવથી નાશ પામે છે અર્થાત્ જ્યારે આત્મામાં રહેલું ઘટજ્ઞાન નાશ પામે કે બીજું જ્ઞાન વચ્ચે થાય ત્યારે ઘટાદિમાં રહેલ જ્ઞેયભાવ નાશ પામે છે. જેથી ઘટના જ્ઞાનવાળો આત્મા પણ નાશ પામે છે. આમ તે આત્મા વિવક્ષિત વિજ્ઞાનરૂપે નાશ પામે છે, ભાવિવિજ્ઞાનરૂપે ઉત્પન્ન થાય છે, અને સામાન્યજ્ઞાનની પરંપરાવડે દ્રવ્યરૂપે આત્મા નિત્ય રહેલો છે.

**શંકા :** પૂર્વક્ષણીય જ્ઞાન કરતા ઉત્તરક્ષણીય જ્ઞાન તો તદ્દન જુદું છે. તો પછી બંને વચ્ચે, દ્રવ્યરૂપે એક જ આત્મા રહ્યો એમ શી રીતે કહેવાય ? .

**સમાધાન :** ના, પૂર્વક્ષણીય જ્ઞાન અને ઉત્તરક્ષણીય જ્ઞાન વચ્ચે જો અત્યંત ભેદ માનશો તો બંને વચ્ચે એકાન્તે ભેદ હોવાથી બેમાંથી એક જ્ઞાનને જ્ઞાનરૂપ માની શકાશે નહિ. (અહીં આશય એ છે કે – જેમ જીવ અને અજીવ વચ્ચે અત્યંત ભેદ હોવાથી જીવથી જુદી અજીવ વસ્તુમાં જીવત્વ નથી, તેમ આ બંને જ્ઞાન વચ્ચે અત્યંત ભેદ હોવાથી એક જ્ઞાનથી તદ્દન જુદા જ્ઞાનમાં જ્ઞાનત્વનો અભાવ થવાનો પ્રસંગ આવશે. માટે આ બે જ્ઞાન વચ્ચે કથંચિત્ અભેદ હોવાથી પૂર્વક્ષણીય જ્ઞાનરૂપે આત્મા નાશ પામે છે અને ઉત્તરક્ષણીય જ્ઞાનરૂપે આત્મા ઉત્પન્ન થાય છે, એવું કહેવામાં કોઈ દોષ નથી. પરિણામે ભૂતમાંથી ઉત્પન્ન થયેલ ઘટાદિજ્ઞાનરૂપ આત્મા ઘટાદિ ભૂત દૂર થતાં ઘટાદિજ્ઞાનરૂપે નાશ પામે છે) તથા "न च प्रेत्यसंज्ञाऽस्ति" તેનો અર્થ આ પ્રમાણે કે – પૂર્વક્ષણીય ઘટાદિજ્ઞાનની સંજ્ઞા નથી, અર્થાત્ વર્તમાન ક્ષણે અન્ય વસ્તુનું જ્ઞાન થતાં પૂર્વક્ષણીય ઘટાદિનું જ્ઞાન વર્તમાનક્ષણીય જ્ઞાનના ઉપયોગથી વિઘ્ન=નાશ પામેલું હોવાથી પૂર્વક્ષણીયજ્ઞાનની સંજ્ઞા રહેતી નથી. આ પ્રમાણે વેદના પદોનો અર્થ જાણવો.

## ★ પ્રત્યક્ષથી આત્માની સિદ્ધિ ★

વળી હે સૌમ્ય ! પ્રત્યક્ષથી પણ આત્મા જણાય જ છે. તે આ રીતે – આત્મા જ્ઞાનથી અભિન્ન છે, કારણ કે જ્ઞાન એ આત્માનો ધર્મ છે અને જ્ઞાન એ સ્વસંવિદિત છે. (અર્થાત્ જ્ઞાન પોતે પોતાને જ જણાવનારું છે. જ્ઞાનને જાણવા માટે અન્યની જરૂર નથી. એટલે જ્ઞાનનું પ્રત્યક્ષ

**चैतन्यस्य, ज्ञानस्य च स्वसंविदितरूपत्वात्, तथा च नीलविज्ञानमेव उत्पन्नमासीत् इतिदर्शनात्, न च अननुभूतेऽर्थे स्मृतिप्रभवो युज्यते, न च भिन्नं ज्ञानमात्मनः, प्रमात्रन्तरवत् विवक्षितप्रमातुः संवेदनानुपपत्तेः, न च स्वात्मनि क्रियाविरोधः, प्रदीपवत् तस्य स्वपरप्रकाशकत्वात्, इत्थं तावत् भवतोऽपि अयमनन्तपर्यायात्मकत्वात् ज्ञानदेशावभासितत्वात् प्रदीपदेशोद्योतितघटवत् देशतः प्रत्यक्ष एव, ज्ञानावरणीयाद्यशेष-प्रतिबन्धकापगमसमनन्तराविर्भूतकेवलज्ञानसम्पदां सर्वप्रत्यक्ष इति।**

---

થતાં, આત્માનું પ્રત્યક્ષ થઈ જાય છે.) તે આ રીતે – વર્તમાનમાં નીલાદિ રૂપને જોતી વ્યક્તિને "ભૂતકાળમાં નીલાદિનું જ્ઞાન ઉત્પન્ન થયેલું હતું" એ પ્રમાણેનું સ્મરણ થતું દેખાય છે અને જે વસ્તુ પૂર્વે અનુભવેલી ન હોય તેનું સ્મરણ પણ થાય નહિ. (માટે વર્તમાનમાં જ્ઞાનનું સ્મરણ થાય છે તેથી માનવું જ પડે કે પૂર્વે તે જ્ઞાનવિષયક જ્ઞાન થયું હતું. આ રીતે વર્તમાન સ્મરણાત્મક જ્ઞાનવિષયક જ્ઞાન ભૂતકાળીન જ્ઞાનવિષયક જ્ઞાનને સિદ્ધ કરતું હોવાથી જ્ઞાન સ્વસંવિદિત છે.)

આ જ્ઞાનથી આત્મા ભિન્ન=જુદો નથી. અન્યથા જો આત્માને જ્ઞાનથી જુદો માનીએ તો, જેમ એક વ્યક્તિએ કરેલું જ્ઞાન અન્ય વ્યક્તિને થતું નથી કારણ કે તે અન્ય વ્યક્તિ આ વ્યક્તિ કરતા જુદી છે, એં જ રીતે વિવક્ષિતવ્યક્તિએ પોતે કરેલા જ્ઞાનનો અનુભવ પોતાને થશે નહિ, કારણ કે તે વિવક્ષિત વ્યક્તિ.જ્ઞાનથી ભિન્ન છે. માટે અન્યવ્યક્તિની જેમ વિવક્ષિત વ્યક્તિને (જ્ઞાનથી જુદી હોવાથી) જ્ઞાનનો અનુભવ ન થવાની આપત્તિ આવતી હોવાથી આત્માને જ્ઞાનથી ભિન્ન માની શકાય નહિ. (આમ જ્ઞાન સ્વસંવેદ્ય હોવાથી પ્રત્યક્ષ છે અને તેનાથી આત્મા અભિન્ન હોવાથી જ્ઞાનદ્વારા આત્માનું પણ પ્રત્યક્ષજ્ઞાન થાય છે.)

**શંકા :** જો આ રીતે જ્ઞાન પોતાને જણાવતું હોય તો જ્ઞાનમાં પોતાને પ્રત્યક્ષ કરવાની ક્રિયા માનવી પડે જે બરાબર નથી કારણ કે કોઈપણ વસ્તુ પોતાના પર ક્રિયા કરી શકે નહિ. (જેમ તલવાર પોતાને કાપી શકતી નથી.)

**સમાધાન :** ના, આ રીતે વિરોધ આવશે નહિ કારણ કે જ્ઞાન પ્રદીપની જેમ સ્વ–પરપ્રકાશક છે. (જેમ પ્રદીપ બીજાની સાથે પોતાને પણ પ્રકાશે છે, તેમ જ્ઞાન પોતાને પણ જણાવે છે.) આ રીતે તમને (છદ્મસ્થ એવા ગૌતમાદિને) પણ આ આત્મા દેશથી પ્રત્યક્ષ છે, કારણ કે આત્મા અનંતપર્યાયોથી યુક્ત છે. તેમાંથી તમને તમારા જ્ઞાનવડે આ આત્મા દેશથી જ (= અમુક પર્યાયોનો જ બોધ થતો હોવાથી દેશથી જ) જણાય છે. જેમ પ્રદીપવડે જેટલા ભાગ પર પ્રકાશ પડે છે, તેટલા બાહ્યભાગરૂપ દેશથી પ્રકાશિત ઘટ. (કહેવાનો ભાવાર્થ એ છે કે – છદ્મસ્થને ઘટના અમુક પર્યાયોનું જ જ્ઞાન થતું હોવાથી તે દેશથી પ્રત્યક્ષ છે. તેની જેમ છદ્મસ્થજીવ અનંતપર્યાયથી યુક્ત આત્માના અમુકપર્યાયોને જ જાણી શકતો હોવાથી છદ્મસ્થજીવને આત્મા દેશથી પ્રત્યક્ષ જ છે.) તથા જ્ઞાનાવરણીયાદિ સંપૂર્ણ પ્રતિબંધકો દૂર થતાની સાથે પ્રગટ થયેલી છે કેવલજ્ઞાનરૂપ સંપત્તિ જેઓની તેવા કેવલીઓને આ આત્મા સર્વપ્રત્યક્ષ છે.

**अनुमानगम्योऽप्ययं–विद्यमानकर्तृकमिदं शरीरं, भोग्यत्वात्, ओदनादिवत्, व्योमकुसुमं विपक्ष इत्यनुमानं, न च लिङ्ग्यविनाभूतलिङ्गोपलम्भव्यतिरेकेणानुमानस्य एकान्ततोऽप्रवृत्तिः, हसितादिलिङ्गविशेषस्य ग्रहाख्यलिङ्ग्यविनाभावग्रहणमन्तरेणापि ग्रहगमकत्वदर्शनात्, न च देह**

## ★ અનુમાનથી આત્માની સિદ્ધિ ★

આ આત્મા અનુમાનથી પણ જણાય છે. તે આ રીતે – આ શરીર વિદ્યમાનકર્તાવાળું છે (અર્થાત્ આ શરીરનો કોઈક કર્તા છે.) કારણ કે તે શરીર ભોગ્ય છે. જેમ ઓદનાદિ ભોગ્ય હોવાથી તેનો કોઈક કર્તા છે, તેમ શરીર પણ ભોગ્ય હોવાથી તેનો કોઈક કર્તા વિદ્યમાન છે. તથા વિપક્ષમાં (વિપરીત દૃષ્ટાંતમાં) આકાશપુષ્પ જાણવું. (અર્થાત્ આકાશપુષ્પ ભોગ્ય નથી. તેથી તેનો કર્તા પણ નથી. આમ જે ભોગ્ય નથી તેનો કર્તા નથી. જે ભોગ્ય છે તેનો કર્તા પણ છે. શરીર ભોગ્ય હોવાથી તેનો કર્તા છે અને તે છે આત્મા.) આ અનુમાનથી આત્માની સિદ્ધિ થાય છે.

**શંકા :** પરંતુ અમે પૂર્વે કહ્યું તો ખરું કે લિંગીને અવિનાભાવિ એવા લિંગનો બોધ થયા વિના અનુમાન થાય નહિ. (અહીં લિંગી એવો આત્મા જ પ્રત્યક્ષ નથી તો તેને અવિનાભાવિ લિંગ જ ક્યાંથી જણાય કે જેથી અનુમાન થઈ શકે, એ પ્રમાણે પૂર્વપક્ષનો કહેવાનો આશય છે.)

**સમાધાન :** લિંગીને અવિનાભાવિ એવા લિંગનો બોધ થયા વિના અનુમાન ન જ થાય એવું નથી અર્થાત્ આવો બોધ થયા વિના પણ અનુમાન થઈ શકે છે. હસવું વગેરે લિંગ વિશેષનો ગ્રહ (ભૂત–પિશાચ) નામના લિંગી સાથે અવિનાભાવ જાણ્યા વિના પણ હસવું વગેરે લિંગ ગ્રહનામના લિંગીનો ગમક બનતો દેખાય જ છે (અર્થાત્ પૂર્વે પાગલની જેમ નિષ્કારણ હસવું વગેરે લિંગવાળા એવા ભૂત–પિશાચરૂપ લિંગીનું ક્યારેય પ્રત્યક્ષ ન થયું હોય છતાં પણ હસવું વગેરે લિંગને જોઈ વ્યક્તિમાં ભૂત–પિશાચનું અનુમાન થતું દેખાય જ છે, એ જ રીતે આત્મારૂપ લિંગીનું પ્રત્યક્ષ ન થવા છતાં જ્ઞાનાદિ ગુણોના પ્રત્યક્ષથી આત્માનું અનુમાન થઈ શકે છે.)

**શંકા :** જ્યાં જ્યાં નિષ્કારણ હાસ્યાદિ લિંગો દેખાય છે ત્યાં ત્યાં સર્વત્ર દેહ=શરીર પણ છે જ, માટે શરીર જ ગ્રહ છે. આ રીતે અન્યલોકોના દેહનું પ્રત્યક્ષ જ હાસ્યાદિલિંગ સાથે અવિનાભાવના ગ્રહણનું નિયામક બની જાય છે. (આશય એ જ છે કે ભૂત – પિશાચાદિ લિંગીનું પ્રત્યક્ષ નથી માટે દેહને જ ગ્રહ તરીકે માની લેવાનો, કારણ કે જ્યાં જ્યાં નિષ્કારણ હાસ્યાદિ છે ત્યાં સર્વત્ર શરીર છે જ, માટે શરીર સાથે હાસ્યાદિ લિંગનો અવિનાભાવ પ્રત્યક્ષસિદ્ધ જ છે. જ્યારે આત્મા તો પ્રત્યક્ષ નથી. તેથી આત્માનો કોઈ લિંગ સાથે અવિનાભાવ પણ પ્રત્યક્ષસિદ્ધ નથી કે જે લિંગને જોતાં આત્માનું અનુમાન થાય.)

**સમાધાન :** તમારી વાત યુક્તિસમર્થ નથી કારણ કે દેહ જ ગ્રહ નથી (કારણ કે જો દેહને ગ્રહ માનો તો સર્વ શરીરધારી જીવોને નિષ્કારણ હાસ્યાદિ માનવાનો પ્રસંગ આવે જે યોગ્ય

एव ग्रहो, येन अन्यदेहदर्शनमविनाभावग्रहणनियामकं भवतीति । आगमगम्यता त्वस्याभिहितैव। इत्यलं विस्तरेण, गमनिकामात्रमेतत् इति ।

**छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।**

**सो समणो पव्वइओ पंचहिं सह खंडियसएहिं ॥६०१॥**

व्याख्या—एवं 'छिन्ने' निराकृते संशये जिनेन जरामरणाभ्याम्—उक्तलक्षणाभ्यां विप्रमुक्तः तेन 'स' इन्द्रभूतिः 'श्रमणः प्रव्रजितः' साधुः संवृत्त इत्यर्थः, पञ्चभिः सह खण्डिकशतैः, खण्डिकाः—छात्रा इति *गाथार्थः ॥६०१॥*

इह च वेदपदोपन्यासस्तदा वेदानां सञ्ज्ञातत्वात् तेन च प्रमाणत्वेन अङ्गीकृतत्वात् । इति प्रथमो गणधरः समाप्तः ॥

**तं पव्वइयं सोउं बितिओ आगच्छई अमरिसेणं ।**

**वच्चामि णं आणेमी पराजिणित्ता ण तं समणं ॥६०२॥**

व्याख्या—'तम्' इन्द्रभूतिं प्रव्रजितं श्रुत्वा 'द्वितीयः' खल्वग्निभूतिरत्रान्तरे आगच्छति अमर्षेण प्राग्व्यावर्णितस्वरूपेण हेतुभूतेन, व्रजामि णमिति वाक्यालङ्कारे, आनयामि इन्द्रभूतिमिति गम्यते, पराजित्य, णं पूर्ववत्, तं 'श्रमणम्' इन्द्रजालिककल्पमिति गाथार्थः ॥६०२॥

---

નથી.) તેથી અન્ય લોકોના દેહનું દર્શન પણ હાસ્યાદિ લિંગ સાથેના અવિનાભાવના ગ્રહણ પ્રત્યે નિયામક બનતું નથી.

આગમથી આત્માની સિદ્ધિ કહી જ દીધી છે (પૂર્વે વેદના પદોનો પ્રભુએ જે અર્થ કર્યો તેના દ્વારા આગમથી આત્માની સિદ્ધિ જાણવી.) વધુ વિસ્તારથી સર્યું. ॥૬૦૦॥

ગાથાર્થ : **જન્મ—મરણથી મૂકાયેલા જિનવડે સંશય દૂર થતાં તે પાંચસો શિષ્યો સાથે શ્રમણ થયો, પ્રવ્રજિત થયો, (અર્થાત્ દીક્ષા લઈ સાધુ થયો.)**

**ટીકાર્થ** : ગાથાર્થ મુજબ જ છે. અહીં (મૂળગાથા ૬૦૦માં वेयपयाण य એ પ્રમાણે) જે વેદોના પદોનો ઉપન્યાસ કર્યો છે તેનું કારણ એ કે તે સમયે વેદોની વિદ્યમાનતા હતી અને તેણે (ગૌતમે) તે પદો પ્રમાણ તરીકે સ્વીકારેલા હતા. (કહેવાનો આશય એ છે કે, આત્માને જિનાગમથી સિદ્ધ કરવાના બદલે વેદથી સિદ્ધ એટલા માટે કર્યા કે ગૌતમ વેદને પ્રમાણ માનતા હતા, જિનાગમને નહિ.) ॥૬૦૧॥

## ★ द्वितीयो गणधरवाद ★

ગાથાર્થ : **ઇન્દ્રભૂતિને પ્રવ્રજિત સાંભળીને ઈર્ષ્યાથી બીજો આવે છે. "તે શ્રમણને હરાવી ઇન્દ્રભૂતિને પાછો લાવું."**

**ટીકાર્થ** : તે ઇન્દ્રભૂતિને પ્રવ્રજિત સાંભળીને અગ્નિભૂતિ પૂર્વે કહી તેવી ("હું છું ત્યાં આ કોણ સર્વજ્ઞ છે ?" વિ.) ઈર્ષ્યાથી ત્યાં આવે છે. "હું ત્યાં જાઉં અને તે ઇન્દ્રજાળીયાસમાન શ્રમણને હરાવી ઇન્દ્રભૂતિને પાછો લઈ આવું." ॥૬૦૨॥

स हि तेन छलादिना विनिर्जित इतीदानीं तस्य का वार्त्ता ? इत्यादि चिन्तयन् जिनसकाशं प्राप्तः, दृष्ट्वा च भगवन्तं विस्मयमुपगत इति, अत्रान्तरे—

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**
**नामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६०३॥**

**व्याख्या**–पूर्ववत्, नामगोत्राभ्यां संलप्तश्चिन्तयामास–नामापि मे वेत्ति, अथवा प्रसिद्धोऽहं, को मां न वेत्ति ?, यदि मे हृद्गतं संशयं ज्ञास्यति अपनेष्यति वा, तदा सर्वज्ञाशङ्का स्यात् इति ॥ अत्रान्तरे भगवताऽभिहितः—

**किं मण्णि अत्थि कम्मं उदाहु णत्थित्ति संसओ तुज्झ ।**
**वेयपयाण य अत्थं ण जाणसी तेसिमो अत्थो ॥६०४॥**

**व्याख्या**—किं मन्यसे अस्ति कर्म उत नास्तीति ?, नन्वयमनुचितस्ते संशयः, अयं च संशयस्तव विरुद्धवेदपदनिबन्धनो वर्त्तते, वेदपदानां चार्थं न जानासि, यथा च न जानासि तथा वक्ष्यामः, तेषामयमर्थो–वक्ष्यमाणलक्षण इत्यक्षरार्थः ॥ तानि च अमूनि वेदपदानि–"*पुरुष एवेदं ग्नि सर्वं यद्भूतं यच्च भाव्यं उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति यदेजति यन्नैजति यद् दूरे यदु अन्तिके यदन्तरस्य सर्वस्य यदु सर्वस्यास्य बाह्यत*" इत्यादि, तथा 'पुण्यः पुण्येन' इत्यादि, तेषां

---

**અવતરણિકા :** તે ઇન્દ્રભૂતિ ભગવાનવડે છલાદિથી જીતાયો છે. તેથી હવે તેની (ભગવાનની) શું હાલત થશે ?(તે સર્વ લોક જોશે) એ પ્રમાણે વિચારતો તે અગ્નિભૂતિ જિન પાસે પહોંચ્યો અને ભગવાનને જોઈ આશ્ચર્ય પામ્યો. તે સમયે ➪

**ગાથાર્થ : જન્મ–જરા–મરણાદિથી મુક્ત, સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિનેશ્વરવડે નામ અને ગોત્રથી (અગ્નિભૂતિ) બોલાવાયો.**

**ટીકાર્થ :** ટીકાર્થ પૂર્વની જેમ જાણી લેવો. ॥૬૦૩॥ નામ–ગોત્રથી બોલાવાયેલ અગ્નિભૂતિ વિચારે છે – "અહો ! મારું નામ પણ જાણે છે અથવા અરે ! હું તો પ્રસિદ્ધ છું, મને કોણ ન ઓળખે ? પરંતુ જો મારા હૃદયગત સંશયને જાણશે કે દૂર કરશે, તો તે સર્વજ્ઞ છે તેવી શંકા થશે. તે સમયે ➪

**ગાથાર્થ : તું એવું કેમ માને છે કે "કર્મ છે કે નહિ ?" આ પ્રમાણેનો તારો સંશય છે. તું વેદપદોના અર્થને જાણતો નથી. તેનો અર્થ આ પ્રમાણે છે.**

**ટીકાર્થ :** હે અગ્નિભૂતિ ! તું એવું કેમ માને છે કે "કર્મ છે કે નહિ ?" તારો આ સંશય અનુચિત છે. તારો આ સંશય વિરુદ્ધ વેદના પદોથી ઉત્પન્ન થયેલ છે. તું વેદોના પદોના અર્થોને જાણતો નથી. જે રીતે તું જાણતો નથી તે રીતે આગળ બતાવીશ. (અર્થાત્ તે પદોનો અર્થ તારા મનમાં જે રીતે રમી રહ્યો છે તે હું બતાવીશ.) તથા તે પદોનો (સાચો) અર્થ આગળ બતાવીશ. તે વેદના પદો આ પ્રમાણે છે –

"पुरुष एवेदं ग्नि सर्वं यद्भूतं यच्च भाव्यं उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति यदेजति यन्नैजति यद् दूरे यदु अन्तिके यदन्तरस्य सर्वस्य यदु सर्वस्यास्य बाह्यत" વગેરે તથા "पुण्यः पुण्येन कर्मणा

चायमर्थः ते मतौ विपरिवर्त्तते–पुरुषः–आत्मा, एवशब्दोऽवधारणे, स च कर्मप्रधानादिव्यवच्छेदार्थः, 'इदं' सर्वं प्रत्यक्षवर्त्तमानं चेतनाचेतनं, ग्निमिति वाक्यालङ्कारे, 'यद् भूतं' यद् अतीतं यच्च 'भाव्यं' भविष्यं, मुक्तिसंसारावपि स एव इत्यर्थः, 'उतामृतत्वस्येशान' इति, उतशब्दोऽप्यर्थे, अपिशब्दश्च समुच्चये, 'अमृतत्वस्य' अमरणभावस्य-मोक्षस्य ईशानः–प्रभुश्चेत्यर्थः 'यत्' इति यच्चेति चशब्दलोपात्, 'अन्नेन' आहारेण 'अतिरोहति' अतिशयेन वृद्धिमुपैति, 'यद् एजति' यत् चलति-पश्वादि, 'यत् न एजति' यन्न चलति-पर्वतादि, 'यद्दूरे' मेर्वादि, 'यद् उ अन्तिके' उशब्दोऽवधारणे, 'अन्तिके' समीपे यत्, तत्पुरुष एव इत्यर्थः, 'यद् अन्तर्' मध्ये 'अस्य' चेतनाचेतनस्य सर्वस्य, यदेव सर्वस्यास्य बाह्यतः, तत्सर्वं पुरुष एव इति, अतः तदतिरिक्तस्य कर्मणः किल सत्ता दुःश्रद्धेया, ते मतिः, तथा प्रत्यक्षानुमानागमगोचरातीतं च एतत्, अमूर्त्तस्य च आत्मनो मूर्त्तकर्मणा कथं संयोग ? इति, कथं वा अमूर्त्तस्य सतः मूर्त्तकर्मकृतावुपघातानुग्रहौ स्यातामिति, लोके तन्त्रान्तरेषु च कर्मसत्ता गीयते 'पुण्यः पुण्येन' इत्यादौ, अतो न विद्मः–किमस्ति नास्ति वा ?, ते अभिप्रायः, तत्र वेदपदानां च अर्थं न जानासि, चशब्दाद्युक्तिं हृदयं च, तेषां

---

पापः पापेन कर्मणा" વગેરે આ પદોનો આ અર્થ તારી મતિમાં વિપરીત રીતે વર્તી રહ્યો છે – પુરુષ એટલે આત્મા. એવ શબ્દ અવધારણમાં છે અને અવધારણ કર્મ–પ્રધાનાદિનો વ્યવચ્છેદ કરનાર છે. (અર્થાત્ આત્મા સિવાય કર્મ–પ્રધાનાદિ કંઈ નથી. પ્રધાન સાંખ્યદર્શનનો પારિભાષિક શબ્દ છે.) પ્રત્યક્ષવર્તમાન એવું જડ–ચેતન, બધું પુરુષ છે.

ગ્નિ શબ્દ વાક્યની શોભા માટે છે, વળી જે ભૂતકાળમાં વિદ્યમાન હતું, અર્થાત્ મુક્તની અપેક્ષાએ જે સંસાર હતો, તે અને જે ભવિષ્યમાં થવાનું છે અર્થાત્ સંસારી જીવની અપેક્ષાએ મુક્તિ થવાની છે તે – આ પ્રમાણે સંસાર અને મુક્તિ પણ આત્મા જ છે. તથા અમૃતત્વનો=અમરણભાવનો=મોક્ષનો જે પ્રભુ છે તે પણ, તથા જે આહારવડે વૃદ્ધિને પામે છે, જે પશુ વગેરે ચાલે છે, જે પર્વતાદિ નથી ચાલતા, જે મેરુ વગેરે દૂર છે, તથા જે પાસે છે તે સર્વ આત્મા જ છે, તથા આ બધા ચેતનાચેતનની મધ્યમાં જે છે, વળી જે એ બધાની બહાર છે તે સર્વ પુરુષ જ છે.

એટલે આત્માથી અતિરિક્ત કર્મનું અસ્તિત્વ દુઃશ્રદ્ધેય છે. એ પ્રમાણે તું માને છે. વળી આ કર્મ પ્રત્યક્ષ, અનુમાન અને આગમ પ્રમાણનો વિષય પણ બનતું નથી. અને અમૂર્ત એવા આત્માનો મૂર્ત એવા કર્મ સાથે સંયોગ કેવી રીતે થાય ? અથવા અમૂર્ત એવા આત્મા ઉપર મૂર્ત્ત એવા કર્મવડે ઉપકાર–અપકાર કેવી રીતે થઈ શકે ? એટલે એક તરફ કર્મ નથી એવું લાગે છે. બીજી તરફ લોકમાં તથા અન્યશાસ્ત્રોમાં કર્મની સત્તા ગવાય છે કે "પુણ્યકર્મથી જીવ પવિત્ર અને પાપકર્મથી પાપી થાય છે." આથી પાકું જાણી શકતા નથી કે "કર્મ છે કે નહિ ?" આ પ્રમાણે હે અગ્નિભૂતિ તારો અભિપ્રાય છે.

તું વેદપદોના અર્થ, યુક્તિ અને રહસ્યને જાણતો નથી. પરસ્પર વિરુદ્ધ વેદપદો એકવાક્યતા

**वेदपदानामेकवाक्यतया व्यवस्थितानामयमर्थः—एतानि हि पुरुषस्तुतिपराणि वर्त्तन्ते, तथा जात्यादिमदत्यागाय अद्वैतभावनाप्रतिपादकानि वा, न कर्मसत्ताप्रतिषेधकानि, अन्यार्थानि वा, सौम्य ! इत्थं चैतदङ्गीकर्त्तव्यं, यतः नाकर्मणः कर्त्तृत्वं युज्यते, प्रवृत्तिनिबन्धनाभावात्, एकान्तशुद्धत्वात्, गगनवत्, इतश्च अकर्मा नारम्भते, एकत्वात्, एकपरमाणुवत्, न च अशरीरवानीशानः खल्वारम्भको युज्यते, तस्य स्वशरीरारम्भेऽपि उक्तदोषानतिवृत्तेः, न च अन्यस्तच्छरीरारम्भाय व्याप्रियते, शरीरित्वाशरीरित्वाभ्यां तस्यापि आरम्भकत्वानुपपत्तेः, न च**

---

રૂપે (અર્થાત્ અવિરુદ્ધરૂપે) ગોઠવીએ તો વેદપદોનો અર્થ આ પ્રમાણે છે → "पुरुष एवेदं......" આ પદો આત્માની સ્તુતિ કરનારા છે (અર્થાત્ બધું પુરુષ જ છે એવું નથી, પણ આત્માની પ્રશંસા માટે એવું કહ્યું છે.) અથવા જાતિ વગેરેનો અહંકાર ત્યાગવા માટે અદ્વૈતભાવના પ્રતિપાદક આ વાક્યો છે (હું અને બીજો, એવું દ્વૈત હોય તો ઊંચ–નીચના ભેદ પડે, બધું એક જ છે એવું અદ્વૈત માનીએ તો બધું સમાન થવાથી અહંકાર ન થાય.) આમ, આ પદો કર્મના અસ્તિત્વનો નિષેધ કરનારા અથવા અન્ય કોઈ અર્થવાળા નથી. અને હે સૌમ્ય ! મેં જે કહ્યું તે તેજ પ્રમાણે તારે માની જ લેવું, કારણ કે કર્મ વિનાના જીવનું કર્તાપણું ઘટતું નથી. કર્મ વિનાનો જીવ આકાશની જેમ એકાન્તે શુદ્ધ હોવાથી પ્રવૃત્તિ–ક્રિયા કરવા માટેનું કારણ(કર્મ) ન રહેવાથી તેનું કર્તાપણું ઘટે નહિ. તથા જેમ એકલો પરમાણુ પોતે એક હોવાથી કોઈ ક્રિયાનો આરંભ કરી શકતો નથી તેમ કર્મરહિત એવો આત્મા પણ એકલો હોવાથી શરીરનો આરંભ કરી શકતો નથી.

**અગ્નિભૂતિ :** અશરીરવાળો ઈશાન=ઈશ્વર શરીરનો આરંભક છે.

**ભગવાન :** શરીરવિનાનો ઈશ્વર શરીરનો આરંભક ઘટી શકતો નથી અને જો ઈશ્વરને શરીર માનો તો તેના પોતાના શરીરના આરંભ સમયે પણ તે ઈશ્વર કર્મરહિત હોવાથી એકલો છે. અને તેથી પૂર્વે કહ્યો તે દોષ કે "એકલો આરંભ કરી શકે નહિ" તે જ અવસ્થામાં રહે છે. તેનો અતિક્રમ=નાશ થતો નથી.

**અગ્નિભૂતિ :** અન્યવ્યક્તિ તેના શરીરનો આરંભ કરવા વ્યાપારિત થશે.(અર્થાત્ પ્રયત્ન કરશે.)

**ભગવાન :** તે પણ ઘટી શકે નહિ, કારણ કે અન્યવ્યક્તિનું પણ શરીરિત્વ–અશરીરિત્વ રૂપ બે વિકલ્પોથી આરંભકપણું ઘટતું નથી. (તે આ પ્રમાણે : જે અન્ય તેના શરીરમાં આરંભ માટે વ્યાપાર કરશે, તે વ્યક્તિ શરીરી છે કે અશરીરી છે ? – જો તે શરીરી છે એમ માનશો તો તે શરીરી કેવી રીતે થયો ? જો તમે એમ કહેશો કે "તેનું શરીર અન્યએ કર્યું" તો તે અન્યનું શરીર ક્યાંથી આવ્યું ? એ પ્રમાણે અનવસ્થા ઊભી થાય. માટે "તે શરીરી છે" એ પક્ષ ઘટતો નથી. હવે જો બીજો પક્ષ કહો કે – "અશરીરી એવી અન્ય વ્યક્તિએ આત્માના શરીર આરંભ માટે પ્રયત્ન કર્યો." તો પોતે અશરીરી હોવાથી તેનું આરંભકપણું જ ઘટે નહિ. આમ, બંને વિકલ્પોથી અન્યનું આરંભકપણું ઘટતું ન હોવાથી કર્મરહિત એવા આત્માનું કર્તાપણું ઘટે નહિ એ વાત સિદ્ધ થાય છે.)

**शुद्धस्य देहकरणेच्छा युज्यते, तस्या रागविकल्पत्वात्, तस्मात् कर्मसद्वितीयः पुरुषः कर्ता इति। न च तत्कर्म प्रत्यक्षप्रमाणगोचरातीतं, मत्प्रत्यक्षत्वात्, त्वत्संशयवत्, भवतोऽपि अनुमानगोचरत्वात्, तच्चेदमनुमानम्-शरीरान्तरपूर्वकं बालशरीरं, इन्द्रियादिमत्त्वात्, युवशरीरवत्, न च जन्मान्तरातीत-शरीरपूर्वकमेवेदं, तस्यापान्तरालगतावभावेन तत्पूर्वकत्वानुपपत्तेः, न चाशरीरिणो नियतगर्भ-देशस्थान-प्राप्तिपूर्वकः शरीरग्रहो युज्यते, नियामककारणाभावात्, न स्वभाव एव नियामको,**

(**અગ્નિભૂતિ :** પરંતુ અમારો સિદ્ધાંત જ આ છે કે – કર્મરહિત એવા આત્માને જ્યારે દેહકરણની ઇચ્છા ઉત્પન્ન થાય છે, ત્યારે તે દેહને આરંભે છે કારણ કે આત્મા સકલશક્તિથી યુક્ત છે.)

**ભગવાન :** આ વાત યોગ્ય નથી કારણ કે શુદ્ધ આત્માને દેહકરણની ઇચ્છા જાગે નહિ. તેનું કારણ એ કે દેહકરણની ઇચ્છા એ એક રાગનો વિકલ્પ=પ્રકાર છે. જે શુદ્ધઆત્માને ન હોય. તેથી કર્મયુક્ત પુરુષ જ કર્તા હોય એમ માનવું. વળી, તે કર્મ પ્રત્યક્ષપ્રમાણનો વિષય નથી એવું નથી કારણ કે જેમ તારો સંશય પ્રત્યક્ષ છે, તેમ તે કર્મ પણ મને પ્રત્યક્ષ છે.

## ★ અનુમાનપ્રમાણથી કર્મની સિદ્ધિ ★

તે કર્મ તમારા પણ અનુમાનનો વિષય બને જ છે. તે અનુમાન આ પ્રમાણે જાણવું – બાળશરીર ઇન્દ્રિયાદિવાળું હોવાથી બીજા શરીરપૂર્વક હોય છે, જેમકે, ઇન્દ્રિયાદિવાળું એવું યુવાશરીર બાળશરીરપૂર્વક છે.

(**અગ્નિભૂતિ :** એ તો અમને પણ માન્ય છે કે આ બાળશરીર એ પૂર્વભવના શરીર પૂર્વકનું છે. પરંતુ તેથી કંઈ કર્મની સિદ્ધિ ન થાય.)

**ભગવાન :** ના, બાળશરીર પૂર્વભવના શરીરપૂર્વકનું નથી, કારણ કે પૂર્વભવનું શરીર અપાન્તરાલ ગતિમાં ન હોવાથી પૂર્વભવપૂર્વકનું બાળશરીર ઘટી શકે નહિ. તથા શરીર વિનાના જીવને ચોક્કસ ગર્ભદેશસ્થાનની પ્રાપ્તિપૂર્વક શરીરનો ગ્રહ ઘટતો નથી (અર્થાત્ શરીર (કાર્મણ શરીર) વિનાનો જીવ મરીને અમુક ચોક્કસ સ્થાને જ ઉત્પન્ન થાય અને ત્યાં ઔદારિકાદિ શરીર બનાવવાનો આરંભ કરે એ ઘટી શકે નહિ.) કારણ કે અમુક જીવ અમુક સ્થાને, અમુક જીવ અમુક સ્થાને એ પ્રમાણે ચોક્કસ સ્થાને જ ઉત્પન્ન થાય તેનો નિયામક=નિર્ણય કરનાર કોઈ જ નથી. (આમ, પૂર્વભવના શરીરપૂર્વક બાળશરીર છે નહિ અને નિયામકનો અભાવ હોવાથી અશરીરી જીવની ચોક્કસ ગર્ભસ્થાનની પ્રાપ્તિ પણ ન ઘટે, તેથી કાર્મણશરીરપૂર્વકનું જ બાળશરીર સિદ્ધ થાય છે.)

(**અગ્નિભૂતિ :** અમે સ્વભાવને જ નિયામક માનશું, અર્થાત્ ફલાણો જીવ અમુક સ્થાને – ફલાણો જીવ અમુક સ્થાને – એ પ્રમાણે તે તે જીવોની ચોક્કસ ગર્ભસ્થાનની જે પ્રાપ્તિ થાય છે, તેમાં જીવનો તેવા પ્રકારનો સ્વભાવ જ કારણ છે. તેના માટે વચ્ચે શરીર માનવાની જરૂર નથી.)

**ભગવાન :** અહીં સ્વભાવ જ નિયામક બની શકતો નથી, કારણ કે વસ્તુવિશેષ, અકારણતા

**वस्तुविशेषाकारणतावस्तुधर्मविकल्पानुपपत्तेः, स्वभावो हि वस्तुविशेषो वा स्यादकारणता वा वस्तुधर्मो वा ?, न तावत् वस्तुविशेषः, अप्रमाणकत्वात्, किं च–स मूर्त्तो वा स्यादमूर्त्तो वा ?, यदि मूर्त्तः, कर्मणोऽस्य च न कश्चिद्भेदः, कर्म्मैव सञ्ज्ञान्तरवाच्यं तत्, अथ अमूर्त्तो, न तर्हि नियामको देहकारणं वा, अमूर्त्तत्वात्, गगनवत्, तथाहि–नामूर्त्तान्मूर्त्तप्रसूतिरिति, न चाकारणता स्वभावः, कारणाभावस्याविशिष्टत्वात् युगपदशेषदेहसंभवप्राप्तेः, अकारणताविशेषाभ्युपगमे च तद्भावप्रसङ्गः, न च वस्तुधर्मः स्वभावः, आत्माख्यवस्तुधर्मत्वेन अमूर्त्तत्वात्, गगनवत्, तस्य**

---

અને વસ્તુધર્મ આ ત્રણેયમાંથી એકપણ વિકલ્પ ઘટતો નથી. તે આ પ્રમાણે – તે સ્વભાવ શું છે ? – વસ્તુવિશેષ છે, અકારણતા છે કે વસ્તુનો ધર્મ છે ? તેમાં પ્રથમ સ્વભાવ એ વસ્તુવિશેષ નથી, કારણ કે સ્વભાવ એ વસ્તુ હોવામાં કોઈ પ્રમાણ જ નથી.

જો કદાચ માની લઈએ કે તે સ્વભાવ વસ્તુવિશેષ છે. તો તે વસ્તુવિશેષ મૂર્ત છે કે અમૂર્ત છે ? તે મૂર્ત કહો તો એનો અને કર્મનો કોઈ ભેદ જ નથી. કર્મને જ માત્ર સંજ્ઞાન્તરથી કહો છો (અર્થાત્ અમે "કર્મ" શબ્દ કહીએ અને તમે "વસ્તુવિશેષ" શબ્દ વાપરો છો એના સિવાય કોઈ ભેદ નથી.) જો સ્વભાવાત્મક વસ્તુવિશેષ એ અમૂર્ત છે એમ કહો, તો તે સ્વભાવાત્મક વસ્તુવિશેષ અમૂર્ત હોવાથી ગગનની જેમ જગતના વૈચિત્ર્યનો નિયામક અથવા દેહનું કારણ બની શકે નહિ. તે આ પ્રમાણે – અમૂર્ત એવા આ વસ્તુવિશેષથી મૂર્ત એવા દેહની ઉત્પત્તિ થાય નહિ. આમ, સ્વભાવ એ વસ્તુવિશેષ નથી.

(૨) જો સ્વભાવ એટલે અકારણતા એમ કહેશો તો (અર્થાત્ જીવની મર્યા પછી અમુક ચોક્કસ સ્થાને ગર્ભરૂપે ઉત્પત્તિ અને ત્યાં દેહની રચના વગેરે કાર્યમાં કોઈ કારણ ન હોવું એ જ કારણ છે. એમ કહેશો તો) ગર્ભસ્થાને આવ્યા પછી જ્યારે દેહને રચવાનું જે કાર્ય કરે છે તેમાં કોઈ વિશેષકારણ બતાવેલ ન હોવાથી સહુ જીવોને કારણાભાવરૂપ સમાન કારણ હાજર હોવાથી બધા જ શરીરની રચના થવાની આપત્તિ આવશે. (આશય એ છે કે જીવ મનુષ્યશરીર જ બનાવે કે તિર્યંચનું શરીર જ બનાવે તેમાં કોઈ વિશેષકારણ નથી, પણ કારણાભાવરૂપ સમાનકારણ બધા શરીર માટે છે, તેથી બધા શરીર બની જશે.)

**અગ્નિભૂતિ :** અમે કારણસામાન્યાભાવરૂપ અકારણતા નથી માનતા, પરંતુ અકારણતા વિશેષ એ શરીરવિશેષ માટે કારણ માનીએ છીએ. (અર્થાત્ મનુષ્ય શરીર માટે જુદી અકારણતા, તિર્યંચ માટે જુદી..... એ રીતે.)

**ભગવાન :** (H)જો આ રીતે માનશો તો તમે કારણ જ માન્યું અને તે કર્મ જ માનવું પડશે. (અર્થાત્ તમે "વિશેષકારણાભાવ" શબ્દ વાપરો છો અમે કર્મ શબ્દ વાપરીએ છીએ, આના સિવાય કોઈ ફરક નથી.) આમ, વિશેષકારણભાવ સ્વીકારવામાં કર્મભાવનો પ્રસંગ આવશે. (અર્થાત્ કર્મ માનવું પડશે.) તેથી સ્વભાવ એટલે કારણાભાવ=અકારણતા અર્થ થાય નહિ.

(૩) હવે જો સ્વભાવને વસ્તુનો ધર્મ માનશો તો બે વિકલ્પો ઊભા થશે – (A) સ્વભાવ

देहादिकारणत्वानुपपत्तेः, मूर्त्तवस्तुधर्मत्वे पुनरसौ न पुद्गलपर्यायमतिवर्त्तते, कर्मापि च पुद्गलपर्यायानन्यरूपमेव इत्यविप्रतिपत्तिरिति, तस्मात् यच्छरीरपूर्वकं बालशरीरं तत्कार्मणमिति, आगमगम्यं च एतत्, '*पुण्यः पुण्येन पापः पापेन कर्मणा*' इत्यादिश्रुतिवचनप्रामाण्यात्, तथा अमूर्त्तस्यापि आत्मनो विशिष्टपरिणामवतः मूर्त्तकर्मपुद्गलसम्बन्धोऽविरुद्ध एव, आकाशस्येव घटादिसंयोग इति, तथा अमूर्त्तस्यापि मूर्त्तकृतावुपघातानुग्रहावविरुद्धौ, विज्ञानस्य मदिरापानौषधादिभिः उपघातानुग्रहदर्शनात्, इत्यलं प्रसङ्गेनेति —

**छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।**
**सो समणो पव्वइओ पंचहि सह खंडियसएहिं ॥६०५॥**

व्याख्या—इत्थं छिन्ने संशये जिनेन जरामरणविप्रमुक्तेन स श्रमणः प्रव्रजितः पञ्चभिः सह खण्डिकशतैः, भावार्थः सुगम इति गाथार्थः ॥६०५॥ द्वितीयो गणधरः समाप्तः ॥

— આત્મા નામની વસ્તુનો ધર્મ છે ? કે (B) આત્મા સિવાયની વસ્તુનો ધર્મ છે ? જો પ્રથમવિકલ્પ કહેશો તો, સ્વભાવ આત્માનામની વસ્તુનો ધર્મ હોવાથી અમૂર્ત માનવો પડશે. અને તેથી ગગનની જેમ દેહાદિનું કારણ બનશે નહિ. (કારણ કે અમૂર્તમાંથી મૂર્તની ઉત્પત્તિ થાય નહિ.) હવે જો તે સ્વભાવને મૂર્તવસ્તુના ધર્મ તરીકે માનશો તો આ સ્વભાવ મૂર્ત બનશે અને તેથી તે પુદ્ગલના પર્યાયને ઓળંગશે નહિ, અર્થાત્ તે સ્વભાવને પુદ્ગલનો એક પર્યાય જ માનવો પડે. એવું માનતા કર્મ પણ પુદ્ગલનો એક પર્યાય જ છે. તેથી આપણા બંનેનો મત સરખો થઈ જાય. માત્ર તમે "વસ્તુધર્મ" શબ્દ વાપરો અને અમે 'કર્મ' શબ્દ વાપરીએ. આમ સ્વભાવ પોતે ઉપરોક્ત ત્રણેય વિકલ્પોમાં ઘટતો ન હોવાથી સ્વભાવને જગતના વૈચિત્ર્યમાં કે દેહની રચનાનો નિયામક=કારણ મનાય નહિ. તેથી જે શરીરપૂર્વકનું બાળશરીર છે તે કાર્મણશરીર છે એ નક્કી થાય છે. (અને આ કાર્મણશરીર એટલે કર્મ.) આ રીતે અનુમાનથી કર્મસત્તા સિદ્ધ થઈ.

વળી આ કર્મ આગમથી પણ જણાય છે "पुण्य पुण्येन पापः..." વગેરે શ્રુતિના વચનો પ્રમાણભૂત છે જે કર્મનું અસ્તિત્વ જણાવે છે. પૂર્વે પૂર્વપક્ષે કહ્યું હતું કે — અમૂર્ત એવા આત્માનો મૂર્ત એવા કર્મ સાથે સંયોગ કેવી રીતે થાય ? તેનો ઉત્તર આપે છે કે જેમ અમૂર્ત એવા આકાશનો મૂર્ત એવા ઘટાદિ સાથે સંયોગ અવિરુદ્ધ છે, તેમ વિશિષ્ટ પરિણામવાળા અમૂર્ત આત્માનો કર્મ સાથેનો સંયોગ પણ અવિરુદ્ધ જ છે. એ જ રીતે જેમ મદિરાના પાનથી જ્ઞાનનો ઉપઘાત અને (બ્રાહ્મી વગેરે) ઔષધિના પાનથી જ્ઞાનની વૃદ્ધિ થતી દેખાય છે, તેમ મૂર્ત એવા કર્મોવડે આત્મા ઉપર પણ ઉપઘાત — અનુગ્રહ થાય તેમાં કોઈ વિરોધ નથી. તેથી વધુ ચર્ચાથી સર્યું. ॥૬૦૪॥

**ગાથાર્થ : આ રીતે જન્મ-મરણથી મુક્ત થયેલા જિનવડે સંશય છેદાતા અગ્નિભૂતિ પાંચસો શિષ્યો સાથે સાધુ થયો.**

ટીકાર્થ : ગાથાર્થ મુજબ જ છે. ॥૬૦૫॥

**ते पव्वइए सोउं तइओ आगच्छई जिणसगासं ।**
**वच्चामि णं वंदामी वंदित्ता पज्जुवासामि ॥६०६॥**

व्याख्या–'तौ' इन्द्रभूतिअग्निभूती प्रव्रजितौ श्रुत्वा तृतीयो वायुभूतिनामा आगच्छति जिनसकाशं, उभयनिष्क्रमणाकर्ण्णनादपेताभिमानः सञ्जातसर्वज्ञप्रत्ययः खलु अत एवाहं व्रजामि, णमिति वाक्यालङ्कारे, वन्दे भगवन्तं, तथा वन्दित्वा पर्युपासयामि इति गाथार्थः ॥६०६॥

इति सञ्जातसङ्कल्पो भगवत्समीपं गत्वा अभिवन्द्य च भगवन्तं तदग्रतस्तस्थौ, अत्रान्तरे—

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**
**णामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६०७॥**

व्याख्या–पूर्ववत् ॥

इत्थमपि संलप्तो हृद्गतं संशयं प्रष्टुं क्षोभादसमर्थो भगवताऽभिहितः—

**तज्जीवतस्सरीरंति संसओ णवि य पुच्छसे किंचि ।**
**वेयपयाण य अत्थं ण जाणसी तेसिमो अत्थो ॥६०८॥**

व्याख्या–स जीवः तदेव शरीरमिति, एवं संशयस्तव, नापि च पृच्छसि किञ्चित्

---

**★ तृतीयो गणधरवादः ★**

**ગાથાર્થ : તેઓને પ્રવ્રજિત સાંભળીને ત્રીજો જિન પાસે આવે છે. ત્યાં જાઉં, વંદન કરું, અને વંદન કરીને પ્રભુની ઉપાસના કરું.**

**ટીકાર્થ :** તે ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિને પ્રવ્રજિત સાંભળીને વાયુભૂતિનામે ત્રીજો બ્રાહ્મણ જિન પાસે આવે છે. ઉભયની દીક્ષાને સાંભળતા દૂર થયેલું છે અભિમાન જેનું અને ઉત્પન્ન થયેલ છે સર્વજ્ઞ તરીકેનો વિશ્વાસ જેને એવો વાયુભૂતિ (વિચારે છે કે) આથી જ = આ સર્વજ્ઞ છે માટે જ હું જાઉં અને ભગવાનને વંદન કરું, વંદન કરી તેમની સેવા કરું. ॥૬૦૬॥

**અવતરણિકા :** આ પ્રમાણે ઉત્પન્ન થયેલા સંકલ્પવાળો વાયુભૂતિ ભગવાન પાસે જાય છે અને ભગવાનને વંદન કરી ભગવાન સમક્ષ ઊભો રહે છે. તે સમયે ➪

**ગાથાર્થ : જન્મ-જરા-મરણથી મુક્ત થયેલા સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિનવડે નામ અને ગોત્રથી (વાયુભૂતિ) બોલાવાયો.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૬૦૭॥

**અવતરણિકા :** આ પ્રમાણે ભગવાનવડે બોલાવાયેલો વાયુભૂતિ જ્યારે ક્ષોભ (શરમ)ને કારણે હૃદયગત સંશયને પૂછવા માટે અસમર્થ થયો ત્યારે ભગવાને કહ્યું ➪

**ગાથાર્થ : "તે જ જીવ અને તે જ શરીર ? (કે જુદા ?)" એ પ્રમાણે તને સંશય છે છતાં તું મને કંઈ પૂછતો નથી. તું વેદપદોના અર્થોને જાણતો નથી. તે પદોનો આ અર્થ છે.**

**ટીકાર્થ :** "જીવ એ જ શરીર છે (કે જીવ શરીરથી જુદો છે ?)" એ પ્રમાણે તને સંશય છે અને સર્વતત્ત્વોને જાણનાર મને તું પૂછતો પણ નથી. તારો આ સંશય વેદના વિરુદ્ધપદોને

विदिताशेषतत्त्वम्, अयं स संशयस्तव विरुद्धवेदपदश्रुतिनिबन्धनो वर्त्तते, वेदपदानां चार्थं न जानासि, तेषां तव संशयनिबन्धनानामयमर्थो-वक्ष्यमाणलक्षण इति गाथाक्षरार्थः ॥ तानि चामूनि परस्परविरुद्धानि वेदपदानि–'*विज्ञानघन एव एतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानु विनश्यति न प्रेत्यसञ्ज्ञाऽस्ति*' *इत्यादीनि, तथा 'सत्येन लभ्यः तपसा ह्येष ब्रह्मचर्येण नित्यं ज्योतिर्मयो हि शुद्धो, यं पश्यन्ति धीरा यतयः संयतात्मानः*' इत्यादीनि चेति, एतेषां चायमर्थः ते बुद्धौ *प्रतिभासते–'विज्ञानघने' त्यादीनां पूर्ववत् व्याख्या*, नवरं न प्रेत्य सञ्ज्ञा अस्ति–न देहात्मनोः भेदासञ्ज्ञाऽस्ति, भूतसमुदायमात्रधर्मत्वात् चैतन्यस्य, ततश्चामूनि किल शरीरातिरिक्तात्मोच्छेदपराणि वर्त्तन्ते, 'सत्येन लभ्य' इत्यादीनि तु देहातिरिक्तात्मप्रतिपादकानि इति, अतः संशयः, युक्ता च भूतसमुदायमात्रधर्मता चेतनायाः, ते मतिः, तत्र एवोपलब्धेर्गौरतादिवदिति, तथा प्रत्यक्षादिप्रमाण-गोचरातिक्रान्तश्च देहातिरिक्त आत्मेति, तत्र वेदपदानां चार्थं न जानासि, चशब्दाद्युक्तिं हृदयं च,

---

સાંભળવાથી ઉત્પન્ન થયો છે. પરંતુ તું વેદપદોના અર્થોને જાણતો નથી. તારા સંશયના કારણભૂત એવા પદોનો અર્થ આ પ્રમાણે (આગળ કહેશે તે પ્રમાણે) તું જાણ. તે વિરુદ્ધ પદો આ પ્રમાણે છે - "विज्ञानघन एव एतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसञ्ज्ञाऽस्ति" વગેરે, તથા "सत्येन लभ्यः तपसा ह्येष ब्रह्मचर्येण नित्यं ज्योतिर्मयो हि शुद्धो, यं पश्यन्ति धीरा यतयः संयतात्मानः" વગેરે.

આ પદોનો આ પ્રમાણેનો અર્થ તારી બુદ્ધિમાં બેઠો છે - "विज्ञानघन..." વગેરે પદોનો અર્થ પ્રથમગણધરની વક્તવ્યતામાં કહ્યો તે પ્રમાણે જાણવો. માત્ર "न प्रेत्यसञ्ज्ञाऽस्ति" એટલે દેહ અને આત્માની ભેદસંજ્ઞા નથી, કારણ કે ચૈતન્ય ભૂતસમુદાય(શરીર)માત્રનો ધર્મ છે. આ પદો શરીરથી જુદા એવા આત્માનો નિષેધ કરનારા છે. (અર્થાત્ આત્મા અને શરીર એક જ છે.) તથા - "सत्येन लभ्यः....." વગેરે પદોનો અર્થ સત્યવચન, તપશ્ચર્યા અને બ્રહ્મચર્યથી નિત્ય એવો જ્યોતિર્મય શુદ્ધાત્મા પ્રાપ્ત થાય છે, જેને ધીર સંયત એવા યતિઓ જુએ છે." આ પદો દેહથી જુદો આત્મા છે એવું પ્રતિપાદન કરનારા છે. આ રીતે વેદના વિરુદ્ધપદોને સાંભળતા તને સંશય ઉત્પન્ન થયો છે.

વળી તું માને છે કે - ગોરો વર્ણ વિ. ભૂતસમુદાયમાત્રમાં જણાતાં હોવાથી તે ગોરાપણું વિગેરે જેમ ભૂતસમુદાયમાત્રનો ધર્મ છે, તેમ ચેતનાની પણ ભૂતસમુદાયમાત્રમાં જ ઉપલબ્ધિ (બોધ) થતી હોવાથી ચેતના પણ ભૂતસમુદાયમાત્રનો ધર્મ હોવો યુક્ત છે. વળી તું માને છે કે - પ્રત્યક્ષાદિપ્રમાણના વિષયથી અતિક્રાન્ત એવો દેહાતિરિક્ત આત્મા છે. (અર્થાત્ દેહથી જુદો આત્મા માનવામાં પ્રત્યક્ષાદિ કોઈ પ્રમાણ નથી.) તારી આવી બુદ્ધિ થવામાં કારણ એ છે કે, તું વેદપદોના અર્થોને જાણતો નથી. તથા યુક્તિ અને રહસ્યને પણ જાણતો નથી. તે વેદપદોનો અર્થ આ પ્રમાણે તારે જાણવો →

तेषामयमर्थः—तत्र 'विज्ञानघने'त्यादीनां प्रथमगणधरवक्तव्यतायां व्याख्यातत्वात् न प्रदर्श्यते, 'सत्येन लभ्य' इत्यादीनां तु सुगमत्वादिति । न च तत्रैव उपलब्ध्या हेतुभूतया चेतनायाः शरीरधर्मताऽनुमातुं युज्यते, तद्धर्मतया तत्रोपलम्भासिद्धेः, न च तस्मिन् सत्येव उपलम्भः तद्धर्मत्वानुमानाय अलं, व्यभिचारदर्शनाद्, यतः स्पर्शे सत्येव रूपादयः उपलभ्यन्ते, न च तद्धर्मता तेषामिति, तस्मात् शरीरातिरिक्तात्माख्यपदार्थधर्मश्चेतना इति, देशप्रत्यक्षश्चायम्, अवग्रहादीनां स्वसंवेद्यत्वात्, भावना प्रथमगणधरवत् अवसेया, अनुमानगम्योऽपि, तच्चेदम्—देहेन्द्रियातिरिक्त आत्मा, तद्विगमेऽपि तदुपलब्धार्थानुस्मरणात्, पञ्चवातायनोप-लब्धार्थानुस्मर्तृदेवदत्तवत्, आगमगम्यता तु अस्य प्रसिद्धा एव 'सत्येन लभ्य' इत्यादिवेदपदप्रामाण्याभ्युपगमादिति, अलं

---

વિજ્ઞાનઘન... વગેરેનો અર્થ પૂર્વે પ્રથમગણધરની વક્તવ્યતામાં કહેલો હોવાથી ફરી બતાડાતો નથી. સત્યેન લભ્ય.... વગેરે સુગમ હોવાથી તેનો અર્થ પણ જણાવાતો નથી. (હવે પૂર્વપક્ષે પૂર્વે કહ્યું હતું કે "ભૂતસમુદાયમાં જ ચૈતન્યની ઉપલબ્ધિ થતી હોવાથી ચૈતન્ય ભૂતસમુદાયનો ધર્મ છે" તેનું ખંડન કરે છે.) ભૂતસમુદાયમાં જ ઉપલબ્ધિરૂપ હેતુથી ચેતનાનું ભૂતસમુદાયના ધર્મ તરીકે અનુમાન કરી શકાય નહિ, કારણ કે ભૂતસમુદાયના ધર્મ તરીકે ભૂતસમુદાયમાં ચેતનાનો બોધ અસિદ્ધ છે. (અર્થાત્ ભૂતસમુદાયમાં ચેતનાનો બોધ થાય છે પરંતુ તેના ધર્મ તરીકે બોધ થતો નથી.)

**વાયુભૂતિ :** જેની હાજરીમાં જેની ઉપલબ્ધિ થાય, તે તેનો જ ધર્મ હોય એવી વ્યાપ્તિ છે. એટલે જ્યાં ભૂતસમુદાય હોય ત્યાં જ ચેતનાની ઉપલબ્ધિ થતી હોવાથી ચેતના ભૂતસમુદાયનો જ ધર્મ છે.

**ભગવાન :** તમારી વ્યાપ્તિમાં વ્યભિચાર આવતો હોવાથી તેનાથી અનુમાન થઈ ન શકે. વ્યભિચાર આ રીતે - સ્પર્શ હોય તો જ રૂપાદિનો બોધ થાય છે. (જ્યાં સ્પર્શ નથી, ત્યાં રૂપ ન દેખાય કારણ કે રૂપાદિના પ્રત્યક્ષમાં સ્પર્શવત્ત્વ પણ કારણ છે, એવી નૈયાયિકોની માન્યતા છે.) છતાં પણ રૂપાદિ સ્પર્શનો ધર્મ નથી. તેથી ચેતના એ ભૂતસમુદાયનો ધર્મ છે એવું અનુમાનથી સિદ્ધ થતું નથી. એટલે ચેતના શરીરથી જુદા આત્માનામના પદાર્થનો જ ધર્મ સિદ્ધ થાય છે. તથા દેહથી જુદો આત્મા દેહથી પ્રત્યક્ષ જ છે કારણ કે (મતિજ્ઞાનના ભેદરૂપ) અવગ્રહાદિ આત્માના ગુણો સ્વસંવેદ્ય છે. આની વિસ્તારથી ચર્ચા પ્રથમગણધરની વક્તવ્યતામાં જણાવી દીધી છે.

આ આત્મા અનુમાનથી પણ જણાય છે. તે આ પ્રમાણે - આત્મા દેહ અને ઈન્દ્રિયથી જુદો છે કારણ કે દેહ અને ઈન્દ્રિયનો નાશ થવા છતાં પણ દેહ અને ઈન્દ્રિયથી જણાયેલ અર્થનું અનુસ્મરણ થતું દેખાય છે. જેમ પાંચ વાતાયન (બારીઓ) માંથી જોયેલા અર્થને તે બારીઓ બંધ કર્યા પછી પણ અનુસ્મરણ કરતો દેવદત્ત એ વાતાયનથી જુદો છે, તેમ ઈન્દ્રિયદ્વારા દેખાયેલું, ઈન્દ્રિયના નાશ પછી પણ યાદ રાખનાર આત્મા ઈન્દ્રિયથી જુદો છે.

તથા આગમગમ્યતા પણ આત્માની પ્રસિદ્ધ જ છે કારણ કે "સત્યેન લભ્ય"... વગેરે

विस्तरेण, गमनिकामात्रमेतत् ।

**छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।**

**सो समणो पव्वइओ पंचहिं सह खंडियसएहिं ॥६०९॥**

व्याख्या–पूर्ववत् ॥ तृतीयो गणधरः समाप्त इति । अस्य च प्रथमगणधरादिदं नानात्वं–तस्य जीवसत्तायां संशयः, अस्य तु शरीरातिरिक्ते खल्वात्मानि, न तु तस्य सत्तायामिति ॥

**ते पव्वइए सोउं वियत्तो आगच्छई जिणसगासं ।**

**वच्चामि णं वंदामी वंदित्ता पज्जुवासामि ॥६१०॥**

व्याख्या–तान् प्रव्रजितान् श्रुत्वा इन्द्रभूतिप्रमुखान् व्यक्तो नाम गणधरः आगच्छति जिनसकाशं, किंविशिष्टेनाध्यवसायेन इत्याह–व्रजामि, णमिति वाक्यालङ्कारे, वन्दामि भगवन्तं जिनं, तथा वन्दित्वा पर्युपासयामि इति गाथाक्षरार्थः ॥

इत्येवंभूतेन सङ्कल्पेन गत्वा भगवन्तं प्रणम्य तत्पादान्तिके भगवत्सम्पदुपलब्ध्या विस्मयोत्फुल्लनयनस्तस्थौ, अत्रान्तरे–

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**

---

વેદના પદો પ્રમાણ તરીકે સ્વીકારેલા છે. વધુ ચર્ચાથી સર્યું. આ વિવરણ સંક્ષેપથી જ કરવાનું છે. ॥૬૦૮॥

**ગાથાર્થ : જરા–મરણથી મુક્ત જિનવડે સંશય છેદાયે છતે તે વાયુભૂતિ પાંચસો શિષ્યો સાથે સાધુ થયો.**

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૬૦૯॥ આ ત્રીજાગણધર અને પ્રથમગણધર વચ્ચે એટલો તફાવત જાણવો કે પ્રથમગણધરને જીવ છે કે નહિ ? એ પ્રમાણે જીવના અસ્તિત્વમાં સંશય હતો. જ્યારે ત્રીજાગણધરને જીવની સત્તામાં નહિ, પરંતુ જીવ દેહથી જુદો છે કે દેહાત્મક છે ? એ પ્રમાણે દેહથી અતિરિક્ત આત્મામાં સંશય હતો.

## ★चतुर्थो गणधरवादः ★

**ગાથાર્થ : તેઓને પ્રવ્રજિત સાંભળીને વ્યક્તનામે ગણધર જિનપાસે આવે છે. "પ્રભુ પાસે જાઉં, વંદન કરું અને વાંદીને પર્યુપાસના કરું.**

**ટીકાર્થ :** ઈન્દ્રભૂતિ વિ. પ્રથમ ત્રણને પ્રવ્રજિત સાંભળીને વ્યક્તનામે ગણધર જિનપાસે આવે છે. કેવા પ્રકારના પરિણામ સાથે તે આવે છે ? તે કહે છે - પ્રભુ પાસે જાઉં, ભગવાન એવા જિનને વંદુ તથા વાંદીને તેમની સેવા કરું. ॥૬૧૦॥

**અવતરણિકા :** આવા પ્રકારના સંકલ્પ સાથે પ્રભુપાસે જઈને, પ્રભુને નમીને, ભગવાનની ઋદ્ધિને જોઈને આશ્ચર્યથી મોટી થયેલી આંખોવાળો વ્યક્ત ભગવાનના ચરણો પાસે ઊભો રહે છે. તે સમયે ⇨

**ગાથાર્થ : જન્મ-જરા-મરણથી મૂકાયેલા, સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિનવડે (વ્યક્તનામે**

**नामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६११॥**

व्याख्या—पूर्ववत् ।

**किं मण्णि पंच भूया अत्थि नत्थित्ति संसओ तुज्झं ।**
**वेयपयाण य अत्थं ण जाणसी तेसिमो अत्थो ॥६१२॥**

व्याख्या—किं 'पञ्च भूतानि' पृथिव्यादीनि सन्ति न सन्तीति वा मन्यसे, व्याख्यान्तरं पूर्ववत् । संशयश्च तवायं विरुद्धवेदपदश्रुतिसमुत्थो वर्त्तते, शेषं पूर्ववत्, तानि चामूनि वेदपदानि वर्त्तन्ते—'*स्वप्नोपमं वै सकलमित्येष ब्रह्मविधिरञ्जसा विज्ञेय*' इत्यादीनि, तथा '*द्यावा पृथिवी*' इत्यादीनि च, तथा '*पृथ्वी देवता आपो देवता*' इत्यादीनि च, एतेषां चायमर्थः तव प्रतिभासते—'स्वप्नोपमं' स्वप्नसदृशं, वै निपातोऽवधारणे 'सकलम्' अशेषं जगत् 'एष ब्रह्मविधिः' एष परमार्थप्रकार इत्यर्थः 'अञ्जसा' प्रगुणेन न्यायेन 'विज्ञेयो' विज्ञातव्यो भाव्य इत्यर्थः, ततश्चामूनि किल भूतनिह्नवपराणि, शेषाणि तु सत्ताप्रतिपादकानीति, अतः संशयः, तथा भूताभाव एव च युक्त्युपपन्नः, ते चित्तविभ्रमः, तेषां प्रमाणतोऽग्रहणात्, तथाहि—चक्षुरादिविज्ञानस्य आलम्बनं परमाणवो वा स्युः परमाणुसमूहो वा ?, न तावदणवो, विज्ञाने अप्रतिभासनात्, नापि तत्समूहो, भ्रान्तत्वात्,

---

બ્રાહ્મણ) નામથી અને ગોત્રથી બોલાવાયો.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ છે. ॥૬૧૧॥

**ગાથાર્થ : તું એવું કેમ માને છે કે પંચ ભૂતો છે કે નહિ ? આવા પ્રકારનો તારો સંશય છે. તું વેદપદોના અર્થને જાણતો નથી. તેઓનો આ અર્થ છે.**

**ટીકાર્થ :** "શું પૃથ્વી વગેરે પાંચ ભૂતો છે કે નહિ ?" એ પ્રમાણે તું માને છે. વ્યાખ્યાન્તર પૂર્વની જેમ જાણવું (અર્થાત્ શ્લોકના પૂર્વાર્ધની વ્યાખ્યા પૂર્વે ગાથા ૬૦૦માં કિમ્ ના જુદા જુદા અર્થ કરીને જુદી જુદી જે બતાવી તે પ્રમાણે અહીં પણ સમજવી.) તારો આ સંશય વેદના વિરુદ્ધપદોને સાંભળવાથી ઉત્પન્ન થયો છે. શેષ-શ્લોકનો પશ્ચાર્ધ પૂર્વની જેમ જાણી લેવો. તે વેદના પદો આ પ્રમાણે છે. - "स्वप्नोपमं वै सकलमित्येष ब्रह्मविधिरञ्जसा विज्ञेय" વગેરે તથા "द्यावा पृथिवी..." વગેરે તથા "पृथ्वी देवता आपो देवता" વગેરે.

આ બધા પદોનો આ અર્થ તારા મનમાં ચાલી રહ્યો છે- સ્વપ્નોપમં એટલે સકલ આ જગત્ સ્વપ્નસદૃશ જ છે. વૈ અવધારણાર્થમાં છે. આ પ્રકારનો પરમાર્થ પ્રગુણન્યાયથી = દૃઢપણે વિચારવા યોગ્ય છે. આ રીતે આ પદો પંચભૂતનો નિષેધ કરનારા છે. તથા દ્યાવા પૃથિવી = સ્વર્ગ પૃથ્વી વગેરે અને પૃથ્વી દેવતા વગેરે પદો પંચભૂતોની સત્તાને જણાવનારા છે. તેથી તને સંશય થયો છે. વળી તારો આ ચિત્તવિભ્રમ છે કે ભૂતોનો અભાવ જ યુક્તિયુક્ત છે કારણ કે તે પંચભૂતો હોવામાં કોઈ પ્રમાણ નથી.

તે આ પ્રમાણે-ચક્ષુ આદિના જ્ઞાનનું આલંબન=વિષય પરમાણુઓ છે કે પરમાણુઓનો સમૂહ ? તેમાં અણુઓ એ જ્ઞાનનું આલંબન નથી કારણ કે ચક્ષુથી થતાં જ્ઞાનમાં પરમાણુઓ

**द्विचन्द्रवत्, भ्रान्तता चास्य समूहिभ्यस्तत्त्वान्यत्वाभ्यामनिर्वचनीयत्वात् अवस्तुत्वात्, अतः कुतो**

દેખાતા નથી. તથા પરમાણુઓનો સમૂહ પણ જ્ઞાનનો વિષય નથી કારણ કે કો'ક વ્યક્તિને બે ચન્દ્ર દેખાય તે જેમ ભ્રમ છે, તેમ ચક્ષુ વગેરેના જ્ઞાનમાં દેખાતો પરમાણુસમૂહ પણ ભ્રાંત છે, અર્થાત્ જે દેખાય છે તે વાસ્તવમાં નથી.

આ પરમાણુસમૂહ એ ભ્રાન્ત છે કારણ કે આ સમૂહ=સમુદાય (અવયવી) એ સમૂહિ=સમુદાયિ (અવયવો) કરતાં ભિન્ન છે કે અભિન્ન છે ? આ પ્રમાણેના બંને વિકલ્પો ઘટતાં ન હોવાથી આ સમૂહ એ વસ્તુ જ નથી પણ ભ્રાન્ત છે. ([H]અહીં ભિન્નાભિન્નતાનો વિકલ્પ આ પ્રમાણે જાણવો કે પ્રથમ જો કહો કે સમુદાય એ સમુદાયિ કરતા ભિન્ન છે. તો તે સમુદાય સમુદાયિમાં વર્તતો છતો દેશથી વર્તે છે કે સર્વાંશે વર્તે છે ? જો દેશથી વર્તે છે એમ કહો તો તે દેશોમાં પણ આ સમુદાય વર્તતો હોવો જોઈએ. તે દેશોમાં આ સમુદાય દેશથી વર્તે છે ? કે સર્વાંશે વર્તે છે ? તે પણ કહેવું પડશે. આ રીતે વારંવાર પ્રશ્નો કરતા અનવસ્થા આવીને ઊભી રહે. તેથી સમુદાયને સમુદાયિથી ભિન્ન મનાય નહિ.

હવે જો તમે બીજો વિકલ્પ એટલે કે સમુદાય સમુદાયિમાં સર્વાંશે વર્તે છે એમ કહો તો, એક જ સમુદાયિમાં સમુદાય (પરમાણુનો સમૂહ) સર્વાંશે રહેતો હોવાથી તે સિવાયના અન્ય સમુદાયિઓ સમુદાયવિનાના થવાની આપત્તિ આવે, કારણ કે તમામ પરમાણુઓનો સમૂહ આ એક જ સમુદાયિમાં વર્તે છે. આ દોષ ન આવે તે માટે જો તમે કહેશો કે સમુદાય સમુદાયિ અભિન્ન છે ભિન્ન નથી તો, પરમાણુનો સમૂહ એ સમુદાયિ જ કહેવાશે. સમુદાયિથી જુદો સમુદાય જેવી કોઈ વસ્તુ જ રહેશે નહિ.

આમ, સમુદાય ભેદ કે અભેદ વિકલ્પવડે અનિર્વચનીય હોવાથી વસ્તુરૂપે જ રહેશે નહિ. તેથી સમુદાય એ ભ્રાન્ત છે માટે જ્ઞાનનો વિષય બનતો નથી. અથવા ભિન્નાભિન્નત્વના વિકલ્પો આ મુજબ જાણવા. - જો સમૂહરૂપ અવયવી, પરમાણુરૂપ અવયવોથી અભિન્ન જ છે, તો પછી પરમાણુ જ રહો, સમૂહ નામની જુદી વસ્તુ માનવાની જરૂર નથી. હવે જો અવયવીને અવયવોથી ભિન્ન માનો તો તે અવયવી, દરેક અવયવમાં સંપૂર્ણતયા રહે છે કે દેશથી ? જો સંપૂર્ણપણે રહે, તો જેટલા અવયવ તેટલા અવયવી થઈ જશે. દા.ત. દ્વ્યણુક, દરેક પરમાણુમાં સંપૂર્ણપણે રહે તો બે દ્વ્યણુક થઈ જાય, પરંતુ એવું મનાય નહિ. માટે આ વિકલ્પ માન્ય બનતો નથી.

જો અવયવી દરેક અવયવમાં દેશથી રહે, તો અવયવીને સાંશ માનવો પડે, જે અનિષ્ટ છે, કારણ કે જે લોકો અવયવોથી અવયવીને ભિન્ન માને છે, તેઓ અવયવીને એક = નિરંશ માને છે. છતાં કોઈક રીતે અવયવીને સાંશ માની લો, તો પણ અવયવી પોતાના દરેક અંશમાં સંપૂર્ણપણે રહે કે દેશથી ? સંપૂર્ણપણે રહે તો અનેક અવયવી માનવાની આપત્તિ આવે. દેશથી

भूतसत्तेति, तत्र वेदपदानां चार्थं न जानासि, चशब्दाद्युक्तिं हृदयं च 'तेषां' तवसंशयनिबन्धनानां वेदपदानामयमर्थः, 'स्वप्नोपमं वै सकल'मित्यादीन्यध्यात्मचिन्तायां मणिकनकाङ्गनादि-संयोगस्यानियतत्वादस्थिरत्वादसारत्वाद्विपाककटुकत्वादास्थानिवृत्तिपराणि वर्त्तन्ते, न तु तदत्यन्ताभावप्रतिपादकानि इति, तथा 'द्यावा पृथिवी'त्यादीनि तु सुगमानि, तथा सौम्य ! न च चक्षुरादिविज्ञाने परमाणवो नावभासन्ते, तेषां तुल्यातुल्यरूपत्वात्, तुल्यरूपस्य च चक्षुरादिविज्ञाने प्रतिभासनात्, न च तुल्यं रूपं नास्त्येव, तदभावे खल्वेकपरमाणुव्यतिरेकेणान्येषाम-

---

રહે તો ફરી તેવા અંશો માનવાના કારણે અનવસ્થા ઊભી થાય. આ રીતે બંને વિકલ્પોમાં સ્વતંત્ર અવયવી સિદ્ધ થતો ન હોવાથી તે છે જ નહિ. એટલે જ્ઞાનનો વિષય પણ બનતો નથી.)

આથી પરમાણુસમૂહ જ ન હોવાથી ભૂતોનું અસ્તિત્વ જ નથી. આ પ્રમાણેની હે વ્યક્ત ! તારી જે માન્યતા છે તેનું કારણ એ છે કે તે વેદપદોના અર્થોને, યુક્તિને અને રહસ્યને તું જાણતો નથી. તારા સંશયના કારણભૂત એવા તે વેદપદોનો આ અર્થ તારે જાણવો કે - "स्वप्नोपमं वै सकलं" વગેરે પદો અધ્યાત્મની વિચારણામાં મણિ-સુવર્ણ-સ્ત્રી વગેરેનો સંયોગ અનિયત, અસ્થિર, અસાર અને પરિણામે કડવો હોવાથી આ મણિ-સુવર્ણ-સ્ત્રી વગેરે પરના રાગનો નાશ કરાવનારા છે, પણ મણિ વગેરેનો સર્વથા અભાવ જણાવનારા નથી. તથા "द्यावा पृथिवी" વગેરે પદોના અર્થ સુગમ જ છે જે પંચભૂતની સત્તા જણાવનારા છે જ.

તથા હે સૌમ્ય ! ચક્ષુ વગેરેના જ્ઞાનમાં પરમાણુઓ દેખાતા નથી એવું નથી અર્થાત્ દેખાય જ છે કારણ કે તે પરમાણુઓનું બે રૂપ છે → તુલ્યરૂપ=સાધારણરૂપ (પરમાણુત્વ) અને અતુલ્યરૂપ=અસાધારણરૂપ. તેમાં પરમાણુઓ પોતાના તુલ્યરૂપે ચક્ષુ વગેરે જ્ઞાનમાં દેખાય છે (અહીં વિવક્ષિતપરમાણુ સાથે અન્યપરમાણુઓ પરમાણુત્વ રૂપે તુલ્ય છે. તેથી પરમાણુત્વ એ તુલ્યરૂપ છે. તથા દરેક પરમાણુઓને પોતાનું સ્વતંત્ર સ્વરૂપ પણ છે જે બીજાથી જુદું હોવાથી અસાધારણરૂપ કહેવાય છે.) વળી, તુલ્યરૂપ નથી એવું પણ ન કહેવાય કારણ કે પરમાણુઓનું પરસ્પર તુલ્યત્વ જો ન માનો તો, એક પરમાણુ સિવાયના અન્ય પરમાણુઓ પરમાણુ રૂપે રહેશે નહિ. માટે દરેક પરમાણુઓનું પરસ્પર (પરમાણુત્વરૂપ) તુલ્યત્વ માનવું જ રહ્યું.

**વ્યક્ત :** તમે જે તુલ્યત્વ કહો છો તે તુલ્યત્વ એટલે તદન્યવ્યાવૃત્તિ અને તે પણ વાસ્તવિક નથી, પરંતુ કલ્પિત જ છે. (तद् = વિવક્ષિતપરમાણુ, અન્ય = વિવક્ષિતપરમાણુથી અન્ય એવા બીજા પરમાણુઓ + દ્વ્યણુકાદિ, વ્યાવૃત્તિ = બીજા પરમાણુઓ + દ્વ્યણુકાદિથી જુદાપણું. દરેક પરમાણુઓ અન્ય એવા પરમાણુઓ અને દ્વ્યણુકાદિથી જુદા છે માટે દરેકમાં તદન્યવ્યાવૃત્તિ રહેલી છે આનું નામ જ તુલ્યત્વ.)

**णुत्वाभावप्रसङ्गात्, न च तद् अन्यव्यावृत्तिमात्रं परिकल्पितमेव, स्वरूपाभावेऽन्यव्यावृत्तिमात्रतायां तस्य खपुष्पकल्पत्वप्रसङ्गात्, तथा चाशेषपदार्थव्यावृत्तमपि खपुष्पं स्वरूपाभावान्न सत्तां धारयति, न च तद्रूपमेव सजातीयेतरासाधारणं तदन्यव्यावृत्तिः, तस्य तेभ्यः स्वभावभेदेन व्यावृत्तेः, स्वभावभेदानभ्युपगमे च सजातीयेतरभेदानुपपत्तेः, सजातीयैकान्तव्यावृत्तौ च विजातीयव्यावृत्तावनणुत्ववदणुत्वाभावप्रसङ्गः ।**

**ભગવાન :** ના, તુલ્યત્વ એ તદન્યવ્યાવૃત્તિરૂપ કે પરિકલ્પિત નથી, કારણ કે જો આ રીતે પરમાણુઓનું પોતાનું કોઈ અનુગત સ્વરૂપ માનવાનું ન હોય અને માત્ર તદન્યવ્યાવૃત્તિ અને તે પણ પરિકલ્પિત માનવાનું હોય તો પરમાણુઓને પણ આકાશપુષ્પસમાન માનવાની આપત્તિ આવશે. જેમ ખ-પુષ્પ દુનિયાના સંપૂર્ણપદાર્થોથી વ્યાવૃત્ત (જુદું) હોવા છતાં પણ પોતાનું સ્વતંત્ર સ્વરૂપ ન હોવાને કારણે જગતમાં અસ્તિત્વને ધારણ કરતું નથી, તેમ પરમાણુઓ પણ તદન્યવ્યાવૃત્ત હોવા છતાં પોતાનું સ્વરૂપ ન હોવાથી અસ્તિત્વને ધારણ કરશે નહિ.

**વ્યક્ત :** ચાલો, માની લઈએ કે પરમાણુઓનું પોતાનું કંઈક સ્વરૂપ છે, છતાં પણ તમને ઈચ્છિત તુલ્યત્વની સિદ્ધિ થશે નહિ, કારણ કે સજાતીય-ઈતરાસાધારણ (સજાતીય એવા પરમાણુઓ અને ઈતર એવા દ્વ્યણુકાદિમાં જે ન હોય તે સજાતીય-ઈતરાસાધારણ) એવું પરમાણુનું સ્વરૂપ જ તદન્યવ્યાવૃત્તિ છે. (અર્થાત્ તદન્યવ્યાવૃત્તિ કલ્પિત નથી, અને આવા પ્રકારની તદન્યવ્યાવૃત્તિ હોવાથી, પરમાણુ ખપુષ્પવત્ થવાની આપત્તિ નહિ આવે.)

**ભગવાન :** સજાતીય એવા અન્ય પરમાણુઓ અને ઈતર એવા દ્વ્યણુકાદિથી પરમાણુની વ્યાવૃત્તિ જુદા જુદા સ્વભાવના કારણે થાય છે. તેથી સજાતીય - ઈતરાસાધારણ એવું પરમાણુનું સ્વરૂપ એ એક જ તદન્યવ્યાવૃત્તિરૂપ માની ન શકાય. (આશય એ છે કે - જે સ્વભાવથી આ પરમાણુ દ્વ્યણુકાદિથી જુદો છે તે જ સ્વભાવથી અન્ય પરમાણુઓથી જુદો નથી પરંતુ અન્ય સ્વભાવથી જુદો પડે છે. આમ દ્વ્યણુકાદિથી જુદો હોવામાં જુદો સ્વભાવ અને અન્ય પરમાણુઓથી જુદો હોવામાં જુદો સ્વભાવ છે. આમ બે સ્વભાવ પરમાણુમાં રહેલા છે. આ જુદા જુદા બે સ્વભાવ(સ્વભાવભેદ)થી વિવક્ષિત પરમાણુ સજાતીય–ઈતરથી જુદો પડી જાય છે. એટલે પરમાણુના જુદા જુદા સ્વરૂપો હોવાથી પરમાણુના સ્વરૂપને એક જ તદન્યવ્યાવૃત્તિરૂપ મનાય નહિ.) જો સ્વભાવભેદ માનવામાં ન આવે તો સજાતીય અને ઈતર એવા ભેદ જ ઘટે નહિ.

વળી, પરમાણુ જો વિજાતીયથી જે રીતે એકાન્તે વ્યાવૃત્ત છે, તે રીતે તેનો સજાતીયથી સર્વથા (એકાન્તે) ભેદ માનશો તો જેમ વિવક્ષિતપરમાણુ વિજાતીય એવા દ્વ્યણુકાદિથી જુદો હોવાથી વિવક્ષિતપરમાણુમાં અનણુત્વ નથી તેમ સજાતીયથી પણ જુદો માનતા પરમાણુમાં અણુત્વના અભાવનો પ્રસંગ આવે. (આશય એ છે કે — દ્વ્યણુકાદિ એ અણુ નથી માટે તેમાં

**भावे च तुल्यरूपसिद्धिरिति, न चेयमनिमित्ता तुल्यबुद्धिः, देशादिनियमेनोत्पत्तेः, न च स्वप्नबुद्ध्या व्यभिचारः, तस्या अप्यनेकविधनिमित्तबलेनैव भावात्, आह च भाष्यकारः—**

*"[६४]अणुभूय दिट्ठ चिन्तिय सुय पयइविचार देवयाऽणूया ।*
*सुमिणस्स निमित्ताइं पुण्णं पावं च नाभावो ॥१॥"*

**न च भूताभावे स्वप्नास्वप्नगन्धर्वपुरपाटलिपुत्रादिविशेषो युज्यते, न चालयविज्ञान-**

અનણુત્વ રહેલું છે. પરમાણુ દ્વયણુકાદિથી એકાન્તે જુદો હોવાથી તેમાં અનણુત્વ નથી. એ જ રીતે પરમાણુ જો અન્યપરમાણુઓથી એકાન્તે જુદો માનશો તો તે પરમાણુમાં અણુત્વનો અભાવ માનવો પડે, પરંતુ), એ માન્ય નથી તેથી વિવક્ષિતપરમાણુમાં અણુત્વનો ભાવ હોવાથી તુલ્યરૂપની સિદ્ધિ થઈ જાય છે.

વળી, એક પરમાણુ અન્ય પરમાણુથી તુલ્ય છે એવી જે બુદ્ધિ થાય છે તે પણ કંઈ નિષ્કારણ થતી નથી, કારણ કે તે દેશાદિના નિયમથી ઉત્પન્ન થાય છે. (અર્થાત્ તે બુદ્ધિ પરમાણુરૂપ એક દેશમાં જ ઉત્પન્ન થાય છે અન્યત્ર નહિ. જો નિષ્કારણ હોત તો પરમાણુ - દ્વયણુક વચ્ચે પણ તુલ્યત્વબુદ્ધિ ઉત્પન્ન થાત, પણ થતી નથી. માટે તે તુલ્યબુદ્ધિ પણ સકારણ જ છે અને એનું કારણ પરમાણુઓમાં રહેલ તુલ્યત્વ છે.)

**વ્યક્ત :** સ્વપ્ન કારણવિના જ ઉત્પન્ન થાય છે. તેથી ચોક્કસ દેશ-કાળાદિના નિયમથી ઉત્પન્ન થતી બુદ્ધિ સકારણ જ હોય તેવું નથી.

**ભગવાન :** સ્વપ્ન પણ અનેક પ્રકારના નિમિત્તબળથી જ ઉત્પન્ન થાય છે. કહ્યું જ છે ભાષ્યકારે - (૧) અનુભૂત - પૂર્વે અનુભવેલ વસ્તુ સ્વપ્નમાં દેખાય તે અનુભૂતસ્વપ્ન. (અહીં સ્વપ્નમાં પૂર્વે કરેલો અનુભવ કારણ છે. આ રીતે આગળ પણ તે તે કારણો જાણી લેવા.) (૨) પૂર્વે જોયેલ વસ્તુ સ્વપ્નમાં દેખાય તે દૃષ્ટાર્થ નિમિત્તવાળું સ્વપ્ન કહેવાય. (૩) સ્ત્રી વગેરેની પ્રાપ્તિ સ્વપ્નમાં દેખાય તે ચિંતિત. (૪) દેવલોક-નરકાદિ સાંભળેલી વસ્તુ સ્વપ્નમાં જણાય તે શ્રુતનિમિત્તક સ્વપ્ન. (૫) વાત-પિત્ત-કફાદિના વિકારથી થતું સ્વપ્ન પ્રકૃતિવિકારનિમિત્તક છે. (૬) દેવતા નિમિત્તે આવેલ સ્વપ્ન દેવતાનિમિત્તક છે. (૭) જ્યાં રહેલી વ્યક્તિને વધુ પડતાં સ્વપ્નો આવે તેમાં તે પાણીવાળો પ્રદેશ નિમિત્ત છે. (૮) શુભસ્વપ્નદર્શનમાં પુણ્ય અને (૯) અશુભસ્વપ્નદર્શનમાં પાપ નિમિત્ત છે. આમ ઘટવિજ્ઞાનની જેમ સ્વપ્ન પણ વિજ્ઞાનમય હોવાથી ભાવસ્વરૂપ જ છે પણ અભાવરૂપ નથી ॥ **વિ.આ.ભા. ૧૭૦૩** ॥

વળી, જો ભૂત (ઘટાદિ પદાર્થો) હોય જ નહિ તો, આ સ્વપ્ન, આ અસ્વપ્ન, આ ગંધર્વનગર ખોટું છે, આ પાટલીપુત્રાદિ સત્ય છે વગેરે ભેદ પણ ઘટી શકે નહિ.

---

**६४. अनुभूतं दृष्टं चिन्तितं श्रुतं प्रकृतिविकारः देवताऽनूपः । स्वप्नस्य निमित्तानि पुण्यं पापं च नाभावः ॥१॥**

गतशक्तिपरिपाकसमनन्तरोपजातविकल्पविज्ञानसामर्थ्यमस्यास्तुल्यबुद्धेः कारणं, स्वलक्षणाद-स्वलक्षणानुपपत्तेः, नापि पारम्पर्येण तदुत्पत्तिर्युज्यते, स्वलक्षणसामान्यलक्षणातिरिक्तवस्त्वभावेन पारम्पर्यानुपपत्तेः, बाह्यनीलाद्यभावे च शक्तिविपाकनियमो न युज्यते, नियामकसह-कारिकारणाभावात् ।

किंच--आलयात्पीतादिसंवेदनजननशक्तयो भिन्ना वा स्युरभिन्ना वा ?, यद्यभिन्नाः सर्वैकत्व-

---

**જ્ઞાનવાદી :** ("આલય એટલે આધાર, તદ્રૂપ જે વિજ્ઞાન તે આલયવિજ્ઞાન, અર્થાત્ ઘટ, પટ વિગેરે પદાર્થોનું જુદું જુદું જે જ્ઞાન છે, તે જુદા જુદા જ્ઞાનને ઉત્પન્ન કરનાર શક્તિનો આધાર. અનાદિકાળથી પ્રવૃત્ત એવું ચૈતન્ય એ આલયવિજ્ઞાન કહેવાય છે જેણે મનસ્કાર નામે ઓળખાય છે.) આલયવિજ્ઞાનમાં રહેલી શક્તિનો પરિપાક થયા પછી "આ તુલ્ય છે" એવા પ્રકારના વિકલ્પોને ઉત્પન્ન કરવાનું આલયવિજ્ઞાનનું સામર્થ્ય જ તુલ્યબુદ્ધિનું કારણ છે, પણ બાહ્યપદાર્થોમાં રહેલ તુલ્યત્વ તુલ્યબુદ્ધિનું કારણ નથી.

**ભગવાન :** એવું સંભવિત નથી કારણ કે આલયવિજ્ઞાનમાં રહેલ સામર્થ્ય એ સ્વલક્ષણરૂપ છે, અર્થાત્ સકલ સજાતીય-વિજાતીયથી વ્યાવૃત્ત છે. આવા સજાતીય-વિજાતીયથી વ્યાવૃત્ત એવું સામર્થ્ય એ માત્ર વિજાતીયથી વ્યાવૃત્તિરૂપ તુલ્યત્વને કે જે સ્વલક્ષણ નથી, તેને કેવી રીતે ઉત્પન્ન કરી શકે ? અર્થાત્ ન કરી શકે. માટે તુલ્યબુદ્ધિમાં આ સામર્થ્ય કારણ નથી પણ પદાર્થમાં રહેલ તુલ્યત્વ જ કારણ છે.

(**જ્ઞાનવાદી :** આલયવિજ્ઞાન સકલસજાતીય-વિજાતીયવ્યાવૃત્તરૂપ સ્વલક્ષણથી કોઈક અન્ય વસ્તુ ઉત્પન્ન કરશે અને તે અન્ય વસ્તુ સામાન્યલક્ષણરૂપ તુલ્યત્વને ઉત્પન્ન કરશે. આમ આલયવિજ્ઞાનગત સામર્થ્ય પરંપરાએ તુલ્યબુદ્ધિને ઉત્પન્ન કરશે.)

**ભગવાન :** આ પણ ઘટતું નથી કારણ કે તમે તો સ્વલક્ષણ અને સામાન્યલક્ષણ સિવાય અન્ય ત્રીજી વસ્તુ માની જ નથી કે જેથી પરંપરા ઘટે. વળી આલયવિજ્ઞાનમાં રહેલ શક્તિનો પરિપાક પણ બાહ્ય એવા નીલાદિ પદાર્થો વિના ઘટી શકતો નથી કારણ કે શક્તિનો પરિપાક થાય તે માટે નિયામક એવું સહકારી કારણ જ નથી. (આશય એ છે કે અમુક કાળે જ તુલ્યબુદ્ધિ થાય છે અમુક કાળે નથી થતી તેમાં તમે શક્તિનો પરિપાક કારણ માનો છો, પરંતુ તે શક્તિપરિપાક પણ બાહ્યનીલાદિ પદાર્થ વિના ઉત્પન્ન થઈ શકે નહિ, અન્યથા હંમેશા એ શક્તિનો પરિપાક માનવો પડે, જે ઘટતું નથી. માટે બાહ્યપદાર્થો માનવા જ પડે.)

વળી, અમે તમને પૂછીએ કે – પીતાદિના એટલે કે પીત-નીલ વિગેરે જુદા જુદા સંવેદનને ઉત્પન્ન કરનારી શક્તિ આલયથી ભિન્ન છે કે અભિન્ન છે ? જો અભિન્ન છે તો બધી શક્તિઓ આલયવિજ્ઞાનથી અભિન્ન હોવાથી પરસ્પર અભિન્ન થશે અને તો બધી શક્તિઓ એક જ થઈ જશે, જો એક ન માનો તો બધી શક્તિઓનો એક આલય સાથે અભેદ કેવી રીતે

**प्रसङ्गः, एकालयाभेदान्यथानुपपत्तेः, ततश्च कुतस्तासां पीतादिप्रतिभासहेतुता ?, प्रयोगश्च-नीलविज्ञानहेतुतया परिकल्पिता शक्तिर्न तद्धर्मा, शक्त्यन्तररूपत्वात्, शक्त्यः स्वात्मवत्, अथ भिन्नास्तथाप्यवस्तुसत्यो वा स्युः वस्तुसत्यो वा ?, यद्यवस्तुसत्यः समूहवत्कुतः प्रत्ययत्वम् ?, अथ वस्तुसत्यो बाह्योऽर्थः केन वार्यत इति ?, एवमणूनां तुल्यरूपग्रहणं तदाभासज्ञानोत्पत्तेः,**

---

ઘટે ? ન ઘટે. અને જો આ રીતે બધી શક્તિઓ એક થઈ જાય તો તે એક થયેલી શક્તિઓ જુદા જુદા પીત-નીલાદિજ્ઞાનનું કારણ કેવી રીતે બનશે ? (અર્થાત્ ન બની શકે. તેથી આ શક્તિઓ આલયથી અભિન્ન મનાય નહિ. આ જ વાતને અનુમાન પ્રયોગ દ્વારા દર્શાવે છે.-)

પ્રયોગ → નીલવિજ્ઞાનના કારણ તરીકે કલ્પાયેલી શક્તિ એ તદ્ધર્મવાળી નથી, એટલે કે નીલવિજ્ઞાનનું કારણ નથી, કારણ કે તે શક્ત્યન્તરસ્વાત્મની જેમ શક્ત્યન્તરરૂપ છે. (આશય એ છે કે – પીતવિજ્ઞાનને ઉત્પન્ન કરનારી શક્તિ એ નીલવિજ્ઞાનને ઉત્પન્ન કરનાર શક્તિની અપેક્ષાએ શક્ત્યન્તર કહેવાય છે. આ પીતવિજ્ઞાનને ઉત્પન્ન કરનારી શક્ત્યન્તર એ જેમ નીલવિજ્ઞાનને ઉત્પન્ન કરતી નથી કારણ કે તે શક્ત્યન્તરરૂપ છે, તેમ નીલવિજ્ઞાનને ઉત્પન્ન કરનારી શક્તિ પણ નીલવિજ્ઞાનને ઉત્પન્ન કરશે નહિ કારણ કે તે શક્તિ પણ પીતવિજ્ઞાનજનકશક્તિની અપેક્ષાએ શક્ત્યન્તરરૂપ જ છે. આમ, દરેક શક્તિ શક્ત્યન્તરરૂપ હોવાથી પીત-નીલ વિગેરે એકપણ જ્ઞાન ઉત્પન્ન કરશે નહિ.)

હવે જો ભિન્ન માનો તો, તો તે શક્તિ વસ્તુ છે કે અવસ્તુ છે ? જો અવસ્તુ હોય, તો પછી સમૂહની જેમ શક્તિનો પણ વિશ્વાસ કેવી રીતે રાખવો ? અર્થાત્ શક્તિ પણ ભ્રાન્ત જ થશે. (કારણ કે પરમાણુનો સમૂહ તમારા મતે ભ્રાન્ત છે.) અને જો વસ્તુ માનો તો તમે જ્ઞાનથી ભિન્ન એવી શક્તિ માની એટલે તમારો જ્ઞાનાદ્વૈતવાદ તો ખંડિત થઈ જ ગયો, તો પછી ઘટાદિ બાહ્ય અર્થો છે, ભૂતો છે એવું માનનારને તમે કેવી રીતે અટકાવશો ? આમ, પરમાણુઓમાં તુલ્યત્વનું જ્ઞાન થતું હોવાથી તુલ્યરૂપની સિદ્ધિ થાય છે.

**જ્ઞાનવાદી :** વિષયના બળથી ઉત્પન્ન થતો જ્ઞાનનો નીલાદિઆકાર એ વિષયથી (નીલાદિવસ્તુથી) ભિન્ન છે કે અભિન્ન છે ? જો ભિન્ન માનો તો, નીલવસ્તુનું જ્ઞાન જ થશે નહિ કારણ કે નીલવસ્તુથી નીલાકાર તદ્દન જુદો છે. અન્યથા પટ ઘટથી જુદો હોવા છતાં ઘટનું જ્ઞાન જ્યારે થાય ત્યારે પટનું જ્ઞાન પણ થવાની આપત્તિ આવશે.

હવે જો, અભિન્ન માનો તો, વિષયનો આકાર જ્ઞાનમાં સંક્રાન્ત થતાં વિષય નિરાકાર બની જશે. વળી, વિષયથી અભિન્ન એવા આકારનો જ્ઞાનમાં સંક્રમ થવાથી વિષયનો પણ સંક્રમ થશે. જે યુક્ત નથી. આમ, વસ્તુનો આકાર જ્ઞાનમાં જણાય છે એ ભિન્નાભિન્ન વિકલ્પો દ્વારા ઘટતો ન હોવાથી તુલ્યત્વની બુદ્ધિ પણ ઘટી શકતી નથી. (અર્થાત્ તુલ્યત્વનું જ્ઞાન પણ ખોટું છે.)

न च विषयबलोपजातसंवेदनाकारस्य विषयाद्भेदाभेदविकल्पद्वारेणानुपपत्तिर्भाव्या, विशिष्टपरिणामोपेतार्थसन्निधावात्मनः कालक्षयोपशमादिसव्यपेक्षस्य नीलादिविज्ञानमुत्पद्यते, तथापरिणामाद्, इत्थं चैतदङ्गीकर्त्तव्यम्, अन्यथा नीलात्संवेदनान्नीलसंवेदनान्तरानुपपत्तिः, प्रागुपन्यस्तविकल्पयुगलकसम्भवादित्येवं परमाणुतुल्यरूपग्रहोऽविरुद्धः, अतुल्यरूपं तु योगिगम्यत्वात् विशिष्टक्षयोपशमाभावात्सर्वथा न परिगृह्यते, न च परमाणूनां बहुत्वेऽपि विशेषाभावाद् घटशरावादिबुद्धेः तुल्यत्वप्रसङ्गो, विशेषाभावस्यासिद्धत्वात्, तथा च परमाणव एव विशिष्टपरिणामवन्तो घट इति,

---

ભગવાન : આકારની વિષયથી ભેદાભેદ વિકલ્પો દ્વારા અનુત્પત્તિ (અઘટમાનતા) કહેવી નહિ કારણ કે વિશિષ્ટપરિણામયુક્ત અર્થનું સંનિધાન થાય ત્યારે કાળ-ક્ષયોપશમાદિને સાપેક્ષ જીવને નીલાદિ જ્ઞાન ઉત્પન્ન થાય છે. તે પણ એટલા માટે કે ત્યાં આત્મા જ તે જ્ઞાનરૂપે પરિણમે છે, પણ વિષયમાંથી આકારની સંક્રાન્તિ થતી નથી. (તેથી, ઘટથી ઉત્પન્ન થયેલ જ્ઞાનમાં પટાકારની આપત્તિ રહેશે નહિ.)

આ માનવું જરૂરી છે, અન્યથા નીલજ્ઞાનથી અન્યનીલજ્ઞાન ઉત્પન્ન થશે નહિ, કારણ કે પૂર્વે તમે બતાવેલા ભેદાભેદ વિકલ્પોનો અહીં પણ સંભવ છે. (આશય એ છે કે તમે બાહ્ય અર્થોનો અભાવ હોવા છતાં અનાદિ - અવિદ્યાના વશથી નીલપીતાદિબુદ્ધિની ઉત્પત્તિ તો માનો જ છો. તેમાં અમે તમને પૂછીએ કે ઉતરક્ષણે ઉત્પન્ન થતો નીલાકાર તે પૂર્વનીલબુદ્ધિના ક્ષણથી ભિન્ન છે કે અભિન્ન છે ? જો ભિન્ન માનો તો ઉત્તરક્ષણે નીલાકાર કેવી રીતે જણાય છે ? અર્થાત્ ન જણાવો જોઈએ. અથવા જો પૂર્વક્ષણીયનીલબુદ્ધિથી ઉત્તરક્ષણીય નીલાકાર જુદો હોવા છતાં જણાતો હોય તો પીતાકાર પણ જુદો હોવાથી તે કેમ જણાતો નથી ? તે પણ જણાવો જોઈએ.

હવે જો અભિન્ન માનો તો, કાર્ય-કારણભાવ જ ઘટશે નહિ કારણ કે બંને ક્ષણો અભિન્ન છે. આમ, તમારા મતે પણ નીલજ્ઞાન પછી નીલજ્ઞાન થશે નહિ. માટે વિશિષ્ટપરિણામયુક્ત અર્થનુ સંનિધાન થતાં આત્માને તેનું જ્ઞાન ઉત્પન્ન થાય જ છે. અને તેથી પરમાણુઓમાં તુલ્યરૂપનો બોધ પણ અવિરુદ્ધ જ છે. તથા અતુલ્યરૂપ એ તો યોગીઓને જ પ્રત્યક્ષ હોવાથી અને વિશિષ્ટ ક્ષયોપશમનો અભાવ હોવાથી (છદ્મસ્થોને) બીલકુલ જણાતું નથી.

**વ્યક્ત :** ચાલો, માની લઈએ કે પરમાણુઓનું તુલ્યરૂપ જ્ઞાનમાં જણાય છે. હવે ઘટ અને કોડિયું બંનેમાં ઘણાં પરમાણુઓ છે. પણ તે તો બધા સમાન જ છે, તેમના વચ્ચે કોઈ વિશેષભેદ નથી, તો ઘટ-કોડિયામાં પણ તુલ્યબુદ્ધિ થવી જોઈએ.

**ભગવાન :** વિશેષનો અભાવ જ અસિદ્ધ છે અર્થાત્ જુદી જુદી બુદ્ધિ થવામાં કારણ તેમાં રહેલો ભેદ છે જ. પૃથુબુધ્નાકારરૂપ વિશિષ્ટપરિણામવાળા પરમાણુઓ ઘટ છે અને અન્ય વિશિષ્ટપરિણામવાળા પરમાણુઓ શરાવ છે. એ પ્રમાણે માનતાં કોઈ આપત્તિ આવશે નહિ.

न च परमाणुसमुदायातिरिक्तानि भूतानि इत्यलं प्रसङ्गेन ।

**छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।**
**सो समणो पव्वईओ पंचहिं सह खंडियसएहिं ॥६१३॥**

व्याख्या–पूर्ववत् । इति चतुर्थो गणधरः समाप्तः ।

**ते पव्वइए सोउं सुहमो आगच्छई जिणसगासं ।**
**वच्चामि णं वंदामि वंदित्ता पज्जुवासामी ॥६१४॥**

व्याख्या—'तान्' इन्द्रभूतिप्रमुखान् प्रव्रजितान् श्रुत्वा सुधर्मः पञ्चमो गणधर आगच्छति जिनसकाशं, किम्भूतेनाध्यवसायेन इत्याह–पश्चार्द्धं पूर्ववत् । स च भगवन्तं दृष्ट्वा अतीव मुमुदे, अत्रान्तरे—

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**
**नामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६१५॥**

व्याख्या–पूर्ववत् ।

**किं मण्णि जारिसो इह भवंमि सो तारिसो परभवेऽवि ? ।**
**वेयपयाण य अत्थं ण जाणसी तेसिमो अत्थो ॥६१६॥**

---

આમ, પરમાણુના સમુદાયથી જુદા ભૂત નથી, પણ પરમાણુસમુદાયરૂપ જ છે. તેથી ભૂતની સિદ્ધિ થાય છે. વધુ ચર્ચાથી સર્યું. ॥૬૧૨॥

**ગાથાર્થ :** જરા–મરણથી રહિત જિનવડે સંશય છેદાયે છતે તે વ્યક્ત પાંચસો શિષ્યો સાથે દીક્ષિત થયો.

**ટીકાર્થ :** ગાથાર્થ મુજબ જ છે. ॥૬૧૩॥

### ★ पञ्चमो गणधरवादः ★

**ગાથાર્થ :** તેઓને પ્રવ્રજિત સાંભળીને પાંચમાગણધર સુધર્મ જિનપાસે આવે છે. તેમની પાસે જાઉં, વંદન કરું અને વાંદી તેમની સેવા કરું. (એવા વિચારથી આવે છે.)

**ટીકાર્થ :** પૂર્વની જેમ જાણી લેવો. ॥૬૧૪॥

**અવતરણિકા :** તે સુધર્મગણધર ભગવાનને જોઈ અત્યંત આનંદિત થયો. તે સમયે⇨

**ગાથાર્થ :** જન્મ-જરા-મરણથી રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિનવડે નામ અને ગોત્રથી (સુધર્મ) બોલાવાયો.

**ટીકાર્થ :** ટીકાર્થ પૂર્વની જેમ જાણવો. ॥૬૧૫॥

**ગાથાર્થ :** જે જીવ આ ભવમાં જેવા પ્રકારનો હોય તે શું પરભવમાં પણ તેવા પ્રકારનો જ હોય ?" આવું તું માને છે. તું વેદપદોના અર્થોને જાણતો નથી. તે વેદપદોનો આ અર્થ થાય છે.

व्याख्या—किं मन्यसे ? यो मनुष्यादिर्यादृश इह भवे स तादृशः परभवेऽपि, नन्वयमनुचितस्ते संशयः, व्याख्यान्तरं पूर्ववत्, संशयश्च तवायं विरुद्धवेदपदश्रुतिनिबन्धनो वर्त्तते, तानि चामूनि— 'पुरुषो वै पुरुषत्वमश्नुते' पुरुषत्वं प्राप्नोतीत्यर्थः 'पशवः पशुत्वम्' इत्यादीनि, तथा '*श्रृगालो वै एष जायते यः सपुरीषो दह्यते*' इत्यादीनि च, तत्र वेदपदानां चार्थं न जानासि, चः पूर्ववत्, तेषामयमर्थो—वक्ष्यमाणलक्षण इत्यक्षरार्थः । तत्र वेदपदानां त्वमित्थमर्थं मन्यसे—पुरुषो मृतः सन् पुरुषत्वमश्नुते, पुरुषत्वमेव प्राप्नोतीत्यर्थः, तथा पशवो-गवादयः पशुत्वमेवेत्यमूनि *भवान्तरसादृश्याभिधायकानि*, तथा 'श्रृगालो वै एष' इत्यादीनि तु भवान्तरे वैसादृश्यख्यापकानीत्यतः संशयः, कारणानुरूपं च *कार्यमुत्पद्यते इति तेऽभिप्रायो, यतो न शालिबीजाद्गोधूमाङ्कुरप्रसूतिः* इति, तत्र वेदपदानामयमर्थः—पुरुषः खल्विह जन्मनि स्वभावमार्दवार्जवादिगुणयुक्तो मनुष्यनामगोत्रे कर्मणी बद्ध्वा मृताः सन् पुरुषत्वमश्नुते, न तु नियमतः, एवं पशवोऽपि पशुभवे मायादिगुणयुक्ताः पशुनामगोत्रे कर्मणी बद्ध्वा मृताः सन्तः पशुत्वमासादयन्ति, न तु नियोगतः इति, कर्मसापेक्षो

---

**ટીકાર્થ :** જે મનુષ્યાદિ આ ભવમાં જેવા પ્રકારના હોય છે તે મનુષ્યાદિ શું પરભવમાં પણ તેવા પ્રકારના જ હોય છે ? એવું તું કેમ માને છે. તારો આ સંશય અનુચિત છે. (કિમ્ નો) બીજો અર્થ પૂર્વની જેમ જાણી લેવો. આ તારો સંશય વિરુદ્ધવેદપદોને સાંભળવાથી ઉત્પન્ન થયેલ છે. તે વેદપદો આ પ્રમાણે છે - पुरुषो वै पुरुषत्वमश्नुते, "पशवः पशुत्वम्" વગેરે તથા "*श्रृगालो* वै एष जायते यः सपुरीषो दह्यते" વગેરે આ વેદપદોના અર્થને તું સમ્યગ્ રીતે જાણતો નથી. "च" શબ્દથી યુક્તિ અને રહસ્યને પણ જાણતો નથી.

તારા મનમાં વેદપદોનો આ પ્રમાણેનો અર્થ વર્તી રહ્યો છે - પુરુષ મરીને પુરુષ જ થાય. તથા ગાય વગેરે પશુઓ મરીને પશુપણાને જ પામે." આ પદો ભવાન્તરમાં સમાનતાને જણાવનાર છે. તથા "*श्रृगालो* वै...." (જે વિષ્ટા સાથે બળાય તે શિયાળ થાય.) વગેરે પદો ભવાન્તરમાં વૈસાદૃશ્ય=વિસમાનતાને જણાવનારા છે. આ રીતે પદોનો અર્થ કરવાથી તને સંશય થયો છે. વળી તું એમ માને છે કે - કારણને અનુરૂપ જ કાર્ય ઉત્પન્ન થાય કારણ કે શાલિબીજમાંથી ઘઉંના અંકુરા ફુટે નહિ. (માટે પુરુષ મરીને પુરુષ થાય એ જ યુક્તિયુક્ત લાગે છે.)

પરંતુ પદોનો આ પ્રમાણે અર્થ તારે જાણવો કે — આ ભવમાં સ્વભાવથી મૃદુતા — સરલતાદિગુણોથી યુક્ત પુરુષ મનુષ્યનામગોત્રકર્મને બાંધી મરે તો પરભવમાં પુરુષપણાને પામે છે, પરંતુ નિયમથી પુરુષપણાને પામે તેવું નથી. એ જ પ્રમાણે પશુના ભવમાં માયાદિગુણોથી યુક્ત પશુઓ પણ પશુનામગોત્રને બાંધીને મરે તો પશુપણાને પામે છે, નિયમથી નહિ. આ પ્રમાણે હોવાથી જ જીવોની પરભવમાં ગતિ કર્મને સાપેક્ષ છે. "श्रृगालो वै ..." આ પદોનો અર્થ સુગમ જ છે.

जीवानां गतिविशेष इत्यर्थः, शेषाणि तु सुगमानि, न च नियमतः कारणानुरूपं कार्यमुत्पद्यते, वैसादृश्यस्यापि दर्शनात्, तद्यथा-श्रृङ्गाच्छरो जायते, तस्मादेव सर्षपानुलिप्तात् तृणानीति, तथा गोलोमाविलोमभ्यो दूर्वेति, एवमनियमः, अथवा कारणानुरूपकार्यपक्षेऽपि भवान्तरवैचित्र्यमस्य युक्तमेव, यतो भवाङ्कुरबीजं सौम्य ! सात्मकं कर्म, तच्च तिर्यग्नरनारकामराद्यायुष्कभेदभिन्नत्वात् चित्रमेव, अतः कारणवैचित्र्यादेव कार्य्यवैचित्र्यमिति, वस्तुस्थित्या तु सौम्य ! न किञ्चिदिह लोके परलोके वा सर्वथा समानमसमानं वाऽस्ति, तथा चेह युवा निजैरप्यतीतानागतैर्बालवृद्धादिपर्यायैः सर्वथा न समानः, अवस्थाभेदग्रहणात्, नापि सर्वथाऽसमानः, सत्ताद्यनुगमदर्शनाद्, एवं

---

વળી, કારણને અનુરૂપ જ કાર્ય થાય એવો કોઈ નિયમ નથી કારણ કે વૈસાદૃશ્ય પણ દેખાય છે. તે આ પ્રમાણે કે શૃંગ(વનસ્પતિવિશેષ)માંથી શરનામની વનસ્પતિ થાય છે. (આ પંક્તિનો બે રીત અર્થ સંભવિત છે– (૧) વ્યાકરણની દૃષ્ટિએ→ શિંગડામાંથી બાણ ઉત્પન્ન થાય છે. (૨) → પૂ. અરુણવિજયજી કૃત ગણધરવાદના અનુવાદમાં શૃંગ એ શિંગનામની વનસ્પતિવિશેષ છે અને તેમાંથી શર એટલે શરગટ નામની (અત્યારે પણ ઉત્તરપ્રદેશમાં થતી) વનસ્પતિ ઉત્પન્ન થાય છે, એવો અર્થ કરેલ છે. આ બેમાંથી બીજા નંબરનો અર્થ બંધબેસતો લાગે છે કારણ કે આગળ 'तस्मादेव सर्षपानुलिप्तात्' પંક્તિમાં શૃંગ શબ્દનું 'सर्षपानुलिप्तात्' વિશેષણ આવેલ છે. તેનાથી જણાય છે કે અહીં શૃંગશબ્દથી વનસ્પતિવિશેષ જ અભિપ્રેત હોવું જોઈએ.)

વળી જો તે શૃંગને જ સરસવનો લેપ કરવામાં આવે તો, તેમાંથી અમુક પ્રકારનું ઘાસ ઉત્પન્ન થાય છે. તથા ગાય અને બકરીના વાળમાંથી દૂર્વા નામનું ઘાસ ઉત્પન્ન થાય છે. માટે કારણાનુરૂપ કાર્ય હોય એવો કોઈ નિયમ નથી. અથવા માની લઈએ કે કારણાનુરૂપ કાર્ય થાય છે તો પણ આ જીવનો ભવાન્તર વૈચિત્ર્ય યુક્ત જ છે કારણ કે હે સૌમ્ય ! ભવાંકુરનું બીજ આત્માને બંધાયેલું કર્મ છે. અને તે કર્મ તિર્યંચ-નર-નારક-દેવાદિ આયુષ્યના ભેદથી જુદું જુદું હોવાથી ચિત્ર છે. આમ કર્મનું વૈચિત્ર્ય હોવાથી કાર્યનું પણ વૈચિત્ર્ય છે. (તેથી આ ભવમાં જેવા પ્રકારનું કર્મ બંધાશે, તેને અનુરૂપ પરભવમાં ગતિ થશે માટે કારણાનુરૂપ કાર્ય માનો તો પણ દોષ નથી.)

ખરેખર તો હે સૌમ્ય ! કોઈ વસ્તુ આલોકમાં કે પરલોકમાં સર્વથા સમાન કે અસમાન હોતી નથી. તે આ પ્રમાણે → આલોકમાં પણ યુવાન પોતાના અતીત-અનાગતકાળના બાળ-વૃદ્ધાદિ પર્યાયો સાથે સર્વથા સમાન હોતો નથી, કારણ કે અવસ્થાભેદનું ગ્રહણ કરેલું છે. (અર્થાત્ બાળાવસ્થામાંથી જીવ યુવાવસ્થામાં આવે છે ત્યારે તે જીવ બાળપર્યાયને છોડી બાળથી તદ્દન અસમાન યુવાપર્યાયને પામે છે માટે સર્વથા સમાન રહેતો નથી.) તથા તે યુવાન બાળ–વૃદ્ધાદિપર્યાયોથી સર્વથા અસમાન પણ નથી કારણ કે બાળ તથા વૃદ્ધપર્યાયમાં જે જીવની સત્તા હતી, તે જ જીવ યુવા-અવસ્થામાં પણ છે જ. આમ જીવના સત્તાદિધર્મોનો ત્રણે અવસ્થામાં અનુગમ (અન્વય) થતો હોવાથી ત્રણે અવસ્થા સર્વથા પરસ્પર અસમાન નથી. આ જ પ્રમાણે

परलोकेऽपि मनुजो देवत्वमापन्नो न सर्वथा समानोऽसमानो वा, इत्थं चैतदङ्गीकर्त्तव्यं, अन्यथा दानदयादीनां वैयर्थ्यप्रसङ्गात् ।

**छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।**
**सो समणो पव्वइओ पंचहिं सह खंडियसएहिं ॥६१७॥**

व्याख्या–पूर्ववत् ॥ इति पञ्चमो गणधरः समाप्तः ।

**ते पव्वइए सोउं मंडिओ आगच्छइ जिणसगासं ।**
**वच्चामि णं वंदामी वंदित्ता पज्जुवासामि ॥६१८॥**

व्याख्या–तानिन्द्रभूतिप्रमुखान् प्रव्रजितान् श्रुत्वा मण्डिकः षष्ठो गणधरः आगच्छति जिनसकाशं, किम्भूतेनाध्यवसायेनेत्याह–वच्चामि णमित्यादि पूर्ववत् ।

स च भगवत्समीपं गत्वा प्रणम्य च भुवननाथमतीव मुदितः तदग्रतस्तस्थौ, अत्रान्तरे–

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**
**नामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६१९॥**

व्याख्या–पूर्ववत् ।

---

પરલોકમાં પણ મનુષ્ય દેવત્વને પામેલો છતો સર્વથા સમાન કે અસમાન હોતો નથી. આ જે કહ્યું તે જ રીતે સ્વીકારવું જોઈએ. અન્યથા – જો મનુષ્ય મરીને મનુષ્યત્વને જ પામવાનો હોય તો, આ ભવમાં થતાં દાન, દયા વગેરે નિષ્ફળ થવાની આપત્તિ થાય. (કારણ કે પરભવમાં સારી ગતિ મેળવવા દાનાદિની પ્રવૃત્તિ થતી દેખાય છે. હવે જો જે જે હોય તે તે રૂપે જ થવાનો હોય તો શા માટે આ પ્રવૃત્તિ થાય ?) ॥૬૧૬॥

**ગાથાર્થ : જરા–મરણથી રહિત જિનવડે સંશય છેદાયે છતે તે સુધર્મ પાંચસો શિષ્યો સાથે શ્રમણ થયો.**

ટીકાર્થ : ગાથાર્થ મુજબ જ છે. ॥૬૧૭॥

## ★ षष्ठो गणधरवादः ★

**ગાથાર્થ : તેઓને પ્રવ્રજિત સાંભળીને મંડિક જિનપાસે આવે છે. તેમની પાસે જાઉં, તેમને વંદુ અને વાંદીને સેવા કરું (એવા વિચારથી.)**

ટીકાર્થ : પૂર્વની જેમ જાણી લેવો. ॥૬૧૮॥

**અવતરણિકા :** તે મંડિક ભગવાનપાસે જાય છે અને ભુવનનાથને નમી અત્યંત આનંદિત થયેલો છતો પ્રભુ આગળ ઊભો રહે છે. તે સમયે ⇨

**ગાથાર્થ : જન્મ-જરા-મરણથી રહિત, સર્વજ્ઞ અને સર્વદર્શી એવા જિનવડે નામ અને ગોત્રથી મંડિક બોલાવાયો.**

ટીકાર્થ : પૂર્વની જેમ જાણી લેવો. ॥૬૧૯॥

**किं मन्नि बंधमोक्खा अत्थि ण अत्थित्ति संसओ तुज्झं ।**
**वेयपयाण य अत्थं ण याणसी तेसिमो अत्थो ॥६२०॥**

व्याख्या–किं मन्यसे बन्धमोक्षौ स्तो न वा ?, नन्वयमनुचितस्ते संशयः, व्याख्यान्तरं पूर्ववत्, अयं च संशयस्तव विरुद्धवेदपदश्रुतिसमुत्थो वर्त्तते, वेदपदानां चार्थं न जानासि, चः पूर्ववत्, तेषामयमर्थो-वक्ष्यमाणलक्षण इत्यर्थः । तानि चामूनि वेदपदानि–'*स एष विगुणो विभुर्न बध्यते संसरति वा, न मुच्यते मोचयति वा, न वा एष बाह्यमभ्यन्तरं वा वेद*' इत्यादीनि, तथा '*नह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति, अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः*' इत्यादीनि च, एषां चायमर्थस्ते चेतसि प्रतिभासते-स एषः–अधिकृतो जीवः विगुणः–सत्त्वादिगुणरहितः विभुः–सर्वगतः न बध्यते–पुण्यपापाभ्यां न युज्यत इत्यर्थः, संसरति वा, नेत्यनुवर्त्तते, न मुच्यते–न कर्मणा वियुज्यते, बन्धाभावात्, मोचयति वाऽन्यम्, अनेनाकर्त्तृकत्वमाह, न वा एष बाह्यम्–आत्मभिन्नं महदहङ्कारादि अभ्यन्तरं-स्वरूपमेव वेद-विजानाति, प्रकृतिधर्मत्वात् ज्ञानस्य, प्रकृतेश्चाचेतनत्वाद्बन्धमोक्षानुपपत्तिरिति भावः । ततश्चामूनि किल बन्धमोक्षाभावप्रतिपादकानि,

---

**ગાથાર્થ : તું એમ કેમ માને છે કે - "બંધ કે મોક્ષ છે કે નહિ ?" આ તારો સંશય છે. તું વેદપદોના અર્થોને જાણતો નથી. તેઓનો આ અર્થ છે.**

**ટીકાર્થ :** હે મંડિક ! તું એમ કેમ માને છે - "બંધ-મોક્ષ છે કે નહિ ?" તારો આ સંશય અનુચિત છે. (કિમ્‌નો) બીજો અર્થ પૂર્વની જેમ જાણવો. આ સંશય વેદના વિરુદ્ધ પદોને સાંભળતા તને ઉત્પન્ન થયો છે. તું વેદપદોના અર્થને, તથા "च" શબ્દથી યુક્તિ અને રહસ્યને જાણતો નથી. તે વેદના પદોનો અર્થ આ પ્રમાણે (આગળ કહેશે તે પ્રમાણે) થાય છે. તે વેદના પદો આ પ્રમાણે છે - "स एष विगुणो विभुर्न बध्यते संसरति वा, न मुच्यते मोचयति वा, न वा एष बाह्यमभ्यन्तरं वा वेद" વગેરે તથા "न ह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति, अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः" વગેરે.

તું આ પદોના આ પ્રમાણે અર્થ માને છે → તે આ=અધિકૃત જીવ વિગુણ = સત્વાદિગુણોરહિત, વિભુ = સર્વગત (અર્થાત્ સર્વત્ર રહેલો) પુણ્ય-પાપવડે બંધાતો નથી કે સંસારમાં ભમતો નથી, અહીં न શબ્દ જોડી દેવો (અર્થાત न संसरति એ પ્રમાણે न શબ્દ संसरति શબ્દ સાથે પણ જોડી દેવો.) બંધનો અભાવ હોવાથી કર્મથી તેનો વિયોગ થતો નથી, કે અન્યને કર્મથી છોડાવતો પણ નથી. "અન્યને છોડાવતો નથી" આમ કહેવા દ્વારા આ જીવનું અકર્તૃત્વ કહ્યું. તથા આ જીવ બાહ્ય એટલે આત્માથી જુદા એવા મહદ્, અહંકારાદિને કે અભ્યન્તર સ્વરૂપને જાણતો નથી, કારણ કે જ્ઞાન (જાણવું) એ તો પ્રકૃતિનો ધર્મ છે, અને પ્રકૃતિ અચેતન = જડ હોવાથી જીવને બંધ–મોક્ષ ઘટતો નથી.

આમ આ પદો જીવને બંધ-મોક્ષના અભાવને જણાવનારા છે. જ્યારે શરીરવાળા જીવને

तथा 'नह वै' नैवेत्यर्थः, सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्तीति—बाह्याध्यात्मिकानादिशरीरसन्तानयुक्तत्वात् सुखदुःखयोरपहतिः संसारिणो नास्तीत्यर्थः, अशरीरं वा वसन्तम्—अमूर्त्तमित्यर्थः, प्रियाप्रिये न स्पृशतः, कारणाभावादित्यर्थः, अमूनि च बन्धमोक्षाभिधायकानीति, अतः संशयः, तथा सौम्य ! भवतोऽभिप्रायो—बन्धो हि जीवकर्मसंयोगलक्षणः, स आदिमानादिरहितो वा स्यात् ?, यदि प्रथमो विकल्पस्ततः किं पूर्वमात्मप्रसूतिः पश्चात्कर्मणः उत पूर्वं कर्मणः पश्चादात्मनः आहोश्विद्युगपदुभयस्येति ?, किं चातः, न तावत्पूर्वमात्मप्रसूतिर्युज्यते, निर्हेतुकत्वाद्, व्योमकुसुमवत्, नापि कर्मणः प्राक् प्रसूतिः, कर्त्तुरभावात्, न चाकर्तृकं कर्म भवति, युगपत्प्रसूतिरप्यकारणत्वादेव न युज्यते, न चा[ना]दिमत्यप्यात्मनि बन्धो युज्यते, बन्धकारणाभावाद् गगनस्येव, इत्थं चैतदङ्गीकर्त्तव्यम्, अन्यथा मुक्तस्यापि बन्धप्रसङ्गः, तथा च सति नित्यमोक्षत्वान्मोक्षानुष्ठानवैयर्थ्यम् ।

પ્રિયાપ્રિયનો અભાવ નથી અર્થાત્ બાહ્ય અને આધ્યાત્મિક એવા અનાદિ શરીરોની પરંપરાથી આ જીવ યુક્ત હોવાથી આ સંસારીજીવને સુખદુઃખનો અભાવ નથી. અમૂર્ત એવા અશરીરી જીવને કારણ(કર્મ)નો અભાવ હોવાથી સુખદુઃખ સ્પર્શતા નથી. આમ, આ પદો બંધ-મોક્ષને જણાવનારા છે. આથી તને સંશય થયો છે.

તથા હે સૌમ્ય ! તારો આ પ્રમાણે અભિપ્રાય છે કે — બંધ એટલે જીવ અને કર્મનો સંયોગ. તે સંયોગ આદિવાળો છે કે આદિ વિનાનો છે ? પ્રથમ વિકલ્પ હોય અર્થાત્ જીવ અને કર્મનો સંયોગ આદિવાળો છે એમ જો હોય તો, (૧) પ્રથમ આત્માની ઉત્પત્તિ થઈ અને પછી કર્મોની ઉત્પત્તિ થઈ ? કે (૨) પ્રથમ કર્મની અને પછી જીવની ઉત્પત્તિ થઈ ? કે (૩) બંનેની = જીવ-કર્મ ઉભયની ઉત્પત્તિ સાથે થઈ ?

તેમાં પ્રથમવિકલ્પમાં દોષ બતાવે છે - આત્માની પ્રથમ ઉત્પત્તિ ઘટતી નથી કારણ કે આત્માની પ્રથમ ઉત્પત્તિ માનવામાં કોઈ હેતુ-કારણ નથી, જેમકે આકાશપુષ્પને ઉત્પન્ન થવામાં કોઈ કારણ ન હોવાથી તેની ઉત્પત્તિ થતી નથી, તેમ અહીં સમજવું. તથા પ્રથમ કર્મની પણ ઉત્પત્તિ મનાય નહિ કારણ કે કર્મને ઉત્પન્ન કરનાર કર્તા જ નથી અને કર્તા વિનાનું કર્મ હોય નહિ. એ જ રીતે યુગપદ્=સાથે ઉત્પત્તિ થવામાં પણ કોઈ કારણ ન હોવાથી સાથે ઉત્પત્તિ પણ મનાય નહિ. ([11]છતાં માની લઈએ કે આત્માની પ્રથમ ઉત્પત્તિ થાય છે. તે વખતે તો તે આત્મા શુદ્ધ છે. નવો કર્મબંધ થાય એવું કોઈ કારણ નથી. તેથી) આદિ એવા પણ આત્મામાં બંધના કારણનો અભાવ હોવાથી ગગનની જેમ બંધ ઘટતો નથી. અને આ વાત આ પ્રમાણે જ માનવી પડે. અન્યથા (જો કારણ વિના પણ કર્મબંધ માનો તો) મુક્તજીવને પણ કર્મનો બંધ થવાની આપત્તિ આવે. આમ, અનાદિ જીવને કર્મબંધ ન હોવાથી અનાદિકાળથી તેનો મોક્ષ થઈ જ ગયો છે, તેથી મોક્ષ માટેનો પુરુષાર્થ વ્યર્થ છે.

अथ द्वितीयः पक्षः, तथापि नात्मकर्मवियोगो भवेद्, अनादित्वाद्, आत्माकाशसंयोगवद्, इत्थं मोक्षो न घटते, तथा देहकर्मसन्तानानादित्वाच्च कुतो मोक्ष इति ते मतिः । तत्र वेदपदानामयमर्थः–स एष–मुक्तात्मा विगताः छाद्मस्थिकज्ञानादयो गुणा यस्य स विगुणः विभुः– विज्ञानात्मना सर्वगतः न बध्यते–मिथ्यादर्शनादिबन्धकारणाभावात् संसरति वा–मनुजादिभवेषु कर्मबीजाभावात्, नेत्यनुवर्त्तते, न मुच्यते, मुक्तत्वात्, मोचयति वा तदा खलूपदेशदानविकलत्वात्, नेत्यनुवर्त्तते, तथा संसारिकसुखनिवृत्त्यर्थमाह–नवा एष-मुक्तात्मा बाह्यं–स्रक्चन्दनादिजनितम् आभ्यन्तरम्–आभिमानिकं वेद–अनुभवात्मना विजानातीत्येवमेतानि मुक्तात्मस्वरूपाभिधायकान्येव, शेषाणि तु सुगमानि, तथा जीवकर्मणोरप्यनादिमतोरनादिमानेव संयोगो, धर्माधर्मास्तिकायाकाशसंयोगवदिति, न चानादित्वात्संयोगस्य वियोगाभावः, यतः काञ्चनोपलयोः संयोगोऽनादिसन्ततिगतोऽपि क्षारमृत्पुटपाकादिद्रव्यसंयोगोपायतो विघटते, एवं जीवकर्मणोरपि

---

હવે જો બીજો વિકલ્પ માનો = કર્મ-જીવનો સંયોગ અનાદિ માનો તો, તે સંયોગ અનાદિ હોવાથી આત્મા-કર્મનો વિયોગ થશે નહિ. જેમ આત્મા - આકાશનો સંયોગ અનાદિ છે તેનો વિયોગ થતો નથી તેમ અહીં પણ સમજવું. તેથી મોક્ષ ઘટે નહિ તથા શરીર-કર્મની પરંપરા અનાદિ હોવાથી પણ મોક્ષ ઘટતો નથી. આ પ્રમાણે તારી માન્યતા છે. (પરંતુ વેદના પદોના અર્થને તું સારી રીતે જાણતો નથી.) તે વેદપદોનો આ પ્રમાણે અર્થ જાણવો.

છાદ્મસ્થિકજ્ઞાનાદિ ગુણોરહિત હોવાથી વિગુણ, જ્ઞાનવડે સર્વગત (દુનિયાની સર્વ વસ્તુ પોતાના કેવલજ્ઞાનમાં જણાતી હોવાથી સર્વગત) એવો આ મુક્તાત્મા મિથ્યાદર્શનાદિ બંધના કારણોનો અભાવ હોવાથી બંધાતો નથી કે કર્મરૂપ બીજનો અભાવ થવાથી મનુષ્યાદિભવોમાં ભમતો નથી. પોતે મુક્ત જ હોવાથી કર્મથી મુક્ત થતો નથી કે ઉપદેશને આપતો ન હોવાથી અન્યજીવને કર્મથી મુક્ત કરતો નથી. તથા આ મુક્તાત્માને સાંસારિક સુખ પણ નથી તે બતાવતા કહે છે કે - આ મુક્તાત્મા પુષ્પમાળા-ચંદનાદિથી ઉત્પન્ન થયેલ બાહ્યસુખ કે આભિમાનિક એવા અભ્યંતરસુખને અનુભવવાવડે જાણતો નથી (અર્થાત્ આવા સુખનો તેને અનુભવ થતો નથી.)

આ પ્રમાણે આ વેદપદો મુક્તાત્માના સ્વરૂપને જ જણાવનારા છે. તથા न ह वै सशरीरस्य ઇત્યાદિ વાક્યો તો સુગમ જ છે. વળી, અનાદિ એવા જીવ-કર્મનો સંયોગ પણ અનાદિ જ છે. જેમકે, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય અને આકાશનો સંયોગ. આ સંયોગનો અનાદિ હોવા માત્રથી વિયોગાભાવ થઈ જતો નથી, કારણ કે સોનું-માટીનો સંયોગ અનાદિ પરંપરાને પામેલો હોવા છતાં પણ (અર્થાત્ વિવક્ષિત સોનુ-માટીનો સંયોગ અનાદિ ન હોવા છતાં પ્રવાહથી = અનેક સોનું-માટીના સંયોગોની અપેક્ષાએ આ સંયોગ અનાદિકાળથી ચાલતો આવી રહ્યો હોવા છતાં) ખારમૃત્પુટપાકાદિદ્રવ્યોના સંયોગરૂપ ઉપાયથી વિયોગને પામે છે, એ જ પ્રમાણે જીવ-કર્મનો પણ જ્ઞાન, દર્શન, ચારિત્રના ઉપાયથી વિયોગ થાય છે.

ज्ञानदर्शनचारित्रयोगोपायाद्वियोग इति, न चानादित्वात्सर्वस्य कर्मणो जीवकृतत्वानुपपत्तिः, यतो वर्त्तमानतया मिथ्यादर्शनादिसव्यपेक्षात्मनोपात्तं कृतमित्युच्यते, सर्वं च वर्त्तमानत्वेन मिथ्यादर्शनादिसव्यपेक्षात्मोपात्तं कर्म अनादि च, कालवत्, यथा हि यावानतीतः कालस्तेनाशेषेण वर्त्तमानत्वमनुभूतमथ चासावनादिरिति, न चामूर्त्तस्य मूर्त्तसंयोगो न घटते, घटाकाशसंयोगदर्शनाद्, वियोगस्तु दर्शित एव, न च मुक्तस्यापि कर्मयोगः, तस्य कषायादिपरिणामाभावात्, कषायादियुक्तश्च जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते इति, न चेत्थं भव्योच्छेदप्रसङ्गः, अनागतकालवत्तेषामनन्तत्वात्,

**મંડિક :** સર્વકર્મો અનાદિ હોય તો આ કર્મો જીવવડે કરાય છે એવું કેવી રીતે કહેવાય?

**ભગવાન :** કર્મ અનાદિ હોવા છતાં પણ જીવકૃત છે કારણ કે જે કર્મ વર્તમાનમાં મિથ્યાદર્શનાદિથી યુક્ત એવા આત્માવડે ગ્રહણ કરાય તે કર્મકૃત = જીવકૃત કહેવાય છે, અને સર્વકર્મો વર્તમાનમાં મિથ્યાદર્શનાદિથી યુક્ત એવા આત્માવડે (તે તે કાળના વિવક્ષિત સમયે) ગ્રહણ કરાયા છે. માટે તે જીવકૃત કહેવાય છે.

**મંડિક :** જો કર્મો જીવકૃત હોય અર્થાત્ જીવવડે કરાયેલા છે, તો એનો અર્થ એ થયો કે કર્મો કાર્ય થયા અને જો કાર્ય હોય તો તે અનાદિ કેવી રીતે કહેવાય ?

**ભગવાન :** તે કર્મો જીવકૃત (=કાર્ય) હોવા છતાં અનાદિ છે. તેમાં કાળનું દૃષ્ટાંત જાણવું. તે આ પ્રમાણે કે જેમ જેટલો અતીતકાળ છે તે સર્વ કાળવડે એકવાર વર્તમાનપણું અનુભવ્યું છે અને છતાં કાળ અનાદિ છે, તેમ કર્મ પણ તે તે સમયે જીવવડે ગ્રહણ કરાયા હોવા છતાં પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે.

**મંડિક :** કર્મો મૂર્ત છે અને આત્મા અમૂર્ત છે. તો અમૂર્તનો મૂર્ત સાથે સંયોગ કેવી રીતે ઘટે ?

**ભગવાન :** ઘટનો અમૂર્ત એવા આકાશ સાથે જેમ સંયોગ આપણને નજરે દેખાય છે, તેમ કર્મ અને જીવનો પણ સંયોગ થવામાં કંઈ અઘટિત નથી, અર્થાત્ સંયોગ ઘટે જ છે. વિયોગ તો પૂર્વે જ (જ્ઞાન, દર્શન - ચારિત્રયોગરૂપ ઉપાયથી) દેખાડ્યો જ છે. વળી, મુક્ત જીવને કર્મનો સંયોગ પણ થશે નહિ કારણ કે તેમને કષાયાદિ પરિણામો હોતા નથી. જે કષાયાદિથી યુક્ત છે તે જ જીવ કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે.

(**મંડિક :** જો આ રીતે જીવ જ્ઞાન-દર્શનાદિ યોગના ઉપાયથી કર્મને નાશ કરી મોક્ષ પામતો હોય તો એક દિવસ આ સંસારમાંથી સર્વ ભવ્યજીવોનો મોક્ષ થતાં સંસારમાં કોઈ ભવ્યજીવો જ રહેશે નહિ.)

**ભગવાન :** ના, ભવિષ્યકાળની જેમ ભવ્યજીવો પણ અનંત હોવાથી ભવ્યોચ્છેદ થશે નહિ.

(**મંડિક :** ભવ્યજીવો સિદ્ધ થાય છે. તે સિદ્ધજીવો પણ પ્રવાહથી અનાદિ હોવાથી અનંત

न च परिमितक्षेत्रे तेषामवस्थानाभावः, अमूर्त्तत्वात्, प्रतिद्रव्यमनन्तकेवलज्ञानदर्शनसम्पातवन्नर्त्तकीनयनविज्ञानसम्पातवद्वा, इत्यलं प्रसङ्गेन ।

**छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।**
**सो समणो पव्वइओ अद्धुट्ठहिं सह खंडियसएहिं ॥६२१॥**

व्याख्या–पूर्ववत्, नवरम्–अर्द्धचतुर्थैः सह खण्डिकशतैः । इति षष्ठो गणधरः समाप्तः ।

**ते पव्वइए सोउं मोरिओ आगच्छई जिणसगासं ।**
**वच्चामि णं वंदामी वंदित्ता पज्जुवासामि ॥६२२॥**

व्याख्या–पूर्ववत्, नवरं मौर्य आगच्छति जिनसकाशमिति नानात्वम् ।

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**
**नामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६२३॥**

सपातनिका व्याख्या पूर्ववदेव ।

---

છે. અનંત એવા તે સિદ્ધજીવોનું સિદ્ધશિલારૂપ પરિમિતક્ષેત્રમાં અવસ્થાન કેવી રીતે ઘટે ? અર્થાત્ અનંતજીવોના પરિમિતક્ષેત્રોમાં અવસ્થાનનો અભાવ જ પ્રાપ્ત થાય.)

**ભગવાન :** ના, તે સિદ્ધો અમૂર્ત હોવાથી પરિમિતક્ષેત્રમાં પણ સમાઈ જાય છે. દરેક દ્રવ્યમાં જેમ અનંતકેવલજ્ઞાન - દર્શનનો સંપાત થાય છે (કારણ કે અનંતસિદ્ધો દરેક દ્રવ્યને જુએ છે. તેથી અનંતજ્ઞાનનો તે વિષય બને છે.) અથવા નર્તકીના શરીરને વિષે કૌતુકથી ખેંચાયેલા લોકોના આંખોના કિરણો બહાર નીકળીને (કેટલાક લોકોના મતે આંખમાંથી કિરણો નીકળીને વિષયને સ્પર્શે છે.) જેમ પડે છે (છતાં નર્તકીના શરીરને કોઈ બાધા થતી નથી કે કિરણોને પણ પરસ્પર બાધા થતી નથી) તેમ સિદ્ધોમાં પણ જાણવું. પ્રસંગવડે સર્યું. ॥૬૨૦॥

ગાથાર્થ : **જરા–મરણથી રહિત એવા જિનવડે સંશય છેદાયે છતે મંડિક પોતાના સાડાત્રણસો શિષ્યો સાથે શ્રમણ થયો.**

**ટીકાર્થ :** પૂર્વની જેમ જાણવો. ॥૬૨૧॥

## ★ सप्तमो गणधरवादः ★

ગાથાર્થ : **તેઓને પ્રવ્રજિત સાંભળીને મૌર્ય જિનપાસે આવે છે. તેમની પાસે જાઉં, વાંદુ અને વાંદીને પર્યુપાસના કરું.**

**ટીકાર્થ :** અવતરણિકા સહિત ગાથાર્થ પૂર્વની જેમ જાણવો. ॥૬૨૨॥

**ગાથાર્થ : જન્મ-જરા-મરણરહિત સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિનવડે નામ–ગોત્રથી બોલાવાયો.**

**ટીકાર્થ :** પાતનિકાસહિત ટીકાર્થ પૂર્વની જેમ જાણવો. (પાતનિકા એટલે અવતરણિકા. અહીં પૂર્વે ગા. ૬૧૯ ની જે અવતરણિકા છે તે અહીં જાણી લેવી. આજ રીતે હવે આગળ પણ જાણી લેવું. ॥૬૨૩॥

**किं मन्नसि संति देवा उयाहु न सन्तीति संसओ तुज्झं ।**
**वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥६२४॥**

व्याख्या–किं सन्ति देवा उत न सन्तीति मन्यसे, व्याख्यान्तरं प्राग्वत्, अयं च संशयस्तव विरुद्धवेदपदश्रुतिप्रभवो वर्त्तते, पश्चार्द्धं पूर्ववत् । तानि चामूनि वेदपदानि–'*स एष यज्ञायुधी यजमानोऽञ्जसा स्वर्गलोकं गच्छती*' त्यादीनि, तथा '*अपाम सोमम्, अमृता अभूम, अगमन् ज्योतिः, अविदाम देवान्, किं नूनमस्मांस्तृणवदरातिः, किमु धूर्त्तिरमृतमर्त्त्यस्ये*' त्यादीनि च, तथा '*को जानाति ? मायोपमान् गीर्वाणानिन्द्रयमवरुणकुबेरादीनि*' त्यादि, एतेषां चायमर्थस्ते मतौ प्रतिभासते–यथा [[६५] स एष यज्ञ एव दुरितदारणक्षमत्वादायुधं-प्रहरणं यज्ञायुधं तदस्यास्तीति यज्ञायुधी यजमानोऽञ्जसा-प्रगुणेन न्यायेन स्वर्गलोकं गच्छतीति, तथा ] अपाम-पीतवन्तः सोमं-लतारसम् अमृता–अमरणधर्माणः अभूम–भूताः स्म, अगमन्-गताः ज्योतिः–स्वर्गम्, अविदाम देवान्–देवत्वं प्राप्ताः स्मः, किं नूनमस्मांस्तृणवत्करिष्यतीति, अयमर्थः–अरातिर्व्याधिः किमु–प्रश्ने धूर्त्तिः–जरा अमृतमर्त्त्यस्य–अमृतत्वं प्राप्तस्य पुरुषस्येत्येवं द्रष्टव्यम्, अमरणधर्मिणो मनुष्यस्य किं करिष्यन्ति व्याधयः ? [ तदेवममूनि किल वेदपदानि देवसत्ताप्रतिपादकानि, 'को जानाति मायोपमानि' त्यादीनि देवसत्ताप्रतिषेधकानि इति तव संशयः, ] । तथा सौम्य ! त्वमित्थं मन्यसे–

---

ગાથાર્થ : તું એમ કેમ માની છે કે દેવો છે કે નહિ ? આ તારો સંશય છે. તું વેદપદોના અર્થોને જાણતો નથી, તેનો અર્થ આ પ્રમાણે છે.

ટીકાર્થ : શું દેવો છે કે નહિ ? એમ તું માને છે. (કિમ્ નો) બીજો અર્થ પૂર્વની જેમ જાણવો. તારો આ સંશય વિરુદ્ધ એવા વેદપદોને સાંભળવાથી ઉત્પન્ન થયો છે. ગાથાના પાછલા ભાગનો અર્થ પૂર્વની જેમ જાણવો. તે વેદપદો આ પ્રમાણે છે- "स एष यज्ञायुधी यजमानोऽञ्जसा स्वर्गलोकं गच्छति" વગેરે તથા अपाम सोमम्, अमृता अभूम, अगमन् ज्योतिः, अविदाम देवान्, किं नूनमस्मांस्तृणवदरातिः, किमु धूर्त्तिरमृतमर्त्त्यस्य" વગેરે તથા "को जानाति ? मायोपमान् गीर्वाणानिन्द्रयमवरुणकुबेरादीन्"

આ સર્વપદોનો આ પ્રમાણેનો અર્થ તારી મતિમાં છે - યજ્ઞ એ જ છે શસ્ત્ર (પાપોને નાશ કરવામાં સમર્થ હોવાથી યજ્ઞ શસ્ત્રસમાન છે) જેનું એવો તે યજમાન નિશ્ચિતપણે સ્વર્ગલોકમાં જાય છે. તથા "સોમરસને અમે પીધો અને અમર થયા, સ્વર્ગ(જ્યોતિ)માં ગયા હતા, દેવત્વને પામ્યા હતા, હવે ખરેખર ઘાસ જેવો વ્યાધિ (અરાતિ) અમને શું કરશે ?, અમરપણાને પામેલા પુરુષને જરા(धूर्त्ति) શું કરશે ? અમરણધર્મવાળા મનુષ્યને વ્યાધિઓ શું કરશે ? આ પ્રમાણે પદો દેવના અસ્તિત્વ જણાવનારા છે. તથા "માયા સમાન ઇન્દ્ર-યમ-વરુણ-કુબેરાદિ દેવોને કોણ જાણે છે ?" વગેરે વેદપદો દેવના અસ્તિત્વનો પ્રતિષેધ કરનારા હોવાથી તને સંશય ઊભો થયો છે.

---

६५. [ ] एतदन्तवर्ती पाठो मुद्रितप्रतौ नास्ति ।

नारकाः सङ्क्लिष्टासुरपरमाधार्मिकायत्ततया कर्मवशतया च परतन्त्रत्वात् स्वयं च दुःखसम्प्रतप्तत्वादिहागन्तुमशक्ता एव, अस्माकमप्यनेन शरीरेण तत्र कर्मवशतया एव गन्तुमशक्यत्वात् प्रत्यक्षीकरणोपायासम्भवाद् आगमगम्या एव, श्रुतिस्मृतिग्रन्थेषु श्रूयमाणाः श्रद्धेया भवन्तु, ये पुनर्देवाः स्वच्छन्दचारिणः कामरूपाः प्रकृष्टदिव्यप्रभावात् इहागमनसामर्थ्यवन्तस्ते किमितीह नागच्छन्ति ? यतो न दृश्यन्त इति, अतो न सन्ति ते, अस्मदाद्यप्रत्यक्षत्वात्, खरविषाणवत्, तत्र वेदपदानां चेत्यादि पूर्ववत्,

तत्र वेदपदानामयमर्थः—'को जानाति ? मायोपमान्, गीर्वाणानिन्द्रयमवरुणकुबेरादीनि'त्यादि, तत्र परमार्थचिन्तायां सन्ति देवाः, मत्प्रत्यक्षत्वात्, मनुष्यवत्, भवतोऽपि, आगमाच्च सर्वथा, सर्वमनित्यं मायोपमं, न तु देवनास्तित्वपराणि वेदवाक्यानीति, तथा स्वच्छन्दचारिणोऽपि चामी

---

તથા હે સૌમ્ય ! તું આ પ્રમાણે માને છે કે નારકો સંક્લિષ્ટ એવા પરમાધામીઓને આધીન અને કર્મને વશ હોવાથી પરતંત્ર છે, અને સ્વયં દુઃખથી સંપ્રતપ્ત છે. આમ, પરતંત્ર અને દુઃખથી સંપ્રતપ્ત હોવાથી તે નારકો અહીં આવવા સમર્થ નથી. તથા આપણે પણ કર્મવશ હોવાથી આ શરીરવડે ત્યાં જવા સમર્થ નથી. તેથી નારકોનો પ્રત્યક્ષ જોવામાં કોઈ ઉપાય ન હોવાથી તે નારકો આગમગમ્ય જ છે. શ્રુતિ - સ્મૃતિ વગેરે ગ્રંથોમાં સંભળાતા નારકો શ્રદ્ધેય ભલે થાઓ, પરંતુ જે દેવો સ્વચ્છંદચારી, મનોહરરૂપવાળા અને પ્રકૃષ્ટદિવ્યશક્તિના પ્રભાવથી અહીં આવવામાં સમર્થ છે તે દેવો કેમ અહીં આવતા નથી ? કે જેથી તેઓ દેખાતા નથી ?. તેથી દેવો આ જગતમાં અમોને વગેરેને પ્રત્યક્ષ ન હોવાથી ખરવિષાણની (ગધેડાના શિંગડાની) જેમ અસત્ છે.

હે સૌમ્ય ! તું આ વેદપદોના અર્થને-યુક્તિને અને રહસ્યને જાણતો નથી. તે વેદપદોનો આ પ્રમાણે અર્થ છે - "માયા સમાન ઈન્દ્રાદિ દેવોને કોણ જાણે છે ?" વગેરે પદો વિષે પરમાર્થથી વિચારીએ તો, દેવો છે કારણ કે તે દેવો અહીં રહેલા મનુષ્યની જેમ મને પ્રત્યક્ષ છે. તથા તમને પણ તે દેવો પ્રત્યક્ષ જ છે (કારણ કે તે સમયે ત્યાં દેવો હાજર હતા. તેની સામે ઈશારો કરતા ભગવાને કહ્યું.) અને આગમપ્રમાણથી તો (स एष यज्ञायुधी... વગેરે આગમથી) સર્વથા દેવો સિદ્ધ જ છે.

**મૌર્ય :** તો પછી मायोपमान्.. વિ. નો અર્થ શું ?

**ભગવાન :** "को जानाति ? मायोपमान्" વગેરે વેદવાક્યો દ્વારા જગતની સર્વવસ્તુ અનિત્ય માયા જેવી છે (જેમ માયાથી રચેલું નાશવંત છે, તેમ બધું જ નાશવંત છે) એમ જણાવેલું થાય છે, આ વાક્યો દેવનાસ્તિત્વને જણાવનારા નથી. તથા સ્વચ્છંદવિહારી હોવા છતાં દેવો અહીં નથી આવતા તેમાં આ કારણ જાણવું (અહીં અનુમાન દેખાડે છે) સુરગણો અહીં

यदिह नागच्छन्ति तत्रेदं कारणमनागच्छन्तीह सदैव सुरगणाः, सङ्क्रान्तदिव्यप्रेमत्वाद्विषयप्रसक्तत्वात् प्रकृष्टरूपगुणस्त्रीप्रसक्तविच्छिन्नरम्यदेशान्तरगतमनुष्यवत्, तथाऽसमाप्तकर्त्तव्यत्वाद्, बहुकर्त्तव्यता-प्रसाधनप्रयुक्त-विनीतपुरुषवत्, तथाऽनधीनमनुजकार्यत्वात्, नारकवत्, अनभिमतगेहादौ निःसङ्गयतिवद्वेति, तथाऽशुभत्वान्नरभवस्य तद्गन्धासहिष्णुतया नागच्छन्ति, मृतकलेवरमिव हंसा इति, जिनजन्ममहिमादिषु पुनर्भक्तिविशेषाद् भवान्तररागतश्च क्वचिदागच्छन्त्येव, तथा चैते साम्प्रतं भवतोऽपि प्रत्यक्षा एव, शेषकालमपि सामान्यतश्चन्द्रसूर्यादिविमानालयप्रत्यक्ष-त्वात्तद्वासि-*सिद्धिः*, *इत्यलं प्रसङ्गेन ।*

*छिन्नंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।*

આવતા નથી કારણ કે, (૧) દેવલોકની દિવ્યવસ્તુઓનો પ્રેમ તેમનામાં સંક્રાન્ત થયેલો છે કારણ કે તેઓ વિષયોમાં અત્યંત આસક્ત હોય છે. ઉત્કૃષ્ટરૂપના ગુણવાળી સ્ત્રીમાં પ્રસક્ત અને માટે જ દૂરના સુંદર દેશાન્તરમાં ગયેલ પુરુષ જેમ ફરી પાછો પોતાના સ્થાને આવતો નથી, તેમ વિષયોમાં આસક્ત હોવાથી દેવો અહીં આવતા નથી.

(૨) દેવોનું કર્તવ્ય પૂર્ણ થતું નથી. ઘણી કર્તવ્યતાને સાધવામાં જોડાયેલ વિનીતપુરુષ જેમ પોતાના કર્તવ્યોને છોડી અન્યત્ર જતો નથી, તેમ દેવો પણ દેવલોકમાં ઘણાં કર્તવ્યોમાં વ્યસ્ત હોય છે. (૩) કોઈ દેવકાર્ય મનુષ્યને આધીન નથી કે જેથી તેના માટે અહીં આવવું પડે (અહીં સમાસ આ પ્રમાણે જાણવો - આધીન નથી મનુષ્યોને કાર્યો જેમના) અથવા આધીન નથી મનુષ્ય સંબંધી કોઈ કાર્યો જેમને કે જેથી કાર્યો પૂરા કરવા અહીં આવવું પડે, જેમ નારકો મનુષ્યના કાર્યને આધીન ન હોવાથી આવતા નથી, અથવા જેમ સંગ વિનાના સાધુ જ્યાં ઈચ્છા ન હોય તેવા ઘરમાં જતા નથી કારણ કે સ્વતંત્ર છે = તે ઘરમાં રહેનારાને આધીન નથી તેમ (દેવોના કોઈ કાર્ય મનુષ્યને આધીન નથી કે મનુષ્યના કોઈ કાર્ય દેવોને આધીન નથી કે જેથી તેઓને અહીં આવવું પડે.)

(૪) જેમ હંસો દુર્ગંધી મૃતકલેવર પાસે જતા નથી તેમ નરભવ અશુભ હોવાથી તેની ગંધ સહન થતી ન હોવાથી દેવો અહીં આવતા નથી. જિનેશ્વરોના જન્મમહિમાદિમાં વળી ભક્તિવિશેષથી અને પૂર્વભવના રાગને કારણે ક્યારેક દેવો આવે પણ છે, વળી અહીં સમોવસરણમાં આ દેવો અત્યારે તમને પણ પ્રત્યક્ષ છે જ. શેષકાળમાં પણ = જન્મમહિમા વગેરે ન હોય ત્યારે પણ સામાન્યથી ચંદ્ર–સૂર્યાદિ વિમાનરૂપ નિવાસ પ્રત્યક્ષ દેખાતા હોવાથી તેમાં રહેનારા દેવોની પણ સિદ્ધિ થઈ જાય છે. (કારણ કે જે આલય = રહેવાનું સ્થાન હોય ત્યાં કોઈક રહેનાર હોય અન્યથા તે આલય કહેવાય નહિ. તેથી ત્યાં રહેનારા તરીકે દેવો સિદ્ધ થાય છે. વધુ ચર્ચા વિશેષાવશ્યકભાષ્ય - ૧૮૭૦-૭૧-૭૨ માંથી જાણી લેવી.) વધુ પ્રાસંગિક વાતોથી સર્યું. ॥૬૨૪॥

**ગાથાર્થ :** જરા-મરણથી રહિત જિનવડે સંશય છેદાતે છતે મૌર્ય પોતાના સાડાત્રણસો

**सो समणो पव्वइओ अद्धुट्ठहिं सह खंडियसएहिं ॥६२५॥**

व्याख्या–पूर्ववत् । समाप्तः सप्तमो गणधरः ।

**ते पव्वइए सोउं अकंपिओ आगच्छई जिणसगासं ।**
**वच्चामि णं वंदामी वंदित्ता पज्जुवासामि ॥६२६॥**

व्याख्या–पूर्ववन्नवरमकम्पिकः आगच्छतीति नानात्वम् ।

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**
**नामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६२७॥**

व्याख्या–सपातनिका पूर्ववदेव ।

**किं मन्ने नेरइया अत्थि न अत्थित्ति संसओ तुज्झं ।**
**वेयपयाण य अत्थं ण याणसी तेसिमो अत्थो ॥६२८॥**

व्याख्या–नरान् कायन्तीति नरकास्तेषु भवा नारकाः, किं नारकाः सन्ति न सन्तीति मन्यसे, व्याख्यान्तरं पूर्ववत्, अयं च संशयस्तव विरुद्धवेदपदश्रुतिसमुद्भवो वर्त्तते, शेषं पूर्ववत्, वेदपदानि चामूनि–'*नारको वै एष जायते, यः शूद्रान्नमश्नाति*' इत्यादि, 'एष' ब्राह्मणो नारको भवति यः शूद्रान्नमत्ति, '*नह वै प्रेत्य नरके नारकाः सन्ती*' त्यादि, गतार्थं, युक्तय एवोच्यन्ते–

---

શિષ્યો સાથે શ્રમણ થયો.

ટીકાર્થ : પૂર્વની જેમ જાણવો. ॥૬૨૫॥

**★ अष्टमो गणधरवादः ★**

ગાથાર્થ : તેઓને પ્રવ્રજિત સાંભળીને અકંપિત પ્રભુપાસે આવે છે. તેમની પાસે જાઉં, વાંદુ અને વાંદીને પર્યુપાસના કરું.

ટીકાર્થ : પૂર્વની જેમ જાણવો. ॥૬૨૬॥

ગાથાર્થ : જન્મ-જરા-મરણથી રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિનવડે નામ-ગોત્રથી બોલાવાયો.

ટીકાર્થ : પૂર્વની જેમ જાણવો. ॥૬૨૭॥

ગાથાર્થ : તું એમ કેમ માને છે કે - નારકો છે કે નહિ ? આ તારો સંશય છે. તું વેદપદોના અર્થોને જાણતો નથી. તેઓનો અર્થ આ પ્રમાણે છે.

ટીકાર્થ : જે મનુષ્યોને બોલાવે તે નરકો=નરકાવાસો, તેમાં જે ઉત્પન્ન થાય તે નારકો, શું નારકો છે કે નહિ ? એ પ્રમાણે તું માને છે. બીજી વ્યાખ્યા પૂર્વની જેમ, તારો આ સંશય વેદના વિરુદ્ધપદોને સાંભળવાથી ઉત્પન્ન થયેલ છે. ગાથાના પશ્ચાર્ધની વ્યાખ્યા પૂર્વની જેમ જાણી લેવી. તે વેદપદો આ પ્રમાણે છે - "नारको वै एष जायते, यः शूद्रान्नमश्नाति" વગેરે, (આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે.) જે શુદ્રોનું અન્ન ખાય છે તે બ્રાહ્મણ નારક થાય છે. તથા "नह वै प्रेत्य नरके नारकाः सन्ति" વગેરે (આનો અર્થ - પરલોકમાં નરકમાં નારકો નથી.

तत्राकम्पिकाभिप्रायमाह–सौम्य ! त्वमित्थं मन्यसे–देवा हि चन्द्रादयस्तावत् प्रत्यक्षा एव, अन्येऽप्युपयाचितादिफलदर्शनानुमानतोऽवगम्यन्ते, नारकास्त्वभिधानव्यतिरिक्तार्थशून्याः कथं गम्यन्त इति ?, प्रयोगश्च–न सन्ति नारकाः, साक्षादनुमानतो वाऽनुपलब्धेः, व्योमकुसुमवत्, व्यतिरेके देवाः, इत्थं पूर्वपक्षमाशङ्क्य भगवानेवाह–सौम्य ! ते हि नारकाः कर्मपरतन्त्रत्वादिहागन्तुमसमर्थाः, भवद्विधानामपि तत्र गमनशक्त्यभावः, कर्मपरतन्त्रत्वादेव, अतो भवद्विधानां तदनुपलब्धिरिति, क्षायिकज्ञानसम्पदुपेतानां तु वीतरागाणां प्रत्यक्षा एव, तेषां सकलज्ञानयुक्तत्वाद् अपास्तसमस्तावरणत्वात्, न चाशेषपदार्थविदः साक्षात्कारिक्षायिकभावस्था न सन्ति, यतो ज्ञस्वभाव आत्मा ज्ञानावरणीयप्रतिबद्धस्वभावत्वात् नाशेषं वस्तु विजानाति, तत्क्षयोपशमजस्तु तस्य स्वरूपाविर्भावविशेषो दृश्यते, तथा च कश्चिद्बहु जानाति कश्चिद्बहुतरमिति क्षायोपशमिकोऽयं

---

આમ, પૂર્વનું વાક્ય નારકસત્તા જણાવે છે, જ્યારે આ વાક્ય નારકસત્તાનો અભાવ જણાવે છે.) આ શ્લોકનો અર્થ સ્પષ્ટ હોવાથી માત્ર (નારકાભાવમાં) યુક્તિઓ જ કહેવાય છે.

તેમાં અકંપિતનો અભિપ્રાય જણાવે છે - હે સૌમ્ય ! તું આ પ્રમાણે માને છે કે - ચંદ્રાદિ દેવો તો પ્રત્યક્ષ જ છે અને બીજા દેવો પણ ઉપયાચિત (માનતા માનવી) વગેરેના ફળ દેખાતા હોવાથી અનુમાનથી જણાય જ છે. જ્યારે નામ સિવાયના અર્થથી શૂન્ય (અર્થાત્ તેમનું માત્ર નામ જ છે, બીજું કંઈ નથી) એવા નારકો તો કેવી રીતે જણાય ? અનુમાનપ્રયોગ - નારકો નથી કારણ કે સાક્ષાત્ કે અનુમાનથી જણાતા નથી. જેમ કે આકાશપુષ્પ, વ્યતિરેકમાં=વિપરીત અનુમાનમાં, દેવો છે કારણ કે સાક્ષાત્ કે અનુમાનથી જણાય છે.

આ રીતે પૂર્વપક્ષની આશંકા કરીને=પૂર્વપક્ષને બતાવીને હવે ભગવાન પોતે જ જવાબ આપે છે કે હે સૌમ્ય ! તે નારકો કર્મને પરતંત્ર હોવાથી અહીં આવી શકવામાં અસમર્થ છે, અને તમારા જેવા પણ ત્યાં જવાની શક્તિના અભાવવાળા છે, કારણ કે તમે પણ કર્મને પરતંત્ર છો. તેથી તમારા જેવા છદ્મસ્થજીવોને નારકો સાક્ષાત્ જણાતા નથી. જ્યારે ક્ષાયિકજ્ઞાન (કેવલજ્ઞાન)ની સંપત્તિથી યુક્ત એવા વીતરાગોને તો નારકો પ્રત્યક્ષ જ છે કારણ કે તેઓ સમસ્ત કર્માવરણ દૂર થવાથી સકલજ્ઞાન યુક્ત છે.

તથા સર્વપદાર્થોને જાણનારા, સાક્ષાત્કારી, ક્ષાયિકભાવમાં રહેનારા એવા સર્વજ્ઞો નથી એવું પણ કહેવું નહિ, કારણ કે આત્મા જાણવાના સ્વભાવવાળો છે. પણ તેનો જ્ઞસ્વભાવ, જ્ઞાનાવરણીયકર્મથી રોકાયેલ હોવાથી સર્વવસ્તુને જાણતો નથી. જેમ જેમ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય છે તેમ તેમ તે આત્માને જ્ઞાનસ્વરૂપનો આવિર્ભાવવિશેષ (અર્થાત્ પ્રગટ) થતો દેખાય છે. તેથી કોઈક આત્મા બહુ જાણે છે, કો'ક બહુતર જાણે છે. આમ, આ જ્ઞાનવૃદ્ધિનો ભેદ ક્ષયોપશમથી ઉત્પન્ન થનારો છે.

ज्ञानवृद्धिभेद इति, न ह्ययं ज्ञानविशेषः खल्वात्मनस्तत्स्वाभाव्यमन्तरेणोपपद्यते इति, एवं चापगताशेषज्ञानावरणस्य ज्ञस्वभावत्वादशेषज्ञेयपरिच्छेदकत्वमिति, तथा चास्मिन्नेवार्थे लौकिको दृष्टान्तः, यथा हि पद्मरागादिरुपलविशेषो भास्वरस्वरूपोऽपि स्वगतमलकलङ्काङ्कितस्तदा वस्त्वप्रकाशयन्नपि क्षारमृत्पुटपाकाद्युपायतस्तदपाये प्रकाशयति, एवमात्मापि ज्ञस्वभावः कर्ममलिनः प्रागशेषं वस्त्वप्रकाशयन्नपि सम्यक्त्वज्ञानतपोविशेषसंयोगोपायतोऽपेतसमस्तावरणः सर्वं वस्तु प्रकाशयति, प्रतिबन्धकाभावात्, न चाप्रतिबद्धस्वभावस्यापि पद्मरागवत्सर्वत्र प्रकाशनव्यापाराभावः, तस्य ज्ञस्वभावत्वाद्, न हि ज्ञो ज्ञेये सति प्रतिबन्धशून्यो न प्रवर्त्तते, न च प्रकाशकस्वभावपद्मरागेणैव

---

તથા આ જે જ્ઞાન વિશેષ દેખાય છે તે આત્માના તે સ્વભાવ (જ્ઞાનસ્વભાવ) વિના હોઈ શકે નહિ (માટે અવશ્ય આત્માનો જ્ઞાનસ્વભાવ છે જ.) અને એટલે સંપૂર્ણ જ્ઞાનાવરણ દૂર થતાં આત્માનો સંપૂર્ણજ્ઞસ્વભાવ પ્રગટ થતો હોવાથી આત્મા સર્વજ્ઞેય વસ્તુઓનો પરિચ્છેદક (જાણનારો) થાય છે. આ જ અર્થમાં (અર્થાત્ જેમ જેમ કર્મો દૂર થાય તેમ તેમ સ્વભાવ પ્રગટ થાય છે તે અર્થમાં) એક લૌકિકદૃષ્ટાન્ત છે -

જેમ પદ્મરાગાદિ મણિવિશેષ સ્વયં ભાસ્વર સ્વરૂપવાળો (વસ્તુને પ્રકાશિત કરવાના સ્વરૂપવાળો) હોવા છતાં પણ પોતાનામાં રહેલ મલરૂપ કલંકથી યુક્ત હોય ત્યારે વસ્તુને પ્રકાશિત કરતો નથી, પરંતુ ક્ષાર-મૃત્પુટ-પાકાદિના ઉપાયથી મણિમાંથી મલને દૂર કરતા તે જ મણિ વસ્તુને પ્રકાશિત કરે છે, એ જ પ્રમાણે આત્મા પણ પૂર્વે જ્ઞસ્વભાવવાળો કર્મથી મલિન થયેલો છતો પૂર્વે સર્વવસ્તુને પ્રકાશિત ન કરવા છતાં પણ સમ્યક્ત્વ-જ્ઞાન-તપવિશેષ સંયોગરૂપ ઉપાયથી દૂર થયેલા સંપૂર્ણ આવરણવાળો થયેલો છતો સર્વ વસ્તુને પ્રકાશિત કરે છે કારણ કે હવે પ્રતિબંધક એવા કર્મો રહ્યા નથી.

(**અકંપિત :** આત્મા જ્ઞસ્વભાવવાળો છે. જ્યારે પદ્મરાગ પ્રકાશના સ્વભાવવાળો છે. તેથી જેમ મલરૂપ કલંક દૂર થતાં અસ્ખલિતદીપ્તિવાળો એવો પણ પદ્મરાગ સર્વવસ્તુને પ્રકાશિત કરતો નથી, પરંતુ કેટલાક પદાર્થોને જ તે પ્રકાશિત કરે છે. તેમ કર્મમલ દૂર થતાં જ્ઞસ્વભાવવાળો એવો આત્મા પણ અમુક જ પદાર્થને જાણે, નહિ કે સંપૂર્ણપદાર્થોને જાણે. તેથી આત્મા સંપૂર્ણવસ્તુને જાણે એમ કેવી રીતે કહેવાય ?)

**ભગવાન :** તમારી વાત યોગ્ય નથી કારણ કે આત્મા જ્ઞસ્વભાવવાળો હોવાથી અપ્રતિબદ્ધ-સ્વભાવવાળા એવા પણ આત્માનો પદ્મરાગની જેમ સર્વત્ર પ્રકાશવ્યાપારનો અભાવ થશે નહિ (અર્થાત્ આવરણ દૂર થતાં આત્મા સર્વવસ્તુને જાણે જ) કારણ કે પ્રતિબંધથી શૂન્ય એવો જ્ઞાની જ્ઞેયવસ્તુમાં ન પ્રવર્તે એવું બને નહિ.

(**અકંપિત :** પ્રતિબંધથી શૂન્ય એવો પણ મણિ સર્વ પ્રકાશ્ય વસ્તુમાં પ્રવર્તતો નથી એ તો પ્રત્યક્ષસિદ્ધ છે જ એટલે તમે કહેલ વ્યાપ્તિમાં પ્રકાશક સ્વભાવવાળા પદ્મરાગવડે જ વ્યભિચાર આવે છે.)

व्यभिचारो भावयितव्यः, तस्य सन्निकृष्टार्थप्रकाशनात्, विप्रकृष्टविषये तु देशविप्रकर्षेणैव प्रतिबद्धत्वादप्रवृत्तिः, न चात्मनोऽपि देशविप्रकर्ष एवापरिच्छेदहेतुः, तस्यागमगम्येषु सूक्ष्मव्यवहितविप्रकृष्टेष्वखिलपदार्थेष्वधिगतिसामर्थ्यदर्शनात्, तथा च परमाणुमूलकीलोदकामरलोकचन्द्रोपरागादिपरिच्छेदसामर्थ्यमस्यागमोपदेशतः क्षयोपशमवतोऽपि दृश्यते, एवं साक्षात्कारि क्षायिकमपि प्रतिपत्तव्यमिति । एवं क्षायिकज्ञानवतां नारकाः प्रत्यक्षा एव, भवतोऽप्यनुमानगम्याः, तच्चेदम्-विद्यमानभोक्तृकं प्रकृष्टपापफलं, कर्मफलत्वात्, पुण्यफलवत्, न च तिर्यग्नरा एव

---

ભગવાન : ના, અહીં વ્યભિચાર આવશે નહિ કારણ કે તે પદ્મરાગ નજીકના પદાર્થોને જ પ્રકાશિત કરે છે (એ જ તેનો સ્વભાવ છે), દૂર રહેલા વિષયમાં (પદાર્થમાં) દેશના વિપ્રકર્ષથી (દૂરદેશમાં રહેવાપણારૂપ પ્રતિબંધકથી) આ પદ્મરાગ પ્રતિબંધિત હોવાથી પદ્મરાગની પ્રવૃત્તિ થતી નથી (અર્થાત્ વિષયને પ્રકાશિત કરતો નથી.) જ્યારે અહીં આત્માને પણ દેશનો વિપ્રકર્ષ અપરિચ્છેદ (જ્ઞાનના અભાવ)નું કારણ નથી કારણ કે આગમથી ગમ્ય એવા પણ સૂક્ષ્મ (પરમાણુ વગેરે), વ્યવહિત (નજીક રહેલા હોવા છતાં દિવાલાદિની પાછળ રહેલા) અને વિપ્રકૃષ્ટ (અર્થાત્ દૂર રહેલા, તે બે પ્રકારે દેશથી અને કાળથી તેમાં દેશથી દૂર રહેલા એવા દેવલોક- નરકાદિ, અને કાળથી દૂર રહેલા એટલે અમુક કાળ પછી થનારા ચંદ્રગ્રહણાદિ) એવા સંપૂર્ણપદાર્થોને જાણવાની શક્તિ આત્મામાં રહેલી છે.

તે આ પ્રમાણે કે ક્ષયોપશમવાળા જીવનું પણ આગમાનુસારે પરમાણુ - વૃક્ષમૂળ - ખીલો - પાણી - દેવલોક - ચંદ્રગ્રહણાદિના જ્ઞાનનું સામર્થ્ય દેખાય છે. (અહીં ભાવાર્થ આ પ્રમાણે - ક્ષાયોપશમિકજ્ઞાનવાળો એવો પણ જીવ આગમાનુસારે વિચારીને આવી વાતો કરતો દેખાય છે કે - "અહીં આ જમીનમાં અંદર વૃક્ષનું મૂલ અથવા ખીલા છે. તેથી આ જમીન શલ્યવાળી હોવાથી અહીં તમારે મકાનાદિ બનાવવા નહિ, તથા કોઈ વ્યક્તિ કૂવો ખોદતી હોય તો તેને જોઈ કો'ક જ્યોતિષી કે નૈમિત્તિક કહે કે - અહીંથી આટલું ખોદતાં પાણી નીકળશે વગેરે.

આ રીતે આગમાનુસારે દેવલોક, ચંદ્રગ્રહણાદિના સ્વરૂપનું વર્ણન પણ કોઈ કરે, આમ જો ક્ષાયોપશમિકજ્ઞાનવાળો જીવ પણ આગમાનુસારે કથન કરી શકે તો ક્ષાયિકજ્ઞાનવાળાઓનું સામર્થ્ય કેટલું ? એ વાતને જણાવે છે કે) એ પ્રમાણે સાક્ષાત્કારી એવું ક્ષાયિકજ્ઞાન પણ (સર્વપદાર્થોને જણાવવાના સામર્થ્યવાળું) જાણવા યોગ્ય છે. આમ, ક્ષાયિકજ્ઞાનવાળા વીતરાગોને નારકો પ્રત્યક્ષ જ છે.

તથા તમને પણ નારકો અનુમાનથી ગમ્ય છે. તે અનુમાન આ પ્રમાણે છે - <u>પ્રકૃષ્ટ પાપનું ફળ, વિદ્યમાનભોક્તાવાળું</u> છે, કારણ કે તે <u>કર્મનું ફળ</u> છે. જેમ કે, <u>પુણ્યનું ફળ</u> (અર્થાત્ - પ્રકૃષ્ટપાપનું ફળ એ કર્મનું ફળ હોવાથી તેને ભોગવનાર કોઈક વિદ્યમાન છે. જેમ કે પુણ્યફળ એ કર્મના ફળરૂપ હોવાથી તેને ભોગવનાર અનુત્તરવાસીદેવો વિદ્યમાન છે

प्रकृष्टपापफलभुजः, तस्यौदारिकशरीरवता वेदयितुमशक्यत्वात्, अनुत्तरसुरजन्मनिबन्धनप्रकृष्टपुण्यफलवत्, तथाऽऽगमगम्याश्च ते, यत एवमागमः-

*"सततानुबन्धमुक्तं दुःखं नरकेषु तीव्रपरिणामम् ।*
*तिर्यक्षूष्णभयक्षुत्तृडादिदुःखं सुखं चाल्पम् ॥१॥*
*सुखदुःखे मनुजानां मनः-शरीराश्रये बहुविकल्पे ।*
*सुखमेव तु देवानामल्पं दुःखं तु मनसि भवम् ॥२॥"*

इत्यादि, एवम्—

**छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।**
**सो समणो पव्वइओ तिहि उ सह खंडियसएहिं ॥६२९॥**

व्याख्या—पूर्ववन्नवरं त्रिभिः सह खण्डिकशतैरिति ॥ अष्टमो गणधरः समाप्तः ॥

**ते पव्वइए सोउं अयलभाया आगच्छइ जिणसगासं ।**
**वच्चामि णं वंदामी वंदित्ता पज्जुवासामि ॥६३०॥**

---

તેમ પાપને પણ ભોગવનાર કો'ક છે. દરેક કર્મના ફળનો ભોક્તા હોય જ, એ વ્યાપ્તિ જાણવી.)

આમ, આ અનુમાનદ્વારા પ્રકૃષ્ટપાપફળને ભોગવનાર સિદ્ધ થતાં તેને ભોગવનાર કોણ ? તેનો ઉત્તર આપતા કહે છે કે - આ પ્રકૃષ્ટપાપફળનો ભોક્તા તરીકે તિર્યંચો કે મનુષ્યો નથી કારણ કે ઔદારિકશરીરવાળા તે તિર્યંચ કે મનુષ્યવડે આ પ્રકૃષ્ટપાપફળ ભોગવવું શક્ય નથી. જેમ અનુત્તરદેવમાં જન્મના કારણરૂપ પ્રકૃષ્ટપુણ્યફળ ઔદારિકશરીરવાળા તિર્યંચ–મનુષ્યો ભોગવી શકતા નથી તેમ. (આમ તિર્યંચ-મનુષ્યો ભોગવી શકતા નથી, દેવો પુણ્યભજનારા છે, તેથી પાપફળને ભોગવનારા તરીકે નારકો સિદ્ધ થાય છે.)

તથા નારકો આગમગમ્ય પણ છે, કારણ કે આગમમાં કહ્યું છે કે - "सततानुबन्धमुक्तं दुःखं नरकेषु तीव्रपरिणामम् । तिर्यक्षूष्णभयक्षुत्तृडादिदुःखं सुखं चाल्पम् ॥१॥ सुखदुःखे मनुजानां मनःशरीराश्रये बहु विकल्पे । सुखमेव तु देवानामल्पं दुःखं तु मनसि भवम् ॥२॥" (**અર્થ :** નારકોમાં તીવ્રપરિણામવાળું સતત દુઃખ રહેલું છે. તિર્યંચોમાં તાપ, ભય, ક્ષુધા, તૃષ્ણાદિ દુઃખ છે અને સુખ અલ્પ છે. મનુષ્યોમાં મન અને શરીરને આશ્રયી ઘણાં પ્રકારનું સુખ–દુઃખ છે. જ્યારે દેવોને તો સુખ જ હોય છે, અલ્પમાત્રમાં માનસિકદુઃખ હોય છે.) ॥૬૨૮॥

**ગાથાર્થ : જરા-મરણરહિત એવા જિનવડે સંશય છેદાતે છતે તે (અકંપિત) ત્રણસો શિષ્યો સાથે શ્રમણ થયો.**

**ટીકાર્થ :** પૂર્વની જેમ જાણી લેવો. ॥૬૨૯॥

## ★ नवमो गणधरवादः ★

**ગાથાર્થ : તેઓને પ્રવ્રજિત સાંભળીને અચલભ્રાતા "પ્રભુપાસે જાઉં, અને વાંદીને પર્યુપાસના કરું" (એવા ભાવોથી) જિનપાસે આવે છે.**

व्याख्या–पूर्ववन्नवरम्–अचलभ्राता आगच्छति जिनसकाशमिति ।

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**
**नामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६३१॥**

व्याख्या–सपातनिका पूर्ववत् ।

**किं मन्नि पुण्णपावं अत्थि न अत्थित्ति संसओ तुज्झं ।**
**वेयपयाण य अत्थं ण याणसी तेसिमो अत्थो ॥६३२॥**

व्याख्या–किं पुण्यपापे स्तः न वा ? मन्यसे, व्याख्यान्तरं पूर्ववत्, अयं च संशयस्तव विरुद्धवेदपदश्रुतिप्रभवो दर्शनान्तरविरुद्धश्रुतिप्रभवश्च, तत्र वेदपदानां चार्थं न जानासि, चशब्दाद्युक्तिं हृदयं च, तेषामयमर्थ इत्यक्षरार्थः । तानि चामूनि वेदपदानि–'पुरुष एवेदं ग्निं सर्वं' मित्यादीनि यथा द्वितीयगणधरे, व्याख्यापि तथैव. स्वभावोपन्यासोऽपि तथैव, तथा सौम्याचलभ्रातः! त्वमित्थं मन्यसे–दर्शनविप्रतिपत्तिश्चात्र, तत्र केषाञ्चिद्दर्शनम्–पुण्यमेवैकमस्ति न पापं, तदेव

---

ટીકાર્થ : પૂર્વની જેમ જાણવો. ॥૬૩૦॥

**ગાથાર્થ : જન્મ-જરા-મરણથી રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિનવડે નામ-ગોત્રથી બોલાવાયો.**

ટીકાર્થ : અવતરણિકાસહિત વ્યાખ્યા પૂર્વની જેમ જાણવી. ॥૬૩૧॥

**ગાથાર્થ : તું એવું કેમ માંને છે કે "શું પુણ્ય-પાપ છે કે નહિ ?" આ તારો સંશય છે. તું વેદપદોના અર્થ જાણતો નથી. તેઓનો આ અર્થ થાય છે.**

ટીકાર્થ : "શું પુણ્ય-પાપ છે કે નથી ?" એ પ્રમાણે તું માને છે. (કિમ્ નો) બીજો અર્થ પૂર્વની જેમ જાણી લેવો. તારો આ સંશય વેદના વિરુદ્ધપદોને અને અન્યદર્શનોની (મતોની) વિરુદ્ધવાતોને સાંભળવાથી ઉત્પન્ન થયો છે. તું તે વેદપદોના અર્થને, તથા (મૂળગાથામાં રહેલ) "च" શબ્દથી યુક્તિ અને રહસ્યને જાણતો નથી. તે વેદપદોનો આ (આગળ કહેશે તે) અર્થ થાય છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ થયો.

તે વેદપદો આ પ્રમાણે છે - "पुरुष एवेदं ग्निं सर्वं...." વગેરે જે રીતે બીજા ગણધરવાદમાં કહ્યા તે જ વેદપદો અહીં પણ જાણવા. તથા તે વેદપદોની વ્યાખ્યા પણ તે જ પ્રમાણે અને સ્વભાવોપન્યાસ પણ તે જ પ્રમાણે જાણવો. (જેમ પૂર્વે પૂર્વપક્ષે કહ્યું હતું કે - સ્વભાવથી જ નિયતદેશગર્ભાદિનું ગ્રહણ થાય છે. કર્મ માનવાની શી જરૂર છે ? તે જ પ્રમાણે અહીં પણ - "સ્વભાવથી જ નિયતદેશગર્ભાદિનું ગ્રહણ થાય છે, પુણ્ય-પાપ માનવાની શી જરૂર છે ?" એ પ્રમાણે સ્વભાવનો ઉપન્યાસ જાણવો.)

તથા હે સૌમ્યાચલભ્રાતા ! તું આ પ્રમાણે માને છે કે (અર્થાત્ પુણ્ય-પાપની અવિદ્યમાનતા માટે તું આ દલીલ કરે છે કે) - "આ પુણ્ય-પાપના વિષયમાં દર્શનોની વિપ્રતિપત્તિ છે (અર્થાત્ આ વિષયમાં જુદા જુદા મતોનો જુદો જુદો અભિપ્રાય છે.) તેમાં કેટલાકોનો મત આ

चावाप्तप्रकर्षावस्थं स्वर्गाय क्षीयमाणं तु मनुष्यतिर्यग्नारकादिभवफलाय, तदशेषक्षयाच्च मोक्ष इति, यथाऽत्यन्तपथ्याहारासेवनादुत्कृष्टमारोग्यसुखं भवति, किञ्चित्किञ्चित्पथ्याहारपरिवर्जनाच्चारोग्यसुखहानिः, अशेषाहारपरिक्षयाच्च सुखाभावकल्पोऽपवर्गः, अन्येषां तु पापमेवैकं, न पुण्यमस्ति, तदेव चोत्तमावस्थामनुप्राप्तं नारकभवायालं, क्षीयमाणं तु तिर्यग्नरामरभवायेति, तदत्यन्तक्षयाच्च मोक्ष इति, यथा अत्यन्तापथ्याहारसेवनात्परमनारोग्यं, तस्यैव किञ्चित्किञ्चिदपकर्षादारोग्यसुखम्, अशेषपरित्यागान्मृतिकल्पो मोक्ष इति, अन्येषां तूभयमप्यन्योऽन्यानुविद्धस्वरूपकल्पं सम्मिश्रसुखदुःखाख्यफलहेतुभूतमिति, तथा च किल नैकान्ततः संसारिणः सुखं

પ્રમાણે છે કે - (૧)જગતમાં પુણ્ય જ છે, પાપ નથી. અને તે પુણ્ય જ જ્યારે પ્રકર્ષાવસ્થાને (અત્યંતવૃદ્ધિને) પામે ત્યારે તે સ્વર્ગ માટે થાય છે. વળી હીન થતું તે પુણ્ય જ (ક્રમશઃ) મનુષ્ય, તિર્યંચ, નારકાદિભવોરૂપ ફળ માટે થાય છે.

આ પુણ્યનો જ જ્યારે સંપૂર્ણ ક્ષય થાય છે ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે. અહીં દૃષ્ટાંત આ પ્રમાણે જાણવું કે અત્યંત પથ્યાહારના સેવનથી ઉત્કૃષ્ટારોગ્યસુખ પ્રાપ્ત થાય છે. તેમાં થોડા પથ્યાહારનો ત્યાગ કરતાં આરોગ્ય સુખની હાનિ થાય છે અને સર્વાહારનો ત્યાગ થતાં સુખાભાવરૂપ અપવર્ગની પ્રાપ્તિ થાય છે.

(૨) કેટલાક લોકોના મતે પાપ જ વિદ્યમાન છે, પુણ્ય નથી. અને તે પાપ જ્યારે વૃદ્ધિને પામે ત્યારે નારકભવ માટે થાય છે. હીન થતું તે પાપ તિર્યંચ-નર-દેવાદિ ભવો માટે થાય છે. જ્યારે તે પાપનો સંપૂર્ણક્ષય થાય ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે. અહીં દૃષ્ટાંત આ પ્રમાણે જાણવું કે અત્યંત અપથ્યાહારના સેવનથી ઉત્કૃષ્ટ અનારોગ્ય પ્રાપ્ત થાય છે. તથા તે જ અપથ્યાહારના કંઈક અપકર્ષથી (હાનિથી) આરોગ્યસુખ પ્રાપ્ત થાય છે. તથા જ્યારે તે આહારનો સંપૂર્ણ ત્યાગ થાય ત્યારે મૃતિ(મરણ) સમાન મોક્ષ થાય છે.

(અહીં કોઈકને પ્રશ્ન થાય કે - સર્વ અપથ્યાહારનો ત્યાગ થતાં પથ્યાહારનો સંભવ થવાથી તે વ્યક્તિનું મરણ કેવી રીતે થાય કે જેથી તમે મૃતિરૂપ મોક્ષ કહો છો ?

**સમાધાન :** તમારી વાત સાચી છે પરંતુ આ મતના લોકો પુણ્યની જેમ પથ્યાહારનો પણ મૂળથી અસ્વીકાર કર્યો છે, અર્થાત્ તેમના મતે જેમ પુણ્ય નથી તેમ પથ્યાહાર પણ નથી, આમ જ્યારે અપથ્યાહારનો સર્વથા ત્યાગ થાય ત્યારે પથ્ય-અપથ્ય ઉભયાહારનો ત્યાગ થતાં વ્યક્તિનું મરણ સંભવે છે અને તેનો મોક્ષ થાય છે - ટિપ્પણ)

(૩) કેટલાક લોકોના મતે પુણ્ય-પાપ એકબીજાથી અનુવિદ્ધ=ભળેલા સ્વરૂપવાળા છે કે જે મિશ્રિત સુખ-દુઃખનામના ફળનું કારણ છે. (જેમ પંચવર્ણવાળી વસ્તુમાં પાંચે વર્ણો એકબીજાથી યુક્ત હોય છે તેમ અહીં જાણવું.) આમ, પુણ્ય-પાપ પરસ્પરયુક્ત હોવાથી કોઈ સંસારીજીવને એકાન્તે એકલું સુખ કે એકલું દુઃખ હોતું નથી.

दु:खं चास्ति, देवानामपीर्ष्यादियुक्तत्वात्, नारकाणामपि च पञ्चेन्द्रियत्वानुभवाद्, इत्थंभूतपुण्यपापाख्यवस्तुक्षयाच्चापवर्ग इति, अन्येषां तु स्वतंत्रमुभयं विविक्तसुखदु:खकारणं, तत्क्षयाच्च नि:श्रेयसावाप्तिरिति, अतो दर्शनानां परस्परविरुद्धत्वात् अप्रमाणत्वादस्मिन्विषये प्रामाण्याभाव इति तेऽभिप्राय:, 'पुण्य: पुण्येने'त्यादिना प्रतिपादिता च तत्सत्ता, अत: संशय:, तत्र वेदपदानां चार्थं न जानासि, तेषामयमर्थ: यथा द्वितीयगणधरे तथा स्वभावनिराकरणयुक्तो वक्तव्य:, सामान्यकर्मसत्तासिद्धिरपि तथैव वक्तव्या, यच्च दर्शनानामप्रामाण्यं मन्यसे, परस्परविरुद्धत्वाद्, एतदसाम्प्रतम्, एकस्य प्रमाणत्वात्, तथा च पाटलिपुत्रादिस्वरूपाभिधायका: सम्यक् तद्रूपाभिधायकयुक्ता: परस्परविरुद्धवचसोऽपि न सर्व एवाप्रमाणतां भजन्ते, तत्र

---

(શંકા : તમે એકલા સુખ-દુ:ખ ના પાડો છો પરંતુ દેવોને એકલું સુખ અને નારકોને એકલુ દુ:ખ દેખાય તો છે જ.)

**સમાધાન :** ના, દેવોને પણ જે સુખ છે તે ઈર્ષ્યા વગેરે દુ:ખોથી યુક્ત હોવાથી દુ:ખમિશ્રિત એવું જ સુખ છે. તથા નારકોને પણ પંચેન્દ્રિયપણાનો અનુભવ થતો હોવાથી કિંચિત્ સુખમિશ્રિત દુ:ખ છે. તથા અનુવિદ્ધ એવા પુણ્ય-પાપ નામની વસ્તુ ક્ષય થાય ત્યારે જીવનો મોક્ષ થાય છે.

(૪) વળી, કેટલાકોના મતે પુણ્ય-પાપ છે પરંતુ પૂર્વ મતની જેમ સંમિશ્રિત નહિ પણ સ્વતંત્ર છે, જે સ્વતંત્ર સુખ-દુખનું કારણ છે. (અર્થાત્ પુણ્યથી સુખ અને પાપથી દુ:ખ) અને આ સ્વતંત્ર પુણ્ય-પાપ બંનેનો ક્ષય થાય ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે. આમ, તે તે મતો પરસ્પર વિરુદ્ધ હોવાથી અપ્રમાણ બની જાય છે અને માટે પુણ્ય-પાપને માનવામાં કોઈ પ્રમાણ નથી, એવો તારો અભિપ્રાય છે. જ્યારે બીજી બાજુ "પુણ્ય: પુણ્યેન...." વગેરે વેદપદોવડે પુણ્ય-પાપની સત્તા જણાવાયેલી છે. માટે આ સંશય ઊભો થયો છે. તું વેદપદોના અર્થને જાણતો નથી.

તે વેદપદોનો આ પ્રમાણે અર્થ છે - બીજા ગણધરવાદમાં જે રીતે પ્રભુએ તે વેદપદોનો અર્થ કર્યો છે તે રીતે જાણવો. તથા ત્યાં કરેલા સ્વભાવવાદનું નિરાકરણ પણ અહીં જાણી લેવું. તથા સામાન્યથી (અર્થાત્ પુણ્ય-પાપકર્મનો ભેદ પાડ્યા વિના) કર્મસત્તાની સિદ્ધિ પણ પૂર્વે કહી તે પ્રમાણે જાણી લેવી. વળી, જે તું દર્શનોનું પરસ્પર વિરુદ્ધ હોવાથી અપ્રમાણ્ય માને છે તે પણ અયોગ્ય છે, કારણ કે તે સર્વોમાંથી એક તો પ્રમાણ છે જ.જેમ સમ્યક્ સ્વરૂપ જણાવનાર વ્યક્તિથી યુક્ત એવા પાટલિપુત્રાદિ નગરોના સ્વરૂપને જણાવનારા વ્યક્તિઓ પરસ્પર વિરુદ્ધ વચનોવાળા હોવા છતાં બધા જ અપ્રમાણ બનતા નથી કારણ કે તેમાં કોઈ એક વ્યક્તિ તો સમ્યગ્રીતે તે નગરોનું સ્વરૂપ જણાવનાર છે જ, તેમ અહીં પણ જાણવું. તેથી પરસ્પર વિરુદ્ધ એવા પણ આ મતોમાં જે પ્રમાણ મત છે તેને અપ્રમાણમતોને દૂર કરવાદ્વારા હું

यत्प्रमाणं तदप्रमाणनिरासद्वारेण प्रदर्शयिष्यामः,

तत्र न तावत्पुण्यमेवापचीयमानं दुःखकारणं, तस्य सुखहेतुत्वेनेष्टत्वात्, स्वल्पस्यापि स्वल्पसुखनिर्वर्त्तकत्वात्, तथा चाणीयसो हेमपिण्डादणुरपि सौवर्ण्ण एव घटो भवति, न मार्त्तिक इति, न च तदभावो दुःखहेतुः, तस्य निरुपाख्यत्वात्, न च सुखाभाव एव स्वसत्ताविकलो दुःखं, तस्यानुभूयमानत्वात्, ततश्च स्वानुरूपकारणपूर्विका दुःखप्रकर्षानुभूतिः, प्रकर्षानुभूतित्वात्, पुण्यप्रकर्षानुभूतिवत्, न च पुण्यलेश एवानुरूपं कारणमस्या इति, एवं दृष्टान्तोऽप्याभासितव्यः,

---

તને બતાવીશ.

## ★ પુણ્ય અને પાપ જગતમાં છે તેની સિદ્ધિ ★

(૧)(પ્રથમ જે મતને પુણ્ય જ માન્ય છે, પાપ નહિ તેનું ખંડન કરતા જણાવે છે કે) હીન થતું પુણ્ય જ દુઃખનું કારણ નથી કારણ કે પુણ્ય સુખના હેતુ તરીકે માન્ય છે. જેમ નાનાં એવા પણ સુવર્ણપિંડમાંથી નાનો છતાં સુવર્ણનો જ ઘટ બને છે પણ માટીનો બનતો નથી, તેમ સ્વલ્પપુણ્યથી સ્વલ્પસુખ જ ઉત્પન્ન થાય છે નહિ કે દુઃખ. વળી, પુણ્યનો અભાવ એ દુઃખનું કારણ નથી કારણ કે અભાવ એ નિરૂપાખ્ય છે = સ્વરૂપ વિનાનો છે અર્થાત્ અસત્પદાર્થ છે. (આવા અસત્પદાર્થમાંથી દુઃખ ઉત્પન્ન થાય નહિ.)

**અચલભ્રાતા :** તો અમે, પોતાની સત્તાથી રહિત એવો સુખાભાવ જ દુઃખરૂપે માનીશું. (સુખનો અભાવ અભાવરૂપ હોવાથી તે અવસ્તુ છે, તેથી તેની સત્તા હોતી નથી. તેથી સ્વસત્તાથી રહિત સુખાભાવ જ દુઃખ છે. તથા દુઃખને સુખાભાવરૂપ માનવાથી, દુઃખનું સ્વતંત્ર કારણ માનવાની જરૂર નહિ રહે.)

**ભગવાન :** તે પણ શક્ય નથી કારણ કે દુઃખ અનુભવાય છે (અર્થાત્ જો તેને સુખાભાવરૂપ માનો તો સુખાભાવરૂપ દુઃખનો અનુભવ થવો જોઈએ નહિ કારણ કે અભાવનો અનુભવ ન થાય. જ્યારે દુઃખનો "હું દુઃખી છું" એ રૂપે અનુભવ તો થાય જ છે માટે દુઃખને સુખાભાવરૂપ મનાય નહિ.) તેથી જેમ પુણ્યના(સુખના) પ્રકર્ષની અનુભૂતિ પોતાને (સુખપ્રકર્ષને) અનુરૂપ એવા કારણ (પુણ્યપ્રકર્ષ) પૂર્વક થાય છે, તેમ દુઃખના પ્રકર્ષની અનુભૂતિ પણ ઉત્કૃષ્ટ અનુભૂતિરૂપ હોવાથી પોતાને (દુઃખપ્રકર્ષને) અનુરૂપ એવા કારણ (પાપપ્રકર્ષ) પૂર્વક જ થાય છે.

(અહીં આશય એ છે કે - કાર્ય જો પ્રકૃષ્ટ હોય તો તેનું કારણ પણ પ્રકૃષ્ટ જ જોઈએ અપ્રકૃષ્ટ નહિ. આમ પુણ્યનો પ્રકર્ષ હોય તો તેનાથી સુખનો પ્રકર્ષ પ્રાપ્ત થાય છે, તેમ દુઃખના પ્રકર્ષ પાછળનું કારણ પણ કોઈ પ્રકર્ષરૂપ જ હોવું જોઈએ પણ અપકર્ષરૂપ નહિ. તેથી તમે દુઃખના પ્રકર્ષનું કારણ જે પુણ્યના અપકર્ષને માનો છો તે ઘટતું નથી કારણ કે) પુણ્યનો લેશ (પુણ્યનો અપકર્ષ) દુઃખના પ્રકર્ષની અનુભૂતિને અનુરૂપ કારણ નથી. એ જ પ્રમાણે દૃષ્ટાંત પણ વિચારવા યોગ્ય છે. (અર્થાત્ પથ્યાહારથી આરોગ્યસુખની પ્રાપ્તિ થાય અને જેમ જેમ પથ્યાહારનો

केवलपुण्यवादनिरासः । केवलपापपक्षेऽपि विपरीतमुपपत्तिजालमिदमेव वाच्यं, नापि तत्सर्वथाऽन्योऽन्यानुविद्धस्वरूपं निरंशवस्त्वन्तरमेव, सर्वथा सम्मिश्रसुखदुःखाख्यकार्यप्रसङ्गाद्, असदृशश्च सुखदुःखानुभवो, देवानां सुखाधिक्यदर्शनात्, नारकाणां च दुःखाधिक्यदर्शनात्, न च सर्वथा सम्मिश्रैकरूपस्य हेतोरल्पबहुत्वभेदेऽपि कार्यस्य स्वरूपेण प्रमाणतोऽल्पबहुत्वं विहाय भेदो युज्यते, न हि मेचककारणप्रभवं कार्य्यमन्यतमवर्णोत्कटतां बिभर्त्ति, तस्मात् सुखातिशयस्यान्यन्निमित्तमन्यच्च दुःखातिशयस्येति । न च सर्वथैकस्य सुखातिशयनिबन्धनांश-

*ત્યાગ થાય તેમ તેમ અનારોગ્ય પ્રાપ્તિ થાય એવું તમે જે માનો છો તે પણ ઘટતું નથી. કારણ* કે અનારોગ્યની પ્રાપ્તિનું કારણ પથ્યાહારનો ત્યાગ નહિ પણ અપથ્યાહાર છે.) આ પ્રમાણે માત્ર પુણ્યને માનનાર વાદનું ખંડન જાણવું.

(૨)જે લોકો માત્ર પાપને જ માને છે તેઓના પક્ષમાં પણ ઉપરોક્ત કહી છે તે યુક્તિઓ વિપરીત રીતે જાણી લેવી. (૩)તથા જે લોકો પુણ્ય-પાપને એકબીજાથી યુક્ત સ્વરૂપવાળી એવી અંશ વિનાની એક વસ્તુ માને છે તે પણ ઘટતું નથી કારણ કે જો આ રીતે માનીએ તો હંમેશા મિશ્ર સુખ-દુઃખનામના કાર્યનો પ્રસંગ આવે. (ભાવાર્થ એ છે કે - જો પુણ્ય અને પાપને એકબીજાથી અનુવિદ્ધ અર્થાત્ સુખ-દુઃખ ઉભયના કારણરૂપ એક જ માનવામાં આવે તો તેનાથી હંમેશા સુખ-દુઃખ બંનેનો જ અનુભવ થશે, એકલું સુખ કે એકલું દુઃખ ક્યારેય નહિ અનુભવાય, જ્યારે) સુખાનુભવ અને દુઃખાનુભવ જુદા જુદા થતાં દેખાય છે કારણ કે દેવોને સુખનો અધિક અનુભવ છે અને નારકોને દુઃખનો અધિક અનુભવ છે.

**અચલભ્રાતા :** જેને પુણ્ય-પાપ ઉભયરૂપ એક કારણ મોટું હોય તેને માત્ર સુખાનુભવ થાય અને જેને પુણ્ય-પાપ ઉભયરૂપ એક કારણ નાનું હોય તેને માત્ર દુઃખાનુભવ થાય એમ અમે માની લઈશું.

**ભગવાન :** આ રીતે પણ માની ન શકાય કારણ કે સર્વથા સંમિશ્ર એકરૂપ એવા કારણમાં અલ્પબહુત્વનો ભેદ હોય તો કાર્યનો પ્રમાણને આશ્રયી અલ્પબહુત્વ ભેદ ઘટે, પણ સ્વરૂપથી ભેદ ઘટે નહિ.

(ભાવાર્થ એ છે કે - પુણ્ય-પાપ નામનું નિરંશ એક કારણ નાનું - મોટું માનીએ તો સુખ-દુઃખરૂપ કાર્ય પણ નાનું-મોટું થાય અર્થાત્ સુખ-દુઃખનો મિશ્ર અનુભવ પણ પ્રમાણને આશ્રયી નાનો-મોટો થાય, પણ માત્ર સુખનો અનુભવ કે માત્ર દુઃખનો અનુભવ એ કંઈ પ્રમાણભેદ નથી, *પણ સ્વરૂપભેદ છે. બન્નેનું સ્વરૂપ જ જુદું છે. એવો સ્વરૂપભેદ, કારણના સ્વરૂપભેદ વિના માત્ર* પ્રમાણભેદથી ઘટી ન શકે.) જેમ કે મેચકનામનો મણિ પંચવર્ણી છે. તેમાંથી ઉત્પન્ન થતું કાર્ય પણ પંચવર્ણી જ થાય, નહિ કે તે કાર્ય પંચવર્ણમાંથી કોઈ એકાદ વર્ણની ઉત્કટતાને પામે. આમ, જો પુણ્ય-પાપને સંમિશ્ર કારણ તરીકે માનો તો તેનાથી ઉત્પન્ન થતું સુખદુઃખ કાર્ય પણ સંમિશ્ર

**वृद्धिर्दुःखातिशयकारणांशहान्या सुखातिशयप्रभवाय कल्पयितुं न्याय्या, भेदप्रसङ्गात्, तथा च यद्वृद्धावपि यस्य वृद्धिर्न भवति तत्ततो भिन्नं प्रतीतमेव, एवं सर्वथैकरूपता पुण्यपापयोर्न घटते, कर्मसामान्यतया त्वविरुद्धाऽपि, यतः–'** ***सात( सद्वेद्य ) सम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यमन्यत्पाप*** **( तत्त्वा० अ० ८ सू० २६ ) मिति, सर्वं चैतत्कर्म, तस्माद्विविक्ते पुण्यपापे स्त इति । संसारिणश्च सत्त्वस्यैतदुभयमप्यस्ति, किञ्चित्कस्यचिदुपशान्तं किञ्चित् क्षयोपशमतामुपगतं किञ्चित्क्षीणं किञ्चिदुदीर्णम्, अत एव च सुखदुःखातिशयवैचित्र्यं जन्तूनामिति । –**

---

જ હોવું જોઈએ, માત્ર સુખ કે માત્ર દુઃખરૂપ કાર્ય થવું જોઈએ નહિ, પરંતુ થતું દેખાય છે. તેથી સુખના પ્રકર્ષ માટે અન્ય કારણ અને દુઃખના પ્રકર્ષમાં અન્ય કારણ જ માનવું પડે.

**અચલભ્રાતા :** સર્વથા એક એવા કારણના સુખાતિશયના કારણભૂત એવા અંશની વૃદ્ધિ જ દુઃખાતિશયના કારણભૂત એવા અંશની હાનિવડે સુખાતિશય ઉત્પન્ન કરવા માટે સમર્થ છે એવું માનતા કોઈ આપત્તિ રહેશે નહિ.

**ભગવાન :** આવું માનવું યોગ્ય નથી કારણ કે સર્વ પ્રકારે એક એવા પણ કારણમાં સુખાતિશયકારણાંશની વૃદ્ધિ અને દુઃખાતિશયકારણાંશની હાનિ માનો તો તે કારણ નિરંશ નહિ રહે પણ તેનો ભેદ માનવાની આપત્તિ આવે જે તમને માન્ય નથી કારણ કે એવો નિયમ છે કે **"જેની વૃદ્ધિ થવા છતાં પણ જેની વૃદ્ધિ થાય નહિ તે તેનાથી ભિન્ન કહેવાય"** પુણ્યાંશની વૃદ્ધિ થાય અને પાપાંશની ન થાય, તો બંને ભિન્ન જ સિદ્ધ થાય. એટલે મિશ્ર એક કારણ ન રહે આમ, પુણ્ય-પાપની સર્વથા એકરૂપતા ઘટતી નથી.

**અચલભ્રાતા :** તો શું પુણ્ય-પાપ વચ્ચે એકાન્તે ભેદ છે ?

**ભગવાન :** ના, પુણ્ય-પાપ વચ્ચે એકાન્તે ભેદ પણ નથી. કર્મ સામાન્ય તરીકે બંને વચ્ચે અભેદ પણ ઘટે છે, અર્થાત્ બંને વચ્ચે એકરૂપતા પણ અવિરુદ્ધ જ છે, કારણ કે આગમમાં કહેલ છે કે -

सात (सद्वेद्य) सम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यमन्यत्पापम् ॥ (તત્ત્વા. અ.૮ સૂ.૩૬) (જો કે તત્ત્વાર્થસૂત્રમાં अन्यत्पापम् શબ્દ નથી.) અર્થ : શાતાવેદનીય, સમ્યક્ત્વ, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભાયુ, શુભનામકર્મ અને શુભગોત્ર (ઉચ્ચગોત્ર) એ સર્વ કર્મો પુણ્યરૂપ છે. આ સિવાયના કર્મો પાપરૂપ છે. આમ આ પુણ્ય અને પાપ બંને કર્મરૂપ હોવાથી એકરૂપ છે (તથા કથંચિદ્ એકરૂપ હોવા છતાં બંનેના કાર્યો જુદા જુદા હોવાથી) પુણ્ય અને પાપ જુદા છે એ સિદ્ધ થયું. સંસારીજીવને આ પુણ્ય-પાપ બંને હોય છે. તેમાં કો'કને કેટલાક કર્મ ઉપશાન્ત હોય, કેટલાક ક્ષયોપશમભાવને પામેલ હોય, કેટલાક ક્ષીણ હોય તો કેટલાક ઉદયમાં હોય. તેથી સંસારીજીવોને સુખ–દુઃખના અતિશયની વિચિત્રતા હોય છે. (અર્થાત્ કોઈને સુખ વધુ, કોઈને દુઃખ વધુ.) ॥૬૩૨॥

छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।
सो समणो पव्वइओ तिहि उ सह खंडियसएहिं ॥६३३॥

व्याख्या–पूर्ववत् । नवमो गणधरः समाप्तः ॥

ते पव्वइए सोउं मेयज्जो आगच्छई जिणसगासं ।
वच्चामि णं वंदामी वंदित्ता पज्जुवासामि ॥६३४॥

व्याख्या–पूर्ववन्नवरं मेतार्यः आगच्छतीति ।

आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।
नामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६३५॥

सपातनिका व्याख्या पूर्ववदेव ।

किं मण्णे परलोगो अत्थि णत्थित्ति संसओ तुज्झं ।
वेयपयाण य अत्थं ण याणसी तेसिमो अत्थो ॥६३६॥

व्याख्या–किं परलोको–भवान्तरगतिलक्षणोऽस्ति नास्तीति मन्यसे, व्याख्यान्तरं पूर्ववत्, अयं च संशयस्तव विरुद्धवेदपदश्रुतिनिमित्तो वर्त्तते, शेषं पूर्ववत्, तानि चामूनि वेदपदानि– 'विज्ञानघने'त्यादीनि, तथा 'स वै आत्मा ज्ञानमय' इत्यादीनि च पराभिप्रेतार्थयुक्तानि यथा

---

ગાથાર્થ : જરા-મરણથી રહિત એવા જિનવડે સંશય છેદાયે છતે તે (અચલભ્રાતા) પોતાના ત્રણસો શિષ્યો સાથે શ્રમણ થયો.

ટીકાર્થ : પૂર્વની જેમ જાણવો. ॥૬૩૩॥

### ★ दशमो गणधरवादः ★

ગાથાર્થ : તેઓને પ્રવ્રજિત સાંભળીને મેતાર્ય "પ્રભુપાસે જાઉં, વાંદુ અને વાંદીને પર્યુપાસના કરું" (એવા શુભભાવોથી) પ્રભુપાસે આવે છે.

ટીકાર્થ : પૂર્વની જેમ. માત્ર અહીં મેતાર્ય આવે છે એમ જાણવું. ॥૬૩૪॥

ગાથાર્થ : જન્મ-જરા-મરણથી રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિનવડે તે નામ-ગોત્રથી બોલાવાયો.

ટીકાર્થ : વ્યાખ્યા પૂર્વની જેમ જાણી લેવી. ॥૬૩૫॥

ગાથાર્થ : તું એમ કેમ માને છે કે - "શું પરલોક છે કે નથી?" આ પ્રમાણે તારો સંશય છે. તું વેદપદોના અર્થને જાણતો નથી. તેઓનો અર્થ આ પ્રમાણે છે.

ટીકાર્થ : "શું ભવાન્તરમાં જવારૂપ પરલોક છે કે નથી ?" એ પ્રમાણે તું માને છે. અહીં (કિમ્ નો) બીજો અર્થ પૂર્વની જેમ જાણી લેવો. આ તારો સંશય વેદના વિરુદ્ધપદોને સાંભળવાથી ઉત્પન્ન થયો છે. ગાથાના પશ્ચાર્ધની વ્યાખ્યા પૂર્વની જેમ જાણવી. તે વેદપદો આ પ્રમાણે છે - 'विज्ञानघन...' વગેરે તથા 'स वै आत्मा ज्ञानमय...' વગેરે. આ પદોના પૂર્વપક્ષને અભિપ્રેત અર્થો જે રીતે પ્રથમગણધરવાદમાં કહ્યા તેમ જાણી લેવા.

**प्रथमगणधर इति, भूतसमुदायधर्मत्वाच्च चैतन्यस्य कुतो भवान्तरगतिलक्षणपरलोकसम्भव इति ते मतिः, तद्विघाते चैतन्यविनाशादिति, तथा सत्यप्यात्मनि नित्येऽनित्ये वा कुतः परलोकः ?, तस्यात्मनोऽप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावत्वात् विभुत्वात् तथा निरन्वयविनश्वरस्वभावेऽप्यात्मनि कारणक्षणस्य सर्वथाऽभावोत्तरकालमिह लोकेऽपि क्षणान्तराप्रभवः कुतः परलोक इत्यभिप्रायः, तत्र वेदपदानां चार्थं न जानासि, तेषामयमर्थः—तत्र 'विज्ञानघने'त्यादीनां पूर्ववद्व्याख्यं, न च भूतसमुदायधर्मश्चैतन्यं, क्वचित्सन्निकृष्टदेहोपलब्धावपि चैतन्यसंशयात्, न च धर्मिग्रहणे धर्माग्रहणं**

(વળી, હે મેતાર્ય ! આ પરલોકના અભાવ માટે તું આ પ્રમાણે દલીલ કરે છે કે) ચૈતન્ય એ ભૂતસમુદાયનો ધર્મ હોવાથી ભવાન્તરમાં જવારૂપ પરલોક ક્યાંથી સંભવે ? કારણ કે ભૂતસમુદાયનો વિઘાત (નાશ) થતાં ચૈતન્ય પણ નાશ પામે છે. તથા કદાચ માની પણ લઈએ કે આત્મા છે છતાં તે નિત્ય કે અનિત્ય એવો આત્મા માનવા છતાં પરલોક કેવી રીતે ઘટે ? કારણ કે જો આત્મા નિત્ય હોય તો અવિનાશી - અનુત્પન્ન - સ્થિર એકસ્વભાવવાળો થવાથી અને વિભુ (સર્વત્ર રહેલો) હોવાથી પરલોક ઘટતો નથી. (અહીં કેટલાક લોકોની માન્યતા પ્રમાણે જે નિત્ય હોય તે અવિનાશી અનુત્પન્ન.... સ્વભાવવાળો અને વિભુ હોય. તેથી જો આત્મા નિત્ય છે તો આવા સ્વભાવવાળો માનવો પડે તેથી તેમાં કશો ફેરફાર ન થાય. તથા સર્વત્ર હોવાથી એક સ્થાનેથી બીજા સ્થાને ન જાય તેથી પરલોક ઘટે નહિ.)

હવે જો આત્માને અનિત્ય (ક્ષણિક) માનો તો, નિરન્વય (જેના નાશ પછી જેનો કોઈ અંશ બચે નહિ - સર્વથા નાશ થાય તે નિરન્વય) અને વિનશ્વરસ્વભાવવાળો માનવો પડે અને આવા સ્વભાવવાળો હોવાથી કારણક્ષણનો સર્વથા અભાવ થતાં તેના પછી આ લોકમાં પણ અન્યક્ષણોની ઉત્પત્તિ નથી તો પરલોક તો ક્યાંથી હોય ?

(આશય એ છે કે બૌદ્ધો સર્વવસ્તુ ક્ષણિક માને છે. કોઈ પણ વસ્તુની પૂર્વ (કારણ) ક્ષણનો સર્વથા નાશ થઈ જાય છે, કંઈ જ બાકી રહેતું નથી. પછી ઉત્તરક્ષણ ઉત્પન્ન થાય છે, તે પૂર્વક્ષણથી સર્વથા ભિન્ન છે. એટલે એમના મતે આલોકમાં પણ દરેક ક્ષણ નવી છે, તો પરલોકમાં જનાર આત્મા તો ક્યાંથી માની શકાય ?) આ પ્રમાણે તારી દલીલો છે. તેનું કારણ એ કે તું વેદપદોના અર્થને જાણતો નથી. તે પદોના અર્થો આ પ્રમાણે છે - તેમાં 'विज्ञानघन...' વગેરે વ્યાખ્યા પૂર્વની જેમ જાણી લેવી.

## ★ ચૈતન્ય ભૂતસમુદાયનો ધર્મ નથી ★

ચૈતન્ય ભૂતસમુદાયનો ધર્મ નથી કારણ કે કો'ક સ્થાને નજીકમાં રહેલ દેહનું જ્ઞાન થવા છતાં પણ તે દેહમાં ચૈતન્યનો સંશય થતો દેખાય છે. (અર્થાત્ ભૂતસમુદાયરૂપ દેહ મૃતાવસ્થામાં પાસે હોવા છતાં તેમાં ચૈતન્ય દેખાતું નથી.) જો તમે ચૈતન્યને દેહનો (અર્થાત્ ભૂતસમુદાયરૂપ દેહનો) ધર્મ માનતા હો તો દેહરૂપ ધર્મીનો બોધ થવા છતાં તેમાં ચૈતન્યરૂપ

युज्यते, इतश्च देहादन्यच्चैतन्यं, चलनादिचेष्टानिमित्तत्वात्, इह यद्यस्य चलनादिचेष्टानिमित्तं तत्ततो भिन्नं दृष्टं, यथा मारुतः पादपादिति, ततश्च चैतन्यस्याऽऽत्मधर्मत्वात्तस्य चानादिमत्कर्मसन्ततिसमालिङ्गितत्वात् उत्पादव्ययध्रौव्ययुक्तत्वात्कर्मपरिणामापेक्षमनुष्यादिपर्यायनिवृत्त्या देवादिपर्यायान्तरावाप्तिरस्याविरुद्धेति, नित्यानित्यैकान्तपक्षोक्तदोषानुपपत्तिश्चात्रानभ्युपगमात् इति।

**छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।**
**सो समणो पव्वइसो तिहि उ सह खंडियसएहिं ॥६३७॥**

व्याख्या-पूर्ववत् । दशमो गणधरः समाप्तः ॥

**ते पव्वइए सोउं पभासो आगच्छई जिणसगासं ।**
**वच्चामि णं वंदामी वंदित्ता पज्जुवासामि ॥६३८॥**

व्याख्या–पूर्ववन्नवरं प्रभासः आगच्छतीति ।

---

ધર્મનો બોધ ન થાય એ ઘટે નહિ અર્થાત્ થવો જ જોઈએ પણ થતો નથી. તેથી ચૈતન્ય દેહનો ધર્મ નથી.

તથા દેહથી ચૈતન્ય જુદું જ છે કારણ કે ચૈતન્ય ચાલવું વગેરે ચેષ્ટાનું કારણ છે. જે (ચૈતન્ય) જેના (શરીરના) હલનચલનરૂપ ક્રિયાનું કારણ છે તે (ચૈતન્ય) તેનાથી (શરીરથી) ભિન્ન દેખાયેલું છે. જેમ કે, પવન વૃક્ષના પાંદડાઓની હલનચલનરૂપ ક્રિયાનું કારણ છે તેથી તે પવન વૃક્ષથી જુદો છે. માટે ચૈતન્ય એ શરીરનો નહિ, પણ આત્માનો ધર્મ છે. અને આત્મા એ અનાદિ કર્મોની પરંપરાથી તથા ઉત્પાદ-વિનાશ અને ધ્રુવતાથી યુક્ત છે. તેથી કર્મના પરિણામની અપેક્ષાએ આત્માના મનુષ્યાદિ પર્યાયોનો નાશ થઈને દેવાદિ પર્યાયોની પ્રાપ્તિ થાય તેમાં કોઈ દોષ નથી.

(આશય એ છે કે આત્મા કર્મયુક્ત હોવાથી મનુષ્ય વિ. જુદા જુદા પર્યાય પામે છે. વળી, ઉત્પાદાદિયુક્ત હોવાથી મનુષ્યપર્યાય નાશ પામે, દેવપર્યાય ઉત્પન્ન થાય ત્યારે પણ આત્મા તે જ રહે છે.) વળી, પૂર્વે તમે આત્માને એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય માનીને જે દોષો આપ્યા, તે અમને આવતા જ નથી કારણ કે અમે આત્માને એકાન્તે નિત્ય કે અનિત્ય માનતા નથી પણ નિત્યાનિત્ય માનીએ છીએ. ॥૬૩૬॥

**ગાથાર્થ : જરા-મરણથી રહિત જિનવડે સંશય છેદાયે છતે તે (મેતાર્ય) ત્રણસો શિષ્યો સાથે પ્રવ્રજિત થયો**

ટીકાર્થ : પૂર્વની જેમ જાણવો. ॥૬૩૭॥

## ★ एकादशो गणधरवादः ★

**ગાથાર્થ : તેઓને પ્રવ્રજિત સાંભળીને પ્રભાસ "પ્રભુપાસે જાઉં, વાંદુ અને પર્યુપાસના કરું" (એવા શુભભાવો સાથે) પ્રભુપાસે જાય છે.**

ટીકાર્થ : પૂર્વની જેમ અર્થ જાણવો, માત્ર અહીં પ્રભાસ આવે છે એમ જાણવું. ॥૬૩૮॥

**आभट्ठो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।**
**नामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥६३९॥**

सपातनिका व्याख्या पूर्ववदेव ।

**किं मण्णे निव्वाणं अत्थि णत्थित्ति संसओ तुज्झं ।**
**वेयपयाण य अत्थं ण याणसि तेसिमो अत्थो ॥६४०॥**

व्याख्या–किं निर्वाणमस्ति नास्तीति मन्यसे, व्याख्यान्तरं पूर्ववत्, अयं च संशयस्तव विरुद्धवेदपदश्रुतिसमुत्थो वर्त्तते, शेषं पूर्ववत् । तानि चामूनि वेदपदानि–'*जरामर्य्यं वा एतत्सर्वं यदग्निहोत्रं*' तथा '*द्वे ब्रह्मणी वेदितव्ये, परमपरं च, तत्र परं सत्यं ज्ञानमनन्तं ब्रह्मे*'*ति*, एतेषां चायमर्थस्तव मतौ प्रतिभासते–अग्निहोत्रक्रिया भूतवधोपकारभूतत्वात् शबलाकारा, जरामर्य्यवचनाच्च तस्याः सदाकरणमुक्तं, सा चाभ्युदयफला, कालान्तरं च नास्ति यस्मिन्नपवर्गप्रापणक्रियारम्भ इति, तस्मात्साधनाभावान्नास्ति मोक्षः, ततश्चामूनि

---

ગાથાર્થ : જન્મ-જરા-મરણથી રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિનવડે તે નામ-ગોત્રથી બોલાવાયો.

ટીકાર્થ : પૂર્વની જેમ વ્યાખ્યા જાણવી. ॥૬૩૯॥

ગાથાર્થ : **તું એમ કેમ માને છે કે - શું નિર્વાણ છે કે નથી ? આ તારો સંશય છે. તું વેદપદોના અર્થોને જાણતો નથી, તે વેદપદોનો અર્થ આ પ્રમાણે થાય છે.**

ટીકાર્થ : શું મોક્ષ છે કે નથી ? એ પ્રમાણે તું માને છે. ('કિમ્'નો) બીજો અર્થ પૂર્વની જેમ જાણવો. અને આ તારો સંશય વેદના વિરુદ્ધપદોને સાંભળવાથી ઉત્પન્ન થયો છે. શેષ (ગાથાનો પશ્ચાર્ધ) પૂર્વની જેમ જાણવો. તે વેદપદો આ પ્રમાણે છે - "जरामर्य्यं वा एतत्सर्वं यदग्निहोत्रं" તથા "द्वे ब्रह्मणी वेदितव्ये, परमपरं च, तत्र परं सत्यं ज्ञानमनन्तं ब्रह्म" આ પદોનો આ પ્રમાણે અર્થ તારી બુદ્ધિમાં બેઠેલો છે. - (અહીં પ્રથમ શ્લોકનો અર્થ એ છે કે - જે અગ્નિહોત્ર યજ્ઞ છે તે વેદમાં ઘણાં પ્રકારોવડે બતાવેલો છે તે સર્વ અગ્નિહોત્ર જરામર્ય=યાવજ્જીવ સુધી કરવા યોગ્ય છે" આ પ્રમાણેનો અર્થ વાચી મેતાર્ય વિચારે છે કે)

અગ્નિહોત્રની ક્રિયા જીવોના વધવડે યજ્ઞકરનારને ઉપકારી હોવાથી શબલ=દોષયુક્ત છે તેથી તે અભ્યુદય=સ્વર્ગનું ફલ આપનારી છે (પરંતુ મોક્ષફલવાળી નથી.) તથા જરામર્યના વચનથી = યાવજ્જીવ સુધી કહેલ હોવાથી વ્યક્તિ મરે નહિ ત્યાં સુધી આ ક્રિયા સદા માટે કરવાનું કહ્યું છે. આમ વ્યક્તિવડે સ્વર્ગફળવાળી અગ્નિહોત્રની ક્રિયા યાવજ્જીવ સુધી કર્તવ્ય હોવાથી અન્ય કોઈ કાળ જ જીવનમાં ન રહ્યો કે જે સમયે તે વ્યક્તિ મોક્ષપ્રાપક ક્રિયાનો આરંભ કરી શકે. તેથી મોક્ષ સાધી આપે એવી ક્રિયારૂપ કારણનો જ અભાવ થવાથી મોક્ષનો અભાવ જણાય છે. આમ આ વેદપદો મોક્ષાભાવના પ્રતિપાદક છે.

मोक्षाभावप्रतिपादकानि, शेषाणि तु तदस्तित्वख्यापकानीत्यतः संशयः, तथा संसाराभावो मोक्षः, संसारश्च तिर्यग्नरनारकामरभवरूपः, तद्भावानतिरिक्तश्चात्मा, ततश्च तदभावे आत्मनोऽप्यभाव एवेति कुतो मोक्षः ?। तत्र वेदानां चार्थं न जानासि, तेषामयमर्थः-'जरामर्य्यं वा' वाशब्दोऽप्यर्थे, *ततश्च यावज्जीवमपि, न तु नियोगत इति*, ततश्चापवर्गप्रापणक्रियारम्भकालास्तिताऽनिवार्य्या, न च संसाराभावे तदव्यतिरिक्तत्वात् आत्मनोऽप्यभावो युज्यते, *तस्यात्मपर्यायरूपत्वात्, न च पर्यायनिवृत्तौ पर्यायिणः सर्वथा निवृत्तिरिति, तथा च हेमकुण्डलयोरनन्यत्वं, न च* कुण्डलपर्यायनिवृत्तौ हेम्नोऽपि सर्वथा निवृत्तिः, तथाऽनुभवात्, इत्थं चैतदङ्गीकर्त्तव्यम्, अन्यथा पर्यायनिवृत्तौ पर्यायिणः सर्वथा निवृत्त्यभ्युपगमे पर्यायान्तरानुपपत्तिः प्राप्नोति, कारणाभावात्,

જ્યારે શેષ વેદપદો મોક્ષપ્રતિપાદક છે (કારણ કે તેનો અર્થ આ પ્રમાણે છે કે "બે બ્રહ્મ (તત્ત્વ) જાણવા યોગ્ય છે - પર અને અપર. તેમાં પરબ્રહ્મ સત્યરૂપ, જ્ઞાનરૂપ અને અનંત છે." અહીં પરતત્ત્વ એટલે જ મોક્ષ, આમ આ વેદપદો મોક્ષપ્રતિપાદક છે.) તેથી તને સંશય થયો છે. વળી, (તું અહીં બીજી દલીલ એમ કરે છે કે) સંસારનો અભાવ થવો તેનું નામ મોક્ષ, અને સંસાર તિર્યંચ-નર-દેવ-નારકના ભવોરૂપ છે. આત્મા આ તિર્યંચાદિ ભવોથી જુદો નથી. તેથી જો સંસારનો અભાવ થાય તો આત્માનો પણ અભાવ થઈ જાય છે તેથી મોક્ષ કેવી રીતે ઘટે ? અર્થાત્ આત્મા જ ન હોય તો મોક્ષ કોનો થાય ? આમ મોક્ષ નથી એ વાત સિદ્ધ થાય છે.

તારા આવા પ્રકારના અભિપ્રાય પાછળનું કારણ એ છે કે તું વેદપદોના અર્થને જાણતો નથી. તેઓનો અર્થ આ પ્રમાણે છે કે "जरामर्यं वा" અહીં જે "वा" શબ્દ છે તે "अपि" ના અર્થમાં છે. તેથી જે આ અગ્નિહોત્ર છે તે યાવજ્જીવ પણ કરાય પરંતુ નિયમથી યાવજ્જીવ જ કરાય એ પ્રમાણે અર્થ કરવો નહિ. આવો અર્થ કરવાથી અર્થાપત્તિથી જણાય છે કે યાવજ્જીવ ન કરે તેને તે સિવાયના કાળમાં મોક્ષપ્રાપકક્રિયાનો (મોક્ષપ્રાપક ક્રિયાના આરંભનો) કાળ પણ પ્રાપ્ત થતાં ક્રિયાદ્વારા મોક્ષ પણ પ્રાપ્ત થઈ શકે છે.

વળી, સંસારનો અભાવ થતાં તેનાથી અભિન્ન એવા આત્માનો પણ અભાવ થાય છે એ વાત યોગ્ય નથી, કારણ કે તે સંસાર આત્માનો એક પર્યાય છે અને પર્યાયનો નાશ થતાં પર્યાયી પણ સર્વથા નાશ પામે એવું નથી. (આ વાત દૃષ્ટાન્તદ્વારા સિદ્ધ કરતા જણાવે છે) જેમ કે, સોનું અને તેમાંથી બનાવેલ કુંડલ વચ્ચે અભિન્નતા છે. તેમાં સોનું એ પર્યાયી છે, અને કુંડલ એ પર્યાય છે. કુંડલરૂપ પર્યાય નાશ થતા સોનારૂપ પર્યાયીનો પણ સર્વથા નાશ થતો નથી, કારણ કે સોનું તો રહે છે, તેવો અનુભવ થાય જ છે. (તેથી સંસારરૂપ પર્યાય નાશ થતાં આત્માનો નાશ થતો નથી.)

આ વાત આજ પ્રમાણે માનવા યોગ્ય છે અન્યથા જો પર્યાયનાશમાં પર્યાયીનો પણ સર્વથા નાશ માનો તો બીજા પર્યાયો ઉત્પન્ન જ નહિ થઈ શકે કારણ કે પર્યાયીરૂપ કારણનો

तदभावस्य च सर्वदाऽविशिष्टत्वात्, तस्मात्संसारनिवृत्तावप्यात्मनो भावात् वस्तुस्वरूपो मोक्ष इति ॥

**छिण्णंमि संसयंमी जिणेण जरमरणविप्पमुक्केणं ।**
**सो समणो पव्वइओ तिहि उ सह खंडियसएहिं ॥६४१॥**

व्याख्या–पूर्ववदेव । एकादशो गणधरः समाप्तः ।

उक्ता गणधरसंशयापनयनवक्तव्यता ।

---

અભાવ છે. અને તમારો આ પર્યાયીરૂપ કારણનો અભાવ હંમેશા અવિશિષ્ટ=સમાન છે. (અર્થાત્ પર્યાયનો નાશ થતાં તમે પર્યાયી એવા આત્માનો પણ સર્વથા નાશ માન્યો છે. તેથી આત્મારૂપ પર્યાયી કારણનો અભાવ એ અભાવરૂપ હોવાથી સર્વદા=સર્વકાળે અવિશિષ્ટ = સમાન જ છે. તેમાં કોઈ ભેદ પડતો નથી. તો પછી તે જુદા જુદા પર્યાયોની ઉત્પત્તિ ન કરી શકે.

આશય એ છે કે - તમે પર્યાયનાશ થતાં પર્યાયીનો એકાન્તે નાશ માન્યો છે પરંતુ અમારી જેમ કથંચિદ્ નાશ માન્યો નથી. તેથી તમારા મતે પર્યાયીનો એકાન્તે નાશ થતાં પછીની ક્ષણોમાં અન્યપર્યાયોની ઉત્પત્તિ થશે નહિ, જ્યારે અમારા મતે કથંચિત્ પર્યાયીનો અભાવ માનેલ હોવાથી કથંચિત્ પર્યાયી વિદ્યમાન હોવાથી અન્યપર્યાયોની ઉત્પત્તિ સંગત થઈ જાય છે.) તેથી સંસારનો નાશ થવા છતાં આત્માની વિદ્યમાનતા હોવાથી મોક્ષ ઘટે જ છે અને તે મોક્ષ પણ સંસારાભાવરૂપ નહિ પણ વસ્તુરૂપ=ભાવરૂપ છે. ॥૬૪૦॥

**ગાથાર્થ : જરા-મરણરહિત જિનવડે સંશય છેદાયે છતે (પ્રભાસ) ત્રણસો શિષ્યો સાથે શ્રમણ થયો.**

**ટીકાર્થ :** પૂર્વની જેમ જાણવો. આ પ્રમાણે ગણધરોના સંશયને દૂર થવા સંબંધી વક્તવ્યતા કહેવાઈ. ॥૬૪૧॥

**॥ इति निर्युक्तिक्रमाङ्कात् १८६ तमादारभ्य ६४१ क्रमाङ्कं यावद् सनिर्युक्तिहरिभद्रीयवृत्तेर्गुर्जरानुवादस्य द्वितीयो विभागः समाप्तः ॥**

**गुर्जरानुवादमिदं कृत्वा यत्कुशलमिह मया प्राप्तं तेन ।**
**मम मोहनीयकर्मक्षयोऽचिरेण भवतु ॥१॥**

## परिशिष्ट-१

### श्रीमन्मलधारगच्छीयश्रीमद्धेमचन्द्रसूरिसूत्रितं,

# हरिभद्रीयावश्यकवृत्तिटीप्पणकम्

'**भगवतो तित्थगरस्स कन्नमूलंसि दुवे पाहाणवट्टए**' इत्यादि (७★-१), दिक्कुमारिका: पाषाणद्वयं गृहीत्वा तीर्थकरकर्ण्णमूले तत्पाटवनिमित्तं वादयन्ति, वदन्ति च, किमित्याह–'**भवतु**' इत्यादि, पर्वतायुर्भवतु भवान्, यावती हिमवदादिपर्व्वतानां स्थितिस्तावती भवतोऽपि भवत्वित्यर्थः। '**एगं सिरिदामगंडं तवणिज्जुज्जले**'त्यादि (९-४), एकं श्रीदामगण्डं-श्रीमद्विचित्ररत्नमालासमुदायं तीर्थकरस्योपरि. चन्द्रगोलके निक्षिपति-अवलम्बत इत्यर्थः कथम्भूतमित्याह–'तवणिज्जे'त्यादि, तापनीयः–सौवर्णः उज्ज्वलो लम्बूसकः–कन्दुको यत्र श्रीदामगण्डे तं तथाभूतं, अग्रभागविन्यस्तसौवर्ण्णकन्दुकं रत्नमालासमूहमुपर्यवलम्बत इत्यर्थः । तथा केषुचित्प्रदेशेषु सुवर्ण्णप्रतरमण्डितं-हेमविच्छित्तिभिर्विभूषितं, शेषं सुगममिति । '**अज्जयमञ्जरीविव**'त्ति (१०-३), अज्जको नाम वनस्पतिविशेषो यथा तस्य मञ्जरी अनेकधा स्फुटिता निर्गच्छति तथा तस्यापि शिरः स्फुटिष्यतीति भावः । '**तच्चाग्नावुत्पन्ने सञ्जात**'मिति (२०-१४), कृष्युपकारिकुश्यादीनामग्निमन्तरेणाभावादिति भावः । सणः सप्तदशो यस्य तत्सणसप्तदशं धान्यमित्युक्तं तच्चेदं–*सालि १ जव २ वीहि ३ कोद्दव ४ रालय ५ तिल ६ मुग्ग ७ मास ८ वल्ल ९ चणा १० । तुवरि ११ मसूर १२ कुलत्था १३ गोहुम १४ निष्फाव १५ अयसि १६ सणा १७ ॥१॥' प्रथमवरवरिका समाप्ता ।*

द्वितीयवरवरिकायां प्रायः सुगमत्वाद्वृत्तिकृता बह्व्यो गाथा न व्याख्याताः अतस्ताः यथा वैषम्यं व्याख्यायन्ते–तत्र छद्मस्थकालोपलक्षितं यत्तपःकर्म्मद्वारं तद्रूपो योऽवयवस्तद्व्याख्यावसरे '**वाससहस्सं**' गाहा '**तिदुएक्कग**' गाहा '**तह बारस**' गाहा (५०-४६) व्याख्या–प्रथमतीर्थकृतः छद्मस्थकालो वर्षसहस्रं १ तथा वक्ष्यमाणवर्षशब्दसम्बन्धाद् द्वादश वर्षाणि २ चतुर्दश वर्षाणि ३ अष्टादश वर्षाणि ४ विंशतिर्वर्षाणि ५ मासाः षट् ६ अग्रेऽपि मासशब्दसम्बन्धान्नव मासाः ७ त्रयो मासाः ८ चत्वारो मासाः ९ त्रयो मासाः १० द्वौ मासौ ११ एको मासः १२ द्वौ मासौ १३ । 'तिदुएक्कगसोलसगं'ति अनन्तरवक्ष्यमाणवर्षशब्दस्येह सम्बन्धात्त्रीणि वर्षाणि १४ द्वे वर्षे १५ एकं वर्षं १६ षोडश वर्षाणि १७ त्रीणि वर्षाणि १८ अहोरात्रमेकम् १९ एकादश मासाः २० नव मासाः २१ चतुःपञ्चाशद्दिनानि २२ चतुरशीतिर्दिनानि २३ तथेति समुच्चये द्वादश वर्षाणि २४, इह च महावीरस्य सातिरेकाणि द्वादश वर्षाणि छद्मस्थकालः 'बारस चेव य वासा मासा

★ પ્રથમ અંક પાના નંબર અને બીજો અંક પંક્તિ નંબર સૂચવે છે.

छच्चेव अद्धमासो अ । वीरवरस्स भगवओ एसो छउमत्थपरियाओ ॥१॥' इतीहैव वक्ष्यमाणत्वात् केवलमिहाल्पत्वेन तदविवक्षेति लक्ष्यते । तदेवमिदं जिनानां ऋषभादिमहावीरपर्यवसानानां यथाक्रमं छद्मस्थकालपरिमाणं विज्ञेयं । एवं च छद्मस्थकालमानमभिधाय तपःकर्मस्वरूपप्रतिपादनायाह– '**उग्गं चे**'त्यादि (४६-९), सर्वेषामपि तीर्थकृतां तपःकर्मोग्रम्–इतरजन्तुभिर्दुरध्यवसेयं, विशेषतो वर्द्धमानस्य सम्बन्धि तपो दुरध्यवसेयं, वक्ष्यमाणन्यायेन सोपसर्गत्वादपानकत्वाद्बहुत्वाच्च, सातिरेकद्वादशवर्षमानछद्मस्थकाले हि तस्य वर्षमप्येकादशभिर्दिनैर्न्यूनं पारणककालो वक्ष्यते, शेषं तु उपोषितस्तस्थौ, एतच्च सर्व्वमपानकं सोपसर्गं चेति शेषतीर्थकृद्भ्यो दुरध्यवसेयतममिति गाथात्रयार्थः । इदं च चिरन्तनानुयोगपटदर्शनाद्यनुसारतो मया व्याख्यातं इति न स्वमनीषिका भाव्येति। अत्र कल्याणकैः सार्द्धं क्वचिद्व्यभिचारोऽपि दृश्यते, स तु न प्रतन्यते, केवलिगम्यत्वात्तन्निर्णयस्येति। शिष्यसङ्ग्रहरुपे सङ्ग्रहद्वारे यतिमानप्रतिपादनायाह–'**चुलसीति**' गाहा, '**तिन्नि य**' गाहा, '**छावट्ठी**' गाहा '**चोद्दस**' गाथार्द्धं (प०-४९) व्याख्या–आदितीर्थकृतः चतुरशीतिः सहस्राणि यतिशिष्यसङ्ग्रहप्रमाणं १, एकं लक्षं २ लक्षद्वयं ३ त्रीणि लक्षाणि ४ विंशतिसहस्राधिकानि त्रीणि लक्षाणीति ५ त्रिंशत्सहस्राधिकानि त्रीणि लक्षाणि ६ त्रीणि लक्षाणि ७ सार्द्धलक्षद्वयं ८ लक्षद्वयं ९ एकं लक्षम् १० चतुरशीतिः सहस्राणि ११ द्विसप्ततिः सहस्राणि १२ अष्टषष्टिः सहस्राणि १३ षट्षष्टिः सहस्राणि १४ चतुःषष्टिः सहस्राणि १५ द्विषष्टिः सहस्राणि १६ षष्टिः सहस्राणि १७ पञ्चाशत्सहस्राणि १८ चत्वारिंशत्सहस्राणि १९ त्रिंशत्सहस्राणि २० विंशतिः सहस्राणि २१ अष्टादश सहस्राणि २२ षोडश सहस्राणि २३ चतुर्दश सहस्राणि २४ । एवं चतुर्विंशतितीर्थकृतां सर्व्वसङ्ख्यायामागतं यतीनामष्टविंशतिर्लक्षाणि अष्टचत्वारिंशत्सहस्राणि, आह च–''अट्ठावीसं लक्खा अडयालीसं च तह सहस्साइं। *सव्वेसिंपि जिणाणं जईण माणं विणिद्दिट्ठं ॥१॥*'' तदेतज्जिना-नामृषभादिवर्द्धमानान्तानां यथाक्रमं यतिशिष्यसङ्ग्रहप्रमाणं विज्ञेयमिति सार्द्धगाथात्रयार्थः । साम्प्रतं आर्यासङ्ग्रहप्रतिपिपादयिषया गाथादलेन प्रस्तावनामाह–आर्यासङ्ग्रहमानमृषभादीनामितोऽनन्तरं वक्ष्ये, तदेवाह–'**तिन्नेव य**' गाहा '**लक्खं**' गाहा '**सट्ठी**' गाहा (४९-१२) व्याख्या–प्रथमतीर्थकृतस्त्रीणि लक्षाण्यार्यासङ्ग्रहोऽभूदिति १ त्रिंशत्सङ्ग्रहस्राधिकानि त्रीणि लक्षाणि २ षट्त्रिंशत्सहस्राधिकानि त्रीणि लक्षाणि ३ त्रिंशत्सहस्राधिकानि षट् लक्षाणि ४ 'पंच य तीस'त्ति त्रिंशत्सहस्राधिकानि पञ्च लक्षाणि ५ विंशतिसहस्राधिकानि चत्वारि लक्षाणि ६ त्रिंशत्सहस्राधिकानि चत्वारि लक्षाणि ७ अशीतिसहस्राधिकानि त्रीणि लक्षाणि ८ 'तिण्हमित्तो य'त्ति त्रयाणां तीर्थकृतां नवमदशमैकादशलक्षणानामित ऊर्ध्वं यथाक्रमं वक्ष्ये इति गम्यते, तदेवाह–'वीसुत्तरं छलहियं तिसहस्सहियं लक्खं चे'ति, अनन्तरलक्षशब्दस्येहापि सम्बन्धाद्विंशतिसहस्राधिकं लक्षणं षड्भिरार्यिकाभिरधिकं लक्षं १० त्रिभिः सहस्रैरधिकं लक्षं ११ लक्खं चेति लक्षमेकम् १२ अष्टभिः शतैरधिकं लक्षं १३ द्विषष्टिः सहस्राणि १४ 'चउसयसमग्गं'ति अनन्तरातिक्रान्तानि द्विषष्टिसहस्राण्यत्रापि सम्बन्ध्यन्ते, ततश्चतुर्भिः शतैः समग्राणि द्विषष्टिः सहस्राणि

१५ षट्शताधिकान्येकषष्टिः सहस्राणि १६ षट्शताधिकानि षष्टिः सहस्राणि १७ 'सट्ठि'त्ति षष्टिः सहस्राणि १८ 'पणपन्न'त्ति पञ्चपञ्चाशत्सहस्राणि १९ 'पन्न'त्ति पञ्चाशत्सहस्राणि २० 'एगचत्त'त्ति एकचत्वारिंशत्सहस्राणि २१ 'चत्त'त्ति चत्वारिंशत्सहस्राणि २२ अष्टत्रिंशत्सहस्राणि २३ षट्त्रिंशत्सहस्राणि २४ । एष उक्तस्वरूपश्चतुर्विंशतेरपि तीर्थकृतां यथाक्रममार्यिकाणां सङ्ग्रहो विज्ञेयः । अत्र च सर्व्वतीर्थकरसाध्वीसङ्ख्यायामागतं चतुश्चत्वारिंशल्लक्षाणि षट्चत्वारिंशत्सहस्राणि चत्वारि शतानि षट् चार्यिकाः, तथा चाह– *"चोयालीसं लक्खा छायालसहस्स चउसयसमग्गा । छच्चेव अज्जिआणं संगहो होइ एसोत्ति ॥१॥"* इति गाथाचतुष्टयार्थः । एषा च साधुसाध्वीनां स्वहस्तदीक्षितानां सङ्ख्या द्रष्टव्या, न गणधरादिदीक्षितानामिति गुरवः, श्रावक-श्राविकापूर्वधरादिसङ्ख्या न प्रथमानुयोगतो ज्ञेया, अनुयोगपटेष्वपि दृश्यते, परं मया न लिखिता, तेषामपि परस्परं विसंवादित्वादिति । '**कल्पात्तत्र कृतसमवसरणापेक्षये**'ति (५०-१२), कल्पोऽवश्यं तीर्थकृतां प्रथमसमवसरणं भवत्येव, अतो जन्तूनामनवबोधं पश्यताऽपि कल्पाद्–अवश्यंकर्त्तव्याद्भगवता तत्र समवसरणमकारि, तदपेक्षया मध्यमासत्कं द्वितीयमिति भावः । गणसङ्ख्याप्रतिपादनावसरे 'चुलसी'त्यादिगाथात्रयमेताश्च तिस्रोऽपि गाथा निगदसिद्धा अप्यङ्कतो विभज्यन्ते – *चुलसीति १ पंचणउती २ बिउत्तरं ३ सोलसुत्तर, षोडशोत्तरं शतमिति गम्यते ४ सयं च ५ । सत्तहिअं ६ पणणउती ७ तिणउती ८ अट्ठसीती य ९ ॥१॥ एक्कासीइ १० छावत्तरी अ (बावत्तरी वृ०) ११ छावट्ठि १२ सत्तवन्ना य १३ । पन्ना १४ तेयालीसा १५ छत्तीसा चेव १६ पणतीसा १७ ॥२॥ तित्तीस १८ अट्ठवीसा १९ अट्ठारस २० तहय चेव (चेव तहय वृ०) सत्तरस २१ । एक्कारस २२ दस २३ नवगं २४ गणाण माणं जिणिंदाणं ॥३॥*

गणानां-एकवाचनाचारक्रियास्थयतिसमुदायानां मानमुक्तरूपं वृषभादिजिनेन्द्राणां यथाक्रमं विज्ञेयमिति, न कुलसमुदाय इति, 'तत्थ कुलं विन्नेयं एगायरियस्स संतती जा य । दोण्ह मिहो णेगाण व साविक्खाणं गणो भणिओ ॥१॥' इति वचनाद्योऽयमन्यत्र कुलसमुदायरूपो गणोऽभिहितः स इह न गृह्यते, किन्तूक्तस्वरूप एवेति भावः । तत्र श्रीमन्महावीरगणधरद्वयस्य यथाप्रवृत्त्यैव कथञ्चित्सूत्रविरचने एकैव वाचना, सामाचार्य्यप्येकैवाभूदिति गणधरद्वयेनापि गण एक एवाभूद्, एवमपरस्यापि गणधरद्वयस्यैवमेव वाच्यम्, एवं च भगवतो महावीरस्यैकादशभिरपि गणधरैर्गणा नवैवाभूवन्निति, शेषतीर्थकृतां तु यावन्तो गणधरा गणा अपि तावन्त एवेति, एतदेवाह –'**एक्कारस उ गणहरा**' गाहा ( ५१-१२), उक्तार्थैवेति । '**धर्म्मोपायस्य देशका**' (५१-१५ ), इत्येतस्मिन् द्वारे धर्म्मः–क्षान्त्यादिको दशप्रकारः, स चेह शैलेश्यावस्थाप्राप्तस्य सम्बन्धी प्रकर्षप्राप्तो गृह्यते, तस्य चोपायो–येनासौ प्राप्यते स वक्तव्यः, तस्य चोपायस्य देशका वक्तव्याः, एतदुभयमप्याह– '**धम्मोवातो पवयण**' गाहा (५२-१), व्याख्या–धर्म्मस्योपायः, क इत्याह–'प्रवचनं' द्वादशाङ्गीस्वरूपं चरमाङ्गान्तर्वर्त्तीनि वा पूर्व्वाणि उक्तस्वरूपधर्म्मस्य प्राप्त्युपायः, एतदुक्तानुष्ठानादेव तदवाप्तेरिति ।

धर्म्मोपायमुपदर्श्य तस्य देशकानाह–देशकास्तस्य–धर्म्मोपायस्य, के इत्याह–सर्व्वे जिनानामृषभादीनां गणधराः–ऋषभसेनेन्द्रभूत्यादयो, ये च यस्य तीर्थकृतश्चतुर्दशपूर्वविदो यावन्तस्ते धर्मोपायस्य देशका नान्ये, तेषामेव यथोक्तधर्म्मस्वरूपवेत्तृत्वादिति गाथार्थः । प्रकारान्तरेण धर्म्मोपायमुपदर्शयन्नाह– **'सामाइयाइया वा'** गाहा (५२-३), व्याख्या–सामायिकमादिर्यासां ताः सामायिकादयः, सामायिकपूर्व्विका इत्यर्थः, व्रतानि–प्राणातिपातविरमणादीनि जीवनिकायाः–पृथिव्यादयः भावनाः– 'इरिआसमिए सयाजए' इत्यादि-ग्रन्थप्रतिपादिताः पञ्चव्रतसम्बन्धिन्यः पञ्चविंशतिः अनित्यत्वादिविषया वा द्वादश, एषां द्वन्द्वे व्रतजीवनिकायभावनाः, सामायिकाङ्गीकारपूर्व्विकाः सत्यो व्रतजीवनिकायभावना इत्येष धर्म्मोपायो जिनैः सर्वैर्निर्दिष्ट इति सण्टङ्कः । कदा निर्दिष्ट इत्याह–'प्रथम'मिति आद्यसमवसरणप्रवर्त्तनावसर एवेत्यर्थः । यदिवा प्रथममोघतस्तावदाद्यदीक्षाप्रतिपत्तिसमये एष धर्म्मोपायः, उत्तरकालं तु जिनकल्पपरिहारविशुद्धिकभिक्षुप्रतिमाऽभिग्रहादिभेदभिन्नोऽनेकविधो द्रष्टव्य इति भावः, ननु सामायिकादीनां धर्म्मोपायत्वमस्तु, जीवनिकायानां तु कथं ?, केषाञ्चित् क्लिष्टसत्त्वानां वधपरिणतिहेतुत्वेन प्रत्युताधर्म्मोपायत्वात्तेषामिति, हन्त यद्येवं सामायिकादीन्यपि केषाञ्चित् क्षुद्रसत्त्वानामसदध्यवसायजनकत्वेन किं नाधर्म्मोपायतया प्रेर्यन्ते ?, अथ विवेकिनां महासत्त्वानां शुभाध्यवसायहेतुत्वेन धर्म्मोपायभूतान्येवामूनि, यद्येवमुक्तविशेषणविशिष्टानां दयापरिणतिजनकत्वेन जीवनिकायेष्वपि समानमिदं पश्याम इत्यलं प्रसङ्गेनेति गाथार्थः ॥ साम्प्रतं पर्यायद्वारं प्रकृतं, तत्र कस्य तीर्थकरस्य कियान् दीक्षाकाल इति प्रतिपादयन्नाह–**'उसभस्स पुव्वलक्खं'** गाहा **'पणवीसं'** गाहा **'चउप्पन्नं'** गाहा **'तेवीसं च'** गाहा **'अद्धट्ठमा'** (५०-५२), व्याख्या–इह पूर्व्वाङ्गं चतुरशीतिवर्षलक्षप्रमाणं पूर्व्वाङ्गेणैव गुण्यते तत एकं पूर्वं भवति, तच्चिदं–७०५६००००००००००, तदुक्तं–*''पुव्वस्स य परिमाणं सयरिं खलु होंति कोडिलक्खाओ । छप्पन्नं च सहस्सा बोद्धव्वा वासकोडीणं ॥१॥''* तत्राद्यतीर्थकृत ऋषभस्वामिन उक्तस्वरूपाणां पूर्व्वाणामेकं लक्षं दीक्षाकालो विज्ञेयः १, तदेव पूर्व्वलक्षं पूर्व्वाङ्गेन–चतुरशीतिवर्षलक्षप्रमाणेन न्यूनमजितस्य द्वितीयतीर्थकृतो दीक्षाकालः २ इत ऊर्ध्वं चतुर्भिः पूर्वाङ्गैः पुनः २ न्यूनं पूर्व्वलक्षं तावन्नेयं यावत्सुविधिर्नवमस्तीर्थकरः, तद्यथा–चतुर्भिः पूर्व्वाङ्गैर्न्यूनं पूर्वलक्षं ३ अष्टभिः पूर्वाङ्गैर्न्यूनं पूर्वलक्षं ४ द्वादशभिः पूर्वाङ्गै र्न्यूनं पूर्वलक्षं ५ षोडशभिः पूर्वाङ्गैर्न्यूनं पूर्व्वलक्षं ६ विंशतिभिः पूर्व्वाङ्गैर्न्यूनं पूर्वलक्षं ७ चतुर्विंशतिभिः पूर्व्वाङ्गैर्न्यूनं पूर्व्वलक्षं ८ अष्टाविंशतिभिः पूर्व्वाङ्गैर्न्यूनं पूर्व्वलक्षं ९ एवं सुविधिं यावदतिदेशेनाभिधाय शीतलप्रभृतीनां प्रत्येकमभिधित्सुराह–शीतलस्य पुनः पञ्चविंशतिः पूर्व्वसहस्राणि पर्यायः १० श्रेयांसस्यैकविंशतिर्वर्षलक्षाणि ११ चतुःपञ्चाशद्वर्षलक्षाणि १२ पञ्चदशवर्षलक्षाणि १३ ततः सार्द्धसप्तवर्षलक्षाणि १४ ततः सार्द्धवर्षलक्षद्वयं १५ पञ्चविंशतिर्वर्षसहस्राणि १६ त्रयोविंशतिर्वर्षसहस्राणि सार्द्धसप्तशताधिकानि भवन्ति १७ एकविंशतिर्वर्षसहस्राणि १८ वर्षशतन्यूनानि पञ्चपञ्चाशत् वर्षसहस्राणि १९ सार्द्धसप्त वर्षसहस्राणि २० सार्द्धं वर्षसहस्रद्वयं २१ सप्तवर्षशतानि २२ सप्ततिर्वर्षाणि २३

द्विचत्वारिंशद्वर्षाणि २४ । एष दीक्षाकालो जिनेन्द्राणामृषभादीनां यथाक्रमं विज्ञेय इति गाथापञ्चकार्थः॥ एवं दीक्षापर्यायं प्रतिपाद्य साम्प्रतं पर्यायसाम्यादेव कुमारवासादिपर्यायं दर्शयन्नाह—'**उसभस्स कुमारत्त**'मित्यादि (५३-६), गाथास्त्रयोविंशतिरेताः पाठसिद्धा एव, नवरमाद्यासु नवसु गाथासु ऋषभादीनां सुविधिपर्यन्तानां नवानां तीर्थकृतां कुमारत्वपर्यायो राज्यपर्यायश्चेत्येतदेव द्वयं द्वयं उक्तं न दीक्षापर्यायस्तस्यानन्तरमेवोक्तत्वात् पुनरपि च 'उसभस्स पुव्वलक्ख'मित्यादिना वक्ष्माणत्वाच्चेति । वासुपूज्यमल्ल्यरिष्ठनेमिपार्श्ववर्द्धमान-लक्षणानां तु तीर्थकृतां कुमारत्वपर्यायो व्रतपर्यायश्चेत्येतदेव द्वयं चतसृभिः गाथाभिरुक्तं, न राज्यपर्यायः, अनङ्गीकृतराज्यत्वेन प्रतिपादितत्त्वात्तेषां तदसंभवादिति, शान्तिकुन्थ्वरलक्षणस्य तु तीर्थकरत्रयस्य तिसृभिर्गाथाभिः कुमारमाण्डलिकचक्रवर्त्तिदीक्षापर्यायलक्षणं चतुष्टयं २ उक्तं, चक्रवर्त्तित्वात्तेषां, **तत्र माण्डलिकोऽनवाप्तचक्ररत्नादिचक्रवर्त्तिलक्ष्मीकः सामान्यो राजा उच्यते,** शेषाणां तु सप्तानां तीर्थकृतां सप्तभिर्गाथाभिः कुमारराज्यदीक्षापर्यायलक्षणं त्रयं २ प्रतिपादितं, अङ्गीकृत-राज्यत्वात्तेषामचक्रवर्त्तित्वाच्चेति । अपरं चेह—'अड्ढाइज्जा लक्खा कुमारवासो ससिप्पहे होई । अद्धं छच्चिय रज्जे'त्ति क्वचिदेवं पाठः, क्वचित्तु 'अद्धट्ठावि अ लक्खा कुमारवासो ससिप्पहे होई । अद्धच्छट्ठायरज्जे'त्येवं, क्वचित्तु 'अड्ढाइज्जा लक्खा कुमारवासो ससिप्पहे होई। अद्धच्छट्ठ य रज्जे'त्येवं दृश्यते ३, इति पाठत्रयं, तत्र चरमपाठोऽशुद्ध एव, सर्व्वायुष्केण सह विसंवादित्वात्, तथाहि—'चउरासीतिबिसत्तरी'त्यादि-गाथायामनन्तरमेवास्य दश पूर्व्वलक्षाण्यायुः प्रतिपादयिष्यते, अस्मिँस्तु पाठे दीक्षापर्यायसत्के चतुर्विंशतिभिः पूर्व्वाङ्गैर्न्यूने पूर्व्वलक्षे क्षिप्तेऽपि नवैव पूर्वलक्षाण्यागच्छन्तीति, अन्यत्र तु पाठद्वये दीक्षापर्यायसङ्ख्याक्षेपे दशपूर्व्वलक्षाण्यागच्छन्त्येव, केवलमाद्यपाठ एव सङ्गतिमानिति वृद्धवादः, तत्त्वं तु केवलिनो विदन्तीति । एवमन्यत्रापि यत्र *विसंवादबुद्धिरुत्पद्यते तत्र कुमारवासादिपर्यायसङ्ख्यां मीलयित्वा सर्वायुष्केण सह संवादो मृग्य* इति त्रयोविंशतिगाथातात्पर्यार्थः ॥ ननु ऋषभादीनां सुविधिपर्यन्तानां नवानां तीर्थकृतां किमिति कुमारराज्यपर्यायलक्षणं द्वयमेवोक्तं, न तु दीक्षापर्याय इति ?, पूर्व्वोक्तत्वात्पुनर्भणने पौनरुक्त्यप्रसङ्गादिति चेत्तर्हि शीतलप्रभृतीनामपि पूर्व्वमसावुक्त एव किमिति पुनरप्युक्त इत्याशङ्क्याद्यानां नवानां तीर्थकृतां दीक्षापर्याय-प्रतिपादनायाह—'**उसभस्स पुव्वलक्खं**' गाहा (५०-५२), प्राक्प्रत्येकं दीक्षाप्रतिपादनावसरे व्याख्यातैवेयमिति । नन्वनया गाथया नवानामभिहितो दीक्षापर्यायः, शेषाणां तु कथमित्याह—'**सेसाणं परिया**' गाहा (५६-८), व्याख्या—शेषाणां शीतलप्रभृतीनां दीक्षापर्यायः कुमारवासादिपर्यायेण सहैवोक्त इति नेहोच्यत इति भावः । नन्विदमेव प्रथमं भवद्भिर्दीक्षापर्याय उच्यते उत प्रागप्युक्तोऽसावित्याह—'पत्तेअंपि य पुव्वं'ति, प्रत्येकं कुमारवासादि-पर्यायैर्वियुतोऽपिशब्दस्य व्यवहितसम्बन्धत्वात्पूर्व्वमपि भणितोऽसाविति शेषः । यद्येवं—स्थानद्वयेऽस्य भणनं किमर्थमित्याह—तथाविधस्मृतिपाटववियुक्तशिष्यजनानुग्रहार्थमिति गाथार्थः ॥ ननूक्तस्तीर्थकृतां कुमारवासादिपर्यायः केवलिपर्यायस्तु नाद्याप्युक्तः स कथमवसेय इत्याह— '**छउमत्थकाल**' गाहा (५६-१०), व्याख्या—

भावप्रधानत्वान्निर्देशस्य छद्मस्थत्वस्य छद्मस्थत्वे वा कालश्छद्मस्थकालः छद्मस्थानां वा कालः छद्मस्थकालस्तं, किमित्याह–'**एत्तो सोहेउं**'ति एतस्मात्स्थानद्वयोक्तदीक्षाकालाच्छोधयित्वा शेषकस्तूद्धरितो जिनकालो विज्ञेय इति गम्यते, यद्यपि चेह क्षीणोपशान्तमोहच्छद्मस्थोऽपि जिन उच्यते तथाऽप्यत्र जिनशब्देन केवली विवक्षितो, जिनत्वस्य जिनानां वा कालो जिनकालः, केवलिकाल इत्यर्थः, इदमुक्तं भवति–'**वाससहस्सं बारसे**'त्यादिना यश्छद्मस्थकाल उक्तः स दीक्षाकालाद् '**उसभस्स पुव्वलक्ख**'मित्यादिना अभिहिताच्छोध्यते, ततः शेषः केवलिकालो भवति, तद्यथा–ऋषभदेवस्य वर्षसहस्रलक्षणः छद्मस्थकालो यदा पूर्व्वलक्षस्वरूपाद् दीक्षाकालादुद्ध्रिते तदा वर्षसहस्रन्यूनं पूर्व्वलक्षं केवलिकालो भवति, एवमन्यत्रापि भावनीयमिति । तदेवं सर्व्वतीर्थकृतां समस्तानपि कुमारवासादिपर्यायान् भेदतोऽभिधाय साम्प्रतं सर्व्वेषां सामान्येन सर्व्वायुष्कप्रतिपिपादयिषया उपक्रमते–'**सव्वाउय**'मित्यादि, सर्वायुष्कमपि ऋषभादीनामत ऊर्ध्वं मम कथयतो निशामयत यूयमिति गाथार्थः । यथाप्रतिज्ञातमेवाह–'**चउरासीइ**' गाहा (५६-१२), व्याख्या–इह गाथापर्यन्ते पूर्व्वाणामित्युक्तं गाथाप्रथमार्द्धपर्यन्ते च लक्षाणीत्युक्तं, ततश्चेत्थं सम्बन्धो द्रष्टव्यः–**पूर्वाणां** लक्षाणि चतुरशीतिः प्रथमतीर्थकरस्य सर्व्वायुष्कमिति १ द्विसप्ततिः पूर्व्वलक्षाणि २ षष्टिः पूर्व्वलक्षाणि ३ पञ्चाशत्पूर्व्व लक्षाणि ४ चत्वारिंशत्पूर्वलक्षाणि ५ त्रिंशत्पूर्वलक्षाणि ६ विंशतिः पूर्वलक्षाणि ७ दश पूर्वलक्षाणि ८ द्वे पूर्वलक्षे ९ एकं पूर्वलक्षं १० । '**चउरासीइ**' गाहा (५६-१४), व्याख्या–इहापि गाथापर्यन्ते शतसहस्राणीत्युक्तं, प्रथमार्द्धपर्यन्ते तु वर्षाणामिति, ततश्चतुरशीतिर्वर्षाणां शतसहस्राणि लक्षाणीतियावत् एकादशस्य सर्व्वायुष्कमिति दृश्यं ११ द्विसप्ततिर्वर्षलक्षाणि १२ षष्टिर्वर्षलक्षाणि १३ त्रिंशद्वर्षलक्षाणि १४ दश वर्षलक्षाणि १५ एकं वर्षलक्षं १६ '**पंचाणउइ**' गाहा (५७-१), पञ्चनवतिः सहस्राणि वर्षाणामितीहापि सम्बध्यते १७ चतुरशीतिर्वर्षसहस्राणीति गम्यते १८ पञ्चपञ्चाशद्वर्षसहस्राणि १९ त्रिंशद्वर्षसहस्राणि २० दश वर्षसहस्राणि २१ एकं वर्षसहस्रं २२ शतं वर्षाणां २३ द्विसप्ततिर्वर्षाणि २४ इति गाथात्रयार्थः। सर्व्वायुष्कं प्रतिपाद्य क्रमप्राप्तमन्तक्रियाद्वारमाह–'**निव्वाण**'गाहा (५७-६), व्याख्या–अन्तक्रिया किमुच्यते इत्याह–निर्व्वाणं मोक्षगमनमितियावत्, सा चान्तक्रिया चतुर्द्दशभक्तेन षड्भिरुपवासैरित्यर्थः, प्रथमनाथस्य–ऋषभदेवस्याभूत्, शेषाणां त्वजितादीनां मासोपवासेन, किं सर्व्वेषामित्याह–वीरजिनेन्द्रस्य षष्ठेन, द्वाभ्यामुपवासाभ्यामिति गाथार्थः । केषु पुनः स्थानेषु तेषामन्तक्रियाऽभूदित्याह–'**अट्ठावय**' गाहा (५७-८), अष्टापदादिषु स्थानेषु ऋषभादयः सिद्धिं गता इति यथासङ्ख्यं सम्बन्धः, तद्यथा–अष्टापदपर्व्वते ऋषभः सिद्धिमुपाययौ, चम्पायां वासुपूज्यः, उज्जयन्ते नगे नेमिः, अपापानगर्यां महावीरः, शेषास्तु उक्तव्यतिरिक्ता विंशतिः सम्मेतशैलशिखरे सिद्धिं गता इति गाथार्थः । तत्र च कः कियत्परिवारः सिद्ध इत्याह–'**एक्को**' गाहा '**पंचहिं**' गाहा '**सत्त**' गाहा '**दसहिं**' गाहा (५०-५७), एताश्चतस्रोऽपि पाठसिद्धा एव, नवरं 'अट्ठसएणं धम्मो'त्ति अष्टोत्तरशतेन साधूनां परिवृत्तो धर्म्मः सिद्ध इत्यर्थः, 'पउमाभे तिन्नि अट्ठसय'त्ति

पद्मप्रभतीर्थकृद्विषये त्रीण्यष्टोत्तरशतानि साधूनां निर्वृतानीत्यवगन्तव्यं, त्रिगुणाष्टोत्तरशतमित्यर्थः. त्रीणि शतानि चतुर्विंशत्यधिकानीतियावत्, ननूक्तं तीर्थकृतामन्तक्रियावसरे भक्तपरित्यागस्थानपरिवारस्वरूपम्, एतत्तु नोक्तं कस्तीर्थकरः कस्यां वेलायां सिद्धिवधूसङ्गमुपलेभे, को वा किमवस्थः सिद्ध इत्यादि, तदेतदाशङ्क्याह—अन्तक्रियासम्बन्धकालादिस्वरूपं यन्मयेह नोक्तं तत्प्रथमानुयोगाद्द्वादशाङ्गान्तर्गताच्छास्त्रविशेषाद्विज्ञेयमिति गाथाचतुष्टयगूढपदार्थः ॥ साम्प्रतं सर्व्वतीर्थकरवक्तव्यताया बहुत्वमालोक्य तद्भणने च प्रकृतग्रन्थगौरवं निश्चित्य ग्रन्थान्तरेऽतिदेशं दित्सुरुपसंहरन्नाह—'**इच्चेवमाई सव्वं**' गाहा (५८-५) व्याख्या—'इतिः' उपप्रदर्शने, एवंशब्दः प्रकारार्थे, ततश्च 'संबोहणपरिच्चाए' इत्यादिग्रन्थसंदर्भेण यन्मया तीर्थकृतां सम्बोधनपरित्यागादिकमुक्तमित्येवंप्रकारमादौ कृत्वाऽपरमपि पूर्व्वभववक्तव्यतादिकं सविस्तरं सर्व्वं जिनानां सम्बन्धि प्रथमानुयोगाद्—उक्तस्वरूपाद्विज्ञेयमिति । ननु यद्येवं सर्व्वमपि प्रथमानुयोगादेव ज्ञास्यते त्वया किञ्चिदपि किमित्युक्तमित्याशङ्क्याह—स्थानाशून्यार्थं पुनर्भणितं किञ्चिदिति गम्यत इति न दोषः । इतः किमित्याह—'**पगयं अओ वुच्छं**'ति (५८-६), प्रकृतं—प्रस्तुतं वस्तु अतोऽनन्तरं वक्ष्येऽभिधास्य इति गाथार्थः । ननु प्रकृतं वक्ष्ये इत्युक्तं, किञ्च तदिह पकृतमिति नाद्यापि सम्यग्विश्चिनुम इत्याह—'**उसभजिण**' गाहा (५८-७), व्याख्या—कथमसौ सम्यक्त्वमवाप कदा वा तीर्थकरनामकर्मबन्धः कुतो वाऽऽगत्य इहोत्पन्नः कदा वा दीक्षां जग्राह इत्यादिलक्षणं ऋषभजिनसंमुत्थानमत्र प्रकृतं तद्वक्ष्ये इति पूर्व्वगाथावयवेन संटङ्कः, ननु कथमत्र ऋषभजिनसमुत्थानं प्रकृतमित्याह—'**उट्ठाणं जं तओ मरीइस्स**'त्ति (५८-७), यद्-यस्मात्कारणात् ऋषभजिनादुत्थानम्—उत्पत्तिर्मरीचेः, इदमुक्तं भवति—मरीचेरिहोत्पत्तिरानेतव्या, न चासौ ऋषभदेवसमुत्थानेऽवर्णितेऽभिहितापि सम्यगवधार्यत इति ऋषभजिनसमुत्थानमिह प्रकृतं, ननु स्यादेवं यदि मरीचेरप्युत्पत्त्या किञ्चिदिह प्रयोजनं स्यात् तच्च नास्ति, असम्बद्धत्वात्तस्या इत्याह—'**सामाइयस्स एसो**' इत्यादि (५८-८), 'यद्' यस्मात्कारणादेष सर्वोऽपि पूर्वं षड्विधनिर्गमस्वरूपप्रतिपादनादारभ्य सामायिकस्य कुतः पुरुषद्रव्यादिदं निर्गतं सोऽपि च पुरुषः कथं मिथ्यात्वादिभ्यो निर्गत इत्येवंरूपो निर्गमोऽधिकृतः, तेन मरीच्युत्पत्तिः प्रयोजनवती, यदि नाम सामायिकस्य निर्गमोऽधिकृतस्तर्हि मरीच्युत्पत्तेः किमायातं ?, सत्यम्, एतदुक्तं भवति—सामायिकाध्ययनं ह्येतत्, ततस्तस्य द्रव्यनिर्गमे विचार्ये कुतो द्रव्यादिदं निर्गतमिति जिज्ञासिते महावीरद्रव्यादिति वक्तव्यं, महावीरोऽपि कथं मिथ्यात्वादिभ्यो निर्गत इति बुभुत्सिते महावीरोत्पत्तिर्वक्तव्या, न चासौ मरीच्युत्थानकथनमन्तरेणाविकला कथिता स्यादिति मरीच्युत्थानं वक्तव्यं, तदपि न ऋषभसमुत्थानकथनमन्तरेण सम्यक्कथयितुं शक्यमिति ऋषभजिनसमुत्थानस्य प्रकृतता, तच्च किञ्चिदुक्तं किञ्चित्तु '**चित्तबहुलट्ठमीए**' (५८-१०) इत्यादिनाऽनन्तरमेव वक्ष्यत इति गाथार्थः ॥ '**चतुर्मुष्टिकं च लोचं कृत्वे**'ति (५९-२), पञ्चमुष्टियोग्यान् किल केशान् भगवतः कनकावदाते शरीरेऽञ्जनरेखा इव राजमानानुपलभ्य शक्रेण प्रणिपत्य विज्ञप्तं—भगवन् ! मय्यनुग्रहं विधाय ध्रियन्तामित्थमेवामी, भगवताऽपि तदुपरोधात्तथैव

कृतमिति, अत एवेदानीमपि स्कन्धोपरि वल्लरिकाः क्रियन्त इति भावः। '**सेज्जंसो से सयंपभादेवी पुव्वभवनिन्नामिय**–'त्ति (६७-८), स श्रेयांसजीवो ललिताङ्गदेवस्य स्वयंप्रभादेवी आसीत्, साऽपि पूर्व्वभवे किमासीदित्याह–'निर्नामिके'ति, अथ केयं निर्नामिकेति ?, तदुत्पत्तिः संक्षेपादुच्यते– धातकीखण्डद्वीपे पूर्व्वविदेहे मङ्गलावतीविजये नन्दिग्रामे अतीव दारिद्र्यविद्रुतनाइला-भिधानगृहपतेर्नागश्रीनाम्न्यास्तद्भार्यायाः षण्णां दुहितृणामुपरि सप्तमी पुत्रिका समभूद् दुहित्रुद्विजितैश्च मातापितृभिर्न तस्या नाम चक्रे, ततो लोके निर्नामिकेति ख्यातिं गता, अन्यदा च कस्मिंश्चिदुत्सवे समृद्धजनडिम्भरूपाणि नानाविधखाद्यपेयादिवस्तुव्यग्रहस्तान्युद्यानादिषु गच्छन्ति दृष्ट्वा निर्नामिकाऽपि मोदकादिवस्तूनि मातरं याचितवती, मात्राऽप्यतीवानिष्टत्वादुक्ताऽसौ, गच्छाम्बरतिलकं पर्व्वतं ततः पातं कृत्वा म्रियस्व वा फलानि वा भक्षय, इतस्तावदपसर, ततोऽसावतीव दुःखिता रुदती गृहान्निर्गत्याम्बरतिलकं पर्वतं ययौ, तत्र च पूर्व्वसमवसृतयुगन्धराचार्यसमीपे धर्म्ममाकर्ण्य प्रतिपद्य श्रावकधर्म्मं गत्वा नन्दिग्रामं कृत्वा विविधं तपःकर्म दौर्भाग्यादिदोषात् केनचिदपरिणीतैव परिणतवयाः स्वीकृत्यानशनं अग्रेतनच्युतदेवीकेन ललिताङ्गदेवेन प्रार्थिता विधाय निदानं संप्राप्येशानकल्पं तस्यैव भार्य्या स्वयंप्रभा नाम देवी समभूदिति पूर्वभवनिर्नामिकेयमिति। '**धम्मचक्कं चिंधं कारित**'मित्यादि (७१-५), अत्र भगवदवस्थानस्य चिह्नमिदं भवत्वितिकृत्वा सर्व्वरत्नमयपञ्च-योजनोच्छ्रितदण्डस्योपरि रत्नमयं योजनायामविष्कम्भं वृत्ताकारं धर्म्मचक्राख्यं चक्रं कारितवान्, चूर्णौ तु चक्रस्यैतदेव मानं दण्डश्च योजनोच्छ्राय एवोक्त इति। '**उज्जाणत्थाणं पुरिमताल**'मिति (७१-७), अत्यासन्नत्वाद्विनीताया उद्यानस्थानीयं पुरिमतालं नगरं संप्राप्त इति। '**सिंधुदेवीं ओयवेइ**'त्ति (७८-४), सिन्धुनद्या अधिष्ठात्रीं देवतां '**ओयवेइ**'त्ति पूर्वोक्तक्रमेण साधयतीत्यर्थः, केवलमिह नद्या मध्ये न प्रविशति नापि शरं मुञ्चति, किन्तु अष्टमभक्तान्ते स्वत एव चलितासना असौ रत्नमयभद्रासनद्वयादि प्राभृतं गृहीत्वोपतिष्ठति, ततः सिन्धुदेवीवदेव वैताढ्याधिष्ठातारं देवं, ततोऽपि तिमिश्रागुहावासिनं देवं साधयति, ततश्चक्रवर्त्ती तत्रैव तिष्ठति यावत्सुषेणाभिधः सेनापतिश्चर्मरत्नेन सिन्धुनदीमवतीर्य तत्परकूलवर्त्ति खण्डं साधयित्वा समागच्छति, ततश्चक्रवर्त्त्यादेशात् सेनापतिर्विशिष्टपूजापुरस्सरं दण्डरत्नेन तिमिश्रागुहाकपाटोद्घाटनं करोति, यस्तु द्वादश योजनानि तुरगारूढः सेनापतिः शीघ्रमपसरतीत्यादिप्रवादः सोऽनागमिक इव लक्ष्यते, क्वचिदप्यनु-पलभ्यमानत्वादिति, ततश्चक्रवर्ती करिस्कन्धारूढस्तस्यैव करिणो दक्षिणकुम्भ-विन्यस्तमणिरत्नेनोद्योतं कुर्वंस्तिमिश्रगुहां प्रविशति, तत्रात्मनः तावन्मणिरत्नोद्योतेनैव मार्ग्गादिप्रकटनं भवति, शेषजननिमित्तं तु काकिणीरत्नेन उक्तप्रमाणानि वृत्तहिरण्यरेखारूपाणि मण्डलानि करोति, तत्र तिमिश्रगुहा आयामेन पञ्चाशद्योजनानि, वैताढ्यस्य मूले तावद्विस्तरत्वात्, विष्कम्भेन तु द्वादश योजनानि, तत्र प्रविशंश्चक्रवर्ती गोमूत्रिकान्यायेन एकस्यां भित्तौ पञ्चविंशतिः परस्यां तु चतुर्विंशतिरित्येकोनपञ्चाशन्मण्डलानि करोति, एतानि च किलैकाङ्गेन द्वादश योजनानि प्रकाशयन्ति

अन्येन तु योजनमेवेत्यतो योजनान्तरितानि करोति, कथं चामूनि करोतीति स्थापनातोऽवसेयं, सा चेयं—

| | | | | |
|---|---|---|---|---|
| १ | २ | ३ | ४ | ५ |

एवं च षट्कोष्ठकपरिकल्पितषड्योजने क्षेत्रे एकस्मिनपक्षे त्रीणि अन्यत्र तु द्वे मिलितान्यपि पञ्च मण्डलानि भवन्ति, एवमनेन गोमूत्रिकामण्डलकरविरचनक्रमेण पञ्चाशद्योजनायामायामपि गुहायामेकोनपञ्चाशन्मण्डलानि बुद्ध्यन्त इति वृद्धाः, तत्त्वं पुनः केवलिनो विदन्ति, विशिष्टम्नायाभावादिति। तस्याश्च गुहाया मध्ये विस्तरतः क्षेत्रसमासोक्तस्वरूपं सान्वर्थनामकं नदीद्वयमस्ति, तत्रैकस्यां शिलादिकमपि प्रक्षिप्तमुन्मज्जत्येव, कल्लोलैराधूयरतीरे क्षिप्यत इत्यर्थः, तेनासौ उन्मग्नेत्यभिधीयते, अपरस्यां तु तृणादिकमप्यध एव निमज्जति, तेनेयं निमग्नेत्युच्यते, तयोश्च नद्योश्चक्रवर्त्यादेशाद् वर्द्धकिः प्रत्येकमनेकस्तम्भशतयुक्तं भित्तिरहितदटितदीर्घपट्टशालाकारं सर्वरत्नमयं सङ्क्रमं करोति, तेन चाऽऽचक्रवर्तिराज्यपरिसमाप्तेः सर्व्वोऽपि लोक उत्तरति, गुहा च तावन्तं कालमपावृतैवास्ते, मण्डलान्यपि तथैव तिष्ठन्ति, उपरते तु चक्रिणि सर्वमुपरमत इति, एवं च तिमिश्रागुहातो निर्गच्छति चक्री, द्वितीयपक्षसत्ककपाटे च स्वत एवोद्घटेते, न पुनः सेनापतिरुद्घाटयति, अत्रान्तरे चिलातैः समं संग्रामे सति नागकुमारविशेषा मेघमुखा नाम देवा अष्टमभक्ताराधनया तैराराधिता वृष्टिं चक्रुः, चक्रिणा च चर्म्मच्छत्ररत्नसम्पुटमध्ये प्रक्षिप्य सैन्यं वृष्ट्युपद्रवाद्रक्षितं, सम्पुटान्तर्व्वर्त्त्यन्धकारापनोदार्थं च मणिरत्नं स्थापयति, क्वेत्याह—**'छत्तरयणस्स बत्थिभाए'** (पडिच्छभाए वृ०) त्ति ( ७९-४ ), छत्रबस्तिभागो नाम छत्रमध्यभागवर्ती दण्डप्रक्षेपस्थानरूपस्तत्रेत्यर्थः, वृष्ट्युपरमे च ततः सम्पुटाच्चक्रिसैन्यं निर्गच्छदुपलभ्य लोकेनोक्तं—ब्रह्मणा सृष्टमिदमण्डकं ततः इयं जगतः प्रसूतिरित्येवं सर्वत्र प्रवादोऽभूत्, ततोऽपि च ब्रह्माण्डपुराणं नाम शास्त्रमभूदिति । ततश्चुल्लहिमवन्तं देवं प्रसाध्य ऋषभकूटे हिमवदधोभागवर्तिनि स्वनाम लिखति, कथमिति चेदुच्यते—उस्सप्पिणी इमीसे तइयाएँ समाएँ पच्छिमे भाए । अहयंसि चक्कवट्टी भरहो इति नामधिज्जेणं ॥१॥ अहयंसि पढमराया अहयं भरहाहिवो नरवरिंदो । नत्थि महं पडिसत्तू जियं मए भारहं वासं ॥२॥ अनेन गाथाद्वयेन स्वनाम लिखितं । खण्डप्रपातगुहाप्रवेशादिकं तिमिश्रगुहावद्वक्तव्यं नानात्वं त्वभ्यूह्यमिति, शेषं सुगमं, यावद् **'गङ्गाकूले नव निहितो उवागच्छंति'**त्ति (८०-४), निधिरत्नाराधनार्थमष्टमभक्तं तत्र करोति, ततो नव निधयः सिध्यन्ति, ते चामी—*नेसप्पे १ पंडुयए २ पिंगलए ३ सव्वरयण ४ महपउमे ५ । काले य ६ महाकाले ७ माणवग ८ महानिही संखे ९ ॥१॥* एषां च स्वरूपमिदं—*चक्कट्ठपइट्ठाणा अट्ठुस्सेहा य नव य विक्खंभे । बारस दीहा मंजूससंठिया जण्हवीइ मुहे ॥१॥* व्याख्या—प्रत्येकमष्टसु चक्रेषु प्रतिष्ठिता अष्टौ योजनान्युच्चैस्त्वेन विस्तरेण तु नव योजनानि दैर्घ्येण द्वादश योजनानि मञ्जूषासंस्थिता जान्हवी—गङ्गा तस्या मुखे-तत्समीपे

भवन्तीति गाथार्थः ॥ किमयास्ते निधयो भवन्तीत्युच्यते– *वेरुलियमणिकवाडा कणगमया विविहरयणपडिपुण्णा। पलिओवमट्ठितीणं देवाणं ते उ आवासा ॥१॥* एतेषु च निधिषु नीतिपुस्तकाभरण-वस्त्ररत्न-हिरण्यप्रहरणातोद्यादयः पदार्थाः समुत्पद्यन्ते, ते च सविस्तराः स्थानाङ्गादिभ्योऽवसेया इति। अस्य च भरतचक्रिण एकेन्द्रियस्वरूपाणि चत्वारि रत्नानि चक्रच्छत्रदण्डखड्गरत्नलक्षणान्यायुधशालायामुत्पन्नानि, चर्मरत्नमणिरत्नकाकिणीरत्नानि तु श्रीगृहे, सेनापतिगृहपतिवर्द्धकिपुरोहितरत्नानि तु पञ्चेन्द्रियस्वरूपाणि चत्वारि विनीतायां नगर्यां, गजतुरगरत्ने तु वैताढ्यमूले, स्त्रीरत्नं तु विद्याधरेभ्य उत्पन्नमिति । '**पंडुल्लकियमुही**' (८०-८), पाण्डुविच्छायमुखीत्यर्थः । इति चक्रिविजयवक्तव्यता। अङ्गारदाहक-दृष्टान्तः–किल कश्चिदङ्गारविक्रयी तदर्थमरण्यं ययौ, तृडार्त्तो गृहे कृच्छ्रेणागतो मूर्च्छितः पतितः स्वप्नं पश्यति–यथा जलं पिबता मया सर्वेऽपि समुद्रसरित्तडागकूपादिजलाशयाः तिर्यग्लोकवर्त्तिनो निष्ठां नीतास्तथापि पिपासा न शाम्यति, अतोऽपरजलाशयान्वेषणप्रवृत्तेन तुच्छजलो जीर्णकूप एको दृष्टः, तत्र च रज्जुबद्धः कुशपूलकः क्षिप्तः स च जलं मुञ्चन् कतिपयजलबिन्दुयुक्तस्तीरदेशमागतः, तज्जलं स पातुमारब्धः, तत्किं यस्य समुद्रादिजलैः पिपासोच्छित्तिर्नाभूत् तस्य तैः कतिपयबिन्दुभिरसौ भविष्यति ?, एवं युष्माभिरपीत्यादि उपनयः सुगम एव । **वैतालीयाध्ययनं** (८२-४) सूत्रकृताङ्गद्वितीयाध्ययनमिति । '**श्रावकाणां न सन्ति व्रतानी**'ति (९६-१), निरुपचरितानि परिपूर्णानि व्रतानि किल महाव्रतान्येवोच्यन्तेऽतस्तदभावाच्छ्रावकाणां व्रतानि न सन्तीत्युच्यते, यानि तु सन्ति तान्याह–'**किन्त्वि**'त्यादि । '**अनार्यास्तु पश्चात्सुलसायाज्ञवल्क्यादिभिः कृता**' इति (९९-२), इह भावार्थः कथानकगम्यः, तच्च संक्षेपादिदं–इह सुलसासुभद्रानामकं परिव्राजिकाद्वयमासीत्, सुलसा अतीवानेकशास्त्रकोविदा, अत्रान्तरे याज्ञवल्क्यनाम्ना परिव्राजकेन यो मां वादे विजयते तस्याहं शिष्य इत्युद्घोषणापूर्वकं पटहो दापितः, सुलसया च जितोऽसौ, तच्छिष्यत्वं चानेन प्रपन्नम्, अतिपरिचये च तयोरकार्यप्रवृत्तिरभूद्, गर्भश्च सुलसायाः समभवद्, विज्ञाते च सुभद्रया निष्ठुरमुपालब्धाऽसौ, प्रच्छन्ने च धृता, अन्यस्मिंश्च वासरे रात्रौ पुत्रं प्रसूता, अविज्ञाता च सुभद्रया पिप्पलवृक्षस्याधस्तात्पुत्रं परित्यज्य परिव्राजकेन सह रजन्यामेव निर्ज्जगाम, प्रातश्च पदानुसारेणान्वेषयन्त्या सुभद्रया डिम्भो दृष्टः, अयं च बुभुक्षितो विस्रसातः पिप्पलफलं मुखे पतितमास्वादितवानिति पिप्पलाद इति नाम तस्य कृतं, वृद्धिं नीतः, पाठितश्चासौ सुभद्रया, वाग्मी चातीव जातः, श्रुतमातृपितृसम्बन्धश्च मातरि पितरि च प्रद्वेषमापन्नोऽनार्यान् वेदाँश्चकार, तेषु चेदं प्ररूपितवान्-यदुत राजभिरशिवादिशान्तिनिमित्तं स्वर्गावाप्तये च पशुतुरगगजमानुषादिभिर्यागः करणीय इति, तस्य च 'अलिएहि य वसुराया' इत्यादिकथानकप्रसिद्धः पर्वतको नाम मित्रमभूत्, तेन चोक्तं–अजैर्यष्टव्यमिति वेदेऽपि प्रतिपादितमेवेति शोभनं त्वया प्ररूपितमिति । अपरं च मधुनामा राजपुत्रः कुत्रचित् स्वयंवरमण्डपमिलितसमस्तराजवर्गेणापमानितस्तेषु च प्रद्वेषमापन्नो मृत्वा व्यन्तरेषूत्पन्नः, स चाचिन्तयद्-भव्यमिदं परिव्राजकसुतेन परिकल्पितं,

यद्येतद्राजानोऽनुतिष्ठन्ति तदा सर्वेऽपि अमी नरकं यान्तीति मम वैरसिद्धिर्भवतीति विचिन्त्य च तमुवाच--प्ररूपय त्वमिदं लोके साहाय्यमहं करिष्यामीत्यभिधाय सर्वत्र रोगानुत्पादितवान्, परिव्राजकेन च राजानोऽभिहिताः--यदि पश्चादिभिर्यज्ञं कुरुत तदा सर्वमिदमुपशाम्यति, तेऽपि च पश्चादयो यज्ञे निहता दिवं यास्यन्ति, नात्र कश्चिद्दोष इति, राजानोऽपि च तथैवानुष्ठितवन्तः, त्रिदिवगमनप्रतीतिनिमित्तं यज्ञनिहतपश्चादीन्विमाने समारोप्य नभसा गच्छतो मधुदेवो जनस्य दर्शयति रोगाँश्च सर्व्वानुपशमयतीति लोकस्यात्रार्थे स्थिरता बभूव, ततश्च पिप्पलादेनेत्थं प्ररूपयता गच्छता कालेन राज्ञः सकाशादानीय मोक्षमेतौ गमिष्यत इति व्याजेन मातापितरौ यज्ञे हुतौ, तदर्थत्वादेव सर्व्वारम्भस्येति, तत्कालादारभ्यानार्यवेदप्रवृत्तिरिति संक्षेपो, व्यासार्थिना तु हरिवंशोऽन्वेषणीय इति ॥ आसग्गीवे १ तारए २ मेरए ३ महुकेटवे ४ निसुंभे अ ५ । बलि ६ पह्लाए ७ तह रामणे य ८ नवमे जरासिंधू ९ ॥ अत्र चतुर्थः वासुदेवो मधुरेव, कैटभस्तु तद्भ्राता, कैटभेनोपलक्षितो मधुर्मधुकैटभ इति द्रष्टव्यमिति । मरुदेवि १ विजय २ सेणा ३ सिद्धत्था ४ मङ्गला ५ सुसीमा य ६। पुहई ७ लक्खण ८सा(रा)मा ९ नंदा १० विण्हू ११ जया १२ (रासामा) १३ ॥१॥ सुजसा १४ सुव्वया १५ अइरा १६ सिरि १७ देवी य १८ पभावई १९ । पउमावई य २० वप्पा २१ सिवा २२ वम्मा २३ तिसलाइय २४ ॥२॥ **इति तीर्थकरमातरः** नाभी १ जियसत्तू आ २, जियारी ३ संवरे इअ ४ । मेहे ५ धरे ६ पइट्ठे अ ७, महासेणे य ८ खत्तिए ॥१॥ सुग्गीवे ९ दढरहे १० विण्हू ११, वसुपुज्जे अ खत्तिए १२ । कयवम्मा १३ सीहसेणे अ १४, भाणू १५ विस्ससेणे इअ १६ ॥२॥ सूरे १७ सुदंसणे १८ कुंभे १९ सुमित्तु २० विजए २१ समुद्दविजए अ २२। राया य आससेणे २३ सिद्धत्थेविअ खत्तिए २४ ॥३॥ **इति तीर्थकृत्पितरः** । सुमंगला १ जसवती २ भद्दा ३ सहदेवी ४ अइर ५ सिरि ६ देवी ७ । तारा ८ जाला ९ मेरा य १० वप्प ११ तहय चुलणी अ १२ ॥१॥ **इति चक्रवर्त्तिमातरः** । उसभे १ सुमित्तविजये २ समुद्दविजए य ३ अस्ससेणे अ ४ । तह वीससेण ५ सोरिअ ६ सुदंसणे ७ कित्तिविरिए य ८ ॥१॥ पउमुत्तरे ९ महाहरि १० विजये राया ११ तहेव बंभे अ १२ । अवसर्प्पिण्यामस्यां पितृनामानि चक्रवर्त्तिनामिति। वासुदेवबलदेवा भिन्नमातृका एव भ्रातरो भवन्तीति वासुदेवमातृनामान्याह—**'मियावती'** गाहा (११०-१२) पाठसिद्धैव। बलदेवमातृराह—**'भद्द'** गाहा, सुगमा । पितरस्त्वमीषामभिन्ना एवेत्याह—**'हवइ पयावइ'** गाहा (११०-१६) सुबोधा। **'प्रकृतेर्महानि'** (१३२-३) त्यार्या व्याख्या—अव्यक्तं प्रकृतिरित्यनर्थान्तरं, तस्मादव्यक्तात्प्रकृतिलक्षणाद्व्यक्तं—महदादिकमुत्पद्यते, महानिति बुद्धेः संज्ञा, प्रकृतेर्बुद्धिरुत्पद्यत इत्यर्थः, ततोऽहमिति प्रत्ययः, ततोऽपि षोडशको गणः, स्पर्शनादीनि प्रसिद्धान्येव पञ्च इन्द्रियाणि, अपराण्यपि वाक्पाणिपादपायूपस्थमनोलक्षणानि षट्कर्मेन्द्रियाणि, तथा रूपतन्मात्रं रसतन्मात्रं गन्धतन्मात्रं स्पर्शतन्मात्रं शब्दतन्मात्रमित्येवं पञ्च तन्मात्राणि, एवमेष षोडशको गणः,

१. प्रत्यन्तरे नैता गाथाः किन्तु इति गाथायां इत्यादिगाथाभिः इत्याद्युक्तं ।

तस्मादपि च षोडशकगणमध्यात् पञ्चभ्यस्तन्मात्रेभ्यः सकाशात्पञ्च भूतान्युत्पद्यन्ते, तद्यथा– रूपतन्मात्रात्तेजो रसतन्मात्रादापो गन्धतन्मात्रात्पृथ्वी स्पर्शतन्मात्राद्वायुः शब्दतन्मात्रान्नभः, इत्येवं चतुर्विंशतिस्तत्त्वानि, पञ्चविंशतितमो जीव इति पञ्चविंशतिसंख्यानि तत्त्वानीत्यार्यार्थः ॥ '**राया गमेति**'त्ति (१३५-४) राजा देवीमनुनयतीत्यर्थः, '**किं मे रज्जेणे**'त्यादि, किं मम राज्येन किं वा त्वया इत्यर्थः । द्वितीयवरवरिका समाप्ता ॥

साम्प्रतमुपसर्गेषु विषमपदानि विव्रियन्ते–'**पाणीसु भोत्तव्वं**'ति (१७८-४), आह-ननु तीर्थकृतां सर्वदैव पाणिभोजित्वात्किमनेनाभिग्रहेण साध्यते ?, सत्यं, किंतु यथा सवस्त्रधर्म्मख्यापनार्थं शक्रन्यस्तं वस्त्रं प्रतीच्छति तथैव सपात्रधर्म्मख्यापनार्थं प्रथमपारणकं पात्र एव करोति तत ऊर्ध्वं पाणिभोजीति केचित् मन्यन्त इत्यावश्यकचूर्णिः । '**कुंटलविंटलेहिं**' (१८७-३), मन्त्रवादिनिमित्तादिभिर्ज्जीवतीत्यर्थः, '**बहुसंमोइय**'त्ति (१८७-३), बहुभिर्ज्जनैर्मिलितैः संमोदते– संहृष्यतीति बहुसंमोदितः, व्यन्तरत्वात्क्रीडाप्रियत्वात् नैकाकिनस्तस्य रतिरितिभावः । इत्यासन्नं कञ्चन पुरुषं गच्छन्तं शब्दयित्वा भणतीत्यादि सुगमं । '**महिसिंदुरुक्खस्स**'त्ति (१९०-९), खर्ज्जूरीवृक्षस्येत्यर्थः, । '**केई वरं सिस्साण वत्थपत्त**'मित्यादि (१९३-२), यदि किल शोभने स्निग्धप्रदेशे पतितं भवति तदा शिष्याणां वस्त्रादिलाभं सूचयति, विपर्यये तु विपर्यय इति । '**सो कुहाडो से उड्डोड्डिओ**'त्ति (१९५-६ अभिमुहो वृ०), पततस्तस्य कुठार '**उड्डोड्डिउ**'त्ति उर्ध्वमुखीभूतः शिरस्याश्लिष्ट इति भावः । '**कूइगादि**'त्ति (१९९-८), कूचिका नाम दध्न उपरि द्रवस्वरूपो माथुशब्दतया ख्यातो वस्तुविशेषः, स च किल जीरकादिभिः संस्कृतोऽतीव स्वादुर्भवतीति । '**वाउलाणि**'त्ति (२००-२), बहुप्रयोजनतया व्याकुलानीत्यर्थः, भण्डीरमणो यक्षः, भण्डी तु गन्त्रीति । '**महुसित्थचिक्खल्ल**' इति (२०२-१४), चिक्खल्लो हि समयपरिभाषया त्रिधा भवति–मधुसित्थुकः पिण्डकः चिक्खल्ल एव च, तत्र मण्डनार्थं चरणेषु यावति स्थाने योषितोऽलक्तकं ददति तावन्तं देशं यत्र चरणावनुलिप्येते स मधुसिक्थुकः, अर्द्धशुष्कः पिण्डिकाबन्धयोग्यः पिण्डकः, यत्र त्वतिबहुचरणा निमज्जन्ति स चिक्खल्ल एवाभिधीयते, तदुक्तम्–'तिविहो उ होइ उल्लो, महुसित्थो पिंडओ य चिक्खल्लो । लत्त पहलित्तिउंडुय खुप्पिज्जइ जत्थ चिक्खल्लो ॥१॥' इह तु मधुसित्थुकेनाधिकारः, तत्र निमग्नपदगतलक्षणान्युपलभ्य पुष्पः चिन्तयतीत्यादि सुगमं । '**एएहिं लक्खणेहिं जुत्तं ण एएण समणेण होउ**'त्ति (२०३-३), इत्थमिह सम्बन्धः–एतैर्लक्षणैर्विद्यमानैर्नानेन श्रमणेन भवितुं युक्तम्, अथ चासौ श्रमणो दृश्यते राज्योचितोऽपीतिभावः । '**मंखो**'त्ति (२०४-१), केदारपट्टिकः '**भंडीसुणएणे**'त्यादि (२०५-१०), यथा कन्दुकश्वाऽभिलषन्नपि मण्डकादिकं न किञ्चिल्लभते, तथा तेनापि न किञ्चिल्लब्धमितिभावः । '**धीयाराणं दातु**'मित्यादि, (२०६-५), निजकोपकरणं धिग्जातीयेभ्यो–ब्राह्मणेभ्यो दत्त्वा, '**सउत्तरोट्ठं मुण्ड**'न्ति (२०६-५) मुण्डं मुण्डनमुच्यते, ततश्च समुखं शिरश्च मुण्डयित्वा गतः स्वाम्यन्वेषणायेति भावार्थः । '**जेण जं कभल्लं** (करुल्लं वृ०)

**आसाइय**'मित्यादि-(२०७-२), तेषां मध्ये येन गोपेन यत्कर्परं प्राप्तं स तत्रैव जेमित इति । '**तवेण सुत्तेणे**'त्यादि (२११-१) श्लोकव्याख्या–जिनकल्पं प्रतिपित्सुश्चतुर्थादिषण्मासान्ततपोऽभ्यासेनात्मानं भावयति, यद्येतावत्तपः कुर्वाणः प्रथममेव न बाध्यते तदा जिनकल्पं प्रतिपद्यते, नान्यथेति भावः, सूत्रं च नवपूर्वादिलक्षणं जिनकल्पोचितं तथाऽभ्यस्यति यथा पश्चानुपूर्व्यादिक्रमेणापि परावर्त्तयितुं शक्नोति, सत्त्वं-परीषहाद्यक्षोभ्यत्वं चैतसिकोऽवष्टम्भः, तच्च 'पढमा उवस्सयंमी'त्याद्य-नन्तरवक्ष्यमाणगाथोक्तस्थानेषु कायोत्सर्गप्रदानतः प्रथममेव परीक्षणीयमिति सत्त्वभावना, एकत्वभावना त्वेकाक्येव पर्यटन् यदि विश्रोतसिकादिभिर्न बाध्यते तदा जिनकल्पं प्रतिपद्यते, नान्यथेति, बलभावना तु एकाङ्गुष्ठाद्यवष्टम्भेन चिरस्थायित्वादिरूपः शरीरावष्टम्भस्तत्परीक्षणरूपा, एषा पञ्चधा तुलना जिनकल्पं प्रतिपित्सोः प्रथममेव भवतीति श्लोकार्थः। '**अज्ज अम्ह अंतरं**'ति (२११-७), अद्यास्माकमुपवासो वर्त्तत इत्यर्थः । '**चारियत्ति काऊण ओड( उड्डुं )वालगे**'त्यादि (२१३-९), चारिका हेरिका एत इतिकृत्वाऽधःशिरसोऽवटे-कूपे प्रक्षिप्यन्त इति तात्पर्यार्थः, तत्र गोशालकः प्रथममेव क्षिप्तो, भगवाँस्तु नाद्यापीत्यत्रान्तरे मोचिता इति । '**से सोणिय रुंचिऊणं** (सुसोधितं रंधिऊण वृ०)'ति (२१६-६), यस्तव गर्भो मृतः समुत्पद्यते स शोणित एव 'रुंचिऊणं'ति श्लक्ष्णं चूर्णयित्वा पायसमध्ये प्रक्षिप्य सुतपस्विने देय इति भावार्थः, क्वचित्तु '**सुशोधितं**'ति पाठस्तत्र सुसंस्कृतमिति व्याचक्षते, '**आहाडीयो**' (२१७-२), गतागतानि करोति, द्वारं गृहस्य परावर्त्तितमिति नोपलक्ष्यते। '**खुंखुणका**' (२१८-४) नाम घुर्घुरुकास्ते धावतां पततां भज्यन्ते। '**निउडुक्कडियाए**'त्ति (२१९-९), अवनत उन्नतश्च भूत्वा निरीक्षते प्रस्तावोऽत्र याञ्चाया न वेति । '**अत्थारियादिट्ठंतं हियए करेइ**'त्ति (२२१-२), अत्थारिका नाम ह्लासिकास्तेषां दृष्टान्तः, स चायं-इह यथा कस्मिन् ग्रामे कश्चित्कृषीवलो व्रीह्याद्यन्यतरधान्यं लवनकालोचितं प्रभूतं दृष्ट्वा चिन्तयति-यद्येतदहमात्मनैव लविष्यामि तदा प्रभूतेनापि कालेन निष्ठां न यास्यति, ततः सर्व्वमपि ग्रामवासिनं लोकमभ्यर्थ्य प्रभूतदिनलव्यमपि धान्यं बहुभिर्ह्लासिकैः समन्वितोऽल्पेनैव कालेन लुनाति, तथा भगवानपि चिन्तयति-तत्र गतेन मया प्रभूतकालवेद्यमप्यशुभं कर्म्म तन्निवास्यनार्यजनसाहाय्यात्स्वल्पेनापि कालेन वेदनीयमित्येवंरूपमत्थारिया दृष्टान्तं चेतसि निधाय प्रविष्टोऽनार्येष्विति । '**बहिफोडो**'त्ति (२२२-५) बहुभक्षकः, ततो महद्भाजनं कूरस्य भृत्वा तैर्दत्तं '**न नित्थरति**'त्ति (२२२-६) न शक्नोति भोक्तुमतिबहुत्वात्, तत उद्धरितभक्तं कृषीवलैः कोपात्तस्यैव मस्तके क्षिप्तं, ततश्च केलीकिलत्वात् '**उक्किलंतो**'त्ति (२२२-६) वल्गन् गच्छति । '**छिन्नड्डाण**'मिति (२२४-६), यत्रातिभीषण-त्वात्पथिकादयो न संचरन्ति तच्छिन्नस्थानमिति । '**छम्मासपडिलग्गतो**'त्ति (२२५-६), षण्मासं यावद्रोगी भूत्वा आरोग्यः सन्नुपकरणानि गृहीत्वा तत्रागत इति । '**मुहे तस्स सागारियं दाउं**'ति (२२८-६), सागारिकं नाम मेहनं लिङ्गमितियावत्। '**जाणुकोप्परमाय**'त्ति (२३०-२), जानुनी च कूर्प्परे च जानूकूर्प्परं तस्यैव यदि परं माता, अपरस्यापत्यस्याभावादिति, सामयिकी चेयं

निरपत्यायाः संज्ञेति । '**उल्लपडसाडउ**'त्ति (२३०-८), लौकिकी रूढिरियं काचिद् यदुत व्यन्तराद्याराधनं सार्द्रवस्त्रैर्विधेयं इत्थमेव तत्परितुष्टिसिद्धेरिति सार्द्रवस्त्रोऽसाविति । '**जहा बंभचेरेसु**' इत्यादि (२३३-४), आचाराङ्गप्रथमश्रुतस्कन्धस्य नवाप्यध्ययनानि सामान्यतो ब्रह्मचर्याध्ययनानीत्युच्यन्ते, तेषु मध्ये उपधानश्रुताख्येऽध्ययने यथा महावीरस्योपसर्गा वर्ण्यन्ते तथाऽत्र द्रष्टव्या इति भावः, सूत्रोक्तमेव श्लोकावयवमाह–'**छुच्छुक्करंती**'त्यादि (२३३-४), तेऽनार्या आत्मीयान् शुनः छूत्कृत्वा भगवन्तमुद्दिश्य मुञ्चन्ति, इदं चाहुः-कुक्कुराः श्वानः श्रमणमेनं दशन्त्वित्यादि। '**सो अलेहडो आसि**'त्ति (२३३-५), स वर्षाकालश्चतुर्विधाहाररहित आसीदिति भावः, अपरं च मासद्वयं तत्रैव निरशनो विहृत इति षाण्मासिकं च क्षपणमिहाभूदिति । '**पुप्फा य पच्चायाय**'त्ति (२३४-६), ते च सप्तापि तिलपुष्पजीवा मृत्वा तस्यैव तिलस्य शिङ्गायां सप्त बीजान्युत्पन्ना इति भावः । '**नामनिग्गय**'त्ति (२३५-७), प्रसिद्धेत्यर्थः । '**सीयलिया तेयलेसा निसरति, सा जंबुद्दीवं बाहिरओ वेढेति**' (२३७-८), भगवान् शीतलेश्यां निसृजति, सा च शीतलेश्या वैश्यायनसत्कतेजोलेश्यां परतः प्रक्षिप्यात्मना सर्व्वं जम्बूद्वीपं बहिस्ताद्वेष्टयति, एतदुक्तं भवति-भगवतः सम्बन्धिनी शीतलेश्याऽन्तःस्थिता जम्बूद्वीपं वेष्टयति, तेजोलेश्या तु तत्परिक्षिप्ता बहिःस्थिता तं वेष्टयतीति, एतदेवाह–'भगवतो सीयलीया तेजोलेसा अब्भितरओ वेढेइ, इयरावि तं परियंचइ'त्ति, पाठान्तराण्यप्येतदनुसारतो ज्ञेयानीति। '**पारणए सणहाए कुम्मासे**'त्यादि (२३८-५), अङ्गुलीचतुष्टयनखाक्रान्तहस्ते यका मुष्टिर्बध्यते सा सनखा कुलमाषपिण्डिकेत्युच्यते '**एगेणं वियडासंएणं**'इत्यादि (२३८-५), एकेनोष्णोदकचुलुकेनेत्यर्थः । '**संखित्तविउलतेअलेस्से**'त्ति (२३८-६), कार्यमन्तरेणामोचनात्संक्षिप्ता-अन्तर्व्यवस्थापिता सत्तायां कृता विपुला तेजोलेश्या येन स तथा । '**कूवतडे दासीए**'इत्यादि (२३९-४), कूपतटे गतः कयाचिद्दास्याऽनिष्टं किञ्चिदुक्तस्तस्यै कुपितः तेजोलेश्यां मुक्त्वा तां दग्धवान् अतो निश्चितं मम तेजोलेश्या समुत्पन्नेति, पार्श्वनाथशिष्याश्च तस्य षट् दिक्चरा मिलिताः, तैश्चाष्टाङ्गनिमित्तं गोशालस्योद्दिष्टमतस्तेन निमित्तालोकमात्रेणाजिनोऽपिअकेवल्यपि केवली अहमित्येवं प्रलपन्विचरतीति भावार्थः । '**दूएक्काइ**'त्ति (२४०-३), बेक्किकायां शरीरचिन्तायामितियावत्, '**नावाकडएणं**'ति (२४०-३), नावारूढ इत्यर्थः । '**पढमियाए चउरो**'त्ति (२४२-१), भद्राख्यायां प्रथमप्रतिमायां चत्वारश्चतुष्कका: यामानां भवन्तीत्यर्थः, एतदेव भावयति–''पुव्वाए दिसाए चत्तारि जामा'' इत्यादि पूर्वस्यां दिशि चत्वारो यामा इत्येवं चतसृष्वपि दिक्षु चत्वारश्चतुष्कका यामानां भवन्तीति । '**बीयाए अट्ठ**'त्ति (२४२-२), महाभद्राख्यायां द्वितीयप्रतिमायां अष्टचतुष्कका यामानां भवन्तीति, एतदेव स्पष्टयति–'**पुव्वाए बिचतुरो**'त्ति (२४२-२) पूर्व्वस्यां दिशि द्वौ चतुष्ककौ यामानां भवतः, एतावन्तं कालं पूर्व्वाभिमुखः कायोत्सर्गेण तिष्ठतीत्यर्थः, एवं शेषदिक्ष्वपि वाच्यमिति, उपसंहारमाह–'**एते अट्ठ**'त्ति (२४२-३), एते पूर्व्वप्रतिज्ञाता श्चतसृष्वपि दिक्षु अष्टौ चतुष्कका यामानां भवन्तीति, चतुर्दिनमानत्वादस्या इति भावः । '**तइयाए वीसं**'ति (२४२-३),

सर्व्वतोभद्राख्यायां तृतीयप्रतिमायां विंशतिश्चतुष्ककका यामानां भवन्तीति, एतदेव दर्शयति–**'पुव्वाए दिसाए बेचउक्का'** इत्यादि (२४२-३), पूर्व्वस्यां दिशि द्वौ चतुष्कौ यामानां भवतः, एवं दशसु दिक्षु विंशतिश्चतुष्ककका यामानां भवन्ति, एतदेवाह–**'वीसं ति'** एवमेव उक्तक्रमेण विंशतिश्चतुष्ककका यामानां भवन्ति, दशदिनमानत्वादस्या इति भावः । अत्र च विमलाख्यामूर्ध्वदिशमधिकृत्य यदा कायोत्सर्गं कुरुते तदा ऊर्ध्वलोकव्यवस्थितान्येव कानिचिद्विमानादीनि द्रव्याणि ध्यायति अधोदिशि तु तमाख्यायां व्यत्ययो वाच्य इति । **'जहासंभवं सेसाणिवी'**त्यादि (२४३-२), अन्यान्यपि 'अहीणपणिहिंअंगेहिं सव्विदिएहिं गुत्तेहिं'इत्यादीनि शास्त्रान्तरोक्तान्येकरात्रिकीप्रतिमासंभवीनि विशेषणानि वाच्यानीति । **'ईसिं पब्भारगओ'** (२४३-३), एतद्व्याचष्टे–**'इसिं ओणयकाओ'**त्ति । **'ततो सूयंति'** (२४७-३), ततः–त्रिशलादेवी-रूपादनन्तरं सूपकारं–रसवतीकारं विकुर्व्वतीत्यर्थः । 'किह सो'त्ति, कथमसौ विकुर्व्वत इति प्रश्ने उत्तरमाह–**'ततो खंधावार'**मित्यादि(२४७-४), ततस्त्रिशलादेवीरूपादनन्तरमेव स्कन्धावारं विकुर्वति स च स्कन्धावारो भगवतः समीपे आवासं गृह्णाति, तत्र च सूपकारः किल चुल्लीविरचनाय पाषाणानलभमानो भगवतश्चरणद्वयान्तरे वह्निं प्रज्ज्वाल्य 'उक्खं'ति उखां स्थालीमुपरि पादयोर्व्यवस्थाप्य पचति भक्तमिति। **'पक्कणं'**ति (२४७-६), चण्डालं विकुर्वति, स च तीक्ष्णतुण्डशकुनिभृतपञ्जराणि भगवतः कर्णबाहुमूलादिप्रदेशेष्ववलम्बते, ते च पक्षिणः पञ्जरच्छिद्रैर्मुखानि निःसार्य भगवच्छरीरं भक्षयन्तीति भावार्थः । **'सागारियं कसाइयं'**ति (२५०-७), त्वचमपकृष्य विकृतं लिङ्गं करोतीत्यर्थः । **'अन्ने भणंति-पंचालदेवं जहा'** इत्यादि(२५१-१), अन्ये त्वभिदघतिलोकप्रसिद्धपञ्चालाभिधानदेवताविशेषसदृशं रूपं सङ्गमकः करोति, तच्च कीदृशमिति न ज्ञायते, विशिष्टसम्प्रदायाभावादिति । **'संधिमग्गं सोहेइ, पडिलेहेइ य'**त्ति (२५२-८)) दिवा लोकस्य पश्यतः खात्रखननमार्ग्गं शोधयति-कण्टकादि ततोऽपनयति, निर्गमप्रवेशस्थानानि च प्रत्युपेक्षते, खात्रखननोपकरणानि च भगवत्समीपे मुञ्चतीति । **'एगे भणंति–जहा तद्दिवसं खीर'**मित्यादि (२५५-५), एके प्रतिपादयन्ति-न दोसीणेण-पर्युषितेन क्षीरान्नेन तया भगवान् प्रतिलाभितः, किन्तु तस्याः स्वकीयगृहक्षीरं नास्ति याचितमेव भवति, न चोत्सवदिने याचितमपि तत्तया लब्धं, लोकस्य स्वत एव तस्मिन्दिने तत्प्रयोजनत्वाद्, अतो द्वितीयदिने **'ऊहारिऊणं'**ति (२५५-६) लोकात्पयो याचित्वा परमान्नमात्मार्थमुपस्कृतं तेन प्रतिलाभित इति भावः । **'असंभस्सो'** (२५५-९), असंभाष्योऽनालपनीय इत्यर्थः । **'सेसा देवा इंदेण वारिय'**त्ति (२५६-३), सङ्गमकेन सह तदीया देव्यो मुत्कलिताः, शेषास्तु तत्परिवारभूता देवा निषिद्धाः– नानेन सह मेरौ गन्तव्यमिति निवारिता इति भावः । स च सामानिकत्वाद्द्विसागरोपमायुः, तत्र च समये एकं सागरोपममतिक्रान्तमेकं तु शेषमासीदित्याह–**'तस्स य'**इत्यादि (२५६-४) । **'एलुगं विक्खंभित्ता'**इत्यादि (२६०-१), एलुगं नाम गृहदेहली तां विष्कम्भ्य-एकं पादं तस्या अर्व्वाग्भागे एकं च परभागे कृत्वा यदि दास्यति तदा ग्रहीष्यामीतिभाव इति । **'जग्गहो घोसितो'**त्ति (२६२

६), यद्ग्रहो नाम यो यत्प्राप्स्यति तस्यैव तदित्युद्धुष्टमिति। **'होडीओ नाम' (२६२-८)**, लूषक पुरुषः । **'वरं तेण समं मम तम्मी'**त्यादि (२६३-५), चम्पायां नगर्यां यस्य कस्यचित्सत्का भविष्यति तस्यैवैनां समर्प्पयिष्यामि, ततस्तेन सह मम गमनागमनं-मैत्री भविष्यतीति भावः । **'ताए ( ताहे वृ० ) सो पेल्लिउ'**त्ति (२६५-१), तया मूलया सपरिजनोऽनन्तरोक्तवचनेन भेपित इति भावः । **'बहिरकुहंडिय'**त्ति (२६५-१), तालितद्वारा कृतेति भावः। **'मम भगिणीधूअ'**त्ति (२६६-७), किल मृगापत्या भगिनी पद्मावती दधिवाहनेन परिणीता धारिणी च पद्मावत्याः सपत्नीतिकृत्वा धारिण्यपि मृगापत्या भगिन्येवेति भावः । **'को ह्यात्मा भगवानाहे'**त्यादि (२६८-५), परिज्ञानपरीक्षानिमित्तं द्विजेन भगवान्पृष्टः-क आत्मेति, किं पञ्चभूतात्मक उत तद्व्यतिरिक्त इत्येवं पृष्टे भगवान् प्रत्युत्तरयति–'योऽहमित्यभिमन्यत' इति, सुख्यहं दुःख्यहमित्यादिअहंप्रत्ययकर्तृत्वेनात्मानं योऽभिमन्यते-निर्दिशति स पञ्चभूतव्यतिरिक्तो-ऽन्तर्मुखवृत्त्याऽहंप्रत्ययग्राह्य आत्मेति भावः, एवं भगवता प्रोक्ते द्विजः प्राह–**'स कीदृश** इति' शरीरतया परिणतभूतव्यतिरिक्तं हि न कञ्चिदात्मानं पश्यामो, यदि पुनरसौ तद्व्यतिरिक्तः कश्चिदस्ति तदा कीदृशोऽयमिति तस्य स्वरूपं वाच्यमिति द्विजेन पृष्टे त्रैलोक्यबन्धुराह–**'सूक्ष्मोऽसा'**विति (२६८-६), इदमुक्तं भवति–अमूर्त्तत्वात्कर्मसम्बन्धापेक्षया कथञ्चिन्मूर्तत्वेऽपि कर्म्मपुद्गलानां सूक्ष्मत्वाच्चानतिशयिनामगम्यत्वात् सूक्ष्मोऽसौ, ततश्च सूक्ष्मत्वेनायं न दृश्यते, न पुनरसत्त्वेनेति भावः । इत्येवं च तीर्थकृताऽभिहिते सूक्ष्मं किमुच्यत इति सामान्येनैव सूक्ष्मस्य स्वरूपमजानानो द्विजः पृच्छति–**'किं तत्सूक्ष्ममिति ?'**, सूक्ष्मस्य स्वरूपमेवाह, न वेद्मि किं तत्सूक्ष्ममिति, अत्र भुवनगुरुराह– **'यन्न गृह्णीमः'** इत्यत्र यदनतिशयिना छद्मस्थेन करणैर्ग्रहीतुं न शक्यते तत्सूक्ष्ममिति, अत्र भगवद्विवक्षामजानानो विप्र आह–**'ननु शब्दगन्धानिला'**इति, ननुशब्दः प्रश्नाक्षेपे, ननु यदि यन्न गृह्यते तत्सूक्ष्ममभ्युपगम्यते तदा शब्दानिलगन्धादयश्चक्षुषा न गृह्यन्ते, अत एतेऽपि किं सूक्ष्मा इत्यत्र भगवानाह–**'नेति'** हन्त नैते शब्दादयः सूक्ष्माः, कुत इत्याह– **'एते इन्द्रियग्राह्या'**इति, एते इन्द्रियग्राह्यत्वान्न सूक्ष्मा इत्यर्थः, एतदुक्तं भवति–नैतन्मया विवक्षितं यदुत यच्चक्षुषा न गृह्यते तत्सूक्ष्मं, किन्तु सर्वैरेवेन्द्रियैर्यन्न गृह्यते, हृषीकातिक्रान्तज्ञानपरिच्छेद्यं तत्सूक्ष्ममिह प्रतिपिपादयिषितं, एते तु शब्दगन्धानिला यथाक्रमं श्रोत्रघ्राणस्पर्शनेन्द्रियग्राह्या इति कुत एतेषां सूक्ष्मत्वप्रसङ्ग इति । इन्द्रियग्राह्याः शब्दादय इति यदुक्तं भगवता तदुपजीव्य ब्राह्मण आह– **'ते न ग्रहणमात्मे'**ति, गृह्णातीति ग्रहणमिति कर्त्तरि ल्युट्प्रत्ययः, ततश्च ते–तव न वस्तूनां ग्राहक आत्मा प्राप्नोति शब्दादीनामिन्द्रियग्राह्यत्वेनाभिधानाद्, एतदुक्तं भवति-एते इन्द्रियग्राह्या इति भवता प्रतिपादितं, एवं पञ्चेन्द्रियाणि वस्तूनां ग्राहकाण्युक्तानि भवन्ति नात्मेति, अत्र भगवान् सिद्धसाध्यतां मन्यमान आह–**'ननु ग्राहयिता स'**इति, इदमुक्तं भवति–इन्द्रियाणि ग्राहकाणीत्यभ्युपगम्यत एवास्माभिः, जीवस्तु ग्राहयिता, तथाहि–अर्थमिन्द्रियाणि गृह्णन्ति जीवस्तु तानि तत्र प्रयुङ्क्ते, अतो वस्तूनां ग्राहकाणीन्द्रियाणि ग्राहयिता जीव इति न किञ्चिदनिष्टं करणविवक्षया करणान्यप्यमूनि भवन्ति,

अनन्तधर्माध्यासितत्वाद्वस्तुनः, असिः छिनत्त्यसिना छिनत्तीति दर्शनादिति । '**एएहिं पएहिं तस्स उवगतं**'ति (२६९-३), तस्य ब्राह्मणस्यैतैः पूर्वोक्तपदैरुपगतं–परिणतमिदं, यदुत-सर्व्वभाववेत्ताऽसौ ततो युक्तं देवैः पूजनमस्येति । '**वेयावत्तं**' (२७३-१) चैत्यमिति, कोऽर्थ इत्याह–'अव्यक्त'मिति जीर्णं पतितप्रायमनिर्द्धारितदेवताविशेषाश्रयभूतमित्यर्थः । उपसर्गविवरणं समाप्तमिति। '**दश द्वे च सङ्ख्यया द्वादशे**'ति (२७५-५), अत्र वारा इति शेषो द्रष्टव्य इति । '**क्षीरादिद्रवाहारभोजन-काललभ्यव्यतिरेकेणे**'ति (२७५-१७), क्षीरादिश्चासौ द्रवाहारश्च तस्य भोजनकालः तत्र लभ्यं–प्राप्तं गृहीतं यत्पानकं तद्व्यतिरेकेण नान्यदा पानकभोगं कृतवानित्यर्थः, यदा लेपकृदाहारसंसृष्टं करादिकमभूत्तदा पानकं जग्राह नान्यदेतिभावः, अन्ये त्वाहुः-क्षीरादिद्रवाहारश्चासौ भोजनकाललभ्यश्च तद्व्यतिरेकेणेति, इदमुक्तं भवति-छद्मस्थकाले यदि परं द्रवाहार एव क्षीरादिकः पानकस्थाने अभून्नान्यत्पानकं गृहीतवान्, तत्त्वं बहुश्रुता विदन्तीति । '**वक्ष्यमाणवैनयिकधर्ममूल**'मिति (२९४-१), वक्ष्यमाणो-योऽस्यामेव पर्षदि मया वक्ष्यते वैनयिको-विनयमूलो धर्म्मस्तस्य मूलं-कारणं, मयि हि विनयं कुर्व्वति मदुक्तं विनयमूलं धर्म्मं लोकोऽपि प्रतिपत्स्यत इति भावः । '**अन्ये त्वेकगाथयैवानये**'त्यादि (२९४-११), प्रकृतं "**केवइयत्ति**" द्वारं, तस्य च किल ते कियतो भूभागादपूर्वे समवसरणे अदृष्टपूर्वे वा साधुना आगन्तव्यमित्यमुमर्थं व्याचक्षते, न पुनः कियन्ति सामायिकानि मनुष्यादयः प्रतिपद्यन्ते इत्यादिकमिति, ततश्च 'सव्वं च देसविरइं'इत्यादिगाथानां समवसरणद्वारेऽन्तर्भावं कृत्वा प्रकृत'केवइय'त्तिद्वितीयद्वाराभिधायकत्वेन प्रस्तुतगाथामेव व्याचक्षते, व्युत्पन्ना चेयं व्याख्या, 'केवइय'त्ति शब्दस्य प्रस्तुतार्थध्वनकत्वादित्यादिकारणादिति । '**अपि-शब्दादुपशमेऽपी**'ति (२९७-७), उपशमः प्रकृतीनां यद्यपि तस्य न सम्भवति तथापि कर्म्मणां तीव्रोदयनिरोधमात्रमुपशमत्वेन विवक्ष्यत इति । '**अकालहरण**'मिति (२९९-१०), श्रोतुः पृच्छाकालस्यानतिपातो, बहूनां कथने हि तत्कालातिपात एव स्यादिति । '**साधारणासपत्नाया**'मिति (३०१-२) ग्राहकगिरो विशेषणं । इति समवसरणवक्तव्यता ।

इदानीं गणधरवक्तव्यता–'**अन्नोऽवि जाणइ मए ठियम्मी**' (अह एइ अहम्माणी अमरिसिओ इन्दभूइत्ति (वृ०) अत्र तु ज्ञायते अन्नोऽवि जाणइ मए ठियंमि सो इन्दभूइत्ती) त्यादिगाथादलं; मय्यप्यत्र स्थितेऽन्योऽपि कश्चित्किञ्चिज्जानातीति कुतस्त्यमेतत् ?, न सम्भवतीत्यर्थः । '**सत्सम्प्रयोगे**'इत्यादि (३१६-७), सता-विद्यमानेन घटादिना सम्प्रयोगेसम्बन्धे केषाम् ? इन्द्रियाणां पुरुषस्यजीवस्य यद्बुद्धिजन्म भवति तत्प्रत्यक्षमिति । '**न च वाच्यं घटसत्तायामपि नवते**'त्यादि (३१९-३) अयमत्र भावार्थः-चार्व्वाकः किलाह–ननु घटे विद्यमानेऽपि नवता निवर्त्तते पुराणावस्थायाम्, अथ च तथापि नवता घटस्य धर्मो भवति, एवं यद्यपि शरीर सद्भावे चैतन्यं निवर्त्तते तथापि घटनवतावद्भूतधर्म्मतैव चैतन्यस्येति, तदेतन्न वक्तव्यं, कुत इत्याह—'**घटस्य द्रव्यपर्याये**'त्यादि (३१९-४), सुगमं '**प्रदीपे**'त्यादि (३२१-४) प्रदीपेन बहिर्भागरूपप्रदेशेनोद्योतितो न सर्व्वात्मना

यो घटस्तद्वद्देशतः प्रत्यक्षो जीव इति। ननु च देह एव ग्रहो न तद्व्यतिरिक्तः, तस्य चाव्यतिरिक्तहास्यादिलिङ्गेन सहाविनाभावोऽध्यक्षसिद्ध एवेत्याशङ्क्याह–'**न च देह एव ग्रह**'इति (३२२-३), यदि हि देह एव ग्रहः स्यात्तदा देहत्वाविशेषा-त्सर्व्वदेहानामप्यष्यतिरिक्तहास्यादिप्रसङ्ग इति भावः इति **प्रथमो गणधरः** । इदानीं द्वितीयः–'**छलादिने**'ति (३२४-१), आदिशब्दाद् वितण्डाजात्यादिपरिग्रहः, '**अकारणताविशेषाभ्युपगमे चे**'त्यादि (३२८-५), एतदुक्तं भवति-यद्यतिप्रसङ्गनिवृत्त्यर्थमकारणतापि विशिष्टा काचिदभ्युपगम्यते तदा तद्भावप्रसङ्गः-कर्मभावप्रसङ्गः, संज्ञान्तरेण तस्यैवोक्तत्वादित्यभिप्रायः इति द्वितीय इति । तृतीयः सुगमः । इदानीं चतुर्थवक्तव्यता-'**समूहिभ्यस्तत्त्वान्यत्वाभ्या**'मित्यादि (३३५-१), समूहः समुदाय इत्यनर्थान्तरं, समूहिनः समुदायिन इत्यपि च, ततश्चायं समुदायः समुदायिभ्यो भिन्नो वा स्यादभिन्नो वा ?, यद्याद्यः पक्षस्तर्ह्यसौ समुदायिषु वर्त्तमानः किं देशेन वर्त्तते सर्व्वात्मना वेति वक्तव्यं, यदि देशेनेति पक्षस्तर्हि तेष्वपि देशेष्वनेन वर्त्तितव्यं, ततस्तत्रापि वर्त्तमानः किं देशेन वर्त्तते सामस्त्येन वेत्यादि पुनस्तदेवावर्त्तत इत्यनवस्था, अथ सर्व्वात्मनेति पक्षस्तर्ह्येकस्मिन्नेव समुदायिनि सामस्त्येन वृत्तत्वाद्द्वितीयादिसमुदायिनः समुदायशून्यत्वमासादयेयुः, अथ मा भूदेष दोष इत्यभिन्नोऽसौ अभ्युपगम्यते तर्हि समुदायिन एव ते न पुनस्तदतिरिक्तः समुदायो वास्तवः कश्चनापि विद्यत इति तत्त्वान्यत्वाभ्यां–भेदाभेदाभ्यामनिर्वचनीयः–अवाच्य इत्यर्थः, '**तदभावे खल्वेकपरमाणुव्यतिरेकेण**'त्यादि (३३६-६), '**तदभावे**' इति तुल्यत्वाभावे, कथं शेषपरमाणूनामभाव इति चेद् उच्यते, ते हि विवक्षितपरमाणुना सार्द्धं परमाणुत्वेन तुल्या न वेति वाच्यं, यदि तुल्यास्तर्हि तुल्यरूपसिद्धिः, अथ न तुल्या इति पक्षस्तर्हि यथा परमाणुत्वेनातुल्यस्य व्योमादेः परमाणुत्वाभावस्तथा विवक्षितैकपरमाणुव्यतिरेकेण शेषपरमाणुष्वपि तत्त्वाभावः स्यात्, तत्रैतत् स्यात्-तदन्यव्यावृत्तिमात्रं तुल्यत्वं, तच्च परिकल्पितमेवेत्याह–'**न च तदन्ये**'त्यादि (३३७-१), एतदपि कुत इत्याह–'**स्वरूपे**'त्यादि (३३७-१), परमाणूनां हि किञ्चित्स्वकीयं रूपमभ्युपगन्तव्यं, अन्यथा तदन्यव्यावृत्तिमात्ररूपतायां खपुष्पत्वप्रसङ्गः, स्यादेतद्-भवतु नाम परमाणूनां स्वरूपं, तथापि न भवत्समीहिततुल्यत्वसिद्धिः, तस्यैव सजातीयेतरव्यावृत्तस्य तदन्यव्यावृत्तिरूपत्वादित्याह–'**न च तद्रूपमेवे**'ति (३३७-३), किमितीत्याह–'**तस्ये**'त्यादि (३३७-३), तस्य अणोस्तेभ्यः-सजातीयेतरपरमाणुगगनादिभ्यः, एतदुक्तं भवति–येन स्वभावेनासौ व्योमादिभ्यो व्यावृत्तो न तेनैव शेषाणुभ्य इति स्वभावद्वयमस्याभ्युपगन्तव्यं, कस्मादित्याह–'**स्वभावे**'त्यादि (३३७-४), अयमभिप्रायो–यदि हि विवक्षितस्याणोः स्वभावद्वयं स्यात्तर्हि तदाश्रित्यायमस्य सजातीयः परमाणुर्विजातीयश्च गगनादिरित व्यवस्थाप्येत, नान्यथा, निबन्धनाभावात्, यदि नाम स्वभावद्वयं तस्याभ्युपगतं तथापि तस्य सजातीयव्यावृत्तिनिबन्धनस्वभावेन सर्वथैव सजातीयेभ्यो व्यावृत्तत्वान्न भवदभिप्रेततुल्यत्वसिद्धिरित्याह–'**सजातीयैकान्ते**'त्यादि (३३७-४), इदमत्र हृदयं-यथा तस्य विजातीयेभ्यः–अनणुस्वभावेभ्यः व्योमद्व्यणुकादिभ्योऽनणुत्वेन व्यावृत्तौ

अनणुत्वस्याभावः, षष्ठयन्तस्य वतिः, तथा सजातीयेभ्यः—परमाणुभ्य एकान्तेनाणुत्वेनापि व्यावृत्ताविष्यमाणायामणुत्वस्याप्यभावः स्यात्, भावे चाणुत्वस्यैव तुल्यरूपतेति सिद्धं नः साध्यं. ननु चार्थानां तुल्यत्वातुल्यत्वचिन्ता युज्यते यद्यर्था एव तावत्सत्यतया सिद्धा भवेयुः, तच्च नास्ति, तत्प्रतिभासस्य निर्निमित्ततया भ्रान्तत्वात्, तथाहि—स्तम्भादीनां यावद्दृश्यमस्ति तस्य परभागः कल्पनीयः, स चार्वाग्भागेन तिरोहितत्वान्न दृश्यते, सर्व्वान्ततीयभागस्त्वेकैकपरमाणुप्रतररूपः, स च नार्व्वाग्दर्शिनां दृग्पथमवतरतीत्यनादिविद्यातो निर्निमित्ता एवार्थावभासास्तथा तथा विपरिवर्त्तन्त इति भवदभिप्रेतापि तुल्यबुद्धिर्निमित्तरहितैवेत्याशङ्कयाह—'**न चेयमनिमित्ते**'त्यादि (३३८-१), एतदपि कुत इत्याह—'देशे' त्यादि, यदि हि निर्निमित्ता एवार्थबुद्धयो भवेयुस्तर्हि देशकालाद्यनियमेन सर्व्वत्रैवोत्पद्येरन्नियामकाभावादिति भावार्थः । ननु च स्वप्नबुद्धयोऽपि नियतदेशादिविशेषितमर्थं गृह्णन्ति न च सत्या एवेत्याह—'**न च स्वप्ने**'त्यादि (३३८-१), भावना सुगमैव, '**अणूभूय**' गाहा (३३८-३), अनुभूतं-जलावगाहनादि दृष्टम्—अङ्गनादि चिन्तितं-क्रयविक्रयादि श्रुतं-देवलोकादि प्रकृतिविकारो-वातपित्तक्षोभादिर्देवता—प्रतीता अनूपः—सजलप्रदेशः, तत्र हि सुप्तः प्रायः किल प्रचुरस्वप्नदर्शी भवति, एतानि सर्व्वाण्यपि स्वप्नदर्शननिमित्तानि भवन्ति, तथा शुभस्वप्नदर्शने पुण्यं दुःस्वप्नदर्शने पापं च निमित्तीभवति नाभावः-अवस्तुरूपः । किञ्च-यदि घटादयोऽर्थाः सत्यतया नाभ्युपगम्यन्ते तर्हि नेयं भवतो व्यवस्था युज्यते-अयं स्वप्नोऽयं चास्वप्नः इदं गन्धर्व्वनगरं व्यलीकमिदं तु वस्तु सन्नगरं पाटलीपुत्रादीति, अमुमेवार्थमाह—'**न च भूते**'त्यादि (३३८-५), एवं तुल्यबुद्धेः सनिमित्तत्वं व्यवस्थाप्य पुनरपि ज्ञानवादिमतमाशङ्क्याह—'**न चालये**'त्यादि (३३८-५), आलय आश्रय आधार इत्यनर्थान्तरं, तद्भूतं विज्ञानं आलयविज्ञानं घटाद्यर्थग्राहकानेकज्ञानजनकशक्त्याधारमनादिप्रवाहवाहिकया प्रवृत्तं मनस्काराख्यं चैतन्यमात्रमित्यर्थः, तद्गता या शक्तिस्तस्यास्तथाविधवासनातः समुद्भूतो यः परिपाकस्तत्समनन्तरं यदुत्पन्नं तुल्योऽयमिति विकल्पजननसामर्थ्यमालयविज्ञानस्य तदस्यास्तुल्यबुद्धेर्निमित्तं न बाह्यार्थगतं तुल्यत्वमिति न वाच्यं, कुत इत्याह—'**स्वलक्षणे**'त्यादि (३३९-१), आलयविज्ञानगतं हि सामर्थ्यं सकलसजातीयविजातीयव्यावृत्तं स्वलक्षणरूपं, तच्च कथं तुल्यबुद्धौ विपरिवर्त्तमानस्य विजातीयव्यावृत्तिमात्ररूपतुल्यत्वस्य निमित्तीभवति ?, न ह्यात्मना अन्यथाभूतं वस्तु अन्यथाभूतं विज्ञानं जनयति, नीलवस्तुनि पीतज्ञानप्रसक्तेरिति भावार्थः, नाप्यत्यन्तसाहसपरैरक्षिणी निमील्येदमभिधानीयं—आलयज्ञानं स्वलक्षणादन्यत्किञ्चिदुत्पत्स्यते ततोऽपि पारम्पर्येण तुल्यबुद्धिगतं तुल्यत्वं सामान्यमिति, कुत इत्याह—'**स्वलक्षणे**'त्यादि (३३९-२), सुगमं, किञ्च-यः प्रागालयज्ञानस्य शक्तिपरिपाकोऽभिहितः सोऽपि बाह्यनीलाद्यर्थमन्तरेण नोपपद्यते, निबन्धनाभावात्, अन्यथा सर्वदा शक्तिपरिपाकप्रसङ्गात्, एतदेवाह—'**बाह्ये**'त्यादि (३३९-३), किञ्च-आलयज्ञानस्य याः पूर्वं शक्तयोऽभिहिताः ता अपि भेदाभेदैर्विकल्प्यमाना न सत्तामनुबन्धन्ति, एतदाह—'**किञ्चालये**'त्यादि

(३३९-५), सर्वैकत्वे शक्तीनां यथा पीतादिप्रतिभासहेतुता न भवति तथा प्रयोगेण दर्शयति— **'नीलविज्ञाने'**त्यादि, **'न तद्धर्मे'**ति (३४०-२). न नीलविज्ञानजननधर्म्मेत्यर्थः, शक्त्यन्तरस्वात्मवदिति, यथा शक्त्यन्तरंपीतादि-विज्ञानजननशक्तिलक्षणं नीलविज्ञानं न जनयति तथा नीलविज्ञानजननशक्तिरपि न तज्जनयेत्, पीतादिशक्त्यन्तररूपत्वात्तस्याः, अथ पीतादिविज्ञानशक्त्यो नीलविज्ञानशक्तिरूपास्तर्हि विपर्ययः स्वबुद्धया भावनीयः । **'बाह्योऽर्थः केन वार्यत'**इति (३४०-४), अयमभिप्रायो— यद्यालयविज्ञानाद्व्यतिरिक्ता वस्तुसत्यः शक्तयोऽभ्युपगम्यन्ते तर्हि गतो ज्ञानाद्वैतवाद इत्यर्था अपि किन्नाभ्युपेयन्त इति, 'एव' मित्याद्युपसंहारः । ननु च 'तदाभासज्ञानोत्पत्ते' रित्यत्र तुल्यरूप-परमाण्वाकारज्ञानोत्पत्तेः परमाणूनां तुल्यरूपग्रहणमित्ययमर्थोऽभिप्रेतः, स च न युक्तः, अर्थाकारस्यैव विज्ञाने विकल्पाभ्यामनुपपत्तेः, तथाहि-नीले वस्तुनि पुरो दृश्यमाने योऽयं ज्ञाने नीलाकारो भवद्भिर्गीयते स किं तस्मान्नीलवस्तुनो भिन्नोऽभिन्नो वेति वक्तव्यं, यदि भिन्नस्तर्हि न नीलवस्तुपरिच्छेदो, न हि ततोऽत्यन्तव्यतिरिक्ताकारपरिच्छेदे तस्य परिच्छेदो युक्तः, अन्यथा घटपरिच्छित्तौ पटस्यापि परिच्छित्तिः स्यादिति न प्रतिनियतविषयव्यवस्था, अथाभिन्नो नीलविषयान्नीलाकारोऽभ्युपगम्यते तर्हि विषयाकारस्य ज्ञानात्मनि सङ्क्रान्तत्वाद्विषयस्य निराकारतैव स्यात्, किञ्च—विषयादभिन्नत्वादाकारस्य तत्सङ्क्रान्तौ विषयस्यापि ज्ञानात्मनि सङ्क्रान्तिरभ्युपेया, सा च न युक्ता, निशितशस्त्र-दहननीरनिवहाद्यवलोकने हृदयपाटनदहनप्लावनप्रसक्तेः, तदेवं विषयाद्भिन्नस्याभिन्नस्य वा तदाकारस्य ज्ञानात्मनि प्रतिभासाभावात् तद्द्वारेण ग्राह्यत्वा-भिमतार्थानामप्यभाव इति ज्ञानमेवैकं वस्तु सन्नार्थ इत्येवं विह्वलमारसन्तं ज्ञानाद्वैतवादिनमाशङ्क्याह—**'न च विषये'**त्यादि (३४१-१), विषयो-नीलादिस्तद्बलेन यः सञ्जातः संवेदनस्याकारो नीलादिः तस्य पूर्वोक्तनीत्या विषयाद्भेदाभेदविकल्पमुखेन अनुपपत्तिः—अघटना न भाव्येत्यक्षरघटना, भावार्थस्तु पातनावसरे कथित एव, क्वचिद् 'विषयबलोपसंजातसंवेदनाकारस्य ज्ञानस्ये'ति पाठः, स तु नातीव श्लिष्टतया बुद्ध्यते, कथञ्चित्स्वबुद्धया भावनीयो वा, कस्मात्संवेदनेऽर्थाकारस्यानुपपत्तिर्न भाव्येत्याह—**'विशिष्टे'**त्यादि (३४१-१), अयमभिप्रायो—नास्माभिरर्थाकारसङ्क्रान्तिर्ज्ञानेऽभ्युपगम्यते येन भेदाभेदपरिकल्पनयाऽऽत्मानं परिक्लेशयति भवान्, किन्तु विशिष्टपरिणामो योऽर्थः प्रतिविशिष्टदेशाद्यवस्थानेन सम्पादितविज्ञानजननस्वभाव इति भावः, तत्सन्निधावात्मनो—जीवस्य कालश्च क्षयोपशमश्च आदिशब्दात्सोपयोगत्वादिपरिग्रहः, तत्सव्यपेक्षस्य नीलादिप्रतिभासं ज्ञानमुत्पद्यते, तथाहि— पुरुषादिमुखसङ्क्रान्तिमन्तरेणापि दर्प्पणादौ कश्चित्प्रतिबिम्बोदयो दृश्यते, न च तत्र भेदाभेदकल्पना युक्तिमती, तथाविधपुरुषमुखादिसामग्र्यास्तथा-भूतसप्रतिबिम्बदर्प्पणादिवस्तूत्पत्तिदर्शनात्, न हि दृष्टेऽनुपपन्नं नाम, यथा वा सूर्य्योपलरवि-किरणगोमयादिसामग्र्या अनलप्रसूतिः, न च तत्र सामग्र्यन्तर्गतं किञ्चित्तत्र सङ्क्रामति, तथेहापि रूपालोकमनस्कारादिसामग्र्या नीलादिप्रतिभासपरिणामस्वरूपमात्मनो ज्ञानमुत्पद्यते का तत्र भेदाभेदपरिकल्पना ?, प्रतीतिबाधितत्वेन तस्या अनादेयत्वात्, तदुक्तं

'कैश्चित्सौगतविशेषैरपि—"*रूपालोकमनस्कारचक्षुर्भ्यः संप्रवर्त्तते । विज्ञानं मणिसूर्य्यांशुगोशकृद्भ्य इवानलः ॥१॥* इति" तदेवं विशिष्टरूपादिसामग्र्या नीलादिविषयग्रहणपरिणामस्यैव ज्ञानस्याभ्युपगमान्नार्थाकारसङ्क्रान्तिपक्षोक्तो दोषः, तदभावाच्च नार्थाभाव इति स्थितं, तद्दर्शनान्यथानुपपत्तेरेव स्वाभ्युपगमं ग्राह्यन्नाह—'**इत्थं चैतदि**'त्यादि (३४१-३), प्रागुपन्यस्तविकल्पयुगलं भेदाभेदलक्षणं, इदमत्र हृदयं—अर्थाभावेऽप्यनाद्यविद्यावश-तस्तावद्भवताऽपि नीलपीतादिबुद्धयः क्षणिकस्वरूपा इष्यन्त एव, तत्र चोत्तरनीलबुद्धिक्षणो यो नीलाकारः प्रतिभाति स किं पूर्व्वनीलबुद्धिक्षणाद्भिन्नोऽभिन्नो वा ?, यदि भिन्नः कथमुत्तरसंवेदनक्षणे प्रतिभासते, प्रतिभासे वा पीताकारस्याप्युत्तरबुद्धिक्षणे प्रतिभासः स्यात्, पूर्व्वनीलबुद्धिक्षणादुद्वयोरपि भेदाविशेषात्, अथाभिन्न इति पक्षस्तर्हि न जन्यजनकभावः, उत्तरनीलसंवेदनाकारस्य पूर्व्वस्मादभिन्नत्वाद्, भेदे च जन्यजनकभावाभ्युपगमादित्युत्तरनीलसंवेदनोत्पत्त्यभावादेकमेव प्रथमनीलसंवेदनं स्यात्, अथ प्राक्तननीलसंवित्तेस्तथाभूतैवोत्तरनीलसंवित्तिः प्रादुर्भवति किं तत्र भेदाभेदचिन्त्या ?, हन्त तर्हि स एव सुहृद्भूतोऽस्मदभ्युपगमस्तवापि शरणं, वयमपि ह्येवमेव ब्रूमः—तथाविधनीलविषयादिसामग्र्यास्तथाभूतमेव नीलप्रतिभासपरिणामं ज्ञानमुत्पद्यते किमिह भेदाभेदचिन्तयेति इत्येवमादि सुगमं । नन्वेतावता ग्रन्थेनेदमुक्तं-एकैकः परमाणुर्न गृह्यते, बहुषु तु परमाणुषु समुदितेषु तत्तुल्यरूपं चक्षुर्ज्ञाने प्रतिभासत इति तदेतन्मन्यामहे, केवलं परमाणूना बहुत्वेऽपि तुल्यबुद्ध्यभ्युपगमेऽयं विशेषो न स्याद् अयं घटादिरयं च शरावादिः, निबन्धनाभावादित्याशङ्क्याह—'**न च परमाणूना**'मित्यादि (३४१-५), पृथुबुघ्नोदराकारादिपरिणामवन्तो घटादयः उत्तानच्छत्राकारादिपरिणामवन्तश्च शरावादय इत्यादिपरिणामवैचित्र्यान्निबन्धनाभावादित्यसिद्धो हेतुरित्यभिप्रायः, ननु च मया भूतानामभाव आशङ्कितः, साधिता च परमाणुसत्तेत्य-सम्बद्धमेतदित्याशङ्क्याह—'**न च परमाण्वि**'त्यादि (३४२-१), नन्वयुक्तमेतद्-आकाशस्यानणुरूपत्वात्, सत्यं युक्तमुक्तं, केवलं पृथिव्यप्तेजोवायूनां तद्रूपत्वाद्बाहुल्यादित्थमुक्तं, आकाशं तु विद्यते नभः असमस्तपदवाच्यत्वाद् घटवदित्यादियुक्तिभ्यः स्वयमभ्यूह्यमित्यलं प्रसङ्गेन समासश्चतुर्थगणधरः । पञ्चमः सुगमः । षष्ठः प्रारभ्यते-पूर्वं निर्हेतुकत्वादात्मनः प्रसूतिरेव नोपपद्यत इत्युक्तं, इदानीं पूर्व्वस्मिन्नेव पक्षे प्रसूतिमभ्युपगम्यापि दूषणमाह—'**न चादिमत्यपी**'त्यादि (३४७-८), क्वचिदनादिमत्यपीति पाठः, स चायुक्त एव, तत्पक्षस्यानन्तरमेव वक्ष्यमाणत्वादिति । अनादित्वाज्जीवकर्म्मसंयोगस्य वियोगाभावान्मोक्षाभाव प्रतिपाद्य प्रकारान्तरेणाह—'**देहकर्मसंन्ताने**'त्यादि (३४८-२), सन्तानश्चायं देहकर्म्मणोरित्थं द्रष्टव्यः-शरीरं कर्म जनयति, कर्मापि शरीरं, तदपि पुनः कर्म, कर्म्मापि शरीरं, तदपि पुनः कर्म, कर्म्मापि पुनः शरीरमिति, तदेवमत्र जन्यजनकभावेन व्यवस्थितेर्देहकर्म्मसन्तानस्य व्यवच्छेदाभावान्मोक्षाभावः पूर्वमत्र च जीवकर्म्मणोर्वियोगाभावादित्ययं विशेषः, अत्र च परिहारः-संयोगावियोगाभावपक्षे यतः काञ्चनोपलयोरित्यादिकं वक्ष्यति, द्वितीयपक्षे तु स्वयमभ्यूह्यं, यथा नायमेकान्तोऽनादेर्जन्यजनकत्वेनावस्थितस्य सन्तानस्यान्तो न भवति,

यतोऽनादिकालाज्जन्यजनकभावेन व्यवस्थितोऽपि बीजाङ्कुरादिः सन्तानः सान्तो दृश्यते, कस्यचिद्बीजस्य वह्न्यादिसामग्रीतो विनाशादङ्कुरस्यानुत्पत्तेरिति, ननु च जीवकर्म्मणोः संयोगः किं काञ्चनोपलवदुत जीवाकाशप्रदेशवद् ?, यद्याद्यः पक्षस्तर्हि भवद्दर्शितनीत्यैव युज्यते वियोगो, द्वितीयपक्षे तु न युज्यते, सत्यं, द्विविधोऽपीहाश्रीयते, किन्तु प्रथमो भव्यानां द्वितीयस्त्वभव्यानामिति, ननु यदनादिस्वभावं तन्न क्रियते यथा व्योम, तथास्वभावं चाभ्युपगम्यते कर्म, तस्मान्न क्रियत इत्याशङ्क्याह–'**न चानादित्वादि**'त्यादि, (३४८-९), उपपत्तिमाह–'**यत**'इत्यादि (३४८-९), यदि वर्त्तमानतयोपात्तं कृतमभिधीयते तर्हि अनादिता कथमित्याशङ्क्य पुनरपि वर्त्तमानत्वम् अनादित्वं च यथा भवति तथा सदृष्टान्तं दर्शयति–'**सर्व्वं चे**'त्यादि (३४९-२), एतदुक्तं भवति-कालवत्कर्मणः प्रवाहापेक्षया अनादित्वं व्यक्त्यपेक्षया तु सादित्वमिति, ननु चेत्थं कर्मवियोगं प्राप्यानन्ताः सिद्धिक्षेत्रं जग्मुर्गमिष्यन्ति च, तच्च पञ्चचत्वारिंशद्योजनलक्षमानमेव, ततस्तावतां कथं तत्र स्थितिरित्याशङ्क्याह–'**न च परिमिते**'त्यादि, दृष्टान्तमाह–'**प्रतिद्रव्य**'मित्यादि (३५०-१), एकैकस्मिन्नपि हि परमाण्वादिके द्रव्ये येषां ज्ञानं विषयमासादयति तन्मतेन अनन्तानां सिद्धकेवलिनामनन्तानि ज्ञानदर्शनानि पतन्ति, न च तत्र कश्चित्सम्बाधः, अमूर्त्तत्वाज्ज्ञानस्य, तद्वदिहापीति भावः, दृष्टान्तान्तरमाह–'**नर्त्तकी**'त्यादि (३५०-२), नयनानां विज्ञानानि २ नर्त्तक्यां तत्सम्पातस्तद्वद्, रङ्गभूमौ हि लास्यप्रवृत्तवराङ्गनातनौ केषाञ्चिन्मतेन कौतुकाक्षिप्तदिदृक्षूणां नायना रश्मयो निर्गत्य बहवः पतन्ति; न च तत्र योषित्तनोः काचिद्बाधा नापि रश्मीनां परस्परं तद्वदिहापीति भावः षष्ठः समाप्तः ॥ सप्तम आरभ्यते–'**स एष यज्ञायुधी**'त्यादि (३५१-४), यज्ञ एवायुधं तद्विद्यते यस्य स तथा '**अञ्जसा**' प्रगुणेन न्यायेन इदं देवसत्ताप्रतिपादकं, अनन्तरं च '**तथा अपामे**'त्यादि (३५१-५), ज्योतिषः पर्यायमाह– '**स्वर्ग**'मिति, येऽमरणधर्माणो मुक्ता न बभूवुस्ते स्वर्गमगमन्निति भावः, गत्वाऽपि स्वर्गं किं ते प्रापुरित्याह–'**अविदाम देवानि**'ति, विदेर्लाभार्थत्वाच्छान्दसत्वाच्च देवानिति देवत्वं लब्धवन्त इत्यर्थः, न केवलं मम प्रत्यक्षत्वात्सन्ति देवाः, किन्तु भवतोऽपि प्रत्यक्षत्वादिति योज्यं, तत्प्रत्यक्षत्वं च देवानां तदा तत्रैवागतत्वात्, आगमाच्च 'स एष यज्ञायुधी'त्यादिलक्षणात्सन्तीत्यनुवर्त्तते, ननु 'को जानाति मायोपमानि' त्यादिलक्षणा-दागमान्नास्तित्वमप्यवसीयत इत्याह–'**सर्व्वथे**'त्यादि, '**अनधीनमनुजकार्यत्वादि**'ति (३५३- ३), न हि मनुष्याणां सम्बन्धि किञ्चित्कार्यं देवानामायत्तं, तस्य मनुष्यनिर्वर्त्त्यत्वात्, यदिवा न देवकार्यं किञ्चिन्मनुष्याधीनं येन तन्निष्पत्तये ते इहागच्छेयुरिति भावः, एतैश्च सर्वैरेव हेतुभिः 'संकंतदिव्वपेमा विसयपसत्ता समत्तकत्तव्वा । अणहीणमणुयकज्जा नरभवमसुभं न इति सुरा ॥१॥' एषा भाष्यगाथा विवृता भवति, शेषं सुगमं । सप्तमः समाप्तः॥ अष्टमः प्रारभ्यते–अत्र सर्व्वज्ञाभाववादिमीमांस-कादिमतमाशङ्क्याह–'**न चाशेषे**'त्यादि (३५५-७), उपपत्तिमाह–'**यत**'इत्यादि, यदि समस्तवस्तुज्ञायकोऽसौ किमिति तत्र पश्यतीत्याह–'**ज्ञाने**'त्यादि, यद्यावृत्तस्वभावोऽसौ ज्ञस्वरूपत्वं तर्हि कथमवसीयते इत्याह–'**तत्क्षये**'त्यादि (३५५-८), तस्य-

ज्ञानावरणीयस्य क्षयोपशमस्तस्माज्जातः, यदि नाम क्षायोपशमिको ज्ञानवृद्धिविशेषस्तथापि कथं तस्य ज्ञस्वरूपत्वमित्याह—'**न ह्यय**'मित्यादि (३५६-१), तत्स्वाभाव्यमिति—ज्ञस्वाभाव्यं, एतदुक्तं भवति-नायं ज्ञानवृद्धिविशेषोऽज्ञस्य युज्यते, दृषदोऽपि तत्प्रसङ्गाद्, इत्येवमित्याद्युपसंहारः, ननु चात्मा ज्ञस्वभावः, पद्मरागस्तु प्रकाशस्वभावः, ततश्च यथा मलकलङ्कापगमेऽप्रतिस्खलितदीप्तिरपि प्रकाशस्वभावोऽपि न सर्वं प्रकाशयति, किन्तु कियत्पदार्थ-प्रकाशकत्वेनैव तस्य प्रकाशस्वभावत्वं, एवमात्मनोऽपि ज्ञानावरणाद्यपगमेऽपि कियत्पदार्थज्ञायकत्वेन ज्ञत्वं चरितार्थं, समस्तवस्तुज्ञत्वं तु नोपपद्यते इत्याशङ्कयाह—'**न चाप्रतिबद्धे**'त्यादि (३५६-६), उपपत्तिमाह—'**तस्य ज्ञस्वभावत्वादि**'त्यादि (३५६-७), ननु पद्मरागपक्षेऽपि शक्यत इदं वक्तुं, न हि प्रकाशकः प्रकाश्ये सति प्रतिबन्धशून्यो न प्रवर्त्तते, न चेत्थं दृश्यते, तस्य कियद्वस्तुप्रकाशनादिति तेनैव व्यभिचार इत्याशङ्कयाह—'**न च प्रकाशके**'त्यादि, कुत एतदित्याह—'**तस्ये**'त्यादि (६५७-१), यावति हि प्रदेशे स्वप्रभाजालं प्रसरति तावद्देशस्थमेव वस्त्वसौ प्रकाशयति, यत्तु अन्यत्र देशादौ कुड्यादितिरोहितं तद्देशादिविप्रकर्षादेव न प्रकाशयितुमलं, आत्मनोऽपि तर्हि देशादयो विप्रकर्षका भविष्यन्तीत्याह—'न चात्मनोऽपी'त्यादि, अत्र युक्तिमाह—'**तस्यागमे**'त्यादि (३५७-२), आगमेन चूडामणीकैवल्यादिलक्षणेन ये गम्यन्ते-प्रतिपद्यन्ते आगमगम्यास्तेषु, तानेव दर्शयति-सूक्ष्माः—परमाण्वादयो व्यवहिताः—समीपस्था अपि क्षित्याद्यन्तर्गता निधानादयः, विप्रकृष्टास्तु द्विधा-देशतः कालतश्च, तत्र देशतो दूरस्था अमरलोकादयः कालतस्तु चन्द्रोपरागादयस्तेष्वधिगतिः—अवबोधस्तत्सामर्थ्यदर्शनान्न देशादय आत्मनो विप्रकर्षकाः, एतदेव साधयति—'तथा चे'त्यादि एतदुक्तं भवति—क्षायोपशमिकज्ञानवानपि तावत्सूत्रानुसारतः पर्यालोच्येदं कथयत्येव कश्चित्क्षितितिरोहितं वृक्षमूलं कीलको वाऽत्र विद्यते न त्वया गृहादिसन्निवेशोऽत्र कर्त्तव्यः सशल्यत्वात्, कूपादिखननोद्यतं वा पुरुषं प्रति कथयति—एतावति मानेऽत्रोदकमुन्मीलयिष्यति, तथा सूत्रानुसारत एवामरलोकचन्द्रोपरागादिस्वरूपाधिगतिसामर्थ्यं चोपलभ्यते, न च वक्तव्यम्-आगमस्यैव तत्सामर्थ्यं न जीवस्य, यत आगमोऽपि नाचेतनस्य काष्ठादेर्जडप्रकृतेर्वा पुरुषान्तरस्य तद् ज्ञानं जनयितुमलं, तस्मादागमसव्यपेक्षक्षयोपशमवतो जीवस्यैव देशादिविप्रकृष्टार्थ-ग्रहणसामर्थ्यं, आगमादिस्तु हेतुकलापः सहकारिकारणमेव, अस्य च सर्व्वस्यापि सर्व्वज्ञसाधकवचनसंदर्भस्य तात्पर्यं प्रयोगद्वारेणोच्यते—यो यावति प्रकाशयितव्ये समर्थः स प्रतिबन्धकाभावे तावत्प्रकाशयत्येव, यथा पद्मरागादिर्मणिविशेषः, सकलत्रैलोक्यान्तर्गतवस्तुप्रकाशकश्च पूर्व्वोक्तनीत्या जीवः तस्मात्तत्प्रकाशयत्येव, न च वक्तव्यं पूर्व्वोक्तनीत्या देशादिविप्रकृष्टवृक्षमूलादिकियत्पदार्थज्ञातृत्वेन भवत्वसौ ज्ञस्वभावो, लोकालोकान्तर्गतामूर्त्तेतरस्वरूपाकाशास्तिकायादिपदार्थज्ञातृत्वेन तु कथमात्मनो ज्ञत्वसिद्धिरिति ?, यतस्तेषामप्यदर्शने देशविप्रकर्षो वा निमित्तं स्यात्कालविप्रकर्षो वा निमित्तं स्यात्स्वभावविप्रकर्षो वा?, न तावद्देशविप्रकर्षस्तदज्ञातृत्वकारणं, देशविप्रकृष्टभौमादिग्रहस्वरूपस्येदानीमपि परिज्ञानात्,

तथाहि-सम्भवन्त्येवं ज्ञातार इदानीमपि केचन विशिष्टगणकाः-अद्यामुकग्रहो **वक्रस्थ** इत्यादि, नापि कालविप्रकर्षः तद्विप्रकृष्टस्यापि चन्द्रोपरागमेघवृष्ट्यादेः परिज्ञानात्, नापि स्वभावविप्रकर्षः तद्विप्रकृष्टस्य नरादिशरीरसङ्क्रान्तभूतादेर्विशिष्टनिमित्तबलेनाधुनिकैरपि परिज्ञानात्, तदेवं देशविप्रकर्षादि-प्रतिबन्धकाभावात्तज्ज्ञातृत्वेनापि तत्त्वमस्यानिवार्यमेव, यत्तु न पश्यति अस्पष्टं वा पश्यति तज्ज्ञानावरणादिप्रतिबन्धकसद्भावात्, सज्ज्ञानध्यानादिकारणकलापात्तु तदपगमेऽनन्तानुत्तरज्ञानवान् सर्व्वदर्शी भवति, अत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति, शेषं सुगमं, समाप्तोऽष्टम इति ॥ नवम आरभ्यते-तत्र '**स्वभावोपन्यासोऽपि तथैवे**'ति (३५९-१०), स्वभावादेव नियतदेशगर्भादिग्रहणं भविष्यति किं पुण्यपापाभ्यामित्यादि, यथा द्वितीयगणधरे तथा वाच्यमिति। '**अशेषपरित्यागान्मृतिकल्पो मोक्ष इति**' (३६०-६), ननु चापथ्यस्य सर्व्वस्य परित्यागे पथ्याहारसम्भवात्कथं तस्य मृतिर्येनोच्यते मृतिकल्पो मोक्ष इति, सत्यं, किन्तु पुण्यवत्पथ्याहारस्तस्य मूलतोऽप्यनभ्युपगत एव, यदा त्वपथ्यमपि सर्वं जहाति तदोभयाहाराभावात्कथं न तस्य मृतिरिति। '**अन्योऽन्यानुविद्धस्वरूपकल्प**'मिति (३६०-६)) अन्योऽन्यसंकीर्णस्वरूपं पञ्चवर्णं यथा मेचकमण्यादिकं वस्तु तत्कल्पं-तत्सदृशमित्यर्थः । '**नारकाणामपि (च वृ०) पञ्चेन्द्रियत्वानुभवा**'दिति (३६१-१), परिपूर्णपञ्चेन्द्रियत्वं हि सुखमिति भावः, '**न च तदभावो दुःखहेतु**'रिति (३६२-४), तस्य-पुण्यस्याभावस्तदभावः, आह-ननु यदि सुखवद्दुःखमपि किञ्चिद्वास्तवं स्यात्तदा तस्य हेतुरन्विष्येत, यदा तु सुखभाव एव स्वसत्ताविकलो दुःखं-सुखं निवृत्तं सत्तदेव दुःखमभिधीयते न पुनस्तदतिरिक्तं दुःखमस्ति यदर्थं पापलक्षणो हेतुर्मृग्यते तदा किं तद्धेत्वन्वेषणेनेत्याशङ्कयाह-'**न च सुखाभाव एवे**'त्यादि (३६२-४), पातनायामेव व्याख्यातं, क्वचित् '**सुखभावे**' त्यादिपाठः स चाशुद्ध इव लक्ष्यते, अत्र हेतुमाह-'**तस्यानुभूयमानत्वादि**'ति, एतदुक्तं भवति-सुखमप्यस्तीत्यनुभवादेव भवता निश्चीयते, स चानुभवो दुःखेऽप्यस्ति, न चोक्तकल्पना-मात्रादनुभूयमानमपि निषेद्धुं शक्यते, एवम्भूतकल्पनाया विपर्ययेणापि कर्त्तुं शक्यत्वात्, तस्माद्दुःखस्याप्युक्तनीत्या वास्तवत्वात्तदनुरूपेण पापलक्षणेन हेतुना भाव्यमिति, अनुमानतो दर्शयति-'ततश्चेत्यादि', '**न च पुण्यलेश एवे**'त्यादि (३६२-६), तस्याल्पस्यापि स्वल्पसुखनिर्वर्त्तकत्वादित्यादि पूर्वमेवोक्तमिति भावः, ननु पथ्याहारलक्षणो दृष्टान्तः पूर्वमुक्तः स कथं ज्ञेय इत्याशङ्कयाह-'**एवं दृष्टान्तोऽपी**'त्यादि, स्वल्पोऽपि पथ्याहार आरोग्यतासुखहेतुरेव भवति, न ह्यणीयसोऽपि हेमपिण्डादित्याद्युक्त्वा सोऽप्याभासनीयो दूषणीय इति भावः । '**सर्व्वथा सम्मिश्रसुखदुःखाख्यकार्यप्रसङ्गादि**'ति (३६३-२), अयमत्र भावार्थो-यदा कारणं तुल्यसुखदुःखांशं भवति तदा कार्यमपि तुल्यसुखदुःखांशमेव प्राप्नोति, न चेत्थं दृश्यते, एतदाह-'असदृशे'त्यादि, यदि पुनः कारणेऽपि सुखांशो दुःखांशो वा हीनाधिकोऽभ्युपगम्यते तदा सुखदुःखयोर्भेदः स्यादिति

भावः, एतच्चोत्तरत्र स्वयमेव 'यद्वृद्धावपि यस्ये'त्यादिना वक्ष्यति, निरंशसम्मिश्रसुख-दुःखाख्यकारणाभ्युपगमे दूषणान्तरमाह—'**न च सर्व्वथे**'त्यादि (३६३-३), यद्यपि कस्यचिज्जीवस्य सुखदुःखाख्यं निरंशं कारणं महद् अल्पं वा कस्यचित् तथापि-अस्मिन् भेदे सत्यपि कार्यस्य हेतुधर्म्मानुविधायित्वात् स्वरूपेण योऽसौ प्रमाणत इति-परिमाणमाश्रित्य अल्पत्वबहुत्वलक्षणो भेदस्तं विहाय नापरो भेदः—सुखदुःखांशयोर्हीनाधिकत्वलक्षणो युज्यते, एतदुक्तं भवति-यादृशोऽखण्डस्यैव कारणस्याल्पबहुत्वलक्षणो भेदस्तादृशः कार्येऽप्यस्तु, न पुनः सुखदुःखांशयोर्हीनाधिकत्वलक्षणं इति, तस्मादन्यत्सुखातिशयस्य निमित्तमित्याद्युक्ते पराभिप्रायमाशङ्कयाह—'**न च सर्व्वथे**'त्यादि (३६३-६), सुखातिशयस्य निबन्धनं योऽंशस्तस्य वृद्धिः कर्त्री सुखातिशयाय कल्पते-सुखातिशयकारणं भवतीति न वाच्यमिति योगः, कया हेतुभूतया?-दुःखातिशयस्य कारणं योऽंशस्तस्य हान्या सर्व्वथैकस्येति-साभिप्रायिकमिदं सर्व्वथैकत्वात्तस्य, पापांशहान्या पुण्यांशे वृद्धिमुपगते सुखातिशये भवतीत्यादिकल्पना न युज्यत इति भावः, कस्मादित्याह—'**भेदे**'त्यादि (३६४-१), पुण्यपापयोः कथञ्चिदभेद इति दर्शयति—'**यतः साते**'त्यादि (३६४-३), शुभायुर्नामगोत्राणी'ति शुभशब्दः प्रत्येकमपि सम्बध्यते, ततश्चायुष्कं शुभमिन्द्रादीनां, नाम तु शुभं यशःकीर्त्तितीर्थकरादेयसुभगसुस्वरादि, गोत्रं तु शुभमुच्चैर्गोत्रं, एताः कर्म्मप्रकृतयः पुण्यं, शेषास्तु मिथ्यात्वनरकगत्यादयः पापं, अत्र च सम्यक्त्वपुञ्जहास्यरतिपुरुषवेदानां पुण्यत्वं सैद्धान्तिकमतानुसारतो द्रष्टव्यं, कार्म्मग्रन्थिकास्तु न मन्यन्ते एव, यतो मोहनीयाभेदा एते, मोहनीयं च पापमेव, यदाह—"मोहनीयं सर्व्वमशुभं" शेषं सुबोधं, नवमः समाप्तः ॥ दशमः सुगम एव । एकादश आरभ्यते—'**जरामर्यं वा एतत्सर्व्वं यदग्निहोत्र**'मिति (३६८-७), अस्य व्याख्या—यदेतदग्निहोत्रं बहुभिः प्रकारैर्वेदे प्रतिपाद्यते एतत्सर्व्वमपि, किं ?—अभ्युदयार्थिभिः कर्त्तव्यमिति क्रियाध्याहारः, कियन्तं कालं यावदित्याह—'**जरामर्यं वे**'ति जरा च मारश्च जरामारौ तयोर्भाव इति यण् छान्दसत्वाच्च शेषस्य निपातने सति जरामर्यमिति भवति, वाशब्दं चैवकारार्थं प्रभासो मन्यते, ततश्च बालकालादारभ्य यावज्जरामरणे आगच्छतस्तावन्तमेव कालं-यावज्जीवमित्यर्थः, इदं तु वक्ष्यमाणनीत्या निर्व्वाणनास्तित्वाभिधायकं, तदस्तित्वाभिधायकमाह—"**द्वे ब्रह्मणी**"इत्यादि, ब्रह्मशब्दस्तत्त्ववचनः, '**तत्र परं सत्य**'मिति-निर्व्वाणं निरुपचरितत्वेन तस्यैव परमार्थतः सत्यत्वाद् अपरं तु तत्त्वज्ञानमिति, पूर्व्ववाक्याद्यथा निर्व्वाणनास्तित्वं तथा दर्शयति-'**अग्निहोत्रे**'त्यादि (३६८-९), भूतानि-पश्वादीनि तेषां वधस्तेन होतुः उपकारो भूतो-जातो यस्यां सा तथा, यदिवा भूतवधोपकारं भूता-प्राप्ता तद्भावस्तस्मात्, शबलाकारासदोषा जरामर्यवचनाच्च यावज्जीववचनाच्च सदा इयमेव कर्त्तव्येत्युक्तं, सैव तर्हि निर्व्वाणफला भविष्यतीत्याह—'**सा चे**'त्यादि (३६८-१०), अभ्युदयः—स्वर्ग्गः तत्फलैव, एतदुक्तं भवति-सज्ज्ञानध्यानादिकया हि शुद्धक्रियया निर्व्वाणमवाप्यते, अग्निहोत्रक्रिया तु शबलत्वात्स्वर्ग्गफलैव, यावज्जीववचनाच्च

शुद्धक्रियारम्भक्षणो न लभ्यते इति कारणाभावान्निर्व्वाणाभाव इति. ननु च भवताऽपि पर्यायिक्षणस्य पर्यायरूपतया कथञ्चिदभाव इष्यते ततश्च भवन्मतेऽपि कथं पर्यायान्तरोत्पत्तिरित्याह–'**तदभावस्य सर्व्वथाविशिष्टत्वा**'दिति (३७०-१) **तदभावस्य च सर्वदाऽविशिष्टत्वात् वृ० )** एतदुक्तं भवति– अस्माभिः कथञ्चिच्छब्दविशेषितकारणा-भावस्याभ्युपगतत्वाद्युज्यते पर्यायोत्पत्तिः, पर्यायिणः कथञ्चिदवस्थितत्वाद्, भवता तु कारणाभावस्य सर्व्वथाशब्दविशिष्टस्याभ्युपगमात्कुतस्तदुत्पत्तिः, ? क्वचित्सर्वदा विशिष्टत्वादितिपाठः तत्रापि विशिष्टत्वं कारणाभावस्य सर्वथाशब्दविशेषितत्वाद्द्रष्टव्यं, शेषं सुगमं, समाप्त एकादशमः ॥

॥ **इति म. हेमचन्द्रसूरिकृतटीप्पणकस्य द्वितीयो विभागः समाप्तः** ॥

आवश्यकम्—अवश्यं कर्तव्यं संयमव्यापारनिष्पन्नं तस्मिंश्च निरतिचार सन् तीर्थकरत्वं लभते जीवः ।

આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય સંયમવ્યાપારો (પ્રતિક્રમણાદિ), તેને વિષે નિરતિચાર જીવ તીર્થંકરનામકર્મ બાંધે છે.

